॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

3

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નમો નિમ્મલદંસણસ્સ
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# સૂત્રકૃત-૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - 3 માં છે...

૦ "સૂત્રકૃત" — અંગસૂત્ર-૨-ના...

-૦- શ્રુતસ્કંધ-૧-ના...

— અધ્યયન-૧-થી

આરંભીને

અધ્યયન-૧૧ સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ 3 ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી - "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવહારદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી** મ૦ ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છઠ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

o અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

o કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

o અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

o નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

o તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

o તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો નિમ્મલદંસણસ્સ

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૩ :-

# (૨) સૂત્રકૃતાંગ-સૂત્ર/૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

## ● ભૂમિકા :-

''સૂત્રકૃત'' સૂત્રનો ક્રમ બીજો છે. બાર અંગસૂત્રોમાં પણ ''સૂત્રકૃત'' એ બીજું અંગસૂત્ર છે. પ્રાકૃતમાં તે ''સૂયગડ'' નામે પ્રસિદ્ધ છે અને સંસ્કૃતમાં ''સૂત્રકૃત'' નામે ઓળખાય છે. વ્યવહારમાં આ આગમ ''સૂયગડાંગ'' સૂત્રના નામે પ્રસિદ્ધ છે. આ અંગસૂત્રના બે શ્રુતસ્કંધ છે. જેમાં પહેલાં શ્રુતસ્કંધમાં ૧૬-અધ્યયનો છે અને બીજા શ્રુતસ્કંધમાં-૭-અધ્યયનો છે. આ ૧૬ + ૭ એ ૨૩-અધ્યયનોનો સંખ્યા ઉલ્લેખ આવશ્યકસૂત્રના પ્રતિક્રમણ અધ્યયનમાં અર્થાત્ શ્રમણસૂત્રમાં પણ જોવા મળે જ છે.

'સૂયગડ' સૂત્રનો મુખ્ય વિષય જ્ઞાન વિનયાદિ ગુણોનું વર્ણન છે અને બીજા ધર્મોના આચાર પણ બતાવ્યા છે. જૈનદર્શન અને ૩૬૩ કુવાદીઓની માન્યતાની તુલ્યતા અને ભિન્નતા છે, જૈનદર્શનની ત્રિકોટી શુદ્ધતા આદિ છે. વિશિષ્ટ વૈરાગ્યોપદેશ છે, ઉપસર્ગ પરિજ્ઞા, સ્ત્રીપરિજ્ઞા આદિ અનેક વિષયોનું જ્ઞાન મળે છે માત્ર મત-મતાંતર જ નહીં, પણ ઉત્તમ ઉપદેશ પણ છે. જેમકે - વૈરાગ્ય સાધના, સમાધિ, મોક્ષમાર્ગ, ધર્મસ્વરૂપ, આહારસ્વરૂપ આદિ. એ રીતે દ્રવ્યાનુયોગ સાથે ચરણકરણાનુયોગનો સુભગ સમન્વય છે.

આ આગમના મૂળ સૂત્રનો પૂર્ણ અનુવાદ અમે નોંધેલ છે, વિવેચન માટે અમે ''ટીકાનુસારી વિવેચન'' શબ્દ પસંદ કર્યો છે. વૃત્તિની મુખ્યતાથી વિવેચન કરાયેલ આ અનુવાદમાં નિર્યુક્તિ અને યત્કિંચિત્ ચૂર્ણિના અંશો પણ રજૂ કર્યા છે. તો સામે પક્ષે ન્યાય, વ્યાકરણ, વાદો, પરમતનું વિશિષ્ટ ખંડન જેવી ઘણી વાતો છોડી પણ દીધી છે, તો ક્યાંક ક્યાંક ઉપયોગી સંદર્ભોની નોંધો પણ ટપકાવેલ છે.

આધુનિક વિદ્વાનોએ આ આગમની ભૂમિકામાં વિદ્વતાપૂર્ણ કથનો કે ઉલ્લેખો પણ કર્યા છે, પણ અમને એ બાબતે મૌન રહેવું યોગ્ય લાગેલ છે.





## ❁ શ્રુતસ્કંધ-૧ ❁

● **વિવેચન :-**

*[જેઓને સૂત્રોની જ ટીકા જોવી હોય તેણે સીધું પેજ-૧૫ જોવું.]*

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં. *[આ પાંચ પદો ચૂર્ણિના આરંભે નોંધાયા છે.]*

સ્વ, પર સમય સૂચક અનંતગમ, પર્યાયાર્થ, ગુણોથી શોભાયમાન, અતુલ્ય એવા સૂત્રકૃતાંગનું વિવરણ જિનોને નમસ્કાર કરીને કહીશ.

જો કે આ અંગસૂત્રનું વિવરણ બીજા આચાર્ય પ્રવરે કરેલ છે, તો પણ હું ભક્તિથી વિવરણ કરવા યત્ન કરીશ. શું ગરુડ કોઈ સારા માર્ગે ગયેલ જાણીને પતંગીયુ તે જ માર્ગે જવાને ન ઇચ્છે ? વિશેષ બોધવાળા જેઓ મારી કૃતિની અવજ્ઞા કરે છે, તે કાંઈક શાસ્ત્ર જાણે છે, તેમને છોડીને જેઓ મારાથી પણ મંદબુદ્ધિવાળા છે, તેમના ઉપકાર માટે મારો આ યત્ન છે.

આ અપાર સંસારમાં ખૂંચેલા ભવ્ય જીવોએ અતિ દુર્લભ મનુષ્યત્વ, ઉત્તમ કુળમાં જન્મ, સમગ્ર ઇન્દ્રિય સામગ્રી આદિ યુક્ત અર્હદ્ દર્શન પામીને સમગ્ર કર્મોના ઉચ્છેદ માટે યત્ન કરવો. કર્મોચ્છેદ સમ્યગ્ વિવેક પર આધાર રાખે છે. તે વિવેક આપ્ત-ઉપદેશ વિના ન થાય. સંપૂર્ણ દોષોના ક્ષયથી અરિહંત એ જ આપ્ત પુરુષ છે. તેથી તેમના કહેલા દ્વાદશાંગીરૂપ આગમના જ્ઞાન માટે યત્ન કરવો. ઇદંયુગીન પુરુષ આર્યરક્ષિત મહારાજે અનુગ્રહ બુદ્ધિથી દ્વાદશાંગીને ચરણકરણ, દ્રવ્ય, ધર્મકથા, ગણિત એ ચાર અનુયોગમાં વ્યવસ્થામાં કરી. તેમાં આચારાંગ ચરણકરણાનુયોગના પ્રાધાન્યથી વ્યાખ્યાત કર્યું. હવે દ્રવ્યાનુયોગ પ્રાધાન્યવાળા 'સૂત્રકૃત' નામક બીજા અંગની વ્યાખ્યાનો આરંભ કરે છે.

પ્રશ્ન :- અર્થનું શાસન કરતું હોવાથી આ શાસ્ત્ર છે, શાસ્ત્રના સર્વે વિઘ્નો શાંત કરવા માટે આદિ મંગલ, સ્થિર-પરિચય માટે મધ્ય મંગલ અને શિષ્ય-પ્રશિષ્ય પરંપરામાં અવિચ્છેદ માટે અંત્યમંગલ જોઈએ તે કેમ નથી ?

ઉત્તર - તમારી વાત સત્ય છે, મંગલ ઇષ્ટ દેવતાના નમસ્કારાદિ રૂપ હોય, આ સૂત્રના પ્રણેતા સર્વજ્ઞ છે, તે હોય ત્યારે બીજા નમસ્કાર યોગ્ય ન હોવાથી મંગલ કરણના પ્રયોજનનો અભાવ છે, માટે મંગલ અભિધાન નથી. ગણધરો પણ તીર્થંકર વચનનો જ અનુવાદ કરનારા હોય મંગલની જરૂર નથી. શ્રોતાની અપેક્ષાએ તો સર્વ શાસ્ત્ર જ મંગલ છે. નિર્યુક્તિકાર જ મંગલ કહે છે—

*૦ અહીં સૂત્રકૃતાંગ ચૂર્ણિ ખાસ જોવા લાયક છે. તેમાં 'મંગલ' શબ્દનો ઘણો વિસ્તાર કર્યો છે.*

[નિ.૧-] અહીં પૂર્વની અડધી ગાથા વડે ભાવમંગલ કહ્યું. પાછલી અડધી ગાથા વડે પ્રેક્ષાપૂર્વકારિ પ્રવૃત્તિ અર્થે ત્રણ પ્રયોજન બતાવ્યા છે. કહ્યું છે કે - જાણીતા સંબંધના કહેલા પ્રયોજનને સાંભળવાને સાંભળનાર યત્ન કરે. તેથી શાસ્ત્ર આરંભે પ્રયોજન સાથે સંબંધ કહેવો જોઈએ. તેમાં 'સૂત્રકૃત્' એ અભિધેય પદ છે, નિર્યુક્તિ

કહીશ એ પ્રયોજન પદ છે અને છેવટનું પ્રયોજન મોક્ષ પ્રાપ્તિ છે, સંબંધ તો પ્રયોજન પદ વડે કરી અનુમાન કરવા યોગ્ય છે, માટે જુદો કહ્યો નથી. કેમકે શાસ્ત્ર અને પ્રયોજન બંને સંબંધના આશ્રયમાં છે - x - આ સમુદાય અર્થ કહ્યો.

હવે અવયવ અર્થ કહે છે - દ્રવ્ય અને ભાવથી તીર્થના બે ભેદ છે. દ્રવ્યતીર્થ તે નદી ઉતરવાનો માર્ગ. ભાવતીર્થ તે સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર આ ત્રણે સંસારસમુદ્ર પાર ઉતારવામાં સમર્થ છે અથવા ત્રણેનો આધાર તે સંઘ કે પ્રથમ ગણધર છે. તેને કરનારા તીર્થંકરોને નમીને કહીશ—

તેમાં બીજે પણ તીર્થંકરત્વને કોઈ કહે તેનો વ્યવચ્છેદ કરવા કહે છે - જે રાગ, દ્વેષ, મોહને જીતે તે જિન. આવા જિન સામાન્ય કેવલિ પણ હોય તેથી સ્પષ્ટતા માટે ''વર'' શબ્દ મૂક્યો. ૩૪ અતિશયયુક્ત તે જિનવર. તેમને નમીને, તેમને નમસ્કાર કરવાનું કારણ છે તેમનું આગમના અર્થના ઉપદેશત્વથી ઉપકારીપણું. જિન સાથે વર વિશેષણનું કારણ છે શાસ્ત્રનું ગૌરવ. શાસ્ત્ર રચનારના પ્રાધાન્યથી શાસ્ત્રનું પ્રધાનપણું છે.

અર્થનું સૂચન કરે તે સૂત્ર. તેને કરનાર તે સૂત્રકાર. તેઓ સ્વયંબુદ્ધ-આદિ પણ હોય, તેથી અહીં ગણધરોને નમીને કહ્યું. સામાન્ય આચાર્યોમાં ગણધરત્વ હોવા છતાં તીર્થંકર નમસ્કાર પછી તુરંત ગણધર લેવાથી ગૌતમ આદિ જ જાણવા. ગાથામાં મૂકેલ च સિદ્ધાદિના ગ્રહણ માટે છે. क्त्वा પ્રત્યયથી સ્વ-પર સિદ્ધાંતનું સૂચન જેના વડે કરાયું છે તે 'સૂત્રકૃત'. તેના મહાઅર્થત્વથી તેને 'ભગવાન્' એવું વિશેષણ આપ્યું અને એના વડે આ સૂત્ર સર્વજ્ઞનું કહેલું છે, તે પણ બતાવ્યું.

યોજન એટલે યુક્તિ-અર્થની ઘટના, નિશ્ચયથી કે અધિકતાથી જે યુક્તિ કરાય તે નિર્યુક્તિ અર્થાત્ સમ્યગ્ અર્થને પ્રગટ કરવો તે.

અથવા નિર્યુક્ત સૂત્રમાં જ પરસ્પર સંબંધ રાખનારા અર્થોનું રહસ્ય પ્રગટ કરવું તે યુક્ત શબ્દના લોપથી નિર્યુક્તિ, તેને કહીશ. અહીં સૂત્રકૃતની નિર્યુક્તિને કહીશ એના વડે ઉપક્રમ દ્વાર કહ્યું. તે જ અહીં 'અપસદ' શબ્દ વડે થોડું કહ્યું. ત્યારપછી નિક્ષેપ. તે ત્રણ પ્રકારે છે, ઓઘ નિષ્પન્ન, નામ નિષ્પન્ન, સૂત્રાલાપક નિષ્પન્ન. તેમાં ઓઘ નિષ્પન્ન નિક્ષેપામાં આ 'અંગ' પોતે છે, નામનિષ્પન્ન નિક્ષેપમાં ''સૂત્રકૃત્'' છે. હવે પર્યાય કહે છે—

**[નિ.૨-]** અંગોમાં સૂત્રકૃત્ બીજુ અંગ છે, તેના આ એક અર્થવાળા નામો છે. (૧) 'સૂત' એટલે અર્થરૂપે તીર્થંકરોથી ઉત્પન્ન, તેને ગણધરોએ ગ્રંથ રચના વડે કર્યું - તે સૂતગડ. (૨) 'સૂત્રકૃત' એટલે સૂત્રાનુસારે જેમાં તત્ત્વનો અવબોધ કરાય તે 'સુત્તકડ'. (૩) 'સૂચાકૃત્' એટલે સ્વ પર સિદ્ધાંતનું અર્થ સૂચન તે સૂચા. તે જેમાં કરી છે તે. આ ત્રણે નામો ગુણનિષ્પન્ન છે.

**[નિ.૩-]** સૂત્ર અને કૃત્ બે પદોનો નિક્ષેપ કહે છે - નામ, સ્થાપના છોડીને દ્રવ્યસૂત્ર બતાવે છે - પોંડગ એટલે કાલાથી ઉત્પન્ન થયેલ કપાસનું રૂ. આદિ શબ્દથી અંડજ [રેશમ], વાલજ [ઉન] આદિ લેવા.



ભાવસૂત્ર-અહીં આ અધિકારમાં 'સૂચક જ્ઞાન' અર્થાત્ 'શ્રુતજ્ઞાન' છે. તેનું જ સ્વ-પરના અર્થનું સૂચકપણું છે. તે શ્રુતજ્ઞાન સૂત્ર ચાર પ્રકારે છે — સંજ્ઞાસૂત્ર, સંગ્રહસૂત્ર, વ્રતનિબદ્ધ, જાતિનિબદ્ધ. તેમાં સંજ્ઞા સૂત્ર સ્વસંકેતપૂર્વક નિબદ્ધ છે. જેમકે - ''જે ડાહ્યો છે, તે સ્ત્રી સંગ ન કરે.'' ઇત્યાદિ. તથા લોકમાં પણ પુદ્ગલો, સંસ્કાર, ક્ષેત્રજ્ઞ ઇત્યાદિ.

સંગ્રહસૂત્ર - જે ઘણાં અર્થને સંગ્રહ કરે તે. જેમકે - 'દ્રવ્ય' કહેતા સર્વ ધર્મ-અધર્માદિ દ્રવ્યનો સંગ્રહ લેવાય. અથવા ''ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય યુક્તસત્''. વૃત્ત નિબદ્ધ સૂત્ર-અનેક પ્રકારે વૃત્ત જાતિ આદિથી નિબદ્ધ. જેમકે - ''बुज्झिज्जति'', ''तिउट्टिज्जेति'' વગેરે. જાતિ નિબદ્ધ ચાર પ્રકારે—

(૧) કથનીય - જેમકે ઉત્તરાધ્યયન, જ્ઞાતાસૂત્ર આદિ. (૨) ગદ્ય - બ્રહ્મચર્ય અધ્યયનાદિ, (૩) પદ્ય-છંદોવાળું, (૪) ગેય-જે સ્વર સંચાર વડે પ્રાય ગીતિ છંદ વડે રચેલ - જેમકે કાપિલીય અધ્યયન-अधुवे असासयंमि૰

**[નિ.૪-]** હવે 'કૃત્' પદનો નિક્ષેપ કહે છે - કૃત એટલે કર્મ બાંધવું. કેમકે અકર્તાને કર્મ બંધાતુ નથી. - x - x - કરણ, કારક અને કૃત એ ત્રણ શબ્દ છે, તે ત્રણેના પ્રત્યેકના નામ આદિ છ નિક્ષેપા છે, તેમાં પાછલી અડધી ગાથા વડે સંક્ષેપમાં કહેવાનું હોય કરણ શબ્દને છોડીને કારકના નિક્ષેપા કહે છે - તેમાં નામ, સ્થાપના પ્રસિદ્ધ છે. હવે દ્રવ્યના વિષયમાં કારક કહે છે - તે દ્રવ્યનો, દ્રવ્ય વડે, દ્રવ્ય સ્વરૂપ કારક તે દ્રવ્ય કારક. ''ક્ષેત્રકારક'' તે ભરત-ક્ષેત્રાદિમાં જે કારક અથવા જે ક્ષેત્રમાં કારકનું વ્યાખ્યાન કરાય તે ક્ષેત્રકારક. એ રીતે કાળ-કારક પણ સમજી લેવું. ભાવદ્વારમાં કારક ચિંતવતા જીવ પોતે અત્રે કારક છે. કારણ કે સૂત્રના કારક ગણધર ભગવંત છે. આ વાત નિર્યુક્તિકાર પોતે જ કહેશે. - x - હવે દ્રવ્ય કરણને કહે છે—

**[નિ.૫-]** દ્રવ્યના વિષયમાં કરણને ચિંતવીયે. જેમકે - દ્રવ્યનું, દ્રવ્ય વડે અને દ્રવ્ય નિમિત્તે જે કરણ-અનુષ્ઠાન તે દ્રવ્યકરણ. તેના બે ભેદ—પ્રયોગકરણ અને વિસ્રસા કરણ. તેમાં પ્રયોગકરણ-પુરુષ આદિના વ્યાપારથી જે થાય તે - તેના બે ભેદ-મૂળકરણ અને ઉત્તરકરણ. તેમાં ઉત્તરકરણ પાછલી અડધી ગાથાથી જણાવે છે - ઉત્તરત્ર કરણ તે ઉત્તરકરણ - કર્ણવેધ આદિ અથવા મૂલકરણ - ઘટ આદિ જે ઓજાર-દંડ, ચક્રાદિ વડે સ્વરૂપથી પ્રગટ કરીએ તે ઉત્તરકરણ. કર્તાનો ઉપકારક-સંસ્કરણાદિથી ઉપકારક કરવામાં સમર્થ છે તે. ફરીથી વિસ્તારથી મૂલ અને ઉત્તરકરણ બતાવે છે—

**[નિ.૬-]** મૂળકરણ એટલે ઔદારિકાદિ પાંચ શરીરો, તેમાં ઔદારિક, વૈક્રિય, આહારક ત્રણેમાં ઉત્તરકરણ કર્ણ, સ્કંધ આદિ વિદ્યમાન છે. તે જ પ્રમાણે - આઠ અંગ મુખ્ય છે. માથું, છાતી, પેટ, પીઠ, બે હાથ, બે પગ. આ આઠે અંગ ત્રણે શરીરમાં બનાવવા તે મૂળ કરણ છે. કાન, ખભા વગેરે અંગોપાંગ બનાવવા તે ઉત્તરકરણ છે. કાર્મણ, તૈજસ શરીર બનાવવું તે મૂળકરણ છે, તેના અંગઉપાંગનો અભાવ હોવાથી તેને ઉત્તરકરણ નથી.

અથવા ઔદારિક કર્ણવિધાદિ ઉત્તરકરણ છે. વૈક્રિયનું ઉત્તરકરણ તે ઉત્તરવૈક્રિય છે, અથવા દાંત-કેશ આદિ બનાવવું તે ઉત્તરકરણ છે. આહારકને ગમનાદિ ક્રિયા ઉત્તરકરણ છે. અથવા ઔદારિકનું મૂલ-ઉત્તર કરણ પાછલી અડધી ગાથાથી બીજી રીતે બતાવે છે. દ્રવ્યેન્દ્રિય મૂળકરણ છે તેનું વિષ-ઔષધાદિથી સુંદરતા વગેરે પમાડવું તે ઉત્તરકરણ છે.

**[નિ.૭-]** અજીવ આશ્રિત કરણ — (૧) સંઘાતકરણ - લંબાઈ, પહોડાઈમાં તાંતણા જોડીને કપડાનું તૈયાર કરવું, (૨) પરિસાટ કરણ - કરવત વડે શંખ આદિનું નિષ્પાદન. (૩) સંઘાત પરિસાટકરણ - ગાડા આદિ કરવા. (૪) તે બંનેનું નિષેધકરણ - ઠુંઠાદિનું ઉર્ધ્વ કે તિર્છુ આપાદન કરવું.

પ્રયોગકરણ કહીને હવે વિસ્રસાકરણ કહે છે—

**[નિ.૮-]** વિસ્રસાકરણ આદિ, અનાદિ બે ભેદે છે. તેમાં અનાદિ તે ધર્મ, અધર્મ અને આકાશનું પરસ્પર અનુવેધ વડે રહેવું તે છે. એકબીજા જોડે સમાધાન અને આશ્રય લેવાથી અનાદિત્વને કારણે કરણત્વનો વિરોધ નથી. રૂપીદ્રવ્યોમાં બે અણુ વગેરેના પ્રક્રમ વડે ભેદ અને સંઘાતથી સ્કંધપણું પામે છે તે સાદિ કરણ છે. પુદ્‌ગલ દ્રવ્યના દશ પ્રકારે પરિણામ છે. તે આ રીતે — બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દ.

તેમાં બંધ-સ્નિગ્ધ, રૂક્ષ પરમાણુના મળવાથી થાય, ગતિ પરિણામ તે દેશાંતર જવું તે. સંસ્થાન પરિણામ-પરિમંડલાદિ પાંચ ભેદે છે, ભેદ પરિણામ-ખંડ, પ્રતર, ચૂર્ણક, અનુતટિક, ઉત્કારિક એ પાંચ ભેદે છે. આ ખંડ આદિનું સ્વરૂપ બતાવનારી આ બે ગાથા છે—

ખંડોનો ભેદ તે ખંડભેદ, પ્રતરભેદ તે વાદળના સમૂહનો છે, ચૂર્ણ તે કુટીકુટીને બનાવેલ તથા અનુતરીકા એટલે વંશવલ્કલિકા અને સુકા તળાવમાં સમારોહમાં ભેદમાં ઉત્કરિકા ઉત્કીર્ણ છે. વિસ્રસા પ્રયોગ મિશ્ર, સંઘાત અને વિયોગથી વિવિધ ગમ થાય છે.

વર્ણ પરિણામ-શ્વેતાદિ પાંચ વર્ણોની પરિણતિ છે, તેમાં બે વગેરેના સંયોગથી નવો રંગ બને તેનું સ્વરૂપ આ પ્રમાણે — જ્યારે એક ગુણો કાળો રંગ અને સફેદ રંગ બહુગુણ હોય તો કાળો રંગ ધોળામાં પરિણમે છે, જો ધોળો એક ગુણ હોય અને કાળો બહુ ગુણ હોય તો ધોળો રંગ બહુ કાળાની સાથે તે રૂપે પરિણમે. ધોળો અને કાળો સરખા ગુણ હોય તો કાપોત રંગમાં પરિણમે. એ રીતે પાંચે રંગ સંયોગ વડે જે-જે રંગમાં પરિણમે તેના ૩૧ ભાંગા થાય છે. આ પ્રમાણે ગંધ, રસ અને સ્પર્શ તથા સંસ્થાનોના સંયોગ વડે બહુવિકલ્પ પરિણામ આવે.

૩૧-ભંગો આ પ્રમાણે થાય - દ્વિકસંયોગી-૧૦, ત્રિકસંયોગી-૧૦, ચતુષ્કસંયોગી-૫, પાંચ સંયોગી-૧, પ્રત્યેક રંગના જુદા જુદા-૫. અગુરુલઘુ પરિણામ પરમાણુથી આરંભીને અનંતાનંતપ્રદેશી સ્કંધ સુધી સૂક્ષ્મ હોય. શબ્દ પરિણામ તત, વિતત, ઘન, શુષિર એ ચાર ભેદે છે. તથા તાલુ, ઓષ્ઠ, પુટનો વ્યાપાર આદિ અભિનિવૃત્તિ છે.



આ સિવાય પણ પુદ્‌ગલોનું છાયા વગેરે પરિણામ છે, તે આ પ્રમાણે છે—

છાયા, આતપ, ઉદ્યોત, અંધકાર અને સ્પંદન, એ પુદ્‌ગલોના પરિણામ સ્પંદન છે. છાયા ઠંડી અને અતિ પ્રકાશ નહીં તેવી આદિત્ય વગરની છે, ઉષ્ણપ્રકાશ તે આતપ છે. શીત કે ઉષ્ણ નહીં તેવો સમ પ્રકાશ એ ઉદ્યોત છે, કાળો-મલિન તમસ્ તે અંધકાર જાણવો, દ્રવ્યનું ચલણ, ફરકવું તે ગતિ જાણવી, તે વિશ્રસા, પ્રયોગ તથા પોતાથી, પારકાથી એમ બંને પ્રકારે થાય છે. આ સિવાય અભ્ર, ઇન્દ્રધનુષ્, વીજળી આદિ કાર્યોમાં જે પુદ્‌ગલો પરિણમે છે તે વિસ્રસાકરણ છે - દ્રવ્યકરણ સમાપ્ત થયું.

**[નિ.૯-]** ક્ષિ ધાતુ નિવાસ અને ગતિ અર્થક છે. તેને અધિકરણમાં ‘ષ્ટ્ર’ પ્રત્યય લાગી ક્ષેત્ર બન્યું. તે અવગાહના આપનાર લક્ષણવાળું આકાશ જાણવું. તે અવગાહના દાનની યોગ્યતા વિના કંઈ કરવા શક્તિમાન નથી. તેથી ક્ષેત્રમાં જે કરીએ તે ક્ષેત્રકરણ. નિત્યત્વ હોવા છતાં ઉપચારથી ક્ષેત્રનું કરણ તે ક્ષેત્રકરણ. જેમકે ઘર આદિ પાડી ખુલ્લું મેદાન કર્યુ તે આકાશ કર્યુ અને બાંધતા આકાશ રોક્યું કહેવાય. - x - શેરડીના ક્ષેત્રનું કરવું, હળ આદિ વડે ખેતર ખેડી સુધારે તે ક્ષેત્રકરણ જાણવું. - x -

**[નિ.૧૦-]** કાળનું પણ મુખ્ય કરણ સંભવતું નથી. છતાં ઉપચારથી દેખાડે છે, કોઈ જે કાળ ઘડી વગેરે નલિકાદિ વડે માપે છે. તે આ રીતે - ૬૦ ઉદકપળની એક ઘડી, બે ઘડીનું મુહૂર્ત્ત ઇત્યાદિ કાલકરણ અથવા જે કાળમાં કરીએ તે અથવા કાળમાં કરણનું વ્યાખ્યાન તે કાળકરણ. એ ઓઘથી જાણવું. નામથી અગ્યાર કરણો છે. તે આ પ્રમાણે—

**[નિ.૧૧ થી ૧૩-]** બવ, બાલવ, કોલવ, તેતિલ, ગર, વણિજ્, વિષ્ટિ, શકુનિ, ચતુષ્પદ, નાગ, કિંસ્તુઘ્ન એ ૧૧-કરણ છે. છેલ્લા ચાર ધ્રુવ, પૂર્વના સાત ચલ છે. સદા ચૌદશની રાત્રે શકુની કરણ લેવું. પછી અનુક્રમે ચતુષ્પદ, નાગ અને કિંસ્તુઘ્ન લેવા. હવે ભાવકરણ કહે છે—

**[નિ.૧૪-]** ભાવકરણ બે ભેદે છે - પ્રયોગ અને વિસ્રસા. તેમાં જીવ આશ્રિત પ્રાયોગિક મૂળકરણ પાંચે શરીરોની પર્યાપ્તિ છે. તે પર્યાપ્તિ - નામ કર્મોદયથી ઔદયિક ભાવમાં વર્તમાન જીવ પોતાના વીર્યથી ઉત્પન્ન થયેલ પ્રયોગ વડે બનાવે છે. ઉત્તરકરણ પાછલી અડધી ગાથાથી કહે છે.

- ઉત્તરકરણ તે ક્રમ, શ્રુત, યૌવન, વર્ણાદિ ચાર રૂપે છે.

— તેમાં ક્રમકરણ શરીર નિષ્પત્તિના ઉત્તરકાળમાં બાલ, યુવા, વૃદ્ધાદિ ક્રમથી ઉત્તરોત્તર અવસ્થા વિશેષ. શ્રુતકરણ તે વ્યાકરણાદિ પરિજ્ઞાનરૂપ અવસ્થા વિશેષ તથા અપર કલા પરિજ્ઞાનરૂપ છે. યૌવનકરણ તે કાલકૃત્ વય-અવસ્થા વિશેષ અથવા રસાયણ આદિ પ્રાપ્ત શક્તિ છે. તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કરણ, વિશિષ્ટ ભોજનાદિ વાપરતા જે વિશિષ્ટ વર્ણાદિ ફેરફાર થાય તે છે. વળી આ પુદ્‌ગલ વિપાકપણાથી વર્ણાદિનું અજીવ આશ્રિતપણું સમજી લેવું. હવે ભાવ વિસ્રસા કરણ કહે છે—

**[નિ.૧૫-]** વર્ણાદિ એટલે રૂપ, રસ, ગંધ, સ્પર્શ તે જ્યારે જુદા જુદા રૂપાદિમાં

મળે છે, તે વર્ણાદિનું મળવું તે વિસ્રસાકરણ, તે અસંખ્યેયકાળ રહેનાર હોય છે. અસ્થિર તે ક્ષણમાત્ર રહેનાર-સંધ્યાના રંગ, ઇન્દ્રધનુષ્ વગેરે છે. તથા છાયાપણે અને આતપપણે પુદ્ગલોના વિસ્રસાપરિણામથી જ પરિણામ છે, તે ભાવકરણ છે. દૂધ આદિ સ્તનમાંથી નીકળ્યા પછી ક્ષણે ક્ષણે કઠિન અને ખાટું વગેરે થાય છે તે ભાવકરણ છે.

[નિ.૧૬-] હવે મૂળકરણ કહે છે - શ્રુતગ્રન્થમાં આ મૂલકરણ છે. તે મન, વચન, કાય લક્ષણ પ્રવૃત્તિ અને શુભ અશુભ ધ્યાનમાં રહેલા વડે ગ્રંથરચના કરાય છે, તેમાં લોકોત્તરમાં શુભ ધ્યાનમાં રહી ગ્રંથરચના કરાય છે અને લોકમાં અશુભ ધ્યાન આશ્રિત ગ્રંથરચના કરાય છે. લૌકિક ગ્રંથ કર્મબંધનો હેતુ હોવાથી કર્તાનું અશુભ ધ્યાન જાણવું. અહીં તો 'સૂત્રકૃત્' તો સ્વ સિદ્ધાંત હોવાથી શુભ અધ્યવસાયથી રચેલું છે કેમકે શુભ ધ્યાનાવસ્થિત ગણધરોએ રચેલું છે. તેઓ ગ્રંથરચના વખતે શુભ ધ્યાની હોવાથી કર્મદ્વાર વડે અવસ્થા વિશેષને કહે છે.

[નિ.૧૭-] તેમાં કર્મસ્થિતિ વિચારતા મધ્યમ કર્મસ્થિતવાળા ગણધરોએ આ સૂત્ર રચેલ છે. તથા વિપાકથી મંદ અનુભાવવાળા, બંધને આશ્રીને જ્ઞાનાવરણીયાદિ મંદાનુભાવે બાંધતા તથા અનિકાચિત અને નિધત્ત અવસ્થા કરતા, દીર્ઘ સ્થિતિક કર્મોને હ્રસ્વ સ્થિતિ કરીને તથા બંધાતી ઉત્તરપ્રકૃતિને સંક્રામવા વડે, ઉદયમાં આવેલા કર્મોને ઉદીરણા કરવા વડે અપ્રમત્તગુણ સ્થાને રહી, સાતા-અસાતા-આયુને ઉદીરતા તથા મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર, અંગોપાંગ આદિ કર્મના ઉદયે વર્તતા, પુરુષ વેદે રહીને ક્ષાયોપશમિક ભાવમાં વર્તતા ગણધરાદિ વડે આ સૂત્રકૃતાંગ રચાયું છે.

હવે સ્વબુદ્ધિના પરિહાર દ્વાર વડે કરણના પ્રકારને કહે છે—

[નિ.૧૮-] તીર્થંકરના મતને સાંભળી માતૃકાદિ પદોને ઇન્દ્રભૂતિગૌતમ આદિએ ગ્રંથરચનામાં ક્ષયોપશમ કરીને, તેના પ્રતિબંધક કર્મના ક્ષયોપશમથી ઉપયોગ રાખીને શુભ અધ્યવસાય વડે સજ્જનોએ આ સૂત્ર કર્યુ, તેથી ''સૂત્રકૃત્'' નામ છે. હવે તીર્થંકરે કયા યોગમાં વર્તી કહ્યું અને ગણધરે કયા યોગમાં રચ્યું તે બતાવે છે—

[નિ.૧૯-] તેમાં ક્ષાયિક જ્ઞાનવર્તી તીર્થંકરે વાક્યોગ વડે અર્થ પ્રકર્ષથી ગણધરોને કહ્યો. તે ગણધરો સામાન્ય પુરુષ ન હતા, પણ ક્ષીરાશ્રવલબ્ધિ આદિના સમૂહના યોગના ધારક યોગધર હતા, તેમની સમક્ષ પ્રકાશેલ, સૂત્રકૃત અંગની અપેક્ષાએ નપુંસક લિંગ છે. સાધુ શબ્દથી અહીં ગણધરો લીધા છે, તેમને ઉદ્દેશીને ભગવંતે અર્થ પ્રકાશ્યો છે, તે. અર્થ સાંભળીને ગણધરોએ પણ વચનયોગ વડે રચ્યું. તે જીવનો સ્વાભાવિક ગુણ એટલે પ્રકૃત, તે પ્રાકૃત ભાષા વડે રચ્યું. પણ સંસ્કૃત ભાષામાં ન રચ્યું. સંસ્કૃત ભાષા લટ્, લિટ, શપ્ પ્રત્યયાદિ વિકારની વિકલ્પનાથી બનેલી છે તેમાં ન રચ્યું. હવે બીજી રીતે સૂત્રકૃતનો નિરુક્ત અર્થ કહે છે—

[નિ.૨૦-] અકારાદિ અક્ષરના ગુણ કે તેના અનંતગમ પર્યાયવાળું ઉચ્ચારણ લેવું, અન્યથા અર્થનું પ્રતિપાદન કરવું અશક્ય છે. અક્ષરગુણ વડે મતિજ્ઞાનની સંઘટના એટલે ભાવશ્રુત, તેને દ્રવ્યશ્રુત વડે પ્રકાશવું તે. અથવા અક્ષરગુણની બુદ્ધિ



વડે રચના કરવી તેના વડે તથા જ્ઞાનાવરણ આદિ કર્મોને દૂર કરવા - જીવપ્રદેશોથી પૃથક્કરણ રૂપ, પરિશાટન કરવું તે હેતુ વડે 'સૂત્રકૃતાંગ' કર્યું તે સંબંધ છે. તે જ કહ્યું છે—

જેમ જેમ ગણધરો સૂત્ર રચવાનો ઉધમ કરે છે, તેમ તેમ કર્મો ઓછા થાય છે, જેમ જેમ કર્મો ઓછા થાય તેમ તેમ ગ્રંથ રચનાનો ઉધમ થાય. એ જ વાત પાછલી અડધી ગાથાથી બતાવે છે તે ઉભય યોગ એટલે અક્ષર ગુણમતિ સંઘટના યોગ તથા કર્મપરિશાટના યોગ વડે અથવા વાક્યોગ અને મનોયોગ વડે આ સૂત્ર કર્યું એટલે સૂત્રકૃત્ એવું નામ છે.

સૂત્રકૃત્નું નિરુક્ત કહ્યું હવે સૂત્રપદનું નિરુક્ત કહે છે—

[નિ.૨૧-] અર્થના સૂચનથી સૂત્ર, તે સૂત્ર વડે કેટલાક અર્થો સાક્ષાત્ સ્વીકાર્યા, તથા બીજા અર્થો અર્થાપત્તિથી સમજાવ્યા. એટલે સાક્ષાત્ ન બતાવ્યા હોય છતાં 'દહીં લાવ' એમ કહેતા દહીંનું વાસણ લાવવાનું પણ જાણે. એમ કરીને ચૌદપૂર્વીઓ પરસ્પર છ સ્થાનમાં રહેલા છે. તથા કહ્યું છે—

અક્ષર પ્રાપ્તિ વડે સમાન, પણ ઓછા-વધતાં મતિ પ્રમાણે હોય છે તે મતિથી શ્રુતજ્ઞાનમાં પણ ઓછા-વધતાં જાણી લેવા. તેમાં જે સાક્ષાત્ અર્થ બતાવ્યા, તેમાં બધાં ચૌદપૂર્વી સમાન જાણવા, પણ જે સૂચિત છે, તેની અપેક્ષાએ કોઈ ચૌદપૂર્વી અનંત ભાગ અધિક અર્થને જાણે, બીજા તે જ કારણથી અસંખ્ય ભાગ અધિક અર્થ જાણે, ત્રીજા સંખ્યેય ભાગ અધિક જાણે, તથા બીજા સંખ્યેય, અસંખ્યેય, અનંતગુણ જાણે. તે બધાં યુક્તિયુક્ત સૂત્રમાં કહ્યા જેવા સમજવા. તે જ કહ્યું છે કે - ''મતિ વિશેષ હોય - ઇત્યાદિ.''

પ્રશ્ન - શું સૂત્રમાં કહ્યા સિવાયના પણ અર્થો છે કે જેથી ચૌદ પૂર્વીઓ ષટ્ સ્થાન પતિત કહો છો ? [ઉત્તર] - હા, ઘણાં છે. કહ્યું છે - જે પ્રજ્ઞાપનીય ભાવવાળા પદાર્થો છે તે ન કહી શકાય તેવાનો અનંતમો ભાગ છે અને કહી શકાય તેવા પદાર્થોનો અનંતમો ભાગ સૂત્રમાં ગુંથેલ છે. આમ હોવાથી તે અર્થો આગમમાં બહુ પ્રકારે ગોઠવેલા છે, કેટલાંક સૂત્રોમાં સાક્ષાત્ કહ્યા છે, કેટલાંક અર્થાપત્તિથી સમજાય છે અથવા ક્યાંક દેશથી અને ક્યાંક સર્વે પદાર્થો લીધા છે. વળી જે પદો વડે અર્થો બતાવીએ તે પદો પ્રસિદ્ધ છે, સાધવા પડતાં નથી, તે અનાદિના છે, હમણાં ઉત્પન્ન કરેલા નથી તથા આ દ્વાદશાંગી શબ્દાર્થ રચના વડે મહાવિદેહમાં નિત્ય છે અને ભરત ઐરવત ક્ષેત્રમાં દરેક તીર્થંકરમાં શબ્દ રચના દ્વાર વડે નવી રચાય છે પણ પદાર્થ અપેક્ષાએ તો નિત્ય જ છે. - x - x -

હવે સૂત્રકૃત્ના શ્રુતસ્કંધ, અધ્યયનાદિનું નિરુપણ કરે છે—

[નિ.૨૨-] આ સૂત્રમાં બે શ્રુતસ્કંધ, ૨૩-અધ્યયનો, ૩૩-ઉદ્દેશાકાળ છે. તે આ રીતે - અધ્યયન-૧માં ૪-ઉદ્દેશા, બીજામાં ૩, ત્રીજામાં ૪, ચોથા-પાંચમામાં ૨-૨, તથા બાકીના અધ્યયનો એકસરા છે. આ રીતે ૩૩-ઉદ્દેશા છે. આ સૂત્ર આચારાંગથી બે ગણું અર્થાત્ ૩૬,૦૦૦ પદ પરિમાણ છે.

હવે પહેલા શ્રુતસ્કંધના નામ નિક્ષેપાને બતાવે છે—

[નિ.૨૩-] અહીં પહેલા શ્રુતસ્કંધનું નામ 'ગાથાષોડશક' છે. એટલે 'ગાથા' નામક સોળમું અધ્યયન આ શ્રુતસ્કંધમાં છે. તેમાં 'ગાથા'નો નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવરૂપ ચાર પ્રકારનો નિક્ષેપ છે. નામ, સ્થાપના પ્રસિદ્ધ છે. દ્રવ્યગાથા બે પ્રકારે છે - આગમથી, નો આગમથી, આગમથી ગાથાનો જ્ઞાતા પણ ઉપયોગરહિત અને નો આગમથી ત્રણ પ્રકારે - જ્ઞશરીર દ્રવ્યગાથા, ભવ્યશરીરદ્રવ્યગાથા, આ બે સિવાયની દ્રવ્યગાથા - x - x - x -

ભાવગાથા પણ બે પ્રકારે છે - આગમથી, નોઆગમથી. આગમથી ભાવ ગાથાનો જ્ઞાતા અને ઉપયોગવાળો જાણવો, નોઆગમથી આ ગાથા નામક અધ્યયન જાણવું. કેમકે તેમાં આગમનું એક દેશપણું છે.

'ષોડશક'ના પણ નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ એ છ નિક્ષેપ છે - તેમાં નામ, સ્થાપના સરળ છે. દ્રવ્ય 'ષોડશક'માં જ્ઞ શરીર, ભવ્ય શરીર અને તે બંને સિવાયના સચિત્તાદિ ૧૫-દ્રવ્ય લેવા. ક્ષેત્ર ષોડશક તે ૧૬-આકાશ પ્રદેશ, કાળ ષોડશક તે ૧૬-સમય કે તેટલો કાળ રહેનાર દ્રવ્ય, ભાવ ષોડશક તે આ અધ્યયન જ જાણવું. કેમકે ક્ષાયોપશમિક ભાવવૃત્તિત્વ છે.

શ્રુત અને સ્કંધનો ચાર પ્રકારે નિક્ષેપ છે. જે બીજે વિસ્તારથી કહ્યો છે.

હવે પ્રત્યેક અધ્યયનનો અર્થ અધિકાર બતાવવા કહે છે—

[નિ.૨૪ થી ૨૮-] પહેલા અધ્યયનમાં સ્વ સિદ્ધાંત, પર સિદ્ધાંત પ્રરૂપણા છે, બીજામાં સ્વ સિદ્ધાંતના ગુણો અને બીજા મતના દોષો જાણીને સ્વ સિદ્ધાંતનો બોધ જાણવો. ત્રીજામાં તત્ત્વોને જાણીને ઉપસર્ગ સહેવા સમર્થ બને તે જણાવ્યુ, ચોથામાં સ્ત્રી-દોષનું વર્જન, પાંચમામાં ઉપસર્ગ ન સહે અને સ્ત્રી વશવર્તી હોય તેનો અવશ્ય નરકે ઉપપાત બતાવ્યો છે.

— છટ્ઠામાં અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગ સહેવાથી અને સ્ત્રીદોષ વર્જનથી ભગવંત મહાવીરે જીતવા યોગ્ય કર્મ કે સંસારનો પરાભવ કરી જય પામ્યા તેથી શિષ્યોને પણ આ ઉપદેશ આપ્યો. તે અધિકાર છે. સાતમામાં ગૃહસ્થો, અન્યતીર્થિકો કે પાર્શ્વસ્થાદિ એવાનો સંગ છોડનાર પરિત્યક્ત નિઃશીલકુશીલ તથા સુશીલ, સંવિગ્નને બતાવ્યા. આઠમામાં બે પ્રકારનું વીર્ય બતાવી પંડિતવીર્યમાં પ્રયત્ન કરવાનું જણાવ્યું.

— નવમામાં યથાવસ્થિત ધર્મ કહે છે. દશમામાં સમાધિસ્વરૂપ કહ્યું, અગ્યારમામાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું કથન છે બારમામાં - x - ચાર મતમાં રહેલા-ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી એવા મતવાળા ૩૬૩ પાખંડીઓ પોત-પોતાના મત સાધતાં જિનેશ્વર પાસે આવે ત્યારે તેમના વચનમાં રહેલા સાધનદોષોને બતાવીને તેનું નિરાકરણ કરાય છે. તેરમામાં સર્વવાદિઓમાં કપિલ, કણાદ, અક્ષપાદ, શોદ્ધોદન, જૈમિની આદિ મતને અનુસરનારનું કુમાર્ગપણું બતાવ્યું.

— ચૌદમામાં ગ્રંથ નામના અધ્યયનમાં શિષ્યોના ગુણ-દોષનું કથન છે તથા શિષ્યના ગુણ સંપદથી યુક્ત શિષ્યે ગુરુકુલવાસ સેવવાનો અધિકાર છે. પંદરમા



'આદાનીય' અધ્યયનમાં આદાનીય પદ કે અર્થોનું ગ્રહણ છે તે પૂર્વે કહેલા પદ અને અર્થો વડે પ્રાયઃ અહીં ગોઠવેલ છે. તથા સમ્યક્ ચારિત્ર મોક્ષમાર્ગનું સાધક છે, તે અહીં વર્ણવેલ છે. સોળમાં ગાથા અધ્યયનમાં પંદરે અધ્યયનમાં કહેલ અર્થ સંક્ષેપમાં પ્રતિપાદિત કર્યો છે.

હવે - x - એક એક અધ્યયનનું અહીં વર્ણન કરીશું—

## ૐ શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧ "સમય" ૐ

૦ પહેલું 'સમય' નામક અધ્યયન છે, તેના ઉપક્રમ આદિ ચાર અનુયોગ છે. તેમાં ઉપક્રમણ તે ઉપક્રમ. અથવા જેના વડે શાસ્ત્રને નિક્ષેપ અવસરમાં લાવીને સ્થાપીએ તે ઉપક્રમ. તેમાં લૌકિક ઉપક્રમ નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભેદે છ પ્રકારે આવશ્યકાદિમાં વર્ણવેલ છે. શાસ્ત્રીય ઉપક્રમ પણ આનુપૂર્વી નામ પ્રમાણ વક્તવ્યતાના અર્થાધિકારમાં સમાવતાર રૂપ છ પ્રકારનો જાણવો. તેમાં આનુપૂર્વી વગેરે સમાવતાર પર્યન્ત અનુયોગદ્વાર મુજબ જાણવો.

તે જ પ્રમાણે આ અધ્યયન પણ આનુપૂર્વી આદિમાં જ્યાં જ્યાં ઉતરે ત્યાં ત્યાં ઉતારવું. તેમાં દશ પ્રકારે અનુપૂર્વીમાં ગણના અનુપૂર્વીમાં ઉતરે છે, તે અનુપૂર્વી આદિ ત્રણ પ્રકારે છે - પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી. તેમાં આ અધ્યયન પૂર્વાનુપૂર્વીમાં પહેલું, પશ્ચાનુપૂર્વીમાં સોળમું, અનાનુપૂર્વી ચિંતવતા એકાદિકથી માંડી સોળ સુધીમાં શ્રેણીમાં અન્યોન્યાભ્યાસ દ્વિરૂપ ન્યૂન સંખ્યાભેદ થાય છે. અનાનુપૂર્વીના ભેદની સંખ્યાના પરિજ્ઞાનનો આ ઉપાય છે. તે આ પ્રમાણે - x - x - x - *[અહીં આખી ગણિત પ્રક્રિયા છે. તેને જાણવા માટે મૂળ વૃત્તિ જોવી* - x - x - x -*]* શ્રુત ક્ષાયોપશમિક ભાવમાં અવતરે છે.

હવે પ્રમાણને બતાવે છે, જેના વડે મપાય તે પ્રમાણ. તે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી ચાર ભેદે છે. તેમાં આ અધ્યયન ક્ષાયોપશમિક ભાવમાં વ્યવસ્થિત થવાથી ભાવ પ્રમાણમાં અવતરે છે. આ ભાવ પ્રમાણ ગુણનય સંખ્યાના ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં પણ ગુણ પ્રમાણે સમવતાર છે. તે પણ જીવ-અજીવ ભેદથી બે પ્રકારે છે. સમય અધ્યયન ક્ષાયોપશમિક ભાવરૂપ હોવાથી તેના જીવના અન્યત્વને લીધે જીવગુણ પ્રમાણમાં સમવતાર છે. જીવગુણ પ્રમાણ પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં આ બોધરૂપે હોવાથી જ્ઞાનગુણ પ્રમાણમાં ગણવું.

— તે પણ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ ભેદથી ચાર પ્રકારે છે. તેમાં આ આગમ પ્રમાણમાં લેવું. તે પણ લૌકિક લોકોત્તર બે ભેદે જાણવું. તેમાં આ સમય અધ્યયન લોકોત્તરમાં લેવું. તે પણ સૂત્ર, અર્થ, તદુભયરૂપ ત્રણ પ્રકારે છે, તે ત્રણેમાં ગણવું અથવા આત્મ, અનંતર, પરંપર ભેદથી આગમ ત્રણ પ્રકારે છે. તેમાં તીર્થંકરોને અર્થની અપેક્ષાએ આત્માગમ, ગણધરોની અપેક્ષાએ અનંતર તથા શિષ્યોની અપેક્ષાઓ પરંપરાગમ છે. સૂત્રની અપેક્ષાએ ગણધરોને આત્માગમ, તેના શિષ્યોને અનંતરાગમ અને ત્યારપછી શિષ્યોને પરંપરાગમ જાણવું.

ગુણ પ્રમાણ પછી નય પ્રમાણ અવસર છે. તેનો આ પૃથકત્વ અનુયોગમાં સમવતાર નથી અથવા પુરુષની અપેક્ષાએ થાય છે, તે જ કહે છે — મૂઢનયિક એટલે નય શૂન્ય કાલિક શ્રુત છે, એમાં નયો અપૃથકત્વ સમવતાર છે પણ પૃથકત્વમાં સમવતાર થતો નથી. સાંભળનારની યોગ્યતા જોઈને નય વિશારદ નયોનું વર્ણન કરે છે - સંખ્યા પ્રમાણ આઠ પ્રકારે છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, પરિણામ, પર્યવ અને ભાવ.

તેમાં પરિમાણ, સંખ્યામાં અવતાર છે. તે કાલિક અને દૃષ્ટિવાદ એ બે ભેદો છે, તેમાં આ સૂત્રને કાલિક પરિમાણ સંખ્યામાં ગણવું. તેમાં પણ અંગપ્રવિષ્ટ, અનંગપ્રવિષ્ટમાં અંગપ્રવિષ્ટમાં સમવતાર છે.

પર્યવ સંખ્યામાં અનંતા પર્યવો છે. તથા સંખ્યેય અક્ષર, સંખ્યેય સંઘાત, સંખ્યેય પદો, સંખ્યેય પાદો, સંખ્યેય શ્લોકો, સંખ્યેય ગાથા, સંખ્યેય વેઢા, સંખ્યેય અનુયોગ દ્વારો છે. હવે વક્તવ્યતાનો સમવતાર ચિંતવીએ. તે સ્વ સમય, પર સમય, ઉભયસમય એમ ત્રણ ભેદે છે. તેમાં આ, અધ્યયનનો ત્રણેમાં સમાવેશ થાય છે. અર્થાધિકાર બે પ્રકારે છે - અધ્યયન અર્થાધિકાર અને ઉદ્દેશ અર્થાધિકાર. અહીં અધ્યયન અર્થાધિકાર કહ્યો છે. ઉદ્દેશાનો અર્થાધિકાર તો નિર્યુક્તિકાર સ્વયં કહેશે.

હવે નિક્ષેપાનો અવસર છે. તે ત્રણ પ્રકારે છે. ઓઘ નિષ્પન્ન, નામ નિષ્પન્ન, સૂત્રાલાપક નિષ્પન્ન. તેમાં ઓઘ નિષ્પન્નમાં આ અધ્યયન છે. તેનો નિક્ષેપો આવશ્યકાદિ સૂત્રમાં વિસ્તારથી કહ્યો છે નામ નિષ્પન્નમાં 'સમય' એ નામ છે, તેના નિક્ષેપાના અર્થે નિર્યુક્તિકાર કહે છે—

**[નિ.૨૯-]** સમયનો નિક્ષેપ બાર પ્રકારે છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, કુતીર્થ, સંગાર, કુલ, ગણ, સંકર, ગંડી અને ભાવ. તેમાં નામ, સ્થાપના પ્રસિદ્ધ છે દ્રવ્ય સમય એટલે દ્રવ્યની સમ્યગ્ પરિણતિ અર્થાત્ સ્વભાવ. તે આ પ્રમાણે - જીવદ્રવ્યનો ઉપયોગ, પુદ્ગલ દ્રવ્યનું મૂર્તત્વ, ધર્મ-અધર્મ-આકાશનું ગતિ-સ્થિતિ-અવગાહના લક્ષણ અથવા જે દ્રવ્યનો ઉપયોગકાળ. જેમકે વર્ષામાં લવણ અમૃત સમાન, શરદઋતુમાં પાણી, ગાયનું દૂધ હેમંતમાં, શિશિરમાં આમળાનો રસ, વસંતમાં ઘી, ગ્રીષ્મમાં ગોળ અમૃત સમાન છે.

ક્ષેત્ર સમય - ક્ષેત્ર એટલે આકાશ, તેનો સ્વભાવ. જેમકે - પરમાણુથી પણ પૂરાય, બે થી પણ પૂરાય, સો, સો લાખ, કોડી સહસ્ર પણ સમાઈ જાય. અથવા દેવકુરુ આદિ ક્ષેત્રનો આવો અનુભાવ છે કે ત્યાં ઉત્પન્ન થતાં પ્રાણીઓ સુરૂપવાળા, નિત્ય સુખી, નિર્વૈર હોય. ક્ષેત્રનો પરિકર્મણ અવસર ક્ષેત્રસમય છે.

કાળ સમય તે સુષમાદિનો અનુભાવ વિશેષ છે, અથવા કમળના સો કોમળ પાંદડા ભેદાઈ જાય તેથી પણ સમય બારીક છે. એમ દ્રવ્ય ક્ષેત્રકાળ સમય કહ્યો. કુતીર્થ સમય એટલે પાખંડીના પોત-પોતાના માનેલા આગમ વિશેષ-તે જાણવા કે તેમાં બતાવેલા અનુષ્ઠાન છે. સંગાર સમય સંકેતરૂપ છે. જેમકે પૂર્વભવમાં સિદ્ધાર્થ સારથી



દેવે પૂર્વકૃત્ સંકેત મુજબ કૃષ્ણના મૃતકને લઈ જતાં બળદેવને પ્રતિબોધિત કર્યા. કુલ સમય તે કુલાચાર. જેમકે શક લોકોની પિતૃશુદ્ધિ આદિ.

ગણ સમય - જેમ મલ્લોનો આચાર છે કે - કોઈ અનાથ મલ્લ મરે તો તેની જાતિવાળા તેનો સંસ્કાર કરે, પડી ગયો હોય તેનો ઉદ્ધાર કરે. સંકર સમય - ભિન્ન જાતિઓનું મળવું, તેમાં એક વાક્યપણું જેમકે વામમાર્ગીમાં અનાચાર ગુપ્ત છે. ગંડીસમય - જેમ શાક્યો ભોજન અવસરે ગંડી-તાડન કરે છે.

ભાવસમય તે નોઆગમથી આ અધ્યયન છે. તેનો જ અહીં અધિકાર છે. બાકીના નિક્ષેપા શિષ્યની મતિ વિકસાવવા બતાવ્યા. હવે ઉદ્દેશા—

**[નિ.૩૦ થી ૩૨-]** આ અધ્યયનના ચાર ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશાના છ અર્થાધિકાર પહેલી ગાથા વડે બતાવ્યા. જેમકે - પંચભૂતો તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ તે પાંચે સર્વલોક વ્યાપી હોવાથી મહાન્ ભૂતો છે તેનું વર્ણન એક અર્થાધિકારમાં છે. ચેતન-અચેતન બધું આત્મવિવર્ત છે તેથી આત્મા અદ્વૈતવાદ છે તે બીજો અર્થાધિકાર. તે જીવ કાયાકારમાં ભૂતપરિણામે રહ્યો હોવાથી તે જીવ - તે શરીર એક છે તે મતનો ત્રીજો અર્થાધિકાર. જીવ અકારક - સર્વ પુન્ય, પાપનો અકર્તા છે એમ માનવું તે ચોથો અર્થાધિકાર. પાંચભૂતથી આત્મા જુદો છે, તેથી છટ્ઠો ભૂત માનવો તે પાંચમો અર્થાધિકાર અને અફળવાદી-કોઈ ક્રિયાનું ફળ નથી તે માને એ છટ્ઠો અધિકાર.

બીજા ઉદ્દેશામાં ચાર અર્થાધિકાર આ પ્રમાણે - નિયતિવાદ, અજ્ઞાનિક મત, જ્ઞાનવાદ અને કર્મ ઉપચય ચાર પ્રકારે નથી તે શાક્યમત. એ ચાર અધિકાર છે. ચાર પ્રકારનું કર્મ અવિજ્ઞાન અનાભોગે કરેલ છે. જેમ માતાના સ્તનાદિ આક્રમણથી પુત્રની વ્યાપત્તિમાં અનાભોગથી કર્મ બંધાતુ નથી. તથા પરિજ્ઞાન - કેવળ મન વડે પર્યાલોચન કરવું. તેના વડે કોઈ પ્રાણીને મારવાના અભાવથી કર્મનો ઉપચય થતો નથી. ઈર્યા-ગમન વડે પણ કર્મ ઉપચય થતો નથી. કેમકે તેમાં પ્રાણીનો નાશ થવાનો અભાવ છે તથા સ્વપ્નમાં કર્મ ઉપચય થતો નથી. જેમ સ્વપ્નમાં ભોજન કરવાથી તૃપ્તિ થતી નથી.

ત્રીજા ઉદ્દેશામાં આધાકર્મ વિચાર - તે ખાનારના દોષનું દર્શન છે, તથા કૃતવાદી કહે છે - આ લોક ઇશ્વરે બનાવ્યો છે અથવા પ્રધાનાદિ કૃત છે. જેમકે તે પ્રવાદીઓ પોત-પોતાના કૃતવાદને લઈને ઉભા છે તે બીજો અધિકાર.

ચોથા ઉદ્દેશામાં ગૃહસ્થોમાં જે અનુષ્ઠાન છે, તે અસંયમથી પ્રધાન કર્તવ્યો વડે તેને પરપ્રવાદી-પરતીર્થિકની ઉપમા અપાઈ છે.

હવે અનુગમ કહે છે - તેના બે ભેદ-સૂત્રાનુગમ અને નિર્યુક્તિઅનુગમ. તેમાં નિર્યુક્તિઅનુગમ ત્રણ પ્રકારે - નિક્ષેપ, ઉપોદ્ઘાત, સૂત્રસ્પર્શિક. તેમાં નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ અનુગત છે. કેમકે તે ઓઘ નામ નિષ્પન્ન નિક્ષેપામાં છે. હવે સૂત્રનું નિક્ષેપન કરાશે. ઉપોદ્ઘાત નિર્યુક્તિ અનુગમ ૨૬માં દ્વારમાં પ્રતિપાદિત બે ગાથાથી જાણવો. તે આ પ્રમાણે - उद्देसे निद्देसे य. વગેરે.

*૦ સૂત્ર પૂર્વેની આરંભિક 'ચૂર્ણિ' ખાસ જોવી. ચૂર્ણિમાં આ સમગ્ર ભૂમિકાના વિવરણમાં ઉક્ત વૃત્તિ-અનુવાદ કરતા ઘણે સ્થાને ભિન્નતા જોવા મળે છે.*

## 卐 અધ્યયન-૧ સમય, ઉદ્દેશો-૧ 卐

૦ સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ સૂત્ર હોય તો સંભવે છે. સૂત્ર સૂત્રાનુગમમાં છે. તે અવસર આવ્યો જ છે, તેથી સૂત્ર ઉચ્ચારણ કરીએ—

**● સૂત્ર-૧ :-**

***બોધ પ્રાપ્ત કરો, બંધનને જાણીને તોડો, વીર પ્રભુએ બંધન કોને કહેલ છે ? અને શું જાણીને બંધન તોડવું જોઈએ ?***

**● વિવેચન :-**

તેની સંહિતાદિ ક્રમથી વ્યાખ્યા - બુધ્યેત્ વગેરે. આ સૂત્ર સૂત્રકૃતાંગમાં પહેલું છે, તેનો આચારાંગ સાથે સંબંધ છે. આચારાંગમાં કહ્યું છે - જીવ તે છકાયની પ્રરૂપણા છે. તેમનો વધ કરવો તે કર્મનું બંધન છે - ઇત્યાદિ બધાંને સમજે. અથવા કેટલાંક વાદી માત્ર જ્ઞાનથી મુક્તિ માને છે, બીજા માત્ર ક્રિયા વડે માને છે. જૈનો તો બંને સાથે મળે તો જ મોક્ષ માને છે. તે આ શ્લોકથી સિદ્ધ કરે છે. તેમાં જ્ઞાનપૂર્વકની ક્રિયા જ ફળવતી થાય છે, તે વાત સમજો એટલે આ બુધ્યેત્ વડે જ્ઞાન કહ્યું. ત્રોટયેત્ થી ક્રિયા બતાવી. તેના આ અર્થ છે - બોધ પામે - ધારણ કરે એ ઉપદેશ છે.

તે બોધ પામવો એટલે શું ? બુધ્યેત્ જીવ પ્રદેશો સાથે અન્યોન્ય વેધરૂપે વ્યવસ્થપાય તે બંધન - જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મના હેતુઓ મિથ્યાત્વ, અવિરતિ આદિ કે પરિગ્રહ આરંભાદિ છે. બોધ માત્રથી ઇચ્છિત અર્થની પ્રાપ્તિ ન થાય, તેથી ક્રિયા બતાવે છે - તે બંધનને જાણીને વિશિષ્ટ ક્રિયા-સંયમ અનુષ્ઠાનથી આત્મા સાથેના કર્મબંધનને દૂર કરે, તજે, તોડે. આવુ સુધર્માસ્વામી કહે ત્યારે જંબૂસ્વામી આદિ શિષ્યો વિશિષ્ટ જિજ્ઞાસાથી બંધાદિ સ્વરૂપ પૂછે છે - તીર્થંકરે બંધન કોને કહ્યું ? કેવી રીતે જાણીને તે બંધનનો તોડે કે તુટે ? બંધનના સ્વરૂપને જણાવે છે—

**● સૂત્ર-૨ :-**

***સચિત્ત તથા અચિત્ત પદાર્થોમાં અલ્પમાત્ર પરિગ્રહ બુદ્ધિ રાખે છે, અને બીજાને પરિગ્રહ રાખવા અનુજ્ઞા આપે છે, તે દુઃખથી મુક્ત થતો નથી.***

**● વિવેચન :-**

અહીં બંધન કર્મ કે તેના હેતુઓ કહે છે. તેમાં નિદાનનો જન્મ નિદાન વિના ન થાય, તેથી નિદાન બતાવે છે - તેમાં પણ સર્વે આરંભો પહેલાં બતાવે છે, તે આરંભો કર્મોના ઉપાદાનરૂપ અને પ્રાયઃ આત્માના પોતાના આગ્રહથી ઉત્પન્ન થયેલા છે, તેથી પહેલા પરિગ્રહને જ દર્શાવ્યો છે.

ચિત્ત એટલે જ્ઞાન કે ઉપયોગ, તે જેને હોય તે સચિત્ત - દ્વિપદ, ચતુષ્પદ આદિ, તેના સિવાયના કનક, રજત આદિ અચિત્ત. તે બંને રૂપ પરિગ્રહ ગ્રહણ કરીને



કૃશ અર્થાત્ ઘાસ-ફૂસ આદિ અથવા કસ એટલે લેવાની બુદ્ધિથી જીવના ગમન પરિણામ. તે પરિગ્રહ પોતે રાખે કે બીજા પાસે રખાવે કે રાખનારને અનુમોદે; તેથી દુઃખી થાય - આઠ પ્રકારના કર્મ કે તેના ફળરૂપ અશાતા વેદનીયના ઉદયથી મુક્ત ન થાય. પરિગ્રહનો આગ્રહ એ જ પરમાર્થથી અનર્થોનું મૂળ છે. કહ્યું છે કે - મારું, હું વગેરે જ્યાં સુધી જેને અભિમાનનો દાહજ્વર છે, ત્યાં સુધી તે યમના મુખમાં જ છે પણ તેને પ્રશાંતિ થતી નથી. વળી અંતે અનર્થરૂપ એવા યશ સુખના ઇચ્છુકને છુટકારો કઈ રીતે થાય ? તથા દ્વેષનું ઘર, ધૃતિનાશક, ક્ષાંતિનાશક, વ્યાક્ષેપમિત્ર, મદભવન, ધ્યાન શત્રુ, દુઃખ ઉત્પાદક, સુખનાશક, પાપગૃહ એવો પરિગ્રહ દુષ્ટગ્રહ માફક બુદ્ધિવાન્‌ને કલેશને નાશ માટે થાય છે.

વળી પરિગ્રહ પ્રાપ્ત ન થતા આકાંક્ષા રહે, નષ્ટ થતા શોક થાય, રહે તો રક્ષણની ચિંતા, ભોગવતા અતૃપ્તિ એ રીતે બંધનથી મુકાતો નથી.

પરિગ્રહવાન્‌ને અવશ્ય આરંભ થતા જીવહિંસા થવાની તે કહે છે—

**● સૂત્ર-૩ :-**

***જે સ્વયં પ્રાણીઓનો ઘાત કરે છે, બીજા પાસે ઘાત કરાવે છે કે ઘાત કરનારનું અનુમોદન કરે છે, તે પોતાનું વેર વધારે છે.***

**● વિવેચન :-**

બીજી રીતે બંધનને બતાવે છે. તે પરિગ્રહવાન્ અસંતુષ્ટ રહી વારંવાર તેને મેળવવા તત્પર રહી, કમાવવામાં અને વિઘ્ન કરનારા પ્રતિદ્વેષ કરી પોતે મન, વચન, કાયા વડે આયુ, બલ, શરીરથી પ્રાણીને દુઃખ પમાડે છે અથવા મારી નાંખે છે. પ્રાણો ૧૦ છે - ૫ ઇન્દ્રિયો, ૩-બળ, શ્વાસોચ્છ્‌વાસ અને આયુ. આ પ્રાણો ભગવંતે બતાવ્યા છે, તેને જુદા કરવા તે હિંસા.

તે પરિગ્રહાગ્રહી પોતે જ હિંસા કરે છે એમ નહીં, બીજા પાસે પણ હિંસા કરાવે છે, હિંસા કરનારની અનુમોદના પણ કરે છે. એ રીતે કરવા, કરાવવા, અનુમોદવા વડે પ્રાણી હિંસાથી સેંકડો જન્મ સુધીનું કર્મ બાંધીને પોતાનું વૈર વધારે છે, પછી દુઃખ પરંપરારૂપ બંધનથી મુકાતો નથી. પ્રાણાતિપાતના ઉપલક્ષણથી મૃષાવાદાદિ બંધ-હેતુ પણ જાણવા. ફરી પણ બંધને આશ્રીને કહે છે—

**● સૂત્ર-૪ :-**

***જે મનુષ્યમાં જે કુળમાં જન્મે છે, જેની સાથે વસે છે, તે અજ્ઞાની મમત્વ કરીને લેપાય છે અને અન્ય-અન્યમાં મૂર્છા પામે છે.***

**● વિવેચન :-**

જે રાષ્ટ્રકૂટાદિ કૂળમાં જન્મે અથવા ધૂળમાં સાથે રમેલા મિત્રો કે પત્ની સાથે મનુષ્ય વસે, તે માતા, પિતા, ભાઈ, બેન, પત્ની, મિત્ર આદિમાં આ મારી છે એવા મમત્વ અને સ્નેહથી લેપાય છે, મમત્વજનિત કર્મથી નર, તિર્યંચ, મનુષ્ય, દેવરૂપ સંસારમાં ભ્રમણ કરતો પીડાય છે. તે અજ્ઞાની સત્-અસત્‌ના વિવેકરહિત અન્ય-અન્યમાં ગૃદ્ધ-મોહિત, મમત્વબહુલ થાય છે. પહેલા માતા, પિતા પછી પત્ની-પુત્રાદિમાં

સ્નેહવાળો થાય છે.

હવે - "શું જાણીને તોડે ?" એનું સમાધાન કરે છે.

● સૂત્ર-૫ :-

***ધન અને ભાઈ બહેન રક્ષા ન કરી શકે. જીવનને અલ્પ જાણીને કર્મના બંધનને તોડી નાંખે છે.***

● વિવેચન :-

સચિત્ત કે અચિત્ત દ્રવ્ય, ભાઈ-બહેન આદિ, સર્વ ધન આદિ સંસારમાં ભમતા જીવને અતિ કટુ શરીર તથા મનની વેદના આપે છે. તેને ધન આદિ રક્ષણ માટે થતાં નથી, તે જાણીને તથા પોતાનું આયુ અલ્પ છે તે જ્ઞપરિજ્ઞાથી જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી સચિત્ત-અચિત્ત પરિગ્રહને પ્રાણીનો ઉપઘાત સમજી સ્વજનસ્નેહાદિ બંધન સ્થાનનું પચ્ચક્ખાણ કરીને કર્મને તોડે જ. અથવા કર્મ એટલે ક્રિયા - સંયમ અનુષ્ઠાન વડે કર્મથી છૂટે છે.

અધ્યયન અર્થાધિકારથી સ્વસિદ્ધાંત કહ્યો. હવે પર-મતને કહે છે—

● સૂત્ર-૬ :

***કોઈ કોઈ શ્રમણ-બ્રાહ્મણ પરમાર્થને નહીં જાણતા ઉપરોક્ત ગ્રંથનો ત્યાગ કરીને, સ્વસિદ્ધાંતમાં બદ્ધ થઈ માનવ કામભોગમાં આસક્ત થાય છે.***

● વિવેચન :-

ઉક્ત ગ્રંથોને છોડીને સ્વરુચિથી રચિત ગ્રંથોમાં આસક્ત, બદ્ધ કેટલાંક ઉક્તાર્થ [જૈન સિદ્ધાંત] ને છોડીને સ્વેચ્છાએ ચાલે છે. - x - જૈન સિદ્ધાંતમાં કહે છે કે - જીવનું અસ્તિતત્વ હોય તો જ જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધન છે, તેના હેતુ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદાદિ અને પરિગ્રહ, આરંભ આદિ છે, તેને સમ્યગ્ દર્શનાદિ ઉપાય વડે તોડે, મોક્ષનો સદ્ભાવ છે. એ વાતને શાક્યાદિ શ્રમણ, બૃહસ્પતિ મતવાળા, પરિવ્રાજક આદિ [ન માની] અરિહંત ઉક્ત ગ્રંથોને ઉલ્લંઘીને પરમાર્થને ન જાણતાં અનેક પ્રકારે પોતાના સિદ્ધાંતોમાં આગ્રહી છે. જેમકે—

બૌદ્ધો કહે છે - સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, જ્ઞાનનો આધારભૂત આત્મા કોઈ નથી, કિંતુ 'વિજ્ઞાન' એક જ વર્તે છે, બધાં સંસ્કારો ક્ષણિક છે ઇત્યાદિ.

સાંખ્યો કહે છે - સત્વ, રજ, તમસ્‌ની સામ્ય અવસ્થા પ્રકૃતિ છે, પ્રકૃતિથી મહાન્ અહંકાર છે, તેનાથી સોળ ગુણો, તેનાથી પાંચ ભૂતો [મહાન્] છે. ચૈતન્ય પુરુષનું આ સ્વરૂપ છે - વૈશેષિકો કહે છે—

દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ સમવાય છ પદાર્થો છે.

નૈયાયિક કહે છે - પ્રમાણ, પ્રમેય આદિ પદાર્થોના અન્વય વ્યતિરેક પરિજ્ઞાનથી મોક્ષ પ્રાપ્તિ છે. વળી મીમાંસકો કહે છે—

પ્રેરણા લક્ષણવાળો ધર્મ છે, કોઈ સર્વજ્ઞ જગત્‌માં વિધમાન નથી તથા મુક્તિનો અભાવ છે એમ માને છે. ચાર્વાકો કહે છે—

કોઈ પરલોકમાં જનાર નથી, પાંચ ભૂતોથી જુદો કોઈ પદાર્થ નથી, પુન્ય પાપ



નથી ઇત્યાદિ. આવી રીતે આ લોકાયતિક આવું ખોટું માની પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં દુરાચારાદિમાં રક્ત થઈને તેઓ કહે છે - આટલો જ લોક ઇન્દ્રિયોથી દેખાય છે. - x - x - હે સુંદરી ! ખા. પી. હે વરગાત્રિ ! જે વીતી ગયું તે તારું નથી - x - ઇત્યાદિ. આ પ્રમાણે તે જૈનેતરો સ્વ સિદ્ધાંત વાસિત મનવાળા થઈ અરિહંત ભગવંતે કહેલ ગ્રંથના અર્થને પરમાર્થથી ન જાણતા તેનું ઉલ્લંઘન કરીને પોતાના ગ્રંથોમાં આસક્ત થઈ, કામાસક્ત થાય છે. હવે સૂત્રકારશ્રી ચાર્વાક મતને જ કહે છે—

● સૂત્ર-૭,૮ :-

***કેટલાક કહે છે - આ જગત્‌માં પંચ મહાભૂત છે - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ. આ પાંચ મહાભૂતો છે, તેઓના સંયોગથી એક ચેતના ઉત્પન્ન થાય છે. તે ભૂતોનો નાશ થતા તેનાથી ઉત્પન્ન ચેતના પણ નાશ પામે છે.***

● વિવેચન :-

પાંચ મોટા ભૂત વિધમાન છે. તે સર્વ લોકવ્યાપી હોવાથી મહત્ વિશેષણ મૂકેલ છે. આ 'ભૂત' પદ વડે તેના અભાવાદિનું નિરાકરણ કર્યુ છે. આ લોકમાં માત્ર 'ભૂત'ને માનનારા ભૂતવાદીનો મત છે. ભૂતવાદી - બૃહસ્પતિ મતના અનુયાયી વડે આ મત પોતે સ્વીકાર્યો છે, બીજાને પણ બતાવે છે. તે આ રીતે પૃથ્વી-કઠણ છે, પાણી-દ્રવરૂપ છે, અગ્નિ-ઉષ્ણરૂપ છે, વાયુ-ચલિત છે. આકાશ-પોલાણવાળું છે. આ પાંચ ભૂત તથા તેના સાંગોપાંગ પ્રસિદ્ધ છે. તે પાંચે પ્રત્યક્ષ દેખાતા હોવાથી કોઈ તેનો અભાવ માની ન શકે.

પ્રશ્ન - સાંખ્ય આદિએ પણ આ પાંચ ભૂત તો માનેલા જ છે. જેમકે સાંખ્યો કહે છે - સત્વ, રજ, તમોરૂપથી મહાન્ બુદ્ધિ છે, તે મોટાઈથી અહંકાર - "હું" એવો ભાવ. તેનાથી ૧૬ ગણ થાય છે - પાંચ સ્પર્શાદિ બુદ્ધિ ઇન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન, ગંધ-રસ-રૂપ-સ્પર્શ-શબ્દ એ પાંચ "તન્માત્ર" છે. તેમાં ગંધ તન્માત્રા પૃથ્વી છે, તે પૃથ્વીમાં ગંધ, રૂપ, રસ, સ્પર્શ છે. રસમાત્ર પાણી છે, તેમાં રસ, રૂપ, સ્પર્શ છે, રૂપ માત્ર અગ્નિ છે, તેમાં રૂપ અને સ્પર્શ છે. સ્પર્શ માત્ર વાયુ છે. શબ્દ માત્ર આકાશ છે, તે ગંધ, રસ, રૂપ, સ્પર્શવર્જિત ઉત્પન્ન થાય છે - વૈશેષિકો પણ ભૂતોને કહે છે—

પૃથ્વીત્વ યોગથી પૃથ્વી, તે પરમાણુપણે નિત્ય છે, બે અણુ આદિ સંબંધથી કાર્યરૂપે અનિત્ય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ સંખ્યા પરિમાણ પૃથકત્વ સંયોગ વિભાગ પરત્વ અપરત્વ ગુરુત્વ દ્રવત્વ વેગ એ ચૌદ ગુણોથી યુક્ત છે તથા પાણીપણાના યોગથી પાણી છે તે પણ રૂપ, રસ આદિ ચૌદ ગુણ યુક્ત છે પણ તેનું દ્રવ્યત્વ સ્નિગ્ધ છે, રૂપ-શુક્લ, રસ-મધુર, સ્પર્શ-શીત જ છે. તેજત્વ યોગથી તેજ [અગ્નિ], તે રૂપ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, નૈમિત્તિક દ્રવત્વ, વેગ એ અગિયાર ગુણ યુક્ત છે. તેમાં રૂપ-શુક્લ અને ભાસ્વર, સ્પર્શ ઉષ્ણ છે. વાયુત્વ યોગથી વાયુ, તે અનુષ્ણ શીતસ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, વેગ એ નવ ગુણવાળો છે. - x - 'આકાશ' એક છે, તે સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, શબ્દ એ છ ગુણોવાળું શબ્દલિંગ છે.

એમ બીજા વાદીઓએ પણ 'ભૂત' માન્યા છે, તો પંચભૂત જ કેમ ?

ઉત્તર - સાંખ્ય આદિ એ - x - આત્મા આદિ અન્ય વસ્તુ પણ સ્વીકારી છે, લોકાયતિક તો પંચભૂત સિવાય આત્માદિ કશું માનતા જ નથી. તેથી સાંખ્યમતને આશ્રીને જ સૂત્રાર્થની વ્યાખ્યા કરીએ છીએ—

- x - એ પૃથ્વી આદિ પાંચ મહાભૂતોથી કાય આકારે પરિણમીને કોઈ રૂપે 'ભૂત'થી અવ્યતિરિક્ત આત્મા છે. પણ ભૂતોથી જુદો કોઈથી પરિકલ્પિત, પરલોક જનારો, સુખ-દુઃખ ભોકતા જીવ નામે પદાર્થ જ નથી એવો તેમનો મત છે. - x - પૃથ્વી આદિ સિવાય કોઈ આત્મા નથી. કેમકે તેને ગ્રહણ કરનાર પ્રમાણનો અભાવ છે. આ લોકો પ્રત્યક્ષ પ્રમાણ જ માને છે, અનુમાનાદિ નહીં. કેમકે અનુમાન આદિમાં ઇન્દ્રિયો સાથે પ્રત્યક્ષ સંબંધના અભાવે વ્યભિચાર સંભવે છે. વ્યભિચારવાળું અનુમાન પ્રમાણ - x - x - વિશ્વાસપાત્ર ન થાય. - x - x - તેથી પ્રત્યક્ષ પ્રમાણને જ માનવું સારું, તેથી ભૂતથી જુદા આત્માનું ગ્રહણ કરેલ નથી, પણ જે ચૈતન્ય ભૂતોમાં દેખાય છે, તે ભૂતો જ કાયા આકારે પરિણમતાં પ્રગટ દેખાય છે. - x - x - ભૂતથી જુદો આત્મા નથી.

ભૂતોના એકઠા થવાથી જ તેમાં તેમની ચૈતન્ય શક્તિ છે. જેમ પાણીમાં પરપોટા થાય છે તેમ. કેટલાક લોકાયતિકો આકાશને ભૂતપણે માને છે તેથી ભૂતપંચક કહેવામાં દોષ નથી.

શંકા - જો ભૂતોથી જુદો કોઈ આત્મા નથી તો મરી ગયો કેમ બોલે ?

ઉત્તર - એ ભૂતો કાયાકારે પરિણમતાં ચૈતન્ય પ્રગટ થયું પછી તેમાંથી કોઈ ભૂત-વાયુ કે અગ્નિ નીકળી જતાં દેહ ધારણ કરનારનો વિનાશ થાય છે, તેથી લોકમાં ''મરી ગયો'' એવું બોલાય છે. પણ જીવ ગયો એમ નથી. આવો ''ભૂતથી જુદો આત્મા નથી'' એ પક્ષ છે, તેનું ખંડન કરે છે—

**[નિ.૩૩-]** પૃથ્વી આદિ ભૂતોના કાયાકાર પરિણામે ચૈતન્ય, ભાષા ચાલવું આદિ ગુણો ન થાય એવી [જૈન દર્શનની] પ્રતિજ્ઞા છે. - x - અહીં ચાર્વાકને પૂછવું કે - પાંચ ભૂતોના સંયોગથી ચૈતન્ય પ્રગટ થાય છે, તો તેના સંયોગમાં સ્વતંત્ર છે કે પરસ્પર અપેક્ષાએ પરતંત્ર છે ? તે સ્વતંત્ર નથી. કેમકે તેમાં ચૈતન્યથી અન્ય ગુણો જેવા કે - આધાર કાઠિન્યગુણા પૃથ્વી, દ્રવ્ય ગુણ-પાણી - x - આદિ છે જ. અથવા પૂર્વોક્ત ગંધ આદિ પૃથ્વી વગેરેમાં એકૈક ગુણ પરિહાનિ વડે એ બધાં ગુણો ચૈતન્યથી અલગ છે. - x - વળી બીજી રીતે જોતાં - ચૈતન્ય ગુણ સાધ્ય કરતા પૃથ્વી વગેરે અન્ય ગુણો હોવા છતાં ચૈતન્ય ગુણ પૃથ્વી આદિ એક એકમાં જુદો નથી, તેથી તેના સમુદાય વડે ચૈતન્યગુણ સિદ્ધ થાય નહીં. *[હવે વૃત્તિમાં જે ખંડન-મંડન છે તેનો સારાંશ જ અહીં રજૂ કર્યો છે. અક્ષરશઃ જાણવા વૃત્તિ જોઈ, જ્ઞાતા પાસે સમજવું.]*

ભૂતોનો સમુદાય સ્વતંત્ર હોય તો ધર્મીપણે સ્વીકારાય. તેનો ચૈતન્ય ગુણ સાધ્ય ધર્મ નથી. કેમકે પૃથ્વી વગેરેના ગુણોથી તે તદ્દન જુદો છે. જેમ રેતી પીલવાથી તેલ ન નીકળે કે ઘટ-પટ સમુદાયથી સ્તંભ ન થાય. કાયમાં ચેતનગુણ દેખાય છે,





તે ચેતનનો ગુણ છે ભૂતોનો નહીં. વળી અચેતનમાં અચેતન ગુણ જ પ્રગટે ચૈતન્ય ગુણ નહીં. ઇન્દ્રિઓ પણ પોતાના વિષયથી અન્ય વિષય જાણી શકતી નથી, પણ ચૈતન્યરૂપ દૃષ્ટા વડે જ કાર્ય સિદ્ધ થાય છે. તેથી ભૂતોનો સમુદાય ચૈતન્ય નથી. ઇન્દ્રિયોના પ્રત્યેક વિષય ગ્રહણ કરવા છતાં સંકલના પ્રત્યયનો અભાવ છે. - x - x - ઇત્યાદિ.

લોકાયતિકનો પ્રશ્ન - સ્વતંત્રતા પક્ષે આ દોષ નથી. પરસ્પર સાપેક્ષ સંયોગના પરતંત્રપણાના સ્વીકારથી ભૂતોના સમુદાયથી ચૈતન્ય નામક ધર્મ સંયોગવશાત્ ઉત્પન્ન થાય છે. જેમ દારુ બનાવવાના પદાર્થમાં વિદ્યમાન નહીં તેવી મદ શક્તિ દારુમાં ઉત્પન્ન થાય જ છે ને ?

જૈનાચાર્યનો ઉત્તર - *[વૃત્તિમાં રજૂ થયેલ ખંડન-મંડન અમારી કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ ન હોવાથી તેનો સારાંશ જ અહીં રજૂ કર્યો છે.]*

અમે પૂછીએ છીએ કે તમારો સંયોગ સંયોગી પદાર્થથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હોય તો છઠ્ઠો ભૂત ઉભો થાય. તમે પાંચ ભૂત સિવાય કંઈ માનતા નથી. તેથી ચૈતન્ય ગ્રહણ ન થાય. જો અભિન્ન માનતા હો તો ત્યાં વિચારો કે ભૂતો ચેતનાવાળા કે ચેતના વગરના ? જો ચેતનાવાળા માનો તો એકેન્દ્રિય જીવ સિદ્ધ થશે, જો અચેતન માનો તો પૂર્વે કહેલો દોષ આવશે કેમકે જે પ્રત્યેકમાં નથી તે સમુદાયમાં કેમ હોય ?

તમે જે દારુનું દૃષ્ટાંત આપો છો તે ખોટું છે કેમકે તેના પદાર્થમાં તેવી-તેવી શક્તિ અંતર્ભૂત્ જ છે. વળી ભૂતોમાં ચૈતન્ય ન માનવાથી મરણનો અભાવ થશે. કેમકે મૃતકાયમાં પણ પૃથ્વી આદિ ભૂતો તો છે જ. વળી મૃતકાયમાં પણ સોજો દેખાય છે માટે વાયુનો અભાવ નથી આદિ. જો સૂક્ષ્મ વાયુ કે અગ્નિ છે તેમ કહેશો તો જીવની બીજા નામે સ્વીકૃતિ થઈ જશે. તેથી ભૂત માત્રના સમુદાયથી ચૈતન્ય ઉત્પન્ન ન જ થાય.

વળી લેપ્ય પ્રતિમામાં બધાં ભૂતો એકઠાં થવા છતાં તે જડ જ છે વળી અન્વય વ્યતિરેકથી આ ચેતનગુણો ભૂતોમાં ઉત્પન્ન થવા યોગ્ય નથી. માટે તમારો કદાગ્રહ મૂકીને ''જીવ'' જુદો છે તે માનવાનો પક્ષ સ્વીકારો.

વળી પ્રત્યક્ષ પ્રમાણ જ માનવું તે પણ ભ્રમ છે. અનુમાન પ્રમાણ વિશે પણ વિચારવું જોઈએ. અનુમાન પ્રમાણ તમને પ્રમાણ છે કે અપ્રમાણ ? જો પ્રમાણ હોય તો તમે અનુમાનને અપ્રમાણ કઈ રીતે કહેશો ? જો અપ્રમાણ હોય તો પરની ખાત્રી કેવી રીતે કરશો ? ઇત્યાદિ - x - વળી સ્વર્ગ, અપવર્ગ, દેવતાદિનો નિષેધ કરતા તમે કયા પ્રમાણથી નિષેધ કરશો ? - x - x - સ્વર્ગાદિ નિષેધ કરવા જતા ચાર્વાકે અવશ્ય પ્રત્યક્ષ પ્રમાણ વિના બીજાં પ્રમાણ માની લીધા. ઇત્યાદિ - x -.

પ્રત્યક્ષ સિવાય બીજાં પ્રમાણો છે તેના વડે આત્માની સિદ્ધિ થશે. તે કયા ? એ પ્રશ્નનો [જૈનાચાર્ય ઉત્તર આપે છે-] 'આત્મા છે' તેનામાં અસાધારણ ગુણોની પ્રાપ્તિ છે. ચક્ષુ ઇન્દ્રિય સાક્ષાત્ દેખાતી નથી, પણ સ્પર્શન વગેરે ઇન્દ્રિયોના અસાધારણ

રૂપ વિજ્ઞાનની ઉત્પત્તિની શક્તિ વડે તે ચક્ષુનું પણ અનુમાન કરાય જ છે. તે રીતે પૃથ્વી આદિ અસાધારણ ચૈતન્યગુણની પ્રાપ્તિ વડે આત્મા પણ છે, એમ અનુમાન થાય છે અને ચૈતન્ય તે અસાધારણ ગુણ છે. ચૈતન્ય આત્માનો જ ગુણ છે.

આત્મા છે. બધી ઇન્દ્રિયોના ઉપલબ્ધ અર્થની સંકલના પ્રત્યયનો સદ્‌ભાવ હોવાથી, આત્મા અર્થનો દૃષ્ટા છે, ઇન્દ્રિયો નથી. ઇન્દ્રિયો નાશ પામે તો પણ પૂર્વે જોયેલા પદાર્થોનું સ્મરણ કાયમ રહે છે.

અર્થાપત્તિથી આત્મા સિદ્ધ થાય છે. જેમકે - પૃથ્વી આદિ પાંચે ભૂત સમુદાય હોવા છતાં લેપકર્મથી બનેલ મૂર્તિ આદિમાં સુખ, દુઃખ આદિનો સદ્‌ભાવ નથી, એ કારણથી પણ જણાય છે કે - જે વિધમાન છે, ભૂતથી જુદો છે, કોઈ પણ સુખ દુઃખ ઇચ્છાદિ ક્રિયાઓનો સમવાયી કારણ પદાર્થ છે અને તે જ આત્મા છે - x - x -

આ રીતે પ્રત્યક્ષ, અનુમાન અને અર્થાપત્તિથી આત્મા સિદ્ધ થયો.

હવે આગમ પ્રમાણથી આત્માનું અસ્તિત્વ બતાવે છે - જેમકે આગમ વચન છે કે - ''મારો આત્મા ઉપપાતિક છે.'' આવું આગમમાં પ્રત્યક્ષ વચન છે, ત્યાં બીજા આગમ પ્રમાણની શી જરૂર છે ?

વળી [જૈનાચાર્ય] કહે છે - બધાં પ્રમાણમાં મુખ્ય પ્રત્યક્ષ પ્રમાણ વડે જ આત્મા જણાય છે, તેના ગુણ જ્ઞાનના પ્રત્યક્ષપણાથી, જ્ઞાન ગુણ તે ગુણથી અનન્યપણે રહે છે તેથી પ્રત્યક્ષથી આત્મા છે જ. - x - હું સુખી, હું દુઃખી એવા હું પ્રત્યયથી ગ્રાહ્ય આત્મા પ્રત્યક્ષ છે. શરીરથી ભિન્નતા આદિ બીજા પ્રમાણો પણ જીવની સિદ્ધિ માટે વિચારી લેવા. - x -

આત્મા ભૂતોથી જુદો તથા જ્ઞાનનો આધાર છે.

શંકા - જ્ઞાન આધાર ભૂત આત્મા વડે જ્ઞાનથી ભિન્ન આશ્રિત વડે શું પ્રયોજન છે ? કેમકે જ્ઞાનથી જ સર્વ સંકલના પ્રત્યય વગેરે સિદ્ધ થાય છે, વચ્ચે આત્માની કલ્પના શા માટે ? કેમકે જ્ઞાન જ ચિદ્‌રૂપ છે. અચેતન ભૂત જે કાયાકારે પરિણમ્યા છે, તેની સાથે સંબંધ થતાં સુખ-દુઃખાદિ ક્રિયા ઉત્પન્ન થાય છે ઇત્યાદિ, પછી આત્માની કલ્પના કેમ ?

સમાધાન - આત્માને આધારભૂત માન્યા વિના સંકલના પ્રત્યય ન ઘટે. જેમ બધી ઇન્દ્રિયો જુદા વિષયને જાણે, પણ મેં પાંચે વિષયને જાણ્યા એવા આત્માના સંકલના પ્રત્યયનો જ અભાવ થઈ જાય.

વળી જ્ઞાનરૂપ ગુણ ગુણી સિવાય એકલો ન હોય તેથી અવશ્ય આત્મારૂપ ગુણીને માનવો જોઈએ. વળી આત્મા સર્વવ્યાપી નથી. આ આત્મા શ્યામાક તંદુલ કે અંગુઠાના પર્વ જેટલો નાનો નથી. પણ જે શરીર તેણે પ્રાપ્ત કર્યું છે, તેની ત્વચા સુધી આત્મા વ્યાપેલો છે. કર્મના સંબંધ થકી સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિય, બે-ત્રણ-ચાર-પાંચ ઇન્દ્રિય પર્યાપ્ત-અપર્યાપ્ત વગેરે બહુ પ્રકારની અવસ્થા પ્રગટ થાય છે.

આત્માને ક્ષણિક માનતા ધ્યાન, અધ્યયનાદિનો અભાવ થાય અને એકાંત નિત્ય માનતા ચાર ગતિના પરિણામનો અભાવ થાય તેથી આત્મા કંઈ અંશે અનિત્ય, કંઈ અંશે નિત્ય છે.



હવે આત્મા એક જ છે, એવા અદ્વૈતવાદને - x - બતાવે છે—

**● સૂત્ર-૯ :-**

***જેમ એક જ પૃથ્વી સમૂહ વિવિધરૂપે દેખાય છે, તેમ જુઓ ! સકલ લોકમાં એક જ આત્મા વિવિધરૂપે દેખાય છે.***

**● વિવેચન :-**

દૃષ્ટાંત વડે જણાવે છે - x - x - 'એક'ને અંતર રહિત સમજવું. પૃથ્વી સ્તૂપ એટલે પૃથ્વીના સમૂહ નામનો અવયવી પદાર્થ. તે એકલો પણ નદી, સમુદ્ર, પર્વત, નગર, સંનિવેશ આદિના આધારરૂપે વિચિત્ર દેખાય છે. વળી તે નીચી, ઉંચી, કોમળ, કઠણ આદિ ભેદવાળી દેખાય છે. આવા ભેદોથી પૃથ્વીતત્ત્વમાં કંઈ ભેદ ગણાતો નથી. એ રીતે બીજાને આમંત્રણ કરી [વાદી કહે છે-] સકલ લોક ચેતન-અચેતનરૂપ એક વિદ્વાન્ વર્તે છે. અર્થાત્ એક જ આત્મા વિદ્વાન્ જ્ઞાનપિંડ પૃથ્વી આદિ ભૂતાદિ આકારે જુદો જુદો દેખાય છે. તે આત્માના તેટલા ભેદ નથી.

તેથી કહે છે - નિશ્ચે એક જ આત્મા છે, તે જુદા જુદા ભૂતોમાં વસેલો છે, પણ જળમાં દેખાતા ચંદ્ર માફક જુદો જુદો દેખાય છે.

અહીં વેદ-પદ દ્વારા આત્માના અદ્વૈતવાદનો પૂર્વપક્ષ બતાવ્યો છે. હવેના સૂત્ર [ગાથા] દ્વારા આ અદ્વૈતવાદીને ઉત્તર આપે છે.

**● સૂત્ર-૧૦ :-**

***કોઈ કહે છે - આત્મા એક જ છે, પણ આરંભમાં આસક્ત રહેનારા પાપકર્મ કરીને એકલો જ તીવ્ર દુઃખ ભોગવે છે.***

**● વિવેચન :-**

અનંતર સૂત્રમાં અદ્વૈતવાદ બતાવ્યો. કેટલાક પુરુષકારણ વાદીઓ - પ્રતિપાદન કરે છે. તેઓ કેવા છે ? જડ અર્થાત્ સમ્યક્ પરિજ્ઞાનરહિત. મંદત્વ તેમનું યુક્તિરહિત આત્માનો અદ્વૈતપક્ષ ગ્રહણ કરવાથી સિદ્ધ થાય છે. હવે તેનો ઉત્તર આપે છે—

જો આત્મા એક જ હોય અને અનેક ન હોય તો ખેતી આદિ કરનારા પ્રાણીઓ જીવોનો નાશ કરનારા વ્યાપારમાં આસક્ત, સંબદ્ધ, અધ્યુપપન્ન બની તેના સંરંભ, સમારંભ, આરંભ વડે આત્માથી અશુભપ્રકૃતિરૂપ અસાતાના ફળને દેનારા તીવ્રદુઃખના અનુભવ સ્થાનરૂપ નરકાદિમાં જાય છે. તે આરંભમાં આસક્ત જીવો નિશ્ચયથી નરકમાં જાય છે. બીજે નહીં. આત્મા એક માનીએ તો આમ બનવું શક્ય ન બને. વળી આત્મા એક માનીએ તો—

એક જીવ અશુભ કર્મ કરે તો બીજા શુભ અનુષ્ઠાન કરનારને પણ નરકમાં જવું પડે. પણ આવું જોવા મળતું નથી. તેથી કહે છે કે - કોઈ સમજણ વિનાનો એકલો જ તેવી વિડંબના અનુભવતો જોવા મળે છે, બીજા નહીં. તથા આત્મા સર્વગત માનીએ તો આત્માના બંધ અને મોક્ષનો અભાવ થશે. - x - x - આ અર્થને ટેકો આપતી નિર્યુક્તિ બતાવે છે—

પાંચ પૃથ્વી આદિ ભૂતોમાં એકત્ર કાયાકારે પરિણમેલ ચૈતન્ય દેખાય છે, જો એક જ આત્મા વ્યાપ્ત હોય, તો ઘટાદિમાં પણ ચૈતન્ય હોય. પણ એવું થતું નથી. તેથી આત્મા એક નથી. ભૂતોના ગુણો જુદા જુદા છે. કેમકે એક આત્માનું અભિન્નપણું છે. વળી પાંચ ઇન્દ્રિયો આશ્રિત જ્ઞાનની પ્રવૃત્તિ હોવાથી અન્યએ જાણેલું બીજો જાણતો નથી. તેથી આત્મા એક નથી. હવે તે જીવ-તે શરીરવાદીના મતનો પૂર્વપક્ષ બતાવે છે—

● સૂત્ર-૧૧ :-

***બાળક હોય કે પંડિત પ્રત્યેકનો આત્મા પૂર્ણ છે. તેનો આત્મા દેખાય છે કે નહીં - એમ કહેવાથી તેનું સત્વ ઔપપાતિક નથી.***

● વિવેચન :-

તે જીવ - તે શરીરવાદીઓનું એવું કહેવું છે કે - જેમ પાંચભૂતકાય આકારે પરિણત થતાં ચૈતન્ય ઉદ્‌ભવે છે કે દેખાય છે. તે રીતે એક એક શરીરમાં એક-એક આત્મા, એ પ્રમાણે બધાં આત્મા રહેલા છે. જે અજ્ઞાની હોય કે પંડિત હોય, બધાં જુદા જુદા ગોઠવાયેલા છે. તેથી સર્વ વ્યાપી એવો એક આત્મા છે, તેમ ન માનવું. - x -

શંકા - પ્રત્યેક શરીરને આશ્રીને આત્માનું અનેકપણું છે, તે વાત જૈનદર્શનને પણ ઇષ્ટ છે. — આ શંકાના નિવારણ માટે કહે છે —

[ચૈતન્ય] જ્યાં સુધી શરીર વિદ્યમાન છે, ત્યાં સુધી છે, શરીરના અભાવે તે રહેતું નથી. કાયા આકારે પરિણત ભૂતોમાં ચૈતન્ય પ્રગટ થાય છે, પણ ભૂતોનો સમુદાય જુદો પડતા ચૈતન્ય નાશ પામે છે, પણ ચૈતન્ય બીજે જતું દેખાતું નથી. તેથી જ કહે છે કે - पिच्चा न ते संति પરલોકમાં આત્મા હોતો-જતો નથી. અર્થાત્ શરીરથી જુદો અને સ્વ કર્મફળનો ભોક્તા આત્મા નામનો કોઈ પદાર્થ નથી.

આવું શા માટે ? તે કહે છે - મૂળ ગાથામાં अस्ति શબ્દ બહુવચનમાં છે, તેનો આ અર્થ છે - પ્રાણીઓ એકભવમાંથી બીજા ભવમાં વિદ્યમાન નથી. તેઓના આગમ [વેદ] માં પણ કહે છે - विज्ञानघन॰'' [આ પૂર્વ પક્ષ કહ્યો] અહીં શિષ્ય પૂછે છે કે - પૂર્વે બતાવેલ ભૂતવાદી અને આ તે જીવ - તે શરીર વાદીમાં શું જુદાપણું છે ? તેનો ઉત્તર આપે છે—

ભૂતવાદીના મતે ભૂતો જ કાયા આકારે પરિણત થઈ સર્વ ક્રિયા કરે છે. જ્યારે આ વાદીના મતે કાયા આકારે પરિણત ભૂતોમાંથી ચૈતન્ય નામે આત્મા ઉત્પન્ન થાય છે કે પ્રગટ થાય છે અને તે અભિન્ન છે તે જુદાપણું છે. આ પ્રમાણે ધર્મીના અભાવે ધર્મનો અભાવ છે તે કહે છે—

● સૂત્ર-૧૨ :-

***પૂન્ય નથી, પાપ નથી, આ લોક સિવાય કોઈ લોક નથી. શરીરનો વિનાશ થતા દેહી [આત્મા] નો પણ વિનાશ થાય છે.***

● વિવેચન :-

અભ્યુદય પ્રાપ્તિ લક્ષણ તે પુન્ય. તેથી વિપરીત તો પાપ. તે બંનેમાંથી કશું



વિદ્યમાન નથી. કેમકે આત્મા-ધર્મીનો અભાવ છે. તેના અભાવથી આ લોકથી પર પૂન્ય-પાપના અનુભવરૂપ બીજો લોક નથી. આ અર્થમાં સૂત્રકાર તેનું કારણ કહે છે - કાયાના વિનાશથી અર્થાત્ ભૂતોના વિઘટનથી આત્માનો પણ અભાવ થશે. શરીરનો વિનાશ થતા આત્મા પરલોકે જઈને પૂન્ય કે પાપ અનુભવતો નથી. તેથી ધર્મી-આત્માના અભાવે તે પૂન્ય-પાપરૂપ ધર્મનો પણ અભાવ થશે. તેના ઘણા દૃષ્ટાંત છે. જેમકે—

જળના પરપોટા જળ સિવાય દેખાતા નથી, તેમ ભૂત સિવાય કોઈ આત્મા નથી. કેળના થળમાં ત્વચા જુદી કરીએ તો ત્વચાના પડ નીકળે પણ તેમાં સાર કશો નથી, એમ ભૂત સમુદાયનું વિઘટન થતાં તેમાં આત્મા નામનો સારભૂત કોઈ પદાર્થ મળતો નથી. જેમ અલાતના ભમવાથી તેમાં ચક્રની બુદ્ધિ થાય છે, એમ ભૂત સમુદાય પણ વિશિષ્ટ ક્રિયાને પ્રાપ્ત થતાં જીવની ભ્રાંતિ ઉત્પન્ન કરે છે. જેમ સ્વપ્નમાં બહિર્મુખ આકારપણે વિજ્ઞાન અનુભવાય છે, તેમ આત્મા ન હોવા છતાં તેનું વિજ્ઞાન ભૂત સમુદાયમાં પ્રગટ થાય છે. જેમ અરીસામાં સ્વચ્છપણે પ્રતિબિંબિત પદાર્થ બહાર હોવા છતાં અંદર રહેલો દેખાય છે, પણ તેમ હોતું નથી. જેમ ઉનાળામાં પૃથ્વીની ગરમીથી થતા કારણો વડે જલાકાર [મૃગજળ] જણાય છે ઇત્યાદિ - x - તે પ્રમાણે આત્મા પણ ભૂત સમુદાયથી કાયાકારે પરિણમતાં આત્મા છે તેવો ભાસ થાય છે.

શંકા - જો ભૂત સિવાય કોઈ આત્મા ન હોય તો તેના કરેલા પૂન્ય પાપ પણ નથી, તો આ જગત્‌માં આવું વૈચિત્ર્ય કેમ દેખાય છે ? જેમકે - કોઈ ધનવાન્ - કોઈ ગરીબ, કોઈ સુભગ-કોઈ દુર્ભગ, સુખી-દુઃખી, સુરુપ-કુરૂપ, રોગી-નીરોગી એવા પ્રકારની વિચિત્રતા કેમ ?

સમાધાન - આ બધું સ્વાભાવિક છે. જેમકે - પત્થરમાંથી કોઈ પ્રતિમા બનાવી તેને પૂજે છે તો કોઈ પત્થર ઉપર પગ ધુએ છે તો તે પત્થર કંઈ શુભ-અશુભ કર્મવાળા નથી કે જેના ઉદયે તે પત્થર તેવી અવસ્થા પામે છે. એ તો જગત્‌ના સ્વભાવની વિચિત્રતા છે. તેથી કહે છે કે - કાંટાની તીક્ષ્ણતા, મોરનું ચિત્રિતપણું આદિ સ્વાભાવિક જ છે. આ પ્રમાણે 'તે જીવ-તે શરીર' મત કહ્યો, હવે અકારકવાદીને જણાવે છે.

● સૂત્ર-૧૩ :-

આત્મા સ્વયં ક્રિયા કરતો નથી, બીજા પાસે કરાવતો નથી. આત્મા કર્તા નથી - આત્મા અકારક છે. એવું તે અકારકવાદી કહે છે.

● વિવેચન :-

'कुव्वं' પદથી સ્વતંત્ર કર્તા કહે છે. આત્માનું અમૂર્તત્વ, નિત્યત્વ અને સર્વ વ્યાપીત્વ હોવાથી કર્તૃત્વ સાબિત થતું નથી. તે જ હેતુથી કરાવવાપણું પણ આત્માથી સિદ્ધ ન થાય. 'च' શબ્દથી અતીત, અનાગત કર્તૃત્વનો નિષેધ કરે છે - x - તેથી આત્મા સ્વયં ક્રિયામાં પ્રવર્તતો નથી, બીજાને પ્રવર્તાવતો નથી. - x - તે ભોગવવાની ક્રિયા કરે છે, પણ તેને સમગ્ર કર્તૃત્વ નથી, તે બતાવે છે — - x - સર્વવ્યાપી અને

અમૂર્ત હોવાથી આકાશની માફક તેનું નિષ્ક્રિયપણું છે. તથા કહ્યું છે કે—

આત્મા અકર્તા, નિર્ગુણ, ભોક્તા છે. એમ સાંખ્ય મતમાં કહ્યું છે. આ પ્રમાણે આત્મા અકારક છે. તે સાંખ્યમતવાળા તેનાથી પણ વિશેષ ધૃષ્ટતા ધરીને વારંવાર કહે છે. પ્રકૃતિ કરે છે તે પુરુષ ભોગવે છે. બુદ્ધિથી નિશ્ચય કરાયેલો અર્થ પુરુષ સમજે છે. આ અકારકવાદીનો મત છે. હવે તે જીવ-તે શરીર અને અકારકવાદી મતનું ખંડન કરે છે—

● સૂત્ર-૧૪ :-

***જે લોકો આત્માને અકર્તા કહે છે, તેમના મતે આ લોક કઈ રીતે સિદ્ધ થશે ? તે પ્રમત્ત અને આરંભમાં આસક્ત લોકો એક અજ્ઞાન અંધકારમાંથી બીજા અજ્ઞાન-અંધકારમાં જાય છે.***

● વિવેચન :-

હવે પૂર્વોક્ત તે જીવ - તે શરીરવાદી, ભૂતોથી અવ્યતિરિક્ત આત્મા એ મતનું નિરાકરણ કરે છે—

તેઓ કહે છે - 'શરીરથી આત્મા ભિન્ન નથી' એ અયોગ્ય છે, કેમકે તેનું સાધક પ્રમાણ છે, તે આ પ્રમાણે - *[વૃત્તિનો સાર રજૂ કરેલ છે—]* જેનો આકાર પ્રતિનિયત છે, તેનો કર્તા વિધમાન છે. જેમકે ઘડો, તેનો કર્તા કુંભાર છે. જેનો કર્તા અવિધમાન છે, તેનો આકાર પ્રતિનિયત નથી. જેમકે - આકાશ, દંડ, ચક્ર વગેરેનો અધિષ્ઠાતા છે અને અધિષ્ઠાતા સિવાય કરણપણાની ઉપપત્તિ નથી. ઇન્દ્રિયોનો અધિષ્ઠાતા આત્મ છે, તે આત્મા ઇન્દ્રિયોથી જુદો છે. વળી જ્યાં જ્યાં આદાન-આદેય સદ્ભાવ ત્યાં ત્યાં વિધમાન આદાતા [ગ્રાહક] જણાય છે. જેમકે - સાણસો અને લોઢાનો પિંડ, એ બંનેથી જુદો 'લુહાર' છે. તેમ ઇન્દ્રિયો એ કરણ છે, તેના વડે વિષયોનો ગ્રાહક તે તેનાથી ભિન્ન આત્મા છે. વિધમાન ભોગવવા યોગ્ય શરીર છે.

વળી તમે ''સત્વો ઉપપાતિક નથી'' એમ કહો છો, તે પણ અયુક્ત છે કેમકે તે જ દિવસે જન્મેલો બાળક સ્તનપાન કરવાને ઇચ્છે છે - x - તે બાળક જ્યાં સુધી સ્તનનો નિશ્ચય ન કરે ત્યાં સુધી રોવાનું છોડતો નથી, પછી સ્તનમાં મુખ લગાડે છે, તેથી સિદ્ધ થાય છે કે બાળકમાં વિજ્ઞાન છે, તે અન્ય વિજ્ઞાનપૂર્વક છે અને તે વિજ્ઞાન એ પૂર્વભવનું જ્ઞાન છે. તેથી સત્વ ઉપપાતિક [જન્મ લેનાર] છે, વળી તમે કહો છો—

विज्ञान धन एव एतेभ्या० નો અર્થ પણ આવો છે.

વિજ્ઞાનના સમૂહરૂપ આત્મા, પૂર્વકર્મ વશ તેવા કાય આકાર રૂપે પરિણત ભૂત સમુદાયમાં પૂર્વકર્મ ફળ ભોગવીને, પછી તેનો વિનાશ થતાં આત્મા પણ તે કાય આકારે વિનાશ પામીને બીજા પર્યાય વડે ઉત્પન્ન થાય છે, પણ [શરીર નાશ પામતા] તેની સાથે આત્મા વિનાશ પામતો નથી.

વળી તમે કહ્યું કે - ધર્મી [આત્મા] ના અભાવથી ધર્મ અર્થાત્ પૂન્ય-પાપનો પણ અભાવ છે, તે પણ અયોગ્ય છે. કેમકે ધર્મી અર્થાત્ આત્મા પૂર્વે બતાવ્યા પ્રમાણે સિદ્ધ કર્યો છે, તે સિદ્ધ થતાં તેના ધર્મો એવા પૂન્ય-પાપ પણ સિદ્ધ જ છે, કેમકે



જગત્માં તેવું વૈચિત્ર્ય દેખાય જ છે.

વળી તમે સ્વભાવને આશ્રીને પત્થરનું દૃષ્ટાંત આપ્યું. તે પણ તેના ભોગવનારના કર્મના વશથી જ તે તે પ્રમાણે સંવૃત્ત છે તેથી પૂન્ય અને પાપનો સદ્ભાવ નિવારી શકાય તેમ નથી. [પૂન્ય, પાપ છે.] - x - x - ભૂતોથી વ્યતિરિક્ત અને પરલોકગામી આત્મા સિદ્ધ કરેલો હોવાથી તમે જે દૃષ્ટાંતો આપો છો તે વ્યર્થ બકવાસ જ છે.

ભૂતોથી અલગ આત્મા નથી તેમ કહેનારા ચતુર્ગતિરૂપ સંસારમાં ભવ-ભ્રમણ કરનારા છે, તે પૂર્વે બતાવ્યું છે - સુભગ, દુર્ભગ, સુરૂપ કુરૂપ, ધની, નિર્ધન આદિ કારણે જગત્ વિચિત્ર લક્ષણો આ લોક છે. આત્માને ન સ્વીકારવાથી આવો લોક કઈ રીતે થાય ? કઈ રીતે ઘટી શકે ?

તે નાસ્તિકો પરલોકગામી જીવ ન માનવાથી પૂન્ય-પાપનો અભાવ માની વ્યર્થ અજ્ઞાનરૂપ અંધકારમાંથી બીજા અંધકારમાં જાય છે અને ફરી પણ જ્ઞાનાવરણીયાદિ રૂપ મહા અંધકારને એકઠો કરે છે. અથવા દુઃખસમૂહ વડે સત્-અસત્ વિવેક નાશ થવાથી યાતના સ્થાનથી વિશેષ અંધકારવાળા સ્થાને અર્થાત્ સાતમી નરકપૃથ્વીમાં રૌરવ, મહારૌરવ, કાલ, મહાકાલ, અપ્રતિષ્ઠાન નરકાવાસમાં જાય છે.

તે જડ-મૂર્ખો, આત્મા સિદ્ધ હોવા છતાં અસદ્-આગ્રહથી આત્માનો અભાવ માનીને જેને વિવેકીજનો એ નિંદેલ છે તેવા જીવ-ઘાતક આરંભમાં નિશ્ચયથી-નિત્ય સંબદ્ધ થઈને પૂન્ય-પાપનો અભાવ માની, પરલોકનો અભાવ માની આરંભમાં અતિ રક્ત બને છે.

તથા તે જીવ-તે શરીરવાદીના મતનું નિર્યુક્તિકારે પણ નિર્યુક્તિ-૩૩માં ખંડન કર્યું છે. હવે અકારવાદીના મતને ફરી કહે છે—

જે આ અકારવાદી આત્માના અમૂર્તત્વ, નિત્યત્વ, સર્વવ્યાપીત્વ હેતુઓથી નિષ્ક્રિયપણું માની બેઠા છે તેઓના આ જરા-મરણ-શોકાદિ લક્ષણવાળો, નરકાદિ ચાર ગતિરૂપ જે લોક છે - x - x - તે કઈ રીતે સિદ્ધ થાય ? - x - તેથી તેઓ પૂર્વોક્ત નરકાદિ યાતના સ્થાનમાં જાય છે. કેમકે તે જડ લોકો પ્રાણીને દુઃખ દેનારા આરંભમાં રક્ત છે.

હવે નિર્યુક્તિકાર અકારવાદી મતનું ખંડન કરવા કહે છે—

[નિ.૩૪] આત્માનું અકતૃત્વ હોવાથી [આત્માએ] કર્યું નથી, ત્યારે ન કરેલાનું વેદન કોણ કરે ? વળી અક્રિયપણામાં વેદન ક્રિયા પણ ન ઘટે તથા ન કરેલાનું પણ અનુભવેલ માનો તો ન કરેલાનું આવવું અને કરેલાનો નાશ એવી આપત્તિ આવશે. તેનાથી એકે કરેલ પાપને બધાં પ્રાણીએ ભોગવવાનો વખત આવશે અને પૂન્યથી સુખ આવશે. પણ આવી વાત દેખાતી નથી તથા આત્માના વ્યાપિત્વ અને નિત્યત્વ થકી આત્માની નરક, તિર્યંચ, દેવ, મનુષ્ય, મોક્ષ પાંચ ગતિ છે, તે પણ નહીં થાય. તેથી તમારા સાંખ્યમતીને કષાય વસ્ત્રો, શિરમુંડન, દંડધારણ, ભિક્ષાભોજન આદિ અનુષ્ઠાન - x - x - ઇત્યાદિ સર્વે નિષ્ફળ થશે.

વળી - દેવ, મનુષ્યાદિ ગતિ - આગતિ નહીં થાય કેમકે આત્માનું તમે

સર્વવ્યાપીત્વ માનો છો તથા નિત્યત્વથી આત્માને વિસ્મરણના અભાવે જાતિસ્મરણાદિ ક્રિયા નહીં થાય. આદિ ગ્રહણથી ‘‘પ્રકૃત્તિ કરે-પુરુષ ભોગવે’’ એ ભોગ ક્રિયા તમે માની છે, તે પણ નહીં થાય કેમકે અક્રિયાત્વને તમે માનો છો - x - વળી તમારી આવી વાતો તમારા મિત્રો જ માનશે.

શંકા-ભોગવવાની ક્રિયા માત્રથી - x - આત્મા સક્રિય છે, તો પણ અમે તેટલું સક્રિયત્વ ઇચ્છતા નથી. સમસ્ત ક્રિયા કરે તો જ આત્માને સક્રિય માનીએ.—આ શંકાનો ઉત્તર નિર્યુક્તિકાર આપે છે.

[નિ.૩૫] અ-ફળપણું હોવાથી વૃક્ષનો અભાવ ન મનાય. અર્થાત્ ફળ આપે તો જ તે વૃક્ષ નહીં તો વૃક્ષ નથી એમ ન મનાય. એ રીતે આત્મામાં પણ સુપ્તાદિ અવસ્થામાં જો કે કોઈ અંશે નિષ્ક્રિયત્વ હોય તેથી આત્મા સર્વથા નિષ્ક્રિય છે તેમ કહેવું યોગ્ય નથી. થોડાં ફળ આપે તો પણ વૃક્ષ વૃક્ષ જ કહેવાય છે. એ પ્રમાણે થોડી ક્રિયા કરનાર આત્મા પણ ક્રિયાવાન જ કહેવાય. કદાચ જેમ એક પૈસાવાળો ધનિક ન કહેવાય તેમ થોડી ક્રિયાવાળો આત્મા નિષ્ક્રિય કહેવાય તેમ તમે માનો તો યોગ્ય નથી. - x - x - સામાન્યની અપેક્ષાએ તો અલ્પક્રિય પણ ક્રિયાવાન્ જ ગણાય. - x - x - કોઈ ગાય દૂધ ન આપે અને કોઈ ગાય થોડું દૂધ આપે તો પણ તે બંને ગાય તો કહેવાશે જ. ઇત્યાદિ. હવે ‘આત્માષષ્ઠવાદીમત’ કહે છે.

● સૂત્ર-૧૫ :-

***કેટલાક પાંચ મહાભૂત કહે છે અને કેટલાક આત્માને છઠ્ઠો ભૂત કહે છે. તેમના મતે આત્મા અને લોક શાશ્વત છે.***

● વિવેચન :-

આ સંસારમાં પૃથ્વી આદિ પાંચ મહાભૂતો છે, તેમ વેદવાદી, સાંખ્યો અને વૈશેષિકોનો મત છે. તે વાદીઓનું આમ કહેવું છે - આત્મા એ છઠ્ઠો ભૂત છે. અન્ય વાદીમાં અનિત્ય ભૂત હતા, તે આ મતોમાં નથી તે કહે છે - આત્મા પૃથ્વી આદિરૂપ અવિનાશી છે. તેમાં આત્મા સર્વવ્યાપીત્વ અમૂર્તત્વ હોવાથી આકાશ જેવો શાશ્વત છે, પૃથ્વી આદિનું અવિનાશીપણું છે. તેનું શાશ્વતપણું ફરી બતાવવા કહે છે—

● સૂત્ર-૧૬ :-

***પાંચ મહાભૂત અને છટ્ઠો આત્મા સહેતુક કે નિર્હેતુક નષ્ટ થતા નથી તથા અસત્ ઉત્પન્ન થતાં નથી, સર્વે પદાર્થો સર્વથા નિયતી ભાવને પ્રાપ્ત થાય છે.***

● વિવેચન :-

પૃથ્વી આદિ પદાર્થો, છઠ્ઠો આત્મા નિર્હેતુક કે સહેતુક વિનાશ પામતો નથી. પણ બૌદ્ધો પોતાની મેળે જ નિર્હેતુક વિનાશ માને છે. તે બૌદ્ધોનો આ મત છે - નિશ્ચયે પદાર્થોનો જન્મ જ વિનાશમાં હેતુ ઇચ્છે છે. જો જન્મ્યો અને નાશ ન થયો તો પછી કોનાથી નાશ થશે ? જેમ વૈશેષિક લકુટાદિ કારણે વિનાશ સહેતુક માને છે. તેવા બંને પ્રકારના નાશ વડે લોક અને આત્માનો નાશ થતો નથી. એવો



તાત્પર્યાર્થ છે.

અથવા બંને પ્રકારે આત્માના સ્વભાવથી ચેતન-અચેતનરૂપથી વિનાશ થતો નથી. તેથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ પોતાના રૂપનો પરિત્યાગ ન કરવાથી નિત્ય છે, જગત્ આવું કદી નથી એમ નહીં, તેથી આત્મા પણ નિત્ય છે - x - તેથી કહ્યું છે—

આત્માને શસ્ત્રો છેદતા નથી, અગ્નિ બાળતો નથી ઇત્યાદિ તથા આત્મા નિત્ય, સર્વવ્યાપી, અચલ અને પુરાણો છે. એ રીતે અસત્‌ની ઉત્પત્તિ થતી નથી. કેમકે બધાનો બધે સદ્‌ભાવ છે. - x - જો અસત્‌ની ઉત્પત્તિ થાય તો ગધેડાના સીંગડાની ઉત્પત્તિ થાય. - x - x - એ પ્રમાણે માટીના પિંડમાં પણ ઘડો છે, કેમકે તેના અર્થી માટીનો પિંડ લે છે. જો અસત્ ઉત્પન્ન માનીએ તો ઘડાનો અર્થી માટીનો પિંડ શા માટે લે ? તેથી સત્ કારણમાં જ કાર્ય ઉત્પન્ન થાય છે. એ રીતે પૃથ્વી આદિ અને છઠ્ઠો આત્મા નિત્યત્વને પામે છે અને ભાવરૂપને જ સ્વીકારે છે - x - x -

અસત્‌થી ભાવ થતો નથી અને સત્‌નો અભાવ થતો નથી. - આનો ઉત્તર નિર્યુક્તિકારે ૩૪મી નિર્યુક્તિમાં આપેલ છે કે - સર્વ પદાર્થનું નિત્યત્વ માનીએ તો કૃતત્વ પરિણામ જ ન થાય. તેથી આત્માના અકતૃત્વમાં કર્મબંધનો અભાવ થતા કર્મનું વેદન કોણ કરે ? અર્થાત્ કોઈ સુખદુઃખ આદિ ન અનુભવે. એવું માનતા કરેલા કૃત્યનો નાશ થાય અને આત્માની બીજા ભવમાં ઉત્પત્તિરૂપ પાંચ પ્રકારની ગતિ ન થાય. મોક્ષ ગતિનો અભાવ થતા દીક્ષાદિ સર્વે અનુષ્ઠાન નકામાં થઈ જશે. - x - x -

વળી તમે કહો છો કે ‘‘સત્ હોય તે જ ઉત્પન્ન થાય’’ તે પણ ખોટું છે કેમકે સર્વદા સત્ ઉત્પન્ન કેમ થાય ? ઉત્પાદ હોય તો તે સર્વદા સત્ કઈ રીતે સિદ્ધ થાય ? - x - x - સર્વે પદાર્થોનું કંઈક અંશે નિત્યત્વ અને કંઈક અંશે અનિત્યત્વ સત્-અસત્ કાર્યવાદ છે તેમ માનવું એમ જૈનાચાર્યો કહે છે. વળી તમે કહો છો—

સર્વે વ્યક્તિમાં ક્ષણે ક્ષણે જુદાપણું દેખાય છે, તે વિશેષ નથી, તે વિદ્યમાન એવા જ્ઞાન અને જ્ઞાનાભાવના આકૃતિ આદિથી થાય છે તથા જેનામાં ભેદ છે, તેનો નિશ્ચે અન્વય નથી તથા જેમાં અન્વયની વૃત્તિ છે, તેથી જ તેમાં ભેદ નિશ્ચયથી ન કહેવાય. - x -

હવે બૌદ્ધમતનો આ પૂર્વ પક્ષ નિર્યુક્તિકારે બતાવ્યો તે અફલવાદ અધિકાર પ્રગટ કરવા સૂત્રકાર કહે છે—

● સૂત્ર-૧૭ :-

***[કોઈ કહે છે-] સ્કંધ પાંચ જ છે, સર્વે ક્ષણ માત્ર રહેનારા છે, આ સ્કંધોથી ભિન્ન કે અભિન્ન આત્મા નામનો કોઈ જુદો પદાર્થ નથી.***

● વિવેચન :-

કેટલાક બૌદ્ધવાદીઓ રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા, સંસ્કાર એ પાંચ સ્કંધને જ માને છે, પણ તે સિવાય આત્મા નામનો કોઈ સ્કંધ નથી તેમ કહે છે. તેમાં

૧-પૃથ્વી, ધાતુ આદિ રૂપો તે રૂપ સ્કંધ, ૨-સુખ, દુઃખ અદુખસુખ તે વેદના સ્કંધ, ૩-રૂપ, રસ આદિ વિજ્ઞાન તે વિજ્ઞાન સ્કંધ, ૪-સંજ્ઞા નિમિત્ત ઉદ્ગ્રાહણા પ્રત્યય તે સંજ્ઞા સ્કંધ, ૫-પૂણ્ય, અપૂણ્ય આદિ ધર્મસમુદાય તે સંસ્કાર સ્કંધ. તેના સિવાય આત્મા નામનો પદાર્થ આંખો વડે પ્રત્યક્ષ જોવાતો નથી. તે આત્મા અવ્યભિચારી લિંગ ગ્રહણના અભાવે, અનુમાનથી પણ સિદ્ધ થતો નથી. વળી પ્રત્યક્ષ અને અનુમાનથી જુદું અર્થને બતાવનાર અવિસંવાદી બીજુ પ્રમાણ નથી.

યથાવસ્થિત અર્થના અપરિજ્ઞાનથી બૌદ્ધો બાળક જેમ પ્રતિપાદન કરે છે - વળી કહે છે કે આ સ્કંધો - x - ક્ષણ માત્ર રહેનારા છે. વળી કહે છે કે - સ્વકારણથી ઉત્પન્ન થનારો પદાર્થ વિનાશના સ્વભાવવાળો છે કે અવિનાશના સ્વભાવવાળો ? જો અવિનાશી સ્વભાવી હોય તો તેમાં વ્યાપેલી ક્રમશઃ કે સાથે બનતી ક્રિયાના અભાવથી પદાર્થના વ્યાપ્યનો અભાવ થશે. તેથી જે અર્થ ક્રિયા કરી તે જ પરમાર્થથી સત્ છે. તે નિત્ય અર્થ ક્રિયામાં - x - વર્તતો ક્રમથી ન વર્તે. ઇત્યાદિ *[અહીં વૃત્તિમાં કેટલીક પ્રશ્ન દલીલો છે, જે માત્ર અનુવાદથી સમજાય તેવી નથી. મૂળ વૃત્તિને જોઈને વિદ્વાન્ પાસે સમજવી.]* પણ બધી દલીલ અને તર્કોનો સારાંશ એ છે કે - બધાં પદાર્થો ''ક્ષણિક'' છે. *[વિશેષ જાણકારી માટે મૂળ વૃત્તિ જોઈને સમજણ મેળવવી.]*

મૂળ શ્લોકમાં સૂત્રકારે 'उ' શબ્દ પૂર્વના વાદીઓથી આ બૌદ્ધોને જુદા બતાવવા માટે છે. તે જ વાત પાછલા અર્ધશ્લોક વડે કહે છે - 'अन्नो अनन्नो' એ પ્રમાણે તે જ બૌદ્ધો-છટ્ઠો આત્મા માનનાર સાંખ્ય આદિ ભૂત વ્યતિરિક્ત આત્માને માનનાર, ચાર્વાક-ભૂતથી અવ્યતિરિક્ત ચૈતન્ય નામક આત્મા ઇચ્છનાર, તેવી જ રીતે ''ન'' એવું કહેનારા તથા હેતુથી ઉત્પન્ન હેતુક અને કાય આકાર પરિણત ભૂતથી ઉત્પન્ન ત્યાં સુધી છે એવા આત્માને બૌદ્ધો માનતા નથી.

હવે બીજા બૌદ્ધોનો ''ચાતુર્ધાતુક'' મત કહે છે—

● **સૂત્ર-૧૮ :-**

***પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ આ ચાર ધાતુઓથી શરીર બનેલ છે, તેનાથી જુદો આત્મા નથી.***

● **વિવેચન :-**

પૃથ્વી આદિ ચાર ધાતુ છે, ધારક તથા પોષકત્વથી એમાં ધાતુપણ છે. જ્યારે આ ચાર એકાકારે પરિણમે અને કાયઆકાર ધારણ કરે ત્યારે જીવ વ્યપદેશ પામે છે તથા તે કહે છે કે આ શરીર ચતુર્ધાતુક છે, તે સિવાય કોઈ આત્મા નથી. બીજા બૌદ્ધો અમે જ્ઞાની છીએ તેવા અભિમાન અગ્નિથી બળેલા છે, તે કહે છે - અફળવાદી જગત્ છે - તે એ રીતે કે કર્તા ક્રિયાની ક્ષણથી બીજી ક્ષણે સર્વથા નષ્ટ થવાથી ક્રિયાનું ફળ ભોગવતો નથી. અથવા પૂર્વોક્ત બધાં ફળવાદીને અફળવાદી સમજવા. કેમકે કેટલાંક આત્માને નિત્ય અવિકારી માને છે અને કેટલાંક આત્મા જ માનતા નથી તો પછી ફળ કોણ ભોગવે ?

આ બધાંનો ઉત્તર આપવા માટે પૂર્વોક્ત નિર્યુક્તિ ગાથા-૩૪ આદિનું વ્યાખ્યાન



કરાય છે - જો પાંચ સ્કંધ સિવાય આત્મા નામે કોઈ બીજો પદાર્થ ન હોય તો તેના અભાવે સુખ-દુઃખ કોણ અનુભવે છે ? ઇત્યાદિ ગાથા પૂર્વે જણાવ્યા મુજબ કહેવી. - x -

જો બૌદ્ધો કહે કે - જ્ઞાન સ્કંધનો આ અનુભવ છે, તો તેમને કહેવું કે તે વાત અયોગ્ય છે, કેમકે સ્કંધ તો ક્ષણિક છે. જ્ઞાનક્ષણ અતિ સૂક્ષ્મ હોવાથી સુખ-દુઃખના અનુભવનો અભાવ છે. ક્રિયા ફળવાળા ક્ષણોની અત્યંત અસંગતિ છે. તેથી કરેલાનો નાશ અને અકરેલાની ઉત્પત્તિ એ બંનેની આપત્તિ છે. જ્ઞાનને એક સંતાન માનો તો સંતાનીના અભાવે તે નકામું છે. જો એમ માનો કે પૂર્વ ક્ષણ નાશ પામતા ઉત્તરની ક્ષણમાં વાસના મુક્તો જાય છે. જૈનાચાર્યો તેઓને કહે છે કે—

તમારી વાસના ક્ષણોથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હશે તો વાસકપણું ઉત્પન્ન ન થાય. જો અભિન્ન હોય તો ક્ષણ માફક તેનું ક્ષણ-ક્ષયપણું લાગુ પડતા તે વાસનાનું તે જ પ્રમાણે આત્માના અભાવમાં સુખ-દુઃખના અનુભવનો અભાવ થશે. તેથી આત્મા સિદ્ધ થશે. જો આત્મા ન માનીએ તો પાંચ વિષયના અનુભવના ઉત્તરકાળમાં ઇન્દ્રિયોના જ્ઞાનોનું સ્વ વિષયથી અન્યત્ર અપ્રવૃત્તિ હોવાથી સંકલના પ્રત્યય ન થાય. જો એમ માનો કે આલય વિજ્ઞાનથી થાય તો તમે આલયના નામે આત્માનો સ્વીકાર કરો છો. વળી બૌદ્ધાગમ પણ આત્માને સ્વીકારે છે—

બુદ્ધ કહે છે - હે ભિક્ષુઓ ! આ ભવથી ૯૧માં કલ્પમાં મેં શક્તિ વડે કોઈ પુરુષને મારેલ, તે કર્મના વિપાકથી હું પગે વિંધાયો છું. તથા—

જે અતિ દારુણ કૃત્યો કર્યા હોય, તે પણ આત્મનિંદા કરતા ઓછાં થાય છે, તે ભાવો આલોચવાથી તથા સંવર કરવાથી તે પાપોનો મૂળથી ઉદ્ધાર થાય છે. એમ હું [બુદ્ધ] કહું છું.

વળી [હે બૌદ્ધો !] તમે ક્ષણિકપણું સાધવા કહ્યું કે પદાર્થ કારણથી ઉત્પન્ન થતો નિત્ય ઉત્પન્ન થાય કે અનિત્ય ? ઇત્યાદિ - x - x - તે બધું વ્યર્થ છે. [ઇત્યાદિ વૃત્તિ અનુસાર જાણી લેવું.]

જૈનાચાર્યો કહે છે - ક્ષણ ક્ષયિત્વથી અનિત્યપણું છે કે પરિણામથી ? જો ક્ષણ ક્ષયિત્વ પક્ષ માનો તો કારણ કાર્યના અભાવથી કારકોનો વ્યાપાર જ ઉત્પન્ન થતો નથી, તો કઈ રીતે ક્ષણિક અનિત્યનો કારણોથી ઉત્પાદ થાય ? જો એમ માનો કે પૂર્વ ક્ષણથી ઉત્તર ક્ષણનો ઉત્પાદ થતા કાર્ય કારણ ભાવ થાય છે, તો તમારું આ માનવું અયુક્ત છે કેમકે જો પૂર્વ ક્ષણનો નાશ થાય છે તેમ માનો તો ઉત્તર ક્ષણને જન્મ ન આપી શકે અને જો પૂર્વક્ષણનો નાશ થયેલો નહીં માનો તો તમારો ''ક્ષણભંગ''નો સિદ્ધાંત ખોટો ઠરશે. જો પૂર્વક્ષણના નાશથી ઉત્તર ક્ષણ ઉત્પન્ન થાય છે તેવું માનશો તો તે બે ક્ષણોની એકકાલતા સ્પષ્ટ થશે. - x - જો તે ન સ્વીકારો તો તેના વિનાશ-ઉત્પાદનું અવસ્તુત્વ સિદ્ધ થશે. [ઇત્યાદિ વૃત્તિથી જાણવું.]

*[વૃત્તિથી આ બધાં તર્કો જાણવા-સમજવા. હવે સારાંશ કહે છે—]*

આ પ્રમાણે આત્મા પરિણામી જ્ઞાન આધાર ભવાંતરમાં જનારા ભૂતોથી કંઈક

અંશે જુદો જ છે તથા કંઈક અંશે શરીર સાથે આત્મા એકરૂપ થતો હોવાથી ભેગો જ છે. વળી આત્મા સહેતુક પણ છે કેમકે-નારકાદિ ભવને આપનાર કર્મો વડે વિકાર થતો હોવાથી પર્યાયરૂપે સ્વીકારે છે; તથા આત્મા અહેતુકપણ છે કેમકે તે આત્મસ્વરૂપથી અપ્રચ્યુત અને નિત્ય છે. વળી અમે આત્માને શરીરથી જુદો સિદ્ધ કરેલો હોવાથી ચતુર્ધાતુક માત્ર શરીરરૂપ જ આત્મા છે તે તમારો બકવાસ માત્ર છે. હવે પંચભૂતાત્મા આદિના દર્શનનું ફળ કહે છે.

● **સૂત્ર-૧૯ :-**

***ગૃહસ્થ હોય, વનવાસી હોય કે પ્રવ્રજિત હોય; અમારા દર્શનને અંગીકાર કરે છે, તે સર્વે દુઃખોથી મુક્ત થઈ જાય છે.***

● **વિવેચન :-**

ઘરમાં વસનાર-ગૃહસ્થ, વનમાં રહેનાર-તાપસ આદિ અને દીક્ષા લીધેલા-શાક્ય આદિ એવું કહે છે કે અમારા દર્શન-મતમાં આવેલા સર્વ દુઃખોથી મુક્ત થાય છે, તે આ રીતે - "પાંચભૂત", "તે જીવ - તે શરીર" - માનનારા વાદીઓનો આવો અભિપ્રાય છે કે અમારા દર્શનનો આશ્રય કરનારા ગૃહસ્થો હોય તો પણ માથુ અને દાઢી મૂછ મુંડાવે. દંડ રાખે, જટા રાખે, કષાયી વસ્ત્રો પહેરે, કેશલુંચન કરે, તપ કરે ઇત્યાદિથી કાય કલેશરૂપ દુઃખોથી મુક્ત થાય છે. તથા કહે છે કે - તપ કરવો તે વિવિધ યાતના છે, સંયમ એ ભોગ-વંચના છે, અગ્નિહોત્રાદિ કર્મ તો બાલક્રિડા સમાન છે. સાંખ્ય આદિ મોક્ષવાદી આ પ્રમાણે કહે છે—

જેઓ અમારું દર્શન, અકતૃત્વ આત્મ અદ્વૈત, પાંચસ્કંધ આદિ માનનારા અને દીક્ષા લેનારા છે, તે બધાં જન્મ; જરા, મરણ, ગર્ભ પરંપરા. એ અનેક શારીરિક, માનસિક તીવ્ર અશાતા ઉદયરૂપ દુઃખોથી મુક્ત થાય છે. સકલ દ્વન્દ્વથી મુક્ત એવો મોક્ષ મેળવે છે. હવે સૂત્રકારશ્રી તેઓના અફલવાદીત્વને જણાવે છે—

● **સૂત્ર-૨૦ થી ૨૫ :-**

***જ્ઞાનાવરણ આદિ કર્મોની સંધિને ન જાણનાર લોકો ધર્મવિદ્ થઈ જતાં નથી, જેઓ એમ કહે છે [મિથ્યા સિદ્ધાંત પ્રરૂપે છે] — તેઓ***

***(૨૦) - દુઃખના પ્રવાહનો પાર પામી શકતા નથી.***

***(૨૧) - સંસારને પાર કરી શકતા નથી.***

***(૨૨) - ગર્ભનો પાર પામી શકતા નથી.***

***(૨૩) - જન્મનો પાર પામી શકતા નથી.***

***(૨૪) - દુઃખનો પાર પામી શકતા નથી.***

***(૨૫) - મૃત્યુનો પાર પામી શકતા નથી.***

● **વિવેચન :- [૨૦ થી ૨૫]**

તે પંચભૂતવાદી આદિ [સર્વે પૂર્વોક્ત વાદીઓ] સંધિ અર્થાત્ છિદ્ર, આ છિદ્ર બે ભેદે છે - (૧) દ્રવ્યથી - ભીંત આદિની, (૨) ભાવથી-જ્ઞાનાવરણાદિ કર્મ સંબંધી, તેને ન જાણવાથી, દુઃખ મુક્તિ માટે ઉધમ કરવા છતાં આત્મા તથા કર્મની સંધિ ન



જાણવાથી તે બીચારા - [મોક્ષ પામતા નથી] - x - અથવા સંધિ એટલે ઉત્તરોત્તર પદાર્થ પરિજ્ઞાન તેને ન જાણીને ઉધમ કરનારા, સમ્યગ્ ધર્મ જાણવામાં તે પંચભૂતવાદી, લોકો નિપુણ નથી. કેમકે ક્ષાંતિ આદિ દશવિધ ધર્મને જાણતા ન હોવાથી બીજી-બીજી રીતે ધર્મને પ્રતિપાદિત કરે છે. ફળના અભાવથી તેમનું અફલવાદીત્વ-જે આગળ કહેવાશે, તેથી જણાશે કે ભવ ઓઘથી અર્થાત્ સંસારથી કે આઠ પ્રકારના કર્મોથી તે નાસ્તિકાદિ તરવાના નથી. તથા તે વાદીઓ સંસાર, ગર્ભ, જન્મ, દુઃખ, મૃત્યુનો પાર પામનાર થતા નથી. વળી તેઓ કેવા ફળ ભોગવશે તે કહે છે—

● **સૂત્ર-૨૬,૨૭ :-**

***[પૂર્વોક્ત મિથ્યા સિદ્ધાંત પ્રરૂપકવાદી] મૃત્યુ, વ્યાધિ, જરાથી આકુલ સંસાર ચક્રમાં વારંવાર વિવિધ દુઃખોને ભોગવે છે. જ્ઞાતપુત્ર જિનોત્તમ મહાવીરે કહ્યું છે કે પૂર્વોક્ત નાસ્તિકાદિ ઉંચી-નીચે ગતિઓમાં ભ્રમણ કરશે અને અનંત ગર્ભ પ્રાપ્ત કરશે - તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

ઘણાં પ્રકારના અસાતા ઉદય લક્ષણ દુઃખોને વારંવાર અનુભવે છે. જેમકે - નરકમાં કરવતથી વેરાવું, કુંભીપાક, ગરમ લોઢું, શાલ્મલી વૃક્ષને સમાલિંગન આદિ, તિર્યંચ યોનિમાં ઠંડી, તાપ, દમન, તાડન આદિ મનુષ્યોમાં ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગાદિ, દેવોમાં આભિયોગ, ઇર્ષ્યા, કિલ્બિષિકત્વ આદિ અનેક દુઃખો આ વાદીઓ વારંવાર અનુભવે છે - બાકી સુગમ છે.

અધમ, ઉત્તમ વિવિધ પ્રકારના સ્થાને જાય છે, એ રીતે ભમતા એક ગર્ભથી બીજા ગર્ભમાં જાય છે અને અનંત દુઃખ ભોગવે છે. એ પ્રમાણે સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે. અર્થાત્ તીર્થંકર આજ્ઞાથી કહે છે, પોતાની બુદ્ધિથી નહીં. હું તે કહું છું. જે મેં તીર્થંકર પાસેથી સાંભળેલ છે - આ રીતે ક્ષણિકવાદનું ખંડન કર્યું.

**શ્રુત.૧ના અધ્યયન-૧ 'સમય'ના ઉદ્દેશા-૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૧ ઉદ્દેશો-૨ 卐

૦ ઉદ્દેશો-૧ કહ્યો. હવે બીજો કહે છે - તેનો સંબંધ આ પ્રમાણે છે - ઉદ્દેશા-૧ માં સ્વ સમય, પરસમય પ્રરૂપણા કરી, આ અધ્યયનમાં પણ તે જ કહે છે. અથવા પૂર્વ ઉદ્દેશામાં ભૂતવાદાદિ મતને જણાવી તેનું નિરાકરણ કર્યું, અહીં પણ તેવા જ બાકી રહેલા નિયતિવાદ આદિ મિથ્યાદૃષ્ટિ મતોને જણાવી તેનું ખંડન કરે છે અથવા પૂર્વ ઉદ્દેશમાં કહેલ બંધન નિયતિવાદીના અભિપ્રાય પ્રમાણે થતું નથી તે કહે છે - એ રીતે અનેક સંબંધે આવેલા ઉદ્દેશામાં - x - x - સૂત્ર કહે છે—

● **સૂત્ર-૨૮ :-**

***કોઈ કહે છે - જીવ પૃથક્ પૃથક્ ઉત્પન્ન થાય છે, સુખ દુઃખનો અનુભવ***

***કરે છે અને પોતાના સ્થાનથી લુપ્ત થાય છે - મરે છે.***

● વિવેચન :-

અહીં અનંતર-પરંપર સૂત્ર સંબંધ કહે છે. અનંતર સૂત્રસંબંધ આ પ્રમાણે - જેમ પાંચ ભૂત સ્કંધ આદિ વાદી મિથ્યાત્વથી હણાયેલ અંતર્ આત્માવાળા, અસદ્ આગ્રહમાં લીન, પરમાર્થ બોધરહિત થઈ વ્યાધિ, મૃત્યુ, જરાથી આકુળ સંસાર ચક્રવાલમાં ઉંચ-નીચ સ્થાનમાં જઈને અનંતવાર ગર્ભમાં જાય છે. તે જ પ્રમાણે અહીં પણ નિયતિવાદી અજ્ઞાની તથા જ્ઞાન ચતુર્વિધ કર્મ અપચયવાદીઓને પણ તે જ પ્રમાણે સંસાર ચક્રવાલનું ભ્રમણ તથા ગર્ભમાં જવાનું બતાવે છે.

પરંપર સૂત્રમાં તો બોધ પામે ઇત્યાદિ છે, તેની સાથે સંબંધ છે.

અહીં પણ એમ સમજવું કે નિયતિવાદીએ જે કહ્યું, તેને હે શિષ્યો ! તમે સમજો. આ પ્રમાણે વચ્ચેના સૂત્રોમાં પણ સંબંધ જોડવો.

હવે તે પ્રમાણે પૂર્વ અને પછીના સૂત્ર જે સંબંધે જોડાયેલા છે, તેનો અર્થ કહે છે - પુનઃ શબ્દ પૂર્વવાદીઓથી આ વાદીનું વિશેષપણું સૂચવે છે. કેટલાક નિયતિવાદી કહે છે કે - અવિવક્ષિત કર્મવાળા પણ અકર્મક થાય છે - x - 'ख्यात' શબ્દનો અર્થ યુક્તિથી ઉત્પન્ન કર્યો છે. તેના વડે પંચભૂત અને તે જીવ-તે શરીરવાદી મત દૂર કર્યો. યુક્તિ પૂર્વે પણ બતાવી છે અને હવે પછી પણ બતાવીશું કે - જુદા જુદા નારકાદિ ભવોના શરીરોમાં જીવોને ઉત્પન્ન થવાનું યુક્તિથી ઘટે છે. આમ કહી આત્માને અદ્વૈત માનનારનું પણ ખંડન કર્યું.

પૃથક્ ઉત્પન્ન તે કોણ છે ? સુખ-દુઃખ ભોગી પ્રાણીઓ. આમ કહી પંચસ્કંધ સિવાયના જીવનો અભાવ પ્રતિપાદક બૌદ્ધમતનો અપક્ષેપ કર્યો જણાય છે. તથા તે જીવો પોત-પોતાના શરીરમાં પૃથક્ રહીને સુખ-દુઃખને વેદે છે, એ વાતને અમે ગોપવી શકતા નથી. આ કથનથી અકતૃવાદીમતનું ખંડન કર્યું. કેમકે અકર્તા અવિકારી આત્મામાં સુખ-દુઃખ અનુભવ થતો નથી. તેને અમે ઉડાવતા નથી.

'लुप्पंति' આયુ પૂર્ણ થતાં એક સ્થાનથી બીજે સ્થાને જાય છે, ત્યાં નવો જન્મ લે છે, અમે તેનો નિષેધ કરતાં નથી. આ પ્રમાણે પંચભૂત અસ્તિત્વ આદિ વાદી મતનું ખંડન કરીને હવે તે નિયતિવાદીઓ શું માને છે ? તે હવેના બે શ્લોકમાં કહે છે—

● સૂત્ર-૨૯,૩૦ :-

***તે દુઃખ સ્વયંકૃત્ નથી કે અન્યકૃત્ નથી. સર્વે સુખ-દુઃખ સિદ્ધિ સંબંધી હોય કે સંસારી; તે નિયતિકૃત્ છે. જીવ ન તો સ્વયંકૃતને વેદે છે, ન અન્યકૃત્. તે નિયતિકૃત્ હોય છે તેમ કોઈ કહે છે.***

● વિવેચન :-

તે પ્રાણી જે સુખ-દુઃખને અનુભવે છે કે સ્થાનભ્રમણ કરે છે, તે આત્માએ પોતે કરેલું દુઃખ નથી, કારણમાં કાર્યના ઉપચારથી દુઃખ કારણને કહ્યું છે, તેના ઉપલક્ષણથી સુખાદિ પણ લેવું. તેથી કહે છે કે - જે આ સુખ-દુઃખ અનુભવ છે તે પુરુષકાર કારણજન્ય નથી. તથા કાળ, ઇશ્વર, સ્વભાવ, કર્માદિ વડે પણ ક્યાંથી હોય ?



જો એમ માનીએ કે પુરુષે કરેલ સુખ-દુઃખ તે અનુભવે તો સેવક, વણિક, ખેડૂત આદિના સમાન પુરુષાકાર છતાં ફળ પ્રાપ્તિમાં જુદાપણું છે તથા કોઈકને ફળ મળતું પણ નથી. વળી કોઈકને સેવાદિ વ્યાપારના અભાવે પણ વિશિષ્ટ ફળ પ્રાપ્તિ દેખાય છે. તેથી પુરુષ ઉધમથી કંઈ સિદ્ધ થતું નથી. તો શેનાથી મળે છે ? નિયતિથી જ મળે.

કાળ પણ કર્તા નથી. કેમકે તેના એકરૂપત્વથી જગતમાં ફળનું વૈચિત્ર્ય ન થાય. કારણ ભેદે જ કાર્યભેદ થાય, અભેદમાં ન થાય. તથા ઇશ્વર કર્તામાં પણ સુખદુઃખ ન થાય. કેમકે ઇશ્વર મૂર્ત છે કે અમૂર્ત ? જો મૂર્ત હોય તો સામાન્યપુરુષ માફક સર્વકર્તૃત્વ અભાવ હોય, જો તે અમૂર્ત હોય તો આકાશ માફક તેનું અક્રિયપણું છે. વળી તે રાગાદિવાળો હોય તો આપણાથી જુદો નથી, તેથી વિશ્વકર્તા નથી, જો વીતરાગ હોય તો તેણે કરેલ - x - જગત્નું વૈચિત્ર્ય યુક્તિયુક્ત નથી.

સ્વભાવ પણ સુખદુઃખનું કારણ નથી, કેમકે આ સ્વભાવ પુરુષથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન છે તો પુરુષાશ્રિત સુખદુઃખ કરવા સમર્થ નથી, કેમકે તેનાથી જુદો છે. જો અભિન્ન છે, તો સ્વભાવ તે જ પુરુષ છે. તેનું અકર્તાપણું પૂર્વે કહ્યું છે. વળી કર્મનું પણ સુખદુઃખમાં કર્તાપણું ઘટતું નથી. કેમકે કર્મ પુરુષથી ભિન્ન છે કે અભિન્ન ? જો અભિન્ન માનો તો પુરુષ તે જ કર્મ થતા ઉક્ત દોષ લાગે. જો ભિન્ન માનો તો કર્મ સચેતન કે અચેતન ? જો સચેતન માનો તો એક કાયમાં બે ચૈતન્ય થાય, જો અચેતન માનો તો તેમાં - x - સુખ દુઃખની ઉત્પત્તિ કેમ થાય ?

આ બધાં તર્કોનું જૈનાચાર્ય આગળ ખંડન કરશે.

તે જ પ્રમાણે મોક્ષ સંબંધી સુખ કે અસાતા ઉદયથી સાંસારિક દુઃખ અથવા આ સુખદુઃખ બંને જેમકે સ્ત્રીવિલાસમાં સુખ અને માર આદિમાં દુઃખ - x - x - ઇત્યાદિ સુખ-દુઃખ—

આ બંને સ્વયં પુરુષે કર્યા નથી કે કોઈ કાળ આદિએ કર્યા નથી. કે તેને ભોગવે. તો શાથી ભોગવે ? નિયતિવાદી પોતાનો અભિપ્રાય કહે છે કે - પ્રાણીઓ સમ્યક્ સ્વ પરિણામ ગતિ અર્થાત્ સંગતિ એટલે કે નિયતિથી જ ભોગવે છે. તેથી તે સાંગતિક કહેવાય. - x - x - આ નિયતિવાદીનો મત છે. તેઓ કહે છે કે - જે અર્થ નિયતિના બળથી પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે મનુષ્યને અવશ્ય શુભ કે અશુભ થાય. ભૂતોના કરેલા મોટા પ્રયત્નથી અભાવ્ય થતું નથી કે ભાવિનો નાશ નથી.

ઉપરોક્ત નિયતિવાદીના મતનો ઉત્તર જૈનાચાર્ય આપે છે—

● સૂત્ર-૩૧,૩૨ :-

***આ પ્રમાણે કહેનારા નિયતિવાદી અજ્ઞાની હોવા છતાં, પોતાને પંડિત માને છે, સુખ-દુઃખ નિયત અને અનિયત બંને પ્રકારે છે, તે આ બુદ્ધિહીન અજ્ઞાની જાણતા નથી. આ પ્રમાણે કેટલાંક પાર્શ્વસ્થ-નિયતિવાદી નિયતિને જ કર્તા બતાવવાની ધૃષ્ટતા કરે છે. તેઓ પારલૌકિક ક્રિયામાં પ્રવૃત્ત થવા છતાં પણ સ્વયંને દુઃખ મુક્ત કરી શકતા નથી.***

● વિવેચન :-

પૂર્વે કહેલાં નિયતિવાદના વચનો બોલનારા સત્-અસત્‌નો વિવેક ન જાણનાર અજ્ઞાની પોતાને પંડિત માનનારા બોલે છે કે સુખ-દુઃખ જે કંઈ છે, તે નિયતિનું કરેલું છે. એટલે જે થવાનું છે તે ઉદયમાં આવેલ છે. તથા અનિયત તે આત્મપુરુષાકાર, ઇશ્વરાદિ થકી મળેલ, તે બધું પણ નિયતિનું કરેલું જાણવું. આવું એકાંત માને છે, તેથી તેઓ સુખદુઃખના કારણોથી અજાણ છે, બુદ્ધિહીન છે.

જો કે [જૈન] આર્હત્ મતમાં કિંચિત્ સુખ-દુઃખાદિ નિયતિથી જ થાય છે, તેનું કારણ કર્મનો કોઈપણ અવસરે અવશ્ય થનાર ઉદયના સદ્‌ભાવથી નિયતિકૃત્ કહેવાય છે. તથા કિંચિત્ અનિયતિ કૃત્ તે પુરુષાર્થ, કાળ, ઇશ્વર, સ્વભાવ, કર્માદિનું કરેલું છે. તેમાં કંઈક અંશે સુખ-દુઃખનું પુરુષાકારથી સાધ્યપણું પણ સ્વીકારેલ છે. કારણ કે ક્રિયાથી ફળ થાય છે અને ક્રિયા તે પુરુષકાર સાધન છે.

તેથી કહ્યું છે કે - નસીબને વિચારી પોતાનો ઉધમ ન છોડવો. ઉધમ વિના તલમાંથી તેલ કેવી રીતે મળશે ?

વળી સમાન પુરુષ વ્યાપારમાં ફળનું વૈચિત્ર્ય પણ પુરુષકારના વૈચિત્ર્યથી થાય છે. સમાન પુરુષાકારમાં ફળનો અભાવ તે અદૃષ્ટકૃત્ જાણવું. તે અદૃષ્ટને પણ અમે કારણરૂપે જ માનેલ છે.

કાળ પણ કર્તા છે, કેમકે બકુલ, ચંપક આદિ વૃક્ષો રોપવા છતાં અમુક કાળે જ તેને ફુલ-ફળ થાય છે, સર્વદા નહીં. કાળના એકરૂપપણાથી જગત્‌નું વૈચિત્ર્યપણું ન ઘટે તેમ તમે કહો છો, તે દુષણ અમને લાગું ન પડે કેમકે અમે એકલા કાળને કર્તા માનતા નથી, પણ કર્મ સાથે લઈએ છીએ. તેથી જગત્ વૈચિત્ર્યનો દોષ નથી.

તથા ઇશ્વર પણ કર્તા છે, ઇશ્વર એટલે આત્મા, ઉત્પત્તિદ્વાર વડે સકલ જગત્‌માં વ્યાપવાથી તે ઇશ્વર છે. તેનું સુખ-દુઃખનું ઉત્પત્તિ કર્તૃત્વ સર્વવાદીઓના કહ્યા વિના જ સિદ્ધ છે. - x -

સ્વભાવનું પણ કંઈ અંશે કર્તાપણું છે જ. જેમકે - જીવનું ઉપયોગ લક્ષણ અને અસંખ્યેયપ્રદેશપણું, પુદ્‌ગલોનું મૂર્તત્વ, ધર્માસ્તિકાયનું ગતિ, અધર્માસ્તિકાયનું સ્થિતિ વગેરે સ્વભાવપણું છે. તમે આત્માનું વ્યતિરિક્ત, અવ્યતિરિક્તપણાનું દૂષણ કહ્યું તે પણ ખોટું છે, કેમકે સ્વભાવ આત્માથી અવ્યતિરિક્ત છે. આત્માનું કર્તાપણું અમે પૂર્વે સ્વીકાર્યું છે, તે પણ સ્વભાવથી જ છે.

તથા કર્મનું પણ કર્તાપણું છે. કેમકે તે કર્મ જીવપ્રદેશ સાથે એકમેકપણે રહેલું છે, તે કંઈક અંશે આત્માથી અભિન્ન છે, તેને વશ થઈ આત્મા નરકાદિ ચારે ગતિમાં ભ્રમણ કરી સુખ-દુઃખ અનુભવે છે. આ રીતે નિયતિ-અનિયતિનું કર્તૃત્વ યુક્તિથી જાણ્યા પછી નિયતિનું જ કર્તાપણું સ્વીકારનાર બુદ્ધિરહિત જ છે.

આ પ્રમાણે નિયતિવાદનું ખંડન કરી તે વાદીને થતાં દુઃખ બતાવે છે. - x - સર્વ વસ્તુમાં નિયત-અનિયત છતાં કેટલાંક વાદી - x - નિર્હેતુકપણે નિયતિવાદને માને છે. તે નિયતિવાદી - x - પાર્શ્વસ્થા અથવા પરલોક માટે થતી ક્રિયાથી દૂર છે.





અથવા નિયતિને જ માનવાથી તેમની પરલોક આશ્રી ક્રિયા વ્યર્થ છે અથવા પાશ એટલે કર્મબંધન, યુક્તિરહિત નિયતિવાદ પ્રરૂપણામાં સ્થિત તે પાશસ્થા છે. અન્ય પણ કાળ, ઇશ્વર આદિને માનનારા એકાંતવાદી પાર્શ્વસ્થા કે પાશસ્થા જાણવા.

પુનઃ નિયતિવાદીને આશ્રીને કહે છે - તેઓ પરલોકસાધક ક્રિયામાં પ્રવર્તે છે, તે તેમનું ધૃષ્ટપણું છે. કેમકે નિયતિવાદીને તો થવાનું હોય તે જ થાય છે પછી સંયમાદિ કષ્ટ ક્રિયા શા માટે કરવી ? અસમ્યક્ ક્રિયામાં પ્રવર્તવાથી તેઓ આત્માને દુઃખથી મૂકાવી શકતા નથી. નિયતિવાદનું ખંડન કર્યું, હવે અજ્ઞાનવાદીનું દૃષ્ટાંત—

● સૂત્ર-૩૩ થી ૩૬ :-

***જેવી રીતે ત્રાણહીન, ચંચળ મૃગ શંકાના અયોગ્ય સ્થાનમાં શંકા કરે છે અને શંકાયુક્ત સ્થાનમાં શંકા કરતા નથી...તેમ રક્ષિત સ્થાનમાં શંકિત અને પાશના સ્થાનમાં નિઃશંક, અજ્ઞાન અને ભયથી ઉદ્વિગ્ન થયેલ તે મૃગ પાશયુક્ત સ્થાનમાં ફસાય છે... તે સમયે તે મૃગ કદી તે બંધનને ઉલ્લંઘી જાય અથવા બંધનની નીચેથી નીકળી જાય તો તે બચી શકે છે, પણ તે મૂર્ખ મૃગ આ જાણતા નથી...તે અહિતાત્મા અને અહિતપ્રજ્ઞા મૃગો તે વિનાશ બંધનવાળા સ્થાને જઈ વિનાશને પ્રાપ્ત થાય છે.***

● વિવેચન-૩૩ થી ૩૬ :-

[૩૩] જેમ દોડતા મૃગો રક્ષણરહિત હોય અથવા પકડવાની જાળ વડે ભયભીત થયા હોય, તે ભયભ્રાંત લોચનવાળા, આકુળ અંતઃકરણવાળા, વિવેકશૂન્ય બની પાશરહિત એવા અશંકાના સ્થાનમાં શંકા કરી ત્યાં જતા નથી અને જ્યાં શંકા યોગ્ય એવા ફસાવવાના સ્થાનમાં શંકારહિત જઈ પાશાદિમાં ફસાઈ દુઃખ પામે છે.

[૩૪] અતિ મૂઢપણાથી અને બુદ્ધિરહિત બની તે મૃગ રક્ષણ આપનાર પ્રતિ શંકા લાવી, ભય પામી દૂર ભાગી જે પકડવાની જાળવાળા છે, તેમનામાં શંકારહિત બની અજ્ઞાન અને ભયથી તેમને વશ થાય છે. શંકનીય કે અશંકનીય તથા રક્ષણ દાતા કે પાશાદિ અનર્થયુક્તના સમ્યગ્ વિવેકથી અજ્ઞાન મૃગો શિકારી જાળના બંધનમાં ફસાઈ જાય છે. આ જ દૃષ્ટાંત નિયતિવાદાદિ એકાંત અજ્ઞાનવાદી માટે ઘટાવે છે. તે આ રીતે - રક્ષણ આપનાર એવા અનેકાંતવાદને છોડીને એકાંતવાદી બની સર્વદોષરહિત એવા જૈનદર્શન શંકનીય ન હોવા છતાં તેમાં શંકા કરીને પોતાના માનેલા એકાંતવાદમાં શંકા લાવતા નથી. એ રીતે તેઓ રક્ષણ સ્થાન અનેકાંતવાદને ત્યાગીને યુક્તિથી અસિદ્ધ, અનર્થબહુલ એવા એકાંતવાદને પકડવાથી મૃગની માફક કર્મબંધ સ્થાનોમાં ફસાય છે. જૈનાચાર્યો આગળ કહે છે—

[૩૫] હવે તે પાશ-જાળ બંધન પાસે આવેલ મૃગ ઉપર કુદે કે નીચેથી નીકળી જાય તો પણ તે વાગુરાદિ બંધનથી બચી જાય. કોઈ પદ पाशादि પાઠ કહે છે, ત્યાં आदि શબ્દથી વધ, તાડન, મારણથી પણ બચી જાય. પણ તે જડ-અજ્ઞાનમૃગ અનર્થરૂપ બંધનથી બચવાનો ઉપાય જોતો નથી.

- તે મૃગ કેવી અવસ્થા પામે ? તે કહે છે—

[૩૬] અહિત આત્મા અને અહિત પ્રજ્ઞાનવાળો તે મૃગ કુટપાશ યુક્ત પ્રદેશમાં આવે છે અથવા કૂટપાશાદિમાં પોતાને પાડે છે ત્યાં પડેલો તે બંધાઈને ઘણી દુઃખી અવસ્થાને પામે છે. બંધનમાં વિનાશ પામે છે.

આ દૃષ્ટાંત કહી સૂત્રકાર અજ્ઞાન વિપાક કહે છે.

● **સૂત્ર-૩૭ થી ૪૦ :-**

***આ પ્રમાણે કોઈ મિથ્યાદૃષ્ટિ, અનાર્ય શ્રમણ અશંકનીયમાં શંકા કરે છે અને શંકનીયમાં શંકા કરતા નથી...તે મૂઢ, વિવેકવિકલ, અજ્ઞાની ધર્મપ્રજ્ઞાપનામાં શંકા કરે છે, પણ આરંભ કાર્યોમાં શંકા કરતા નથી...સમસ્ત લોભ, માન, માયા, ક્રોધનો નાશ કરીને જીવકર્મરહિત થાય છે, પણ મૃગ સમાન અજ્ઞાની આ અર્થનો સ્વીકાર કરતા નથી...જે મિથ્યાદૃષ્ટિ અનાર્યો આ અર્થને નથી જાણતા તેઓ પાશ-બદ્ધ મૃગની માફક અનંતવાર નષ્ટ થશે.***

● **વિવેચન-૩૭ થી ૪૦ :-**

[૩૭] જેમ અજ્ઞાનથી આવૃત્ત મૃગો અનેક અનર્થને પામે છે, તેમ જ પાખંડને આશ્રિત કોઈ મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાનવાદી કે નિયતિવાદી તથા - x - અજ્ઞાનતાથી અસત્ અનુષ્ઠાન કરનારા અનાર્યો અશંકનીય એવા સુધર્મના અનુષ્ઠાનાદિમાં શંકા લાવે, તથા બહુ દુઃખ આપનારા એકાંત પક્ષને માને છે તે અશંકી મૃગોની માફક મૂઢ ચિત્તવાળા થઈ એવો આરંભ કરે છે જે અનર્થને માટે થાય છે.

હવે શંકનીય-અશંકનીયનો વિપર્યાસ બતાવે છે.

[૩૮] ક્ષાંતિ આદિ દશ લક્ષણયુક્ત ધર્મની જે પ્રજ્ઞાપના તેમાં આ અસત્ ધર્મપ્રરૂપણા છે તેવી શંકા લાવે અને જે પાપ ઉપાદાનરૂપ સમારંભ છે તેમાં શંકા ન લાવે. તે કેવા ? સહજ સત્ વિવેકરહિત અને સત્ શાસ્ત્રના બોધથી રહિત. આ અજ્ઞાનાવૃત્ત શું પ્રાપ્ત કરે ?

[૩૯] જેનો આત્મા સર્વાત્મક છે તે લોભ, વ્યુત્કર્ષ એટલે માન, નૂમ એટલે માયા, અપ્રીતિક તે ક્રોધ એ ચારે કષાયોને દૂર કરીને મોહનીય કર્મરહિત થઈ છેવટે બધાં કર્મ ત્યાગી અકર્માંશ બને છે. તે અકર્માંશ વિશિષ્ટ જ્ઞાનથી થાય છે, પણ અજ્ઞાનથી ન થાય તે જ કહે છે કે જાણ્યા વિના તે મૃગ જેવો અજ્ઞાની મોક્ષને તજે છે અથવા વિભક્તિ પરિણામથી મોક્ષાર્થ થકી ભ્રષ્ટ થાય છે - અજ્ઞાનવાદીના દોષ—

[૪૦] જે અજ્ઞાન પક્ષનો આશ્રય કરીને કર્મક્ષયનો ઉપાય જાણતા નથી પણ પોતાના અસત્ આગ્રહગ્રસ્ત થઈ મિથ્યાદૃષ્ટિ અનાર્યો એવા તે મૃગ માફક પાશમાં બંધાઈ વિનાશ પામે છે. અનંતવાર જન્મ-મરણના દુઃખ પામે છે. અજ્ઞાનવાદ પૂર્ણ થયો.

પોતાના વચનથી બંધાયેલા વાદીઓ ન ચળે-તેનો મત કહે છે—

● **સૂત્ર-૪૧ :-**

***કેટલાંક બ્રાહ્મણ તથા પરિવ્રાજક-શ્રમણ પોતાના જ્ઞાનને સત્ય કહે છે. [તેમના મતે] સંપૂર્ણ લોકમાં તેમના મતથી ભિન્ન પ્રાણી છે, તે કંઈપણ જાણતા નથી.***



● **વિવેચન :-**

કેટલાંક બ્રાહ્મણ તથા પરિવ્રાજકો, તેઓ બધા પરસ્પર વિરોધ વડે રહેલ છે, તે પોત-પોતાનું બોલે છે. તેમના માનેલા જ્ઞાનરૂપ તત્વો પરસ્પર વિરોધ વડે સત્ય ન હોય, તેથી અજ્ઞાન જ સારું છે. જ્ઞાનની કલ્પના વડે શું વિશેષ છે ? તેથી બતાવે છે કે - બધાં લોકમાં જે પ્રાણી છે, તે કંઈપણ સમ્યક્ જાણતા નથી - જો કે તેઓમાં ગુરુ પરંપરાથી જ્ઞાન આવેલ છે, તો પણ છિન્નમૂલત્વથી તે સાચું થતું નથી તે કહે છે—

● **સૂત્ર-૪૨,૪૩ :-**

***જેમ કોઈ મ્લેચ્છ, અમ્લેચ્છની વાત કરે છે, પણ તેના હેતુને જાણતા નથી. માત્ર તે કથિતનું અનુકથન કરે છે...એ રીતે અજ્ઞાની પોતપોતાના જ્ઞાનને કહેવા છતાં પણ નિશ્ચયાર્થને નથી જાણતાં. તેઓ મ્લેચ્છોની માફક અબોધિક-અજ્ઞાની હોય છે.***

● **વિવેચન-૪૨,૪૩ :-**

[૪૨] જેમ આર્યભાષાથી અજાણ-મ્લેચ્છ, મ્લેચ્છ ભાષાને ન જાણતાં આર્યનું જે બોલેલું છે, તે બોલે છે પણ તેના સમ્યક્ અભિપ્રાયને નથી જાણતા કે કઈ અપેક્ષાએ તે કહેલ છે. તેના હેતુને ન જાણે, પણ કેવળ પરમાર્થ શૂન્ય બોલવાની નકલ કરે છે. તે રીતે—

[૪૩] જેમ મ્લેચ્છ અમ્લેચ્છના પરમાર્થને ન જાણે ફક્ત તેનું બોલેલું બોલે, તેમ અજ્ઞાની-સમ્યગ્જ્ઞાન રહિત શ્રમણ બ્રાહ્મણો બોલવા છતાં પોત-પોતાના જ્ઞાનને પ્રમાણપણે પરસ્પર વિરુદ્ધ અર્થ બોલવાથી નિશ્ચયાર્થને જાણતા નથી. તેથી પોતાના તીર્થંકરને સર્વજ્ઞપણે જાણીને તેમના ઉપદેશ વડે ક્રિયામાં પ્રવર્તે પણ સર્વજ્ઞની વિવક્ષા અર્વાક્ દર્શનવાળાથી ગ્રહણ કરવી શક્ય નથી. તેથી કહ્યું છે કે—

આ સર્વજ્ઞ છે તે - x - x - જ્ઞેય પદાર્થોના વિજ્ઞાનથીરહિત એવા પુરુષો કઈ રીતે જાણે ? એ પ્રમાણે - x - x - નિશ્ચય અર્થને ન જાણનારા મ્લેચ્છની માફક બીજાનું બોલેલું બોલે છે, પણ તેઓ બોધરહિત છે. તેથી અજ્ઞાન જ શ્રેય છે. આ પ્રમાણે જેમ જેમ જ્ઞાનની પ્રાપ્તિ થાય તેમ તેમ વધુ-વધુ દોષ સંભવે છે. તેથી કહે છે—

જેમ જાણીને કોઈ બીજાના માથાને પગ અડાડે તો તે મહા અપરાધ છે, પણ ભૂલથી પગ અડે તો અપરાધ નથી. એ પ્રમાણે અજ્ઞાન જ મુખ્ય છે, જ્ઞાન નહીં. - હવે અજ્ઞાનવાદીના દૂષણ કહે છે—

● **સૂત્ર-૪૪ થી ૪૬ :-**

***અજ્ઞાનિકોની મીમાંસા અજ્ઞાનમાં નિશ્ચય કરાવી શકતી નથી. તે પોતાને શિક્ષા દેવા સમર્થ નથી, તો બીજાને શિક્ષા કઈ રીતે આપી શકે ?***

***વનમાં કોઈ દિશામૂઢ મનુષ્ય, દિશામૂઢ નેતાને અનુસરે તો તે બંને રસ્તો નહીં જાણવાથી અસહ્ય શોકને પામે છે... જેમ અંધ બીજા અંધને માર્ગે દોરે તો માર્ગથી દૂર કે ઉત્પથમાં લઈ જશે અથવા અન્યત્ર જશે.***

● વિવેચન :-

જેનામાં જ્ઞાન નથી તે અજ્ઞાની. - x - અજ્ઞાનીઓમાં અજ્ઞાન જ શ્રેય છે એવું બોલનારા તે વાદીનો આ વિચાર કે મિમાંસા - x - અજ્ઞાન વિષયમાં અવતરતી નથી, યોજાતી નથી. આવી મિમાંસા સત્ય છે કે અસત્ય ? "જેમ અજ્ઞાન જ શ્રેય છે, જેમ જેમ જ્ઞાનાતિશય તેમ તેમ દોષનો અતિરેક" એવી જેની મિમાંસા છે તેઓ બોધ પામતા નથી. કેમકે આવી વિચારણા તે જ્ઞાનરૂપ છે વળી તે અજ્ઞાનવાદી પોતાના પ્રધાન અજ્ઞાનવાદને બીજાને બતાવવા સમર્થ નથી. કેમકે પોતે અજ્ઞાનનો પક્ષ લીધો છે, પોતે અજ્ઞાન હોય તો બીજાને જ્ઞાનમાર્ગ કઈ રીતે બતાવે ?

વળી તમે છિન્નમૂલત્વ તથા મ્લેચ્છ અનુભાષણ આદિ દૃષ્ટાંતો આપો છો તે પણ નકામા છે. કેમકે અનુભાષણ પણ જ્ઞાન વિના ન થાય. વળી પારકાની ચિત્તવૃત્તિ સમજવી દુર્લભ હોવાથી અજ્ઞાન જ શ્રેય છે, તે બોલવું પણ ખોટું છે કેમકે તમે અજ્ઞાનને જ શ્રેય માનીને પરનો ઉપદેશ આપો ત્યારે પરના જ્ઞાનને સ્વીકારો જ છો. - x - x - આ રીતે અજ્ઞાની આત્માને અને પરને બોધ આપવા સમર્થ નથી.

વનમાં જેમ કોઈ મૂઢ પ્રાણી દિશા ભૂલી જાય, તે બીજા એવા જ મૂઢ નેતાને અનુસરે ત્યારે બંને સમ્યગ્ જ્ઞાનમાં નિપુણ ન હોવાથી નિશ્ચયથી અસહ્ય ગહન શોકમાં ડૂબે છે. કેમકે બંને અજ્ઞાની છે. આ પ્રમાણે તે અજ્ઞાનવાદી પોતાનાં માર્ગને સારો અને પર મતને ખરાબ માનીને પોતે મૂઢ હોવા છતાં બીજાને પણ ફસાવે છે.

જેમ અંધ પોતે બીજા અંધને રસ્તે લઈ જતાં બીજે રસ્તે ચડી જાય, અવળે રસ્તે દોરે અથવા ઉત્પથે ચડી જાય પણ યોગ્ય સ્થાન ન પામે.

● સૂત્ર-૪૭,૪૮ :-

***આ પ્રમાણે કોઈ મોક્ષાર્થી કહે છે - અમે ધર્મારાધક છીએ, પણ તેઓ અધર્મનું જ આચરણ કરે છે. તેઓ સરળ માર્ગે ચાલતા નથી...કોઈ કોઈ વિતર્કોને લીધે જ્ઞાનવાદીની સેવના કરતા નથી, તેઓ પોતાના વિતર્કોને લઈને "અજ્ઞાનવાદ જ સરળ માર્ગ છે" તેવું માને છે.***

● વિવેચન :-

એ પ્રમાણે ભાવમૂઢ-ભાવ અંધ આજીવિક મતવાળા વગેરે મોક્ષ કે સદ્ધર્મના અર્થી પોતે સારા ધર્મના આરાધક થવા દીક્ષા લેવા છતાં પૃથ્વી, પાણી, વનસ્પતિ આદિ કાયોનું ઉપમર્દન કરી પચન-પાચનાદિ ક્રિયામાં પ્રવૃત્ત થઈ પોતે તેવા અનુષ્ઠાન કરે છે અને બીજાને પણ ઉપદેશ આપે છે. જેનાથી મોક્ષ પ્રાપ્તિથી ભ્રષ્ટ થાય છે. અથવા મોક્ષનો અભાવ તો દૂર રહ્યો પણ આરંભ કરીને પાપ ઉપાર્જન કરે છે. - x - તેઓને બીજા અનર્થો સંભવે છે. - x - આ પ્રમાણે અસત્ અનુષ્ઠાનથી આજીવિકાદિ ગોશાલક મતાનુસાર અજ્ઞાનવાદમાં પ્રવૃત્ત તેઓ સર્વ પ્રકારે વિવક્ષિત મોક્ષ ગમનમાં ઋજુ એટલે સરળ માર્ગ એવા સંયમ કે સદ્ધર્મને પામતા નથી અથવા સર્વઋજુક તે સત્ય, તેને તે અજ્ઞાનથી અંધ જ્ઞાનના વિરોધી ન બતાવે.

આ અજ્ઞાનવાદીના ૬૭ ભેદો કહે છે - જીવ, અજીવ આદિ નવ તત્ત્વો. સત્,



અસત્, સદસત, અવક્તવ્ય, સદવક્તવ્ય, અસદવક્તવ્ય, સદસદવક્તવ્ય તે સાત ભેદો વડે નવતત્ત્વને જાણવાને શક્ય નથી અને જાણવાથી કંઈ લાભ નથી - તે આ પ્રમાણે ભાવવા-જીવ છે એ કોણ જાણે છે ? તે જાણવાથી શું લાભ ? જીવનથી એ કોણ જાણે છે ? તે જાણવાથી શો લાભ ? એ પ્રમાણે અજીવાદીમાં પણ લેવું. ઇત્યાદિ પૂર્વના ૬૩ ભેદમાં પાછલા ચાર ઉમેરવાથી ૬૭ ભેદ થાય છે.

તે ચાર ભાવ આ પ્રમાણે - વિદ્યમાન ભાવની ઉત્પત્તિ કોણ જાણે છે ? તે જાણવાથી શું લાભ ? એ પ્રમાણે અસતી સદ્‌સત્ય વક્તવ્યા ભાવોની ઉત્પત્તિને કોણ જાણે છે ? અથવા તે જાણવાથી શું લાભ છે ? તેમાં "જીવ છે તેમ કોણ જાણે છે ?" એનો પરમાર્થ આ છે - કોઈને એવું વિશિષ્ટ જ્ઞાન નથી કે જે અતીન્દ્રિય જીવાદિ પદાર્થોને સાક્ષાત્ જાણે - x - x - ઇત્યાદિ. તેથી અજ્ઞાન જ શ્રેષ્ઠ છે. [એમ તેઓ કહે છે.]

આ પ્રમાણે પૂર્વોક્ત અજ્ઞાનવાદીઓ વિતર્કો વડે પોતાની માનેલી અસત્ કલ્પના વડે અન્ય આર્હત્ આદિ જ્ઞાનવાદીઓને માનતા નથી અને પોતાના મંતવ્યમાં લીન બનીને અમે જ તત્ત્વજ્ઞાની છીએ બીજા કોઈ નથી, એ રીતે બીજાને માનતા નથી તથા પોતાના વિતર્કોથી અમારો અજ્ઞાનમાર્ગ જ શ્રેષ્ઠ છે, નિર્દોષ હોવાથી સ્પષ્ટ છે, બીજા દ્વારા ખંડન ન થાય તેવો છે, ગુણકારક છે એવા વચનો બોલે છે. કેમકે તેઓ દુર્મતિવાળા છે - હવે જ્ઞાનવાદી આ અજ્ઞાનવાદના અનર્થો કહે છે—

● સૂત્ર-૪૯ :-

***આ પ્રમાણે તર્ક દ્વારા સ્વ મતને મોક્ષપ્રદ સિદ્ધ કરતા ધર્મ, અધર્મને ન જાણનાર અજ્ઞાનવાદી પીંજરાના પક્ષી માફક દુઃખને નિવારી શકતા નથી.***

● વિવેચન :-

એ પ્રમાણે પોતાના વિકલ્પો વડે ક્ષાંતિ આદિ ધર્મ અને જીવના ઉપમર્દનરૂપ પાપને જાણવામાં અનિપુણ દુઃખ અથવા દુઃખના હેતુરૂપ મિથ્યાત્વાદિ વડે બંધાતું કર્મ તોડવા અસમર્થ છે. અહીં દૃષ્ટાંત કહે છે. જેમ પાંજરામાં રહેલ પક્ષી પાંજરુ તોડવામાં - પાંજરાના બંધનથી પોતાને મુક્ત કરવામાં સમર્થ નથી, તેમ અજ્ઞાનવાદી પણ સંસારરૂપી પાંજરામાંથી પોતાને મુક્ત કરવા સમર્થ નથી.

હવે સામાન્યથી એકાંતવાદી મતના દૂષણો કહે છે—

● સૂત્ર-૫૦ :-

***પોત-પોતાના મતની પ્રશંસા અને બીજાના વચનોની નિંદા કરતાં જે અન્યતીર્થિકો પોતાનું પાંડિત્ય દેખાડે છે, તે સંસારે જ ભમે છે.***

● વિવેચન :-

પોત-પોતાના દર્શન-મતને પ્રશંસતા કે સમર્થન કરતા તથા પરમતને નિંદતા સાંખ્યમતવાળા બધાંનો પ્રગટ કે છુપો ભાવ કહે છે, તે ક્ષણિક વાદ તથા નિરન્વય વિનશ્વર માનનાર બૌદ્ધ મતનું ખંડન કરે છે. બૌદ્ધો પણ સાંખ્યવાદીની - x - નિત્યતામાં દોષ કાઢે છે. એ પ્રમાણે બીજા વાદી પણ કરે છે. એ રીતે એકાંતવાદીઓ

પોતાના મતની પ્રશંસા અને બીજાના મતની નિંદા કરતા પોતે વિદ્વાન્ હોય તેમ વિચરે છે. અથવા સ્વશાસ્ત્રમાં વિશિષ્ટ યુક્તિ બતાવે છે. તે આ પ્રમાણે બોલનારા ચાર ગતિરૂપ સંસારના ભ્રમણમાં અનેક પ્રકારે બદ્ધ થઈ સંસારમાં ભમે છે.

હવે "ચતુર્વિધ કર્મબંધ ભિક્ષુ ન કરે" તેમ બૌદ્ધના સંબંધમાં કહેવાયેલ વાતનું નિરાકરણ સૂત્રકાર કરે છે—

● સૂત્ર-૫૧ :-

***હવે બીજું દર્શન ક્રિયાવાદીનું છે. કર્મ ચિંતાથી રહિત તે દર્શન સંસારને વધારનારું છે.***

● વિવેચન :-

અજ્ઞાનવાદીનો મત કહ્યા પછી પૂર્વોક્ત ક્રિયાવાદી મત-ચૈત્ય કર્મ વગેરે પ્રધાન મોક્ષાંગ છે એવું જેમનું દર્શન છે તે ક્રિયાવાદી કેવા છે ? તે બતાવે છે - જ્ઞાનાવરણાદિ કર્મમાં ચિંતા તે કર્મચિંતાને મૂકી દીધેલા છે એટલે તેઓ અવિજ્ઞાનાદિથી ચાર પ્રકારે કર્મબંધ થાય છે તેવું ઇચ્છતા નથી, તેમના આ મતથી અસાતા ઉદયની પરંપરા વધે છે. કોઈ સ્થાને સંસાર વધે છે, એવો પાઠ છે, એટલે એકલી ક્રિયા માનનારને સંસાર વધે છે, ઉચ્છેદ થતો નથી.

હવે તે કર્મ ચિંતાથી જે રીતે નષ્ટ થયા તેને બતાવે છે—

● સૂત્ર-૫૨ :-

***જે પુરુષ જાણીને કાયા થકી કોઈને મારતો નથી, અજાણતા કાયાથી કોઈને હણે છે, તે અવ્યક્ત સાવધ કર્મનું સ્પર્શમાત્ર સંવેદન કરે છે.***

● વિવેચન :-

જે જાણીને મનથી પ્રાણીને હણે પણ કાયા વડે ન હણે તે અનાકુટ્ટી છે - જે છેદે તે આકુટ્ટી અને ન છેદે તે અનાકુટ્ટી - અર્થાત્ કોઈ ક્રોધાદી કારણે માત્ર મનથી પ્રાણીને હણે, પણ કાયાથી પ્રાણીના અવયવનું છેદન-ભેદન ન કરે, તો તેને પાપ ન લાગે, તે નવા કર્મો ન બાંધે તથા અજાણતા કાયાથી પ્રાણીને હણે ત્યાં મનો વ્યાપાર અભાવે કર્મબંધ નથી. આ શ્લોકાર્ધ વડે નિર્યુક્તિકારે જે કહ્યું છે તે મુજબ—

ચાર પ્રકારે કર્મ ઉપચય ન થાય એવું ભિક્ષુ સમય કહે છે - તેમાં પરિજ્ઞા ઉપચિત અને અવિજ્ઞ ઉપચિત એ બે ભેદ સાક્ષાત્ કહ્યા છે. બાકીના બે ભેદ ઇર્યાપથ અને સ્વપ્નાંતિક છે. તેમાં ઇર્યા-ગમન સંબંધી પથ તે ઇર્યાપથ, તેના સંબંધી કર્મ તે ઇર્યાપથકર્મ અર્થાત્ રસ્તે ચાલતા અજાણતા કોઈ પ્રાણી મરે તો તેથી કર્મબંધ ન થાય. તે રીતે સ્વપ્નમાં પણ કર્મબંધ ન થાય, જેમ સ્વપ્નામાં જમે તો પેટ ન ભરાય, તેમ સ્વપ્નમાં હણે તો કર્મનો ચય ન થાય. કેમકે [બૌદ્ધવાદી કહે છે કે-]

જો હણનાર જીવ હોય, હણતા તેને આ પ્રાણી છે એમ જ્ઞાન હોય, હું તેને મારું એ બુદ્ધિ હોય, પછી કાયાથી તેને મારે અને તે પ્રાણી મરે તો હિંસા કહેવાય અને તેથી કર્મનો સંચય થાય. - x -

આ પાંચ પદના ૩૨ ભેદો થયા, તેમાં પ્રથમ ભેદે હિંસક છે, બાકીના ૩૧-



ભેદમાં અહિંસક છે. તે આ પ્રમાણે — (૧) મરનાર પ્રાણી, (૨) મારનારને પ્રાણીનું જ્ઞાન, (૩) મારવાની બુદ્ધિ, (૪) કાયાથી પ્રવૃત્તિ અને (૫) પ્રાણોથી વિયોગ. એ પાંચ ભંગ પુરા હોય તો હિંસા જાણવી.

કોઈ પૂછે છે કે - શું એકાંતે પરિજ્ઞા ઉપચિતાદિથી કર્મબંધ ન થાય ?

જરા નામ માત્ર હિંસા થાય તે પાછલી અર્ધી ગાથા વડે કહે છે — કેવલ મનોવ્યાપારરૂપ પરિજ્ઞાથી કે કેવલ કાયક્રિયાથી અથવા અજાણતા ઇર્યાપથથી કે સ્વપ્નાંતિક એ ચાર પ્રકારે કર્મનો કંઈક સ્પર્શ થાય, તેનો સ્પર્શ માત્ર અનુભવ કરે, તેથી અધિક વિપાક ન થાય. ભીંત પર નાંખેલી મુટ્ઠીભર ધૂળની માફક તે કર્મ ખરી જાય, તેથી કર્મના ચયનો અભાવ જાણવો પણ અત્યંત અભાવ ન જાણવો.

આ પ્રમાણે અવ્યક્ત હોવાથી સ્પષ્ટ અનુભવનો અભાવ છે. તે અવ્યક્ત અવધ સાથે વર્તે છે, તે પરિજ્ઞા ઉપચિત કર્મ જાણવું.

તો કર્મનો ઉપચય કઈ રીતે થાય ? તે શંકા માટે વાદી કહે છે કે—

● સૂત્ર-૫૩,૫૪ :-

***કર્મબંધના ત્રણ કારણો છે, જેના વડે પાપકર્મનો ઉપચય થાય. (૧) સ્વયંકૃત્ પ્રયત્ન-આક્રમણ, (૨) પ્રેષ્ય-કરાવવું, (૩) મનથી અનુજ્ઞા.***

***આ ત્રણ આદાન છે, જેના વડે પાપકર્મ કરાય છે. પણ જ્યાં ભાવની વિશુદ્ધિ છે ત્યાં [કર્મબંધ ન થાય], મોક્ષ પ્રાપ્તિ થાય.***

● વિવેચન :-

જેના વડે પાપ થાય છે, તે ત્રણ કર્માદાન આ છે — (૧) અભિક્રમ્ય-સામે બાંધેલ પ્રાણીને તેને મારવાની બુદ્ધિથી જાતે પ્રાણીને હણે તે. (૨) નોકરને પ્રાણીઘાત માટે મોકલીને પ્રાણીને હણાવે, (૩) કોઈ હણતો હોય તેની મનથી અનુમોદના કરે. પરિજ્ઞા ઉપચિતથી આ ભેદ છે કે તેમાં માત્ર મનથી મારવાનું ચિંતવે છે, અહીં બીજો મારતો હોય તેનું મનથી અનુમોદન કરે છે. તેથી આ પ્રમાણે હિંસા કરે, કરાવે, અનુમોદે તેમાં પ્રાણીઘાત કરતા પ્રાણાતિપાતના ક્લિષ્ટ અધ્યવસાયથી કર્મનો ઉપચય થાય, પણ બીજે ન થાય તે બતાવે છે—

પૂર્વોક્ત ત્રણે કર્માદાન જે દુષ્ટ અધ્યવસાયથી થતાં પાપકર્મ બંધાય પણ જેમની વૃત્તિ હિંસા કરવા, કરાવવા, અનુમોદવાની ન હોય તથા રાગ દ્વેષ વિના વર્તે છતાં જીવહિંસા થાય. તો પણ કેવળ મનથી કે કાયાથી કે બંનેથી થાય તો પણ વિશુદ્ધ બુદ્ધિવાળાને કર્મબંધ ન થતા મોક્ષ પામે છે.

ભાવશુદ્ધિથી પ્રવર્તતાને કર્મબંધ થતો નથી તેનું દૃષ્ટાંત—

● સૂત્ર-૫૫ :-

***અસંયત પિતા આહારને માટે પુત્રની હિંસા કરે છે, પણ મેધાવી પુરુષ તેનો આહાર કરવા છતાં કર્મથી લિપ્ત થતો નથી.***

● વિવેચન :-

જેમ કોઈ મહાન્ કષ્ટમાં આવેલ પિતા તેમાંથી બચવા પુત્રને મારીને રાગ-

દ્વેષરહિત ખાવા છતાં તે સંયત છે [કર્મથી લેપાતો નથી] તેમ ગૃહસ્થ કે ભિક્ષુ શુદ્ધ આશયથી માંસ ખાવા છતાં પાપકર્મોથી લેપાતો નથી. જેમ પિતા પુત્રને રાગદ્વેષરહિત મારે તો કર્મબંધ ન થાય તેમ રાગદ્વેષરહિત મનથી પ્રાણિવધ થવા છતાં બીજાને કર્મબંધ ન થાય.

● **સૂત્ર-૫૬ થી ૫૯ :-**

*[અન્યતીર્થીનું ઉક્ત કથન ખોટું છે કેમકે]* ***જે મનથી રાગ-દ્વેષ કરે છે, તેનું મન શુદ્ધ નથી હોતું અને અશુદ્ધ મનવાળા સંવરમાં પ્રવૃત્તિ ન કરે.***

***પૂર્વોક્ત અન્ય દર્શનીઓ સુખભોગ અને મોટાઈમાં આસક્ત થઈ રહ્યા છે તથા પોતાના દર્શનને જ શરણરૂપ માની પાપકર્મને સેવે છે.***

***જેમ કોઈ જન્માંધ પુરુષ છિદ્રવાળી નૌકા પર આરૂઢ થઈને પાર જવા ઇચ્છે તો પણ તે વચ્ચે જ ડૂબી જાય છે...તેમ મિથ્યાદૃષ્ટિ, અનાર્ય શ્રમણ સંસાર પાર જવાને ઇચ્છે તો પણ તે સંસારમાં ભમે છે - તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

જે કંઈક નિમિત્તથી મનથી દ્વેષ કરે તે વધ પરિણતને શુદ્ધ ચિત્ત હોતું નથી, તેથી પૂર્વવાદી જે કહે છે કે માત્ર મનના દ્વેષથી કર્મબંધ ન થાય તે અસત્ય છે. મન અશુદ્ધ હોવાથી તે સંવૃત્તચારી નથી. વળી તેમણે જે કહ્યું છે કે કર્મબંધમાં મન પ્રધાન કારણ છે અને તેમણે જ મનરહિત કેવલ કાયાથી કર્મબંધ કહ્યો. પણ જેના છતાં-પણામાં સિદ્ધ થાય તે પ્રધાન કારણ હોવાથી તેના અભાવમાં સિદ્ધ ન થાય. - x - x - વળી તેઓ જ કહે છે કે ભાવશુદ્ધિથી નિર્વાણ થાય, તેનાથી મનનું એકલાનું જ પ્રધાનપણું સિદ્ધ થાય છે.

બીજે પણ કહ્યું છે કે - રાગ આદિ કલેશથી વાસિત મન છે, તે જ સંસાર છે, તેનાથી મુક્ત [આત્મા] તે ભવાંત કહેવાય છે. બીજા પણ કહે છે કે - "હે વૈભવી મન ! તને નમસ્કાર છે, કેમકે સમાન પુરુષપણામાં એકમાં તું શુભ અંશે, બીજામાં અશુભ અંશે તું પરિણમે છે. તારે લીધે કેટલાંક નરકમાં ગયા અને કેટલાંક - x - મોક્ષમાં ગયા. તેથી જૈનાચાર્ય કહે છે કે તમારા મતે જ ક્લિષ્ટ મન પ્રવૃત્તિ કર્મબંધને માટે થાય છે. વળી ઇર્યાપથમાં અનુપયોગ થતાં વ્યગ્ર ચિત્તથી કર્મબંધ થાય જ અને ઉપયોગપૂર્વક અપ્રમત્ત રહેતા કર્મબંધ ન થાય. તેથી જ કહ્યું છે કે–

ચાલવા માટે ઇર્યાસમિતિવાળો પગ ઉંચો કરે, તે સમયે પોતાના મોતે આવેલ કોઈ જીવ મરે, તો તે મુનિને તે નિમિત્તે સૂક્ષ્મ પણ કર્મબંધ થતો નથી તેમ સિદ્ધાંતમાં કહ્યું છે, કેમકે તે શુદ્ધ ભાવે ચાલનાર છે.

સ્વપ્ન સંબંધી પણ અશુદ્ધ ચિત્તવાળાને અલ્પ બંધ થાય છે એવું તમે અવ્યક્ત સાવદ્યથી સ્વીકાર્યુ છે, તે જ પ્રમાણે એકલા ક્લિષ્ટ મનથી કર્મબંધનો સદ્ભાવ હોવાથી તમે કહેલ પ્રાણી, પ્રાણીજ્ઞાન બધું રદ થાય છે. વળી તમે "પિતા-પુત્રને હણે" ઇત્યાદિ કહ્યું, તે પણ વણવિચાર્યુ જ છે. કેમકે "મારું" એવા ચિત્ત પરિણામ વિના કોઈ મારતું નથી, આવી ચિત્તની પરિણતિ છતાં અક્લિષ્ટતા કઈ રીતે માનો છો ?



ચિત્તકલેશથી અવશ્ય કર્મબંધ છે. તે આપણે બંનેને સંમત છે. વળી બીજાનું મારેલું માંસ - x - ખાતાં પણ અનુમોદન તો થાય જ છે, તેથી કર્મબંધ થવાનો છે. અન્યમતવાળા પણ આ વિષયમાં કહે છે કે - અનુમોદક, મારક, કહેનાર આદિ ઘાતક છે.

વળી કૃત, કારિત, અનુમોદિત રૂપ આદાન ત્રય છે તેમ તેમનું કહેવું જૈન મતના અંશના આસ્વાદરૂપ જ છે. આ રીતે કર્મ ચતુષ્ટયનું ઉપચય ન થાય, એવું કહેનારા વાદી કર્મ ચિંતાથી નષ્ટ થાય છે.

હવે તે ક્રિયાવાદીની અનર્થ પરંપરા બતાવે છે - "પૂર્વોક્ત ચારથી કર્મ ન બંધાય" એમ માનનારા વાદીઓ સુખશીલતામાં આસક્ત, જે મળે તે ખાનારા, અમારો મત સંસાર તરવામાં સમર્થ શરણ છે તેમ માનતા વિપરીત અનુષ્ઠાન કરી પાપ કરે છે. એ પ્રમાણે વ્રતોને ગ્રહણ કરવા છતાં તે સામાન્ય ગૃહસ્થ જેવા જ છે.

આ અર્થ બતાવનાર દૃષ્ટાંત કહે છે - છિદ્રવાળી નાવમાં બેસનાર અંધ પાર જવાને ઇચ્છે તો તે નાવના કાણામાંથી પાણી આવતા મધ્યે જ ડૂબી જાય છે અને મરણ પામે છે, હવે દૃષ્ટાંતનો અર્થ કહે છે–

જેમ અંધ કાણી નાવમાં બેસી પાર પામતો નથી, તેમ શાક્યાદિ શ્રમણો, મિથ્યાદૃષ્ટિઓ તથા માંસ ભોજન અનુમોદક અનાર્યો સ્વદર્શનના રાગથી મોક્ષે જવા ઇચ્છે તો પણ ચતુર્વિધ કર્મચયનો અભાવ સ્વીકારતા સંસારની ચાર ગતિમાં ભ્રમણ કરે છે. વારંવાર તેમાં જ જન્મ, જરાદિ કલેશ ભોગવતા અનંતકાળ રહેશે, પણ મોક્ષ નહીં પામે. તેમ હું કહું છું.

**અધ્યયન-૧ 'સમય'ના ઉદ્દેશા-૨નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૧ ઉદ્દેશો-૩ 卐

૦ બીજા ઉદ્દેશા પછી ત્રીજાનો આરંભ કરે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન અધિકાર જૈન સિદ્ધાંત અને પરમતની પ્રરૂપણા છે. પહેલા બે ઉદ્દેશામાં તે કર્યુ, અહીં પણ એ જ કરે છે અથવા પહેલા બે ઉદ્દેશામાં કુદૃષ્ટિઓ અને તેના દોષ બતાવ્યા, અહીં પણ તેમનો આચારદોષ બતાવે છે.

આ સંબંધે આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહે છે.

● **સૂત્ર-૬૦ થી ૬૩ :-**

***શ્રદ્ધાળુ ગૃહસ્થે આગંતુક મુનિને માટે બનાવેલ આહાર-આધાકર્મી આહાર-સાધુ હજાર ઘરના આંતરેથી લાવીને ખાય, તો તે ગૃહસ્થ અને સાધુ એ બંને પક્ષોનું સેવન કરે છે... તે એકોવિદ ભિક્ષુ આ વિષમતાને નથી જાણતા પાણીના પૂરમાં વિશાળ મત્સ્ય પણ તણાઈને કિનારે આવી જાય છે...પાણીના પ્રભાવથી કિનારે આવેલા તે પૂર ઓસરી જતાં માંસભક્ષી ઢંક-કંક પક્ષી દ્વારા દુઃખી થાય***

***છે... એ પ્રમાણે વર્તમાન સુખના ઇચ્છુક કેટલાંક શ્રમણો વિશાળકાય મત્સ્યની માફક અનંતવાર મૃત્યુને પ્રાપ્ત કરશે.***

● **વિવેચન-૬૦ થી ૬૩ :-**

આ સૂત્રનો પૂર્વ સૂત્ર સાથેનો સંબંધ આ પ્રમાણે - છેલ્લા સૂત્રમાં કહ્યું કે - ''એ પ્રમાણે કેટલાંક શ્રમણો'' વગેરે. તેનો અહીં સંબંધ છે - કેટલાંક શ્રમણો સાધુ માટે બનેલ આહાર કરી સંસાર ભ્રમણ કરે છે અને પહેલાં સૂત્રમાં કહ્યું ''બોધ પામે'' આદિ અર્થાત્ ''સાધુ માટે કરેલ...એમ સમજવું. - x - હવે સૂત્રાર્થ કહે છે - થોડો પણ બનાવેલ આહાર, આધાકર્માદિના દાણાથી પણ ઉપલિપ્ત હોય, તે પણ પોતે કરેલ નહીં પણ કોઈ ભક્તિવાન્ શ્રાવકે બીજા સાધુને આશ્રીને કરેલ હોય, તે પણ હજાર ઘર દૂર હોય તો પણ જે સાધુ ખાય તે ગૃહસ્થ અને સાધુ બંને પક્ષને સેવે છે. - x - આધાકર્માદિ આહારનો કોઈ અવયવ-કણ માત્ર સ્પૃષ્ટ હોય તેવો આહાર કરનાર પણ બંને પક્ષ સેવે છે તો પછી શાક્યાદિ પોતાના માટે જ બનાવેલ આહાર વાપરે તે તો પૂર્ણપણે બંને પક્ષનું સેવન કરનારા જ થાય છે.

અથવા બે પક્ષ એટલે ઈર્યાપથ અને સાંપરાયિક અથવા પૂર્વબદ્ધ અને નિકાચિતાદિ અવસ્થાવાળી કર્મપ્રકૃતિ બાંધે છે. આગમમાં કહ્યું છે કે - આધાકર્મ ખાનાર સાધુ કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? ગૌતમ ! આઠ. શિથિલ બંધનવાળીને ગાઢ બંધનવાળી કરે છે ઇત્યાદિ - x - અર્થાત્ આ શાક્યાદિ પરતીર્થિકો કે સ્વજૂથવાળા આધાકર્મી વાપરતા બે પક્ષોનું સેવન કરે છે. આ સુખેચ્છુ આધાકર્મભોજી શું દુઃખ ભોગવશે તે કહે છે—

તમેવ આધાકર્મ દોષને ન જાણનારાને આઠ પ્રકારના કર્મનો બંધ થાય, કરોડો ભવે પણ તે અકોવિદને મોક્ષ દુર્લભ છે અથવા ચતુર્ગતિ સંસાર ભ્રમણ થાય. આ કર્મબંધ કેમ થાય ? કેમ ન થાય ? કયા ઉપાયથી આ અકુશલો સંસાર સમુદ્ર તરે ? તે જ સંસારમાં કર્મથી દુઃખી થાય છે.

અહીં દૃષ્ટાંત આપે છે - જેમ વિશાળ સમુદ્રમાં ઉત્પન્ન અથવા વિશાળ નામક જાતિમાં ઉદ્ભવેલ તે વૈશાલિક અથવા મોટા માછલા-મોટા શરીરવાળા, તે એવા મહામત્સ્ય સમુદ્રમાં ભરતી આવતા પ્રબળ વેગને લીધે કિનારે આવી જાય છે - x - પુનઃ ઓટ આવતા શુષ્ક કિનારામાં પાણીના અભાવે - x - તરફડતા માંસ લોલુપી ઢંક, કંક પક્ષી કે બીજા માછી વગેરેથી જીવતાં જીવત મહા દુઃખ પામીને અશરણ બની વિનાશ પામે છે.

હવે દૃષ્ટાંત બતાવી સાધુને સમજાવે છે કે - પૂર્વોક્ત મત્સ્યની જેમ શાક્ય, પાશુપતાદિ શ્રમણો કે સ્વયૂથના કેવા છે ? તે બતાવે છે - વર્તમાન સુખ માટે આધાકર્મ ભોગવવાના આચારવાળા, સમુદ્રી કાગડા જેવા, ક્ષણિક સુખમાં આસક્ત ચિત્તથી અનાલોચિત આધાકર્મોપભોગ જનિત તીવ્ર દુઃખ અનુભવતા વૈશાલિકમત્સ્ય માફક વિનાશ પામે છે, વારંવાર સંસાર સાગરમાં ડૂબતાં તેઓ સંસારસમુદ્રથી પારગામી થતા નથી.



હવે અપર આજ્ઞા અભિમતને બતાવવા માટે કહે છે—

● **સૂત્ર-૬૪ થી ૬૬ :-**

***આ એક બીજું અજ્ઞાન છે - કોઈ કહે છે આ લોક દેવતાએ બનાવેલ છે, કોઈ કહે છે. આ લોક બ્રહ્માએ બનાવેલ છે...કોઈ કહે છે કે - જીવ અને અજીવથી યુક્ત, સુખ-દુઃખથી યુક્ત આ લોક ઈશ્વરે બનાવેલ છે, કોઈ કહે છે - આ લોક પ્રધાનકૃત્ છે...મહર્ષિ કહે છે - આ લોક સ્વયંકૃત્ છે તેણે માયા વિસ્તારી છે, તેથી લોક અશાશ્વત છે.***

● **વિવેચન-૬૪ થી ૬૬ :-**

અજ્ઞાન એટલે મોહનો ઉછાળો. આ લોકમાં કેટલાક કહે છે કે-ખેડૂત જેમ દાણો વાવે તેમ દેવે [ઈશ્વરે] આ લોક ઉત્પન્ન કર્યો છે. અથવા દેવે રક્ષણ કર્યું છે અથવા દેવના પુત્રરૂપ આ લોક છે, એવું અજ્ઞાન ફેલાયું છે તથા કોઈ કહે છે આ લોક બ્રહ્માએ રચેલો છે. તેઓ કહે છે બ્રહ્મા જગત્‌ના પિતામહ છે, તે એક જ પહેલા જગત્‌માં હતા. તેણે પ્રજાપતિને સર્જ્યા અને પ્રજાપતિએ આખું જગત રચ્યું.

તથા ઈશ્વરવાદી કહે છે - આ લોક ઈશ્વરે બનાવ્યો છે. પ્રમાણથી સિદ્ધ કરતા કહે છે - આ સર્વ જગત્ બુદ્ધિમાને કરેલું છે. શરીરરૂપી ઘડો કરવાનું ધર્મીપણે ઉપાદાન કરાય, તે બુદ્ધિમાનનું કરેલું તેવું કારણપૂર્વક દરેક વસ્તુમાં ધર્મ સાધ્ય છે, સંસ્થાન વિશેષપણું તેમાં હેતુ છે જેમ ઘડા આદિમાં નવા-નવા આકારો છે, તેમ શરીરાદિમાં પણ છે. - x - x - એ રીતે બુદ્ધિમાને કરેલ આ જગત્ છે, આવો કર્તા કોઈ સામાન્ય પુરુષ ન હોય, માટે ઈશ્વરે જ આ જગત્‌ને બનાવેલું છે. - x - x -

બીજા કહે છે - આ લોક પ્રધાનાદિકૃત્ છે, સત્વ-રજ-તમસ્‌ની સામ્ય અવસ્થા પ્રકૃતિ છે, તે પુરુષાર્થ સાથે પ્રવર્તે છે. આદિ શબ્દથી પ્રકૃતિથી પ્રકૃતિ મહાન્ છે, તેનાથી અહંકાર, તેનાથી ૧૬-ગણ, તેનાથી પાંચભૂત એ પ્રમાણે પ્રક્રિયાથી સૃષ્ટિ થાય છે અથવા આદિ ગ્રહણથી સ્વભાવાદિ ગ્રહણ કરાય છે - અર્થાત્ જેમ કાંટાને અણી છે તેમ સ્વભાવથી જ લોક થયો છે. વળી કોઈ આ લોકને નિયતીકૃત્ માને છે. જેમ મોરના પીંછા ચિત્રિત હોય છે એમ જીવ-ઉપયોગ લક્ષણ, અજીવમાં ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલાદિથી યુક્ત સમુદ્ર આદિ છે. વળી સુખ-દુઃખયુક્ત આ લોક છે.

વળી કોઈ કહે છે - સ્વયંભૂ અર્થાત્ આપમેળે ઉત્પન્ન વિષ્ણુ કે અન્ય કોઈ તે એકલા હતા. રમતા-રમતા તેને જોડીઆની ઈચ્છા થઈ. તેમ વિચારતા બીજી શક્તિ ઉત્પન્ન થઈ, તેનાથી સૃષ્ટિ રચાઈ એમ મહર્ષિ કહે છે. એમ બોલનાર લોકનો કર્તા સ્વયંભૂ બતાવે છે. તેણે લોકને રચ્યા પછી ઘણાં ભારના ભયથી 'યમ' નામે મારક સર્જ્યો. તેણે માયા સાધી, તે માયા વડે લોકો મરે છે, પરમાર્થથી જીવના ઉપયોગ લક્ષણની વ્યાપત્તિ નથી, એથી એ માયા છે. જેમ આ મર્યો તેમ લોક અનિત્ય-વિનાશી છે.

● **સૂત્ર-૬૭ :-**

***કોઈ બ્રાહ્મણ અને શ્રમણ કહે છે જગત્ ઇંડામાંથી બન્યું છે, તેનાથી જ***

*તત્ત્વોની રચના થઈ છે, તે અજ્ઞાનીઓ મૃષા બોલે છે.*

● વિવેચન-૬૭ :-

બ્રાહ્મણ-ધિગ્જાતિ, શ્રમણ-ત્રિદંડી આદિ. કેટલાક પૌરાણિકો એમ કહે છે કે - આ ચર, અચર જગત્ ઇંડાથી થયેલ છે. તેઓ કહે છે - પહેલા કંઈ ન હતું. આ સંસાર પદાર્થશૂન્ય હતો. ત્યારે બ્રહ્માએ પાણીમાં ઇંડાને ઉત્પન્ન કર્યું, વૃદ્ધિ થતાં ઇંડાના બે ફાડચાં થયાં – ૧. ઉર્ધ્વભાગ, ૨. અધોભાગ. તેની મધ્યે સર્વ પ્રકૃતિ થઈ. એ પ્રમાણે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ આદિ ઉત્પન્ન થયા. કહે છે કે - પહેલાં બધું અંધકારમય, અજ્ઞાત્ લક્ષણ હતું. ન જાણી-વિચારી શકાય તેમ બધી તરફ સુપ્તવત્ હતું. આવા જગત્માં બ્રહ્મા હતો, ઇંડાના ક્રમથી પદાર્થો થયા. તે બ્રાહ્મણાદિ પરમાર્થને જાણતા ન હોવાથી જૂઠું બોલે છે - તત્ત્વ વિરુદ્ધ બોલે છે.

હવે જૈનાચાર્ય કહે છે—

● સૂત્ર-૬૮ :-

*''લોક સ્વપર્યાયથી બનેલો છે'' તેમ તે વાદીઓ કહે છે તેઓ તત્વને જાણતા નથી. આ લોક કદી વિનાશી નથી.*

● વિવેચન-૬૮ :-

પોતાના પર્યાય-અભિપ્રાય કે યુક્તિ વિશેષથી આ લોક બન્યો છે, એમ તે વાદીઓ કહે છે. દેવ-બ્રહ્મા-ઈશ્વર-પ્રધાનાદિથી નિષ્પાદિત કે સ્વયંભૂ રચિત આદિ આ લોક છે. એ રીતે પોતાનું કહેવું જ સત્ય છે, બીજું જૂઠું છે, તેમ કહેનારા તે સર્વે યથાવસ્થિત લોક સ્વભાવને જાણતા નથી. જૈનદર્શન મુજબ આ લોક દ્રવ્યાર્થથી વિનાશી નથી, પૂર્વે ન હતો તેવું નથી કે કોઈએ બનાવ્યો પણ નથી. આ લોક હતો, છે અને રહેશે.

આ લોક દેવે વાવ્યો છે, તેમ કહેવું તદ્દન ખોટું છે, કેમકે તેવું કોઈ પ્રમાણ નથી. અપ્રમાણ વચનથી વિદ્વાનો ખુશ ન થાય, તેમને પૂછીએ કે દેવ ઉત્પન્ન થઈને લોક બનાવે કે ઉત્પન્ન થયા વિના ? ઉત્પન્ન થયા વિના ''ખર વિષાણ'' માફક બની ન શકે. ઉત્પન્ન થઈને બનાવે તો જાતે ઉપન્યો કે બીજા વડે ? જો સ્વયં ઉત્પન્ન થયો તો લોક પણ સ્વયં કેમ ઉત્પન્ન ન થાય ? જો લોકને રચવા બીજા વડે ઉત્પન્ન થયો તો તે પ્રમાણે અન્ય અન્ય કરતાં અનવસ્થા દોષ લાગે. જો દેવને અનાદિ માનો તો લોકને પણ અનાદિ માનવામાં શો દોષ છે ? વળી તે અનાદિ છે તો નિત્ય છે કે અનિત્ય ?

જો નિત્ય હોય તો - x - કર્તાપણું સિદ્ધ ન થાય. જો અનિત્ય હોય તો ઉત્પન્ન થઈ મૃત્યુ પામે, જે પોતાનું રક્ષણ ન કરે તેમાં બીજાનું કરવાપણું કઈ રીતે વિચારી શકાય ? વળી તે અમૂર્ત છે કે મૂર્ત ? જો અમૂર્ત હોય તો આકાશ માફક અકર્તા છે, જો મૂર્ત હોય તો - x - તેનું અકતૃત્વ સિદ્ધ છે.

દેવગુપ્ત, દેવપુત્ર પક્ષ અયુક્તિવાળા હોઈ સાંભળવા યોગ્ય જ નથી. એ રીતે બ્રહ્માએ બનાવ્યો એ પક્ષમાં પણ દૂષણ જાણી લેવું. હવે શરીરરૂપ ભવનનું કરવું ગેરે



- x - વિશિષ્ટ બુદ્ધિવાળાનું કામ છે ઇત્યાદિ બોલવું પણ અયુક્ત છે, કેમકે તેમાં વિશિષ્ટ કારણપૂર્વકપણે વ્યાપ્તિની અસિદ્ધિ છે કેમકે કાર્ય વિશેષ ઉપલબ્ધિ કારણ વિશેષથી છે - x - x - પણ અતિ અદૃષ્ટ પદાર્થમાં તેની પ્રતિતી ન થાય. અહીં વાદી કહે છે કે અમે તેથી જ ઘટ પૂર્વે કરેલો છે તેમ કહીએ છીએ, જૈનાચાર્ય કહે છે કે તેમાં ઘટનું કાર્ય વિશેષપણું સ્વીકારીએ તો પણ નદી, પર્વત આદિમાં કારણરૂપ ન ઘટી શકે ઇત્યાદિ - x - x - વળી માટીનો જેમ ઘડો છે તેમ માટીનો રાફડો છે, તેને જોઈને એમ ન કહેવાય કે તે કુંભારે બનાવ્યો છે. પણ તમે તે સ્વીકારતા નથી, તેથી પર્વતાદિનો કર્તા ઈશ્વર ન મનાય.

વળી વાદી કહે છે કે ઘટ આદિના સંસ્થાન વિશેષપણા માફક પર્વત આદિમાં પણ વિશિષ્ટ સંસ્થાન દેખવાથી અમે તેને કારણપૂર્વક કહ્યું.

જૈનાચાર્ય કહે છે - તે અયુક્ત છે. - x - x - ઘટાદિ સંસ્થાનનો કર્તા કુંભાર દેખાય છે, ઈશ્વર નહીં. જો ઈશ્વર કરે છે એમ માનો તો કુંભારે શું કર્યુ ? - x - આ રીતે દેખાતા કુંભારને બદલે ન દેખાતા ઈશ્વરની ખોટી કલ્પના થાય. - x - આ રીતે અદૃષ્ટની કલ્પના અયુક્ત છે. વળી જો દેવકુલાદિનો કર્તા અવ્યાપી, અનિત્ય દેખેલો છે, તે દૃષ્ટાંતથી ઈશ્વર સાધીએ તો ઈશ્વર પણ તેવો થઈ જાય, અન્યથા ધારીએ તો દૃષ્ટાંતના અભાવે વ્યાપ્તિ સિદ્ધ ન થતાં અનુમાન ન થાય. - x - x -

વળી પ્રધાનાદિથી કરાયેલ આ લોક છે, તે પણ અસંગત છે, તે પ્રધાન મૂર્ત છે કે અમૂર્ત ? જો અમૂર્ત હોય તો સમુદ્રાદિ મૂર્ત પદાર્થનો ઉદ્ભવ ન ઘટી શકે - x - x - જો મૂર્ત છે તો ક્યાંથી ઉત્પન્ન થયું ? જો આપમેળે ઉત્પન્ન થયું માનો તો લોક પણ આપમેળે ઉત્પન્ન થયો કેમ ન માનો ? ઇત્યાદિ. જો અનાદિ માનો તો લોકને અનાદિ કેમ નથી માનતા ? - x - x - પ્રધાનથી મહદ્ આદિની ઉત્પત્તિ ન સંભવે, અચેતન પ્રકૃતિની પ્રવૃત્તિ પુરુષાર્થ તરફ કઈ રીતે હોય ? - x - જો પ્રકૃતિનો આ સ્વભાવ માનો તો 'સ્વભાવ' બળવાન્ થયો, તો લોક પણ સ્વભાવથી બનેલો માનો. અદૃષ્ટ પ્રધાનની કલ્પના શા માટે કરવી ?

આદિના ગ્રહણથી કેટલાંક 'સ્વભાવ'નું કારણપણું ઇચ્છે છે, તો તેનાથી અમારા મતનું ખંડન થતું નથી. જેમકે સ્વનો ભાવ-સ્વભાવ સ્વકીય ઉત્પત્તિ, તે અમે પદાર્થોમાં ઇચ્છીએ છીએ જ.

કોઈ નિયતિકૃત્ લોક કહે છે. ''જે જેવું થવાનું હોય તે નિયતી.'' તેમ વિચારતા તે સ્વભાવથી જુદી નથી. જો તમે સ્વયંભૂએ આ લોક બનાવ્યો કહો, તો તે પણ અસુંદર જ છે. કેમકે સ્વયંભૂ એટલે તમે શું કહો છો ? જ્યારે તે થાય ત્યારે અન્યથી નિરપેક્ષ સ્વતંત્ર થાય છે ? જો અનાદિ કાળનો બનેલ સ્વયંભૂ માનો તો - x - લોકને અનાદિ માનવામાં શું વાંધો છો ? - x - સ્વયંભૂ અનાદિ છે, તો તેમાં નિત્યપણું છે, નિત્યનું એકરૂપપણું હોવાથી કર્તાપણું ન ઘટે. વળી તે વીતરાગ હોવાથી સંસારની વિચિત્રતા ન સંભવે. જો સરાગી માનો તો અમારા જેવો સહેલાઈથી વિશ્વનો અકર્તા થયો. ઇત્યાદિ - x - લોકના નાશ માટે યમ ઉત્પન્ન કર્યો, તેમ કહેવું

પ્રલાપમાત્ર છે.

ઇંડામાંથી લોક ઉત્પન્ન થયો તેમ કહેવું પણ અયોગ્ય છે, કેમકે જો પાણીમાંથી ઇંડુ ઉત્પન્ન થયું તો પાણી ઇંડા વિના ઉત્પન્ન થયું, એ રીતે લોક ઉત્પત્તિ પણ માનો તો શો વાંધો ? જો બ્રહ્મા ઇંડુ રચે તો લોક કેમ ન રચે ? આવી કષ્ટવાળી અયુક્તિથી ઇંડાની કલ્પના શા માટે કરવી ? જો એમ જ હોય તો કેટલાંક કહે છે - બ્રહ્માના મુખથી બ્રાહ્મણ ઉપજ્યા, ભુજામાંથી ક્ષત્રિય ઇત્યાદિ, એ પણ અયુક્તિ જ છે. કેમકે મુખાદિથી કોઈની ઉત્પત્તિ સંભવની નથી. કદાચ થાય તો પણ એકમાંથી ઉત્પન્ન થયેલમાં વર્ણોનો ભેદ ન સંભવે તથા બ્રાહ્મણોના પેટા ભેદો ન થાય, જનોઈનો સદ્‌ભાવ ન થાય, ભાઈ-બહેનને પરણે તેવું નક્કી થાય. આવી અસત્ કલ્પના ન માનવી.

જૈનદર્શન પ્રમાણે લોક-અનાદિ, અનંત, ઉર્ધ્વ-અધો ૧૪ રાજ પ્રમાણ, વૈશાખ સંસ્થાન-કેડે બે હાથ દઈ, પગ પહોળા કરી ઉભેલા પુરુષ જેવો, અધો મુખ મલ્લકાકાર સાત પૃથ્વીમય, થાળી આકારે અસંખ્ય દ્વીપસમુદ્રાત્મક મધ્યલોક, ઉપર-નીચે બે દાબડાના આકારે ઉર્ધ્વ લોક છે. તે ધર્માદિ દ્રવ્યાર્થથી નિત્ય અને પર્યાયથી ક્ષણક્ષયી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે સત્, અનાદિ જીવ-કર્મ સંબંધથી અનેક ભવપ્રપંચથી વિસ્તારવાળો અને આઠકર્મરહિત લોકાંત યુક્ત છે, પણ તત્ત્વથી અજાણવાદી જૂઠું બોલે છે - હવે તેમના અજ્ઞાનનું ફળ કહે છે—

● **સૂત્ર-૬૯ :-**

***અશુભ અનુષ્ઠાનથી દુઃખ ઉત્પન્ન થાય છે, તેમ જાણવું. જે દુઃખની ઉત્પત્તિ નથી જાણતા તે નિવારવાનો ઉપાય કઈ રીતે જાણે ?***

● **વિવેચન-૬૯ :-**

મનને અનુકૂળ તે મનોજ્ઞ-શોભન અનુષ્ઠાન. અમનોજ્ઞ-અસત્ અનુષ્ઠાન, જે દુઃખનો ઉત્પાદ છે તેને ન જાણતાં તેઓ ઈશ્વર આદિ ઉપર દુઃખની ઉત્પત્તિ મુકે છે. કહ્યું છે કે - સ્વકૃત્ અસત્ અનુષ્ઠાનથી જ દુઃખનો ઉદ્‌ભવ થાય છે, બીજાથી નહીં, છતાં ઉક્તવાદીઓ ઈશ્વરાદિથી દુઃખનું ઉત્પાદન બતાવે છે, તેઓ કઈ રીતે દુઃખ નિવારણનો હેતુ જાણે ? નિદાનના ઉચ્છેદ વિના નિદાનીનો ઉચ્છેદ ન થાય. તેઓ નિદાનને જ જાણતા નથી, તો દુઃખના ઉચ્છેદ માટે કઈ રીતે પ્રયત્ન કરે ? કરે તો પણ દુઃખ દૂર ન થાય પણ જન્મ-જરા-મરણરૂપ દુઃખદાયી સંસારમાં વારંવાર ભટકે છે.

હવે બીજી રીતે કૃતવાદીમતને બતાવે છે—

● **સૂત્ર-૭૦,૭૧ :-**

***કોઈ વાદી કહે છે - આત્મા શુદ્ધ અને પાપરહિત છે, પણ ક્રીડા અને પ્રદ્વેષને કારણે તે જ અપરાધ કરે છે...આ મનુષ્યભવમાં જે મુની સંવૃત્ત રહે છે, પછી પાપરહિત થાય છે, જેમ વિકટ જળ નિરજ, સરજ થાય છે.***

● **વિવેચન-૭૦,૭૧ :-**

આ કૃતવાદીના પ્રસ્તાવમાં ત્રૈરાશિક-ગોશાલકના મતાનુસાર જેઓમાં ૨૧-



સૂત્રો પૂર્વગત ત્રિરાશિક સૂત્ર પરિપાટીએ માનેલા છે, તે કહે છે કે - આ આત્મા મનુષ્યભવમાં જ શુદ્ધાચારી થઈ, બધો મેલ છોડીને અકલંક થઈ મોક્ષમાં સર્વ કર્મરહિત થાય છે. એવું ગોશાલકમતીઓ કહે છે. વળી આ આત્મા શુદ્ધત્વ તથા અકર્મકત્વ એ બે અવસ્થાવાળો થઈ ક્રીડા કે દ્વેષથી તે મોક્ષમાં રહેલો ફરી રજથી લેપાય છે. કહ્યું ચે કે - પોતાના શાસનની પૂજા અને બીજાનો પરાભવ જોઈને હર્ષ થાય છે, ઉલટું થતાં દ્વેષ થાય છે. આ ક્રીડા અને દ્વેષથી રક્ત થયેલ આત્મા જેમ રજરહિત વસ્ત્ર મેલું થાય તેમ આ જીવ મોક્ષમાં મલીન થઈને કર્મના ભારથી ફરી સંસારમાં અવતરે છે, આ અવસ્થામાં તે સકર્મક થઈ ત્રીજી રાશિ અવસ્થાવાળો થાય છે.

વળી આ મનુષ્યભાવ પામીને દીક્ષા લઈ સંવૃત્ત આત્મા થઈ પછી અપાપક થાય છે - સર્વ કર્મકલંકરહિત થાય છે. ફરી - x - મુક્તિમાં જાય છે. ફરી - x - રાગદ્વેષનો ઉદય થતાં મલીનાત્મા બની જેમ રજરહિત પાણી રજયુક્ત બને તેમ આ આત્મા અનંતકાળે સંસારના ઉદ્વેગથી શુદ્ધાચાર બનીને મોક્ષ પામી કર્મરહિત થાય છે. ફરી નવા કર્મોથી બંધાય છે. આ ત્રિરાશિક મત થયો. કર્મરહિત-કર્મસહિત-કર્મરહિત ત્રણ અવસ્થા છે.

કહ્યું છે કે - બળેલ લાકડું પાછું સળગે, તેમ ભવને પ્રમથન કરીને નિર્વાણને પણ અનિશ્ચિત - x - માને છે, મુક્ત થઈને પરાર્થમાં શૂર બની તારું શાસન ત્યજનાર માટે આ મોહરાજ્ય છે.

● **સૂત્ર-૭૨,૭૩ :-**

***મેધાવી પુરુષ આ વાદોનો વિચાર કરીને બ્રહ્મચર્યમાં વાસ કરે. બધાં વાદીઓ પોત-પોતાના દર્શનોનું આખ્યાન કરે છે...મનુષ્યને પોતપોતાના અનુષ્ઠાનથી જ સિદ્ધિ મળે છે, અન્યથા નહીં, વશેન્દ્રિયને આ લોકમાં સર્વ ઇષ્ટ કામભોગની પ્રાપ્તિ થાય છે.***

● **વિવેચન-૭૨,૭૩ :-**

ઉક્ત વાદીઓને વિચારીને બુદ્ધિમાન કે મર્યાદા વ્યવસ્થિત સાધુ એમ ચિંતવે કે આ ત્રિરાશિક અને ઈશ્વરકૃત્ લોકવાદી બ્રહ્મચર્ય કે સંયમ અનુષ્ઠાનમાં ન રહે કેમકે તેમનો આ અભિપ્રાય છે કે સ્વદર્શન પૂજા કે તિરસ્કારથી કર્મબંધ થાય છે. - x - રાગદ્વેષ થતાં શુદ્ધિનો અભાવ થતાં મોક્ષનો અભાવ થાય છે. [વાસ્તવિક રીતે આ વાત ખોટી છે] કેમકે સર્વથા કર્મકલંકરહિત, યથાવસ્થિત વસ્તુ તત્ત્વના જ્ઞાતા, સ્તુતિ કે નિંદામાં સમભાવ રાખી, રાગ-દ્વેષના અનુસંગના અભાવે કર્મબંધ થાય કઈ રીતે ? કર્મબંધના અભાવે સંસારમાં અવતરણ કેમ થાય ?

તેઓ કંઈક અંશે દ્રવ્ય બ્રહ્મચર્ય પાળે છતાં સમ્યગ્ જ્ઞાન અભાવે સમ્યગ્ અનુષ્ઠાન ન કરે. વળી તે બધાં વાદીઓ પોત-પોતાના દર્શનના અનુરાગથી વખાણનારા હોય, તેમાં વિવેકીએ આસ્થા ન કરવી.

હવે બીજી રીતે કૃતવાદીનો મત કહે છે - તે શૈવ, એકદંડી આદિ કૃતવાદી

પોતાના અનુષ્ઠાન-દીક્ષા, ગૂરૂચરણ સેવાદિમાં જ સર્વથા સંસાર પ્રપંચરહિત થવાનું બોલનારા કહે છે કે અન્ય કોઈ રીતે સિદ્ધિ ન થાય. શૈવદીક્ષાથી જ મોક્ષ થાય, એક દંડી ૨૫-તત્ત્વના જ્ઞાનથી મોક્ષ માને છે, વેદાંતિકો ધ્યાનાદિથી મોક્ષ માને છે. બીજા પણ પોતાના મંતવ્યથી મોક્ષ માને છે - x - જ્યાં સુધી સિદ્ધિ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અહીં જ સંસારમાં અમારા મત મુજબના અનુષ્ઠાન કરવાથી ઐશ્વર્યનો સદ્ભાવ થાય છે તે કહે છે - ઇન્દ્રિય કબ્જો રાખનાર તે વશવર્તી. તે સંસારી શોભા વડે પરાભવ ન પામે. - x - તેના સર્વે મનોરથો સિદ્ધ થાય છે. - x - x - એ રીતે ઉક્ત આઠ ગુણ ઐશ્વર્યવાળી સિદ્ધિ અમારા અનુષ્ઠાનથી આ લોકમાં થાય અને મોક્ષરૂપ સિદ્ધિ પરભવે થાય તે બતાવે છે—

● **સૂત્ર-૭૪,૭૫ :-**

***કોઈ વાદી કહે છે - [અમારા મતનું અનુષ્ઠાન કરનાર] સિદ્ધ અને નિરોગી થઈ જાય છે, તેઓ સિદ્ધિને મુખ્ય માનીને પોતાના દર્શનમાં ગ્રથિત છે.***

***તે અસંવૃત્ત મનુષ્ય અનાદિ સંસારમાં વારંવાર ભમે છે અને લાંબા કાળ સુધી આસુર અને કિલ્બિષિક સ્થાનોમાં જાય છે - તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

ઉક્ત વાદીઓનું અનુષ્ઠાન કરનારને આ જન્મમાં ઐશ્વર્યરૂપ સિદ્ધિ પામીને પછી વિશિષ્ટ સમાધિયોગથી શરીર ત્યાગ કરીને સર્વદ્વંદ્વરહિત થઈ રોગરહિત થાય છે. શરીર-મનના અભાવે કોઈ દુઃખ પામતા નથી. આ લોકમાં કે સિદ્ધિના વિચારમાં શૈવ આદિએ કહેલું છે, તે શૈવ આદિ મુક્તિને જ આગળ કરીને પોતાના મતમાં રક્ત બનીને અનુકૂળ યુક્તિનું પ્રતિપાદન કરે છે. તે શાસ્ત્રબોધરહિત સામાન્ય પુરુષ પોતાનું ઇચ્છિત સાધવાને યુક્તિ બતાવે છે. એ રીતે પોતાને પંડિત માનતા, પરમાર્થથી અજ્ઞાન સ્વઆગ્રહ સાધક યુક્તિ બતાવે છે. - x - x -

હવે તેમના અનર્થને બતાવવા સાથે દૂષણો કહે છે - તે પાખંડીઓ મોક્ષની વાંછાવાળા છતાં ઇન્દ્રિય અને મનથી અસંયત બની, તેમાં પણ લાભ છે એમ બતાવી વિષય ભોગ કરે છે. એ રીતે મુક્તિ બતાવે છે. આ રીતે ભોળા લોકોને ઠગીને અનાદિ સંસાર કાંતારમાં ભમશે. સ્વ દુશ્ચરિત્રથી કર્મ જાળમાં બંધાઈને નરકાદિ પીડા સ્થાનમાં ઉત્પન્ન થશે. ઇન્દ્રિય કાબૂ રહિતતાથી અશેષ દ્વન્દ્વ વિનાશરૂપ સિદ્ધિ નહીં પામે. જે અણિમાદિ સિદ્ધિ બતાવી છે, તે પણ - x - દંભ માત્ર છે. તેઓની બાલતપ-અનુષ્ઠાનાદિથી સ્વર્ગ પ્રાપ્તિ બતાવી તે પણ એવી જ છે, તેઓ દીર્ઘકાળ સુધી અસુરકુમાર આદિમાં - x - તથા કિલ્બિષિક-નોકર જેવા અલ્પ ઋદ્ધિ, અલ્પભોગવાળા - x - દેવ થાયછે. - તેમ હું કહું છું.

**અધ્યયન-૧ ‘‘સમય’’ ઉદ્દેશા-૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## 卐 અધ્યયન-૧, ઉદ્દેશો-૪ 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો, હવે ચોથો કહે છે, તેનો સંબંધ-પૂર્વ ઉદ્દેશામાં સ્વસમય-પરસમય અધિકાર કહ્યો, અહીં પણ તે જ કહે છે. અથવા પૂર્વે અન્યતીર્થિકના કુત્સિત આચાર કહ્યા, તે જ કહે છે. - x - x -

● **સૂત્ર-૭૬,૭૭ :-**

***હે શિષ્ય ! [પરીષહ-ઉપસર્ગથી] જિતાયેલા આ અજ્ઞાની પોતાને પંડિત માને છે, તે [તારે] શરણરૂપ નથી. તે પૂર્વ સંયોગને છોડ્યા પછી પણ ગૃહસ્થ કર્તવ્યના ઉપદેશક છે...વિદ્વાન્ ભિક્ષુ તેમને જાણીને તેમાં મૂર્છા ન કરે. પણ અભિમાન અને આસક્તિ રહિત થઈ મુનિ માધ્યસ્થભાવથી વિચરે.***

● **વિવેચન :-**

અનંતર સૂત્ર સાથેનો સંબંધ - પૂર્વ સૂત્રમાં કહ્યું કે - અન્યતીર્થિકો અસુરસ્થાનમાં કિલ્બિષિક થાય. શા માટે ? કેમકે તેઓ પરીષહ-ઉપસર્ગોથી જિતાયેલા છે. પરંપર સૂત્ર સંબંધ - આરંભે કહ્યું કે કર્મ કેમ બંધાય અને તુટે તે જાણે, જેમકે - આ પંચભૂતાદિ વાદીઓ અને ગોશાલકમતાનુયાયી પરીષહ-ઉપસર્ગથી અને કામ, ક્રોધ, લોભ, માન, મોહ, મદ એ છ શત્રુથી જિતાયેલા છે, ઇત્યાદિ.

આ સૂત્રની વ્યાખ્યા - પંચભૂત આદિ - x - વાદીઓ રાગદ્વેષથી હણાયેલા, શબ્દાદિ વિષયમાં રક્ત, પ્રબળ-મહામોહોત્થ અજ્ઞાનથી હે શિષ્ય ! તેઓ બાળક જેવા, વિવેકહીન, વ્યર્થ બોલનારા આ અન્યતીર્થિકો અસમ્યગ્ ઉપદેશથી કોઈને શરણ યોગ્ય થવા સમર્થ નથી. તથા તેઓ સ્વયં અજ્ઞાની હોવાથી બીજાને પણ મુગ્ધ કરે છે. તેઓ પોતાને પંડિત માને છે. બીજા પાઠ મુજબ અજ્ઞાનમાં રાચી સીદાય છે. દુઃખમાં રહેલા તે બીજાના રક્ષણને માટે થતાં નથી. - x -

પૂર્વના ધન, ધાન્ય, સ્વજનાદિ ગૃહસ્થ સંયોગોનો ત્યાગ કરીને અમે નિઃસંગ થઈ દીક્ષા લીધી છે એમ કહેનારા ફરી આરંભ, પરીગ્રહમાં આસક્ત બની ગૃહસ્થના પચન-પાચન આદિ જીવઘાતના કૃત્યો કરે છે અને તેનો જ ઉપદેશ આપે છે અથવા સાવદ્ય અનુષ્ઠાનરૂપ સંરંભ, સમારંભ, આરંભનો ઉપદેશ આપી; દીક્ષિત હોવા છતાં ગૃહસ્થથી જુદા પડતા નથી. - x - x -

આવા તીર્થિકો પ્રતિ ભિક્ષુનું કર્તવ્ય બતાવે છે - તે પાખંડિકને અસત્ ઉપદેશદાનાભિરત જાણીને સમજવું કે આ મિથ્યાત્વથી હણાયેલા ચિત્તવાળા, વિવેકશૂન્ય પોતાનું કે બીજાનું હિત પણ કરવા સમર્થ નથી, એમ વિચારીને ભાવભિક્ષુ, સંયત વિદિત વેદ્ય તેમનામાં આસક્તિ ન કરે. તેઓની સાથે સંપર્ક પણ ન કરે. - x - આઠ મદના સ્થાનમાં ક્યાંય અહંકાર ન કરે. અન્યતીર્થિક, ગૃહસ્થ કે પાસત્થાદિ સાથે સંબંધ છોડીને રાગદ્વેષના મધ્યમાં રહીને મુનિ ત્રણ જગત્ના જ્ઞાતા થઈ આત્માનો નિર્વાહ કરે અર્થાત્ તેવા સાથે સંબંધ થાય તો અહંકાર ત્યાગી - x - તેમની નિંદા ન કરીને પોતાની પ્રશંસા ત્યાગી મુનિએ આત્મામાં સ્થિર થવું.

તે અન્યતીર્થિઓ રક્ષણને માટે કેમ થતાં નથી, તે કહે છે—

● સૂત્ર-૭૮,૭૯ :-

***કોઈ વાદી કહે છે - પરિગ્રહી અને આરંભી મોક્ષ મેળવે છે. પણ ભાવભિક્ષુ પરિગ્રહ અને આરંભરહિતને શરણે જાય...વિદ્વાન્ મુનિ શુદ્ધ આહારની ગવેષણા કરે અને આપેલ આહાર જ ગ્રહણ કરે. આહારમાં અગૃદ્ધ અને નિર્લોભી બનીને અપમાનનું વર્જન કરે.***

● વિવેચન-૭૮,૭૯ :-

તેઓ પરિગ્રહ - ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદાદિ સહિત વર્તે છે, તેના અભાવે પણ શરીર, ઉપકરણાદિમાં મૂર્છાવાળા રહી જીવોને દુઃખ દેનારા વ્યાપારમાં વર્તે છે. તેના અભાવે પણ ઔદ્દેશિકાદિ ખાઈને અન્યતીર્થિક આદિ પરિગ્રહ અને આરંભ વડે જ મોક્ષમાર્ગને બતાવે છે - પરલોક ચિંતામાં કોઈ કહે છે - આ શિર કે મુખ મુંડનાદિથી શો લાભ ? ગુરુના અનુગ્રહથી પરમ અક્ષરની પ્રાપ્તિ કે દીક્ષા પ્રાપ્તિ થાય તો મોક્ષ થાય એવું બોલનાર રક્ષણ માટે થતાં નથી. - x - ધર્મોપકરણ પણ શરીરના ઉપભોગને માટે જ રાખનાર સ્વલ્પ પરિગ્રહી તથા સાવધ આરંભથી રહિત, કર્મબોજથી હલકા, ઉત્તમ નાવ સમાન, સંસાર મહોદધિથી પ્રાણીઓને તારવામાં સમર્થ છે. ઔદ્દેશિક આદિના અપરિભોજી તે ભિક્ષુને શરણે જા.

હવે પરિગ્રહ - આરંભરહિત કેમ રહેવું તે બતાવે છે - ગૃહસ્થ - x - પોતા માટે જ ભાત વગેરે રાંધે છે તે પરકૃત્ - x - તે ઉદ્ગમ દોષરહિત આહારને યાચે તથા સંયમકરણમાં નિપુણ, બીજાની આશંસાના દોષથી રહિત, નિઃશ્રેયસ બુદ્ધિ વડે અપાયેલ - x - ઉત્પાદન દોષરહિત - દૂતિ, ધાત્રી આદિ દોષ રહિત આહાર લે તે ભિક્ષુ ગ્રહણૈષણા વડે રહે - અર્થાત્ એષણા દોષ પણ પરિહરે. તથા તે આહારમાં મૂર્છિત થયા વિના રાગ-દોષથી મુક્ત થઈ - ગૌચરીના પાંચ દોષરહિત વાપરે. તે ભિક્ષુ બીજાનું અપમાન ન કરે તથા તપ અને જ્ઞાન મદ ન કરે.

ઉદ્દેશાનો અર્થાધિકાર કહ્યો, હવે પરવાદી મતને બતાવે છે—

● સૂત્ર-૮૦,૮૧ :-

***કોઈ વાદી કહે છે - લોકવાદને સાંભળવો જોઈએ, પણ લોકવાદ વિપરીત બુદ્ધિથી ઉત્પન્ન થયેલ છે, તેમાં બીજાની વાતનું અનુસરણ માત્ર છે...લોક અનંત, નિત્ય, શાશ્વત, અવિનાશી છે ધીર-પુરુષો નિત્ય લોકને અંતવાન્ જુએ છે.***

● વિવેચન-૮૦,૮૧ :-

લોકવાદ-પાખંડી કે પૌરાણિકોનો મત યથાસ્વં અભિપ્રાયથી કે અન્યથા બતાવે તે જાણે, એ બતાવે છે - આ સંસારમાં કોઈ એમ કહે છે - પરમાર્થથી ઉલટી પ્રજ્ઞાથી ઉત્પન્ન-તત્ત્વ વિપર્યસ્ત બુદ્ધિ વડે રચેલું છે તે સિવાય બીજા અવિવેકીઓએ કહેલું તથા તેની પાછળ દોરાવું. જેમ અર્થ હોય તેથી વિપરીત ચાલનારાનું જે મંતવ્ય છે, તેની પાછળ જવું.

હવે તે વિપર્યસ્ત બુદ્ધિ વડે રચેલ લોકવાદ બતાવે છે - જેનો અંત નથી તે અનંત, અન્વયરહિત નાશ વડે નાશ ન થાય એવું જે કહેલું છે તે બતાવે છે - જે



જેવો આ ભવમાં હોય તેવો પરભવમાં થાય છે, પુરુષ પુરુષ જ થાય ઇત્યાદિ. અથવા અનંત એટલે અપરિમિત - અવધિરહિત. નિત્ય એટલે અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિર-એક સ્વભાવી લોક છે.

તથા નિરંતર છે માટે શાશ્વત છે - તે બે અણુ આદિ કાર્યદ્રવ્ય અપેક્ષા વડે અશાશ્વત છતાં કારણ દ્રવ્ય પરમાણુત્વનો ત્યાગ કરતો નથી તથા દિશાદિ અપેક્ષાએ વિનાશ પામતો નથી. વળી તેનો અંત હોવાથી તે અંતવાન્ લોક છે, તેઓ તેને સાતદ્વીપ પરિમાણ કહે છે તે પરિમાણવાળો નિત્ય છે, એવું કોઈ સાહસિક બીજી રીતે અર્થનું પ્રતિપાદન કરવાથી ઉલટું દેખે છે.

આ પ્રમાણે અનેક ભેદ ભિન્ન લોકવાદને સાંભળે. તથા અપુત્રને લોક નથી, બ્રાહ્મણ દેવતા છે ઇત્યાદિ નિર્યુક્તિક લોકવાદને જાણે. - વળી -

● સૂત્ર-૮૨,૮૩ :-

***કોઈ કહે છે - લોક અપરિમિત જાણી શકાય છે, પણ ધીર-પુરુષ તેને સર્વત્ર પરિમિત જુએ છે...[શાસ્ત્રકાર કહે છે-] આ લોકમાં ત્રસ કે સ્થાવર જેટલા પણ પ્રાણી છે, તે તેમનો પર્યાય છે. જેથી તે ત્રસ કે સ્થાવરપણે [અન્યાન્ય] ઉત્પન્ન થાય છે.***

● વિવેચન-૮૨,૮૩ :-

ક્ષેત્રથી કે કાળથી જેનું પરિમાણ નથી તે ‘અપરિમાણ’ કોઈ તીર્થિક એવું માને છે. અર્થાત્ અપરિમિતજ્ઞ એવો અતીન્દ્રિય દૃષ્ટા, તે સર્વજ્ઞ નથી. અથવા અભિપ્રેત અર્થ અતીન્દ્રિયદર્શી. તેઓ કહે છે - બધું જુઓ કે ન જુઓ, પણ ઇષ્ટ અર્થને જરૂર જુઓ કેમકે કીડાની સંખ્યાનું પરિજ્ઞાન આપણે શા કામનું ? આ લોકમાં સર્વજ્ઞને ઉડાવનાર વાદીનો આ મત છે તથા સર્વ ક્ષેત્ર અને કાળને આશ્રીને જાણવા યોગ્ય કર્મપણાને પામેલ પરિમાણની સાથે સપરિમાણ થાય તે સપરિચ્છેદ બુદ્ધિ. તેના વડે શોભે તે ધીર. - x - x - ઇત્યાદિ અનેક પ્રકારે લોકવાદ પ્રવર્ત્યો છે.

તેનો ઉત્તર જૈનાચાર્યો આપે છે - ત્રાસ પામે તે ત્રસ-બેઇન્દ્રિયાદિ. પ્રાણી તે સત્વ, ત્રસત્વને પામે છે. સ્થાવર-સ્થાવર નામકર્મના ઉદયથી પૃથ્વીકાય આદિ છે. જો તેમનો લોકવાદ સત્ય હોય, તો જે આ જન્મમાં મનુષ્યાદિ હોય તે અન્ય જન્મમાં પણ તેવો જ થાય. તેથી સ્થાવર અને ત્રસના તાદૃશત્વને લીધે દાન, અધ્યયન, જપ, તપ આદિ સર્વે અનર્થક છે.

લોકમાં પણ અન્યથાપણું કહ્યું છે. જેમકે - વિષ્ટા સહિત બાળેલ, મરીને શિયાળ થાય છે. તેથી સિદ્ધ થયું કે સ્થાવર કે ત્રસનું પોતાના કર્મ અનુસાર પરસ્પર સંક્રમણાદિ અનિવારિત છે.

તથા અનંત અને નિત્ય લોક છે, તેમ કહ્યું તે જો પોતાની જાતિને ન ઉચ્છેદવા વડે નિત્યતા કહો તો અમારા ઇચ્છા મુજબ પરિણામનું અનિત્યત્વ સિદ્ધ થયું, પણ અપ્રચ્યુત્વ, અનુત્પન્ન આદિથી નિત્યત્વ માનો તો તે ન ઘટે. કેમકે જે પ્રત્યક્ષ છે તેને બાધા પહોંચે ઇત્યાદિ - x - x - તમારું કહેવું અસત્ છે. કેમકે બધું જ ઉત્પાદ-

વ્યય-ધ્રૌવ્ય યુક્તત્વથી નિર્વિભાગ જ પ્રવર્તે છે. અન્યથા આકાશના કમળ માફક વસ્તુ પોતાનું વસ્તુપણું છોડી દે.

તથા અંતવાળો લોક સાતદ્વીપવાળો માનેલો છે, - x - તે વ્યર્થ છે. તેના ગ્રાહક પ્રમાણના અભાવે પ્રેક્ષાપૂર્વક વિચારનારા તમારી વાત નહીં માને. અપુત્રીયાને લોક નથી તે કથન પણ ખોટું છે, શું પુત્ર હોવા માત્રથી વિશિષ્ટ લોકની પ્રાપ્તિ થાય ? કે તે જીવના ઉત્તમ કૃત્યોથી થાય ? જો સંતાનથી જ સ્વર્ગ માનો તો ભૂંડ માત્ર સ્વર્ગે જાય. - x - બે પુત્ર હોય, તેમાં એકે સારું અનુષ્ઠાન કર્યુ અને બીજાએ ખરાબ કર્યું તો તે બાપની શી દશા થાય ? - x -

તથા 'શ્વાન' યક્ષ છે, તે યુક્તિ-વિરોધી વચન છે. 'અપરિમાણને જાણે' કહ્યું, તે પણ ખોટું છે. જો અપરિમિત જ્ઞાન છતાં તે સર્વજ્ઞ ન હોય તો હેય-ઉપાદેય ઉપદેશ દાનના વિકલપણાથી તેને બુદ્ધિવાનો ન સ્વીકારે. વળી કીટક સંખ્યા પરિજ્ઞાન અન્યત્ર પણ અજ્ઞાન હશે તેવી શંકા જન્માવે છે. - x - એ સર્વ રીતે સર્વજ્ઞપણું ઇચ્છવા યોગ્ય છે.

તથા તમે કહ્યું સ્વાપ-બોધ-વિભાગથી પરિમિત જાણે, આ બાબત સર્વજન સામાન્ય હોવાથી કંઈ વિશેષ નથી. - x - સર્વથા બધા જગત્‌ની ઉત્પત્તિ અને પાછો વિનાશ થાય તેવું નથી. કેમકે ''આવું જગત્ કદાપી ન હતું'' એ વચન પ્રસિદ્ધ છે. આ પ્રમાણે અનંત આદિ લોકવાદને પરિહરીને જેવું હોય તેવો લોક પાછલી અડધી ગાથા વડે કહે છે—

જે કોઈ ત્રસ કે સ્થાવર આ સંસારમાં સ્વકર્મ પરિણતિ અનુસાર રહે છે, તે પર્યાય અને અવ્યભિચારી પર્યાય વડે સ્વકર્મ પરિણતિથી ત્રસ જીવ સ્થાવરરૂપે, સ્થાવર જીવો ત્રસરૂપે પણ ઉત્પન્ન થાય છે, તો કોઈ ત્રસ ત્રસરૂપે જ અને સ્થાવર-સ્થાવરરૂપે જ ઉત્પન્ન થાય છે, પણ જેવો આ ભવમાં છે, તેવો જ બીજા ભવમાં થાય એવો નિયમ નથી. - દૃષ્ટાંત કહે છે—

**● સૂત્ર-૮૪,૮૫ :-**

***ઔદારિક શરીરવાળા પ્રાણી ગર્ભ આદિ અવસ્થાઓથી ભિન્ન બાલ, કુમાર આદિ અવસ્થા પ્રાપ્ત કરે છે. બધાંને દુઃખ અપ્રિય છે, માટે કોઈની હિંસા ન કરવી.***

***જ્ઞાની હોવાનો સાર એ છે કે કોઈની હિંસા ન કરે અને સમતા એ જ અહિંસા છે, તે જાણવું જોઈએ.***

**● વિવેચન-૮૪,૮૫ :-**

ઔદારિક પ્રાણી સમૂહની ચેષ્ટા તે 'उराल जगत जोग.' ઔદારિક શરીરી પ્રાણીની પૂર્વાવસ્થા ગર્ભ-કલલ-અર્બુદરૂપ હોય, તેથી વિપર્યાસભૂત તે બાળ-કુમાર-યૌવનાદિ છે અર્થાત્ ઔદારિક શરીરી મનુષ્યાદિ બાળ, કુમાર આદિ કાલાદિ કૃત્ અવસ્થા વિશેષ જુદી જુદી રીતે પ્રત્યક્ષ દેખાય છે. પણ પૂર્વે હોય તેવો સર્વદા ન રહે. એમ બધાં સ્થાવર, ત્રસ માટે જાણવું.



વળી બધાં પ્રાણીઓ શરીર, મન આદિના દુઃખથી આક્રાંત થઈને જુદી જુદી અવસ્થાને પામે છે, તેથી સર્વે પ્રાણીઓ ન મરે તેમ મનુષ્યે આચરવું અથવા બધાં પ્રાણીને દુઃખ અપ્રિય અને સુખ પ્રિય છે, તેથી બધાને દુઃખ ન દેવું એ પ્રમાણે ઉપદેશ પણ આપ્યો. શા માટે જીવોને ન હણવા ?-

જ્ઞાની અર્થાત્ વિશિષ્ટ વિવેકવાન્‌નો ન્યાય છે કે કોઈ સ્થાવર કે ત્રસ પ્રાણીને દુઃખ ન દેવું. ઉપલક્ષણથી જાણવું કે - જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, અબ્રહ્મ ન સેવવું, પરિગ્રહ ન રાખવો, રાત્રિભોજન ન કરવું. આ બધું જ્ઞાનીનું કર્તવ્ય સમજીને આશ્રવકર્મમાં ન પ્રવર્તે. વળી અહિંસા વડે સમતાને આ રીતે જાણે - જેમ મને મારું મરણ અને દુઃખ અપ્રિય છે, તેમ બીજા પ્રાણીને પણ છે, તેથી જ્ઞાની સાધુએ પ્રાણિમાત્રને પરિતાપના અપદ્રાવણાદિ દુઃખ ન દેવું.

- મૂલગુણ કહ્યા હવે ઉત્તરગુણ કહે છે—

**● સૂત્ર-૮૬ થી ૮૮ :-**

***તે સાધુ સામાચારીમાં સ્થિત રહે, ગૃદ્ધિ રહિત બને, આત્માનું સંરક્ષણ કરે. ચર્યા, આસન, શય્યા, આહાર, પાણીમાં સદા ઉપયોગ રાખે.***

***ઈર્યા-આદાનનિક્ષેપ-એષણા સમિતિ, આ ત્રણે સ્થાનોમાં મુનિ સતત સંયમ રાખે ક્રોધ-માન-માયા-લોભનો ત્યાગ કરે.***

***સાધુ સમિતિથી યુક્ત, પાંચ સંવરથી સંવૃત્ત, ગૃહસ્થોમાં આસક્તિ ન રાખનાર; મોક્ષપ્રાપ્તિ સુધી સંયમનું પાલન કરે - એમ હું કહું છું.***

**● વિવેચન-૮૬ થી ૮૮ :-**

અનેક પ્રકારે દશવિધ ચક્રવાલ સામાચારીમાં સ્થિત, આહારાદિમાં ગૃદ્ધિ ન રાખનાર સાધુ - x - મોક્ષ પામે છે. તેના કારણ જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણેને સારી રીતે રક્ષે - પાળે, તે ત્રણેની વૃદ્ધિ થાય તેમ કરે. તે ચારિત્ર કઈ રીતે પાળે - તે કહે છે - ચર્યા અર્થાત્ ગમન-પ્રયોજન હોય તો જ યુગ માત્ર દૃષ્ટિએ ચાલે તથા સુપ્રત્યુપેક્ષિત સુપ્રમાર્જિત આસને બેસવું તથા શય્યા એટલે વસતિ કે સંથારો જોઈ-પૂંજીને સ્થાનાદિ કરે તથા ગોચરી, પાણીમાં સમ્યક્ ઉપયોગવાળા થવું અર્થાત્ - ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ, પારિષ્ઠાપના સમિતિમાં ઉપયોગપણે રહેવું. - x -

વળી ચારિત્રની શુદ્ધિ માટે ગુણોનો અધિકાર કહે છે - ઉક્ત ત્રણ સ્થાન - ૧. ઇર્યા સમિતિ, ૨. આસન, શય્યા વડે આદાન-ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ, ૩. ભક્ત પાન એષણા સમિતિ, તથા ગૌચરી જતા બોલવાની સંભાવનાથી ભાષા સમિતિ કહી. આહાર કરતા ઉચ્ચાર-પ્રસ્રવણ સંભવ હોવાથી પારિષ્ઠાપના સમિતિ લીધી. આ ત્રણે સ્થાને સમ્યગ્ ચાલનાર તે સંયત, મોક્ષને માટે વર્તે તથા નિરંતર સમ્યક્ યથાવસ્થિત ત્રણ જગત્‌નો જાણકાર હોય. આત્માને અહંકાર થાય તે માન, આત્મા કે ચારિત્રને બાળે તે ક્રોધ, ગહન-માયા, - x - સંસારમાં જીવોને મધ્યમાં આવે તે લોભ. આ ચારે કષાયોના વિપાકોને મુનિ જાણે, આત્માથી તેને જુદો કરે.

આગમમાં - x - ક્રોધ પહેલાં છે, અહીં માન કેમ પહેલા લીધું ?- માન હોય

તો ક્રોધ અવશ્ય થાય, પણ ક્રોધમાં માન હોય કે ન પણ હોય, માટે.

આ પ્રમાણે મૂળ-ઉત્તર ગુણ બનાવી તેનો સાર કહે છે - પાંચ સમિતિથી સમિત સાધુ, પંચ મહાવ્રતયુક્ત, પાંચ સંવરયુક્ત, ગુપ્તિયુક્ત, ગૃહસ્થોથી નિર્લેપ - x - x - ભિક્ષુ શેષકર્મક્ષય કરી મોક્ષ માટે સંયમાનુષ્ઠાન રત રહે. આ પ્રમાણે ગુરુ ભગવંત શિષ્યને ઉપદેશ આપે છે.

**અધ્યયન-૧ ''સમય'' - ઉદ્દેશા-૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

ઇતિ - અધ્યયન સમાપ્તિ, બ્રવીમિ - ગણધર કહે છે કે જેમ તીર્થંકરોએ કહ્યું છે, તે જ પ્રમાણે હું કહું છું, મારી બુદ્ધિથી નહીં.

અનુગમ પૂરો થયો. હવે નયોનો ઉપસંહાર કહે છે - ''બધાં નયોનું અનેક પ્રકારે વક્તવ્ય છે, તે સાંભળીને સર્વનયોથી વિશુદ્ધ જે ચરણ ગુણ છે, તેમાં સાધુ રહે.''

- x - x - x - x - x - x -

## 卐 શ્રુતસ્કંધ-૧ - અધ્યયન-૧ ''સમય'' ટીકાનુવાદ પૂર્ણ 卐

- x - x - x - x - x - x -



## ❁ શ્રુતસ્કંધ-૧ - અધ્યયન-૨ 'વેયાલિય' ❁

● **ભૂમિકા :-**

'સમય' નામક પહેલું અધ્યયન કહ્યું. હવે બીજું ''વૈતાલીય'' અધ્યયન કહે છે. તેનો સંબંધ-અધ્યયન-૧-માં જૈનદર્શનના ગુણો અને અન્ય મતના દોષો કહ્યા, તે જાણીને જેમ કર્મો નાશ થાય તેમ બોધ કરવો આ સંબંધે આવેલા આ અધ્યયનના ઉપક્રમાદિ ચાર અનુયોગદ્વાર કહેવા. ઉપક્રમમાં અર્થાધિકાર બે પ્રકારે-અધ્યયન અને ઉદ્દેશાનો અર્થાધિકાર અધ્યયન અર્થાધિકાર પૂર્વે નિર્યુક્તિકારે કહ્યો છે - x - ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર કહેશે. નામનિષ્પન્ન નિક્ષેપામાં નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૩૬-] વેયાલિય એ પ્રાકૃત નામ છે, ભાવરૂપે 'વિદારક' એવું ક્રિયાવાચક નામ છે, બધે ક્રિયામાં કર્તા-કર્મ-કરણ એ ત્રણનું જોડું છે. એથી તે બતાવે છે - વિદારક, વિદારણ, વિદારણીય. આ ત્રણેના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર પ્રકારે નિક્ષેપ ગણતા ત્રણ ચતુષ્ક થાય. નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્ય-વિદારક તે લાકડાં ચીરે છે. ભાવ વિદારક તો કર્મને વિદારવા યોગ્ય હોવાથી નોઆગમથી જીવ વિશેષ તે સાધુ છે - હવે કરણ -

[નિ.૩૭-] નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્ય વિદારણ તે કુહાડો આદિ છે, ભાવવિદારણ-દર્શન, જ્ઞાન, તપ, સંયમ. તેઓનું જ કર્મ વિદારણમાં સામર્થ્ય છે, દ્રવ્ય વિદારણીય તે લાકડું આદિ ભાવમાં આઠ પ્રકારના કર્મ છે.

[નિ.૩૮-] આ અધ્યયનમાં અનેક રીતે કર્મોનું વિદારણ કહ્યું છે, તેથી નિરુક્તિ વશથી ''વિદારક'' થાય. અથવા 'વૈતાલીય' એવું નામ છે. અહીં પ્રવૃત્તિમાં નિમિત્ત 'વૈતાલીય' નામે છંદ છે તે જ છંદમાં આ અધ્યયન રચ્યું છે માટે 'વૈતાલીય' નામ છે. છંદોનુશાસન અધ્યયન-૩ના શ્લોક-૫૩માં તેનું સ્વરૂપ બતાવેલ છે. *[તે ત્યાંથી જાણી-સમજી લેવું]* હવે ઉપોદ્ઘાત—

[નિ.૩૯-] 'કામ' શબ્દ અહીં સ્વીકાર અર્થમાં છે. જો કે બધા આગમો શાશ્વત છે, તેમાં રહેલ અધ્યયન પણ શાશ્વત છે. તો પણ ભગવંત આદિનાથે કેવળજ્ઞાન સહિત અષ્ટાપદ ઉપર હતા, ત્યાં-જ્યારે ભરત ચક્રવર્તીએ પોતાના ૯૮ ભાઈઓને કાઢ્યા ત્યારે તેઓએ ભગવંતને પૂછ્યું કે - x - અમારે શું કરવું ? ત્યારે ભગવંતે તેઓને 'અંગારદાહક'નું દૃષ્ટાંત જણાવી કહ્યું કે, પ્રાણીની ઇચ્છા ભોગથી તૃપ્ત થતી નથી - એવા અર્થ ગર્ભિત આ અધ્યયન કહેવાયું છે તે પુત્રોએ આ સાંભળી સંસારની અસારતા અને વિષયોના કટુ વિપાક અને નિઃસારતા જાણી, આયુ અને યૌવનની ચંચળતા જાણીને ભગવંતની આજ્ઞા જ શ્રેયસ્કર માની તેમની પાસે બધાં ભાઈઓએ દીક્ષા લીધી. અહીં બધો ઉપોદ્ઘાત કહેવો. - હવે ઉદ્દેશાર્થાધિકાર-

[નિ.૪૦,૪૧-] ઉદ્દેશા-પહેલામાં હિતની પ્રાપ્તિ, અહિતનો ત્યાગરૂપ બોધ અને અનિત્યતા બતાવી. બીજામાં માન ત્યાગ અને શબ્દાદિમાં અનિત્યતા આદિ અધિકાર છે. ત્રીજામાં અજ્ઞાનથી ઉપચિત કર્મના અપચયરૂપ અધિકાર કહ્યો તથા સાધુએ સુખ

પ્રમાદ વર્જન કરવો તે બતાવ્યું.

## 卐 અધ્યયન-૨ 'વેતાલિય' ઉદ્દેશો-૧ 卐

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહે છે—

● **સૂત્ર-૮૯,૯૦ :-**

***હે ભવ્યો ! સમ્યગ્ બોધ પામો, કેમ બોધ પામતા નથી ? પરલોકમાં સંબોધિ દુર્લભ છે. વીતેલ રાત્રિ પાછી નથી આવતી, સંયમી જીવન ફરીથી મળવું સુલભ નથી...જેમ બાજ પક્ષી વિત્તરને ઉપાડી જાય છે, તેમ આયુ ક્ષય થતાં [જીવન-સૂત્ર] તૂટી જાય છે. જુઓ બાલ્ય-વૃદ્ધ કે ગર્ભાવસ્થામાં જ જીવન ચ્યુત થઈ જાય છે.***

● **વિવેચન-૮૯,૯૦ :-**

ભગવંત આદિનાથ ભરતે તિરસ્કારેલા પોતાના ૯૮ પુત્રોને ઉદ્દેશીને કહે છે અથવા સુર, અસુર, મનુષ્ય, તિર્યંચને ઉદ્દેશીને બોલ્યા કે - તમે જ્ઞાન-દર્શન-ચારિત્ર લક્ષણ ધર્મમાં બોધ પામો કેમકે આવો મળેલો અવસર ફરી મળવો દુર્લભ છે. મનુષ્ય જન્મ, કર્મભૂમિ, આર્યદેશ, સારુકૂળ, બધી ઇન્દ્રિયોની કુશળતા, શ્રવણ શ્રદ્ધાદિ મળવા છતાં પોતાની બુદ્ધિથી કેમ બોધ પામતા નથી ? આટલી સામગ્રી મળ્યા પછી તુચ્છ ભોગો ત્યાગી સદ્ધર્મમાં બોધ પામવો. નિર્વાણાદિ સુખ દેનાર મનુષ્યભવમાં જૈનધર્મ પામીને, વિષય ઇન્દ્રિયોનું ક્ષણિક-અશોભન કામસુખ ભોગવવું ઉચિત નથી. જેમ વૈડૂર્યાદિ રત્નો મળે તો કાચના કકડા લેવા ઉચિત નથી.

જેમણે પૂર્વભવે ચારિત્ર નથી આરાધ્યું, તેમને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્તિરૂપ બોધિ પરલોકમાં નિશ્ચે દુર્લભ છે. કેમકે વિષયપ્રમાદ વશ એક વાર ધર્મ આચરણથી ભ્રષ્ટ ને અનંતકાળ સંસાર ભ્રમણ થાય છે. જે રાત્રિઓ ગઈ છે, તે પાછી આવવાની નથી, ગયેલ જુવાની પાછી આવતી નથી. કરોડો ભવે દુર્લભ મનુષ્યત્વ પામીને મારે પ્રમાદ કેમ થાય ? કેમકે ઇન્દ્રનું પણ ગયેલ આયુ ફરી આવતું નથી...સંસારમાં સંયમપ્રધાન જીવિત સુલભ નથી. અથવા તૂટેલ આયુ ફરી સંધાવું શક્ય નથી. સંબોધ [જાગવું] સુતેલાનું થાય છે. સુવાનું નિદ્રાના ઉદયથી થાય. નિદ્રા અને જાગવું તેના ચાર નિક્ષેપ છે. તેમાં નામ, સ્થાપનાને છોડીને દ્રવ્ય-ભાવ નિક્ષેપને નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૪૨-] આ ગાથામાં દ્રવ્યનિદ્રા અને ભાવ સંબોધ બતાવ્યો છે. આદ્યન્ત ગ્રહણથી ભાવનિદ્રા, દ્રવ્યબોધ પણ સમજી લેવા. તેમાં દ્રવ્યનિદ્રા તે તે નિદ્રાનો અનુભવ છે, તે દર્શનાવરણીય કર્મોદય છે. ભાવનિદ્રા તે જ્ઞાન, દર્શન, ચારિત્ર શૂન્યતા છે. દ્રવ્ય બોધ તે દ્રવ્યનિદ્રામાં સુતેલાનું જાગવું અને ભાવબોધ તે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, સંયમ જાણવા. અહીં ભાવ બોધ અધિકાર છે. - x -

[સૂત્રકારશ્રી કહે છે-] ભગવંત સર્વ સંસારીનું સોપક્રમત્વથી અનિયત આયુ બતાવતા કહે છે - તમે જુઓ કે કેટલાંકનું બાળપણમાં જ મૃત્યુ થાય છે એ રીતે કેટલાંક વૃદ્ધત્વમાં, કેટલાંક ગર્ભમાં મરે છે. - x - x - બધી અવસ્થામાં પ્રાણી



પ્રાણોને તજે છે. જેમકે - ત્રણ પલ્યોપમ આયુવાળા પણ પર્યાપ્તિ પામી અંતર્મુહૂર્તમાં કોઈ મરણ પામે છે. - x - જેમ બાજ પક્ષી તિતરને મારી નાંખે છે એમ મૃત્યુ પ્રાણીના પ્રાણોને હરે છે. ઉપક્રમના કારણે આયુનો ઉપક્રમ થાય છે તેના અભાવે આયુષ્યનો ક્ષય થતાં જીવોનું જીવન તુટે છે. - તથા -

● **સૂત્ર-૯૧,૯૨ :-**

***કોઈ માતા-પિતાના મોહમાં પડી સંસારમાં ભમે છે, તેવા જીવોને પરલોકમાં સુગતિ સુલભ નથી, માટે સુવ્રતી આ ભયો જોઈને આરંભથી વિરમે.***

***સંસારમાં જુદા જુદા સ્થાને રહેલ પ્રાણીઓ કર્મો વડે નરકાદિ ગતિમાં જાય છે, પોતાના કર્મોનું ફળ ભોગવ્યા વિના છૂટકો નથી.***

● **વિવેચન :-**

કોઈ માતા-પિતાના મોહ અને સ્વજનના સ્નેહથી ધર્મમાં ઉધમ કરતા નથી, તે તે જ માતાપિતાને કારણે સંસારમાં ભમે છે. કહ્યું છે કે - આશ્ચર્ય છે કે ખલ એવા વિધાતાએ જીવોને લોઢા વિનાની માતા, પિતા, પુત્ર, પત્ની, બંધુનામક સ્નેહની મોટી સાંકળે બાંધ્યા છે ! તેના સ્નેહાકુલિત માનસથી સત્-અસત્ વિવેકરહિત થઈ સ્વજનના પોષણ માટે ગમે તેવું કૃત્ય કરવાથી અહીં સજ્જનો વડે નિંદાય છે, જન્માંતરે સદ્ગતિ સુલભ થતી નથી. માતાપિતામાં મોહિત મનવાળાને તેમના માટે કલેશ કરતાં અને વિષયસુખ લાલસાથી દુર્ગતિ જ થાય છે. આ પ્રમાણે દુર્ગતિના કારણો જાણીને સાવધ અનુષ્ઠાનથી અટકી શોભન વ્રતવાળા થવું અથવા પાઠાંતરથી સમાધિવાળા રહેવું. તેમ ન કરે તો-

પોતાના કરેલા સાવધ અનુષ્ઠાનોથી પૃથ્વી પર જુદા જુદા સ્થાને તેઓ નરકાદિમાં પોતાના કરેલ કર્મોથી અને ઈશ્વરાદિની પ્રેરણાથી નહીં, તે રીતે ભમશે. અથવા દુઃખના હેતુરૂપ કર્મો જે નરકાદિમાં જવા યોગ્ય છે, તેને અહીં એકઠાં કરે છે. આમ કહીને કર્મનો હેતુ તથા કર્તાનું સ્વરૂપ બતાવ્યું. આ બાંધેલા કર્મોના વિપાક ભોગવ્યા વિના તે છૂટતો નથી. એટલે કર્મના ઉદયે પ્રાણી તેને ભોગવીને કે તપ દ્વારા અથવા દીક્ષા લઈ ખપાવે છે, તે સિવાય કર્મો દૂર થતાં નથી.

- હવે બધાં સ્થાનોની અનિત્યતા બતાવે છે-

● **સૂત્ર-૯૩,૯૪ :-**

***દેવ, ગંધર્વ, રાક્ષસ, અસુર, ભૂમિચર, સરિસૃપ અને રાજા, મનુષ્ય, શ્રેષ્ઠી, બ્રાહ્મણ, તે સર્વે દુઃખી થઈને પોતાના સ્થાનોથી મરે છે.***

***જેમ તાલ-ફળ બંધન તૂટતાં નીચે પડે છે, તેમ કામભોગ અને સંબંધમાં ગૃદ્ધ પ્રાણીઓ આયુનો અંત થતાં મૃત્યુ પામી કર્મસહિત જાય છે.***

● **વિવેચન-૯૩,૯૪ :-**

દેવો-જ્યોતિષ્ક, સૌધર્માદિ, ગંધર્વ અને રાક્ષસથી આઠે પ્રકારના વ્યંતરો, અસુર-દશ પ્રકારના ભવનપતિઓ, ભૂમિચર અને સરિસૃપાદિ તિર્યંચો, રાજા-ચક્રવર્તી, બલદેવ, વાસુદેવાદિ, સામાન્ય મનુષ્યો, શ્રેષ્ઠીઓ, બ્રાહ્મણો આ બધાં પોતાના સ્થાનોને

દુઃખી થઈને તજે છે. કેમકે બધાં પ્રાણીને પ્રાણ ત્યાગતા મહાદુઃખ ઉત્પન્ન થાય છે.
- વળી -

ઈચ્છા-મદનરૂપ કામ તથા પૂર્વના કે પછીના સંબંધીમાં આસક્ત થઈ કર્મવિપાકોને કર્મવિપાક કાળે સહેતા પ્રાણીઓ હોય છે. કહ્યું છે કે - ભોગની ઈચ્છાથી વિષયના સેવન થકી અહીં-તહીં કેવળ ક્લેશ થાય છે પણ ઉપશમ થતો નથી. જેમ પોતાની છાયા સવાર-સાંજ વધે છે, તેમ વિષય તૃષ્ણાને ઉપભોગથી શમન કરવા ઇચ્છનારની તૃષ્ણા શાંત થતી નથી. વળી તે ભોગો કે સંબંધીઓ તેને રક્ષણરૂપ થતાં નથી. જેમ તાલફળ બીંટડાથી તુટી જતાં અવશ્ય પડે છે, તેમ આ પણ પોતાના આયુષ્ય ક્ષયે મૃત્યુ પામે છે.

● **સૂત્ર-૯૫,૯૬ :-**

***જો કોઈ બહુશ્રુત હોય, ધાર્મિક બ્રાહ્મણ કે ભિક્ષુ હોય, પણ જો તે માયાકૃત્ અનુષ્ઠાનોમાં મૂર્છિત હોય તો તે પોતાના કર્મોથી દુઃખી થાય છે.***

***જુઓ ! કોઈ અન્યતીર્થિ પરિગ્રહ ત્યાગી, દીક્ષા લે, પણ સંયમનું સમ્યક્ પાલન ન કરતા મોક્ષની વાતો તો કરે છે, પણ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય કરતા નથી. તેના શરણથી આ ભવ કે પરભવને કેમ જાણી શકાય ? [કેમકે] તેઓ પોતાના જ કર્મોથી પીડાય છે.***

● **વિવેચન-૯૫,૯૬ :-**

જેઓ શાસ્ત્રાર્થના પારગામી છે, ધર્મ આચરણ કરનારા છે, બ્રાહ્મણ કે ભિક્ષુ છે, તેઓ મુખ્યતાએ કર્મ કે માયા વડે કરેલ અસત્ અનુષ્ઠાનોમાં અતિ ગૃદ્ધ બનીને એવા કર્મો વડે પીડાય છે...હવે જ્ઞાન-દર્શન-ચારિત્ર સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી એવા ત્રિકાળવિષયી સૂત્રથી અન્યતીર્થિકના ધર્મનો પ્રતિષેધ કરવા કહે છે - - x - તું જો કે કોઈ અન્યતીર્થિ પરિગ્રહનો ત્યાગ કરીને કે પરિગ્રહનું જ્ઞાન મેળવીને દીક્ષા લેવા તૈયાર થાય છે, પણ સમ્યગ્ જ્ઞાનના અભાવે સંસાર સમુદ્રને તરતો નથી, કેવલ આ સંસારે ભમે છે. કદાચ શાશ્વતપણાથી મોક્ષના ઉપાય કે સંયમ વિશે બોલે પણ સમ્યગ્ જ્ઞાનાભાવે તેને આચરી શકતો નથી.

હે શિષ્ય ! તું તે માર્ગે જવા તૈયાર થયો છે, પણ આ ભવ કે પરલોકને કઈ રીતે જાણીશ ? અથવા આરમ્ તે ગૃહસ્થત્વ કે સંસાર અને પરમ્ તે પ્રવ્રજ્યા પર્યાય કે મોક્ષ. સમ્યગ્ જ્ઞાન વિના અન્યદર્શની તે બંનેથી ભ્રષ્ટ થાય છે. - x - સ્વકૃત્ કર્મથી પીડાય છે - કેટલાંક અન્ય તીર્થિઓ નિષ્પરિગ્રહી તથા તપથી દુર્બળ છે, તેનો મોક્ષ કેમ ન થાય ?

● **સૂત્ર-૯૭,૯૮ :-**

***જો કે કોઈ નગ્ન અને કૃશ થઈને વિચરે કે માસક્ષમણ કરે, પણ જો તે માયા આદિથી યુક્ત છે, તો અનંતકાળ ગર્ભના દુઃખ ભોગવશે.***

***હે પુરુષ ! તું પાપકર્મથી નિવૃત્ત થા, મનુષ્યનું જીવન અંતવાળું છે. અહીં મનુષ્યભવમાં આસક્ત તથા કામમાં મૂર્છિત એવા અસંવૃત પુરુષો મોહને પ્રાપ્ત***



***થાય છે.***

● **વિવેચન-૯૭,૯૮ :-**

જો કે અન્યતીર્થિ-તાપસાદિ બાહ્ય ગૃહવાસાદિ પરિગ્રહ ત્યાગી નિષ્કિંચનતાથી નગ્ન બની, દુર્બલ થઈને, પોતાના મત મુજબ દીક્ષા અનુષ્ઠાન કરે, જો કે તે તપ વિશેષ કરીને ખાય તો પણ આંતર્ કષાય પરિત્યાગ ન કરવાથી મોક્ષ પામતો નથી. જે અન્યતીર્થિ માયા વડે - કષાયો વડે યુક્ત હોય. તે અનંતકાળ ગર્ભમાં રખડશે - તેનો સાર એ છે કે અકિંચન હોય, તપોનિષ્ઠ હોય પણ કષાયનો ત્યાગ કર્યા વિના નરકાદિ સ્થાનથી લઈ તિર્યંચાદિ સ્થાનમાં - x - અનંત કાલ - x - ભમશે.

જે કારણથી મિથ્યાદૃષ્ટિ ઉપદિષ્ટ તપ વડે દુર્ગતિ માર્ગ નિરોધ થતો નથી, તેથી જૈન માર્ગમાં સ્થિર થવા ઉપદેશ આપે છે - હે પુરુષ ! જે પાપ અનુષ્ઠાન વડે દુઃખ મળવાનું છે, તે કર્મથી નિવૃત્ત થા. કેમકે પુરુષોનું જીવિત વધુમાં વધુ ત્રણ પલ્યોપમ છે. સંયમજીવિત પલ્યોપમની અંદર પૂર્વ કોડી વર્ષ હોઈ શકે. અથવા - x - સાંત-અંતવાળું છે. - x - એ રીતે મનુષ્યોનું અલ્પ આયુ જાણી, તે વીતી ન જાય ત્યાં સુધી ધર્માનુષ્ઠાનથી સફળ કરવું. પણ જેઓ ભોગ તથા સ્નેહરૂપ કાદવમાં ફસાયા છે, મનુષ્યભવમાં કે સંસારમાં કામ-ભોગમાં મૂર્છિત થઈ તે મનુષ્યો મોહ પામે છે - x - અથવા મોહનીય કર્મ બાંધે છે હિંસાદિ સ્થાનથી અનિવૃત્ત, ઇન્દ્રિયોથી અસંયત લોકો આવું કરે છે, તો [ભવ્યાત્મા એ] શું કરવું ? તે કહે છે—

● **સૂત્ર-૯૯,૧૦૦ :-**

***હે યોગી ! તું યતના સહિત સમિતિ અને ગુપ્તિ યુક્ત બનીને વિચર કારણ કે સૂક્ષ્મ પ્રાણીયુક્ત માર્ગ ઉપયોગ વિના પાર કરવો દુસ્તર છે. તું મહાવીર દ્વારા સમ્યક્ પ્રરૂપિત અનુશાસનમાં પરાક્રમ કર...જે વિરત, વીર, સંયમ ઉદ્યત, ક્રોધાદિ કષાયનાશક, પાપવિરત, અભિનિવૃત્ત છે, તે કોઈપણ પ્રાણીનો ઘાત કરતા નથી.***

● **વિવેચન-૯૯,૧૦૦ :-**

જીવન થોડું છે તે જાણીને અને વિષયોને ક્લેશપ્રાયઃ સમજીને ઘરના ફાંસારૂપ બંધનને છેદીને પ્રાણીઓના રક્ષણનો યત્ન કરતો ઉદ્યુક્તવિહારી બન - સંયમ યોગવાન્, ગુપ્તિ સમિતિથી રક્ષિત બન. શા માટે ? માર્ગમાં સૂક્ષ્મ પ્રાણીઓ હોય છે, તેથી અનુપયોગે ચાલતા જીવોને બચાવવા દુર્ગમ છે. આ રીતે ઇર્યાસમિતિ બતાવી, ઉપલક્ષણથી બધી સમિતિમાં સતત ઉપયોગવાળા થવું. આગમ સૂત્રાનુસાર સંયમમાં વર્તવું. આવું બધાં અરિહંતોએ સમ્યક્ રીતે પ્રકર્ષથી કહેલું છે.

- વીર પુરુષો ક્યા છે ? —

જેઓ હિંસા, જૂઠ આદિ પાપથી જે વિરત છે, વિશેષથી કર્મ દૂર કરવા પ્રેરે છે, તે વીર છે. સમ્યગ્તયા આરંભોના પરિત્યાગ વડે ઉત્થિત છે, તેમણે ક્રોધ, માન, માયા, લોભ તથા આદિ શબ્દથી બીજી મોહનીય કર્મ પ્રકૃતિ દૂર કરનાર તથા સૂક્ષ્મ, બાદર જીવોને મન, વચન, કાયાથી હણતા નથી. સર્વથા સાવદ્ય અનુષ્ઠાનથી વિરત

અને ક્રોધાદિના ઉપશમ વડે શાંત કે મુક્ત જેવા જાણવા - પાછો ઉપદેશ આપે છે.

● **સૂત્ર-૧૦૧,૧૦૨ :-**

***[બુદ્ધિમાન સાધુ વિચારે કે-] પરીષહોથી હું એકલો જ પીડાતો નથી પણ લોકમાં બીજા અનેક પ્રાણી વ્યથા પામી રહ્યા છે. એ રીતે સાધક આત્મૌપમ્ય સહિત જુએ, પીડાના સ્પર્શે ડરે નહીં, પણ સહન કરે.***

***ભીંતનો લેપ કાઢી તેને ક્ષીણ કરી દેવામાં આવે તેમ સાધુ અનશન આદિ તપ વડે શરીરને કૃશ કરી દે, તથા અહિંસા ધર્મનું પાલન કરે, ભગવંતે આ જ ધર્મની પ્રરૂપણા કરી છે.***

● **વિવેચન-૧૦૧,૧૦૨ :-**

પરીષહ ઉપસર્ગો આ ભાવના ભાવી સહેવા - હું એક જ ઠંડી, તાપ આદિ દુઃખ વિશેષથી પીડાતો નથી, બીજા પણ પ્રાણીઓ આ લોકમાં અતિ દુસહ દુઃખથી પીડાય છે. તેઓ પણ સમ્યગ્ વિવેકના અભાવે નિર્જરા ફળ પામતા નથી. કહ્યું છે કે - દુઃખો મેં સહ્યા નહીં, સુખને મેં છોડ્યા નહીં, દુઃસહ તાપ આદિ દુઃખો સહ્યા પણ તપ ન કર્યો, રાત-દિન ધનને ચિંતવ્યુ પણ પરમ તત્ત્વને ન જાણ્યું, સંસારના સુખના અર્થી બની જે જે કૃત્યો કર્યા તેના તેના ફળોથી વંચિત થયા. જો ગૃહસ્થ જે કષ્ટ સહે છે, તેવા કલેશ સંયમ સ્વીકારી વિવેકીઓ સહે તો ઘણો ગુણ થાય છે. કહ્યું છે કે—

ભૂખથી કૃશતા, તુચ્છ ભોજન, ઠંડી-તાપ, રૂક્ષવાળ, પૃથ્વીશયન આ દુઃખ ઘેર સહે તો પતન થાય, સંયમમાં સહે તો ઉન્નતિ થાય. દોષ પણ ગુણ થાય. આ પ્રમાણે સહે તો જ્ઞાનાદિ વડે સ્વહિત-આત્મહિતવાળો થઈ તીક્ષ્ણ બુદ્ધિ વડે વિચારી, હણે નહીં અર્થાત્ ક્રોધાદિથી આત્માને ન પીડતો, મહાસત્વવાળો બની, પરીષહોને સમ્યક્ રીતે સહે, મનોદુઃખી ન થાય અથવા अनिह એટલે તપ, સંયમમાં કે પરીષહ સહેવામાં બળ-વીર્ય ન ગોપવે. બાકી પૂર્વવત્...જેમ - x - છાણ આદિથી લેપેલ-જાડી કરેલ ભીતના લેપનાં પડ ઉખડતા પાતળી પડે, તેમ અનશનાદિ વડે દેહના લોહી-માંસ સુકવ. તે સુકવતા તારા કર્મો પણ ઘટશે. તથા વિવિધ હિંસારહિત બની અહિંસાને ધારણ કર. - x - આ મોક્ષને અનુકૂળ ધર્મ અહિંસા લક્ષણવાળો છે અને પરીષહ-ઉપસર્ગ સહન કરવા રૂપ ધર્મ છે. જે સર્વજ્ઞ ભગવંતે કહ્યો છે - વળી -

● **સૂત્ર-૧૦૩,૧૦૪ :-**

***જેમ ધૂળથી ભરેલી પક્ષિણી પોતાનું શરીર કંપાવી ધૂળને ઉડાડી દે છે, તેમ દ્રવ્ય ઉપધાનવાન્ તપસ્વી સાધુ કર્મોને ખપાવી દે છે.***

***અણગારત્વની એષણા માટે ઉપસ્થિત, શ્રમણોચિત સ્થાનસ્થિત તપસ્વીને બાળક અને વૃદ્ધ પ્રાર્થે તો પણ સાધુ તેમને આધિન ન થાય.***

● **વિવેચન :-**

જેમ પક્ષિણી રજથી ખરડાયેલા અંગને કંપાવીને તે ચોંટેલી રજને ખેરવી નાંખે છે, એમ મુક્તિગમન યોગ્ય ભવ્ય તે મોક્ષ સમીપ લઈ જનારા અનશન આદિ તપથી



ઉપધાનવાન્ બની, તે સાધુ ‘‘કોઈને ન હણવાની’’ પ્રવૃત્તિ કરી જ્ઞાનાવરણીયાદિ કર્મોને દૂર કરે છે - હવે અનુકૂળ ઉપસર્ગો કહે છે—

अगार એટલે ઘર, તે ન હોવાથી અણગાર. તે સંયમ સ્થાનમાં રહીને [ગૌચરી] એષણાર્થે પ્રવૃત્ત થાય, શ્રમ પામે તે શ્રમણ, તથા ઉત્તરોત્તર વિશિષ્ટ સંયમ સ્થાને ચડેલા, વિશિષ્ટ તપોનિષ્ટ એવાને પણ કદાચ પુત્ર-પૌત્રાદિ કે પિતા, દાદા આદિ દીક્ષા છોડવા પ્રાર્થના કરે - તેઓ કહે કે - તમારે અમને પાળવા જોઈએ, અમારું કોઈ નથી અથવા કહે કે અમને તો તું એક જ પાળવા યોગ્ય છે, આમ બોલતા તેઓ શ્રમ પામશે, પણ પરમાર્થ જાણતા તે સાધુએ આ બધી વાતો ધ્યાનમાં લેવી નહીં [ગૃહસ્થ બનવું નહીં] - વળી -

● **સૂત્ર-૧૦૫,૧૦૬ :-**

***કદાચ તેઓ તે શ્રમણ સમક્ષ કરુણ વિલાપ કરી આકર્ષિત કરવા ઇચ્છે તો પણ તે સાધનામાં ઉધત ભિક્ષુને સમજાવીને ગૃહસ્થ ન બનાવી શકે.***

***કદાચ તેઓ કામભોગ માટે પ્રલોભન આપે કે તેને બાંધીને ઘેર લઈ જાય પણ જો તે સાધુ અસંયમી જીવન ન ઈચ્છતા હોય, તો ગૃહસ્થ બનાવી ન શકે.***

● **વિવેચન :-**

કદાચ તે માતા, પિતા, પુત્ર, સ્ત્રી આદિ તેમની પાસે જઈને કરુણાપ્રધાન વચનો કહે કે કૃત્યો કરે. જેમકે - હે નાથ-પ્રિય-કાંત-સ્વામી ! તું અતિ વલ્લભ ઘરને વિશે દુર્લભ છે, હે નિર્દય ! તારા વિરહમાં બધું શૂન્ય લાગે છે. તું શ્રેણી-ગામ-ગોષ્ઠી-ગણમાં જ્યાં હતો ત્યાં દીપતો હતો, હે સુપુરુષ ! તારા ઘર-બાર વિશે શું કહેવું ? વળી પુત્ર માટે કોઈ સગાં તો રડતા કહે છે કે હે પુત્ર ! કુળવર્ધક એક પુત્રને ઉત્પન્ન કરીને દીક્ષા લે. આ રીતે - x - કહે ત્યારે તે ભિક્ષુ રાગ-દ્વેષ રહિતતાથી કે મુક્તિની યોગ્યતાથી સમ્યક્ સંયમ ક્રિયા માટે ઉત્થિત તે સાધુને [તેના સગાં] દીક્ષાથી ભ્રષ્ટ કરવા માટે સમર્થ નથી, તેને સાધુવેશ ત્યજાવી ગૃહસ્થ બનાવવા શક્તિમાન થતાં નથી.

જો કે તે સગાં સંયમપ્રવૃત્ત સાધુને સુંદર ભોગોથી લોભાવે છે એટલે કે અનુકૂળ ઉપસર્ગ કરે અથવા બાંધીને ઘેર લાવે. એ રીતે અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગોથી પીડે, તો પણ તે સાધુ જીવિતનો અભિલાષી ન થાય, તેમ અસંયત જીવિતને ન પ્રશંસે, તે કારણથી તેનાં સગાં તેને પોતાનો કરવા સમર્થ ન થાય કે ગૃહસ્થભાવે સ્થાપી ન શકે - પરંતુ -

● **સૂત્ર-૧૦૭,૧૦૮ :-**

***મમત્વ દેખાડનારા માતા, પિતા, પુત્ર, પત્ની તે સાધુને શિક્ષા આપે છે કે - તમે દુરદર્શી છો, અમારું પોષણ કરો, જેથી તમારો પરલોક ન બગડે.***

***કોઈ અસંવૃત્ત પુરુષ અન્ય-અન્યમાં મૂર્છિત થઈ, મોહ પામે છે, તેઓ અસંયમને ગ્રહણ કરીને પુનઃ પાપકાર્ય કરવામાં લજ્જિત થતા નથી.***

● **વિવેચન-૧૦૭,૧૦૮ :-**

કદાચ માતા-પિતાદિ તે નવદીક્ષિતને શીખવે કે - અમે તારાં સ્નેહી છીએ,

અમે તારા માટે અથવા પોષકના અભાવે અત્યંત દુઃખી છીએ. તું તો બરોબર જોનારો-સૂક્ષ્મદર્શી છે, હોંશીયાર છે. માટે અમારું પોષણ કર અન્યથા પ્રવ્રજ્યા લઈને તેં આ લોક બગાડ્યો છે, અમારું પાલન ન કરીને તું પરલોક પણ બગાડીશ. દુઃખી સ્નેહીને પાળવાથી તને પુણ્ય થશે. - x - x - એ રીતે તેમના દ્વારા ઉપસર્ગ પામીને કેટલાક કાયર આવું કરે—

કેટલાંક અલ્પ સત્વવાળા સાધુ માતાપિતાદિથી ભરમાઈને સમ્યગ્દર્શનાદિ સિવાય શરીરાદિ બદું જુદું છે તે ન જાણવાથી અસંવૃત થઈ સારા અનુષ્ઠાનમાં મુંઝાય છે અને સંસારગમનના એક માત્ર હેતુભૂત અસંયમ, તેને અસંયતો ઉન્માર્ગમાં પ્રવૃત્ત થઈ - x - આદરે છે - x - અનાદિ ભવ અભ્યાસથી દુશ્છેદ્ય એવા વિષમય-અસંયમમાં વર્તે છે તેઓ આવા કર્મોમાં પુનઃ પ્રવૃત્ત થઈ ધૃષ્ટ બની પાપકર્મ કરતા લજાતા નથી.

● સૂત્ર-૧૦૯,૧૧૦ :-

*હે પંડિત ! તેથી તમે રાગદ્વેષરહિત બની વિચારો, પાપથી વિરમો, શાંત થાઓ. વીર પુરુષો જ ધ્રુવ એવા મહામાર્ગરૂપ મોક્ષમાર્ગને પામે છે.*

*મન, વચન, કાયાથી સંવૃત્ત કર્મવિદારણ માર્ગે પ્રવેશે છે. ધન, સ્વજન અને આરંભનો ત્યાગ કરી, સુસંવૃત્ત થઈ વિચરે - તેમ હું કહું છું.*

● વિવેચન-૧૦૯,૧૧૦ :-

જે માતા-પિતાદિના મોહથી પાપકર્મમાં પ્રવૃત્ત થાય, તે કર્મના વિપાક વિચારીને તું મુક્તિગમન યોગ્ય ભવ્ય બનીને કે રાગદ્વેષરહિત થઈ જો. તથા સત્ વિવેકયુક્ત બનીને અસત્ અનુષ્ઠાનરૂપ પાપકર્મથી નિવૃત્ત થઈ ક્રોધાદિત્યાગી શાંત થા તથા વિનયવાન્, કર્મવિદારણ સમર્થ બની મહામાર્ગ એવા જ્ઞાનાદિ મોક્ષમાર્ગ તથા મોક્ષ પ્રતિ ધ્રુવ-નિર્દોષ જાણીને તે જ માર્ગ આદર, પણ અસત્ અનુષ્ઠાનવાળા નિર્લજ ન થવું.

હવે ઉપદેશદાન પૂર્વક ઉપસંહાર કરે છે - કર્મ વિદારણ માર્ગમાં આવીને - x - મન-વચન-કાયાથી સંવૃત્ત થઈ, દ્રવ્ય અને સ્વજનો અર્થે થતાં સાવધ આરંભ ત્યાગીને, ઇન્દ્રિયોને સંવરી, સંયમ અનુષ્ઠાનમાં વર્તે. - x -

અધ્યયન-૨ ''વેયાલીય'' ઉદ્દેશા-૧નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ૐ અધ્યયન-૨ ઉદ્દેશો-૨ ૐ

૦ પહેલા પછી હવે બીજો ઉદ્દેશો કહે છે - તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશામાં ભગવંતે પોતાના પુત્રને ધર્મદેશના કહી, અહીં પણ તે જ અધ્યયન અર્થાધિકાર છે. સૂત્રનો સૂત્ર સાથે સંબંધ-છેલ્લા સૂત્રમાં બાહ્ય દ્રવ્ય, સ્વજન, આરંભનો ત્યાગ કહ્યો. અહીં પણ 'માન ત્યાગ' અધિકાર છે. હવે સૂત્ર—



● સૂત્ર-૧૧૧,૧૧૨ :-

*સર્પ પોતાની કાંચળી છોડી દે, તેમ સાધુ કર્મરૂપી રજને છોડી દે. એમ જાણીને મુનિ મદ ન કરે, બીજાની નિંદા ન કરે કેમકે પરનિંદા અશ્રેયસ્કર છે.*

*જે બીજાની અવજ્ઞા કરે છે, તે સંસારમાં ઘણું પરિભ્રમણ કરે છે, પર નિંદા પાપનું કારણ છે, એવું જાણીને મુનિ મદ ન કરે.*

● વિવેચન-૧૧૧,૧૧૨ :-

જેમ સાપ અવશ્ય ત્યાજ્ય કાંચળીને તજે છે, તેમ સાધુ આઠ પ્રકારની કર્મરજ અકષાયી બની તજે છે. આ રીતે કષાયનો અભાવ જ કર્મ અભાવનું કારણ છે, આવું જાણીને કાલત્રય વેદી મુનિ મદ ન કરે. મદના કારણ કહે છે - જેમકે કાશ્યપ ગોત્રાદિ. ગોત્રની માફક બીજા મદસ્થાનો ગ્રહણ કરવા. વિદ્વાન્-વિવેકી સાધુ જાતિ, કુલ, લાભાદિથી મદ ન કરે. પોતે માત્ર મદ જ ન કરે પણ બીજાની દુગંછા પણ ન કરે તે કહે છે - પાપકારી પરનિંદા પણ ન કરવી, મુનિ મદ ન કરે - તે નિર્યુક્તિની બે ગાથામાં કહે છે.

[નિ.૪૩,૪૪-] તપ, સંયમ, જ્ઞાનમાં પોતાને ઉત્તમ માનતા માન ઉત્પન્ન થાય, તે પણ મહામુનિઓએ ત્યાગવા યોગ્ય છે, તો પરનિંદાને ત્યાગવાનું તો પૂછવું શું ? મોક્ષગમન એક હેતુ તે નિર્જરાનો મદ પણ અરિહંતોએ નિષેધ્યો છે, તેથી જાતિ, કુળ આદિ મદોને ખાસ તજવા.

હવે પરનિંદાના દોષ બતાવે છે - જે કોઈ અવિવેકી પોતાના સિવાય બીજા માણસનું અપમાન કરે છે, તે તે કૃત્યથી બાંધેલ કર્મો વડે ચાર ગતિરૂપ સંસારમાં - x - અત્યર્થ મહાંત કાળ ભમે છે. પાઠાંતરમાં ચિર શબ્દ પણ છે. - x - પરનિંદાથી સંસાર વધે છે, પરનિંદા દોષરૂપ જ છે. અથવા સ્વસ્થાનથી અધમ સ્થાને પાડનારી છે. તેમાં આ જન્મમાં સુઘરનું દૃષ્ટાંત છે, પરલોક સંબંધમાં પુરોહિતનું દૃષ્ટાંત છે, જેનાથી શ્વાનાદિમાં તેની ઉત્પત્તિ થઈ. - x - x - પરિનંદા દોષવાળી જાણી મુનિઓએ જાતિ આદિ મદ ન કરવો. - x - મદના અભાવે શું કરવું ? તે કહે છે—

● સૂત્ર-૧૧૩,૧૧૪ :-

*ભલે કોઈ ચક્વર્તી હોય કે દાસનો દાસ, પણ દીક્ષા ધારણ કરી છે, તેણે લજ્જાનો ત્યાગ કરી સદા સમભાવથી વ્યવહાર કરવો.*

*શ્રમણ સંયમમાં સ્થિત રહી સમતામાં ઉધુક્ત થાય, સમાહિત પંડિત મૃત્યુકાળ પર્યન્ત યાવત્ કથા મુજબ સંયમારાધન કરે.*

● વિવેચન-૧૧૩,૧૧૪ :-

સામાન્ય પુરુષ તો ઠીક, પણ જેનો કોઈ નાયક નથી એવા સ્વયં પ્રભુ ચક્વર્તી આદિ હોય અને નોકરનો નોકર હોય, આ બંને જેણે સંયમ-દીક્ષા અંગીકાર કરેલ હોય, તેઓ લજ્જા ન ધરતાં, ગર્વ કર્યા વિના પરસ્પર વંદન - પ્રતિવંદનાદિ ક્રિયા કરે અર્થાત્ ચક્વર્તી પણ સાધુ થયા પછી પોતાના દાસ એવા સાધુને વંદન કરતા લજ્જા ન પામે, પણ સમભાવે વિચરે-સંયમમાં ઉદ્યુત બને - હવે કયા લજ્જા-મદ ન

કરવો તે બતાવે છે—

સમભાવયુક્ત સામાયિક આદિમાં સંયમ કે સંયમસ્થાનમાં છમાંના કોઈપણ સ્થાનમાં રહેલા કે છેદોપસ્થાનીયાદિમાં પોતે રહે તે બતાવે છે - સમ્યક્ શુદ્ધિમાં કે સ્વયં સમ્યક્ શુદ્ધ તપસ્વી લજ્જામદના ત્યાગથી કે સમાન મનવાળા થઈ સંયમમાં ઉધમ કરે - કેટલો કાળ ? —

જેમ દેવદત્ત, યજ્ઞદત્ત, કથા મુજબ. જ્ઞાનાદિ કે શુભ અધ્યવસાય વડે સમાહિત કે સમાધિયુક્ત, રાગદ્વેષાદિરહિત અથવા મુક્તિગમનની યોગ્યતા વડે ભવ્ય બનીને પંડિત સાધુ સદ્-અસદ્‌ના વિવેકથી ભૂષિત બની - x - મરણ પર્યંત લજ્જામદ ત્યાગ કરીને સંયમાનુષ્ઠાનમાં પ્રવર્તે - શું આલંબીને આ કરવું ? - તે કહે છે—

● **સૂત્ર-૧૧૫,૧૧૬ :-**

***મોક્ષને જાણનાર મુનિ જીવના અતીત, અનાગત વિચારીને [લજ્જા-મદ ધારણ ન કરે] કઠોર વચનોથી આહત થાય તો પણ સમતા રાખે.***

***પ્રજ્ઞાવાન્ મુનિ સદા કષાયોને જીતે, સૂક્ષ્મદર્શી જ્ઞાની કદી ક્રોધ કે માન ન કરે પણ અવિરાધક રહે.***

● **વિવેચન :-**

દૂર એટલે મોક્ષ, તેને જોઈને અથવા દૂર એટલે દીર્ઘકાળ, તેને વિચારીને કાલ ત્રણને જાણનારો મુનિ અતીત ધર્મ એટલે જીવનો ઉચ્ચ-નીચ સ્થાનમાં જવાનો સ્વભાવ. અનાગતધર્મ-ભાવિ ગતિ, તેને વિચારીને લજ્જા અને મદ ન કરે. તથા તે મુનિને દંડથી મારે કે કડવા વચન કહે કે ખંધકઋષિના શિષ્યોની જેમ મારે, તો પણ સંયમમાં કહેલા માર્ગે જાય અથવા પાઠાંતરથી સમતાભાવે સહન કરે.

બીજી રીતે ઉપદેશ આપતા કહે છે—

પ્રજ્ઞામાં પૂર્ણ તે પટુપ્રજ્ઞ, પાઠાંતરથી પ્રશ્નનો ઉત્તર દેવામાં સમર્થ, તે સર્વકાળ કષાયોને જીતે તથા સમતા વડે અહિંસાદિ લક્ષણ ધર્મ કહે. તથા સૂક્ષ્મ સંયમમાં પણ જે ક્રિયા હોય તેમાં અવિરાધક રહે અને બીજાથી હણાતા કે પૂજાતા તે ક્રોધી કે માની ન થાય તે જ માહણ-સાધુ છે.

● **સૂત્ર-૧૧૭,૧૧૮ :-**

***ઘણાં લોકો દ્વારા નમનમાં જે સર્વ અર્થોથી અનિશ્રિત છે, સરોવરની જેમ સદા સ્વચ્છ છે તે [કાશ્યપ] અરિહંતનો ધર્મને પ્રકાશિત કરે.***

***સંસારમાં ઘણાં પ્રાણીઓ ભિન્ન ભિન્ન અવસ્થામાં સ્થિત છે. તે દરેકને સમભાવથી જોનાર, સંયમમાં સ્થિત પંડિત પુરુષ તેઓની હિંસાથી અટકે.***

● **વિવેચન-૧૧૭,૧૧૮ :-**

ઘણાં માણસોને પોતા તરફ નમાવે કે તેઓ નમે તે ‘‘બહુજન નમન ધર્મ’’ છે તે ધર્મને ઘણાં લોકોએ પોત-પોતાના આશયો વડે પોતે માનેલા તત્ત્વોની પ્રશંસા કરે છે. [દૃષ્ટાંત] રાજગૃહીમાં શ્રેણિક રાજા હતો. તેને પોતાના ચતુર્વિધ બુદ્ધિપ્રધાન પુત્ર સાથે વાતો થતી. કોઈ વખતે વાત થઈ કે આ લોકમાં ધર્મી વધારે કે અધર્મી ?





પર્ષદા બોલી કે અહીં અધર્મી ઘણાં છે, ધર્મ તો સો માં એકાદ કરતો હશે. ત્યારે અભયકુમારે કહ્યું કે - પ્રાયઃ બધાં લોકો ધર્મી છે, છતાં શંકા હોય તો પરીક્ષા કરો. - x - ત્યારે અભયકુમારે એક ધોળો - એક કાળો, બે મહેલ બનાવ્યા. દાંડી પીટાવી કે ધર્મીએ પૂજાનો સામાન લઈ ધોળા મહેલે જવું, અધર્મીએ કાળા મહેલમાં જવું. બધાં ધોળા મહેલે પ્રવેશ્યા.

— અભયકુમારે તેમને પૂછયું કે તમે કઈ રીતે ધાર્મિક છો? હું ખેડૂત છું. અનેક પક્ષી મારા ખેતરના દાણા ખાય છે, વળી હું દાન આપું છું. બીજાએ કહ્યું કે હું બ્રાહ્મણ છું. ષટ્‌કર્મ કરું છું, ઘણાં શૌચ-સ્નાનપૂર્વક પિતૃઓને તર્પણ કરું છું. ઇત્યાદિ - x - x - દરેકે પોતાની રીતે સ્વ-સ્વ કૃત્યને ધર્મમાં નિયોજ્યો. બીજી તરફ કાળા મહેલમાં બે શ્રાવકોને જોયા. તેમને પૂછયું તમે શું અધર્મ કર્યો? એક કહે મેં મધપાન કરેલ, બીજો કહે હું જૂઠું બોલેલ. માટે પરમાર્થથી તો સાધુ જ ધાર્મિક છે, જે સ્વીકારેલી પ્રતિજ્ઞાના પાલનમાં સમર્થ છે, અમે તો મનુષ્ય જન્મ પામી, જૈનશાસન પામીને પણ લીધેલ નિયમ પાળી ન શક્યા માટે અમે અધર્મી છીએ. અધમાધમ છીએ માટે કાળા મહેલમાં આવ્યા છીએ. - x - x - x - ઇત્યાદિ - x - ઉત્તર આપ્યો.

આ પ્રમાણે બધાં પોતાને ધાર્મિક માનીને ધર્મી બનતા ‘‘બહુજન નમન ધર્મ’’ એમ કહ્યું. તેમાં સમાધિવાળા બનીને સાધુ પુરુષે બાહ્ય અભ્યંતર ધન-ધાન્ય-સ્ત્રી-મમત્વ આદિમાં અપ્રતિબદ્ધ થઈ ધર્મને પ્રકાશવો. તેને માટે એક દૃષ્ટાંત આપે છે - જેમ સ્વચ્છ પાણીથી ભરેલા કુંડમાં અનેક જળચરો દોડાદોડ કરે, તો પણ તે અનાકૂળ-અમલિન રહે, તેમ સાધુ ક્ષાંતિ આદિ લક્ષણ ધર્મ પ્રગટ કરે અથવા તીર્થંકર કહેલ ધર્મ પ્રકાશે [અને અનેક કષ્ટો વચ્ચે પણ અનાકૂળ-અમલિન રહે.]

હવે બહુજન નમન યોગ્ય ધર્મમાં રહીને કેવો ધર્મ પ્રરૂપે તે કહે છે - અથવા બીજી રીતે ઉપદેશ આપે છે—

દશ પ્રકારના પ્રાણોને આશ્રીને જીવનું અભેદપણું હોવા છતાં પ્રાણીઓમાં અનેક ભેદો છે, તે કહે છે - પૃથ્વીકાય આદિ ભેદે, તેમાં સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત અથવા નરકાદિ ચારે ગતિથી સંસારમાં રહેલા છે તે ભિન્ન ભિન્ન પ્રત્યેક જીવો પ્રત્યે સમતા-દુઃખનો દ્વેષ અને સુખ પ્રિયત્વ-જોઈને અથવા માધ્યસ્થતા ધરીને સંયમમાં રહેલ તે સાધુ અનેક ભેદ ભિન્ન પ્રાણીગણમાં દુઃખનો દ્વેષ અને સુખની ઇચ્છા સમજીને જીવ હત્યાથી વિરતિ કરે. તે પાપ અનુષ્ઠાનથી દૂર રહેનાર એટલે પંડિત છે - વળી -

● **સૂત્ર-૧૧૯,૧૨૦ :-**

***ધર્મના પારગામી તથા આરંભથી દૂર રહેનાર તે મુનિ છે. પણ મમત્વયુક્ત પુરુષ શોક કરે છે છતાં પોતા માટે પરિગ્રહ પ્રાપ્ત કરી શકતા નથી.***

***પરિગ્રહ આ લોક અને પરલોક બંનેમાં દુઃખદાયી છે, તે વિધ્વંસણ ધર્મ છે, એવું જાણીને કયો વિવેકી ગૃહવાસમાં રહે ?***

● **વિવેચન-૧૧૯,૧૨૦ :-**

શ્રુત અને ચારિત્ર ધર્મનો પાર પામનારો-સિદ્ધાંત પારગામી કે સમ્યક્ ચારિત્ર અનુષ્ઠાયી છે. ચારિત્રને આશ્રીને કહે છે - સાવધ અનુષ્ઠાનના અભાવરૂપે સ્થિત તે મુનિ છે. જે પાપારંભને નથી છોડતા તે અધર્મી છે. તેઓ મરણ સમયે કે દુઃખ આવતા શોક કરે છે. અથવા ઇષ્ટ વ્યક્તિના મરણમાં કે ધન નાશ થતાં તે મારા હતા કે હું તે ધનનો માલિક હતો એમ શોક કરે છે. આવી રીતે વિલાપ કરવા છતાં પોતાના આત્મા સમાન ગણી ગ્રહણ કરેલ પરિગ્રહ-સોનું, ચાંદી આદિ કે ઇષ્ટ સ્વજનાદિ નષ્ટ કે મૃત થતાં પાછા મળતા નથી.

અથવા ધર્મના પારગ મુનિ આરંભથી દૂર થયેલ હોય, તેને માતા-પિતાદિ મળતા સ્નેહાળુ બનીને તેને પાછો મેળવવા વિલાપ કરે છે, તો પણ તે આત્માર્થી સાધુને ગૃહસ્થપણે બનાવી શકતા નથી. અહીં નાગાર્જુનીયા કહે છે - તે મુનિને આવેલા સાંભળી કેટલાંક સંસારી સગાં તેને ઉત્તમ ધર્મમાં વિઘ્ન કરવા તૈયાર થાય તો પણ પંડિત સાધુ તેમના ફંદામાં ન ફસાય.

આ જ લોકમાં સુવર્ણ, સ્વજનાદિ દુઃખદાયી છે તે વિદ્વાને જાણવું જોઈએ. તે કહે છે - ધન મેળવવામાં દુઃખ, પછી રક્ષણમાં દુઃખ, આવક અને ખર્ચમાં દુઃખ છે આવા દુઃખભાજન ધનને ધિક્કાર છે. વળી કહે છે - નિર્મળ પાણી, કોમળ ઘાસ અને અટવી સમીપ શાંત ઝાડીમાં રહેવાનું છતાં સ્વકુળને છોડીને હાથણીના વશમાં જઈ દુઃખ આવતા શા માટે રડે છે? કેમકે સ્નેહ એ અનર્થ પરંપરાનું મુખ્ય બંધન છે.

આ લોક માફક પરલોકમાં પણ દુઃખ છે, પરિગ્રહ-મમત્વથી બંધાયેલ કર્મથી દુઃખ ભોગવે છે - x - કદાચ ધન-સ્વજન મળી જાય તો પણ તે નાશ થવાના સ્વભાવવાળું છે, એમ જાણીને કયો વિદ્વાન્ ગૃહવાસમાં રહે અથવા ગૃહ પાસમાં બંધાય? કહ્યું છે કે - સ્ત્રી પરિભવકારા છે, બંધુજન બંધન છે, વિષયો વિષ છે. છતાં લોકોને આ કેવો મોહ છે? શત્રુને મિત્ર માને છે.

● **સૂત્ર-૧૨૧,૧૨૨ :-**

***સંસારી સાથેનો પરિચય મહાન્ કીચડ છે, તેમ જાણીને વંદન-પૂજન પ્રાપ્ત થતાં દુરુદ્ધર એવા સૂક્ષ્મ શલ્યરૂપ ગર્વ ન કરતા તે વિદ્વાન્ મુનિ ગૃહસ્થ પરિચયનો ત્યાગ કરે...સાધુ એકલા વિચરે, એકલા કાયોત્સર્ગ કરે, એકલા શય્યા સેવે અને ધર્મધ્યાન કરે, તપમાં પરાક્રમ કરે તેમજ મન-વચનનું ગોપન કરે.***

● **વિવેચન-૧૨૧,૧૨૨ :-**

સંસારીઓને દુઃખથી ત્યજાય તેવા હોવાથી મહાન્ અથવા સંરંભથી પરિગોપણ થાય તે પરિગોપ-દ્રવ્યથી કાદવ આદિ અને ભાવથી રાગ છે. તેનું સ્વરૂપ કે વિપાક જાણીને જે દીક્ષા લે, તેને રાજા આદિ કાયા વડે વંદન અને વસ્ત્ર, પાત્રાદિથી પૂજન કરે તો પણ આ લોકમાં કે ભગવંતની આજ્ઞામાં રહેલ મુનિ તેને કર્મ ઉપશમનું ફળ છે તેમ જાણી ગર્વ ન કરે. કેમકે ગર્વ એ સૂક્ષ્મ શલ્ય છે, જે દુઃખેથી ઉદ્ધરી શકાય છે. માટે સત્-અસત્ વિવેકનો જ્ઞાતા ગૃહસ્થના પરિચયનો ત્યાગ કરે.



અહીં નાગાર્જુનીયા કહે છે કે - સ્વાધ્યાય, ધ્યાન તત્પર, એકાંતસ્પૃહા રહિત સાધુને જે બીજા વડે વંદન, પૂજનાદિ થાય તે સદનુષ્ઠાન કે સુગતિમાં મહાન્ વિઘ્ન છે - x - તે જાણીને તથા સૂક્ષ્મ શલ્ય દુરુદ્ધર હોવાથી તેને પણ પંડિત સાધુ દૂર કરે. તે દૂર કરવાનો ઉપાય બતાવે છે—

એકલા-દ્રવ્યથી એકલવિહારી, ભાવથી રાગદ્વેષરહિત થઈ વિચરે. તથા એકલા જ કાયોત્સર્ગ કરે, રાગદ્વેષરહિત થઈ આસને બેસે - સુવે, ધર્મધ્યાનાદિ યુક્ત રહે અર્થાત્ બધી અવસ્થામાં - ચારિત્રપાલન, સ્થાન, આસન, શયનાદિમાં રાગદ્વેષરહિત સમતાવાળો જ થાય. તથા ભિક્ષાથી નિર્વાહ કરનાર તથા યથાશક્તિ તપ કરનારો થાય. સારી રીતે વિચારીને બોલનારો તથા [અધ્યાત્મ] મન વડે સંવૃત્ત ભિક્ષુ થાય.

- વળી -

● **સૂત્ર-૧૨૩,૧૨૪ :-**

***સાધુ શૂન્ય ઘરનું દ્વાર ન ખોલે, ન બંધ કરે, કોઈ પૂછે તો ઉત્તર આપે નહીં, ઘરનું પરિમાર્જન ન કરે, ન તૃણ સંથારો કરે...જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાં રોકાઈ જાય, સમ-વિષમ પરીષહો સહન કરે. ત્યાં રહેલ મુનિ 'ચરક' કે 'ભૈરવ' કે "સરીસૃપ" [ના પરીષહ સહન કરતા] ત્યાં જ રહે.***

● **વિવેચન-૧૨૩,૧૨૪ :-**

કોઈ સાધુ શયનાદિ નિમિત્તે શૂન્યગૃહમાં રહે તો ત્યાં બારણાને ન ખોલે - ન બંધ કરે - ન હલાવે. ત્યાં રહેતા કે બીજે સ્થાને, કોઈ ધર્મ કે માર્ગ પૂછે તો સાવધ ભાષા ન બોલે અને આભિગ્રહિક જિનકલ્પિકાદિ નિરવધ ભાષા પણ ન બોલે. તૃણ કે કચરો બહાર ન કાઢે, આભિગ્રહિક હોય તો સૂવા માટે ઘાસનો સંથારો પણ ન કરે, તો કંબલાદિની વાત જ ક્યાં રહી? બીજા સાધુ પોલું ઘાસ પણ ન પાથરે.

વિહાર કરતા જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાં જ કાયાત્સર્ગે રહે. સમુદ્રમાંથી મગર આદિ ઉપસર્ગ કરે તો આકૂળ ન થાય, અનુકૂળ-પ્રતિકૂળ શયન, આસન હોય તો યથાવસ્થિત સંસાર સ્વભાવ જાણનાર મુનિ તેને રાગદ્વેષરહિત થઈ સહન કરે. તે શૂન્યગૃહાદિમાં રહેલ સાધુ દંશમશકાદિ કે સિંહાદિ કે સરીસૃપ હોય તો તેના ઉપસર્ગો પણ સારી રીતે સહન કરે. હવે ત્રણ પ્રકારના ઉપસર્ગો સહન કરવાનું બતાવે છે—

● **સૂત્ર-૧૨૫,૧૨૬ :-**

***શૂન્યગૃહમાં સ્થિત મહામુનિ તિર્યંચ, મનુષ્ય, દેવસંબંધી ત્રિવિધ ઉપસર્ગો સહન કરે, પણ ભયથી રોમાંચિત ન થાય...તે ભિક્ષુ જીવનની આકાંક્ષા ન કરે, પૂજનનો પ્રાર્થી ન બને. શૂન્યગૃહમાં રહેતા ભિક્ષુ ભયંકર ઉપસર્ગ સહન કરવાને અભ્યસ્ત થઈ જાય છે.***

● **વિવેચન-૧૨૫,૧૨૬ :-**

સિંહ, વાઘ આદિ તિર્યંચકૃત્, મનુષ્યકૃત્, અનુકૂળ-પ્રતિકૂળ અર્થાત્ સત્કાર પુરસ્કાર-દંડ શાતનાદિ જનિત, વ્યંતરાદિ એ હાસ્ય-દ્વેષથી કરેલ એ ત્રણે પ્રકારના ઉપસર્ગો સાધુ નિર્વિકારપણે સહે, તે બતાવે છે - ભયથી રુંવાડું પણ ન ફરકે અથવા

ત્રણે પ્રકારના ઉપસર્ગો તેણે સહન કરેલા જાણવા. - x - આદિ શબ્દથી દૃષ્ટિ કે મુખવિકાર પણ ન કરે. શૂન્યગૃહમાં રહેલ તેનાથી શ્મશાનમાં રહેલ જિનકલ્પી આદિ પણ લેવા. - વળી -

તે ભયંકર ઉપસર્ગોથી પીડાયેલો જીવિતનો આકાંક્ષી ન બને, અર્થાત્ જીવનનું મમત્વ મૂકી ઉપસર્ગો સહે. પૂજાનો વાંછક ન બને. આ રીતે જીવિત અને પૂજાથી નિરપેક્ષ બનીને વારંવાર શિયાળ, પિશાચાદિના ભયંકર ઉપસર્ગ સમ્યક્તયા સહેતા તે આત્મ સમીપ આવે છે અર્થાત્ શૂન્યાગારમાં આવા ઉપસર્ગો સહેવાથી શીત-ઉષ્ણ આદિ ઉપસર્ગો સુખેથી સહે છે.

**● સૂત્ર-૧૨૭,૧૨૮ :-**

***આત્મરત, સમ્યક્પાલક, એકાંતસ્થાન સેવન કરનાર; તેને ભગવંતે સામાયિક કહ્યું છે, એવા મુનિ ઉપસર્ગ આવતા ભયભીત ન થાય.***

***ઉષ્ણ જળ પીનાર, ધર્મસ્થિત, અસંયમથી લજ્જિત થનાર મુનિને રાજા આદિનો સંસર્ગ અનુચિત છે, કેમકે તે સંસર્ગ તેવા સાધુને સમાધિભંગ કરે છે.***

**● વિવેચન-૧૨૭,૧૨૮ :-**

આત્માને સમીપમાં લીધેલ કે જ્ઞાનાદિથી આત્માને પામનાર તે ઉપનીતતર છે. તથા 'તાड़ण' પર આત્માને ઉપકારી કે રક્ષા કરનાર અથવા સમ્યક્ત્વ પાલક છે, તથા સ્ત્રી, પશુ, પંડક વર્જિત સ્થાન અથવા જ્યાં સ્થાન થાય તે આસન કે વસતિ આદિ યુક્ત મુનિને સમભાવરૂપ સામાયિકાદિ ચારિત્ર સર્વજ્ઞોએ કહ્યું છે, તેથી ચારિત્રીએ ઉક્ત નિયમવાળા થવું. તથા પરિસહ-ઉપસર્ગ જનિત ભયથી ડરપોક ન બને તેને સામાયિક છે.

વળી મુનિ ત્રણ ઉકાળાનું પાણી પીનાર અથવા ઉષ્ણ પાણીને ઠંડુ ન કરીને તપેલું પાણી લેનાર તથા શ્રુત ચારિત્ર નામક ધર્મસ્થિત, અસંયમ પ્રતિ લજ્જાવાન્ બની અસંયમની જુગુપ્સા કરે. આવા મુનિનો રાજાદિ સાથે જે સંબંધ તે અનર્થના હેતુરૂપ હોવાથી અસાધુ છે. યથોક્ત અનુષ્ઠાન કરવા છતાં રાજાદિના સંસર્ગથી દુર્ધ્યાન જ થાય છે. સ્વાધ્યાયાદિ બરાબર થતા નથી.

- પરિહાર્ય દોષ બતાવીને હવે ઉપદેશ આપે છે.

**● સૂત્ર-૧૨૯,૧૩૦ :-**

***કલહ કરનાર, તિરસ્કારપૂર્ણ અને કઠોર વચન બોલનાર ભિક્ષુના સંયમ તથા મોક્ષ નષ્ટ થાય છે, માટે વિવેકી સાધુ કલહ ન કરે.***

***શીતોદકની જુગુપ્સા કરનાર, અપ્રતિજ્ઞ, નિષ્કામ પ્રવૃત્તિથી દૂર તથા ગૃહસ્થના પાત્રમાં ભોજન ન કરનારને ભગવંતે સામાયિક કહેલ છે.***

**● વિવેચન-૧૨૯,૧૩૦ :-**

અધિકરણ એટલે કલહ, તે કરનાર તે અધિકરણકર. આવો ભિક્ષુ કલહ કરનારી ભાષા બોલે તે મોક્ષ કે મોક્ષના કારણરૂપ સંયમનો ધ્વંસ કરે છે. અર્થાત્ ઘણાં કાળે તપ વડે અર્જિત મહાપુણ્ય, કલહ કરતા કે પરોપઘાતી વાણી બોલતાં



તત્ક્ષણ નાશ પામે છે. કહ્યું છે કે - જે પુણ્ય મહાકષ્ટે તપ, નિયમ, બ્રહ્મચર્યથી બાંધ્યુ હોય તે કલહ કરતાં થોડીવારમાં નષ્ટ થાય છે - x - x - માટે આવું જાણીને વિવેકી પુરુષ જરાપણ કલહ ન કરે.

અપ્રાસુક-[સચિત્ત] પાણીની જુગુપ્સા કરનાર-છોડનાર સાધુને નિયાણારૂપ પ્રતિજ્ઞા ન હોય, તથા लव - તે કર્મ, તેનો ત્યાગી અર્થાત્ કર્મબંધના કારણોનો ત્યાગ કરનાર સાધુને, જે ગૃહસ્થના કાંસ્યપાત્રાદિમાં ન જમે તેને સર્વજ્ઞ ભગવંતે સમભાવરૂપ સામાયિક કહેલ છે.

**● સૂત્ર-૧૩૧,૧૩૨ :-**

***તૂટેલ આયુ ફરી સંધાતુ નથી, છતાં અજ્ઞાની જન પાપ કરવાની ધૃષ્ટતા કરે છે, માટે મુનિએ બીજા પાપી છે, હું ધર્મી છું તેવો મદ ન કરવો જોઈએ.***

***ઘણી માયા અને મોહથી આચ્છાદિત પ્રજા સ્વચ્છંદતાથી નષ્ટ થાય છે. પણ મુનિ સંયમમાં પ્રવૃત્તિ કરે, અને શીતોષ્ણાદિ પરીષહો સહન કરે.***

**● વિવેચન-૧૩૧,૧૩૨ :-**

કાળના પર્યાયથી તુટેલું જીવિત ફરી સંધાવું શક્ય નથી, - x - આવું જાણવા છતાં અજ્ઞાની જન પાપ કરવામાં ધૃષ્ટ થાય છે, અસદનુષ્ઠાનથી પણ લજાતો નથી, એવો અજ્ઞાની તેવા અસદનુષ્ઠાનથી અર્જિત કર્મોથી ભરાય છે અથવા ધાન્યાદિ માફક મપાય છે. એમ જાણીને યથાવસ્થિત પદાર્થનો વેત્તા મુનિ મદ ન કરે અર્થાત્ તેવા પાપકૃત્યોમાં હું સારું કરું છું એવો ખોટો મદ ન કરે. ઉપદેશાંતરને કહે છે-

પોત-પોતાના અભિપ્રાય પ્રમાણે કુગતિગમનના એક હેતુ વડે કેટલાક લોક તે ગતિમાં લીન થાય છે. જેમ કોઈ બકરાદિના વધને પોતાના મતે ધર્મસાધન છે તેમ કહે છે, કેટલાંક સંઘાદિને આશ્રીને દાસી-દાસ-ધન-ધાન્યાદિ પરિગ્રહ કરે છે. વળી કેટલાંક કપટીઓ - x - મુગ્ધ પુરુષોને ફસાવે છે, તેઓ કહે છે - કુર્કુટથી આ લોક સાધ્ય છે, કુર્કુટ વિના કંઈ પ્રવર્તતું નથી, તેથી લોકને અર્થે પિતૃને કુર્કુટ દાન કરવું. આ રીતે પ્રજા કપટ પ્રધાન છે. શા માટે ? મોહ-અજ્ઞાનથી આચ્છાદિત, સારા-માઠાના વિવેકથી રહિત છે. આવું જાણીને તે સાધુ પ્રગટ અમાયી કૃત્ય વડે મોક્ષ અથવા સંયમમાં પ્રકર્ષથી લીન થાય અર્થાત્ શોભન ભાવયુક્ત થાય. તથા અનુકૂળ-પ્રતિકૂળ પરીષહોને મન-વચન-કાયાથી સહે.

**● સૂત્ર-૧૩૩,૧૩૪ :-**

***જે રીતે અપરાજિત જુગારી, કુશળ પાસાથી જુગાર રમતો કૃત્ દાવને જ સ્વીકારે છે, કલિ-દ્વાપર કે ત્રેતાને નહીં...તેમ સાધુ આ લોકમાં રક્ષા કરનારા સર્વજ્ઞે જે અનુત્તર ધર્મ કહ્યો છે, તેને કલ્યાણકારી અને ઉત્તમ સમજી ગ્રહણ કરે. પંડિત પુરુષ શેષને છોડીને કૃત્ને જ ગ્રહણ કરે.***

**● વિવેચન-૧૩૩,૧૩૪ :-**

કુજય એટલે જુગારી, જુગારમાં ઘણું જીતે, તો પણ સજ્જનોએ અનર્થનો હેતુ જાણીને નિંદ્યો છે. કોઈ જુગારી પાસે કે કોડીથી રમતાં કુશળ હોવાથી પોતે બીજાથી

ન જીતાય, પણ પોતે જીતે અને જીત્યા પછી તે એક-કલિ, બે-દ્વાપર, ત્રણ-ત્રિક ન લેતાં ચોકડા-કડ વડે રમે છે - તે રીતે -

જેમ જુગારી જીત્યા પછી સર્વોત્તમ દીવ્ય ચતુષ્કને જ ગ્રહણ કરે છે, તેમ મનુષ્યલોકમાં ત્રાયી અર્થાત્ સર્વજ્ઞે કહેલ આ ક્ષાંતિ આદિ લક્ષણ કે શ્રુત-ચારિત્ર નામક ધર્મથી ઉત્તર [અધિક] કોઈ ન હોવાથી અનુત્તર ધર્મ છે. તેને એકાંત હિતકારી અને સર્વોત્તમ માનીને આકાંક્ષા રહિત સ્વીકારે. વળી નિગમન માટે તે જ દૃષ્ટાંત બતાવે છે - જેમ કોઈ જુગારી એકાદિ છોડીને કૃતયુગ-ચતુષ્ક લે છે, તેમ પંડિત સાધુ પણ ગૃહસ્થ, કુપ્રવચની, પાસત્થાદિનો ભાવ છોડીને સર્વોત્તમ ધર્મને ગ્રહણ કરે.

**● સૂત્ર-૧૩૫,૧૩૬ :-**

***ગ્રામધર્મ-મૈથુનસેવન મનુષ્યો માટે દુર્જય છે, એવું મેં સાંભળેલ છે. તેનાથી નિવૃત્ત અને સંયમમાં પ્રવૃત્ત જ ભગવંત ઋષભના અનુયાયી છે.***

***જે મહાન્, મહર્ષિ, જ્ઞાતા મહાવીર દ્વારા કથિત ધર્મનું આચરણ કરે છે તેઓ જ ઉત્થિત, સમુત્થિત છે, એક-બીજાને ધર્મમાં પ્રવૃત્ત કરે છે.***

**● વિવેચન-૧૩૫,૧૩૬ :-**

દુઃખે કરીને જીતાય તેથી પ્રધાન છે. કોનાથી ? બધાથી, પણ ઉપદેશ યોગ્ય માત્ર મનુષ્યો હોવાથી તેમને લીધા. - x - શું દુર્જય છે ? ગ્રામધર્મશબ્દાદિ વિષય કે મૈથુન, એવું સર્વજ્ઞે કહ્યું કે જે મેં પછી સાંભળ્યું છે. આ બધું પૂર્વે કહેલ કે હવે કહેવાનાર બધું આદિ તીર્થંકર ઋષભદેવે પોતાના પુત્રોને કહ્યું જે પરંપરાએ સુધર્માસ્વામી ગણધર સુધી કહેવાયું, તે મેં પણ સાંભળ્યું. માટે અનવદ્ય છે. તેથી આ ઇન્દ્રિયોના દુર્જય વિષયોથી વિરત બની સમ્યક્ સંયમ પાળવા તૈયાર થયેલા છે. તેઓ ઋષભદેવ કે વર્ધમાનસ્વામીના ધર્મને અનુસરનારા છે, તે જ તીર્થંકરપ્રણીત ધર્મના અનુષ્ઠાયી થાય છે - વળી -

જે મનુષ્યો-ગ્રામધર્મ વિરતિ કે જેને જ્ઞાતપુત્ર, જ્ઞાન વડે મહાન્ છે તેણે તથા અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગને સહેનાર મહર્ષિ વર્ધમાન સ્વામીએ કહ્યો છે - તે ધર્મને આદરશે, તે જ સંયમમાર્ગમાં ઉધત થયેલા, કુતીર્થી અને નિહ્નવાદિને ત્યાગીને તથા કુમાર્ગ-દેશના ત્યાગ વડે ઉત્થિત જાણવા. પણ કુપ્રાવચનિક જમાલિ આદિને ન લેવા. ઉપર બતાવેલા યથોક્ત ધર્મ અનુષ્ઠાયી પરસ્પરથી ધર્મ આશ્રીને અથવા ધર્મથી પતિત થતો હોય તેને પ્રેરણા કરીને સારા ધર્મમાં જોડે.

**● સૂત્ર-૧૩૭,૧૩૮ :-**

***પહેલાં ભોગવેલાં શબ્દાદિ વિષયોનું સ્મરણ ન કરવું, કર્મોને નિવારવા ઇચ્છા કરવી, જે વિષયો પ્રતિ આસક્ત નથી, તે સમાધિને જાણે છે.***

***સંયત પુરુષ 'કાથિક', 'પ્રાશ્નિક' અને 'સંપ્રસારક' ન બને, અનુત્તર ધર્મને જાણીને કોઈ વસ્તુ પર મમતા ન કરે.***

**● વિવેચન-૧૩૭,૧૩૮ :-**

દુર્ગતિ કે સંસાર પ્રતિ જીવોને જે નમાવે છે તે પ્રણામક શબ્દાદિ વિષયો જે



પૂર્વે ભોગવેલ છે, તેનું સ્મરણ ન કર, તે સ્મરણ મહા અનર્થને માટે થાય છે, તથા ન ભોગવેલા વિષયની આકાંક્ષા ન કર. વારંવાર ચારિત્રને યોગ્ય અનુષ્ઠાન કર. શા માટે ? દુર્ગતિ તરફ જીવને લઈ જાય તે ઉપધિ એટલે માયા કે આઠ પ્રકારના કર્મ, તેને હણવા તૈયાર થજે. તથા જે દુષ્ટ ધર્મ પ્રતિ લીન છે, કુમાર્ગ અનુષ્ઠાયી છે, તે અન્યતીર્થિ અથવા ઉપતાપકારી જે શબ્દાદિ વિષયો છે, તેમાં મહાસત્વવાળા સાધુ નમી જતા નથી. તેનું આચરણ કરનારા થતાં નથી, પણ સન્માર્ગ અનુષ્ઠાયી, ધર્મધ્યાન રત રહે છે.

દીક્ષિત-સાધુએ ગૌચરી વખતે કથા ન કરવી અથવા ધર્મવિરુદ્ધ, નિંદા કરનારી કે સ્ત્રી આદિ કથા ન કરવી તથા રાજાદિના નિમિત્તિયા રૂપે કે દર્પણાદિ પ્રશ્ન નિમિત્તરૂપ પ્રાશ્નિક ન થવું તથા વૃષ્ટિ, ધન આદિ કથાના સંપ્રસારક ન થવું. અનુત્તર શ્રુત, ચારિત્ર ધર્મ સમજીને વિકથા અને નિમિત્તનો ત્યાગ કરી સમ્યક્ ક્રિયાવાન્ બને- તે બતાવે છે-સંયમ અનુષ્ઠાનની ક્રિયા કરનાર તે કૃતક્રિય છે, તેવો સાધુ-આ મારું છે અને હું તેનો સ્વામી છું એવો પરિગ્રહ-આગ્રહી ન બને.

**● સૂત્ર-૧૩૯,૧૪૦ :-**

***મુનિ માયા, લોભ, માન અને ક્રોધ ન કરે, જેણે કર્મોનો નાશ કરી, સંયમનું સારી રીતે સેવન કરેલ છે, તેમનો જ સુવિવેક જગત્‌માં પ્રસિદ્ધ છે.***

***મુનિ અનાસક્ત, સ્વહિત, સુસંવૃત્ત, ધર્માર્થી, તપમાં પરાક્રમી અને સંયત ઇન્દ્રિય થઈને વિચરે કેમકે આત્મહિત દુઃખથી પ્રાપ્ત થાય છે.***

**● વિવેચન-૧૩૯,૧૪૦ :-**

'छन्नं' એટલે માયા, કેમકે પોતાના અભિપ્રાયને ઢાંકે છે, તે માયા ન કરવી બધાથી પ્રશંસાય-બધા તેનો એક સરખો આદર કરે તે પ્રશસ્ય એટલે લોભ, તે ન કરવો જાતિ આદિ મદ સ્થાનોથી ખેંચે તે ઉત્કર્ષ એટલે માન, તે ન કરવું. - x - મુખ, દૃષ્ટિ, ભ્રૂકુટી વિકારથી પ્રકાશમાં આવે તે ક્રોધ, તે સાધુ ન કરે. તે કષાયોનો જે મહાત્માએ ત્યાગ કર્યો છે, તે જ ધર્મ પ્રતિ પ્રણત છે. અથવા તે જ સત્પુરુષોનો વિવેક પરિજ્ઞાનરૂપે પ્રસિદ્ધિ પામ્યો છે.

તેઓ જ ધર્મમાં પ્રણત છે કે જે મહાસત્વી પુરુષોએ આઠ પ્રકારનાં કર્મ ધોનાર સંયમાનુષ્ઠાનને સેવેલ છે અથવા જે સદનુષ્ઠાયીએ - x - કર્મનો નાશ કર્યો છે તેમને ધર્મમાં પ્રણત જાણવા.

જેનાથી લેપાય તે સ્નેહ, તે સ્નેહરહિત અર્થાત્ સર્વત્ર મમત્વરહિત. અથવા પરીષહ-ઉપસર્ગથી ન હણાય તે અનિહ અર્થાત્ ઉપસર્ગોથી અપરાજિત. પાઠાંતરમાં 'अणह' છે. એટલે 'અનઘ'-નિરવધ અનુષ્ઠાયી. હિત સાથે વર્તે તે સહિત અથવા જ્ઞાનાદિ યુક્ત. સ્વહિત કે આત્મહિત સદનુષ્ઠાન પ્રવૃત્તિથી થાય, તે બતાવે છે - સુસંવૃત્ત તે ઇન્દ્રિય અને મનથી આકાંક્ષા રહિત બને. - x - શ્રુત ચારિત્રરૂપ - x - ધર્મનો અર્થી બને કેમકે સજ્જનો તે ધર્મને જ વાંછે છે તથા તપમાં પરાક્રમી બની સંયમાનુષ્ઠાન કરે, તે સંયત ઇન્દ્રિય છે. કેમકે આત્મહિત તો સંસારમાં ભટકતા ધર્મ

કર્યા વિનાના અનભ્યાસીને દુઃખથી પ્રાપ્ત થાય છે. કહે છે—

આ મનુષ્યભવ દશ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે, તેનાથી આર્યક્ષેત્રાદિની પ્રાપ્તિ દુર્લભ છે, માટે આત્મહિત દુઃખેથી પ્રાપ્ત થાય છે, એમ જાણવું. જેમકે - પૃથ્વીકાયાદિથી ત્રસપણું અને તેમાં પંચેન્દ્રિયત્વ ઉત્કૃષ્ટ છે. તેથી પણ મનુષ્યત્વ અને તેમાં આર્યદેશ, દેશમાં કુળ, કુળમાં જાતિ, જાતિથી રૂપ, રૂપથી બળ શ્રેષ્ઠ છે. બળથી આયુ, આયુથી વિજ્ઞાન, તેથી સમ્યક્ત્વ અને તેમાં શીલ પ્રાપ્તિ દુર્લભ છે. ઉક્ત યોગ્યતા મોક્ષસાધનનો ઉપાય છે, હે સાધુ ! આમાંનુ તે ઘણું મેળવ્યું છે, હવે થોડું જ બાકી છે. માટે જિનોક્ત માર્ગે સમાધિ રાખીને તું ઉદ્યમ કર. અનાર્યનો સંગ છોડીને ઉત્તમ સાધુનો સંગ કરવો તે શ્રેયસ્કર છે - હવે કહે છે -

**● સૂત્ર-૧૪૧,૧૪૨ :-**

***સર્વ જગત્દર્શી જ્ઞાતપુત્ર મહાવીરે સામાયિક કહ્યું છે, નિશ્ચયથી જીવે તે પહેલાં સાંભળેલ નથી અથવા તેનું અનુષ્ઠાન કર્યું નથી.***

***આ રીતે આત્મહિતને દુર્લભ જાણી, ધર્મોમાં મહદ્ અંતર જાણીને ગુરુ ઉપદિષ્ટ માર્ગે ચાલતા, ઘણાં વિરત મનુષ્યોએ આ સંસારસમુદ્રને પાર કર્યો છે - તેમ હું કહું છું -***

**● વિવેચન-૧૪૧,૧૪૨ :-**

જગત્‌ના સર્વભાવદર્શી જ્ઞાતપુત્રે સામાયિકાદિ પ્રરૂપ્યું છે, તે નક્કી પૂર્વે મનુષ્યએ સાંભળેલ નથી અથવા સાંભળેલ હશે તો તે સામાયિકાદિ યથાવસ્થિત આરાધ્યા નહીં હોય. અથવા અવિતહ પાઠ છે અર્થાત્ વિપરીત આરાધેલ હશે. તેથી જીવોને આત્મહિત દુર્લભ કહ્યું. વળી કહે છે—

ઉક્ત રીતે આત્મહિતને અતિ દુર્લભ જાણીને, જૈનેતર તથા જૈનધર્મમાં ઘણું અંતર માનીને અથવા કર્મના વિવરને જાણીને અથવા મનુષ્યત્વ આર્યક્ષેત્રાદિને સદનુષ્ઠાનના અવસર જાણીને શ્રુત ચારિત્રાત્મક જૈનધર્મ, હિત સહ વર્તે તે સહિત, જ્ઞાનાદિ યુક્ત ઘણાં લોકો લઘુકર્મી છે, તે તીર્થંકર કે આચાર્યના કહેલ માર્ગાનુષ્ઠાયી છે, પાપકર્મોથી વિરત થઈને અપાર સંસારસાગરને તર્યા છે.

એમ તીર્થંકરે - x - કહ્યું છે. - x -

**અધ્યયન-૨ ‘વેયાલીય’ - ઉદ્દેશા-૨નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૨, ઉદ્દેશો-૩ 卐

૦ બીજો ઉદ્દેશો કહી હવે ત્રીજો આરંભે છે. તેનો સંબંધ આ પ્રમાણે—

પૂર્વેના ઉદ્દેશાને અંતે ‘વિરત’ને કહ્યા. તેઓને કદાચ પરીષહ આવે તો સહેવા જોઈએ, નિર્યુક્તિકારે પણ પૂર્વે આ કહ્યું છે. અજ્ઞાનથી ઉપચિત કર્મનો અપચય પરીષહ સહેવાથી થાય, માટે પરીષહો સહેવા જોઈએ. આ સંબંધથી આવેલા આ ઉદ્દેશાનું પહેલું સૂત્ર કહે છે—



**● સૂત્ર-૧૪૩,૧૪૪ :-**

***સંવૃત્તકર્મી ભિક્ષુને અજ્ઞાનવશ જે દુઃખ સ્પૃષ્ટ થાય છે, તે સંયમ થકી ક્ષીણ થાય છે, તે પંડિત પુરુષ મરણને લાંઘીને મોક્ષ પામે છે.***

***જે પુરુષો સ્ત્રીઓથી સેવિત નથી, તેઓ મુક્ત પુરુષ જેવા છે, જેણે કામભોગોને રોગ સમાન જાણી લીધા છે, તે પુરુષની જ મુક્તિ થાય છે.***

**● વિવેચન-૧૪૩,૧૪૪ :-**

જેણે કર્મોને રોક્યા છે - x - અથવા મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગરૂપ કૃત્યોને રોકનાર સાધુને અસાતા વેદનીય કે તેના કારણરૂપ આઠ પ્રકારનું કર્મ બદ્ધ, સ્પૃષ્ટ, નિકાચિત છે, તે કર્મ અજ્ઞાન વડે ઉપચિત હોય, તેને ભગવંતે કહેલ સત્તર પ્રકારનો સંયમ આદરવાથી પ્રતિક્ષણે ક્ષય પામે છે તેનો સાર એ કે - જેમ તળાવમાં પાણી હોય, બહારના પાણીને તેમાં આવતુ રોકી દઈએ, તો અંદરનું પાણી સૂર્યના તાપથી સૂકાય છે, એ પ્રમાણે આશ્રવદ્વાર રોકીને સાધુ ઇન્દ્રિય યોગ અને કષાય પ્રતિ સંલીનતા કરવાથી સંવૃતાત્મા થઈ સંયમાનુષ્ઠાન વડે અનેક ભવના અજ્ઞાનોપચિત કર્મો ક્ષય પામે છે. જેઓ સંવૃતાત્મન તથા સદનુષ્ઠાયી વિવેકી પંડિત જન્મ-જરા-મરણ-શોકાદિને તજીને મોક્ષે જાય છે એમ સર્વજ્ઞો કહે છે.

કદાચ કોઈ તે જ ભવમાં મોક્ષ ન પામે, તેને માટે કહે છે - જે મહાસત્ત્વવાળા છે, કામાર્થી સ્ત્રીઓ દ્વારા પ્રાર્થના કરાયા છતાં, તેમણે તેને ભોગવી નથી અથવા અવસાય-ક્ષય લક્ષણથી દૂર થયા છે, તેવાને મોક્ષે ગયેલા સમાન કહ્યા છે. ભવ પાર ન ગયા હોવા છતાં તે નિષ્કિંચનપણે શબ્દાદિ વિષયમાં અપ્રતિબદ્ધ હોવાથી સંસારસમુદ્રના તટે પહોંચેલા છે, તેથી સ્ત્રીના ત્યાગથી જે ઉંચે જાય છે, તે તમે વિચારો. જેઓ ભોગને રોગ સમ જુએ છે, તેને સંતીર્ણ સમા કહ્યા છે. તથા કહ્યું છે કે - ફૂલ, ફળોના રસને, દારુ માંસ સ્ત્રી ભોગને જાણીને તેનાથી જે દૂર થયા છે, તે દુષ્કરકારકને હું વંદુ છું.

અથવા બીજા પાઠ મુજબ ઉર્ધ્વ-સૌધર્માદિ, તિર્યક્-તીર્છાલોક, અધઃભવનપત્યાદિ, તેમાં જે ભોગ છે, તેને રોગ માફક જાણી ત્યાગ્યા છે, તેને તરેલા સમાન જ જાણવા.

- ફરી પણ ઉપદેશ આપે છે—

**● સૂત્ર-૧૪૫,૧૪૬ :-**

***જેમ વણિક દ્વારા લાવેલ ઉત્તમ વસ્તુને રાજા ગ્રહણ કરે છે. તેમ સાધુ, આચાર્ય દ્વારા ઉપદિષ્ટ રાત્રિભોજન ત્યાગ સહિત મહાવ્રતો ગ્રહે છે.***

***આ લોકમાં જે મનુષ્યો સુખશીલ, અત્યાસક્ત, કામમૂર્છિત અને કૃપણ સમાન ધૃષ્ટ છે, તે કહેવા છતાં પણ સમાધિને જાણતા નથી.***

**● વિવેચન-૧૪૫,૧૪૬ :-**

જેમ પ્રધાન રત્ન, વસ્ત્ર, આભરણાદિ દેશાંતરથી કમાઈ લાવેલ વણિક રાજાને અર્પણ કરે, તે તેઓ ધારણ કરે છે, તેમ આ રત્ન સમ પાંચ મહાવ્રતો અને છટ્ઠુ

રાત્રિભોજન વિરમણ વ્રત આચાર્યોએ અર્પણ કરતા સાધુ ધારણ કરે છે. પૂર્વના રત્નો કરતા પણ આ મહાવ્રતરત્ન વિશેષ કિંમતી છે. અર્થાત્ રત્નોનું ભાજન જેમ રાજા છે, તેમ મહાવ્રતોનું ભાજન સાધુઓ જ છે.

જે મનુષ્યો લઘુસત્વી છે, આ મનુષ્યલોકમાં સુખશીલીયા છે, તે આલોક, પરલોકના અપાયોથી ન ડરતા સાતાગૌરવમાં ગૃદ્ધ થયેલા તથા ઇચ્છા મદનરૂપ કામમાં ઉત્કટ તૃષ્ણાવાળા, દીન માફક ઇન્દ્રિયોથી પરાજિત થઈ તેવા ભોગોને સેવતા ધૃષ્ટ બનેલા જેવા છે. અથવા અલ્પ દોષથી જેમકે સમ્યક્ પડિલેહણાદિ ન કરતા કઈ સંયમ વિરાધના થવાની ? એ રીતે પ્રમાદથી ક્રિયામાં સીદાતા સમસ્ત સંયમને કપડાની માફક મેલો કરે છે, તેઓ ધર્મધ્યાનાદિનો ઉપદેશ આપવા છતાં જાણતા નથી

- ફરી ઉપદેશ આપતા કહે છે—

● **સૂત્ર-૧૪૭,૧૪૮ :-**

***જેમ વ્યાધિથી વિક્ષિપ્ત અને પ્રતાડિત બળદ બળહીન થઈ જતાં દુર્બળતા કારણે ભાર વહન કરી શકતો નથી અને કલેશ પામે છે...તેમ કામૈષણાનો જ્ઞાતા આજ-કાલમાં કામભોગ છોડી દઈશ કહે, પણ છોડી શકતો નથી, માટે કામભોગની ઇચ્છા જ ન કરવી. મળ્યા છતાં તેને ન મળેલ જાણવા.***

● **વિવેચન-૧૪૭,૧૪૮ :-**

શિકારી જેમ વિવિધ મૃગાદિ પશુને અનેક પ્રકારે કૂટ-પાશાદિથી પરવશ કરે કે થકાવી દે, ચાબુકથી નિર્બળ થાય એટલે થાકવાથી દોડી ન શકે અથવા વહન કરનાર ગાડાવાળો જો બળદ બરાબર ન ચાલે તો પરોણાદિથી મારતા તે બળદ નિર્બળ બની મરી જાય તો પણ ભાર વહન ન કરી શકે, વિષમ પથે જઈ ન શકે અને ત્યાં જ કાદવ આદિમાં ખેદ પામે. આ દૃષ્ટાંતથી બોધ આપે છે—

આ રીતે શબ્દાદિ વિષયોની પ્રાર્થના કરવામાં નિપુણ તે કામ પ્રાર્થનાસક્ત શબ્દાદિ કાદવમાં મગ્ન બનીને તે આજે કે કાલે કામસંબંધ-પરિચય તજીશ એવા અધ્યવસાયથી રહે છે, પણ તે ભોગોને નિર્બળ બળદ જેમ વિષમ માર્ગને છોડવા સમર્થ ન થાય તેમ છોડવા સમર્થ થતો નથી. પણ ડાહ્યો સાધુ કામી થાય તો પણ આલોક-પરલોકના અપાયો ગુરુ પાસે જાણવાથી શબ્દાદિ વિષયોને વજસ્વામી કે જંબૂસ્વામી માફક ઇચ્છતા નથી તથા ક્ષુલ્લકકુમાર માફક કોઈ નિમિત્ત - x - મળતા બોધ પામીને પ્રાપ્ત ભોગોને ન મળેલા જાણીને મહાસત્વપણે તેનાથી નિસ્પૃહ થાય-કામભોગ શા માટે છોડવા ?

● **સૂત્ર-૧૪૯,૧૫૦ :-**

***પછી અસાધુતા ન થાય તે માટે સાધુ સ્વયંને અનુશાસિત કરે - હે આત્મન્ ! અસાધુ દુર્ગતિમાં ગયા બાદ શોક, હાયહાય અને વિલાપ કરે છે.***

***આ લોકમાં જીવનને જુઓ, સો વર્ષનું આયુ યુવાવસ્થામાં જ નષ્ટ થઈ જાય છે. આ જીવનને થોડા દિવસનો નિવાસ સમજો, ગૃદ્ધ મનુષ્યો જ કામભોગોમાં મૂર્છિત બને છે.***



● **વિવેચન-૧૪૯,૧૫૦ :-**

પછી મરણકાળે કે ભવાંતરે કામના સંબંધથી કુગતિગમનાદિ અસાધુતા પ્રાપ્ત થશે માટે આત્માને વિષયસંગથી દૂર રાખ તથા આત્માને સમજાવ કે હે જીવ ! જે અસાધુકર્મકારી હિંસા, જૂઠ, ચોરી આદિમાં પ્રવૃત્ત થઈ દુર્ગતિમાં જાય પછી અતિ શોક કરે છે, તે પરમાધામીથી પીડા પામી, તિર્યંચમાં ભૂખ-તરસથી પીડાઈ બરાડા પાડતો નિઃશાસા નાંખે છે, ઘણો વિલાપ કરે છે, રડે છે - હે મા ! હું મરું છું, મને કોઈ બચાવનાર નથી. દુષ્કૃત કરનારા પાપીને મને કયું શરણ છે ? આ રીતે અસાધુકારીને દુઃખ પ્રાપ્ત થાય છે, તેથી વિષય સંગ ન કરવો એ પ્રમાણે આત્માને અનુશાસિત કરે.

વળી-આ સંસારમાં બીજો ભવ તો દૂર રહો, પણ આ ભવમાં જ સર્વ સુખમાં અનિત્યતા રહી છે તથા આવીચિમરણ વડે પ્રતિક્ષણ આયુ નાશ પામે છે અથવા સર્વ આયુ ક્ષય થાય છે. સો વર્ષનું આયુ પણ કોઈપણ નિમિત્તરૂપ ઉપક્રમ આવતાં નાશ પામે છે અથવા લાંબુ આયુ હોય તો પણ સો વર્ષના અંતે તો તૂટે જ છે, આ આયુ પણ સાગરોપમની અપેક્ષાએ આંખના પલકારા જેવું થોડા કાળના નિવાસ જેવું છે, તેમ જાણ. આવું અલ્પાયુ છતાં હીનપુણ્ય જીવ શબ્દાદિ વિષયોમાં ગૃદ્ધ થઈ મૂર્છા પામી, ત્યાં જ આસક્ત ચિત્ત થઈને નરકાદિ યાતના સ્થાનમાં જાય છે.

- પણ -

● **સૂત્ર-૧૫૧,૧૫૨ :-**

***આ લોકમાં જેઓ આરંભમાં આસક્ત છે, આત્મદંડી, એકાંત હિંસક છે, તેઓ ચિરકાળ માટે નરકાદિ પાપલોકમાં જાય છે કે અસુર દેવ થાય છે.***

***જીવન તૂટ્યા પછી સંધાતુ નથી, તો પણ અજ્ઞાની મનુષ્યો ધૃષ્ટતા કરતા કહે છે - અમને વર્તમાન સુખનું પ્રયોજન છે, પરલોક કોણે જોયો છે ?***

● **વિવેચન-૧૫૧,૧૫૨ :-**

જે કોઈક મહામોહાકુલિત ચિત્તવાળા બનીને આ મનુષ્યલોકમાં સાવધ અનુષ્ઠાનરૂપ હિંસાદિમાં નિશ્ચયથી આસક્ત છે, તેઓ આત્માને દંડે છે, માટે આત્મદંડક છે તથા એકાંતે પ્રાણીના હિંસક અથવા સદનુષ્ઠાન ધ્વંસક છે. તે પાપકર્મકારીના સ્થાન એવા નરકાદિમાં દીર્ઘકાળ રહેવા જવાના છે. તથા બાળતપથી આસુરીગતિમાં દાસ જેવા દેવતા અથવા કિલ્બિષિક જેવા અધમ દેવતા થાય છે.

વળી તૂટેલું આયુ સાંધવુ શક્ય નથી, એમ સર્વજ્ઞો કહે છે. જેમકે - ડંકા વગાડીને રાત્રિ-દિવસ વીતે છે, આયુ ઘટતું જાય છે, પણ ગયેલો સમય પાછો આવતો નથી, આ રીતે જીવોનું આયુ ક્ષય પામે છે. છતાં અજ્ઞાની લોકો નિર્વિવેકથી અસદનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરતા ધૃષ્ટતા ધરે છે અર્થાત્ પાપકર્મ કરતાં લજાતો નથી. અજ્ઞજનને પાપકર્મ કરતી વેળા કોઈ હિતવચન કહે તો પણ જૂઠી પંડિતાઈના ગર્વથી કહે છે - વર્તમાનમાં જીવવું, ભૂત ગયું અને ભાવિ આવ્યુ નથી, માટે બુદ્ધિમાને વર્તમાન વડે પ્રયોજન સાધવું. [તેઓ કહે છે-] આ લોક જ વિદ્યમાન છે, પરલોક નહીં - x - x - તેઓ કહે છે - હે સુંદરી ! - x - ખા, પી, વીતી ગયું તે તારું નથી,

હે બીકણ ! ગયેલું પાછું નથી આવતું. આ શરીર પુદ્‌ગલ સમૂહ માત્ર છે; જેટલો ઇન્દ્રિયોથી અનુભવાય તેટલો જ લોક પુરુષ છે, હે ભદ્રે ! બાકી બધાં શાસ્ત્રો મિથ્યા છે. - x - આ પ્રમાણે આ લોકના સુખાભિલાષી અને પરલોકને ગોપવનારા નાસ્તિકને ઉત્તર આપે છે—

● **સૂત્ર-૧૫૩,૧૫૪ :-**

***હે અંધતુલ્ય પુરુષ ! તું સર્વજ્ઞોક્ત સિદ્ધાંતમાં શ્રદ્ધા કર. મોહનીય કર્મના પ્રભાવથી અંધ થયેલ દૃષ્ટિવાળા જ સિદ્ધાંતની શ્રદ્ધા ન કરે.***

***દુઃખીજન વારંવાર મોહને વશ થાય છે, તેથી સાધુ નિંદા અને સ્તુતિથી દૂર રહે, જ્ઞાનાદિ સંપન્ન સાધુ બધાં પ્રાણિને આત્મ સમ જુએ.***

● **વિવેચન-૧૫૩,૧૫૪ :-**

દેખે તે દેખતો, ન દેખે તે અંધ. આ અંધ સમાન અર્થાત્ કાર્ય-અકાર્યના વિવેકથી રહિત તે અંધતુલ્ય જાણવો. તેને ઉદ્દેશીને કહે છે - હે અંધતુલ્ય ! તું પ્રત્યક્ષ એકલાને જ માને છે, તેથી કાર્ય-અકાર્યના વિવેકથી અજાણ છે. માટે તું સર્વજ્ઞના આગમમાં કહેલને પ્રમાણ કર. કેમકે એકલા પ્રત્યક્ષને માનતા સમસ્ત વ્યવહાર વિલોપવાથી હણાયેલો છે, એ રીતે પિતાનો વ્યવહાર પણ અસિદ્ધ થશે. હે અસર્વજ્ઞના દર્શનને માનનાર વાદી ! તું, સ્વયં અર્વાગ્‌દર્શી છે, તેવા દર્શનને પ્રમાણ કરવાથી કાર્ય-અકાર્યના વિવેકરહિતપણાથી સર્વજ્ઞ વચનને નહીં આદરે તો અંધવત્ બનીશ.

— અથવા તું અદક્ષ-અનિપુણ હો કે દક્ષ-નિપુણ હો, જેવો-તેવા હો કે અચક્ષુ દર્શનવાળો હો; તો પણ કેવળ-સર્વજ્ઞથી પ્રાપ્ત હિત વચનને માન. તેનો સાર એ કે - નિપુણ કે અનિપુણે સર્વજ્ઞના વચનને માનવું અથવા હે અદૃષ્ટ-અર્વાગ્ દર્શનવાળા ! તું અતીત, અનાગત, સૂક્ષ્મપદાર્થોને દેખનારા જ્ઞાનીનું આગમ વચન માન. હે અદૃષ્ટદર્શન ! અસર્વજ્ઞ ઉક્ત શાસન અનુયાયી ! પોતાનો કદાગ્રહ છોડી સર્વજ્ઞોક્ત માર્ગની શ્રદ્ધા કર. આવા જીવોનું દર્શન અતિશયથી નિરુદ્ધ છે, તેનો બોધ ઢંકાઈ ગયો છે માટે તે સર્વજ્ઞના માર્ગમાં શ્રદ્ધા કરતો નથી.

તેનો બોધ શાથી ઢંકાયેલ છે ? મોહ કરાવે તે મોહનીય-મિથ્યા દર્શનાદિ કે જ્ઞાનાવરણીયાદિ સ્વકૃત્ કર્મો વડે ઢંકાયેલા દર્શનવાળા પ્રાણી સર્વજ્ઞ કથિત માર્ગની શ્રદ્ધા કરતા નથી, તેથી તેવાને પ્રેરણા કરે છે.

૦ અસાતા વેદનીયના ઉદયથી કે તેના કારણોથી દુઃખી થઈ પ્રાણી વારંવાર મોહ પામે છે - સદ્ અસદ્ વિવેકરહિત બને છે. અર્થાત્ દુઃખને અનુભવતો મૂઢ બનીને ફરી પાપ કરી વારંવાર સંસારસાગરમાં અનંતકાળ ભમે છે. તેથી મોહ છોડીને સમ્યગ્ રીતે ઉત્થિત થઈ, સ્તુતિરૂપ આત્મશ્લાઘા અને વસ્ત્રાદિ લાભરૂપ પૂજનને પરિહરે. એ રીતે વર્તતો સ-હિત કે જ્ઞાનાદિયુક્ત થઈને દીક્ષા લઈ; બીજા જીવોને સુખના વાંછક તથા દુઃખના દ્વેષી જાણીને-દરેકને પોતાના આત્મવત્ માની તે પ્રાણીને બચાવે.



● **સૂત્ર-૧૫૫,૧૫૬ :-**

***ગૃહસ્થપણે રહીને, શ્રાવકધર્મ પાળીને ક્રમશઃ પ્રાણી હિંસાથી જે પુરુષ નિવૃત્ત થાય છે, સર્વ પ્રાણીમાં સમભાવ રાખે છે, તે સુવ્રતી સ્વર્ગે જાય છે.***

***ભગવંતના આગમને સાંભળીને, તેમાં કહેલ સત્ય-સંયમમાં ઉદ્યમી થવું. કોઈના પર મત્સર ન કરવો અને વિશુદ્ધ ભિક્ષા લાવી વિચરવું.***

● **વિવેચન-૧૫૫,૧૫૬ :-**

ગૃહવાસમાં રહેલ મનુષ્ય પણ આનુપૂર્વીએ ગુરુ પાસે ધર્મ શ્રવણ કરે, યથાશક્તિ આદરે, સમ્યક્તયા યતનાથી વર્તી જીવ-ઉપમર્દનથી દૂર રહે - શા માટે ? જે કારણથી પોતાને અને બીજાને સમાન માની યતિ અને ગૃહસ્થમાં સમભાવ રાખે અથવા જિન-પ્રવચનાનુસાર એકેન્દ્રિયાદિમાં સમભાવ રાખે, આ સમતા વડે ગૃહસ્થ પણ સુવ્રતી થઈ દેવલોકે જાય, તો પછી મહાસત્વપણે પંચમહાવ્રતધારી સાધુ માટે તો કહેવું જ શું ?

વળી જ્ઞાન-ઐશ્વર્યયુક્ત સર્વજ્ઞની આજ્ઞા કે આગમને સાંભળીને તેમના આગમમાં કે તેમના કહેલ સંતપુરુષને હિતકારી સંયમમાં લઘુકર્મી બની, તેને પાળવામાં ઉદ્યમ કરે. તે માટે સર્વત્ર મત્સર ત્યાગી, રાગ-દ્વેષ છોડી, ક્ષેત્ર-વાસ્તુ-ઉપધિ-શરીરનું મમત્વ મૂકી સાધુ બનીને ૪૨-દોષરહિત આહાર લઈ ભિક્ષા વડે પોતાનો નિર્વાહ કરે. - વળી -

● **સૂત્ર-૧૫૭,૧૫૮ :-**

***ધર્માર્થી બધું જાણીને બળ-વીર્ય ગોપવ્યા વિના સંવર કરે, ગુપ્ત અને જ્ઞાનાદિ યુક્ત બની સદા યતના કરે, મોક્ષનો અભિલાષી થઈ વિચરે.***

***અજ્ઞાની જન ધન, પશુ અને જ્ઞાતિજનોને શરણ માને છે. તે માને છે કે તેઓ મારા છે, હું તેમનો છું, પણ વસ્તુતઃ તે ત્રાણ અને શરણ નથી.***

● **વિવેચન-૧૫૭,૧૫૮ :-**

આ હેય છે - ઉપાદેય છે, એમ જાણીને સર્વજ્ઞોક્ત સર્વસંવરરૂપ માર્ગનો આશ્રય લે. - x - પરમાર્થથી બીજા અર્થો અનર્થરૂપ જાણીને ધર્મને જ પ્રયોજનરૂપ માને તે ધર્માર્થી. તે બળ-વીર્યને ગોપવે નહીં. તથા મન-વચન-કાયાથી ગુપ્ત અર્થાત્ સુપ્રણિહિત યોગવાળા બને. જ્ઞાનાદિથી યુક્ત બની સર્વકાળ આત્મા તથા પરમાં સમભાવે વર્તે - કેવો બનીને ? પરમ એટલે ઉત્કૃષ્ટ અને આયત એટલે દીર્ઘ. પરમ આયત એટલે મોક્ષ. તેનો અર્થી-અભિલાષી બનીને પૂર્વોક્ત વિશેષણથી વિશિષ્ટ બને - બીજી રીતે કહે છે—

ધન, ધાન્ય, સુવર્ણાદિ-વિત્ત. હાથી, ઘોડા, ગાય આદિ પશુ. માતા, પિતા, પુત્ર આદિ સ્વજન. આ બધાનું શરણ અજ્ઞાની માને છે - તે બતાવે છે - આ વિત્ત, પશુ, જ્ઞાતિ મારા ઉપયોગમાં આવશે, હું તેના અર્જન-પાલન અને સંરક્ષણાદિ વડે બીજા ઉપદ્રવ દૂર કરીશ, એવું તે અજ્ઞાની માને છે પણ તે જાણતો નથી કે જેને માટે ધનને ઇચ્છે છે, તે શરીર અશાશ્વત છે. વળી - ઋદ્ધિ સ્વભાવથી જ ચંચળ છે, રોગ અને વૃદ્ધત્વથી શરીર હણાયેલું છે, બંને જવાના સ્વભાવવાળા છે, તેનો સંબંધ કેટલો કાળ

રહેવાનો ? તથા હજારો માતાપિતા અને સેંકડો પુત્ર-પત્નીઓ પૂર્વ જન્મોમાં કર્યા. કોણ માતા અને કોણ પિતા ? ધન આદિ કશું નરકમાં પડતા શરણ કે રક્ષણરૂપ થતા નથી, રાગ કરનારાને પીડા થતાં, તેને કોઈ બચાવનાર નથી. તે જ કહે છે—

● **સૂત્ર-૧૫૯,૧૬૦ :-**

***દુઃખ આવતા જીવ એકલો જ તે ભોગવે છે, ઉપક્રમથી આયુ નષ્ટ થતાં એકલો જ પરલોકે જાય છે. તેથી વિદ્વાનો કોઈને શરણ માનતા નથી.***

***બધા પ્રાણી સ્વયંકૃત્ કર્મોથી 'કલ્પિત' છે. અવ્યક્ત દુઃખથી પીડિત છે. તે શઠ જીવો જન્મ-જરા-મરણના દુઃખો ભોગવે છે અને ભયાકૂળ થઈ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરે છે.***

● **વિવેચન-૧૫૯,૧૬૦ :-**

પૂર્વે બાંધેલ અસાતા વેદનીયના ઉદયથી દુઃખ આવે ત્યારે જીવ એકલો જ દુઃખ ભોગવે છે. જ્ઞાતિ કે ધન કંઈ કામ આવતા નથી. કહ્યું છે કે - સ્વજન મધ્યે રહેલ રોગી એકલો જ રોગ ભોગવે છે, સ્વજનો તેનો રોગ ઓછો કે નિર્મૂળ કરી શકતા નથી. અથવા ઉપક્રમથી કે આયુ ક્ષય થતાં મરણ આવતા જીવ એકલો જ જાય છે અથવા બીજેથી આવે છે. તેથી વિવેકી-યથાવસ્થિત સંસાર સ્વભાવનો જ્ઞાતા, તેઓનું જરાપણ શરણ માનતો નથી. - શા માટે ?

- આત્મા પોતે જ પોતાના રક્ષક છે.

એકને જ જન્મ, મરણ, શુભાશુભ ગતિ ભવાવર્ત્તમાં થાય છે, તેથી આત્માએ હંમેશાને માટે આત્મહિત કરવું. જીવ એકલો જ કર્મ કરે છે, તેના ફળ પણ એકલો જ ભોગવે છે, એકલો જ જન્મે છે - મરે છે અને પરલોકમાં જાય છે.

વળી સર્વે સંસાર ઉદરના વિવરમાં રહેનારા પ્રાણીઓ સંસારમાં ભટકતાં સ્વ-કૃત જ્ઞાનાવરણીયાદિ કર્મ વડે સૂક્ષ્મ-બાદર પર્યાપ્તક - અપર્યાપ્તક એકેન્દ્રિયાદિ ભેદે રહેલા છે. તે જ કર્મો વડે એકેન્દ્રિયાદિ અવસ્થામાં અવ્યક્ત-મસ્તક શૂળાદિ, વ્યક્ત-કોઢ વગેરે રોગોના દુઃખોથી યુક્ત સ્વભાવથી જ પ્રાણીઓ - x - તે જ યોનિમાં ભયાકૂળ બનીને શઠકર્મ કરીને - x - ગર્ભાધાનાદિ દુઃખોથી પીડાય છે.

● **સૂત્ર-૧૬૧,૧૬૨ :-**

***મેધાવી, આ ક્ષણને જાણે, બોધિની પ્રાપ્તિ સુલભ નથી, એમ વિચારે. એ પ્રમાણે ભગવંત ઋષભદેવ અને અન્ય તીર્થંકરોએ પણ કહ્યું છે.***

***હે ભિક્ષુઓ ! જે તીર્થંકરો પૂર્વે થઈ ગયા અને હવે થશે, તે બધા સુવ્રત પુરુષોએ તથા ભગવંત ઋષભના અનુયાયીઓએ પણ આ ગુણોને મોક્ષનું સાધન બતાવેલ છે.***

આ પ્રત્યક્ષ, સામે દેખાવાથી કહે છે - આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, લક્ષણ ક્ષણને જાણીને તેને ઉચિત કર. દ્રવ્ય એટલે ત્રસપણું, પંચેન્દ્રિયત્વ, સુકુલ ઉત્પતિ, મનુષ્યત્વ. ક્ષેત્ર તે સાડા પચીશ આર્યદેશ. અવસર્પિણી કાળનો ચોથો આરો વગેરે - ધર્મ પ્રાપ્તિ લક્ષણ. ભાવ-તે ધર્મશ્રવણ, તેની શ્રદ્ધા, ચારિત્રાવરક કર્મના ક્ષયોપશમથી



એકાંત હિતકારક વિરતિ લેવાનો ઉત્સાહ છે. આવી ક્ષણ-અવસર જાણીને ધર્મ કર. વળી સમ્યગ્દર્શન પ્રાપ્તિરૂપ બોધિ સુલભ નથી. એવું જિનેશ્વરે કહેલું જાણીને તેની પ્રાપ્તિ માટે તેને અનુરૂપ કાર્ય કર. જેણે ધર્મ કર્યો નથી તેવાને બોધિ દુર્લભ છે. કહ્યું છે કે - મળેલ બોધિમાં ધર્મ ન કરતાં ભાવિ બોધિની પ્રાર્થના કરે છે, તો તને પૂછું છું કે બીજી બોધિ કયા મૂલ્યથી મૂલવીશ ?

આ પ્રમાણે ઉત્કૃષ્ટથી અર્ધ પુદ્ગલ પરાવર્ત પ્રમાણ કાળે ફરી બોધિ મળે છે, આવું જાણીને જ્ઞાનાદિ સહિત થઈ બોધિનું દુર્લભત્વ વિચારજે. અથવા अहियासए પાઠ છે - તેથી - ઉદયમાં આવેલા પરીષહોને સમતાથી સહન કરજે. આવું રાગદ્વેષને જિતનાર જિન ઋષભદેવે પોતાના પુત્રોને ઉદ્દેશીને કહ્યું, તથા અન્ય તીર્થંકરોએ પણ કહ્યું છે, તે કહે છે—

હે સાધુઓ ! સર્વજ્ઞ ભગવંત પોતાના શિષ્યોને કહે છે - પૂર્વે જે જિનેશ્વરો થયા અને ભાવિમાં થશે. તેઓ શોભનવ્રતી છે, તેથી તેમનામાં સુવ્રતપણાથી જ જિનત્વ આવ્યું છે, તે બધાં જિનેશ્વરો. ઉક્ત ગુણોને કહેનારા છે, સર્વજ્ઞોમાં આ વિશે કોઈ મતભેદ નથી - તે બતાવ્યું છે. ઋષભદેવ કે વર્ધમાનસ્વામીના ધર્મને આચરનારા છે, તેથી કહ્યું કે - સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાત્મક એક જ મોક્ષમાર્ગ છે. - x -

● **સૂત્ર-૧૬૩,૧૬૪ :-**

***ત્રિવિધ યોગથી પ્રાણીની હિંસા ન કરે. આત્મહિતમાં રહી અનિદાન બનીને સંવૃત્ત રહે. એ રીતે અનંત જીવ સિદ્ધ થયા છે - થાય છે - થશે.***

***આ પ્રમાણે અનુત્તર જ્ઞાની, અનુત્તરદર્શી, અનુત્તર જ્ઞાનદર્શનધર, અર્હત્, જ્ઞાતપુત્ર, વૈશાલિક, ભગવંત મહાવીરે કહ્યું - તે હું કહું છું.***

● **વિવેચન-૧૬૩,૧૬૪ :-**

મન, વચન, કાયાથી અથવા કરવા, કરાવવા, અનુમોદવા વડે દશવિધ પ્રાણને ધારણ કર્તા પ્રાણીને ન હણો. આ પ્રથમ મહાવ્રત છે, ઉપલક્ષણથી બીજા મહાવ્રતો પણ લેવા તથા આત્માનું હિત છે, જેને સ્વર્ગાદિની પ્રાપ્તિરૂપ ઇચ્છા નથી, તે અનિદાન છે. તથા ઇન્દ્રિય અને મનથી અથવા મન, વચન, કાયાથી સંવૃત્ત, ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત છે. આવા ગુણવાળા અવશ્ય સિદ્ધિ-મોક્ષને પામે છે, તે દર્શાવે છે—

પૂર્વોક્ત માર્ગના અનુષ્ઠાનથી અનંતા મનુષ્યો સર્વકર્મક્ષય કરી સિદ્ધ થયા છે અથવા સંવૃત્ત થઈ વિશિષ્ટ સ્થાનના ભાગી થયા છે તથા વર્તમાનકાળે યોગ્ય સમયે સિદ્ધ થાય છે, ભાવિમાં આ માર્ગે ચાલનારા જ સિદ્ધ થશે. બીજો કોઈ સિદ્ધિ માર્ગ નથી.

આવું સુધર્માસ્વામી જંબૂસ્વામી આદિ પોતાના શિષ્યોને કહે છે - તે ઋષભસ્વામીએ પોતાના પુત્રોને ઉદ્દેશીને બતાવ્યું. આથી પ્રધાન બીજું કોઈ નથી માટે અનુત્તર છે. તેવા અનુત્તર જ્ઞાની, અનુત્તરદર્શી-સામાન્ય વિશેષ પરિચ્છેદક અવબોધ સ્વભાવ, આ રીતે બૌદ્ધ મતના નિરાસ દ્વારા જ્ઞાનાધાર રૂપ જીવ બતાવવા કહે છે - અનુત્તર જ્ઞાનદર્શન ધર - કંઈક અંશે ભિન્ન જ્ઞાન દર્શન આધાર. अर्हन् સુરેન્દ્રાદિથી

પૂજાને યોગ્ય જ્ઞાતપુત્ર વર્ધમાનસ્વામી કે ઋષભસ્વામી. ભગવાન્ - ઐશ્વર્ય આદિ ગુણ યુક્ત પ્રભુએ વિશાલા નગરીમાં અમને કહ્યું અથવા વિશાલ કુલમાં જન્મ્યા માટે ઋષભદેવ વૈશાલિક કહેવાયા. કહ્યું છે કે—

જેની માતા વિશાળ પુન્યવતી છે, જેનું કૂળ વિશાળ છે, જેનું વચન વિશાળ છે, તેથી જિનને વૈશાલિક કહે છે.

અધ્યયન-૨ 'વેયાલિય' ઉદ્દેશા-૨નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિત અનુવાદ પૂર્ણ

ઇતિ શબ્દ પરિસમાપ્તિ સૂચક છે, હું તમને કહું છું, નયો પૂર્વવત્.

## 卐 શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૨, ટીકાનુવાદ પૂર્ણ 卐

- x - x - x - x - x - x -





## ❀ શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૩ ઉપસર્ગ પરિજ્ઞા ❀

● ભૂમિકા :-

બીજું અધ્યયન કહ્યું, હવે ત્રીજું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અનંતર અધ્યયનમાં જૈનદર્શન-જૈનેતર મત કહ્યો. જૈનેતર મતના દોષો અને જૈનદર્શનના ગુણો જાણીને જૈનદર્શનમાં બોધ મેળવવા કહ્યું. તે પ્રતિબોધ પામી દીક્ષિત થયેલાને કદાચ - x - ઉપસર્ગો આવે તો સમભાવે સહેવા તે માટે આ અધ્યયન કહે છે. આ સંબંધે આવેલા આ અધ્યયનના અનુયોગ દ્વારો ચાર છે. તેમાં અધ્યયન અને ઉદ્દેશાના બે અર્થાધિકારો છે. - x - તેમાં ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર કહેશે. નામ નિષ્પન્ન નિક્ષેપો કહે છે—

[નિ.૪૫-] ઉપસર્ગો નામ સ્થાપના દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવ ભેદથી છ પ્રકારે છે. નામ, સ્થાપનાને છોડીને દ્રવ્ય ઉપસર્ગ કહે છે - દ્રવ્ય ઉપસર્ગ બે પ્રકારે છે. ઉપસર્ગકર્તા દ્રવ્ય ચેતન, અચેતન બે ભેદે છે. તેમાં તિર્યંચ, મનુષ્ય આદિ પોતાના અવ્યવ વડે ઘાત કરે તે સચિતદ્રવ્ય ઉપસર્ગ છે. લાકડાં વગેરે અચિત દ્રવ્ય ઉપસર્ગ છે. - x - તેમાં ઉપસર્ગ-ઉપતાપ એટલે શરીરમાં પીડા કરવી વગેરે છે. તિર્યંચ-મનુષ્ય ઉપસર્ગાદિ કે નામાદિ તેના ભેદો છે. તત્ત્વની વ્યાખ્યા પાછલી અડધી ગાથાથી કહે છે. દિવ્યાદિ-બીજા તરફથી જે પીડા થાય તે આગંતુક ઉપસર્ગ છે, તે દેહ અથવા સંયમને પીડા કરનાર છે. હવે ક્ષેત્ર ઉપસર્ગ કહે છે—

[નિ.૪૬-] જે ક્ષેત્રમાં સામાન્યથી ક્રૂર, ચોર આદિ ઉપસર્ગ સ્થાનો હોય તે ક્ષેત્ર ''બહુ ઓઘપદ'' છે. પાઠાંતરમાં ''બહુ ઓઘભય'' પાઠ છે. એટલે જ્યાં ઘણાં ભયસ્થાનો છે, તે લાઢ આદિ ક્ષેત્રો જાણવા.

કાળ ઉપસર્ગ તે એકાંત દુઃષમાદિ આરો આદિ શબ્દથી જે ક્ષેત્રમાં ગ્રીષ્મ આદિ અતિ દુઃખદાયી કાળ લેવો - ભાવ ઉપસર્ગ તે જ્ઞાનાવરણીયાદિ કર્મો.

આ બધાં ઉપસર્ગો સામાન્યથી ઔઘિક, ઉપક્રમિક બે ભેદે છે તેમાં અશુભ કર્મ જનિત તે ઔઘિક ભાવ ઉપસર્ગ, દંડાદિ શસ્ત્રથી અસાતા વેદનીય ઉદયથી થતી પીડા તે ઔપક્રમિક ઉપસર્ગ છે, તેને હવે વર્ણવે છે—

[નિ.૪૭-] ઉપક્રમણ તે ઉપક્રમ. ઉદયમાં ન આવેલ કર્મો ઉદયમાં આવવા તે. તે જે દ્રવ્યના ઉપયોગથી કે દ્રવ્ય વડે અસાતા વેદનીયાદિ અશુભ કર્મ ઉદીરાય અને જેના ઉદયથી અલ્પસત્વીને સંયમમાં વિઘાત થાય છે તેથી તે ઔપક્રમિક ઉપસર્ગ સંયમવિઘાતકારી છે. અહીં મોક્ષ પ્રતિ પ્રવૃત્ત યતિને મોક્ષના અંગરૂપ સંયમમાં જે વિઘ્નહેતુ છે તે બનાવે છે. તેમાં ઔઘિક અને ઔપક્રમિકમાં ઔપક્રમિકનો અહીં અધિકાર છે. તે દ્રવ્ય વિષય ચિંતવતા ચાર પ્રકારે છે - દેવતાનો, મનુષ્યનો, તિર્યંચનો, આત્મસંવેદનનો.

[નિ.૪૮-] ઉક્ત દેવતાદિ ઉપસર્ગ પ્રત્યેક ચાર-ચાર ભેદે છે. તેમાં દેવતાસંબંધી - હાસ્યથી, દ્વેષથી, વિમર્શથી, પૃથગ્વિમાત્રાથી. મનુષ્યનો - હાસ્ય, દ્વેષ, વિમર્શ,

કુશીલ સેવનથી. તિર્યચનો - ભય, દ્વેષ, આહાર, સંતાન રક્ષણથી. આત્મસંવેદન - ઘટ્ટનથી, લેશથી; તે આંગળી વગેરેના સ્પર્શરૂપ, તથા સ્તંભન અને પ્રપાતનથી. અથવા વાત, પિત, શ્લેષ્મ, સંનિપાતથી. આ દિવ્યાદિ ચારે ને ચારે વડે ગુણતાં ૧૬-ભેદ થાય. પ્રાપ્ત થતાં - x - આ ઉપસર્ગો સમ્યક્ પ્રકારે સહેવા અંગે - x - પછી કહેશે.

[નિ.૪૯,૫૦-] પહેલા ઉદ્દેશામાં પ્રતિકૂળ ઉપસર્ગોનું વર્ણન છે, બીજામાં સ્વજનાદિએ કરેલા અનુકૂળ ઉપસર્ગો છે, ત્રીજામાં આત્માનું વિષીદન અને પરવાદીનું વચન છે...ચોથામાં હેત્વાભાસ વડે અન્યતીર્થિકો જૈન સાધુને બહેકાવે અને વ્યામોહિત કરે તો તેમને યથાવસ્થિત અર્થપ્રરૂપણા થકી સ્વસમય પ્રતીત નિપૂણ હેતુઓ વડે બોધ આપેલ છે.

## ૐ અધ્યયન-૩ - ઉપસર્ગપરિજ્ઞા - ઉદ્દેશો-૧ ૐ

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહે છે—

• **સૂત્ર-૧૬૫,૧૬૬ :-**

***કોઈ વિજેતાનું દર્શન ન થાય, ત્યાં સુધી કાયર પોતાને શૂરવીર સમજે છે. જેમ શિશુપાળ દૃઢધર્મી મહારથ કૃષ્ણને યુદ્ધમાં આવતા જોઈને ક્ષોભ પામ્યો...સંગ્રામમાં ઉપસ્થિત, પોતાને શૂર માનનાર યુદ્ધના અગ્રભાગે તો જાય છે, પણ જેમ માતા યુદ્ધ વિક્ષિપ્ત પુત્રનું ભાન ભૂલી જાય છે, તેમ તે પુરુષ વિજયી પુરુષ દ્વારા છેદન-ભેદન થતાં દીન બને છે.***

• **વિવેચન-૧૬૫,૧૬૬ :-**

કોઈ અલ્પબુદ્ધિ સંગ્રામમાં જતાં પોતાને શૂરવીર માને છે, પાણી વિનાનાં કોરા વાદળ માફક આત્મપ્રશંસામાં તત્પર બની વચન ગર્જના કરે છે. જેમકે - શત્રુ સૈન્યમાં મારા જેવો કોઈ લડવૈયો નથી. સામે કોઈ ખુલ્લી તલવારે લડવાવાળો ન આવે ત્યાં સુધી જ બોલે છે. કહ્યું છે - સિંહની ગુફામાંથી પૂછડું પછાડવાનો અવાજ ન સાંભળે, ત્યાં સુધી જ હાથીના મદ ઝરે છે અને અકાળ વૃષ્ટિ માફક ગાજે છે. - x - તેથી દૃષ્ટાંત કહે છે—

માદ્રી પુત્ર શિશુપાળ, વાસુદેવના દર્શન પૂર્વે બડાશ હાંકતો હતો પછી જ્યારે શસ્ત્રો ચલાવતો, શત્રુસેના ભંગ કરવામાં સમર્થ, મહારથી નારાયણને લડવા આવતો જોયો ત્યારે બોલવામાં બહાદુર એવો શિશુપાલ પણ ક્ષોભ પામ્યો. આ દૃષ્ટાંતનો સાર સમજવો-યોજવો.

ભાવાર્થ માટે કથાનો સાર કહે છે - દમઘોષ રાજા અને વસુદેવની બહેન માદ્રીનો પુત્ર શિશુપાલ, અદ્‌ભુત બળવાળો અને કલહપ્રિય હતો. આવા અનર્ઘ પુત્રને જોઈને ભય-હર્ષથી વિલખા મુખવાળી માતા જોશીને પૂછે છે ત્યારે જોશીએ વિચારીને કહ્યું કે - x - તારો પુત્ર લડાઈમાં દુર્જય અને મહાબલી થશે. આ તારા ચતુર્ભુજ પુત્રને, જેના જોવાથી બે ભુજા જ રહેશે, તેનાથી તારા પુત્રને ભય થશે. - x - માતાએ



કૃષ્ણને દેખાડ્યા ત્યારે શિશુપાલને બે જ ભૂજાઓ રહી. તેથી કૃષ્ણની ફોઈએ શિશુપાલને કૃષ્ણના પગે પાડ્યો. કૃષ્ણે સો અપરાધ ક્ષમા કરીશ તેમ વચન આપ્યું - x - x - જ્યારે શિશુપાલના સો અપરાધ થયા ત્યારે શિશુપાલનું મસ્તક સુદર્શન ચક્ર વડે છેદી નાંખ્યુ. હવે વર્તમાન દૃષ્ટાંત કહે છે—

જેમ વચન વડે ગાજતા-શૂર બનીને લડાઈના અગ્ર ભાગે અને પોતાને શૂરવીર માનતા સુભટો, તે સંગ્રામમાં ઉપસ્થિત શત્રુ સૈન્યના તલવારના ઘા આવતાં ભયથી સર્વત્ર આકુળ-વ્યાકુળ થતાં હોય ત્યારે કમરેથી પડી ગયેલા બાળકને પણ માતા ભૂલી જાય છે. એ રીતે ભાલા કે તીરથી ઘાયલ થઈ કોઈ શૂર બનેલ સુભટ નીચે પડે છે અને કોઈ અલ્પ સત્વવાળો દીન બનીને પલાયન થઈ જાય છે.

- હવે બોધ આપે છે—

• **સૂત્ર-૧૬૭,૧૬૮ :-**

***એ જ રીતે ઉપસર્ગોથી સ્પૃષ્ટ ન થયેલો, ભિક્ષાચર્યામાં અકુશલ શિષ્ય પોતાને શૂરવીર માને પણ રૂક્ષ સંયમને પાળી શકતો નથી.***

***જેમ હેમંતઋતુમાં ઠંડી બધા અંગોને સ્પર્શે ત્યારે મંદ સાધુઓ રાજ્ય ભ્રષ્ટ ક્ષત્રિયની માફક વિષાદને પામે છે.***

• **વિવેચન-૧૬૭,૧૬૮ :-**

ઉપર કહ્યા મુજબ પોતાને શૂર માનતો સિંહનાદ કરતો સંગ્રામના મોખરે ઉભો રહેલો, પછી વાસુદેવ કે તેવો બીજો જીતનારને લડતો જોઈને દીનતા ધારણ કરે છે, એ રીતે નવ દીક્ષિતને પરીષહો આવ્યા ન હોય ત્યારે બોલે કે દીક્ષામાં શું દુષ્કર છે ? તે અકુશલ ભિક્ષાર્થે કે અન્યત્ર જતાં સાધુના આચારમાં અપ્રવીણ હોવાથી પોતાને શિશુપાલની જેમ ત્યાં સુધી જ શૂર માને છે, જ્યાં સુધી રૂક્ષ સંયમ ન સ્પર્શે-અશુભ કર્મ ઉદયમાં ન આવે, પણ તેમ થતા તે ઘણા ભારેકર્મી અલ્પ સત્વવાળા દીક્ષા છોડી દે છે - હવે સંયમની રૂક્ષતા કહે છે—

હેમંતઋતુ - પોષ અને મહામાં હિમ જેવો વાયુ લાગે, તે અસહ્ય શીત સ્પર્શ લાગે ત્યારે તે જડ, ભારે કર્મી સાધુ રાજ્યભ્રષ્ટ ક્ષત્રિયની માફક દીન-ભાવને ધારણ કરે છે - હવે ઉષ્ણ પરીષહ કહે છે.

• **સૂત્ર-૧૬૯,૧૭૦ :-**

***ગ્રીષ્મઋતુના તીવ્ર તાપથી નવદીક્ષિત સાધુ વિમનસ્ક અને તૃષાતુર થાય છે, ત્યારે જળરહિત મત્સ્યની જેમ તે મંદ વિષાદ પામે છે.***

***દત્ત-એષણા સદા દુઃખરૂપ છે, યાચના દુઃખેથી ત્યાજ્ય છે, સાધારણ જન એમ કહે છે કે આ દુર્ભાગી પાપકર્મનું ફળ ભોગવી રહેલ છે.***

• **વિવેચન-૧૬૯,૧૭૦ :-**

ગ્રીષ્મ ઋતુ - જેઠ આદિ માસના તાપથી તપેલો વિમનસ્ક, તરસથી અભિભૂત થઈ ઘણી દીનતાને પામે છે - તે બતાવે છે - તે ઉષ્ણ પરીષહના ઉદયથી જડ, અશક્ત સાધુ વિષાદ પામે છે. જેમ પાણીના અભાવે મત્સ્ય વિષાદ પામે છે, બીજે

ન જઈ શકતા મરણ પામે છે, તેમ સત્વના અભાવે સાધુ સંયમથી ભ્રષ્ટ થાય છે અર્થાત્ ગ્રીષ્મના તાપથી અલ્પ ઉદકને કારણે તાપથી માછલા તરફડે છે, તેમ અલ્પસત્વવાળા ચારિત્ર લઈને પરસેવો, મેલ આદિથી ગંધાતા ગાત્રથી, બાહ્ય ઉષ્ણતાથી તપ્ત થઈ, શીતળ જળની જલધારા કે ચંદનાદિ વિલેપનરૂપ ઉષ્ણ પ્રતિકારક વસ્તુને યાદ કરે છે અને વ્યાકુળ ચિત્તથી સંયમ અનુષ્ઠાનમાં ખેદ પામે છે.

હવે યાચના પરીષહ કહે છે - સાધુએ સર્વદા દાંતખોતરણી આદિ પણ બીજા દ્વારા આપેલ લેવાનું છે. ઉત્પાદાદિ એષણા દોષરહિત ભોગવવું જોઈએ, તેથી ક્ષુધાદિ વેદનાથી પીડાયેલને જીવનપર્યન્ત બીજાએ આપેલ વસ્તુની એષણાનું દુઃખ હોય છે. યાચના પરીષહ અલ્પસત્વી દુઃખેથી તજી શકે છે - કહ્યું છે - 'મને આપો' એમ બીજાને કહેતા મુખનું લાવણ્ય ક્ષય પામે છે, કંઠ મધ્યે વાચા લથડે છે, હૃદય થરથરે છે. ગતિ-ભ્રંશ-મુખની દીનતા-શરીરે પરસેવો-રંગ ફીકો પડવો આદિ મરણ સમયે જીવના જે ચિન્હો થાય, તે ચિન્હો યાચકના થાય છે.

આ રીતે દુઃખે કરીને ત્યાજ્ય એવો યાચના પરીષહ જીતીને, અભિમાન રહિત, મહાસત્વી, જ્ઞાનાદિ વૃદ્ધિ માટે, મહાપુરુષ સેવિત માર્ગે ચાલે.

પાછલા અર્ધશ્લોકથી આક્રોશ પરીષહ કહ્યો - અનાર્ય - સાધારણ જન આ પ્રમાણે કહે છે - આ સાધુઓ પરસેવાથી મેલા શરીરવાળા, મુંડીયા, ક્ષુધા આદિ વેદનાથી પીડાયેલા, પૂર્વકૃત કર્મથી દુઃખી થાય છે. અથવા ખેતી આદિથી કંટાળીને સાધુ બન્યા છે, અથવા આ અભાગીયાને સ્ત્રી, પુત્રોએ ઘરમાંથી કાઢી મૂક્યો માટે સાધુ બની ગયો છે.

● **સૂત્ર-૧૭૧,૧૭૨ :-**

***જેમ કાયર પુરુષ સંગ્રામમાં વિષાદ પામે છે, તેમ ગામ કે નગરમાં પૂર્વોક્ત શબ્દોને સહન કરવામાં અસમર્થ મંદમતિ સાધુ પણ વિષાદ પામે છે.***

***કોઈ ક્રૂર કૂતરો ક્ષુધિત ભિક્ષુને કરડે તો તે મંદમતિ સાધુ અગ્નિથી દાઝેલ - ગભરાયેલા પ્રાણીની જેમ દુઃખી થાય છે - વિષાદ પામે છે.***

● **વિવેચન-૧૭૧,૧૭૨ :-**

પૂર્વોક્ત આક્રોશરૂપ તથા ચૌર-ચારિકાદિ રૂપ શબ્દોને સહન કરવાને અસમર્થ સાધુ ગામ, નગર કે માર્ગમાં વિચરતા તે આક્રોશ થતાં અજ્ઞ, મંદસત્વવાળા સાધુ વિલખા થઈ સંયમથી ભ્રષ્ટ થાય છે. જેમ સંગ્રામમાં ગયેલ કાયર પુરુષ શત્રુના ચક્ર, ભાલા, તલવાર, તીર આદિથી વ્યાકુળ તથા પટહ, શંખ, ઝલ્લરીના નાદથી સમાકુલ થઈ, પૌરુષત્વ ત્યાગીને અપયશનો ડાઘ લઈને ભાગે છે. આક્રોશાદિ શબ્દ સાંભળીને અલ્પસત્વવાળા સાધુ સંયમમાં વિષાદ પામે છે - હવે વધ પરીષહ કહે છે—

- x - ભિક્ષા માટે ફરતા ભિક્ષુને કોઈ કૂતરો દાંત વડે તેના અંગને વિદારે ત્યારે - x - અજ્ઞાન, અલ્પસત્વથી દિનતા પામે છે જેમ અગ્નિ વડે બળતા પ્રાણી પીડાથી પીડાય છે, આર્તધ્યાનથી ઉપહત થાય છે, તેમ સાધુ પણ ક્રૂર પ્રાણીથી કરડાતાં સંયમથી ભ્રષ્ટ થાય છે.



● **સૂત્ર-૧૭૩,૧૭૪ :-**

***કોઈ કોઈ સાધુના દ્વેષીઓ સાધુને જોઈને કહે છે કે - ભિક્ષા માગીને જીવનનિર્વાહ કરનારા આ લોકો પોતાના પૂર્વ કર્મોનું ફળ ભોગવે છે.***

***કોઈ કોઈ પુરુષ જિનકલ્પી આદિને જોઈને કહે છે - આ નગ્ન છે, પરપિંડપ્રાર્થી, મુંડીઆ, લુખસના રોગથી સડી ગયેલા અંગવાળા, ગંદા, અશોભનીય છે.***

● **વિવેચન-૧૭૩,૧૭૪ :-**

કેટલાંક ધર્મહીન, અપુણ્યક, સાધુધર્મના નિંદકો, અનાર્યો માર્ગમાં સાધુને જોઈને એમ બોલે છે કે આ સાધુઓએ પૂર્વે અશુભ આચર્યું છે કે તે કર્મના ફળ હવે ભોગવે છે, ઘેર ઘેર ભટકે છે, લુખુ સૂકું ખાય છે, કોઈને દાન આપતા નથી, માથે લોચ કરીને, સર્વ ભોગ સુખથી રહિત થઈ દુઃખી થઈને જીવે છે - વળી -

કેટલાંક કુગતિમાં જનારા અનાર્યો બોલે છે - આ જિનકલ્પિ આદિ મુનિ નાગા છે, બીજાના ભોજનને માંગનારા, અધમ, મેલથી મલિન, માથુ મુંડાવેલા છે તથા ખરજ આવતા ખણવાથી શરીર પર રેખા પડતાં કે ખંડિત અંગથી વિરૂપ શરીરવાળા કે રોગની દવા ન કરવાથી વિનષ્ટ અંગવાળા, પરસેવાથી ભરેલા તથા બીભત્સ કે દુષ્ટ બીજા લોકોને પણ અસમાધિ ઉત્પન્ન કરે છે.

હવે આવું બોલનારના વિપાક કહે છે—

● **સૂત્ર-૧૭૫ :-**

***આ પ્રમાણે વિપ્રતિપન્ન અને સ્વયં અજ્ઞાની, મોહથી વેષ્ટિત મૂર્ખો અંધકારથી નીકળી અંધકારમાં જાય છે - કુમાર્ગગામી થાય છે.***

● **વિવેચન :-**

ઉક્ત પુણ્યહીનો, સાધુના સન્માર્ગના દ્વેષી, પોતે અજ્ઞાન છતાં, બીજા વિવેકી પુરુષનું કહ્યું ન માનીને અજ્ઞાનરૂપી અંધકારથી ગહન અંધકારમાં જાય છે અથવા નીચેથી પણ નીચી ગતિમાં જાય છે. જેમકે જ્ઞાનાવરણીયથી વક્ર-જડ બનેલા અને મિથ્યાદર્શનથી આચ્છાદિત થઈ ખિડ્ગ પ્રાય, સાધુના વિદ્વેષથી કુમાર્ગે જનારા થાય છે. કહ્યું છે કે - સહજ, નિર્મલ વિવેક એ એક ચક્ષુ છે, તેવા ગુણજ્ઞાની સંગતિ એ બીજું ચક્ષુ છે. આ બંને જેને નથી, તે તત્ત્વથી અંધ છે, તે અવળે માર્ગે ચાલે, તેમાં તેનો શું દોષ ?

● **સૂત્ર-૧૭૬,૧૭૭ :-**

***દંશ, મચ્છરથી પીડિત તથા તૃણસ્પર્શને સહન કરવામાં અસમર્થ સાધુ વિચારે છે કે મેં પરલોક તો જોયો નથી, પણ આ કષ્ટથી મરણ પ્રત્યક્ષ છે.***

***કેશલોચથી સંતપ્ત અને બ્રહ્મચર્યથી પરાજિત મૂર્ખ મનુષ્ય જાળમાં ફસાયેલી માછલીની જેમ વિષાદ પામે છે.***

● **વિવેચન-૧૭૬,૧૭૭ :-**

સિંધુ, તામ્રલિપ્ત, કોંકણાદિ દેશમાં અધિક ડાંસ, મચ્છરો હોય છે, ત્યાં સાધુ

વિહાર કરતા જાય ત્યારે ડાંસાદિથી કરડાતાં તથા નિષ્કિંચન હોવાથી ઘાસમાં સુતા તેના સ્પર્શને સહન કરવામાં અસમર્થ થઈ પીડાતો એવો કદાચ વિચારે કે પરલોકાર્થે આ દુષ્કર અનુષ્ઠાન કરીએ છીએ, મેં પરલોક પ્રત્યક્ષ જોયો નથી. અનુમાનથી પણ જણાતો નથી, તેથી આવા દુઃખો સહન કરતાં કદી મારું મરણ થશે, તો પરલોકમાં બીજું કશું ફળ નથી.

કેશ લોચથી બધી બાજુએ તપેલા તથા વાળ ખેંચાતા નીકળેલ લોહીથી ઘણી પીડા થાય છે, ત્યારે અલ્પસત્વી ખેદને પામે છે તથા સ્ત્રીસંગ વિમુખ થતાં ગભરાઈ જાય છે. તે વાળ ખેંચાતા કે અતિ દુર્જય કામપીડાથી મુર્ખજડ સાધુ સંયમાનુષ્ઠાનમાં શીથીલ થાય છે કે સંયમથી સર્વથા ભ્રષ્ટ થાય છે જેમ માછલાં જાળમાં પકડાઈને મૃત્યુ પામે છે, તેમ તે રાંકડા બધાને પીડનાર કામથી હારીને સંયમ જીવિતથી ભ્રષ્ટ થાય છે.

● **સૂત્ર-૧૭૮ થી ૧૮૦ :-**

***આત્મા દંડાય તેવું આચરણ કરનાર, વિપરીત ચિત્તવૃત્તિવાળા તથા રાગ-દ્વેષથી યુક્ત, કોઈ અનાર્ય પુરુષ સાધુને પીડા પહોંચાડે છે...અનાર્ય દેશની સીમા પર વિચરતા સુવ્રતી સાધુને - આ જાસુસ છે, ચોર છે; એમ કહીને અજ્ઞાની તેમને દોરીથી બાંધે છે અને કઠોર વચનથી ભર્ત્સના કરે છે...દંડ, મુષ્ટિ કે ફલકથી મારે છે, ત્યારે તે સાધુ પોતાના જ્ઞાતિજનોને ક્રોધિત થઈ ઘેરથી નીકળી જનાર સ્ત્રીની માફક યાદ કરવા લાગે છે.***

● **વિવેચન-૧૭૮ થી ૧૮૦ :-**

આત્મા જેના વડે દંડાય-હિતથી ભ્રષ્ટ થાય તે આત્મદંડ, જે અનાર્યોનું અનુષ્ઠાન છે તથા તેઓ વિપરીત આગ્રહમાં આરૂઢ, અંતઃકરણ વૃત્તિવાળા છે તે મિથ્યાત્વથી ઉપહત દૃષ્ટિવાળા છે. તથા તે હર્ષ-દ્વેષથી યુક્ત અર્થાત્ રાગ-દ્વેષથી આકુળ છે, આવા અનાર્યો, સદાચારી સાધુને ક્રીડા કે દ્વેષથી ક્રૂર કર્મ કરીને દંડ આદિથી કે વચનથી સંતાપે છે. તે જ બતાવે છે—

પૂર્વોક્ત અનાર્યો આત્માનું અહિત કરનારા, મિથ્યાત્વથી હણાયેલ બુદ્ધિવાળા, રાગદ્વેષયુક્ત છે. અનાર્ય દેશમાં આવતા સાધુને કહે છે કે આ જાસૂસ છે, ચોર છે, એમ માનીને સુવ્રતી સાધુને પીડે છે, દોરડા વડે બાંધે છે. સત્-અસત્ વિવેકરહિત તે અજ્ઞાની ક્રોધ વચનથી સાધુને તિરસ્કારે છે.

તે અનાર્યદેશની સીમાએ વર્તતા સાધુને અનાર્યો દંડ કે મુટ્ઠીથી મારે છે અથવા બીજોરા આદિ ફળથી કે તલવારથી કદર્થના કરે છે ત્યારે કોઈ અપરિણત, અજ્ઞાન સાધુ સ્વજનોને યાદ કરે છે. જેમકે - જો અહીં મારા સંબંધી હોય તો મને આવી કદર્થના ન થાત. જેમ કોઈ સ્ત્રી ક્રોધથી ઘરથી નીકળી ગયેલ, નિરાધાર બની, માર્ગમાં સૌને વહાલી લાગતી હોવાથી ચોરો દ્વારા પીડાતાં પોતાના સગાને યાદ કરે, તેમ સાધુ સગાને યાદ કરે છે.

● **સૂત્ર-૧૮૧ :-**

***જેમ બાણોથી વિદ્ધ હાથી સંગ્રામમાંથી ભાગે, તેમ હે શિષ્યો ! પૂર્વોક્ત***



***કઠોર અને દુસ્સહ પરીષહોથી પીડિત સાધુ સંયમભ્રષ્ટ થાય - તે હું કહું છું.***

● **વિવેચન :-**

ઉપસંહારાર્થે કહે છે - હે શિષ્ય ! આ ઉદ્દેશામાં આદિથી અંત સુધી દંશમસક આદિ પીડા ઉત્પાદક પરીષહો જ ઉપસર્ગો છે. તે સંપૂર્ણ સ્પર્શે છે. સ્પર્શેન્દ્રિયથી અનુભવાય માટે સ્પર્શ કહે છે. ઉક્ત અનાર્યકૃત્ ઉપદ્રવો પીડાકારી છે, અલ્પસત્વવાળા સાધુ દુઃખેથી સહે છે, કેટલાંક તે સહન ન થવાથી પુણ્યહીન કેટલાંક સાધુ અપયશ પામીને રણ મોરચે તીરોના મારથી આકુળ બનેલ હાથી જેમ ભાગે તેમ નિર્બળ સાધુ પરવશ બની ભારે કર્મોથી પાછા ઘેર જાય છે. અથવા તીવ્ર ઉપસર્ગોથી સંયમ તજી ઘેર જાય છે. - x -

**અધ્યયન-૩ ''ઉપસર્ગ પરિજ્ઞા'' ઉદ્દેશા-૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ૐ અધ્યયન-૩ ઉદ્દેશો-૨ ૐ

૦ ઉદ્દેશો પહેલો કહ્યો, હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - આ ઉપસર્ગ પરિજ્ઞા અધ્યયનમાં ઉપસર્ગો બતાવ્યા. તે અનુકૂળ અને પ્રતિકૂળ બે ભેદે છે. ઉદ્દેશા-૧ માં પ્રતિકૂળ કહ્યા. અહીં અનુકૂળ ઉપસર્ગ કહે છે.

● **સૂત્ર-૧૮૨ :-**

***સ્નેહાદિ સંબંધરૂપ અનુકૂળ ઉપસર્ગો સૂક્ષ્મ છે, સાધુ માટે તે દુર્લંઘ્ય છે. અહીં જે કોઈ સાધુ વિષાદ કરે છે, તે સંયમ પાલનમાં સમર્થ થતાં નથી.***

● **વિવેચન :-**

હવે પ્રતિકૂળ ઉપસર્ગ પછી અનુકૂળ ઉપસર્ગો કહે છે. - x - હવે - x - કહેવાતા અનુકૂળ ઉપસર્ગો સૂક્ષ્મ છે. કેમકે તે પ્રાયઃ ચિત્તમાં વિકાર કરનારા હોવાથી અંદર રહેલા છે, પ્રતિકૂળ ઉપસર્ગો ઘણે ભાગે શરીરને પીડાકારી હોવાથી પ્રગટરૂપે બાદર છે. સંગ એટલે માતા-પિતાદિનો સંબંધ જે સાધુને પણ છોડવો મુશ્કેલ છે, પ્રાયે જીવિતનો નાશ કરે તેવા પ્રતિકૂળ ઉપસર્ગોમાં માધ્યસ્થતા રાખવી મહાપુરુષ માટે શક્ય છે, પણ અનુકૂળ ઉપસર્ગો તેવા મહાન્ સાધુને પણ ધર્મથી પતિત કરે છે, માટે દુરુત્તર છે.

આવા ઉપસર્ગો આવતા કેટલાંક અલ્પસત્વી સત્ અનુષ્ઠાનમાં શીથીલ બને છે અથવા સર્વથા સંયમને તજે છે. પણ પોતાને સંયમાનુષ્ઠાનમાં પ્રર્વતાવવા કે સ્થાપવા સમર્થ થતા નથી. હવે સૂક્ષ્મ સંગોને કહે છે.

● **સૂત્ર-૧૮૩ થી ૧૮૫ :-**

***સાધુને જોઈને તેના સ્વજન તેની પાસે જઈ રડે છે અને કહે છે કે - હે તાત ! તું અમારું પાલન કરે. અમે તને પોસેલ છે, તું અમને કેમ છોડે છે ?***

***[સાધુને કહે છે] હે તાત ! તારા પિતા વૃદ્ધ છે, તારી બહેન નાની છે.***

***હે તાત ! તારો આજ્ઞાકારી સહોદર-ભાઈ છે, તો પણ તું અમને કેમ છોડે છે ?***

***હે પુત્ર ! તું માતા-પિતાનું પાલન કર, તેથી તારો પરલોક સુધરશે. પોતાના માતા-પિતાનું પાલન કરવું એ લૌકિક આચાર છે.***

**● વિવેચન-૧૮૩ થી ૧૮૫ :-**

માતા-પિતાદિ સ્વજન દીક્ષા લેતા કે દીક્ષા લીધેલાને મળતાં તેને વીંટીને રડે છે કે રડતા દીનવચનો બોલે છે કે અમે તને બાળપણથી પોસ્યો હતો જેથી બુઢાપામાં તું અમારી સેવા કરે, માટે હવે તું અમારું પોષણ કર અથવા કયા કારણથી કે કોના દબાણથી તું અમને છોડીને જાય છે ? તારા વિના અમારું કોઈ રક્ષક નથી.

હે પુત્ર ! જો આ તારા પિતા સો વર્ષથી અધિક વૃદ્ધ છે, તારી બહેન અપ્રાપ્ત યૌવના-નાની છે, જો આ તારા સહોદર ભાઈઓ છે; તું અમને શા માટે છોડે છે ?... આ તારી માતા છે, પિતા છે, તેનું તું ભરપોષણ કર. એમ કરવાથી તારું આ લોક અને પરલોકમાં ભલું થશે. હે પુત્ર ! આ જ લોકે આચરેલું છે, આ જ લૌકિક માર્ગ છે કે - વૃદ્ધ માતા-પિતાનું પાલન કરવું. કહ્યું છે કે જ્યાં વડીલો પૂજાય છે - x - x - ત્યાં જ હું વસુ છું.

**● સૂત્ર-૧૮૬ થી ૧૮૯ :-**

***હે પુત્ર ! ઉત્તરોત્તર ઉત્પન્ન આ તારા મધુરભાષી, નાના પુત્રો છે. તારી પત્ની નવયૌવના છે, તે ક્યાંક પરપુરુષ પાસે ચાલી ન જાય ?***

***હે પુત્ર ! ઘેર ચાલ. ઘરનું કોઈ કામ ન કરશો, અમે કરી લઈશું. તમે એક વખત ઘેરથી નીકળી ગયા, હવે ફરીથી ઘેર આવી જાઓ.***

***હે પુત્ર ! ઘેર આવીને ફરી પાછો જજો તેથી કંઈ તું અશ્રમણ નહીં થઈ જાય. ગૃહકાર્યોમાં ઇચ્છારહિત રહેતા તમને કોણ રોકી શકે છે ?***

***હે પુત્ર ! તારું જે કંઈ દેવું હતું, તે બધું અમે ઉતારી દીધું છે, વ્યવહાર માટે તારે જેટલું સુવર્ણ-ધન જોઈશે, તે અમે તને આપીશું.***

**● વિવેચન-૧૮૬ થી ૧૮૯ :-**

શ્રેષ્ઠ, અનુક્રમે જન્મેલા, મધુર વચન બોલતા એવા તારા નાના પુત્રો છે. તથા આ તારી નવયૌવના અથવા અભિનવોઢા પત્ની છે. હે પુત્ર ! તેનો તું ત્યાગ કરીશ તો ઉન્માર્ગે જનારી થશે, લોકમાં તારો અપવાદ થશે.

હે પુત્ર! અમે જાણીએ છીએ કે તું કામચોર છે. છતાં ચાલ આપણે ઘેર જઈએ, હાલ તું કંઈ કામ ન કરતો, પછી તારે કંઈ કામ હશે, તો પણ અમે તારા સહાયક થઈશું. એક વખત તું ગૃહકાર્યથી કંટાળી ભાગી ગયો. અમે તને ફરીવાર જોઈશું, અમે તને બનતી મદદ કરશું માટે ચાલ, આપણે ઘેર જઈએ, અમારું આટલું માન.

હે પુત્ર ! ઘેર જઈને સ્વજન વર્ગને જોઈને, પાછો આવતો રહેજે. આટલી વાર માત્ર ઘેર આવવાથી તું અશ્રમણ નહીં થઈ જાય. વળી તું ઘરનું કામ કરવા ઇચ્છતો નથી, તો તારી ઇચ્છા મુજબ કરતાં તને કોણ રોકી શકે છે ? અથવા વૃદ્ધાવસ્થામાં મદનઇચ્છા - કામરહિત થઈને સંયમ અનુષ્ઠાનમાં ઉધમ કરતાં યોગ્ય અવસરે કોણ



રોકવાનું છે ?

હે પુત્ર ! તે જે કંઈ પણ દેવું કરેલ છે, તે બધું જ અમે સરખે ભાગે વહેંચી લીધું છે અથવા ઉત્કટ એવું દેવું થોડું-થોડું આપવાનું કહીને ગોઠવી દીધેલ છે. વળી જે કંઈ ધન હતું તે વ્યાપારમાં લગાડેલ છે. તથા બીજા પ્રકારે જેમ તને ઉપયોગમાં આવશે તેમ અમે તને આપીશું. હું નિર્ધન છું, એવો ભય તારે ન રાખવો.

ઉપસંહારાર્થે કહે છે—

**● સૂત્ર-૧૯૦ :-**

***આ પ્રમાણે તેના સ્વજનો કરુણ બનીને વ્યુદ્ગ્રાહિત કરે છે. ત્યારે જ્ઞાતિજનના સંગથી બંધાયેલો સાધુ પાછો ઘેર ચાલી જાય છે.***

**● વિવેચન :-**

પૂર્વોક્ત રીતે માતા-પિતાદિના કરુણ વચનોથી કરુણ બનીને અથવા તેઓ દીન બનીને ઉભા રહેતા, દીક્ષા લીધેલ કે દીક્ષા લેતા ને વ્યુદ્ગ્રાહિત કરે છે, તે અપરિણતધર્મી, અલ્પસત્વી, ભારે કર્મી માતા, પિતા, પુત્ર, પત્ની આદિથી મોહિત થઈ ઘર તરફ દોડે છે અર્થાત્ દીક્ષા છોડીને ગૃહ-પાશમાં બંધાઈ જાય છે.

**● સૂત્ર-૧૯૧ થી ૧૯૩ :-**

***જેમ જંગલમાં ઉત્પન્ન વૃક્ષને લતા બાંધી લે છે, તેમ સાધુને સ્વજનો ચિત્તમાં અશાંતિ ઉત્પન્ન કરી [સ્નેહપાશમાં] બાંધી લે છે.***

***સ્વજનના સ્નેહમાં બદ્ધ સાધુને નવા પકડેલા હાથીની જેમ સારી રીતે રાખે છે. નવપ્રસૂતા ગાય વાછડા પાસે રહે તેમ સ્વજનો પાસે રહે છે.***

***સ્વજનસંગ મનુષ્ય માટે સાગરની જેમ દુસ્તર છે. જ્ઞાતિજનના સંગમાં મૂર્છિત અસમર્થ પુરુષ કલેશને પામે છે.***

**● વિવેચન-૧૯૧ થી ૧૯૩ :-**

જેમ વૃક્ષ અટવીમાં ઉત્પન્ન થાય, તેને વેલડીઓ વીંટે છે, તેમ તે સ્વજનો સાધુને અસમાધિ વડે બાંધે છે. તેઓ એવું કંઈ કરે છે, જેથી સાધુને અસમાધિ થાય છે. કહ્યું છે કે - અમિત્ર મિત્રના વેશમાં કંઠે બાઝી રડે છે અને કહે છ - હે મિત્ર ! સુગતિમાં ન જા, સાથે દુર્ગતિમાં જઈશું.

માતા-પિતાદિ સંબંધ વડે બદ્ધ-પરવશ થયેલને તેમના સ્વજનો તે અવસરે તેને અનુકૂળ વર્તીને ધૈર્ય ઉપજાવે છે. જેમ નવા પકડેલા હાથીની ધૃતિ ઉપજાવવા શેરડીના કકડા ખવડાવે છે, તેમ સ્વજનો પણ સાધુને સર્વ અનુકૂળ ઉપાયો વડે લલચાવે છે અથવા જેમ નવી વીચાએલી ગાય પોતાના દૂધ પીતા વાછડાની નજીક રહેતી પાછળ ફરે છે, એમ સ્વજનો પણ દીક્ષા છોડાવવાને કે છોડેલાને નવા જન્મેલા માફક માનીને તેની પાછળ પડે છે. હવે સંગ-દોષ બતાવવા કહે છે—

પૂર્વોક્ત સંગી-માતા પિતાદિ સંબંધો કર્મબંધના હેતુઓ છે. કેમકે - જેમ તળીયું ન દેખાતું હોવાથી સમુદ્રને દુસ્તર કહ્યો છે, તેમ આ સગાનો મોહ અલ્પસત્વવાળા દુઃખે કરીને છોડી શકે છે. કાયર સાધુઓ તે સંગથી અસમર્થ બની કલેશ પામે છે

અર્થાત્ ફરી સંસારમાં પડે છે.

કેવા બનીને ? પુત્રાદિ સંબંધથી ગૃદ્ધ-આસક્ત બનીને તે સાધુ આત્માની પર્યાલોચના ન કરતા સંસારમાં પડીને દુઃખી થાય છે.

● **સૂત્ર-૧૯૪,૧૯૫ :-**

***તે સાધુ બધાં સંગોને મહા આશ્રવ જાણીને તથા અનુત્તર ધર્મને સાંભળીને અસંયમી જીવનની ઇચ્છા ન કરે.***

***કાશ્યપ-મહાવીરસ્વામીએ આ સંગોને આવર્ત કહેલ છે. જ્ઞાની પુરુષ તો તેથી દૂર થઈ જાય, અજ્ઞાની તેમાં આસક્ત થઈ દુઃખી થાય છે.***

● **વિવેચન-૧૯૪,૧૯૫ :-**

સાધુ જ્ઞ-પરિજ્ઞા વડે સગાંના સંગને સંસારનો એક હેતુ જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પરિહરે. કારણ કે સંસારના સર્વે સંગો કર્મના મોટા આશ્રવદ્વારો છે. તેથી અનુકૂલ ઉપસર્ગો આવતાં અસંયમ જીવિતગૃહ આવાસના ફાંસાને ન ઇચ્છે અને પ્રતિકૂળ ઉપસર્ગમાં જીવિતનો અભિલાષી ન થાય. તથા કંટાળીને અનુચિત જીવન ન વાંછે.

— શું કરીને ? શ્રુત-ચારિત્ર ધર્મ સાંભળી-સમજીને. કેમકે તેનાથી પ્રધાન કોઈ ધર્મ નથી, તેથી મૌનીન્દ્ર ધર્મ અનુત્તર છે.

अथ - પછીનો અધિકાર દર્શાવે છે પાઠાંતરથી अहो - વિસ્મયાર્થે છે. इमे - બધાં જનોને જાણીતું હોવાથી પ્રત્યક્ષ છે.

પ્રાણીને ભમાડનાર હોવાથી આવર્ત્ત છે. તેમાં દ્રવ્યાવર્ત નદી આદિના છે. ભાવ-આવર્ત તે ઉત્કટ મોહોદયથી થતી વિષય અભિલાષથી કરાતી પ્રાર્થના વિશેષ. આ આવર્ત મહાવીર વર્ધમાનસ્વામીએ કેવળજ્ઞાન પામીને કહેલ છે. તેથી તત્ત્વ પામેલા બુદ્ધો આવર્તના વિપાક જાણીને અપ્રમત્તપણે તેનાથી દૂર રહે છે. અબુદ્ધો નિર્વિવેકપણે આસક્તિ કરે છે. તે આવર્તોને બતાવવા કહે છે—

● **સૂત્ર-૧૯૬ થી ૨૦૦ :-**

***રાજા, રાજમંત્રી, બ્રાહ્મણ કે ક્ષત્રિય, ઉત્તમ આચારથી જીવતા સાધુને ભોગ માટે નિમંત્રિત કરે છે... [તે કહે છે-] હે મહર્ષિ ! તમે આ હાથી, ઘોડા, અશ્વ, રથ, યાનમાં બેસો, ઉદ્યાનાદિમાં વિચરો, આ પ્રશસ્ત ભોગો ભોગવો, અમે તમારો સત્કાર કરીએ છીએ... વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી, શય્યા-આ ભોગોને ભોગવો, અમે તમારો સત્કાર કરીએ છીએ... તમે જે નિયમોનું અનુષ્ઠાન ભિક્ષુભાવથી કર્યુ છે, હે સુવ્રતી ! ગૃહવાસમાં રહીને, પણ, તમે સંયમનું અનુષ્ઠાન કરી શકો છો...દીર્ઘ કાળથી સંયમાનુષ્ઠાનમાં વિચરતા તમને હવે કયો દોષ લાગવાનો છે ? આ પ્રમાણે સુવરને લલચાવે, તેમ ભોગના નિમંત્રણથી સાધુને ફસાવે છે.***

● **વિવેચન-૧૯૬ થી ૨૦૦ :-**

— ચક્રવર્તી આદિ રાજા, રાજાના મંત્રી, પુરોહિત આદિ, બ્રાહ્મણો અથવા



ઇક્ષ્વાકુવંશજ આદિ ક્ષત્રિયો; આ બધાં શબ્દાદિ વિષય - ભોગોપભોગ માટે સાધુને નિમંત્રણ કરે છે તે ભિક્ષુ સાધુ આચાર વડે જીવનારા છે. જેમ બ્રહ્મદત્તચક્રીએ વિવિધ ભોગ વડે ચિત્ર સાધુને નિમંત્ર્યા, તેમ બીજા પણ કોઈ સંબંધી, યૌવનરૂપાદિ ગુણયુક્ત સાધુને વિષયસુખ વડે - નિમંત્રણા કરે છે. આ જ બતાવવા માટે કહે છે—

— હાથી, અશ્વ, રથ, યાન વડે તથા ક્રીડા યોગ્ય વિહારસ્થાન - ઉદ્યાન આદિમાં ક્રીડાર્થે જવા માટે, च શબ્દથી અન્ય ઇન્દ્રિય અનુકૂળ વિષયો વડે નિમંત્રે છે. જેમકે - શબ્દાદિ વિષયોને ભોગવો. અમારા દ્વારા અર્પણ પ્રત્યક્ષ, નીકટ, પ્રશસ્ત, નિંદ્ય ભોગોને હે સાધુ ! અમે આપની પાસે રજૂ કરીને આપનો સત્કાર કરીએ છીએ.

— ચીનાંશુકાદિ વસ્ત્ર, કોષ્ટપુટપાકાદિ ગંધ, તે બંને મળી વસ્ત્રગંધ થયું તથા કટક, કેયુરાદિ અલંકાર, યુવાન સુંદર સ્ત્રી, પલંગ-ગાદલા આદિ તે તમે ઇન્દ્રિય-મનોનુકૂલ અમારા આપેલા ભોગો ભોગવી મનુષ્યજન્મ સફળ કરો. હે આયુષ્યમાન્ ! અમે તમારો સત્કાર કરીએ છીએ.

— જે તમે પૂર્વે પ્રવ્રજ્યા અવસરે મહાવ્રતાદિ રૂપ જે નિયમ લીધો છે, ઇન્દ્રિય અને મનને વશ કરવાથી હે સુવ્રત ! હમણાં ઘરમાં ગૃહસ્થભાવને સમ્યક્ રીતે પાળવાથી તેવી જ રીતે વ્રતો કાયમ છે. તમે પૂર્વે આચરેલ સુકૃત-દુષ્કૃતનો નાશ થતો નથી.

— ઘણા કાળ સંયમ અનુષ્ઠાન પાળવાથી હવે તમને શું દોષ છે ? અર્થાત્ જરા પણ નથી. આ પ્રમાણે હાથી, અશ્વ, રથ આદિ તથા વસ્ત્ર, ગંધ, અલંકારાદિ વડે, વિવિધ ઉપભોગ ઉપકરણ વડે તે સારા સાધુને પણ ભોગ વિષયમાં બુદ્ધિ કરાવે છે. દૃષ્ટાંત-જેમ વ્રીહિ વગેરેના દાણા વડે વરાહને ફાંસામાં ફસાવે એ રીતે તે સાધુને ફસાવે છે.

● **સૂત્ર-૨૦૧ થી ૨૦૩ :-**

***સાધુ સામાચારીના પાલન માટે આચાર્ય દ્વારા પ્રેરિત તે શિથિલ સાધુ જેમ ચઢાણવાળા માર્ગમાં દુર્બળ બળદ પડી જાય તેમ તે સીદાય છે.***

***ચઢાણવાળા માર્ગમાં ઘરડો બળદ કષ્ટ પામે છે, તેમ સંયમપાલનમાં અસમર્થ અને તપથી પીડિત મંદ સાધુ સંયમમાર્ગમાં કલેશ પામે છે.***

***આ રીતે ભોગનું આમંત્રણ મળતાં, ભોગમાં મૂર્છિત; સ્ત્રીમાં આસક્ત કામમાં દત્તચિત્ત સાધુ સત્ પ્રેરણા છતાં ગૃહસ્થ બને છે. તે હું કહું છું.***

● **વિવેચન-૨૦૧ થી ૨૦૩ :-**

ઉક્ત કથનનો ઉપસંહાર કરતા કહે છે - ઉધુક્તવિહારી સાધુઓને ચર્યા તે ઇચ્છા, મિચ્છાદિક દશવિધ ચક્રવાલ સામાચારી છે, તેના વડે પ્રેરિત અથવા ભિક્ષુચર્યામાં સીદાતાને પ્રેરણા કરીને આચાર્યાદિ કે વારંવાર સમજાવવા છતાં, સંયમ અનુષ્ઠાનમાં આત્માને પ્રવર્તાવવામાં અસમર્થ થતાં મોક્ષ ગમનના એક હેતુરૂપ સંયમ, જે કરોડો ભવે મળે તેને મેળવીને પણ તેમાં મૂર્ખ-જડ શીથિલ બને છે અને અચિંત્ય ચિંતામણિ સમ અને મહર્ષિએ આચરેલા સંયમને છોડી દે છે. જેમ માર્ગના ઉન્નત ભાગ-ટેકરો

ચડતા ઘણાં ભાર વાળા ગાડાને ખેંચતા દૂબળા બળદો ખેદ પામીને ડોક ઢાળીને બેસી જાય છે, પણ ભાર ખેંચી શકતા નથી, એ રીતે તે ભાવ-મંદ સ્વીકૃત એવા પાંચ મહાવ્રતનો ભાર ઉઠાવવા સમર્થ ન હોવાથી પૂર્વોક્ત ભાવ આવર્ત્તમાં પડીને વિષાદ પામે છે - વળી -

સંયમ વડે આત્માને પાળવા અશક્ત બની, તથા અનશનાદિ બાહ્ય-અભ્યંતર તપ વડે હારીને સંયમમાં મંદ [સાધુ] વિષાદ પામે છે જેમ ઊંચાણમાં ચડતા વૃદ્ધ-ગળીયા બળદ માફક કે યુવાન બળદ પણ જ્યાં ખેદ પામે ત્યાં ગળીયા બળદનું પૂછવું શું ? આ પ્રમાણે આવર્ત વિના પણ ધૈર્ય અને બળ યુક્ત વિવેકી પણ સીદાય તેવો સંભવ છે. તો મંદોનું કહેવું જ શું ?

છેલ્લે બધાંનો ઉપસંહાર કરે છે - પૂર્વોક્ત રીતે વિષય ઉપભોગ વસ્તુના દાનપૂર્વક વિષય ઉપભોગની પ્રાર્થના પ્રાપ્ત થતા વિષય ઉપકરણમાં - હાથી, ઘોડા, રથ આદિમાં અતિ આસક્ત તથા સ્ત્રીમાં ગૃદ્ધ - રમણી-રાગમોહિત તથા ઇચ્છા મદનરૂપમાં કામી બનેલ ચિત્તવાળા સંયમમાં સીદાતા તમને બીજા ઉધુક્ત વિહારીએ સંયમ પ્રતિ પ્રોત્સાહિત કરવા છતાં સંયમ પાળવા અસમર્થ બનીને ભારે કર્મોથી દીક્ષા છોડી અલ્પસત્વી ગૃહસ્થ બની જાય છે.

**અધ્યયન-૩ 'ઉપસર્ગપરિજ્ઞા' - ઉદ્દેશા-૨નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૩ ઉદ્દેશો-૩ 卐

ત્રીજો ઉદ્દેશો કહ્યો, હવે ચોથો કહે છે - તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વના ઉદ્દેશામાં અનુકૂળ-પ્રતિકૂળ ભેદે ઉપસર્ગો કહ્યા. તેનાથી આત્મા વિષાદ પામે તે આ ઉદ્દેશામાં કહે છે. એ સંબંધે આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહે છે—

**● સૂત્ર-૨૦૪,૨૦૫ :-**

***જેમ ભીરુ પુરુષ યુદ્ધમાં કોનો પરાજય થશે તે કોણ જાણે છે ? એમ વિચારી પાછલની બાજુ ખાડો, ગહન સ્થાન કે છાનું સ્થાન જોઈ રાખે છે.***

***મુહૂર્ત્તોમાં મુહૂર્તમાં એવું પણ મુહૂર્ત આવે છે, જેમાં પરાજિત થઈ પાછળ ભાગવું પડે, તે માટે ભીરુ પુરુષ પાછળ જોઈ રાખે છે.***

**● વિવેચન-૨૦૪,૨૦૫ :-**

મંદબુદ્ધિના જીવો દૃષ્ટાંત વડે જ સહેલાઈથી બોધ પામે છે, તેથી પહેલા દૃષ્ટાંત કહે છે - જેમ કોઈ બીકણ - x - શત્રુ સાથે યુદ્ધ અવસરે પહેલાથી જ આપત્તિ પ્રતિકાર માટે દુર્ગ આદિ સ્થાનો જોઈ રાખે છે. તે જ બતાવે છે વલય - જેમાં પાણી વલય આકારે હોય કે પાણી ન હોય તેવો દુઃખે પ્રવેશ થાય તેવો ખાડો. ગહન - કેડ સમાણા ધવ આદિ વૃક્ષો. પ્રચ્છન્ન એવી પર્વતીય ગુફા. તેને તે ભીરુ જોઈ રાખે છે. કેમકે તે માને છે કે આવા ભયંકર યુદ્ધમાં - x - કોણ જાણે કે અહીં કોનો પરાજય



થશે ? કેમકે કાર્યસિદ્ધિ ભાગ્યાધીન છે વખતે થોડા માણસો ઘણાંને જીતી લે છે.

વળી એક મુહૂર્તથી બીજુ મુહૂર્ત-અવસર એવો હોય છે, જેમાં જય કે પરાજય સંભવે છે. તે વખતે આપણે પરાજય પામીએ તો નાસવું પડે, તેમ વિચારી બીકણ પાછળ મુશ્કેલી નિવારવા શરણ શોધી રાખે છે.

આ બે શ્લોક વડે દૃષ્ટાંત બતાવી હવે બોધ આપે છે—

**● સૂત્ર-૨૦૬ થી ૨૦૮ :-**

***આ પ્રમાણે કેટલાંક શ્રમણો પોતાને નિર્બળ સમજીને, અનાગત ભયને જોઈને-વિચારીને [વિવિધ] શ્રુતનો અભ્યાસ કરે છે.***

***કોણ જાણે પતન સ્ત્રીથી થશે કે સચિત્ત જળથી ? મારી પાસે દ્રવ્ય નથી તેથી બીજા કંઈ પૂછશે ત્યારે ધનુર્વિધાદિ બતાવી આજીવિકા ચલાવીશ.***

***આ પ્રમાણે વિચિકિત્સા સમાપન્ન, અકુશળ શ્રમણ આજીવિકાના સાધનોનો વિચાર કરતા રહે છે.***

**● વિવેચન-૨૦૬ થી ૨૦૮ :-**

જે રીતે યુદ્ધમાં જતો સુભટ પાછળ જુએ છે - કે શું મારે પરાજયથી પાછળ ભાગતા વલયાદિ શરણ કે રક્ષણ છે ? એ પ્રમાણે કેટલાંક શ્રમણો અદૃઢમતિ, અલ્પસત્વી થઈ પોતાને આજીવન સંયમભાર વહનમાં સક્ષમ જાણીને ભાવિભયને વિચારે છે. જેમકે - હું નિર્ધન છું. મારે વૃદ્ધત્વ કે રોગાદિ અવસ્થામાં કે દુકાળમાં શું આધાર છે ? એ રીતે આજીવિકા ભયથી માને છે કે - આ વ્યાકરણ, ગણિત, જ્યોતિષ, વૈદ્યક, હોરાશાસ્ત્ર, મંત્રાદિ શાસ્ત્ર શીખીશ, તે મારા ખરાબ વખતમાં રક્ષણ માટે થશે.

તેઓ આ પ્રમાણે કલ્પના કરે છે - અલ્પસત્વવાળા પ્રાણીઓ છે, અને કર્મની ગતિ વિચિત્ર છે. પ્રમાદનાં ઘણાં સ્થાનો છે, કોણ જાણે છે કે સંયમજીવિતથી ભ્રંશ થશે ? કોનાથી પરાજિત થઈ મારો સંયમ ભ્રષ્ટ થશે ? સ્ત્રીના કારણે કે સ્નાનાર્થે પાણીની ઇચ્છાથી ? આવી કલ્પના તે બિચારા કરે છે. મારી પાસે કોઈ પૂર્વોપાર્જિત દ્રવ્ય નથી કે જે તે સ્થિતિમાં કામ આવે ? તેથી બીજા કંઈ પૂછે ત્યારે હસ્તિશિક્ષા, ધનુર્વેદ આદિ - x - હું કહીશ. એવું તે હીનસત્વી વિચારીને વ્યાકરણાદિ શ્રુતમાં યત્ન કરે છે. તો પણ તે મંદભાગી સાધુને ઇચ્છિત અર્થની પ્રાપ્તિ થતી નથી.

કહ્યું છે કે—

ઉપશમના ફળથી વિદ્યાબીજથી ધનના ફળને ઇચ્છતાં જો તેનો પ્રયાસ નિષ્ફળ જાય તો આશ્ચર્ય શું ? નિયત ફળવાળાને કર્તાનો ભાવ ફળાંતર કરવા સમર્થ નથી. જેમ ઘઉં વાવીને જવના અંકુરા ન મળે.

ઉપસંહાર કરતા કહે છે - જેમ બીકણ સુભટ સંગ્રામમાં પ્રવેશતા જ નાસવા માટે વલયાદિ શોધતા રહે છે, તેમ દીક્ષા લીધેલા મંદભાગ્યતાથી અલ્પસત્વી બની આજીવિકા ભયથી વ્યાકરણ આદિ જીવન ઉપાયપણે વિચારે છે - કેવા બનીને ? શંકિત ચિત્તવાળા થઈ - શું આ લીધેલ સંયમને પાળવા હું સમર્થ છું કે નહીં ? તથા

કહ્યું છે કે—

લુખું, ઠંડુ, અનિયત, કાલાતિક્રાંત, વિરસ ભોજન, ભૂમિ શયન, લોચ, અસ્નાન અને બ્રહ્મચર્ય [આ બધું કેમ થશે ?] જેમ માર્ગનો અજાણ્યો વિચારે છે કે - આ માર્ગ ઇચ્છિત સ્થાને જાય છે કે નહીં ? એવી શંકામાં પડે છે, તેમ આ બીકણ સાધુ, સંયમભારના વહનમાં શંકિત થઈને નિમિત્ત, ગણિત આદિ આજીવિકા માટે શીખી રાખે છે.

હવે મહાપુરુષનું વર્તન બતાવે છે—

**● સૂત્ર-૨૦૯,૨૧૦ :-**

***જેઓ જગપ્રસિદ્ધ અને વીરોમાં અગ્રગણ્ય છે, તેઓ યુદ્ધના સમયે પાછળ જોતાં નથી, [તેઓ સમજે છે] મરણથી વિશેષ શું થશે ?***

***આ પ્રમાણે જે ભિક્ષુ ગૃહસ્થ બંધન છોડીને, સાવધ ક્રિયા ત્યાગીને સંયમમાં ઉધત થયા છે, તે મોક્ષ માટે શુદ્ધ સંયમમાં સ્થિર રહે છે.***

**● વિવેચન-૨૦૯,૨૧૦ :-**

જે મહાસત્વી છે, શત્રુ સામે લડતાં પ્રખ્યાત થયા છે, તેઓ શૂરવીરોમાં મુખ્ય છે, યુદ્ધ સમયે લશ્કરના મોખરે રહે છે. તેઓ યુદ્ધમાં પ્રવેશીને નાસીને જવાને દુર્ગ આદિ રક્ષણ શોધતા નથી. તેઓ અભંગકૃત્ બુદ્ધિવાળા છે, તે એવું માને છે કે - અહીં આપણે બીજું શું થવાનું છે ? બહુ-બહુ તો મરણ થશે. તે મરણ પણ શાશ્વત યશના પ્રવાહવાળું છે, તેનું દુઃખ આપણને અલ્પ માત્ર છે. કહ્યું છે કે - નાશવંત ચપળ પ્રાણો વડે અવિનશ્વર યશ વાંછતા કદાચ શૂરોનું મરણ થાય તો પણ તેને શું નથી મળ્યું ?

આ દૃષ્ટાંતથી બોધ આપે છે - જેમ સુભટ નામ-કુળ-શૌર્ય-શિક્ષા વડે વિખ્યાત છે, તેઓ બખ્તર પહેરેલા, તલવાર લીધેલા, શત્રુને ભેદી નાંખનારા પાછળ જોતાં નથી તેમ મહાસત્વી સાધુ પણ પરલોક પ્રતિસ્પર્ધી ઇન્દ્રિય, કષાયાદિ શત્રુ વર્ગને જીતવા સંયમમાં ઉત્થિત છે. કહ્યું છે - ક્રોધ, માન, માયા, લોભ, પાંચ ઇન્દ્રિયો આત્માને જીતવા મુશ્કેલ છે, પણ આત્મા જીતતા બધું જીતાયું છે. કઈ રીતે દીક્ષા લેવા તૈયાર થયો ?

ગૃહપાશને ત્યાગીને, સાવધ અનુષ્ઠાન છોડીને, આત્માને કલંકરૂપ સર્વકર્મથી નિર્મળ કરવા તૈયાર થયેલ અથવા આત્મા એટલે મોક્ષ કે સંયમ, તેના ભાવ માટે સંયમ ક્રિયામાં બરોબર લક્ષ રાખનાર થાય.

**● સૂત્ર-૨૧૧ :-**

***સંયમજીવી સાધુની કેટલાંક નિંદા કરે છે, પણ જેઓ આ પ્રમાણે નિંદા કરે છે તે સમાધિથી દૂર રહે છે.***

**● વિવેચન-૨૧૧ :-**

- x - તે સાધુને કેટલાક પરસ્પર ઉપકારરહિત દર્શનવાળા લોઢાની સળી સમાન છે, તેવા ગોશાલક મતાનુયાયી આજીવિક કે દિગંબરો જે કહે છે, તે આગળ



કહેશે, પણ આ સાધુઆચાર એ પરોપકારપૂર્વક શોભન જીવન છે. તે અધર્મીઓ સાધુઆચારની નિંદા કરે છે, તેથી સમાધિથી અર્થાત્ મોક્ષથી - સમ્યગ્ ધ્યાનથી - સદનુષ્ઠાનથી દૂર રહે છે.

હવે સાધુના નિંદકો શું બોલે છે ? તે કહે છે—

**● સૂત્ર-૨૧૨,૨૧૩ :-**

***તમારો વ્યવહાર ગૃહસ્થ સમાન છે, પરસ્પર મૂર્છિત છો, બીમાર સાધુ માટે આહાર લાવીને આપો છો...આ પ્રમાણે તમે સરાગી છો, એક બીજાને આધીન છો, સત્પથ અને સન્માર્ગરહિત છો, સંસારના અપારગ છો.***

**● વિવેચન-૨૧૨,૨૧૩ :-**

એકીભાવ વડે પરસ્પર ઉપકાર વડે પુત્ર, સ્ત્રી આદિ સ્નેહપાશ વડે બદ્ધ, સમાન વ્યવહાર-અનુષ્ઠાન જેનું છે તે સમકલ્પ, સંબંધ સમકલ્પ એટલે ગૃહસ્થના જેવું અનુષ્ઠાન કરનારા. જેમ ગૃહસ્થો પરસ્પર ઉપકાર વડે માતા પુત્રમાં કે પુત્ર માતામાં મૂર્છિત રહે, તેમ તમે પણ ગુરુ-શિષ્ય આદિ ઉપકાર ક્રિયા કલ્પનાથી પરસ્પર મૂર્છિત છો. ગૃહસ્થમાં પરસ્પર દાનાદિ ઉપકારનો ન્યાય છે, પણ સાધુઓનો નથી. કેમ પરસ્પર મૂર્છિત છો ? એ દર્શાવે છે - જ્યારે કોઈ સાધુ બીમાર હોય ત્યારે ગુરુ બીજા સાધુને ગ્લાન યોગ્ય આહાર શોધી તે ગ્લાનના ઉપકાર માટે આપવા તથા આચાર્યાદિની વૈયાવૃત્ય આદિ ઉપકાર માટે વર્તવા કહે છે. તેથી સાધુ ગૃહસ્થ જેવા જ છે.

તે વાદીઓ કહે છે - આ રીતે પરસ્પર ઉપકાર આદિથી તમે ગૃહસ્થ જેવા સરાગી જ છો, પરસ્પર વશ વર્તો છો. યતિઓ નિઃસંગપણાથી કોઈને આધીન હોતા નથી, કેમકે તે ગૃહસ્થોનો આચાર છે. તેથી તમારો સદ્‌ભાવ અને પરમાર્થ નાશ પામ્યા છે, ચતુર્ગતિ સંસાર ભ્રમણથી તમે પાર જવાના નથી. આ પ્રમાણે પૂર્વપક્ષ કહ્યો, હવે જૈનાચાર્ય તેનો ઉત્તર આપે છે—

**● સૂત્ર-૨૧૪ થી ૨૧૬ :-**

***આ પ્રમાણે અન્યતીર્થિઓ કહેતા મોક્ષ વિશારદ મુનિ તેમને કહે છે કે - આ પ્રમાણે બોલતા તમે બે પક્ષનું સેવન કરો છો...તમે ધાતુના પાત્રમાં ભોજન કરો છો, રોગી સાધુ માટે ભોજન મંગાવો છો, સચિત્ત બીજ અને પાણીનું સેવન કરો છો અને ઔદ્દેશિક આહાર વાપરો છો...તમે કર્મબંધનરૂપ તીવ્ર અભિતાપથી લિપ્ત છો, વિવેકશૂન્ય અને અસમાહિત છો, ઘાવને અતિ ખંજવાળવો શ્રેયસ્કર નથી, એમ કરવાથી વિકાર વધે છે.***

**● વિવેચન-૨૧૪ થી ૨૧૬ :-**

એ રીતે પ્રતિકૂળપણે ઉપસ્થિત વાદીને સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રરૂપક જૈનસાધુ કહે છે - તમે પૂર્વે જે કહ્યું તે બે પક્ષનું સેવન છે — ૧. અસત્ પ્રતિજ્ઞાનો સ્વીકાર અથવા રાગદ્વેષાત્મક બે પક્ષ. કારણ કે તમારો પક્ષ દોષિત છતાં તેના સમર્થનથી તમે રાગી છો, અમારા નિષ્કલંક માર્ગને નિંદવાથી તમે દ્વેષી છો, માટે તમે બે પક્ષને સેવો છો. આ પ્રમાણે બીજ, પાણી, ઉદ્દિષ્ટ કૃત ભોજનથી ગૃહસ્થ જેવા

છતાં વેષધારી સાધુ કહેવાઓ છો માટે તમે બે પક્ષનું સેવન કરો છો અથવા તમારું અસત્ અનુષ્ઠાન છે અને તમે સદનુષ્ઠાન કરનારને નિંદો છો.

હવે આજીવિકાદિ પરતીર્થિ અને દિગંબરોના અસદાચારને કહે છે - "અમે અપરિગ્રહતાથી નિષ્કિંચન છીએ" એમ માની, તમે કાંસાના પાત્રાદિ ગૃહસ્થ ભાજનોમાં ખાઓ છો, તેથી તમને અવશ્ય પરિગ્રહ થશે. તથા તમે આહારાદિમાં મૂર્છા કરો છો, તો તમારી નિષ્પરિગ્રહત્વની પ્રતિજ્ઞા નિર્દોષ કઈ રીતે છે ? ભિક્ષા અટન માટે અસમર્થ ગ્લાનને માટે બીજા ગૃહસ્થ પાસે ભિક્ષા મંગાવો છો તો સાધુ દ્વારા લાવવાના અભાવે ગૃહસ્થ દ્વારા લાવવાની જે દોષ સંભવે છે, તે તમને અવશ્ય લાગશે. તે બતાવે છે—

ગૃહસ્થોએ બીજ, સચિત્ત પાણી આદિના ઉપમર્દનથી બનાવેલ આહાર માંદાને ઉદ્દેશીને હોવા છતાં વધેલું તમારા પરિભોગમાં આવશે. એ રીતે ગૃહસ્થના ઘેર, તેમના વાસણમાં ખાતાં તથા ગ્લાનની વૈયાવચ્ચ ગૃહસ્થ પાસે કરાવતાં તમે અવશ્ય બીજ, પાણી આદિ ભોજી છો.

વળી છ જીવનિકાય વિરાધનાથી બનાવેલ ઉદ્દિષ્ટ ભોજન ખાવાથી અને અભિગૃહીત મિથ્યાદૃષ્ટિ વડે સાધુની નિંદા કરવાથી કર્મબંધનરૂપ અભિતાપથી લેપાયેલા છો. સદ્વિવેક શૂન્ય છો કેમકે ભિક્ષાપાત્રાદિ ત્યાગીને ગૃહસ્થના ઘેર જમવાથી-ઉદ્દેશિક ભોજનથી તથા શુભ અધ્યવસાયરહિત થઈ સત્સાધુના દ્વેષથી અસમાહિત છો.

હવે દૃષ્ટાંત દ્વારા ફરી તે દોષોને બતાવે છે - જેમકે - ઘા ને અતિ ખણજ આવે તો નખો વડે ખણવાથી સારું થતું નથી, પણ તેમ ખણવાથી ઘા વધારે છે, તેથી તમે સદ્વિવેક રહિત છો. "અમે નિષ્કિંચન હોવાથી નિષ્પરિગ્રહી થઈ છ જીવનિકાયના રક્ષણભૂત ભિક્ષા પાત્રાદિ સંયમોપકરણ રાખતા નથી"- તેમ તમે માનો છો, પણ અશુદ્ધ આહાર ખાવાથી તે અવશ્ય થશે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને ન વિચારવાથી ખણજ માફક સારું નહીં થાય.

● **સૂત્ર-૨૧૭ થી ૨૧૯ :-**

***સત્યાર્થ નિરૂપક તથા તત્ત્વજ્ઞાતા મુનિ તેઓને શિક્ષા આપે છે કે - તમારો માર્ગ યુક્તિ સંગત નથી, તમારી કથની અને કરની અસમીક્ષ્ય છે.***

***"ગૃહસ્થ દ્વારા લાવેલ આહાર કરવો સારો, પણ ભિક્ષુ દ્વારા લાવેલ આહાર ન કરવો" એવું તમારું કથન વાંસના અગ્રભાગ જેવું દુર્બળ છે.***

***"દાનધર્મની પ્રજ્ઞાપના ગૃહસ્થો માટે છે, સાધુ માટે નહીં" એમ તમે કહો છો પણ પૂર્વવર્તી તીર્થંકરોએ આવો ધર્મ પ્રરૂપેલ નથી.***

● **વિવેચન-૨૧૭ થી ૨૧૯ :-**

પરમાર્થથી જિનેશ્વરના વચન વડે યથાવસ્થિત અર્થ પ્રરૂપણાથી ગોશાળાના મતવાળા કે બોટિકોને તેમના મતના દોષદર્શનથી બોધ આપે છે - કોણ ? "અસત્‌ને સમર્થન કરવું" એવી પ્રતિજ્ઞા રહિત તે અપ્રતિજ્ઞ અર્થાત રાગદ્વેષરહિત - સાધુ, હેય-ઉપાદેયનો પરિચ્છેદક - કેવી રીતે બોધ આપે ? તે કહે છે - તમારો માનેલો આ માર્ગ છે કે - "સાધુઓને નિષ્કિંચનતા થકી ઉપકરણ ન હોવાથી પરસ્પર ઉપકાર કરવો





અયુક્ત છે." તે વચન યુક્તિસંગત નથી. વળી તમે કહો છો કે - "માંદા સાધુ માટે આહાર લાવે તે ગૃહસ્થ જેવા છે." - આ વચન વિચાર્યા વિનાનું છે. તથા તમારું કરણ પણ વિચાર્યા વિનાનું છે. - x - x - દૃષ્ટાંત સહિત આ વાત બતાવે છે—

"સાધુએ માંદા માટે ન લાવી આપવું" એ તમારું વચન વાંસની માફક ખેંચતા તુટી જવાથી દુર્બળ છે - તે બતાવે છે. - x - ગૃહસ્થ જે લાવીને આપશે તે જીવોના ઉપમર્દનથી થશે, સાધુ ઉદ્ગમાદિ દોષરહિત લાવશે માટે "ગૃહસ્થે લાવેલ સાધુ વાપરે" તે તમારું વચન દુર્બલ છે.

વળી તમે કહો છો કે - "સાધુઓને દાનાદિથી ઉપકાર કરવો એ ગૃહસ્થની વિશોધિકા [પાપથી બચાવ] છે અને સાધુઓ તો પોતાના અનુષ્ઠાનથી જ વિશુદ્ધિ પામે છે, તેમને દાન આપવાનો અધિકાર નથી" - તેના દૂષણો જૈન આચાર્ય બતાવે છે - ગૃહસ્થે બીમારની ચાકરી કરવી, સાધુએ નહીં આવી ધર્મપ્રરૂપણા પૂર્વે સર્વજ્ઞોએ કરી એવું તમારું કહેવું નિરર્થક છે, કેમકે સર્વજ્ઞો આવું પરિફલ્ગુપ્રાયઃ [નકામું] વચન પ્રરૂપે નહીં કે એષણાદોષથી અજાણ ગૃહસ્થો ગ્લાનાદિની વૈયાવચ્ચ કરે, પણ એષણા દોષના જ્ઞાત સાધુ ન કરે. વળી તમે પણ ગ્લાનનો ઉપકાર સ્વીકાર્યો છે જ, કેમકે તમે ગૃહસ્થને પ્રેરણા અને અનુમોદના કરો જ છો. છતાં નિર્દોષ રીતે માંદાની સેવા કરનારા અમારી તમે નિંદા કરો છો, માટે સાધુ ધર્મના દ્વેષી છો.

● **સૂત્ર-૨૨૦,૨૨૧ :-**

***સમગ્ર યુક્તિથી પોતાનો મત સ્થાપન કરવામાં અસમર્થ લાગતા લોકવાદને છોડીને ધૃષ્ટતા કરે છે...રાગદ્વેષથી અભિભૂત આત્મા મિથ્યાત્વથી અભિદ્રુત થઈ આક્રોશના શરણે જાય છે, જેમ મ્લેચ્છો પર્વતને.***

● **વિવેચન-૨૨૦,૨૨૧ :-**

તે ગોશાલક મતાનુસારી કે દિગંબરો સર્વે અનુકૂળ યુક્તિઓ, સર્વે હેતુ-દૃષ્ટાંત વડે સ્વપક્ષમાં આત્માને સ્થાપવા માટે અસમર્થ છે, તેથી આ સામર્થ્ય અભાવે સમ્યગ્ હેતુ દૃષ્ટાંતો વડે વાદને ત્યાગીને તે અન્યતીર્થિવાદ ત્યાગવા છતાં ધૃષ્ટતા ધારણ કરીને આ પ્રમાણે કહે છે - માનવ ધર્મ જૂનો છે, અંગસહિત વેદ નિઃશંકપણે માનવાનો છે, તે ચારે વેદ આજ્ઞાસિદ્ધ છે, તેનું હેતુ વડે ખંડન ન કરવું. વળી આ બહારની અનુમાન આદિની યુક્તિ વડે ધર્મપરીક્ષા કરવામાં શું કરવું છે ? કેમકે બહુજનસંમત પ્રત્યક્ષ રાજા આદિએ આશ્રય આપવાથી અમારો ધર્મ શ્રેષ્ઠ છે, બીજો નહીં.

ઉપર મુજબ વેદવાદીએ કહેતા જૈનાચાર્યો ઉત્તર આપે છે - અહીં જ્ઞાનાદિ સાર રહિત એવા ઘણાં વડે પ્રયોજન નથી. કહ્યું છે કે - એરંડાના લાકડાની ભારી હોય અને ગોશીર્ષચંદન પલભાર હોય, તો પણ ગમે તેટલું ગણતા બંને મૂલ્યમાં સમાન ન થાય. જેમ ગણનાથી ચંદનની તોલે એરંડા ન આવે તેમ વિજ્ઞાનરહિત મહાજન પણ મૂલ્યમાં ગણવામાં ન આવે. જેમ એક દેખતો અને સેંકડો અંધામાં ઘણાં અંધ ન લેતા એક દેખતો લેવો. એમ ગતિને ન જાણતાં ઘણાં મૂઢો પણ પ્રમાણ નથી,

સંસારગમનમાં વક્ર અને બંધ મોક્ષમાં નિપુણ એવો એક જાણનારો પ્રમાણભૂત છે.

આ પ્રમાણે રાગ-પ્રીતિ લક્ષણ, દ્વેષ અપ્રીતિ લક્ષણ છે. તે બંનેથી હણાયેલ આત્માવાળા અન્યદર્શીનીઓ તથા વિપરીત બોધ વડે અતત્વ અધ્યવસાયરૂપ મિથ્યાત્વથી વ્યાપ્ત સત્યુક્તિ વડે વાદ કરવા અસમર્થ ક્રોધ વશ થઈને અસભ્ય વચનરૂપ આક્રોશ તથા દંડ, મુષ્ટિ આદિ વડે મારવા તૈયાર થાય છે. તે માટે દૃષ્ટાંત કહે છે - જેમ મ્લેચ્છ ટંકણો દુર્જય છે છતાં બળવાન શત્રુ વડે યુદ્ધમાં હારી જાય તો પર્વતનું શરણ લે છે, તેમ વાદમાં પરાજિત કુતીર્થિકો વાદમાં હારતા આક્રોશનું શરણ લે છે. પણ તેથી જૈન સાધુએ સામે આક્રોશ ન કરવો. કહ્યું છે કે - આક્રોશ, હનન, મારણ એ ધર્મભ્રષ્ટ બાળકને સુલભ છે પણ ધીરપુરુષ મૌનમાં વધુ લાભ માને છે.

**● સૂત્ર-૨૨૨ થી ૨૨૪ :-**

***વાદ કરતી વખતે મુનિ પોતાની ચિત્તવૃત્તિને પ્રસન્ન રાખે અને બીજા મનુષ્યો તેના વિરોધી ન બને તેવા આચરણથી પોતાનો પક્ષ રજૂ કરે.***

***કાશ્યપ મહાવીરસ્વામીએ કહેલ આ ધર્મને ગ્રહણ કરીને પ્રસન્ન ચિત્તે, અગ્લાનભાવે મુનિ ગ્લાન સાધુની સેવા કરે.***

***સમ્યગ્દૃષ્ટિ, શાંતમુનિ મોક્ષદાયી એવા ઉત્તમ ધર્મને જાણીને ઉપસર્ગોને સહન કરીને મોક્ષ પ્રાપ્તિ પર્યન્ત સંયમ અનુષ્ઠાન કરે. - તે હું કહું છું.***

**● વિવેચન-૨૨૨ થી ૨૨૪ :-**

बहवे गुणाः સ્વપક્ષ સિદ્ધિ અને પરદોષ બતાવવા વગેરેમાં કે માધ્યસ્થ્ય આદિનો આત્મામાં પ્રાદુર્ભાવ જે અનુષ્ઠાનમાં થાય તે બહુ ગુણ કલ્પે છે - પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંત, ઉપનય, નિગમન આદિ કે માધ્યસ્થ વચનવાળા અનુષ્ઠાનો સાધુએ વાદ કરતા કે અન્યદા યોજવા જોઈએ. તે જ કહે છે - ચિત્ત સ્વાસ્થ્ય રૂપ સમાધિ જેને છે તે આત્મસમાધિક છે. કહ્યું છે કે - જે જે હેતુ દૃષ્ટાંત સ્થાપવા વડે આત્મસમાધિ થાય અર્થાત્ માધ્યસ્થ વચન વડે સ્વપક્ષ સિદ્ધિ કે પર અનુપઘાત થાય તેમ વાદ કરે તથા જે અનુષ્ઠાન કે વચનથી ધર્મશ્રવણ આદિ કે અન્યપ્રવૃત્તિમાં અન્યતીર્થિ વિરોધ ન કરે તેમ વર્તવું. બીજાને વિરોધ ન થાય તેવું અનુષ્ઠાન કે વચન સાધુએ કરવું.

આ પ્રમાણે પરમતનું નિરાકરણ કરી ઉપસંહાર વડે સ્વમત સ્થાપનાર્થે કહે છે - દુર્ગતિમાં ધારવાથી ધર્મ છે, તે શ્રી મહાવીર સ્વામીએ કેવળ જ્ઞાન થયા પછી દેવ, મનુષ્યોની સભામાં યથાવસ્થિત અર્થ નિરૂપણ કરીને કહ્યો છે અને પરમતનું નિરાકરણ કર્યું છે તે સમજીને સાધુ બીજા માંદા સાધુની વૈયાવચ્ચ કરે. કઈ રીતે કરે ? પોતાની શક્તિ મુજબ સમાધિ રહે તે રીતે અર્થાત્ જે રીતે આત્માને સમાધિ રહે અને પોતાના યોગો ન સીદાય તે રીતે તે ગ્લાનને સમાધિ ઉપજે તે માટે ગૌચરી આદિ લાવીને આપે.

શું કરવાથી આ થઈ શકે ? આ ધર્મ સર્વજ્ઞપ્રણીત, શ્રુત-ચારિત્ર નામક ભેદવાળો, પ્રાણીઓની અહિંસારૂપ સુંદર, પ્રીતિના કારણરૂપ છે તેમ જાણીને.

સદ્ભૂત પદાર્થમાં રહેલ દૃષ્ટિ તે સમ્યગ્દર્શન જેને છે તે યથાર્થ વસ્તુને જાણનાર તથા રાગ-દ્વેષ દૂર થવાથી શાંતિરૂપ છે, તે ધર્મને સુંદર સમજી અનુકૂળ



પ્રતિકૂળ ઉપસર્ગોને સહન કરે, પણ કંટાળીને વિરૂપ ન આચરે એ રીતે સર્વકર્મ ક્ષય થાય ત્યાં સુધી સંયમ અનુષ્ઠાનમાં તત્પર રહે. - x -

**અધ્યયન-૩ ''ઉપસર્ગપરિજ્ઞા'' ઉદ્દેશા-૩નો**
**મુની દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૩ ઉદ્દેશો-૪ 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો, હવે ચોથો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વના ઉદ્દેશામાં અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો કહ્યા. તે ઉપસર્ગોથી કદાચ કોઈ સાધુ શીલથી ભ્રષ્ટ થાય, તેવા સાધુને આ ઉદ્દેશામાં બોધ આપે છે. - x - હવે સૂત્ર—

**● સૂત્ર-૨૨૫ થી ૨૨૮ :-**

***પૂર્વે ઉગ્ર તપસ્વી મહાપુરુષોએ [સચિત્ત] જળથી સિદ્ધિ પ્રાપ્ત કરી છે, આ સાંભળી મંદ સાધુ વિષાદ પામે છે...વૈદેહી નમિરાજા આહાર ન કરીને રામગુપ્તે ભોજન કરતા, બાહુકે સચિત્ત જળથી, નારાયણે અચિત્ત જળથી સિદ્ધિ પ્રાપ્ત કરી છે...મહર્ષિ-આસિલ, દેવિલ, દ્વૈપાયન અને પારાસરે સચિત જળ-બીજ અને વનસ્પતિનો ઉપભોગ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી છે...પૂર્વે આ મહાપુરુષો પ્રખ્યાત અને માન્ય હતા. તેઓએ સચિત્ત જળ અને બીજનો ઉપયોગ કરી સિદ્ધિ પ્રાપ્ત કરી એવું મેં પરંપરાએ સાંભળેલ છે.***

**● વિવેચન-૨૨૫ થી ૨૨૮ :-**

[૨૨૫-] કેટલાક પરમાર્થને ન જાણનારા કહે છે કે - મહાન્ પુરુષો એવા વલ્કલચીરી, તારાગણ ઋષિ વગેરે પૂર્વકાળે તપ કરવાથી તપોધન હતા - તેમણે પંચાગ્નિ આદિ તપ વિશેષથી કાયાને ઘણી તપાવેલી, તેઓ કાચું પાણી પીને, ઉપલક્ષણથી કંદ-મૂલ-ફ્લાદિ ઉપભોગથી કાચા પાણીના પરિભોગથી સિદ્ધિમાં ગયા. આવું સાંભળીને, તેમાં સદ્ભાવના આવેશથી અજ્ઞાની સાધુ અસ્નાનનો ત્યાગ કરીને, કાચા પાણીના પરિભોગમાં મગ્ન બની સંયમાનુષ્ઠાનમાં વિષાદ પામે છે અથવા તે કાચું પાણી પીએ-વાપરે-નહાય વગેરે ઉપયોગ કરે છે. પણ તે બિચારો એમ ન વિચારે કે તે તાપસ આદિ વ્રતવાળા કોઈક જાતિસ્મરણ આદિ નિમિત્તથી સમ્યગ્દર્શન પામીને જિન કથિત ભાવ સંયમ સ્વીકારી જ્ઞાનાવરણીય આદિ કર્મ દૂર કરીને ભરતાદિ માફક મોક્ષે ગયા છે. - x -

[૨૨૬-] કેટલાંક કુતીર્થિ સાધુને ઠગવા આમ કહે છે અથવા શીથીલ એવા જૈન સાધુ આવું કહે છે કે - વિદેહ જનપદમાં થયેલ નમી રાજા - x - ફક્ત ભોજન ન કરવાથી મોક્ષે ગયા. તથા રામગુપ્ત રાજર્ષિ આહારાદિ વાપરીને મોક્ષે ગયા. બાહુક કાચું પાણી વાપરીને અને નારાયણમહર્ષિ પરિણતજળના પરિભોગથી સિદ્ધ થયા.

[૨૨૭-] મહર્ષિ એવા આસિલ, દેવિલ, દ્વૈપાયન તથા પારાશર સચિત્ત પાણી, બીજ, વનસ્પતિના પરિભોગથી સિદ્ધ થયા એવું સંભળાય છે.

[૨૨૮-] આ નમી આદિ મહર્ષિઓ પૂર્વકાળમાં મહાપુરુષ તરીકે પ્રખ્યાત હતા, રાજર્ષિરૂપે પ્રસિદ્ધ થયેલા, તથા અહીં જૈનદર્શનમાં ઋષિભાષિત આદિ આગમમાં પણ કેટલાંક સંમત મનાએલા છે. આ પ્રમાણે અન્યતીર્થિકો કે શિથિલ જૈન સાધુ બોલે છે કે - આ બધા સચિત્ત પાણી, બીજ આદિ ખાઈને સિદ્ધ થયા છે, એવું મેં ભારત આદિ પુરાણોમાં સાંભળેલ છે - હવે ઉપસંહારમાં તેનો પરિહાર કરે છે—

**● સૂત્ર-૨૨૯ :-**

***[ઉક્ત કથનો સાંભળી] અજ્ઞાન સાધુ, ભારથી પીડાતા ગધેડાની માફક સંયમમાં ખેદ પામે છે. અગ્નિના સંભ્રમથી દોડતો પાંગળો અસામર્થ્યથી જેમ નાશ પામે, તેમ સંયમના ભારથી દુઃખી પાછળ જ ચાલે છે, મોક્ષે જતાં નથી.***

**● વિવેચન-૨૨૯ :-**

આ પ્રમાણે કુશ્રુતિ-ઉપસર્ગના ઉદયથી અજ્ઞાની સાધુ ઉક્ત વિવિધ ઉપાય સાધ્ય સિદ્ધિ ગમનને અવધારીને સંયમાનુષ્ઠાનમાં સીદાય છે પણ તે અજ્ઞાની એમ વિચારતા નથી કે તે મહર્ષિઓનું સિદ્ધિગમન કોઈ નિમિત્ત થકી થયું છે. જેમકે જાતિસ્મરણાદિ જ્ઞાનથી કે અન્ય રીતે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે વલ્કલચીરી આદિ મોક્ષે ગયા છે પણ સર્વવિરતિના પરિણામરૂપ ભાવલિંગ વિના ફક્ત કાચું પાણી, બીજાદિ ઉપભોગથી જીવ હિંસાથી કર્મક્ષયને પામ્યા નથી.

હવે ખેદ પામવાનું દૃષ્ટાંત કહે છે—

ભાર વહનથી છિન્ન ગધેડાની જેમ સીદાય છે. જેમ ગધેડા ભાર હલકો થતા ચાલવાના માર્ગમાં જ આળોટે છે, તેમ ઢીલા સાધુ સંયમનો ભાર મૂકી શીતલવિહારી બની જાય છે. બીજું દૃષ્ટાંત કહે છે - જેમ પાંગળો માણસ આગ વગેરેના ભયથી - x - નાસતા લોકોની પાછળ દોડે છતાં તેનાથી આગળ નીકળતા નથી, પણ તેઓ ત્યાં જ આગમાં સપડાઈ નાશ પામે છે, તેમ શીતલવિહારી મોક્ષ પ્રતિપ્રવૃત્ત થવા છતાં મોક્ષે પહોંચતા નથી, પણ તે સંસારમાં અનંતકાળ સુધી રહે છે.

**● સૂત્ર-૨૩૦ :-**

***કેટલાક એમ કહે છે કે - સુખથી જ સુખ મળે છે, આમ કહી જિનેશ્વર દ્વારા પ્રરૂપિત શ્રેષ્ઠ અને કલ્યાણકારી માર્ગનો ત્યાગ કરે છે.***

**● વિવેચન-૨૩૦ :-**

અન્યમતના નિવારણ માટે પૂર્વપક્ષ કહે છે - મોક્ષગમનના વિચારમાં શાક્યાદિઓ કે લોચ આદિથી કંટાળેલા જૈન સાધુઓ - x - એવું બોલે છે કે માને છે - સુખથી જ સુખ મળે છે. કહ્યું છે કે - બધાં જીવો સુખમાં રત છે અને દુઃખથી કંટાળેલા છે, માટે સુખના અર્થીએ બીજાને સુખ આપવું, સુખ આપનારો સુખ પામે છે. વળી - x - કારણ ને મળતું કાર્ય જ ઉત્પન્ન થાય. જેમકે - શાલિબીજથી શાલિનો અંકુરો ફૂટે, જવનો ન ફૂટે. તેમ કાયાને સુખ આપતા મુક્તિ સુખ મળે, લોચ આદિ દુઃખ આપીને સુખ ન મળે.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે - મનોજ્ઞ ભોજન, મનોજ્ઞ શયન - આસન, મનોજ્ઞ



ઘરમાં બેસી મુનિ મનોજ્ઞ ધ્યાન કરે. વળી શાક્યપુત્ર બુદ્ધે પણ કોમળ શય્યા, પ્રાતઃકાળે પાન, બપોરે ભોજન, સાંજે પીણું આદિમાં મોક્ષ જોયો છે. એ રીતે મનોજ્ઞ આહારાદિ ચિત્ત સ્વાસ્થ્યથી સમાધિ આપે છે, તેનાથી મુક્તિ મળે છે માટે સિદ્ધ થાય છે કે સુખથી જ સુખ મળે લોચાદિ કાય કષ્ટથી મોક્ષ ન મળે. મૂઢ મતિવાળા - x - આવું માનીને મોક્ષના વિચારમાં સર્વ હેયધર્મથી દૂર એવા જૈનેન્દ્ર શાસન પ્રતિપાદિત મોક્ષ માર્ગનો ત્યાગ કરે છે. જ્ઞાનાદિ સમાધિ તજીને સંસારે ભમે છે.

[હવે જૈનાચાર્યો કહે છે-] ‘‘કારણ અનુરૂપ કાર્ય’’ એવું જે કહ્યું તે એકાંત નથી. કેમકે શીંગડામાંથી શર થાય છે, છાણમાંથી વીંછી થાય છે, ઇત્યાદિ. જો કે મનોજ્ઞ આહારાદિ સુખનું કારણ કહ્યું, પણ તેમાંથી વિશૂચિકાદિનો સંભવ છે. વળી આ વૈષયિક સુખ દુઃખ પ્રતિકાર હેતુપણે હોવાથી સુખનો આભાસ માત્ર છે, સુખ નથી. કહ્યું છે કે - દુઃખરૂપ વિષયોમાં સુખનું અભિમાન થાય છે, સુખરૂપ નિયમાદિમાં દુઃખ બુદ્ધિ થાય છે. કોતરેલા અક્ષરોની પંક્તિ અવળી દેખાય છે, તેમ વિપરીત ગતિના પ્રયોગથી સારૂપ્ય લાગે છે. તે કઈ રીતે પરમ આનંદરૂપ આત્યંતિક ઐકાંતિક મોક્ષ સુખનું કારણ થાય ?

જો કે લોચ, ભૂમિશય્યા, ભિક્ષા અટન, પરપરિભવ, ભૂખ-તરસ આદિ દુઃખના કારણરૂપે તમે બતાવ્યા. તે અત્યંત અલ્પસત્વી, પરમાર્થની દૃષ્ટિ વિનાનાને દુઃખ લાગે છે. પણ મહાપુરુષોને, સ્વાર્થ માટે અપ્રવર્તેલા તથા પરમાર્થ ચિંતામાં એક તાનને મહાસત્વપણે આ દુઃખો પણ સુખરૂપે થાય છે કહ્યું છે - ઘાસના સંથારે બેઠેલા, રાગ-મદ-મોહને નાશ કરનાર મુનિ જે મુક્તિ-સુખ પામે, તેવું સુખ ચક્રવર્તીને પણ ક્યાંથી ?

તથા ‘‘દુઃખ દુષ્કૃતના ક્ષયને માટે છે, ક્ષમા વૈરીના વેરનો નાશ કરે છે, કાયામાં અશુચિ વૈરાગ્ય માટે, વૃદ્ધત્વ સંવેગ માટે, મરણ સર્વ ત્યાગના મહોત્સવ માટે, જન્મ વહાલાની પ્રીતિ માટે છે. આ રીતે આખું જગત્ સંપદા યુક્ત છે, તેમાં વિપત્તિ ક્યાંથી હોય ?’’ વળી એકાંતે સુખથી જ સુખ માનતા સંસારની વિચિત્રતાનો અભાવ થશે. સ્વર્ગમાં રહેલા નિત્ય સુખીને ફરી સુખનો અનુભવ લેવા ત્યાંજ ઉત્પન્ન થવું પડે. નારકોને ફરી દુઃખ ભોગવવા નારકીમાં ઉત્પન્ન થવું પડે. - x - પણ એવું થતું નથી - x - તેથી કહે છે—

**● સૂત્ર-૨૩૧ :-**

***જિનશાસનની અવગણના કરીને, વિષય સુખથી મોક્ષસુખનો નાશ ન કરો. જો અસત્ પક્ષને નહીં છોડો તો લોહવણિકની જેમ પસ્તાશો.***

**● વિવેચન-૨૩૧ :-**

આ જૈનેન્દ્રપ્રવચન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક મોક્ષમાર્ગ પ્રતિપાદક છે. તેને ‘‘સુખથી સુખ મળે’’ આદિ કહી મોહથી મોહિત બની તેને તજતાં વૈષયિક સુખથી પરમાર્થ સુખ એવા મોક્ષનો નાશ ન કરો. મનોજ્ઞ આહારથી કામોદ્રેગ, તેથી ચિત્તમાં અશાંતિથી સમાધિ થતી નથી. અસત્ પક્ષના સ્વીકારથી - x - તમે માત્ર આત્માની કદર્થના કરો છો જેમ લોઢાને ઉપાડનાર માર્ગમાં ચાંદી વગેરેનો લાભ

મળવા છતાં કદાગ્રહથી એમ માને કે દૂરથી લાવેલ લોટું ક્યાં મૂકી દઉં ? પછી અલ્પ લાભ થતા પસ્તાવો કરે. તેમ તમે પણ તમારો કદાગ્રહ નહીં મૂકો તો પસ્તાશો. - શાક્યાદિના દોષો કહે છે—

● **સૂત્ર-૨૩૨ થી ૨૩૬ :-**

***[સુખથી સુખ મળે એવું માનનારા] જીવહિંસા કરે છે, મૃષાવાદ સેવે છે, અદત્ત વસ્તુ લે છે, મૈથુન સેવે છે અને પરિગ્રહમાં વર્તે છે.***

***જિનશાસનથી વિમુખ, સ્ત્રીવશવર્તી, અજ્ઞાની, અનાર્ય કર્મ કરનાર, પાર્શ્વસ્થા આ પ્રમાણે પ્રરૂપણા કરે છે - ... જેમ ગુમડા કે ફોલ્લાને દબાવી પરુ કાઢતા તુરંત પીડા દૂર થાય છે. તેમ સમાગમપ્રાર્થી સ્ત્રી સાથે સમાગમમાં શું દોષ છે ?...જેમ ઘેટું પાણીને હલાવ્યા વિના પી લે છે. તેમ સમાગમપ્રાર્થી સ્ત્રી સાથે સમાગમમાં શો દોષ છે ?...જેમ પિંગ પક્ષિણી પાણીને હલાવ્યા વિના પી લે છે, તેમ સમાગમ પ્રાર્થી સ્ત્રી સાથે સમાગમમાં શો દોષ છે ?***

● **વિવેચન-૨૩૨ થી ૨૩૬ :-**

હે વાદીઓ ! તમે સુખથી સુખ ઇચ્છો છો, તેથી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહમાં વર્તી અસંયત બનો છો, તમે વર્તમાન સુખની એષણામાં અલ્પ વૈષયિક સુખના આભાસથી પારમાર્થિક એકાંત અત્યંત મોક્ષસુખને ગુમાવો છો, કેમકે પચન-પાચનાદિ ક્રિયામાં વર્તતા સાવધ અનુષ્ઠાનના આરંભ વડે જીવહિંસા કરો છો તથા જે જીવોના શરીરનો ઉપભોગ તમે કરો છો, તેઓના સ્વામીએ તે શરીર અર્પણ કર્યા ન હોવાથી અદત્તાદાન લાગે છે, તથા ગાય, ભેંસ, બકરી, ઉંટ આદિના સંગ્રહથી તેના મૈથુનનું અનુમોદન કરતા અબ્રહ્મ છે અને ગૃહસ્થ આચરણ કરવા છતાં અમે પ્રવ્રજિત છીએ તેમ બોલતા મૃષાવાદ લાગે છે. વળી ધન, ધાન્યાદિ પરિગ્રહથી પરિગ્રહ દોષ લાગે. મતાંતર માટે પૂર્વ પક્ષ કહે છે—

- x - ઉક્ત રીતે પ્રાણાતિપાતાદિમાં વર્તતા બૌદ્ધ વિશેષ કે નાથવાદી મંડલમાં રહેલા શૈવમતવાળા, સદ્ અનુષ્ઠાનથી બાજુએ રહેલા પાર્શ્વસ્થા કે જૈન મતના પાસત્થાદિ કુશીલો સ્ત્રી પરીષહથી હારેલા અને અનાર્ય કર્મ કરવાથી અનાર્ય એવા તે આ પ્રમાણે કહે છે—

પ્રિયાનું દર્શન જ અમને થાઓ, અન્ય દર્શનનું શું પ્રયોજન છે ? જેના વડે સરાગી ચિત્ત હોવા છતાં નિર્વાણ મળે છે - તેઓ આવું શા માટે કહે છે ? તેઓ સ્ત્રીને વશ વર્તે છે, અજ્ઞાન છે, રાગદ્વેષથી હણાયેલ ચિત્તવાળા છે, રાગદ્વેષને જિતનારા જિનની આજ્ઞા જે કષાય, મોહના ઉપશમના હેતુભૂત છે, તેનાથી પરાંગમુખ બની સંસારાસક્ત, જૈન માર્ગ દ્વેષી છે માટે કહે છે.

જેમ કોઈ ગુમડાવાળો રોગી ગુમડા કે ફોડલાની પીડા શાંત કરવાને લોહી-પરુ કાઢીને મુહૂર્ત માત્રમાં સુખી થાય છે, તે દોષિત ગણાતો નથી એ પ્રમાણે સ્ત્રીએ કરેલ પ્રાર્થનામાં - સ્ત્રી સંબંધમાં ગુમડું દાબવા માફક કયો દોષ છે ? આ રીતે સમાગમમાં કોઈ દોષ નથી જો કોઈને કંઈ પીડા થતી હોય તો દોષ લાગે, પણ અહીં



એવું નથી, તેનું દૃષ્ટાંત કહે છે—

જેમ ઘેટું પાણીને હલાવ્યા વિના પાણીથી પોતાને તૃપ્ત કરે છે તેમાં કોઈના ઉપઘાત થતો નથી, તેમ સ્ત્રી સંબંધમાં કોઈને પીડા થતી નથી અને પોતાને સંતોષ થાય છે, તો તેમાં દોષ ક્યાંથી હોય ?

આ જ વિષયમાં બીજું દૃષ્ટાંત કહે છે - આકાશમાં ઉડતું એવું કપિંજલ પક્ષી આકાશમાં રહેલું એવું ભરેલું પાણી પીએ તેમાં દોષ નથી. તેમ અહીં પણ દર્ભ-દાનપૂર્વક રાગદ્વેષ વિના પુત્રાદિ માટે સ્ત્રી સંબંધ કરતા તેને દોષ નથી. આ રીતે ગુમડું દબાવવા માફક - x - ઘેટા અથવા કપિંજલના પાણી પીવાની ક્રિયા માફક - x - x - x - સ્ત્રી સંગમાં દોષ નથી તેમ કહ્યું. તથા કહે છે કે - ધર્મ માટે પુત્રની ઉત્પત્તિ કરવા પોતાની સ્ત્રીમાં અધિકારી તેના પતિને જેમ ઋતુકાળે શાસ્ત્રોક્ત વિધિએ સંગ કરતા દોષ નથી, તેમ ઉદાસીનપણે કામ ભોગવતા દોષ નથી.

- તેનો ઉત્તર નિર્યુક્તિકાર આપે છે—

[નિ.૫૩-] કોઈ પુરુષ શસ્ત્રથી કોઈનું મસ્તક છેદીને અવળે મોઢે ઉભો રહે, તેવી રીતે ઉદાસીન પુરુષ શસ્ત્રથી ઘા કરવાનો અપરાધી ન થાય ?

[નિ.૫૪-] કોઈ ઝેરનો કોગળો પીને મૌન રહે કે છાનો પીએ અને કોઈ ન દેખે તેથી શું તે પુરુષ મરતો બચી જશે ?

[નિ.૫૫-] કોઈ રાજાના ભંડારમાંથી મહામૂલ્ય રત્નોને ચોરીને અવળે મુખે ઉભો રહે, તો શું તેને કોઈ નહીં પકડે ? આ રીતે કોઈ શઠતા કે અજ્ઞ બની ખૂન કરે - ઝેર પીએ - રત્ન ચોરે અને તેમાં માધ્યસ્થ્ય ધારણ કરે, તેથી તેની નિર્દોષતા ગણાય ? એ પ્રમાણે અહીં મૈથુનમાં અવશ્ય રાગ થવાનો છે અને બધા દોષોનું કારણ છે, સંસાર વધારનાર છે, તો નિર્દોષતા ક્યાંથી ? કહ્યું છે કે - પ્રાણીઓના બાધક આ શાસ્ત્રમાં મહર્ષિઓએ કહેલું છે કે - જેમ રૂ ની ભરેલી નળીમાં તપાવેલો લોઢાનો સળીયો ઘાલતાં રૂ બળે તેમ સ્ત્રીના સંગમાં યોનિમાં રહેલા જીવોનો નાશ થાય છે. આ અધર્મનું મૂળ છે, ભવ-ભ્રમણ વધારનાર છે, માટે પાપને વધારવા ન ઇચ્છતા પુરુષે વિષમિશ્રિત અન્ન માફક તે ત્યાગવા યોગ્ય છે એમ નિર્યુક્તિકાર કહે છે.

● **સૂત્ર-૨૩૭ :-**

***ઉક્ત પ્રકારે મૈથુન સેવનને નિરવદ્ય બતાવનારા પાર્શ્વસ્થ, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય છે, બાળકોમાં આસક્ત રહેતી પૂતના માફક તેઓ કામાસક્ત રહે છે.***

● **વિવેચન-૨૩૭ :-**

આ રીતે ગુમડૂં પીલવા આદિ દૃષ્ટાંત મુજબ મૈથુનને નિર્દોષ માનનારા, સ્ત્રી પરીષહથી પરાજિત, સદ્ અનુષ્ઠાનની બાજુએ રહેલા નાથવાદિ વગેરે તથા પતિત જૈન સાધુ વિપરીત દર્શનવાળા તથા દુષ્ટ કર્મ આદરવાથી કે ધર્મ વિરુદ્ધ અનુષ્ઠાનથી અનાર્ય એવા ઇચ્છા મદનરૂપ કામભોગમાં કે કામભોગ વડે સાવધ અનુષ્ઠાનમાં રક્ત રહે છે. અહીં લૌકિક દૃષ્ટાંત છે - જેમ પૂતના ડાકણ દૂધ પીતા બાળકમાં આસક્ત રહેતી, તેમ આ અનાર્યો કામાસક્ત રહે છે અથવા પૂયણ એટલે ઘેટી પોતાના

બચ્ચાને વળગે છે તેમ તેઓ પણ છે અહીં કથાનક બતાવે છે—

જેમ બધા પશુના બચ્ચાને સૂકા કૂવામાં સ્નેહ પરીક્ષાર્થે ફેંક્યા ત્યારે બીજી પશુ સ્ત્રી કૂવાના કાંઠે રડતી ઉભી રહે છે, પણ ઘેટી સંતાનના સ્નેહમાં અંધ બનીને પરિણામને વિચાર્યા વિના પોતે કૂવામાં પડે છે, માટે બીજા કરતા ઘેટી પોતાના સંતાનમાં વધુ સ્નેહ ધરાવે છે. - x -

કામ આસક્તને દોષો બતાવવા કહે છે—

● સૂત્ર-૨૩૮,૨૩૯ :-

***જેઓ ભવિષ્ય તરફ ન જોતાં, વર્તમાન સુખની જ શોધમાં આસક્ત રહે છે, તે યૌવન અને આયુ ક્ષીણ થતાં પશ્ચાત્તાપ કરે છે.***

***જેમણે ધર્મોપાર્જનના સમયે ધર્મોપાર્જન કર્યું છે, તે પછીથી પસ્તાવો કરતા નથી, તે બંધનમુક્ત ધીર પુરુષો અસંયમી જીવનની ઇચ્છા ન કરે.***

● વિવેચન-૨૩૮,૨૩૯ :-

ભાવિ કામ-ભોગેચ્છાથી અનિવૃત્તને નરકાદિ યાતના સ્થાનોમાં ઘણું દુઃખ પડે છે તે ન વિચારતા તથા વર્તમાન વૈષયિક સુખાભાસને જોતાં વિવિધ ઉપાયોથી ભોગોની પ્રાર્થના કરતા તેઓ પોતાનું આયુષ્ય ક્ષીણ થતાં સંવેગ પામીને અથવા યૌવન દૂર થતાં વિષયતૃષ્ણા શાંત ન થવાથી શોક કરે છે કહ્યું છે કે - [તે શોક કરે છે કે-] મુઠ્ઠીઓ વડે મેં ફક્ત આકાશને હણ્યું અને ફોતરાં જ ખાંડ્યા છે, કેમકે મેં મનુષ્ય જન્મ પામીને સત્ અર્થ માટે આદર ન કર્યો તથા સંસારનો વૈભવ અને યૌવનના મદથી સુકૃતો ન કર્યા હોય, તે બધાં વૃદ્ધાવસ્થામાં યાદ આવતા હૃદયમાં ખટકે છે.

— પરંતુ જેઓ ઉત્તમ સત્વથી પહેલેથી જ તપ અને ચારિત્રમાં ઉધમ કરે છે, તેમને પછીથી પસ્તાવો થતો નથી - તે બતાવે છે - આત્મહિત કરનારા ધર્મ પ્રાપ્તિના અવસરે જેણે ઇન્દ્રિયો તથા કષાયોનો પરાજય કરવામાં ઉધમ કર્યો છે, તેઓ મરણ કાળે કે વૃદ્ધાવસ્થામાં શોકાકુલ થતા નથી. ધર્મ પ્રાપ્ત કરવાનો અવસર વિવેકીઓને પ્રાયઃ સદાને માટે હોય છે. તે જ પુરુષાર્થ પ્રધાન છે. પ્રાયે તે જ કરવો ઉચિત છે. તેથી તેઓ બાળપણાથી સમજીને વિષય અભિલાષ છોડીને, તપ અને સંયમ આચરીને કર્મના વિદારણમાં સમર્થ સ્નેહાત્મક બંધનથી સર્વથા મુક્ત થઈને અસંયમ જીવિત ઇચ્છતા નથી અથવા જીવન-મરણમાં નિસ્પૃહ બની સંયમમાં ઉધમ કરે છે.

● સૂત્ર-૨૪૦,૨૪૧ :-

***જેમ તીવ્ર વેગથી વહેતી અને વિષમ તટવાળી વૈતરણી દુસ્તર છે, તેમ વિવેકહીન પુરુષો માટે લોકમાં સ્ત્રીઓ દુસ્તર છે.***

***જેમણે સ્ત્રી સંસર્ગ અને કામશ્રૃંગાર છોડ્યા છે, તે સર્વે ઉપસર્ગોને જીતી સંવરરૂપ સમાધિમાં સ્થિત થાય છે.***

● વિવેચન-૨૪૦,૨૪૧ :-

ઉદાહરણ - જેમ વૈતરણી નદી મધ્ય ભાગે ઘણાં વેગવાળી અને વિષમતટ



હોવાથી દુસ્તર છે તેમ આ લોકમાં નારીઓને વિવેકરહિત અને હીન સત્વવાળા પુરુષો દુઃખેથી છોડી શકે છે. તેણી હાવભાવોથી વિદ્વાન્ પુરુષોને પણ વશ કરે છે. કહ્યું છે કે - જ્યાં સુધી લીલાવાળી સ્ત્રીના નીલ પાંખવાળા કટાક્ષ બાણો - x - પુરુષના હૃદયની ધીરજને ચોરનારાં છે, તે લાગ્યા નથી, ત્યાં સુધી તે સન્માર્ગમાં રહે છે, લજ્જા અને વિનયને સાચવે છે અને ઇન્દ્રિયોને વશમાં રાખે છે, માટે જ વૈતરણી નદી માફક નારીના ફંદામાંથી છૂટવું મુશ્કેલ છે - વળી -

જે સ્ત્રી સંગના વિપાકને જાણનારા ઉત્તમ પુરુષોએ અંત સુધી નારીના સંયોગને તજેલ છે. તથા તેની સાથે જ વસ્ત્ર, અલંકાર, માળાથી પોતાની કામ વિભૂષાને તજેલા છે તથા સ્ત્રીના સંગ સંબંધી સર્વે કૃત્યો તથા ભૂખ, તરસ વગેરે પ્રતિકૂળ ઉપસર્ગોના સમૂહને છોડીને, જે મહાપુરુષ સેવિત માર્ગ પ્રતિ પ્રવૃત્ત થયા છે, તે જ સ્વસ્થ ચિત્તવૃત્તિરૂપે રહેલા છે તેઓ અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગોથી ક્ષોભ પામતા નથી, પણ વિષયાસક્ત, સ્ત્રી આદિ પરીષહથી પરાજિત, અંગારા ઉપર પડેલા મીણ માફક રાગરૂપ અગ્નિ વડે બળતા અસમાધિએ રહે છે

- હવે સ્ત્રી આદિ પરીષહ પરાજિતના ફલ કહે છે—

● સૂત્ર-૨૪૨,૨૪૩,૨૪૪ [અધુરું-] :-

***જ્યાં પ્રાણી સ્વકર્માનુસાર વિષણ્ણાસીન કૃત્ય કરે છે, તે દુઃખી થાય છે અને કામજયી પુરુષ સમુદ્રને પાર કરતા વેપારી માફક સંસાર તરી જાય છે.***

***સુવ્રતી ભિક્ષુ ઉક્ત કથનને જાણીને સમિતિ પૂર્વક વિચરે, મૃષાવાદનો ત્યાગ કરે, અદત્તાદાનનું પણ વિસર્જન કરે.***

***ઉર્ધ્વ, અધો, તિર્છી દિશામાં જે ત્રસ-સ્થાવર જીવો છે, તેની વિરતી કરે.***

● વિવેચન-૨૪૨,૨૪૩,૨૪૪ [અધુરું-] :-

ઉક્ત અનુકૂલ-પ્રતિકૂળ ઉપસર્ગને જિતનારા સર્વે દુસ્તર સંસાર તરશે. દ્રવ્ય ઓઘદૃષ્ટાંત-જેમ લવણસમુદ્રને વેપારીઓ યાન પાત્ર વડે તરે છે. તેમ ભાવ ઓઘરૂપ સંસાર સંયમરૂપી નાવ વડે સાધુઓ તરે છે, તર્યા છે, તરશે. હવે ભાવ ઓઘ જે સંસાર છે, તેમાં સ્ત્રી સંગથી ખેદ પામી, સ્ત્રી સંગથી બીજા જીવોને પીડે છે, તેઓ પોતાના પાપથી અસાતા વેદનીય બાંધે છે.

હવે ઉપસંહાર કરતા ઉપદેશ આપે છે - ઉપર કહ્યું કે જેમ નારીઓ વૈતરણી નદી માફક દુસ્તર છે, તે જેણે પરિત્યાગી છે, તેઓ સમાધિપૂર્વક સંસાર તરે છે, સ્ત્રીસંગી સંસારમાં સ્વકૃત કર્મોથી જ દુઃખ પામશે. ભિક્ષુઓ આ બધું જાણીને, હેય-ઉપાદેયપણે ઓળખી શોભન વ્રતવાળો બની, પાંચ સમિતિએ સમિત થઈ વિચરે આમ કહી મૂળ-ઉત્તરગુણ કહ્યા. આવો બની સંયમાનુષ્ઠાન કરે. અસત્ય વચન વિશેષથી વર્જે. દંતશોધન માત્ર પણ અદત્ત ન લે. આદિ ગ્રહણથી મૈથુન, પરિગ્રહ લેવા. તે મૈથુન આદિ યાવજ્જીવન આત્મહિત માનતો પરિહરે.

ઉક્ત વ્રતોમાં અહિંસાની વૃત્તિ હોવાથી તેનું પ્રાધાન્ય બતાવવા કહે છે - ઉર્ધ્વ, અધો, તિર્છા લેવાથી ક્ષેત્ર પ્રાણાતિપાત લીધો. તેમાં જે કોઈ ત્રાસ પામે તે ત્રસ - બે,

ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયવાળા પર્યાપ્ત - અપર્યાપ્ત ભેદવાળા જીવો લેવા - આ રીતે દ્રવ્ય પ્રાણાતિપાત લીધો. બધી અવસ્થામાં - સર્વત્ર કાલે કાળ-ભાવ ભેદ ભિન્ન પ્રાણાતિપાત સ્વીકાર્યો. આ રીતે ચૌદે જીવ સ્થાનોમાં કરવું - કરાવવું - અનુમોદવું વડે અને મન-વચન-કાયાથી પ્રાણાતિપાતની વિરતિ કરે. આ રીતે એક પાદ ઉણ બે શ્લોક વડે જીવહિંસા વિરતિ આદિ મૂલગુણો બતાવ્યા.

હવે મૂલ-ઉત્તર ગુણોના ફળને બતાવવા કહે છે—

● **સૂત્ર-૨૪૪ [અધુરેથી-], ૨૪૫,૨૪૬ :-**

***[ઉક્ત હિંસાદિના ત્યાગથી] શાંતિ અને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.***

***કાશ્યપ મહાવીર સ્વામી દ્વારા કહેલ આ ધર્મને સ્વીકારીને ભિક્ષુ અગ્લાન ભાવે, સમાધિયુક્ત થઈને રોગી સાધુની સેવા કરે.***

***સમ્યગ્દૃષ્ટિ, શાંત મુનિ, મોક્ષ આપવામાં કુશળ એવા આ ધર્મને જાણીને ઉપસર્ગો સહે, મોક્ષ પ્રાપ્તિ સુધી સંયમ પાળે - તેમ હું કહું છું.***

● ***વિવેચન-૨૪૪ [અધુરેથી-] ૨૪૫,૨૪૬ :-***

શાંતિ એટલે કર્મ દાહનો ઉપશમ. નિર્વાણ એટલે મોક્ષપદ. તે રાગ-દ્વેષના દ્વન્દ્વના નિવારણરૂપ પ્રતિપાદિત કર્યુ છે, તે અવશ્ય ચરણકરણના અનુષ્ઠાયી સાધુને હોય છે. હવે સમસ્ત અધ્યયનનો ઉપસંહાર કરતા કહે છે -

પૂર્વોક્ત મૂળ, ઉત્તરગુણરૂપ અથવા શ્રુત-ચારિત્રરૂપ દુર્ગતિને અટકાવવાથી ધર્મ છે. તેને આચાર્યાદિ પાસે ઉપદેશ વડે ગ્રહણ કરે છે. તે શ્રી મહાવીર વર્ધમાન સ્વામીએ કેવળજ્ઞાન થયા બાદ ભવ્ય જીવોના ઉદ્ધારને માટે કહેલ છે. તેને સમજીને સાધુએ પરીષહ-ઉપસર્ગથી કંટાળ્યા વિના માંદા સાધુની વૈયાવચ્ચ કરવી. - કેવી રીતે ? - પોતે માંદો ન પડે તે રીતે યથાશક્તિ સમાધિ રાખીને કરે. અર્થાત્ મારું જીવન સફળ થયું એમ માનતો વૈયાવચ્ચ-માંદા સાધુની સેવા કરે.

આ પ્રમાણે સમ્યક્ રીતે જાણીને, પોતાની મતિથી કે બીજા પાસે સાંભળી મોક્ષે જવામાં અનુકૂળ એવા શ્રુત-ચારિત્ર ધર્મને આદરી તે સમ્યગ્દર્શની તથા કષાયના ઉપશમથી શીતીભૂત થઈ અથવા પરિનિર્વૃત કલ્પવાળો થઈ અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગોને સહીને મોક્ષે જતાં સુધી સંયમાનુષ્ઠાન વડે નિર્વાહ કરો.

**અધ્યયન-૩ 'ઉપસર્ગપરિજ્ઞા' ઉદ્દેશા-૪નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

ઇતિ - અધ્યયન પૂર્ણ થવા માટે છે. બ્રવીમિ - પૂર્વવત્, નયચર્ચા તેમજ.

## શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૩, ટીકાનુવાદ પૂર્ણ

- x - x - x - x - x - x -



## ❀ અધ્યયન-૪ "સ્ત્રી પરિજ્ઞા" ❀

● **ભૂમિકા :-**

ત્રીજું અધ્યયન કહ્યું, હવે ચોથું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વના અધ્યયનમાં ઉપસર્ગો કહ્યા. તેમાં પ્રાયે અનુકૂળ ઉપસર્ગો દુઃસહ્ય છે. તેમાં પણ મુખ્ય સ્ત્રીકૃત છે તેને જીતવા આ અધ્યયન કહ્યું છે એ સંબંધે આવેલ આ અધ્યયનના ઉપક્રમ આદિ ચાર અનુયોગદ્વાર છે. તેમાં ઉપક્રમ અંતર્ગત્ અર્થાધિકાર બે છે. (૧) અધ્યયનનો, (૨) ઉદ્દેશાનો. તેમાં અધ્યયનનો અર્થાધિકાર નિર્યુક્તિકારે પૂર્વે બતાવેલ છે ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર હવે કહેશે. હવે નિક્ષેપ - તે ઓઘ, નામ, સૂત્રાલાપક એ ત્રણ ભેદે છે તેમાં ઓઘનિષ્પન્ન એ અધ્યયન, નામ નિષ્પન્ન-સ્ત્રી પરિજ્ઞા છે. તેમાં નામ, સ્થાપનાને છોડીને સ્ત્રી શબ્દના દ્રવ્યાદિ નિક્ષેપ કહે છે.

[નિ.૫૬-] દ્રવ્ય સ્ત્રી બે પ્રકારે - આગમથી, નો આગમથી. આગમથી સ્ત્રી પદાર્થને જાણનાર પણ ઉપયોગ રહિત. - x - નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીર, વ્યતિરિક્ત ત્રણ ભેદ. વ્યતિરિક્તના ત્રણ ભેદ - એકભવિકા, બદ્ધાયુષ્કા, અભિમુખનામગોત્રા. જેના વડે ઓળખાય તે ચિન્હ - રતન, વેશ, આદિ. ચિન્હમાત્રથી સ્ત્રી તે ચિન્હ સ્ત્રી - જેનો વેદ નાશ પામ્યો છે તે છદ્મસ્થ કેવલી અથવા સ્ત્રી વેશધારી, કોઈ પણ. વેદ સ્ત્રી - પુરુષ અભિલાષરૂપ વેદોદય. અભિલાપ - x - બોલાય તે. સ્ત્રી લિંગી નામો; જેમકે - શાળા, માળા આદિ.

ભાવ સ્ત્રી બે પ્રકારે - આગમથી, નો આગમથી - સ્ત્રી પદાર્થજ્ઞાતા અને તેમાં ઉપયોગ હોય. - x - નો આગમથી ભાવ વિષયના નિક્ષેપમાં સ્ત્રી વેદરૂપ વસ્તુના ઉપયોગયુક્ત. તેના ઉપયોગથી અનન્યપણે હોવાથી તે જ ભાવ સ્ત્રી છે. જેમ અગ્નિના ઉપયોગવાળો માણવક અગ્નિ થાય છે અથવા સ્ત્રીવેદના નિર્વર્તકના ઉદયમાં આવેલ કર્મોને અનુભવે તે ભાવ સ્ત્રી આ પ્રમાણે સ્ત્રીનો નિક્ષેપ છે.

પરિજ્ઞા નિક્ષેપ "શસ્ત્રપરિજ્ઞા" મુજબ જાણવો. હવે પુરુષ નિક્ષેપ—

[નિ.૫૭-] નામ એટલે સંજ્ઞા. સંજ્ઞા માત્રથી પુરુષ તે નામ પુરુષ. જેમકે ઘડો, વસ્ત્ર આદિ. અથવા જેનું નામ 'પુરુષ' હોય. સ્થાપના પુરુષ - કાષ્ઠાદિની પ્રતિમારૂપે છે. દ્રવ્ય પુરુષ નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીર, વ્યતિરિક્ત-તેમાં એકભવિક, બદ્ધાયુષ્ક, અભિમુખનામગોત્ર. અથવા દ્રવ્ય પ્રધાન તે મમ્મણ શેઠ આદિ. ક્ષેત્રને આશ્રીને તે ક્ષેત્રપુરુષ - સૌરાષ્ટ્રિક આદિ અથવા જે ક્ષેત્રને આશ્રીને પુરુષપણું મળે તે ક્ષેત્રપુરુષ.

જે જેટલો કાળ પુરુષવેદ વેદે તે કાલપુરુષ. જેમકે—

હે ભગવન્ ! પુરુષ એ કાળથી પુરુષપણે ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી જે કાળે પુરુષપણું અનુભવે. જેમકે કોઈ એક પક્ષમાં પુરુષપણું ભોગવે, બીજા પક્ષમાં નપુંસકપણું. જેના વડે પ્રજા ઉત્પન્ન થાય તે પુરુષ ચિન્હ, તેનાથી પ્રધાન તે પ્રજનન પુરુષ - x - કર્મ એટલે અનુષ્ઠાનથી પ્રધાન તે

કર્મપુરુષ-કર્મકર. ભોગથી પ્રધાન તે ભોગ-પુરુષ-ચક્રવર્તી આદિ. કસરત, બળ, ધૈર્ય, સત્વ આદિથી પ્રધાન તે ગુણપુરુષ. ભાવપુરુષ તે પુરુષ વેદના ઉદયે વર્તતો તે વેદવા યોગ્ય કર્મોને અનુભવે તે. આ પ્રમાણે પુરુષ શબ્દના ૧૦-નિક્ષેપા છે.

હવે પૂર્વે બતાવેલા ઉદ્દેશાના અર્થાધિકારને કહે છે—

[નિ.૫૮-] પહેલા ઉદ્દેશામાં કહ્યું છે - સ્ત્રી સાથે પરિચયથી, ભિન્ન કથા આદિ આલાપથી, સ્ત્રીના અંગોપાંગની કામ અભિલાષ ચેષ્ટાને જોવાથી અલ્પ સત્વવાળા પુરુષને ચારિત્રની સ્ખલના કે ભંગ થાય છે.

બીજા ઉદ્દેશામાં કહ્યું છે - શીલથી ભ્રષ્ટ સાધુને આ જન્મમાં સ્વપક્ષ અને પરપક્ષ તરફથી તિરસ્કારાદિ અને તે સંબંધી કર્મબંધ થાય છે. તેથી સંસારસાગરમાં ભ્રમણ થાય છે. શું સ્ત્રીઓએ કોઈને શીલભ્રષ્ટ કરી પોતાને વશ કર્યો છે, કે તમારે આવો બોધ આપવો પડે છે ? - હા, - તે કહે છે.

[નિ.૫૯-] અભયકુમાર, ચંડપ્રદ્યોત, કૂલવાલક આદિ પોતાને શૂર માનતા પુરુષોને સદ્‌ભાવરહિત સ્ત્રીઓએ માયા-કપટ વડે પોતાને વશ કર્યા છે, કોઈક રાજ્ય ભ્રષ્ટ થયા. આ ત્રણના દૃષ્ટાંત લેવાનું કારણ - અભયમાં બુદ્ધિ, પ્રદ્યોતમાં શૂરવીરતા અને કૂલવાલકમાં તપસ્વીત્વ હતું.

[નિ.૬૦] સ્ત્રીઓને સુગતિના માર્ગમાં અર્ગલા સમાન તથા કપટમાં નિપુણ જાણીને તેનો કદાપી વિશ્વાસ ન કરવો. તેના દોષો પહેલા ઉદ્દેશામાં તથા બીજામાં પણ કહ્યા છે. તે વિચારી આત્મહિતેચ્છુઓએ વિશ્વાસ ન કરવો.

[નિ.૬૧-] શત્રુને જીતવામાં સારી રીતે સમર્થ છતાં સ્ત્રીઓએ પુરુષોને સ્વવશ કર્યા છે, નેત્ર કટાક્ષથી બીકણ બનાવ્યા છે. અલ્પ સત્વવાળા તેઓ સ્ત્રીઓના પગે પડીને, ખુશામત કરી નિઃસાર બને છે તથા પોતાને શૂર માનતા પુરુષો પણ સ્ત્રીને વશ થઈ દીનતાવાળા થતાં પ્રત્યક્ષ દેખાય છે, તે ખરેખર શૂર નથી. તેથી સિદ્ધ થયું કે સ્ત્રીઓ અવિશ્વાસ્ય છે. કહ્યું છે - કપટથી ભરેલી, દુઃખે સમજાવાય તેવી, ક્ષણમાં રક્ત કે વિરક્ત બનતી સ્ત્રીમાં કોણ વિશ્વાસ કરે. સ્ત્રીના હૃદયને ધિક્કાર થાઓ. અન્ય સાથે વાત કરે, અન્ય સાથે બેસે, અન્યને હૃદયમાં રાખે અને જે મનમાં ધારે તે કરે.

તે કોણ જાણી શકે કે વેત્રની લતાના ગુચ્છાથી ગાઢ હૃદયવાળી સ્ત્રીના ભાવ શું છે ? કે જે ભાવ ભગ્ન આશાવાળીને બોલે. સ્ત્રી જ્યાં આસક્ત થાય તો તેની વાણી શેરડીના કકડા કે સાકરના ગાંગડા જેવી મીઠી હોય, પણ જો રીસાય તો તેની વાણી લીંમડાના અંકુરા જેવી કડવી થાય છે. બધું આપી દે, કામ કરી આપે, મારી નાંખે, સ્થાને સ્થાપી દે, પ્રસન્ન થાય તો જીવાડે કે રૂઠે તો ઠગે. સુકૃતનું રક્ષણ ન કરે, સ્નેહ ન કરે, દાન-સન્માન ન કરે કૂળ, પૂર્વજ, ભાવિ, શીલ એ બધું સ્ત્રીના સહવાસમાં નાશ પામે છે.

કપટથી ભરેલ, સ્નેહ અને દયાથીરહિત, જૂઠું બોલનારી, એવી સ્ત્રીઓનો હૃદયથી વિશ્વાસ ન કરવો. જીવતા પતિને મારી નાંખે, લોકમાં વખણાવા કોઈ પતિ



પાછળ મરી જાય, સાંપની માફક સ્ત્રીઓનું ચરિત્ર વાંકાથી પણ વાંકુ છે. ગંગાની રેતી, સમુદ્રનું જલ અને હિમવતનું પરિમાણ બુદ્ધિમાનો જાણે છે, પણ તેવા બુદ્ધિવાળા સ્ત્રીના હૃદયને જાણતા નથી. રોવડાવે તથા રૂવે, ખોટું બોલે, પ્રતીતિ કરાવે, કપટથી વિષભક્ષણ કરી મરી જાય પણ તેના અંદરના સાચા ભાવને કોઈ જાણતું નથી.

મનમાં અન્ય કાર્ય ચિંતવે બહારથી અન્ય કામ સ્થાપે, અન્ય બોલે, આરંભ જુદો કરે - કાર્ય જુદુ કરે, માટે સ્ત્રીઓ માયાનો સમૂહ અને નિકૃતિનો સાર છે. લોકમાં નિંદનીક એવા અસત્‌નો આરંભ કરનારી તથા પરલોકમાં વૈરી સમાન કારણરૂપ સ્ત્રી જ છે. અથવા સ્વભાવથી કુટિલ એવા યુવાન સ્ત્રીઓના ચરિત્રને કોણ જાણે છે ? દોષોની ખાણ જેવી તેણીના શરીરમાં કામદેવ વસે છે - એમ જાણ.

વળી તેણી દુષ્ટ આચરણોનું મૂળ છે, નરકની વિપુલ વર્તની છે, મોક્ષમાં વિઘ્ન છે, બધી રીતે વર્જવા યોગ્ય છે.

તે શ્રેષ્ઠ પુરુષોને ધન્યવાદ છે, જેમણે પોતાની સ્ત્રીઓ ત્યાગી, દીક્ષા લઈને વ્રતાદિ પાળી અચળ, અનુત્તર એવા શિવ સ્થાને પહોંચ્યા છે.

હવે શૂર પુરુષ કેવો હોય ? તે બતાવે છે—

[નિ.૬૨-] શ્રુત-ચારિત્ર ધર્મમાં જેની નિશ્ચલ મતિ છે, તેવો ઇન્દ્રિયો અને મનના શત્રુને જીતવાથી શૂર છે, તે જ મહાસત્વયુક્ત છે, સ્વકર્મના વિદારણમાં સમર્થ છે. કેમકે - સદનુષ્ઠાનમાં નિરુધમી જો સત્પુરુષ આચરીત માર્ગથી ભ્રષ્ટ થાય તો તે ગમે તેવો બળવાન્ હોય પણ શૂર ન કહેવાય.

હવે પુરુષના સંબંધથી સ્ત્રીને થતાં દોષ કહે છે—

[નિ.૬૩-] પૂર્વે જે શીલનાશ આદિ દોષો સ્ત્રી પરિચય આદિથી પુરુષોને બતાવ્યા, એટલા જ દોષો પુરુષથી સ્ત્રીઓને પણ થાય છે. તેથી વિરાગમાર્ગે પ્રવૃત્ત સ્ત્રીઓએ પુરુષ પરિચયાદિ પરિહાર લક્ષણ અપ્રમાદ જ શ્રેષ્ઠ છે.

આ રીતે 'સ્ત્રીપરિજ્ઞા' શબ્દ પુરુષોત્તમ ધર્મ પ્રતિપાદનાર્થે છે. અન્યથા પુરુષપરિજ્ઞા એમ કહ્યું હોત.

## ॐ અધ્યયન-૪ ''સ્ત્રીપરિજ્ઞા'' ઉદ્દેશો-૧ ॐ

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણવાળું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૨૪૭,૨૪૮ :-**

***[જે એમ વિચારે છે કે-] હું માતા, પિતાદિ પૂર્વ સંબંધને છોડીને તથા મૈથુનથી વિરત થઈ, એકલો એકાંતમાં વિચરીશ...અવિવેકી સ્ત્રીઓ છળથી તે સાધુ પાસે આવી કપટપૂર્વક એવા ઉપાયો જાણે છે - કરે છે, કે જેથી કોઈક સાધુઓ તેણીનો સંગ કરી લે છે.***

● **વિવેચન-૨૪૭,૨૪૮ :-**

આનો પૂર્વના સૂત્ર સાથે આ સંબંધ છે - પૂર્વ સૂત્રમાં કહ્યું કે - મોક્ષ માટે

આજીવન દીક્ષા પાળે. તે મોક્ષ સંપૂર્ણ આસક્તિ ત્યાગે તેને હોય છે. તેથી આ અધ્યયનમાં આસક્તિ વર્જવાનું કહે છે - જે કોઈ ઉત્તમ સત્વશાળી માતા-પિતા, ભાઈ-પુત્ર આદિ પૂર્વ સંયોગ તથા સાસુ-સસરાદિ પશ્ચાત્ સંબંધીને છોડીને માતા, પિતાદિ સંબંધરહિત કે કષાયરહિત તથા જ્ઞાન, દર્શન ચારિત્ર સહિત અથવા પોતાના હિતનાં પરમાર્થના અનુષ્ઠાન કરનાર થઈ, સંયમમાં રહીશ એવી પ્રતિજ્ઞા કરેલો છે, તે પ્રતિજ્ઞા સર્વોત્તમ છે, તે થોડામાં બતાવે છે - જેની કામવાસના દૂર થઈ છે, સ્ત્રી-પશુ-નપુંસકાદિ વર્જિત સ્થાનમાં રહીશ, આ પ્રમાણે સમ્યગ્ ઉત્થાનથી વિચરે છે અથવા સ્ત્રી-પશુ-પંડકવર્જિત સ્થાનમાં નિર્મળ શીલ પાળનાર બની વિચરીશ. એવી પ્રતિજ્ઞા કરનાર સાધુને અવિવેકી સ્ત્રી શું કરે ? તે કહે છે—

તે સાધુને બીજા કાર્યના બહાને કપટ જાળ વડે તેની પાસે આવીને અથવા તેમનું બ્રહ્મચર્ય ભંગ કરવા તત્પર થઈ માગધ ગણિકાદિ કૂલવાલુ તપસ્વી આદિને ભ્રષ્ટ કરવા જેમ વિવિધ સેંકડો કપટ કરવામાં ચતુર બનીને, જુદા જુદા ભાવથી કામના ઉદ્વેગને જગાડનારી, સારા-માઠાના વિવેકરહિત, સમીપમાં આવીને સાધુને શીલથી ભ્રષ્ટ કરે છે. અર્થાત્ ભાઈ, પુત્ર આદિ બહાનુ કરી સાધુ પાસે આવીને સંયમભ્રષ્ટ કરે.

કહ્યું છે કે - પ્રિય પુત્ર, ભાઈ આદિ સ્વજનના પ્રેમને બહાને આવીને સંસારી સંબંધ સ્થાપી આ સ્ત્રીઓ પ્રચ્છન્ન પતિ કરી દે છે. અથવા તેણી ગુપ્ત નામ વડે કપટ જાળ રચે છે. - x - x - x - તે સ્ત્રીઓ માયાથી ભરેલી છે, ઠગવાના ઉપાયો પણ જાણે છે. - x - વિવેકી સાધુ પણ તેવા અશુભ કર્મોના ઉદયથી તેમની સાથે સંગ કરે છે.

હવે તેણીના સૂક્ષ્મ ઠગવાના ઉપાયો બતાવે છે—

● **સૂત્ર-૨૪૯ થી ૨૫૨ :-**

***તે સ્ત્રીઓ સાધુની ઘણી નિકટ બેસે છે. કામોત્પાદક વસ્ત્રો ઢીલા કરી ફરી પહેરે છે. અધોકાય ખુલ્લી કરે છે, હાથ ઉંચો કરી કાંખ બતાવે છે.***

***ક્યારેક તે સ્ત્રીઓ એકાંતમાં શયન, આસન પર બેસવા નિમંત્રે છે પણ સાધુએ તેને વિવિધ પ્રકારના પાશ-બંધન જાણવા.***

***સાધુ તે સ્ત્રી તરફ દૃષ્ટિ ન કરે, તેના આ સાહસનું સમર્થન ન કરે, સાથે વિચરણ ન કરે; આ રીતે સાધુનો આત્મા સુરક્ષિત રહે. સ્ત્રીઓ સાધુને સંકેત કરીને, વિશ્વાસમાં લઈને ભોગ ભોગવવા સ્વયં નિમંત્રે છે, સાધુ તે શબ્દોને વિવિધ પ્રકારના બંધન સમજે.***

● **વિવેચન-૨૪૯ થી ૨૫૨ :-**

પાસે બેસી, સાથળને અતિશય દબાવી, અતિ સ્નેહ બતાવતી, વિશ્વાસ પમાડે છે. તથા પુરુષને કામવિકાર ઉત્પન્ન થાય તેવા સુંદર વસ્ત્રોને [ગુપ્ત ભાગ તરફ દૃષ્ટિ ખેંચવા] ઢીલા કરે છે - સરખા કરે છે અર્થાત્ પોતાનો કામ અભિલાષ બતાવવા, સાધુને ફસાવવા વસ્ત્રોને ઢીલા કરી, ફરી બાંધે છે તથા પુરુષના કામને જગાડવા



સાથળો ખુલ્લા કરે છે, બગલ દેખાડતી સાધુની સામે જાય છે - વળી -

જેમાં સુવાય તે પલંગાદિ શય્યા, બેસાય તે માંચી આદિ આસન તેને ઉપભોગ માટે યોગ્ય કાળે સ્ત્રીઓ એકાંતમાં વાપરવા નિમંત્રણ આપે છે. અર્થાત્ શયન, આસનાદિનો ઉપભોગ કરવા કહે છે. તે સમયે પરમાર્થ જોનાર સાધુ વિચારે - જાણે કે આ બધાં સ્ત્રીસંબંધ કરાવનાર વિવિધ બંધનો-ફંદાઓ છે અર્થાત્ સ્ત્રીઓ આસન્નગામિની હોય છે.

કહ્યું છે કે - આંબો હોય કે લીંબડો, અભ્યાસના કારણે વેલડી ત્યાં ચડી જાય છે, એ પ્રમાણે સ્ત્રીઓ પણ જે નજીક હોય તેને ઇચ્છે છે. આ પ્રમાણે સ્ત્રીઓને જાણીને, તેણી સાથે સાધુએ સંગ ન કરવો. તેથી વધારે ભક્તિ પણ તજવા યોગ્ય છે. કહ્યું છે - તું તેની પાસે જે લેવા ઇચ્છે છે તે વિચારીને લે, જો આમિષના પાસમાં ફસાઈશ તો કાર્ય-અકાર્ય કરીશ.

સ્ત્રીઓ પાશમાં ફસાવવા તને શયન, આસન આપવા નિમંત્રણ કરે, તો તારે ચક્ષુથી ન જોવું, તેની દૃષ્ટિ સાથે દૃષ્ટિ ન મેળવવી, પ્રયોજનથી જોવું પડે તો અવજ્ઞાથી જોવું. કહ્યું છે - બુદ્ધિમાન પુરુષ સ્ત્રીથી કામ પડતાં અસ્થિરતાથી, સ્નેહવિના, અવજ્ઞા વડે જરા જુએ અને અક્રોધિત હોવા છતાં ક્રોધથી જુએ. તથા તેણીના અકાર્યકરણ પ્રાર્થના પણ ન સ્વીકારે. કેમકે સંગ્રામમાં ઉતરવા માફક નરકના વિપાકને જાણનારો સાધુ સ્ત્રી સાથે સંબંધ કરે તે અતિસાહસ છે તથા સ્ત્રી સાથે ગામ આદિમાં ન વિચરે. વળી તેણી સાથે એકાંતમાં ન બેસે કેમકે સ્ત્રી સાથે સંગતિ રાખવી એ સાધુઓને મહા પાપસ્થાન છે. કહ્યું છે—

મા, બેન, દીકરી સાથે પણ એકાંતમાં ન બેસવું. કેમકે ઇન્દ્રિયસમૂહ બળવાન્ છે, પંડિત પણ તેમાં મોહાય છે. આ પ્રમાણે સ્ત્રીસંગ તજીને આત્મા બધા અપાયસ્થાનોથી રક્ષિત થાય છે. કેમકે સર્વે અપાયોનું કારણ સ્ત્રીસંગ છે, તેથી સ્વહિતાર્થી તે સંગને દૂરથી જ તજે.

તે સ્ત્રીઓ ફંદા-ફાંસારૂપ કેવી રીતે છે ? તે કહે છે - સ્ત્રીઓ સ્વભાવ થકી જ અનાચાર તત્પર થઈને સાધુને આમંત્રીને કહે છે - હું અમુક સમયે તમારી પાસે આવીશ, એવો સંકેત કરીને તથા ઉંચા-નીચા વચન વડે વિશ્વાસમાં પાડીને પોતે જ અકાર્ય કરવા નિમંત્રે છે. પોતાનો ઉપભોગ કરાવી સાધુને સ્વીકાર કરાવે છે. અથવા સાધુનો ભય દૂર કરવા પોતે કહે છે - જેમકે - હું મારા પતિને પૂછીને અહીં આવી છું કે તેને જમાડી, પગ ધોઈ, સૂવડાવીને, સંતોષીને તમારી પાસે આવી છું, તેથી તમે મારા પતિ સંબંધી બધી શંકા છોડીને નિર્ભયતાથી રહો.

આ પ્રમાણે વિશ્વાસ પમાડીને સાધુને પોતા પાસે બોલાવે અને કહે કે - આ મારું શરીર તમારા નાના-મોટા કાર્ય માટે સમર્થ છે. માટે તમે તેનો ઉપયોગ કરો, એમ કહી લોભાવે. પરમાર્થને જાણતો સાધુ આ વિવિધ શબ્દાદિ વિષયના સ્વરૂપને જ્ઞ પરિજ્ઞાથી જાણે, આ સ્ત્રી સંસર્ગજન્ય વિષયો દુર્ગતિનો હેતુ અને સન્માર્ગમાં વિઘ્નરૂપ છે. તથા પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેના વિપાકો જાણીને ત્યાગ કરે.

● **સૂત્ર-૨૫૩ થી ૨૫૬ :-**

*સ્ત્રીઓ સાધુના ચિત્તને હરવા અનેક ઉપાય કરે છે, પાસે આવીને કરુણ, વિનીત, મંજુલ ભાષા બોલે છે. ભોગ વશ જાણી હુકમો ચલાવે છે.*

*જેમ શિકારી એકાકી, નિર્ભય વિચરતા સિંહને માંસના પ્રલોભનથી ફસાવે છે, તેમ સ્ત્રીઓ સંવૃત્ત, એકલા સાધુને મોહજાળમાં ફસાવે છે.*

*જેમ રથકાર અનુક્રમે પૈડાની ધૂરીને નમાવે, તેમ સ્ત્રીઓ સાધુને ઝુકાવે છે. પાશમાં બંધાયેલ મૃગની માફક કૂદવા છતાં મુક્ત થતો નથી.*

*વિષ મિશ્રિત ખીર ખાનાર મનુષ્ય માફક પછી તે સાધુ પસ્તાય છે. આ રીતે વિવેક પ્રાપ્ત કરી દ્રવ્ય સાધુ સ્ત્રી સહવાસ ન કરે.*

● **વિવેચન-૨૫૩ થી ૨૫૬ :-**

જેના વડે મન બંધાય તેવા મંજુલ વચનો બોલવા, સ્નેહદૃષ્ટિથી જોવું, અંગોપાંગ પ્રગટ કરવા. તે જ કહ્યું છે - હે નાથ ! પ્રિય કાંત સ્વામી દયિત ! તમે મારા જીવિતથી પણ વહાલા છો, તમે મારા શરીરના માલિક છો. ઇત્યાદિ અનેક પ્રપંચો વડે કરુણાલાપ અને વિનયપૂર્વક સમીપ આવીને મનોહર વચન વિશ્વાસ પમાડવા કે કામ વિકાર જગાડવા બોલે છે. કહ્યું છે - મિત મધુર રિભિત વચનોથી, થોડા કટાક્ષથી હસતી, વિકારો વડે મૃગનેત્રા સ્ત્રીનું હૃદય ઢંકાયેલું છે. તથા રહસ્યાલાપ વડે મૈથુન સંબંધી વચનો વડે સાધુનું ચિત્ત વશ કરી અકાર્ય કરવા પ્રવર્તે છે અને સ્વ વશ જાણી નોકરની માફક આજ્ઞા કરે છે - વળી -

જેમ બંધન-વિધિજ્ઞ સિંહને માંસપેશીના પ્રલોભનથી નિર્ભય બનેલા, એકલા વિચરતાને ગલયંત્રાદિથી બાંધે, પછી ઘણી રીતે પજવે તેમ સ્ત્રીઓ વિવિધ ઉપાયોથી મધુર વચનાદિથી કોઈ તેવા મન-વચન-કાયાથી સંવૃત્ત સાધુને સ્વવશ કરે છે. સંવૃત્ત શબ્દ સ્ત્રીના સામર્થ્યને બતાવે છે. જો સંવૃત્ત પણ બંધાય તો અસંવૃત્તનું શું ?

વળી પોતાને વશ કર્યા પછી તે સ્ત્રી, સાધુને પોતાની ઇચ્છિત વસ્તુ તરફ નમાવે છે. જેમ સુતાર ચક્રના બાહ્ય ભાગને નમાવે છે, એમ સ્ત્રીઓ પણ સાધુને પોતાના અનુકૂળ કાર્યમાં પ્રવર્તાવે છે. તે સાધુ મૃગની જેમ પાશામાં બંધાઈ મોક્ષ માટે વર્તે, પણ મુક્ત થતો નથી.

પછી મૃગની જેમ બદ્ધ તે સાધુ સ્ત્રીના ફંદામાં ફસાઈ કુટુંબ માટે રાત-દિવસ કલેશ પામતો પછી પસ્તાય છે. ગૃહસ્થના ઘેર આટલી બાબતો અવશ્ય સંભવે છે. જેમકે - કોણ ક્રોધી કે સમચિત્ત છે ? કોનું ધન લઉં, કોને આપું ? કોણે ઉઘાડ્યુ - કોણ લઈ ગયું ? કોણ પરણેલો કે કુંવારો છે ? આ પ્રમાણે ચિંતામાં પડી જીવ પાપનો ભારો બાંધે છે. તથા મેં કુટુંબ માટે દારુણ કર્મો કર્યા, તેનાથી હું એકલો બળું છું. ફળ ભોગવનારા જતા રહ્યા. આ રીતે ઘણાં પ્રકારે મહા મોહથી કુટુંબ ફંદામાં પડી પસ્તાય છે.

આ વાત દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે - જેમ કોઈ વિષમિશ્રિત ભોજન જમીને પછી તેના આવેગથી આકુળ થઈને પસ્તાય છે કે - મેં પાપીએ વિના વિચારે, વર્તમાન સુખ





માટે રસિક બનીને કડવા ફળવાળું ભોજન ખાધું, તેમ તે સાધુ પુત્ર પૌત્ર દોહિત્ર જમાઈ આદિના ભોજન, વસ્ત્ર, પરિણયન, અલંકાર, જન્મ-મરણકર્મ, રોગ ચિકિત્સાની ચિંતામાં આકુળ બની, પોતાના શરીર કર્તવ્ય વીસરીને, આલોક-પરલોકના હિતના અનુષ્ઠાનનો નાશ કરીને, રોજ તે પ્રવૃત્તિમાં આકુળ બની પસ્તાય છે. એ રીતે ઉક્ત રીતે પોતાના અનુષ્ઠાનના વિપાકને પામીને અથવા વિવેક ગ્રહણ કરી, ચારિત્રમાં વિઘ્નકારી સ્ત્રીઓ સાથે એકત્ર વસતિ કલ્પતી નથી. કોઈ મુક્તિગમન યોગ્ય કે રાગદ્વેષરહિત સાધુને પણ સ્ત્રીઓ સાથેનો સહવાસ સદનુષ્ઠાન વિઘાતકારી છે.

સ્ત્રી સંબંધી દોષો બતાવી હવે ઉપસંહાર કરે છે—

● **સૂત્ર-૨૫૭,૨૫૮ :-**

*સ્ત્રી સંસર્ગ વિષલિપ્ત કાંટા જેવો જાણીને સાધુ તેનો ત્યાગ કરે, સ્ત્રીને વશ, ગૃહસ્થના ઘરમાં એકલા ઉપદેશ દાતા, ત્યાગને ટકાવી ન શકે.*

*જે સાધુ સ્ત્રી સંસર્ગરૂપ નિંદનીય કર્મમાં આસક્ત છે, તે કુશીલ છે તેથી તે ઉત્તમ તપસ્વી સાધુ હોય તો પણ સ્ત્રી સાથે ન વિચરે.*

● **વિવેચન-૨૫૭,૨૫૮ :-**

સ્ત્રી સાથે સંપર્ક રાખવાથી જે કટુ વિપાક થાય છે, તે કારણથી સ્ત્રીઓ વર્જવી. તેની સાથે વાતો પણ ન કરવી. જેમ વિષ લગાવેલ કાંટો શરીરમાં ભાંગેલો હોય તો પીડા ઉત્પન્ન કરે છે, તેમ સ્ત્રીનું સ્મરણ પણ પીડા આપે છે. તેથી સ્ત્રીઓને વિષલિપ્ત કંટક સમાન જાણી ત્યાગ કરવો. કહ્યું છે - વિષ અને વિષયોમાં ઘણું અંતર છે. વિષ ખાવાથી મારે છે. વિષય સ્મરણ માત્રથી મારે છે. વિષ ખાવું સારું પરંતુ વિષય ભોગ એક વખત પણ સારો નહીં. કેમકે વિષથી એકવાર મરે પણ વિષયના આસ્વાદુ નરકમાં પડે છે.

તથા એકલો ગૃહસ્થને ઘેર જઈને સ્ત્રીનો વશવર્તી તેણે બોલાવેલા સમયે જઈ તેને અનુકૂળ વર્તતા ધર્મ કહે તો તે સમ્યક્ સાધુ નથી. કેમકે નિષિદ્ધ આચરણના સેવનથી અવશ્ય ત્યાં અપાય સંભવે છે. વળી કોઈ નિમિત્તથી કોઈ વૃદ્ધા આવવા સમર્થ ન હોય, ત્યારે બીજા સાધુની સહાય વિના એકલો જઈને બીજી સ્ત્રીઓ હોય અથવા કોઈ પુરુષ સાથે હોય ત્યારે સ્ત્રી-નિંદા અને વિષય-જુગુપ્સા પ્રધાન વૈરાગ્યજનક ઉપદેશ વિધિપૂર્વક કહેવો - વિધિપૂર્વક ધર્મકથન કરવું.

- x - હવે કહે છે - જે મંદબુદ્ધિવાળા છે, સદ્ અનુષ્ઠાન વિસારીને વર્તમાન સુખને જોનારા છે, તેઓ પૂર્વે ધર્મ કહી, પછી તેમાં ગૃદ્ધ બનીને પાસત્થા કુશીલીયા અવસન્ના સંસક્ત કે યથાચ્છંદ માંના કંઈપણ થઈ સ્ત્રી સંબંધથી કે એકાકી સ્ત્રીને ધર્મકથનાદિ વડે - નિંદનીક કથાથી આહાર લે છે. અથવા સ્ત્રી સાથે કથા કરનાર, દૃષ્ટિ મેળવનાર, પરિચય રાખનાર કે ભક્ત માનનાર રૂપ કુશીલીયા બને છે - દુરાચારી બને છે.

તેથી વિકૃષ્ટ તપ કરી કાયા ગાળી નાખી હોય, તેવા સાધુ પણ આત્મહિતને માટે સમાધિમાં શત્રુરૂપ સ્ત્રીઓ સાથે વિચરે નહીં - રહે નહીં બળતા અંગારાના સમૂહ

જેવી માનીને સ્ત્રીને દૂરથી જ વર્જવી.

કેવી સ્ત્રીઓ સાથે ન વિચરવું ? તે શંકાનો ખુલાસો કરે છે—

**● સૂત્ર-૨૫૯ થી ૨૬૨ :-**

***ભલે પોતાની પુત્રી, પુત્રવધૂ, ધાત્રી કે દાસી હોય, મોટી ઉંમરની કે કુંવારી હોય, પણ સાધુ તેની સાથે પરિચય ન કરે.***

***સ્ત્રી સાથે એકાંતમાં બેસેલ સાધુને જોઈને તેણીના જ્ઞાતિજનો કે મિત્રોને કદી દુઃખ થાય છે કે આ સાધુ પણ સ્ત્રીમાં ગૃદ્ધ અને આસક્ત છે, [પછી ક્રોધથી તેઓ કહે છે-] તું જ આ સ્ત્રીનો રક્ષણ અને ભરણ-પોષણ કરનાર મનુષ્ય હો તેમ લાગે છે.***

***ઉદાસીન શ્રમણને આવી સ્થિતિમાં જોઈને કોઈ ક્રોધિત થઈ જાય છે. તેઓ સ્ત્રીમાં દોષ હોવાની શંકા કરે છે કે - આ સ્ત્રી સાધુને ભોજન આપે છે.***

***સમાધિ ભ્રષ્ટ શ્રમણ જ તે સ્ત્રીઓ સાથે પરિચય કરે છે. તેથી સાધુ આત્મહિત માટે સ્ત્રીની શય્યા નજીક ન જાય.***

**● વિવેચન-૨૫૯ થી ૨૬૨ :-**

— દીકરી હોય, પુત્રવધૂ હોય, દૂધ પાનારી આદિ પાંચ ધાવમાતાઓ માંની કોઈપણ એક ધાવમાતા હોય કે જે માતા તુલ્ય છે, બીજી સ્ત્રીઓ તો દૂર રહી, પાણી લાવનાર દાસી હોય તો પણ આ બધી સ્ત્રીઓથી દૂર રહે, તેથી સાથે ન વિચરે, ન એકલો બેસે કે ન સંપર્ક કરે. તે મોટી હોય કે નાની, તેની સાથે પરિચય પણ ન કરે. ભલે સાધુને દીકરી, પુત્રવધૂ આદિમાં કુવાસનાદિ નથી થવાના પણ એકાંતમાં સાથે રહેતા બીજાને શંકા ઉત્પન્ન થાય છે, તે ન થાય માટે સ્ત્રી સંપર્કનો ત્યાગ કરવો.

— હવે બીજાને કેવી શંકા થાય ? તે કહે છે - એકલી સ્ત્રી સાથે સાધુને જોઈને બીજી સ્ત્રીઓ અથવા તે સ્ત્રીના સ્વજનાદિને મનમાં દુઃખ થાય અને તેઓ શંકા કરે છે કે જેમ પ્રાણીઓ ઇચ્છા-મદન-કામથી ગૃદ્ધ છે, તેમ આવો આ શ્રમણ સ્ત્રીના મુખને જોવામાં આસક્ત ચિત થઈને પોતાનો સંયમ વ્યાપાર છોડીને સ્ત્રી સાથે નિર્લજ્જ થઈને રહે છે. કહ્યું છે કે - માથુ મુંડાવેલ છે, મોઢું ગંધાય છે, ભીખ માગીને પેટ ભરવું છે, શરીર મેલું અને શોભારહિત છે, છતાં આશ્ચર્ય છે કે તેના મનમાં હજી કામવાંછા રહેલી છે. તથા અતિ ક્રોધથી બળેલા તેઓ બોલે છે કે - હે સાધુ ! તું એનો ધણી થઈને બેઠો છે, માટે તેણીનું રક્ષણ, પોષણ કર અથવા આજ સુધી અમે તેણીના ભરણપોષણની ચિંતા કરી. હવે તું જ તેનો ધણી છે, જેથી તારી સાથે એકલી રાતદિન પડી રહે છે.

— વળી તે તપ કરનાર સાધુ, રાગદ્વેષરહિત ઉદાસીન જાણીને, તપથી ગાળેલી કાયાવાળો, વિષયદ્વેષી સાધુ હોય અને સ્ત્રી સાથે એકાંતમાં ધર્મની વાતો કરતો હોય, તો પણ કેટલાંક પુરુષો તેના પર કોપે છે અથવા સાધુની પોતાની ધર્મપ્રવત્તિમાં ઉદાસીન અને સ્ત્રી સાથે વાત કરતો જાણી કેટલાંક પુરુષો કોપે છે. તો વિકારવાળા ભાવ જોઈને કેમ ન કોપે ? અથવા તેઓ સ્ત્રીદોષની શંકાવાળા થાય છે, તે આ



પ્રમાણે—

આ સ્ત્રી સાધુ માટે વિવિધ આહાર બનાવે છે - x - માટે આ સાધુ રોજ અહીં ગૌચરી માટે આવે છે અથવા સસરાને ભોજન પીરસતા જ્યારે સાધુને આવતા જુએ છે ત્યારે સસરાને અડધું આપીને આકુળ વ્યાકુળ થતી એકને બદલે બીજી વસ્તુ આપે છે ત્યારે સસરો વગેરે તે સ્ત્રીને કુલટા માને છે. દૃષ્ટાંત આપે છે. - કોઈ વહૂ ગામમાં નટના ખેલમાં ધ્યાનવાળા હતી. તેણે ધણી અને સસરાને ચોખાને બદલે રાઈકા રાંધીને પીરસ્યા ત્યારે ધણીએ ક્રોધિત થઈ તેણીને ઘણી મારી, કુલટા માની ઘેરથી કાઢી મૂકી.

— સન્માર્ગમાં વિઘ્નરૂપ સ્ત્રીઓ સાથે પરીચય રાખવો - તેના ઘેર વારંવાર જવું, વાતો કરવી, ધારીને જોવું વગેરે મોહના ઉદયે સાધુ કરે છે. તે સાધુ પ્રકર્ષથી ભ્રષ્ટ છે, ધર્મધ્યાન માટે ના મન-વચન-કાયાની પ્રવૃત્તિ થકી ભ્રષ્ટ છે, શીથીલ છે, તેથી જ સ્ત્રી સંસ્તવ કરી સમાધિ યોગથી ભ્રષ્ટ થાય છે. ઉત્તમ સાધુઓ તેવા કુમાર્ગે જતા નથી. - x - સ્ત્રીએ કરેલ માયા કે સ્ત્રીની વસતિમાં આત્મહિતાર્થી સાધુ જતા નથી. તે સ્ત્રીઓ પણ આ લોકમાં નિંદા, પરલોકે દુર્ગતિમાંથી બચે છે, તેથી તેણીનું પણ હિત છે. અથવા સ્ત્રી સંસર્ગ અનર્થ માટે છે, માટે હે શ્રમણ ! સ્ત્રીની વસતિ કે તેણીએ કરેલ ભક્તિરૂપ માયાને આત્મહિત માટે તું ત્યજ.

શું દીક્ષા લઈને પણ કોઈક સાધુ સ્ત્રીસંબંધ કરે છે ? હા. તે કહે છે—

**● સૂત્ર-૨૬૩ થી ૨૬૬ :-**

***કેટલાક સાધુ ગૃહત્યાગ કરવા છતાં મિશ્ર માર્ગનું સેવન કરે છે અને તેને જ મોક્ષનો માર્ગ કહે છે, કેમકે કુશીલો બોલવે શૂરા હોય છે.***

***કુશીલ સાધુ સભામાં પોતાને શુદ્ધ બતાવે છે, પણ છૂપી રીતે પાપ કરે છે, જ્ઞાતા પુરુષ જાણી લે છે કે આ માયાવી અને મહાશઠ છે.***

***દ્રવ્યલિંગી અજ્ઞાની પૂછવા છતાં પોતાના દુષ્કૃતને કહેતો નથી. પણ આત્મપ્રશંસા કરે છે, મૈથુન ઇચ્છા ન કરો તેમ કહેતા ખેદ પામે છે.***

***જેઓ સ્ત્રીઓનું પોષણ કરી ચૂક્યા છે, સ્ત્રી-વેદ - ખેદના જ્ઞાતા છે. તેમાં કેટલાક બુદ્ધિશાળી હોવા છતાં સ્ત્રીઓને વશીભૂત થઈ જાય છે.***

**● વિવેચન-૨૬૩ થી ૨૬૬ :-**

— કેટલાંક ઘર છોડીને ફરી તેવા મોહોદયથી દ્રવ્યલિંગ માત્ર રાખીને ભાવથી ગૃહસ્થ સમાન એવા મિશ્રભાવ રાખે છે. તેઓ એકાંતે ગૃહસ્થ નથી કે એકાંતે સાધુ નથી, આવા અધર્મી છતાં મોક્ષ કે સંયમના માર્ગને બોલે છે, તે કહે છે કે અમે આરંભેલ મધ્યમ માર્ગ જ શ્રેષ્ઠ છે. કેમકે આમ વર્તવાથી દીક્ષાનો નિર્વાહ થાય છે. આ તે કુશીલોનું માત્ર વચન-વીર્ય છે, અનુષ્ઠાન કૃત્ નથી અર્થાત્ તેઓ વાચા માત્રથી જ સાધુ છે, પણ તેઓ સાતા ગૌરવ-વિષય સુખાસક્ત શીતલવિહારી છે, તેમને સદનુષ્ઠાન કરણશક્તિ હોતી નથી.

— વળી તે કુશીલ વચનમાત્રથી વીર્ય પ્રગટ કરી, ધર્મ દેશના અવસરે પોતાને

દોષરહિત કે નિર્દોષ અનુષ્ઠાનવાળા કહે છે અને એકાંતમાં પાપ કે અસત્ અનુષ્ઠાન કરે છે. તે તેના દુષ્કૃત્યોને છૂપાવવા છતાં, તેની ચેષ્ટા આદિના જ્ઞાતા-નિપુણો અથવા સર્વજ્ઞો તે જાણી લે છે અર્થાત્ તેના અકર્તવ્યને કદાચ સામાન્યજન ન જાણે પણ સર્વજ્ઞો તો જાણે જ છે. - x - અથવા વિદ્વાનો જાણે છે કે આ માયાવી, મહાશઠ છે, તે રાગાંધ એવું માને છે કે મારા પ્રચ્છન્ન અકાર્યો કોઈ જાણતું નથી, પણ તે પાપને પણ વિચક્ષણો જાણી લે છે. કહ્યું છે કે - લવણ ખારું નથી કે ઘી-તેલ ચોળાતું નથી તેમ કોઈ બોલે તો પણ અનુભવનારને છેતરી ન શકે, તેમ અકલ્યાણ અનુભવતા આત્માને કઈ રીતે છેતરી શકાય ?

— વળી પોતે કરેલા છૂપા પાપો સંબંધી આચાર્યાદિ પૂછે તો તે બોલતો નથી કે મેં અકાર્ય કર્યું છે. કદાચ તે માયાવી પોતાના પાપ ન કહે ત્યારે બીજા કોઈ પ્રેરણા કરે તો તે અજ્ઞાની કે રાગદ્વેષથી ભરેલો પોતાની પ્રશંસા કરી પાપને છૂપાવે છે અને ધૃષ્ટતાથી કહે છે કે - હું આવું અકાર્ય કઈ રીતે કરી શકું ? વળી કોઈ પુનઃ પ્રેરણા કરે કે - આવો પુરુષ વેદોદયને અનુકૂળ મૈથુન અભિલાષ ન કરીશ, ત્યારે તે ગ્લાનિ પામી આંખ આડા કાન કરે છે અથવા મર્મવિદ્ધ થઈ ખેદથી કહે છે કે - હું પાપી છું તે ઠીક છે, હું જો અપાપી હોઉં તો મારાથી શું થાય ? કેમકે વિષરહિત સાપને લોકો પણ પીડા કરે છે.

— સ્ત્રીને પોષે તે સ્ત્રીપોષક - અનુષ્ઠાન વિશેષમાં રહેલા અર્થાત્ ભુક્તભોગી મનુષ્યો તથા સ્ત્રીવેદ-માયાથી ભરેલી સ્ત્રી છે, તેવું પોતાની ઔત્પાતિકી આદિ બુદ્ધિથી જાણનાર નિપુણો પણ, કોઈક મહામોહાંધ ચિત્તથી, સંસારમાં અવતરાવનાર માર્ગ સમાન સ્ત્રીઓને વશ થઈ, તેણીની નિકટ જાય છે અને તેણી - x - જે કંઈ કાર્ય-અકાર્ય કહે, તે-તે કરે છે, પણ એમ જાણતા નથી કે આ અકાર્ય કરાવનાર આવી છે. જેમકે - [પોતાનું કામ કઢાવવા] આ હસે છે, રડે છે, વિશ્વાસ પમાડે છે, પણ પોતે પુરુષનો વિશ્વાસ કરતી નથી. માટે કુશીલયુક્ત પુરુષે સ્ત્રીઓને શ્મશાનમાં લઈ ગયેલા ઘડા માફક તજી દેવી.

સ્ત્રીઓ સમુદ્રના તરંગ જેવી ચંચળ છે, સંધ્યાના વાદળ સમ ક્ષણિક રાગવાળી છે. કાર્ય પૂર્ણ થતાં અલતાના રંગને ધોઈ નાંખે તેમ પુરુષને નિરર્થક જાણી છોડી દે છે. સ્ત્રી સ્વભાવનું દૃષ્ટાંત—

કોઈ યુવક કામશાસ્ત્ર ભણવા પાટલી પુત્ર ગયો. રસ્તામાં બીજા કોઈ ગામમાં કોઈ સ્ત્રીએ કહ્યું - હે સુકુમાર સોહામણા પુરુષ ! તું ક્યાં જાય છે ? યુવકે ખરી વાત કહી, તે સ્ત્રી બોલી-ભણીને મારી પાસે આવજે. પછી ભણીને તે ત્યાં આવ્યો. તે સ્ત્રીએ તેને સ્નાનાદિથી તૃપ્ત કરી, તેને વશ કરતાં, તે પુરુષે સ્ત્રીને હાથ વડે ગ્રહણ કરી. તે સ્ત્રી ચીસો પાડવા લાગી, લોકો આવતા પુરુષ પર પાણીનો ઘડો ફેંક્યો. પછી લોકોને ગમે તે સમજાવી દૂર કર્યા. પછી સ્ત્રીએ યુવકને પૂછ્યું કે તેં કામશાસ્ત્રમાં સ્ત્રી સ્વભાવનું જ્ઞાન મેળવ્યું છે ? - [આ રીતે ઉપદેશ આપે છે કે-] સ્ત્રીનું ચરિત્ર દુર્વિજ્ઞેય છે માટે તેમાં આસ્થા ન કરવી. કહ્યું છે કે - હૃદયમાં અન્ય, વચનમાં અન્ય,



કર્મમાં અન્ય, આગળ અન્ય, પાછળ અન્ય ઇત્યાદિ સ્ત્રીઓને બધું અન્ય છે [માટે તે અવિશ્વાસ્ય છે.]

હવે આ લોકમાં જ સ્ત્રીસંબંધી વિપાકને બતાવે છે—

- **સૂત્ર-૨૬૭,૨૬૮ :-**

***પરસ્ત્રી સેવન કરનારના હાથ, પગ છેદીને આગમાં સેકે છે, અથવા માંસ, ચામડી કાપીને, તેના શરીરને ક્ષારથી સિંચે છે.***

***પાપથી સંતપ્ત પુરુષો આ લોકમાં કાન, નાક અને કંઠનું છેદન સહન કરે છે, પણ એવો નિશ્ચય નથી કરતાં કે હવે આ પાપ નહીં કરીએ.***

- **વિવેચન-૨૬૭,૨૬૮ :-**

સ્ત્રીનો સંગ જ રાગીને હાથ-પગના છેદન માટે થાય છે. અર્થાત્ આ મોહાતુરને સ્ત્રી સંબંધથી હાથ-પગનું છેદનાદિ થાય છે. અથવા તે પરદારા સેવીના માંસાદિને કાપીને અગ્નિથી તેમને જીવતા સેકે છે, સ્ત્રીના સંબંધીઓના કહેવાથી રાજપુરુષો તે પરદારા સેવીને ત્રાસ આપે છે, વાંસડાથી છોલીને તેના ઉપર ક્ષારવાળું પાણી નાંખે છે.

વળી તે પાપીઓ સ્વકૃત દોષથી કાન, નાક તથા કંઠનું છેદન સહન કરે છે. આ પ્રમાણે ઘણી વિડંબણા મનુષ્ય જન્મમાં પાપકર્મથી પામીને નરકથી અધિક વેદનાને અનુભવે છે. ‘‘હવે અમે આવા પાપ ફરી નહીં કરીએ’’ એવું બોલે છે - વિચારે છે. આ લોક-પરલોક સંબંધી ઘણી દુઃખ વિડંબના સહે છે, પણ તે પાપથી નિવૃત્ત થતા નથી.

- **સૂત્ર-૨૬૯,૨૭૦ :-**

***આ લોક શ્રુતિ છે અને સ્ત્રી-વેદમાં પણ સુકથિત છે કે સ્ત્રીઓ કહેલી વાતનું કાર્ય દ્વારા પાલન કરતી નથી...સ્ત્રીઓ મનમાં કંઈક જુદુ વિચારે છે, વાણીથી જુદુ કહે છે અને કાર્ય કંઈક જુદુ જ કરે છે, તેથી સાધુ સ્ત્રીઓને ઘણી માયાવી જાણી તેણીનો વિશ્વાસ ન કરે.***

- **વિવેચન-૨૬૯,૨૭૦ :-**

ગુરુ પાસેથી અથવા લોકથી સાંભળેલું છે કે સ્ત્રીઓનું ચિત્ત ઘણું ગૂઢ છે, તેનો સંગ કડવા વિપાકવાળો છે, સ્ત્રીઓ ચલ સ્વભાવવાળી છે, દુષ્પરિચારા અને ટૂંકી દૃષ્ટિવાળી છે, સ્વભાવે તુચ્છ અને અહંકારી છે એવું કોઈએ સારી રીતે કહ્યું છે અથવા ઘણા કાળથી લોકશ્રુતિ પરંપરા થકી જાણેલું છે તથા સ્ત્રી સ્વભાવ જણાવનાર શાસ્ત્રમાંથી કે સ્ત્રીના આ સ્વભાવને તેના સંબંધના વિપાકથી આ વાત જણાય છે.

કહ્યું છે કે - સ્ત્રીનું હૃદય ઘણું ગૂઢ છે. તેણીનું મુખ દર્પણમાં રહેલું છે. તેના ભાવ જાણવા પર્વત માર્ગમાં રહેલ દુર્ગ જેવા વિષમ છે. તેણીનું ચિત્ત કમળ પત્ર ઉપર પાણી જેવું ચંચળ છે, સ્થિર રહેતું નથી. સ્ત્રીઓ વેલડી માફક વિષના અંકુરા જેવા દોષો વડે વધેલી છે.

સારી રીતે જીતેલી, પ્રીત કરેલી, પ્રસર કરેલી હોય, તો પણ સ્ત્રીનો વિશ્વાસ ન કરવો. સ્ત્રીની કામના કરતા જેણે દુઃખ ન ભોગવ્યા હોય તેવો કોઈ પુરુષ

જીવલોકમાં હોય તો આંગળી ઊંચી કરે. સ્ત્રીની આ પ્રકૃતિ છે કે, તે બધા પુરુષનું મન વિહ્વળ કરી દે છે, પણ કામથી નિવૃત્ત થયો હોય તો, તેનું મન સ્ત્રી ચંચળ કરી શકતી નથી. હવે અકાર્ય કરીશું નહીં એમ કહેવા છતાં કાયાથી વિરુપ આચરણ જ કરે છે. અથવા પાપકર્મ નહીં કરું એવું કબૂલ કરીને પણ ફરી કુકર્મો કરે છે.

હવે સૂત્રકાર સ્ત્રીનો સ્વભાવ પ્રગટ કરતા કહે છે - પાતાળના ઉદર જેવા ગંભીર મન વડે સ્ત્રીઓ મનથી જુદુ ચિંતવે છે, માત્ર કાનને ગમે પણ પરિણામે ભયંકર એવી વાણીથી જુદું જ બોલે છે, વર્તનમાં કંઈ જુદુ જ કરે છે. આ રીતે સ્ત્રીઓ ઘણી માયાવી છે. આવું જાણીને સાધુ, સ્ત્રીનો વિશ્વાસ ન કરે, તેની માયા જાળમાં ન ફસાય. દૃષ્ટાંત કહે છે—

દત્તને કોઈ ગણિકાએ અનેક પ્રકારે ઠગવા છતાં તેણે વેશ્યાને વાંછી નહીં, તેથી તેણી બોલી કે હવે મારે દૌર્ભાગ્યથી કલંકિત એવીને જીવીને શું પ્રયોજન છે? હવે હું અગ્નિ પ્રવેશ કરીશ. ત્યારે દત્તે કહ્યું કે વૈશ્યા માયાથી આવું પણ કરે છે. વેશ્યા પૂર્વે ખોદાવેલી સુરંગમાં થઈ, અગ્નિ સળગાવી, ઘેર જતી રહી. દત્તે તેણીના કપટને વિચાર્યુ તો પણ ધૂર્તોએ તેને અગ્નિમાં ફેંકી દીધો. માટે સ્ત્રીઓનો વિશ્વાસ કરવો નહીં.

● **સૂત્ર-૨૭૧ થી ૨૭૪ :-**

***વિવિધ વસ્ત્રો અને અલંકારયુક્ત કોઈ યુવતી શ્રમણને કહે છે કે હે ભયથી બચાવનાર ! મને ધર્મ કહો, હું વિરત બની સંયમ પાળીશ.***

***અથવા શ્રાવિકા હોવાથી હું સાધુની સાધર્મિણી છું. પણ જેમ અગ્નિના સહવાસથી લાખનો ઘડો પીગળે તેમ સ્ત્રી સંસર્ગથી વિદ્વાન્ વિષાદ પામે છે.***

***જેમ લાખનો ઘડો અગ્નિથી તપ્ત થઈ શીઘ્ર નાશ પામે છે, તેમ સ્ત્રીના સંસર્ગથી સાધુ શીઘ્ર સંયમથી ભ્રષ્ટ થાય છે.***

***કોઈ સાધુ પાપકર્મ કરે છે, પણ પૂછીએ તો જલ્દી કહે છે કે હું પાપકર્મ કરતો નથી, આ સ્ત્રી તો બાળપણથી મારા ખોળે રમેલી છે.***

● **વિવેચન-૨૭૧ થી ૨૭૪ :-**

અભિનવ યૌવના સ્ત્રી વિવિધ વસ્ત્ર અલંકારથી વિભૂષિત શરીરી બનીને કપટથી સાધુને કહે છે - હું ઘરના ફંદાથી વિરત છું, મારો પતિ મને અનુકૂળ નથી, મને તે ગમતો નથી અથવા તેણે મને ત્યાગી છે. માટે હવે હું સંયમને આચરીશ અથવા બીજા પાઠ મુજબ મૌન અર્થાત્ મુનિનું વર્તન એટલે સંયમને આદરીશ. માટે હે ભયત્રાત! મને ધર્મ કહો, જેથી હું તમે કહેલા ધર્મને સાંભળીને દુઃખોનું ભાજન ન બનું.

અથવા આવા બહાને સ્ત્રીઓ સાધુ પાસે આવીને કહે છે કે - હું શ્રાવિકા છું, તેથી સાધુની સાધર્મિણી છું, આવી માયાથી નજીક આવીને કુલવાલુક માફક સાધુને ધર્મથી ભ્રષ્ટ કરે છે અર્થાત્ સ્ત્રીનું સાંનિધ્ય બ્રહ્મચારીને મહા અનર્થ માટે થાય છે. કહ્યું છે કે - તે જ જ્ઞાન, તે જ વિજ્ઞાન, તે તપ અને તે સંયમ - બધું જ સ્ત્રીના એક પગલાંથી ભ્રષ્ટ થઈ જાય છે. આ જ વાત માટે દૃષ્ટાંત આપે છે - લાખનો ઘડો જેમ અગ્નિ પાસે રાખતા જલ્દી પીગળી જાય છે, તેમ સ્ત્રીઓ પાસે બેસતા બીજા તો



ઠીક પણ વિદિત વેધ-વિદ્વાન્ પણ ધર્માનુષ્ઠાનમાં ઢીલો બની જાય છે. આ પ્રમાણે સ્ત્રીસંસર્ગના દોષ બતાવી હવે તેના સંસ્પર્શજન્ય દોષો બતાવે છે.

જેમ અગ્નિ ઉપર રહેલો લાખનો ઘડો અગ્નિનો સ્પર્શ થતાં શીઘ્ર નાશ પામે છે, તે જ પ્રમાણે સ્ત્રીઓની સાથે વસનારા નાશને પામે છે. લાખના ઘડાની માફક કઠણ વ્રત-નિયમોનો ત્યાગ કરીને સંયમરૂપી શરીર થકી ભ્રષ્ટ થાય છે - વળી -

ઉક્ત સંસારની સંગીણીમાં આસક્ત પુરુષો આલોક-પરલોકને વિસારીને મૈથુન સેવનાદિ પાપકર્મ કરે છે સમ્યક્ અનુષ્ઠાનથી ભ્રષ્ટ થઈને ઉત્કટ મોહવાળાને જ્યારે આચાર્યાદિ પ્રેરણા કરે ત્યારે તેઓ કહે છે કે - આવા ઉત્તમકૂળમાં જન્મેલો હું આવું પાપના ઉપાદાનરૂપ કાર્ય ન કરું. આ સ્ત્રી તો મારી પૂર્વની પુત્રી સમાન છે, ખોળામાં બેસનાર હતી, પૂર્વના અભ્યાસથી જ મારી સાથે આવો ભાવ રાખે છે, સંસારના સ્વભાવનો જ્ઞાતા પ્રાણનો નાશ થતાં પણ આવું વ્રતભંગનું અકાર્ય ન કરું.

● **સૂત્ર-૨૭૫ થી ૨૭૭ :-**

***તે અજ્ઞાનીની બીજી અજ્ઞતા એ છે કે - તે પાપકર્મ કરીને ફરી ઇન્કાર કરે છે. એ રીતે તે બમણું પાપ કરે છે. તે પૂજા-કામી અસંયમને ઇચ્છે છે.***

***દેખાવમાં સુંદર, આત્મજ્ઞાની સાધુને આમંત્રણ આપીને તેણી કહે છે કે હે ભવતારક ! આપ આ વસ્ત્ર, પાત્ર, અન્ન કે પાન ગ્રહણ કરો.***

***ભિક્ષુ આને પ્રલોભન સમજે. ઘરે જવાની ઇચ્છા ન કરે. વિષયપાશમાં બંધાનાર મંદપુરુષ ફરી મોહમાં પડે છે - એમ હું કહું છું.***

● **વિવેચન-૨૭૫ થી ૨૭૭ :-**

તે અજ્ઞાની, રાગદ્વેષથી આકુળ અને પરમાર્થને ન જોનારાનું આ બીજું અજ્ઞાનપણું છે એક તો અકાર્યકરણથી ચોથું વ્રત ભાંગ્યુ, બીજું તે વાતનો અપલાપ કરીને મૃષાવાદ સેવે છે, તે બતાવે છે કે - જે અસત્નું આચરણ કરે છે અને બીજા કોઈ પ્રેરણા કરે તો કહે છે - એ પાપ મેં નથી કર્યુ. તેને આવા અસદ્ અનુષ્ઠાન અને જૂઠું બોલવાથી બમણું પાપ થાય છે - તે શા માટે જૂઠું બોલે છે ? તે સત્કાર અને પુરસ્કારનો અભિલાષી, મારો લોકમાં અવર્ણવાદ ન થાઓ, એમ વિચારી અકાર્યને છૂપાવે છે તેથી તે અસંયમનો સેવનારો ''વિષણૈષી'' બને છે.

સુંદર ચહેરાવાળા આત્મજ્ઞ સાધુને જોઈને કેટલીક દુરાચારિણી સ્ત્રીઓ નિમંત્રણ કરીને કહે છે કે - હે રક્ષણહાર સાધુ ! વસ્ત્ર, પાત્ર, ખાન, પાન આદિ વસ્તુનું આપને પ્રયોજન હોય તો તમને હું બધું આપીશ, તમે મારે ઘેર આવીને તે ગ્રહણ કરો. હવે ઉપસંહારાર્થે કહે છે—

આ સ્ત્રીઓનું વસ્ત્રાદિનું આમંત્રણ સાધુએ ''નીવારકલ્પ'' જાણવું. જેમ કોઈ ભક્ષ્યવિશેષથી ભૂંડ વગેરે વશમાં આવે છે, તેમ સાધુ પણ આવા કોઈ આમંત્રણથી વશ થાય છે. તેથી તેણીના ઘેર જઈ, વસ્ત્રાદિ ન ઈચ્છે અથવા ગૃહ જ આવર્તરૂપ છે, તેમ માનીને તે ગૃહભ્રમની ઇચ્છા ન કરે - શા માટે ? - તે વશીકૃત શબ્દાદિ વિષયો જ દોરડારૂપ બંધન છે, તેનાથી બંધાઈ પરવશ કરેલો સ્નેહરૂપ પાશાને તોડવા

અસમર્થ થઈ ચિત્તની વ્યાકુળતા પામે છે, હવે હું શું કરું ? એમ તે જડ વારંવાર મુંઝાય છે. - x - x -

અધ્યયન-૪ ''સ્ત્રીપરિજ્ઞા'' ઉદ્દેશા-૧નો
મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ✠ અધ્યયન-૪ ''સ્ત્રીપરિજ્ઞા'' ઉદ્દેશો-૨ ✠

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો આરંભ કરે છે - તેનો સંબંધ આ પ્રમાણે - આ પૂર્વોક્ત ઉદ્દેશામાં ''સ્ત્રીના પરિચયથી ચારિત્ર સ્ખલન'' - કહ્યું. સ્ખલિત શીલવાળાની જે અવસ્થા અહીં થાય છે. તેના દ્વારા થતાં કર્મબંધને અહીં જણાવે છે. આ સંબંધે આવેલા આ ઉદ્દેશાનું સૂત્ર આ પ્રમાણે—

**● સૂત્ર-૨૭૮ :-**

***સાધુ, સ્ત્રીમાં રાગ ન કરે, ભોગની ઈચ્છા થાય તો ફરી વિરક્ત બને. છતાં કેટલાંક સાધુ ભોગ ભોગવે છે, તે શ્રમણોના ભોગ તમે સાંભળો.***

**● વિવેચન-૨૭૮ :-**

આ સૂત્રનો પૂર્વના સૂત્ર સાથે આ સંબંધ છે - વિષયપાશથી બંધાયેલો મોહ પામે છે, જેથી એક-રાગદ્વેષરહિત બનીને સ્ત્રીમાં રાગ ન કરે અને પરંપર સૂત્ર સંબંધ છે કે - જોવાલાયક સાધુને જોઈને કોઈ સ્ત્રી સારા અશનાદિ નીવારકલ્પના બહાને સાધુને ઠગે, તો તેમાં પડીને રાગી ન થાય. હવે ઓજ નું સ્વરૂપ કહે છે - દ્રવ્ય ઓજ તે પરમાણુ છે અને ભાવઓજ તે રાગદ્વેષ રહિતતા છે. સ્ત્રીઓમાં રાગ કરવાથી આ લોકમાં જ હવે કહેવાનાર નીતિ પ્રમાણે વિવિધ વિડંબનાઓ થાય છે, તે સંબંધી કર્મબંધ થાય છે અને તેના વિપાકથી નરકાદિમાં તીવ્ર વેદના થાય છે. તેથી આ પ્રમાણે સમજીને 'ભાવઓજ' બનીને સર્વકાળ તે અનર્થની ખાણરૂપ સ્ત્રીમાં રાગ ન પામે. કદાચ મોહના ઉદયે ભોગનો અભિલાષી થાય તો પણ આલોક-પરલોકના અપાયોને વિચારીને પુનઃ તે ભોગોથી વિરક્ત બને.

ઉક્ત કથનનો સાર એ કે - કર્મોદયથી ચિત્ત તેમાં પ્રવૃત્ત થાય, તો પણ હેય-ઉપાદેયના પર્યાલોચનથી જ્ઞાનાંકુશ વડે તેનાથી દૂર થાય. તથા [તપ વડે શ્રમણ સેવે તેથી] શ્રમણ છે, તેમના ભોગ પણ તમે સાંભળો. કહે છે કે - ગૃહસ્થોને પણ ભોગો પ્રાયઃ વિડંબનારૂપ છે, તો સાધુને તો વિડંબના રૂપ જ છે. તો પછી તે ભોગવવાથી કેવી દશા થાય? તે પૂર્વે કહ્યું છે - જે કોઈ વેષ વિડંબક ધર્મરહિત સાધુ વિડંબના પ્રાયઃ ભોગોને ભોગવે છે, તે જ ઉદ્દેશાના સૂત્રથી હવે પછી બતાવશે, બીજા પણ કહે છે—

દુબળો, કાણો, ખંજ, કાનરહિત, પૂંછડા વગરનો, ભૂખથી થાકેલો, વૃદ્ધ, હાંડલામાં ખાવા મોઢું ઘાલતા તેનો કાંઠલો ગળામાં રહેલો છે, ઘામાંથી નીકળતા પરુ અને શરીરમાં હજારો કીડાથી પીડા પામતો છતાં કૂતરી આવતી જાણીને તેની પાસે દોડે છે - એમ કામ હણાયેલાને પણ હણે છે.



હવે ભોગીઓની વિડંબના બતાવવા કહે છે—

**● સૂત્ર-૨૭૯ થી ૨૮૧ :-**

***ચારિત્રથી ભ્રષ્ટ, સ્ત્રીમાં મૂર્છિ, કામમાં અતિ પ્રવૃત્ત સાધુને પોતાના વશમાં જાણીને પછી પગ વડે સાધુના મસ્તક પર સ્ત્રી પ્રહાર કરે છે.***

***સ્ત્રી કહે છે - જો મારા વાળને કારણે તમે મારી સાથે વિહરણ ન કરતા હો તો હું લોચ કરી દઈશ, પણ તમે મને છોડીને બીજે ન જશો.***

***જ્યારે તે સાધુ વશમાં આવી જાય ત્યારે તે સ્ત્રી તેને અહીં-તહીં કામ કરવા મોકલે છે, કહે છે કે - તુંબડી કાપવા છરી લાવો, ફળ લાવો.***

**● વિવેચન-૨૭૯ થી ૨૮૧ :-**

— સ્ત્રીના સંસ્તવ પછી તે સાધુ શીલભેદ-ચારિત્ર સ્ખલન પામીને સ્ત્રીમાં ગૃદ્ધ બને છે, તે જ વાતને વિશેષ જણાવે છે - જેની ઇચ્છા-મદનરૂપ કામમાં બુદ્ધિ કે મનની પ્રવૃત્તિ છે તે કામનો અભિલાષુક છે, તેને આવો કામી જાણીને, ધોળામાં કાળુ સ્વીકારનાર છે એમ સમજીને, પોતાને વશ થયો જાણીને, પોતાનું તથા તેનું કરેલું કહી બતાવે છે, તે કહે છે—

હે સાધુ ! તારું માથુ મુંડાવેલું છે, પરસેવાના મેલથી દુર્ગંધ નીકળે છે, તારા બગલ-છાતી-ગુપ્ત ભાગ જુગુપ્સનીય છે, છતાં મેં તને કુળ, શીલ, મર્યાદા, લજ્જા, ધર્માદિ તજીને મારું શરીર આપ્યું, પણ તું તો ગણતરી વિનાનો છે, આ પ્રમાણે કોપાયમાન થઈને તે સ્ત્રી આ વિષયમૂર્છિત સાધુને મનાવવા તેના પગમાં પડે છે. કહ્યું છે - કેસરા ફૂલાવેલા, મોટા માથાવાળા સિંહો, દાન મદના પાણીથી જેના કપોલ ઉપર પાતળી રેખા પડેલી છે તેવા હાથીઓ તથા મેધાવી પુરુષો, શૂરવીરો સ્ત્રી પાસે કાપુરુષ બની જાય છે તેથી વિષયમાં એકાંત ગૃદ્ધ જાણીને પછી પોતાના ડાબા પગને ઉંચો કરીને તે સ્ત્રી, તેના માથામાં લાત મારે છે, આ પ્રમાણે તે વિડંબણા પામે છે.

— હવે તે સ્ત્રી કહે છે - હે સાધુ ! જો વાળવાળી એવી પત્ની સાથે તું ન વિચરે, વાળવાળી સ્ત્રી સાથે ભોગ ભોગવતા તને શરમ આવતી હોય તો તારા સંગને ઇચ્છતી એવી હું વાળનો પણ લોચ કરી દૂર કરી દઈશ. પછી બીજા અલંકારાદિની તો વાત જ ક્યાં રહી ? ઉપલક્ષણથી બીજું પણ જે કંઈ દુષ્કર વિદેશગમન આદિમાં હોય, તે બધું જ હું કરીશ. પણ મને છોડીને બીજે ક્યાંય ન જઈશ. અર્થાત્ મારા વિના તમારે એક ક્ષણ પણ ન રહેવું. એ જ તમને મારી પ્રાર્થના છે. હું પણ તમે જે આજ્ઞા કરશો, તે-તે કરીશ.

— આ પ્રમાણે અતિ મનોહર, વિશ્વાસ્ય, અલ્પકાળ માટે સુંદર વચનો વડે વિશ્વાસ પમાડીને પછી તે સ્ત્રી શું કરે છે, તે કહે છે - વિશ્વાસના વચનો જ્યારે આ સાધુ મારે વશ થયો છે, તેમ આકૃતિથી કે ચેષ્ટા લક્ષણથી સ્ત્રીઓ જાણી લે છે, પછી તે કપટનાટકની નાયિકા સ્ત્રીઓ સાધુનો અભિપ્રાય જાણીને પછી અનુચિત કર્મ વ્યાપારમાં તે સાધુને યોજે છે. અથવા તેવા સાધુના વેષમાં જ તેની પાસે જે કામ કરાવે છે, તે બતાવે છે—

જેના વડે તુંબડુ છેદાય તેવી છરી આદિ લઈ આવ ! એટલે તુંબડાનું મોટું વગેરે બનાવીએ - પાત્રાદિની મુખાદિ કરીએ તથા સુંદર નાળિયેર વગેરેના ફળો, તુંબડા આદિ તમે લઈ આવો અથવા વાક્ફળ એટલે ધર્મકથારૂપ વ્યાકરણ કે વ્યાખ્યાનરૂપ વાચાનું ફળ - વસ્ત્રાદિ લાવ.

● **સૂત્ર-૨૮૨ થી ૨૮૫ :-**

***હે સાધુ ! શાક પકાવવા લાકડા લાવો, તેનાથી રાત્રે પ્રકાશ પણ થશે. [કહે છે કે-] મારા પગ રંગી દો, મારી પીઠ ચોળી દો...મારે માટે નવા વસ્ત્ર લાવો અથવા આ વસ્ત્ર સાફ કરી દો. અન્ન-પાણી લાવો, ગંધ અને રજ-હરણ લાવો, મારે માટે વાણંદ બોલાવો...મારા માટે અંજનપાત્ર, અલંકાર અને વીણા લાવો, લોધ્ર, લોધ્રના ફૂલ, વાંસળી અને ગુટિકા લાવો...ઉશીરમાં પીસેલ કોષ્ઠ, તગર, અગર લાવો. મુખ ઉપર લગાડવાનું તેલ અને વાંસની પેટી લાવો.***

● **વિવેચન-૨૮૨ થી ૨૮૫ :-**

— તથા શાક, ટક્ક, વસ્તુલ આદિ, પાંદડા વગેરે રાંધવા માટે લાકડા લાવો, ક્યાંક અન્ન-ભાત વગેરે રાંધવા માટે એવો પાઠ છે અથવા રાત્રે પ્રકાશ કરવા કામ લાગશે માટે અટવીમાંથી લાકડાં લાવવા કહે છે. તથા પાતરા રંગ, જેથી હું [સાધ્વી બની] સુખેથી ભિક્ષા લાવું અથવા મારા પગ અલતા આદિથી રંગ અથવા બીજું કામ છોડીને અહીં આવ અને જલ્દી મારો વાંસો ચોળ, મારું અંગ દુઃખે છે, તેથી દબાવ, પછી બીજું કામ કરજે.

— મારા વસ્ત્રો જીર્ણ થયા છે, તેથી બીજા લાવી આપ અથવા મેલાં વસ્ત્રો ધોબીને આપ અથવા મારા વસ્ત્રો ઉંદર આદિ ખાય ન જાય તેનું ધ્યાન રાખ. અન્ન, પાણી લઈ આવ. ગંધ-પુષ્ટાદિ, હિરણ્ય તથા શોભન રજોહરણ લાવ. હું લોચ કરાવી શકું તેમ નથી માટે મારું માથું મુંડવા વાણંદ લાવ. હે શ્રમણ ! મને આજ્ઞા આપ, જેથી હું મારા લાંબા વાળ દૂર કરી શકું.

— અથ શબ્દ અધિકાર અંતર પ્રદર્શન માટે છે. પૂર્વે વેશ-ઉપકરણ આદિને આશ્રીને વર્ણન કર્યુ, હવે ગૃહસ્થના ઉપકરણને આશ્રીને કહે છે. જેમકે - અંજણી-કાજલ રાખવાની નળી મને લાવી આપ, કટક-કેયુરાદિ અલંકાર લાવી આપ. ખુંખુણક મને આપ. જેથી હું સર્વાલંકારથી વિભૂષિત થઈને વીણાના વિનોદ વડે તમને પ્રસન્ન કરું. તથા લોધ્ર, લોધ્રના ફૂલ, કોમળ છાલવાળી વાંસની વાંસળી લાવ, તે દાંત કે ડાબા હાથ વડે પકડીને જમણા હાથ વડે વીણા માફક વગાડાય છે, એવી ગોળી લાવ, જે ખાઈને હું નષ્ટ ન થનાર યૌવનવાળી બનું.

— ઉત્પલકુષ્ઠ તથા અગર, તગર આ બંને ગંધ દ્રવ્યો છે. આ કુષ્ઠ આદિ વીરણીના મૂળ સાથે વાટવાથી જેમ સુગંધી થાય તેમ કર તથા લોધ્ર કુંકુમ આદિ વડે સંસ્કારીત તેલ મારા મુખ માટે અને અભ્યંગન માટે લાવ. એવા તેલને લગાડવાથી મારું મુખ કાંતિવાળું થાય તથા વેણું-વાંસની બનેલી પેટી, કરંડક આદિ લાવ, જેથી તેમાં વસ્ત્રાદિ રાખું.



● **સૂત્ર-૨૮૬ થી ૨૮૯ :-**

***નંદી ચૂર્ણકાદિ લાવો, છત્ર-પગરખાં લાવો, સૂપ છેદન માટે શસ્ત્ર લાવો, ગળી આદિથી વસ્ત્ર રંગાવી આપો...શાક બનાવવા તપેલી લાવો, આંબળા આદિ, પાણી લાવવાનું પાત્ર લાવો, ચાંદલા તથા આંજણ માટેની સળી લાવો, હવે ખાવાને વીંઝણો લાવો...સંદશક, કાંસકી, અંબોડા પર બાંધવાની જાળી, દર્પણ, દંત પ્રક્ષાલક એ બધું લાવી આપો...સોપારી, પાન, સોય-દોરા લાવો. મૂત્ર-પાત્ર, સૂપડું ખાંડણી-ગાળવાનું પાત્ર લાવો.***

● **વિવેચન-૨૮૬ થી ૨૮૯ :-**

નંદીચૂર્ણ એટલે ઘણાં દ્રવ્ય-ભેગા કરીને હોઠ પર લગાડવા બનાવેલ ચૂર્ણ. આવું ચૂર્ણ કોઈપણ રીતે લાવો. તડકા અને વરસાદના રક્ષણ માટે છતરી તથા પગરખાંની મને આજ્ઞા આપો, તેના વિના ચાલે તેમ નથી. તથા શાક, પાન સમારવા છરી આદિ લાવો, પહેરવા માટે ગુલિકાદિથી વસ્ત્રને રંગી દો જેથી તે કંઈક કે પૂર્ણ નીલું થાય. ઉપલક્ષણથી લાલ કે બીજા કોઈ વર્ણનું બને.

સારી રીતે કે સુખેથી જેમાં છાસ વગેરે ઉકળે તે સુફણી, અર્થાત્ થાળી કે કડાઈ નામક વાસણ તે શાક રાંધવા લાવો. સ્નાન કે પિત્તના ઉપશમન માટે આંબળા લાવી આપો. પાણી લાવવા માટે ઘડો લાવી દો. ઉપલક્ષણથી ઘી, તેલ આદિ લાવવાના બધાં વાસણ લાવી દો. ચાંદલો કરવા હાથી દાંત કે સોનાની સળી લાવો, જેનાથી ગોરાચંદનાદિ યુક્ત તિલક કરું. અથવા જેના વડે તલ પિસાય તે તિલક કરણી કહેવાય. સૌવીરક આદિ અંજન તથા આંખ આંજવાની સળી લાવો. ઉનાળામાં તાપ શાંત કરવાનો વિંઝણો લાવો.

નાકના વાળ ચૂંટવાનો ચીપીયો, વાળ સંવારવાની કાંસકી, અંબોળાને સરખો કરવાને ઉનની જાળી, આખું શરીર જેમાં દેખાય તેવું દર્પણ તથા દાંતને સાફ કરવા દંતપ્રક્ષાલન મારી પાસે લાવીને મૂકો.

સોપારી, પાન ખાવા લાવો, સાંધવા સોય-દોરો લાવ. પેશાબ કરવાની કુંડી લાવો કેમકે રાત્રે બહાર જઈને પેશાબ હું કરી શકું નહીં મને બીક લાગે છે જો આવી કુંડી હોય તો મારે બહાર ન જવું પડે. આના દ્વારા બીજા અધમ કર્તવ્ય પણ ઉપલક્ષણથી જાણવા. તથા ચોખા વગેરે ઝાટકવા સૂપડું લાવો, સાજીખાર આદિ ગાળવાના બધાં સાધનો લાવી આપો.

● **સૂત્ર-૨૯૦ થી ૨૯૩ :-**

***દેવપૂજાનું પાત્ર, મદિરા પાત્ર લાવો, શૌચાલયનું હે આયુષ્યમાન્ ! ખનન કરો, પુત્ર માટે ધનુષ્, શ્રામણેર-તમારા પુત્ર માટે એક બળદ લાવો... ઘટિકા તથા ડિંડિમ લાવો, કુમારને રમવા માટે કાપડનો દડો લાવો. વર્ષાઋતુ નજીક છે, મકાન અને અન્નનો પ્રબંધ કરો...નવી સુતળીથી બનેલ માંચી અને ચાલવા માટે પાદુકા લાવો. દોહદની પૂર્તિ માટે અમુક વસ્તુ લાવો, આ રીતે નોકર માફક પુરુષ પર હુકમ કરે છે...પુત્ર જન્મ થતા સ્ત્રી કહે છે - આ પુત્રને લો અથવા***

*ત્યાગી દો. આ રીતે કોઈ પુત્રપોષક ઉંટની જેમ ભારવાહી બની જાય છે.*

● **વિવેચન-૨૯૦ થી ૨૯૩ :-**

— દેવતાની પૂજા માટે તાંબાનું વાસણ મથુરામાં ચંદાલક નામે પ્રસિદ્ધ છે. करक - જળના આધારરૂપ કે મદિરાનું વાસણ, તે લાવ. હે આયુષ્યમાન્ ! મારે માટે શૌચાલય બનાવ. જેના વડે તીર ફેંકાય તેવું ધનુષ્ મારા પુત્ર માટે લાવ. ત્રણ વર્ષનો બળદ લાવો. જેથી શ્રમણપુત્ર-તમારા પુત્ર માટે ગાડીએ જોડી શકાય.

— ઘટિકા-માટીની કૂલડી તથા ડિંડિમ-નગારુ આદિ વાજિંત્રવિશેષ તથા કપડાનો દડો મારા નાના રાજકુમારરૂપ પુત્રને રમવા માટે લાવો. હવે ચોમાસુ આવી રહ્યું છે, માટે વર્ષાકાળમાં રહી શકાય તેવું ઘર બનાવ તથા તે કાળને યોગ્ય ચોખા લાવો કે પકાવો, જેથી સુખેથી આવતા ચોમાસામાં સુખેથી રહી શકીએ. કહ્યું છે કે - આઠ માસમાં અને યુવાની કે પૂર્વકાળમાં મનુષ્ય એવું કર્તવ્ય કરવું જોઈએ જેથી અંતે સુખેથી રહી શકાય.

— બેસવા માટે યોગ્ય માંચી,તેને નવી સૂત્ર-પાટીથી ભરાવી લાવ ઉપલક્ષણથી વ્યાઘ્રચર્મથી મઢાવી લાવ અને પગના મોજા કે લાકડાની ચાખડી ચાલવાને માટે લાવ કેમકે ખુલ્લા પગે હું જમીન ઉપર ચાલવા માટે સમર્થ નથી. અથવા ગર્ભમાં રહેલ પુત્રના દોહદ-મનોરથ તે પુત્રદૌહદ. અન્તવર્તી ફ્લાદિ અભિલાષ વિશેષ. તેને પૂર્ણ કરવા પુરુષો સ્ત્રીઓના કહેવાથી ખરીદેલા નોકર માફક આજ્ઞા કરવા યોગ્ય થઈ જાય છે. જેમ નોકરો પાસે લાજ રાખ્યા વિના બધાં કાર્ય કરાવે છે. તેમ તે પુરુષો સ્નેહપાશથી બંધાયેલ, વિષયના અર્થીઓને સંસારમાં અવતરવા વીથી જેવી સ્ત્રી વડે આદેશ કરાય છે. [નોકરની જેમ કામ કરાવે છે.]

— પુત્રનો જન્મ એ ગૃહસ્થીનું ફળ છે એટલે પુરુષોનું ફળ કામભોગ છે અને તેનું ફળ-પ્રધાન કાર્ય પુત્રજન્મ છે. તે કહ્યું છે - આ તેના સ્નેહનું સર્વસ્વ ગરીબ અને ધનિકને સમાન છે, ચંદન અને ઔશીર વિના જ હૃદયનું અનુલેપન છે. જેથી તેને 'શપનિકા' એમ કહ્યું છે. એ બાળક અવ્યક્ત વાણી બોલે છે. [તેનાથી આકર્ષાઈ સાંખ્ય કે યોગ મતાનુયાયી કહે છે] સાંખ્ય અને યોગ-મત છોડીને [તેનો પિતા થાઉં] તે મને ખૂબ પ્રિય લાગે છે.

વળી કહે છે - આ લોકમાં પુત્ર સુખ પહેલું છે, બીજુ સુખ પોતાનું છે ઇત્યાદિ. આ પ્રમાણે પુત્ર પુરુષોને અભ્યુદયનું કારણ છે. તેના જન્મથી, તેને આશ્રીને જે વિડંબણા પુરુષોને થાય છે તે બતાવે છે—

આ બાળકને તમે સાચવો, મારે ઘણું કામ હોવાથી ક્ષણ માત્ર પણ તેને સાચવવાની ફુરસદ નથી. સ્ત્રી ક્રોધીત થઈ કહે છે - હવે તેનો ત્યાગ કરી દો, હું એના સમાચાર પણ નહીં પૂછું. મેં તેને નવ માસ પેટમાં ઉપાડ્યો. તમે થોડી વાર તેને ખોળામાં બેસાડવા પણ રાજી નથી. અહીં નોકરના દૃષ્ટાંતે પુરુષોની તુલના કરે છે. નોકર તો ભયનો માર્યો કાર્ય કરે છે, જ્યારે પુરુષ તો સ્ત્રીને વશ થઈ અનુગ્રહ માનતો ખુશ થઈને તેણીની આજ્ઞા પાળે છે. તે કહે છે—



પુરુષ માને છે કે મને જે રૂચે છે, તે કાર્ય મારી સ્ત્રી મને બતાવે છે, પણ તે જાણતો નથી કે સ્ત્રી તેણીને પ્રિય હોય તે કરાવે છે. સ્ત્રીઓ પ્રાર્થના કરે તો પુરુષ પ્રાણો તજી દે, માતાને કાઢી મૂકે, સ્ત્રીએ માંગેલું પુરુષ શું ન આપે ? શું ન કરે ? મળ સાફ કરવા પાણી આપે, પગ પણ ધોઈ આપે, તેણીનો બળખો પણ ઝીલી લે, સ્ત્રીને વશ થઈ પુરુષ બધું જ કરે.

આ પ્રમાણે પુત્ર નિમિત્તે કે બીજા કોઈ નિમિત્તને આશ્રીને દાસની માફક સ્ત્રી તેને આજ્ઞા કરે છે અને તે પણ પુત્રના પોષવાના સ્વભાવવાળા તે સ્ત્રીની સર્વ આજ્ઞા કરે છે અને તે પણ પુત્રના પોષવાના સ્વભાવવાળા તે સ્ત્રીની સર્વ આજ્ઞા પાળનારા કેટલાંક મોહોદયમાં વર્તતા સ્ત્રીના નિર્દેશવર્તી બની આલોક પરલોકના અપાયો વિસરી ઉંટની જેમ ભાર વહેનારા બને છે.

● **સૂત્ર-૨૯૪,૨૯૫ :-**

*[સ્ત્રી વશ પુરુષ] રાત્રે ઉઠીને પણ પુત્રને ધાવમાતા માફક ખોળામાં સુવાડે છે, લજ્જાશીલ બનવા છતાં પણ ધોબીની માફક કપડાં ધુવે છે.*

*આ પ્રમાણે પૂર્વે ઘણાં [સ્ત્રી-વશ] પુરુષોએ આવું કર્યું છે, જે ભોગાસક્ત છે, તે દાસ-પશુ કે મૃગ જેવો થઈ જાય છે અથવા તેનાથી પણ અધમ છે.*

● **વિવેચન-૨૯૪,૨૯૫ :-**

રાત્રે પણ જાગે તો ધાવમાતા માફક રોતા બાળકને અનેક પ્રકારે ગાઈને કે બોલીને શાંત કરે છે. જેમકે - હે પુત્ર ! ''તું નક્પુર, હસ્ત કલ્પગિરિ, પાટણ, સીહપુર, શૌરીપુર નગરનો રાજા છે.'' આવા અસંબદ્ધ ક્રીડા વચનો વડે સ્ત્રીના ચિત્તને અનુવર્તતા પુરુષો જે કરે છે, તેનાથી સર્વત્ર ઉપહાસ પામે છે. જેના અંતઃકરણમાં સારી રીતે લજ્જા છે, તેવા લજ્જાળુ પુરુષો, તે પણ લજ્જા છોડીને સ્ત્રીના વચનથી સર્વે હલકાં કાર્યો કરે છે, તે કાર્યોને સૂત્રમાં બતાવે છે - વસ્ત્ર ધોનાર ધોબી જેવા થાય છે. ઉપલક્ષણથી બીજું પણ પાણી ભરવાનું આદિ કાર્યો કરે છે.

શું કોઈ પુરુષ આવા કાર્યો કરે છે ? જેથી તમે બતાવો છો ? —

— હા, ઘણાં પુરુષો આવા કાર્યો કરે છે, તે બતાવે છે - પૂર્વોક્ત કાર્યો સ્ત્રીની આજ્ઞાથી કરે છે - પુત્રને પોષવો, વસ્ત્રો ધોવા આદિ કાર્યો સંસારના સંગીઓએ પૂર્વે કર્યા છે, હાલ કરે છે અને ભાવિમાં કરશે. જેઓ કામભોગ માટે આલોક પરલોકના અપાયો ભૂલીને ભોગ ભોગવવામાં રાચેલા છે તેઓ સાવધ અનુષ્ઠાનમાં રહેલા છે. તથા જેઓ રાગાંધ છે, સ્ત્રી દ્વારા વશ કરાયેલા છે, તેઓ દાસની માફક બીજાં પણ કાર્યો કરવામાં નિયોજાય છે.

જેમ ફાંસામાં ફસેલો મૃગ પરવશ છે, તેમ આત્મવશ ન હોય તેવો પુરુષ ભોજનાદિ કાર્યો પણ કરી આપે છે. તથા નોકર માફક, ગુલામ માફક મળ સાફ કરવા આદિ કાર્યો પણ કરે છે. તથા કર્તવ્ય-અકર્તવ્યતા વિવેક રહિતતાથી, હિત-અહિત પ્રાપ્તિ-પરિહારના શૂન્યત્વથી પશુ જેવો [પુરુષ સ્ત્રી બનાવી દે છે.] જેમ પશુને આહાર-ભય-મૈથુન-પરિગ્રહનું જ્ઞાન માત્ર છે, તેમ આ પણ સદનુષ્ઠાન રહિતતાથી પશુ

જેવો જ છે. અથવા સ્ત્રીને વશ થયેલો દાસ-મૃગ-નોકર-પશુથી પણ અધમપણે હોવાથી કંઈ નથી - અર્થાત્ સર્વ અધમપણાથી તે પુરુષ જેવું બીજું કોઈ નથી, જેની તેને ઉપમા આપી શકાય. અથવા ઉભયથી ભ્રષ્ટ હોવાથી તે કંઈ ગણતરીમાં નથી.

તેથી જ કહે છે - સદ્ અનુષ્ઠાન રહિત હોવાથી તેને સાધુ ન કહેવાય. વળી પાન-સોપરી આદિ પરિભોગના રહિતપણાથી તે ગૃહસ્થ પણ નથી. માત્ર મુંડેલ મસ્તકધારી છે, માટે [તે ઉભયથી ભ્રષ્ટ છે.] અથવા આલોક પરલોકના અનુષ્ઠાન મધ્યે તે કંઈ ગણતરીમાં નથી.

હવે ઉપસંહાર કરતાં સ્ત્રી-સંગનો પરિહાર કહે છે—

**● સૂત્ર-૨૯૬,૨૯૭ :-**

***આ પ્રમાણે સ્ત્રીના વિષયમાં કહ્યું છે, માટે સાધુ સ્ત્રી સાથે પરિચય કે સહવાસ ન કરે. આ કામભોગો પાપોત્પાદક છે, તેમ તીર્થંકરે કહ્યું છે.***

***સ્ત્રી સંસર્ગ ભયોત્પાદક છે, કલ્યાણકારી નથી, તેથી સાધુ આત્મનિરોધ કરી, સ્ત્રી અને પશુને સ્વયં હાથથી સ્પર્શ ન કરે.***

**● વિવેચન-૨૯૬,૨૯૭ :-**

પૂર્વોક્ત સ્ત્રીસંબંધી જે કંઈ કહેવાયુ, તે મુજબ - [સ્ત્રી કહે છે કે] વાળ - વાળી - [ચોટલાવાળી] એવી હું તમને ન ગમતી હોઉં તો માથુ મુંડાવી દઉં ઇત્યાદિ તથા સ્ત્રી સાથે પરિચય અને સ્ત્રી સાથે સંવાસ - એકત્ર નિવાસ. આત્મહિતમાં વર્તનારો, સર્વ અપાય ભીરુ સાધુ ન કરે. કારણ કે તે સ્ત્રીથી જેની ઉત્પત્તિ છે તે કામભોગો - સ્ત્રી સંપર્કોથી થતાં પાપ વજ જેવા ભારે હોવાથી નરકમાં લઈ જાય છે. માટે કામભોગો અવદ્યકર કે વજકર છે. એવું તીર્થંકર, ગણકર આદિએ પ્રતિપાદિત કરેલ છે.

હવે ઉપસંહાર કરવા કહે છે - આ પ્રમાણે ભયનો હેતુ હોવાથી સ્ત્રી વડે બોલાતા વચનો તથા સંસ્તવ અને સંવાસ પણ ભયકારી છે, તેથી સ્ત્રી સાથે સંપર્ક કલ્યાણકારી નથી. કેમકે તે અસત્ અનુષ્ઠાનનો હેતુ છે, એમ જાણીને તે ભિક્ષુ કામભોગના વિપાકને સમજીને પોતાને સ્ત્રી સંપર્કથી રોકીને સન્માર્ગમાં સ્થાપીને જે કરે તે બતાવે છે - નરકવીથી પ્રાયઃ સ્ત્રીઓ સાથે કે પશુ સાથેનો સહવાસ છોડે. કેમકે - સ્ત્રી-પશુ-નપુંસક વર્જિત સ્થાનમાં રહેવું તેવું શાસ્ત્ર વચન છે. તથા પોતાના હાથ વડે - x - સ્ત્રી-પશુને ન અડે. કેમકે તે પણ ચારિત્રને મલિન કરે છે.

**● સૂત્ર-૨૯૮,૨૯૯ :-**

**વિશુદ્ધ લેશ્યાવાન્, મેધાવી જ્ઞાની સાધુ મન-વચન-કાયાથી પરક્રિયાનો ત્યાગ કરે અને સાધુ શીતાદિ સર્વ સ્પર્શ સહન કરે.**

**“રાગ અને મોહને દૂર કરનાર તે સાધુ છે” એવું વીર ભગવંતે કહ્યું છે. તેથી અધ્યાત્મ વિશુદ્ધ, સુવિમુક્ત સાધુ મોક્ષ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહે.**

**- તેમ હું કહું છું. -**



**● વિવેચન-૨૯૮,૨૯૯ :-**

— વિશેષથી શુદ્ધ એવા સ્ત્રી સંપર્કના પરિહારરૂપ નિષ્કલંક લેશ્યાવાળા અર્થાત્ અંતઃકરણ વૃત્તિવાળા તથા આવા તે મર્યાદાવર્તી મેધાવી સાધુ; परक्रिया - સ્ત્રી આદિ પર પદાર્થો માટેની ક્રિયા અર્થાત્ વિષયભોગ દ્વારા પરોપકારકરણ અથવા બીજા દ્વારા પોતાના પગ દબાવવા આદિ ક્રિયા તે પર ક્રિયા છે. તેને જ્ઞાની પરિહરે. કહ્યું છે કે - વિષય ભોગની ઉપાધિ વડે ન બીજાનું કાર્ય કરવું કે પગ ધોવડાવવા આદિ પોતાનું કાર્ય સ્ત્રી પાસે ન કરાવવું. આ પરક્રિયા વર્જન મન-વચન-કાયાથી કરે. તેથી કહે છે—

ઔદારિક કામભોગ માટે મનથી પણ ન જાય, બીજાને ન મોકલે કે બીજા જનારની અનુમોદના ન કરે. તે પ્રમાણે વચન અને કાયાથી ત્યાગ કરે. આ પ્રમાણે ત્રણ કરણ અને ત્રણ યોગથી ઔદારિક શરીરના નવ ભેદો થયા. આ પ્રમાણે દેવતા સંબંધી નવ ભેદ ગણતાં અઢાર ભેદથી બ્રહ્મચર્ય પાળે. જેમ સ્ત્રી પરીષહ સહન કરે તેમ શીત, ઉષ્ણ, દંશ, મશક, તૃણ આદિ સર્વે સ્પર્શ - પરીષહોને સહન કરે. આવા સર્વ સ્પર્શસહે તે સાધુ છે.

— ઉક્ત વાત કોણે કરી ? તે કહે છે - પૂર્વે કહ્યું તે બધુ ભગવંત મહાવીરે કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી એક માત્ર પરહિતમાં રક્ત બનીને કહ્યું. સ્ત્રી સંપર્ક આદિ સંબંધી કર્મરજ દૂર કરનાર એવા ધૂતરજ તથા રાગ-દ્વેષરૂપ મોહ દૂર કરવાથી ધૂતમોહ એવા [વીર ભગવંતે કહ્યું છે.] પાઠાંતરથી - જેમાં રાગમાર્ગ-રાગપન્થ દૂર કરાયેલ છે તે સ્ત્રી સંસ્તવાદિ પરિહાર, તે બધું ભગવંત મહાવીરે કહ્યું છે. તેથી તે સાધુ સુવિશુદ્ધ અંતઃકરણથી રાગદ્વેષાત્મક સ્ત્રીસંપર્કથી મુક્ત થઈને સર્વ કર્મક્ષય થતાં સુધી સર્વ પ્રકારે સંયમ અનુષ્ઠાનમાં વર્તે - સંયમમાં ઉદ્યમવાળો બને.

**અધ્યયન-૪ “સ્ત્રીપરિજ્ઞા” ઉદ્દેશા-૨નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

इति - શબ્દ અધ્યયનની પરિસમાપ્તિ બતાવે છે. બાકી પૂર્વવત્.

## અધ્યયન-૪ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

- x - x - x - x - x - x -

## ❀ શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૫ ''નરયવિભત્તિ'' ❀

● ભૂમિકા :-

ચોથું અધ્યયન કહ્યું, હવે પાંચમું કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે છે - પહેલા અધ્યયનમાં સ્વસમય-પરસમય પ્રરૂપણા કહી. બીજા અધ્યયનમાં સ્વસમયમાં બોધ પામવાનું કહ્યું. બોધ પામીને અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ સારી રીતે સહન કરવાનું ત્રીજા અધ્યયનમાં કહ્યું. બોધ પામેલાએ સ્ત્રી પરીષહને સમ્યક્ સહેવાનું ચોથા અધ્યયનમાં કહ્યું. આ અધ્યયનમાં બતાવશે કે ઉપસર્ગભીરુ સ્ત્રીને વશ થતાં અવશ્ય નરકે જાય, ત્યાં જે વેદના થાય છે તે. આ સંબંધે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર ઉપક્રમ આદિ કહેવા. તેમાં ઉપક્રમ અંતર્ગત્ અધ્યયન અને ઉદ્દેશાનો અર્થાધિકાર છે. અધ્યયન અર્થાધિકાર નિર્યુક્તિકારે પૂર્વે કહ્યો છે. જેમકે - ઉપસર્ગભીરુ સ્ત્રી-વશનો નરકમાં ઉપપાત થાય. ઉદ્દેશાર્થાધિકાર તો નિર્યુક્તકારે કહ્યો નથી. કેમકે તે અધ્યયનાર્થાધિકારમાં આવી ગયો છે.

હવે નિક્ષેપ કહે છે, તે ત્રણ પ્રકારે છે - ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન અને સૂત્રાલાપકનિષ્પન્ન. તેમાં ઓઘમાં 'અધ્યયન' શબ્દ છે, નામમાં નરકવિભક્તિ નામ છે. તે બે પદવાળું છે - નરક, વિભક્તિ. તેમાં 'નરકપદ'ને જણાવે છે.

[નિ.૬૪,૬૫] નરક શબ્દના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ ભેદે છ નિક્ષેપા છે. નામ સ્થાપના સુગમ છે. દ્રવ્યનરક આગમ અને નોઆગમથી છે. તેમાં આગમથી જ્ઞાતા પણ ઉપયોગ ન હોય, નોઆગમથી જ્ઞશરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત ત્રણ ભેદ. આ જ મનુષ્ય કે તિર્યંચ ભવમાં જે કોઈ અશુભકર્મ કરવાથી અશુભ જીવો ''કાળસૌરિક'' આદિ છે અથવા જે કોઈ અશુભ સ્થાનો કેદખાના આદિ છે અને નરક જેવી વેદના છે, તે બધાં દ્રવ્યનરક છે. અથવા કર્મદ્રવ્ય નોકર્મદ્રવ્ય ભેદથી દ્રવ્યનરક બે પ્રકારે છે. તેમાં નરકમાં વેદવા યોગ્ય જે કર્મો બાંધ્યા તે એકભવિક બાંધેલા આયુવાળો અભિમુખ નામગોત્રવાળો એ દ્રવ્ય નરક છે. નોકર્મદ્રવ્ય નરક તો અહીં જ છે. તે અશુભ રૂપ રસ ગંધ વર્ણ સ્પર્શ છે. ''ક્ષેત્રનરક'' તે કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાનાદિ ૮૪ લાખની સંખ્યાવાળો વિશિષ્ટ ભૂ-ભાગ છે.

'કાળનરક' જેટલો કાળ નરકની વેદના સહે તે છે.

'ભાવનરક' તે જે જીવો નરકનું આયુ ભોગવે તે તથા નરકમાં ભોગવવા યોગ્ય કર્મનો ઉદય છે અર્થાત્ નરકમાં રહેલ જીવોનો નારકીના આયુના ઉદયથી પ્રાપ્ત અશાતાવેદનીયાદિ કર્મોદય તે પણ ભાવનરક છે. આ પ્રમાણે અસહ્ય દુઃખ - કરવતથી વહેરાવું, કુંભીપાક આદિ પરમાધામી કૃત્ અને પરસ્પર ઉદીરણાકૃત્ તથા સ્વાભાવિક એ ત્રણ દુઃખ છે.

આ બધું જાણીને તપ અને ચારિત્રના અનુષ્ઠાનમાં રક્ત રહેવું, કેમકે તે બંને નરકના શત્રુ છે, તથા સ્વર્ગ-અપવર્ગનો એક હેતુ છે. તેથી આત્મહિતને ઇચ્છતા સાધુએ બીજુ છોડીને આ બેને સાધવા.





હવે વિભક્તિ પદના નિક્ષેપાને કહે છે—

[નિ.૬૬-] વિભક્તિના નામ સ્થાપના દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ એમ છ પ્રકારે નિક્ષેપ છે. (૧) કોઈ સચિત્તાદિ દ્રવ્યનું નામ 'વિભક્તિ' હોય તે નામ વિભક્તિ જેમકે - સુ આદિ આઠ વિભક્તિ [સંસ્કૃતમાં] છે. (૨) સ્થાપના વિભક્તિ - પદ કે ધાતુને અંતે સ્થપાય છે અથવા પુસ્તક-પાનામાં છાપેલી છે. (૩) દ્રવ્યવિભક્તિ જીવ, અજીવભેદથી બે પ્રકારે છે. તેમાં જીવ વિભક્તિ સંસારી અને સિદ્ધ બે ભેદે, સિદ્ધ જીવ વિભક્તિ દ્રવ્ય અને કાળથી બે ભેદે છે. તેમાં દ્રવ્યથી તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધાદિ ૧૫ ભેદે છે. કાળથી પ્રથમ સમય સિદ્ધાદિ ભેદે અનેક પ્રકારે છે.

સાંસારિક જીવ વિભક્તિ ઇન્દ્રિય-જાતિ-ભવભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં ઇન્દ્રિયવિભક્તિ એક ઇન્દ્રિયાદિ પાંચ પ્રકારે છે. જાતિ વિભક્તિ પૃથ્વીકાયાદિ છ ભેદે છે અને ભવ વિભક્તિ નારકાદિ ચાર ભેદે છે.

અજીવ દ્રવ્ય વિભક્તિરૂપી, અરૂપી એમ બે ભેદે છે. તેમાં રૂપી દ્રવ્ય વિભક્તિ સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણુ પુદ્ગલ ચાર ભેદે છે. અરૂપી દ્રવ્ય વિભક્તિ દશ ભેદે - ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય દેશ અને ધર્માસ્તિકાય પ્રદેશ, એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના ત્રણ-ત્રણ ભેદો તથા દશમું અદ્ધા સમય.

(૪) ક્ષેત્ર વિભક્તિ ચાર પ્રકારે - સ્થાન, દિશા, દ્રવ્ય, સ્વામીને આશ્રીને. તેમાં સ્થાનથી ઉર્ધ્વ, અધો, તીર્છુ એમ લોક વૈશાખ સ્થાન પુરુષ માફક કેડે હાથ દઈ ઉભેલ જેવો જાણવો. તેમાં પણ અધોલોકવિભક્તિ રત્નપ્રભાદિ સાત નરક પૃથ્વી, તેમાં પણ સીમંતક આદિ નરકઇન્દ્રક આવલિકાપ્રવિષ્ટ પુષ્પાવકીર્ણ, વૃત્ત, ત્રિકોણ, ચતુષ્કોણ આદિ નરકનું સ્વરૂપ કહેવું. તિર્યગ્લોકવિભક્તિ જંબૂદ્વીપ, લવણસમુદ્ર આદિ બમણા-બમણા વધતા સ્વયંભૂરમણ પર્યંત દ્વીપ-સમુદ્રો જાણવા. ઉર્ધ્વલોકવિભક્તિ સૌધર્માદિ ઉપર ઉપર રહેલા બાર દેવલોક આદિ જાણવા. તેમાં પણ વિમાનેન્દ્રક આવલિકા પ્રવિષ્ટ પુષ્પાવકીર્ણાદિ વિમાન સ્વરૂપ જાણવું.

દિશાને આશ્રીને પૂર્વાદિ દિશામાં રહેલ ક્ષેત્ર છે.

દ્રવ્યાશ્રયી શાલ્યાદિના ખેતર, સ્વામી આશ્રયી અમુકનું ક્ષેત્ર છે તે અથવા ક્ષેત્ર વિભક્તિ આર્ય-અનાર્ય ભેદથી બે પ્રકારે છે. તેમાં પણ આર્ય ક્ષેત્ર સાડા પચીશ દેશ [જનપદ] ને આશ્રીને આ પ્રમાણે - મગધમાં રાજગૃહ, અંગદેશમાં ચંપા, બંગમાં તામ્રલિપ્તી, કલિંગમાં કાંચનપુર, કાશી દેશમાં વાણારસી, કોશલમાં સાકેત, કુરુમાં ગજપુર, કુશાર્ત્તમાં સૌરિપુર, પંચાલે કંપિલપુર, જંગલામાં અહિછત્રા, સૌરાષ્ટ્રમાં દ્વારવતી, વિદેહમાં મિથિલા, વત્સમાં કૌસાંબી, સાંડિલ્યમાં નંદીપુર, મલયમાં ભદ્દિલપુર, વચ્છમાં વૈરાટ, વરણમાં અચ્છા, દશાર્ણમાં મૃતિકાવતી, ચેદીકમાં શુક્તિમતી, સિંધુસૌવીરમાં વીતભય, શૂરસેનમાં મથુરા, પાપામાં ભંગનગરી, પુરીમાં માસા, કુણાલમાં શ્રાવસ્તી, લાઢમાં કોટિવર્ષ, કૈકયીના અર્ધભાગમાં શ્વેતાબિંકા નગરી ઉક્ત સાડા પચીશ દેશ તે આર્યક્ષેત્ર છે. [નગરીમાં નામ માહિતી માટે જણાવેલા છે.] આ દેશોમાં તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવનો જન્મ થાય છે.

અનાર્ય ક્ષેત્ર ધર્મસંજ્ઞારહિત છે, તે અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે – શક, યવન, શબર, બર્બર, કાય, મુરુંડ, દુષ્ટ, ગૌડ, પક્કણિકા, આખ્યાક, હૂણ, રોમ, પારસ, ખસ, ખાસિકા, દ્વિબલ, ચલ, ઓસ, બુક્કસ, ભિલ્લ, અંધ્ર, પુલિંદ્ર, ક્રૌંચ, ભ્રમર, રૂક, કંબોજ, ચીન, ચંચક, માલવ, દ્રમિલ, કુલાખ્ય, કૈકય, કિરાત, હયમુખ, ખરમુખ, ગજમુખ, તુરગમુખ, મેઢમુખ આદિ અનેક અનાર્યો છે.

તે દેશના લોકો પાપી ચંડદંડ કરનારા, નિર્લજ, નિર્દય છે, જેઓ ધર્મ એવા અક્ષરો સ્વપ્ને પણ જાણતા નથી.

કાળ વિભક્તિ અતીત-અનાગત-વર્તમાનકાળ ત્રણ ભેદે છે. અથવા એકાંત સુષમ આદિના ક્રમથી અવસર્પિણી - ઉત્સર્પિણી બાર આરાવાળું કાલચક્ર છે અથવા સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, વરસ, યુગ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, પુદ્‌ગલ પરાવર્ત્ત છે.

ભાવવિભક્તિ - જીવ, અજીવ ભાવ ભેદે બે પ્રકારે છે. તેમાં જીવભાવ વિભક્તિ ઔદયિકાદિ છ ભેદે છે. તેમાં ઔદયિક - ગતિ કષાય લિંગ મિથ્યાદર્શન અજ્ઞાન અસંયત અસિદ્ધ લેશ્યા છે, તેના અનુક્રમે ૪-૪-૩-૧-૧-૧-૧-૬ એ ૨૧-ભેદ છે. ઔપશમિક સમ્યક્ત્વ અને ચારિત્ર ભેદથી બે પ્રકારે છે. ક્ષાયિક-સમ્યક્ત્વ અને ચારિત્ર, જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય એમ નવ ભેદે છે. તથા ક્ષાયોપશમિક :- જ્ઞાન-૪, અજ્ઞાન-૩, દર્શન-૩, દાનાદિ લબ્ધિ-૫ એ પંદર ભેદે છે અને સમ્યક્ત્વ, ચારિત્ર, સંયમાસંયમ મળી ૧૮-ભેદે છે. પારિણામિક ભાવ જીવ, ભવ્ય, અભવ્યના ભેદથી ત્રણ પ્રકારે છે. સાંનિપાતિક બે થી છવ્વીસ ભેદે છે. તેનો સંભવ છ પ્રકારે છે અને ગતિભેદથી તે પંદર પ્રકારે છે.

અજીવ ભાવ વિભક્તિ મૂર્તપદાર્થના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન, પરિણામરૂપે છે અને અમૂર્તોના ગતિ, સ્થિતિ, અવગાહના, વર્તનાદિ છે. હવે સમસ્ત પદ અપેક્ષાએ નરકોના વિભાગરૂપ છે તેને કહે છે–

**[નિ.૬૭-]** શીત, ઉષ્ણરૂપ જે તીવ્ર વેદના ઉત્પાદક સ્પર્શ-સંપર્ક, પૃથ્વી આ સંસ્પર્શને અનુભવે છે, તેને વિશેષથી કહે છે - દેવાદિ વડે ઉપશાંત થવું શક્ય ન હોય તે અન્યાન્ ઉપક્રમ છે. આવો અપરાસાધ્ય પૃથ્વી સ્પર્શ નારકો અનુભવે છે. ઉપલક્ષણથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ પણ એકાંતે અશુભ હોય છે, તેને નારકો અનુભવે છે. તથા ૧૫-પ્રકારના પરમાધામીએ કરેલ મુદ્‌ગર, અસિ, કુંતક, ચક્ર, કુંભીપાક આદિ વેદના પહેલી ત્રણ નરકમાં નારકો સ્વકૃત્ કર્મો ઉદયમાં આવતા અશરણ થઈને ઘણો કાળ ભોગવે છે. બાકીની ચાર નરકમાં સ્વાભાવિક દુઃખો છે. પરમાધામી અભાવે પણ પોતાની મેળે જ તીવ્રતર વેદના પોતાના કર્મના ફળરૂપે અનુભવે છે અને પરસ્પર ઉદીરિત દુઃખો હોય છે.

પહેલાની ત્રણ નારકોમાં જે પરમાધામી જે દુઃખ દે છે, તે કહે છે–

**[નિ.૬૮,૬૯-]** અંબ, અંબરિષ, સામ, સબલ, રૌદ્ર, ઉપરૌદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધણુ, કુંભ, વાલુ, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ આ પંદર જાતિના પરમાધામી પોતાના નામ પ્રમાણે દુઃખ દેનારા છે. તેઓ જે જે વેદનાઓ નારકીના જીવોને આપે છે, તે કહે છે–



**[નિ.૭૦ થી ૮૩-]** તેમાં અંબ નામક પરમાધામી પોતાના ભવનથી નરકાવાસમાં જઈને ક્રીડા માટે જ નારકોને અનાથ કૂતરા માફક શૂલાદિના પ્રહારથી એક સ્થાનેથી બીજા સ્થાને કાઢે છે, તથા તે પોતાની ઇચ્છા મુજબ તે બિચારાને ભમાવે છે. તથા આકાશમાં ઉછાળીને નીચે પડતાં મુદ્‌ગર આદિથી હણે છે તથા શૂલાદિથી વિંધે છે. કૃકાટિકામાં ગ્રહણ કરીને ભૂમિ ઉપર ઉંધા મુખે પટકે છે. ત્યાંથી પાછા આકાશમાં ઉછાળીને નીચે ફેંકે છે આ રીતે વિંડબના પમાડીને નરકમાં નારકોને પીડે છે.

વળી તે મુદ્‌ગરાદિથી હણેલા, ફરી તલવાર આદિથી હણેલા નરક પૃથ્વી ઉપર મૂર્છિત થયેલાને કર્પણીઓથી છેદીને આમતેમ ચીરે છે તથા ચીરતા મગની દાળ માફક બે ફાડીયા કરે છે. વચ્ચે પછાડીને ટુકડે ટુકડા કરે છે. આ પ્રમાણે અંબર્ષિ પરમાધામી દુઃખ દે છે.

તીવ્ર અસાતા ઉદયમાં વર્તતા નારકોને શ્યામ નામે પરમાધામી આવું દુઃખ આપે છે. જેમકે - અંગોપાંગનું છેદન, નિષ્કુટથી - નીચે વજ્રભૂમિમાં ફેંકવા, શૂળ આદિ વડે વીંધવા, સોય આદિથી નાક વગેરેમાં કાણાં પાડે, ક્રુરકર્મ કરનારાને દોરડા વડે બાંધવા તથા તેવા જ પ્રકારના લતા-પ્રહાર વડે તાડન કરે છે. આ પ્રમાણે દારુણ દુઃખ આપીને શાતન, પાતન, વેધન, બંધનાદિ ઘણું કષ્ટ આપે છે.

શબલ નામે પરમાધામી તેવા પ્રકારના કર્મોદયથી ઉત્પન્ન ક્રીડા પરિણામ માત્રથી પુન્યહીન નારકોને જે કરે છે, તે બતાવે છે. જેમકે - ફેફસા - આંતરડાંમાં રહેલ માંસ વિશેષ તથા હૃદયને ચીરે છે તેમાં રહેળ કાળજાના માંસ ખંડને તથા પેટમાં રહેલા આંતરડાના ભાગને ખેંચે છે, વાધર-[અંતર્‌ત્વચા] ને ખેંચે છે. વિવિધ ઉપાયોથી અશરણ નારકોને તીવ્ર વેદના પહોંચાડે છે.

નામ પ્રમાણે અર્થ ધરાવતા રૌદ્ર નામક પરમાધામીઓ વિવિધ તલવાર શક્તિ આદિ શસ્ત્રોથી અશુભ ઉદયવાળા નારકોને પરોવે છે.

ઉપરુદ્ર નામના પરમાધામી નારકોના અંગ પ્રત્યંગ-મસ્તક, બાહુ આદિ તથા હાથ-પગને મરડે છે. તે પાપી જીવોને કતરણીથી ચીરે છે. તથા એવું કોઈ દુઃખ નથી કે જે તે નારકીઓને ન આપતા હોય.

કાલ નામના અસુર પરમાધામી મોટા ચૂલા, શુંઠક, કંદુક, પ્રચંડકોમાં તીવ્ર તાપમાં નારકોને પકાવે છે તથા ઉંટડી આકારની કુંભીમાં તથા લોઢાની કડાઈમાં નારકોને મૂકીને માછલાની માફક સેકે છે.

મહાકાલ નામક પરમાધામી પાપકર્મ નિરત નારકોને વિવિધ ઉપાયોથી પીડે છે. જેમકે - નારકોને ઝીણા માંસના ટુકડા જેવા કરે છે. પીઠમાંથી તેમના ચામડાને છેદે છે, જે પૂર્વે માંસ ખાતા હતા તેવા નારક જીવોને તેનું પોતાનું માંસ ખવડાવે છે.

અસિ નામક પરમાધામી અશુભ કર્મોદયવાળા નારકોને પીડે છે. જેમકે - તેના હાથ-પગ ઉરુ બાહુ મસ્તક પડખાં આદિ અંગ ઉપાંગોને છેદે છે, ઘણાં ટુકડાં કરે

છે, ઘણું દુઃખ આપે છે.

અસિપ્રધાન પત્રધનુ નામના પરમાધામી બીભત્સ અસિપત્રવન કરીને ત્યાં છાયા માટે આવેલા બીચારા નારકોને તલવાર આદિથી કાપે છે. તથા કાન, નાક, ઓઠ, હાથ, પગ, દાંત, છાતી, કમર, ઉરુ, બાહૂને છેદન, ભેદન, શાતન આદિ કરવા પોતે વિકુર્વેલ પવન વડે ઝાડ હલાવી, તલવાર જેવા પાંદડા આદિ કરે છે. તે કહે છે - પગ, હાથ, ખભા, કાન, ઓઠ, નાકને છેદે છે. તાળવુ, મસ્તક, પું-લિંગ, આંખ, હૃદય અને પેટને ભેદી નાંખે છે.

કુંભી નામક પરમાધામી નારક જીવોને પીડે છે - પકાવે છે. ઉંટની કે કડિલ્લક આકારની કુંભીમાં - લોઢાના વાસણમાં - x - x - પકાવે છે.

વાલુક નામક પરમાધામી અનાથ નારકીને તપેલીમાં - રેતીના ભરેલા વાસણમાં ચણાની જેમ તડતડ ભુંજે છે. કદંબના ફૂલના આકાર જેવી રેતીમાં ઉપરના ભાગમાં નારકી જીવોને પાડીને ખુલ્લા આકાશ નીચે શેકે છે.

વૈતરણી નામક પરમાધામી વૈતરણી નદી વિકુર્વે છે. તે પરુ, લોહી, વાળ, હાડકાં વહેનારી મહાભયંકર કલકલ કરતા અવાજ વાળી છે. તેમાં ખારું ગરમ પાણી અતિ બીભત્સ દેખાવવાળું છે તેમાં નારકોને વહાવે છે.

ખરસ્વર નામક પરમાધામી નારકોને આ રીતે પીડે છે - જેમકે કરવતથી વેરાતા પાટીયા માફક તેને વેરે છે - ચીરે છે, પરશુ વડે તેના શરીરના કકડા કરે છે, છોલી-છોલીને પાતળા કરે છે. વજ્ર જેવી ભયંકર શૂળોવાળા શાલ્મલી વૃક્ષ ઉપર ખર સ્વરે રોતા નારકીને ચડાવીને પાછા નીચે ખેંચે છે.

મહાઘોષ નામક પરમાધામી જે અધમ અસુર ભવનપતિ છે તે શિકારી માફક પરપીડા ઉત્પાદનથી અતુલ હર્ષ પામનારા, ક્રીડા ખાતર વિવિધ ઉપાયો વડે નારકોને પીડનારા છે. તેઓ ડરથી ભાગતા મૃગની માફક નારકોને ચારે તરફ પીડા ઉત્પાદન સ્થાને બાંધે છે. બકરા આદિનો હોમ કરતા કસાઈ માફક તે નારકોને બાંધીને મારે છે. ત્યારે હર્ષ પામે છે — નામ નિક્ષેપ પૂર્ણ —

## ❁ અધ્યયન-૫ 'નરયવિભત્તિ' - ઉદ્દેશો-૧ ❁

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણવાળું સૂત્ર કહેવું જોઈએ—

**● સૂત્ર-૩૦૦,૩૦૧ :-**

***મેં કેવલી મહર્ષિને પૂછ્યું કે નરકમાં કેવી પીડા ભોગવવી પડે છે? હે મુનીશ ! આપ જ્ઞાન દ્વારા જાણો છો માટે અજ્ઞાની એવા મને બતાવો કે અજ્ઞાની જીવો નરકમાં કેવી રીતે ઉત્પન્ન થાય છે?... મેં આવું પૂછ્યું ત્યારે મહાનુભાવ, કાશ્યપ, આશુપ્રજ્ઞ ભગવંતે એમ કહ્યું કે - તે ઘણું વિષમ છે, છદ્મસ્થ માટે તેનો અર્થ દુર્ગમ છે. ત્યાં પાપી અને દીન જીવો રહે છે તે હવે હું કહીશ—***

**● વિવેચન-૩૦૦,૩૦૧ :-**

જંબૂસ્વામીએ સુધર્માસ્વામીને પૂછ્યું કે હે ભગવન્ ! નારકો કેવા છે ? કેવા કર્મોથી જીવો ત્યાં ઉત્પન્ન થાય છે ? ત્યાં કેવી વેદનાઓ છે ? આવું પૂછતાં સુધર્માસ્વામીએ



કહ્યું - તમે જે મને આ પૂછ્યું તે - અતીત, અનાગત, વર્તમાન સૂક્ષ્મ - પદાર્થોને કહેનારા કેવલી, ઉગ્ર તપ અને ચારિત્રકારી, અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગ સહિષ્ણુ શ્રીમન્ મહાવીર વર્ધમાનસ્વામીને પૂર્વે પૂછેલું કે નરકાવાસો કેવી વેદનાથી યુક્ત હોય છે તે હું જાણતો નથી, હે મુને ! આપ કેવલજ્ઞાન વડે આ બધું જાણો છે, તે મને કહો તથા બતાવો કે અજ્ઞાની જીવો, હિતા-હિતના વિવેકથી રહિત, કેવા કેવા કર્મો બાંધીને નરકે ઉત્પન્ન થાય છે ? ત્યાં કેવી વેદના ભોગવે છે ?

આ પ્રમાણે મેં વિનયથી પૂછતા ૩૪ અતિશયોના મહા અનુભાવરૂપ માહાત્મ્ય યુક્ત ભગવંતે પ્રશ્નોના ઉત્તર કેવલજ્ઞાન વડે જાણીને કહેલા. — કોણે ? આશુપ્રજ્ઞ વીર વર્ધમાનસ્વામીએ સર્વત્ર સદા ઉપયોગથી આપ્યા. મેં પૂછતા ભગવંતે કહ્યું કે - તેં જે પૂછ્યું તેને હું જણાવીશ, તું ઉપયોગ રાખીને સાંભળ. અસદ્ અનુષ્ઠાનથી પ્રાપ્ત નરક દુઃખનો હેતુ છે. અથવા નરકાવાસ દુઃખ આપે છે. માટે દુઃખ જ છે, અથવા અસાતા વેદનીયના ઉદયથી તીવ્રપીડાત્મક દુઃખ છે. આ પરમાર્થથી વિચારતા તે અસર્વજ્ઞ માટે ગહન-વિષમ-દુર્વિજ્ઞેય છે. કેમકે તેના પ્રતિપાદક પ્રમાણનો અભાવ છે. અથવા તે દુઃખ તે જ પદાર્થ છે કે જેમાં દુઃખની નિમિત્ત કે દુઃખનું પ્રયોજન છે. તે દુઃખાર્થ પોતે નરકસ્થાન છે તે દુરુત્તર હોવાથી વિષમ છે તે હું કહું છું—

તે સર્વ પ્રકારે દીન હોવાથી આદીનિક છે. ત્યાં અત્યંત દીન જીવો રહે છે. ત્યાં પૂર્વે કરેલ દુષ્કૃત, પાપ કે અસત્ અનુષ્ઠાનના ફળરૂપ અશાતા વેદનીયનો ઉદય હોય છે. તેથી તે દુષ્કૃતિક છે. જે હું આગળ કહીશ. અર્થાત્ નારક જીવોના પૂર્વ જન્મમાં જે નરકગતિયોગ્ય કૃત્ય છે તે કહીશ.

**● સૂત્ર-૩૦૨ થી ૩૦૪ :-**

***આ સંસારમાં કેટલાક અજ્ઞાની, અસંયમી જીવનના અર્થી, રૌદ્ર પાપકર્મ કરે છે. તેઓ ઘોર, સઘન અંધકારમય, તીવ્ર સંતપ્ત નરકમાં જાય છે... તેઓ પોતાના સુખને માટે ત્રસ અને સ્થાવર જીવોની ક્રૂરતાથી હિંસા કરે છે, ભેદન કરે છે, અદત્ત લે છે અને સેવનીય સંયમનું સેવન કરતા નથી...તે ઘણાં જીવોની હિંસા કરે છે, ધૃષ્ટતાપૂર્વક વચન બોલે છે, તે અજ્ઞાની મરીને નીચે અંધકારમય નરકમાં જાય છે, ત્યાં ઉંધે માથે મહાકષ્ટ ભોગવે છે.***

**● વિવેચન-૩૦૨ થી ૩૦૪ :-**

— જે કોઈ મહારંભ, પરિગ્રહ, પંચેન્દ્રિયવધ, માંસભક્ષણાદિ સાવધ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત છે, રાગદ્વેષથી ભરેલા તિર્યંચ કે મનુષ્ય છે, આ સંસારમાં અસંયમ જીવિતના અર્થી છે, પાપના ઉપાદાનરૂપ અનુષ્ઠાન-પ્રાણીઓને ભય ઉપજાવીને ભયંકર એવા હિંસા, જૂઠ આદિ કર્મો કરે છે. આવા તે જીવોને તીવ્ર પાપોદયવર્તીને અત્યંત ભયાનક, ઘણાં ગાઢ અંધકારમાં જ્યાં આંખ વડે પોતાને પણ જોઈ ન શકે, માત્ર અવધિ [વિભંગ] જ્ઞાનથી ઘુવડો જેમ જરા-જરા દિવસને જુએ, તેમ તે નારકીના જીવો જુએ છે.

આગમમાં કહ્યું છે - હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળો નારકી જીવ અવધિજ્ઞાનના

ઉપયોગ થકી ચારે દિશામાં જોતાં કેટલા ક્ષેત્રને જાણે - જુએ ?

હે ગૌતમ ! ઘણું ક્ષેત્ર ન જાણે, ન જુએ. પોતાની આસપાસના થોડા ક્ષેત્રને જાણે, થોડું ક્ષેત્ર જુએ ઇત્યાદિ તથા દુઃસહ - ખેરના અંગારાના મોટા ઢગલાના તાપથી અનંતગુણો સંતાપ જેમાં છે, તે તીવ્ર તાપવાળા નરકમાં બહુ વેદનાવાળા સ્થાનમાં પૂર્વે વિષયરાગ ન છોડવાથી, પોતાના કરેલ કર્મના ભારથી પડે છે. ત્યાં વિવિધ વેદના અનુભવે છે. કહ્યું છે—

જેણે વિષયસુખ છોડેલ નથી, સંસાર સમુદ્રના વિલયના મુખ સમ દુઃખના સમૂહવાળી નરકમાં પડી, ત્યાં ન બુઝાવેલા અગ્નિની જ્વાળામાં બળે છે. ત્યાં પરમાધામીના પગની લાતોથી છાતી અને મુખમાંથી લોહી ઓકતો તે નારકી જીવ કરવતથી બે ભાગમાં વહેંચાય છે. યંત્રમાં ભેદાતા પીડાઈને તેના બરાડાથી દિશાઓ ગાજી ઉઠે છે અને તાપથી બળતાં ફાટતાં માથાના હાડકાંનો સમૂહ ઉછળે છે. તથા—

કડાયામાં દૂધની માફક કઢાતાં નારકી જીવો આક્રંદ કરે છે, ત્યારે પૂર્વકૃત્ દુષ્કૃત્યોનું ફળ ભોગવતા શૂળોથી ભેદાયેલ, ઉંચે ફેંકેલ ઉર્ધ્વકાય સમૂહાદિ દુઃખ સહે છે. ત્યાં ભયંકર શબ્દ, અંધકાર, દુર્ગન્ધનું બંધનાગાર, દુર્ધર કલેશ તથા ભેદેલા હાથ, પગમાંથી નીકળતો લોહી અને ચરબીનો મોટો પ્રવાહ વહે છે. ગીધના જેવી ચાંચોથી, નિર્દયતા વડે માથાનો ભાગ ઉખેડતાં [નારકી જીવ] આક્રંદ કરે છે. તથા તપેલા સાણસા વડે દૃઢ પકડીને જીભને ખેંચી કાઢે છે. તીક્ષ્ણ અંકુશના અગ્ર ભાગથી ખેંચેલા કાંટાના ઝાડના અગ્ર જેવા જર્જરીત શરીરવાળા ક્ષણમાત્ર પણ સુખ થવું દુર્લભ છે અને દુઃખ તો સદા ચાલુ છે.

આ પ્રમાણે જુદા જુદા પ્રાણીને મારવામાં તત્પર, સત્યથી ભ્રષ્ટ, પાપસમૂહ એકત્ર કરેલા જીવો આ જગત્‌માં હોય, તે ભયંકર નરકમાં પડે છે [અને નરકમાં ઉપરોક્ત વિવિધ પીડા ભોગવે છે.]

— જે જીવો અતિ નિર્દયપણે રૌદ્રપરિણામથી હિંસામાં પ્રવૃત્ત છે. બે ઇન્દ્રિયાદિ ત્રસ જીવોને તથા પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોને કોઈ મહા મોહોદયવર્તી હણે છે, તથા જે જીવ સ્વશરીર સુખાર્થે વિવિધ ઉપાયો વડે પ્રાણીનું ઉપમર્દન કરે છે તથા પરદ્રવ્યને ચોરનાર એવો અદત્તહારી છે તથા આત્મના હિતને માટે સેવનીય એવા કંઈ પણ સદનુષ્ઠાન કે સંયમનો અભ્યાસ કરતાં નથી અર્થાત્ પાપના ઉદયથી કાગડાના માંસના ત્યાગરૂપ એવા વિરતિ પરિણામ પણ કરતો નથી એવો જીવ નરકમાં ઉત્પન્ન થઈ દુઃખી થાય છે.

— જેનામાં ધૃષ્ટતા છે, તે “પ્રાગલ્ભી” છે. ઘણાં પ્રાણીના પ્રાણોને અતિપાત કરવાના સ્વભાવવાળો તે અતિપાતી છે. અર્થાત્ પ્રાણીને મારીને કે ઘાત કરીને જે એમ કહે કે - વેદમાં કહેલી હિંસા હિંસા નથી. રાજાનો આ ધર્મ છે કે શિકારથી વિનોદ ક્રિયા કરે. અથવા [માને કે] - માંસભક્ષણમાં દોષ નથી, દારુ અને મૈથુનમાં દોષ નથી. આ જીવોની પ્રવૃત્તિ છે - x - ઇત્યાદિ. આ પ્રમાણે ક્રૂર સિંહ કે કાળાનાગ



માફક સ્વભાવથી જ જીવહિંસા કરે છે, કદી હિંસાથી શાંત થતો નથી, ક્રોધાગ્નિથી બળતો રહે છે. અથવા મત્સ્યાદિ વધ વડે આજીવિકા મેળવતો કે તેમાં લુબ્ધ થઈ સર્વદા વધના પરિણામથી યુક્ત થઈ પ્રાણીને હણે છે, તે સ્વકૃતકર્મ વિપાકથી તે નરકમાં જાય છે.

કોણ ? જે અજ્ઞ છે - રાગદ્વેષનો ઉદયવર્તી છે, તે મરણકાળે નીચે અંધકારમાં જાય છે. તથા પોતાના દુશ્ચરિત્રથી નીચું માથું કરીને વિષમ યાતના સ્થાનમાં જાય છે. અર્થાત્ ઉંધે માથે નરકમાં પડે છે.

હવે નરકમાં રહેલ નારકો જે અનુભવે છે, તે બતાવવા કહે છે—

**● સૂત્ર-૩૦૫ :-**

***“હણો, છેદો, ભેદો, બાળો.” આવા પરમાધામીના શબ્દો સાંભળીને તે નારકો ભયથી સંજ્ઞાહીન બને છે. વિચારે છે કે કઈ દિશામાં જઈએ ?***

**● વિવેચન-૩૦૫ :-**

તિર્યંચ કે મનુષ્યભવથી જીવો નરકમાં ઉત્પન્ન થઈને અંતર્મુહૂર્તમાં પાંખો કાપી લીધેલા પક્ષીની માફક નવા શરીરો મેળવે છે. પર્યાપ્તિભાવ પ્રાપ્ત કરે ત્યાં પરમાધામીના કરેલા અતિ ભયાનક શબ્દોને સાંભળે છે. જેમકે - મુદ્‌ગર આદિ વડે હણો, ખડ્‌ગ આદિથી છેદો, શૂલ આદિથી ભેદો, અગ્નિના તણખાથી બાળો. આ પ્રમાણે કાનને અસુખકારી ભયંકર શબ્દોને સાંભળીને તે નારકો ભયથી ઉદ્‌ભ્રાન્ત લોચનવાળા થઈ, ભયથી ડરીને જેની સંજ્ઞા-અંતઃકરણવૃત્તિ નષ્ટ થઈ છે, તેવા નષ્ટસંજ્ઞક, અમે કઈ દિશામાં જઈએ કે જેથી અમને આ મહાઘોર શબ્દોથી ઉત્પન્ન દારુણ દુઃખમાં રક્ષણ મળે એવી તેઓ આકાંક્ષા કરે છે.

હવે ભયથી દિશાઓમાં નાસતા તે શું અનુભવે ? તે કહે છે —

**● સૂત્ર-૩૦૬ :-**

***પ્રજ્વલિત અગ્નિની રાશિ સમાન, જ્યોતિમય ભૂમિ સમાન નરકભૂમિ ઉપર ચાલતા તેઓ દાઝે છે ત્યારે કરુણ રૂદન કરતા ત્યાં ચિરકાળ રહે છે.***

**● વિવેચન :-**

ખેરના અંગારાના પુંજ, જ્વાલાથી આકુલ તથા અગ્નિથી બળતી એવી ભૂમિની જેને ઉપમા અપાઈ છે, તેવી “अङ्गारसन्निभाभूमि” પર ચાલતા તે નારકો અતિ બળતાં દીન સ્વરે આક્રંદ કરે છે. ત્યાં બાદર અગ્નિના અભાવે તેવી ઉપમાથી ભૂમિ બતાવી. આ પણ માત્ર જાણવાને કહ્યું છે. બાકી નરકના તાપની ઉપમા અહીંના અગ્નિથી ન થાય. તે નારકો મહાનગરના દાહથી અધિક તાપ વડે બળતાં પ્રગટ સ્વરે મહાશબ્દો કરી તે નરકાવાસમાં ઘણો કાળ રહે છે. કેમકે નરકાયુ ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ, જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ રહે છે. - વળી -

**● સૂત્ર-૩૦૭ :-**

***અસ્ત્રા જેવી તેજ ધારવાળી દુર્ગમ, વૈતરણી નદી વિશે તમે સાંભળેલ હશે ? બાણોથી છેદાતા અને શક્તિથી હણાતા તેઓ દુર્ગમ વૈતરણીમાં પડે છે.***

● **વિવેચન :-**

સુધર્માસ્વામી જંબૂસ્વામીને આ કહે છે - જેમ ભગવંતે આ કહ્યું. તે તમે સાંભળ્યું. વૈતરણી નામે ક્ષાર, ઉષ્ણ લોહીના રંગવાળુ પાણી વહાવતી નદી છે તે દુઃખ ઉત્પાદક છે. તથા જેમ અસ્ત્રો તીક્ષ્ણ છે, તેમ તે નદીનો પ્રવાહ શરીરના અવયવોને કાપનારો છે. તે નારકો તપેલ અંગારા જેવી ભૂમિમાં જળતૃષાથી અભિતપ્ત થઈ, તાપને દૂર કરવા - x - તે વૈતરણી નદીમાં તરે છે - કેવા થયેલા ? બાણ કે પરોણાથી પ્રેરિત, ભાલાથી હણાયેલા તે જ ભયંકર નદીમાં પડે છે.

● **સૂત્ર-૩૦૮,૩૦૯ :-**

***તે નારકો નાવની નજીક આવે ત્યારે પરમાધામી તેમને ખીલીથી વીંધે છે. તેઓ સ્મૃતિવિહીન બને છે. બીજા પણ તેને ત્રિશૂલાદિથી વીંધે છે.***

***કોઈ પરમાધામી ગળામાં શિલા બાંધીને નારકને ઉંડા પાણીમાં ડૂબાડે છે. કોઈ કદંબ પુષ્પ સમાન લાલ ગરમ રેતી અને મુર્મુર અગ્નિમાં આમતેમ ફેરવીને પકાવે છે.***

● **વિવેચન-૩૦૮,૩૦૯ :-**

તે નારકો વૈતરણી નદીના અતિ ઉષ્ણ, ક્ષારયુક્ત, દુર્ગંધી જળથી કંટાળીને લોઢાના ખીલાવાળી નાવ પર ચડવા જતાં પૂર્વે ચડેલા પરમાધામીઓ ગળામાં તેમને વીંધે છે, વીંધાવાથી કલકલાયમાન સર્વસ્રોત વડે વૈતરણી જળ વડે સંજ્ઞા નષ્ટ થવા છતાં પોતાના કર્તવ્યનો વિવેક ભૂલેલા બને છે. બીજા પરમાધામી નારકો સાથે ક્રીડા કરતા, નાસતા એવા નારકને ત્રિશૂલ અને શૂલ વડે વિસ્તારથી વીંધીને નીચે ભૂમિમાં લટકાવે છે.

વળી કેટલાંક નારકોના ગળામાં પરમાધામીઓ મોટી શિલા બાંધીને ઉંડા પાણીમાં ડૂબાડે છે, ફરી પાછા તેમને ખેંચીને વૈતરણી નદીમાં કલંબુકા વાલુકા તથા મુર્મુર અગ્નિમાં ઘણી તપેલી રેતીમાં ચણા માફક ચારે બાજુથી સેકે છે. તથા બીજા નરકાવાસમાં, સ્વકર્મ ફાંસામાં ફસેલા જીવોને સુંઠક પરોવેલા માંસની પેશી માફક પકાવે છે.

● **સૂત્ર-૩૧૦ થી ૩૧૨ :-**

***મહાસંતાપકારી, અંધકાર આચ્છાદિત, દુષ્પાર તથા સુવિશાલ અસૂર્ય નરક છે, ત્યાં ઉર્ધ્વ, અધો, તિર્છી દિશાઓમાં પ્રચંડ આગ જલતી રહે છે.***

***પાપકર્મને ન જાણનાર, બુદ્ધિહીન નારક, જે ગુફામાં રહેલ અગ્નિમાં પડે છે અને બળે છે, તે નરકભૂમિ કરુણાજનક તેમજ દુઃખનું સ્થાન-દુઃખપ્રદ છે.***

***જેમ જીવતી માછલી આગમાં પડતાં સંતપ્ત થાય છે, તેમ છતાં બીજે જઈ શકતી નથી. તેમ પરમાધામી ચોતરફ અગ્નિ જલાવીને અજ્ઞાનીને બાળે છે.***

● **વિવેચન-૩૧૦ થી ૩૧૨ :-**

જે સૂર્ય વિદ્યમાન નથી તે અસૂર્ય-નરક, તે ઘણાં અંધકારવાળી, કુંભિકા આકારે છે. ત્યાં બધાં જ નરકાવાસો અસૂર્ય નામે ઓળખાય છે. તે આવા મહાતાપ, અંધતમસ, દુરુત્તર, વિશાળ નરકમાં મહાપાપના ઉદયથી જીવો જાય છે. તે નરકમાં ઉંચે-નીચે-તીર્છુ સર્વ દિશામાં સ્થાપેલો અગ્નિ બળે છે. કહે છે કે - જ્યાં નારકીમાં બરોબર ઉંચે રહેલો અગ્નિ બળે છે, ત્યાં તેવા નરકમાં બિચારા જીવો જાય છે. - વળી -



જે નરકમાં ગયેલો જીવ ઉંટળીના આકારવાળી નરકમાં પ્રવેશીને અગ્નિમાં અતિ વેદનાથી પીડાતો સ્વકૃત્ દુશ્ચરિત્રને ન જાણતો, અવધિ વિવેક ચાલી જવાથી બળે છે. તથા સર્વકાળ કરુણપ્રાય કે સકલ ઉષ્ણસ્થાન છે, તે સ્થાને પાપ કરેલા નારકીઓને તે લઈ જાય છે. તે જ વાત વિશેષથી કહે છે - જ્યાં અતિ દુઃખરૂપ સ્વભાવ છે, નિમિષ માત્ર પણ દુઃખનો વિશ્રામ નથી. કહ્યું છે - આંખ ફરકવા માત્ર પણ કાળ સુખ નથી, પણ માત્ર દુઃખ જ છે તેથી નારકીમાં નરક જીવો રાત-દિવસ પીડાતાં હોય છે.

ચારે દિશામાં અગ્નિ સળગાવીને જે નરકાવાસમાં પરમાધામીઓ મુખ્યત્વે તપાવે છે - પકાવે છે, [કોને ?] પૂર્વકૃત્ દુશ્ચરિત્રવાળા અજ્ઞાની નારકોને. આ રીતે પીડાતા, સ્વકર્મ બેડીથી બંધાયેલા, ઘણો કાળ મહાદુઃખથી આકુળ થઈને નરકમાં રહે છે. તેનું દૃષ્ટાંત કહે છે - જેમ જીવતા માછલા અગ્નિ સમીપ હોય ત્યારે પરવશ થઈને બીજે જવાં અસમર્થ થઈ ત્યાં જ રહે છે, તેમ નારકો પણ પરવશપણે દુઃખ ભોગવે છે. - x - x -

● **સૂત્ર-૩૧૩,૩૧૪ :-**

***સંતક્ષણ નામક એક મહાભિતપ્ત નરક છે. ત્યાં પરમાધામીઓ હાથમાં કુહાડી લઈ, નારકના હાથ-પગ બાંધી લાકડાંની જેમ છોલે છે...લોહી કાઢીને લોઢાની ગરમ કડાઈમાં નાંખી જીવતી માછલી માફક તળે છે, નારકોને ઉંચા-નીચા કરી પકાવે છે, પછી તેના શરીરને મસળે છે, મસ્તકના ચૂરેચૂરા કરે છે.***

● **વિવેચન-૩૧૩,૩૧૪ :-**

એકી ભાવથી છોલવું તે 'सन्तक्षण', નામ શબ્દ સંભાવના અર્થે છે. આ સંતક્ષણ બધાં પ્રાણીને મહાદુઃખ આપનાર સંભવે છે. પરમાધામીઓ સ્વ ભવનથી નરકાવાસમાં આવીને, તે ક્રુરકર્મી, અનુકંપારહિત, હાથમાં કુહાડો લઈને અત્રાણ એવા નારકોના હાથ-પગ બાંધીને લાકડાના ટુકડા માફક છોલીને પાતળા કરે છે - વળી -

તે પરમાધામીઓ તે નારકોના લોહી કાઢીને તપેલી કડાઈમાં નાંખીને પકાવે છે. વળી મળપ્રધાન એવાં આંતરડા કે ઉપસેલાં અંગોને તથા તેના મસ્તકનો ચૂરો કરીને પકાવે છે - કેવી રીતે ? ઉંચા કે નીચા મુખવાળા કરી આમ તેમ તરફડતા આત્માને જેમ જીવતા માછલાને કડાઈમાં તળે તેમ તે નારકીજીવોને તળે છે - પકાવે છે.

● **સૂત્ર-૩૧૫ થી ૩૧૭ :-**

***તે નારકીજીવો ત્યાં રાખ થતા નથી કે તીવ્ર વેદનાથી મરતા નથી. પણ***

*આ લોકમાં સ્વકૃત દુષ્કૃત્યોથી દુઃખી થઈ નરકની વેદના ભોગવે છે.*

*ત્યાં ઠંડીથી સંત્રસ્ત થઈને પ્રગાઢ સુતપ્ત અગ્નિ પાસે જાય છે. ત્યાં તે દુર્ગમ સ્થાનમાં પણ શાતા પામતા નથી. ત્યાં સદા તપ્ત સ્થાને તપે છે.*

*ત્યાં દુઃખોપનીત શબ્દ નગરવધ માફક સંભળાય છે. ઉદીર્ણકર્મા પરમાધામી ઉદીર્ણકર્મી નારકોને પુનઃ પુનઃ ઉત્સાહથી દુઃખ આપે છે.*

● **વિવેચન-૩૧૫ થી ૩૧૭ :-**

આ પ્રમાણે નારકીના જીવો ઘણું પકાવવા છતાં નરકમાં તેઓ રાખરૂપે થતા નથી, તેથી તેની તીવ્ર વેદનાની તુલના અગ્નિમાં પકાવાતા મત્સ્ય જોડે ન થાય અર્થાત્ અનન્ય સદેશ એવી આ તીવ્ર વેદના વાણીથી રજૂ થઈ ન શકે, તેવી હોય છે અથવા તીવ્ર વેદના ભોગવવા છતાં પણ બાકી રહેલા કર્મને કારણે નારક જીવો મરતા નથી. ઘણાં કાળ સુધી ઉક્ત શીત-ઉષ્ણ વેદના-જનિત તથા દહન, છેદન, ભેદન, તક્ષણ, ત્રિશૂલારોપણ, કુંભીપાક, શાલ્મલી-વૃક્ષારોહણ આદિ પરમાધામી જનિત અને પરસ્પર ઉદીરણાથી ઉત્પન્ન દુઃખ કર્મોના વિપાકથી અનુભવતા રહે છે. તથા સ્વકૃત્ હિંસાદિ અઢાર પાપસ્થાનરૂપ દુષ્કૃત્થી નિરંતર ઉદયમાં આવેલા દુઃખથી દુઃખી થઈ પીડાય છે. આંખના પલકારા જેટલો કાળ પણ દુઃખમુક્ત થતાં નથી.

તે મહાયાતના નરક સ્થાન નારકજીવોના ‘લોલન’થી સારી રીતે વ્યાપ્ત છે, તે નરકમાં અતિ ઠંડીથી પીડાયેલા, નારકો ઘણાં તપેલા અગ્નિ તરફ જાય છે, ત્યાં પણ અગ્નિસ્થાને વધારે બળતા જરાપણ સુખને પામતા નથી, વળી નિરંતર મહાદાહ હોવાથી તે અરહિત અભિતાપવાળા છે, છતાં તે નારકોને પરમાધામીઓ અતિ તપેલા તૈલાગ્નિ થકી બાળે છે.

તે નારકીઓને પરમાધામીઓ દ્વારા ઘણાં દુઃખ અપાતા તેઓ ભયાનક હાહાકારપૂર્વક આક્રંદ કરે છે, જે અવાજ નગરના વધ જેવો સંભળાય છે. તેઓ દુઃખથી કરુણાપ્રધાન પોકારો કરે છે - હે માત !, હે તાત ! કષ્ટથી અનાથ એવો હું તમારા શરણે આવ્યો છું, મને બચાવો. આવા શબ્દો ત્યાં સંભળાય છે. તથા તે નારકીને સ્વકૃત કર્મનો કટુવિપાક પ્રાપ્ત થતા તેઓને મિથ્યાત્વ, હાસ્ય, રતિ આદિના ઉદયવાળા પરમાધામીઓ વારંવાર ઉત્સાહપૂર્વક અતિ અસહ્ય એવા દુઃખ વિવિધ ઉપાયોથી કરી અસાતા વેદનીય ઉદીરે છે.

● **સૂત્ર-૩૧૮,૩૧૯ :-**

*પરમાધામી નારકોના પ્રાણોનું વિયોજન કરે છે, તેનું યથાર્થ કારણ હું તમને કહું છું. તેણે પૂર્વે જેવો દંડ બીજાને આપ્યો, તે અજ્ઞાનીને પરમાધામીઓ દંડ આપીને પૂર્વકૃત્ પાપોનું સ્મરણ કરાવે છે...નરકપાળોથી તાડિત તે નારકો વિષ્ટા-મૂત્રવાળા સ્થાનમાં પડે છે, ત્યાં તેનું ભક્ષણ કરતાં રહે છે અને કર્મને વશ થઈ ત્યાં કીડાઓ દ્વારા ખવાય છે.*

● **વિવેચન-૩૧૮,૩૧૯ :-**

— પાપકર્મી પરમાધામીઓ નારકોના શરીરને ઇન્દ્રિયાદિ પ્રાણોથી જુદું પાડે છે.



શરીરના અવયવોને વહેરીને-કાપીને જુદા પાડે છે.

તેઓ આવું કેમ કરે છે ? તેનું યથાર્થ કારણ હું તમને કહું છું. પીડાને ઉત્પન્ન કરે છે માટે તે દંડ છે. તે નિર્વિવેકી પરમાધામીઓ તે નારકજીવોને પૂર્વભવોના કૃત્યો યાદ કરાવે છે. જેમકે-તું જ્યારે પ્રાણીઓના માંસને કાપી-કાપીને ખાતો હસતો હતો, તેનો રસ અને દારુ પીતા, પરસ્ત્રીગમન કરતો હતો. હવે તે કર્મથી પીડાતો, તેના વિપાક ભોગવતો શા માટે બરાડા પાડે છે. આ પ્રમાણે પૂર્વકૃત બધાં દુઃખ વિશેષને યાદ કરાવીને તેવા પ્રકારના જ દુઃખવિશેષ પરમાધામીઓ તેમને આપીને પીડે છે.

— તે બીચારા નારકો પરમાધામી વડે તાડિત થઈને નાસતા બીજા ઘોરતર નરકના કોઈ ભાગમાં જાય છે - તે નરક ભાગ કેવો છે ? ત્યાં બીભત્સ દેખાતા વિષ્ટા, લોહી, માંસ આદિ મળથી ભરેલા અતિ સંતાપયુક્ત સ્થાનમાં તે નારકજીવો સ્વકર્મથી બદ્ધ આવા નરકમાં અશુચિ આદિ ભક્ષકો ઘણો કાળ રહે છે. તતા પરમાધામીએ વિકુર્વેલા કૃમિઓથી પીડાય છે. પરસ્પર પીડા કરેલા તે નારકો પોતાના અશુભકૃત્યોથી પીડાય છે.

આગમમાં કહ્યું છે - છટ્ઠી અને સાતમી નારકીમાં જીવો ઘણાં સૂક્ષ્મ લાલ કુંથુઆ જેવા ઝીણાં રૂપ કરી એક-બીજાને શરીરને - x - x - પીડે છે.

● **સૂત્ર-૩૨૦,૩૨૧ :-**

*નરક સ્થાન સદા ઉષ્ણ રહે છે. સ્વભાવ અતિ દુઃખપ્રદ છે. પરમાધામી નારકોને બેડીના બંધનમાં નાંખી, શરીર અને મસ્તકમાં છિદ્ર કરી પીડે છે.*

*પરમાધામીઓ તે અજ્ઞાનીના નાક, હોઠ, કાન અસ્ત્રાથી છેદે છે, જીભ બહાર ખેંચીને તીક્ષ્ણ શૂળ ભોંકી નારકોને પીડે છે.*

● **વિવેચન-૩૨૦,૩૨૧ :-**

ત્યાં નરકમાં સર્વકાળ સંપૂર્ણ ઉષ્ણપ્રધાન સ્થિતિ હોય છે. કેમકે ત્યાં પ્રલય કાળથી વધુ અગ્નિથી વાયુ આદિ અત્યંત ઉષ્ણરૂપ હોય છે. તેનું કારણ પૂર્વે તે નારકોએ નિધત્ત, નિકાચિત અવસ્થાવાળાં કર્મો બાંધેલ હોય છે. વળી વિશેષથી કહે છે - અતિ દુઃખ - અસાતા વેદનીયવાળો જ્યાં સ્વભાવ છે, તેવા સ્થાનમાં રહેલા જીવને બેડીમાં બાંધીને-નાંખીને પછી તે નારકના મસ્તકમાં ખીલાથી કાણાં પાડીને દુઃખ આપે છે અને બધાં અંગોને ચામડાની માફક પહોળા કરી પીડે છે.

વળી તે પરમાધામીઓ પૂર્વના દુશ્ચરિત્ર યાદ કરાવીને તે નિર્વિવેક નારકોને પ્રાયઃ સર્વદા વેદના આપે છે. અસ્ત્રાથી નાક, બંને હોઠ અને કાનોને છેદે છે. તથા દારુ, માંસના સ્વાદુને તથા મૃષાવાદીની જીભને વેંત માત્ર ખેંચીને તીક્ષ્ણ શૂલ વડે કાપી નાંખે છે.

● **સૂત્ર-૩૨૨ થી ૩૨૪ :-**

*નારકોના શરીરથી લોહી-પરુ ઝરતા રહે છે, તેઓ તાળપત્ર માફક શબ્દ કરતાં રાત-દિન રડે છે. બળતા અને ક્ષાર પ્રક્ષિપ્ત અંગથી લોહી આદિ ગળે છે.*

*લોહી-પરુ પકાવનારી, નવા સળગાવેલ અગ્નિ જેવી તપ્ત, પુરુષથી અધિક*

*પ્રમાણવાળી, લોહી-પરુથી ભરેલી કુંભી વિશે તમે સાંભળેલ હશે.*

*પરમાધામી તે કુંભીમાં આર્તસ્વરે કરુણ ક્રંદન કરતા અજ્ઞાની નારકોને નાખી પકાવે છે, તેમને તરસ લાગતા સીસું-તાંબુ પાતા તે આર્તસ્વર કરે છે.*

● વિવેચન-૩૨૨ થી ૩૨૪ :-

તે નારકો નાક-ઓઠ-જીભ છેદાવાથી લોહી ઝરતાં જે પ્રદેશે રાતદિન કાઢે છે, ત્યાં તે અજ્ઞાની પવનથી પ્રેરિત સુકા તાડપત્રના સંચય માફક સદા મોટા સ્વરે રડતાં રહે છે. તથા અગ્નિથી બાળેલા અને ક્ષારથી સિંચેલા અંગથી લોહી-માંસ સદા ગળતા રહે છે.

વળી સુધર્માસ્વામી જંબૂસ્વામી પાસે વીર ભગવંતના વચનો પ્રગટ કરે છે. તમે સાંભળેલ છે કે ત્યાં લોહી તથા પરુ બંનેને પકવનારી કુંભી છે ત્યાં નવો સળગાવેલ અગ્નિ છે, તેનો તાપ જેમાં છે, તેવી અતિ તપેલ કુંભી છે, વળી તે કુંભી પુરુષ પ્રમાણથી અધિક મોટી છે. ઉભી ઉંટડીના આકારવાળી લોહી-પરુથી પૂર્ણ છે. તે ચોતરફ અગ્નિ સળગાવેલ અને બીભત્સ દેખાય છે.

તે ચોતરફ અગ્નિથી બળતી, લોહી-પરુ અને કાપેલા અંગોથી પૂર્ણ, દુર્ગંધવાળી કુંભીમાં તે શરણરહિત, આર્ત્તસ્વર કરતા નારકોને ફેંકીને પકાવે છે. તે નારકો તે રીતે પીડા પામતા, તાપથી બળતા, રોતા-રોતા તરસ શાંત કરવા પાણી માંગે છે. ત્યારે ''તને દારુ બહુ પ્રિય હતોને ?'' એમ યાદ કરાવી તપેલ તાંબુ પાય છે, તેથી તે આત્રસ્વરે બરાડા પાડે છે.

હવે ઉદ્દેશાના ઉપસંહાર માટે કહે છે—

● સૂત્ર-૩૨૫,૩૨૬ :-

*પૂર્વે અધમ ભાવોમાં હજારો વખત પોતે પોતાને ઠગીને તે ઘણાં ક્રૂરકર્મી ત્યાં રહે છે. જેવા કૃતકર્મ હોય તેવા જ તેના ફળ હોય.*

*અનાર્યપુરુષ પાપ ઉપાર્જન કરીને અનિષ્ટ, અપ્રિય, દુર્ગંધી, અશુભ સ્પર્શવાળી, માંસ-લોહીથી પૂર્ણ નરકભૂમિમાં કર્મવશ થઈ વસે છે.*

*— તેમ હું કહું છું.*

● વિવેચન-૩૨૫,૩૨૬ :-

— આ મનુષ્ય ભવમાં બીજાને ઠગવા જતાં ખરી રીતે પોતાના આત્માને જ ઠગે છે. બીજાને પીડા આપવામાં જરા સુખ માનીને પોતાને ઠગતાં ઘણાં ભવોમાં અધમ ભવમાં-માછીમાર, કસાઈ આદિના ભવોમાં પૂર્વજન્મોમાં લાખો ભવોને અનુભવતા તેમાં વિષયમાં રક્ત અને સુકૃતમાં વિમુખ બનીને ઉક્ત મહાઘોર, અતિદારુણ નરકાવાસ પામીને તે મનુષ્યો પરસ્પર દુઃખ પમાડતા ઘણો કાળ રહે છે. તેનું કારણ કહે છે—

પૂર્વજન્મમાં જેવા અધ્યવસાયથી જઘન્ય, જઘન્યતરાદિ ભાવે કર્મો કર્યા હોય, તે જ પ્રમાણે તે નારકીજીવોને વેદના-ભાર સ્વથી, પરથી કે ઉભયથી ભોગવે છે. તે કહે છે - માંસ ખાનારને તેનું જ માંસ કાપી, તપાવીને ખવડાવે છે. તથા માંસ-રસ પીનારને તેના લોહી-પરુ અને તપાવેલ તાંબુ પીવડાવે છે તથા માછીમાર અને



શિકારીને તે જ પ્રમાણે છેદી, ભેદીને મારે છે. તથા જૂઠું બોલનારને, તે યાદ કરાવીને તેની જીભને છેદે છે. પૂર્વ જન્મે બીજાનું દ્રવ્ય હરનારના અંગોપાંગ છેદે છે. તથા પરદારાગમકના વૃષણ છેદી, શાલ્મલીવૃક્ષ સાથે ઉપગૂહનાદિ કરાવે છે. મહાપરિગ્રહી-મહારંભીને અને ક્રોધી-માની-માયી-લોભીને તેમના પૂર્વકૃત દુષ્કૃત યાદ કરાવીને તેવાં જ દુઃખો પમાડે છે. જેવા જેના કર્મ તેવો તે કર્મના ફળનો ભાર હોય છે.

— વળી અનાર્યકર્મ કરવાથી અનાર્યો હિંસા, જૂઠ, ચોરી આદિ આશ્રવ દ્વારો સેવીને, અશુભ કર્મો ઉપાર્જન કરીને તે ક્રુરકર્મ કરનારા નરકમાં આવીને વસે છે - કેવા બનીને ? — શબ્દાદિ ઇષ્ટ અને કાંત વિષયોથી વિવિધ પ્રકારે હીન બની નરકમાં વસે છે. અથવા જેને માટે પાપ બાંધે છે, તે માતા, પુત્ર, પત્ની આદિ તથા મનોહર વિષયોથી છૂટા પડીને એકલા જ મડદાં ગંધાતા હોય તેવા નરકમાં સંપૂર્ણ અત્યંત અશુભ સ્પર્શમાં એકાંત દુઃખદાયી સ્થાને અશુભકર્મ ઉદયમાં આવતાં માંસપેશી, લોહી, પરુ, આંતરડા, ફેફસાંના કાદવ વડે વ્યાપ્ત બધી વિષ્ટાઓથી અધમ બીભત્સ દેખાવવાળા, હાહાકાર આક્રંદપૂર્વક કષ્ટ છે તથા ''હવે બસ, ન મારો'' આદિ પોકારથી દિશાઓને બહેરી બનાવે તેવા પરમ અધમ નરકાવાસમાં ચોતરફ દુઃખવાળા ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમના આયુ ભોગવતા નરકપૃથ્વીમાં રહે છે. - x - x -

**અધ્યયન-૫ ''નરયવિભત્તિ'' - ઉદ્દેશા-૧-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ અધ્યયન-૫ નરયવિભત્તિ - ઉદ્દેશો-૨ ❀

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વના ઉદ્દેશામાં જે કર્મો વડે જીવો નરકમાં ઉત્પન્ન થાય છે અને જેવી અવસ્થા ભોગવે છે, તે બતાવ્યું, તેને જ હવે વિશેષ પ્રકારે અહીં બતાવશે. આ સંબંધે આવેલા ઉદ્દેશકનું સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર ઉચ્ચારવું જોઈએ—

● સૂત્ર-૩૨૭,૩૨૮ :-

*હવે હું શાશ્વત દુઃખદાયી નરક સ્થાન વિશે યથાર્થ વાત તમને કહીશ પાપકર્મ કરનાર અજ્ઞાની જીવો પૂર્વકૃત્ કર્મોને કઈ રીતે વેદે છે—*

*પરમાધામીઓ હાથ, પગ બાંધીને નારકીના પેટને છરી, તલવારથી કાપે છે. તે અજ્ઞાનીના શરીરને પકડીને ચીરી-ફાડીને, તેની પીઠની ચામડી ઉતરડે છે.*

● વિવેચન-૩૨૭,૩૨૮ :-

પૂર્વે કહ્યા સિવાયનું બીજું હું તમને કહું છું - તે સંબંધ છે. જ્યાં સુધી આયુ હોય ત્યાં સુધી દુઃખ હોવું તે શાશ્વત દુઃખ છે. એવો જેનો કે જેમાં સ્વભાવ છે તે નરક. ત્યાં આવો નિત્ય દુઃખ સ્વભાવ છે, આંખના પલકારા માત્ર પણ સુખ ત્યાં હોતું નથી. આ વાત જેવી છે તેવી હું તમને બતાવીશ. અહીં ઉપચાર કે અર્થવાદ નથી. જે જીવો પરમાર્થને જાણતા નથી, વિષયસુખના લાલચુ બનીને વર્તમાન સુખને જોનારા

અને કર્મના વિપાકને ન જોનારા છે. તેઓ જે રીતે દુષ્ટકૃત્ય કરે છે, દુષ્કર્મ વડે જ્ઞાનાવરણીયાદિ કર્મો બાંધવાના સ્વભાવવાળા છે તેવા દુષ્કર્મકારી પૂર્વ જન્મોના સંચિત કર્મો જે રીતે વેદે છે તે કહીશ.

- x - પરમાધામીઓ તથાવિધ કર્મોદયથી ક્રીડા કરવાને જ તે નારકોના હાથ-પગ બાંધીને વિવિધ શસ્ત્રો વડે તેમનાં પેટને ચીરે છે તથા કશી ગણનામાં નહીં એવા બીચારા નારકોને લાકડી આદિ વડે હણીને, પીડાયેલા દેહને ચામડાના ટુકડા વડે મજબૂત બાંધીને પીઠ અને પડખામાંથી કાપે છે.

● સૂત્ર-૩૨૯,૩૩૦ :-

*પરમાધામીઓ નારકોના હાથને મૂળથી કાપી નાંખે છે, મોઢામાં તપેલા લોઢાના ગોળા નાંખી બાળે છે. એકાંતમાં લઈ જઈ તેના પૂર્વકૃત્ પાપ યાદ કરાવી તેમજ ક્રોધિત બનીને પીઠ પર ચાબુક મારે છે...તપેલા લોઢાના ગોળા જેવી બળતી આગ જેવી ભૂમિ પર ચાલતાં નારકો બળવાથી કરુણ રૂદન કરે છે. તેને તપ્ત ધોંસરામાં જોડે છે અને પરોણાની તીક્ષ્ણ અણી મારી તેને પ્રેરિત કરે છે.*

● વિવેચન-૩૨૯,૩૩૦ :-

તે નારકોને ત્રણ નરકભૂમિ સુધી પરમાધામી અને બીજા નારકો તથા ચોથીથી સાતમી નારકી સુધી ફક્ત બીજા નારકો બાહુને મૂળમાંથી છેદી નાંખે છે. તથા મોઢાં ફાડીને મોટા તપેલા ગોળા નાંખીને બાળે છે. એક એક નારકીને - x - સ્વકૃત્ વેદનાનું રૂપ પૂર્વ જન્મે કરેલા અનુષ્ઠાન તે અજ્ઞાનીને યાદ કરાવે છે. જેમકે - તપેલું તાંબુ પાતાં કહે છે, તું દારુ પીતો હતો ને ? તેનું જ માંસ ખવડાવતા કહે કે - તને માંસ પ્રિય હતું ને ? આમ પાપ સંભારીને કદર્થના કરે છે તથા નિષ્કારણ કોપ કરીને પરોણા આદિથી તે પરવશ નારકજીવની પીઠમાં મારે છે - વીંધે છે.

તથા તપેલા લોઢાના ગોળા સમાન બળતી આગની જમીન પર ચાલતાં બળવાથી દીનસ્વરે તે રાંક જીવો બરાડા પાડે છે તથા તપાવેલ ધુંસરામાં જોડીને ગળીયા બળદની જેવા ન ચાલવાથી તીર કે પરોણાથી વિંધાતા તે નારકો રડારોડ કરે છે.

● સૂત્ર-૩૩૧,૩૩૨ :-

*પરમાધામીઓ અજ્ઞાની-નારકોને તપેલા લોહપથ જેવી અને પરુયુક્ત ભૂમિ પર ચલાવે છે. કોઈ દુર્ગમ સ્થાને ચાલતાં રોકાઈ જાય તો બળદની માફક પરોણા મારી આગળ ધકેલે છે...બહુ વેદનામય માર્ગ પર ચાલતા તે નારકને મોટી શિલાથી મારે છે, સંતાપિની નામક ચિરસ્થિત કુંભીમાં ગયેલ નારકજીવ લાંબા કાળ સુધી દુઃખ ભોગવે છે.*

● વિવેચન-૩૩૧,૩૩૨ :-

તે નિર્વિવેકી-નારકીઓ બળતા લોઢાના માર્ગ જેવી તપ્ત ભૂમિ, જે લોહી અને પરુ આદિથી યુક્ત છે, તેમના પર બળાત્કારે ચલાવાતા તેઓ કરુણ રૂદન કરે છે.



તથા અભિદુર્ગ તે કુંભી-શાલ્મલી આદિ તરફ ગયેલાને પરમાધામીએ પ્રેરવા છતાં કોઈ ન જાય, તો કોપેલા પરમાધામી મજૂર કે બળદ ગણીને તેમને દંડથી હણીને કે પરોણા ઘોંચીને આગળ ચલાવે છે. પણ તેઓ સ્વેચ્છાએ ચાલવા કે ઉભા રહેવા પણ પામતા નથી.

તે નારકો બહુ અસહ્ય વેદનાવાળા નરક માર્ગમાં ચાલતા જવા કે ઉભા રહેવા અસમર્થ બને તે માટે સન્મુખ ફેંકાતી શિલા વડે અસુરો મારે છે. તથા સંતાપનારી કુંભી જે ઘણાં કાળની છે, તેમાં ગયેલ જીવ લાંબાકાળ સુધી વેદના ગ્રસ્ત થઈ ત્યાં રહે છે - પૂર્વકૃત્ અશુભ અનુષ્ઠાનથી પીડાતો રહે છે.

● સૂત્ર-૩૩૩,૩૩૪ :-

*ત્યાં નારકોને ભટ્ઠીમાં નાંખી પકાવે છે, પછી જ્યારે તે ઉપર ઉછળે છે ત્યારે કાક પક્ષી કે હિંસક પશુ ટોચી ખાય છે...ત્યાં એક ઉંચુ નિર્ધૂમ અગ્નિ સ્થાન છે ત્યાં ગયેલા તે શોકથી તપીને કરુણ રૂદન કરે છે ત્યાં તેનું માથું નીચું કરીને લોઢાના શસ્ત્રોથી તેના ટુકડે ટુકડા કરી દેવાય છે.*

● વિવેચન-૩૩૩,૩૩૪ :-

તે બીચારા નારકીને ભટ્ઠીમાં નાંખીને પરમાધામીઓ પકાવે છે. ત્યાં બળતા એવા તે ચણાની માફક ભુંજાતા ઉંચે ઉછળે છે, ઉંચે ઉછળતા તેમને વિકુર્વિત કાક પક્ષીઓ ખાતા તે બીજી દિશામાં નાસે છે, ત્યાં બીજા વિકુર્વેલા સિંહ-વાઘ આદિ તેમને ફાળી ખાય છે.

વળી ત્યાં કંઈક ઉંચા ચિત્તિકા આકારના નરક યાતના સ્થાનો છે. - x - ત્યાં નિર્ધુમ અગ્નિના સ્થાનને પામીને શોકથી તપેલા દીન સ્વરે રડે છે. તથા નારકીનું માથું નીચું કરી છીણીથી છેદાતા લોઢાની જેમ ટુકડા કરે છે.

● સૂત્ર-૩૩૫,૩૩૬ :-

*અધોમુખ કરાયેલા તથા શરીરની ચામડી ઉખેડી નંખાયેલા નારક જીવોને વજ્રની ચાંચવાળા પક્ષીઓ ખાય છે. જ્યાં પાપચેતા પ્રજા પીડવામાં આવે છે. તે નરકની ભૂમિ સંજીવની, ચિરસ્થિતિવાળી છે...જંગલી પશુને મારતા શિકારી માફક પરમાધામી નારકોને તીક્ષ્ણ શૂળથી મારે છે. શૂળથી વિંધાયેલા તે બાહ્ય તથા આંતરિક દુઃખથી દુઃખી નારકો કરુણાજનક રૂદન કરે છે.*

● વિવેચન-૩૩૫,૩૩૬ :-

તે નરકમાં થાંભલા વગેરે પર ઉંચા હાથ કે નીચું માથુ કરીને, ચંડાળે શૂળીએ લટકાવે તેમ લટકાવીને, તેના શરીર છેદીને, ચામડી છોલીને વજ્ર જેવી ચાંચવાળા કાગળા, ગીધ આદિ પક્ષી વગેરેથી ખવાય છે. આ પ્રમાણે નારકો પરમાધામીથી, પરસ્પરથી કે સ્વાભાવિક છિન્ન-ભિન્ન થઈ, મૂર્છા પામીને વેદના પામવા છતાં મરતા નથી, માટે નરકભૂમિ સંજીવની માફક જીવનદાત્રી ભૂમિ છે. ત્યાં ટુકડે ટુકડા કરાયા છતાં નારકો મરતાં નથી. ત્યાં આયુ નિકાચિત હોય છે, ઉત્કૃષ્ટાયુ ૩૩-સાગરોપમ છે. તેટલો કાળ ત્યાં જન્મેલ પ્રજા-નારકો-પાપના ચિત્તવાળા પ્રાણી મુદ્ગરાદિથી

હણાય છે. નરકના પ્રભાવથી મૂર્ચ્છા પામીને વારંવાર પીસાવા છતાં મરતા નથી, પણ પારાની જેમ મળી જાય છે.

પૂર્વે દુષ્કૃત્ કરનાર-નારકને લોઢાની તીક્ષ્ણ શૂળો વડે પરમાધામી નરકમાં વીંધે છે. જેમ વશમાં આવેલ મૃગ કે સુવર આદિ જંગલી પશુને શિકારી પીડે, તેમ નારકોને શૂળાદિથી વિંધે છે, છતાં તે મરતા નથી માત્ર કરુણ રૂદન કરે છે. તેમને બચાવવા કોઈ સમર્થ નથી, તેઓ એકાંત અંદર બહારથી હર્ષરહિત થઈને સદા દુઃખને અનુભવે છે.

**● સૂત્ર-૩૩૭ થી ૩૪૦ :-**

***નરકમાં સદા બળતું રહેતું એક ઘાતસ્થાન છે. જેમાં કાષ્ઠ વિના અગ્નિ બળે છે. બહુ કુરકર્મા ત્યાં બંધાય છે, તેઓ ચિરકાળ ત્યાં રૂદન કરે છે.***

***પરમાધામી મોટી ચિતા બનાવી, તેમાં રોતા નારકને ફેંકે છે. આગમાં પડેલ ઘી પીગળે તેમ તે આગમાં પડેલ પાપી દ્રવીભૂત થઈ જાય છે.***

***ત્યાં નિરંતર તપ્ત એક ગરમ સ્થાન છે. ગાઢ કર્મોથી પ્રાપ્ત તે અતિ દુઃખદાયી છે. ત્યાં હાથ, પગ બાંધીને શત્રુની જેમ દંડ વડે તેને મારે છે.***

***અજ્ઞાની-નારકોની પીઠ મારીને તોડી નાંખે છે, લોઢાના ઘણથી માથું પણ ભાંગી નાંખે છે. તે ભિન્ન દેહીને લાકડાથી છોલે છે. તપ્ત સીસુ પાય છે.***

**● વિવેચન-૩૩૭ થી ૩૪૦ :-**

ત્યાં હંમેશા દેદીપ્યમાન ઉષ્ણરૂપ સ્થાન છે. જેમાં કર્મવશ નારક જીવો હણાય છે. અર્થાત્ તે આઘાતસ્થાન છે. ત્યાં લાકડા વિનાનો અગ્નિ બળતો હોય છે. વિસ્તીર્ણ એવા આ સ્થાનમાં પૂર્વભવે બહુ ક્રૂરકર્મ કરેલ હોવાથી તે કર્મોના વિપાકના ઉદયથી આવતાં તે પાપથી બંધાયેલા ત્યાં રહે છે - કેવા બનીને ? બરાડા પાડતા ત્યાં ઘણો કાળ રહે છે.

મોટી ચિતા સળગાવીને પરમાધામીઓ તે રડતા અને દીનતાથી બરાડતા નારકોને તેમાં ફેંકે છે. તે અસાધુકર્મા-નારકી તે ચિતામાં જઈને પીગળી જાય છે. જેમ અગ્નિમાં પડેલ ઘી પીગળી જાય છે. તેમ નારકની દશા થાય છે. તો પણ ભવાનુભાવ-જીવનથી મુક્ત થતાં નથી.

હવે નરક યાતનાના બીજા પ્રકારો કહે છે—

વળી સદાકાળ સંપૂર્ણ બીજું ઉષ્ણસ્થાન છે. દૃઢ નિધત્ત, નિકાચિત અવસ્થાવાળા કર્મો વડે આવેલું અતિ દુઃખરૂપ સ્વભાવવાળું છે. આવા યાતના સ્થાનમાં તે અશરણ નારકોને હાથ-પગ બાંધીને ફેંકે છે તથા તેમાં નાંખીને શત્રુ માફક દંડ વડે મારે છે.

વળી તે બીચારા નારકોને લાકડી આદિના પ્રહારથી મારી તેમની પીઠ ભાંગી નાંખે છે, તથા લોખંડના ઘણથી તેમનું માથું છૂંદી નાંખે છે. અપિ શબ્દથી તેના બીજા-બીજા અંગોપાંગને ઘણના ઘાથી ચૂર્ણ કરી નાંખે છે. પાટીયાની માફક નારકીના પડખાના કરવતથી છોલી નાંખે છે, પછી તપેલા આરાથી પીડીને ગરમ કરેલ સીસુ પીવડાવવા પ્રવૃત્ત થાય છે.





**● સૂત્ર-૩૪૧ થી ૩૪૪ :-**

***તે અસાધુકર્મી નારકોને પરમાધામીઓ પૂર્વકૃત્ પાપ યાદ કરાવી બાણોના પ્રહાર દ્વારા હાથીની જેમ ભાર વહન કરાવે છે. એક નારકીની પીઠ ઉપર એક, બે, ત્રણ આદિને બેસાડીને ચલાવે છે. ક્રોધથી મર્મસ્થાને મારે છે.***

***પરમાધામી તે અજ્ઞાની-નારકોને કીચડ અને કાંટાવાળી વિશાળ ભૂમિ ઉપર ચલાવે છે. અનેક પ્રકારે બાંધે છે, મૂર્છિત થાય ત્યારે તેના શરીરના ટુકડા કરીને બલિની માફક ચોતરફ ફેંકી દે છે.***

***ત્યાં અંતરીક્ષમાં મહાભિતપ્ત વૈતાલિક નામક એક લાંબો પર્વત છે. બહુક્રૂરકર્મી-નારકો ત્યાં હજારો મુહૂર્ત્તોથી અધિક કાલ હણાય છે.***

***રાત-દિન પરિતાપ પામતાં તે નિરંતર પીડિત, પાપી જીવો કંદન કરે છે. તેઓ એકાંત કૂટ, મોટા અને વિષમ નરકમાં બાંધવામાં આવે છે.***

**● વિવેચન-૩૪૧ થી ૩૪૪ :-**

વળી તે રૌદ્રકર્મી બીજા નારકોને હણવા આદિમાં જોડીને અથવા પૂર્વભવે કરેલ જીવહિંસાના કાર્યને યાદ કરાવીને પૂર્વભવે કરેલા અશુભ કર્મવાળા નારકોને તીર મારીને પ્રેરણા કરીને, જેમ મહાવત હાથીને દોડાવે તે રીતે પરમાધામી નારકોને દોડાવે છે અથવા હાથીની જેમ તે નારકો મહાભાર વહે છે. ઉપલક્ષણથી ઉંટસવાર થઈને ઉંટ માફક દોડાવે છે - કેવી રીતે ? - નારકની ઉપર એક, બે, ત્રણ ચડીને તેને દોડાવે છે, ઘણો ભાર લાગવાથી તે નારક ન ચાલી શકે તો ક્રોધ કરીને પરોણા આદિથી મારે છે અને તે નારકીના કોમળ ભાગને વિંધે છે - વળી -

તે બાળક જેવા પરતંત્ર નારકી જીવો લોહી આદિ યુક્ત તથા કાંટાવાળી ભૂમિ પર ન ચાલે, ધીમે ચાલે તો પરમાધામી તેને બળાત્કારે ચલાવે છે, તથા બીજા મૂર્છિત થયેલા - x - ને અનેક પ્રકારે બાંધીને પરમાધામીઓ પાપકર્મથી પ્રેરિત તે નારકોના ટુકડા કરી નગરબલિ માફક આમતેમ ફેંકે છે અથવા કોટ્ટબલિ કરે છે - વળી -

- x - સંભવ છે કે આ નરકોના અંતરીક્ષમાં પરમાધામીએ કરેલો મહાદુઃખ એક હેતુવાળો એક શીલાથી રચેલો દીર્ઘ વૈતાલિક પર્વત છે, ત્યાં અંધકારરૂપથી એક હાથના સ્પર્શથી ચડતાં નારકી જીવો પીડાય છે. પૂર્વ જન્મના કરેલા ઘણાં ક્રૂર કર્મોવાળા નારકો હજારો વર્ષો સુધી પીડાય છે.

એકીભાવે પીડાયેલા નારકો, દુષ્ટ કૃત્યો કરનારા મહાપાપી રાત-દિન અતિ દુઃખથી પીડાતા કરુણ સ્વરે આક્રંદ કરે છે. તથા એકાંત દુઃખદાયી વિસ્તારવાળા નરકમાં પડેલા પ્રાણીઓ તે ગલયંત્રના ફાંસાદિ કે પાષાણસમૂહ લક્ષણવાળા તે વિષમસ્થાને હણાઈ ફક્ત રડ્યા કરે છે.

**● સૂત્ર-૩૪૫ થી ૩૪૮ :-**

***પરમાધામીઓ રોષથી મુદ્ગર અને મૂસળના પ્રહારથી નારકના દેહને તોડી નાંખે છે, તે ભિન્નદેહી લોહી વમતા અધોમુખ થઈ પૃથ્વી પર પડે છે.***

***તે નરકમાં સદા ક્રોધિત, ભૂખ્યા, ધૃષ્ટ, વિશાળકાય શિયાળો રહે છે.***

*તેઓ સાંકળથી બંધાયેલા, નિકટ સ્થિત બહુક્રૂરકર્મીને ખાઈ જાય છે.*

*અતિ દુર્ગ, લોહીથી મલિન, અગ્નિના તાપથી પીગળતા લોઢા જેવી ગરમ પાણી વાળી સદાજ્વલા નામક એક નદી છે, તેમાં નારકો રક્ષણ રહિત એકલા તરે છે અને દુઃખ ભોગવે છે.*

*નરકમાં દીર્ઘકાળથી રહેલા અજ્ઞાની નારકો નિરંતર દુઃખ ભોગવે છે હણાતા એવા તેમને કોઈ રક્ષણ નથી, એકલા સ્વયં દુઃખ અનુભવે છે.*

● **વિવેચન-૩૪૫ થી ૩૪૮ :-**

પૂર્વભવના શત્રુ જેવા વૈરી સમાન પરમાધામીઓ અથવા પૂર્વભવના અપકારી એવા નારકો બીજાના અંગોને ક્રોધ કરીને મુદ્‌ગર-મુસલ લઈને ગાઢપ્રહાર કરીને ભાંગી નાંખે છે. તે નારકો અશરણ બનીને શસ્ત્રોના ઘા થકી ભાંગેલા શરીરે લોહી વમતા ઉંધે માથે પૃથ્વી પર પડે છે.

વળી પરમાધામીએ વિકુર્વેલા વિશાળ દેહવાળા શિયાળો ભૂખ્યા હોય છે. સંભવ છે કે તે અતિધૃષ્ટો, રૌદ્રરૂપા, નિર્ભય થઈને, નિત્યકુપિત હોય છે. આવા શિયાળો દ્વારા ત્યાં રહેલા, પૂર્વજન્મ બહુ ક્રૂરકર્મ કરેલા, સાંકળો વડે બંધાયેલા, લોઢાની બેડીમાં પડેલા, પરસ્પર નીકટ રહેલા નારકો ટુકડે ટુકડા કરી ભક્ષણ કરાય છે - વળી -

સદા જળથી ભરેલ સદાજલા નામે નદી છે. તે અતિવિષમ, પ્રકર્ષથી-અતિ ઉષ્ણ, ક્ષાર-પરુ-લોહીથી ભરેલા જળવાળી અથવા લોહીથી ભરેલ હોવાથી 'પિચ્છિલ્લ' અથવા ઉંડા પાણીવાળી મોટી કે પ્રદીપ્તજલા નદી છે. આ જ વાત કહે છે - જે રીતે અગ્નિથી તપેલ લોઢુ પીગળે છે તેવા લોઢાના રસ જેવી અતિ ઉષ્ણ જળવાળી છે. તે અભિદુર્ગ સદાજલા નદીમાં પડેલા નારકો એકાકી, અશરણ બની તેમાં ગમન કરે છે.

૦ હવે ઉદ્દેશાનો ઉપસંહાર કરતા ફરી નારકીના દુઃખ વિશેષ કહે છે.

આ પ્રમાણે અનંતરોક્ત બંને ઉદ્દેશામાં કહેલ દુઃખ વિશેષ પરમાધામી કૃત્, પરસ્પર પ્રાપ્ત કે સ્વાભાવિક ઉદયમાં આવેલ અતિ કટુ રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દોનાં દુઃખો અત્યંત દુસ્સહ છે, તે બાળ, અશરણ નારકી નિરંતર, ક્ષણમાત્રના વિશ્રામ વિના - x - ભોગવે છે. ત્યાં તે નારકોની ચિર સ્થિતિ આ પ્રમાણે છે - ઉત્કૃષ્ટ સ્થિતિ પહેલી રત્નપ્રભામાં એક સાગરોપમ, બીજી શર્કરાપ્રભામાં ત્રણ, ત્રીજી વાલુકામાં સાત, ચોથી પંકપ્રભામાં દશ, પાંચમી ધૂમપ્રભામાં સત્તર, છઠ્ઠી તમઃપ્રભામાં-બાવીસ, સાતમી મહાપ્રભામાં તેત્રીશ છે. ત્યાં સ્વકર્મવશ જનારને - x - દુઃખ પામતાં પોતાના કર્મને ભોગવતા કોઈ રક્ષક થતું નથી. જો કે સીતેન્દ્ર લક્ષ્મણને નરકના દુઃખમાં બચાવવા પ્રવૃત્ત થયા, પણ રક્ષણ કરી ન શક્યા એવું સાંભળેલ છે. તે રીતે દરેક નારક એકલો, જેને માટે પાપ કર્યા તે બધાંથી રહિત થઈને કર્મવિપાક જન્મય દુઃખ અનુભવે છે. તેના દુઃખમાં કોઈ ભાગ પડાવતું નથી. કહ્યું છે - મેં પરિજન અર્થે દારુણ કર્મો કર્યા, તેનું ફળ ભોગવનારા ગયા, પણ હું એકલો જ તે કર્મથી બળું છું.

● **સૂત્ર-૩૪૯ થી ૩૫૧ :-**

*જે જીવે પૂર્વભવે જેવું કર્મ કર્યું છે, તેવું જ આગામી ભવે આવે છે. જેણે*



*એકાંત દુઃખરૂપ ભવોનું અર્જન કર્યું, તે દુઃખી અનંત દુઃખને વેદે છે.*

*ધીરપુરુષ આ નરક કથન સાંભળીને સર્વ લોકમાં કોઈની હિંસા ન કરે. એકાંત દૃષ્ટિ, અપરિગ્રહી થઈ લોકનો બોધ પામી તેને વશ ન થાય.*

*આ રીતે તિર્યંચ, મનુષ્ય અને દેવના પણ ચતુર્ગતિક, અનંત તદ્ અનુરૂપ વિપાક છે, તે સર્વેને આ રીતે જાણીને બુદ્ધિમાન્ મરણકાળ પર્યંત સંયમનું પાલન કરે. — તેમ હું કહું છું.*

● **વિવેચન-૩૪૯ થી ૩૫૧ :-**

જે કર્મનો જેવો અનુભાવ કે જેટલી સ્થિતિનું કર્મ પૂર્વ જન્મમાં કર્યું હોય, તે પ્રમાણે જ જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ સ્થિતિના અનુભાવ ભેદે સંસારમાં તે જ પ્રકારે અનુસરે છે. કહ્યું છે કે - તીવ્ર, મંદ, મધ્યમ અધ્યવસાય સ્થાનો વડે જેવા દ્વન્દ્વથી બાંધેલ હોય તે તે જ પ્રમાણે તીવ્ર, મંદ, મધ્યમ વિપાક ઉદયમાં આવે છે. અવશ્ય લેશ સુખ રહિત અને દુઃખ જ નરકાદિ ભવે [ઉદયમાં આવે]. તે તેવું એકાંત દુઃખ નરકભવે ભોગવવા યોગ્ય કર્મો ઉપાર્જન કરીને એકાંત દુઃખી - x - અસાતા વેદનીય રૂપ, અનન્ય ઉપશમ અપ્રતિકાર અર્થાત્ જેનો કોઈ ઉપાય નથી, તેને વેદે છે.

ફરી ઉપસંહાર અર્થે ઉપદેશ આપતા કહે છે—

ઉપર કહેલા - x - નરકોના દુઃખ વિશેષને સાંભળીને બુદ્ધિ વડે શોભતો એવો ધીર-બુદ્ધિમાન-પ્રાજ્ઞ આ પ્રમાણે કરે તે દર્શાવે છે - આ ત્રસ-સ્થાવર ભેદવાળા સર્વલોકમાં - પ્રાણિગણમાં કોઈપણ પ્રાણીની હિંસા ન કરે. તથા એકાંતથી નિશ્ચલ જીવાદિ તત્ત્વોમાં દૃષ્ટિ-સમ્યગ્દર્શન જેનું છે. તે એકાંત દૃષ્ટિ અર્થાત્ નિષ્પ્રકંપ સમ્યક્ત્વી બને. તથા ચોતરફથી સુખને અર્થે ગ્રહણ કરાય તે પરિગ્રહ એવો પરિગ્રહ જેને નથી તેવા અપરિગ્રહી બને. 'તું' શબ્દ થી આદ્યન્તના ઉપાદાન થકી મૃષાવાદ, અદત્તાદાન અને મૈથુનનું પણ વર્જન કરે તથા અશુભકર્મકારી લોકને કે તેના વિપાક ફળને ભોગવનારાને અથવા કષાયલોકના સ્વરૂપને જાણે. પણ લોકને વશ ન થાય.

આ પ્રમાણે પૂર્વે કહેલા દુઃખવિશેષને અન્યત્ર પણ જણાવતા કહે છે - આ રીતે અશુભકર્મકારી જીવો-તિર્યંચ, મનુષ્ય, દેવતામાં પણ ચારગતિવાળા અનંતકાળ કરેલા કૃત્યોના અનુરૂપ વિપાકોને તે બુદ્ધિમાન પૂર્વોક્ત રીતે બધું જાણીને સંયમને આચરે અને મૃત્યુકાળની આકાંક્ષા કરે. કહેવા એમ માંગે છે કે ચારગતિવાળા સંસારમાં જીવોને કેવળ દુઃખ જ છે. તેથી ધ્રુવ એવા મોક્ષ કે સંયમ અનુષ્ઠાનમાં જીવનપર્યંત રત રહી મૃત્યુકાળની પ્રતિક્ષા કરે.

**અધ્યયન-૫ ''નરકવિભક્તિ'' ઉદ્દેશા-૨ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

ઇતિ શબ્દ પરિસમાપ્તિ સૂચવે છે. બ્રવીમિ - પૂર્વવત્ જાણવું.

**શ્રુતસ્કંધ-૧નું**

## અધ્યયન-૫ ટીકાસહિત અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૬ વીરસ્તુતિ

૦ પાંચમું અધ્યયન કહ્યું. હવે છટ્ઠુ કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન-૫માં નરક વિભક્તિ કહી. તે શ્રીમન્ મહાવીર વર્ધમાનસ્વામીએ કહી છે, તેથી તેમના ગુણોનું કીર્તન કરવા તેમનું ચરિત્ર કહે છે. શાસ્ત્ર કહેનારની મહાનતાથી જ શાસ્ત્રની મહાનતા છે. એ સંબંધે આવેલા આ અધ્યયનના ઉપક્રમ આદિ ચાર અનુયોગ દ્વારો છે. તેમાં ઉપક્રમમાં અર્થ અધિકાર ભગવંત મહાવીરના ગુણ સમૂહના કીર્તનરૂપ છે.

નિક્ષેપ બે પ્રકારે - ઓઘ નિષ્પન્ન અને નામ નિષ્પન્ન. તેમાં ઓઘનિષ્પન્ન નિક્ષેપે અધ્યયન છે. નામ નિષ્પન્નમાં 'મહાવીરસ્તવ' છે. તેથી મહત્, વીર, સ્તવ એ ત્રણેનો નિક્ષેપો કહેવો જોઈએ. તેમાં પણ 'યથા ઉદ્દેશ તથા નિર્દેશ' એમ કરીને પહેલા મહત્ શબ્દનું નિરૂપણ કરીએ છીએ. અહીં મહત્ શબ્દ બહુત્વ સૂચક છે. જેમકે 'મહાજન'માં બૃહત્વ છે. જેમ 'મહાઘોષ'માં 'અતિ' અર્થ છે. 'મહાભય'માં પ્રાધાન્ય સૂચવે છે. ઇત્યાદિ - x - તેમાં અહીં 'મહત્' શબ્દ પ્રાધાન્ય અર્થમાં છે, તે કહે છે—

[નિ.૮૩-] 'મહાવીર સ્તવ'માં અહીં જે મહત્ શબ્દ છે, તે પ્રાધાન્ય અર્થમાં છે. તે નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ છ ભેદે છે નામ, સ્થાપનાને છોડીને દ્રવ્યપ્રાધાન્ય કહે છે તે જ્ઞ શરીર, ભવ્યશરીર, તદ્વ્યતિરિક્ત ભેદે છે. વ્યતિરિક્ત સચિત્ત, અચિત્ત, મિશ્ર ત્રણ ભેદે છે. સચિત્ત પણ દ્વિપદ, ચતુષ્પદ. અપદ ત્રણ ભેદે છે. તેમાં દ્વિપદમાં તીર્થંકર, ચક્રવર્તી આદિ છે. ચતુષ્પદમાં હાથી, ઘોડા આદિ છે. અપદમાં કલ્પવૃક્ષાદિ છે. અથવા જે પ્રત્યક્ષ રૂપ-રસ-ગંધ-સ્પર્શથી ઉત્કૃષ્ટ કમળ આદિ પદાર્થો છે. અચિત્તમાં વૈડૂર્ય આદિ વિવિધ જાતિના મણિઓ છે. મિશ્રપ્રાધાન્યમાં વિભૂષિત તીર્થંકર છે.

ક્ષેત્ર પ્રાધાન્યમાં સિદ્ધિ ક્ષેત્ર છે, ધર્મ-ચારિત્રના આશ્રયથી મહાવિદેહ છે અને ઉપભોગને આશ્રીને દેવકુરુ આદિ ક્ષેત્ર છે.

કાળથી પ્રાધાન્ય એકાંત સુષમ-સુષમાદિ કાળ છે અથવા ધર્મ અને ચરણના સ્વીકારને યોગ્ય જે કાળ હોય તે લેવો.

ભાવ પ્રાધાન્ય તે ક્ષાયિક ભાવ છે અથવા તીર્થંકર શરીરની અપેક્ષાએ ઔદયિક છે. અહીં આ બંનેનો અધિકાર છે.

'વીર' શબ્દના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભેદે ચાર નિક્ષેપા છે. તેમાં જ્ઞ શરીર, ભવ્ય શરીર, વ્યતિરિક્તમાં દ્રવ્યવીર તે દ્રવ્યાર્થે સંગ્રામ આદિમાં અદ્ભૂત કર્મ કરવાથી શૂર છે, અથવા જે કંઈ વીર્યવાળું દ્રવ્ય છે, તે દ્રવ્યવીરમાં ગણાય છે. જેમકે - તીર્થંકર અનંત બલવીર્યવાળા છે, લોકને દડાં માફક અલોકમાં ફેંકવા સમર્થ છે. મેરુ પર્વતનો દંડ કરીને રત્નપ્રભા પૃથ્વીને છત્ર માફક ધારણ કરે તથા ચક્રવર્તી કરતા પણ વધુ બળવાન્ છે. તથા વિષ આદિ, મોહન આદિમાં સામર્થ્ય છે.

ક્ષેત્ર વીર તે જે ક્ષેત્રમાં અદ્ભૂત કર્મ કરનારો અથવા વીર તરીકે જે વર્ણવાય



છે તે જાણવો...આ પ્રમાણે કાળને આશ્રીને જાણવું.

ભાવ વીર તે જેનો આત્મા ક્રોધ, માન, માયા, લોભથી અને પરીષહ આદિથી જીતાયો નથી તે છે. કહ્યું છે - ક્રોધ, માન, માયા, લોભ અને પાંચ ઇન્દ્રિયો આત્માને જીતવા મુશ્કેલ છે. આત્મા જીતતા બધું જીત્યું જાણવું. જે સંગ્રામમાં હજારોના હજારો દુર્જયોને જીતે, તે કરતાં એક આત્માને જીતે તે તેનો પરમ જય છે. વિકટ જગત્માં પરિભ્રમણ કરતાં એક જિનકેસરી છે, જેણે કંદર્પની દુષ્ટ દાઢોવાળા કામદેવને લીલામાત્રમાં ચીરી નાંખ્યો છે. આ પ્રમાણે વર્ધમાનસ્વામી જ અનુકૂળ-પ્રતિકૂળ પરીષહ-ઉપસર્ગોથી અપરાજિત થઈ અદ્ભૂત કર્મો કરીને ગુણનિષ્પન્નત્વથી ભાવ વડે મહાવીર કહેવાયા અથવા દ્રવ્યવીર વ્યતિરિક્ત એકભવિકાદિ છે.

ક્ષેત્રવીર જ્યાં રહે અથવા જ્યાં તેનું વર્ણન થાય તે. કાળથી પણ તેમજ જાણવું. ભાવવીર નોઆગમથી વીરનામગોત્ર કર્મનું વેદન છે. તે શ્રી વીરવર્ધમાનસ્વામી જ છે - સ્તવ નિક્ષેપાર્થે કહે છે—

[નિ.૮૪-] સ્તવના નામાદિ ચાર નિક્ષેપ છે. તેમાં નામ સ્થાપનો પૂર્વવત્ છે. દ્રવ્યસ્તવ તે જ્ઞશરીર, ભવ્યશરીર, વ્યતિરિક્ત છે. વ્યતિરિક્ત જે કટક, કેયૂર, માળા, ચંદનાદિ સચિત્ત-અચિત્ત દ્રવ્યોથી કરાય છે. ભાવ સ્તવ તે જ્યાં જે ગુણો વિદ્યમાન હોય તેનું કીર્તન કરવું છે.

હવે પ્રથમ સૂત્ર સંસ્પર્શથી સંપૂર્ણ અધ્યયન સંબંધી ગાથા કહે છે—

[નિ.૮૫-] જંબૂસ્વામીએ આર્ય સુધર્માસ્વામીને શ્રી મહાવીરસ્વામીના ગુણો પૂછ્યા. સુધર્માસ્વામીએ ભગવંત મહાવીરને આવા ગુણવાળા કહ્યા છે અને એ જ પ્રમાણે ભગવંતે સંસારના જયનો ઉપાય કહ્યો છે. તેમ તમે પણ ભગવંતની જેમ સંસારને જીતવા યત્ન કરો.

હવે નિક્ષેપા પછી સૂત્રાનુગમમાં - x - સૂત્ર કહેવું જોઈએ. - x -

● **સૂત્ર-૩૫૨,૩૫૩ :-**

***શ્રમણ, બ્રાહ્મણ, ગૃહસ્થ અને પરતીર્થિઓએ પૂછ્યું કે જેમણે ઉત્તમ રીતે વિચારીને એકાંત હિતકર અને અનુપમ ધર્મ કહ્યો તે કોણ છે?***

***હે પૂજ્ય! જ્ઞાતપુત્રનું જ્ઞાન-દર્શન-ચારિત્ર કેવું હતું? હે ભિક્ષો! આપ જાણો છો માટે આપે જેવું સાંભળેલ છે, જેવો નિશ્ચય કર્યો છે તે કહો.***

● **વિવેચન-૩૫૨,૩૫૩ :-**

— આ સૂત્રનો અનંતર સૂત્ર સાથે આ સંબંધ છે - તીર્થંકરોપદિષ્ટ માર્ગે સંયમ પાળતો મૃત્યુકાળની ઉપેક્ષા કરે. જેમણે આ માર્ગ ઉપદેશ્યો તે તીર્થંકર કેવા છે, એમ સાધુ આદિએ પૂછ્યું. પરસ્પર સૂત્ર સંબંધ તો "બોધ પામે" તેમ પૂર્વે કહ્યું છે. આગળ પણ જે પ્રશ્નોત્તર થશે તે પણ જાણે-બોધ પામે. આ સંબંધથી આવેલ સૂત્રની સંહિતાદિ ક્રમે વ્યાખ્યા કહે છે. તે આ પ્રમાણે - અનંતર સૂત્રમાં ઘણાં પ્રકારે કહેલ નરક વિભક્તિ સાંભળીને સંસારથી ઉદ્વિગ્ન મન વડે પૂછે છે, આ કોણે કહી છે? એમ સુધર્માસ્વામીને પૂછે છે. અથવા જંબૂસ્વામી સુધર્માસ્વામીને કહે છે - સંસારને

પાર ઉતારવામાં સમર્થ એવો આ ધર્મ કોણે કહ્યો છે. એવું મને નિર્ગ્રન્થાદિ શ્રમણો, બ્રહ્મચર્યાદિ અનુષ્ઠાન રત બ્રાહ્મણો, ક્ષત્રિયાદિ ગૃહસ્થો અને શાક્યાદિ પરતીર્થિકોએ પૂછ્યું છે —

તે કોણ છે ? જેણે દુર્ગતિમાં પડતા જીવોને ધારનારો એકાંતહિતકારી અનુપમ ધર્મ બતાવ્યો છે તથા શ્રેષ્ઠ સમીક્ષા - યથાવસ્થિત તત્ત્વ પરીક્ષા વડે અથવા સાધુસમીક્ષા વડે સમભાવથી કહ્યો છે.

— તથા તે જ જ્ઞાનાદિ ગુણો જાણવા માટે પ્રશ્ન પૂછ્યો - કેવી રીતે ભગવંતે જ્ઞાન પ્રાપ્ત કર્યું ? અથવા તે ભગવંતનું જ્ઞાન કેવા વિશેષ બોધવાળું છે ? તેમનું સામાન્ય અર્થપરિચ્છેદક દર્શન કેવું છે ? યમ-નિયમરૂપ શીલ કેવું છે ? જ્ઞાત ક્ષત્રિયના પુત્ર ભગવાન્ વર્ધમાનસ્વામી હતા. તેમનું ચરિત્ર મેં પૂછ્યું છે, તે હે સુધર્માસ્વામી ! તમે જેવું જાણતા હો તે બધું જેમ સાંભળેલ હોય અને સાંભળીને અવધાર્યું હોય, જોયું હોય તે સર્વે કહો. આ પ્રમાણે પૂછવાથી સુધર્માસ્વામી ભગવંત મહાવીરના ગુણો કહે છે—

● **સૂત્ર-૩૫૪,૩૫૫ :-**

***તેઓ ખેદજ્ઞ, કુશળ, આશુપ્રજ્ઞ, મહર્ષિ, અનંતજ્ઞાની, અનંતદર્શી હતા. એવા યશસ્વી, ચક્ષુસ્પથમાં સ્થિત ભગવંતના ધર્મ અને ધૈર્યને જાણો.***

***ઉર્ધ્વ, અધો, તિર્છી દિશામાં જે ત્રસ અને સ્થાવર પ્રાણી છે, તેને નિત્ય, અનિત્ય દૃષ્ટિથી સમીક્ષા કરી પ્રજ્ઞએ દ્વીપ તુલ્ય ધર્મ કહ્યો.***

● **વિવેચન-૩૫૪,૩૫૫ :-**

તે ભગવંત ચોત્રીશ અતિશયયુક્ત, ખેદજ્ઞ-સંસારમાં રહેલા જીવોના કર્મવિપાક જન્ય દુઃખને જાણે છે કેમકે દુઃખ મુક્તિનો સમર્થ ઉપદેશ આપે છે અથવા ક્ષેત્રજ્ઞ-યથાવસ્થિત આત્મસ્વરૂપ પરિજ્ઞાનથી આત્મજ્ઞ છે અથવા ક્ષેત્ર એટલે આકાશને-લોકાલોકના સ્વરૂપને જાણે છે. તથા ભાવકુશ તે આઠ પ્રકારના કર્મોને છેદે છે. માટે કુશળ છે. અર્થાત્ પ્રાણીના કર્મોને છેદવામાં નિપૂણ છે. આશુપ્રજ્ઞ - સર્વત્ર સદ્ ઉપયોગથી શીઘ્ર પ્રજ્ઞાવાળા છે. તેમને છદ્મસ્થની જેમ વિચારીને ઉત્તર આપવાનો નથી. પાઠાંતરમાં મહર્ષિ પાઠ છે. અત્યંત ઉગ્ર તપ-ચારિત્રને આદરે છે અને અતુલ ઉપસર્ગ-પરીષહોને સહે છે તેથી મહાન્ એવા ઋષિ છે. તથા અવિનાશી અનંત પદાર્થના પરિચ્છેદક છે અથવા જ્ઞાનના વિશેષથી ગ્રાહક છે. માટે અનંતજ્ઞાની છે અને સામાન્ય અર્થ પરિચ્છેદકત્વ થકી અનંતદર્શી છે. આવા ભગવંતનો યશ મનુષ્ય-સુર-અસુરથી વિશેષ હોવાથી યશસ્વી છે. લોકોના લોચનમાર્ગમાં ભવસ્થ કેવલીપણે સ્થિત છે અથવા લોકોના સૂક્ષ્મ, દૂર રહેલા ન દેખાતા પદાર્થો કહે છે સંસારને ઉદ્ધરવાના સ્વભાવવાળા કે શ્રુતચારિત્ર નામક ધર્મ કહે છે. તેમને ઉપસર્ગ થયા છતાં નિશ્ચલ, ચારિત્રથી ચલિત ન થનારા, અથવા તેમણે બતાવેલી સંયમમાં રતિ જાણ - સમ્યગ્ કુશાગ્ર બુદ્ધિથી વિચાર અથવા શ્રમણાદિ વડે સુધર્માસ્વામીને પૂછાયું - તમે તે ભગવંતના યશસ્વી ચક્ષુપથમાં રહેલા છો, તેમના



ધર્મ-ધૈર્યને - x - કહો.

હવે સુધર્માસ્વામી ભગવંતના ગુણોને કહે છે - ઉર્ધ્વ, અધો, તિર્છું એમ સર્વત્ર ચૌદ રાજ પ્રમાણ લોકમાં જે કોઈ ત્રાસ પામે તે ત્રસ - તેઉ - વાયુ, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય એમ ત્રણ ભેદે છે તથા જે સ્થાવરો - પૃથ્વી, અપ્, વનસ્પતિ એ ત્રણ ભેદે છે. તથા જેમને ઉચ્છ્વાસ આદિ પ્રાણો છે તે પ્રાણી છે. એમ કહી શાક્યાદિ મતનું ખંડન કરીને પૃથ્વી આદિ એકેન્દ્રિયોનું જીવત્વ કહ્યું. તે ભગવંત તે પ્રાણીને કેવલજ્ઞાની હોવાથી પ્રકર્ષથી જાણે છે માટે તે પ્રાજ્ઞ છે. દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છે એવું કેવળજ્ઞાનથી જાણીને પ્રજ્ઞાપના યોગ્ય પદાર્થને કહે છે. તે પ્રાણીઓની પાસે પદાર્થો પ્રકાશવાથી 'દીપ' સમાન છે અથવા સંસાર સમુદ્રમાં પડતાને સદુપદેશ આપીને આશ્વાસ હેતુ હોવાથી દ્વીપ સમાન છે એવા ભગવંત સંસાર પાર ઉતારવા સમર્થ છે તે શ્રુત-ચારિત્ર ધર્મને કહે છે સદનુષ્ઠાનથી અથવા રાગદ્વેષ રહિતતાથી સમભાવે કહે છે માટે સમિત છે. કહ્યું છે કે જેમ પુણ્યવાન્‌ને ઉપદેશ આપે છે, તેમ રંકને પણ આપે છે અથવા સમ ધર્મને પ્રાબલ્યથી કહ્યો છે - પ્રાણીઓના અનુગ્રહથી ધર્મ કહ્યો છે, પૂજા સત્કાર અર્થે કહ્યો નથી.

● **સૂત્ર-૩૫૬,૩૫૭ :-**

***તેઓ સર્વદર્શી, અપ્રતિહતજ્ઞાની, નિરામગંધ, ધૈર્યવાન્, સ્થિતાત્મા, સર્વ જગતમાં અનુત્તર, વિદ્વાન્, ગ્રંથિરહિત, નિર્ભય અને અનાયુ હતા.***

***તેઓ ભૂતિપ્રજ્ઞ, અનિકેતચારી, સંસાર પારગામી, ધીર, અનંતચક્ષુ, તપ્ત સૂર્ય સમાન અનુપમ, પ્રદીપ્ત અગ્નિ સમાન અંધકારમાં પ્રકાશ કરનાર હતા.***

● **વિવેચન-૩૫૬,૩૫૭ :-**

તે ભગવંત આ ચરાચર જગત્‌માં સર્વ પદાર્થને સામાન્યથી જોનારા છે માટે સર્વદર્શી છે. તથા મતિ આદિ ચાર જ્ઞાનોને છોડીને કેવલજ્ઞાનથી યુક્ત જ્ઞાની છે, આ વિશેષણ થકી બીજા તીર્થાધિપોથી અધિકપણું સૂચવ્યું છે. વળી "જ્ઞાન-ક્રિયાથી મોક્ષ છે" તેથી તે ભગવંતનું જ્ઞાન દર્શાવી ક્રિયા બતાવે છે. 'નિરામગંધ' - અવિશોધિ કોટિ અને વિશોધિકોટિરૂપ દોષ જેના દૂર થયા છે, મૂળ-ઉત્તરગુણ ભેદયુક્ત ચારિત્ર-ક્રિયાને ભગવંતે કરી તથા અસહ્ય પરીષહ, ઉપસર્ગો આવ્યા તો પણ નિશ્ચલપણે ચારિત્રમાં ધૈર્ય રાખ્યું માટે ધૃતિમાન છે. સર્વ કર્મો દૂર થવાથી આત્મસ્વરૂપમાં આત્મા સ્થિર હોવાથી સ્થિતાત્મા છે. આ જ્ઞાન-ક્રિયા ફળદ્વારનું વિશેષ છે તથા જેનાથી સર્વ જગત્‌માં શ્રેષ્ઠ બીજું કોઈ નથી માટે અનુત્તર છે હાથમાં રહેલા આમળા માફક સર્વ પદાર્થને જાણે માટે વિદ્વાન્ છે. સચિત્ત આદિ બાહ્ય ગ્રંથ અને કર્મરૂપ અભ્યંતર ગ્રંથને અતિક્રમવાથી ગ્રંથાતિત-નિર્ગ્રન્થ છે. સાત પ્રકારના ભયથી રહિત હોવાથી નિર્ભય-સમસ્ત ભયરહિત છે. ચતુર્વિધ આયુ દૂર થવાથી અનાયુ છે. કેમકે કર્મબીજ બળી જવાથી ફરી જન્મનો અભાવ છે.

'ભૂતિ' શબ્દ વૃદ્ધિ, મંગલ અને રક્ષા અર્થમાં વર્તે છે. તેમાં ભૂતિપ્રજ્ઞ અહીં પ્રવૃદ્ધ પ્રજ્ઞ-અનંતજ્ઞાનવાન્ અર્થમાં છે; વળી જગત્‌ની રક્ષા કરવાની પ્રજ્ઞાવાળા છે

અને સર્વમંગલરૂપ પ્રજ્ઞાવાળા છે. તથા અપ્રતિબદ્ધ વિહારી - પરીગ્રહરહિત વિચરનારા હોવાથી અનિયતચારી છે. સંસાર સમુદ્રને તરનારા છે, બુદ્ધિ વડે રાજના હોવાથી કે પરીષહ-ઉપસર્ગોથી ક્ષોભિત ન થતા હોવાથી ધીર છે. अनंत - અનંતતા કે નિત્યતાથી જાણે. અનંત-કેવલજ્ઞાનથી કે લોકના પદાર્થને પ્રકાશક હોવાથી જે ચક્ષુરૂપ છે, માટે અનંતચક્ષુ છે જેમ સૂર્ય સર્વાધિક તપે છે. તેથી વિશેષ તાપ કોઈનો નથી, તેમ ભગવંત જ્ઞાન વડે સર્વોત્તમ છે. વળી જાજ્વલ્યમાન અગ્નિ માફક પ્રકાશે છે તે અંધકારને દૂર કરે છે, તેમ ભગવંત પણ જ્ઞાનરૂપી અંધકારને દૂર કરી યથાવસ્થિત પદાર્થને પ્રકાશે છે.

• **સૂત્ર-૩૫૮,૩૫૯ :-**

***આ જિનોનો ધર્મ અનુત્તર છે, આશુપ્રજ્ઞ કાશ્યપ મુનિ તેના નેતા છે. જેમ સ્વર્ગમાં ઇન્દ્ર મહાપ્રભાવશાળી અને હજારો દેવોમાં વિશિષ્ટ નેતા છે.***

***તેઓ સમુદ્રસમાન અક્ષય પ્રજ્ઞાવાન્, મહોદધિ સમાન અનંતપાર, વિશુદ્ધ, અકષાયી, મુક્ત, દેવાધિપતિ શક્ર સમાન દ્યુતિમાન છે.***

• **વિવેચન-૩૫૮,૩૫૯ :-**

ઋષભાદિ તીર્થંકરો સંબંધી આ ધર્મથી શ્રેષ્ઠ બીજો કોઈ ધર્મ ન હોવાથી આ અનુત્તર ધર્મ છે. જે કાશ્યપગોત્રીય, કેવળજ્ઞાની, ઉત્પન્ન દિવ્યજ્ઞાનથી પ્રણેતા છે. - x - x - જેમ ઇન્દ્ર સ્વર્ગમાં હજારો દેવોનો મહાપ્રભાવવાન્ નાયક અને રૂપ, બલ, વર્ણાદિ વડે પ્રધાન છે, તે પ્રમાણે ભગવંત પણ બધાંથી વિશિષ્ટ પ્ર-નાયક અને મહાનુભાવ છે - વળી -

જેના વડે જણાય તે પ્રજ્ઞા. આ ભગવંત તે પ્રજ્ઞા વડે - જાણવા યોગ્ય પદાર્થોમાં બુદ્ધિ ક્ષીણ થતી નથી - હણાતી નથી માટે અક્ષય છે. કેમકે તેમની બુદ્ધિ કેવળજ્ઞાન રૂપે છે, તે કાળથી સાદિ-અપર્યવસાના છે, દ્રવ્ય-ક્ષેત્ર-ભાવથી પણ અનંત છે. તેમના ગુણો માટે સામ્ય દૃષ્ટાંતનો અભાવ છે. તેના એક દેશથી 'સાગર' જેવા કહ્યા. જો કે સાગર પણ સામાન્ય હોવાથી વિશેષણ કહે છે. સ્વયંભૂરમણ માફક અનંતપાર છે. જેવો તે મહોદધિ વિસ્તીર્ણ, ગંભીર જળવાળો અને અક્ષોભ્ય છે, તેમ તે ભગવંતની પ્રજ્ઞા પણ વિશાળ, અનંતગુણયુક્ત અને અક્ષોભ્યા છે જેમ તે સમુદ્રમાં નિર્મળ જળ છે, તેમ ભગવંત પણ તેવા કર્મકલેશના અભાવથી અકલુષજ્ઞાની છે. તથા ભગવંત કષાયરહિત હોવાથી અકષાયી છે અને જ્ઞાનાવરણીયાદિ કર્મના બંધનથી મુક્ત છે. કોઈક પ્રતમાં ભિક્ષુ એવો પાઠ છે. તેનો અર્થ છે - સંપૂર્ણ અંતરાયકર્મ ક્ષય થવાથી તેમને સર્વલોકમાં પૂજ્યપણું છે, તો પણ તે ભિક્ષામાત્રથી જીવન જીવે છે માટે તેઓ ભિક્ષુ છે. પણ અક્ષીણ મહાનસાદિ લબ્ધિથી જીવતા નથી. શક્ર માફક ભગવંત દેવાધિપતિ-દ્યુતિમાન છે.

• **સૂત્ર-૩૬૦,૩૬૧ :-**

***જેમ મેરુ પર્વત સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ છે, સ્વર્ગવાસી માટે હર્ષદાતા છે. તેમ ભગવંત વીર્યથી પ્રતિપૂર્ણ વીર્ય અને અનેક ગુણોથી શોભે છે. મેરુ પર્વત એક લાખ યોજન છે, તેના ત્રણ કંડક છે. પંડકવન પતાકા જેવું શોભે છે. પર્વત ૯૯,૦૦૦ યોજન ઉંચો છે, જમીનમાં ૧૦૦૦ યોજન છે.***



• **વિવેચન-૩૬૦,૩૬૧ :-**

તે ભગવંત વીર્ય બળથી અને ધૃતિ-સંઘયણથી અને વીર્યાન્તરાયના સંપૂર્ણ ક્ષયથી પ્રતિપૂર્ણ વીર્યવાળા છે. જેમ જંબૂદ્વીપનો નાભિભૂત મેરુ સર્વે પર્વતોમાં શ્રેષ્ઠ પર્વત છે. તેમ મહાવીર પ્રભુ પણ વીર્ય અને અન્યગુણોથી સર્વશ્રેષ્ઠ છે. તથા જેમ સ્વર્ગનિવાસી દેવો માટે હર્ષજનક છે, કેમકે તે પ્રશસ્ત વર્ણ-રસ-ગંધ-સ્પર્શ-પ્રભાવાદિ ગુણોથી શોભે છે, તેમ ભગવંત પણ અનેકગુણો વડે શોભે છે. અથવા જેમ દેવાલય અનેકગુણોથી શોભિત હોવાથી હર્ષદાયી છે તેમ ભગવંત પણ મેરુ માફક આનંદ આપનાર છે.

વળી દૃષ્ટાંતભૂત મેરુ પર્વતનું વર્ણન કરે છે - તે મેરુ એક લાખ યોજન ઉંચો છે, તેના ત્રણ કાંડ છે, જેમકે માટી-સુવર્ણ-વૈડૂર્યમય. તેમાં ઉપર રહેલ પંડુકવન પતાકા જેવું છે. મેરુ જમીનમાં ૧૦૦૦ યોજન, બહાર ૯૯,૦૦૦ યોજન છે.

• **સૂત્ર-૩૬૨,૩૬૩ :-**

***મેરુ ઉપર આકાશને સ્પર્શતો, નીચે ભૂમિસ્થિત છે, સૂર્ય તેની પરિક્રમા કરે છે. તેમ હેમવર્ણીય અને નંદનવનોથી યુક્ત છે, ત્યાં મહેન્દ્રો આનંદ પામે છે.***

***તે પર્વત અનેક નામોથી ઓળખાય છે, કંચનવર્ણથી સુશોભીત છે. પર્વતોમાં શ્રેષ્ઠ છે, મેખલાથી વિષમ છે, તેનો ભૂભાગ મણિ આદિથી શોભે છે.***

• **વિવેચન-૩૬૨,૩૬૩ :-**

આકાશ પર્યન્ત તે વ્યાપીને રહેલો છે, ભૂમિને અવગાહીને સ્થિત છે. ઉર્ધ્વ-અધો-તીર્છા લોકને સ્પર્શીને રહ્યો છે, તેને સૂર્યાદિ જ્યોતિષ્કો પ્રદક્ષિણા કરે છે. તે ખૂબ તપાવેલા સોના જેવો છે, ચાર નંદનવનોથી યુક્ત છે - તે આ રીતે - જમીનમાં ભદ્રશાલવન છે, ત્યાંથી ૫૦૦ યોજન ઉંચે નંદનવન, ત્યાંથી ૬૨,૫૦૦ યોજન ઉંચે જતા સૌમનસવન, ત્યાંથી ૩૬,૦૦૦ યોજન ઉંચે શિખરે પંડકવન છે. આ રીતે ચાર નંદનવનોથી યુક્ત વિચિત્ર ક્રીડા સ્થાનોવાળો છે. જ્યાં મહાઇન્દ્રો પણ સ્વર્ગેથી આવીને રમણીયતર ગુણોથી આનંદ અનુભવે છે.

તે મેરુ નામક પર્વત મંદર, મેરુ, સુદર્શન, સુરગિરિ વગેરે નામોથી મહા પ્રસિદ્ધિવાળો શોભે છે. તેનો કાંચન જેવો નિર્મળ કે શુદ્ધ વર્ણ છે. બધામાં શ્રેષ્ઠ હોવાથી તે પર્વત અનુત્તર છે. તેમજ મેખલા આદિ કે દાઢાઓથી વિષમ છે. અર્થાત્ સામાન્ય પ્રાણી માટે ચડવો કઠણ છે. પર્વતોમાં પ્રધાન છે. તથા મણિ અને ઔષધિઓ વડે દેદીપ્યમાન થઈ ચળકી રહ્યો છે.

• **સૂત્ર-૩૬૪,૩૬૫ :-**

***તે નગેન્દ્ર પૃથ્વી મધ્યે સ્થિત છે. સૂર્યની માફક તેજયુક્ત જણાય છે. અનેકવર્ણીય અનુપમ શોભાથી યુક્ત, મનોહર છે. સૂર્ય સમ પ્રકાશિત છે.***

***જેમ સર્વે પર્વતોમાં સુદર્શન પર્વતનો યશ શ્રેષ્ઠ કહેવાય છે. તેમ શ્રમણ***

***જ્ઞાતપુત્ર મહાવીર જાતિ, યશ, દર્શન, જ્ઞાન, શીલથી બધામાં શ્રેષ્ઠ છે.***

**● વિવેચન-૩૬૪,૩૬૫ :-**

રત્નપ્રભા પૃથ્વીના મધ્યભાગે જંબૂદ્વીપ, તેના બહુ મધ્ય ભાગે સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન, માલ્યવંત એવા ચાર દાઢા પર્વતોથી શોભિત સમ ભૂ ભાગમાં ૧૦,૦૦૦ યોજન વિસ્તારવાળો, ઉપર ૧૦૦૦ યોજનનો અને પ્રતિ ૯૦ યોજનને યોજનના ૧૧માં ભાગે ઘટતો જતો - x - છે. મેરુ પર્વત ઉપર ૪૦ યોજનની ચૂડા શોભે છે. પર્વતોમાં પ્રધાન એવો આ મેરુ લોકમાં વિખ્યાત છે. તે સૂર્ય સમાન તેજવાળો છે, પૂર્વોક્ત પ્રકારે શોભિત છે. - x - અનેકવર્ણી રત્નોથી શોભતો હોવાથી અંતઃકરણને રોચક એવો મનોરમ છે. સૂર્ય માફક સ્વ તેજથી દશે દિશાને પ્રકાશિત કરી રહ્યો છે.

હવે મેરુ પર્વતના દૃષ્ટાંતથી ભગવંતને ઓળખાવે છે. હમણાં કહેલ મેરુ ગિરિ-સુદર્શન-મહાપર્વતનું કીર્તન-યશ દાર્ષ્ટાન્તિકમાં યોજે છે - શ્રમ પામે તે શ્રમણ, જે તપોનિષ્ઠ તપ્ત દેહી છે. જ્ઞાત-ક્ષત્રિયના પુત્ર-શ્રીમન્ મહાવીર વર્ધમાનસ્વામી. તેઓ જાતિ વડે બધી જાતિઓથી, બધાં યશસ્વી પુરુષોથી, બધાં દર્શન-જ્ઞાનવાળાઓથી, બધા શીલવાનોથી શ્રેષ્ઠ છે - x - x -

ફરી પણ દૃષ્ટાંત દ્વારા ભગવંતનું વર્ણન કરતા કહે છે—

**● સૂત્ર-૩૬૬,૩૬૭ :-**

***જેમ પર્વતોમાં નિષધ સૌથી લાંબો છે, વલયાકાર પર્વતોમાં રૂચક શ્રેષ્ઠ છે, તેમ જગતના બધાં મુનિ મધ્યે મહાવીર શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાની કહે છે.***

***તેમણે અનુત્તર ધર્મ બતાવી અનુત્તર એવું શ્રેષ્ઠ ધ્યાન કર્યું. તે શુક્લ ફીણ જેવું, ચંદ્રમાં અને શંખ જેવું એકાંત શુક્લ કે શુભ ધ્યાન હતું.***

**● વિવેચન-૩૬૬,૩૬૭ :-**

જેમ નિષધ પર્વત બીજા પર્વતોની લંબાઈ કરતા જંબૂદ્વીપ કે અન્ય દ્વીપોમાં દીર્ઘતામાં શ્રેષ્ઠ છે, વલયાકારમાં રુચકપર્વત વલયાકારપણે શ્રેષ્ઠ છે. તે જ રૂચકદ્વીપની અંદર રહેલો માનુષોત્તર પર્વત જેવો વૃત્ત આયત છે પરિક્ષેપથી સંખ્યેય યોજન છે. તે જ રીતે તે ભગવંત પણ - x - સંસારમાં પ્રભૂત જ્ઞાનવાળા અર્થાત્ પ્રજ્ઞા વડે શ્રેષ્ઠ છે. તથા બીજા મુનિઓ કરતાં પ્રકર્ષથી જાણે છે માટે પ્રજ્ઞ છે. એવું તેમનું સ્વરૂપ જાણનારાઓ કહે છે.

વળી જેનાથી બીજો કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી માટે અનુત્તર, એવા ધર્મને ઉત્કૃષ્ટથી કહીને - પ્રકાશીને સ્વયં શ્રેષ્ઠ-પ્રધાન ધ્યાનને ધ્યાવે છે. જેમકે - કેવળજ્ઞાન પછી ભગવંત યોગનિરોધ સમયે સૂક્ષ્મ કાયયોગને રૂંધતા શુક્લધ્યાનના ત્રીજા ભેદ ‘‘સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી’’ તથા ‘‘યોગનિરોધ કરીને શુક્લધ્યાનનો ચોથો ભેદ - ‘‘વ્યુપરત ક્રિયા અનિવૃત્ત’’ ધ્યાવે છે. તે બતાવે છે - સુષ્ઠુ શુક્લત્વ - શુક્લ ધ્યાન તથા મલિનતા દૂર થઈ હોય તેવું નિર્દોષ, અર્જુન સ્વર્ણ માફક શુક્લ અથવા પાણીના ફીણ સમાન શુક્લ તથા શંખ-ચંદ્ર જેવું એકાંત નિર્મળ શુક્લધ્યાન, તેના છેલ્લા બે



ભેદોનો ધ્યાવે છે.

**● સૂત્ર-૩૬૮,૩૬૯ :-**

***મહર્ષિ મહાવીરે જ્ઞાન, દર્શન, ચારિત્રના પ્રભાવથી સર્વે કર્મોનો ક્ષય કરીને અનુત્તર, સાદિ અનંત એવી પરમ સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરી.***

***જેમ વૃક્ષોમાં શાલ્મલીવૃક્ષ શ્રેષ્ઠ છે, જ્યાં સુવર્ણકુમાર રતિ અનુભવે છે. વનોમાં નંદનવન શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાન અને શીલથી ભૂતિપ્રજ્ઞ શ્રેષ્ઠ છે.***

**● વિવેચન-૩૬૮,૩૬૯ :-**

આ ભગવંત શૈલેશી અવસ્થામાં શુક્લધ્યાનનો ચોથો ભેદ પામીને સાદિ અનંતકાળની સિદ્ધિગતિ નામે પાંચમી ગતિ પામ્યા છે, તે સિદ્ધિગતિને ઓળખાવે છે. તે સર્વોત્તમ હોવાથી અનુત્તર છે, લોકના અગ્રભાગે હોવાથી અગ્ર્યા છે. તેવી પરમ ગતિને આ મહર્ષિ પામ્યા છે. તેમણે ઉગ્ર તપ વડે દેહને તપાવી જ્ઞાનાવરણાદિ સર્વે કર્મોને દૂર કરી વિશિષ્ટ જ્ઞાન-દર્શન-શીલ વડે ક્ષાયિક ભાવે સિદ્ધિગતિ પ્રાપ્ત કરી માટે મહર્ષિ કહ્યા.

ફરી દૃષ્ટાંત દ્વારા ભગવંતની સ્તુતિ કરે છે - વૃક્ષો મધ્ય જેમ દેવકુરુસ્થિત શાલ્મલી વૃક્ષ, જે ભવનપતિ ક્રીડા સ્થાન છે, તે પ્રસિદ્ધ છે. ત્યાં આવીને ભવનપતિ - સુવર્ણકુમાર રમણક્રીડાને અનુભવે છે. વનોમાં જેમ નંદનવન દેવોનું પ્રધાન ક્રીડાસ્થાન છે, તેમ ભગવંત પણ કેવલજ્ઞાન વડે સર્વ પદાર્થોના પ્રકાશક અને યથાખ્યાત ચારિત્ર વડે પ્રધાન છે, પ્રવૃદ્ધજ્ઞાનવાળા છે.

**● સૂત્ર-૩૭૦,૩૭૧ :-**

***જેમ શબ્દોમાં મેઘગર્જના અનુત્તર છે, તારાગણમાં ચંદ્રમા પ્રધાન છે, ગંધોમાં ચંદન શ્રેષ્ઠ છે, તેમ મુનિઓમાં અપ્રતિજ્ઞ ભગવંત શ્રેષ્ઠ છે.***

***જેમ સમુદ્રોમાં સ્વયંભૂરમણ શ્રેષ્ઠ છે, નાગકુમારોમાં ધરણેન્દ્ર શ્રેષ્ઠ છે, રસોમાં ઇક્ષુરસ શ્રેષ્ઠ છે, તેમ તપસ્વીઓમાં ભગવંત સર્વોપરી છે.***

**● વિવેચન-૩૭૦,૩૭૧ :-**

જેમ શબ્દોમાં શ્રેષ્ઠ મેઘગર્જના છે, - x - નક્ષત્રો મધ્યે ચંદ્રમા મહા અનુભાવવાળો છે, સર્વે લોકોને નિર્વૃત્તિ આપનાર, કાંતિ વડે મનોરમ લાગે છે - x - સુગંધી વસ્તુઓમાં ગોશીર્ષ ચંદન કે મલયચંદનને તેના જ્ઞાતા શ્રેષ્ઠ કહે છે. એ રીતે મહર્ષિ મધ્યે ભગવંત શ્રેષ્ઠ છે, કેમકે પ્રભુની પ્રતિજ્ઞા આલોક પરલોકનાં સુખની ઇચ્છા નથી હોતી. તેથી અપ્રતિજ્ઞ છે.

વળી - x - સ્વયંભૂરમણ, ત્યાં આવીને દેવો રમણ કરે છે. તે સમુદ્રો મધ્યે શ્રેષ્ઠ છે. જેમ સર્વે દ્વીપ સમુદ્રોને અંતે રહેલ સ્વયંભૂરમણ શ્રેષ્ઠ છે. ભવનપતિ મધ્યે જેમ ધરણેન્દ્ર શ્રેષ્ઠ કહ્યો છે. ઇક્ષુના રસ જેવું પાણી જેનું છે તે ઇક્ષુરસોદક છે, તે રસને આશ્રીને પ્રધાન છે એટલે પોતાના ગુણોને લીધે બીજા સમુદ્રોમાં પતાકા માફક છે. તે પ્રમાણે વિશિષ્ટ તપ વડે ભગવંત જગત્‌ની ત્રિકાલ અવસ્થામાં શ્રેષ્ઠ છે, મહાતપથી લોકમાં પતાકારૂપ છે.

● સૂત્ર-૩૭૨,૩૭૩ :-

***જેમ હાથીઓમાં ઐરાવત, મૃગોમાં સિંહ, નદીમાં ગંગા, પક્ષીઓમાં વેણુદેવ ગરુડ શ્રેષ્ઠ છે, તે રીતે નિર્વાણવાદીઓમાં જ્ઞાતપુત્ર વીર શ્રેષ્ઠ છે.***

***જેમ યોદ્ધાઓમાં વિશ્વસેન, પુષ્પોમાં કમળ, ક્ષત્રિયોમાં દંતવક્ત્ર શ્રેષ્ઠ હતા, તેમ ઋષિઓમાં ભગવંત વર્ધમાન શ્રેષ્ઠ છે.***

● વિવેચન-૩૭૨,૩૭૩ :-

જેમ ઉત્તમ હાથી મધ્યે શક્રેન્દ્રનું વાહન ઐરાવણ પ્રસિદ્ધ દૃષ્ટાંતભૂત અથવા પ્રધાન છે, તેમ તજ્જ્ઞ કહે છે. શ્વાપદો મધ્યે કેસરીસિંહ પ્રધાન છે. ભરત ક્ષેત્રની અપેક્ષાએ પાણીમાં ગંગાનદીનું પાણી શ્રેષ્ઠ છે, પક્ષીમાં વેણુદેવ-ગરુડ શ્રેષ્ઠ છે, આ પ્રમાણે નિર્વાણ-સિદ્ધિક્ષેત્ર-કર્મક્ષય લક્ષણ છે - તેનું સ્વરૂપ બતાવનાર કે તે મેળવવાનો ઉપાય કહેનારામાં જ્ઞાત ક્ષત્રિય પુત્ર - શ્રીમન્ મહાવીર વર્ધમાન સ્વામી મુખ્ય છે, કેમકે તેઓ યથાવસ્થિત નિર્વાણ પદાર્થના બતાવનારા છે.

યોદ્ધાઓમાં જેમ વિશ્વસેન - હાથી, ઘોડા, રથ, પદાતિ એ ચતુરંગ સૈન્ય સમેત જે ચક્રવર્તી છે, તે દૃષ્ટાંતભૂત છે - શ્રેષ્ઠ છે. પુષ્પોમાં જેમ અરવિંદ - કમળ શ્રેષ્ઠ છે તથા ક્ષત - મારથી બચાવે તે ક્ષત્રિય, તેઓમાં જેના વાક્ય વડે શત્રુઓ ઉપશાંત થયા છે, તે દાંતવાક્ય - ચક્રવર્તી છે તે શ્રેષ્ઠ છે. આ પ્રમાણે ઘણાં પ્રશસ્ત દૃષ્ટાંતો બતાવીને હવે ભગવંતને તેમના નામપૂર્વક પ્રશંસતા કહે છે કે - ઋષિઓ મધ્યે શ્રીમાન્ વર્ધમાન્ સ્વામી - મહાવીર શ્રેષ્ઠ છે - તથા -

● સૂત્ર-૩૭૪,૩૭૫ :-

***જેમ દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે, સત્યમાં નિરવધ સત્ય છે, તપોમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે, તેમ લોકમાં જ્ઞાતપુત્ર શ્રમણ ઉત્તમ છે.***

***જેમ સ્થિતિમાં લવસપ્તમ દેવ શ્રેષ્ઠ છે, સભાઓમાં સુધર્મા સભા શ્રેષ્ઠ છે, સર્વધર્મોમાં નિર્વાણ શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાતપુત્રથી પરમ કોઈ જ્ઞાની નથી.***

● વિવેચન-૩૭૪,૩૭૫ :-

— પોતાના અને પારકાના અનુગ્રહ માટે યાચકોને જે અપાય તે દાન અનેક પ્રકારે છે, તે બધામાં જીવિતના અર્થી જીવોમાં રક્ષણ આપનારા હોવાથી અભયદાન શ્રેષ્ઠ છે. કહ્યું છે કે - મરનારાને કોઈ કરોડ [રૂપિયા] આપે અને બીજો જીવિત જ આપે, તે વખતે મરનારો ધનને નહીં પણ જીવિતને ઇચ્છશે. આ વાત ગોવાળ, સ્ત્રી આદિ સુખેથી સમજે, તે માટે અભયદાનનું પ્રાધાન્ય બતાવવા માટે દૃષ્ટાંત કહે છે - તે આ પ્રમાણે—

વસંતપુર નગરમાં અરિદમન નામે રાજા હતો. તે કોઈ વખતે ચારે રાણી સહિત ઝરુખામાં ક્રીડા કરતો રહેલો છે, કોઈ વખતે રાતા કણેરની માળા મસ્તક પર લટકાવેલો, લાલ વસ્ત્ર પહેરેલો, લાલ ચંદનથી લેપ કરેલો મારવાના કારણની ડાંડી પીટાતા રાજમાર્ગેથી લઈ જવાતો ચોર રાણીસહિત રાજાએ જોયો. રાણીઓએ પૂછ્યું કે આ ચોરે શું અપરાધ કર્યો છે ? ત્યારે એક રાજપુરુષે કહ્યું કે - તેણે ચોરી કરીને



રાજવિરુદ્ધ કૃત્ય કર્યું છે.

તેથી એક રાણીએ રાજાને કહ્યું, આપે પૂર્વે મને વચન આપેલ છે, તે હવે પાળો. જેથી હું તેને કંઈ ઉપકાર કરું. રાજાની આજ્ઞાથી તે રાણીએ તે ચોરને સ્નાનાદિ કરાવી, અલંકાર પહેરાવી, હજાર સુવર્ણમહોર ખર્ચી પાંચ પ્રકારના શબ્દાદિ વિષયોથી એક દિવસ ખુશ કર્યો, એ રીતે બીજે દિવસે બીજી રાણીએ લાખ દિનાર વ્યય કરી ખુશ કર્યો. ત્રીજે દિવસે ત્રીજી રાણીએ કરોડ દિનાર વ્યય કરી સત્કાર્યો, ચોથી રાણીએ અભયદાન આપી મરણથી બચાવ્યો. ત્યારે ત્રણ રાણીએ ચોથીની મજાક કરી કે તે કંઈ ન આપ્યું.

આ પ્રમાણે પરસ્પર પોતે કરેલા ઉપકાર વિશે વિવાદ થતાં, રાજાએ ચોરને બોલાવી પૂછ્યું, તારા ઉપર કોણે વધુ ઉપકાર કર્યો? ચોરે કહ્યું - મરણના ભયથી મને સ્નાનાદિમાં કોઈ સુખ ન લાગ્યું. પણ અભયદાન સાંભળતાં નવો જન્મ મને મળ્યો એમાં આત્માને આનંદ થયો. એ રીતે સર્વ દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે, તે સિદ્ધ થયું.

તથા સત્ય વાક્યોમાં જે પરને પીડા ન આપે તે શ્રેષ્ઠ વચન છે. પણ પીડોત્પાદક સત્ય વચન નહીં. સત્પુરુષોનું હિત કરે તે જ સત્ય છે. લોકમાં પણ સંભળાય છે કે કૌશિક નામનો કોઈ અનુચિત સત્ય બોલતા હણાઈ તીવ્ર વેદનાવાળા નરકમાં ગયો. અન્યત્ર પણ કહ્યું છે - કાણાને કાણો, પંડકને પંડક, રોગીને રોગી અને ચોરને ચોર ન કહેવો.

તપમાં ઉત્તમ નવવિધ ગુપ્તિ સમેત બ્રહ્મચર્ય પ્રધાન છે. તેવી જ રીતે સર્વ લોકોથી ઉત્તમ રૂપ-સંપદા અને સર્વ અતિશયયુક્ત શક્તિ અને ક્ષાયિક જ્ઞાન-દર્શન તથા શીલ [ચારિત્ર] વડે શ્રમણ ભગવંત મહાવીર સાધુઓમાં શ્રેષ્ઠ છે.

— આયુષ્યમાનોમાં જેમ લવસપ્તમ - પાંચમાં અનુત્તર વિમાનવાસી દેવો સર્વોત્કૃષ્ટ સ્થિતિ [આયુ] વાળા હોવાથી પ્રધાન છે. જો તેમના મનુષ્ય જન્મમાં ધર્મ આરાધતાં સાત લવ જેટલો કાળ વધારે આયુ હોત તો તેઓ કેવળજ્ઞાન પામી મોક્ષમાં જાત. તેથી તેઓ લવસપ્તમ કહેવાય છે. વળી પર્ષદામાં જેમ સૌધમ ઇન્દ્રની પર્ષદા શ્રેષ્ઠ છે કેમકે ત્યાં અનેક ક્રીડા સ્થાનો છે. જેમ બધાં ધર્મો મોક્ષથી પ્રધાન છે. કુપ્રાવચનિકો પણ સ્વદર્શનનું ફળ મોક્ષ જ બતાવે છે. તે જ રીતે શ્રી વર્ધમાનસ્વામીનું સર્વજ્ઞપણું છે, તેમના કેવળજ્ઞાનથી વિશેષ કોઈ વિજ્ઞાન નથી અર્થાત્ ભગવંત સર્વથા બીજી જ્ઞાનીથી અધિક જ્ઞાની છે.

● સૂત્ર-૩૭૬,૩૭૭ :-

***ભગવંત આસુપ્રજ્ઞ, પૃથ્વીતુલ્ય, કર્મવિદારનાર, આસક્તિરહિત, વસ્તુનો સંચય ન કરનાર, અભય કરનાર, વીર, અનંતચક્ષુ મહાભવસાગર પાર પામ્યા.***

***અરહંત, મહર્ષિ, ભગવંત ક્રોધ-માન-માયા અને લોભ એ ચાર અધ્યાત્મદોષોનો ત્યાગ કરીને કોઈ પાપ કરતા ન હતા, કરાવતા ન હતા.***

● વિવેચન-૩૭૬,૩૭૭ :-

પૃથ્વી જેમ સર્વના આધારરૂપે વર્તે છે તેમ ભગવંત મહાવીર બધા જીવોને

અભય દાન દેવાથી અને સદુપદેશના દાનથી જીવોના આધારરૂપ છે. અથવા જેમ પૃથ્વી બધાં સ્પર્શોને સહે છે તેમ ભગવંત પરીષહ-ઉપસર્ગોને સમ્યક્ સહે છે. તથા આઠે પ્રકારના કર્મોને દૂર કરે છે. બાહ્ય-અભ્યંતર વસ્તુમાં ગૃદ્ધિઅભિલાષા રહિત હોવાથી વિગયગેહી છે, પાસે રાખવું તે સંનિધિ. તેમાં દ્રવ્ય સંનિધિ - ધન, ધાન્ય, સુવર્ણ, દ્વિપદ, ચતુષ્પદરૂપ છે. ભાવ સંનિધિ-માયા, ક્રોધાદિ કષાયો છે. તે બંને સંનિધિ ભગવંતે કરેલ નથી. તથા સર્વત્ર, સદા ઉપયોગવાળા હોવાથી, છદ્મસ્થ માફક મનથી વિચારીને પદાર્થ પરિચ્છેદ કરતા નથી. એવા ભગવંત સમુદ્ર તરવા માફક ચતુર્ગતિક સંસારસાગર, જે બહુ વ્યસનોથી ભરેલ છે, તેને તરીને સર્વોત્તમ નિર્વાણને પામ્યા છે. વળી તે ભગવંત પ્રાણીઓના પ્રાણની રક્ષારૂપ, પોતે કે બીજાને સદુપદેશ દાન આપે છે માટે અભયંકર છે. આઠે પ્રકારના કર્મો વિશેષથી દૂર કરે છે માટે વીર છે. તથા અનંત જ્ઞેય પદાર્થો અને અનંતજ્ઞાનની નિત્યતાથી અનંતચક્ષુ સમાન કેવળજ્ઞાનના ધારક છે - વળી -

''નિદાનના ઉચ્છેદથી નિદાનીનો ઉચ્છેદ થાય છે'' એ ન્યાયે સંસારમાં સ્થિતિના કારણરૂપ ક્રોધાદિ કષાયો છે. તેથી અધ્યાત્મ દોષોરૂપ ચારે કષાયોને સર્વથા તજીને આ ભગવંત અરહંત-તીર્થંકર થયા. તથા મહર્ષિ બન્યા. કેમકે જેના અધ્યાત્મ દોષો દૂર થાય તે જ મહર્ષિ છે, અન્યથા નહીં તથા સ્વયં તે પાપ-સાવદ્ય અનુષ્ઠાન કરતા નથી કે બીજા પાસે કરાવતા નથી.

● **સૂત્ર-૩૭૮ થી ૩૮૦ :-**

***ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદીના પક્ષની પ્રતીતિ કરી એ સર્વ વાદોને જાણીને ભગવંત આજીવન સંયમમાં સ્થિર રહ્યા.***

***તે ભગવંતે દુઃખના ક્ષયને માટે સ્ત્રીસંગ તથા રાત્રિ ભોજનનો ત્યાગ કર્યો હતો. તપમાં પ્રવૃત્ત હતા. આલોક-પરલોક જાણીને સર્વે પાપોને સર્વથા તજેલા.***

***સમાહિત અર્થ અને પદથી વિશુદ્ધ અરહંત ભાષિત ધર્મ સાંભળી, શ્રદ્ધા કરી આદરતા મોક્ષ મળે છે અથવા ઇન્દ્રસમાન દેવાધિપતિ બને - તેમ હું કહું છું.***

● **વિવેચન-૩૭૮ થી ૩૮૦ :-**

— ભગવંતે ક્રિયાવાદી, અક્રિયાવાદી, વૈનયિક અને અજ્ઞાનવાદીના પક્ષને જાણ્યો છે અથવા જેમાં સ્થિરતા થાય તે દુર્ગતિગમનાદિ સ્થાનને સમ્યક્ રીતે જાણીને - જેનું સ્વરૂપ હવે બતાવીશું, તે અહીં સંક્ષેપમાં કહીએ છીએ—

પરલોકના હિતને માટે ક્રિયા જ પ્રધાન છે, એવું જે માને તે ક્રિયાવાદી છે, તેમના મત મુજબ દીક્ષાથી - દીક્ષાની ક્રિયાથી જ મોક્ષ થાય છે. અક્રિયાવાદી તે જ્ઞાનવાદી છે. તેઓ કહે છે - યથાવસ્થિત વસ્તુના પરિજ્ઞાનથી જ મોક્ષ છે. તેઓ કહે છે - શાસ્ત્રે બતાવેલા-૨૫ તત્વોનો જ્ઞાતા, ગમે તે આશ્રમમાં રહે, તે ચોટી રાખે, મુંડાવે કે જટા રાખે તો પણ તે મોક્ષે જશે તેમાં કોઈ સંશય નથી.

તથા વિનયથી જ મોક્ષ છે, તેવું ગોશાલક મતાનુસાર માનનાર વિનયથી વિચરે છે માટે વૈનયિક છે. તથા અજ્ઞાન જ આલોક-પરલોકના હિતને માટે સારું છે



તેમ માનનાર અજ્ઞાનવાદી છે. આ પ્રમાણે તેઓના મંતવ્યો પોતાના નિર્મળ બોધથી જાણીને તથા તે વર્ધમાનસ્વામીએ બૌદ્ધાદિક અન્ય પણ બધાં વાદો જાણીને જીવોને યથાવસ્થિત તત્ત્વ ઉપદેશ વડે બોધ આપીને પોતે પણ સમ્યક્ રીતે સંયમમાં રહ્યા, બીજાઓ બોલે છે છતાં પાળતા નથી, તે જ કહે છે - હે પ્રભો ! તમારા કથનમાં તે દોષ નથી, જે અન્યમાં છે, બીજાને માત્ર બોધ દેવામાં કુશળ તેઓ શાસ્ત્રો રચીને લઘુતા પામ્યા છે. કેમકે તેઓ પોતે સમ્યગ્ વર્તન રાખતા નથી. આપે તો યાવજ્જીવ સંયમ પાલન કર્યું છે.

— વળી ભગવંતે સ્ત્રી પરિભોગ - મૈથુન અને રાત્રિભોજનને ત્યાગીને ઉપલક્ષણથી પ્રાણાતિપાત આદિનો નિષેધ જાણવો. ઉપધાન-તપ, તેવો તપને પોતે આદર્યો-કાયાને તપાવી. - શા માટે ? દુઃખ અર્થાત્ આઠ પ્રકારના કર્મનો ક્ષય કરવા માટે. વળી લોકને જાણીને તથા આલોક-પરલોક અથવા મનુષ્ય લોક અને નારકાદિ; તેનું સ્વરૂપ તથા તે પ્રાપ્ત થવાના કારણો જાણીને તેને નિવારવાના ઉપાયો ઘણી રીતે બતાવ્યા. સારાંશ એ કે પ્રાણાતિપાતાદિનો નિષેધ જાતે પણ કર્યો અને બીજાને પણ અટકાવ્યા. કેમકે પોતે અટકે નહીં ત્યાં સુધી બીજાને અટકાવવા સમર્થ ન થાય.

કહ્યું છે કે — ન્યાયની વાતો કરી, સ્વ વચન વિરુદ્ધ વર્તતો, પોતે દાંત ન હોય તે બીજાનું દમન કરવા સમર્થ ન થાય. આપે એવો નિશ્ચય મનમાં કરી પોતાના અદાંત આત્માને સંપૂર્ણ રીતે દમવાનો ઉદ્યમ કર્યો. વળી - તીર્થંકર ચાર જ્ઞાનવાળા, દેવતા પૂજિત, નિશ્ચે સિદ્ધ થનારા છે, તો પણ પોતાના બળ અને વીર્યને ગોપવ્યા વિના બધી રીતે તપ-ધર્મમાં ઉદ્યમ કરનારા હોય છે.

— સુધર્માસ્વામીએ વીરપ્રભુના ગુણો સ્વશિષ્યોને કહીને જણાવ્યું કે - દુર્ગતિને ધારવાથી ધર્મ છે, તે શ્રુત-ચારિત્રરૂપ, અર્હદ્ભાષિત, સમ્યક્ રીતે કહેવાયેલ, યુક્તિ-હેતુથી શુદ્ધ - x - x - નિર્દોષ છે. તે સાંભળી, શ્રદ્ધા કરીને તે રીતે વર્તનારા આયુકર્મ દૂર થવાથી સિદ્ધ થાય છે, જો આયુ બાકી રહેતો ઇન્દ્રાદિ દેવાધિપતિ થાય છે. આ પ્રમાણે મેં સાંભળ્યુ તે તમને કહ્યું છે.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૬ ''વીરસ્તુતિ''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શ્રુત૦ ૧-અધ્યયન-૭ ‘‘કુશીલપરિભાષિત’’ ❀

● ભૂમિકા :-

છટ્ઠુ અધ્યયન કહ્યું, હવે સાતમું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અનંતર અધ્યયનમાં ભગવંત મહાવીરના ગુણના કીર્તનથી સુશીલ-પરિભાષા કહી. હવે તેનાથી વિપરીત કુશીલોનું વર્ણન કરે છે. એ સંબંધથી આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો કહેવા. તેમાં ઉપક્રમમાં અર્થાધિકાર આ પ્રમાણે છે - કુશીલ એટલે પરતીર્થિક કે પાર્શ્વસ્થાદિ, સ્વજૂથના અને ગૃહસ્થો છે, તેમનું વર્ણન કરીએ છીએ. તેમના અનુષ્ઠાન તથા દુર્ગતિગમનરૂપ તેના વિપાકનું નિરૂપણ કરીએ છીએ. તેનાથી વિપરીત ક્વચિત્ સુશીલ વર્ણન પણ છે. નિક્ષેપ ત્રણ પ્રકારે - ઓઘ, નામ, સૂત્રાલાપક ભેદથી. તેમાં ઓઘ નિષ્પન્ન નિક્ષેપામાં અધ્યયન, નામનિષ્પન્નમાં કુશીલ પરિભાષા છે - તેને કહે છે—

[નિ.૮૬-] ‘શીલ’ના વિષયમાં નિક્ષેપા કરતા તેના નામાદિ ચાર નિક્ષેપ છે. નામ-સ્થાપના સુગમ હોવાથી તેને છોડીને ‘દ્રવ્યશીલ’ તે પ્રાવરણ, ભોજન, આભરણ આદિમાં જાણવું. તેના આ અર્થ છે - જે કોઈ ફલની અપેક્ષા વિના તેના સ્વભાવથી જ ક્રિયામાં પ્રવર્તે છે, તે તેનું શીલ છે, તેમાં અહીં પ્રાવરણશીલ તે પ્રાવરણના પ્રયોજનના અભાવે પણ તેના સ્વભાવથી ચાદર આદિ ઓઢે છે અથવા તે પ્રાવરણમાં જ ધ્યાન આપે છે. એ રીતે આભરણ, ભોજનાદિ વિષયમાં પણ જાણવું. અથવા જે ચેતન-અચેતનાદિનો સ્વભાવ તે દ્રવ્યશીલ કહેવાય છે. ‘‘ભાવશીલ’’ બે ભેદે- ઓઘશીલ, આભીક્ષ્ણ્ય સેવનાશીલ, તેમાં પહેલા શીલની વ્યાખ્યા કરતા કહે છે—

[નિ.૮૭-] ઓઘ એટલે સામાન્ય, સામાન્યથી સાવધયોગથી વિરત કે વિરતાવિરત શીલવાન્ કહેવાય. તેથી વિપરીત અશીલવાન્ કહેવાય.

આભીક્ષ્ણ્ય સેવા તે વારંવાર સેવનામાં શીલ હોય તે. જેમકે ધર્મના વિષયમાં પ્રશસ્ત શીલ તે વારંવાર અપૂર્વજ્ઞાન મેળવવા કે વિશિષ્ટ તપ કરવાની ઈચ્છા આદિ શબ્દથી વારંવાર અભિગ્રહો ગ્રહણ કરવા. અપ્રશસ્ત ભાવશીલ તે અધર્મમાં બાહ્ય પ્રવૃત્તિ અથવા અંતઃકરણમાં ક્રોધાદિની પ્રવૃત્તિ. ‘આદિ’ શબ્દથી બીજા કષાયો, ચોરી, અભ્યાખ્યાન, કલહ આદિ લેવા.

હવે કુશીલ પરિભાષા નામક અધ્યયનની અન્વર્થતા કહે છે—

[નિ.૮૮-] જેઓ સર્વ પ્રકારે કુત્સિત શીલવાળા કહેવાયા છે, તે પરતીર્થિકો અને પાર્શ્વસ્થાદિ છે. ‘ચ’ શબ્દથી જે કોઈ અવિરત છે, તે બધાંને આ અધ્યનનમાં છે, તેથી ‘કુશીલ પરિભાષા’ એવું નામ છે - કુશીલને અશુદ્ધ કઈ રીતે ગણો છો ? ‘સુ’ અહીં પ્રશંસા કે શુદ્ધ વિષયમાં છે. જેમકે - સુરાજ્ય. તે રીતે ‘કુ’ શબ્દ જુગુપ્સા કે અશુદ્ધ વિષયમાં વર્તે છે. જેમકે કુતીર્થ, કુગ્રામ. જો કુત્સિલ શીલવાળા ‘કુશીલ’ છે, તો પરતીર્થિકાદિ કુશીલ કઈ રીતે છે ?

[નિ.૮૯-] આ ‘શીલ’ શબ્દ તેના સ્વભાવ અર્થમાં છે. જેમકે - કોઈ ફળનિરપેક્ષ





ક્રિયામાં આભરણાદિમાં પ્રવર્તે છે. તે ઉપર દ્રવ્યશીલપણે બતાવ્યું. ઉપશમ પ્રધાન ચારિત્રમાં છે, તે જ કહે છે - તે ઉપશમગુણથી પ્રધાન આ તપસ્વી શીલવાન્ છે. તેથી વિપરીત તે દુઃશીલ છે. આ બંને ભાવશીલપણે લીધા છે. અહીં સાધુઓને ધ્યાન-અધ્યયનાદિ છોડીને અને ધર્મના આધારરૂપ શરીરના પાલન માટે ગૌચરીને છોડીને બીજી કોઈ પ્રવૃત્તિ નથી; તેને આશ્રીને જ અહીં સુશીલત્વ કે દુઃશીલત્વ ચિંતવીએ છીએ તેમાં કુતીર્થિક, પાર્શ્વસ્થાદિ સચિત્તનું સેવન કરતા હોવાથી અપ્રાસુક પ્રતિસેવી છે. સંભવ છે કે આ કુશીલો પોતે ધૃષ્ટતાથી પોતાને શીલવાળા માની શીલવાન્ કહે.

શા માટે ? કેમકે - x - જે કોઈ પ્રાસુક તથા ઉદ્‌ગમાદિ દોષરહિત આહાર વાપરે તેને વિદ્વાનો શીલવંત કહે છે. તેથી જ સાધુઓ પ્રાસુક, ઉદ્‌ગમ આદિ દોષયુક્ત આહાર ન કરીને શીલવંત ગણાય છે, તે સિવાયના નહીં. - x - અપ્રાસુક ખાવું તે કુશીલપણું છે, તે દૃષ્ટાંત દ્વારા બતાવે છે.

[નિ.૯૦-] જેમ ગૌતમ, તે શીખવી રાખેલા, નાના બળદને લઈને ધાન્યાદિ અર્થે ઘેર-ઘેર ભટકે છે, તે ગૌવ્રતિક કહેવાય છે. તથા ચંડિદેવગ તે ચક્રધરપ્રાયઃ છે, વારિભદ્રક તે પાણી ભક્ષક છે. અથવા શેવાળ ખાનારા, નિત્ય સ્નાન-પગ ધોવા વગેરેમાં રત હોય, તથા જે બીજા અગ્નિહોત્રથી જ સ્વર્ગગમન માને છે, જે ભાગવતાદિ મતવાળા જળશૌચ ઇચ્છે છે, તે બધાં અપ્રાસુક આહારભોજી હોવાથી કુશીલ છે. તથા જે સ્વમતના પાર્શ્વસ્થાદિ છે, ઉદ્‌ગમાદિ અશુદ્ધ આહાર ખાય છે, તે પણ કુશીલ છે.

આ રીતે નામનિષ્પન્ન નિક્ષેપ કહ્યો. હવે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપે અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર ઉચ્ચારવું જોઈએ - તે આ પ્રમાણે—

● સૂત્ર-૩૮૧,૩૮૨ :-

***પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, તૃણ, વૃક્ષ, બીજ તથા ત્રસ, પ્રાણ-અંડજ, જરાયુજ, સંસ્વેદજ, રસજ આ બધાં જીવસમૂહને...ભગવંતે જીવનિકાય કહેલ છે. તે જીવોને સુખના અભિલાષી જાણવા. આ જીવોનો નાશ કરનારા પોતાના આત્માને દંડે છે અને વારંવાર આ યોનિઓમાં ઉત્પન્ન થાય છે.***

● વિવેચન-૩૮૧,૩૮૨ :-

— પૃથ્વી તે પૃથ્વીકાયિક જીવો છે. ‘ચ’ થી તેના ભેદો સૂચવે છે તે આ છે - પૃથ્વીકાયના સૂક્ષ્મ અને બાદર બે ભેદ, પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બે ભેદ. એ રીતે અપ્કાય, અગ્નિકાય અને વાયુકાયને પણ જાણવા. હવે વનસ્પતિકાયના ભેદો કહે છે - કુશ આદિ ઘાસ, પીપળો વગેરે વૃક્ષ, શાલિ આદિ બીજ, વલ્લી, ગુલ્મ આદિ વનસ્પતિના ભેદો છે.

ત્રાસ પામે તે ત્રસ-બે ઇન્દ્રિયાદિ, પ્રાણ-પ્રાણીઓ, જે ઇંડામાંથી જન્મે તે અંડજ - શકુનિ, સાપ વગેરે. જરાથી વીંટાયેલા જન્મે તે જરાયુજ - ગાય, ભેંસ, ઘેટા, બકરા, મનુષ્યાદિ. પરસેવાથી ઉત્પન્ન તે સંસ્વેદજ-જૂ, માંકડ, કૃમિ આદિ. રસજ-દહીં, સૌવીર આદિમાં ઉત્પન્ન રૂની પાંખ જેવા જીવો.

આ રીતે વિવિધ ભેદે જીવ સમૂહ બતાવી તેની હિંસામાં દોષ કહે છે —

— પૃથ્વી આદિ જીવનિકાય ભગવંતે કહ્યા છે - x - આ પૃથ્વીકાયાદિ પ્રાણીમાં સુખ જાણ અર્થાત્ આ સર્વે જીવો સુખના ઇચ્છુક અને દુઃખના દ્વેષી છે. તેમ જાણીને કુશાગ્ર બુદ્ધિથી વિચાર કે આ જીવ-કાયના આરંભમાં, પીડવામાં આત્મા દંડાય છે અર્થાત્ આવા સમારંભથી આત્મદંડ થાય છે અથવા આવા કાર્યોથી આયતદંડ થાય છે. મતલબ કે ઉક્ત જીવ-કાયોને જે દીર્ઘકાળ પીડે છે, તેમને શું ફળ મળે તે બતાવે છે - આ પૃથ્વી આદિ કાયોમાં અનેક પ્રકારે સર્વ પ્રકારે શીઘ્ર જાય છે - તે જ પૃથ્વી આદિ કાયોમાં અનેક પ્રકારે વારંવાર ઉત્પન્ન થાય છે - અથવા - જીવો પોતાના સુખને માટે પૃથ્વીકાયાદિનો સમારંભ કરે છે, તે સમારંભથી દુઃખ જ પામે છે પણ સુખ પામતા નથી. અથવા કુતીર્થિકો મોક્ષાર્થે આવા કાર્યો વડે જે ક્રિયા કરે છે, તેનાથી સંસાર જ વધે છે.

હવે આયતદંડ મોક્ષાર્થી તે આરંભથી સંસાર વધારે છે, તે કહે છે—

**● સૂત્ર-૩૮૩,૩૮૪ :-**

***પૂર્વોક્ત ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરનાર જીવ વારંવાર તે જ જાતિમાં ભ્રમણ કરે છે, વારંવાર જન્મ લઈને ક્રુરકર્મ કરનાર અજ્ઞાની જીવ જે કર્મ કરે છે, તેનાથી જ મૃત્યુને પામે છે...તે પ્રાણી આલોકમાં કે પરલોકમાં તે રૂપે કે અન્યરૂપે સંસારમાં આગળ-આગળ પરિભ્રમણ કરતા દુષ્કૃતોનું બંધન અને વેદન કરે છે.***

**● વિવેચન-૩૮૩,૩૮૪ :-**

— એકેન્દ્રિયાદિનો જે પંથ તે જાતિપંથ છે અથવા જાતિ એટલે જન્મ અને વધ એટલે મરણ. તે જાતિવધમાં વારંવાર વર્તતો અર્થાત્ એકેન્દ્રિયાદિમાં ભટકતો વારંવાર જન્મ-જરા-મરણને અનુભવતો ત્રસ-તેઉ, વાયુ, બેઇન્દ્રિય આદિમાં અને સ્થાવર - પૃથ્વી, અપ્, વનસ્પતિમાં ઉત્પન્ન થઈને બીજા કાયોને દુઃખ દેવાથી બંધાયેલા કર્મો વડે વારંવાર વિનાશ પામે છે. તેવો 'આયતદંડ' જીવ ફરી જન્મી જન્મીને દારુણ અનુષ્ઠાન કરતો બહુ ક્રુરકર્મી બને છે. તે આવો નિર્વિવેક-સદ્અસદ્ વિવેકરહિત હોવાથી બાળ જેવો છે. તે એકેન્દ્રિયાદિમાં જન્મીને જે પ્રાણિ-ઉપમર્દકારી કર્મો કરે છે, તે તે જ કર્મો વડે મરે છે કે પૂરાય છે. અથવા તે હિંસા કરે છે અથવા બહુ ક્રુરકર્મી હોય, તે ''આ ચોર છે, આ લંપટ છે'' એમ પોતાના કર્મોથી મપાય છે.

— તે કયા સ્થાને કર્મો વડે મપાય છે ? તે કહે છે - જે શીઘ્રફળ દેનારા કર્મો છે, તે તો એ જ જન્મમાં ફળ આપે છે અથવા બીજા જન્મે નરકાદિમાં તે કર્મો ફળ આપે છે. એટલે એક જ જન્મમાં તીવ્ર ફળ આપે છે અથવા ઘણા જન્મોમાં આપે છે. જેવા પ્રકારે અશુભને આચરે તેવા જ પ્રકારે ફળ ઉદયમાં આવે છે અથવા બીજી રીતે. એટલે કોઈ કર્મ તે ભવે ફળ આપે, કોઈ બીજા ભવે. જેમ મૃગાપુત્રનું દુઃખ વિપાકશ્રુત નામક આગમસૂત્રમાં કહ્યું છે.

જો દીર્ઘકાળની સ્થિતિનું કર્મ હોય તો બીજા જન્મોમાં વેદાય છે. તે પણ એકવાર કે અનેકવાર ભોગવે છે અથવા અન્ય પ્રકારે એકવાર કે હજાર વાર



શિરચ્છેદ આદિ અને હાથ-પગનું છેદનાદિ અનુભવે છે. આ પ્રમાણે તે કુશીલ પુરુષો આયતદંડવાળા ચાર ગતિવાળા સંસારમાં વારંવાર - x - ભટકતા પ્રકૃષ્ટ-પ્રકૃષ્ટ દુઃખ અનુભવે છે. પૂર્વજન્મોમાં કરેલા કર્મોના ફળ અનુભવતા આર્ત્તધ્યાનથી ઉપહત થઈ, બીજા કર્મો બાંધે છે અને વેદે છે દુષ્ટતાથી કરેલ તે દુષ્કૃત. આવા પોતે કરેલા દુષ્કૃતો જન્ય કર્મોનો વિનાશ થતો નથી. તે જ કહે છે—

હે જીવ ! તું ખેદ ન કર, તું વિમનસ્ક દુર્મનસ્ક દીન શા માટે થાય છે ? કારણ કે ચિંતા કરવા માત્રથી પૂર્વે કરેલા કર્મો નાશ થતા નથી. કદાચ તું પાતાળમાં પેશીશ, જંગલમાં -દરિમાં - ગુફામાં કે સમુદ્રમાં છૂપાઈશ. તો પણ પૂર્વે કરેલા કર્મો નાશ નહીં પામે, વ્યર્થ તારા આત્માનો ઘાત કરીશ. આ પ્રમાણે ઓઘથી કુશીલોનું વર્ણન કર્યું, હવે પાખંડી-વિશે કહે છે.

**● સૂત્ર-૩૮૫,૩૮૬ :-**

***જે માતા-પિતાને છોડીને શ્રમણવ્રત લઈને અગ્નિકાયનો આરંભ કરે છે, પોતાના સુખ માટે જે જીવોની હિંસા કરે છે, તે લોકમાં કુશીલધર્મી કહેવાય છે...અગ્નિ સળગાવનાર અનેક જીવોનો ઘાત કરે છે, અગ્નિ બુઝાવનાર અગ્નિ જીવોનો ઘાત કરે છે. તેથી મેધાવી પંડિત પુરુષ ધર્મને જાણીને અગ્નિકાયનો આરંભ-હિંસા ન કરે.***

**● વિવેચન-૩૮૫,૩૮૬ :-**

— જે કોઈ પરમાર્થને ન જાણનારા ધર્માર્થને માટે ઉત્થિત થઈ માતા, પિતાને ત્યાગીને, કેમકે માતા-પિતાનો ત્યાગ દુષ્કર છે. તેમના ગ્રહણથી ભાઈ, પુત્રાદિને પણ ત્યાગે એમ જાણવું. એમ શ્રમણવ્રત ગ્રહણ કર્યું છે, એવું સ્વીકારીને અગ્નિકાયનો આરંભ કરે, રાંધે-રંધાવે એ રીતે કરવા-કરાવવા-અનુમોદવા થકી ઔદ્દેશિકાદિ દોષિત આહાર વાપરી અગ્નિકાય સમારંભ કરે. તીર્થંકર, ગણધરાદિએ એવું કહ્યું છે કે - આ પાખંડી કે ગૃહસ્થ લોક અગ્નિકાય સમારંભ કરવાથી તેઓ કુશીલ ધર્મી છે. તે કેવા છે ? તે કહે છે—

જે થયા છે, થાય છે અને થશે, માટે તે ભૂત છે - અર્થાત્ પ્રાણી છે, તેને આત્મ સુખાર્થે હણે છે - પીડે છે. તે બતાવે છે કે - પંચાગ્નિ તપકરી દેહને તપાવે તથા અગ્નિહોત્રાદિ ક્રિયા વડે પાખંડીઓ સ્વર્ગ પ્રાપ્તિને ઇચ્છે છે તથા લૌકિકધર્મી પચન-પાચનાદિ વડે અગ્નિકાયની હિંસા કરીને સુખની ઇચ્છા કરે છે. અગ્નિકાયના આરંભથી થતી હિંસાને કહે છે—

— તપન, તાપન, પ્રકાશાદિ હેતુ કાષ્ઠાદિ બાળીને જે અગ્નિકાયનો સમારંભ કરે છે, તે અગ્નિકાય તથા પૃથ્વી આદિ આશ્રિત સ્થાવર અને ત્રસ જીવોને હણે છે. અથવા મન-વચન-કાયથી કે આયુ-બળ-ઇન્દ્રિયોથી હીન બનાવે - હણે. તથા અગ્નિકાયને પાણી આદિથી બુઝાવા જતાં તે પાણીના જીવોને તથા તેના આશ્રિત જીવોને હણે છે. હવે તે આગ સળગાવનાર તથા બુઝાવનાર બંને આરંભક છે, પણ સળગાવનાર વધુ હિંસક છે.

આગમ પાઠ - હે ભગવંત ! બે પુરુષો એકબીજા સાથે અગ્નિકાયનો સમારંભ કરે છે, તેમાં એક પુરુષ અગ્નિકાય સળગાવે છે, બીજો અગ્નિકાય બુઝાવે છે. તે બંનેમાં કયો પુરુષ મહાકર્મી છે ? કયો પુરુષ અલ્પકર્મી ?

હે ગૌતમ ! જે પુરુષ અગ્નિકાય સળગાવે છે, તે પુરુષ બહુતર પૃથ્વીકાય, અપ્‌કાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયનો અને અલ્પતર અગ્નિકાયનો આરંભ કરે છે. જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે, તે પૃથ્વીકાયાદિનો આરંભ અલ્પ કરે છે અને અગ્નિકાયનો ઘણો આરંભ કરે છે. માટે એમ - x - કહ્યું.

વળી કહ્યું છે કે - આ અગ્નિનો સમારંભ જીવોનો નાશક છે, તેમાં સંશય નથી. આવું જાણીને સારા-નરસાનો વિવેકવાળો મેધાવી, સશ્રુતિક, ધર્મને સમજી પાપથી દૂર રહે તે પંડિત અગ્નિકાયનો આરંભ કરતો નથી, તે જ પરમાર્થથી પંડિત છે જે અગ્નિકાયના સમારંભથી થતા પાપથી દૂર રહે છે.

- અગ્નિકાયના સમારંભથી પ્રાણીવધ કઈ રીતે થાય ?

**● સૂત્ર-૩૮૭ થી ૩૯૦ :-**

***પૃથ્વી જીવ છે, પાણી પણ જીવ છે. અગ્નિ સળગાવતા આ પૃથ્વી, પાણી, સંપાતિમ, સંસ્વેદજ અને કાષ્ઠ આશ્રિત જીવો બળે છે.***

***હરિતકાય આકાર ધારણ કરે છે, પૃથક્ હોય છે, આહારથી દેહ વધે છે [માટે તે જીવ છે] જે સ્વ સુખ માટે તેને છેદે છે, તે ધૃષ્ટ ઘણાં જીવો હણે છે.***

***જે બીજનો, બીજ દ્વારા ઉત્પન્ન કે વૃદ્ધિગત જીવોનો નાશ કરે છે તે અસંયત આત્મદંડી છે, આત્મસુખાર્થે બીજનો હિંસક લોકમાં અનાર્યધર્મી કહ્યો છે.***

***તેઓ ગર્ભમાં, બોલવા-ન બોલવાની સ્થિતિમાં, પંચશિખીકુમારપણે, કે યુવાની, પ્રૌઢ, વૃદ્ધાવસ્થામાં ગમે ત્યારે આયુક્ષયથી મૃત્યુ પામે છે.***

**● વિવેચન-૩૮૭ થી ૩૯૦ :-**

— કેવલ પૃથ્વી આશ્રિત બેઇન્દ્રિયો જ જીવ નથી, પણ માટી વગેરે પૃથ્વી પણ જીવ છે, પ્રવાહી લક્ષણ પાણી પણ જીવ છે. તેને આશ્રિત પણ જીવ છે. શલભ આદિ સંપાતિમ-ઉડતા જીવો તેમાં પડે છે, તથા ઇંધણમાં રહેલા સંસ્વેદ જ જીવો - ઘુણ, કીડી, કૃમિ આદિ અને કાષ્ઠાદિ આશ્રિત જે કોઈ સ્થાવર, જંગમ જીવો છે, તે બધાંને અગ્નિકાયનો સમારંભક બાળે છે. તેથી કહ્યું છે કે અગ્નિકાયનો સમારંભ મહાદોષને માટે થાય છે.

— આ પ્રમાણે અગ્નિકાયના સમારંભક તાપસો તથા પાકથી અનિવૃત્ત શાક્યાદિને બતાવ્યા. હવે તેઓ અને બીજા વનસ્પતિ સમારંભથી અનિવૃત્તને બતાવતા કહે છે - દૂર્વાના અંકુરા આદિને પણ યોગ્ય આહાર મળતાં વધતા દેખાય છે, તેથી તે જીવ છે તથા તે જીવનો આકાર ધારણ કરે છે, જેમકે - કલલ, અર્બુદ, માંસપેશી. જેમ મનુષ્ય ગર્ભ, પ્રસવ, બાલ, કુમાર, યુવા, મધ્યમ, સ્થવિર અવસ્થા પામે છે. તેમ શાલિ આદિ વનસ્પતિ પણ જન્મે છે, અભિનવરૂપ પામે છે, રસવાળી બને છે, યૌવનવાળી, પરિપક્વ, જીર્ણ, પરિશુષ્ક અને મૃત સ્થિતિ પામે છે. વૃક્ષો પણ અંકુરા



અવસ્થાથી ઉત્પન્ન થઈને મૂળ, સ્કંધ, શાખા, પ્રશાખા આદિ વિશેષરૂપે વધતા યુવાન થાય છે. એ રીતે બીજી અવસ્થા પણ જાણવી. આ રીતે વનસ્પતિ આદિ પણ જીવાકાર ધારણ કરે છે. વળી એ વૃક્ષના મૂળ, સ્કંધ, શાખા, પત્ર, પુષ્પાદિ સ્થાનોમાં પ્રત્યેકના જુદા જુદા જીવો છે, તે વૃક્ષનો સમુદિત એક જ જીવ નથી. તેમાં સંખ્યેય-અસંખ્યેય કે અનંત જીવો રહેલા છે.

વનસ્પતિકાય આશ્રિત આ જીવોનો આહાર માટે, દેહની વૃદ્ધિ માટે, દેહના ઘાવને રૂઝવવા માટે કે આત્મસુખ માટે જે છેદે છે, તે ધૃષ્ટતાને ધારણ કરી ઘણાં પ્રાણીઓની હિંસા કરે છે. આ જીવહિંસાથી દયા-અનુકંપા ન રહેવાથી તેને ધર્મ અને [ચારિત્રધર્મ] આત્મસુખનો લાભ થતો નથી.

— વનસ્પતિની ઉત્પતિ તે તેનો જન્મ છે અંકુર, પત્ર, મૂલ, સ્કંધ, શાખા, પ્રશાખા ભેદ વડે તેની વૃદ્ધિ છે. તેના બીજોનો વિનાશ કરીને, તેના ફળોનો વિનાશ કરતો તે લીલી વનસ્પતિને છેદે છે. તે અસંયત-ગૃહસ્થ હોય કે પ્રવ્રજિત-સાધુ હોય, તો પણ બંને સમાન કૃત્ય કરવાથી ગૃહસ્થ જ છે. તે હરિત-છેદ કરનારો આત્માને દંડે છે માટે તે આત્મદંડી છે. પરમાર્થથી તો તે બીજાનો ઉપઘાત કરતા આત્માને જ હણે છે. તેવું જ્ઞાનીઓ કહે છે - શું કહે છે ? તે દર્શાવે છે - જે હરિતાદિનો છેદક નિર્દય છે, તે આ લોકમાં અનાર્યધર્મી - ક્રુરકર્મી છે - એવો કોણ છે ? જે ધર્મોપદેશ વડે કે આત્મસુખાર્થે બીજોને અને ઉપલક્ષણથી વનસ્પતિને હણે છે, તે પાખંડીલોક કે અન્ય અનાર્યધર્મી જાણવો. હવે હરિતછેદના ક્રમ-વિપાકને કહે છે—

— આ વનસ્પતિકાયના પ્રમર્દકો ઘણાં જન્મો સુધી ગર્ભાદિ અવસ્થામાં કલલ, અર્બુદ, માંસપેશીરૂપે જ મૃત્યુ પામે છે, તથા કોઈક બોલતા શીખ્યા પહેલા કે પછી મરે છે. કેટલાક પંચશિખાવાળા કુમારપણે મરે છે, તો કોઈ યુવાન, મધ્યમ કે સ્થવિર વયમાં મરે છે. કોઈ પ્રતમાં मज्झिमपोरुसाय એવો પાઠ છે, તેનો અર્થ છે - મધ્યમવયવાળા, ચરમાવસ્થા પ્રાપ્ત પુરુષ અર્થાત્ અત્યંત વૃદ્ધ, એ રીતે બધી જ અવસ્થામાં બીજ આદિના ઘાતકો સ્વ-આયુ ક્ષય થતા પ્રલીન બનીને દેહને તજે છે. આ પ્રમાણે જ સ્થાવર-જંગમના હણનારાઓનું અનિયત આયુ હોય છે, તે સમજી લેવું. — વળી —

**● સૂત્ર-૩૯૧ થી ૩૯૪ :-**

***હે જીવો! તમે બોધ પામો, મનુષ્યત્વ અતિ દુર્લભ છે. ભયને જોઈને અજ્ઞાન છોડો. આ લોક જ્વરથી એકાંત દુઃખરૂપ છે, જીવ સ્વકર્મથી વિપર્યાસ પામે છે.***

***આ લોકમાં કોઈ મૂઢ આહારમાં નમક ત્યાગથી મોક્ષ માને છે, કોઈ ઠંડા પાણીના સેવનથી, તો કોઈ હોમ કરવાથી મોક્ષની પ્રાપ્તિ માને છે.***

***પ્રાતઃકાળે સ્નાનાદિથી મોક્ષ નથી કે ક્ષાર-મીઠાના ન ખાવાથી મોક્ષ નથી, તેઓ મધ, માંસ, લસણ ખાઈને મોક્ષને બદલે સંસારમાં ભ્રમણ કરે છે.***

***કોઈક સવાર-સાંજ જળનો સ્પર્શ કરી જળથી સિદ્ધિ થાય તેમ બતાવે છે, પણ જો જળસ્પર્શથી સિદ્ધિ મળે તો અનેક જળચરો મોક્ષે જતા હોય.***

● **વિવેચન-૩૯૧ થી ૩૯૪ :-**

— હે પ્રાણીઓ ! તમે સમ્યક્ બોધ પામો. કુશીલ કે પાખંડી લોક તમારા માટે થવાના નથી અને ધર્મના દુર્લભત્વને સમજો. તેથી કહ્યું છે કે - મનુષ્યત્વ, [ઉત્તમ એવા] જાતિ, કુળ, રૂપ, આરોગ્ય, આયુ, બુદ્ધિ, ધર્મ-શ્રવણ યોગ, તેની શ્રદ્ધા અને સંયમ - આ બધું લોકમાં દુર્લભ છે. આ રીતે ધર્મ ન કરેલા જીવો માટે મનુષ્યત્વ અતિ દુર્લભ છે, એમ જાણી અને તેમાં જન્મ, જરા, મરણ, રોગ, શોકાદિ તથા નરક-તિર્યંચ યોનિના ઘણા દુઃખોનો ભય છે, તેમ તું જાણ. તથા સદ્-અસદ્નો વિવેક ભૂલીને અજ્ઞાનીઓ સંસાર પામ્યા છે. નિશ્ચયનયના મતે એકાંત દુઃખરૂપ તાવવાળાની માફક આ સંસારી પ્રાણિગણ છે.

કહ્યું છે કે - જન્મ દુઃખ છે, વૃદ્ધત્વ દુઃખ છે, રોગ અને મરણ પણ દુઃખ છે. અહો ! આ સંસાર જ દુઃખરૂપ છે, જેમાં પ્રાણીઓ કલેશ પામે છે તથા તરસથી પીડાતાને પાણી અને ભૂખથી પીડાતાને ભાતથી તૃપ્તિ થાય છે. આ જગત્માં જીવો સેંકડો દુઃખોથી દુઃખી છે અને તાવથી બબડતા માફક કકળાટ કરે છે. આવા દુઃખી લોકમાં પણ અનાર્યકર્મ કરનારો, સુખનો અર્થી, પ્રાણીનું મર્દન કરતો સ્વકર્મથી દુઃખને જ પામે છે. અથવા મોક્ષનો અર્થી છતાં સંસારે ભમે છે.

— કુશીલના કડવા વિપાકો બતાવ્યા. હવે તેઓના દર્શન-મતને કહે છે. મનુષ્યલોકમાં અથવા મોક્ષ-ગમન અધિકારમાં કેટલાંક અજ્ઞાનથી ઢંકાયેલા મતિવાળા મૂઢો, બીજાથી મોહિત થયેલા આવું પ્રતિપાદન કરે છે કે મોક્ષ આ પ્રમાણે મળે છે. કેવી રીતે મળે છે ? તે કહે છે—

ખવાય તે આહાર. - ઓદન આદિ. તેના રસની પુષ્ટિ જેનાથી થાય તેને લવણ-મીઠું કહે છે. લવણથી ભોજનની રસ પુષ્ટિ થાય છે. તેનું વર્જન અર્થાત્ લવણના ત્યાગથી મોક્ષ મળે છે. પાઠાંતરમાં आहारसपंचयवज्जणेण પાઠ છે. અર્થાત્ આહાર સાથે લવણપંચક તે આહારસપંચક છે. તેમાં સેંધવ, સંચળ, બિડ, રોમ અને સામુદ્ર છે. તે લવણથી જ બધાં રસોના સ્વાદ આવે છે. તે જ કહ્યું છે - લવણ વિનાના રસો, ચક્ષુરહિત ઇન્દ્રિયસમૂહ, દયારહિત ધર્મ, સંતોષ રહિત સુખ નથી. તથા રસોમાં લવણ, સ્નિગ્ધતામાં તેલ, યજ્ઞમાં ઘી મુખ્ય છે. આ પ્રમાણે લવણના વર્જનથી જ રસપરિત્યાગ કર્યો કહેવાય. તેના ત્યાગથી જ મોક્ષની પ્રાપ્તિ છે, તેમ કેટલાંક મૂઢો માને છે અથવા પાઠાંતરથી आहारओ पंचक वज्जणेणं કહ્યું. અર્થાત્ લસણ, ડુંગળી, ઉંટડીનું દૂધ, ગાયનું માંસ અને મધ, એ પાંચના વર્જનથી મોક્ષ બતાવે છે.

કેટલાક ભાગવતમતવાળા વારિભદ્રકાદિ સચિત્ત પાણીના પરિભોગથી મોક્ષ બતાવે છે. તે માટે તેઓ કહે છે કે - જેમ પાણી બાહ્ય મલને દૂર કરે છે. તેમ અંતરમલને પણ દૂર કરે છે. જેમ વસ્ત્રાદિની શુદ્ધિ જળથી થાય છે, તેમ બાહ્ય શુદ્ધિ માફક અંતર્ની શુદ્ધિ પણ જળ વડે માનેલી છે. તથા કેટલાક તાપસ, બ્રાહ્મણાદિ હવનથી મોક્ષ માને છે. જેઓ સ્વર્ગાદિ ફળને ઇચ્છતા નથી તેઓ સમિધ અને ઘી આદિથી હોમ કરી અગ્નિને તૃપ્ત કરે છે, તે મોક્ષ માટે અગ્નિહોત્ર કરે છે. બીજા પોતાના અભ્યુદય માટે હોમ કરે છે, તેઓ કહે છે કે - જેમ અગ્નિ સુવર્ણાદિના મેલનો નાશ કરે છે, તેમ હોમ કરવાથી આત્માના અંદરનો મેલ-પાપ પણ નાશ પામે છે.



— ઉક્ત અસંબદ્ધ બોલનારાને ઉત્તર આપવા કહે છે - શીલ વગરનાને પ્રાતઃ સ્નાન આદિથી મોક્ષ મળતો નથી, आदि શબ્દથી હાથ-પગ ધોવાથી પણ મોક્ષ મળતો નથી. તે જ કહે છે - પાણીના પરિભોગથી, તેના આશ્રિત જીવોનો નાશ થાય છે અને જીવોના ઉપમર્દનથી મોક્ષ પ્રાપ્ત ન થાય. વળી પાણી પણ એકાંતે બાહ્યમેલ દૂર કરવા સમર્થ નથી. કદાચ થાય તો પણ અંતર મલને ધોતું નથી, ભાવશુદ્ધિથી જ તેની શુદ્ધિ થાય છે. જો ભાવરહિત પણ તેની શુદ્ધિ માનો તો માછીમારો આદિની પણ જળના અભિષેકથી મુક્તિ થઈ જાય.

તે જ રીતે પાંચ પ્રકારના લવણના અપરિભોગથી પણ મોક્ષ ન થાય. કેમકે લવણ ન ખાવાથી મોક્ષ થવાની વાત યુક્તિ યુક્ત નથી. લવણ રસ જ પુષ્ટિજનક છે, તેવું એકાંતે નથી. ક્ષીર-સાકર આદિમાં પણ તે રસ છે. વળી મોક્ષની પ્રાપ્તિ દ્રવ્યથી લવણ વર્જન વડે છે કે ભાવથી ? જો દ્રવ્યથી થાય તો લવણરહિત દેશમાં બધાંનો મોક્ષ થઈ જાય. પણ આવું જોયું કે જાણ્યું નથી. જો ભાવથી મોક્ષ છે, તો ભાવ જ પ્રધાન છે, તો લવણનું વર્જન શા માટે ? વળી મૂઢ બનીને કોઈ મધ, માંસ, લસણ આદિ ખાઈને મોક્ષથી અન્યત્ર સંસારમાં વસે છે કેમકે તેઓ ઉક્ત અનુષ્ઠાન કરે છે, પણ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષ માર્ગના અનુષ્ઠાનને ન આદરીને સંસારમાં વસે છે.

— હવે વિશેષથી ત્યાગવાનું બતાવે છે - તથા જે કોઈ મૂઢ સચિત્ત પાણીથી સિદ્ધિનું પ્રતિપાદન કરે છે, મધ્યાહ્ને - સાંજે કે સવારે એમ ત્રિકાળ સંધ્યામાં પણ પાણીનો સ્પર્શ કરી સ્નાનાદિક ક્રિયા જળ વડે કરતા પ્રાણીઓની વિશિષ્ટ ગતિ-પ્રાપ્તિ માને છે, તે પણ અસમ્યક્ છે. કેમકે જો જળના સ્પર્શ માત્રથી સિદ્ધિ થતી હોય તો જળને આશ્રીને રહેતા માછીમાર આદિ ક્રુરકર્મ કરનારા, નિર્દય-નિરનુકંપ ઘણાં પ્રાણીઓ મોક્ષમાં જાય છે. વળી તેઓ કહે છે કે - બાહ્ય મલ દૂર કરવાના સામર્થ્ય જલમાં સાક્ષાત્ દેખાય છે તે પણ વિચારવાથી યુક્ત દેખાતું નથી. કેમકે જેમ પાણી અનિષ્ટ મલને દૂર કરે છે તેમ ઇચ્છિત અંગે લગાવેલ કુંકુમ આદિ પણ દૂર કરે છે, તેથી તો [પાપને જેમ દૂર કરે તેમ] પુણ્યને પણ દૂર કરશે, જે ઇષ્ટ ફળને વિઘ્ન કરનારું સિદ્ધ થશે. વળી સાધુને - બ્રહ્મચારીને પાણીથી સ્નાન કરવું તે દોષને માટે જ થાય છે - કહ્યું છે કે - સ્નાન, મદ અને કામદેવને ઉત્તેજક છે, તે કામવિકારનું પહેલું અંગ છે, માટે કામનો ત્યાગ કરીને, ઇન્દ્રિય મનમાં રત પુરુષો સ્નાન કરતા નથી. પાણીથી શરીર ભીનું કરવાથી સ્નાત નથી કહેવાતો, પણ ખરો સ્નાત તો તે જ છે, કે જેણે વ્રત લઈને તે પ્રમાળે પાળ્યા છે અને તે જ બાહ્ય તથા અંદરની શુચિ છે.

● સૂત્ર-૩૯૫ થી ૩૯૮ :-

*જો જળથી મુક્તિ મળતી હોય તો માછલા, કાચબા, જળસર્પ, બતક, ઉંટ, જળ રાક્ષસ બધાં પહેલા મોક્ષ પામે, વિદ્વાનો કહે છે તેવું બનતું નથી.*

*જો જળ કર્મરૂપી મેલને ધોઈ નાખે તો પુણ્યને કેમ ન ધોઈ નાખે ? તેથી આ કલ્પના માત્ર છે. અજ્ઞાની, અંધ માફક નેતાને અનુસરી પ્રાણ નાશ કરે છે.*

*જો સચિત્ત પાણી પાપકર્મીના પાપ હરી લે તો જલજીવોના હત્યારા પણ મુક્તિ પામે છે, પણ તે ખોટું છે. માટે જળસિદ્ધિ કહેનાર મૃષાવાદી છે.*

*જે સાંજે અને સવારે અગ્નિનો સ્પર્શ કરતા, હોમ-હવનથી સિદ્ધિ માને છે, જો આ રીતે સિદ્ધિ મળતી હોય તો અગ્નિસ્પર્શી કુકર્મી પણ સિદ્ધ થાય.*

● વિવેચન-૩૯૫ થી ૩૯૮ :-

— જો જળસંપર્કથી જ મોક્ષ થતો હોય, તો જે સતત પાણીમાં અવગાહે છે, તે મત્સ્ય, કૂર્મ, સરીસૃપ, મદ્‌ગવ, જલઉંટ તથા જળ મનુષ્ય આકૃતિવાળા જળરાક્ષસ વિશેષ, આ બધાં પહેલા મોક્ષે જશે. પણ તેવું દેખાતું નથી. ઇષ્ટ પણ નથી. માટે જે જળથી મોક્ષ બતાવે છે, તે અયુક્ત છે. એવું મોક્ષ માર્ગને જાણનારા નિપુણો કહે છે.

— વળી જો પાણી કર્મમલને હરે તો પુણ્યનો પણ નાશ કરે છે, જો પુણ્યનો નાશ ન કરે, તો કર્મ-મલનો પણ નાશ ન કરે. માટે મરજીમાં આવે તેમ બોલો છો કે - ''જલ પાપનો નાશ કરે છે'' તે યોગ્ય નથી. આ પ્રમાણે સિદ્ધ થવાથી જે સ્માર્તમાર્ગને અનુસરતા જે સ્નાનાદિ ક્રિયા કરે છે, તે જેમ એક જાતિઅંધ, બીજા જાતિઅંધ નેતાને અનુસરીને જતાં કુપથના આશ્રયી બને છે, ઇચ્છિત સ્થાને પહોંચતા નથી. એમ સ્માર્ત માત્રને અનુસરનારા જલ-શૌચ પરાયણા, અજ્ઞાની, કર્તવ્ય-અકર્તવ્ય વિવેકરહિત થઈને પાણી તથા તેને આશ્રીને રહેલા પૂરા વગેરે જીવોનો પણ ઘાત કરે છે કેમકે જલક્રિયાથી અવશ્ય પ્રાણની હાની સંભવે છે.

— વળી પાપના ઉપાદાનભૂત જે પ્રાણીઓને દુઃખ દેનારાં કૃત્યો કરનારો જીવ જે કર્મો એકઠાં કરે છે, તે કર્મ-પાપને જો પાણી દૂર કરતું હોય તો એમ સિદ્ધ થાય કે પ્રાણીના ઉપમર્દનથી જે કર્મો બંધાય તે જળના અવગાહનથી દૂર થાય છે. તેથી જળના જીવોના ઘાતકો પાપથી ઘણાં ભારે થયા હોય તે પણ મોક્ષમાં જાય. પણ તેવું કદી જોયું કે જાણ્યું નથી. તેથી જળના અવગાહનથી સિદ્ધિ માનનારા જૂઠું બોલે છે.

— જેઓ અગ્નિહોત્ર-હોમ વડે સ્વર્ગની વાંછા કરે છે તે કહે છે - કેટલાંક મૂઢો અગ્નિમાં હોમ કરીને સુગતિગમન આદિ સ્વર્ગ પ્રાપ્તિરૂપ કૃત્ય બતાવે છે - કેવા ? સાંજે કે વિકાલે અને પ્રભાતકાળે અગ્નિમાં, જે ઇષ્ટ હોય તેવી વસ્તુ હોમીને અગ્નિને તૃપ્ત કરતા ઇષ્ટ ગતિની અભિલાષા કરે છે તેઓ આ પ્રમાણે બોલે છે - અગ્નિના આ કાર્યથી જ સિદ્ધિ મળશે. જો તેમના કહેવા પ્રમાણે અગ્નિના સ્પર્શથી જ સિદ્ધિ થતી હોય, તો અગ્નિનો સ્પર્શ કરનારા કુકર્મીઓ - અંગાર દાહક, કુંભાર, લૂહાર આદિની સિદ્ધિ થાય. જો તેઓ એમ કહે કે મંત્રો વડે પવિત્ર કરીને હોમીએ છીએ, તો તે પણ તે વાત માત્ર તેમનાં મિત્રો જ માનશે.



કેમકે તે કુકર્મીઓને પણ અગ્નિના કાર્યમાં અંતે રાખ બને છે અને અગ્નિ હોત્રિકાદિઓને પણ અગ્નિ વડે રાખ જ બને છે, તેમાં કોઈ ભેદ પડતો નથી. તેથી કુકર્મીઓ કરતા અગ્નિહોત્રીના કર્મકાંડમાં કોઈ વિશેષતા નથી. વળી જે કહે છે કે - ''અગ્નિમુખા દેવો છે''. તે પણ યુક્તિ યુક્ત નથી, કહેવાનું જ માત્ર છે વિષ્ઠાદિનું પણ અગ્નિ ભક્ષણ કરે છે. તેથી જો અગ્નિને દેવ માનો તો ઘણાં દોષો ઉત્પન્ન થશે.

આ પ્રમાણે કુશીલ દર્શનો બતાવ્યા, હવે તેઓને સામાન્ય ઠપકો આપે છે.

● સૂત્ર-૩૯૯ થી ૪૦૨ :-

*[જળ કે અગ્નિથી મોક્ષ કહેનારે] પરીક્ષા કરીને જોયું નથી. એ રીતે સિદ્ધિ મળતી નથી. આવા બોધ નહીં પામેલા જીવો ઘાત પામે છે. ત્રસ અને સ્થાવર જીવો સુખને ઇચ્છે છે, તેવું જાણીને બોધ પામ.*

*પાપકર્મી રડે છે, લુપ્ત થાય છે, ત્રાસ પામે છે. તેથી વિદ્વાન્, વિરત અને આત્મગુપ્ત ભિક્ષુ, ત્રસ-સ્થાવર પ્રાણીના સ્વરૂપને જાણીને તેની હિંસા ન કરે.*

*જે ધર્મથી પ્રાપ્ત આહારનો સંચય કરીને ભોજન કરે છે, શરીર સંકોચીને પણ સ્નાન કરે છે, વસ્ત્રો ધુવે છે અથવા મસળે છે, તે સંયમથી દૂર કહેવાય છે.*

*ધીર પુરુષ જળ-સ્નાનથી કર્મબંધ જાણીને મોક્ષ પર્યન્ત અચિત્ત જળ વડે જીવનયાપન કરે, બીજ-કંદાદિનું ભોજન ન કરે, સ્નાન અને મૈથુનને તજે.*

● વિવેચન-૩૯૯ થી ૪૦૨ :-

— જે મુમુક્ષુએ પાણીના સંપર્કથી કે અગ્નિહોત્રથી સિદ્ધિ કહી છે તે યુક્તિરહિત કહેલું છે - શા માટે ? કેમકે આ રીતે જળમાં અવગાહન કે અગ્નિહોત્ર વડે પ્રાણીઓના ઉપમર્દનથી સિદ્ધિ થતી નથી. તે પરમાર્થને ન જાણનારા પ્રાણીના ઉપઘાત વડે ધર્મબુદ્ધિથી પાપ જ કરતા જુદા જુદા પ્રકારે જેમાં પ્રાણીને હણે છે - ઘાત કરે છે, તે ઘાત જ સંસાર છે, તેને મેળવે છે. કેમકે અપ્‌કાય અને તેજસ્કાયના સમારંભથી ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો અવશ્ય નાશ થશે. તે પ્રાણીઓના વિનાશથી સંસાર જ મળે, સિદ્ધિ ન મળે. એવો અભિપ્રાય છે. જો આવું છે તો સદ્ અસદ્‌નો વિવેક જાણનારા હે વિદ્વાન્ ! તું યથાવસ્થિત તત્વ ગ્રહણ કરીને ત્રસ-સ્થાવર જીવો વડે તેઓ વર્તમાન સુખ કેવી રીતે પામશે ? તે વિચાર. - આ કથનનો સાર એ છે કે—

બધાં જ જીવો સુખની ઇચ્છાવાળા અને દુઃખના દ્વેષી છે. તે સુખની ઇચ્છાવાળાને દુઃખ ઉત્પન્ન કરીને સુખની પ્રાપ્તિ ન થાય. અથવા વિદ્યા-જ્ઞાનને ગ્રહણ કરીને, વિવેક પ્રાપ્ત કરીને ત્રસ-સ્થાવર જંતુઓ વડે કરણભૂત સાતા-સુખને તું જાણ. શાસ્ત્રમાં કહ્યું છે - પહેલા જ્ઞાન અને પછી દયા [પાલન], એ પ્રમાણે બધાં સંયમીએ વર્તવું કેમકે અજ્ઞાની શું [દયા] કરશે ? પુન્ય-પાપ કેમ જાણે ?

— જેઓ પ્રાણીના ઉપમર્દન વડે સુખની અભિલાષા કરવાના સ્વભાવવાળા છે તેઓ અશીલ અને કુશીલ છે - તેઓ સંસારમાં આ પ્રમાણે અવસ્થાને અનુભવે છે તે કહે છે - તેજસ્કાયનો સમારંભ કરનારા જીવોના સમારંભ વડે સુખની ઇચ્છા કરતા નરકાદિ ગતિમાં જઈને તીવ્ર દુઃખથી પીડાતા અસહ્ય વેદનાથી, ખેદિત મનવાળા,

અશરણ થઈને રૂદન કરે છે, ફક્ત કરુણ આક્રંદન કરે છે, તથા ખડ્‌ગ વગેરેથી છેદાય છે.

આ પ્રમાણે ત્યાં કદર્થના પામવાથી, ત્રાસ પામીને તે નાસભાગ કરે છે. તેઓ સકર્મી-પાપી છે. જીવો સર્વત્ર પૃથક્-પૃથક્ રહેલા છે, એમ જાણીને ભિક્ષણ-શીલ-સાધુ વિચારે કે પ્રાણીઓને દુઃખ દેનારા સ્વયં સંસારે ભમીને દુઃખ પામે છે. માટે વિદ્વાને તેવા પાપોથી વિરત બનીને, પાપના અનુષ્ઠાનથી આત્માને ગુપ્ત રાખી-આત્મગુપ્ત અર્થાત્ મન, વચન, કાયાથી ગુપ્ત બને. ત્રસ અને સ્થાવર જીવોને જાણીને તેનો ઉપઘાત કરનારી ક્રિયાથી નિવૃત્ત થાય.

— હવે પોતાના જૂથના [જૈન સાધુ] કુશીલો જે બોલે છે, તે કહે છે - જે શીથીલવિહારી સાધુઓ ધર્મ વડે પ્રાપ્ત એવી ઔદ્દેશિક, ક્રીત, કૃતાદિ દોષરહિત એવા પ્રકારની દોષરહિત ગૌચરી લઈને રાખી મુકે - સંનિધિ કરીને ખાય છે તથા જેઓ અચિત્ત જળ વડે પણ અંગોપાંગ સંકોચીને અચિત્ત પ્રદેશમાં જ દેશથી કે સર્વથી સ્નાન કરે છે, તથા જે વસ્ત્રોને ધુવે છે, શોભાને માટે વસ્ત્રને લાંબુ હોય તો ફાડીને ટુંકુ કરે અથવા ટુંકાને સાંધીને લાંબુ કરે. વળી આ પ્રમાણે સ્વાર્થને માટે કરે કે બીજાને માટે કરે, તો આવા સાધુ નિર્ગ્રન્થ ભાવના સંયમ અનુષ્ઠાનથી દૂર રહે છે - તેને સંયમ હોતો નથી. આ પ્રમાણે તીર્થંકર, ગણધર આદિ કહે છે.

કુશીલો કહ્યા, હવે તેના વિપરીત સુશીલોને વર્ણવે છે.

— 'ધી' વડે શોભે તે ધીર-બુદ્ધિમાન, જળના સમારંભમાં કર્મબંધ થાય એવું સમજીને શું કરે ? પ્રાસુક જળ વડે, સૌવીર આદિ અચિત્ત પાણીથી પ્રાણોને ધારણ કરે. च શબ્દથી બીજો પણ આહાર પ્રાસુક લઈને જ જીવન ગુજારે. આ પ્રમાણે તે દીક્ષા લીધી ત્યાંથી મોક્ષ થાય ત્યાં સુધી અથવા ધર્મના કારણોનું આદિભૂત શરીર, તેની વિમુક્તિ થાય ત્યાં સુધી અર્થાત્ આજીવન અચિત્ત આહાર-પાણી વાપરે. વળી તે સાધુ બીજ-કંદ આદિ ન વાપરે. आदि શબ્દથી મૂળ, પત્ર, ફળનો પણ ત્યાગ કરે. મૂળ આદિ અપરિણતનો ત્યાગ કરી વિરત થાય. — કેવી રીતે ? — તે બતાવે છે.

સ્નાન, અભ્યંગન, ઉદ્વર્તનાદિ ક્રિયા અને શરીરનું મમત્વ છોડીને તથા ચિકિત્સાદિ ક્રિયા ન કરીને વિરત થાય. તેમજ સ્ત્રીઓથી પણ દૂર રહે. વસ્તિનિરોધ - બ્રહ્મચર્યના ગ્રહણથી બીજા પણ આશ્રવો ત્યાગે તેમ સમજવું. આ પ્રમાણે બધાં આશ્રવદ્વારોથી વિરત થયેલો કુશીલ દોષો ન સેવે અને તેના યોગના અભાવે સંસારે ભમતો નથી. તેનાથી દુઃખી થઈ રડવું પડતું નથી, તેમજ વિવિધ ઉપાયો વડે છેદન-ભેદન પામતો નથી.

ફરી પણ કુશીલોને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૪૦૩ થી ૪૦૬ :-**

***જેણે માતા, પિતા, ઘર, પુત્ર, પશુ અને ધનને છોડીને [દીક્ષા લીધી, પછી પણ] સ્વાદિષ્ટભોજી કુલો પ્રતિ દોડે છે, તે શ્રામણ્યથી દૂર છે.***

***જે સ્વાદિષ્ટ કુલો પ્રતિ દોડે છે, ઉદરપૂર્તિ માટે ગૃદ્ધ બની ધર્મ કહે છે, ભોજનાર્થે આત્મપ્રશંસા કરે છે, તે આચાર્યના સેંકડે ભાગે પણ નથી.***



***દીક્ષા લઈ જે પર-ભોજન માટે દીન બને છે. ઉદરાર્થે ગૃદ્ધ બની ભાટ ચારણની જેમ પ્રશંસે છે, તે આહારગૃદ્ધ સુવરની જેમ જલ્દી નાશ પામે છે.***

***જે આલોકના અન્ન-પાન નિમિત્તે સેવકની જેમ પ્રિયવચનો બોલે છે તે પાર્શ્વસ્થ અને કુશીલ છે. ધાન્યના ફોતરા જેવો નિસ્સાર બને છે.***

● **વિવેચન-૪૦૩ થી ૪૦૬ :-**

જે કેટલાંકને સમ્યગ્ ધર્મ પરિણત થયો નથી, તેઓ માતા-પિતાને છોડીને, માતા-પિતા છોડવા દુષ્કર હોવાથી તેનું ગ્રહણ કર્યુ છે. તેથી ભાઈ અનો દોહિત્રાદિને પણ ત્યજીને એમ જાણવું. તથા ઘર, સંતાન, હાથી, ઘોડા, રથ, ગાય, ભેંસ આદિને અને ધનને ત્યજીને સમ્યક્ પ્રવ્રજ્યા માટે ઉધમી બનીને અર્થાત્ પાંચ મહાવ્રતના ભારને ખંભે ચડાવીને ફરી હીનસત્વપણે રસ-સાતાદિ ગારવમાં ગૃદ્ધ બનીને જે સ્વાદવાળા-ભોજનવાન્ ઘરોમાં જાય છે, તેઓ શ્રમણભાવથી દૂર રહે છે, તેમ તીર્થંકર-ગણધરો કહે છે.

— જેઓ સ્વાદિષ્ટ ભોજનવાળા કુળોમાં જાય છે, તથા જઈને ત્યાં ધર્મ કહે છે અથવા ભિક્ષાર્થે પ્રવેશેલો, જેને જેવું રૂચે તેવું કથાનક-સંબંધ તેને કહે છે. કેવો બનીને ? તે કહે છે. ઉદર માટે ગૃદ્ધ બનીને - પેટ ભરવામાં વ્યગ્ર - પેટભરો બનીને. અર્થાત્ જે પેટ માટે આસક્ત બનીને આહારાદિ નિમિત્તે દાનની શ્રદ્ધાવાળા કુળોમાં જઈને કથાનિકા કહે છે, તે કુશીલ છે. તે આચાર્ય અથવા આર્યના ગુણોમાંના સોમા-હજારમાં ઇત્યાદિ ગુણોથી પણ નીમ્નકક્ષાએ વર્તે છે. કેમકે જે અન્નને માટે અર્થાત્ ભોજનનિમિત્તે કે બીજા કોઈ વસ્ત્ર આદિ નિમિત્તે પોતાના ગુણો બીજા પાસે પ્રગટ કરાવે તે પણ આર્યોના ગુણોના હજારમાં અંશે વર્તે છે, તો પછી પોતાની મેળે જ પોતાના ગુણો ગાવા લાગે, તેનું તો કહેવું જ શું ?

— વળી જે પોતાનું ધન, ધાન્ય, સુવર્ણ આદિ છોડીને દીક્ષા લે છે અને લઈને બીજાના આહારના વિષયમાં દીનતા ધારણ કરી જીભ-ઇન્દ્રિયથી પરવશ બનીને ભાટ-ચારણ જેવો બનીને પોતાના મુખેથી ગમે તેવા પ્રશંસા વાક્યો દૈન્યભાવથી બોલે છે. જેમકે - તે તમે જ છો, જેના ગુણો દશે દિશાઓથી કોઈના રોકાયા વિના વહ્યા કરે છે. લોકોની વાતોમાં પણ આ ગુણો સાંભળેલા છે, પણ પ્રત્યક્ષ તમને આજે જોયા છે.

આ રીતે ઉદર-પેટ માટે ગૃદ્ધ-આસક્ત થયેલો, જેમ સૂકરાદિ મૃગ માટે જે ભક્ષ્ય વિશે, રાખેલ હોય, તેમાં ગૃદ્ધ-આસક્ત મનવાળો થઈને પોતાના જૂથને લઈને કોઈ મહાકાય સુવર, તે આહાર માટે ગૃદ્ધ થયેલો અતિ સંકટમાં પડીને શીઘ્ર જ વિનાશને પામે છે અર્થાત્ અવશ્ય તેનો વિનાશ જ થાય છે, તેની બીજી કોઈ ગતિ જ નથી, તેમ આ કુશીલ સાધુ પણ આહારમાં આસક્ત થઈને સંસારમાં પુનઃપુનઃ વિનાશ પામે છે.

— વળી તે કુશીલ અન્ન કે પાણી માટે અથવા અન્ય ઇચ્છિત વસ્ત્ર આદિ માટે

જેને જેવું પ્રિય લાગે તેવું તેને કહે છે - અનુભાષણ કરે છે. પડઘા માફક અથવા સેવક માફક જેમ રાજા આદિ બોલે, તેમ તેના હજુરીયાઓ બોલે છે, એ જ રીતે સાધુ દાતારને સેવતો-અનુસરતો આહારમાં ગૃદ્ધ બનેલો હજુરીયા માફક બધું જ કરે છે.

તે આવો ખુશામતખોર [સાધુ] સદાચાર ભ્રષ્ટ પાર્શ્વસ્થ ભાવને જ પામે છે અને કુશીલતાયુક્ત થાય છે. તથા જેમાંથી ચારિત્ર નામનો સાર ચાલ્યો ગયો છે, તે નિસ્સાર છે અથવા જેમાંથી સાર નીકળી ગયો છે, તે નિસ્સાર છે. નિઃસારપણું જેમાં વિદ્યમાન છે, તે નિઃસારવાન્ છે. જેમ ફોતરામાં દાણા ન હોય, તેમ આ સંયમાનુષ્ઠાનને નિઃસાર બનાવે છે. એવો તે માત્ર સાધુનો વેશ રાખે છે. તેથી સ્વજૂથના [જૈન સાધુમાંના] ઘણાં સાધુમાં તિરસ્કારને પામે છે અને પરલોકમાં પણ અત્યંત પીડા સ્થાનો એવા [નરકાદિ] સ્થાનોને પામે છે. કુશીલો કહ્યા, હવે સુશીલોને કહે છે.

**● સૂત્ર-૪૦૭ થી ૪૧૦ :-**

***મુનિ અજ્ઞાત કુળના આહારથી નિર્વાહ કરે, તપથી પૂજાની આકાંક્ષા ન કરે, શબ્દ અને રૂપોમાં આસક્ત ન બને, સર્વ કામભોગોની ગૃદ્ધિ દૂર કરે.***

***ધીર મુનિ બધાં સંબંધોને છોડીને, બધાં દુઃખોને સહન કરીને અખિલ, અગૃદ્ધ, અનિકેતચારી, અભયંકર, અકલુષિત આત્મા બને.***

***મુનિ સંયમની રક્ષા કરવા આહાર કરે, પાપોને દૂર કરવા પ્રયત્ન કરે. દુઃખ દૂર કરવા સંયમને સાચવે, સંગ્રામશીર્ષ બની કામનાઓને દમે.***

***પરીષહાદિથી પીડાતા સાધુ બંને બાજુથી છોલાતા પાટિયા માફક રાગદ્વેષ ન કરતા મૃત્યુની પ્રતિક્ષા કરે. આ રીતે કર્મક્ષય કરતા જેમ ધરી તુટતા ગાડું ન ચાલે, તેમ કર્મો તુટતા સંસાર ચાલતો નથી - તેમ હું કહું છું.***

**● વિવેચન-૪૦૭ થી ૪૧૦ :-**

[૪૦૭-] અજ્ઞાત પિંડ એટલે અંતપ્રાંત અથવા પહેલાના કે પછીની ઓળખાણ કાઢ્યા વિના આહાર લેવો તે અજ્ઞાત પિંડ છે. તેવો આહાર ભિક્ષાવૃત્તિથી પ્રાપ્ત કરીને પોતાને પાળે-જીવન વીતાવે. એવું કહે છે કે - અંતપ્રાંત આહાર મળે કે આહાર ઓછો-વત્તો મળે તો પણ દીનતા ન કરે. જો ઉત્કૃષ્ટ આહાર મળે તો મદ ન કરે. તપ વડે પૂજા-સત્કાર ન ઇચ્છે-પૂજા સત્કાર માટે તપ ન કરે. જો પૂજા સત્કારના નિમિતથી તપ કરે તો તેવા પ્રકારના અર્થીપણાથી મોટા સાધુ પણ મુક્તિહેતુક કરાયેલ કોઈપણ તપને નિઃસાર ન કરે. તે જ કહ્યું છે કે - પરલોકમાં શ્રેષ્ઠ સ્થાન અપાવનાર તપ અને શ્રુત એ બે છે. તેનાથી સંસારી વાંછા કરવાથી તેમાંથી સાર નાશ પામે છે અને ઘાસના તણખલા માફક તે તપ-શ્રુત થાય છે.

જેમ રસમાં આસક્તિ ન કરે, તેમ શબ્દાદિમાં પણ ન કરે, તે કહે છે - વેણુ, વિણા આદિના શબ્દો સાંભળીને તેમાં આસક્તિ ન કરે, કર્કશવચનોમાં દ્વેષ ન કરે. મનોજ્ઞ-અમનોજ્ઞ રૂપમાં રાગ-દ્વેષ ન કરે. એ રીતે બધાં કામ વિકારોમાં ગૃદ્ધિ છોડીને સંયમનું પાલન કરે. મનોજ્ઞ-અમનોજ્ઞ વિષયોમાં સર્વથા રાગ-દ્વેષ ન કરે. તે જ કહે



છે - શબ્દો સુંદર કે ખરાબ હોય, તે કાનના વિષયમાં પ્રાપ્ત થતા સાધુએ તેમાં ખુશ કે નાખુશ ન થવું. રૂપ સુંદર કે ખરાબ દૃષ્ટિ સન્મુખ આવે ત્યારે સાધુએ હર્ષ કે રોષ ન કરવો. નાકના વિષયમાં આવેલ સુગંધ કે દુર્ગન્ધમાં સાધુ કદી તુષ્ટ કે રુષ્ટ ન થાય. રસનાના વિષયમાં મનોજ્ઞ કે અમનોજ્ઞ ભોજન પ્રાપ્ત થતા સાધુ કદી ખુશ કે નાખુશ ન થાય. સ્પર્શના વિષયમાં પ્રાપ્ત સ્પર્શ ભદ્રક હોય કે અભદ્રક, સાધુ તેનાથી રતિ કે અરતિ ન પામે.

[૪૦૮] જેવી રીતે ઇન્દ્રિયોનો નિરોધ કરે, તે રીતે બીજાના સંગનો પણ નિરોધ કરે તે બતાવે છે - સર્વે સંબંધો, અંતરથી સ્નેહલક્ષણ અને બાહ્યથી દ્રવ્ય પરિગ્રહ લક્ષણ. તે બંનેનો છોડીને વિવેકી સાધુ શરીર-મનનાં પરીષહ-ઉપસર્ગ જનિત દુઃખોની ઉપેક્ષા કરીને સમ્યક્ રીતે સહેતો જ્ઞાન-દર્શન-ચારિત્ર વડે સંપૂર્ણ બને છે તથા કામ-ભોગમાં આસક્ત ન બનીને અપ્રતિબદ્ધવિહારી બને તથા જીવોને અભય કરનારો, ભિક્ષણશીલ ભિક્ષુ-સાધુ એ રીતે વિષય-કષાયથી આકુળ ન બનતાં આત્માને સ્થિર રાખીને અનાવિલ આત્મા બની સંયમમાં અનુવર્તે.

[૪૦૯] સંયમભાર યાત્રા અર્થાત્ પંચ મહાવ્રતના ભારના નિર્વાહને માટે ત્રણ કાળને જાણનાર મુનિ આહાર ગ્રહણ કરે. તથા પૂર્વે આચરિત કર્મો - અશુભ કર્મોને પૃથક્ કરવા - વિનાશ માટે આકાંક્ષા કરે. વળી તે ભિક્ષુ દુઃખ અર્થાત્ પરીષહ-ઉપસર્ગજનિત પીડાથી વ્યાપ્ત થઈ સંયમ કે મોક્ષને ગ્રહણ કરે - [તેમાં ધ્યાન રાખે] જેમ કોઈ સુભટ કોઈ યુદ્ધમાં મોખરે ઉભો હોય, શત્રુઓથી પીડાતો હોય, તો પણ શત્રુઓનું દમન કરે છે, એ રીતે સાધુ પરીષહ-ઉપસર્ગોથી પીડાવા છતાં પણ કર્મશત્રુઓનું દમન કરે.

[૪૧૦] પરીષહ-ઉપસર્ગોથી હણાવા છતાં - પીડા પામવા છતાં સમ્યક્તયા સહન કરે - કોની માફક ? પાટિયાની માફક. જેમ સુતાર પાટિયાને બંને પડખેથી છોલીને પાતળું તથા સરખું કરે છે, પણ તે રાગ-દ્વેષ કરતું નથી તેમ આ સાધુ પણ બાહ્ય અને અભ્યંતર તપસહિત, પોતાના દેહને ખૂબ તપાવવાથી દુર્બળ શરીરવાળો થાય તો પણ રાગ-દ્વેષ ન કરે અને મૃત્યુની પ્રાપ્તિની અભિલાષા કરે. આ પ્રમાણે આઠ પ્રકારના કર્મોને દૂર કરીને, ફરી જન્મ, વૃદ્ધત્વ, મરણ, શોક આદિ પ્રપંચો નટ માફક જેમાં ફેલાય તે સંસાર છે, તેને પામતો નથી. જેમ અક્ષ-ધરી, તેનો વિનાશ થતાં ગાડું વગેરે સમ-વિષમ માર્ગે ધરીના આધાર વિના ચાલી ન શકે. તેમ સંસારના ઉપષ્ટંભના કારણોના અભાવે સંસાર ચાલી શકતો નથી. કેમકે સાધુને આઠ પ્રકારના કર્મનો ક્ષય થતા સંસારરૂપી પ્રપંચ પ્રાપ્ત ન થાય.

અનુગમ પુરો થયો. નયો પૂર્વવત્ જાણવા. इति શબ્દ અધ્યયનની સમાપ્તિ સૂચવે છે, ब्रवीमि શબ્દ પૂર્વવત્ જાણવો.

**શ્રુતસ્કંધ-૧ - અધ્યયન-૭, ''કુશીલપરિભાષિત''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ૐ શ્રુત.૧, અધ્યયન-૮ "વીર્ય" ૐ

● ભૂમિકા :-

સાતમું અધ્યયન કહ્યું, હવે આઠમું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અનંતર અધ્યયનમાં કુશીલ અને તેનાથી વિપરીત સુશીલો પ્રતિપાદિત કર્યા. તેઓનું કુશીલત્વ અને સુશીલત્વ સંયમ-વીર્યાન્તરાયના ઉદયથી અને તેના ક્ષયોપશમથી થાય છે. તેથી 'વીર્ય' પ્રતિપાદનને માટે આ અધ્યયન કહેવાય છે. આ સંબંધથી આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો ઉપક્રમાદી કહેવા જોઈએ. તેમાં ઉપક્રમ અંતર્ગત્ આ અર્થાધિકાર છે - બાલ, બાલપંડિત, પંડિત એ ત્રણ ભેદે વીર્યને સમજીને પંડિતવીર્યમાં પ્રયત્ન કરવો. નામનિષ્પન્ન નિક્ષેપે 'વીર્ય' અધ્યયન નામે છે. 'વીર્ય'ના નિક્ષેપાને નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૯૧-] વીર્યના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભેદથી છ પ્રકારે નિક્ષેપ છે તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્યવીર્ય બે ભેદે-આગમથી અને નોઆગમથી. આગમથી-જ્ઞાતા હોય પણ ઉપયોગરહિત હોય. નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીર, વ્યતિરિક્ત ત્રણ ભેદ. વ્યતિરિક્તમાં સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ ભેદ. સચિત્ત દ્રવ્યવીર્ય - ત્રણ ભેદે - દ્વિપદ, ચતુષ્પદ, અપદ, દ્વિપદમાં અરિહંત, ચક્રવર્તી, બલદેવાદિ. સ્ત્રી રત્નનું જે વીર્ય [શક્તિ] અથવા જેની શક્તિ વિશેષ છે, તે અહીં દ્રવ્યવીર્યપણે લેવું. ચતુષ્પદમાં હસ્તિરત્ન અથવા સિંહ, વાઘ, શરભનું બળ લેવું. અથવા બોજો ઉંચકવામાં કે દોડવામાં જે શક્તિ હોય તે વર્ણવવી. અપદમાં વૃક્ષ-ગોશીર્, ચંદનાદિના શીતોષ્ણ કાળે ઉષ્ણશીત વીર્ય પરિણામ લેવા - હવે અચિત્તવીર્ય કહે છે—

[નિ.૯૨,૯૩-] અચિત્ત દ્રવ્યવીર્ય - આહાર, આવરણ, પ્રહરણોમાં જે વીર્ય તે. તેમાં આહારવીર્ય કહે છે - ઘીથી પૂર્ણ ઘેવરાદિ ખાવાથી જલ્દી ઇન્દ્રિયો આદિમાં તેજ આવે, મન પ્રસન્ન થાય, કફ દૂર થાય. ઔષધી તે કાંટો લાગતા ઘા રૂઝવવાં કામ લાગે, ઝેર દૂર કરે અને બુદ્ધિ વધારે તે રસવીર્ય છે. વીપાકવીર્ય તે ચિકિત્સા શાસ્ત્રાદિમાં છે, તે અહીં લેવું તથા યોનિપ્રાભૃત આગમથી વિવિધ પ્રકારનું દ્રવ્ય વીર્ય લેવું.

આવરણમાં કવચ આદિ અને પ્રહરણમાં ચક્ર આદિની શક્તિ તે.

હવે ક્ષેત્ર અને કાળ વીર્ય પાછલી અડધી ગાથા વડે કહે છે. ક્ષેત્રવીર્ય તે દેવકુરુ આદિ ક્ષેત્રને આશ્રીને બધાં દ્રવ્યો ક્ષેત્રના ગુણથી ઉત્કૃષ્ટ શક્તિવાળા હોય છે. અથવા દુર્ગ આદિ ક્ષેત્રને આશ્રીને જે વીર્યોલ્લાસ થાય તે અથવા જે ક્ષેત્રમાં વીર્યનું વર્ણન કરાય છે, તે ક્ષેત્રવીર્ય.

કાલવીર્ય - સુષમસુષમ આરામાં જાણવું [તેમાં બધી વસ્તુ સર્વોત્તમ ગુણદાયી હોય છે.] તથા કહ્યું છે કે - વર્ષામાં લવણ, શરદમાં જલ, હેમંત ઋતુમાં ગાયનું દૂધ, શિશિરમાં આમળાનો રસ, વસંતમાં ઘી અને ગ્રીષ્મમાં ગોળ અમૃત સમાન છે. બાલહરડે-ઉનાળામાં ગોળ સાથે, વાદળછાયા આકાશવાળી વર્ષામાં સિંધવ સાથે,



શરદઋતુમાં સાકર સાથે, હેમંતમાં શુંઠ સાથે, શિશિરમાં પીપર સાથે, વસંતમાં મધ સાથે જેમ પુરુષોના રોગનો નાશ થાય છે, તેમ તારા શત્રુઓ નાશ પામો.

- હવે ભાવવીર્ય—

[નિ.૯૪,૯૫-] વીર્યની શક્તિવાળા જીવની વીર્યના વિષયમાં અનેકવિધ લબ્ધિઓ છે તે પાછલી અડધી ગાથા વડે બતાવે છે. જેમકે - છાતીમાં હોય તે શરીરબળ છે, ઇન્દ્રિયોનું બળ તે અધ્યાત્મ [મનનું] બળ છે. આ બળ ઘણું અને ઘણાં પ્રકારે છે, તે બતાવે છે - અંદરના વ્યાપાર વડે ગ્રહણ કરેલા મનોયોગ્ય પુદ્ગલો મનપણે પરિણમાવે છે. કાય યોગ્યને કાયપણે - શ્વાસ ઉચ્છ્વાસ યોગ્યને તે ભાવે પરિણમાવે છે. તથા મન-વચન-કાયાદિના, તે ભાવે પરિણત જે વીર્ય-સામર્થ્ય બે ભેદે છે. સંભવ અને સંભાવ્ય.

તેમાં સંભવ માં તીર્થંકર અને અનુત્તર વિમાનના દેવોના ઘણાં જ નિપુણ મનોદ્રવ્યો હોય છે. કેમકે તીર્થકરો, અનુત્તરોપપાતિક દેવો, મનઃપર્યાયજ્ઞાનીના પ્રશ્ન-ઉત્તર દ્રવ્ય મનથી જ કરે છે, અનુત્તરોપપાતિક દેવોનો સર્વ વ્યાપાર મન વડે જ થાય છે. सम्भाव्य માં તો જે જે અર્થમાં કુશળમતિનું કહેલું હમણાં ન સમજી શકે તે અભ્યાસથી ભવિષ્યમાં સમજી શકશે માટે सम्भाव्य કહ્યું.

વાગ્વીર્ય પણ બે પ્રકારે છે - સંભવ અને સંભાવ્ય. તેમાં सम्भव માં તીર્થંકરોની યોજન સુધી ફેલાતી વાણી, બધાંને સ્વ-સ્વભાષામાં સમજે છે. તથા બીજા પણ કેટલાંકને ક્ષીરાશ્રવ, મધ્વાશ્રવ લબ્ધિયુક્ત વાણીનું સૌભાગ્ય હોય છે તથા હંસ, કોકીલ આદિને સ્વરમાધુર્ય સંભવે છે. सम्भाव्य માં શ્યામા સ્ત્રીનું ગાન માધુર્ય છે. તે જ કહે છે - [બે સ્ત્રી છે - શ્યામા અને કાલી] શ્યામા મધુર સ્વરે ગાય છે, કાલી કઠોર અને રૂક્ષ સ્વરે ગાય છે. તથા કહે છે - એક શ્રાવકપુત્ર યોગ્ય અભ્યાસ વિના પણ અક્ષરો [ઉચ્ચારણ] યથાવત્ કરે તે સંભાવ્ય છે. જેમ મેના-પોપટ મનુષ્ય સંસર્ગે માનુષભાષા શીખી લે છે.

છાતીનું બળ-કાયવીર્ય પણ સંભવ અને સંભાવ્ય બે ભેદે છે. सम्भव માં ચક્રવર્તી, બલદેવ, વાસુદેવાદિનું જે બાહુબળ આદિ કાયબળ છે. જેમકે ત્રિપૃષ્ઠ વાસુદેવે ડાબા હાથની હથેળી વડે કોટિશિલાને ઉંચકી અથવા ૧૬,૦૦૦ રાજાનું સૈન્ય [જે સાંકળ ખેંચે, તે વાસુદેવ ડાબા હાથે અટકાવી રાખે] ઇત્યાદિ. જિનેન્દ્રોનું બળ તેથી પણ અપરિમિત હોય છે. सम्भाव्य માં તીર્થંકરો લોકને દડા માફક અલોકમાં ફેંકવાની આદિ શક્તિવાળા હોય છે. તેમજ કોઈપણ ઇન્દ્ર જંબૂદ્વીપને ડાબા હાથે સહજ રીતે મેરુ પર્વતને દંડ કરીને છત્રી માફક ઉંચકે તથા સંભાવનાથી આ બાળક મોટો થઈને મોટી શિલાને ઉંચકવાને, હાથીને દમવાને કે ઘોડાને દોડાવવા શક્તિમાન બને. શ્રોત્ર આદિ ઇન્દ્રિયબળ પણ સ્વ-સ્વ વિષય ગ્રહણ કરવા સમર્થ છે. તેના પણ સંભવ અને સંભાવ્ય બે ભેદ છે. જેમ કાનનો વિષય બાર યોજનનો છે, એ રીતે બધી ઇન્દ્રિયોના વિષય જાણવા. सम्भाव्य માં કોઈ ઇન્દ્રિય થાકેલી હોય, તે ક્રુદ્ધ-તરસ્યો કે ગ્લાનાદિ હોવાથી તે - તે વખતે સ્વ વિષય ગ્રહણ ન કરે, પણ દોષનો ઉપશમ

થતા વિષય ગ્રહણ કરે તેવી સંભાવના રહે છે.-- હવે આધ્યાત્મિક વીર્ય કહે છે -

[નિ.૯૬-] આત્મ સંબંધી, તે અધ્યાત્મ, તેમાં જે રહે તે આધ્યાત્મિક. અર્થાત્ આંતરશક્તિ જનિત-સાત્ત્વિક. તે અનેક પ્રકારે છે - તેમાં ઉદ્યમ એટલે જ્ઞાન, તપ, અનુષ્ઠાનાદિમાં ઉત્સાહ. તેને પણ સંભવ, સંભાવ્ય બે ભેદ યોજવા. ધૃતિ એટલે સંયમમાં સ્થૈર્ય-ચિત્ત સમાધાન. ધીરત્વ એટલે પરીષહ-ઉપસર્ગમાં ચલાયમાન ન થવું. શૌંડીર્ય-એટલે ત્યાગ સંપન્નતા-ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય છોડતા પણ મનમાં આંચકો ન લાગ્યો અથવા દુઃખમાં ખેદ ન કરે અથવા વિષમ કર્તવ્ય આવે છતાં બીજાની મદદ ઇચ્છા વિના, આ મારું જ કર્તવ્ય છે, એમ માનીને ખુશ થતો તે કાર્ય કરે. ક્ષમાવીર્ય એટલે કોઈ ગમે તેટલો આક્રોશ કરે તો પણ મનથી લેશમાત્ર ક્ષોભ ન પામે. પણ આ રીતે વિચારે - ભાવના ભાવે—

કોઈ આક્રોશ કરે ત્યારે બુદ્ધિમાને તત્ત્વાર્થ ગવેષણા મતિ રાખવી કે જો તેનો ક્રોધ સાચો છે તો રોષ શું કરવો ? જો ખોટો છે, તો રોષનો અર્થ શું ? વળી આક્રોશ, હનન, મારણ તે ધર્મભ્રષ્ટ મૂર્ખ જીવોને સુલભ છે, તેવા સમયે ધીર પુરુષ એ ત્રણેમાં અનુક્રમે વધુ લાભ છે તેમ માને.

ગાંભીર્ય-પરિષહ ઉપસર્ગમાં ન ડરવું અથવા બીજાને ચમત્કાર પમાડે તેવું ઉત્કૃષ્ઠ અનુષ્ઠાન હોય તો પણ અહંકાર ન કરે. કહ્યું છે - ઘડામાં ખોબા જેટલું ઓછું પાણી હોય તો પણ ઉછળે, ઝાંઝરમાં ઘુઘરી અવાજ કરે. પણ ભરેલ ઘડો ન છલકાય, રત્નજડિત આભૂષણ ન ખણકે.

ઉપયોગ વીર્ય સાકાર-અનાકાર ભેદથી બે પ્રકારે છે. તેમાં સાકાર ઉપયોગ આઠ પ્રકારે છે, અનાકાર ઉપયોગ ચાર પ્રકારે છે. તેનાથી ઉપયોગવાળો, પોતાના વિષયનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપે પરિચ્છેદ કરે-સમજે. યોગ વીર્ય મન-વચન-કાયાથી ત્રણ ભેદે છે. તેમાં મનોવીર્ય તે અકુશળ મનનો નિરોધ અને કુશળ મનનું પ્રવર્તન અથવા મનનું એકત્વીભાવ કરણ. મનોવીર્યથી જ નિર્ગ્રન્થ સંયતોના પરિણામોમાં વૃદ્ધિ કે સ્થિરતા પ્રાપ્ત થાય છે. વચનવીર્યથી બોલનારો પુનરુક્તિ રહિત અને નિરવદ્ય વચન બોલે. કાયવીર્ય તે હાથ-પગ સ્થિર રાખી કાચબા માફક બેસે. તપોવીર્ય તે બાર પ્રકારે તપ ઉત્સાહથી કરે, ખેદ ન કરે.

આ પ્રમાણે ૧૭ ભેદે સંયમ, એકત્વ આદિ ભાવનાના બળથી જે પ્રવૃત્તિ તે સંયમ વીર્ય, મને સંયમમાં કઈ રીતે અતિચાર ન લાગે. એ રીતે અધ્યવસાયીની પ્રવૃત્તિ ઇત્યાદિ અધ્યાત્મવીર્ય વગેરે ભાવ વીર્ય છે. વીર્યપ્રવાદ પૂર્વમાં અનંત વીર્યનું પ્રતિપાદન છે - કેવી રીતે ? - જે કારણે અનંત અર્થ પૂર્વ છે, તે પ્રમાણે વીર્ય પણ સમજવું. તેનું અનંત અર્થપણું આ પ્રમાણે સમજવું —

બધી નદીઓની રેતીની જે ગણના થાય, તેના કરતાં ઘણો વધુ અર્થ એક પૂર્વનો હોય છે. આ પ્રમાણે પૂર્વમાં અનંત અર્થપણું છે. તેના અર્થથી વીર્યની અનંતતા જાણવી. આ બધું વીર્ય ત્રણ પ્રકારે છે તે બતાવવા કહે છે—

[નિ.૯૭-] આ બધું ભાવવીર્ય પંડિત, બાળ, મિશ્ર ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં





સાધુઓને પંડિતવીર્ય છે અને બાલપંડિત વીર્ય ગૃહસ્થોને છે. સાધુઓનું પંડિતવીર્ય સાદિ સપર્યવસિત છે, જ્યારે તે સર્વવિરતિ લે ત્યારે તે સાદિ-આરંભ છે અને સિદ્ધાવસ્થામાં તેનો અભાવ થતાં સાંત છે બાળપંડિત વીર્ય દેશવિરતિ ગ્રહણ કરે ત્યારે સાદિ છે અને સર્વવિરતિ લે અથવા વ્રતભંગ કરે ત્યારે તે સાંત છે. બાળવીર્ય તે અવિરતિ લક્ષણ અભવ્યોને અનાદિ અનંત છે અને ભવ્યોને અનાદિ સાંત છે, સાદિ સાંત તે વિરતિ લઈને ભાંગે તેથી અવિરતિ 'સાદિ' થાય છે. ફરીથી જઘન્યથી અંતર્મુહૂર્તમાં અને ઉત્કૃષ્ટથી અપાર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળમાં વિરતિ સદ્‌ભાવ થતા 'સાંત' છે. સાદિ અનંત બાલવીર્ય અસંભવ છે અથવા પંડિત વીર્ય સર્વવિરતિ રૂપ છે, વિરતિ તે ચારિત્ર-મોહનીયના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ એ ત્રણ ભેદે છે. તેથી વીર્યના પણ તે જ ત્રણ ભેદો થાય છે. આ રીતે નામ નિષ્પન્ન નિક્ષેપો પુરો થયો.

હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણવાળા સૂત્રને કહે છે.

● **સૂત્ર-૪૧૧,૪૧૨ :-**

***સ્વાખ્યાત વીર્ય બે પ્રકારે કહેલું છે, વીરપુરુષનું વીરત્વ શું છે ? તેને વીર શા માટે કહે છે ?...હે સુવ્રતો ! કોઈ કર્મને વીર્ય કહે છે, કોઈ અકર્મને વીર્ય કહે છે. આ બંને સ્થાન વડે મર્ત્યલોકના માનવી જણાય છે.***

● **વિવેચન-૪૧૧,૪૧૨ :-**

— પ્રત્યક્ષ ઉપદેશ આપતા કહે છે કે - તીર્થંકર આદિ વડે વીર્યના બે ભેદ સારી રીતે કહેવાયા છે. - x - વિશેષથી પ્રેરણા કરે તે 'વીર' અર્થાત્ અહિતને પ્રેરણા કરી દૂર કરે તે વીર્ય એટલે જીવનશક્તિ. વીર-સુભટનું વીરત્વ કયુ છે ? કયા કારણથી તેને વીર કહે છે. - x - તે વીર્ય શું છે ? અથવા તે વીરનું વીરત્વ શું છે ? ભેદ દ્વારથી વીર્યના સ્વરૂપને જણાવવા કહે છે—

— કર્મ એટલે ક્રિયાનુષ્ઠાનને કેટલાંક વીર્ય કહે છે અથવા આઠ પ્રકારના કર્મને કારણમાં કાર્યનો ઉપચાર કરવો તેને જ વીર્ય કહે છે. તેથી જણાવે છે - ઔદયિક ભાવ નિષ્પન્ન કર્મ તે વીર્ય છે. ઔદયિક ભાવકર્મ ઉદયમાં હોય તે બાલવીર્ય છે. હવે અકર્મ-બીજો ભેદ કહે છે. જેને કર્મ ન હોય તે અકર્મ-વીર્યાન્તરાયના ક્ષયથી જનિત જીવનું સહજ વીર્ય તે અકર્મ. ચ શબ્દથી ચારિત્ર મોહનીયના ઉપશમ કે ક્ષયોપશમજનિત [પણ અકર્મ છે].

હે સુવ્રતા ! આવુ પંડિતવીર્ય તમે જાણો. આ બે સ્થાન વડે સકર્મક કે અકર્મકથી મેળવેલ બાલ કે પંડિતવીર્ય થકી વ્યવસ્થિત તે વીર્ય કહેવાય છે. આ બે વડે અથવા આ બે ભેદની વ્યવસ્થા માણસોમાં દેખાય છે કે કહેવાય છે. તેથી જ જુદી જુદી ક્રિયામાં પ્રવર્તમાન ઉત્સાહ, બળયુક્ત માણસને જોઈને તે લોકો કહે છે કે આ વીર્યવાન્ માણસ છે તથા વીર્યને રોકનારા કર્મના ક્ષયથી અનંતબળયુક્ત આ માણસ છે એમ કહેવાય છે અને દેખાય છે. આ બાળવીર્યને કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી વીર્યપણે કર્મ જ કહ્યું છે. હવે કારણમાં કાર્યના ઉપચારથી જ પ્રમાદને કર્મરૂપે બતાવે છે.

● સૂત્ર-૪૧૩,૪૧૪ :-

***તીર્થંકરે પ્રમાદને કર્મ અને અપ્રમાદને અકર્મ કહેલ છે. બાળ કે પંડિત તો ભાવની અપેક્ષાએ જ થાય છે...કોઈ જીવ પ્રાણીના ઘાતને માટે શસ્ત્રોનું શિક્ષણ લે છે, કોઈ પ્રાણી-ભૂતોના વિનાશ માટે મંત્રોનું અધ્યયન કરે છે.***

● વિવેચન-૪૧૩,૪૧૪ :-

— જેના વડે પ્રાણીઓ સદનુષ્ઠાન રહિત થાય તે પ્રમાદ કહેવાય છે - તે મદ્ય વગેરે છે. કહ્યું છે કે - મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ છે અને તે દૂષણરહિત તે અપ્રમાદ છે, એમ વીતરાગ પ્રભુએ કહ્યું છે. આવો પ્રમાદ કર્મોના ઉપાદાન ભૂત હોઈ તીર્થંકરો તેને કર્મ કહે છે અને અપ્રમાદને અકર્મ કહે છે. સારાંશ એ કે - પ્રમાદયુક્ત જીવ કર્મ બાંધે છે, કર્મ સહિત જીવના જે ક્રિયાનુષ્ઠાન તે બાલવીર્ય છે તથા અપ્રમત્તને કર્મનો અભાવ થાય છે આવા સાધુનું અનુષ્ઠાન તે પંડિતવીર્ય છે. આ પ્રમાણે પ્રમાદી સકર્મીનું બાલવીર્ય અને અપ્રમાદી અકર્મીનું પંડિતવીર્ય જાણવું. તે બંને વીર્યનો ભાવ-સત્તા - x - આદેશ બતાવે છે - અભવીનું બાલવીર્ય અનાદિ અનંત છે, ભવીનું બાલવીર્ય અનાદિસાંત કે સાદિ સાંત છે પંડિતવીર્ય તો સાદિ સાંત જ હોય.

— તેમાં પ્રમાદથી મૂઢ થયેલા સકર્મીના બાલવીર્યને બતાવે છે - શસ્ત્ર - તલવાર આદિ અથવા શાસ્ત્ર એટલે ધનુર્વેદ, આયુર્વેદ આદિ જીવહિંસાકારી છે, તેને સાતાગૌરવ ગૃદ્ધો કેટલાંક ઉદ્યમ કરીને શીખે છે. તે શિક્ષણ પછી પ્રાણીના વિનાશને માટે થાય છે. જેમકે તેમાં બતાવે છે કે આ રીતે આલીઢ, પ્રત્યાલીઢ વડે જીવોને મારવા માટે સ્થાન કરવું. તે માટે કહે છે—

જેને મારવા હોય તેને પોલી મુટ્ઠીમાં લક્ષમાં લેવું, તેમાં દૃષ્ટિ રાખવી, તે વખતે જો માથું ન હલાવે તો લક્ષ્યમને હણે તથા લવકરસ ક્ષય રોગીને આપવો અથવા અભયારિષ્ટ નામે દારુ આપવો. ચોર આદિને શૂલારોપણ આદિ દંડ દેવો ચાણક્યના અભિપ્રાયથી ધન માટે બીજાને ઠગવો તથા કામશાસ્ત્રાદિ અશુભ અધ્યવસાયથી ભણે. આ રીતે ધનુર્વેદાદિ શાસ્ત્રનો જે અભ્યાસ તે સર્વે બાલવીર્ય છે. વળી કોઈ પાપના ઉદયથી મંત્રો જેમાં અશ્વમેધ, પુરુષમેધ આદિ - x - શીખે છે, તે કેવા છે, તે બતાવે છે—

બેઇન્દ્રિયાદિ પ્રાણો, પૃથિવ્યાદિ ભૂતો, તેમને અનેક પ્રકારે બાધક ઋગ્વેદના મંત્રોને ભણે છે, તે કહે છે - અશ્વમેધ યજ્ઞના વચનથી મધ્યમ દિને ૫૯૭ પશુઓ મારવા. હવે શસ્ત્ર શબ્દની નિર્યુક્તિ કહે છે—

[નિ.૯૮] શસ્ત્ર-અસિ, ખડ્ગાદિ હથિયાર તથા વિદ્યા કે મંત્ર અધિષ્ઠિત દેવકૃત કર્મ પાંચ ભેદે છે - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ સંબંધિ અને મિશ્ર.

● સૂત્ર-૪૧૫,૪૧૬ :-

***માયાવી માયા કરીને કામ-ભોગનું સેવન કરે છે. સ્વસુખના અનુગામી એવા તે હનન, છેદન, કર્તન કરે છે...તે અસંયમી મન, વચન અને કાયાથી તથા તંદુલમત્સ્યવત્ મનથી આલોક-પરલોક અને બંને માટે પ્રાણિઘાત કરે છે.***



● વિવેચન-૪૧૫,૪૧૬ :-

માયા એટલે બીજાને ઠગવાની બુદ્ધિ. તે જેનામાં હોય તે માયાવી બીજાને ઠગે છે. માયાના ગ્રહણથી ક્રોધી, માની, લોભી પણ લેવા. તેઓ કામેચ્છા તથા શબ્દાદિ વિષયરૂપ ભોગોને સેવે છે. પાઠાંતરથી મન-વચન-કાયાથી આરંભમાં વર્તે છે, ઘણાં જીવોને મારતો, બાંધતો, નાશ કરતો, આજ્ઞા પળાવતો, ભોગનો અર્થી બની ધનોપાર્જન માટે પ્રવર્તે છે. આ પ્રમાણે પોતાના સુખના લોલુપી અને દુઃખના દ્વેષીઓ વિષયાસક્ત બનીને કષાયથી કલુષિત અંતર્ આત્માવાળા થઈ આવા બને છે - પ્રાણીઓને હણનારા, કાન-નાક છેદનારા અને પીઠ, પેટ વગેરે છેદનારા - આ બધું તેઓ કેમ કરે છે ? તે કહે છે—

જીવોને દુઃખ આપવાનું કાર્ય મનથી, વચનથી, કાયાથી કરતા, કરાવતા, અનુમોદતા અને કાયાથી અશક્ત હોય તો પણ તંદુલીયા મત્સ્ય વડે મનથી જ પાપાનુષ્ઠાનના અનુમોદનથી કર્મ બાંધે છે તથા આરત-પરત લૌકિકવાણી યુક્તિ-લોકવાયકા પ્રમાણે આલોક, પરલોક બંને માટે પોતે કરીને, બીજા પાસે કરાવીને તે અસંયતો જીવોને ઉપઘાત કરનારા હોય છે.

હવે તે જીવોને દુઃખ દેવાના કર્મનો વિપાક સૂત્રકાર દર્શાવે છે—

● સૂત્ર-૪૧૭,૪૧૮ :-

***વૈરી વૈર બાંધે છે, પછી વૈરની પરંપરા થાય છે, સાવદ્ય અનુષ્ઠાથી પાપ પ્રવૃત્તિ કરે છે અને છેલ્લે દુઃખના ભાગી થાય છે...આત્મદુષ્કૃતકારીઓ સાંપરાયિક કર્મો બાંધે છે, રાગ-દ્વેષના આશ્રયથી તે અજ્ઞાની ઘણાં પાપો કરે છે.***

● વિવેચન-૪૧૭,૪૧૮ :-

વૈર જેને હોય તે વૈરી, તે જીવનો હત્યારો સેંકડો જન્મના અનુબંધવાળા વૈરો બાંધે છે પછી પણ બીજા-બીજા વૈરોથી બંધાય છે, વૈર પરંપરા વધારે છે. એ રીતે પાપની સમીપ જઈને તે પાપી સાવદ્ય અનુષ્ઠાનથી જેનો વિપાક થતાં દુઃખનો સ્પર્શ થાય તેવા અસાતા વેદનીયના ફળ ભોગવે છે.

કર્મ બે પ્રકારે - ઈર્યાપથ અને સાંપરાયિક. તેમાં જે બાદર કષાયથી આવે તે સાંપરાયિક કર્મ, તે જીવોની હિંસાથી વૈરાનુબંધ થકી, પોતે પાપ કરીને કર્મો બાંધે છે, તેને જ વિશેષથી કહે છે - કષાયથી કલુષ અંતરાત્માનો સારા-નરસાનો વિવેક ભૂલીને તે અજ્ઞાની ઘણાં પાપો બાંધે છે.

આ પ્રમાણે બાલવીર્યને બતાવીને ઉપસંહારાર્થે કહે છે—

● સૂત્ર-૪૧૯,૪૨૦ :-

***આ અજ્ઞાની જીવોનું સકર્મવીર્ય કહ્યું. હવે પંડિતોનું અકર્મવીર્ય મારી પાસે સાંભળો...અકષાયી બંધનથી મુક્ત છે, સર્વે બંધનો છોડીને, પાપ કર્મને તજીને, અંતે સર્વે શલ્યોને-પાપકર્મોને કાપી નાંખે છે.***

● વિવેચન-૪૧૯,૪૨૦ :-

— આ પ્રમાણે પૂર્વે બતાવેલ, પ્રાણીઓને મારવા માટે કોઈ શસ્ત્ર કે શાસ્ત્ર

શીખે છે, કેટલાંક જીવોને પીડનારા વિદ્યા-મંત્રોને શીખે છે. તથા માયાવીઓ વિવિધ પ્રકારે માયા કરીને કામભોગને માટે આરંભો કરે છે. કેટલાંક એવા કૃત્યો કરે છે, જેનાથી વૈરની પરંપરા વધે છે. જેમકે જમદગ્નિએ પોતાની પત્ની સાથે અકાર્ય કરનાર કૃતવીર્યને મારી નાંખ્યો, કૃતવીર્યના પુત્રે પછી જમદગ્નિને માર્યો, જમદગ્નિના પુત્ર પરશુરામે સાત વખત પૃથ્વીને નક્ષત્રિય કરી, ફરી કાર્તવીર્યના પુત્ર સુભૂમચક્રીએ ૨૧-વાર બ્રાહ્મણોને મારી નાંખ્યા. તે જ કહેલું છે કે - ‘‘અપકાર કરનારનો બદલો લેવાથી માણસને કોઈ સંતોષ થતો નથી, તેથી વૈરીઓને પીડા કરીને શત્રુની આખી જાત ઉખેડી નાંખવી.’’ આવા વચનોથી કષાયવશ જીવો એવા કૃત્યો કરે છે કે, જેથી પુત્ર-પૌત્રાદિમાં પણ વૈરાનુબંધ થાય છે. આ રીતે સકર્મી બાળ જીવોનું વીર્ય અને પ્રમાદ વશ થયેલાનું કૃત્ય પ્રકર્ષથી બતાવ્યું.

હવે પંડિત જીવોનું વીર્ય હું કહું છું, તે તમે સાંભળો.

— પ્રતિજ્ઞાનુસાર કહે છે - દ્રવ્ય એટલે મુક્તિગમન યોગ્ય અથવા ભવ્ય. એટલે કે રાગ-દ્વેષરહિત, કોમળ હૃદયી, અકષાયી જીવ અથવા વીતરાગવત્ - અલ્પકષાયી જીવ, તેથી કહ્યું છે - સરાગધર્મી માટે તે અકષાયી છે, તેવું કોઈ કહી શકે ખરું ? હા, કષાય હોવા છતાં તેનો નિગ્રહ કરે તો તે પણ વીતરાગતુલ્ય છે. તે કેવો હોય છે, તે કહે છે - કષાયરૂપ બંધનથી મુક્ત-દૂર હોય છે. કષાયીને બંધનત્વ કર્મસ્થિતિનો હેતુ છે. તે જ વાત કહી છે—

બંધસ્થિતિ કષાયને વશ છે અથવા બંધનથી મુક્ત તે બંધનરહિત છે તથા બીજા સર્વ પ્રકારે સૂક્ષ્મબાદરરૂપ કષાયાત્મક બંધન છેદવાથી તે છિન્નબંધન છે. પ્રેરણા થકી કર્મના કારણભૂત આશ્રવોને દૂર કરીને શલ્યવત્ બાકીના કર્મોને જળમૂળ દૂર કરે છે. પાઠાંતર મુજબ શલ્ય માફક આઠ પ્રકારના કર્મો જે આત્માની સાથે લાગેલા છે, તેને છેદે છે.

હવે જેના આધારે શલ્યને છેદે છે, તે બતાવવા કહે છે—

● **સૂત્ર-૪૨૧,૪૨૨ :-**

***તીર્થંકર દ્વારા સુકથિત મોક્ષ માર્ગને ગ્રહણ કરીને મોક્ષ માટે ઉદ્યમ કરે, નરકાદિ દુઃખાવાસ જેમ જેમ ભોગવે, તેમ તેમ તેનું અશુભધ્યાન વધે છે.***

***વિવિધ સ્થાનના સ્થાની તે-તે સ્થાન છોડી દેશે તેમાં સંશય નથી જ્ઞાતિજનો તથા મિત્રો સાથેનો વાસ અનિત્ય છે.***

● **વિવેચન-૪૨૧,૪૨૨ :-**

જે દોરે તે નેતા છે. તે અહીં સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રાત્મક મોક્ષમાર્ગ અથવા શ્રુતચારિત્રરૂપ ધર્મ, મોક્ષમાં દોરી જનાર હોવાથી લેવાય છે. તે મોક્ષ પ્રતિ લઈ જનાર માર્ગ કે ધર્મ તીર્થંકરાદિ વડે સારી રીતે કહેવાયેલ છે. તે ગ્રહણ કરીને મોક્ષ માટે પ્રયત્ન કરે - ધ્યાન, અધ્યયન આદિમાં ઉદ્યમ કરે. ધર્મધ્યાનમાં ચડવાના આલંબન માટે કહે છે કે - ફરી ફરી બાલવીર્યથી અતીત-અનાગત અનંતભવ ગ્રહણ કરી, દુઃખમાં વસવું તે દુઃખાવાસ છે. જેમ જેમ બાલવીર્યવાળો નરકાદિ દુઃખાવાસમાં



ભટકે તેમ તેમ અશુભ અધ્યવસાયથી અશુભની જ વૃદ્ધિ થાય, આવું સંસારસ્વરૂપ વિચારનારને ધર્મધ્યાન પ્રવર્તે છે.

હવે અનિત્ય ભાવનાને આશ્રીને કહે છે - જેમાં સ્થાનો વિદ્યમાન છે, તે સ્થાની છે. જેમકે - દેવલોકમાં ઇન્દ્ર, તેના સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશત્ તથા પર્ષદાના નાયકો, મનુષ્યોમાં ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, મહામંડલિક આદિ, તિર્યંચોમાં જે કંઈ ઉચ્ચસ્થાન હોય તે, ભોગભૂમિમાંના સ્થાનો, તે બધાં વિવિધ પ્રકારે ઉત્તમ, મધ્યમ, અધમ સ્થાનો છે, તેને સ્થાની છોડશે તેમાં કોઈ સંશય નથી. કહ્યું પણ છે - અહીંના કે સ્વર્ગના સર્વે સ્થાનો અને દેવ, અસુર, મનુષ્યોની ઋદ્ધિ તથા સુખ બધું જ અશાશ્વત છે. જ્ઞાતિજન, ભાઈ, મિત્રો આદિ સાથેનો સંવાસ પણ અનિત્ય, અશાશ્વત છે. કહ્યું છે કે - દીર્ઘકાળ રહીને પણ બંધુ આદિનો વિયોગ છે, ઇચ્છિત ભોગોમાં રમવા છતાં તૃપ્તિ નથી, સુપુષ્ટ શરીરનો પણ નાશ જ છે, ફક્ત સારી રીતે ચિંતવેલો ધર્મ જ એક સહાયક છે. સૂત્રમાં મૂકેલ ‘च’ ચ-કાર ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ, શરીરાદિની અનિત્ય ભાવનાર્થે અને અશરણાદિ બાકીની અનુક્ત ભાવનાના સમુચ્ચયાર્થે છે.

● **સૂત્ર-૪૨૩,૪૨૪ :-**

***એવું જાણીને મેધાવી પોતાની ગૃદ્ધતાને છોડે અને સર્વ ધર્મોમાં નિર્મલ એવા આર્યધર્મને ગ્રહણ કરે...સ્વબુદ્ધિથી જાણીને કે ગુર્વાદિકથી સાંભળીને ધર્મનો સાર જાણી સમુદ્યત સાધુ પાપનું પ્રત્યાખ્યાન કરે.***

● **વિવેચન-૪૨૩,૪૨૪ :-**

સર્વે સ્થાનો અનિત્ય છે, એવો નિશ્ચય કરી, મર્યાદામાં રહેલ કે સારા-નરસાનો વિવેકી આત્મ સંબંધી મમત્વ દૂર કરે. આ મારું અને હું તેનો સ્વામી એવી મમતા ક્યાંય ન કરે - x - ‘आर्य’ એટલે સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રાત્મક મોક્ષ-માર્ગ અથવા આર્ય એટલે તીર્થંકરાદિનો જે માર્ગ, તેને ધારણ કરે. કેવો માર્ગ ? તે કહે છે - આ માર્ગ બધા કુતીર્થિધર્મોથી અદૂષિત છે અને પોતાના મહિમાને લીધે નિંદાવો અશક્ય છે. તેથી પ્રતિષ્ઠાવાળો છે અથવા બધા ધર્મોથી - x - અગોપિત છે - x -

સારા ધર્મનું પરિજ્ઞાન જે રીતે થાય, તે બતાવે છે - ધર્મના સાર-પરમાર્થને જાણીને. કેવી રીતે ? સારી મતિ કે સ્વમતિથી અથવા વિશિષ્ટ મતિજ્ઞાન વડે કે શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન વડે. સ્વ-પર અવબોધકજ્ઞાન વડે ધર્મનો સાર જાણીને. તીર્થંકર, ગણધર, આચાર્યાદિ થકી. ઇલાપુત્રની જેમ સ્વમતિથી કે ચિલાપુત્રની જેમ સાંભળીને ધર્મનો સાર જાણે અથવા ધર્મનો સાર તે ચારિત્ર પામે. તે પામીને પૂર્વે બાંધેલા કર્મના ક્ષય માટે પંડિતવીર્ય સંપન્ન, રાગાદિ બંધનમુક્ત, બાલવીર્યરહિત ઉત્તરોત્તર ગુણ-શ્રેણિએ ચડતો સાધુ વધતા પરિણામથી પ્રત્યાખ્યાતપાપક અર્થાત્ સાવધ અનુષ્ઠાનરૂપ પાપકર્મનો ત્યાગી બને છે - વળી -

● **સૂત્ર-૪૨૫,૪૨૬ :-**

***જ્ઞાની પુરુષ જો કોઈ પ્રકારે પોતાના આયુષ્યનો ક્ષયકાળ જાણે તો તેના***

***ક્ષય પૂર્વે જલ્દી જ સંલેખના શિક્ષા ગ્રહણ કરે.***

***જેમ કાચબો પોતાના અંગોને પોતાના દેહમાં સંકોચી લે, તેમ સાધુ પોતાના પાપોને સમ્યગ્ ધર્માદિ ભાવના વડે સંહરી લે.***

● **વિવેચન-૪૨૫,૪૨૬ :-**

જેના વડે આયુનો ક્ષય કે સંવર્ત થાય તે ઉપક્રમ. - x - પોતાના આયુષ્યનો ક્ષય કોઈ કંઈપણ કારણે જાણે, તો તે મરણ આવતા પહેલાં જલ્દી આકુળતા છોડીને, જીવિતની આશા તજીને વિવેકી સાધુ સંલેખના રૂપ શિક્ષા એટલે કે ભક્તપરિજ્ઞા કે ઇંગિતમરણાદિ અનશન કરે. તેમાં ગ્રહણશિક્ષાથી સમાધિ મરણની વિધિને જાણીને, આસેવન શિક્ષાથી તેની આરાધના કરે.

વળી [દૃષ્ટાંત કહે છે-] જેમ કાચબો પોતાના મસ્તક, હોઠ આદિ અંગોને પોતાના શરીરમાં ગોપવી દે - પ્રવૃત્તિહીન કરી દે. એ જ રીતે મર્યાદાવાન્, સદ્વિવેકી સાધુ પાપરૂપ અનુષ્ઠાનોને સમ્યગ્ ધર્મધ્યાન આદિ ભાવના વડે ત્યાગે. [સંહરે] મરણકાળ આવતા સમ્યક્ સંલેખના વડે શરીર શોષવીને પંડિતમરણ વડે આત્માને સમાધિ પમાડે.

● **સૂત્ર-૪૨૭,૪૨૮ :-**

***સાધુ પોતાના હાથ, પગ, મન અને પાંચે ઇન્દ્રિયોને સંકુચિત કરે. પાપમય પરિણામ અને ભાષાદોષનો ત્યાગ કરે.***

***પંડિત પુરુષ અલ્પ પણ માન અને માયા કરે. તેના અશુભ ફળને જાણીને સુખશીલતાનો ત્યાગ કરે તથા ઉપશાંત થઈ, સરળતાથી વિચરે.***

● **વિવેચન-૪૨૭,૪૨૮ :-**

— પાદપોપગમન, ઇંગિતમરણ કે ભક્તપરિજ્ઞામાં અથવા અન્ય કાળે કાચબા માફક હાથ, પગને સ્થિર રાખે, તથા મનને અકુશલ પ્રવૃત્તિથી નિવારે. શબ્દાદિ અનુકૂળ-પ્રતિકૂળ વિષયોમાં રાગ-દ્વેષ ન કરીને શ્રોત્રાદિ પાંચે ઇન્દ્રિયો તથા તેનાથી થતું પાપ અને આલોક-પરલોકમાં તેનું શું ફળ આવશે તે વિચારીને છોડે તથા ભાષાદોષનું પાપ તજે. મન, વચન, કાયાથી ગુપ્ત બનીને, દુર્લભ સંયમ પામીને સર્વ કર્મોના ક્ષયાર્થે પંડિતમરણની સમ્યગ્ આરાધના કરે.

— તેવા સાધુને સંયમમાં પરાક્રમ કરતા જોઈને કોઈ પૂજા-સત્કાર આદિ વડે નિમંત્રણ કરે, ત્યારે અભિમાન ન કરે - તે કહે છે - ચક્રવર્તી આદિ સત્કારાદિ વડે પૂજે ત્યારે થોડો પણ અહંકાર ન કરે. - x - અથવા ઉત્તમ મરણમાં ઉગ્રતપથી તપ્ત દેહથી હું મોટો તપસ્વી છું, તેવો ગર્વ ન કરે તથા પંડુર આર્યા માફક જરાપણ માયા ન કરે - x - એ રીતે ક્રોધ, લોભ પણ ન કરે. એ રીતે બંને પરિજ્ઞાથી કષાય અને વિપાકોને જાણીને તેને છોડે પાઠાંતરથી - સુભૂમ આદિ જેવું અતિમાન દુઃખાવહ સમજીને છોડે. જો કે સરાગીને કદી માનનો ઉદય થાય તો, તેને વિફળ કરે એ પ્રમાણે માયાદિને પણ વિફળ બનાવવા - અથવા -

જે બળ વડે સંગ્રામમાં - x - શત્રુ સૈન્યને જીતે, તે ખરેખર વીર્ય નથી, પણ



કામક્રોધાદિ જીતવા તે વીર્ય છે. - x - તેમ તીર્થંકરાદિ પાસે મેં સાંભળેલ છે - અથવા - આયત એટલે મોક્ષ-અનંત સ્થિતિ. તે જ અર્થ કે તેનું પ્રયોજન-સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર માર્ગને સારી રીતે મેળવી, જે ધૈર્યબળ વડે કામ-ક્રોધાદિના જયને માટે પરાક્રમ કરે તે જ વીરનું વીર્ય છે. - x - વળી સાતાગૌરવ અર્થાત્ સુખશીલતામાં લાલચું નહીં તથા ક્રોધાગ્નિને જીતીને ઉપશાંત થયેલ એટલે કે અનુકૂળ-પ્રતિકૂળ શબ્દાદિ વિષયમાં રાગ-દ્વેષ ન કરી, જીતેન્દ્રિય બની, તેનાથી નિવૃત્ત થાય. તથા જેના વડે પ્રાણિ હણાય તે માયા - x - તે માયાથી રહિત. - x - એ રીતે કષાયથી રહિત થઈ, સંયમ પાળે. એ પ્રમાણે મરણકાળે કે બીજા સમયે પંડિત વીર્યવાળો મહાવ્રતોમાં તત્પર થાય. તેમાં પણ પ્રાણાતિપાતવિરતિ જ મુખ્ય છે, તે બતાવવા કહે છે—

卐 उड्ढमहे तिरियं.....माहियं 卐 આ ગાથા સૂત્ર-પ્રતિમાં દેખાતી નથી, પણ જૂની ટીકામાં છે - સર્વે દિશામાં રહેલા ત્રસ-સ્થાવર જીવોની વિરતિ કરવી. તે જ શાંતિ અને નિર્વાણ કહેલું છે.

● **સૂત્ર-૪૨૯,૪૩૦ :-**

***પ્રાણીઓની હિંસા ન કરે, અદત્ત વસ્તુ ગ્રહણ ન કરે. માયા મૃષાવાદ ન કરે, એ જ જિતેન્દ્રિયોનો ધર્મ છે...મુનિ વચનથી કે મનથી કોઈપણ જીવને પીડા કરવા ન ઇચ્છે. સર્વથા સંવૃત્ત, દાંત થઈ સંયમ પાળે.***

● **વિવેચન-૪૨૯,૪૩૦ :-**

જેમને પ્રાણ પ્રિય છે, તે પ્રાણીને મારીશ નહીં, બીજાએ ન આપેલ દાંત ખોતરવાની સળી પણ ન લઈશ તથા માયાપૂર્વક મૃષાવાદ ન બોલીશ. બીજાને ઠગવા માટે જે જૂઠ બોલાય, તે માયા વિના શક્ય નથી માટે માયા મૃષાવાદ કહ્યું. - x - તેનો ત્યાગ કરવો, પણ સંયમ રક્ષાર્થે ''મેં મૃગો જોયા નથી'' ઇત્યાદિ બોલતા દોષ નથી. પૂર્વે નિર્દિષ્ટ શ્રુતચારિત્ર નામે ધર્મ કે સ્વભાવ છે. वुसीमउ - જ્ઞાનાદિવાળો અથવા આત્મવશગ અર્થાત્ જીતેન્દ્રિય છે.

પ્રાણીઓને પીડા કરવી અથવા મહાવ્રતનું ઉલ્લંઘન કરવું કે મનમાં અહંકાર લાવી બીજાને તિરસ્કારવા. આવું અતિક્રમણ વાણી કે મનથી પણ ન પ્રાર્થે. આ બંનેના નિષેધથી કાયાથી અતિક્રમ સમજી લેવો. આ રીતે મન-વચન-કાયાથી કરવું-કરાવવું-અનુમોદવું એ નવ ભેદે અતિક્રમ ન કરે તથા સર્વથા ગુપ્ત બને, ઇન્દ્રિય દમન કે તપથી દાંત રહીને મોક્ષના ઉપાદાન રૂપ સમ્યગ્ દર્શનાદિમાં ઉદ્યમ કરી, સારી રીતે સંયમ પાળે.

● **સૂત્ર-૪૩૧,૪૩૨ :-**

***આત્મગુપ્ત, જિતેન્દ્રિય પુરુષ કોઈએ કરેલા, કરાતા કે ભવિષ્યમાં કરનારા સર્વે પાપકાર્યોનું અનુમોદન કરતા નથી.***

***જે પુરુષ મહાભાગ અને વીર હોય, પણ બુદ્ધ અને સમ્યક્ત્વદર્શી ન હોય, તો તેનું પરાક્રમ અશુદ્ધ અને કર્મબંધનું કારણ છે.***

● **વિવેચન-૪૩૧,૪૩૨ :-**

સાધુ માટે જ કોઈ બીજા-અનાર્ય જેવાએ પાપ કર્મ કર્યુ હોય, હાલ કરતા હોય કે ભાવિમાં કરવાના હોય, તે બધાંને મન-વચન-કાયાથી ન અનુમોદે અર્થાત્ તેનો ઉપભોગ ન કરે. તે જ પ્રમાણે પોતાના માટે પાપકર્મ કર્યું, કરાવે કે કરશે - જેમકે - શત્રુનું માથું છેદ્યુ, છેદે કે છેદશે તથા ચોરને માર્યો, મારે છે કે મારશે ઇત્યાદિ પાપને સારું ન માને. તથા જો કોઈ અશુદ્ધ આહાર વડે નિમંત્રણ આપે, તો ન સ્વીકારે. આવું કોણ કરે ? તે બતાવે છે - અકુશળ મન-વચન-કાયાને રોકીને જેનો આત્મા ગુપ્ત છે, જેણે શ્રોત્રાદિ ઇન્દ્રિયોને જીતી છે, એવા ઉત્તમ સાધુ પાપકર્મની અનુમોદના ન કરતા રહે છે.

વળી જે કોઈ ધર્મનો પરમાર્થ નથી જાણતા, વ્યાકરણ અને શુષ્ક તર્કાદિ જ્ઞાનથી અહંકારી બની પોતાને પંડિત માનતા પણ વસ્તુ તત્ત્વના બોધને ન જાણનારા અબુદ્ધ કહેવાય છે. ફક્ત વ્યાકરણના જ્ઞાનથી સમ્યક્ત્વ રહિતને તત્ત્વને બોધ ન થાય. કહ્યું છે કે - શાસ્ત્ર અવગાહન માટે તત્પર હોય તો પણ અબુદ્ધ વસ્તુતત્ત્વને સમજી શકતો નથી. જેમકે - વિવિધ પ્રકારના રસ સાથે મળેલ કઢી, લાંબા કાળે પણ તેના સ્વાદને પામતી નથી અથવા અબુદ્ધ એ બાલવીર્યવાળા જેવા છે તથા મહાભાગ-મહાપૂજ્યો લોકમાં જાણીતા હોય છે. 'વીર' એટલે શત્રુને ભેદનાર સુભટ. સારાંશ એ કે - પંડિતો પણ ત્યાગાદિ ગુણથી લોકપૂજ્ય હોય, સુભટપણું ધારક હોય તો પણ સમ્યક્તત્ત્વ પરિજ્ઞાનથી રહિત હોય તો કેવા હોય તે દર્શાવે છે - સમ્યક્ ન હોય તે અસમ્યક્, તેનો ભાવ તે અસમ્યક્ત્વ અર્થાત્ મિથ્યાદૃષ્ટિ. તે અજ્ઞાનીના જે કોઈ તપ, દાન, અધ્યયન, યમ, નિયમાદિમાં ઉધમ છે, તે અશુદ્ધ છે. કર્મબંધનું કારણ છે કેમકે તેમાં ભાવનું હનન અને નિદાનપણું છે. કુવૈધ-ચિકિત્સાની જેમ વિપરીત પરિણામ આપે છે. તેમનો પુરુષાર્થ કર્મબંધ કરાવે છે. એ રીતે તેમની બધી ક્રિયા, તપ આદિ કર્મબંધ માટે જ છે.

હવે પંડિત વીર્યવાન્‌ને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૪૩૩ થી ૪૩૬ :-**

***જે બુદ્ધ, મહાભાગ, વીર અને સમ્યક્ત્વદર્શી છે, તેનું પરાક્રમ શુદ્ધ અને સર્વથા કર્મફલરહિત હોય છે.***

***જે ઉત્તમકુલમાં જન્મી, દીક્ષા લઈ, સત્કાર માટે તપ કરે તો તેમનું તપ શુદ્ધ નથી. તેથી સાધુ પોતાના તપને ગુપ્ત રાખે, આત્મ પ્રશંસા ન કરે.***

***સુવ્રતી, અલ્પ ભોજી, અલ્પજલગ્રાહી, અલ્પભાષી બને. ક્ષમાવાન્, આસક્તિ રહિત, જિતેન્દ્રિય, વીતગૃદ્ધ બની સંયમાનુષ્ઠાન કરે.***

***ધ્યાનયોગ ગ્રહણ કરીને, સર્વ પ્રકારે કાયાનો વ્યુત્સર્ગ કરે. તિતિક્ષાને ઉત્તમ જાણીને મોક્ષ પર્યન્ત સંયમ પાળે. - તેમ હું કહું છું.***

● **વિવેચન-૪૩૩ થી ૪૩૬ :-**

— જે કોઈ સ્વયંબુદ્ધ-તીર્થંકરાદિ કે તેમના શિષ્યો, બુદ્ધ બોધિત-ગણધરાદિ



મહાપૂજ્ય, કર્મવિદારણ સમર્થ, અથવા જ્ઞાનાદિ ગુણોથી શોભિત-વીર તથા સમ્યકત્વદર્શી-પરમાર્થ તત્ત્વવેદી ભગવંતોનું જે પરાક્રમ - તપ, અધ્યયન, યમ, નિયમાદિમાં થાય તે શુદ્ધ, નિરુપરોધ, શાતા ગારવ-શલ્ય-કષાયાદિ દોષરહિત કર્મબંધ કરાવતું નથી, પણ નિર્જરાને માટે જ થાય છે. તેથી કહે છે - સમ્યગ્દૃષ્ટિના સર્વે સંયમ તપપ્રધાન અનુષ્ઠાન છે, કેમકે સંયમથી આશ્રવ રોકાય છે અને તપથી નિર્જરા થાય છે. કહ્યું છે કે સંયમ અનાશ્રવરૂપ, તપ નિર્જરા ફળદા છે.

— વળી ઇક્ષ્વાકુ આદિ જે મહાકુલ છે, તે લોક પ્રસિદ્ધ શૌર્યાદિ ગુણો થકી વિસ્તીર્ણ યશવાળા છે, તેમના પણ પૂજા-સત્કારાદિને માટે કે કીર્તન વડે કરાયેલ તપ અશુદ્ધ થાય છે. તેથી દાન-શ્રાદ્ધાદિ ગૃહસ્થો ન જાણે તે રીતે આત્માર્થીએ તપ કરવો. સ્વપ્રશંસા પણ ન કરવી. જેમકે - હું ઉત્તમકુલનો કે શ્રેષ્ઠી હતો અને હાલ આવો મોટો તપસ્વી છું. એ રીતે પોતાની જાતે પ્રગટ કરી, પોતે કરેલ અનુષ્ઠાન ફોગટ ન કરે.

— સ્વાભાવિક અલ્પ ભોજન કરનારો અર્થાત્ જેવું મળે તે ખાનારો, એ રીતે પાણીમાં પણ સમજવું. આગમમાં પણ કહ્યું છે - જે મળે તે ખાનાર, જ્યાં સ્થાન મળે ત્યાં સુખે સુનાર, જે મળે તેમાં સંતુષ્ટ એવા હે વીર ! તેં ખરેખર આત્માને જાણ્યો છે તથા મુખમાં સુખેથી જાય તેવા પ્રમાણવાળા આઠ કોળીયા ખાનાર અલ્પાહારી છે, બાર કોળીયે અપાર્ધ ઉણોદરી, સોળ કોળીયે અર્ધ ઉણોદરી, ૨૪ કોળીયે અલ્પ ઉણોદરી ૩૦-કોળીયે પ્રમાણ પ્રાપ્ત અને ૩૨-કોળીયે સંપૂર્ણ આહાર છે. આ રીતે એક-એક કોળીયાની હાનિથી ઉણોદરી જાણવી. એ રીતે પાણી, ઉપકરણમાં પણ ઉણોદરતા જાણવી. તે જ કહ્યું છે કે—

થોડું ખાય, થોડું બોલે, થોડી નિદ્રા કરે, થોડાં ઉપધિ - ઉપકરણ હોય તેને દેવો પણ નમે છે. તથા સુવ્રતી-સાધુ પરિમિત અને હિતકારી બોલે અર્થાત્ સર્વદા વિકથારહિત બને. ભાવ ઉણોદરી આશ્રીને કહે છે - ભાવથી ક્રોધાદિનો ઉપશમ કરી ક્ષમાપ્રધાન તથા લોભાદિના જયથી આતુરતા રહિત તથા ઇન્દ્રિય અને મનને દમવાથી જિતેન્દ્રિય. તે જ કહ્યું છે - જેણે કષાયો દૂર કર્યા નથી, જેનું મન પોતાને વશ નથી, ઇન્દ્રિયોને ગોપવી નથી તેણે ફક્ત જીવવા માટે જ દીક્ષા લીધી છે. તેથી આશંસા દોષરહિત થઈ સર્વકાળ સંયમાનુષ્ઠાનમાં યત્ન કરે.

— વળી ''ચિત્તનિરોધ'' તે ધ્યાન, ધર્મધ્યાનાદિ. યોગ એટલે વિશિષ્ટ મન-વચન-કાયવ્યાપાર. આવા ધ્યાન યોગને સમ્યક્ ગ્રહણ કરી, અકુશલયોગમાં વર્તતી કાયાને રોકે - તજે. સર્વ પ્રકારે - હાથ, પગને બીજાને પીડાકારી વ્યાપારમાં ન રોકે તથા પરીષહ-ઉપસર્ગ સહેવારૂપ ક્ષાંતિને મુખ્ય જાણીને સર્વ કર્મનો ક્ષય થાય ત્યાં સુધી સંયમાનુષ્ઠાન કરે. - x - x -

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૮ - ''વીર્ય''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૯ ''ધર્મ'' ❀

● ભૂમિકા :-

આઠમાં પછી નવમું અધ્યયન કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અનંતર અધ્યયનમાં બાલ અને પંડિત બે ભેદે વીર્ય બતાવ્યું. અહીં પણ તે જ પંડિતવીર્ય વડે ધર્મમાં ઉધમ કરે, માટે અહીં 'ધર્મ' કહે છે. આ સંબંધથી 'ધર્મ' અધ્યયન આવેલ છે. તેના ઉપક્રમાદિ ચાર અનુયોગદ્વારો કહે છે.

ઉપક્રમમાં અર્થાધિકારે અહીં ધર્મ કહીશું.

[નિ.૯૯] દુર્ગતિમાં જતા જીવને અટકાવે તે ધર્મ. દશવૈકાલિકના અધ્યયન-૬-માં ''ધર્માર્થકામ'' નામે બતાવેલ છે. અહીં ભાવધર્મ અધિકાર છે. આ ભાવધર્મ જ પરમાર્થથી ધર્મ છે. આ જ અર્થ પછીના બે અધ્યયનમાં છે તે કહે છે - આ જ ધર્મ ભાવસમાધિ અને ભાવમાર્ગ છે એમ સમજવું અથવા આ જ ભાવધર્મ છે - ભાવસમાધિ છે - ભાવમાર્ગ છે. તેમાં પરમાર્થથી કોઈ ભેદ નથી. ધર્મ શ્રુત-ચારિત્ર નામે કે ક્ષાંતિ આદિ દશ ભેદે છે. ભાવસમાધિ પણ એ જ છે. સમ્યગ્ રીતે ક્ષમાદિ ગુણોનું આરોપણ તે સમાધિ. તે જ મુક્તિ માર્ગ પણ જ્ઞાનાદિ ભાવધર્મપણે કહેવો.

હવે - x - 'ધર્મ'ના નામાદિ નિક્ષેપ બતાવે છે—

[નિ.૧૦૦] ધર્મના નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવથી ચાર નિક્ષેપા છે. નામ, સ્થાપના છોડીને દ્રવ્યધર્મના ત્રણ ભેદ છે - જ્ઞ શરીર, ભવ્યશરીર, વ્યતિરિક્ત, વ્યતિરિક્તના ત્રણ ભેદ સચિત્ત, અચિત, મિશ્ર. સચિત્તનો જીવ શરીર ઉપયોગ લક્ષણ સ્વભાવ છે. અચિત્તમાં ધર્માસ્તિકાયાદિનો સ્વભાવ કહે છે. જેમકે ધર્માસ્તિકાયનો ગતિધર્મ, અધર્માસ્તિકાયનો સ્થિતિ લક્ષણ, આકાશનો અવગાહના ધર્મ, પુદ્ગલનો ગ્રહણ લક્ષણ, મિશ્રનો તેના-તેના ધર્માનુસાર જાણવો - x - ગૃહસ્થોનો ધર્મ કુલ-નગર-ગ્રામાદિના રીવાજ મુજબ છે. અથવા દાન આપવું તે ગૃહસ્થોનો દ્રવ્યધર્મ જાણવો. કહ્યું છે કે - અન્ન, પાન, વસ્ત્ર, નિવાસ, શયન, આસન, શુશ્રૂષા, વંદન, તુષ્ટિ એ નવ પ્રકારે પુન્ય બંધાય.

[નિ.૧૦૧] ભાવધર્મ નોઆગમથી બે પ્રકારે - લૌકિક અને લોકોત્તર. લૌકિકના બે ભેદ-ગૃહસ્થોનો અને પાખંડીનો. લોકોત્તરના ત્રણ ભેદ-જ્ઞાન, દર્શન, ચારિત્ર. જ્ઞાનના મત્યાદિ પાંચ ભેદ. દર્શનના ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક, ક્ષાયિક પાંચ ભેદ. ચારિત્રના સામાયિકાદિ પાંચ ભેદ. - x - ગાથાની અંક સંખ્યા ઉક્ત ભેદાદિ અનુસાર સમજી લેવી. - x -

હવે જ્ઞાન, દર્શન, ચારિત્રવાન્ સાધુનો જે ધર્મ છે, તે કહે છે—

[નિ.૧૦૨] સાધુના ગુણોને બાજુએ મૂકે તે પાસત્થા, સંયમાનુષ્ઠાને કંટાળે તે અવસન્ન, ખરાબ આચારવાળો તે કુશીલ. આ ત્રણે સાથે સાધુએ પરીચય કે સંવાસ ન કરવો. આ સૂત્રકૃતાંગના ધર્મ અધ્યયનમાં બતાવેલ છે.

નામ નિષ્પન્ન નિક્ષેપો પૂરો થયો. હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહે છે—



● સૂત્ર-૪૩૭ થી ૪૪૦ :-

*[૪૩૭] મતિમાન ભગવંતે કેવા ધર્મનું કથન કરેલ છે? જિનવરોએ મને સરળ ધર્મ [કહ્યો છે.] તે તમે સાંભળો.*

*[૪૩૮,૪૩૯] બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચંડાલ, બુક્કસ, એષિક, વૈશિક કે શુદ્ર કે કોઈ આરંભમાં આસક્ત છે...તે પરિગ્રહ મૂર્છિતનું વૈર વધતું જાય છે. તે આરંભ અને કામભોગ રક્ત જીવોના દુઃખનો અંત આવતો નથી.*

*[૪૪૦] મૃતવ્યક્તિની મરણક્રિયા કર્યા પછી વિષય અભિલાષી જ્ઞાતિવર્ગ, તેનું ધન હરી લે છે, પાપકર્મ કરનાર મૃત એકલો તેનું ફળ ભોગવે છે.*

● વિવેચન-૪૩૭ થી ૪૪૦ :-

[૪૩૭] જંબૂસ્વામી સુધર્માસ્વામીને પૂછે છે - દુર્ગતિમાં જતાં જીવોને ધારી રાખનાર કયો ધર્મ, माहण - ''કોઈ જીવને ન હણો'' એવી શિષ્યોને વાણી કહેનારા ભગવંત વીર વર્ધમાનસ્વામીએ કહ્યો છે? તે જ વિશેષથી કહે છે. જેના વડે ત્રણે કાળમાં જગત્ જેવું છે, તેને જાણનારી કેવલજ્ઞાન નામક મતિ જેમની છે, તેવા મતિવાળા અર્થાત્ કેવલજ્ઞાન થયા પછી ભગવંતે કહ્યો. આ પ્રમાણે પૂછતા સુધર્માસ્વામી [તેને] જણાવે છે—

રાગદ્વેષને જિતે તે જિન, તેઓનો ધર્મ સરળ-માયા પ્રપંચ રહિત હોવાથી અવક્ર છે. મને યથાવસ્થિત કહ્યો છે, તે તમે સાંભળો. અન્યતીર્થિક માફક દંભપ્રધાન ધર્મ તેમણે કહ્યો નથી. ''પાઠાંતર'' થી - જન્મે તે જન-લોક. હે લોકો! તે ધર્મ મારી પાસેથી તમે સાંભળો.

[૪૩૮] અન્વય-વ્યતિરેકથી કહેલ અર્થ યોગ્ય ગણાય, તેથી પ્રથમ ધર્મ કહ્યો, તેથી વિરુદ્ધ અધર્મ છે, અધર્મ આશ્રિતને બતાવે છે - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચાંડાલ, બુક્કસ [વર્ણશંકર] - જેમકે બ્રાહ્મણ અને શુદ્ર સ્ત્રીથી જન્મે તે નિષાદ, બ્રાહ્મણ અને વૈશ્ય સ્ત્રીથી જન્મેલી અંબષ્ઠી અને નિષાદ તથા અંબષ્ઠીથી જન્મે તે બુક્કસ. એષિક-મૃગ આસક્ત હસ્તિ તાપસ. માંસના હેતુથી મૃગો અને હાથીને શોધે, કંદ-મૂલ-ફલ ખાય. વૈશિક-માયા પ્રધાન, કળાથી જીવતા વણિકો, શૂદ્રો-ખેતીથી જીવનારા આભીર વગેરે. - x - તેમજ જે બીજા વર્ણવાળા જુદા જુદા સાવધ-જીવહિંસાયુક્ત એવા યંત્રપીલણ, નિર્લાંછન કર્મ કરનાર, અંગાર-દાહ આદિથી જીવોને દુઃખ દેનારા તે બધાંના વૈર વધે છે - તે હવેની ગાથામાં કહે છે—

[૪૩૯] ચોતરફથી ગ્રહણ થાય તે પરિગ્રહ. - દ્વિપદ, ચતુષ્પદ, ધન, ધાન્ય, હિરણ્ય, સુવર્ણ આદિમાં મારાપણું ધારે, તેમાં ગૃદ્ધતા રાખતાં [તેના આરંભથી] પૂર્વોક્ત આરંભી જીવોને અસાતા વેદનીયાદિ પાપ ઘણાં વધે છે. જેમાંથી સેંકડો ભવે પણ છુટવું મુશ્કેલ છે. અથવા પાઠાંતરથી - જે - જે પ્રાણીને જેવી પીડા આપે, તેના વડે સંસારમાં સેંકડો ગણું દુઃખ ભોગવે છે. જમદગ્નિ અને કૃતવીર્ય માફક વૈર પરંપરા પુત્ર-પૌત્ર સુધી વધે છે. શા માટે? કારણ કે તેઓ કામ-ભોગમાં પ્રવૃત્ત, આરંભમાં પુષ્ટ છે, આરંભો જીવઘાતક છે, તેથી તે કામસંભૃત, આરંભ નિશ્ચિત, પરિગ્રહાસક્ત

દુઃખ દેનારા એવા આઠ પ્રકારના કર્મોને દૂર કરનારા થતા નથી.

[૪૪૦] વળી જેમાં પ્રાણીના દશવિધ પ્રાણોને આઘાત થાય, હણાય કે વિનાશ થાય તે આઘાત કે મરણ. તે માટે કે તેમાં અગ્નિસંસ્કારાદિ - x - મરણ ક્રિયા કરીને પછી તેનાં સ્વજન, પુત્ર, પત્ની આદિ સંસારસુખના ઇચ્છુકો, તે મરનારે દુઃખે મેળવેલ ધન લઈ લે છે, તે બતાવે છે - હે રાજા ! જેણે દ્રવ્ય મેળવીને તે દ્રવ્યથી સ્ત્રીઓ એકઠી કરી હોય, તેની સાથે બીજા પુરુષો હૃષ્ટ-તુષ્ટ થઈને, અલંકારાદિ પહેરી રમણ કરે છે. તે દ્રવ્યપ્રાપ્તિમાં રત સાવધ અનુષ્ઠાન કર્મ કરનાર પાપી પોતાના કર્મોથી સંસારમાં પીડાય છે. તેનું ધન વાપરનારા સ્વજનો તેનું રક્ષણ કરતા નથી તે કહે છે—

● સૂત્ર-૪૪૧ થી ૪૪૩ :-

*[૪૪૧] સ્વ કર્માનુસાર દુઃખ ભોગવતાં પ્રાણીને માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, પત્ની કે ઔરસપુત્ર, તેની રક્ષા કરી શકતા નથી.*

*[૪૪૨] પરમાર્થગામી ભિક્ષુ આ અર્થને સમજીને, નિર્મમ-નિરહંકાર થઈ જિનોક્ત ધર્મ આચરે.*

*[૪૪૩] ધન, પુત્ર, સ્વજન અને પરિગ્રહને છોડીને; આંતરિક શોકને છોડીને ભિક્ષુ નિરપેક્ષ-સાંસારિક પદાર્થની અપેક્ષા ન રાખીને વિચરે.*

● વિવેચન-૪૪૧ થી ૪૪૩ :-

[૪૪૧] માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, પત્ની, સ્વ પુત્ર તથા સસરો આદિ તને સંસારચક્રમાં સ્વકર્મથી પીડાતી વખતે રક્ષણ કરવા સમર્થ નથી. - x - અહીં દૃષ્ટાંત કહે છે - કાલસૌરિકનો સુલસ નામે પુત્ર અને અભયકુમારનો મિત્ર, તે મહાસત્વને સ્વજને કહ્યું તો પણ જીવહત્યા ન કરી.

[૪૪૨] વળી ધર્મરહિત પોતાના કરેલાં કાર્યથી ડૂબતાં પ્રાણીને આલોક કે પરલોકમાં કોઈ રક્ષણ કરનાર નથી. એવું વિચારી-સમજીને પ્રધાનભૂત એવા મોક્ષ કે સંયમને આદરે, તે પરમાર્થ અનુગામી - સમ્યગ્ દર્શનાદિ છે, તેને જોઈને - x - બાહ્ય અભ્યંતર વસ્તુનું મમત્વ છોડી નિર્મમ બને તથા અહંકાર રહિત બને. પૂર્વના ઐશ્વર્ય, જાતિ આદિ મદને છોડે. તપ, સ્વાધ્યાય, લાભાદિ જનિત અહંકારને છોડે. અર્થાત્ રાગ-દ્વેષરહિત થાય. આવો ઉત્તમ સાધુ જિનેશ્વરે કહેલ કે આદરેલ માર્ગ અથવા જિનેશ્વરના કે તત્સંબંધી માર્ગને આચરે.

[૪૪૩] વળી સંસારના સ્વભાવનો જ્ઞાતા, પરિકર્મિત મતિ, તત્ત્વજ્ઞ સારી રીતે તજીને - શું તજીને દ્રવ્ય અને પુત્રોને. અહીં પુત્રનું ગ્રહણ કર્યું કેમકે તેનો અધિક સ્નેહ હોય છે - તથા સ્વજનોને તજીને, અંતર્ મમત્વરૂપ પરિગ્રહ તજે છે. અહીં 'अंतग' એટલે દુષ્પરિત્યજ્ય अंतक અથવા એટલે વિનાશકારી. અથવા આત્મામાં રહે તે આંતર્ શોક સંતાપ છોડીને અથવા શ્રોત એટલે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયરૂપ કર્માશ્રવદ્વારને તજીને અથવા પાઠાંતરથી અંતને પામે તે અંતગ અને અંતગ નહીં તે અનંતગ શ્રોત કે શોકને છોડીને નિરપેક્ષ - પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય, ચાંદી, સોનું વગેરેની ઇચ્છા છોડીને મોક્ષપર્યન્ત સંયમાનુષ્ઠાનમાં રહે. કહ્યું છે કે - અપેક્ષા



રાખનાર ઠગાયા અને નિરપેક્ષ રહ્યા તે સંસાર કાંતારને તરી ગયા. તેથી પ્રવચનનો સાર સમજનારે નિરપેક્ષ રહેવું. ભોગેચ્છુ જીવો ઘોર સંસારમાં પડે છે અને નિરપેક્ષ રહેનારા સંસારરૂપી કાંતારથી પાર ઉતરી જાય છે.

● સૂત્ર-૪૪૪ થી ૪૪૮ :-

*[૪૪૪] પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, તૃણ, વૃક્ષ, બીજક, અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સ્વેદજ, ઉદ્ભિજ્જ... [૪૪૫] આ છ કાય જીવોને હે વિજ્ઞ ! તમે જાણો. મન-વચન-કાયાથી તેનો આરંભ કે પરિગ્રહ ન કરો.*

*[૪૪૬] હે વિજ્ઞ ! મૃષાવાદ, મૈથુન, પરિગ્રહ, અદત્તાદાન લોકમાં શસ્ત્ર સમાન તે જાણ. [૪૪૭] માયા, લોભ, ક્રોધ, માન એ લોકમાં ધૂર્ત ક્રિયા છે, તેમ તું સમજ... [૪૪૮] હે વિજ્ઞ ! ધોવણ, રંગન, વમન, વિરેચન, વસ્તિકર્મ, શિરોવેધને જાણીને ત્યાગ કર.*

● વિવેચન-૪૪૪ થી ૪૪૮ :-

તે આ રીતે પ્રવ્રજિત, સુવ્રતમાં રહેલ આત્મા અહિંસાદિ વ્રતોમાં યત્ન કરે. તેમાં અહિંસા પ્રસિદ્ધિ માટે કહે છે - પૃથ્વી આદિ શ્લોક [સૂત્ર-૪૪૪,૪૪૫માં] બતાવે છે - પૃથ્વીકાયિકો સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત ભેદથી છે તથા અપ્કાય, અગ્નિકાય, વાયુકાયના જીવો તેમજ છે. વનસ્પતિકાયને થોડા ભેદથી કહે છે - તૃણ એટલે કુશ, વચ્ચ આદિ, વૃક્ષ - આંબો, અશોક આદિ, બીજવાળા તે સબીજ - શાલિ, ઘઉં, યવ આદિ. આ બધાં એકેન્દ્રિયો પાંચે પણ કાયો [જીવો] છે. હવે ત્રસકાય કહે છે - ઇંડાથી જન્મે તે અંડજ - સમળી, ગરોળી, સાપ વગેરે. પોત રૂપે જન્મે તે પોતજ - હાથી, શરભ આદિ. જરાયુજ - પાતળી ચામડીથી વીંટેલા તે ગાય, મનુષ્ય આદિ. રસમાં જન્મેલા રસજ તે દહીં, સૌવીરક આદિ. પરસેવાથી થયેલા તે સંસ્વેદજ - જુ, માંકડ આદિ. ઉદ્ભિજ્જ-ખંજરીટક, દેડકાં આદિ. અજ્ઞાતભેદો-દુઃખથી રક્ષણ માટે છે.

[૪૪૫] આ છ કાયો ત્રસ, સ્થાવર રૂપે છે, તેમાં સૂક્ષ્મ-બાદર-પર્યાપ્તક અપર્યાપ્તક ભેદો છે, તેનો આરંભ કે પરીગ્રહ ન કરે. - x - તેને ભણેલો જ્ઞ પરિજ્ઞાથી જાણે, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી મન-વચન-કાયા વડે જીવોને પીડા કરનાર આરંભ તથા પરિગ્રહને છોડે.

[૪૪૬] શેષ વ્રતોને આશ્રીને કહે છે - જૂઠું બોલવું તે મૃષાવાદ. તેને વિદ્વાન્ પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડે તથા બહિદ્ધ એટલે મૈથુન તથા અવગ્રહ તે પરિગ્રહની યાચના ન કરી હોય તો અદત્તાદાન અથવા બહિદ્ધ તે મૈથુન અને પરિગ્રહ અને અયાચિત અવગ્રહથી અદત્તાદાન લીધું. આ મૃષાવાદ આદિ પ્રાણીઓને ઉપતાપ કરનાર હોવાથી શસ્ત્ર જેવા છે જેના વડે આઠ કર્મો ગ્રહણ થાય તે આદાન-કર્મ ઉપાદાનના કારણો છે, તે જ્ઞ પરિજ્ઞા વડે જાણે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે છોડે.

[૪૪૭] કષાયીને પંચમહાવ્રત ધારવા પણ નિષ્ફળ થાય છે. તેથી તેની સફળતા માટે કષાયનો નિરોધ કરવો તે બતાવે છે - જેના વડે બધી રીતે વક્રતા થાય, તે માયા અનુષ્ઠાન થાય તે માયા કહેવાય. જેના વડે આત્મા સર્વત્ર ચંચળ બને તે

ભજન-લોભ છે. જેના ઉદયથી આત્મા સારા-ખોટાનો વિવેક ભૂલે તે વિષ્ટાવત્ હોવાથી ક્રોધ છે. જેમાં ઉર્ધ્વ જાત્યાદિનો આશ્રય લે અને દર્પથી ઉન્મત્ત બને તે માન છે. જાતિ વગેરે મદ સ્થાનોના બહુપણાથી તેના કાર્ય રૂપ માનનું પણ બહુવચન મૂક્યું. શ્લોકમાં च કાર પેટા ભેદો બતાવવા તથા સમુચ્ચય અર્થે છે.

ધૂનય ક્રિયાપદ પ્રત્યેક ક્રિયા સાથે જોડવું. જેમકે માયાને ધો-છોડ, માનને, લોભને, ક્રોધને છોડ. સૂત્રરચના વૈચિત્ર્યથી ક્રમ બદલાયો છે. - x - અથવા રાગનું તજવું ઘણું મુશ્કેલ છે અને લોભ માયાપૂર્વક હોવાથી પહેલા માયા-લોભ લીધાં. કષાયના ત્યાગ માટે હવે બીજું કારણ કહે છે - આ માયા વગેરે લોકમાં કર્મબંધન છે, તેથી વિદ્વાનો જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન-પરિજ્ઞાથી છોડે.

[૪૪૮] ઉત્તરગુણોને આશ્રીને કહે છે - ધાવન - હાથ, પગ, વસ્ત્રોનું ધોવું અને તેને રંગવા તે. 'च' સમુચ્ચય માટે છે, एव જ કાર માટે છે बस्तिकर्म - અનુવાસના રૂપ છે, विरेचन - જુલાબ લેવો વગેરે, આંખમાં અંજન આંજવું આદિ. આવું કે બીજું શરીર સંસ્કારાદિ કૃત્ય સંયમનો નાશ કરનાર થાય. તેથી વિદ્વાનોએ તેનું સ્વરૂપ અને વિપાક જાણીને છોડવા.

● **સૂત્ર-૪૪૯ થી ૪૫૨ :-**

***હે વિજ્ઞ ! ગંધ, માલ્ય, સ્નાન, દંતપ્રક્ષાલન, પરિગ્રહ અને સ્ત્રી કર્મનો ત્યાગ કરો... ઔદ્દેશિક, ક્રીતકૃત્, પ્રામિત્ય, આહૃત, પૂતિનિર્મિત અને અનેષણીય આહારને જાણીને ત્યાગ કરે...શક્તિવર્ધક, અક્ષિરાગ, રસાસક્તિ, ઉત્ક્ષાલન અને ઉબટનનો સમજીને ત્યાગ કરવો...અસંયત ભાષી, કૃતક્રિયાના પ્રશંસક, જ્યોતિષ્ક અને સાગારિક પિંડને ત્યાગો.***

● **વિવેચન-૪૪૯ થી ૪૫૨ :-**

[૪૪૯] ગંધ-કોષ્ઠપુટ, ફૂલની માળા, શરીરનું દેશથી કે સર્વથી પ્રક્ષાલન તથા દાંતણ આદિ દાંત સાફ કરવા, સચિત્ત આદિનો સ્વીકાર તે પરિગ્રહ તથા દેવતા-મનુષ્ય-તિર્યંચ સ્ત્રીઓનો સંગ કરવો. હસ્તકર્મ કે સાવધ અનુષ્ઠાન આ બધું કર્મના બંધનરૂપ જાણીને, સંસારકારણ રૂપ સમજીને વિદ્વાન્ સાધુ તેનો ત્યાગ કરે.

[૪૫૦] વળી સાધુ-સાધ્વીને ઉદ્દેશીને તૈયાર કરાયેલ તે ઔદ્દેશિક તથા વેચાતુ ખરીદીને લાવે તે કૃતક્રીત. પામિચ્ચ-ઉછીનું લઈને આપે - x - સાધુ માટે ગૃહસ્થ લાવીને આપે તે આહૃત. પૂતિ તે આધાકર્મના અવયવોથી યુક્ત આહાર. ઘણું શું કહીએ ? જેથી કોઈપણ દોષ વડે ન લેવા યોગ્ય અશુદ્ધ, તે બધું સંસારના કારણરૂપ સમજીને વિદ્વાન નિસ્પૃહી બનીને અશુદ્ધનો ત્યાગ કરે.

[૪૫૧] વળી ઘૃતપાન આદિ આહાર વિશેષ વડે અથવા રસાયણ ક્રિયા વડે અશૂન-બળવાન્ બની પુરી રીતે કૂતરા જેવો થાય છે તેને આશૂની કહે છે. અથવા આશૂની એટલે શ્લાઘા, પોતાના કોઈ ગુણની પ્રશંસા સાંભળી લઘુપ્રકૃત્તિ કે દર્પથી મદાંધ બને છે તથા આંખમાં સૌવીર આદિ અંજન આંજે, શબ્દાદિ વિષયોમાં ગૃદ્ધ બને - x - તથા ઉપઘાતકર્મ - જે ક્રિયા વડે બીજા પ્રાણીનો ઉપઘાત થાય તે કર્મને



કંઈક બતાવે છે - ઉચ્છોલન એટલે અજયણાથી શીતોદક વડે હાથ, પગ આદિ ધોવા તથા લોધ્રાદિ દ્રવ્ય વડે શરીરનું ઉદ્વર્તન એ સર્વ કર્મબંધનનું કારણ સમજી પંડિતો જ્ઞ પરિજ્ઞાથી જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરે.

વળી અસંયતો સાથે પર્યાલોચન-વાર્તાનો ત્યાગ કરે, અસંયમના અનુષ્ઠાનનો ઉપદેશ ન આપે. તેણે પોતાના સ્થાનમાં શોભા કરી હોય તો તેની પ્રશંસા ન કરે. તથા [જ્યોતિષ્ના] પ્રશ્નોનો ઉત્તર ન આપે અથવા લૌકિકો [ગૃહસ્થો] ને પરસ્પર વ્યવહારમાં કે મિથ્યાશાસ્ત્રમાં શંકા પડે કે પ્રશ્ન થાય તો - x - પોતે નિર્ણય આપવા ન જાય. તથા શય્યાતરનો આહાર ન લે. અથવા શય્યાતર પિંડ એટલે સુતકવાળા ઘરનો આહાર, જુગુપ્સિત એટલે નીચજાતિનો આહાર એ બધું વિદ્વાન જ્ઞપરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કરે. - વળી -

● **સૂત્ર-૪૫૩ થી ૪૫૬ :-**

***સાધુ જુગાર ન શીખે, વિરુદ્ધ વચન ન બોલે, હસ્તકર્મ અને વિવાદને સમજીને તેનો ત્યાગ કરે...પગરખા, છત્ર, નાલિકા, પંખા, પરક્રિયા, અન્યોન્ય ક્રિયાને જાણીને ત્યાગ કરે... મુનિ વનસ્પતિ પર મળ-મૂત્રનો ત્યાગ ન કરે, બીજ વગેરે હટાવીને અચિત્ત પાણીથી પણ આચમન ન કરે... ગૃહસ્થના પાત્રમાં અન્ન, પાણી ન લે. વસ્ત્રરહિત હોય તો પણ ગૃહસ્થના વસ્ત્રને પોતાના કામમાં ન લે અને સમજીને ત્યાગ કરે.***

● **વિવેચન-૪૫૩ થી ૪૫૬ :-**

ધન, ધાન્ય, હિરણ્ય આદિ જેનાથી મળે તે અર્થ, તે જેનાથી પ્રાપ્ત થાય તે પદ એટલે શાસ્ત્ર. ચાણક્ય આદિના અર્થશાસ્ત્ર. તે પોતે ન ભણે, બીજા પ્રાણિ-ઉપમર્દકારી શાસ્ત્ર ન શીખે. અથવા ધુતક્રિડારૂપ પાસા ન શીખે, પૂર્વે શીખેલ હોય તેનો ઉપયોગ ન કરે તથા વેધ-ધર્મનો વેધ થાય તેવા અધર્મપ્રધાન વચન ન બોલે. અથવા વસ્ત્રવેધ તે જુગારની એક જાતિ, તેનું વચન પણ ન બોલે તો પછી રમવાની તો વાત જ ક્યાં રહી ? હસ્તકર્મ જાણીતું છે અથવા હસ્તક્રિયા તે પરસ્પર હાથના વ્યાપારથી વિશેષ એવો કલહ. વિરુદ્ધવાદ તે વિવાદ કે શુષ્કવાદ. આ બધાં સંસારભ્રમણના કારણોને જ્ઞપરિજ્ઞાથી જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડે.

ઉપાનહ એટલે લાકડાની પાદુકા, તાપ આદિના રક્ષણ માટે છત્ર, નાલિકા - ધુતક્રિયાનું સાધન તથા વાળ કે મોરપીંછાનો પંખો. પર સંબંધી ક્રિયા તે પરસ્પરની અન્યોન્ય ક્રિયા. આ બધું પંડિત પુરુષ કર્મ ઉપાદાનનું કારણ છે તેમ જ્ઞ પરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડે - વળી -

વનસ્પતિ કે બીજ ઉપર કે અન્ય અયોગ્ય સ્થળે મળ, મૂત્ર આદિ ક્રિયા સાધુ ન કરે. અચિત્ત પાણીથી પણ બીજ, વનસ્પતિ આદિ દૂર કરીને નિર્લેપન ન કરે, તો સચિતપાણીથી તો કેમ કરે ?

ગૃહસ્થના વાસણમાં પુરઃકર્મ, પશ્ચાત્કર્મના ભયથી, પડવા-ફૂટવાના દોષના સંભવથી મુનિ કદી અન્ન, પાન ન ખાય-પીએ અથવા પાત્રધારી કે હસ્તપાત્રી બને.

જિનકલ્પી લબ્ધિધર હોવાથી તેના હાથમાં લીધેલ વસ્તુ ન ઢળે. પણ સ્થવિર કલ્પીને ઢળે માટે તે પાત્ર રાખે. પણ સંયમ વિરાધના ભયથી પર-પાત્ર ન વાપરે તથા ગૃહસ્થનું વસ્ત્ર તે પરવસ્ત્ર, સાધુ વસ્ત્રરહિત હોય તો પણ પશ્ચાત્ કર્મ આદિ દોષના ભયે કે ચોરાવા-ફાટવાના દોષને કારણે પહેરે નહીં. અથવા જિનકલ્પીને વસ્ત્રરહિત થયા બાદ બધાં વસ્ત્રો પરવસ્ત્ર જ કહેવાય, માટે ન પહેરે. આ રીતે પરપાત્રભોજનાદિ સર્વે સંયમવિરાધના જ્ઞ પરિજ્ઞાથી જાણે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પરિહરે.

● **સૂત્ર-૪૫૭ થી ૪૬૦ :-**

***સાધુ માંચી, પલંગ કે ગૃહસ્થના ઘર મધ્યે બેસે કે સુવે નહીં, ગૃહસ્થના સમાચાર ન પૂછે, પૂર્વક્રીડા સ્મરણ ન કરે પણ તેનો ત્યાગ કરે...યશ, કીર્તિ, શ્લાઘા, વંદન, પૂજન તથા સમસ્ત લોક સંબંધી જે કામભોગ, તેને જાણીને ત્યાગ કરે.***

***જેનાથી નિર્વાહ થાય તેવા અન્ન-પાણી સાધુ ગ્રહણ કરે કે બીજાને આપે. સંયમ વિનાશક આહાર-પાણીનો ત્યાગ કરે...અનંતજ્ઞાનદર્શી, નિર્ગ્રન્થ, મહામુનિ મહાવીરે આવા શ્રુત ધર્મને કહ્યો છે.***

● **વિવેચન-૪૫૭ થી ૪૬૦ :-**

આસંદી એટલે આસન વિશેષ તેનાથી સર્વે આસન સમજવા તથા પર્યંક એટલે શયન વિશેષ, ઘર મધ્યે કે ઘરની વચ્ચેના માર્ગમાં સુવું કે બેસવું તે સંયમ વિરાધનાના ભયથી ત્યાગે તથા કહ્યું છે કે - ‘‘એવા આસને બેસવું કે જ્યાં પુરતો પ્રકાશ ન હોય, યોગ્ય પડિલેહણ ન થાય, બ્રહ્મચર્યની રક્ષા ન થાય, સ્ત્રીઓ શંકિત થાય. ઇત્યાદિ ત્યાગે.’’ તથા ગૃહસ્થના ઘેર કુશલાદિ પૂછવું અથવા પોતાના શરીર-અવયવનું પૂછવું, પૂર્વે કરેલ ક્રીડાનું સ્મરણ એ બધું વિદ્વાનોને અનર્થને માટે છે તે જ્ઞપરિજ્ઞા વડે જાણે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગે.

મોટી લડાઈ લડવામાં જીતે તે યશ, દાનથી મળે તે કીર્તિ, જ્ઞાતિ-તપ-બાહુબળ-શ્રુતિ આદિ જનિત તે શ્લાઘા તથા દેવેન્દ્ર, અસુરેન્દ્ર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ આદિ વડે નમન તે વંદના, સત્કાર કરીને વસ્ત્રાદિ આપે તે પૂજના તથા સમગ્ર લોકમાં ઇચ્છા-મદન રૂપ જે કામ ચેષ્ટા તે. આ બધું યશ, કીર્તિ, શ્લોકાદિ દુઃખદાયી સમજીને છોડે.

વળી જે અન્ન, પાણી વડે તથાવિધ સુપરિશુદ્ધ અને કારણ પડે ત્યારે અશુદ્ધ વડે આ લોકમાં સંયમયાત્રાદિને ધારે અથવા દુષ્કાળ કે રોગ આતંકાદિ આવે તો અન્ન, પાણી વડે ભિક્ષુ પોતાનો કે બીજાનો નિર્વાહ કરે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ શુદ્ધ-કલ્પ્યને ગ્રહણ કરે અને બીજા સાધુને તેમાંથી આપીને તેમની સંયમયાત્રાનો નિર્વાહ કરીને રહે. અથવા કોઈ અનુષ્ઠાન કરવા વડે ચારિત્ર અસારતા પામે તેવા અન્નપાન ન લે. તથા તેવું અકાર્ય પણ ન કરે. તેવા દોષિત અન્નપાનાદિ ગૃહસ્થોને, પરતીર્થિકોને કે પોતાના જૂથનાને સંયમ-ઉપઘાતક અન્ન ન આપે. આ બધું જ્ઞપરિજ્ઞા વડે જાણીને સમ્યક્પણે ત્યાગ કરે.





જે ઉપદેશ વડે આ બધું કરે તે દર્શાવવા કહે છે - અનંતરોક્ત નીતિએ ઉદ્દેશાના આરંભથી કહ્યું [તે કહે છે-]. બાહ્ય અભ્યંતર ગ્રંથિ જેમનામાંથી ચાલી ગઈ, તે નિર્ગ્રન્થ છે. મહાવીર તે વર્ધમાનસ્વામી, મહાન્ એવા મુનિ તે મહામુનિ. અનંતજ્ઞાનદર્શની એવા તે ભગવાન્. ધર્મ તે ચારિત્રલક્ષણ - સંસાર ઉતારવાને સમર્થ તથા શ્રુત-તે જીવાદિ પદાર્થનો સૂચક છે, તેવો ઉપદેશ કર્યો. વળી —

● **સૂત્ર-૪૬૧ થી ૪૬૪ :-**

***મુનિ બોલતો છતાં મૌન રહે, મર્મવેધી વચન ન બોલે, માયાસ્થાનનું વર્જન કરે, વિચારીને બોલે... ચાર પ્રકારની ભાષામાં ત્રીજી ભાષા, જે બોલ્યા પછી પ્રાયશ્ચિત્ત કરવું પડે તે [ભાષા ન બોલે] ન બોલવા યોગ્ય ભાષા ન બોલે એવી નિર્ગ્રન્થની આજ્ઞા છે...મુનિ હલકા વચન, સખી વચન કે ગોત્રવચન ન બોલે, તૂં-તૂં એવા અમનોજ્ઞ વચન સર્વથા ન બોલે... સાધુ સદા અકુશીલ રહે, કુશીલની સંગતિ ન કરે, સુખ ભોગની ઇચ્છારૂપ ઉપસર્ગ પ્રાપ્ત થાય છે, માટે મુનિ તે સત્ય સમજે.***

● **વિવેચન-૪૬૧ થી ૪૬૪ :-**

જે ભાષા સમિત છે, તે બોલવા છતાં ધર્મકથા સંબંધ હોય તો અભાષક જ છે. કહ્યું છે કે - વચન વિભક્તિમાં કુશળ બોલવાની બહુ વિધિ જાણતો દિવસભર બોલે તો પણ સાધુ વચનગુપ્તિયુક્ત છે. અથવા કોઈ રત્નાધિક બોલતા હોય ત્યારે હું ઘણો ભણેલો છું, એમ અભિમાનથી વચ્ચે ન બોલે, તેમજ મર્મ વચન ન બોલે. જે સત્ય કે જૂઠ વચન બોલવાથી, બીજાનું મન દુભાય તેવું વચન વિવેકી ન બોલે. અથવા મમત્વયુક્ત પક્ષપાતી વચન બોલવાની ઇચ્છા ન કરે, તથા માયાપ્રધાન વચનનો ત્યાગ કરે. કહ્યું છે કે - બીજાને ઠગવાની બુદ્ધિથી બોલતા કે ન બોલતા માયા ન કરે. જો બોલવાનું જરૂરી હોય તો તે વચન બીજાને, પોતાને કે ઉભયને બાધક ન થાય. તેનો પૂર્વે વિચાર કરી વચન બોલે. તેથી કહે છે -

બુદ્ધિથી વિચારીને પછી બોલે.

વળી - સત્યા, અસત્યા, સત્યામૃષા અને અસત્યામૃષા એ ચાર ભાષા મધ્યે સત્યામૃષા નામની ત્રીજી ભાષા છે, તે કંઈક જૂઠ અને કંઈક સત્ય છે તે આ પ્રમાણે - આ નગરમાં દશ બાળકો જન્મ્યા કે મર્યા. તેમાં ઓછા કે વધતાંનો સંભવ છે, તેથી સંખ્યાના તફાવતથી તે સત્યામૃષા ભાષા છે. આવી ભાષા બોલવાથી જન્માંતરમાં તે બોલવાના દોષથી પીડા કે કલેશનો ભાગી થાય છે અથવા પછી પસ્તાય છે કે - મારે આવી ભાષા શા માટે બોલવી જોઈએ? તેનો સાર એ કે મિશ્રભાષા પણ દોષને માટે થાય છે, તો બીજી અસત્યા ભાષા બોલવી એ કટેલું ખોટું છે? તથા પહેલી સત્યાભાષા પણ જો પ્રાણીઓને દુઃખદાયી હોય તો ન બોલવી. ચોથી અસત્યામૃષા ભાષા પણ પંડિત સાધુએ બોલવા યોગ્ય ન હોય તો ન બોલવી. સત્યભાષા પણ દોષવાળી હોઈ શકે તે બતાવે છે - જે વચન હિંસાપ્રધાન હોય. જેમકે - આ ચોરનો વધ કરો, કે ચારા લણીલો, ગોધાનું દમન

કરો. અથવા છાનું કે લોકમાં પણ યત્નપૂર્વક છૂપાવેલું તેવું સત્ય ન બોલવું. એવી ભગવંતની આજ્ઞા છે.

હોલા - હલકા વચન બોલવા, 'સખા' એવો વાદ તથા ગોત્રવાદ જેમકે કાશ્યપગોત્રી !, વશિષ્ટગોત્રી ! આવા વચનો સાધુ ન બોલે તથા તું-તું એવા તિરસ્કાર વચન જ્યાં બહુવચન યોગ્ય હોય ત્યાં એકવચનથી અમનોજ્ઞ એવા પ્રતિકૂળ વચન કે અપમાનયુક્ત વચન સાધુ સર્વથા ન બોલે.

જેને આશ્રીને નિર્યુક્તિકારે પૂર્વે કહ્યું કે - ''पासत्थोसण्णकुसील०'' તે આ પ્રમાણે છે, તે કહે છે - ખરાબ આચારવાળો તે કુશીલ. તે પાસત્થા આદિ કોઈપણ આચારવાળો ન બને તે અકુશીલ છે. સર્વકાળ ભિક્ષણશીલ ભિક્ષુ કુશીલ ન બને. કુશીલો સાથે સંગતી ન કરે. તેના સંસર્ગના દોષો બતાવવા કહે છે - સાતા ગૌરવરૂપ તે કુશીલના સંસર્ગમાં સંયમને ઉપઘાતકારી ઉપસર્ગો થશે. તે કુશીલીયાઓ કહે છે કે - હાથ, પગ, દાંત વગેરે અચિત્ત પાણીથી ધોવામાં શું દોષ છે ? તેમ શરીર વિના કંઈ ધર્મ ન થાય, માટે કોઈપણ રીતે આધાકર્મી, સંનિધિ આદિથી જોડા, છત્ર આદિથી શરીરનું રક્ષણ થાય તો તેમ કરવું. કહ્યું છે કે - ''અલ્પ દોષથી બહુ લાભ થાય તો તે લેવો એ પંડિતનું લક્ષણ છે. તથા શરીર ધર્મયુક્ત છે, તેથી પ્રયત્નથી રક્ષણ કરવું કેમકે જેમ પર્વતથી પાણી નીકળે તેમ શરીરથી ધર્મ થાય છે. તથા હાલ છેવટ્ટુ સંઘયણ છે, સંયમમાં અલ્પધૃતિવાળા જીવો છે. આવું તેમનું વચન સાંભળીને અલ્પસત્વવાળા જીવો તેમને અનુસરે છે. તેથી વિવેકી સાધુ જાણીને - સમજીને દુઃખરૂપ એવા કુશીલીઆનો સંસર્ગ તજે.

● **સૂત્ર-૪૬૫ થી ૪૬૮ :-**

***સાધુ કોઈ કારણ-વિશેષ વિના ગૃહસ્થના ઘેર ન બેસે, ગ્રામ-કુમારિક કીડા ન કરે, અતિ હાસ્ય ન કરે...મનોહર પદાર્થો પ્રતિ ઉત્સુક ન રહે, યતનાપૂર્વક સંયમ પાળે, ચર્યામાં અપ્રમત્ત રહે, ઉપસર્ગાદિ સમભાવે સહે...કોઈ મારે તો પણ ક્રોધ ન કરે, કંઈ કહે તો ઉત્તેજિત ન થાય, પ્રસન્નતાથી બધું સહે, કોલાહલ ન કરે...પ્રાપ્ત કામભોગોની પણ ઇચ્છા ન કરે, તીર્થંકર ભગવંતે તેને વિવેક કહ્યો છે, બુદ્ધો પાસે સદા આચાર શિક્ષા પ્રાપ્ત કરે.***

● **વિવેચન-૪૬૫ થી ૪૬૮ :-**

ભિક્ષાદિ નિમિત્તે ગામમાં ગયેલો સાધુ ગૃહસ્થના ઘરમાં ઉત્સર્ગ માર્ગે ન બેસે, તેનો અપવાદ કહે છે - અંતરાય કે અશક્તિના કારણે બેસે, તે અશક્તિ વૃદ્ધત્વ કે રોગ-આતંકથી થાય. અથવા ઉપશમ લબ્ધિવાળો કોઈ સારો સહાયક હોય તો ગુરુની અનુજ્ઞાથી કોઈને તેવા ધર્મદેશનાના નિમિત્તે બેસે. ગામના કુમારો ગામની કન્યા સાથે હાસ્ય, કંદર્પ, હાથનો સ્પર્શ, આલિંગનાદિ અથવા ગેડી દડો આદિ રમતા હોય તેમાં મુનિ સામેલ ન થાય. મર્યાદાથી બહાર બહુ ન હસે. મર્યાદા ઓળંગીને સાધુ જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના કર્મબંધના ભયથી હસે નહીં. આગમમાં કહ્યું છે કે....જીવ હસે કે ઉત્સુક બને તો કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? હે ગૌતમ ! સાત કે



આઠ કર્મપ્રકૃતિ બાંધે છે ઇત્યાદિ.

વળી ઉદાર-શોભન-મનોજ્ઞ એવા ચક્રવર્તી આદિના શબ્દાદિ વિષયોમાં કામ ભોગો તે વસ્ત્ર, આભરણ, ગીત, ગંધર્વ, યાન, વાહન આદિ તથા આજ્ઞા, ઐશ્વર્ય આદિને જોને કે સાંભળીને ઉત્સુક ન થાય. પાઠાંતર મુજબ અનિશ્રિત એટલે અપ્રતિબદ્ધ રહે. સંયમ અનુષ્ઠાનમાં યત્ન કરતો સર્વ રીતે મૂલગુણ, ઉત્તરગુણમાં ઉધમ કરે, સંયમ પાળે. ભિક્ષાચર્યામાં અપ્રમત્ત રહે, આહારાદિમાં ગૃદ્ધ ન થાય. પરીષહ-ઉપસર્ગો આવે ત્યારે અદીનમનવાળો બની કર્મનિર્જરા થશે તેમ માનતો સમ્યક્ રીતે તેને સહન કરે.

પરીષહ, ઉપસર્ગને સહન કરવાને આશ્રીને કહે છે - લાકડી, મુટ્ઠી, લકુટ આદિથી કોઈ મારે તો કોપાયમાન ન થાય, કોઈ દુર્વચનથી આક્રોશ કરે કે તિરસ્કાર કરે તો સામો ઉત્તર ન આપે, મનમાં કોઈ કુવિચાર ન લાવે, પણ શાંત મનવાળો બનીને કોલાહલ ન કરતાં, સહન કરે.

વળી પ્રાપ્ત થયેલા ઇચ્છામદનરૂપ કામ કે ગંધ, અલંકાર, વસ્ત્રાદિને વજસ્વામીની જેમ સારા ન માને કે ગ્રહણ ન કરે. અથવા કામ ચેષ્ટાવાળા ગમનાદિ લબ્ધિરૂપ કામો તપવિશેષથી મળવા છતાં ન ભોગવે, બ્રહ્મદત્તના પૂર્વભવની જેમ પ્રાર્થે પણ નહીં. એમ કરવાથી ભાવવિવેકનો આવિર્ભાવ થાય છે. તથા આર્યોના કૃત્યો આચરે, અનાર્ય કર્તવ્ય તજે. અથવા મુમુક્ષુએ જે આચરેલ જ્ઞાન-દર્શન-ચારિત્રને આચાર્યો સમીપે હંમેશા શીખે, આ વાક્યથી જણાવે છે કે શીલવંતોએ નિત્ય ગુરુકુલવાસ સેવવો. ''આચાર્યો પાસે શીખે'' એ વાતનું સ્વરૂપ બતાવે છે—

● **સૂત્ર-૪૬૯ :-**

***સાધુએ સુપ્રજ્ઞ, સુતપસ્વી, વીર, આત્મપ્રજ્ઞ, ધૃતિમાન્, જિતેન્દ્રિય [એવા ગુરુની] સુશ્રૂષા અને ઉપાસના કરવી જોઈએ.***

● **વિવેચન :-**

ગુરુનો આદેશ સાંભળવાની ઇચ્છા તે સુશ્રૂષા એટલે ગુરુ આદિની વૈયાવચ્ચ કરતો ગુરુને સેવે, તેના જ બે પ્રધાનગુણ વિશેષથી કહે છે - જેની સારી પ્રજ્ઞા હોય તે સુપ્રજ્ઞ અર્થાત્ સ્વસમય, પરસમયના જ્ઞાતા ગીતાર્થ, તથા સુષ્ઠુ કે શોભન બાહ્ય-અભ્યંતર તપ જેનો હોય તે સુતપસ્વી, આવી જ્ઞાનીને, સમ્યક્ ચારિત્રવાન્ ગુરુને પરલોકનો અર્થી સેવે તથા કહ્યું છે કે - જે ગુરુકુળવાસને છોડતા નથી તે જ્ઞાનના ભાગી થાય છે અને દર્શન, ચારિત્રમાં વિશેષ સ્થિર થાય છે, તેઓ ધન્ય છે જે આવું કરે છે, તેને બતાવવા કહે છે અથવા કોણ જ્ઞાની કે તપસ્વી છે, તે બતાવે છે—

કર્મને વિદારવામાં સહિષ્ણુ તે વીર છે, પરીષહ-ઉપસર્ગથી ક્ષોભિત ન થાય તે ધીર અથવા બુદ્ધિ વડે શોભે તે ધીર કે જેઓ તુરંત મોક્ષમાં જનારા છે. રાગદ્વેષથી મુક્ત તેની પ્રજ્ઞા-કેવલજ્ઞાનને શોધવાના સ્વભાવવાળા તે આપ્તપ્રજ્ઞા અન્વેષી કે સર્વજ્ઞવચન અન્વેષી છે. ધૃતિ એટલે સંયમમાં રતિ, તે જેનામાં છે, તે ધૃતિમાન છે.

સંયમમાં ધૈર્ય હોય તો જ પંચમહાવ્રતના ભારનું વહન સુસાધ્ય બને છે તપ વડે સાધ્ય સુગતિ હાથમાં જ છે. તે કહે છે - જેને ધૃતિ છે તેને તપ છે જેને તપ છે તેને સદ્‌ગતિ સુલભ છે. અધૃતિવાળાને તપ પણ દુર્લભ છે તથા જેણે ઇન્દ્રિયોના સ્વવિષયના રાગ-દ્વેષ જિતેલા છે કે સ્પર્શનાદિ ઇન્દ્રિયો વશ કરી છે, તે જિતેન્દ્રિય છે. સુશ્રૂષા કરતા શિષ્યો કે ગુરુઓ સુશ્રૂષા વડે ઉક્ત વિશેષણવાળા થાય છે. એવી પ્રતિજ્ઞાવાળા પૂર્વોક્ત વિશેષણ વિશિષ્ટ થાય છે. તે બતાવે છે—

● **સૂત્ર-૪૭૦ :-**

***ઘરમાં [સમ્યક્ત્વ] દીપને પ્રાપ્ત ન કરનાર મનુષ્ય પ્રવ્રજ્યાથી પુરુષોને આદાનીય બને છે.***

***બંધનથી મુક્ત તે વીર જીવિતની આકાંક્ષા ન કરે.***

● **વિવેચન :-**

ઘરમાં એટલે ગૃહવાસમાં, ગૃહપાશમાં કે ગૃહસ્થભાવમાં. દીપ એટલે દીપે કે પ્રકાશે તે. ભાવદીપ અર્થાત્ શ્રુતજ્ઞાનનો લાભ. [મેળવતા નથી.] અથવા દ્વીપ તે સમુદ્રાદિમાં જીવોને આશ્રયરૂપ છે. તેમ તે ભાવ દ્વીપ-સંસારસમુદ્રમાં સર્વજ્ઞે કહેલો ચારિત્ર લાભ મળે. આ દીપ કે દ્વીપ ગૃહસ્થભાવમાં પ્રાપ્ત ન થતા સમ્યક્ રીતે દીક્ષા લઈ ઉત્તરોત્તર ગુણ લાભ વડે આ પ્રકારે થાય, તે દર્શાવે છે —

ધર્મમાં પુરુષોત્તમપણાથી અહીં 'નર' શબ્દ લીધો છે. અન્યથા સ્ત્રીઓને પણ સાધુપણું હોય છે અથવા નર શબ્દથી દેવ આદિને ગણેલ નથી. તેથી ચારિત્ર લીધેલાં ઉત્તમ પુરુષો મુમુક્ષુઓને આશ્રય કરવા યોગ્ય છે. મહાન્‌થી પણ મહાન્ થાય છે અથવા આદાનીય હિતસ્વીઓને મોક્ષ કે તેનો માર્ગ સમ્યગ્દર્શનાદિ મનુષ્યોને આદાનીય છે. - x - તે નર વિશેષથી આઠ પ્રકારના કર્મોને પ્રેરે છે માટે વીર છે. તથા બાહ્ય અભ્યંતર પુત્ર-સ્ત્રી આદિના સ્નેહરૂપ બંધન, તેને પ્રબળતતાથી છોડે તે બંધનથી મુક્ત થયેલ અસંયમજીવિત કે પ્રાણ ધારણ કરવાને વાંછતા નથી.

● **સૂત્ર-૪૭૧ :-**

***સાધુ શબ્દ અને સ્પર્શમાં આસક્ત ન રહે. આરંભમાં અનિશ્રિત રહે, આ અધ્યયનના આરંભથી જે કહ્યું તે સર્વે સમયાતીત છે.***

● **વિવેચન :-**

વળી તે અગૃદ્ધ એટલે અમૂર્છિત રહે. શેમાં ? મનોજ્ઞ શબ્દ કે સ્પર્શોમાં. આદ્ય-અંતના ગ્રહણથી મધ્યનું ગ્રહણ લેતા મનોજ્ઞ રૂપ, ગંધ, રસમાં પણ અગૃદ્ધ રહે તેમ જાણવું. તથા અમનોજ્ઞમાં દ્વેષ ન કરે. સાવધ અનુષ્ઠાનરૂપ આરંભોમાં અપ્રવૃત્ત રહે.

હવે ઉપસંહાર કરતા કહે છે - અધ્યયનના આરંભથી પ્રતિષેધ કરવા માટે જે મેં ઘણું કહ્યું તે આર્હત્‌ના આગમથી વિરુદ્ધ હોવાથી નિષેધેલ છે. તથા જે વિધિ દ્વારથી કહ્યું તે બધું કુસિદ્ધાંતથી લોકોત્તર પ્રધાન છે. જો કે તે કુતીર્થિકોએ ઘણું કહ્યું, તે સિદ્ધાંત વિરુદ્ધ હોવાથી ન આદરવું.

પ્રતિષેધ્ય પ્રધાન નિષેધ દ્વારથી મોક્ષ સાધવા કહે છે—



● **સૂત્ર-૪૭૨ :-**

***વિદ્વાન્ મુનિ અતિમાન, માયા અને સર્વે ગારવોનો ત્યાગ કરી કેવળ નિર્વાણની જ અભિલાષા કરે. - એમ હું કહું છું.***

● **વિવેચન :-**

અતિમાનનો, च શબ્દથી તેની સાથે ક્રોધ તથા માયા અને તેના કાર્યભૂત લોભ, આ બધું વિવેકી જ્ઞ પરિજ્ઞાથી જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પરિહરે. તથા સર્વે ઋદ્ધિ-રસ-સાતા રૂપ ગારવોને સમ્યક્‌તયા જાણીને સંસાર કારણરૂપ હોવાથી ત્યાગ કરે. ત્યાગીને સાધુ બધાં કર્મના ક્ષયરૂપ સિદ્ધિ સ્થાનને માટે પ્રાર્થે.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૯ "ધર્મ"નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -

## ❀ શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૦ સમાધિ ❀

● **ભૂમિકા :-**

નવમાં પછી દશમું અધ્યયન કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે. અનંતર અધ્યયનમાં 'ધર્મ' કહ્યો. તે ધર્મ સમાધિ હોય તો થાય છે, તેથી હવે ''સમાધિ'' કહે છે. એ સંબંધથી આવેલ આ અધ્યયનના ઉપક્રમાદિ ચાર અનુયોગ દ્વારો કહેવા. તેમાં ઉપક્રમ દ્વારમાં આ અર્થાધિકાર છે. ધર્મમાં સમાધિ કરવી. સમ્યગ્તયા મોક્ષમાં કે તે માર્ગમાં આત્મા જે ધર્મધ્યાનાદિ વડે સ્થાપીએ, તે સમાધિ છે. તે સારી રીતે જાણીને સ્પર્શનીય છે.

નામનિષ્પન્ન નિક્ષેપામાં નિર્યુક્તિકાર કહે છે–

**[નિ.૧૦૩ થી ૧૦૬-]** સૂત્રમાં પ્રથમ જે લઈએ તે આદાન જેમકે 'સુ' કે 'ત્તિ' જેને અંતે છે, તે આદાનપદ છે. તેથી 'આઘ' નામનું આ અધ્યયન છે. કારણ કે અધ્યયનની આદિમાં આ સૂત્ર છે - ''आधं मईमं'' ઇત્યાદિ. જેમ ઉત્તરાધ્યયનમાં ચોથા અધ્યયનમાં પ્રમાદ-અપ્રમાદ કથન હોવા છતાં असंखय પ્રથમ શબ્દ હોવાથી તે નામે કહીએ છીએ. વળી ગુણનિષ્પન્ન આ અધ્યયનનું નામ સમાધિ છે. તેથી અહીં 'સમાધિ'નું પ્રતિપાદન કરીએ છીએ. તે સમાધિના નામ આદિ કહીને અહીં ભાવસમાધિનો અધિકાર કહે છે.

સમાધિના નિક્ષેપા કહે છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભેદથી ''સમાધિ''ના છ નિક્ષેપ છે. 'तु' શબ્દ ગુણનિષ્પન્નના જ નામ-નિક્ષેપા કહ્યા છે, તે બતાવે છે - x - તેમાં દ્રવ્યાદિને કહે છે–

શબ્દાદિ પાંચ મનોજ્ઞ વિષયોમાં શ્રોત્રાદિ ઇન્દ્રિયોને અનુકૂળ આવતાં જે સંતોષ થાય તે દ્રવ્ય સમાધિ. તેથી ઉલટું તે અસમાધિ અથવા બે દ્રવ્યો કે ઘણાં દ્રવ્યોના મિશ્રણનો જેમાં વિરોધ ન હોય કે સ્વાદ ન બગડે પણ સ્વાદ વધે તે દ્રવ્ય સમાધિ છે. જેમકે - દૂધ, સાકર, દહીં, ગોળ અને ચાતુર્જાતકાદિ અથવા જે દ્રવ્યના ખાવાથી કે પીવાથી સમાધિ થાય તે દ્રવ્યને દ્રવ્યસમાધિ કહે છે. અથવા તોળવાના કાંટે ચડાવતાં બંને બાજુ સમાન થાય તે દ્રવ્યસમાધિ છે.

ક્ષેત્ર સમાધિ - જેને જે ક્ષેત્રમાં રહેતા સમાધિ થાય તે ક્ષેત્ર પ્રાધાન્યથી ક્ષેત્ર સમાધિ છે, અથવા જે ક્ષેત્રમાં સમાધિ વર્ણવાય તે ક્ષેત્રસમાધિ.

કાળસમાધિ તે જેને જે કાળમાં સમાધિ થાય તે. જેમકે - ગાયોને શરદઋતુમાં, ઘુવડોને રાત્રે, કાગડાને દિવસે અથવા જેને જેટલો કાળ સમાધિ થાય તે અથવા જે કાળમાં સમાધિનું વર્ણન કરાય તે કાળના પ્રાધાન્યથી કાળસમાધિ છે.

ભાવસમાધિને કહે છે–

ભાવસમાધિ દર્શન-જ્ઞાન-તપ-ચારિત્ર ભેદે ચાર પ્રકારે છે. તે પાછલી અડધી ગાથાથી કહે છે - મુમુક્ષુ આરાધે તે ચરણ, તે સારી રીતે ચારિત્રમાં રહી વર્તનાર સાધુ ચારે સમાધિના ભેદો દર્શન, જ્ઞાન, તપ, ચારિત્રમાં જેણે આત્મા સ્થિર કર્યો



હોય તે સમાહિત આત્મા છે અર્થાત્ જે સારા ચારિત્રમાં રહે, તે ચાર પ્રકારની ભાવસમાધિવાળો આત્મા થાય છે - x - દર્શનસમાધિમાં રહેલો જિનવચન ભાવિત અંતઃકરણવાળો નિર્વાત સ્થાને રહેલા દીવાની જેમ કુમતિવાયુ વડે ભ્રમિત ન થાય. જ્ઞાનસમાધિ વડે જેમ જેમ નવું ભણે તેમ તેમ અતિ ભાવસમાધિમાં ઉદ્યુત થાય છે. તથા કહ્યું છે કે–

જેમ જેમ અતિશય રસના પ્રસારવાળું અપૂર્વ સૂત્ર વાંચે, તેમ તેમ નવા નવા મોક્ષાભિલાષની શ્રદ્ધા વડે મુનિ આનંદ પામે. ચારિત્ર સમાધિમાં પણ વિષયસુખની નિસ્પૃહતાથી પાસે કંઈ નહીં છતાં ઉત્તમ સમાધિ મેળવે છે, તે બતાવે છે - ઘાસના સંથારે બેઠેલા પણ મુનિવર, જેના રાગ, મદ, મોહ દૂર થયા છે તે જે મુક્તિ સુખ પામે છે, તેવું સુખ ચક્રવર્તીને પણ ક્યાંથી હોય ? જેવું સુખ રાજાના રાજાને નથી, દેવરાજાને નથી, તેવું સુખ લોક વ્યાપારથી રહિત સાધુને અહીં છે, ઇત્યાદિ.

તપની સમાધિ તે વિકૃષ્ટ તપસ્યા કરે તો પણ ગ્લાનિ ન પામે તથા ભૂખ-તૃષા આદિ પરીષહોથી ઉદ્વેગ ન પામે તથા અભ્યસ્ત એવા અભ્યંતર તપોધ્યાન આશ્રિત મનથી મોક્ષમાં રહેલાની માફક સુખ-દુઃખથી બાધિત થતો નથી.

આ પ્રમાણે ચતુર્વિધ સમાધિમાં રહેલ સાધુ સમ્યક્ ચારિત્ર સ્થિત થાય છે.

નામનિક્ષેપો કહ્યો. હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્રને કહે છે–

● **સૂત્ર-૪૭૩ થી ૪૭૬ :-**

***મતિમાને અનુચિંતન કરી, જે ઋજુ સમાધિ કહી છે, તેને સાંભળો, સમાધિ પ્રાપ્ત અપ્રતિજ્ઞ અનિદાન ભિક્ષુ શુદ્ધ સંયમ પાળે... ઉર્ધ્વ, અધો, તિર્છી દિશામાં જે ત્રસ, સ્થાવર પ્રાણી છે, તેમની હાથ કે પગથી હિંસા ન કરે અને અદત્ત ગ્રહણ ન કરે...સ્વાખ્યાતધર્મી, વિચિકિત્સાતીર્ણ, પ્રાસુક આહારી બધાંને આત્મતુલ્ય માને, જીવિતને અર્થે આશ્રવ ન કરે, તેમજ ધાન્યાદિ સંચય ન કરે...સ્ત્રીના વિષયમાં સર્વેન્દ્રિય રોકે, સર્વ બંધનથી મુક્ત થઈને વિચરે. લોકમાં પૃથક્ પૃથક્ પ્રાણી વર્ગ આર્ત અને દુઃખથી પીડિત છે, તે જુઓ.***

● **વિવેચન-૪૭૩ થી ૪૭૬ :-**

[૪૭૩] આ સૂત્રનો અનંતર સૂત્ર સાથે સંબંધ આ પ્રમાણે - બધાં ગારવ છોડીને મુનિ નિર્વાણને સાધે, એવું કેવળજ્ઞાન થયેલા ભગવંતે કહ્યું છે, તે કહે છે - આઘ એટલે કહેતા હતા. કોણ ? मतिमान् - મનન [વિચાર] કરે તે મતિ, સમસ્ત પદાર્થ પરિજ્ઞાન, જેને છે તે મતિમાન એટલે કેવલજ્ઞાની. આ અસાધારણ વિશેષણથી અહીં તીર્થંકર લેવા. નિકટ ગામી હોવાથી વીર વર્ધમાનસ્વામી લેવા. તેમણે શું કહ્યું ? શ્રુત-ચારિત્રરૂપ ધર્મ. કેવી રીતે ? કેવળજ્ઞાન વડે જાણીને પ્રજ્ઞાપના યોગ્ય પદાર્થોને આશ્રીને ધર્મ કહે છે. અથવા શ્રોતાને ધ્યાનમાં લઈને આ કયા અર્થને ગ્રહણ કરવા સમર્થ છે ? આ કેવો પુરુષ છે ? કોને માને છે ? કયા મતનો છે ? એ બધું વિચારીને. જે ઉપદેશને શ્રોતાઓ માને છે - જેમકે બધાં માને કે અમારા અભિપ્રાયને વિચારીને ભગવંત ધર્મ કહે છે, કેમકે એકસાથે બધાંને સ્વભાષામાં પરિણમતા તેમના સંશય

દૂર થાય છે. તેઓ કેવો ધર્મ કહે છે ?

ઋજુ-સરળ, જે વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું નિરૂપણ કરીને. શાક્યો માફક સર્વ વસ્તુ ક્ષણિક છે, તેમ માનીને નહીં - કરેલાનો નાશ અને ન કરેલાનું આગમનાદિ માનીને નહીં. તેઓ પોતે છેદતા નથી પણ છેદનનો ઉપદેશ આપે છે. સિક્કા-ચાંદી વગેરે પોતે ન લે, પણ બીજા પાસે તેનો ક્રય-વિક્રય કરાવે છે. વળી સાંખ્યમતીઓ બધું અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર એક સ્વભાવવાળું નિત્ય માનીને તેથી કર્મબંધ અને મોક્ષનો અભાવ થતો જાણીને તે દોષથી બચવા પ્રગટ અને ગુપ્ત ભાવનો આશ્રય લીધો ઇત્યાદિ કુટિલભાવ છોડીને સરળ અને તથ્ય ધર્મ કહ્યો.

તથા સમ્યગ્ સધાય તેવા મોક્ષ કે મોક્ષમાર્ગ પ્રતિ આત્મા જેના વડે યોગ્ય રીતે સ્થપાય તે ધર્મ વડે આ ધર્મસમાધિ કહી અથવા ધર્મ કહ્યો અને ધર્મધ્યાનાદિ સમાધિ કહી. સુધર્માસ્વામી કહે છે - તે ધર્મ કે સમાધિ ભગવંતે કહી છે, તે તમે સાંભળો. તે આ પ્રમાણે - જેને આ લોક કે પરલોકના સુખની આકાંક્ષા તપ-અનુષ્ઠાન કરતાં ન હોય તે અપ્રતિજ્ઞ. ભિક્ષાથી નિર્વાહ કરે તે ભિક્ષુ.

તે જ પરમાર્થથી સાધુ છે, ધર્મ અને ધર્મસમાધિને પામેલો છે, જેને આરંભરૂપ પ્રાણીઓને દુઃખનું નિદાન ન હોય તે અનિદાન. એવે તે સાવધ અનુષ્ઠાન રહિત, સંપૂર્ણ સંયમ અનુષ્ઠાન પામે છે અથવા અનિદાન-અનાશ્રવરૂપ કર્મોપાદાન રહિત સારી રીતે દીક્ષા પાળે અથવા નિયાણારહિત જ્ઞાનાદિમાં ચિત્ત રાખે અથવા નિદાન હેતુ કારણ જે દુઃખના છે, તે છોડીને કોઈને દુઃખ ન આપે તે અનિદાન થઈ સંયમમાં પરાક્રમ કરે.

[૪૭૪] પ્રાણાતિપાત આદિ કર્મના નિદાનો [મૂળ] છે. આ પ્રાણાતિપાત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભેદથી ચાર પ્રકારે છે. તેમાં ક્ષેત્ર પ્રાણાતિપાત કહે છે - સર્વ પ્રાણાતિપાત પ્રજ્ઞાપકની અપેક્ષાએ ઉર્ધ્વ-અધો-તીર્છિ દિશામાં જાણવો. અથવા ઉર્ધ્વ-અધો-તિર્છારૂપ ત્રણ લોકમાં તથા પૂર્વ આદિ દિશા-વિદિશામાં ક્ષેત્ર-પ્રાણાતિપાત છે. દ્રવ્ય પ્રાણાતિપાત આ પ્રમાણે - ત્રાસ પામે તે ત્રસ, તે બેઇન્દ્રિયાદિ છે. સ્થાવરો પૃથ્વીકાયાદિ છે. च વડે પેટા ભેદ જાણવા. કાળ પ્રાણાતિપાત તે દિવસે કે રાત્રે જીવો હણવા તે.

ભાવ પ્રાણાતિપાત કહે છે - આ પૂર્વોક્ત જીવોને હાથ-પગ વડે બાંધીને ઉપલક્ષણથી આ જીવોને બીજી રીતે કદર્થના કરી દુઃખ થાય, તેવું ન કરવું. અથવા એ જીવોને પોતાના હાથ-પગ સંયમમાં રાખી સંયતકાય થઈ ન હણે. च શબ્દથી ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, ખાંસી, છીંક, વાતનિસર્ગાદિમાં સર્વત્ર મન-વચન-કાય કર્મથી સંયત થઈને ભાવસમાધિને પાળે તથા બીજાનું ન આપેલું ન ગ્રહણ કરે એમ કહી ત્રીજા વ્રતને [પણ] સૂચવ્યું. અદત્તાદાનના નિષેધથી પરિગ્રહનો નિષેધ થાય છે. પરિગ્રહ વિના સ્ત્રી-સેવન ન થાય, એ રીતે મૈથુન નિષેધ પણ કહ્યો. બધા વ્રતના સમ્યક્ પાલનના ઉપદેશથી મૃષાવાદ પણ અર્થ નિષેધ કર્યો.

[૪૭૫] જ્ઞાન-દર્શન સમાધિને આશ્રીને કહે છે - જે સાધુ સારી રીતે શ્રુત-



ચારિત્રનામક ધર્મ કહે છે, તે ''સ્વાખ્યાત ધર્મ'' છે. એ રીતે જ્ઞાનસમાધિ કહી છે. કેમકે વિશિષ્ટ પરિજ્ઞાન વિના સ્વાખ્યાત ધર્મત્વ ન ઉદ્‌ભવે. વિચિકિત્સા - ચિત્તની શંકા કે વિદ્વાનોની નિંદા, તેને છોડીને ''તે જ સત્ય છે, જે જિનેશ્વરોએ કહ્યું છે.'' એવું નિશંકપણે માની મનમાં કોઈ શંકા ન લાવે. એ કથનથી દર્શનસમાધિ કહી. જે કંઈ પ્રાસુક આહાર, ઉપકરણ આદિ મળે તેનાથી વિધિપૂર્વક આત્માનું પાલન કરે તે લાઢ. તે આવો થઈને સંયમ પાળે. વારંવાર જન્મે તે પ્રજા - પૃથ્વી આદિ જીવો. તેને પોતાના આત્મા સમાન માનીને સર્વે પ્રાણીને આત્મવત્ જુએ, તે જ ભાવસાધુ છે.

કહ્યું છે કે - જેમ મને દુઃખ પ્રિય નથી તેમ બધાં જીવોને જાણીને તેમને ન હણે, ન હણાવે એમ સમભાવે વર્તે તે समण - શ્રમણ છે. જેમ મને કોઈ આક્રોશ કરે કે આળ ચડાવે તો દુઃખ થાય છે, તેમ બીજાને પણ થાય એવું માનીને પ્રજા-જીવોમાં આત્મવત્ ભાવ રાખે. હું અસંયમ જીવનના અર્થી બની ઘણો કાળ સુખેથી જીવીશ એવા અધ્યવસાયથી કર્મનો આશ્રવ ન કરે તથા આહાર, ઉપકરણ આદિ કે ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ આદિ પરિગ્રહ ભાવિ સુખ માટે સારો તપસ્વી-વિકૃષ્ટતપથી કાયા શોષવનારો ભિક્ષુ [સંચય] ન કરે.

[૪૭૬] વળી બધી ઇન્દ્રિયો અને સ્પર્શ આદિથી નિવૃત્ત થઈ જિતેન્દ્રિય બને. ક્યાં ? પ્રજા - સ્ત્રીમાં, કેમકે તેણીમાં પાંચે પ્રકારે શબ્દાદિ વિષયો વિદ્યમાન હોય છે તથા કહ્યું છે - યુવાન સુંદરીઓના વાક્યો કર્ણને પ્રિય છે, રૂપ જોવાનું રમ્ય લાગે છે, તે સુંદરીનો સ્પર્શ આશ્ચર્યકારી આનંદ આપે છે રસ અને ગંધ ચુંબનથી આનંદ આપે છે. એ રીતે સ્ત્રીમાં પાંચે ઇન્દ્રિયોના વિષયના સંભવથી સર્વ ઇન્દ્રિયોમાં સંવૃત્ત થવું. તે દર્શાવે છે–

સંયમ અનુષ્ઠાનમાં રહેલ સાધુ બાહ્ય-અભ્યંતર સંગથી વિશેષ મુક્ત અર્થાત્ નિઃસંગ કે નિષ્કિંચન રહે. તે આવો સર્વ બંધનમુક્ત થઈ જુદા જુદા પૃથ્વી આદિ કાયોમાં સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત તથા अपि શબ્દથી વનસ્પતિકાયમાં સાધારણ શરીરમાં એકસાથે રહેલા અનંત જીવોને જુએ.

તે કેવા છે ? અસાતા વેદનીયના ઉદયરૂપ દુઃખથી દુઃખી છે અથવા દુઃખ એટલે આઠ પ્રકારના કર્મોથી આર્ત્ત-પીડાતા સર્વ રીતે સંસાર કડાયા મધ્યે પોતાના કરેલા કર્મ ઇંધન વડે પકાવાઈ રહ્યા છે અથવા દુષ્પ્રણિહિત ઇન્દ્રિયોના આર્ત્તધ્યાન યુક્ત મન-વચન-કાયાથી પરિતાપ પામી રહ્યા છે, તે તું જો. - વળી -

● **સૂત્ર-૪૭૭ થી ૪૮૦ :-**

***અજ્ઞાની જીવ પૃથ્વીકાયાદિને દુઃખ આપી પાપકર્મ કરતો વારંવાર તે-તે યોનિઓમાં ભમે છે, તે આ પાપકર્મ પોતે કરે છે કે બીજા પાસે કરાવે છે...આદીનવૃત્તિવાળો પણ પાપકર્મ કરે છે, તેમ માની એકાંત સમાધિ કહી છે, તેથી પંડિત સાધુ ભાવસમાધિ અને વિવેકરત બની પ્રાણાતિપાત વિરત એવો સ્થિતાત્મા બને...સર્વ જગત્‌ને સમભાવે જોનાર કોઈનું પ્રિય કે અપ્રિય ન કરે,***

*દીક્ષિત થઈ ફરી દીન અને પતિત બને છે, કોઈ પૂજા-પ્રશંસા કામી બને છે...નિકામ-અતિ આધાકર્મી આહારની ઇચ્છાથી વિચરે તે પતિત થાય છે. તે અજ્ઞાની સ્ત્રીમાં આસક્ત બની પરિગ્રહ કરતો પાપની વૃદ્ધિ કરે છે.*

● **વિવેચન-૪૭૭ થી ૪૮૦ :-**

[૪૭૭] પૂર્વોક્ત પ્રત્યેક-સાધારણમાં ઉપતાપ પામતા જીવોને અજ્ઞાની કે અજ્ઞાની નહીં તેવાઓ સંઘટ્ટન, પરિતાપન, અપદ્રાવણાદિ કૃત્યોથી પ્રકર્ષથી પાપકર્મ કરતો તે જ પૃથ્વીકાયાદિમાં જન્મી અનંતવાર સંઘટ્ટન, પરિતાપનાદિથી પીડાઈ-દુઃખી થાય છે. પાઠાંતર મુજબ-દૃષ્ટાંત આપે છે - જેમ ચોર કે પરસ્ત્રી લંપટ પોતાના અસત્ કાર્યો થકી હાથ-પગનું છેદાવું કે વધ-બંધનના દુઃખ અહીં જ ભોગવે છે. તેમ અનુમાનથી બીજા પાપકર્મકારી આ કે પરલોકમાં દુઃખી થાય છે. ક્યાંક आउट्टति પાઠ છે. તે મુજબ અશુભકર્મ વિપાકોને જોઈ-સાંભળી-જાણીને તે અસત્ અનુષ્ઠાનથી મુક્ત થાય. કેવા પાપસ્થાનોથી છૂટે? જીવહિંસા, જીવહત્યાના હેતુથી છૂટે. કેમકે તેનાથી અશુભ-જ્ઞાનાવરણાદિ કર્મ બાંધે છે તથા બીજા નોકર આદિને જીવહિંસામાં રોકીને પાપકર્મ કરે છે. तु શબ્દથી મૃષાવાદ આદિ કરતો-કરાવતો પાપકર્મ બાંધે છે.

[૪૭૮] आदीन - બધી રીતે કરુણાવાળી, वृत्ति - અનુષ્ઠાન, ધંધો. જેમકે - કૃપણ, વનીપક આદિને આદીનવૃત્તિ છે, તો પણ પાપકર્મ કરે છે. પાઠાંતરથી 'આદીનભોજી' પણ પાપ કરે છે. કહ્યું છે કે - ટુકડા માટે પણ ભટકતો દુરાચારી નરકથી છૂટતો નથી. તેને કોઈ વખતે સારો આહાર ન મળે તો અજ્ઞાનતાથી આર્ત્ત-રૌદ્ર ધ્યાનથી સાતમી નરકે પણ જાય. જેમકે - રાજગૃહીમાં ઉત્સવ માટે નીકળેલ લોકોને કોઈ ભીખારી વૈભારગિરિની શિલા મારવા તૈયાર થયો, પણ તે પડી જતા મર્યો, આ રીતે આદીનભોજી પણ પાપકર્મ કરે એમ વિચારી તીર્થંકર, ગણધર આદિએ અત્યંત એકાંત ભાવરૂપ જ્ઞાનાદિ સમાધિ સંસાર પાર ઉતરવા કહી છે.

દ્રવ્ય સમાધિ સ્પર્શાદિ સુખ આપે તે અલ્પકાલીન અને અંતે અવશ્ય અસમાધિ આપનારી છે. તથા કહ્યું છે - જો કે સેવાતા વિષયો મનને સંતોષ આપે છે પણ પછી કિંપાક ફળની માફક દુઃખ દેનારા થાય છે. આ પ્રમાણે તત્ત્વ જાણતો તે જ્ઞાનાદિ ચારે પ્રકારની સમાધિમાં રહીને અથવા આહાર-ઉપકરણ-કષાય પરિત્યાગરૂપ દ્રવ્ય તથા ભાવમાં રત રહી કેવો થાય છે, તે બતાવે છે - દશ પ્રકારના પ્રાણોના વિનાશથી વિરત રહી, જેનો આત્મા સમ્યગ્ માર્ગમાં રહેલો છે અથવા પાઠાંતરથી જેની લેશ્યા શુદ્ધ આત્મ વડે નિર્મળ છે તે. [એવો થાય છે.]

[૪૭૯] ચર-અચર પ્રાણિસમૂહને સમપણે જોવાના આચારવાળો સમતાનુપ્રેક્ષી કે સમતાપશ્યક છે. કોઈનો પ્રિય કે અપ્રિય નથી. કહ્યું છે કે - બધા જીવોમાં તેનો કોઈ દ્વેષી કે પ્રિય નથી. તથા જેમ મને દુઃખ પ્રિય નથી ઇત્યાદિ. સમતાધારી કોઈનું પ્રિય કે અપ્રિય ન કરે. પણ નિઃસંગપણે વિચરે એ પ્રમાણે સંપૂર્ણ ભાવ સમાધિયુક્ત થાય. કોઈ ભાવસમાધિથી સમ્યગ્તયા દીક્ષા લઈ પરીષહ-ઉપસર્ગથી પીડાઈ દીનભાવ પામીને ફરી ખેદ કરે છે કે વિષયાર્થી બને. કોઈ ગૃહસ્થ થાય. રસ-સાતા ગારવ ગૃદ્ધ કે પૂજા સત્કારનો અભિલાષી થઈ, તેના અભાવે પાસત્થો બની ખેદ પામે. કોઈ વસ્ત્ર-પાત્રાદિથી પૂજન ઇચ્છે. કોઈ પ્રશંસા ઈચ્છુક બની વ્યાકરણ, જ્યોતિષ, નિમિત્ત શાસ્ત્રો ભણે.



[૪૮૦] વળી સાધુને ઉદ્દેશીને બનાવેલ-આધાકર્મી એવો આહાર, ઉપકરણાદિની જે અતિ પ્રાર્થના કરે તે निकाममीण કહેવાય. તથા અતિ ઇચ્છાથી આધાકર્માદિ કે તેના નિમિત્તે નિમંત્રણાદિથી જે જાય તે પાસત્થો, અવસન્ન, કુશીલોના સંયમ જેવા પતિત ભાવને ઇચ્છે છે અને સદ્અનુષ્ઠાનમાં સીદાઈને સંસાર-કાદવમાં ખૂંચે છે. સ્ત્રીમાં આસક્ત બની તેણીની વાણી, હાસ્ય, મુખ આદિ શરીર-અવયવોમાં રાગી બની વિવેક રહિત અજ્ઞ માફક તેણીનું મન મનાવવા દ્રવ્ય વિના તેની કાર્યસિદ્ધિ ન થાય માટે જેવા તેવા કોઈપણ વ્યાપાર વડે દ્રવ્ય સંગ્રહાર્થે પરિગ્રહ કરતો પાપકર્મોને બાંધે છે - તથા -

● **સૂત્ર-૪૮૧ થી ૪૮૪ :-**

*વૈરાનુગૃદ્ધ પુરુષ કર્મનો સંચય કરે છે, અહીંથી મરીને દુઃખરૂપ દુર્ગને પામે છે, તેથી મેધાવી ધર્મની સમીક્ષા કરી સર્વતઃ વિપ્રમુક્ત થઈ વિચરે...*

*લોકમાં જીવિતાર્થી ધન સંચય ન કરે, અનાસક્ત થઈ ઉદ્યત થઈ વિચરે, નિશમ્યભાષી અને વિનીત ગૃદ્ધ થઈ હિંસાયુક્ત કથા ન કરે...*

*આધાકર્મીની ઇચ્છા ન કરે, ઇચ્છા કરનારનો સંસ્તવ ન કરે, અનુપ્રેક્ષા પૂર્વક સ્થૂળ શરીરની પરવા કર્યા વિના તેને કૃશ કરે...*

*એકત્વની પ્રાર્થના કરે, આ જ મોક્ષ છે, તે મિથ્યા નથી, આ મોક્ષ જ સત્ય અને શ્રેષ્ઠ છે, તે જુઓ. તેનાથી યુક્ત અક્રોધી, સત્યરત, તપસ્વી બને છે.*

● **વિવેચન-૪૮૧ થી ૪૮૪ :-**

[૪૮૧] જેવા તેવા બીજાને ઉપતાપરૂપ કર્મ વડે વૈર બંધે છે, તે સેંકડો જન્મ સુધી સાથે જાય છે. તે વૈરમાં ગૃદ્ધ પાઠાંતરથી આરંભમાં આસક્ત-દયા વગરનો દ્રવ્યસંચય કરી તે નિમિત્તે કર્મો બાંધે છે. આ રીતે વૈર બાંધી, કર્મનો સંચય કરીને, અહીંથી મરી બીજા ભવમાં જઈને નરકાદિ યાતના સ્થાનરૂપ વિષમ સ્થાનોમાં જાય છે. તેથી વિવેકી કે મર્યાદાવાળો સાધુ સમાધિગુણને જાણતો શ્રુત અને ચારિત્ર નામક ધર્મની સમીક્ષા કરી-સ્વીકારી સાધુ બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી મુક્ત થઈ સર્વ સંયમાનુષ્ઠાનોને મોક્ષગમનના એક હેતુરૂપ માનીને આરાધે. સ્ત્રી તથા આરંભોથી મુક્ત બનીને અનિશ્રિત ભાવથી વિચરે. - વળી -

[૪૮૨] આવક એટલે દ્રવ્યાદિનો લાભ અથવા દ્રવ્ય નિમિત્તે થતો આઠ પ્રકારના કર્મનો લાભ. આ લોકમાં ભોગપ્રધાન જીવનનો અર્થી ન થાય અથવા આજીવિકાભયથી દ્રવ્યસંચય ન કરે. પાઠાંતરથી - X - ઇન્દ્રિયોનો સ્વવિષય અભિલાષ ન ઇચ્છે, તથા ગૃહ, પુત્ર, સ્ત્રી આદિનો મોહ ન કરતો ઉદ્યુક્તવિહારી બને. તથા

શબ્દાદિ વિષયોમાં આસક્તિ ન કરીને, પહેલા વિચારીને પછી બોલે તે જ દર્શાવે છે - પ્રાણિ હિંસાયુક્ત કથા ન કરે. પોતાને, પરને કે ઉભયને બાધક થાય તેવા વચન ન બોલે જેમકે - ખાઓ, પીઓ, આનંદ કરો, હણો, છેદો, પ્રહાર કરો, રાંધો એવી પાપના ઉપાદાનરૂપ કથા ન કરે - વળી -

[૪૮૩] સાધુને આશ્રીને બનાવેલ આધાકર્મી - ઔદ્દેશિક આહાર નિશ્ચયથી ન ઇચ્છે, તેવા આહારની નિશ્ચયથી અભિલાષા કરનાર પાર્શ્વસ્થાદિ સાથે સંપર્ક, દાન, લેવું, સંવાસ, સંભાષણ આદિ ન કરે. તેમનો પરિચય ન કરે, પણ ઔદારિક શરીરને વિકૃષ્ટ તપથી કર્મનિર્જરા હેતુથી કૃશ બનાવે. અથવા ઘણાં જન્મોના સંચિત કર્મને મોક્ષના હેતુથી દૂર કરે. એ રીતે તપથી કૃશ થતા શરીર માટે શોક ન કરે, પણ માગી લાવેલા ઉપકરણવત્ શરીરને જોતો કર્મને ધોઈ નાંખે.

[૪૮૪] શું અપેક્ષા કરે, તે કહે છે - એકત્વને પ્રાર્થે, બીજાની સહાય ન વાંછે, એકત્વ અધ્યવસાયી થાય. જન્મ, જરા, મરણ, રોગ, શોકાકુલ સંસારમાં સ્વકૃત કર્મથી દુઃખી જીવોને કોઈ શરણ આપવા સમર્થ નથી, તેથી કહ્યું છે - એકલો મારો આત્મા શાશ્વત છે, જ્ઞાન-દર્શન સંયુક્ત છે, બાકી બધાં કર્મસંયોગ લક્ષણવાળા બાહ્ય ભાવો છે. ઇત્યાદિ એકત્વ ભાવના ભાવે, આ એકત્વભાવનાથી પ્રકર્ષ મોક્ષ-રાગરહિતતા થશે, તેમાં કંઈ મૃષા નથી, એમ જો. એ જ મોક્ષનો ઉપાય અને સત્ય છે. તથા પ્રધાન એવી આ ભાવસમાધિ છે. અથવા તપોનિષ્ઠ દેહવાળો, ક્રોધ ન કરે. ઉપલક્ષણથી માન-માયા-લોભ ન કરે, તે જ સત્ય, પ્રધાન પ્રમોક્ષ કહેવાય છે. - વળી -

● **સૂત્ર-૪૮૫ થી ૪૮૮ :-**

***સ્ત્રી સાથેના મૈથુનથી વિરત, પરિગ્રહને ન કરતો, ઉચ્ચ-નીચ વિષયોમાં મધ્યસ્થ, ત્રાયી, ભિક્ષુ નિઃસંદેહ સમાધિ પામે છે... ભિક્ષુ રતિ-અરતિ છોડીને તૃણસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણ, દંશને સહન કરે. સુગંધ અને દુર્ગંધને સહે...વચનગુપ્ત અને સમાધિ પ્રાપ્ત સાધુ શુદ્ધ લેશ્યા ગ્રહણ કરી સંયમાનુષ્ઠાન કરે, ગૃહચ્છાદન ન કરે - ન કરાવે, સ્ત્રી સાથે સંપર્ક ન રાખે...લોકમાં જે કોઈ અક્રિયાવાદી છે, તેમને કોઈ પૂછે ત્યારે મોક્ષનો ઉપદેશ આપે છે, આરંભાસક્ત, વિષયગૃદ્ધ તેઓ મોક્ષના હેતુભૂત ધર્મને જાણતા નથી.***

● **વિવેચન-૪૮૫ થી ૪૮૮ :-**

[૪૮૫] દેવ, મનુષ્ય, તિર્યંચરૂપ ત્રણે સ્ત્રીઓના વિષયરૂપ જે અબ્રહ્મ-મૈથુન તેનાથી સંપૂર્ણ નિવૃત્ત થાય. તે પ્રમાણે પ્રાણાતિપાત આદિથી પણ નિવૃત્ત થાય. ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ આદિનો સંગ્રહ તે પરિગ્રહ ન કરે. તતા પોતાને પોતાની મેળે આગેવાન ન કરતો વિવિધ વિષયોમાં અથવા ઉત્કૃષ્ટ કે જઘન્ય વિષયોમાં રાગદ્વેષ ન કરે. બીજા જીવોના રક્ષક થવાનો વિશિષ્ટ ઉપદેશ આપીને નિશ્ચયથી સાધુ આ રીતે મૂલગુણ-ઉત્તરગુણ યુક્ત બની ભાવસમાધિને પ્રાપ્ત થાય, બીજી કોઈ રીતે ન થાય. ભાવસમાધિ પ્રાપ્ત સાધુ ઉચ્ચ-નીચ વિષયોમાં રાગી ન થાય કે વિવિધ વિષયોનો



આશ્રય ન કરે.

[૪૮૬] વિષયોનો આશ્રય ન કરતો કઈ રીતે ભાવ સમાધિ પામે તે કહે છે - તે ભાવભિક્ષુ, પરમાર્થદર્શી, શરીરાદિમાં નિસ્પૃહ, મોક્ષગમન માટે તત્પર, સંયમમાં અરતિ અને અસંયમમાં રતિને ત્યાગીને સહન કરે, તે આ પ્રમાણે - નિષ્કિંચનતાથી તૃણાદિ સ્પર્શો, ઉંચી-નીચી જમીનના સ્પર્શોને સમ્યગ્ રીતે સહે તથા શીત, ઉષ્ણ, દંશ, મશક, ભૂખ, તરસાદિ પરીષહોથી ક્ષોભ પામ્યા વિના નિર્જરાર્થે સહન કરે. સુગંધ કે દુર્ગંધને સમ્યક્તયા સહે. આક્રોશ કે વધાદિ પરીષહોને મુમુક્ષુ સહે.

[૪૮૭] વળી - વાણીમાં કે વાણી વડે ગુપ્ત-મૌનવ્રતી ખૂબ વિચારીને કે ધર્મસંબંધે બોલનાર ભાવસમાધિને પામે છે તથા તેજોલેશ્યાદિ મેળવી, કૃષ્ણાદિ અશુદ્ધ લેશ્યા છોડીને સંયમાનુષ્ઠાનમાં રહે. વળી ઘરને ન પોતે આચ્છાદિત કરે ન બીજા પાસે કરાવે, જેમ સાંપ બીજાના ખોદેલા દરમાં રહે તેમ પોતે બીજાના નિવાસમાં રહે, પણ કંઈ સમારકામ ન કરાવે. બીજા પણ ગૃહસ્થ કાર્ય તજવાનું કહે છે - જન્મે તે પ્રજા, તેની સાથે મિશ્રભાવ થાય તેનો ત્યાગ કરે. અર્થાત્ દીક્ષા લઈને રાંધવા-રંધાવવાની ક્રિયાથી ગૃહસ્થ સાથે મિશ્ર ભાવ થાય છે અથવા પ્રજા એટલે સ્ત્રીઓ સાથે થતો મિશ્રભાવ, સંયમાર્થી તેનો સંપૂર્ણ ત્યાગ કરે.

[૪૮૮] વળી આ લોકમાં કેટલાંક આત્માને અક્રિય માનનારા સાંખ્ય વગેરે છે. તેઓના મતે આત્મા સર્વવ્યાપી હોવાથી નિષ્ક્રિય છે. તેઓ કહે છે - આત્મા અકર્તા છે, નિર્ગુણ છે, ભોક્તા છે તેમ કપિલ દર્શન કહે છે. તેઓના મતે - આત્મા અમૂર્ત અને વ્યાપિ છે માટે અક્રિય જ જણાય છે. આત્માને અક્રિય માનતા બંધ અને મોક્ષ ન ઘટે. મોક્ષ કેમ ઘટે ? એવું પૂછતાં અક્રિયાવાદ દર્શનમાં પણ મોક્ષ અને તેનો અભાવ પ્રતિપાદિત કરે છે. તેઓ પચન, પાચન, સ્નાનાર્થે જલ-અવગાહનરૂપ સાવધકર્મમાં આસક્ત, ગૃદ્ધ થઈ મોક્ષના એક હેતુભૂત શ્રુત-ચારિત્ર ધર્મને કુમાર્ગમાગી સારી રીતે જાણતા નથી.

● **સૂત્ર-૪૮૯ થી ૪૯૨ :-**

***તે મનુષ્યોના વિવિધ અભિપ્રાય હોય છે. જે રીતે જન્મેલા બાળકનું શરીર વધે તેમ અસંયતોનું વૈર વધે છે...આયુ ક્ષયને ન જાણતાં, મમત્વશીલ, સાહસકારી, મંદ, આર્ત્ત, મૂઢ પોતાને અજરામર માનતા રાત-દિવસ સંતપ્ત રહે છે...તું ધન અને પશુનો ત્યાગ કર, જે બંધુ, માતા, પિતાદિ માટે તું રડે છે, મોહ કરે છે, પણ તારા મૃત્યુ બાદ તેઓ તારું ધન હરી લેશે... જેમ વિચરતા ક્ષુદ્ર મૃગ સિંહથી ડરીને દૂર વિચરે છે, એ રીતે મેધાવી ધર્મને વિચારી દૂરથી પાપને તજે.***

● **વિવેચન-૪૮૯ થી ૪૯૨ :-**

[૪૮૯] આ લોકમાં મનુષ્યો જુદા જુદા અભિપ્રાયવાળા છે જ. તે વિવિધ અભિપ્રાયોને બતાવે છે - ક્રિયા, અક્રિયાને આશ્રીને ક્રિયાવાદ, અક્રિયાવાદ માને છે, તે આ પ્રમાણે - ક્રિયાવાદી ક્રિયાને જ ફલદાયી માની કહે છે કે - મનુષ્યને ક્રિયા

જ ફલદાયી છે, જ્ઞાન ફળદાયી નથી, કેમકે સ્ત્રી અને ભક્ષ્યના ભોગનો જ્ઞાતા, ફક્ત જ્ઞાનથી સુખ પામતો નથી. તેનાથી વિપરીત અક્રિયાવાદી જ્ઞાનને જ આપે છે તેનું સ્વરૂપ આગળ કહેવાશે. આ વિવિધ અભિપ્રાયવાળા માણસો ક્રિયા-અક્રિયાવાદી પૃથક્ વાદનો આશ્રય કરી મોક્ષના હેતુરૂપ ધર્મને ન જાણતા આરંભમાં સક્ત, ઇન્દ્રિયોને વશ થયેલા, રસ-સાતા-ગૌરવના અભિલાષી આ પ્રમાણે કરે છે - નવા જન્મેલા બાળને તે અવિવેકી અજ્ઞ ટુકડા કરી ખાઈને આનંદ માને છે, તે જ રીતે પરને પીડા કરતો અસંયત પરસ્પર હિંસાથી સેંકડો ભવના અનુબંધવાળા વૈરની વૃદ્ધિ કરે છે. પાઠાંતર મુજબ અજ્ઞાની હિંસાદિ કર્મમાં પ્રવૃત્ત અને દયાહીન બની ધૃષ્ટતાથી વૈર વધારે છે.

[૪૯૦] આયુષ્ય-જીવનના ક્ષયને આરંભમાં પ્રવૃત્ત જાણતો નથી. જેમ પાણીના દ્રહમાં ફાટ પડતાં પાણી વહી જાય તેને માછલું જાણતું નથી. અબુધ એવો તે - આ મારું છે, હું તેનો સ્વામી છું એમ માની સાહસ-મૂર્ખતા કરે છે. તે આ પ્રમાણે - કોઈ વણિક્ મહા કલેશથી મૂલ્યવાન્ રત્નો કમાઈને ઉજ્જૈની બહાર રહ્યો, તેણે વિચાર્યું કે રાજા, ચોર કે ભાઈઓ લઈ ન લે માટે રાત્રે પ્રવેસીશ. વિચારતા રાત્રિ પુરી થઈ, તે તેણે ન જાણ્યું. સવારમાં પ્રવેશ્યો ત્યારે રાજપુરુષોએ રત્નો પડાવી લીધા. તેમ બીજા પણ મનુષ્યો શું કરું? એવી આકુળતાથી પોતાના આયુક્ષયને ન જાણતા પરિગ્રહ અને આરંભમાં વર્તતા મહાપાપી થાય, કામભોગમાં રક્ત બનીને દિન-રાત દ્રવ્ય પ્રાપ્તિની ચિંતામાં મમ્મણશેઠ માફક આર્ત્તધ્યાનમાં કાયાથી પીડાય છે તેથી કહે છે - અજ્ઞાની ધનની કામનાથી પીડાય છે, જીવિત અને ધનને શાશ્વત માને છે તેવી રીતે આર્ત્તધ્યાની વિચારે છે - સાર્થ ક્યારે જશે? કેટલો માલ છે? ક્યાં જવું છે? તથા પહાડ ખોદાવે, ખાણ ખોદાવે, જીવહિંસા કરે, રાત્રે ન સુવે, દિવસે શંકિત રહે. આ રીતે ચિત્તની પીડાથી સંકલેશ પામી, તે મૂઢ અજરામર વણિક્ની માફક, આત્માને અજરામર માની શુભ અધ્યવસાયના અભાવે નિત્ય આરંભમાં પ્રવર્તે છે.

[૪૯૧] ધન તથા પશુઓને છોડીને - તેમાં મમત્વ ન કરે, જે પૂર્વાપર સંબંધી માતાપિતાદિ અને શ્વશૂરાદિ, પ્રિયમિત્રાદિ - x - પરમાર્થથી કંઈ કરતા નથી, તે ધન-પશુ-બંધુ-મિત્રનો અર્થી ફરી ફરી બોલે છે. હે માતા !, હે પિતા ! અને શોકાકુલ થઈ રડે છે, તેઓ મળતા મોહ પામે છે. કંડરીક જેવો રૂપવાન્ મમ્મણ જેવો ધનવાન્, તિલક જેવો ધાન્યવાન્ માફક આ અસમાધિવાન્ મોહ પામે છે. તેણે મહા કષ્ટે અને જીવહિંસા કરી મેળવેલ ધન તેના જીવતા કે મર્યા પછી હરી લે છે, તેનો કલેશ કેવળ પાપનો બંધ જ છે, તેમ માની પાપકર્મ તજી, તપ કરવો.

[૪૯૨] તપ-ચરણનો ઉપાય બતાવે છે - જેમ મૃગ આદિ ક્ષુદ્ર પશુ જંગલમાં ફરે ત્યારે ચારે બાજુ શંકાથી જુએ કે પીડાકારી સિંહ, વાઘ આદિને દૂરથી તજીને વિચરે, તેમ મર્યાદાવાન્ સારી રીતે ધર્મને સમજીને પાપ-કર્મને મન-વચન-કાયાથી દૂરથી જ તજે અને સંયમમાં રહી, તપ કરે. સિંહના ભયથી દૂર રહેતા મૃગની જેમ



સાવધ અનુષ્ઠાન તજી દે.

**● સૂત્ર-૪૯૩ થી ૪૯૬ :-**

***સંબુધ્યમાન્, મતિમાન્ મનુષ્ય હિંસા પ્રસૂત દુઃખને વૈરાનુબંધી અને મહાભયકારી માની, પાપથી આત્માને દૂર કરે...આત્મગામી મુનિ અસત્ય ન બોલે, તે સ્વયં ન કરે, ન કરાવે, કરતાને સારા ન માને, એ જ નિર્વાણ અને સંપૂર્ણ સમાધિ છે...અમૂર્છિત અને અનધ્યુપપન્ન સાધક પ્રાપ્ત આહારને દૂષિત ન કરે. ધૃતિમાન, વિમુક્ત ભિક્ષુ પૂજનનો અર્થી કે પ્રશંસા કામી બની ન વિચરે...ગૃહથી નિષ્ક્રમણ કરી નિરપેક્ષ થાય, કાયાનો વ્યુત્સર્ગ કરી, નિદાનરહિત બને. જીવન-મરણની આકાંક્ષા ન કરે. સંસારથી મુક્ત થઈ વિચરે.***

***- તેમ હું કહું છું.-***

**● વિવેચન-૪૯૩ થી ૪૯૬ :-**

[૪૯૩] મનન કરવું-વિચારવું તે મતિ. તે જેની સારી હોય તે મતિમાન્. - x - એ શોભન મતિયુક્ત મુમુક્ષુ મનુષ્ય સમ્યક્ શ્રુતચારિત્ર નામક ધર્મ કે ભાવસમાધિ જાણીને શાસ્ત્રોક્ત સંયમાનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરતો, નિષિદ્ધ આચરણને છોડે, તે બતાવે છે - હિંસા, જૂઠ આદિ કર્મથી આત્માને દૂર રાખે. નિદાનના ઉચ્છેદથી નિદાનીનો ઉચ્છેદ થાય તેમ બધાં કર્મના ક્ષયને ઇચ્છતો સાધુ પહેલાથી જ આશ્રવનો રોધ કરે. વળી હિંસાથી કે તેના થકી ઉત્પન્ન અશુભ કર્મો નરકાદિ યાતના સ્થાનોમાં દુઃખદાયી થાય છે, તથા સેંકડો, હજારો ભવે ન છૂટે તેવા વૈરાનુબંધ થાય છે, પરસ્પરથી મહાભય થાય છે, એમ માનીને મતિમાન્ આત્મા પાપથી નિવર્તે. પાઠાંતરથી વ્યાપારરહિત થયેલો કોઈનો ઘાત ન કરે, તેમ સાધુ પણ સાવધાનુષ્ઠાન રહિત હોવાથી જીવહિંસા છોડે.

[૪૯૪] મોક્ષ માર્ગે જનારો કે આત્મહિતગામી કે આપ્ત તે પ્રક્ષીણ દોષ, સર્વજ્ઞ, તેમણે કહેલા માર્ગે જનાર સાધુ જૂઠુ કે અયથાર્થ ન બોલે, સત્ય પણ જીવહિંસક ન બોલે, આવો મૃષાવાદ ત્યાગ તે સંપૂર્ણ ભાવસમાધિ કે નિર્વાણ કહ્યું છે. સંસારીને સમાધિ ન્હાવું, ખાવું આદિ છે કે શબ્દાદિ વિષયથી છે, પણ તે અલ્પકાલીન હોવાથી દુઃખ પ્રતિકાર માટે અસંપૂર્ણ છે. તેથી મૃષાવાદાદિ વ્રતોનો અતિચાર સ્વયં ન કરે, ન કરાવે કે કરનારાને મન, વચન, કાયાથી અનુમોદે નહીં - હવે ઉત્તરગુણ કહે છે—

[૪૯૫] ઉદ્ગમ, ઉત્પાદન, એષણા દોષરહિત શુદ્ધ આહાર પ્રાપ્ત થાય પછી સાધુ રાગ-દ્વેષ કરીને દૂષિત ન કરે. કહ્યું છે - હે જીવ ! પૂર્વે ૪૨-દોષરૂપ ગહન સંકટમાં તું ન ફસાયો, હવે રાગ-દ્વેષથી આહાર કરીને ન ફસાઈશ. તેમાં પણ રાગની મુખ્યતા કહે છે - કોઈ વખત ઉત્તમ આહાર મળે તો તેમાં મૂર્છા કે ગૃદ્ધિ કરીને ન ખાઈશ તથા તેવો આહાર ન મળે તો ફરી-ફરી અભિલાષા કરતો નહીં, કેવલ સંયમયાત્રાર્થે જ આહાર વાપરજે. પ્રાયઃ શાસ્ત્રજ્ઞ પંડિત પણ વિશિષ્ટ આહાર મળતા આસક્ત થાય છે. તેથી જ અમૂર્છિત અને અનાસક્ત એવા બે વિશેષણો કહ્યા છે.

કહ્યું છે કે - જે પૂર્વે ભોગ ભોગવ્યા હોય, ગીતાર્થ અને ભાવિત હોય તો પણ સારા આહાર આદિમાં તે જલ્દી ક્ષોભ પામે છે. તથા સંયમમાં ધૈર્ય રાખે તે ધૃતિમાન્ તે અભ્યંતર બાહ્ય પરિગ્રહથી મુક્ત હોય તથા વસ્ત્રપાત્રાદિ થકી પૂજનનો અર્થી ન હોય તથા સ્તુતિ, કીર્તિનો અભિલાષી ન થાય. કેમકે કીર્તિનો અર્થી ઉત્તમ ક્રિયા ન કરે.

અધ્યયનનો ઉપસંહાર કરે છે—

[૪૯૬] ઘરથી નીકળીને, દીક્ષા લઈને જીવિત પણાની ઇચ્છા ન રાખે, શરીરનો મોહ છોડી, નિષ્પ્રતિકર્મા થઈ ચિકિત્સાદિ ન કરાવતો, નિદાન રહિત બને અને જીવન કે મરણને ન વાંછે. સાધુ સંસાર વલય અથવા કર્મબંધનથી મુક્ત થઈ સંયમાનુષ્ઠાન કરે.

**શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૦ ‘‘સમાધિ’’નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## ❀ શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૧ ‘‘માર્ગ’’ ❀

● **ભૂમિકા :-**

દશમું અધ્યયન કહ્યું, હવે અગિયારમું કહે છે - તેનો સંબંધ આ છે - અનંતર અધ્યયનમાં સમાધિ કહી, તે જ્ઞાન-દર્શન-તપ-ચારિત્રરૂપે વર્તે છે. ભાવમાર્ગ પણ તે જ છે, તે માર્ગ આ અધ્યયન વડે બતાવે છે. એ સંબંધે આવેલા આ અધ્યયનના ઉપક્રમાદિ ચાર અનુયોગદ્વારો કહેવા. તેમાં ઉપક્રમ અંતર્ગત્ આ અર્થાધિકાર છે. પ્રશસ્ત જ્ઞાનાદિ ભાવમાર્ગ છે, તેનું આચરણ અહીં કરવું, નામ નિષ્પન્ન નિક્ષેપે ‘‘માર્ગ’’ એ આ અધ્યયનનું નામ છે, તેનો નિક્ષેપો—

**[નિ.૧૦૭ થી ૧૧૧-]** નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ એ છ ભેદે ‘‘માર્ગ’’નો નિક્ષેપો થાય છે. તેમાં નામ, સ્થાપના છોડીને જ્ઞશરીર, ભવ્યશરીરથી વ્યતિરિક્ત દ્રવ્યમાર્ગ બતાવે છે - પાટીયાનો માર્ગ, જ્યાં કાદવાદિ કારણે પાટિયા વડે જવાય છે, વેલ પકડીને જવાય તે લતામાર્ગ, હિંચકા વડે દુર્ગને ઓળંગે તે અંદોલ માર્ગ, એ રીતે વેત્રમાર્ગ - જેમ ચારુદત્ત લતાના આધારે વેત્રનદી ઉતરી સામે કિનારે ગયો. રજ્જુમાર્ગ-દોરડા વડે પર્વત ઓળંગે, યાનમાર્ગ, બિલમાર્ગ - ગુફામાંથી જવું, પાશમાર્ગ - વાઘરી ગોઠવે તે, કીલકમાર્ગ - મરુ ભૂમિમાં જવાય તે. અજમાર્ગ, પક્ષીમાર્ગ, છત્રમાર્ગ, જલમાર્ગ, આકાશમાર્ગ - x - x - ઇત્યાદિ બધાં જ માર્ગો દ્રવ્ય વિષયમાં જાણવા.

ક્ષેત્રમાર્ગ - જે ગામ, નગર, પ્રદેશ, શાલિ આદિ ક્ષેત્રમાં થઈને નીકળે તે અથવા જે માર્ગ કે ક્ષેત્રમાં વર્ણન કરાય તે ક્ષેત્રમાર્ગ.

કાળમાર્ગ - ક્ષેત્રમાર્ગ અનુસાર જ સમજવું.

ભાવમાર્ગ - બે પ્રકારે - પ્રશસ્ત, અપ્રશસ્ત. તેના પેટા ભેદો કહે છે - અપ્રશસ્તના ત્રણ ભેદ - મિથ્યાત્વ, અવિરતિ, અજ્ઞાન. પ્રશસ્તના ત્રણ ભેદ - સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર. આ પ્રશસ્ત-અપ્રશસ્તરૂપ ભાવમાર્ગનું નિર્ણય-ફળ કહેવું, તે આ છે - પ્રશસ્તનું ફળ સુગતિ છે અને અપ્રશસ્તનું ફળ દુર્ગતિ છે. અહીં સુગતિના ફળરૂપ પ્રશસ્ત માર્ગનો જ અધિકાર છે તેમાં અપ્રશસ્ત દુર્ગતિ ફળ માર્ગ અને તેના કર્તાને બતાવવા કહે છે - જેનું ફળ દુર્ગતિ છે, તેને કહેનારા તે દુર્ગતિ ફલવાદી, તેને કહેનારા ૩૬૩ ભેદે છે, તેઓનું દુર્ગતિ ફલ માર્ગ ઉપદેશકત્વ આ રીતે- મિથ્યાત્વથી હણાયેલી દૃષ્ટિથી તેઓ વિપરીત જીવાદિ તત્વોને માને છે, તેમની સંખ્યા આ પ્રમાણે જાણવી —

ક્રિયાવાદીના-૧૮૦, અક્રિયાવાદીના-૮૪, અજ્ઞાનીના-૬૭, વૈનયિકના-૩૨ એમ કુલ-૩૬૩, તેમનું સ્વરૂપ સમવસરણ અધ્યયનમાં કહીશું.

હવે ‘‘માર્ગ’’ના ભાંગા કહે છે - તે આ રીતે-૧-ક્ષેમમાર્ગ-ચોર, સિંહ, વાઘ આદિના ઉપદ્રવરહિતપણાથી તથા ક્ષેમરૂપ, સમભૂમિ તથા માર્ગમાં છાયા પુષ્પ ફળવાળા વૃક્ષો યુક્ત તથા જળના આશ્રયવાળો માર્ગ. ૨-ક્ષેમ તે ચોરરહિત પણ અક્ષેમરૂપ-

માર્ગમાં ઘણાં પત્થરના ટુકડા, પર્વત, નદી, કાંટા, ખાડા એવા સેંકડો વિઘ્નોથી વિષમમાર્ગ. ૩-અક્ષેમ તે ચોર આદિના ભયવાળો પણ ક્ષેમરૂપ એટલે સમભૂમિવાળો પત્થરના ટુકડાદિથી રહિત માર્ગ. ૪-ક્ષેમ નહીં, ક્ષેમરૂપ નહીં તે - સિંહ, વાઘ, ચોર આદિ દોષયુક્ત તથા ખાડા, પાષાણ, નીચી ઉંચી ભૂમિ આદિ દોષયુક્ત.

એવી રીતે ભાવમાર્ગમાં પણ ચારે ભેદો યોજવા. જેમકે—

૧-જ્ઞાનાદિયુક્ત દ્રવ્યલિંગયુક્ત સાધુ તે ક્ષેમ અને ક્ષેમરૂપ છે. ૨-ક્ષેમ પણ અક્ષેમરૂપ. તે ભાવસાધુ પણ કારણે દ્રવ્યલિંગ રહિત હોય. ૩-નિહ્નવ, ૪-ગૃહસ્થ કે પરતીર્થિક. એ રીતે આ પ્રક્રિયા વડે ચાર ભંગો માર્ગાદિમાં યોજવા. આદિના ગ્રહણથી સમાધિ આદિમાં બીજે પણ ચાર ભંગ યોજવા.

હવે સમ્યક્ત્વ અને મિથ્યામાર્ગનું સ્વરૂપ બતાવવા કહે છે—

[નિ.૧૧૨ થી ૧૧૫-] સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્રએ ત્રણ ભેદે પણ ભાવમાર્ગ છે. તીર્થંકર ગણધર આદિ સમ્યગ્દૃષ્ટિઓએ યથાવસ્થિત વસ્તુ તત્ત્વ નિરૂપણાથી કહ્યો છે અને સમ્યગ્ આચરેલો છે. ચરક પરિવ્રાજક આદિએ આચરેલો માર્ગ મિથ્યાત્વ માર્ગ-અપ્રશસ્ત માર્ગ છે. તુ શબ્દ દુર્ગતિફળ નિબંધનથી વિશેષણાર્થે છે.

સ્વયુથના હોવા છતાં પાર્શ્વસ્થાદિ છજીવનિકાયના હિંસકો કુમાર્ગ આશ્રિત છે, તે બતાવે છે—

જે કોઈને જૈનધર્મ સ્પર્શ્યો નથી, શીતલવિહારી છે, ઋદ્ધિ-રસ-સાતા ગૌરવથી ભારેકર્મી છે, આધાકર્માદિના ઉપભોગથી છજીવનિકાયની હિંસામાં રક્ત છે, બીજાને પમ તેવો જ અનુચીર્ણ મોક્ષમાર્ગ ઉપદેશે છે. કહે છે કે - શરીર ધર્મનું આદ્ય સાધન છે. તેમા માની કાળ, સંઘયણાદિ નબળા હોવાથી આધાકર્માદિના ઉપભોગમાં દોષ નથી, તેઓ આવું કહે છે તેથી કુત્સિગમાર્ગા તીર્થિકો પણ તે માર્ગનો આશ્રય કરે છે. તુ શબ્દથી જૈન સાધુ પણ આવા ઉપદેશથી કુમાર્ગી થાય છે, તો અન્યતીર્થિક વિશે શું કહેવું ?

પ્રશસ્તશાસ્ત્ર પ્રીતિથી સન્માર્ગ બતાવવા કહે છે - બાહ્ય અભ્યંતર ૧૨ પ્રકારનો તપ અને ૧૭ પ્રકારનો સંયમ જેમાં પાંચ આશ્રવથી વિરમણાદિ લક્ષણ છે, તેનાથી પ્રધાન તે તપ-સંયમ પ્રધાન તથા ૧૮,૦૦૦ શીલાંગ ગુણના ધારક જે સાચા સાધુ જીવ, અજીવાદિ લક્ષણ બતાવે છે. - કેવો? આ જગતના બધા જીવોને હિત કરનાર તેનું રક્ષણ કરનાર, તેમને સદુપદેશ દાનથી તે સન્માર્ગના સમ્યગ્ માર્ગજ્ઞને અવિપરીતપણે કહ્યો છે.

હવે સન્માર્ગના એકાર્થક શબ્દોને બતાવતા કહે છે—

૧-દેશથી વિવક્ષિત દેશમાં પહોંચાડે માટે તે ''પંથ'' છે. તે અહીં ભાવમાર્ગમાં સમ્યક્ત્વ પ્રાપ્તિરૂપ જાણવો. ૨-માર્ગ-પહેલાથી વિશુદ્ધ, વિશિષ્ટતર માર્ગ. તે અહીં સમ્યગ્ જ્ઞાન પ્રાપ્તિરૂપ જાણવો. ૩-ન્યાય-નિશ્ચયથી લઈ જવું-વિશિષ્ટ સ્થાન પ્રાપ્તિ લક્ષણ જેમાં છે તે ન્યાય. તે અહીં સમ્યક્ ચારિત્ર પ્રાપ્તિ લક્ષણરૂપ જાણવો. સત્પુરુષોનો આ ન્યાય છે કે સમ્યગ્દર્શન જ્ઞાન પ્રાપ્તિ બાદ તેના ફળરૂપ સમ્યક્



ચારિત્રનો યોગ થાય, તેથી ન્યાય શબ્દથી અહીં ચારિત્ર યોગ જાણવો.

૪-વિધિ-ક્રિયા કરવી - સમ્યગ્ જ્ઞાનદર્શનની સાથે પ્રાપ્તિ. ૫-ધૃતિ-ધૈર્ય રાખવું. સમ્યગ્દર્શન હોય - ચારિત્ર હોય ત્યારે માષતુષ મુનિ આદિ માફક વિશિષ્ટ જ્ઞાનના અભાવે ધૈર્ય રાખવું. ૬-સુગતિ-સારી ગતિ, આ જ્ઞાનચારિત્રથી સુગતિ, જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ એ ન્યાય વડે સુગતિ શબ્દથી જ્ઞાન અને ક્રિયા લીધા. દર્શન, જ્ઞાન - x - માં સમાયેલ જાણવું.

૭-હિત-પરમાર્થથી મુક્તિની પ્રાપ્તિ કે તેનું કારણ, તેમાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જાણવા. અહીં સંપૂર્ણ સમ્યગ્દર્શનાદિથી મોક્ષમાર્ગત્વ છે છતાં છૂટા ભેગાનું વર્ણન કરાયું તે પ્રધાનપણું બતાવવા છે, તેમાં દોષ નથી. ૮-સુખ-સુખનો હેતુ હોવાથી, ઉપશમ શ્રેણિમાં અપૂર્વકરણ, અનિવૃત્તિ, બાદર અને સૂક્ષ્મ સંપરાયરૂપ ત્રણ ગુણસ્થાન છે. ૯-પથ્ય-મોક્ષમાર્ગમાં હિતકારી. તે ક્ષપક શ્રેણિમાં પૂર્વોક્ત ત્રણ ગુણસ્થાન છે.

૧૦-શ્રેય-ઉપશમ શ્રેણિની મસ્તકાવસ્થા-ઉપશાંત સર્વ મોહાવસ્થા. ૧૧-નિર્વૃત્તિ-નિર્વૃત્તિનો હેતુ-ક્ષીણ મોહાવસ્થા, મોહનીયના નાશે અવશ્ય નિર્વૃત્તિ થાય. ૧૨-નિર્વાણ-ઘનઘાતિ ચાર કર્મના ક્ષયથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ. ૧૩-શિવ-મોક્ષ પદ. તેના કરનાર શૈલેશી અવસ્થા ગમન.

- આ પ્રમાણે મોક્ષમાર્ગપણાથી કિંચિત્ ભેદથી ભેદ વર્ણવ્યા જો કે આ બધાં મોક્ષમાર્ગના એકાર્થિક પર્યાય શબ્દો છે.

નામ નિષ્પન્ન નિક્ષેપો પૂરો થયો. હવે - x - સૂત્રને બતાવે છે.

● **સૂત્ર-૪૯૭ થી ૫૦૦ :-**

***મતિમાન માહણે કયો માર્ગ કહ્યો છે ? જે ઋજુ માર્ગને પામીને જીવ દુસ્તર સંસાર પાર કરી જાય છે... હે ભિક્ષુ ! શુદ્ધ, સર્વ દુઃખ વિમોક્ષી, અનુત્તર તે માર્ગને જેમ આપ જાણતા હો તે હે મહામુનિ ! કહો...જો કોઈ દેવ કે મનુષ્ય પૂછે તો તેમને કયો માર્ગ બતાવવો તે અમને કહો...***

***જો કોઈ દેવ કે મનુષ્ય તમને પૂછે તો તેમને જે સંક્ષિપ્ત માર્ગ કહેવો જોઈએ, તે તમે મારી પાસેથી સાંભળો.***

● **વિવેચન-૪૯૭ થી ૫૦૦ :-**

[૪૯૭] સૂત્રરચનાની વિચિત્રતા અને ત્રિકાળ વિષયપણાથી આ સૂત્ર પ્રશ્નકર્તાને આશ્રીને બનેલું છે. તેથી જંબૂસ્વામી સુધર્માસ્વામીને પૂછે છે - આ ત્રણ લોકમાં મોક્ષ પ્રાપ્તિ માટે સમર્થ કેવો માર્ગ ભગવંતે બતાવ્યો છે, જે ભગવંત ત્રણ લોક જીવોનો ઉદ્ધાર કરવામાં સમર્થ એકાંત હિતકારી. મા-હણ એમ ઉપદેશ પ્રવૃત્તિવાળા તીર્થંકર છે. તેઓ લોકાલોક અંતર્ગત્ સૂક્ષ્મ વ્યવહિત વિપ્રકૃષ્ટ ભૂત-ભાવિ-વર્તમાન પદાર્થ કહેનાર કેવળજ્ઞાન નામક મતિ જેની છે તેવા મતિમાન્. તેણે જે પ્રશસ્ત ભાવમાર્ગને યથાવસ્થિત પદાર્થ સ્વરૂપના નિરૂપણથી સરળ. સામાન્ય વિશેષ નિત્ય અનિત્યાદિ સ્યાદ્વાદ યુક્ત એવા જ્ઞાન,

દર્શન, તપ, ચારિત્રાત્મક માર્ગને પામીને સંસાર ઉદરમાં વિવરવર્તી પ્રાણી સમગ્ર ભવસમુદ્ર જે તરવો અતિ દુસ્તર છે, કેમકે તેના પાર કરવાની સામગ્રી અતિ દુષ્કર છે [તે તરી જાય છે] કહ્યું છે-મનુષ્ય જન્મ, આર્યક્ષેત્ર, - x - શ્રદ્ધા, સંયમ લોકમાં દુર્લભ છે.

[૪૯૮] જંબૂસ્વામી ફરી પૂછે છે - જે માર્ગ સત્વના હિત માટે સર્વજ્ઞે કહ્યો, તે સંપૂર્ણ એકાંત કુટિલતા રહિત છે, તેનાથી શ્રેષ્ઠ બીજો કોઈ માર્ગ નથી. તે શુદ્ધ-નિર્દોષ, પહેલા કે પછી જેનુ ખંડન ન થાય તેવો સાવધ અનુષ્ઠાન રહિત - x - તથા ઘણાં ભવમાં એકઠા કરેલા દુઃખના કારણરૂપ કર્મોને મુકાવનાર એવા અનુત્તર, નિર્દોષ, સર્વ દુઃખક્ષય કારણોને હે ભિક્ષુ ! જે રીતે તમે જાણતા હો તે રીતે તે સર્વજ્ઞ પ્રણિત માર્ગને હે મહામુનિ ! તમે અમને કહો.

[૪૯૯] જો કે અમને તો પરિચયથી આપના અસાધારણ ગુણો જણાયા છે, તેથી તમારા વિશ્વાસથી માનીશું. પણ અમારે બીજાને આ માર્ગ કઈ રીતે કહેવો ? કેમકે કોઈ વખત અમને સુલભબોધિ અને સંસારથી ખેદ પામેલા સમ્યગ્ માર્ગ પૂછે છે. તેઓ કોણ છે ? ચાર નિકાયના દેવો તથા મનુષ્યો. મુખ્યતાએ તેઓના પ્રશ્નો હોવાથી તેમને કહ્યા છે. તેઓ પૂછે તો અમારે કયો માર્ગ કહેવો ? તે તમે જેવું જાણો છો તેવું કહો.

[૫૦૦] આવું પૂછતા સુધર્માસ્વામી કહે છે - જો તમને કદાચ કોઈ સંસારથી ખેદ પામેલા મનુષ્યો કે દેવતા સમ્યગ્ માર્ગ પૂછે, તો પૂછનારને હવે કહેવાનાર છ જીવનિકાયનું સ્વરૂપ બતાવનાર, તેનું રક્ષણ કરનાર માર્ગ તેમને કહેવો. પરમાર્થમાર્ગ જે છે તે બીજાને સમજાવજો, તે હું કહું છું, તે તમે સાંભળો. પાઠાંતર મુજબ તેમને તમે આ માર્ગ કહેજો.

વળી સુધર્માસ્વામી માર્ગની શ્રદ્ધા વધારવા આ પ્રમાણે કહે છે—

**● સૂત્ર-૫૦૧ થી ૫૦૪ :-**

***કાશ્યપ ભગવંત મહાવીર દ્વારા પ્રવેદિત માર્ગ ઘણો કઠિન છે, જેને પામીને પૂર્વે સમુદ્ર વ્યાપારી માફક... અનેક આત્માઓ તર્યા છે, તરે છે, તરશે. તે સાંભળીને હું કહું છું, તે હે પ્રાણીઓ ! મારી પાસેથી સાંભળો...પૃથ્વી જીવ છે, તે પૃથક્ પૃથક્ છે, પાણી અને અગ્નિજીવ છે, વાયુ જીવ પણ પૃથક્ છે તથા તૃણ, વૃક્ષ, બીજ પણ જીવ છે...તે સિવાય ત્રસ જીવ છે, એ રીતે છકાય કહ્યા છે, જીવકાય આટલા જ છે, તેથી અતિરિક્ત કોઈ જીવકાય નથી.***

**● વિવેચન-૫૦૧ થી ૫૦૪ :-**

[૫૦૧] હું તે અનુક્રમથી કહું છું, તે તમે સાંભળો અથવા અનુક્રમે સામગ્રી કે માર્ગ પ્રાપ્ત થાય છે, તે તમે સાંભળો. જેમકે - પહેલા ચાર કષાયનો ઉદય હોય તો સમ્યક્ત્વ ન થાય યાવત્ બાર કષાયોનો ક્ષય કે ઉપશમ થાય ત્યારે ચારિત્ર પ્રાપ્ત થાય તથા ચાર અંગ પરમ દુર્લભ છે ઇત્યાદિ.

કેવો માર્ગ ? કાયર પુરુષના સંગ્રામ પ્રવેશ માફક દુર્લભ છે, મહાભયાનક



છે, તે માર્ગ મહાવીર સ્વામીએ કહ્યો છે, તે માર્ગ હું કહીશ, મારી બુદ્ધિથી કહેતો નથી. તે શુદ્ધ માર્ગ ગ્રહણ કરીને, સારો માર્ગ મળવાથી, પૂર્વે તે રીતે ચાલવાથી મહાપુરુષો દુસ્તર સંસારને તર્યા છે. દૃષ્ટાંત કહે છે—

ખરીદ-વેચાણરૂપ વ્યવહાર કરતા વેપારી; વહાણમાં બેસી વિશેષ લાભ માટે કોઈ નગરે જવા વહાણ વડે દુસ્તર સમુદ્રને તરે છે. તેમ સાધુઓ પણ અનંત-એકાંત-અબાધ સુખની ઇચ્છાથી સમ્યગ્ દર્શનાદિ માર્ગ વડે મોક્ષે જવા માટે દુસ્તર ભવ સમુદ્રને તરે છે.

[૫૦૨] જે માર્ગને પૂર્વે મહાપુરુષોએ આચરીને - x - ભૂત આદિ કાળમાં અનંતા જીવો સંપૂર્ણ કર્મ કચરો દૂર કરીને સંસારથી મુક્ત થયા છે - તર્યા છે, હાલમાં પણ સામગ્રી મેળવીને સંખ્યાતા જીવો મહાવિદેહમાં સર્વદા સિદ્ધિનો સદ્ભાવ હોવાથી તરી રહ્યા છે, ભાવિકાળમાં પણ અનંત કાળની અપેક્ષાએ અનંતા જીવો તરશે. આ પ્રમાણે ત્રણે કાળમાં પણ સંસારસમુદ્રને પાર ઉતારનાર, મોક્ષમાર્ગનું કારણ એવા પ્રશસ્ત ભાવમાર્ગને કેવળજ્ઞાન વડે તીર્થંકરે ઉપદેશેલ છે, તે મેં સારી રીતે સાંભળી અવધારેલ છે, તે તમને સાંભળનારાને કહીશ.

સુધર્માસ્વામી જંબૂસ્વામીને આશ્રીને બીજા પ્રાણીઓને પણ ઉપદેશ કહે છે - તે દર્શાવે છે - હે મનુષ્યો! ચારિત્ર માર્ગને હું કહું છું, તે અભિમુખ થઈને તમે સાંભળો. પરમાર્થ કથનમાં અતિ આદર ઉત્પન્ન કરવા માટે આ પ્રમાણે શરૂઆત કરે છે.

[૫૦૩] ચારિત્ર માર્ગમાં પ્રાણાતિપાતવિરમણ મુખ્ય હોવાથી તથા તેના પરિજ્ઞાન માટે જીવ સ્વરૂપના નિરૂપણને માટે કહે છે - પૃથ્વી પોતે કે પૃથ્વી આશ્રિત જીવો, તે પૃથ્વીજીવો, તે દરેક જુદા શરીરવાળા જાણવા. તથા પાણી અને અગ્નિ જીવો પણ જાણવા. બીજા વાયુ જીવો છે. એ રીતે ચાર મહાભૂત આશ્રિત પૃથક્ જીવો પ્રત્યેક શરીરવાળા જાણવા. આ પૃથ્વી, પાણી, તેઉ, વાયુ આશ્રિત જીવો જુદા જુદા શરીરવાળા છે.

હવે કહેવાનાર વનસ્પતિ જીવો સાધારણશરીરત્વથી જુદા શરીરવાળા નથી. - x -

જે સૂક્ષ્મ વનસ્પતિકાય છે તે બધાં નિગોદરૂપ છે, સાધારણ શરીરી છે, બાદરમાં સાધારણ, અસાધારણ બે ભેદ છે. તેમાં પ્રત્યેક શરીરીમાં અસાધારણના કોઈક ભેદ દર્શાવે છે - દર્ભવિરણાદિ તૃણ, આંબો અશોકાદિ વૃક્ષ, શાલિ ઘઉં આદિના બીજ, આ બધાં વનસ્પતિકાય જીવો જાણવા. આના વડે બૌદ્ધ આદિ મતોનું ખંડન કરેલું જાણવું.

આ પૃથ્વી આદિ જીવોનું જીવત્વ પ્રસિદ્ધિ સ્વરૂપનું નિરૂપણ આચારાંગમાં પહેલા શસ્ત્રપરિજ્ઞા નામક અધ્યયનમાં બતાવેલ હોવાથી અહીં જણાવતા નથી.

[૫૦૪] છઠ્ઠા જીવનિકાયને બતાવે છે - પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ એ પાંચે એકેન્દ્રિય સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત ભેદથી પ્રત્યેકના ચાર ભેદ છે.

હવે ત્રસજીવ કહે છે, ત્રાસ પામે તે ત્રસ - બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયોવાળા

જાણવા. તે અનુક્રમે કૃમિ, કીડી, ભ્રમર, મનુષ્યાદિ છે. તેમાં બે, ત્રણ, ચાર ઇન્દ્રિયવાળા પ્રત્યેકના પર્યાપ્તક, અપર્યાપ્તક ભેદથી છ ભેદો થાય. પંચેન્દ્રિયના સંજ્ઞિ, અસંજ્ઞિ, પર્યાપ્તા, અપર્યાપ્તા એ ચાર ભેદો છે.

આ રીતે અનંતરોક્ત રીતે ચૌદ ભૂતગ્રામાત્મક છ જીવનિકાયો તીર્થંકર, ગણધર આદિએ કહ્યા છે. આટલા ભેદે સંક્ષેપથી જીવરાશિ થાય છે. અંડજ, ઉદ્‌ભિજ્જ, સંસ્વેદજ આદિ તેમાં સમાયેલા છે, તે સિવાય બીજી કોઈ જીવરાશિ અસ્તિત્વમાં નથી. હવે તેમાં શું કરવું તે કહે છે—

**● સૂત્ર-૫૦૫ થી ૫૦૮ :-**

***મતિમાન્ સર્વ યુક્તિઓથી જીવોનું પ્રતિલેખન કરે, બધાં જીવોને દુઃખ અપ્રિય છે, તેથી કોઈની હિંસા ન કરવી...જ્ઞાનીનું એ જ ઉત્તમ જ્ઞાન છે કે તે કોઈની હિંસા ન કરે. અહિંસા એ જ સિદ્ધાંત છે, એટલું માત્ર જાણે...ઉર્ધ્વ, અધો, તિર્છા લોકમાં જે કોઈ ત્રસ સ્થાવર જીવ છે, તે બધાંની હિંસાથી વિરમે, કેમકે તેનાથી શાંતિમય નિર્વાણ મળે છે...જિતેન્દ્રિય સર્વે દોષોનું નિરાકરણ કરી મન-વચન-કાયાથી જીવનપર્યંત કોઈ જીવ સાથે વૈર ન કરે.***

**● વિવેચન-૫૦૫ થી ૫૦૮ :-**

[૫૦૫] સર્વે અનુકૂળ યુક્તિ કે સાધન વડે પૃથ્વી આદિ જીવનિકાય સાધવા અથવા અસિદ્ધ, વિરુદ્ધ, અનૈકાંતિકને છોડીને, ન્યાયી પક્ષને સ્વીકારી, અન્યાય પક્ષને તજીને અનુયુક્તિ વડે સદ્‌વિવેકી સાધુ પૃથ્વી આદિ જીવનિકાયને વિચારી જીવપણે સાધીને તથા સર્વે જીવો દુઃખના દ્વેષી અને સુખના ઇચ્છુક છે માટે મતિમાન્ કોઈપણ પ્રાણીને ન હણે. તેને સિદ્ધ કરનારી યુક્તિઓ સંક્ષેપથી આ પ્રમાણે છે—

પૃથ્વી જીવરૂપ છે, પરવાળા-લવણ-પત્થર આદિ પૃથ્વી જીવો આપણા શરીરમાં વધતા હરસ માફક વૃદ્ધિ પામે છે તથા પાણિ પણ જીવ છે કેમકે જમીન ખોદતાં દેડકા માફક તુર્ત નીકળે છે. તે રીતે અગ્નિ જીવ છે, બાળકની જેમ તેને યોગ્ય આહાર મળતા વૃદ્ધિ પામે છે. વાયુ પણ જીવ છે કેમકે ગાયની માફક કોઈની પ્રેરણા વિના નિયત તીર્છિ ગતિવાળો છે. વનસ્પતિ પણ જીવ છે. કેમકે તેમાં જન્મ, જરા, મરણ, રોગાદિનો સમુદિત સદ્‌ભાવ સ્ત્રીની માફક છે કેમકે કાપવાથી ઉગે છે. - x - સ્પર્શથી સંકોચાય છે, નિદ્રા લે છે, જાગે છે, આશ્રય લઈ વધે છે ઇત્યાદિથી વનસ્પતિનું ચૈતન્ય સિદ્ધ છે. બેઇન્દ્રિયાદિ કૃમિ વગેરેમાં સ્પષ્ટ ચૈતન્ય છે.

સાધુ મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન એ નવ ભેદે તેને પીડાકારી ઉપમર્દનથી નિવર્તે. તેના સામર્થનમાં કહે છે—

[૫૦૬] જીવહિંસાથી અટકવું તે જીવ સ્વરૂપ અને તેના વધથી થતાં કર્મબંધને જાણનારનું [જ્ઞાન સૂચવે છે]. - x - અહિંસાનો આદર જણાવતા કહે છે - દુઃખનો દ્વેષ અને સુખની ઇચ્છા બધાંને છે માટે પ્રાણિને હણે નહીં. જ્ઞાનીના ઘણાં જ્ઞાનનો આ જ સાર છે કે - જીવ હિંસાથી અટકવું. પરમાર્થથી તેને જ જ્ઞાન કહેવાય. જે



પરપીડાથી નિવર્તે. કહ્યું છે કે - તે ભણવાથી શું ? “ભુસા જેવા કરોડ પદ ભણે, પણ એટલું ન સમજે કે બીજાને પીડા ન કરવી.” આ જ અહિંસા પ્રધાન આગમનો સંકેત કે ઉપદેશ છે કે આવો અહિંસા સિદ્ધાંત આટલો જ જાણે, તેથી વિશેષ પરિજ્ઞાનથી શું ? આટલા જ જ્ઞાનથી મુમુક્ષુ પોતાના નિશ્ચિત કાર્યને પૂર્ણ કરે છે, માટે કોઈની હિંસા ન કરવી.

હવે ક્ષેત્ર પ્રાણાતિપાત કહે છે—

[૫૦૭] ઉંચે, નીચે કે તિર્છા જે કોઈ તેઉ, વાયુ, બેઇન્દ્રિયાદિ ત્રસ જીવો છે તથા પૃથ્વી આદિ સ્થાવરો છે. ઘણું શું કહીએ ? ત્રસ સ્થાવર સૂક્ષ્મ બાદર ભેદવાળા જીવોની હિંસાથી સર્વત્ર નિવૃત્તિ કરવી. પરમાર્થથી એ જ જ્ઞાતા છે જે સમ્યક્‌તયા જીવ રક્ષા કરે.

આ પ્રાણાતિપાત નિવૃત્તિ શાંતિનો હેતુ હોવાથી શાંતિરૂપ છે. કેમકે વિરતિવાન્‌થી બીજા જીવોને ભય થતો નથી. તેને પોતાને પણ ભવાંતરમાં કોઈથી ભય રહેતો નથી. નિર્વાણનું મુખ્ય કારણ હોવાથી પ્રાણાતિપાત નિવૃત્તિ એ નિર્વાણ છે. અથવા શાંતિ તે ઉપશાંતતા, નિર્વૃતિ તે નિર્વાણ. વિરતિવાનને આર્ત્ત રૌદ્ર ધ્યાનના અભાવથી ઉપશાંતિરૂપ નિર્વૃત્તિ રહે છે.

[૫૦૮] વળી ઇન્દ્રિયોને વશ કરે તે પ્રભુ - વશ્યેન્દ્રિય છે, અથવા સંયમાવરક કર્મોને જીતીને મોક્ષમાર્ગ પાળે છે માટે પ્રભુ-સમર્થ છે. આવો “પ્રભુ” મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ, યોગને દૂર કરીને કોઈ પ્રાણિ સાથે વેર-વિરોધ ન કરે. મન-વચન-કાયાથી યાવજ્જીવ કોઈનો બગાડ ન કરીને વિરોધ ન કરે.

હવે ઉત્તરગુણ કહે છે—

**● સૂત્ર-૫૦૯ થી ૫૧૨ :-**

***સંવૃત્ત, મહાપ્રજ્ઞ અને ધીર સાધુ ગૃહસ્થે આપેલ એષણીય આહારથી વિચરે, અનેષણીય વર્જી, નિત્ય એષણા સમિતિ પાળે...જીવોનો આરંભ કરી, સાધુના ઉદ્દેશથી બનાવેલ અન્ન-પાણી સુસંયતી ગ્રહણ ન કરે...પૂતીકર્મનું સેવન ન કરે, એ સંયમી સાધુનો ધર્મ છે, જ્યાં કિંચિત્ પણ આશંકા થાય, તે સર્વથા અકલ્પનીય છે...શ્રાવકોના નિવાસસ્થાન ગામ કે નગરમાં હોય છે, ત્યાં રહેલ આત્મગુપ્ત જિતેન્દ્રિય સાધુ જીવહિંસા કરનારની અનુમોદના ન કરે.***

**● વિવેચન-૫૦૯ થી ૫૧૨ :-**

[૫૦૯] આશ્રવનો રોધ અને ઇન્દ્રિય નિરોધ વડે સંવૃત્ત તે ભિક્ષુ. જેની મોટી પ્રજ્ઞા છે. તે મહાપ્રજ્ઞ-ઘણી બુદ્ધિવાળો છે. એ રીતે જીવ, અજીવ પદાર્થની જાણકારી બતાવી. ધીર-ભૂખ, તૃષાદિ પરીષહથી ક્ષોભિત ન થાય, તે બતાવે છે.

- આહાર, ઉપધિ, શય્યાદિ તેના માલિક કે તેની આજ્ઞાથી મળે તે એષણીય ગ્રહણ કરે. એષણા વડે ગવેષણા, ગ્રહણ એષણા, ગ્રાસૈષણા ત્રણેમાં સમિત, તે સાધુ નિત્ય એષણા સમિત બની અનેષણીયનો ત્યાગ કરી, સંયમ પાલન કરે.

ઉપલક્ષણથી અહીં ઇર્યા આદિ સમિતિ વડે સમિત એમ સમજવું.

[૫૧૦] અનેષણીયને છોડવા માટે કહે છે - પૂર્વે હતા, હાલ છે, પછી રહેશે તે ભૂત અર્થાત્ પ્રાણીનો સંરભ-સમારંભ-આરંભ કરીને તે સાધુ માટે કરાયેલ આહાર, ઉપકરણાદિ આધાકર્મ દોષથી દૂષિત હોવાથી તે સુસંયત સાધુ એવા અન્ન, પાણી ન વાપરે, ન લે. એ રીતે તેણે માર્ગની અનુપાલના કરી કહેવાય.

[૫૧૧] આધાકર્માદિ અવિશુદ્ધ કોટિના એક કણથી મિશ્ર તે પૂતિકર્મ. એવો આહાર ન વાપરે. આવો અનંતરોક્ત ધર્મ કલ્પ છે. સમ્યક્ સંયમીનો આ જ કલ્પ છે કે તે અશુદ્ધ આહારાદિ પરિહરે, વળી જો શુદ્ધ હોવા છતાં અશુદ્ધત્વની શંકા થાય તો આહારાદિ કંઈપણ દોષિત સમજી ન વાપરે.

[૫૧૨] વળી ધર્મશ્રદ્ધાવાળાના ગામ, નગર, ખેટ, કર્બટ આદિમાં સ્થાનો હોય છે, તે સ્થાનને આશ્રીને કોઈ ધર્મોપદેશથી કદાચ ધર્મશ્રદ્ધાથી, ધર્મ બુદ્ધિએ જીવહિંસાકારી ક્રિયા - કૂવો, તળાવ ખોદાવવા આદિ કરે, તે સમયે તે ક્રિયા કરનાર સાધુને પૂછે કે ન પૂછે - આમાં ધર્મ છે કે નહીં ? તો પણ તેની શરમથી કે ભયથી તે જીવહિંસાની અનુમોદના ન કરે.

કઈ રીતે ? મન-વચન-કાયાથી ગુપ્ત આત્મગુપ્ત તથા જિતેન્દ્રિય સાવધ કર્મ ન અનુમોદે. સાવધ અનુષ્ઠાનની અનુમતિને તજવા માટે કહે છે કે—

● **સૂત્ર-૫૧૩ થી ૫૧૬ :-**

***તેના સમારંભ યુક્ત વચન સાંભળી સાધુ પુણ્ય છે એમ ન કહે તથા પુણ્ય નથી એમ કહેવું મહાભયનું કારણ છે...દાનને માટે જે ત્રસ અને સ્થાવર પ્રાણી હણાય છે, તેના સંરક્ષણ માટે 'પુણ્ય થાય છે' એમ ન કહે...જેને આપવા માટે તેવા અન્ન પાન બનાવાયા છે તેના લાભમાં અંતરાય થાય, માટે પુન્ય નથી એમ પણ ન કહે...જે આ દાનને પ્રશંસે છે, તે પ્રાણિવધને ઇચ્છે છે, પ્રતિષેધ કરે છે, તે તેમની વૃત્તિને છેદે છે.***

● **વિવેચન-૫૧૩ થી ૫૧૬ :-**

[૫૧૩] કોઈ રાજાએ કૂવો ખોદાવતા, દાનશાળા કરતી વખતે સાધુને પૂછે કે - આ કાર્યમાં મને પુન્ય થશે કે નહીં ? આ વચન સાંભળીને તેમાં પુન્ય છે કે નથી તે બંને વચન મહાભયકારી જાણી અનુમોદે નહીં.

[૫૧૪] શા માટે ન અનુમોદે ? અન્ન-પાનાદાન માટે આહાર કે પાણી માટે રાંધણક્રિયા અને કૂવો ખોદાવવો પડે. તેમાં ત્રસ-સ્થાવર જીવો હણાય. તેની રક્ષા માટે આત્મગુપ્ત, જિતેન્દ્રિય સાધુ તેમાં 'પુણ્ય' ન કહે.

[૫૧૫] તેમાં "પુન્ય નથી" તેમ પણ ન કહે. ધર્મબુદ્ધિથી જીવહિંસા થકી જે પ્રાણિ માટે અન્ન-પાનાદિ તૈયાર થતા હોય, તેના નિષેધથી તે આહારપાનના અર્થીને વિઘ્ન થાય, તેના અભાવે તેઓ પીડાય, તેથી કૂવો ખોદવો, દાનશાળા કરવી તેમાં પુન્ય નથી એમ ન બોલે.

[૫૧૬] ઉક્ત વાતને સંક્ષેપમાં જણાવતા કહે છે - પાણીની પરબ કે દાનશાળા ઘણાં પ્રાણીને ઉપકારી છે, તેમ માની પ્રશંસે છે, તે પરમાર્થ ન



જાણનારા, તે પ્રશંસા દ્વારા ઘણાં પ્રાણિના ઘાતને અનુમોદે છે. કેમકે તે દાન જીવહિંસા વિના ન થાય. જેઓ પોતાને સૂક્ષ્મ બુદ્ધિવાળા માને છે. આગમના સદ્ભાવથી અજ્ઞાન છે અને નિષેધે છે, તે પણ અગીતાર્થ છે, કેમકે તેઓ પ્રાણીની આજીવિકાને છેદે છે.

તો રાજાદિ કોઈ ઉક્ત કાર્યમાં પુન્ય છે ? તેમ પૂછે તો શું કરવું ?

● **સૂત્ર-૫૧૭ થી ૫૨૦ :-**

***દાનમાં પુણ્ય છે કે નથી, આ બંનેમાંથી કંઈ ન કહે તે કર્માશ્રવ રોકીને નિર્વાણ પ્રાપ્ત કરે છે...જેમ નક્ષત્રોમાં ચંદ્રમા પ્રધાન છે, તેમ ગતિમાં નિર્વાણ શ્રેષ્ઠ છે, તેથી દાંત અને જિતેન્દ્રિય બની મુનિ સદા નિર્વાણને સાધે...સંસાર પ્રવાહમાં વહેતા, સ્વકર્મથી કષ્ટ પામતા પ્રાણી માટે ભગવંતે મોક્ષરૂપ દ્વીપ કહ્યો છે, તત્વજ્ઞ તેનાથી જ મોક્ષ પામે... આત્મગુપ્ત, દાંત, છિન્નસ્રોત, અનાશ્રવ છે, તે શુદ્ધ, પ્રતિપૂર્ણ, અનુપમ ધર્મનું કથન કરે છે.***

● **વિવેચન-૫૧૭ થી ૫૨૦ :-**

[૫૧૭] જો પુન્ય છે એમ કહે તો સૂક્ષ્મ બાદર અનંત જીવોનો હંમેશા પ્રાણ ત્યાગ થાય, થોડા પ્રાણીને અલ્પકાળ સંતોષ થાય, માટે તેમ ન કહેવું. પુન્ય નથી તેમ કહે તો નિષેધથી તેમના અર્થીને અંતરાય થાય તેથી સાધુઓ પુન્ય છે કે નહીં તે ન બોલે. પણ પૂછે ત્યારે મૌન રહે. આગ્રહ કરે તો કહે કે અમને ૪૨-દોષ રહિત આહાર કલ્પે, માટે આમાં કંઈ કહેવાનો અમારો અધિકાર નથી. કહ્યું છે કે - જળ સ્થાનમાં શીતળ, નિર્મળ પાણી પીવાથી તૃષા છીપાતા જીવો આનંદ પામે છે, પાણી સૂકાય ત્યારે સૂર્યના તાપથી કાદવમાં અનંતા જીવો નાશ પામે છે માટે સાધુ કૂવા આદિ કાર્યમાં મૌન રહે. કંઈપણ બોલતા કર્મો બંધાય, તેથી મૌન સેવે અથવા અનવધ વચન બોલીને કર્મરજ રોકી મોક્ષને પામે.

[૫૧૮] પરલોકના અર્થી બુદ્ધોને જે નિર્વૃત્તિ-નિર્વાણ છે તે તથા તે બુદ્ધિ નિર્વાણવાદીપણાથી પ્રધાન છે, તે દૃષ્ટાંતથી કહે છે - જેમ નક્ષત્રોના સૌમ્ય પ્રકાશથી ચંદ્રમાં અધિક છે તેમ પરલોકાર્થી બુદ્ધો મધ્યે સ્વર્ગ કે ચક્રીની ઋદ્ધિ છોડીને સંપૂર્ણ કર્મક્ષયરૂપ નિર્વાણને માટે પ્રવૃત્ત છે, તે જ પ્રધાન છે, બીજા નહીં. અથવા નક્ષત્રોમાં ચંદ્રના પ્રધાન ભાવ માફક લોકમાં નિર્વાણ પરમ પ્રધાન છે, તેમ પંડિતો કહે છે. નિર્વાણ મુખ્ય હોવાથી સર્વકાળ તેમાં પ્રયત્નવાન્ સાધુ ઇન્દ્રિય-મનનું દમન કરવાથી દાંત સાધુ સર્વ ક્રિયા નિર્વાણાર્થે કરે.

[૫૧૯] સંસાર સાગરના સ્રોત એવા મિથ્યાત્વ, કષાય, પ્રમાદાદિથી તેની તરફ લઈ જતાં તથા સ્વકર્મોદયથી અશરણ થઈ પીડાતા જીવોને પરહિતમાં એકાંત રક્ત, અકારણ વત્સલ તીર્થંકર કે ગણધરાદિએ તેને આશ્રયરૂપ દ્વીપ [જેવો ધર્મ] કહે છે. જેમ સમુદ્રમાં પડેલ પ્રાણીને પાણીને વમળમાં અથડાતા વિશ્રામ હેતુ થાય તેમ - x - સમ્યગ્દર્શનાદિ સંસાર ભ્રમણમાં વિશ્રામને માટે - x - કહેલ છે. એમ કરીને સંસાર ભ્રમણથી અટકવારૂપ સમ્યગ્દર્શનાદિથી મોક્ષ પ્રાપ્તિ તત્વજ્ઞોએ કહી છે.

[૫૨૦] તે આશ્વાસદ્વીપ કેવો છે? અથવા કઈ રીતે તે કહ્યો છે? તે બતાવે છે - મન, વચન, કાયાથી ગુપ્ત એવો તે આત્મગુપ્ત સર્વકાલ ઇન્દ્રિય-મનને દમવાથી દાંત, વશ્યેન્દ્રિય કે ધર્મધ્યાનધ્યાયી, સંસારના શ્રોતને તોડનાર તે, સ્પષ્ટતર કહેતા - પ્રાણાતિપાતાદિ કર્મ પ્રવેશદ્વારરૂપ આશ્રવ જેમાંથી નીકળી ગયો છે તે નિરાશ્રવ એવો તે સમસ્ત દોષરહિત ધર્મ કહે છે. તે ધર્મ પ્રતિપૂર્ણ, મોક્ષગમન હેતુ, અદ્વિતીય છે.

એવા ધર્મથી વિમુખ જીવોના દોષો કહે છે—

● **સૂત્ર-૫૨૧ થી ૫૨૪ :-**

***પૂર્વોક્ત શુદ્ધ ધર્મથી અજ્ઞાન, અબુદ્ધ હોવા છતાં પોતાને બુદ્ધ માનનાર અમે બુદ્ધ છીએ એમ માનતા સમાધિથી દૂર છે...તેઓ બીજ, સચિત્ત જળ, ઔદ્દેશિક આહાર ભોગવીને ધ્યાન કરે છે, તે અખેદજ્ઞ, અસમાહિત છે...જેમ ઢંક, કંક, કુરર, મદ્‌ગુ અને શિખી માછલી શોધવા ધ્યાન કરે છે, તેમ તેઓનું ધ્યાન કલુષ અને અધમ છે...એ રીતે મિથ્યાદૃષ્ટિ, અનાર્ય શ્રમણ વિષયેચ્છાનું ધ્યાન કરે છે, તે કલુષ-અધમ છે.***

● **વિવેચન-૫૨૧ થી ૫૨૪ :-**

[૫૨૧] આવા શુદ્ધ, પરિપૂર્ણ ધર્મને ન જાણનારા તે અવિવેકી, અમે જ ધર્મતત્વ જાણીએ છીએ એમ માનનાર પંડિતમાની સમ્યગ્ દર્શન નામક ભાવસમાધિથી અતિ દૂર રહે છે. તે બધાં પરતીર્થિકો જાણવા.

- તેઓ ભાવસમાધિથી કેમ દૂર રહે છે ? તે કહે છે—

[૫૨૨] તે શાક્યાદિ શ્રમણો જીવ-અજીવ ન જાણવાથી શાલિ, ઘઉં આદિ બીજ, સચિત્ત જળ, તેમને ઉદ્દેશીને તેમના ભક્તોએ બનાવેલ આહારાદિ, તે બધું જ વિવેકરહિતપણે લઈ, વાપરી ફરી સાતા-ઋદ્ધિ-રસગારવમાં આસક્ત મનથી સંઘભોજનાદિ ક્રિયા વડે, તેની પ્રાપ્તિ માટે આર્ત્ત ધ્યાન કરે છે. આ લોકના સુખેચ્છુ તે દાસી, દાસ, ધન, ધાન્ય આદિ પરિગ્રહવાળા હોવાથી ધર્મધ્યાન થતું નથી. કહ્યું છે કે - ગામ, ખેતર, ગૃહ આદિ, ગાયો, દાસનો જેને પરિગ્રહ હોય, તેને શુભધ્યાન ક્યાંથી હોય ? તથા મોહનું ઘર, ધીરજનો નાશ, શાંતિનો નાશક, વ્યાક્ષેપનો મિત્ર, અહંકારનું ઘર, પાપનો વાસ, દુઃખનો ઉત્પાદક, સુખનો નાશક, ધ્યાનનો શત્રુ એવો પરિગ્રહ પ્રાજ્ઞને પણ કલેશ, નાશ માટે થાય.

તેથી આ રીતે રાંધવા-રંધાવાની ક્રિયામાં પ્રવૃત્ત, તેમાં જ લક્ષણ રાખનારને શુભધ્યાન કઈ રીતે સંભવે ? વળી તે અન્યતીર્થિકો ધર્મ-અધર્મનો વિવેક કરવામાં અનિપુણ છે. તે શાક્ય સાધુઓ મનોજ્ઞ આહાર, વસતિ, શચ્યા, આસન આદિ રાગના કારણ છતાં તેને શુભ ધ્યાનમાં ઉપયોગી માને છે. કહ્યું છે કે - ‘‘ઉત્તમ ભોજન ખાઈને’’ ઇત્યાદિ તથા માંસને કલ્કિક એમ કહીને સંજ્ઞાંતર કરી નિર્દોષ માને છે. બુદ્ધસંઘાદિ નિમિત્ત આરંભને નિર્દોષ માને છે. તેઓ કહે છે કે - માંસ ખાવાનું છોડીને કલ્કિક નામ આપી માંસ ખાય છે, બીજા નામે આરંભ કરે છે, તેઓ અજ્ઞાની



છે, આમ નામ બદલતા નિર્દોષ ન થાય. જેમ તાપને શીતનું નામ આપવાથી તેનો ગુણ ન બદલાય. - X - આ પ્રમાણે બીજા કપિલ આદિનો પ્રગટ કે ગુપ્ત ભાવ એમ નામ આપી જૈનોએ કહેલ વિનાશ, ઉત્પાદનનું નૈપુણ્ય સિદ્ધ કર્યું. આ રીતે તે બિચારા મનોજ્ઞ, ઉદ્દિષ્ટ ભોજન અને પરિગ્રહ વડે આર્તધ્યાનમાં પીડાતા મોક્ષમાર્ગરૂપ ભાવ સમાધિથી દૂર રહે છે.

[૫૨૩] જેમ તેઓ રસ, સાતા ગારવથી આર્ત્તધ્યાની થાય છે તે દૃષ્ટાંત વડે કહે છે -જેમ ઢંક, કંક આદિ પક્ષીઓ જળાશયનો આશ્રય કરી માંસ માટે માછલા શોધે છે, તેમ આર્ત્ત, રૌદ્ર ધ્યાનરૂપ ધ્યાનથી તેઓ અત્યંત કલુષિત, અધમ થાય છે.

[૫૨૪] ઉક્ત દૃષ્ટાંત મુજબ - X - મિથ્યાદૃષ્ટિ એવા શાક્ય આદિ અનાર્યકર્મ કરીને આરંભ, પરિગ્રહપણાથી અનાર્ય બનીને શબ્દાદિ વિષયની પ્રાપ્તિના ધ્યાનમાં કલુષ, અધમ થાય છે.

● **સૂત્ર-૫૨૫ થી ૫૨૮ :-**

***આ જગત્‌માં કેટલાંક દુર્મતિ શુદ્ધ માર્ગ વિરાધીને ઉન્માર્ગે જઈ દુઃખી થઈ, મરણની ઇચ્છા કરે છે...જેમ જન્માંધ પુરુષ છિદ્રવાળી નાવમાં બેસી નદી પાર કરવા ઇચ્છે તો પણ માર્ગમાં જ ડૂબી જાય છે...તે પ્રમાણે મિથ્યાદૃષ્ટિ, અનાર્ય શ્રમણ આશ્રવ સેવીને આગમી ભવે મહાભય પામે છે...***

***ભગવંત મહાવીર દ્વારા પ્રવેદિત આ ધર્મ પામીને મુનિ ઘોર સંસારને તરે, આત્મભાવે વિચરે.***

● **વિવેચન-૫૨૫ થી ૫૨૮ :-**

[૫૨૫] નિર્દોષ એવા સમ્યગ્ દર્શનાદિ મોક્ષમાર્ગને કુમાર્ગ પ્રરૂપણા થકી દૂષિત કરીને આ સંસારમાં મોક્ષમાર્ગ બતાવવાને શાક્ય આદિ સ્વ-મતના રાગથી મહામોહથી આકુળ અંતરાત્માને દુષ્ટ પાપ ઉપાદાન મતિવાળા તે દુષ્ટ મતિઓ થઈ સંસાર અવતરણરૂપ ઉન્માર્ગમાં પ્રવૃત્ત થઈ આઠ પ્રકારના કર્મો અથવા અશાતા ઉદયરૂપ દુઃખના ઘાત માટે સન્માર્ગ વિરાધીને ઉન્માર્ગ ગમનને શોધે છે. અર્થાત્ દુઃખથી મરવાના સેંકડો બહાનાં શોધે છે.

[૫૨૬] શાક્યાદિ શ્રમણને થનારા દુઃખને દૃષ્ટાંતથી જણાવે છે - જેમ કોઈ જન્માંધ સો છિદ્રવાળી નાવમાં બેસી પાર જવા ઇચ્છે છે, પણ છિદ્રને કારણે પાર પહોંચતો નથી, જલ મધ્યે જ ડૂબે છે.

[૫૨૭] ઉક્ત દૃષ્ટાંત મુજબ - શાક્યાદિ શ્રમણો, મિથ્યાદૃષ્ટિ, અનાર્યો કર્માશ્રવરૂપ ભાવસ્રોતને પામીને પુનઃ પુનઃ સંસારમાં ભમીને નારક આદિના દુઃખને પામે છે. તેમને છિદ્રવાળી નાવમાં રહેલાની માફક સંસાર સમુદ્રથી પાર ઉતરવું શક્ય નથી.

[૫૨૮] શાક્યાદિ શ્રમણો મિથ્યાદૃષ્ટિઓ, અનાર્યો સંપૂર્ણ સ્રોતથી યુક્ત, ભાવિમાં મહાભય [નરકાદિ ગામી] હોય છે, તેથી તેમને બતાવે છે કે - આ પ્રત્યક્ષ

નિકટવર્તી અને હવે પછી કહેવાનાર, સર્વલોક પ્રગટ અને દુર્ગતિના નિષેધથી શોભનગતિને ધારણ કરનારો શ્રુત-ચારિત્ર નામક ધર્મ ન પાળવાથી શાક્યાદિ ધર્મને પાળનારા મહાભય [રૂપ ગતિમાં] જનારા થાય છે.

પણ શ્રી વર્ધમાનસ્વામીએ કહેલ ધર્મને ગ્રહણ કરીને સંસાર પર્યટન સ્વભાવ ભાવસ્રોતને તરી જાય છે.

આ જ વાત વિશેષથી કહે છે - દુરુત્તરપણાથી મહાભયાનક છે. તેમાં રહેલા જીવો ગર્ભથી ગર્ભ, જન્મથી જન્મ, મરણથી મરણ, દુઃખથી દુઃખ એ પ્રમાણે ભ્રમણ કરતા અનંતકાળ રહે છે.

પણ જેઓ કાશ્યપ [ભગવંત મહાવીર] પ્રણીત ધર્મ આદરીને પોતાના આત્માનું નરક આદિથી રક્ષણ કરે છે, તે - x - સંયમાનુષ્ઠાયી બને છે. પાછલી અડધી ગાથાના પાઠાંતર મુજબ - ઉત્તમ સાધુ ગ્લાન સાધુની વૈયાવચ્ચ કરી તેમને સમાધિ ઉપજાવે છે અથવા રોગરહિત કરે છે.

સંયમ અનુષ્ઠાનમાં કઈ રીતે રહે તે કહે છે—

● **સૂત્ર-૫૨૯ થી ૫૩૨ :-**

***તે ઇન્દ્રિય વિષયોથી નિવૃત્ત થઈ, સર્વ પ્રાણીઓને આત્મતુલ્ય સમજી સંયમમાં પરાક્રમ કરતાં વિચરે... વિવેકી મુનિ અતિમાન અને માયાને જાણીને, તેનો ત્યાગ કરી નિર્વાણનું સંધન કરે...સાધુધર્મનું સંધાન કરે, પાપધર્મનો ત્યાગ કરે, તપમાં વીર્ય ફોરવે, ક્રોધ-માન ન કરે...***

***જેમ પ્રાણીઓનો આધાર પૃથ્વી છે, તેમ થયેલા કે થનારા તીર્થંકરોનો આધાર શાંતિ છે.***

● **વિવેચન-૫૨૯ થી ૫૩૨ :-**

[૫૨૯] શબ્દાદિ વિષયોથી વિરત સાધુ મનોજ્ઞમાં રાગ કે અમનોજ્ઞમાં દ્વેષ ન કરે તેવા પણ કેટલાંક છે. તેઓ પૃથ્વી પર સંસાર ઉદરમાં જીવિતના ઇચ્છુક જે જીવો છે કે જે દુઃખના દ્વેષી છે, તેમને આત્મા સમાન જાણી, દુઃખ ન આપતાં તેમના રક્ષણ માટે પ્રયત્ન કરતાં સંયમ અનુષ્ઠાનમાં વર્તે છે—

[૫૩૦] સંયમમાં વિઘ્નકારી કારણોને દૂર કરવા કહે છે - ચારિત્રને અતિક્રમી જે અતિમાન કરે છે, ચ કારથી અહીં ક્રોધ પણ લેવો, તેમજ અતિ માયા અને બીજા ચ થી લોભ સમજવો. આ કષાયોને સંયમના શત્રુ જાણી વિવેકી સાધુ આ બધાં સંસારના કારણભૂત કષાયોને તજીને નિર્વાણનું લક્ષ્ય રાખે. કષાયસમૂહ વિધમાન હોય તો સંયમમાં સમ્યક્ સફળતા ન થાય. કહ્યું છે કે - શ્રામણ્ય પાળતા જેના કષાયો ઉત્કટ હોય, તેનું શ્રામણ્ય શેરડીના પુષ્પ જેમ નિષ્ફલ છે, તે નિષ્ફળતાથી મોક્ષ સંભવતો નથી.

તથા સંસારથી પલાયન ન થાઉં તે માટે રાગાદિ શત્રુ મારામાં રહેલા છે, આ જગત્ તૃષ્ણા બંધનથી બંધાયેલ છે તે કેમ જોતો નથી? હે મૃત્યુ! મને વાળમાં વૃદ્ધાવસ્થા મૂકીને શા માટે ગ્રહણ કરે છે? એવા આદર સિવાય પણ શું



હું તારી સાથે નહીં આવું? ઇત્યાદિ. આ પ્રમાણે કષાયનો ત્યાગ કરીને એકસરખા પ્રશસ્ત ભાવમાં જોડીને નિર્વાણને સાધવું એ જ ઉત્તમ છે - વળી -

[૫૩૧] સાધુનો ક્ષાંતિ આદિ દશવિધ ધર્મ કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નામક ધર્મ તેની વૃદ્ધિ પમાડે. તે આ પ્રમાણે - પ્રતિક્ષણ અપૂર્વ જ્ઞાન ગ્રહણથી જ્ઞાનની તથા શંકાદિ દોષ ત્યાગીને સમ્યક્ જીવાદિ પદાર્થોને જાણીને સમ્યગ્દર્શનની વૃદ્ધિ કરી અસ્ખલિતપણે મૂળગુણ ઉત્તરગુણ સંપૂર્ણ પાળીને, રોજ-રોજ નવા અભિગ્રહ ગ્રહણ કરીને ચારિત્રની વૃદ્ધિ પમાડે. પાઠાંતર મુજબ પૂર્વોક્ત વિશેષણથી વિશિષ્ટ સાધુધર્મની મોક્ષમાર્ગત્વથી શ્રદ્ધા કરે - નિશંકતાથી ગ્રહણ કરે. ચ શબ્દથી સમ્યગ્ પાલન કરે. તથા પાપ ઉપાદાન કારણથી જીવહિંસાદિ પ્રવૃત્તિ છોડે. તથા યથાશક્તિ તપમાં પરાક્રમ કરે તે ઉપધાન વીર્યવાળો ભિક્ષુ ક્રોધ, માનને ન વધારે.

[૫૩૨] હવે આવા ભાવમાર્ગને વર્ધમાન સ્વામીએ જ કહ્યો છે કે બીજાએ પણ કહ્યો છે - તે જણાવે છે - અતીત કાળે થયેલા અનંતા તીર્થંકરો, એ બધાંએ આવો ભાવમાર્ગ કહેલો છે, તથા ભાવિમાં અનંતકાળે અનંત તીર્થંકરો થશે તે પણ આવો જ ભાવમાર્ગ કહેશે. ચ શબ્દથી વર્તમાનકાળના સંખ્યાત તીર્થંકર લેવા.

તે બધાંએ માત્ર ઉપદેશ નથી આપ્યો પણ તેમ આચર્યો પણ છે, તે દર્શાવે છે - શમન એટલે શાંતિ, તે જ ભાવમાર્ગ - અતીત, અનાગત, વર્તમાનકાળના તીર્થંકરોનો આધાર - x - છે. અથવા શાંતિ એટલે મોક્ષ તે તેઓનો આધાર છે. તેની પ્રાપ્તિ ભાવમાર્ગ સિવાય થતી નથી, તેથી તે બધાંએ પણ આ ભાવમાર્ગ કહ્યો છે અને આચર્યો છે તેમ જાણવું.

શાંતિ પ્રતિષ્ઠાનત્વમાં દૃષ્ટાંત કહે છે - જીવો સ્થાવર, જંગમ બે ભેદે છે. તે જીવો જેમ જગત્‌માં ત્રણ લોકમાં રહે છે, તેમ આ સર્વે તીર્થંકરોનું સ્થાન શાંતિ છે. ભાવમાર્ગ સ્વીકારી સાધુ શું કરે ?—

● **સૂત્ર-૫૩૩,૫૩૪ :-**

***વ્રતસંપન્ન મુનિને અનુકૂળ-પ્રતિકૂળ પરીષહ આવે ત્યારે જેમ વાયુથી મહાગિરિ ન કંપે, તેમ સાધુ પણ વિચલિત ન થાય.***

***તે સંવૃત્ત, મહાપ્રજ્ઞ, ધીર, આપેલ આહારની એષણા કરે, નિવૃત્ત થઈ કાળની આકાંક્ષા કરે એમ કેવલીનો મત છે. તેમ હું કહું છું.***

● **વિવેચન-૫૩૩,૫૩૪ :-**

[૫૩૩] ભાવમાર્ગ સ્વીકાર્યા પછી સાધુ વ્રતધારી થઈ, વિવિધ નાના-મોટા પરીષહ-ઉપસર્ગોથી કંટાળે નહીં. સાધુ તેને સંસારનો સ્વભાવ સમજી, કર્મનિર્જરાને જાણતો અનુકૂળ-પ્રતિકૂળ સ્પર્શોથી હણાય નહીં, સંયમ અનુષ્ઠાનથી જરા પણ વિચલિત ન થાય. કોની માફક? મહાવાયુથી મેરુ ચલિત ન થાય તેમ. અભ્યાસથી પરીષહ-ઉપસર્ગનો જય કરે. અભ્યાસથી જ દુષ્કર સુકર થાય છે.

દૃષ્ટાંત છે - કોઈ ગોપાલ તુરંતના જન્મેલા વાછરડાને ઉંચકીને ગાય પાસે

મૂકે એ ક્રમથી રોજ મોટા થતાં વાછરડાને ઉંચકતો અભ્યાસ થવાથી બે કે ત્રણ વર્ષના વાછરડાને પણ ઉંચકી શકે છે, તેમ સાધુ પણ ધીમે ધીમે અભ્યાસથી પરીષહ ઉપસર્ગ પર વિજય મેળવે.

[૫૩૪] હવે અધ્યયનના ઉપસંહાર માટે કહે છે - તે સાધુ આ રીતે આશ્રવદ્વારથી સંવૃત્ત થઈને મોટી પ્રજ્ઞાવાળો - સમ્યગ્દર્શન, જ્ઞાનવાળો, બુદ્ધિ વડે રાજતો તે ધીર કે પરીષહ-ઉપસર્ગ વડે ક્ષોભિત ન થતો એવો થઈને, બીજાએ આપેલ આહારથી નિર્વાહ કરે, ત્રણે એષણાથી યુક્ત થઈ સંયમ પાળે તથા નિર્વૃત્ત થઈ - કષાય ઉપશમથી શીતીભૂત થઈ મૃત્યુ કાળની આકાંક્ષા કરે.

એ પ્રમાણે મેં જે કહ્યું તે સર્વજ્ઞ તીર્થંકરનો મત છે. આ પ્રમાણે જંબૂસ્વામીને તેમ જે માર્ગ તેં મને પૂછ્યો, તે મેં મારી ઇચ્છાથી - બુદ્ધિથી કહ્યો નથી, પણ તે કેવલીનું વચન છે, તેમ માની ગ્રહણ કરવું.

શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૧ ‘‘માર્ગ’’નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

**આગમસટીકઅનુવાદ ભાગ-૩ પૂર્ણ**

- x - x - x - x - x -



# સૂત્રકૃતાંગ-સૂત્ર

## આગમ-બીજું

**- ભાગ - ૩માં અહીં છે –**

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧ થી ૧૧**

**ભાગ-૪માં આવશે -**

**અધ્ય૦ ૧૨ થી શ્રુતસ્કંધ-૨ આખું**

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૪

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# સૂત્રકૃત-૨

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૪ માં છે...

૦ "સૂત્રકૃત" – અંગસૂત્ર-૨-ના...

-૦- શ્રુતસ્કંધ-૧-ના...

– અધ્યયન-૧૨ થી ૧૬

તથા

-૦- શ્રુતસ્કંધ-૨-સંપૂર્ણ

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૪ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं
### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामक्कोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છઠ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

o અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

o કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** 3

o અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

o નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

o તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

o તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો નિમ્મલદંસણસ્સ

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૪ :-

# (૨) સૂત્રકૃતાંગ-સૂત્ર/૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

## ● ભૂમિકા :-

૦ આગમોના વૃત્તિ સહિતના અનુવાદનો આ ચોથો ભાગ છે, આ ભાગમાં સૂયગડાંગ સૂત્રના સટીક અનુવાદનો બાકીનો હિસ્સો રજૂ કરાયેલો છે. ત્રીજા ભાગમાં સૂયગડાંગ સૂત્રના શ્રુતસ્કંધ-૧-ના અધ્યયન-૧ થી ૧૧નું વૃત્તિ સહિતનું ભાષાંતર કરાયેલ છે. અહીં અધ્યયન-૧૨ થી ૧૬ તથા શ્રુતસ્કંધ-૨-નો સમાવેશ થયો છે.

અમારા આ પ્રકાશનમાં પૂર્વેના ભાગોમાં જણાવ્યા મુજબ મૂળ સૂત્ર કે ગાથાનો અક્ષરશઃ અનુવાદ, ટીકાનો અનુવાદ તથા અવસરે ચૂર્ણિ કે અન્ય આગમ સાહિત્યની નોંધો મૂકેલી છે, તે સાથે કેટલાંક વ્યાકરણ પ્રયોગો ન્યાયો કે વાદોના વૃત્તિમાં આવતા અંશોને છોડી પણ દીધેલા છે. તે માટે શક્ય પ્રયત્ને જ્યાં વૃત્તિ અંશ છોડેલ હોય ત્યાં - x - એવી નિશાની મૂકેલ છે અને ચૂર્ણિ આદિના અવતરણો લીધા હોય ત્યાં ઇટાલિક ટાઈપનો ઉપયોગ કરેલો છે.

અહીં કરાયેલ સૂત્ર કે ગાથાનું ક્રમાંકન સળંગ જ છે, જે અમે અમારા आगमसुत्ताणि सटीकं માં કરેલું છે તે જ છે, જેથી અધ્યયન કર્તાને તુલના કરવા કે મૂળ પાઠ જોવાની સગવડ રહે છે. અમે કરેલ આગમોના મૂળના ગુજરાતી અનુવાદ તથા હિન્દી અનુવાદમાં પણ આ જ સૂત્ર ક્રમાંક છે, તદુપરાંત અમારા आगमसद्दकोसो, आगमनामकोसो માં પણ આ જ ક્રમાંક મુજબના સંદર્ભો નોંધેલા છે, અમારું ''આગમ વિષય દર્શન'' પણ આ જ અનુક્રમાંક ધરાવે છે. જેથી તુલના કરવી કે કંઈ શોધવું સરળ છે.

આ પ્રકાશનમાં અનુવાદની જ મુખ્યતા રાખી હોવાથી શબ્દ કે ભાષા લાલિત્યનું દૃષ્ટિબિંદુ ગૌણ કરેલ છે. અધ્યયનકર્તાને જૈન પારિભાષિક શબ્દોમાં અલ્પ પરિચિતતા કેળવાયેલ હશે, તો વાંચવું, સમજવું સરળ બની રહેશે. બાકી કથાસાહિત્યના ટેવાયેલાને તત્ત્વસાહિત્ય થોડું તો કઠિન લાગે જ, તે સહજ છે.

— મુનિ દીપરત્નસાગર





## ❁ શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૨ ''સમોસરણ'' ❁

-- x -- x -- x -- x -- x -- x -- x --

● ભૂમિકા :-

અધ્યયન-૧૧ કહ્યું, હવે બારમું કહે છે - તેનો સંબંધ આ છે - અનંતર અધ્યયનમાં ''માર્ગ'' કહ્યો. કુમાર્ગ નિવારણથી સમ્યક્ માર્ગ પ્રાપ્ત થાય છે. કુમાર્ગ દૂર કરવાની ઇચ્છાવાળાએ તેનું સ્વરૂપ જાણવું. તેથી તેના સ્વરૂપના નિરૂપણ માટે આ અધ્યયન છે. તેના ઉપક્રમાદિ ચાર અનુયોગ દ્વારો છે. તેમાં ઉપક્રમમાં આ અર્થાધિકાર છે - કુમાર્ગ બતાવનારા ચાર સમોસરણો અહીં બતાવે છે - ક્રિયા, અક્રિયા, અજ્ઞાની, વૈનયિક. નામનિષ્પન્ન નિક્ષેપે ''સમોસરણ'' નામ છે, તેનો નિક્ષેપ —

[નિ.૧૧૬ થી ૧૧૮-] સમવસરણમાં सृ ધાતુ ગતિવાચી છે, सम्, अव ઉપસર્ગ સહિતનું આ રૂપ છે. સમવસરણ એટલે એકત્રગમન કે મેલાપક, માત્ર સમાધિ નહીં. તેના નામાદિ છ નિક્ષેપા છે. તેમાં નામ, સ્થાપના ગૌણ છે - દ્રવ્ય વિષયમાં નોઆગમથી સમવસરણ જ્ઞ શરીર, ભવ્યશરીર, વ્યતિરિક્ત ત્રણ ભેદે, તેમાં વ્યતિરિક્તના સચિત્ત, અચિત્ત, મિશ્ર એ ત્રણ ભેદો છે. સચિત્તના ત્રણ ભેદ-દ્વિપદ, ચતુષ્પદ, અપદ. તેમાં દ્વિપદમાં સાધુ વગેરેનો તીર્થંકરના જન્મ, દીક્ષા સ્થાનોમાં મેલાપક છે. ચતુષ્પદમાં ગાય આદિનો જળ પ્રદેશે મેલાપક. અપદમાં વૃક્ષો જાતે ચાલીને ભેગા ન થાય, પણ વનમાં તેનો સમૂહ હોય. અચિત્તમાં બે-ત્રણ અણુનો મેલાપક, મિશ્રમાં હથિયાર સહિત સેના જાણવી.

ક્ષેત્ર સમવસરણ પરમાર્થથી નથી. વિવક્ષાથી જ્યાં દ્વિપદાદિ ભેગા થાય તે. અથવા જ્યાં વ્યાખ્યાન થાય તે. - x - કાલ સમોસરણ પણ એ પ્રમાણે જાણવું. - x - ભાવ સમોસરણમાં ઔદયિકાદિ ભાવોનું એકઠા થવું તે. તેમાં ઔદયિકના ૨૧-ભેદ, ૪-ગતિ, ૪-કષાય, ૩-લિંગ, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયતત્વ, અસિદ્ધત્વ, ૬-લેશ્યા છે. ઔપશમિકના ૨-ભેદ-સમ્યકત્વ અને ચારિત્ર ઉપશમ. ક્ષાયોપશમિકના ૧૮-ભેદ-૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, ૩-દર્શન, દાનાદિ ૫-લબ્ધિ, સમ્યકત્વ, ચારિત્ર, દેશવિરતિ, ક્ષાયિકભાવના ૯-ભેદ - કેવલજ્ઞાન, કેવલદર્શન, દાનાદિ ૫-લબ્ધિ, સમ્યકત્વ અને ચારિત્ર. પારિણામિકના-૩-ભેદ - જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ. સાન્નિપાતિકના - બે, ત્રણ, ચાર, પાંચ સંયોગો થાય છે.

તેમાં દ્વિકસંયોગ - સિદ્ધના ક્ષાયિક અને પારિણામિક બે ભાવો. ત્રિક સંયોગીમાં મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતના ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવ છે તથા ભવસ્થ કેવલિને ઔદયિક, ક્ષાયિક, પારિણામિક ભાવ છે ચતુષ્ક સંયોગે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવોને ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક એ ચાર ભાવો છે. તથા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ક્ષાયિક સિવાયના ચાર ભાવો છે. પંચસંયોગે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમ શ્રેણિમાં પાંચે ભાવો છે. - x - ઉક્ત છ ભેદે સાન્નિપાતિકના છ ભેદો થાય છે - અથવા -

બીજી રીતે છ ભેદે ભાવસમોસરણ નિર્યુક્તિકાર બતાવે છે — (૧) ક્રિયાવાદી - જીવાદિ પદાર્થો છે તેમ કહેનારા, (૨) અક્રિયાવાદી - ક્રિયાવાદીથી ઉલટા, (૩) અજ્ઞાની-જ્ઞાન નિહ્નવવાદી, (૪) વૈનયિક - વિનયને મુખ્ય માનનારા. આ ચારેનું વર્ણન આદિ જ્યાં કરાય તે ભાવસમોસરણ. તેને નિર્યુક્તિકાર પોતે કહેશે. - હાલ તેનું - x - સ્વરૂપ કહે છે—

- [૧] ક્રિયાવાદી - જીવાદિ પદાર્થ છે જ એમ અવધારણ ક્રિયા સહ જે સ્વીકારે છે તે. આવું કહેનાર મિથ્યાર્દષ્ટિઓ છે. કેમકે જીવ છે જ એમ સ્વીકારતા - ''કથંચિત્ નથી'' એ સ્વરૂપમાં આપત્તિ આવે. વળી જગત્‌માં જુદા જુદા ભેદ છે, તે તેમાં જોવા ન મળે. - [૨] - અક્રિયાવાદી-જીવાદિ પદાર્થ નથી જ, એમ કહે છે. તેઓ પણ ખોટા અર્થને કહેતા મિથ્યાર્દષ્ટિ જ છે. કેમકે - એકાંતે જીવના અસ્તિત્વનો નિષેધ કરે છે. - x - - [૩] - અજ્ઞાની - તેઓ જ્ઞાન નથી તેમ કહી, અજ્ઞાન જ સારું છે તેમ કહે છે, તે પણ મિથ્યાર્દષ્ટિ જ છે, કેમકે ''અજ્ઞાન જ સારું છે'' તે પણ જ્ઞાન વિના જાણી ન શકાય. તેથી જ્ઞાન છે તેમ નક્કી થયું. - [૪] વૈનયિક - વિનયથી જ સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ ઈચ્છે છે તેથી મિથ્યાર્દષ્ટિ છે. કેમકે જ્ઞાન અને ક્રિયા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ક્રિયાવાદી આદિનું સ્વરૂપ અને ખંડન પૂર્વે આચારાંગમાં કર્યુ છે. તેથી અહીં કહેતા નથી. તેના ભેદો—

**[નિ.૧૧૯ થી ૧૨૧-]** ક્રિયાવાદીના ૧૮૦ ભેદ. આ રીતે - જીવાદિ પદાર્થો નવ, સ્વ અને પર, નિત્ય અને અનિત્ય, કાળ-સ્વભાવ-નિયતિ-ઈશ્વર-આત્મા [૯ x ૨ x ૨ x ૫ = ૧૮૦] તેમાં જીવના ૨૦ ભેદ આ રીતે - (૧) જીવ સ્વથી છે, (૨) જીવ પરથી છે, (૩) જીવ નિત્ય છે, (૪) જીવ અનિત્ય છે. આ ચારે ભેદને કાલ આદિ પાંચથી ગણતા ૨૦ ભેદ થાય. નવે પદાર્થના ૧૮૦ થાય.

૦ અક્રિયાવાદી - ''જીવાદિ પદાર્થો નથી'' એમ માનનારાના ૮૪-ભેદો છે. તે આ રીતે - જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ ૭-ભેદ, સ્વ-પર બે ભેદ, કાળ-યદૈચ્છા-નિયતિ - સ્વભાવ - ઈશ્વર - આત્મા એ છ ભેદ [૭ x ૨ x ૬ = ૮૪] તે ભેદ આ રીતે - (૧) જીવ સ્વતઃ કાળથી નથી, (૨) જીવ પરતઃ કાળથી નથી તેના યદૈચ્છા આદિ પાંચથી આ રીતે બે-બે ભેદ. કુલ ૧૨-ભેદ થયા. તે જીવાદિ સાત પદાર્થથી ગણતા ૮૪-ભેદ.

૦ અજ્ઞાનિક - અજ્ઞાનથી જ કાર્ય સિદ્ધિ ઇચ્છે છે, જ્ઞાન સર્વથા નિષ્ફળ છે, કેમકે તેમાં બહુ દોષ છે. તેના ૬૭ ભેદ છે. જીવ, અજીવાદિ નવ પદાર્થ, સાત ભંગો - સત્, અસત્, સદસત્, અવક્તવ્ય, સદ્‌વક્તવ્ય, અસત્ વક્તવ્ય, સદસદ્ વક્તવ્ય. [૯ x ૭ = ૬૩] જેમકે (૧) જીવ છે, તે કોણ જાણે છે?, તે જાણવાથી શું? (૨) જીવ નથી તે કોણ જાણે છે? - x - x - ઇત્યાદિ રીતે જીવના સાત ભેદ. એ પ્રમાણે અજીવાદિના પણ સાત-સાત ભેદ કરતા કુલ-૬૩ ભેદ થાય.

હવે બીજા ચાર ભેદ કહે છે—

૧-ભાવની ઉત્પત્તિ થાય તે કોણ જાણે છે? તે જાણવાથી શું? ૨-ભાવોત્પત્તિ



અવિદ્યમાનતા, ૩-ભાવોત્પત્તિની વિદ્યમાનતા-અવિદ્યમાનતા, ૪-ભાવોત્પત્તિની અવક્તવ્યતા-કોણ જાણે? આદિ બધે જોડવું.

એ રીતે [૬૩ + ૪] ૬૭ ભેદો થાય. - x - x -

૦ વૈનયિક - કેવળ વિનયથી જ પરલોકને ઇચ્છે છે, તેના ૩૨-ભેદ. તે આ રીતે - દેવ, રાજા, સાધુ, જ્ઞાતિ, સ્થવિર, અધમ, માતા, પિતા એ આઠનો મન, વચન, કાયા, દાન એ ચાર ભેદે વિનય કરવો. એ રીતે ૮ x ૪ = ૩૨ ભેદો થાય. - x - x - આ પ્રમાણે ક્રિયાવાદી આદિના [૧૮૦ + ૮૪ + ૬૭ + ૩૨] એમ ૩૬૩ ભેદો થાય. હવે તેમના મતના અધ્યયનથી શો લાભ થાય, તે દર્શાવે છે - તે પૂર્વોક્ત વાદીઓના મતને અનુકૂળ પ્રરૂપણા ગણધરોએ આ અધ્યયનમાં શા માટે કરી? તે વાદીઓના પરમાર્થના નિર્ણયને માટે. તે કારણથી આ સમોસરણ નામક અધ્યયન ગણધરો કહે છે, તે બતાવે છે. વાદીઓના સમ્યગ્ મેલાપક અર્થાત્ તેમના મતનો નિશ્ચય આ અધ્યયનમાં કરાયેલ છે તેથી તેને 'સમવસરણ' અધ્યયન કહે છે.

હવે આ સમ્યગ્ મિથ્યાત્વ વાદીત્વનો જે રીતે વિભાગ થાય છે તે દર્શાવતા કહે છે - જેને પદાર્થની સમ્યગ્-અવિપરીત દૃષ્ટિ-દર્શન છે તે સમ્યગ્દૃષ્ટિ છે - કોણ છે? - ક્રિયાવાદી, ક્રિયા છે તેમ કહેનારા. ક્રિયાવાદીમાં - अत्थित्ति किरियवादी - x - x - તેનું નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિપણું બતાવે છે, - x - અસ્તિ પણું બતાવે છે, - લોક-અલોક છે, આત્મા છે, પુન્ય-પાપ છે, તેનું ફળ સ્વર્ગ-નરક ગમન છે, કાળ છે. કેમકે તેના કારણપણાથી જગતમાં ઉત્પત્તિ, વૃદ્ધિ, સ્થિતિ, વિનાશ તથા ઠંડી, ગરમી, વર્ષા આદિ નજરે દેખાય છે. - x -

સ્વભાવવાદી પણ જગત્‌ના ફેરફારમાં સ્વભાવને કારણ ગણે છે. સ્વભાવ એટલે સ્વનો ભાવ [ગુણ]. તેથી જ જીવમાં ભવ્યત્વ, અભવ્યત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ સ્વ સ્વ રૂપ મુજબ છે. તેમજ ધર્મ, અધર્મ, આકાશ, કાળ આદિ. પણ અનુક્રમે ગતિ, સ્થિતિ, અવગાહના, પરત્વ અપરત્વાદિ સ્વરૂપ બતાવવાથી કારણરૂપે છે. જેમ કાટાની અણી સ્વભાવથી છે.

નિયતિ પણ કારણ રૂપે છે, કેમકે પદાર્થોને નિયતિ નિયત કરે છે, કહ્યું છે કે - પદાર્થ નિયતિ બળના આશ્રયથી પ્રાપ્ત થવા યોગ્ય છે. તથા પૂર્વકૃત્, તે શુભાશુભ કૃત્યનું ઇષ્ટ-અનિષ્ટ ફળ કારણ રૂપે છે. કહ્યું છે કે - જેમ જેમ પૂર્વકૃત્ કર્મનું ફળ નિધાનરૂપે સ્થાપેલ હોય તેમ તેમ પૂર્વ કૃતાનુસાર મતિ પ્રવર્તે છે. તે જ પ્રમાણે સ્વકર્મ મુજબ મનુષ્યો જન્મ લે છે, તેનું કર્મ તે ન ઇચ્છે તો પણ તે ગતિમાં ખેંચી જાય છે - તે પ્રમાણે પુરુષાર્થ વિના કંઈપણ સિદ્ધ ન થાય.

કહ્યું છે કે - ભાગ્યના ભરોસે ઉદ્યમ ન છોડવો. કેમકે ઉદ્યમ વિના તલમાંથી તેલ કાઢવા કોણ સમર્થ છે? - x - ઉદ્યમ વડે જ કીડો મોટા વૃક્ષોને કોતરી ખાય છે. ઉદ્યમથી જ સુખ મળે છે.

આ પ્રમાણે કાળ આદિ બધાંને કારણપણે માનતો તથા આત્મા, પુન્ય, પાપ, પરલોકાદિને ઇચ્છતો ક્રિયાવાદી સમ્યગ્દૃષ્ટિ કહેવાય.

બીજા અક્રિયાવાદ, અજ્ઞાનવાદ, વૈનયિકવાદ એ મિથ્યાવાદ છે. તે કહે છે - અક્રિયાવાદી અત્યંત નાસ્તિક છે, પ્રત્યક્ષ સિદ્ધ એવા જીવ, અજીવાદિ પદાર્થો ન માનવાથી મિથ્યાદૅષ્ટિ જ છે. અજ્ઞાનવાદી મતિ આદિ હેયોપાદેય પ્રદર્શક જ્ઞાનપંચક ન માની અજ્ઞાનને જ સારું માને છે તથા વિનયવાદી એકલા વિનયને માને પણ જ્ઞાન-ક્રિયાથી સાધ્ય મોક્ષ છે, તેથી તે પણ નકામો છે. આમ તેઓ મિથ્યાવાદી છે.

પ્રશ્ન - ક્રિયાવાદીના ૧૮૦ ભેદો છે, તે એકૈક જુદો માનવાથી તેને બીજે સ્થાને મિથ્યાવાદી કહ્યા, તો તમે સમ્યગ્દૅષ્ટિ કેમ કહો છો? તેઓ જીવ છે તેમ સ્વીકારે છે, પણ કાળ, સ્વભાવ આદિને કોઈ કોઈ એકાંતે માને છે, બીજાને ઉડાવે છે, માટે મિથ્યાત્વ છે. - x - તેમનો એકાંતમય મિથ્યાત્વ છે પણ કાલાદિ પાંચેને ભેગા લેતા - x - સમ્યક્ત્વ છે.

પ્રશ્ન - કાલ આદિ પરસ્પર જુદા હોય તો મિથ્યાત્વ છે, ભેગા મળે તો સમ્યક્ત્વ થાય એમ કેમ બને? પ્રત્યેકમાં નથી તે સમૂહમાં કઈ રીતે સંભવે? - જેમ એક માણેક, એક હીરો આદિ રત્નો જુદા જુદા હોય તો હાર ન કહેવાય, પણ ભેગા મળે તો રત્નાવલી કહેવાય.

કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ, પુરુષાર્થ એકલા હોય તો મિથ્યાત્વ છે, ભેગા મળે તો સમ્યક્ત્વ છે. કાળ આદિ ભેગા મળે તો કાર્યના સાધક થાય છે. - x - બધાં કાર્યના સમ્યગ્ કરનારા છે. એકલા કાળથી કંઈ ન થાય, પણ મગ રાંધવા હોય તો પાણી, લાકડા અને રાંધનાર પણ જોઈએ. અનેક લક્ષણા વૈડૂર્યાદિના મૂલ્યવાન્ છુટા પારા હાર ન કહેવાય, પણ ભેગા મળે તો હાર કહેવાય. તેમ પ્રત્યેક નય પોતાની રીતે સ્વપક્ષ સિદ્ધ કરે, છતાં પરસ્પર સંબંધ અભાવે સમ્યક્ત્વ ન પામે. દોરામાં પરોવેલા મણિ માફક - x - બધા નયવાદો - x - સાથે યોજાતા સમ્યગ્દર્શન સિદ્ધ થાય. તેથી સ્વપક્ષ કદાગ્રહી નયો મિથ્યા છે પણ પરસ્પર સંબંધથી સમ્યક્ત્વ સ્વભાવવાળા થાય છે. એ રીતે - x - કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ પાંચે ભેગા મેળવી કાર્યસિદ્ધિ માનવી તો અમારું કહેલું સત્ય જણાશે.

- હવે - x - સૂત્ર કહે છે—

**● સૂત્ર-૫૩૫ થી ૫૩૮ :-**

***ક્રિયા, અક્રિયા, વિનય અને અજ્ઞાન એ ચાર સમવસરણ [સિદ્ધાંત] છે, જેને પ્રવક્તાઓ પૃથક્-પૃથક્ રીતે કહે છે...અજ્ઞાનવાદી કુશલ હોવા છતાં પ્રશંસનીય નથી, સંશયથી રહિત નથી. તેઓ અજ્ઞાની છે અને અજ્ઞાનીઓમાં વિમર્શ કર્યા વિના મિથ્યાભાષણ કરે છે...વિનયવાદી અસત્યને સત્ય ચિંતવે છે, અસાધુને સાધુ કહે છે, પૂછીએ તો વિનયને જ પ્રમાણ બતાવે છે...તેઓ અજ્ઞાનવશ કહે છે કે અમને આ જ અર્થ અવભાસિત થાય છે. અક્રિયાવાદી ભવિષ્ય અને ક્રિયાને કહેતા નથી.***

**● વિવેચન-૫૩૫ થી ૫૩૮ :-**

[૫૩૫] આ અધ્યયનનો પૂર્વ અધ્યયન સાથે આ સંબંધ છે - સાધુ ભાવમાર્ગ



સ્વીકારીને કુમાર્ગ આશ્રીત પરવાદીનો મત સમ્યક્ જાણીને છોડી દેવો. તેનું સ્વરૂપ આ અધ્યયનમાં કહે છે. અનંતર સૂત્ર સાથે તેનો આ સંબંધ - મહાપ્રજ્ઞ, ધીર ઇત્યાદિ ગુણવાન્ સમાધિમાં રહે, તેમ કેવલિનું વચન છે, પરતીર્થિકનો પરિહાર કરવો એ કેવલીનો મત છે. તેમનું સ્વરૂપ આ પહેલી ગાથામાં કહે છે. 'ચાર' સંખ્યા છે તે બીજી સંખ્યાના નિષેધ માટે છે. તે ચારે જુદું જુદું બોલનારા પરતીર્થિકોના સમૂહરૂપ છે. તે ચારેના નામ તેમના અર્થ પ્રમાણે સંજ્ઞા આપીને કહે છે - ક્રિયા છે તેમ કહેનાર ક્રિયાવાદી, ક્રિયા નથી એમ બોલનારા અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનિક.

[૫૩૬] તે ક્રિયા-અક્રિયા-વૈનયિક-અજ્ઞાનવાદીને સામાન્યથી બતાવી, તેમના દોષ બતાવવા પશ્ચાનુપૂર્વીથી કહે છે—

અજ્ઞાનવાદીઓ બધાં તત્વો ઉડાવે છે, તેથી અત્યંત અસંબદ્ધ છે માટે પહેલા તેને કહે છે - જેમને અજ્ઞાન છે અથવા અજ્ઞાનથી નિર્વાહ કરે છે તે અજ્ઞાની કે આજ્ઞાની તેમને બતાવે છે - અજ્ઞાની અમે કુશળ છીએ એવું બોલનારા, અજ્ઞાનને જ શ્રેય માનનારા, મિથ્યાવાદી છે. જ્ઞાનની કિંમત ન સમજવાથી, ચિત્તમાં જે ભ્રાંતિ થઈ હોય તે શંકાને દૂર ન કરી શકવાથી એમ કહે છે કે - જે આ જ્ઞાનીઓ છે, તે પરસ્પર વિરુદ્ધ વાદિતાથી યથાર્થવાદી નથી. જેમ કે - કોઈ આત્માને સર્વવ્યાપી માને છે, કોઈ અસર્વવ્યાપી, કોઈ અંગૂઠા જેવો, કોઈ ચોખા જેવો માને છે ઇત્યાદિ. આ રીતે - x - તેઓમાં એક વાક્યતા નથી. કોઈ અતિશય જ્ઞાની નથી, જેનું વાક્ય પ્રમાણ કરાય કે કોઈ બીજું તે સમજાવનાર નથી, અસર્વજ્ઞ બધું જાણે નહીં.

કહ્યું છે કે - કદાચ કોઈ સર્વજ્ઞ હોય તો પણ જેને તેવું ઉત્કૃષ્ટ જ્ઞાન નથી તે કેવી રીતે બધું જાણે? વળી તેવા પરિજ્ઞાનના અભાવે તેવું સંભવ પણ નથી. - x - x - x - જે કંઈ દેખાય છે, તેના ત્રણ ભાગ પાડીએ - સામેનો, વચલો, પાછલો. તો માત્ર સામેનો ભાગ દેખાશે. સામે દેખાતા ભાગમાં પણ સૂક્ષ્મ પરમાણુ નજરે દેખાતા નથી. એમ સર્વજ્ઞના અભાવે, અસર્વજ્ઞથી યોગ્ય નિર્ણય ન થવાથી, સર્વ વાદીના વિરોધી મતથી સામાન્ય જ્ઞાની, પ્રમાદીને ઘણાં દોષ સંભવે છે, માટે અજ્ઞાન જ સારું છે. જેમ અજ્ઞાની કોઈને લાત મારે તો પણ તેનું ચિત્ત શુદ્ધ હોવાથી દોષનો ભાગી ન થાય. આવું કહેનાર મિથ્યાવાદી છે, તે કંઈ શંકાથી રહિત થતા નથી.

[જૈનાચાર્ય કહે છે-] આવું બોલનારને અજ્ઞાની, અનિપુણ, સમ્યગ્ જ્ઞાનરહિત જાણવા. તેઓ કહે છે - પરસ્પર વિરુદ્ધ બોલવાથી યથાર્થવાદી નથી તે ઠીક છે, કેમકે તે બોલનારા અસર્વજ્ઞના સિદ્ધાંતો માને છે. જો - x - સર્વજ્ઞના આગમ માને તો ક્યાંય પરસ્પર વિરોધ ન આવે કેમકે તે સિવાય સર્વજ્ઞપણું સિદ્ધ ન થાય. કેમકે - x - જ્ઞાનના સંપૂર્ણ આવરણો ક્ષય થવાથી, રાગ-દ્વેષ-મોહવાળા જૂઠાં કારણોનો અભાવ છે, તેથી તેમના કહેલા આગમોમાં વિરોધ સંભવ નથી. *[ઇત્યાદિ ચર્ચા વૃત્તિમાં નોંધાયેલ છે, અમે તેનો પૂર્ણ ઉલ્લેખ અહીં કરતા નથી. જિજ્ઞાસુએ તે માટે વૃત્તિ જોઈને તજ્જ્ઞ પાસે સમજવી.]*

સર્વજ્ઞતાને બાધક પ્રમાણ ક્યાંય નથી, તેની વિસ્તૃત ચર્ચા પ્રત્યક્ષ, અનુમાન,

ઉપમા, અર્થાપત્તિ, આગમ પ્રમાણોથી વૃત્તિમાં છે. તે લાંબી ચર્ચાથી સિદ્ધ કર્યુ છે કે સર્વજ્ઞ છે તેમ સિદ્ધ થાય છે. તેમના આગમો સ્વીકારવાથી મતભેદો દૂર થાય છે. ઇત્યાદિ - x - x - આ રીતે સર્વથા તે અજ્ઞાનવાદીઓ ધર્મોપદેશ પ્રતિ અનિપુણ છે, પોતે અનિપુણ હોવા છતાં શિષ્યોને ઉપદેશ આપે છે કે - ''અજ્ઞાન શ્રેય છે.'' - x - શાક્યો પણ પ્રાયઃ અજ્ઞાનવાદી છે, કેમકે તેઓ માને છે કે અજ્ઞાનીથી કરાયેલ કૃત્યથી કર્મબંધ થતો નથી તથા બાળક, મત્ત, સુતેલાનું જ્ઞાન અસ્પષ્ટ હોવાથી તેમને કર્મબંધ થતો નથી. એ રીતે તે બધાં પણ અનિપુણ જાણવા.

વળી અજ્ઞાન પક્ષના આશ્રયથી અને વગર વિચારે બોલતા તેઓ મૃષાવાદી છે, કેમકે જ્ઞાન હોય તો જ વિચારીને બોલાય છે. વિચારણાના જ્ઞાનથી જ સત્ય બોલાય છે. પણ જ્ઞાન ન સ્વીકારે તો વિચારીને બોલવાનો અભાવ થતાં તેમનું બોલવું મૃષા જ છે.

[૫૩૭] હવે વિનયવાદીને જણાવે છે - સત્પુરુષોનું હિત કરે તે સત્ય-પરમાર્થ - યથાવસ્થિત પદાર્થ નિરૂપણ - મોક્ષ કે મોક્ષના ઉપાય ભૂત સંયમ તે સત્ય છે. તે સત્યને અસત્ય અને અસત્યને સત્ય માનનારા, જેમકે - સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર નામક મોક્ષમાર્ગ સત્ય હોવા છતાં તેને અસત્ય માને, વિનયથી જ મોક્ષ થાય એવા અસત્યને સત્ય માને. અસાધુ હોવા છતાં વંદનાદિ વિનય માત્રથી તેને સાધુ માને, એ રીતે ધર્મની બરાબર પરીક્ષા ન કરે, વિનયને જ ધર્મ માને.

તે આ સામાન્ય માણસ જેવા, વિનય કરવાથી વૈનયિક મતવાળા, વિનયથી જ સ્વર્ગ તથા મોક્ષની પ્રાપ્તિ માને છે. ૩૨-ભેદવાળા વિનય વડે ફરવાથી વિનયચારીઓ છે. તેમને કોઈ ધર્માર્થી પૂછે કે ન પૂછે તો પણ પોતાનો અભિપ્રાય આપે છે કે - વિનયથી જ સ્વર્ગ કે મોક્ષ મળે. તે વિનયવાદી સર્વદા સર્વ સિદ્ધિ માટે વિનય જ ગ્રહણ કરે છે. - x - તે કહે છે - સર્વે કલ્યાણનું મૂળ વિનય છે.

[૫૩૮] ગણવું તે સંખ્યા, ઉપસંખ્યા એટલે સમ્યગ્ યથાવસ્થિત અર્થ પરિજ્ઞાન. અનુપસંખ્યા-અપરિજ્ઞાનથી વ્યામૂઢ મતિ તે વૈનયિકો પોતાના આગ્રહમાં ગ્રસ્ત થઈ કેવળ વિનયથી જ સ્વર્ગ, મોક્ષ પ્રાપ્તિ કહે છે. મહામોહાચ્છાદિત તેઓ કહે છે કે ફક્ત વિનયથી જ અમને સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય છે. વિચાર્યા વિના બોલનાર તો તેમને જ જાણવા, કેમકે જ્ઞાન-ક્રિયા વડે મોક્ષ મળે. તે ઉડાવીને ફક્ત વિનયથી જ મોક્ષ પ્રાપ્તિ બતાવે છે. વળી તેઓ કહે છે - સર્વકલ્યાણનું ભાજન વિનય છે, તે પણ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્તિ બાદ જ કલ્યાણરૂપ થાય છે. કેમકે સમ્યગ્દર્શનાદિ વિના એકલા વિનયવાળો બીજા ગુણોને ઉડાવવાથી તિરસ્કાર જ પામે છે. ઇચ્છિત અર્થ મોક્ષ પ્રાપ્ત થતો નથી. તેઓ અજ્ઞાનાવૃત્ત છે. ઇચ્છિત પ્રાપ્તિ માટે અયોગ્ય છે.

હવે અક્રિયાવાદીનું દર્શન કહે છે - लवावशंकी એટલે કર્મબંધથી ખસી જવાના આચારવાળા - લોકાયતિક શાક્યાદિ છે. કેમકે તેઓ આત્મા જ નથી માનતા. તો ક્રિયા કે તેથી થતો કર્મબંધ કઈ રીતે સંભવે ? તેમના કહેવા મુજબ ઉપચાર માત્રથી બંધ છે. તે કહે છે કે - બંધવાળા અને બંધન મુક્ત મુઠીમાં દબાવેલા



કબૂતર જેવા છે, દોરડાથી બાંધેલ જેવા નથી.

બૌદ્ધો આવું માને છે કે સર્વ સંસ્કારો ક્ષણિક છે અને અસ્થિરને ક્રિયા ક્યાંથી હોય ? સ્કંધ પંચકનો સ્વીકાર પણ કહેવા માત્રથી છે, પરમાર્થથી નથી, એમ તેઓ માને છે. વિચારેલા પદાર્થો જ્ઞાનથી આત્માને કંઈપણ આપી દેવા સમર્થ નથી. જેમ પરમાણુ સુધીનો અવયવ વિચારવાથી સમજાતો નથી. તેમ વિજ્ઞાન પણ જ્ઞેયના અભાવે અમૂર્તના નિરાકારપણાથી આકારને પામતો નથી. કહ્યું છે કે - જેમ જેમ અર્થને ચિંતવીએ તેમ તેમ વિવેચન વધે, તો જેનો અંત જ નથી તેમાં અમે શું કહીએ ?

આ રીતે બૌદ્ધો નાસ્તિકો જ છે, તેમના મતે અનાગત કે અતીત ક્ષણ સાથે વર્તમાન ક્ષણ સંગતથી ક્રિયા નથી. તદ્જનિત કર્મબંધ પણ નથી. આ પ્રમાણે અક્રિયાવાદી નાસ્તિકવાદી કર્મબંધને ઉડાવવાથી ક્રિયાને માનતા નથી. અક્રિય આત્મા માનનાર સાંખ્યવાદી પણ અક્રિયાવાદી છે. તેથી બૌદ્ધ, સાંખ્ય, નાસ્તિકો વિચાર્યા વિના પૂર્વે કહેલું બોલે છે અને કહે છે કે - અમારા બોલવામાં જ સત્ય અર્થ છે. - x - હવે અક્રિયાવાદીના અજ્ઞાનપણાનું વિવેચન કરે છે—

● **સૂત્ર-૫૩૯ થી ૫૪૨ :-**

***તે સંમિશ્રભાવી પોતાની વાણીથી ગૃહીત છે - જે અનનુવાદી છે, તે મૌનવતી છે, તે કહે છે આ દ્વિપક્ષ છે - એકપક્ષ છે એમ વાક્છળ પ્રયોજે છે...તે અનભિજ્ઞ અક્રિયવાદી વિવિધરૂપે શાસ્ત્ર આખ્યાન કરે છે, જે સ્વીકાર કરી અનેક મનુષ્યો અપાર સંસારમાં ભમે છે...એક મત એવો છે - સૂર્ય ઉદય કે અસ્ત થતો નથી, ચંદ્રમાં વધતો કે ઘટતો નથી, પાણી વહેતું નથી, વાયુ વાતો નથી, સંપૂર્ણ જગત્ શૂન્ય અને મિથ્યા છે...જેમ નેત્રહીન અંધ અંધ પ્રકાશમાં પણ રૂપ જોઈ ન શકે તેમ નિરુદ્ધપ્રજ્ઞ અક્રિયાવાદી ક્રિયા ન જુએ.***

● **વિવેચન-૫૩૯ થી ૫૪૨ :-**

[૫૩૯] પોતાની વાણિથી સ્વીકારીને કે તે અર્થને આંતરારહિત પ્રાપ્ત કરતા, આવેલા વિષયને પ્રતિષેધ કરનારા મિશ્રભાવ તે નાસ્તિકો કરે છે. वा શબ્દથી પ્રતિષેધ સ્વીકારવામાં તેઓ અસ્તિપણું જ માને છે. નાસ્તિકો પોતાના શિષ્યોને જીવાદિના અભાવને કહેતા શાસ્ત્ર બતાવતા આત્માને કર્તા, શાસ્ત્રને કરણ અને શિષ્યોને કર્મરૂપે જરૂર સ્વીકારે છે. જો તેઓ બધું શૂન્ય માનતા હોય તો કર્તાદિ ત્રણેના અભાવથી મિશ્રીભાવ થાય છે.

બૌદ્ધો પણ મિશ્રીભાવ યુક્ત છે. જેમકે - કોઈ જનાર જ નથી, તો બૌદ્ધ શાસનમાં છ ગતિ કઈ રીતે કહી ? - x - x - તેમજ કર્મ નથી, ફળ નથી આત્મા કર્તા નથી, તો છ ગતિ કેમ થાય ? - x - x - ક્ષણના અસ્થિતપણાથી ક્રિયાનો અભાવ થવાથી વિવિધ ગતિનો સંભવ નથી. બૌદ્ધો બધાં કર્મોને અબંધનરૂપે માને છે, બુદ્ધ ૫૦૦ જાતકો ઉપદેશે છે, તે મુજબ માતા-પિતાને હણનાર, બુદ્ધના શરીરમાં લોહી કાઢનાર, અર્હત્ વધ કરવા, સ્તૂપને ભાંગનારા એ પાંચે આવિચી નરકમાં જાય

છે. તેથી પોતાના શાસ્ત્રમાં બતાવેલ સર્વ શૂન્યપણું યુક્તિ રહિત થશે. વળી, જન્મ-જરા-મરણાદિ ભેદો નહીં થાય અને જીવ અસ્તિત્વ, કર્તૃત્વ, કર્મત્વ [સિદ્ધ થશે] તે કહે છે - ગાંધર્વનગર તુલ્ય પદાર્થો, સ્વપ્ન સમ માયા, ઝાકળના પાણી જેવા મૃગજળ ઇત્યાદિ બોલવાથી સ્પષ્ટતયા બૌદ્ધોનો મિશ્રીભાવ પ્રગટ થાય છે અથવા જુદા જુદા કર્મોનો વિપાક માનવાથી તેઓનો વિસંવાદ સ્પષ્ટ થાય છે.

[જૈનાચાર્યો કહે છે-] જો તમારો પક્ષ શૂન્ય છે, તો મારા પક્ષનો નિવારક કેમ થાય ? જો શૂન્ય નથી તેમ માનીશ, તો તે મારો પક્ષ જ થશે. આ રીતે બૌદ્ધો - x - નાસ્તિત્વ કહેવા જતા અસ્તિત્વ જ પ્રતિપાદિત કરે છે. સાંખ્યો પણ સર્વવ્યાપીતાથી અક્રિય આત્માને સ્વીકારે છે અને પ્રકૃતિના વિયોગથી મોક્ષના સદ્‌ભાવને માનતા આત્માના બંધ અને મોક્ષને સ્વ વાણીથી સક્રિયત્વ સ્વીકારી સંમિશ્રીભાવ માને છે. કેમકે ક્રિયા સ્વીકાર્યા વિના બંધ મોક્ષ સાબિત ન થાય. - x - આ રીતે લોકાયતિકો સર્વ અભાવ માનીને, બૌદ્ધો ક્ષણિક અને શૂન્યત્વથી અને સાંખ્યો અક્રિય આત્મા માનવા છતાં બંધ-મોક્ષનો સદ્‌ભાવ માનીને સંમિશ્રીભાવ માને છે.

અથવા બૌદ્ધાદિને કોઈ સ્યાદ્વાદિ પ્રશ્ન પૂછે તો - x - ઉત્તર દેવા અસમર્થ બને છે ત્યારે - x - x - મુંગાથી પણ મુંગો થઈ જાય છે. તે બતાવે છે - સ્યાદ્વાદીએ કહેલ સાધનનો અનુવાદ કરે તે અનુવાદી, તેથી ઉલટો અનનુવાદી, તે સદ્ હેતુથી વ્યાકુળ થઈ મૌન જ સ્વીકારે છે. બોલ્યા વિના પ્રતિપક્ષનું ખંડન ન કરી શકવાથી પોતાનો પક્ષ સ્થાપે છે કે આ અમારો પક્ષ છે, તેનો કોઈ પ્રતિપક્ષ નથી, અમારો અર્થ અવિરુદ્ધ-બાધારહિત છે - x - એ રીતે તેઓને દ્વિપક્ષ છે - x - વિરોધી વચન છે આદિ જૈનાચાર્યે પૂર્વે કહ્યું છે.

અથવા જૈનાચાર્ય કહે છે, અમારું દર્શન દ્વિપક્ષ છે - કર્મબંધ, નિર્જરા. *[ઇત્યાદિ દલીલો વૃત્તિકારે બતાવી છે, તે તજ્ઞ પાસે સમજી લેવી, અહીં તેનો અનુવાદ કરેલ નથી.]* હવે તેઓના દૂષણો [જૈનાચાર્યો] કહે છે—

[૫૪૦] તે ચાર્વાક, બુદ્ધ વગેરે અક્રિયાવાદી એમ કહે છે, તેથી સદ્‌ભાવ ન જાણનારા, મિથ્યાત્વ પટલથી આવૃત્ત આત્મા પરમાત્માને માનવા છતાં જુદાં જુદાં શાસ્ત્રોને પ્રરૂપે છે - જેમકે - પ્રાણીને દાનથી મહાભોગ, શીલથી સુરગતિ, ભાવનાથી મોક્ષ અને તપથી બધું સિદ્ધ થાય છે.

વળી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ એ ચાર ભૂતો છે, તે સિવાય સુખ-દુઃખ ભોગવનાર બીજો કોઈ આત્મા નથી, અથવા આ ચાર પણ વિચાર્યા વિના રમણીય કહ્યા છે, પણ ખરેખર નથી. જેમ સ્વપ્ન, ઇન્દ્રજાલ, મૃગજળ, બે ચંદ્ર આદિ આભાસ માત્ર છે, તેમ બધું આત્મરહિત ક્ષણિક છે, મુક્તિ શૂન્યરૂપ છે - x - ઇત્યાદિ વિવિધ શાસ્ત્રો માનનારા અક્રિયાવાદી છે.

[જૈનાચાર્યો કહે છે-] પરમાર્થને ન જાણનારા, જે દર્શન ગ્રહણ કરીને ઘણાં મનુષ્યો અનંત સંસારમાં ભટકે છે તેમજ લોકાયતિકો સર્વ શૂન્ય છે, તેમ પ્રતિપાદિત કરે છે, તેમાં કોઈ પ્રમાણ નથી. કહ્યું છે - કુદી આવેલા તત્ત્વો યુક્તિ અભાવે સિદ્ધ



થતાં નથી, જો યુક્તિ છે તેમ કહેશો તો તે અમારું [જૈનોનું] તત્ત્વ છે, તે સિદ્ધ થાય તો સર્વે સત્ છે. તે પ્રત્યક્ષ અને એકલું પ્રમાણ નથી, પણ ભૂત-ભાવિની ભાવનાથી, પિતાના નિબંધનથી વ્યવહાર અસિદ્ધ થતાં સર્વ સંસારી વ્યવહારનો ઉચ્છેદ થશે.

બૌદ્ધોને અત્યંત ક્ષણિકપણું માનવાથી વસ્તુનો અભાવ લાગુ પડે છે. [જૈનાચાર્યો કહે છે-] જે અર્થ ક્રિયા કરનાર તે જ પરમાર્થથી સત્ છે. ક્ષણ, ક્રમ વડે અર્થક્રિયાને કરતો નથી, ક્ષણિકત્વની હાનિ થાય છે, તેમ બંને સાથે કરે છે, તેવું બને નહીં, એક જ ક્ષણમાં સર્વ કાર્ય થાય નહીં. ઇત્યાદિ - x - બૌદ્ધોએ કરેલ દાનથી મહાભોગ મળે, તે જૈનો પણ કંઈક સ્વીકારે જ છે. સ્વીકૃત વાત બાધા કરનાર ન થાય.

[૫૪૧] વળી શૂન્યતા બતાવવા કહે છે - સર્વ શૂન્યવાદીઓ પણ અક્રિયાવાદી છે. પ્રત્યક્ષ ઉગતો દેખાતો સૂર્ય છે, તેનો નિષેધ કરે છે, તે બતાવે છે - બૌદ્ધ મત મુજબ તો સર્વજન પ્રતીત, જગત્‌માં પ્રદીપ સમ દિવસાદિ કાળ વિભાગકારી સૂર્ય પણ સિદ્ધ ન થાય, તો તેનો ઉદય અને અસ્ત ક્યાંથી થાય ? - x - ચંદ્રમાંની - x - વૃદ્ધિ હાનિ ન થાય, પર્વતમાંથી ઝરણાનું પાણી ઝરે નહીં, વાયુ વાય નહીં, ઇત્યાદિ. આ સંપૂર્ણ લોક અર્થશૂન્ય, નિશ્ચિત્ અભાવરૂપ શૂન્યવાદીના મત પ્રમાણે થાય. - x - હવે તેમના મતનું ખંડન કરે છે—

[૫૪૨] જેમ કોઈ જન્માંધ કે પછી અંધ થયેલ, દીવાનો પ્રકાશ છતાં ઘટ-પટ આદિને જોતો નથી, તેમ તે અક્રિયાવાદીઓ ઘટ-પટ આદિ વિદ્યમાન વસ્તુ, તેની ક્રિયા, હલચલ વગેરેને દેખતા નથી. કેમકે જ્ઞાનાવરણાદિ કર્મથી તેમની પ્રજ્ઞા-જ્ઞાન હણાયેલ છે, તેથી જ અંધકારને દૂર કરનાર, કમલવનને ખીલવનાર, સૂર્યને જોતા નથી. - x - ક્ષીણ થતો ચંદ્રમા - x - પછી વૃદ્ધિ પામતો સંપૂર્ણ થયેલો પ્રત્યક્ષ દેખાય છે. નદીઓ - x - વહેતી દેખાય છે, વાયુ વાતો સ્પર્શાય છે.

[જૈનાચાર્યો કહે છે-] તમે આ બધાંને માયા, સ્વપ્નાદિ સમ કહો છો તે તમારું કથન જૂઠું છે. કેમકે બધાનો અભાવ માનો તો - x - તમારી માનેલી માયાનો પણ અભાવ થાય, - x - તે સર્વે શૂન્ય માનતાં કહેનાર અને સાંભળનાર બંનેનો અભાવ થવાથી તમારી વ્યવસ્થા કેમ રહેશે ? તેમ સ્વપ્નને જાગ્રત અવસ્થામાં માનો છો, જાગૃત અવસ્થા અભાવે સ્વપ્નાનો પણ અભાવ થાય - x - જાગૃત અવસ્થા માનતાં તમારા માનેલ સર્વશૂન્યતાની હાનિ થશે. સ્વપ્ન પણ અભાવરૂપ નથી, કેમકે સ્વપ્નમાં પૂર્વે અનુભવેલ દેખાય છે. ઇત્યાદિ - x - ઇન્દ્રજાળ પણ બીજું તેવું સત્ય હોય તો થાય છે. *[ઇત્યાદિ અનેક દલીલ વૃત્તિમાં જણાવી છે, જે અત્રે નોંધેલ નથી.]* એ રીતે વિદ્યમાન ક્રિયામાં નિરુદ્ધ બુદ્ધિવાળા જ અક્રિયાવાદનો આશ્રય લઈ બેઠા છે, પણ અનિરુદ્ધ બુદ્ધિવાળા તો યથાવસ્થિત અર્થના જ્ઞાતા જ હોય છે. - x - x -

● **સૂત્ર-૫૪૩ થી ૫૪૬ :-**

***સંવત્સર, સ્વપ્ન, લક્ષણ, નિમિત્ત, દેહ, ઉત્પાદ, ભૂમિકંપ આદિ તથા અષ્ટાંગ શાસ્ત્રોનું અધ્યયન કરી, લોકો ભાવિને જાણી લે છે...કોઈ નિમિત્તકનું જ્ઞાન સત્ય, કોઈનું વિપરીત હોય છે. વિદ્યાભાવથી અજ્ઞાન અક્રિયાવાદી વિદ્યા ત્યાગમાં જ શ્રેય***

***માને છે...તીર્થંકર લોકની સમીક્ષા કરી શ્રમણો અને બ્રાહ્મણોને યથાતથ્ય બતાવે છે. દુઃખ સ્વયંકૃત્ છે અન્યકૃત્ નહીં, મોક્ષ જ્ઞાન-ક્રિયાથી મળે છે...આ સંસારમાં તે જ લોકનાયક અને દૃષ્ટા છે, જે પ્રજા માટે હિતકર માર્ગનું અનુશાસન કરે છે. હે માનવ! જેમાં પ્રજા આસક્ત છે, યથાર્થતઃ તે શાશ્વત લોક છે.***

● **વિવેચન-૫૪૩ થી ૫૪૬ :-**

[૫૪૩] સંવત્સર-જ્યોતિષ્, સ્વપ્ન પ્રતિપાદક ગ્રંથ, લક્ષણ તે શ્રીવત્સાદિક - x - નિમિત્ત તે વાણી-પ્રશસ્ત શકુનાદિ, દૈહિક તે મસ તલ આદિ, ઉપ્પાત તે ઉલ્કાપાત, દિગ્દાહ, ધરતીકંપ તથા અષ્ટાંગ નિમિત્ત ભણીને. જેમકે - ભૂમિ ઉત્પાત્ આદિ નવમાં પૂર્વમાં ત્રીજા આચારવસ્તુમાંથી ઉદ્ધૃત અને સુખ-દુઃખ - જીવિત-મરણાદિ સૂચવનાર નિમિત્ત ભણીને લોકોને ભવિષ્યની વાતો કહે છે. આ રીતે અન્યવાદીનો શૂન્યવાદાદિ ઉપદેશ અપ્રમાણિક જ છે.

[૫૪૪] જૈનાચાર્યને પરવાદી કહે છે - શ્રુતજ્ઞાન પણ જૂઠું પડે છે, જેમકે ચૌદપૂર્વ ભણેલા પણ છ સ્થાન પડેલા છે, તેવું આગમો કહે છે તો અષ્ટાંગ નિમિત્તજ્ઞાની ભૂલ કેમ ન થાય ? નિમિત્ત શાસ્ત્રના ૧૨૫૦ શ્લોક, ૧૨,૫૦૦ શ્લોક પ્રમાણ ટીકા સાડા બાર લાખ શ્લોક પ્રમાણ પરિભાષા છે, તેમાં અષ્ટાંગ નિમિત્તજ્ઞમાં - x - પણ ભેદ છે *[ભેદના કારણોનો સાર-]* છંદ કે ભાષા શૈલીથી લિંગ બદલાતા, નિમિત્તજ્ઞના બોધની વિકલતા, ક્ષયોપશમ ભેદાદિથી નિમિત્ત કથનમાં ફેર પડે છે - x -

આ રીતે નિમિત્ત શાસ્ત્રોનું ખોટાપણું જાણીને તે અક્રિયાવાદીઓ - x - વિદ્યા ન ભણવી - x - એમ કહી તેનો ત્યાગ કરે છે.

ક્રિયાના અભાવે જ્ઞાનથી જ મોક્ષ માને છે. - x - પાઠાંતર મુજબ અક્રિયાવાદી માને છે - વિદ્યા ભણ્યા વિના જ અમે આ લોકના ભાવો જાણીએ છીએ. એવું તે મંદબુદ્ધિ કહે છે અને નિમિત્ત શાસ્ત્ર ખોટું હોવાના દૃષ્ટાંત પણ આપે છે - x - જૈનાચાર્ય તેમને કહે છે, ના એવું નથી. સમ્યગ્ અધીત શ્રુતના અર્થોમાં વિસંવાદ ન થાય. જ્ઞાન વિચારણામાં પડતા ભેદ ઓછા ક્ષયોપશમને કારણે છે, અપ્રમાણના વિષમવાદથી સમ્યક્ પ્રમાણમાં વિષમવાદની શંકા લાવવી અયોગ્ય છે. રેતીના રણમાં પ્રત્યક્ષ પાણી દેખાવા છતાં કોઈ ન માને તો ડાહ્યો માણસ તેની વાત માનશે ? - x - x - ઇત્યાદિ. સારી રીતે વિચારીને કાર્ય કર્યુ હોય તો વાંધો ન આવે, આવે તો પ્રમાણ કરનારનો પ્રમાદ છે, તેમાં પ્રમાણનો દોષ નથી, એ રીતે સારી રીતે વિચારીને જ્યોતિષ્ કહે તેમાં ફળનો ભેદ થતો નથી. એવું જ શુકન-અપશુકનમાં જાણવું.

બૌદ્ધ શાસ્ત્રની એક શ્રુતિ છે - અહીં બાર વર્ષનો દુકાળ પડશે. તમે દેશાંતર જાઓ. જતાં એવા શિષ્યોને ગૌતમ બુદ્ધે પાછા બોલાવ્યા. હવે તમે ન જશો, અહીં હમણાં જ પુન્યવાન્ બાળક જન્મ્યો છે તેથી સુકાળ થશે. આ રીતે બધાં નિમિત્તો લક્ષમાં રાખવા જોઈએ.

[૫૪૫] હવે ક્રિયાવાદી મતના દૂષણો બતાવે છે - તેઓ જ્ઞાન વિના માત્ર ક્રિયાથી દીક્ષાદિ લક્ષણથી મોક્ષ ઇચ્છે છે - તે એવું કહે છે કે - માતા છે, પિતા છે, સારા કર્મનું ફળ છે. તેઓ આવું કેમ કહે છે ?



ક્રિયાથી બધું સિદ્ધ થાય છે, એવા પોતાના અભિપ્રાય મુજબ લોકને જાણીને અમે બરોબર વસ્તુ તત્વના જ્ઞાતા છીએ, એવું સ્વીકારીને સર્વ છે જ, કંઈ નથી એવું નથી. - તેઓ આવું કેમ બોલે છે ?

તેઓ કહે છે - જેવી જેવી ક્રિયા, તેવા તેવા સ્વર્ગ-નરકાદિ ફળ. આવું માનનારા અન્યતીર્થિકો કે બ્રાહ્મણો ક્રિયાથી જ મોક્ષ માને છે સંસારમાં જે કંઈ સુખ-દુઃખ છે, તે બધું આત્માએ પોતે કર્યુ છે, બીજા ઈશ્વરે કે કાળે નહીં, આવું તત્ત્વ અક્રિયાવાદમાં ન ઘટે. અક્રિયાવાદમાં તો આત્માએ ન કરેલ સુખ-દુઃખ ભોગવવાનો પણ સંભવ છે. - x - આ પ્રમાણે તેઓ અક્રિયાવાદનું ખંડન કરી ક્રિયાવાદ સાધ્યો.

જૈનાચાર્ય કહે છે - આત્માને સુખ-દુઃખ છે, તે સાચું. પણ છે જ એવું - x - એકાંત માનતા તો ક્યાંય નથી એમ નહીં તે આપત્તિ આવશે, તો લોક વ્યવહારનો ઉચ્છેદ થશે. એકલી ક્રિયાથી જ્ઞાન વિના સિદ્ધિ ન થાય. - x - જ્ઞાન સહિતની ક્રિયા જ ફળદાયી છે. કહ્યું છે - પહેલું જ્ઞાન અને પછી દયા. એ રીતે બધાં સંયત રહે - અજ્ઞાની શું કરશે ? પુન્ય કે પાપ કેમ જાણશે ? આ રીતે જ્ઞાનનું પણ પ્રાધાન્ય છે. એકલા જ્ઞાનથી પણ સિદ્ધિ ન થાય. ક્રિયારહિત જ્ઞાન પંગુ માફક કાર્યસિદ્ધિ ન કરે, તેથી [જૈનાચાર્ય] કહે છે - જ્ઞાન, ચરણ મળે તો મોક્ષ થાય. જ્ઞાનરહિત ક્રિયાની સિદ્ધિ અંધની જેમ ન થાય. - x -

આ પ્રમાણે જાણીને તીર્થંકર, ગણધર આદિએ મોક્ષ આ પ્રમાણે કહ્યો છે - જ્ઞાન અને ક્રિયા બંને કારણ રૂપે છે - x - તેના વડે મોક્ષ સાધ્ય છે. તેવા મોક્ષને બતાવે છે અથવા આ સમોસરણ કોણે કહ્યાં ? - x - ક્યાંય અટકે નહીં, બધું જાણે તે પ્રજ્ઞા જ્ઞાન જેમનું છે, તે તીર્થંકરોએ અનિરુદ્ધ પ્રજ્ઞાથી અનંતરોક્ત પ્રક્રિયાથી સમ્યગ્ પ્રતિપાદન કર્યુ. ચૌદ રાજ પ્રમાણ સ્થાવર જંગમ લોકને કેવળજ્ઞાનથી જાણીને તીર્થંકર કેવલીએ તે કહ્યું છે. તેમને આધારે સાધુઓ અને શ્રાવકો આવું કહે છે. લોકોક્તિ પણ તે જ છે.

પાઠાંતર મુજબ - જેવો જેવો સમાધિ માર્ગ છે, તેવું-તેવું કહે છે તે દર્શાવે છે - સંસાર વર્તી જીવોને અસાતા ઉદયથી દુઃખ અને સાતા ઉદયથી સુખ છે, તે પોતાનું કરેલ છે, કાળ કે ઈશ્વર કૃત્ નથી. તેનું પ્રમાણ - બધાં પૂર્વકૃત્ કર્મોના ફળ વિપાક છે, અપરાધ કે ઉપકાર કરનાર બીજા નિમિત્ત માત્ર છે. આવું તીર્થંકરાદિ કહે છે - જ્ઞાન-ક્રિયા સાથે મળે તો મોક્ષ મળે, બંને જુદા પડે તો નહીં.

કહ્યું છે કે - ક્રિયા વિનાનું જ્ઞાન કે જ્ઞાન વિનાની ક્રિયા નકામી છે, તે શાશ્વત મત છે કે જ્ઞાન-ક્રિયા બંને સાથે જોઈએ.

[૫૪૬] તે તીર્થંકર ગણધરાદિ અતિશય જ્ઞાનીઓ આ લોકમાં ચક્ષુ માફક ચક્ષુવાળા છે, જેમ ચક્ષુ સન્મુખ રહેલા પદાર્થોને જુએ છે, તેમ તેઓ પણ યથાવસ્થિત પદાર્થોને પ્રગટ કરે છે આ લોકમાં તે નાયક છે, સદુપદેશ દાનથી નાયકો છે. તેઓ પ્રાણીઓને સદ્ગતિ પમાડનાર અને અનર્થ નિવારક એવો મોક્ષમાર્ગ કહે છે. વળી

ચોદરાજલોક કે પંચાસ્તિકાયાત્મક લોકમાં દ્રવ્યાસ્તિકાય નય મુજબ જે શાશ્વત વસ્તુ છે, તેને તેઓ બતાવે છે. અથવા આ પ્રાણિગણ લોક સંસારમાં જેમ જેમ કાયમ છે, તે બતાવે છે. તે આ રીતે - જેમ જેમ મિથ્યાદર્શનની વૃદ્ધિ થાય તેમ તેમ આ લોક કાયમ છે, આહારક વર્જીને બધે જ કર્મબંધ સંભવે છે તથા મહા આરંભાદિ ચાર કારણોથી જીવ નરકાયુ બાંધે ત્યાં સુધી સંસારનો ઉચ્છેદ ન થાય અથવા જેમ જેમ રાગ-દ્વેષાદિ વૃદ્ધિ થાય તેમ તેમ સંસાર પણ કાયમ રહે છે, જેમ જેમ કર્મોપચય વધે તેમ તેમ સંસારની વૃદ્ધિ જાણવી, દુષ્ટ મન-વચન-કાયાની વૃદ્ધિથી સંસારવૃદ્ધિ જાણવી. આ પ્રમાણે સંસારની અભિવૃદ્ધિ જાણવી. સંસારમાં જન્મે તે પ્રજા એટલે પ્રાણી છે. હે માનવ ! મનુષ્યો જ પ્રાયઃ ઉપદેશને યોગ્ય છે. - x -

હવે ટૂંકમાં જીવોના ભેદ બતાવી તેમનું ભ્રમણ કહે છે—

**● સૂત્ર-૫૪૭ થી ૫૫૦ :-**

***જે રાક્ષસ, યમલૌકિક, સૂર, ગાંધર્વ, પૃથ્વી આદિ કાયો, આકાશગામી અને પૃથ્વી આશ્રિત પ્રાણી છે, તેઓ પુનઃ પુનઃ સંસારમાં ભમે છે...જેને અપારગ સલિલ પ્રવાહ કહ્યો છે, તે ગહન સંસારને દુર્મોક્ષ જાણો. વિષય અને સ્ત્રીમાં આસક્ત જીવો વારંવાર બંને લોકમાં ભમે છે...અજ્ઞાની પાપકર્મોથી કર્મક્ષય કરી શકતા નથી. ધીર અકર્મથી કર્મક્ષય કરે છે. મેધાવી લોભથી દૂર રહે છે, સંતોષી પાપ નથી કરતા... તે સર્વજ્ઞ લોકના ભૂત-વર્તમાન-ભાવિના યથાર્થ જ્ઞાતા છે, તેઓ બીજાના નેતા છે, પણ સ્વયં નિયંતા, બુદ્ધ અને અંત કરનાર છે.***

**● વિવેચન-૫૪૭ થી ૫૫૦ :-**

[૫૪૭] અહીં રાક્ષસના ગ્રહણથી બધાં વ્યંતરો લેવા. તથા પરમાધામી આદિ સર્વે ભવનપતિ, સૌધર્માદિ વૈમાનિકો, સૂર્યાદિ જ્યોતિષ્કો, વિદ્યાધર કે વ્યંતર વિશેષ, પૃથ્વી આદિ છ કાયો લેવા. હવે બીજી રીતે જીવભેદ કહે છે - જે કોઈ આકાશગામી - ચતુર્નિકાય દેવો, વિદ્યાધરો, પક્ષી, વાયુ તથા પૃથ્વી આશ્રિત - પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બે-ત્રણ-ચાર-પાંચ ઇન્દ્રિયો તે બધાં પોતાના કર્મોથી પુનઃ પુનઃ અનેક પ્રકારે પરિભ્રમણ કરે છે.

[૫૪૮] આ સંસાર સાગરરૂપ છે તેમ તેને જાણનારા તીર્થંકર, ગણધર આદિએ કહ્યું છે તે સ્વયંભૂરમણ સમુદ્ર માફક અપાર છે, કોઈ સ્થલચર, જલચર તેને ઓળંગી શકતા નથી, તેવો આ સંસાર સાગર છે, સમ્યગ્ દર્શન વિના તે ઓળંગી ન શકાય, તે કહે છે - ૮૪ લાખ યોનિ પ્રમાણ આ ભવગહન છે, જેમાં સંખ્યાતા, અસંખ્યાતા, અનંત સ્થિતિક જીવો દુઃખે કરી મુક્ત થાય છે. આસ્તિકોને પણ દુરુત્તર છે, તો નાસ્તિકોનું શું ? વળી તે ભવગહન સંસારને વિશેષથી બતાવે છે—

આ સંસારમાં સાવધ કર્મ કરનારા, કુમાર્ગમાં પડેલા, ખોટો મત પકડેલા, વિષયોમાં પ્રધાન સ્ત્રીમાં આસક્ત અથવા વિષયો અને સ્ત્રીમાં આસક્ત સર્વત્ર સત્ અનુષ્ઠાનમાં સીદાય છે. તે વિષય અને સ્ત્રીરૂપ કાદવમાં ફસેલા આકાશ કે પૃથ્વી અથવા સ્થાવર કે જંગમ લોકમાં ભટકે છે. અથવા માત્ર વેશથી પ્રવ્રજ્યા પણ



અવિરતિ જીવનથી કે રાગદ્વેષથી ચૌદ રાજલોકમાં સ્વકૃત કર્મથી ભટકે છે.

[૫૪૯] તે વાદીઓ અસત્ મતને આશ્રિત, મિથ્યાત્વાદિ દોષથી હારેલા, સાવધ-નિરવધ ભેદથી અજ્ઞાન છતાં કર્મક્ષય માટે ઉધત થઈ વિવેકહીનતાથી સાવધ કર્મ કરે છે. સાવધ કર્મથી પાપનો ક્ષય ન થાય. અજ્ઞાનપણાથી તેઓ બાળક જેવા છે, હવે કર્મ કેમ ખપે ? તે કહે છે. આશ્રવ નિરોધ વડે અંતે શૈલેશી અવસ્થામાં કર્મ ખપે છે. મહાસત્વા વૈદ્ય રોગ મટાડે તેમ તે કર્મ હણે છે. બુદ્ધિવાળા તે મેધાવી - હિતની પ્રાપ્તિ અને અહિતનો ત્યાગ દ્વારા પરિગ્રહને છોડીને વીતરાગ માફક સંતોષથી અવીતરાગ હોવા છતાં અથવા લોભ છોડવાથી સંતોષી એવા તે સાધુઓ પાપકર્મ ન કરે. પાઠાંતર મુજબ લોભ અને ભય અથવા લોભથી થતાં ભયને છોડીને સંતોષી બનેલા છે. આ રીતે લોભાતીત પણાથી પ્રતિષેધનો અંશ બતાવ્યો. સંતોષથી વિધિનો અંશ બતાવ્યો. અથવા લોભાતીતથી સમસ્ત લોભનો અભાવ અને સંતોષીથી અવીતરાગત્વ છતાં ઉત્કટ લોભનો અભાવ દર્શાવી બીજા કષાય કરતા લોભની પ્રધાનતા બતાવી. લોભ છોડે તે પાપ ન જ કરે.

[૫૫૦] જેઓ લોભને છોડે છે, તે કેવા થાય ? તે કહે છે - તે વીતરાગ કે અલ્પકષાયી થઈ પંચાસ્તિકાયાત્મક પ્રાણિલોકના પૂર્વજન્મે આચરિત, વર્તમાનમાં થતા કે ભવાંતરભાવિ સુખ-દુઃખોને જેવા હોય તેવા જાણે છે. વિભંગજ્ઞાનીની જેમ વિપરીત જોતા નથી. આગમમાં કહ્યું છે કે—

હે ભગવન્ ! માયી મિથ્યાર્દષ્ટિ અણગાર રાજગૃહીમાં રહી વાણારસીના રૂપો જાણે, દેખે ? વિભંગજ્ઞાની હોવાથી તે દેખે પણ ફેરફારવાળું દેખે, ઇત્યાદિ. ભૂત-ભાવિ-વર્તમાનને જાણતાં કેવલી કે ચૌદ પૂર્વધર સંસારમાં રહેલા બીજા ભવ્યજીવોને મોક્ષ પ્રતિ લઈ જતા ઉપદેશ દેનાર છે, તેઓ સ્વયંબુદ્ધ હોવાથી બીજા દ્વારા દોરવતા નથી - x - તેથી અનન્ય નેતા છે. હિતાહિતના પ્રાપ્તિ-પરિહારમાં તેના કોઈ નેતા નથી. તેઓ તીર્થંકર, ગણધરાદિ બુદ્ધ છે. તેઓ ભવનો અથવા સંસાર ઉપાદાન ભૂત કર્મનો અંત કરનારા છે.

જ્યાં સુધી ભવનો અંત ન કરે ત્યાં સુધી પાપ ન કરે તે બતાવે છે—

**● સૂત્ર-૫૫૧ થી ૫૫૪ :-**

***જીવની હિંસાની જુગુપ્સા કરનારા તે હિંસા કરતા - કરાવતા નથી. તે ધીર સદા સંયમ પ્રતિ ઝુકેલા રહે છે, પણ કેટલાંક માત્ર વાણીથી વીર હોય છે...તે બાલ કે વૃદ્ધ બધાંને આત્મવત્ જુએ છે, આ મહાન્ લોકની ઉપેક્ષા કરી તે બુદ્ધ અપ્રમત્તોમાં પરિવ્રજન કરે...જે સ્વયં કે બીજા પાસે જાણીને ધર્મ કહે છે, તે સ્વ-પરની રક્ષા કરવા સમર્થ છે, તે જ્યોતિર્ભૂતની પાસે સદા રહેવું જોઈએ...જે આત્માને, ગતિને, આગતિને, શાશ્વતને, અશાશ્વતને, જન્મને, મરણને, ચ્યવનને અને ઉપપાતને જાણે છે....***

**● વિવેચન-૫૫૧ થી ૫૫૪ :-**

[૫૫૧] પ્રત્યક્ષ કે પરોક્ષજ્ઞાની, તત્ત્વને જાણનારા સાવધ અનુષ્ઠાનને જીવહત્યાના

ભયથી તથા પાપને ધિક્કારનારા હોવાથી પોતે કરે નહીં, કરાવે નહીં, અનુમોદે નહીં, જુઠું ન બોલે, ન બોલાવે, અનુમોદે નહીં, એ રીતે બીજા મહાવ્રતો પણ સમજી લેવા. હંમેશા સંયત, પાપ-અનુષ્ઠાનથી નિવૃત્ત, વિવિધ સંયમાનુષ્ઠાન પ્રતિ ઝુકેલા રહે છે. તે ધીર છે, કેટલાંક હેય-ઉપાદેયને જાણીને, સમ્યક્ પરિજ્ઞાથી - "જે જિનેશ્વરે કહ્યું તે નિઃશંક છે, એવો નિશ્ચય કરી, કર્મ વિદારણમાં વીર બને છે અથવા પરીષહ ઉપસર્ગોના વિજયથી વીર બને છે. પાઠાંતર મુજબ-કેટલાંક ભારેકર્મી, અલ્પ સત્વી જીવો જ્ઞાનથી જ વીર હોય છે, ક્રિયાથી નહીં. પણ માત્ર જ્ઞાનથી મોક્ષ ન મળે. જેમકે શાસ્ત્ર ભણેલો મૂર્ખ બને છે, જે ક્રિયા કરે તે જ વિદ્વાન્ છે. વૈદ્ય માત્ર દવાના જ્ઞાનથી રોગ દૂર ન કરે.

[૫૫૨] તે ભૂતો ક્યાં છે ? જેના આરંભથી સાધુ ડરે છે ? જે કુંથુઆ આદિ સૂક્ષ્મ જંતુઓ - x - કે બાદર શરીરવાળા મોટા પ્રાણીઓ તેમને આત્મવત્ માને. સર્વલોકમાં જેટલું મારું પ્રમાણ છે, તેટલું જ કુંથુઆનું છે, જેમ મને દુઃખ અપ્રિય છે, તેમ લોકમાં બધા જીવોને છે, બધાં જીવોને દુઃખથી ઉદ્વેગ થાય છે. આગમમાં કહ્યું છે - હે ભગવન્ ! પૃથ્વીકાય જીવ આક્રાંત થઈ કેવી વેદના વેદે ? ઇત્યાદિ. કોઈપણ જીવને આક્રમણ કે સંઘટ્ટન ન કરવું એવું સમજીને ચાલે તે દેખતો છે. વળી આ લોકને મહાન્ત જાણે છે, કેમકે છ જીવનિકાયો સૂક્ષ્મ-બાદર ભેદે ભરેલો છે, માટે મહાન્ છે અથવા લોક અનાદિ અનંત કાળ વ્યાપ્ત છે. વળી કેટલાક ભવ્યો પણ બધા કાળ વડે મોક્ષે જવાના નથી. [અર્થાત્ કાળનો અંત નથી, તેમ જીવનો અંત નથી.]

જો કે દ્રવ્યથી છ દ્રવ્ય હોવાથી, ક્ષેત્રથી ચૌદ રાજ પ્રમાણથી લોક અવધિ સહિત છે. પરંતુ કાળથી અને ભાવથી અનાદિ અનંત હોવાથી, પર્યાયોની અનંતતાથી આ લોક મહાન્ત છે, તેમ જાણ. આ પ્રમાણે લોકનું સ્વરૂપ યથાર્થ જાણનારો તત્વજ્ઞ સર્વે પ્રાણિસ્થાનોને અશાશ્વતા જાણીને આ અવિશ્વાસ્ય સંસારમાં લેશમાત્ર સુખ નથી તેમ માનતો સંયમાનુષ્ઠાયી યતિઓની સાથે રહીને નિર્મળ સંયમ પાળે અથવા પંડિત બની, ગૃહસ્થોમાં ન લપટાતાં સંયમ અનુષ્ઠાનમાં વિચરે.

[૫૫૨] વળી - જે સ્વયં સર્વજ્ઞ હોય તે આત્માને અને ત્રણે લોકમાં રહેલ જીવો કે પદાર્થોને જોતો લોકનું સ્વરૂપ જાણીને તથા ગણધરાદિ અને તીર્થંકરાદિ પાસેથી પદાર્થો જાણીને બીજાને ઉપદેશ આપે. આવો સાધુ હેય-ઉપાદેયનો જ્ઞાતા, પોતાને સંસારમાંથી બહાર કાઢવા સમર્થ હોય છે તેમજ બીજાને પણ સદુપદેશ દાનથી તારવા યોગ્ય છે. સર્વજ્ઞને અને જાતે જ બધું જાણનાર તીર્થંકરાદિને તથા બીજાથી બોધ પામનાર ગણધરાદિને પદાર્થના ચંદ્રાદિ માફક પ્રકાશ દ્વારા આત્મહિત ઇચ્છતા, સંસાર દુઃખથી ઉદ્વિગ્ન, પોતાને કૃતાર્થ માનતો [સાધુ] હંમેશા ગુરુ સમીપે વસે.

કહ્યું છે કે - જેઓ ગુરુકૂલ વાસને છોડતા નથી, તેઓ જ્ઞાનના ભાગી થાય છે, દર્શન અને ચારિત્રમાં સ્થિર થાય છે, યાવજ્જીવ ધન્યવાદને પાત્ર છે. ગુરુકૂલવાસમાં કોણ રહે ? તે બતાવે છે - જેઓ કર્મ પરિણતિ વિચારીને મનુષ્યજન્મ, આર્યક્ષેત્રાદિની



દુર્લભતા જાણીને શ્રુત-ચારિત્ર નામક સારાધર્મની પ્રાપ્તિ કે ક્ષાંતિ આદિ દશવિધ સાધુ ધર્મ અથવા શ્રાવકધર્મને વિચારીને કે જાણીને તે જ ધર્મ યથોક્ત અનુષ્ઠાનથી પાળે, યાવજ્જીવન ગુરુકુલવાસ સેવે અથવા જ્યોતિસ્વરૂપ આચાર્યને સતત સેવે. તેઓ આગમજ્ઞ, ધર્મને વિચારીને લોકના સ્વરૂપને કહી બતાવે છે—

[૫૫૪] જે આત્માને પરલોકે જનારો, શરીરથી જુદો, સુખ-દુઃખનો આધાર જાણે છે અને આત્મહિતમાં પ્રવર્તે છે, તે આત્મજ્ઞ છે. તે જ આત્મજ્ઞ છે ઇત્યાદિ ક્રિયાવાદ બીજાને કહેવા યોગ્ય છે. વળી જે વૈશાખ સ્થાનસ્થ, કેડે બે હાથ રાખીને પુરુષાકાર લોકને તથા અનંત આકાશાસ્તિકાયને જાણે છે, જીવો નારક, દેવ, તિર્યંચ, મનુષ્ય ક્યાંથી આવ્યા, તે આગમન અને કેવા કર્મોથી નારકાદિમાં ઉત્પન્ન થશે ? એમ જાણે છે, તથા અનાગમન જાણે છે, ક્યાં જવાથી આગમન ન થાય ? ત્યાં જવાનો ઉપાય તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મકને જે જાણે છે, સર્વ કર્મક્ષયરૂપ સિદ્ધિ - તે લોકાગ્રે રહેલ સ્થાન કે જે સાદિ અનંત છે, તે જાણે.

જે શાશ્વત, સર્વ વસ્તુ સમૂહ દ્રવ્યાસ્તિક નયથી નિત્ય છે અને પર્યાય નયથી જે પ્રતિક્ષણ વિનાશરૂપ અનિત્ય છે, બંને સાથે લેતા નિત્યાનિત્ય છે તેમ જાણે છે. આગમમાં કહ્યું છે - નૈરયિક દ્રવ્યાર્થથી શાશ્વત અને ભાવાર્થથી અશાશ્વત છે, તેમ બીજા પણ તિર્યંચાદિ જાણવા અથવા નિર્વાણથી શાશ્વત સંસારથી અશાશ્વત છે, કેમકે સંસારી જીવો સ્વકૃત કર્મવશ સર્વત્ર ભમે છે. તથા જાતિ તે નારકાદિ જન્મ લક્ષણ, મરણ તે આયુક્ષય લક્ષણ, જન્મે તે જન, તેમનો ઉપપાત જે જાણે છે, આ ઉપપાત નરક અને દેવમાં થાય છે, અહીં જન્મમાં જીવોનું ઉત્પત્તિ સ્થાન યોનિ કહેલ છે. તે સચિત્ત, અચિત્ત, મિશ્ર તથા શીત, ઉષ્ણ, મિશ્ર તથા સંવૃત્ત, વિવૃત્ત, મિશ્ર આદિ - ૨૭-ભેદ છે. તિર્યંચ, મનુષ્યનું મરણ, જ્યોતિષ્ક વૈમાનિકનું ચ્યવન, ભવનપતિ, વ્યંતર, નારકોનું ઉદ્વર્તન કહેવાય છે - વળી -

● **સૂત્ર-૫૫૫,૫૫૬ :-**

***જે જીવોની વિવિધ પીડાને, આશ્રવ અને સંવરને જાણે છે, દુઃખ અને નિર્જરા જાણે છે, તે ક્રિયાવાદનું કથન કરવા યોગ્ય છે...સાધુ શબ્દ, રૂપમાં આસક્ત ન થાય, ગંધ, રસમાં દ્વેષ ન કરે, જીવન-મરણની આકાંક્ષા ન કરે, સંયમયુક્ત થઈ, માયારહિત બનીને વિચરે. - તેમ હું કહું છું —***

● **વિવેચન-૫૫૫,૫૫૬ :-**

[૫૫૫] જીવોને સ્વકૃત્ કર્મના ફળોને ભોગવવા નરકાદિમાં વિવિધ કે વિરૂપ-જન્મ, મરણ, જરા, રોગ, શોકની શરીર પીડાઓ અને તેનાથી બચવાના ઉપાયો જે જાણે છે અર્થાત્ સર્વાર્થસિદ્ધથી સાતમી નરક સુધી બધાં જીવો કર્મસહિત વર્તે છે. તેમાં ભારે કર્મીઓ સાતમી નરકમાં જનારા હોય છે, એવું જે જાણે છે તથા જેનાથી આઠ પ્રકારના કર્મો આવે તે આશ્રવ, તે પ્રાણાતિપાત કે રાગદ્વેષ કે મિથ્યાદર્શનાદિ રૂપ છે. તે તથા આશ્રવ નિરોધરૂપ સંવર - x -, પુણ્ય, પાપને જે જાણે તથા અસાતા ઉદય રૂપ કે તેના કારણ અને તેથી વિપરીત તે સુખને જે જાણે છે અને તપથી

નિર્જરાને જે જાણે છે. કર્મબંધ અને નિર્જરાને તુલ્યતા વડે જે જાણે છે, તેથી જ કહ્યું છે કે—

જેવા અને જેટલા સંસારના હેતુ છે, તેવા - તેટલા નિર્વાણના હેતુઓ છે, આ બધું જાણે તે જ - x - ક્રિયાવાદને બોલવા યોગ્ય છે. અર્થાત્ જીવ છે, પુન્ય છે, પાપ છે, પૂર્વાચરિત કર્મનું ફળ છે તેવો વાદ. જીવાદિ નવ પદાર્થો છે. જે આત્માને જાણે, તેનાથી 'જીવ', લોકથી 'અજીવ', ગતિ આદિથી સ્વભાવ બતાવ્યો. આશ્રવ-સંવર સીધા કહ્યા. દુઃખ વડે પુન્ય-પાપ લીધા - x - નિર્જરા - x - લીધી, તેના ફળરૂપ મોક્ષ બતાવ્યો. આ બધાં વડે - x - ક્રિયાવાદ સ્વીકાર્યો, જે આ પદાર્થો જાણે છે તે પરમાર્થથી ક્રિયાવાદ જાણે છે. [પ્રશ્ન] બીજા દર્શનના પદાર્થ પરિજ્ઞાનથી સમ્યગ્‌વાદપણું કેમ સ્વીકારતા નથી ?

તેમાં કહેલા પદાર્થ યુક્તિયુક્ત લાગતા નથી. જેમકે - નૈયાયિક દર્શનમાં પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહ સ્થાન એ સોળ પદાર્થો કહ્યા છે. *[તેની વ્યાખ્યાને સંક્ષેપમાં અહીં નોંધી છે, જિજ્ઞાસુઓએ વૃત્તિ જોવી અને અભ્યાસુ પાસે સમજવી.]*

-૧- પ્રમાણ-હેયોપાદેય નિવૃત્તિ પ્રવૃત્તિરૂપપણે જેનાથી પદાર્થ ઓળખાય તે. પ્રમાણના ચાર ભેદ-પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ. તેમાં ઇન્દ્રિયોની નજીક જે પદાર્થ હોય તે સંબંધી જ્ઞાન - x - પ્રત્યક્ષ પ્રમાણ. જૈનાચાર્ય કહે છે આ પ્રત્યક્ષતા અયોગ્ય છે. જેમાં આત્મા અર્થગ્રહણ પ્રતિ સાક્ષાત્ જાણે દેખે તે પ્રત્યક્ષ છે, જે અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાન છે. ઇન્દ્રિયથી થતું જ્ઞાન તો પરોક્ષ છે. *[આ રીતે અનુમાન, ઉપમા, આગમ પ્રમાણની ચર્ચા અને જૈનાચાર્યનો ઉત્તર વૃત્તિમાં જોવો.]* આગમ પ્રમાણમાં પણ કેવલીના વચનો જ પ્રમાણભૂત છે.

-૨- પ્રમેય - ગ્રહણ પણ ઇન્દ્રિય અર્થપણાથી કહેલ છે. જૈનાચાર્ય કહે છે— તે યુક્તિથી સિદ્ધ નથી. દ્રવ્ય સિવાય પ્રમેય ગુણો રહી ન શકે અને દ્રવ્ય લેતાં તેના ગુણો અંદર આવી ગયા, તો જુદા લેવાથી શો લાભ ? આત્માને જીવ પદાર્થપણે ગ્રહણ કર્યો છે, શરીર-ઇન્દ્રિયાદિ અજીવ છે. બુદ્ધિ ઉપયોગ એ જ્ઞાનનો ભાગ હોવાથી તેનો જીવમાં સમાવેશ થઈ જશે, મનમાં દ્રવ્યમન પુદ્‌ગલરૂપે હોવાથી અજીવ છે, ભાવ મન આત્મના જ્ઞાન ગુણરૂપે છે માટે જીવમાં લીધું - x - x - ઇત્યાદિ.

-૩- સંશય - આ શું છે ? એવો અનિશ્ચિત પ્રત્યય તે સંશય.

-૪- પ્રયોજન - જેને ઉદ્દેશીને ઉદ્યમ કરે તે પ્રયોજન.

-૫- દૃષ્ટાંત - જ્યાં અવિપ્રતિપત્તિ કરવા માટે જે વિષય કહેવાય તે.

-૬- સિદ્ધાંત - ચાર પ્રકારે છે - (૧) પ્રમાણો વડે પ્રમેયનું ગ્રહણ, (૨) સમાન તંત્ર સિદ્ધ પણ પરતંત્ર અસિદ્ધ, (૩) એક સિદ્ધ થતા બીજા અર્થની અનુસંગથી સિદ્ધિ થાય તે, (૪) અભ્યુપગમ સિદ્ધાંત.

-૭- અવયવ - પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય, નિગમન એ પાંચ છે.

-૮- તર્ક - સંશય પછી ભવિતવ્યતા પ્રત્યયરૂપ સદર્થ વિચારણા.





-૯- નિર્ણય - સંશય, તર્ક બાદ ભાવિ નિશ્ચયાત્મક પ્રત્યય.

-૧૦- વાદ - પ્રમાણ, તર્ક, સાધનોથી ઉપાલંભ - x - પક્ષ, પ્રતિપક્ષ.

-૧૧- જલ્પ - વાદ જીતવા માટે છળ આદિથી કરાય તે.

-૧૨- વિતંડા - પ્રતિપક્ષ સ્થાપ્યા વિના માથાફોડ કરવી તે.

-૧૩- હેત્વાભાસ - અસિદ્ધ, અનેકાંતિક, વિરુદ્ધ એવા હેતુઓ.

-૧૪- છળ - કહેનારનો અર્થ બદલી પૂર્વના અર્થનો ઘાત કરે.

-૧૫- જાતિ - દૂષણાભાસરૂપ હોવાથી અવાસ્તવ છે.

-૧૬- નિગ્રહસ્થાન - વાદકાલે વાદી કે પ્રતિવાદી જેનાથી પકડાય.

*[અહીં માત્ર-૧૬-મુદ્દા નોંધ્યા છે, તેનું સ્થાપન અને જૈનાચાર્ય દ્વારા તેનું ખંડન વૃત્તિમાં વિસ્તારથી છે, તે વિશેષ જ્ઞાતા પાસે સમજવું.]*

૦ હવે વૈશેષિકની વાત કહે છે - વૈશેષિકે કહ્યું તેમાં પણ તત્ત્વ નથી. જેમકે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય એ છ તત્વો માને છે. તેમાં દ્રવ્યના નવ ભેદો - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા, મન. જૈનાચાર્ય તેનું ખંડન કરે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ એ ચાર ભિન્ન દ્રવ્ય નથી - x - આકાશ અને કાળને અમે દ્રવ્ય કહ્યા જ છે દિશા એ આકાશનો જ ભાગ છે, સ્વતંત્ર દ્રવ્ય નથી. આત્માને અમે જીવદ્રવ્ય માનેલ જ છે. દ્રવ્ય મન પુદ્‌ગલ રૂપ છે.

*[વૃત્તિકારશ્રીએ વૈશેષિક મતનું ખંડન વિસ્તારથી કરેલ છે, અમે નોંધેલ નથી, જિજ્ઞાસુએ ષડ્ દર્શનના અભ્યાસી પાસે સમજી લેવું.]*

૦ હવે સાંખ્ય દર્શનનું વર્ણન કરે છે - તેમનું માનવું છે કે પ્રકૃતિ, આત્માની સાથે મળતાં આ સૃષ્ટિ ઉત્પન્ન થયેલી છે. પ્રકૃતિ સત્વ, રજ અને તમની સામ્યાવસ્થાથી ઉત્પન્ન થાય છે, તેનાથી મહાન્ અને મહાનતાથી અહંકાર ઉત્પન્ન થાય છે, તેનાથી ૧૧-ઇન્દ્રિયો પાંચ તન્માત્ર થાય છે, તેનાથી પાંચભૂત થાય છે, ચૈતન્ય પુરુષનું સ્વરૂપ છે તે અકર્તા, નિર્ગુણ અને ભોક્તા છે. ઇત્યાદિ - x - x - x - x -

જૈનાચાર્યએ તેમનું ખંડન કરેલ છે - x - x - કેમકે એવું ક્યારેય ન હતું કે આવું જગત્ ન હોય. ઇત્યાદિ - x - x - x - x - વળી આત્મા અકર્તાપણે માનવાથી કૃતનો નાશ અને અકૃતના આગમનો દોષ લાગશે અને બંધ અને મોક્ષનો અભાવ થશે. ગુણરહિત આત્મા માનતા જ્ઞાનરહિત આત્મા થશે. તેથી જ્ઞાન વિનાનું સાંખ્યનું બોલવું બાળપ્રલાપ માત્ર છે.

૦ હવે બૌદ્ધ મતનું નિરુપણ કરે છે - તેમના માનેલા બાર આયતનો છે. તે આ પ્રમાણે - પાંચ ઇન્દ્રિયો, તેના પાંચ વિષયો, શબ્દાયતન [મન] અને ધર્માયતન. - x - આ બાર આયતન માટે પ્રત્યક્ષ, અનુમાન એ બે પ્રમાણો તેઓ માને છે... જૈનાચાર્યો કહે છે...

અમે પાંચ ઇન્દ્રિયો ''અજીવ''માં લીધી છે, ભાવેન્દ્રિયો જીવમાં ગ્રહણ કરી છે. રૂપ આદિ વિષયો અજીવ હોવાથી જુદા ગણેલા નથી. શબ્દાયતન પુદ્‌ગલ રૂપ હોવાથી શબ્દને અજીવરૂપે ગ્રહણ કર્યો છે. - x - ધર્માત્મક સુખ-દુઃખ શાતા-અશાતા ઉદયરૂપે

છે - x - તેનું કારણરૂપ કર્મ પુદ્‌ગલરૂપે હોય તે અજીવ છે. ઇત્યાદિ - x - x - વૃત્તિકાર લખે છે કે "બીજે સ્થળે બૌદ્ધમતનું ખંડન કરેલ છે, તેથી અહીં કરેલ નથી. આ જ રીતે મીમાંસક તથા લોકાયત મતનું તત્ત્વ સાધુએ સ્વ બુદ્ધિએ વિચારી લેવું." - x - x -

[૫૫૪] હવે અધ્યયનના ઉપસંહારમાં સમ્યગ્‌વાદ પરિજ્ઞાન ફળ દર્શાવતા કહે છે - વેણુ, વીણા આદિ કાનને સુખદાયી, રૂપ તે નયન આનંદકારી, તેમાં આસક્તિ ન કરતો, રાગી ન થાય. તથા કુથિત કલેવરાદિ ગંધમાં, અંતપ્રાંત અશનાદિમાં દ્વેષ ન કરે. અહીં એવું કહેવા માંગે છે કે - મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષ ન કરતો અસંયમજીવિત ન વાંછે. પરીષહ-ઉપસર્ગોથી મરણ ન વાંછે. અથવા જીવિત-મરણમાં અભિલાષા ન રાખી સંયમનું પાલન કરે. મોક્ષાર્થી ગ્રહણ કરે તે સંયમ, તેમાં કે તેના વડે ગુપ્ત રહે અથવા મિથ્યાત્વાદિ આઠ પ્રકારના કર્મ ન બંધાય માટે મન-વચન-કાયાથી ગુપ્ત અને સમિત રહે તથા માયા મુક્ત રહે. - x -

**શ્રુતસ્કંધ-૧ - અધ્યયન-૧૨ "સમોસરણ"નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## ❀ શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૩ "યાથાતથ્ય" ❀

-- x -- x -- x -- x -- x -- x -- x --

**● ભૂમિકા :-**

સમોસરણ નામક બારમું અધ્યયન કહ્યું, હવે તેરમું કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે - અનંતર અધ્યયનમાં પરવાદી મતો બતાવ્યા. તેનું નિરાકરણ કર્યું. તે યાથાતથ્ય વડે થાય છે, તે અહીં કહે છે. આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે. તેમાં ઉપક્રમદ્વારમાં આ અર્થાધિકાર છે - શિષ્યોના ગુણ બતાવવા. વળી પૂર્વના અધ્યયનોમાં ધર્મ, સમાધિ, માર્ગ, સમોસરણમાં જે સત્ય યાથાતથ્ય છે અને જે વિપરીત કે [અન્યોનું] વિપરીત કે વિતથ છે, તે પણ અહીં થોડામાં બતાવશે. નામ નિક્ષેપે યાથાતથ્ય નામ છે. તે કહે છે—

**[નિ.૧૨૨ થી ૧૨૬-]** આ અધ્યયનું યાથાતથ્ય એ નામ છે. તે યથા તથા શબ્દને ભાવ પ્રત્યયથી થયું છે. તેમાં તથા શબ્દનો નિક્ષેપો કરે છે - અહીં યથા શબ્દ 'આ' અનુવાદમાં વર્તે છે. તથા શબ્દ વિધેય અર્થમાં છે. તે આ પ્રમાણે - જેમ આ કહેલું છે, તેમ તમારે કરવું. અનુવાદ, વિધેયમાં વિધેયનો અંશ જ મુખ્ય ભાવે છે. અથવા યાથાતથ્ય એટલે તથ્ય, તેનું જ નિરુપણ કરે છે. તેમાં તથાભાવ તથ્ય-યથાવસ્થિત વસ્તુતા છે. તે નામાદિ ચાર ભેદે છે.

તેમાં નામ સ્થાપના સુગમ છે. - x -

દ્રવ્ય તથ્ય - જે જે સચિત્તાદિનો સ્વભાવ દ્રવ્યનું મુખ્યપણું તે તેનું સ્વરૂપ છે. જેમકે જીવ-ઉપયોગ લક્ષણવાળો છે, પૃથ્વી કઠિન લક્ષણા, પાણી દ્રવ લક્ષણા છે. મનુષ્યનો જે માર્દવતાદિ સ્વભાવ, અચિત્ત દ્રવ્યમાં ગોશીર્ષ ચંદન, રત્નકંબલાદિના ઉત્તમ ગુણ, તે તેનો સ્વભાવ છે. જેમકે રત્નકંબલ-ઉનાળામાં ઠંડક અને શીયાળામાં ઉષ્ણતા આપે છે. - x -

ભાવતથ્ય - નિયમથી ઔદાયિકાદિ છ ભાવમાં જાણવું. (૧) ઔદયિક-કર્મના ઉદયથી નિર્વૃત, કર્મના ઉદયથી પ્રાપ્ત ગતિ આદિ અનુભાવ લક્ષણ. (૨) ઓપશમિક - કર્મના ઉપશમથી નિર્વૃત, કર્મોનો અનુદય લક્ષણ, (૩) ક્ષાયિક-કર્મના ક્ષયથી થયેલ, અપ્રતિપાતિ જ્ઞાન-દર્શન-ચારિત્ર લક્ષણ. (૪) ક્ષાયોપશમ-ક્ષય અને ઉપશમથી થયેલ, આંશિક ઉદય-ઉપશમ લક્ષણ. (૫) પારિણામિક-પરિણામથી નિર્વૃત, જીવ-અજીવ-ભવ્યત્વાદિ લક્ષણ. (૬) સાન્નિપાતિક-પાંચે ભાવોના દ્વિક આદિ સંયોગથી નિષ્પન્ન તે. - અથવા -

આત્મામાં રહેલ તે ભાવતથ્ય ચાર પ્રકારે છે - જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય તથ્ય. તેમાં જ્ઞાન તથ્ય તે મતિ આદિ જ્ઞાનપંચક વડે અવિતથ વિષય સમજાય તે. દર્શન તથ્ય - શંકાદિ અતિચાર રહિત જીવાદિ તત્વની શ્રદ્ધા. ચારિત્ર તથ્ય - બાર પ્રકારે તપ અને સત્તર પ્રકારના સંયમમાં સમ્યગ્ ક્રિયા. વિનયતથ્ય-૪૨ ભેદે વિનયમાં - જ્ઞાન, દર્શન, ચારિત્ર, ઔપચારિક રૂપે યથાયોગ્ય અનુષ્ઠાન કરવું તે. જ્ઞાનાદિનું

સત્ય આસેવન.

અહીં ભાવતથ્યનો અધિકાર છે, તે પ્રશસ્ત-અપ્રશસ્ત બે ભેદે છે, તેમાં અહીં પ્રશસ્તનો અધિકાર બતાવતા કહે છે—

જે પ્રકારે, જે પદ્ધતિથી સૂત્ર રચેલ છે, તે પ્રકારે તેની વ્યાખ્યા કરવી તે બતાવે છે - આચરણમાં મૂકવું. અથવા સિદ્ધાંત સૂત્રનું ચારિત્ર જ આચરણ છે એટલે સૂત્ર પ્રમાણે જ વર્તવું તે યાથાતથ્ય જાણવું. પૂર્વાર્ધનો ભાવાર્થ પાછલી અડધી ગાથાથી કહે છે - જે વસ્તુનું સ્વરૂપ, જે અર્થને આશ્રીને સૂત્ર બનાવેલ છે, તે વિધમાન અર્થમાં યથાવત્ વ્યાખ્યા કરતા સંસારથી પાર ઉતારવાના કારણત્વથી પ્રશસ્ય કે યાથાતથ્ય છે. વિવક્ષિત અર્થમાં અવિધમાન કે સંસાર કારણત્વથી નિંદનીય હોય તો સમ્યગ્ રીતે ન આચરતા અથવા યાથાતથ્ય કહેવાતું નથી.

ઉક્ત કથનનો સાર એ કે - સૂત્ર જેવું છે, તે જ અર્થ કહેવો અને તે જ પ્રમાણે વર્તવું, તે સંસારથી તારવા સમર્થ છે અને તે યાથાતથ્ય છે. પણ તેવો અર્થ ન કરે, તેમ ન વર્તે તો સંસાર કારણત્વ કે નિંદનીય હોવાથી યાથાતથ્ય નથી. - x - આ જ વાત દૃષ્ટાંતથી બતાવે છે—

સુધર્માસ્વામી, જંબૂ, પ્રભવ, આર્યરક્ષિતાદિથી પરંપરાએ આવેલ જે વ્યાખ્યા કરી તે આ રીતે - વ્યવહારનયથી કરાતુ કર્યું કહેવાય, પણ કુતર્ક-મદથી મિથ્યાત્વ દૃષ્ટિ વડે હું નિપુણ-સૂક્ષ્મ બુદ્ધિ છું એમ માનીને સર્વજ્ઞ પ્રણિત અર્થને દૂષિત કરે - અન્યથા કરી 'કરેલું કર્યું' એમ બોલે અને કહે કે - માટીનો પિંડ હાથમાં લેવાથી ઘડો ન બની જાય, આ રીતે 'હું પંડિત છું' એમ માની જમાલી નિહ્નવ માફક સર્વજ્ઞના મતને લોપતા પોતે નાશ પામે છે, સંસારચક્રમાં ભમે છે. તે જાણતો નથી કે માટી ખોદવાથી ઘડો બનાવવા સુધી બનાવનારનું લક્ષ્ય ઘડા રૂપે જ હોય છે. આ પ્રમાણે જ લોકવ્યવહાર છે. - x - x - હવે અન્યથાવાદનું ફળ કહે છે—

જે સાધુ મુશ્કેલીએ થોડી વિધા ભણી, મદથી સર્વજ્ઞ વચનના એક અંશને અન્યથા કહે છે, તે સંયમ, તપ કરવા છતાં તે શરીર મનના દુઃખોનો વિનાશ કરી શકતો નથી. કેમકે તે આત્મગર્વી માનસથી પોતે જ સિદ્ધાંત-અર્થનો જ્ઞાતા છે, બીજું કોઈ નથી, તેમ માને છે. સાધુ વર્ગે આવા માનીને તજી દેવો જોઈએ. જ્ઞાનીએ જાતિ આદિ મદ ન કરવો જોઈએ, તો જ્ઞાનમદ કઈ રીતે કરી શકે ? કહ્યું છે - જ્ઞાનથી મદ દૂર થાય, પણ જ્ઞાનનો જ મદ કરે, તો તેને કોણ દૂર કરે ? દવા જ ઝેર બની જાય તો વૈદ્ય શું કરી શકે ?

નામ નિષ્પન્ન નિક્ષેપો ગયો. - x - x - હવે સૂત્ર કહે છે—

**● સૂત્ર-૫૫૭ થી ૫૬૦ :-**

***હું યાથાતથ્ય, જ્ઞાનના પ્રકાર, જીવના ગુણો, સાધુનું શીલ, અસાધુનું કુશીલ, શાંતિ અને અશાંતિને પ્રગટ કરીશ...દિન-રાત સમુત્થિત, તીર્થંકરોથી ધર્મ પ્રાપ્ત કરીને સમાધિમાર્ગનું સેવન ન કરનાર નિહ્નવ પોતાને શિખામણ દેનારને જ કઠોર શબ્દો કહે છે...જે વિશુદ્ધ માર્ગને અહંકારથી દૂષિત કરે છે,***



***આત્મબુદ્ધિથી વિપરીત અર્થ પ્રરૂપે છે, જ્ઞાનમાં શંકિત થઈ મિથ્યા બોલે છે, તે ઉત્તમ ગુણનું ભાજન ન બને...જે પૂછવા પર ગુરુનું નામ છૂપાવે છે, તે પોતાને મોક્ષથી વંચિત કરે છે, અસાધુ છતાં પોતાને સાધુ માને છે, તે માયાવી અનંત ઘાતને પામે છે.***

**● વિવેચન-૫૫૭ થી ૫૬૦ :-**

[૫૫૭] અનંતર સૂત્ર સાથે આ સૂત્રનો સંબંધ આ છે - ''માયાથી મુક્ત થાય છે.'' ભાવવલય તે રાગદ્વેષ. તેનાથી મુક્ત જ યાથાતથ્ય થાય. આ સંબંધે આવેલ સૂત્રની વ્યાખ્યા - યાથાતથ્ય તે પરમાર્થથી તત્વ છે. પરમાર્થ તે સમ્યગ્ જ્ઞાનાદિ છે, તે કહે છે - જ્ઞાન પ્રકાર એટલે - x - તેમાં સમ્યગ્દર્શન, ચારિત્ર લેવા. સમ્યગ્ દર્શનમાં ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક લેવા. ચારિત્રમાં વ્રતધારણ, સમિતિ રક્ષણ અને કષાય નિગ્રહ આદિ લેવા. આ રીતે સમ્યગ્ જ્ઞાનાદિ પ્રાણીના ઉત્પન્ન ગુણોને હું કહીશ. વિતથ આચારીના દોષોને બતાવીશ. પુરુષોના વિચિત્ર સ્વભાવને - પ્રશસ્ત અપ્રશસ્ત સ્વભાવને હું કહીશ. - x -

સત્પુરુષના સારા અનુષ્ઠાનો, જે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રવાન્ સાધુનો શ્રુત-ચારિત્રવાન્ સાધુનો શ્રુત-ચારિત્રરૂપ ધર્મ કે દુર્ગતિમાં જતા જીવને ધારી રાખે તે ધર્મને, શીલને, સંપૂર્ણ કર્મક્ષય રૂપ શાંતિને, હું પ્રગટ કરીશ તથા અસત્ એવા પરતીર્થિક, ગૃહસ્થ કે પાર્શ્વસ્થાદિના અધર્મ-પાપ, અશીલ, અનિર્વાણરૂપ અશાંતિ, સંસાર ભ્રમણને હું કહીશ. - x -

[૫૫૮] જીવોના જુદા જુદા ગુણદોષરૂપ સ્વભાવને હું કહીશ - એવું જે કહ્યું, તે બતાવે છે - રાતદિન સમુત્થિત થઈ સારું અનુષ્ઠાન કરનારા શ્રુતધરો તથા તીર્થંકરો પાસેથી શ્રુત-ચારિત્ર ધર્મ, સંસાર પાર ઉતરવા પામીને પણ કર્મોદયથી મંદભાગ્યે જમાલિ આદિ મિથ્યા મદથી, તીર્થંકર આદિએ કહેલ સમ્યગ્ દર્શનાદિ મોક્ષ પદ્ધતિને જે સેવતા નથી તે નિહ્નવો અને બોટિકો, સ્વરુચિ રચિત વ્યાખ્યાથી નિર્દોષ એવા સર્વજ્ઞ પ્રણીત માર્ગનો નાશ કરી, કુમાર્ગ પ્રરૂપે છે. તેઓ કહે છે - આ સર્વજ્ઞ છે જ નહીં જે ''કરાતુ કર્યું'' એવું પ્રત્યક્ષ વિરુદ્ધ કહે છે. તથા જે પાત્રાદિ પરિગ્રહથી મોક્ષમાર્ગને બતાવે છે. આ રીતે સર્વજ્ઞ કથનમાં શ્રદ્ધા ન કરતા, જે શ્રદ્ધા કરે છે તેવા મન-શરીરના ઢીલા સાધુઓ પણ આરોપિત સંયમભાર સહન કરવામાં અસમર્થ ક્યારેય વિષાદ પામે છે. તેમને બીજા આચાર્યો વત્સલતાથી સુબોધ આપે ત્યારે તે ઉપદેશદાતા પુરુષને જ નિષ્ઠુર વચનો કહીને નિંદે છે.

[૫૫૯] વળી વિવિધ પ્રકારે કુમાર્ગ પ્રરૂપણા નિવારી નિર્દોષ બનાવેલ, વિશોધિત સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર નામક મોક્ષમાર્ગ છે, તેને સ્વ આગ્રહથી ગ્રસ્ત ગોષ્ઠામાહિલ માફક પૂર્વાચાર્ય કથિત અર્થને મરોડે છે. આવા અભિમાની સ્વરુચિ વ્યાખ્યા પદ્ધતિથી વ્યામોહિત થઈ, આચાર્ય પરંપરાથી આવેલા અર્થને અન્યથા કરીને-મરોડીને વ્યાખ્યા કરે છે. તેઓ સૂત્રના ગંભીર અર્થને કર્મના ઉદયથી યથાવત્ પરિણામવવાને અસમર્થ અને પોતાને પંડિત માનતા ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે. - x - પોતાના આ અસદ્

આગ્રહથી અનાધાર એવા તે ઘણાંને અમાન્ય થાય છે અને જ્ઞાનાદિ ગુણોના પોતે અભાજન થાય છે.

ભણનારમાં આટલા ગુણો હોય છે - "શ્રવણ, પ્રતિપૃચ્છા, ઉત્તર સાંભળે, ગ્રહણ કરે, તર્ક કરે, ધારણ કરે, તે પ્રમાણે વર્તે." અથવા ગુરુ શુશ્રૂષાથી સમ્યગ્ જ્ઞાનનો બોધ થાય, તેથી સમ્યગ્ ચારિત્ર, તેથી સકલ કર્મ ક્ષયરૂપ મોક્ષ - આવા ઉત્તમ ગુણો નિહ્નવને ન થાય. પાઠાંતર મુજબ તે સમ્યગ્ જ્ઞાનાદી ગુણોને પાત્ર થતો નથી. કેમકે તે અનર્થ સંપાદકત્વથી અસત્ અભિનિવેશી થાય છે અથવા - x - ગુણોરહિત અને દોષયુક્ત થાય છે. - x - કેમકે જે કોઈ અલ્પજ્ઞાનથી કદાગ્રહી થઈ, શ્રુતજ્ઞાનમાં શંકા લાવી મૃષાવાદ બોલે છે. જેમકે સર્વજ્ઞ પ્રણિત આગમમાં આવા વચન ન હોય અથવા તેનો અર્થ આવો ન થાય. અથવા અભિમાનથી જૂઠુ બોલે. - x -

[૫૬૦] વળી જેઓ પરમાર્થને ન જાણતાં તુચ્છ બુદ્ધિથી અહંકારી બનેલાને કોઈ પૂછે કે તમે આ સૂત્ર કોની પાસે ભણ્યા ? ત્યારે તે મદથી પોતાના આચાર્યનું નામ છૂપાવી કોઈ પ્રસિદ્ધ નામ આપે અથવા કહે કે મેં આ જાતે જ વાંચેલ છે, એ રીતે ગુરુને ગોપવે. અથવા પ્રમાદથી ભૂલે પણ આચાર્યાદિ પાસે આલોચના અવસરે પૂછતા, પોતાની નિંદા થવાના ભયે માયાથી જૂઠું બોલે. આ રીતના નિહ્નવપણાથી તે જ્ઞાનાદિ કે મોક્ષથી વંચિત રહે છે. આવા અનુષ્ઠાન કરનાર સાધુઓ - x - તત્ત્વથી અસાધુ છતાં ગર્વથી પોતાને સાધુ માને, પરંતુ તેઓ અનંત વિનાશને પામે છે અથવા - x - અનંતકાળ સંસારમાં ભ્રમણ કરશે. કેમકે તેમનામાં બે દોષ છે - પોતે અસાધુ છે, બીજું પોતાને સાધુ માને છે. કહ્યું છે કે - અજ્ઞાની, પાપ કરવા છતાં પોતાને શુદ્ધ કહે તેથી બમણું પાપ કરે છે આ રીતે તેઓ ગર્વના દોષથી બોધિલાભને હણીને અનંત સંસારી થાય છે. આ રીતે માન વિપાકને બતાવી હવે ક્રોધાદિ કષાય કહે છે—

**● સૂત્ર-૫૬૧ થી ૫૬૪ :-**

***જે ક્રોધી છે તે અશિષ્ટ ભાષી છે, શાંત કલહને પ્રદીપ્ત કરે છે, તે પાપકર્મી સાંકડા માર્ગે જતાં અંધની માફક દુઃખી થાય છે...જે કલહકારી, અન્યાયભાષી છે. તે સમભાવી, કલહરહિત ન બને. જે આજ્ઞાપાલક છે તે લજ્જા રાખે છે, એકાંત દૃષ્ટિ છે તે અમાયી છે...ગુરુ શિખામણ આપે ત્યારે જે ક્રોધ ન કરે તે જ પુરુષ વિનયી, સૂક્ષ્માર્થ જોનાર, જાતિસંપન્ન, સમભાવી અને અમાયી છે...જે પરીક્ષા કર્યા વિના સ્વયંને સંયમી અને જ્ઞાની માની અભિમાન કરે કે હું તપસ્વી છું, તે બીજાને પ્રતિબિંબ જ માને છે.***

**● વિવેચન-૫૬૧ થી ૫૬૪ :-**

[૫૬૧] જે કષાયના વિપાક જાણતો નથી, સ્વભાવથી જ ક્રોધી છે તથા જગત્‌ના અર્થનો ભાષી થાય છે, યથાવસ્થિત પદાર્થોને બોલતો નથી. જેમકે - બ્રાહ્મણને ડોડ કહે, - x - x - શ્વપાકને ચંડાલ કહે, કાણાને કાણો કહે ઇત્યાદિ તથા કોઢીયો વગેરે જેને જે દોષ હોય તેને તેવા કઠોર રીતે બોલાવે તે જગદર્થભાષી છે, અથવા જયાર્થભાષી, જેમ આત્માનો જય થાય તેમ અવિદ્યમાન અર્થ પણ બોલે, ગમે તેવા પ્રકારના અસત્ અર્થ બોલીને પોતાનો જય ઇચ્છે છે, શાંત થયેલા કલહને વિવિધ રીતે ઉદીરે. જેમકે કલહ થયો હોય તેને મિથ્યા દુષ્કૃત્ આપી ક્ષમા કર્યા પછી પણ એવું બોલે કે ફરી ઝઘડા ઉભા થાય. હવે તેનો વિપાક કહે છે—



જેમકે અંધ પગદંડી માર્ગે જતા પોતે નિપુણ ન હોવાથી કાંટા કે જંગલી પશુ આદિથી પીડાય છે, તેમ કેવલ વેશધારી, ક્રોધી, કર્કશ વચનથી ઝઘડો વધારનાર, પાપકર્મ કરીને - x - ચાર ગતિ સંસારમાં યાતનાસ્થાનોમાં પુનઃ પુનઃ ઉત્પન્ન થઈને પીડાય છે.

[૫૬૨] વળી પરમાર્થને ન જાણતો તે, જેમાં યુદ્ધ વિદ્યમાન છે તેવો વિગ્રહિક જો કે પડિલેહણાદિ ક્રિયા કરે, તો પણ યુદ્ધપ્રિય થાય છે, તથા અન્યાય્ય બોલનારો, જેવું તેવું ન બોલવાનું બોલે કે ગુરુ સામે આક્ષેપ કરે, આવો સાધુ રાગદ્વેષ રહિત-મધ્યસ્થ ન હોય, ઝઘડા કે કલહરહિત ન થાય અથવા માયારહિત ન થાય. અથવા કલહરહિત ન થવાથી સમ્યગ્ દૃષ્ટિઓ સાથે પ્રેમ ન રાખે. તેથી સાધુએ ક્રોધ-કર્કશ વચન ન બોલવા તથા ઉપશાંત કલહોને ઉભા ન કરવા, ન્યાય્ય ભાષીતાથી અમાયા વડે મધ્યસ્થપણું રાખવું.

આ રીતે અનંતર કહેલા દોષ વર્જીને આચાર્યની આજ્ઞા માનતો, ઉપદેશાનુસારી ક્રિયામાં પ્રવૃત્ત અથવા સૂત્ર પ્રમાણે ચાલે, તથા લજ્જાસંયમ એવા મૂલ-ઉત્તરગુણમાં મન રાખનારો અથવા અનાચાર કરતી વેળા, આચાર્યથી લજ્જાય તથા એકાંતથી જીવાદિ પદાર્થોમાં લક્ષ રાખે તે એકાંત દૃષ્ટિ છે. પાઠાંતર મુજબ-જિનેશ્વરના કહેલા માર્ગમાં એકાંતે શ્રદ્ધાવાળો રહે. પૂર્વોક્ત દોષથી ઉલટા ગુણો છે જેમકે - જ્ઞાનને ઉડાવે નહીં, અક્રોધી, અમાયી બને, કજીયા ન કરે. તેનામાં કપટનું નામ પણ ન હોય, ગુરુને ન છેતરે, બીજા કોઈ સાથે કપટ વ્યવહાર ન કરે.

[૫૬૩] ફરી સદ્‌ગુણ જણાવતા કહે છે - જે કટુ સંસારથી ઉદ્વિગ્ન છે, કોઈ વખત પ્રમાદથી સ્ખલના પામે ત્યારે આચાર્યાદિ ઘણી પ્રેરણા કરે, તો પણ જેની સન્માર્ગે જવાની ચિત્તવૃત્તિ છે, તે તથાર્ચ છે, તથા જે શિક્ષા ગ્રહણ કરતો તથાર્ચ થાય છે, તે મિષ્ટભાષી, વિનયાદિ ગુણયુક્ત, સૂક્ષ્મદર્શી કે સૂક્ષ્મભાષી હોય તે જ પરમાર્થથી પુરુષાર્થકારી છે, બીજો નહીં, કે જે ક્રોધથી જીતાય છે. જે ક્રોધ ન કરે તે સુકુળમાં ઉત્પન્ન, શીલવાન્ જ કુલીન કહેવાય છે, માત્ર સુકુળમાં ઉત્પન્ન થવાથી કુલીન ન કહેવાય તથા તે જ અતિશય સંયમ કરણશીલ-ઋજુ કરે છે. અથવા જે ઉપદેશાનુસાર વર્તે છે, પણ વક્ર થઈ આચાર્યાદિના વચનનો લોપ કરતા નથી.

આવો તથાર્ચ, પેશલ, સૂક્ષ્મભાષી, જાત્યાદિ ગુણાન્વીત, અવક્ર, મધ્યસ્થ, નિંદા કે પૂજામાં રોષ-તોષ ન કરતો, અક્રોધ કે અમાયા પ્રાપ્ત અથવા અઝંઝા પ્રાપ્ત અર્થાત્ વીતરાગ તુલ્ય થાય છે.

[૫૬૪] પ્રાયઃ તપસ્વી જ્ઞાન-તપનો અહંકાર કરે છે, તેથી તેને કહે છે - જે કોઈ લઘુ પ્રકૃતિ, આત્માના દ્રવ્ય એવા પરમાર્થથી સંયમ પામી એમ માને કે હું જ સંયમવાન્, મૂળ-ઉત્તરગુણોને બરાબર પાળનાર છું. બીજો કોઈ મારા સમાન નથી,

તથા જેનાથી જીવાદિ પદાર્થ સમજાય, તે જ્ઞાન ભણીને એમ માને કે હું જ પરમાર્થની ચિંતા કરનારો છું તથા બાર ભેદ ભિન્ન તપ વડે હું જ યુક્ત છું, મારા જેવો વિકૃષ્ટ તપોનિષ્ઠ બીજો કોઈ નથી એમ માનીને અભિમાન કરે અને બીજા સાધુ કે ગૃહસ્થ લોકને જળચંદ્ર માફક નકામા માને, ખોટા સિક્કા જેવા વેશધારી માત્ર માને એ રીતે બીજાનું અપમાન કરે, એ રીતે પોતાને ગુણી, બીજાને નિર્ગુણી માને.

● **સૂત્ર-૫૬૫ થી ૫૬૮ :-**

***ઉક્ત અહંકારી સાધુ એકાંત મોહવશ સંસારે ભમે છે, તે સર્વજ્ઞોક્ત માર્ગથી બહાર છે. જે સન્માનાર્થે ઉત્કર્ષ દેખાડે છે, તે જ્ઞાનહીન અબુદ્ધ છે...જે બ્રાહ્મણ કે ક્ષત્રિય જાતિક છે, ઉગ્રપુત્ર કે લિચ્છવી હોય, તે દીક્ષા લઈ, પરદત્ત ભોજી થઈ, ગોત્ર મદ ન કરે...તેના જાતિ કે કુળ શરણ થતા નથી, સમ્યક્ સેવિત જ્ઞાનાચરણ સિવાય કોઈ રક્ષક નથી. દીક્ષા લઈને પણ જે ગૃહસ્થકર્મ સેવે છે, તે કર્મ વિમોચન માટે સમર્થ થતો નથી...નિષ્કિંચન અને રૂક્ષજીવી ભિક્ષુ પણ જો પ્રશંસાકામી અને અહંકારી થાય, તો તે અબુદ્ધ, આજીવક પુનઃ પુનઃ વિપર્યાસ પામે છે.***

● **વિવેચન-૫૬૫ થી ૫૬૮ :-**

[૫૬૫] જેમ કૂટ-પાશમાં બદ્ધ મૃગ પરવશ થઈને એકાંત દુઃખી થાય છે, તેમ ભાવ-પાશ સ્નેહમય બની એકાંતે સંસારચક્રમાં ભમે છે અથવા તેમાં પ્રકર્ષથી લીન બની, અનેક પ્રકારે સંસારમાં ભમે છે તથા શબ્દાદિ કામથી કે મોહથી મોહિત થઈ બહુ પીડાવાળા સંસારમાં ડૂબે છે. આવો મૂઢ સાધુ મુનિના મૌનપદ-સંયમમાં કે જિનેશ્વરના પ્રણીતમાર્ગમાં રહેતો નથી. હવે સર્વજ્ઞમત કહે છે - અર્થના અવિસંવાદનથી પાળે તે ગોત્ર, તેમાં સમસ્ત આગમ આધારભૂત મુનિપદમાં ન ટકે ગોત્રનો મદ કરનાર પણ સાધુધર્મમાં ન ટકે. વળી જે પૂજન-સત્કારને માટે પોતાનો ગર્વ કરે, તે લાભ-પૂજા-સત્કારાદિથી મદ કરતો, સર્વજ્ઞ પદમાં ન ટકે. તથા વસુ એટલે સંયમ પામીને તેમાં જ્ઞાનાદિ વડે મદ કરતો, પરમાર્થને ન જાણતો ફૂલાય છે, તે બધાં શાસ્ત્રોને ભણીને તેનો અર્થ જાણીને પણ પરમાર્થથી સર્વજ્ઞ મત જાણતો નથી.

[૫૬૬] બધાં મદસ્થાનોની ઉત્પત્તિથી આરંભીને જાતિ મદ જે બાહ્ય નિમિત્તથી નિરપેક્ષ છે, તે હવે બતાવે છે - જે જાતિથી બ્રાહ્મણ કે ક્ષત્રિય કે ઇક્ષ્વાકુ વંશાદિક હોય, તે ભેદ જ કહે છે - ઉગ્ર પુત્ર કે લેચ્છઈ - ક્ષત્રિય ભેદ વિશેષ છે, આવા ઉત્તમ કુલોત્પન્ન, સંસારના સ્વભાવને જાણીને જેણે રાજ્યાદિ ગૃહપાશ છોડીને દીક્ષા લીધી, પરદત્ત ભોજી હોય - સારી રીતે સંયમ પાળતો હોય, હરિવંશ જેવા ઉચ્ચ ગોત્રમાં ઉત્પન્ન થાય, તો પણ ગર્વ ન કરે. અભિમાન યોગ્ય - વિશિષ્ટજાતિ વડે સર્વલોકમાં માન્ય હોય તો પણ દીક્ષા લઈ, મસ્તકાદિ મુંડિત, ભિક્ષાર્થે પરગૃહે જતા કઈ રીતે હાસ્યાસ્પદ ગર્વ કરે ? અર્થાત્ આવું માન ન કરે.

[૫૬૭] આવું માન કરવું તેને લાભ માટે નથી, તે કહે છે - તે લઘુ પ્રકૃતિ, અભિમાની સાધુ જાતિ કે કુલ મદ કરતો સંસારે ભમતા રક્ષણ આપતો નથી. જાત્યાદિ



અભિમાન આલોક-પરલોકમાં ગુણકારી નથી, અહીં માતાની જાતિ અને પિતાનું કુળ છે. ઉપલક્ષણથી બીજા મદસ્થાન પણ સંસારમાં રક્ષક નથી. જે સંસારથી તારવા સમર્થ છે, તે કહે છે - જ્ઞાન અને ચારિત્ર સિવાય ક્યાંય રક્ષણની આશા નથી, આ બંનેમાં સમ્યક્ દર્શન લેતાં સારી રીતે સંસારથી પાર પામે છે. - x - આવા મોક્ષમાર્ગમાં દીક્ષા લઈને પણ કેટલાંક અપુષ્ટધર્મા સંસાર પ્રતિ જઈને ફરી-ફરીને ગૃહસ્થોચિત જાત્યાદિ મદસ્થાન, પાઠાંતરથી ગૃહસ્થકર્મ-સાવધારંભ જાતિમદાદિ કરે છે. આવા તે સર્વકર્મ છોડવા સમર્થ ન થાય, નિઃશેષકર્મ ક્ષયકારી ન થાય. દેશનિર્જરા તો બધાં જીવોને પ્રતિક્ષણ થાય છે.

[૫૬૮] ફરી અભિમાન દોષ બતાવે છે - બાહ્ય રીતે નિષ્કિંચન, ભિક્ષણશીલ, પરદત્તભોજી, અંતપ્રાંત વાલ-ચણાદિ વડે પ્રાણધારણ કરતો રૂક્ષજીવી પણ જો કોઈ અહંકારી હોય છે, આત્મશ્લાઘાભિલાષી હોય છે. આવો તે પરમાર્થ ન જાણતો પોતાના બાહ્યગુણોથી જીવતો ફરી ફરીને સંસારમાં જન્મ-જરા-મરણ-રોગ-શોકના દુઃખો પામે છે. તરવા પ્રવૃત્ત થવા છતાં તેમાં જ ડૂબે છે. એમ આચાર્યોએ બતાવેલ સમાધિ ન સેવનારને નુકસાન છે, હવે શિષ્યના ગુણો બતાવે છે—

● **સૂત્ર-૫૬૯ થી ૫૭૨ :-**

***જે સુસાધુવાદી, ભાષાવાન્, પ્રતિભાવાન્, વિશારદ, આગાઢપ્રજ્ઞ, સુભાવિતાત્મા બીજાને પોતાની પ્રજ્ઞાથી પરાભૂત કરે છે...આવા સાધુ સમાધિ પ્રાપ્ત નથી, જે પોતાની પ્રજ્ઞાનું અભિમાન કરે છે અથવા લાભના મદથી ઉન્મત્ત થઈ તે બાલપ્રજ્ઞ બીજાની નિંદા કરે છે...તે સાધુ પંડિત અને સર્વશ્રેષ્ઠ છે, જે પ્રજ્ઞા-તપ-ગોત્ર-આજીવિકા મદ ન કરે...સુધીર ધર્મી, ધીર આ મદોને છોડી, ફરી ન સેવે. બધાં ગોત્રોથી દૂર તે મહર્ષિ સર્વોત્તમ મોક્ષ ગતિને પામે છે.***

● **વિવેચન-૫૬૯ થી ૫૭૨ :-**

[૫૬૯] ભાષા ગુણદોષજ્ઞતાથી શોભન ભાષાવાળો સાધુ તથા શોભન-હિત-મિત-પ્રિય બોલનાર સુસાધુવાદી, ખીર-મધ જેવા વચન બોલે તથા ઔત્પાતિકી આદિ બુદ્ધિ ગુણયુક્ત - x - પ્રતિભાવાન્, પૂછતા તુરંત જવાબ આપનાર અથવા ધર્મકથા અવસરે જાણી લે કે આ પુરુષ-કોણ છે ? કયા દેવને નમે છે ? કયા મતને માને છે ? એવું પોતાની પ્રતિભાથી જાણી, યોગ્ય રીતે બોલે, તથા અર્થગ્રહણ સમર્થ કે ઘણાં પ્રકારે અર્થકથન શ્રમણ, શ્રોતા અભિપ્રાયજ્ઞ તથા પરમાર્થ સમજાવનારી બુદ્ધિવાળો તે આગાઢપ્રજ્ઞ, સારી રીતે ધર્મવાસનાથી ભાવિત એવો સુભાવિત આત્મા; સત્યભાષાદિ ગુણોથી સુસાધુ થાય.

આવો તે નિર્જરાના હેતુભૂત વડે પણ મદ કરે - જેમકે - હું જ ભાષાવિધિજ્ઞ તથા સાધુવાદી છું, મારા જેવો કોઈ પ્રતિભાવાન્ નથી. મારા જેવો કોઈ લોકોત્તર શાસ્ત્રાર્થ વિશારદ, અવગાઢપ્રજ્ઞ, સુભાવિત આત્મા નથી, એમ અભિમાનથી પોતાની બુદ્ધિથી બીજાને અવગણે, જેમકે - આવા મુર્ખા, દુઃખે સમજે તેવા, મૂઢનું શું કામ છે ? અથવા કોઈ સભામાં ધર્મકથા સમયે વ્યાખ્યાન ન કરે. એમ અહંકારી થાય.

કહ્યું છે કે - બીજાએ સ્વેચ્છાથી રચેલ અર્થ વિશેષને શ્રમથી સમજીને પોતાને શાસ્ત્ર પારગામી માની અહંકારથી બીજાને તિરસ્કારે છે.

[૫૭૦] હવે આવા સાધુના દોષો બતાવે છે - અનંતરોક્ત પ્રક્રિયા વડે બીજાનો પરાભવ કરી પોતાનું માન વધારતો, સર્વ શાસ્ત્ર વિશારદ હોવા છતાં, તત્ત્વાર્થમાં નિપુણમતિ હોવા છતાં જ્ઞાનદર્શન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ કે ધર્મધ્યાન નામક સમાધિને પામતો નથી. ફક્ત પોતે પોતાને પરમાર્થ જ્ઞાતા માને છે. આવો કોણ હોય ? જે પરમાર્થને જાણ્યા વિના સ્વ-બુદ્ધિથી સર્વજ્ઞ સમજીને ગર્વ કરે. આવો તે સમાધિ ન પામે.

હવે બીજા મદસ્થાનોને બતાવે છે - x - જે અલ્પ અંતરાયવાળો લબ્ધિમાન્ પોતાને તથા બીજાને માટે ધર્મોપકરણ લાવવા સમર્થ હોય તે તુચ્છ સ્વભાવથી લાભમદમાં લેપાઈને સમાધિ ન પામે. એવો સાધુ બીજા કર્મોદયથી લબ્ધિરહિત લોકોની નિંદા, પરાભવ કરતો બોલે કે મારા જેવો સર્વ સાધારણ શય્યા સંસ્તારકાદિ ઉપકરણ લાવનારો બીજો કોઈ નથી, બીજા તો પોતાનું પેટ ભરનાર કાગડાં જેવા છે, તે મૂર્ખ આ રીતે બીજાને નિંદે છે.

[૫૭૧] આ પ્રમાણે બુદ્ધિનો મદ કરી, બીજાનું અપમાન કરતા પોતે જ બાળક જેવો ગણાય છે, તેથી બુદ્ધિમદ ન કરવો. સંસારથી છૂટવા ઇચ્છનારે બીજા પણ મદ ન કરવા, તે બતાવે છે - તીક્ષ્ણબુદ્ધિથી થાય તે પ્રજ્ઞામદને તથા નિશ્ચયથી તપોમદને કાઢજે. હું જ યથાવિધ શાસ્ત્રવેત્તા છું, હું જ ઉત્કૃષ્ટ તપસ્વી છું, મને તપથી ગ્લાનિ થતી નથી, એવો મદ ન કરવો તથા ઇક્ષ્વાકુ કે હરિવંશાદિ ઉચ્ચ ગોત્રમાં જન્મ્યો એવો ગોત્ર મદ ન કરવો તથા જેના વડે આજીવિકા ચાલે તે દ્રવ્યસમૂહ, - x - તેવો અર્થ મદ, તેને છોડજે. ચ શબ્દથી બાકીના ચાર મદોને છોડજે. તેને છોડવાથી તત્ત્વવેત્તા થાય છે. આ બધાં મદો છોડનાર ઉત્તમ આત્મા કે ઉત્તમોત્તમ થાય છે.

[૫૭૨] હવે મદને ન કરવાનું બતાવી ઉપસંહાર કરે છે. પ્રજ્ઞા આદિ મદ સ્થાનો સંસારના કારણપણે સમ્યક્ જાણીને તેને છોડે યાવત્ બુદ્ધિ વડે રાજે તે ધીર - તત્ત્વજ્ઞ આ જાત્યાદિ મદ ન સેવે, આવા કોણ છે ? જેમનામાં શ્રુત-ચારિત્ર ધર્મ સુપ્રતિષ્ઠિત છે, તે સુધીર ધર્મા, સર્વે મદ સ્થાનોનો ત્યાગ કરીને, તે મહર્ષિઓ તપ વડે કર્મમલ ધોઈને, બધાં ઉચ્ચ ગોત્ર ઓળંગીને ઉચ્ચ એવી મોક્ષ નામક સર્વોત્તમ ગતિને પામે છે અથવા કલ્પાતીત પાંચ મહા વિમાનોમાં જાય છે. અગોત્ર સાથે નામ, આયુ આદિ કર્મો રહેતા નથી.

**● સૂત્ર-૫૭૩ થી ૫૭૬ :-**

***ઉત્તમ લેશ્યાવાળા, દૃષ્ટધર્મા મુનિ ગામ કે નગરમાં પ્રવેશી, એષણા અને અનેષણાને જાણીને અન્ન-પાન પ્રતિ અનાસક્ત રહે...સાધુ અરતિ-રતિનો ત્યાગ કરીને બહુજન મધ્યે એકચારી બને. સંયમમાં અબાધક વચન બોલે. ગતિ-આગતિ જીવની એકલાની જ થાય...સ્વયં જાણીને કે સાંભળીને પ્રજાને હિતકર ધર્મ બોલે, સનિદાન નિંદ્ય પ્રયોગનું સુધીરધર્મી સેવન ન કરે...કોઈના ભાવને***



***તર્કથી ન જાણનાર અશ્રદ્ધાળુ ક્ષુદ્રતાને પ્રાપ્ત કરે છે. તેથી સાધુ અનુમાનથી બીજાના અભિપ્રાય જાણીને ધર્મનો ઉપદેશ આપે.***

**● વિવેચન-૫૭૩ થી ૫૭૬ :-**

[૫૭૩] આ પ્રમાણે મદસ્થાન રહિત, ભિક્ષણશીલ ભિક્ષુ કેવો હોય ? મરેલ માફક સ્નાન, વિલેપનાદિ સંસ્કારરહિત શરીરવાળો તે મૃતાર્ચ અથવા આનંદ, શોભાવાળી અર્ચા-પદ્માદિ લેશ્યાવાળો તે મુદર્ચ-પ્રશસ્ત લેશ્ય તથા યથાવસ્થિત શ્રુત-ચારિત્ર ધર્મ સમજેલો હોય, તેવા સાધુ ગામ, નગર આદિમાં ભિક્ષાર્થે પ્રવેશીને, ઉત્તમ ધૃતિ અને સંઘયણવાળા હોય તે ગવેષણા અને ગ્રહણૈષણાને સમ્યગ્ રીતે જાણીને, ઉદ્ગમદોષાદિનો પરિહાર કરે, તેમ ન કરવાના વિપાકોને સારી રીતે જાણીને અન્ન-પાનમાં મૂર્છા ન રાખતા સારી રીતે વિચરે. તથા કહે છે - સ્થવિરકલ્પી ૪૨-દોષ રહિત ભિક્ષા લે અને જિનકલ્પિકોને પાંચનો અભિગ્રહ અને બે નો ગ્રહ, તે આ પ્રમાણે—

સંસૃષ્ટ, અસંસૃષ્ટ, ઉદ્ધૃત, અલ્પલેપ, ઉદ્ગૃહીત, પ્રગૃહીત અને ઉજ્ઝિત ધર્મા [જિનકલ્પીને છેલ્લી બે રીતે કલ્પે.] અથવા જે જેનો અભિગ્રહ તે તેને એષણીય, બીજું અનેષણીય. એ રીતે એષણા-અનેષણા સમજીને ક્યાંય પ્રવેશીને આહારાદિમાં અમૂર્છિત થઈ સમ્યક્ શુદ્ધ ભિક્ષા લે.

[૫૭૪] એ રીતે સાધુને અનુકૂળ વિષય પ્રાપ્ત થવા છતાં રાગદ્વેષ કર્યા વિના, જોવા છતાં ન જોયું, સાંભળવા છતાં ન સાંભળ્યુ એવા ભાવ સહિત, મૃત સમાન દેહવાળો, સારા દેખેલા ધર્મવાળો. એષણા-અનેષણાને જાણતો અન્ન-પાનમાં મૂર્છિત ન થઈ, કોઈ ગામ-નગરમાં પ્રવેશીને, કદાચ અસંયમમાં રતિ અને સંયમમાં અરતિ થાય તો તેને દૂર કરવા કહે છે - મહામુનિને પણ અસ્નાનતાથી, મેલ વધવાથી તથા અંતઃપ્રાંત વાલ, ચણાદિના ભોજનથી કદાચ કર્મોદયથી સંયમમાં અરતિ થાય તો સંસારમાં ઉત્પન્ન થયેલ ભાવને-તિર્યંચ-નરકાદિ દુઃખો યાદ કરી, સંસારમાં અલ્પાયુ છે તેમ વિચારીને-દૂર કરે. એકાંતપણે મૌન ભાવથી સાધુ ધર્મે સ્થિર થાય. તથા અસંયમમાં રતિ એટલે સાવધ અનુષ્ઠાનમાં અનાદિ ભવાભ્યાસથી લલચાય તો સંયમમાં ઉદ્યમ કરે. ફરી સાધુને જ વિશેષથી કહે છે -

ઘણાં સાધુઓ ગચ્છ વાસિતતાથી સંયમમાં સહાય કરે તે બહુજનો. તથા કોઈ એકલો વિચરે તે પ્રતિમાધારી એકલવિહારી કે જિનકલ્પાદિ હોય. તે પરિવારવાળા કે એકાકીને કોઈ પૂછે કે ન પૂછે, તો એકાંત સંયમની વૃદ્ધિનું વચન ધર્મકથા વખતે બોલે. અથવા સંયમમાં બાધા ન થાય તેવી રીતે ધર્મસંબંધ કહે. - તે શું વિચારી અથવા કઈ રીતે બોલે તે બતાવે છે - અસહાય પ્રાણીને શુભાશુભ કરણી મુજબ પરલોકમાં ગમન થાય તે ગતિ, પૂર્વકૃત્ કરણી મુજબ થતું આગમન તે આગતિ. કહ્યું છે કે - એકલો જ કર્મ કરે છે, એકલો જ તેનું ફળ ભોગવે છે એકલો જ જન્મે-મરે છે, એકલો જ ભવાંતરમાં જાય છે. માટે ધર્મ સિવાય કોઈ સહાયક નથી, એમ વિચારી મૌન-સંયમ મુખ્ય ધર્મ છે તે બતાવે.

[૫૭૫] બીજાના ઉપદેશ વિના જાતે જ ચતુર્ગતિ સંસાર અને તેના કારણ-

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગરૂપ જાણીને તથા સર્વ કર્મક્ષયરૂપ મોક્ષ અને તેના કારણ-સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધું જાતે જ સમજીને કે આચાર્ય પાસે સાંભળીને બીજા મુમુક્ષુને શ્રુત-ચારિત્ર ધર્મ કહે. - કેવો ? -

વારંવાર જન્મે તે પ્રજા - ત્રસ સ્થાવર પ્રાણી, તેમને હિતકારી, સદા ઉપકારી ધર્મ સદુપદેશથી કહે. ઉપાદેય બતાવી હવે હેય કહે છે - જે નિંદનીય છે તે મિથ્યાત્વ આદિ કર્મબંધના હેતુઓ છે, નિદાન સહ વર્તે તે સનિદાન. પ્રયોજાય તે પ્રયોગ-વ્યાપાર કે ધર્મકથા પ્રબંધ. તેનાથી મને પૂજા, લાભ આદિ થશે, એવા નિદાન કે આશંસા ચારિત્રમાં વિઘ્નભૂત છે, માટે સુધીર ધર્મા સાધુ તે ન સેવે.

અથવા જે ગર્હિત કે સનિદાન વચનો જેવા કે - કુતીર્થિઓ સાવધાનુષ્ઠાનરત, નિઃશીલા, નિર્વ્રતા આદિ છે, એવા બીજાના દોષ ઉઘાડવા રૂપ મર્મ વેધી વચનો તે સુધીરધર્મીઓ ન બોલે. - વળી -

[૫૭૬] કેટલાંક મિથ્યાદૃષ્ટિ, કુતીર્થિભાવિત, સ્વમત આગ્રહીઓ વિતર્કથી - સ્વમતિ કલ્પનાથી, દુષ્ટ અંતઃકરણવૃત્તિથી અબુદ્ધ એવા કોઈ સાધુ કે શ્રાવક સ્વધર્મ સ્થાપવા, અન્યતીર્થિકને કડવા વચનો કહે, તેને તેવા વચનો ન રુચે, ન સ્વીકારે ત્યારે અતિ કટુ ભાવથી સાધુની હત્યા કરાવે જેમ પાલકે ખંધકાચાર્યની કરાવી. તે ક્ષુદ્રત્વ બતાવે છે—

તે અન્યદર્શની નિંદાવચનથી કોપાયમાન થઈને બોલનારને મારી નાંખે, તેથી - x - ધર્મદેશના પૂર્વે તે પુરુષને જાણવો - આ પુરુષ કોણ છે ? કયા દેવને માને છે ? કોઈ મતનો આગ્રહી છે કે નહીં ? એ જાણીને, તેને યોગ્ય ધર્મદેશના આપે. કેમકે પરવિરોધી વચનથી સાધુને આલોક કે પરલોકમાં મરણાદિ અપકાર પ્રાપ્ત થાય છે. તેથી અનુમાનથી, પરીક્ષા કરી - x - તેમને સાચા ધર્મનું જીવાદિ સ્વરૂપ સ્વ-પર ઉપકાર માટે કહે.

● **સૂત્ર-૫૭૭ થી ૫૭૯ :-**

***ધીર સાધુ કર્મ અને છંદ જાણી ધર્મ કહે, તેમનું મિથ્યાત્વ દૂર કરે, ભયાવહ સ્ત્રીરૂપમાં લુબ્ધ નાશ પામે છે. એ રીતે ત્રસ સ્થાવર જીવોને ઉપદેશ આપે...સાધુ પૂજા -પ્રશંસાની કામના ન કરે, કોઈનું પ્રિય-અપ્રિય ન કરે. સર્વે અનર્થો છોડીને, અનાકુળ-અકસાયી બને...ધર્મનું યથાર્થ સ્વરૂપ જોઈને, બધાં પ્રાણીની હિંસાને તજે. જીવન-મરણનો અનાકાંક્ષી બને તથા માયાથી મુક્ત થઈને વિચરણ કરે - તેમ હું કહું છું.***

● **વિવેચન-૫૭૭ થી ૫૭૯ :-**

[૫૭૭] ધીર-સદ્‌બુદ્ધિ અલંકૃત્ સાધુ દેશના અવસરે ધર્મકથા શ્રવણ કરનારનું અનુષ્ઠાન કે તેના ગુરુ-લઘુકર્મીપણું, તેનો અભિપ્રાય સારી રીતે જાણી લે, જાણીને પર્ષદાને અનુરૂપ જ ધર્મદેશના કરે. જેથી તે શ્રોતાને જીવાદિ પદાર્થનો બોધ થાય અને તેનું મન ન દુભાય, પણ પ્રસન્ન થાય. આ સંદર્ભમાં કહે છે - તેમના અંતઃકરણના અશુભ ભાવો વિશેષે દૂર કરે. તેમનામાં વિશિષ્ટ ગુણોનું આરોપણ કરે. પાઠાંતરથી - અનાદિભવોના અભ્યાસથી લાગેલ મિથ્યાત્વાદિ દૂર કરે અથવા વિષયાસક્તિ દૂર કરે. આ જ વાત કહે છે - નયન મનોહારી સ્ત્રીના અંગ, ઉપાંગ, કટાક્ષાદિ રૂપો જોવાથી અલ્પસત્વી જીવો સદ્ધર્મથી પતિત થાય છે. તે રૂપ ભયાવહ છે તે રૂપાદિ વિષયમાં આસક્ત સાધુની નિંદા થાય, નાક-કાનાદિ કાપીને બુરા હાલ કરે. જન્માંતરે તીર્યંચ-નારકાદિ પીડા સ્થાનમાં તેવા જીવોને વેદના અનુભવવી પડે. આ સમજીને ડાહ્યો સાધુ ધર્મદેશના જ્ઞાતા બીજાનો અભિપ્રાય જાણીને ત્રસ-સ્થાવરને હિતકારી ધર્મ કહે.



[૫૭૮] સાધુએ પૂજા-સત્કારાદિથી નિરપેક્ષ થઈને તપ-ચારિત્રને આરાધવા. વિશેષથી ધર્મદેશનાર્થે આ વાત કહે છે - સાધુ દેશના આપતા વસ્ત્ર, પાત્રાદિ લાભની આકાંક્ષા ન રાખે, આત્મપ્રશંસા ન ઇચ્છે, તથા જે સાંભળનારને પ્રિય એવી રાજકથાદિ વિકથા આદિ અને ઠગવાની કથાદિ ન કહે તથા અપ્રિય અને તે જે દેવતાને માનતો હોય તેની નિંદા ન કહે. રાગદ્વેષરહિતપણે, શ્રોતાના અભિપ્રાયને વિચારી, યથાવસ્થિત સમ્યગ્ દર્શનાદિ ધર્મ કહે. ઉપસંહાર કરે છે - પૂજા, સત્કાર, લાભ અપેક્ષા અને બીજાના દૂષણોને ત્યાગીને કથા કહે. સૂત્રાર્થ સમજીને સાધુ અકષાયી થાય.

[૫૭૯] અધ્યયનનો ઉપસંહાર કહે છે - યાથાતથ્ય - ધર્મ, માર્ગ, સમોસરણ ત્રણે અધ્યયનનો સાર, સૂત્રાનુગત સમ્યક્ત્વ કે ચારિત્ર તેને વિચારતો. સૂત્રાર્થને સારી ક્રિયા વડે પાળતો, સર્વ - x - પૃથ્વીકાયાદિની - x - જીવહિંસાને તજીને, પોતાના પ્રાણ જાય તો પણ યાથાતથ્ય [સાચા] ધર્મને ઉલ્લંઘે નહીં, તે કહે છે - અસંયમ જીવિત કે દીર્ઘાયુષની જીવહિંસાથી ઇચ્છા ન કરે. પરીષહથી પરાજિત કે વેદના સમુદ્‌ઘાતથી હણાઈને, પાણી કે અગ્નિમાં પડીને, જીવપીડા કરતો મરણ ન ઇચ્છે. યાથાતથ્ય જોતો, સર્વ જીવહિંસાથી વિરમી, જીવનમરણ ન ઇચ્છતો સંયમાનુષ્ઠાન આચરે. મોહનીકર્મની માયામાં ન વીંટાતો, સંયમ પાળીને મોક્ષે જાય.

**શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૩ 'યાથાતથ્ય'નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૪ 'ગ્રંથ' ❁

-- x -- x -- x -- x -- x -- x -- x --

● ભૂમિકા :-

તેરમું અધ્યયન કહ્યું, હવે ચૌદમું કહે છે - તેનો સંબંધ આ પ્રમાણે - અનંતર અધ્યયનમાં 'યાથાતથ્ય' - સમ્યક્ ચારિત્ર કહ્યું અને તે બાહ્ય-અભ્યંતર ગ્રંથના પરિત્યાગથી શોભે છે. તે ત્યાગ આ અધ્યયનમાં કહે છે. એ સંબંધે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે. તેમાં ઉપક્રમદ્વાર અંતર્ગત્ આ અર્થ-અધિકાર છે - બાહ્ય અભ્યંતર ગ્રંથને ત્યાગવો. નામનિષ્પન્ન નિક્ષેપમાં આદાનપદથી ગુણનિષ્પન્નત્વથી ગ્રંથ નામ છે—

**[નિ.૧૨૭ થી ૧૩૧-]** ગ્રંથ-દ્રવ્ય, ભાવ બે ભેદોથી ક્ષુલ્લક નૈર્ગ્રન્થ નામે ઉત્તરાધ્યયન સૂત્રમાં અધ્યયન વિસ્તારથી કહેલ છે. અહીં તો દ્રવ્ય-ભાવ ભેદ ભિન્ન ગાંઠ જે તજે છે કે જે શિષ્ય ''આચાર'' આદિ સૂત્ર શીખે તે કહેશે. તે શિષ્ય બે પ્રકારે જાણવો - પ્રવ્રજ્યાથી, શિક્ષાથી. જેને પ્રવ્રજ્યા આપે તે અથવા ભણાવીએ તે બે પ્રકારના શિષ્ય. અહીં શિક્ષાશિષ્યનો - x - અધિકાર છે. પ્રતિજ્ઞાનુસાર કહે છે...જે શિક્ષા ગ્રહણ કરે તે શિષ્ય બે પ્રકારે છે. જેમકે - 'ગ્રહણ' પહેલા આચાર્યાદિ પાસે શિક્ષા - x - લે તે. પછી તે મુજબ અહર્નિશ વર્તે તે ''આસેવન''. એ રીતે ગ્રહણ આસેવન બંને શિક્ષા જાણવી.

તેમાં ગ્રહણપૂર્વક આસેવન એમ કરીને પહેલાં ગ્રહણ શિક્ષા કહે છે - ગ્રહણ શિક્ષા ત્રણ પ્રકારે છે - સૂત્ર, અર્થ, તદુભય [શિષ્ય], સૂત્રાદિ પહેલાં ગ્રહણ કરતા સૂત્રાદિ શિષ્ય થાય છે. હવે ગ્રહણ પછી આસેવન શિક્ષા કહે છે—

યથાવસ્થિત સૂત્રાનુષ્ઠાનના આસેવનાથી શિષ્યના બે ભેદ છે - જેમકે - મૂલગુણોનું પાલન - સારી રીતે મૂલગુણોનું પાલન કરતા તથા ઉત્તરગુણ સંબંધી સમ્યગ્ અનુષ્ઠાન કરતો બે પ્રકારે આસેવન શિષ્ય થાય છે. તેમાં મૂલગુણના પ્રાણાતિપાતાદિ વિરતિને સેવતો પંચ મહાવ્રત ધારવાથી પાંચ પ્રકારે મૂલ-ગુણ આસેવના શિષ્ય થાય છે. ઉત્તરગુણમાં સમ્યક્ પિંડ વિશુદ્ધિ આદિ ગુણોને સેવતો ઉત્તરગુણ આસેવન શિષ્ય બને છે. તે ઉત્તર ગુણો—

પિંડ વિશુદ્ધિ, સમિતિ, ભાવના, બે પ્રકારનો તપ, પડિમા, અભિગ્રહને ઉત્તરગુણ જાણવા. અથવા બીજા ઉત્તરગુણો કરતા સકામનિર્જરાના હેતુરૂપ બાર પ્રકારનો તપ ઉત્તરગુણપણે જાણવો. તેને જે સમ્યગ્ ધારણ કરે, તે આસેવના શિષ્ય થાય છે. શિષ્ય આચાર્ય વિના ન થાય તેથી આચાર્યની નિરૂપણા કરે છે - શિષ્યાપેક્ષાએ આચાર્ય બે પ્રકારે - એક દીક્ષા આપે તે, બીજા ભણાવે તે. એક સૂત્રપાઠ આપે, બીજા દશવિધ ચક્રવાલ સામાચારી શીખવે - સમ્યગ્ અનુષ્ઠાન કરાવે છે. તેમાં સૂત્ર, અર્થ, તદુભય ભેદથી ગ્રહણ કરતા આચાર્ય ત્રણ ભેદે છે. આસેવન આચાર્ય પણ મૂલ-ઉત્તર ગુણ ભેદથી બે પ્રકારે છે. નામનિષ્પન્ન નિક્ષેપો ગયો. હવે સૂત્ર--



● સૂત્ર-૫૮૦ થી ૫૮૩ :-

***પરિગ્રહને છોડીને, શિક્ષા પ્રાપ્ત કરતો, પ્રવ્રજિત થઈને બ્રહ્મચર્ય વાસ કરે, આજ્ઞા પાળીને વિનય શીખે, સંયમ પાલને પ્રમાદ ન કરે...જે રીતે પાંખરહિત પક્ષીનું બચ્ચુ, આવાસમાંથી ઉડવા પ્રયત્ન કરે છે, પણ ઉડી શકતું નથી. એવા તે પંખહીન તરુણનું ઢંક આદિ હરણ કરે છે...એ પ્રમાણે અપુષ્ટધર્મી શિષ્ય ચારિત્રને નિસ્સાર માની નીકળવા ઇચ્છે છે, પાખંડી લોકો તેને પોતાના હાથમાં આવેલ માનીને હરી લે છે...ગુરુકુલમાં ન રહેનાર સંસારનો અંત કરી શકતા નથી, એમ જાણી સાધુ ગુરુકૂળમાં વસે અને સમાધિને ઇચ્છે, ગુરુ વિત્ત પર શાસન કરે છે માટે તે ગુરુકુલ ન છોડે.***

● વિવેચન-૫૮૦ થી ૫૮૩ :-

[૫૮૦] આ પ્રવચનમાં સંસારનો સ્વભાવ જાણીને, સમ્યગ્ ઉત્થાન ઉત્થિત આત્મા, ધન, ધાન્ય, હિરણ્ય, દ્વિપદ, ચતુષ્પદાદિ ગ્રંથને તજીને દીક્ષા લઈને - x - ગ્રહણ, આસેવન રૂપ શિક્ષાને સમ્યગ્ પાળતો, નવ બ્રહ્મચર્ય ગુપ્તિને આશ્રીને બ્રહ્મચર્ય પાળે. અથવા સંયમને સમ્યક્ રીતે પાળે. આચાર્યાદિની આજ્ઞામાં જ્યાં સુધી એકલવિહારી પ્રતિમા ન સ્વીકારે ત્યાં સુધી રહે, તેમના કહેવા પ્રમાણે વર્તે. જેના વડે કર્મ નાશ થાય તે વિનય બરાબર શીખે અને આદરે. તે ગ્રહણ અને આસેવન વડે વિનયને સમ્યક્ રીતે પાળે. તથા જે નિપુણ છે, તે સંયમાનુષ્ઠાનમાં અથવા સદા આચાર્ય ઉપદેશમાં વિવિધ પ્રમાદ ન કરે. જેમ રોગી વૈદ્ય પાસે ચિકિત્સા વિધિ સમજીને તે પ્રમાણે વર્તે તો રોગ શાંત થાય તેમ સાધુ પણ સાવદ્ય ગ્રંથ તજીને, પાપકર્મરૂપ રોગ તજવા દવા રૂપ ગુરુના વચનો માનીને તે પ્રમાણે વર્તતા મોક્ષ પામે છે.

[૫૮૧] જે સાધુ આચાર્યના ઉપદેશ વિના સ્વેચ્છાથી ગચ્છથી નીકળીને એકાકી વિહાર કરે, તે ઘણાં દોષોનો ભાગી થાય. દૃષ્ટાંત-જેમ પક્ષીનું નાનું બચ્ચું - x - જેને પુરી પાંખો ફૂટી ન હોય, તે કાચી પાંખવાળું બચ્ચું, પોતાના માળામાંથી ઉડવાને માટે જરા જેવું ઉડે છે કે પતન પામે છે. - x - તેને ન ઉડતું જોઈ માંસપેશી સમાન જાણી માંસાહારી એવા ઢંક આદિ ક્ષુદ્ર પક્ષીઓ, તે નાશવાને અસમર્થ એવા બચ્ચાને ચાંચમાં ઉપાડીને મારી નાંખે છે.

[૫૮૨] ઉક્ત દૃષ્ટાંતથી કહે છે - x - x - પૂર્વે પાંખ ન ફૂટવાથી અવ્યક્ત કહ્યા તેમ અહીં અપુષ્ટધર્મા શિષ્ય છે. જેમ પક્ષીનું બચ્ચુ પોતાના માળામાંથી નીકળે ત્યારે ક્ષુદ્ર પક્ષી તેનો નાશ કરે છે, તેમ નવદીક્ષિત શિષ્ય સૂત્રાર્થ ન જાણતો - અગીતાર્થ, સમ્યગ્ ધર્મમાં પરિણત ન થયો જાણીને અનેક પાપધર્મી પાખંડી તેને ફસાવે છે. ફસાવીને ગચ્છમાંથી જુદો પાડે છે. પછી વિષયાસક્ત બનાવી, પરલોક ભય દૂર કરી, અમારે વશ છે, એમ માની અથવા ચારિત્રને અસત્ અનુષ્ઠાનથી નિઃસાર માની, પક્ષીના બચ્ચાને ઢંકાદિ પક્ષી હણે તેમ આ પાપધર્મી, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયથી કલુષિત આત્માને કુતીર્થિકો, સ્વજનો કે રાજાદિ અનેકે તેમને હર્યા છે, હરે છે, હરશે.

કેવી રીતે હરે ? પાખંડીઓ આ રીતે અગીતાર્થને ઠગે છે. જેમકે - જૈન દર્શનમાં - અગ્નિ પ્રજ્વાલન, વિષાપહાર, શિખાચ્છેદાદિ ચિન્હો દેખાતા નથી, અણિમાદિ અષ્ટગુણ ઐશ્વર્ય નથી, રાજાદિ માનતા નથી, વળી જૈનાગમમાં અહિંસા કહી, પણ તે જીવાકુલ લોકમાં પાળી ન શકાય. તમારામાં સ્નાનાદિ શૌચ નથી, આવી શઠ ઉક્તિ વડે - x - મુગ્ધ જનને ઠગે છે. સ્વજનાદિ પણ કહે છે - હે આયુષ્યમાન્ ! તારા સિવાય અમારો કોઈ પોષક નથી, તું જ અમારું સર્વસ્વ છે, તારા વિના બધું શૂન્ય છે તથા શબ્દાદિ વિષયોપભોગના આમંત્રણથી સદ્ધર્મથી ભ્રષ્ટ કરે છે. આ પ્રમાણે રાજાદિ પણ જાણવા. આ પ્રમાણે તેને લલચાવી હરે છે.

[૫૮૩] આ પ્રમાણે એકાકી સાધુને ઘણાં દોષો થાય છે, તેથી સદા ગુરુ ચરણમાં રહેવું, તે દર્શાવે છે - ગુરુ પાસે રહેવું. તે યાવજ્જીવ સન્માર્ગ અનુષ્ઠાનરૂપે સાધુ ઇચ્છે છે. તે જ પરમાર્થથી સાધુ છે. જે પ્રતિજ્ઞાનુસાર વર્તે. તે સદા ગુરુ પાસે રહીને સદનુષ્ઠાનરૂપ સમાધિ પાળવાથી થાય, તે સિવાય નહીં, તે બતાવે છે - ગુરુ પાસે ન રહેલ, સ્વચ્છંદ ચાલનાર, સદનુષ્ઠાનરૂપ કર્મ-સમાધિ પ્રતિજ્ઞાનુસાર પાળતો નથી કે કર્મોનો અંત કરતો નથી, એમ જાણીને સદા ગુરુકુલવાસમાં રહેવું, તે વિનાનો બોધ મશ્કરી રૂપ છે. કહ્યું છે કે - ગુરુકુલની ઉપાસના વિના સાધુનું વિજ્ઞાન પ્રશસ્ય થતું નથી, જેમ મોરનું નૃત્ય પશ્ચાદ્ ભાગે જોતાં પ્રશસ્ય ન થાય.

જેમ બકરીના ગળામાં અટકેલને પગના પ્રહારથી મારતા ગુણકારી જોઈને, ગુરુની ઉપાસના ન કરેલ અજ્ઞએ રાણીના ગળામાં ગાંઠ જોઈ લાત મારતા તેણી મૃત્યુ પામી. આ રીતે ગુરુની અનુપાસનાથી ઘણાં દોષો સંસાર વધારનારા થાય છે, એમ સમજી, ગુરુ પાસે મર્યાદામાં રહેવું, તે બતાવે છે - સારી રીતે વર્તીને મુક્તિગમન યોગ્ય સાધુએ રાગદ્વેષરહિત સર્વજ્ઞના અનુષ્ઠાનોને આદરીને, ધર્મકથી કથનથી બીજાને બતાવે - એ રીતે ગુરુકુલવાસ ઘણાં ગુણોનો આધાર છે, તેથી ગચ્છ કે ગુરુ પાસેથી નીકળી સ્વેચ્છાચારી ન થઈશ. આશુપ્રજ્ઞ શિષ્ય ગુરુ પાસે રહીને વિષય-કષાયોથી આત્મા લજ્જા પામે છે, તેમ જાણીને જલ્દીથી આચાર્યના ઉપદેશ વડે સત્ સમાધિમાં પોતાને સ્થાપે.

આ પ્રમાણે દીક્ષા લઈને, નિત્ય ગુરુકુળવાસમાં રહેતો સર્વત્ર સ્થાન, શયનાદિમાં ઉપયોગવાળો થતા જે ગુણો પામે તે કહે છે—

● **સૂત્ર-૫૮૪ થી ૫૮૭ :-**

***જે સ્થાન, શયન, આસન આદિમાં પરાક્રમ કરી ઉત્તમ સાધુવત્ આચરણ કરે તે સમિતિ, ગુપ્તિમાં નિષ્ણાત બનીને, બીજાને તેનું યથાર્થ સ્વરૂપ કહે...અનાશ્રવી સાધુ કઠોર શબ્દો સાંભળીને સંયમમાં વિચરે. ભિક્ષુ નિદ્રા અને પ્રમાદ ન કરે, શંકા થતા તેને નિવારી નિઃશંક બને...બાળ કે વૃદ્ધ, રાત્નિક કે સમવ્રતી દ્વારા અનુશાસિત થવા છતાં જે સમ્યક્ સ્થિરતામાં ન પ્રવેશે તે નીયમાન કરાયા છતાં સંસારનો પાર ન પામે...બાળક, વૃદ્ધ, નાની દાસી અને ગૃહસ્થ દ્વારા આગમાનુસાર અનુશાસિત થાય ત્યારે તે સાધુ - -,***





● **વિવેચન-૫૮૪ થી ૫૮૭ :-**

[૫૮૪] જે સંસારથી ખેદ પામીને દીક્ષા લઈને નિત્ય ગુરુકુલવાસમાં રહીને તથા શયન, આસન, च કારથી ગમન, આગમન, તપ, ચારિત્રાદિમાં પરાક્રમી બનીને સાધુ ઉદ્યુક્ત વિહારથી જે આચારો છે તેનાથી યુક્ત તે સુસાધુયુક્ત છે. સુસાધુ જે સ્થાને કાયોત્સર્ગાદિ કરે ત્યાં સમ્યક્ પડિલેહણાદિ ક્રિયા કરે. કાયોત્સર્ગમાં મેરુવત્ નિષ્પ્રકંપ થઈ શરીરથી નિસ્પૃહ રહે તથા શયન કરતા સંથારો, ભૂમિ અને કાયા પ્રમાર્જે, ગુરુની આજ્ઞા લઈ સુવે, જાગતો હોય તેમ સુવે. આસન પર રહેતા પહેલા પૂર્વવત્ શરીરને સંકોચીને સ્વાધ્યાય-ધ્યાન પરાયણ થઈ સુસાધુ રહે, આ રીતે સુસાધુ ક્રિયાયુક્ત, ગુરુકુલવાસી સુસાધુ થાય. વળી ગુરુકુલવાસે વસતો ઇર્યાદિ પાંચ સમિતિમાં પ્રવિચારરૂપ અને ત્રણ ગુપ્તિમાં પ્રવિચાર-અપ્રવિચાર રૂપે ઉત્પન્ન પ્રજ્ઞાવાળો આગતપ્રજ્ઞ-સ્વયં કરવા - ન કરવાના વિવેકવાળો થાય. ગુરુકૃપાથી સમિતિ-ગુપ્તિનું સ્વરૂપ પોતે સમજીને બીજાને પણ તે કેમ પાળવી તથા તેનું શું ફળ થાય તે બતાવે.

[૫૮૫] ઈર્યાસમિતિયુક્ત જે કરે તે કહે છે - વેણુ, વીણાદિના કાનને મધુર લાગતા શબ્દો સાંભળીને કે ભયાનક કાનમાં ખૂંચે તેવા શબ્દોને સાંભળીને તે સારા-માઠા શબ્દોથી આશ્રવ ન લાવે તે અનાશ્રવ. તેવા શ્રવણમાં આવેલ અનુકૂળ-પ્રતિકૂળ શબ્દમાં રાગદ્વેષરહિત મધ્યસ્થ થઈ સંયમાનુષ્ઠાયી બને. તથા સારો સાધુ નિદ્રા કે પ્રમાદ ન કરે અર્થાત્ શબ્દાશ્રવના નિરોધથી વિષયપ્રમાદ નિષેધ્યો. નિદ્રા નિરોધથી નિદ્રા પ્રમાદ નિષેધ્યો. च વડે વિકથા, કષાયાદિ પ્રમાદ પણ ન કરવો.

આ પ્રમાણે ગુરુકુલવાસથી સ્થાન, શયન, આસન, સમિતિ, ગુપ્તિમાં આગતપ્રજ્ઞ સર્વે પ્રમાદ છોડીને ગુરુના ઉપદેશથી જ ક્યારેક ચિત્તમાં વિકલ્પો થાય તો તેને દૂર કરે. અથવા મેં ગૃહિત પંચ મહાવ્રતનો ભાર દુર્વહ છે, તેને કેમ પાર પામવો ? એવી શંકા ગુરુકૃપાથી દૂર થાય અથવા મનમાં કંઈ શંકા થાય, તો તે બધી ગુરુ પાસે રહેતા દૂર થાય છે અને બીજાઓની શંકાને પણ દૂર કરવા સમર્થ થાય છે.

[૫૮૬] વળી ગુરુ પાસે રહેતા કદાચ પ્રમાદથી ભૂલ કરે ત્યારે વય કે પર્યાયથી નાના તેની ભૂલ માટે રોકે કે વય કે શ્રુતથી અધિક હોય તે શિખામણ આપે, જેમકે - તમારા જેવાએ આવી ભૂલ કરવી અયુક્ત છે તથા પ્રવ્રજ્યા પર્યાય કે શ્રુતાધિક અથવા સમવયસ્ક પ્રમાદથી થયેલ ભૂલ માટે કંઈ કહે ત્યારે ક્રોધિત થાય કે - હું ઉત્તમકુલીન, સર્વજન માન્ય અને મને આ રાંકડા જેવો ધમકાવે, એમ માની - x - મિથ્યાદુષ્કૃત ન આપે, ભૂલ ન સુધારે, ‘‘આવું ફરી નહીં કરું’’ તેવી તેની શિખામણ ન માને પણ ઉલટો જવાબ આપે, - x - એવો તે સાધુ સંસાર શ્રોતથી બહાર કાઢવા શિખામણ આપેલ હોય તો પણ સંસારનો પાર ન પામે. અથવા આચાર્યાદિ વડે સદુપદેશદાનથી પ્રમાદ દૂર કરી મોક્ષમાં લઈ જવા પ્રયત્ન કરે તો પણ તેમ ન કરતા તે સંસારનો પાર ન પામે.

[૫૮૭] સ્વપક્ષની પ્રેરણા બાદ હવે સ્વ-પરની પ્રેરણાને આશ્રીને કહે છે - કુમાર્ગે ચડેલો સાધુ, તેને કોઈ પરતીર્થિક, ગૃહસ્થ કે મિથ્યાદૃષ્ટિએ તે પ્રમાદથી

સ્ખલિત થયેલ સાધુને કહ્યું - તમારા આગમમાં આવું અનુષ્ઠાન કહ્યું નથી, છતાં તમે કેમ આચરો છો ? અથવા સંયમથી પતિત સાધુને, કોઈ બીજા પતિત સાધુએ કહ્યું - અરિહંત પ્રણીત આગમાનુસાર મૂલ-ઉત્તરગુણમાં સ્ખલિતને આગમ બતાવી કહ્યું - આ રીતે ઉતાવળે ચાલવાનું સાધુને જૈનધર્મમાં નથી કહ્યું. અથવા મિથ્યાદષ્ટિ આદિ, નાના શિષ્ય કે વૃદ્ધે કોઈ સાધુના ખોટા આચાર જોઈને શીખામણ આપી. તુ શબ્દથી સમવયસ્કે ધમકાવ્યો હોય. અથવા હલકું કામ કરનાર કે દાસીની પણ દાસી કે જે પાણી ભરનારી હોય તે ભૂલ બતાવે, તો સાધુએ ક્રોધ ન કરવો. કહે છે કે - અત્યંજ અતિ કોપ કરીને ભૂલ બતાવે તો પણ સાધુ સ્વહિતકર માની કોપે નહીં, તો બીજા કોઈ પરત્વે કોપવાનો પ્રશ્ન જ ક્યાં છે ? તેમજ ગૃહસ્થોનો પણ જે ધર્મ, તે ભૂલે તો તેને ઠપકો મળે. - x - મારી ભૂલ બતાવે તેમાં મારું જ કલ્યાણ છે એમ માનતો મનમાં જરા પણ દુભાય નહીં. - તે જ કહે છે -

● સૂત્ર-૫૮૮ થી ૫૯૧ :-

***તેના પર ક્રોધ ન કરે, વ્યથિત ન થાય, કંઈ કઠોર વચન ન બોલે, "હવે હું તેમ કરીશ તે મારે શ્રેયસ્કર છે", એમ સ્વીકારી પ્રમાદ ન કરે...જેમ વનમાં કોઈ માર્ગ ભૂલેલાને કોઈ સાચો માર્ગ બતાવે ત્યારે માર્ગ ભૂલેલો વિચારે કે આ મને જે માર્ગ બતાવે છે, તે મારા માટે શ્રેય છે...તે માર્ગ ભૂલેલા મૂઢે અમૂઢની વિશેષરૂપે પૂજા કરવી જોઈએ. આ ઉપમા વીરે આપી છે, તેનો અર્થ જાણી સાધુ સમ્યક્ સત્કાર કરે...જેમ માર્ગદર્શક પણ રાત્રિના અંધકારમાં ન જોઈ શકવાથી માર્ગ નથી જાણતો, તે સૂર્યોદય થતાં પ્રકાશિત માર્ગ જાણે છે--***

● વિવેચન-૫૮૮ થી ૫૯૧ :-

[૫૮૮] આ રીતે સ્વ કે પર પક્ષે ભૂલ બતાવી હોય ત્યારે આત્મહિત માનતો ક્રોધ ન કરે, તેમ કોઈ દુર્વચનો કહે તો પણ ન કોપે. પણ વિચારે કે - ડાહ્યાને ધમકાવે ત્યારે - તત્ત્વાર્થની વિચારણા કરે, જો તે સત્ય છે તો શા માટે કોપવું, જો તે ખોટું છે, તો કોપવાથી શું ? તથા બીજા પોતાનાથી કોઈ અધમ પણ જૈન માર્ગાનુસારે કે લોકાચારથી બોધ આપ્યો હોય, તો પરમાર્થ વિચારી તેને દંડથી મારે નહીં કે કઠોર વચન ન કહે, પણ વિચારે કે મેં આવું અકાર્ય કર્યુ તો આ મને નિંદે છે ને ? એ પ્રમાણે મધ્યસ્થવૃત્તિથી વર્તે અને મિથ્યાદુષ્કૃતાદિ આપે. મને પ્રેરણા કરી તો સારુ કર્યુ તેમ માને. ફરી પ્રમાદ ન કરે કે અસત્ આચરણ ન કરે.

- આ અર્થનું દૃષ્ટાંત બતાવે છે—

[૫૮૯] મોટી અટવીમાં દિશા ભૂલવાથી કોઈ સત્ માર્ગથી ભ્રષ્ટ થાય, ત્યારે કોઈ દયાળુ, સાચા-ખોટા માર્ગનો જ્ઞાતા. કુમાર્ગ છોડાવીને સર્વ અપાય રહિત સાચા માર્ગને બતાવે; તેમ સારા-ખોટાનો વિવેકી સન્માર્ગ બતાવે ત્યારે તેનો ઉપકાર માનવો અને ભૂલ બતાવે તો કોપવું નહીં, પણ આ મારો ઉપકારી છે, તેમ માનવું. જેમ પુત્રને પિતા સન્માર્ગે ચડાવે તેમ આ મને સન્માર્ગ દેખાડે છે, તે મારા માટે કલ્યાણકારી છે તેમ માને.



[૫૯૦] વળી આ અર્થની પુષ્ટિ કરે છે - x - જેમ તે ભૂલા પડેલા મૂઢને સારા માર્ગે ચડાવનાર તે ભીલ આદિનો સન્માર્ગ દેખાડેલ હોવાથી પરમ ઉપકાર માની વિશેષથી પૂજા કરવી યુક્ત છે, તેમ તીર્થંકરો કે અન્ય ગણધર આદિ પરમાર્થથી પ્રેરણા કરી પરમ ઉપકાર કરનારનું બહુમાન કરતા વિચારવું જોઈએ કે આમણે મને મિથ્યાત્વરૂપ જન્મ, જરા, મરણાદિ અનેક ઉપદ્રવવાળા વનમાંથી સદુપદેશ દાનથી ઉગાર્યો. તેથી મારે આ પરમોપકારીને અભ્યુત્થાન, વિનયાદિથી પૂજવા જોઈએ.

આવા ઘણાં દૃષ્ટાંતો છે—

જેમકે - અગ્નિ જ્વાલાકુલ ઘરમાં બળતા સુતાને કોઈ જગાડે તો તેનો પરમબંધુ છે. વિષયુક્ત સ્નિગ્ધ ભોજન કરનારને કોઈ, તેમાં રહેલ ઝેર છે તે બતાવે, તે તેનો પરમબંધુ જાણવો.

[૫૯૧] આ સૂત્ર વડે બીજું દૃષ્ટાંત કહે છે - જેમ જલયુક્ત વાદળમયી ઘણાં અંધકારવાળી રાત્રિમાં અટવીનો ભોમીયો પણ જાણીતો માર્ગ છતાં અંધકારયુક્ત માર્ગને કારણે પોતાના હાથને પણ ન જોતો, માર્ગ કઈ રીતે શોધે ? તે જ ભોમીયો સૂર્ય ઉગતા, અંધકાર દૂર થતા, પ્રકાશિત દિશામાં પર્વત, ખાડાદિ ઉંચો-નીચો માર્ગ જાણે છે, પ્રત્યક્ષ જણાતા સીધા માર્ગને શોધી લે છે. માર્ગના ગુણ-દોષ જાણી, સમ્યગ્ માર્ગે જાય છે. દૃષ્ટાંતનો મર્મ—

● સૂત્ર-૫૯૨ થી ૫૯૫ :-

***તે જ રીતે - અપુષ્ટધર્મી શિષ્ય, અબુદ્ધ હોવાને લીધે ધર્મ નથી જાણતો, પણ જિનવચનથી વિદ્વાન્ બનતા ઉક્ત દૃષ્ટાંત મુજબ બધું જાણે છે...ઉર્ધ્વ, અધો, તિર્છી દિશામાં જે ત્રસ કે સ્થાવર પ્રાણી છે, તેમના પ્રતિ સદા સંયત રહીને વિચરે, લેશ માત્ર દ્વેષ ન કરે...પ્રજાની મધ્યે દ્રવ્ય અને વિત્તને કહેનાર આચાર્યને ઉચિત સમયે સમાધિના વિષયમાં પૂછે અને કૈવલિક સમાધિને જાણીને તેને હૃદયમાં સ્થાપિત કરે...તેવા મુનિ ત્રિવિધરૂપે સુસ્થિત થઈને તેમાં પ્રવૃત્ત થાય, તેનાથી શાંતિની પ્રાપ્તિ અને કર્મોનો નિરોધ થાય છે. ભગવંત કહે છે કે તે પુનઃ પ્રમાદમાં લિપ્ત થતો નથી.***

● વિવેચન-૫૯૨ થી ૫૯૫ :-

[૫૯૨] જેમ નેતા અંધકારમય રાત્રિમાં ગહન અટવીમાં માર્ગને ન જાણે. પણ સૂર્યોદય થતાં અંધકાર દૂર થવાથી માર્ગ જાણે, તેમ નવદીક્ષિત સૂત્ર અર્થથી અનિષ્પન્ન હોવાથી શ્રુત-ચારિત્ર ધર્મને પુરો ન જાણે કે જે ધર્મ દુર્ગતિમાં પડતા પ્રાણીને અટકાવે છે એવો અપુષ્ટધર્મી, સૂત્રાર્થને ન જાણવાથી અગીતાર્થ, ધર્મને સારી રીતે સમજતો નથી. પણ તે પછીથી ગુરુકુલવાસમાં જિનવચન વડે અભ્યાસથી સર્વજ્ઞ પ્રણીત આગમમાં નિપુણ થઈ, સૂર્યોદય થતાં ચક્ષુના આવરણ દૂર થવાથી યથાવસ્થિત જીવાદી પદાર્થને જાણે છે. કહ્યું છે કે - ઇન્દ્રિયના સંપર્કથી સાક્ષાત્ દેખાતા ઘટ-પટ આદિને જાણે તે રીતે સર્વજ્ઞપ્રણીત આગમથી સૂક્ષ્મ, દૂર રહેલા કે છૂપા એવા સ્વર્ગ, મોક્ષ, દેવતાદિને નિઃશંકપણે જાણે છે. કદાચ ચક્ષુની ક્ષતિથી પદાર્થ બીજી રીતે જણાય, જેમકે -

મારવાડમાં રેતીના રણમાં પાણીની ભ્રાંતિ થાય છે, કેસુડા અંગારા જેવા લાગે છે, પણ સર્વજ્ઞના આગમમાં આવો કોઈ દોષ નથી. કેમકે તેમાં દોષ આવે તો સર્વજ્ઞત્વમાં હાનિ થાય. સર્વજ્ઞના સિદ્ધાંતને અસર્વજ્ઞનો સિદ્ધાંત પ્રતિષેધ ન કરી શકે.

[૫૯૩] શિષ્ય ગુરુકુળવાસથી જિનવચન જ્ઞાતા થાય છે, તે વિદ્વાન્ સમ્યક્ મૂલોત્તર ગુણ જાણે છે. તેમાં મૂળગુણને આશ્રીને કહે છે - ઉર્ધ્વ, અધો, તિર્છી દિશા-વિદિશામાં એમ કહી ક્ષેત્ર આશ્રિત પ્રાણાતિપાત વિરતિ બતાવી. હવે દ્રવ્યથી કહે છે - ત્રાસ પામે તે ત્રસ - અગ્નિ, વાયુ, બેઇન્દ્રિયાદિ. તથા સ્થાવરનામકર્મ ઉદયવર્તી પૃથ્વી, પાણી, વનસ્પતિ તથા તેના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત ભેદો છે. દશવિધ પ્રાણ ધારવાથી પ્રાણી. તેમાં સર્વકાળ-એમ કહીને કાળથી વિરતિ બતાવી. તેમાં જીવની રક્ષા કરતો સંયમ પાળે. હવે ભાવ પ્રાણાતિપાત વિરતિ કહે છે—

સ્થાવર, જંગમ પ્રાણીમાં તેના અપકાર કે ઉપકાર માટે મનથી જરા પણ દ્વેષ ન કરે, તેને કટુ વચન કહેવા કે મારવું તો દૂર રહ્યું, મનથી પણ તેનું અશુભ ન ચિંતવે. સંયમથી ચલિત ન થઈ સદાચારને પાળે. આ રીતે યોગત્રિક, કરણત્રિક વડે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ પ્રાણાતિપાત વિરતિને સમ્યગ્ રીતે રાગદ્વેષરહિતપણે પાળે. એ રીતે બાકીના મહાવ્રતો અને ઉત્તર-ગુણોને ગ્રહણ-આસેવન શિક્ષાથી સમ્યગ્ આરાધે.

[૫૯૪] ગુરુ પાસે રહેતા વિનયને કહે છે - સૂત્ર, અર્થ કે તદુભયમાં પ્રશ્ન પૂછવાના કાળે આચાર્યાદિને અવસર છે તે જાણીને - x - તે પ્રાણીના વિષયમાં ચૌદભૂતગ્રામ સંબંધી વાત કોઈ સારા આચાર કે બોધવાળા આચાર્યને પૂછે. તેમ પૂછે ત્યારે આચાર્યાદિ તેને ભણાવવા યોગ્ય સમજે. ભણાવનાર કેવા હોય ? તે કહે છે - મુક્તિગમન યોગ્ય, ભવ્ય, રાગદ્વેષરહિત, દ્રવ્ય વીતરાગ અથવા તીર્થંકરના અનુષ્ઠાન, સંયમ કે જ્ઞાન અથવા તેમના પ્રણિત આગમને કહેનાર હોય, તે પૂજા વડે માનનીય છે. કેવી રીતે ?

આચાર્યાદિએ કહેલ કાને ધરે તે શ્રોત્રકારી, આજ્ઞાપાલક, આચાર્ય જે જુદુ જુદુ વિવેચન કરે તે ચિત્તમાં ધારી રાખે. શું ધારી રાખે ? સમ્યક્ જાણીને, આ કેવલીએ કહેલ સન્માર્ગ, સમ્યગ્ જ્ઞાનાદિ મોક્ષ માર્ગનું સ્વરૂપ આચાર્યાદિ બતાવે, તે ઉપદેશ, હૃદયમાં વ્યવસ્થિત સ્થાપે.

[૫૯૫] વળી - આ ગુરુકુલવાસમાં રહેતાં જે શ્રુત સાંભળીને સારી રીતે હૃદયમાં સ્થાપીને, અવધારે. તે સમાધિરૂપ મોક્ષમાર્ગમાં સારી રીતે સ્થિર થઈને મન-વચન-કાયાથી, કરવા-કરાવવા-અનુમોદવા વડે આત્માને બચાવે અથવા જીવોને સદુપદેશ આપીને તેનું રક્ષણ કરે તે સ્વ-પર ત્રાયી, આ સમિતિ-ગુપ્તિ આદિ સમાધિમાર્ગમાં રહે તેને શાંતિ થાય છે - x - તથા બધાં કર્મોનો ક્ષય થાય છે, તેને જાણનાર કહ્યો છે.

આવું કોણ કહે છે ? ઉર્ધ્વ, અધો, તિર્છો એ ત્રણ લોકને જોનાર છે તે ત્રિલોકદર્શી - તીર્થંકર, સર્વજ્ઞ. તે ઉક્ત રીતે સર્વ પદાર્થોને કેવળજ્ઞાન વડે જોઇને કહે છે. એ જ સમિતિ-ગુપ્તિવાળો સંસારનો પાર પામવામાં સમર્થ છે, એમ તીર્થંકરે કહ્યું છે. પણ મદ્ય-વિષયાદિ પ્રમાદ સંબંધ ન કરવો.



● **સૂત્ર-૫૯૬ થી ૫૯૯ :-**

***તે ભિક્ષુ અર્થની સમીક્ષા કરીને પ્રતિભાવાન્ અને વિશારદ થઈ જાય છે, તે આદાનાર્થી મુનિ તપ અને સંયમ પામીને, શુદ્ધ નિર્વાહથી મોક્ષ મેળવે છે...જે સમ્યક્ પ્રકારે ધર્મ જાણીને તેની પ્રરૂપણા કરે છે, તે બુદ્ધ કર્મોનો અંત કરે છે, તે પૂછેલા પ્રશ્નોના વિચારીને ઉત્તર આપી પોતાને તથા બીજાને સંસારથી છોડાવે છે, તથા સ્વયં સંસારનો પાર પામે છે...પ્રાજ્ઞ સાધુ અર્થને છુપાવે નહીં, અપસિદ્ધાંત પ્રતિપાદન ન કરે. માન ન કરે, આત્મપ્રશંસા ન કરે, પરિહાસ ન કરે કે આશીર્વચન ન કહે...જીવહિંસાની શંકાથી પાપની ઘૃણા કરે, મંત્રપદોથી ગૌત્રનો નિર્વાહ ન કરે. પ્રજાજનો પાસેથી કોઈ વસ્તુની ઇચ્છા ન કરે કે અસાધુધર્મનો ઉપદેશ ન આપે.***

● **વિવેચન-૫૯૬ થી ૫૯૯ :-**

[૫૯૬] તે ગુરુકુલવાસી ભિક્ષુ દ્રવ્યનું વૃત્તાંત સમજીને સ્વતઃ મોક્ષનો અર્થ સમજીને હેયોપાદેયને સમ્યક્ જાણીને નિત્ય ગુરુકુલવાસથી ઉત્પન્ન પ્રતિભાવાળો થાય છે. તથા સ્વસિદ્ધાંતના સમ્યક્ પરિજ્ઞાનથી શ્રોતાઓને યથાવસ્થિત અર્થોનો પ્રતિપાદક થાય છે. મોક્ષાર્થી જીવ જે આદરે તે આદાન-સમ્યગ્ જ્ઞાનાદિ તેનું જે પ્રયોજન તે આદાનાર્થ, તે જેને હોય તે આદાનાર્થી. એવો તે જ્ઞાનાદિ પ્રયોજનવાળો બાર પ્રકારનો તપ, આશ્રવના રોધરૂપ સંયમ, તે તપ-સંયમ મેળવીને ગ્રહણ આસેવનરૂપ શિક્ષા વડે યુક્ત સર્વત્ર પ્રમાદરહિત, પ્રતિભાવાળો, વિશારદ, ઉદ્ગમાદિ દોષથી શુદ્ધ આહાર વડે પોતાનો નિર્વાહ કરતા બધાં કર્મના ક્ષયરૂપ મોક્ષને મેળવે. પાઠાંતર મુજબ - સ્વકર્મથી પરવશ ઘણાં જીવો મરે છે, તે માર-સંસાર, તે જન્મ, જરા, મરણ, રોગ, શોકથી આકુળ છે, તેમાં શુદ્ધ માર્ગ વડે આત્માને વર્તાવે, જેથી સંસાર ન પામે. અથવા પ્રાણ ત્યાગરૂપ મરણ ઘણી વાર ન પામે. કહે છે કે - સમ્યક્ત્વથી અપતિત સાત-આઠ ભવમાં મોક્ષે જાય.

[૫૯૭] આ પ્રમાણે ગુરુકુલ નિવાસીપણે ધર્મમાં સુસ્થિત બહુશ્રુત પ્રતિભાવાળા અર્થ-વિશારદ થઈ જે કરે તે બતાવે છે - જેના વડે સમ્યક્ કહેવાય તે સંખ્યા એટલે સુબુદ્ધિ, તેના વડે પોતે ધર્મ જાણીને બીજાને યથાવસ્થિત શ્રુત-ચારિત્ર ધર્મ સમજાવે છે અથવા સ્વ-પર શક્તિ જાણીને કે પર્ષદા કે કહેવાનો વિષય બરાબર સમજીને ધર્મોપદેશ કરે છે. આવા પંડિત ત્રણ કાળનું સ્વરૂપ જાણનારા જન્માંતરના સંચિત કર્મોનો અંત કરનારા થાય છે. બીજાના પણ કર્મો દૂર કરાવનારા થાય છે, તે કહે છે—

તે યથાવસ્થિત ધર્મ બતાવનારા સ્વ-પરના કર્મબંધન મુકાવીને સ્નેહાદિ બેડી મુકાવી, સંસાર સમુદ્રથી પાર પામે છે. એવા તે સાધુઓ પૂર્વોત્તર વિરુદ્ધ શબ્દો બોલે છે. તે આ પ્રમાણે - પહેલા બુદ્ધિથી વિચારી આ પુરુષ કોણ છે ? કેવા વિષયને ગ્રહણ કરવા સમર્થ છે ? હું તેને શું સમજાવવા સમર્થ છું ? એમ સમ્યક્ વિચારી ઉપદેશ આપે. અથવા બીજો કોઈ કંઈ વિષય પૂછે, તે પ્રશ્નને બરોબર વિચારીને ઉત્તર આપે.

કહ્યું છે કે - આચાર્ય પાસે સાંભળી, વિચારી ધારેલા અર્થને સંઘ મધ્યે વ્યાખ્યાન આપતાં બંનેને સુખ થાય છે. આ પ્રમાણે તે ગીતાર્થ બરાબર ધર્મકથન કરતા સ્વ-પરનો તારક બને છે.

[૫૯૮] વ્યાખ્યાતા બોલતી વખતે ક્યારેક અન્યથા અર્થ પણ કરે, તેનો નિષેધ કરવા કહે છે-તે પ્રશ્ન સમજાવનાર સર્વ વિષયનો આશ્રય કરેલ હોવાથી રત્નકરંડક સમાન, કુત્રિકાપણ જેવા હોવાથી ચૌદપૂર્વમાં કંઈપણ ભણેલ કે કોઈ આચાર્ય પાસે ભણેલ અર્થવિશારદ કોઈ કારણે શ્રોતા પર કોપેલો હોય તો પણ સૂત્રનો અર્થ ઉલટી રીતે ન કહે, પોતાના આચાર્યનું નામ ન છૂપાવે, ધર્મકથા કરતા અર્થને ન છૂપાવે, આત્મપ્રશંસા માટે બીજાના ગુણોને ઢાંકે નહીં, શાસ્ત્રાર્થને કુસિદ્ધાંતાદિથી ઉલટો ન કહે. તથા હું સમસ્ત શાસ્ત્રવેત્તા, સર્વલોક વિદિત, સર્વ સંશય નિવારનાર છું, મારા જેવો કોઈ નથી, જે હેતુ યુક્તિ વડે અર્થને સમજાવે. એવું પોતે અભિમાન ન રાખે, તેમ પોતાને બહુશ્રુત કે તપસ્વીપણે જાહેર ન કરે. ચ શબ્દથી બીજા પૂજા-સત્કારાદિને પણ તજે તથા પોતે પ્રજ્ઞાવાન્ હોય તો પણ મશ્કરીરૂપ વચન ન બોલે અથવા કોઈ શ્રોતા બોધ ન પામે ત્યારે તેનો ઉપહાસ ન કરે તથા આશીર્વચન જેવા કે - બહુપુત્રા, બહુધની, દીર્ઘાયુ થા, તેમ ન બોલે. ભાષા સમિતિ પાળે.

[૫૯૯] સાધુ આશીર્વાદ કેમ ન આપે ? જીવો તે તેની હિંસાની શંકા થાય, માટે પાપને નિંદતો તે સાવધ આશીર્વચન ન બોલે તથા વાણી, તેનું રક્ષણ કરે તે ગોત્ર-મૌન કે વાક્સંયમ, તેને મંત્રપદ વડે દૂષિત ન કરે - નિઃસાર ન કરે અથવા જીવોનાં જીવિત-રાજાદિના ગુપ્ત ભાષણો વડે રાજાને ઉપદેશ આપવા વડે જીવહિંસા ન કરાવે. કહ્યું છે - રાજાદિ સાથે પ્રાણી-હિંસાકારી ઉપદેશ ન આપે. તથા મનુષ્યો-પ્રાણીને વ્યાખ્યાન કે ધર્મકથા વડે લાભ-પૂજા-સત્કારાદિ ન ઇચ્છે. તથા કુસાધુઓને વસ્તુ દાન આપવા વગેરે ધર્મ ન કહે અથવા અસાધુયોગ્ય ધર્મ ન બતાવે અથવા ધર્મકથા કે વ્યાખ્યાન કરતા આત્મશ્લાઘા ન કરે, પ્રશંસા ન ઇચ્છે.

● **સૂત્ર-૬૦૦ થી ૬૦૩ :-**

***નિર્મળ અને અકષાયી ભિક્ષુ પાપધર્મીનો પરિહાસ ન કરે, અકિંચન રહે, સત્ય કઠોર હોય છે તે જાણે, આત્મહીનતા કે આત્મપ્રશંસા ન કરે...આશુપ્રજ્ઞ ભિક્ષુ અશંકિત ભાવથી સ્યાદ્વાદનું પ્રરૂપણ કરે. ધર્મ સમુત્થિત પુરુષો સાથે મુનિ મિશ્ર ભાષા ન બોલે...કોઈ તથ્યને જાણે છે, કોઈ નહીં. સાધુ વિનમ્ર ભાવથી ઉપદેશ આપે. ક્યાંય ભાષા સંબંધી હિંસા ન કરે, નાની વાતને લાંબી ન ખેંચે...પ્રતિપૂર્ણ ભાષી, અર્થદર્શી ભિક્ષુ સમ્યક્ શ્રવણ કરી બોલે, આજ્ઞા શુદ્ધ વચન બોલે, પાપ વિવેકનું સંધાન કરે.***

● **વિવેચન-૬૦૦ થી ૬૦૩ :-**

[૬૦૦] જેમ બીજાને હાસ્ય ઉત્પન્ન થાય, તેવા શબ્દાદિ ન બોલે કે શરીરના કોઈ અવયવ વડે ચેષ્ટા ન કરે, સાવધ એવા મન-વચન-કાયાના વ્યાપારો ન કરે. જેમકે - આને છેદ, ભેદ તથા કુપ્રાવચનીને મજાક લાગે તેવું ન બોલે. જેમકે - તમારા



વ્રત સારા - કોમળ શય્યામાં સુવું, સવારે રાબ, બપોરે ભોજન, સાંજે પીણું પીવું ઇત્યાદિ - x - બીજાના દોષ ઉઘાડવા જેવા પાપબંધનક શબ્દો હાસ્યમાં પણ ન બોલે. તથા રાગદ્વેષરહિત કે બાહ્ય અભ્યંતર ગ્રંથના ત્યાગથી નિષ્કિંચન થઈ, પરમાર્થથી સત્ય છતાં, બીજાને ક્લેશકારી કઠોર વચનો જ્ઞપરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તજે. અથવા રાગદ્વેષના વિરહથી તેજસ્વી સાધુ, પરમાર્થભૂત અકૃત્રિમ, અવિશ્વાસઘાતક કે જેથી કર્મબંધનો અભાવ છે, અથવા નિર્મમત્વપણાથી તુચ્છ જીવોથી દુઃખે કરીને પળાય તથા જેમાં અંતપ્રાંત આહારથી સંયમ કઠણ છે તેમ જાણે. તથા જાતે જ કોઈ અર્થ વિશેષને જાણીને પૂજા-સત્કારાદિ પામીને ઉન્માદ ન કરે, તથા આત્મશ્લાઘા ન કરે, બીજો ન સમજે તે તેની વિશેષ હેલના ન કરે. વ્યાખ્યાન કે ધર્મકથા અવસરે લાભાદિથી નિરપેક્ષ રહે. તથા હંમેશા અકષાયી સાધુ બને.

- હવે વ્યાખ્યાન વિધિ કહે છે—

[૬૦૧] સાધુ વ્યાખ્યાન કરતો - x - અર્થ કરતાં પોતાને શંકા ન હોવા છતાં, - x - ઉદ્ધતપણું છોડી હું જ આ અર્થનો જાણ છું, બીજો નથી એવું ગર્વનું વચન ન બોલે અથવા પ્રગટ અશંકિત ભાવવાળું વચન હોય તો પણ સામાવાળો શંકિત થાય એવી રીતે ન બોલે. તથા જુદા અર્થના નિર્ણયવાદને કહે અથવા સ્યાદ્વાદ, તે સર્વત્ર અસ્ખલિત, લોકવ્યવહારને વાંધો ન આવે, સર્વમાન્ય થાય, તે રીતે સ્વાનુભાવ સિદ્ધ કહે. અથવા અર્થોને સમ્યક્ પૃથક્ કરીને તે વાદ કહે. તે આ પ્રમાણે—

દ્રવ્યાર્થથી નિત્યવાદ અને પર્યાયાર્થથી અનિત્યવાદ કહે, તથા સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી બધાં પદાર્થો છે, પણ દ્રવ્યાદિથી નથી. કહ્યું છે કે - સાચો પદાર્થ પોતાના દ્રવ્યાદિ ભાવે કોણ ન ઇચ્છે, જો તેમ ન માને તો બધું અસત્ થાય - x - ઇત્યાદિ. વિભજ્યવાદ કહે. વિભજ્યવાદ પણ સત્યભાષા કે અસત્યામૃષા પૂર્વક બોલે. - x - કોઈ પૂછે કે ન પૂછે, તો ધર્મકથા અવસરે કે અન્યદા એ રીતે બોલે, કેવો બનીને ? સત્ સંયમાનુષ્ઠાન વડે ઉત્થિત સારા સાધુઓ, ઉધુક્ત વિહારી સાથે વિચરે. - x - ચક્રવર્તી કે ભિક્ષુક સાથે સમતાથી રાગદ્વેષરહિત થઈ, શોભન પ્રજ્ઞાવાળો બે ભાષામાં સમ્યગ્ ધર્મ કહે.

[૬૦૨] સાધુ એ રીતે બે ભાષા કહેતાં મેધાવીપણાથી તે જ પ્રમાણે તેવા અર્થને કોઈ આચાર્યાદિ વડે કહેવાતા તે જ રીતે સમ્યક્ સમજે છે, પણ બીજો મંદબુદ્ધિપણાથી બીજી રીતે જ સમજે છે. ત્યારે તે સમ્યક્ ન સમજનારને તે-તે હેતુ દૃષ્ટાંત યુક્તિ વડે મેધાવી સાધુ તેને પ્રગટ સમજાવતા - તું મૂર્ખ છે, દોઢડાહ્યો છે એવા કર્કશ વચનો વડે તિરસ્કાર ન કરતા તેને જે રીતે બોધ થાય તેમ સમજાવે. પણ ક્યાંય ક્રોધી થઈને મુખ, હસ્ત, હોઠ, નેત્ર વિકારથી અનાદર કરી તેને દુઃખી ન કરે. તથા તે પ્રશ્ન કરે ત્યારે તેની ભાષા અપશબ્દવાળી હોય તો પણ તેને હે મૂર્ખ ! ધિક્કાર છે, તારા આ અસંસ્કારી, અસંબંદ્ધ વાણીનો શો અર્થ છે ? એમ તિરસ્કાર ન કરે કે - x - તેને વિડંબના ન કરે.

તથા થોડો અર્થ અને લાંબા વાક્ય વડે મોટા શબ્દોથી દેડકાના અવાજ જેવા

- x - આડંબર વાક્યો ન બોલે. અથવા અલ્પકાલીન તે વ્યાખ્યાનને વ્યાકરણાદિ જોડીને લાંબાકાળ વાળું ન કરે. તથા કહ્યું છે - તેવો અર્થ કહેવો કે થોડાં અક્ષરમાં ઘણું કહેવાય, પણ અર્થ થોડો અને વાક્ય લાંબા કહેવા તે અર્થહીન છે. - x - ઇત્યાદિ ચતુર્ભંગી છે. તેમાં જ્યાં અક્ષરો થોડા હોય અને અર્થ મહાન્ હોય તે પ્રશસ્ય છે.

[૬૦૩] વળી થોડા અક્ષરોમાં વિષમ વસ્તુ ન સમજાય તો શોભન પ્રકારે તેના પર્યાય શબ્દો વડે તેનો ભાવાર્થ સમજાવે-કહે, પણ થોડા અક્ષરો કહીને કૃતાર્થ ન માને, પણ જાણવા યોગ્ય ગહન પદાર્થ કહેતા હેતુ-યુક્તિથી શ્રોતાની અપેક્ષાએ પ્રતિ પૂર્ણ ભાષી થાય - x - આચાર્ય આદિ પાસે બરાબર અર્થ સાંભળી-સમજીને શીખે. તેવો જ અર્થ બીજાને કહેનાર જ સમ્યગ્ અર્થદર્શી છે. આવો તે તીર્થંકરના આગમાનુસાર શુદ્ધ, પૂર્વાપર અવિરુદ્ધ નિરવધ વચન બોલતો ઉત્સર્ગને સ્થાને ઉત્સર્ગ અને અપવાદને સ્થાને અપવાદ તથા સ્વ-પર સિદ્ધાંતનો અર્થ જેવો હોય તેવો કહે. આ રીતે બોલતો સાધુ પાપનો વિવેક કરતો લાભ સત્કાર આદિથી નિરપેક્ષ થઈ નિર્દોષ વચન બોલે - ભાષાવિધિ કહે છે—

**● સૂત્ર-૬૦૪ થી ૬૦૬ :-**

***યથોક્તનું શિક્ષણ મેળવે, યતના કરે, મર્યાદા બહાર ન બોલે, એવો ભિક્ષુ જ તે સમાધિને કહેવાની વિધિ જાણી શકે છે...તત્વજ્ઞ ભિક્ષુ પ્રચ્છન્નભાષી ન બને, સૂત્રાર્થને અન્યરૂપ ન આપે, શિક્ષાદાતાની ભક્તિ કરે, જેવો અર્થ સાંભળ્યો હોય, તેવી જ પ્રરૂપણા કરે...તે શુદ્ધ સૂત્રજ્ઞ અને તપસ્વી છે, જે ધર્મનો સમ્યક્ જ્ઞાતા છે, જેનું વચન લોકમાન્ય છે, જે કુશળ અને વ્યક્ત છે, તે જ સમાધિને કહી શકે છે - તે હું કહું છું -***

**● વિવેચન-૬૦૪ થી ૬૦૬ :-**

[૬૦૪] તીર્થંકર, ગણધર આદિ વડે કહેલ યથોક્ત વચનને હંમેશા બરાબર શીખે - ગ્રહણ શિક્ષા વડે સર્વજ્ઞોક્ત આગમને સમ્યગ્ ગ્રહણ કરે અને આસેવન શિક્ષા વડે તેનું યોગ્ય પાલન કરે. બીજાને પણ તે જ પ્રમાણે જણાવે. - x - સદા ગ્રહણ-આસેવન શિક્ષાની દેશનામાં પ્રયત્ન કરે. સદા યત્ન કરતો પણ જે જેનો કર્તવ્યકાળ કે અભ્યાસકાળ હોય, તે વેળાને ઉલ્લંઘીને ન કહે, અધ્યયન કર્તવ્ય મર્યાદાને ન ઉલ્લંઘે કે સત્ અનુષ્ઠાનને પણ ન ઉલ્લંઘે. અવસર મુજબ બધી ક્રિયા એકબીજાને બાધક ન બને તે રીતે કરે.

તે આ પ્રમાણે યથાકાળવાદી તથા યથાકાળચારી બની, યથાવસ્થિત પદાર્થોની શ્રદ્ધા કરતો દેશના કે વ્યાખ્યાન કરતો સમ્યગ્ દર્શનને દૂષિત ન કરે. કહે છે કે - સાંભળનાર પુરુષને જાણીને તેવી રીતે કથન કરવું અને અપ્સિદ્ધાંત દેશનાને છોડીને જેમ જેમ શ્રોતાનું સમ્યકત્વ સ્થિર થાય, તેવું કરે. પણ શંકા ઉત્પન્ન કરીને દૂષણ ન લગાડે. જે આવું સમજે તે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર નામની સમાધિ અથવા સમ્યક્-ચિત્ત વ્યવસ્થાન નામક સમાધિ, જે સર્વજ્ઞે કહી છે, તે સમાધિને સમ્યગ્ રીતે જાણે છે.



[૬૦૫] વળી - સર્વજ્ઞોક્ત આગમને કહેતા અન્યથા કે અપસિદ્ધાંત વ્યાખ્યાન વડે દૂષિત ન કરે. તથા સિદ્ધાંતના અર્થને અવિરુદ્ધ, શુદ્ધ, સર્વજનોના હિતકર વચનને પ્રચ્છન્ન ભાષણ વડે ગોપવે છે. અથવા પ્રચ્છન્ન અર્થો અપરિણિતોને ન કહે. તેવા સિદ્ધાંત રહસ્ય અપરિણત શિષ્યને કુમાર્ગે લઈ જતાં દોષની જ પ્રાપ્તિ થાય. કહ્યું છે કે - બાળ બુદ્ધિવાળા શિષ્યને શાસ્ત્રનું રહસ્ય કહેતા દોષને માટે થાય છે, જેમ તુર્તના આવેલા તાવને ઉતારવા જતાં નુકસાન થાય છે. ઇત્યાદિ.

વળી સ્વમતિ કલ્પનાથી સૂત્રવિરુદ્ધ ન કહે. કેમકે તે સૂત્ર સ્વ-પર રક્ષક છે. અથવા તે સૂત્ર અને અર્થ પોતે જીવોને સંસારથી રક્ષણ કરનાર હોવાથી ઉલટું ન કરે - શા માટે સૂત્ર બીજી રીતે ન કરવું ? - પોતે પરહિતમાં એકાંત રક્ત છે, ઉપદેશક છે, તેના ઉપર જે ભક્તિ - બહુમાન છે તે ભક્તિને વિચારીને - ''મારા આ બોલવાથી કદાચિત્ પણ આગમને બાધા ન થાય'' - એમ વિચારીને પછી વાદ કરે. તથા જે શ્રુત આચાર્યાદિ પાસે શીખ્યો. તેની સમ્યક્ત્વ આરાધનાને અનુવર્તતો બીજાને પણ ઋણમુક્ત કરવા પ્રરૂપણા કરે, પણ સુખશીલીયો બની બેસી ન રહે.

[૬૦૬] અધ્યયનનો ઉપસંહાર કરતા કહે છે - તે સમ્યગ્ દર્શનનો અલૂષક યથાવસ્થિત આગમનો પ્રણેતા, વિચારીને બોલનાર, શુદ્ધ, નિર્દોષ, યથાવસ્થિત વસ્તુની પ્રરૂપણા કરતો, અધ્યયન કહેવા વડે નિર્દોષ સૂત્ર કહે તે શુદ્ધ સૂત્ર છે. તથા તપ-ચરણ જે સૂત્રના આગમમાં કહ્યા છે, તે કરે તે ઉપધાનવાન્ છે. તથા શ્રુત-ચારિત્ર ધર્મને સમ્યક્ જાણે કે જાણતો સમ્યગ્ પ્રાપ્ત કરે. આજ્ઞાથી ગ્રાહ્ય અર્થ જ આજ્ઞા વડે સ્વીકારવો, હેતુથી મનાય તે હેતુથી માનવો અથવા જૈન સિદ્ધાંત સિદ્ધ અર્થ જૈન સિદ્ધાંતમાં બતાવવો અને અન્ય મત સિદ્ધ અર્થ પરમાંથી બતાવવો અથવા ઉત્સર્ગ-અપવાદમાં રહેલ અર્થ તે રીતે જ જેમ હોય તેમ પ્રતિપાદિત કરવો. આવો ગુણસંપન્ન સાધુ માનવા યોગ્ય વચનવાળો થાય તથા આગમ પ્રતિપાદનમાં કુશળ, સદનુષ્ઠાને પ્રગટ અવિચારથી ન કરે, જે આવા ગુણોથી યુક્ત હોય તે સર્વજ્ઞોક્ત જ્ઞાનાદિ કે ભાવ સમાધિને પ્રતિપાદિત કરવા યોગ્ય છે, બીજો કોઈ નહીં.

શેષ પૂર્વવત્, અનુગમ પૂરો થયો, નયો પ્રાગ્વત્ જાણવા.

**શ્રુતસ્કંધ-૧ - અધ્યયન-૧૪ ''ગ્રંથ''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૫ ''આદાનીય'' ❁

-- x -- x -- x -- x -- x -- x -- x --

● **ભૂમિકા :-**

હવે ચૌદમા અધ્યયન પછી પંદરમાંનો આરંભ કરે છે. તેનો સંબંધ આ છે - અનંતર અધ્યયનમાં બાહ્ય-અભ્યંતર ગ્રંથનો ત્યાગ બતાવ્યો. ગ્રંથ ત્યાગથી સાધુ ''આયતચારિત્રી'' થાય છે. તેથી જેવો આ સાધુ સંપૂણ આયત ચારિત્રતા સ્વીકારે છે, તે આ અધ્યયનમાં કહે છે, આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગ દ્વારો છે. તેમાં ઉપક્રમમાં આ અર્થાધિકાર છે. સાધુએ આયતચારિત્રી થવું. નામનિષ્પન્ન નિક્ષેપે **આદાનીય** એ નામ છે. *['આદાન', 'સંકલિકા' અને 'જમતીય' એવા બંને નામો પણ જોવા મળે છે.]* મોક્ષાર્થી સર્વ કર્મક્ષય માટે જે જ્ઞાનાદિ મેળવે છે, તે અહીં કહેવાયા છે, માટે આદાનીય એવું નામ સ્થાપ્યું છે પર્યાયદ્વારથી 'સુગ્રહ' નામ થાય છે, તેથી આદાન શબ્દના અને તેના પર્યાય ગ્રહણ શબ્દના નિક્ષેપા માટે નિર્યુક્તિકાર કહે છે—

**[નિ.૧૩૨ થી ૧૩૬-]** અથવા 'જમતીય' એવું આ અધ્યયનનું નામ છે અને તે આદાનપદ વડે આદિમાં લઈએ તે આદાન. તે જ 'ગ્રહણ' કહેવાય. તે આદાન-ગ્રહણનો નિક્ષેપો કહે છે - કાર્યના અર્થી વડે લેવાય તે આદાન. - x - લઈએ, ગ્રહણ કરીએ, સ્વીકારીએ એ રીતે વિવક્ષા કરીને, આદાનનો પર્યાય 'ગ્રહણ' છે. તે આદાન અને ગ્રહણના નિક્ષેપા બે ચતુષ્કમાં થાય. જેમકે - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આદાન. તેમાં નામ, સ્થાપના ગૌણ છે. દ્રવ્ય આદાન-ધન છે, કેમકે ગૃહસ્થો બધાં કાર્ય છોડી, મહા કલેશથી તે મેળવે છે, તેના વડે દ્વિપદ, ચતુષ્પદાદિ ખરીદે છે.

ભાવાદાન બે ભેદે-પ્રશસ્ત, અપ્રશસ્ત, અપ્રશસ્ત તે ક્રોધાદિ ઉદય કે મિથ્યાત્વ, અવિરતિ આદિ. પ્રશસ્ત તે ઉત્તરોત્તર ગુણશ્રેણિ વડે વિશુદ્ધ અધ્યવસાય પ્રાપ્તિ કે સમ્યગ્ જ્ઞાનાદિ. આ અધ્યયન આ વિષયને જ બતાવે છે. 'ગ્રહણ' ના પણ નામાદિ ચાર નિક્ષેપા છે. તેનો ભાવાર્થ આદાન મુજબ જાણવો. 'ગ્રહણ' શબ્દ નૈગમાદિ નય અભિપ્રાય વડે આદાન પદ સાથે લેતા શક્ર-ઇન્દ્ર માફક એકાર્થક છે. શબ્દાદિ નયથી જુદા-જુદા અર્થ થાય. અહીં 'આદાન' આશ્રિત કથન છે. માટે 'આદાન' નામ રાખ્યું, અથવા જ્ઞાનાદિને આશ્રીને આદાનીય નામ છે.

આદાનીયનું બીજું પ્રવૃત્તિ-નિમિત્ત કહે છે - શ્લોકના પ્રથમ પદ અને પાછલાના છેલ્લા પદ, તે બંનેના શબ્દ, અર્થ, ઉભયથી - x - આદાનીય થાય છે. આદ્યન્ત પદ સદેશત્વથી 'આદાનીય' થાય છે. આ આદાનીય નામની પ્રવૃત્તિનો અભિપ્રાય છે. અથવા અન્ય વિશિષ્ટ જ્ઞાનાદિ આદાનીય રૂપે લીધા છે. કેટલાંક આ અધ્યનના અંત-આદિ પદોનું સંકલન કરવાથી 'સંકલિકા' નામ રાખે છે. તેના પણ નામાદિ ચાર નિક્ષેપા છે. તેમાં દ્રવ્ય સંકલિકા સાંકળ આદિ, ભાવ સંકલિકા-ઉત્તરોત્તર વિશિષ્ટ અધ્યવસાય સંકલન છે, એ જ આ અધ્યયન છે. આદિ અને અંતના પદોનું સંકલન કરે છે.



જેમના મતે - x - આદિમાં પદ તે આદાન છે, તેઓ આદિના ચાર નિક્ષેપ કહે છે. તેમાં નામ, સ્થાપના સુગમ હોવાથી દ્રવ્યાદિને કહે છે. દ્રવ્યનો પરમાણુ આદિનો જે સ્વભાવ છે, પોતાના સ્થાનમાં પ્રથમ થાય, તે દ્રવ્યાદિ. દહીં દ્રવ્ય-દૂધનું બને છે. દહીંની આદિ પરિણતિ સમયે દૂધનો વિનાશ છે. એ રીતે બીજા પરમાણુ દ્રવ્યનો જે પર્યાય પ્રથમ ઉત્પન્ન થાય, તે દ્રવ્યાદિ.

- પ્રશ્ન - દૂધના વિનાશ સમયે જ દહીંની ઉત્પત્તિ કઈ રીતે ઘટે ? - કેમકે ઉત્પાદ અને વિનાશ ભાવ-અભાવરૂપ વસ્તુ ધર્મો છે. ધર્મ ધર્મી વિના રહી ન શકે. ઇત્યાદિ - x - એક જ ક્ષણમાં ધર્મી દહીં-દૂધમાં સત્તા પામે તે જોયું નથી.

- ઉત્તર - આ દોષ અમને ન લાગે જે વાદીઓ ક્ષણભંગુર વસ્તુ માને છે. તેને આ દોષ છે. *[ઇત્યાદિ વાદ-વૃત્તિ આધારે જાણીને તજ્જ્ઞ પાસે સમજવો.]*

હવે ભાવ આદિને આશ્રીને કહે છે - ભાવ એટલે અંતઃકરણની પરિણતિ-વિશેષ. તીર્થંકર, ગણધર બતાવે છે કે - તે આગમથી, નોઆગમથી છે. તેમાં નોઆગમથી પ્રધાન પુરુષાર્થપણે વિચારતા પાંચ પ્રકારે છે - પ્રાણાતિપાત આદિ પાંચે મહાવ્રતોનો સ્વીકારવાનો પ્રથમ સમય આગમથી ભાવ-આદિ આ પ્રમાણે - જે આ ગણિપિટક અથવા બધાનો આધાર તે દ્વાદશાંગી છે. તુ શબ્દથી અન્ય ઉપાંગાદિ લેવા. તે પ્રવચનનું જે આદિ સૂત્ર, સૂત્રનો આદિ શ્લોક, તેનું આદિ પદ, પદનો આદિ અક્ષર એ પ્રમાણે ઘણાં પ્રકારે ભવાદિ છે.

તે બધાં પ્રવચનમાં સામાયિક આદિ છે, તેમાં પણ કરેમિ આદિ છે. બાર અંગોમાં આચારાંગ આદિ છે, તેમાં શસ્ત્રપરિજ્ઞા આદિ છે - x - ઇત્યાદિ. - x - સમજવું. હવે - x - x - સૂત્ર કહે છે—

● **સૂત્ર-૬૦૭ થી ૬૧૦ :-**

***અતીત, વર્તમાન અને ભાવિમાં થનારા બધાંને દર્શનાવરણીયાદિ કર્મનો અંત કરનારા, ત્રાયી પુરુષ પરિપૂર્ણરૂપે જાણે છે...વિચિકિત્સાનો અંત કરનાર, અનુપમ તત્વના જ્ઞાતા, અનુપમ પ્રરૂપક જ્યાં ત્યાં હોતા નથી...જે સ્વાખ્યાત છે, તે જ સત્ય અને ભાષિત છે, સદા સત્ય સંપન્ન બનીને બધાં જીવો સાથે મૈત્રી રાખવી...જીવો સાથે વિરોધ ન કરે, એ સુસંયમીનો ધર્મ છે, સાધુ જગત્‌ના સ્વરૂપને જાણીને શુદ્ધ ધર્મની ભાવના કરે.***

● **વિવેચન-૬૦૭ થી ૬૧૦ :-**

[૬૦૭] આ સૂત્રનો પૂર્વ સૂત્ર સાથે સંબંધ કહેવો, તે આ પ્રમાણે - આદેય વાક્યવાળો કુશલ, પ્રગટ સાધુ તથોક્ત સમાધિ કહેવાને યોગ્ય છે અને જે ભૂત-વર્તમાન-આગામી બધું જ જાણે છે, તે જ કહેવાને યોગ્ય છે, બીજો કોઈ નહીં. પરસ્પર સૂત્ર સંબંધ - જે ભૂત-ભાવિ-વર્તમાન ત્રણ કાળનો જ્ઞાતા છે, તે જ સર્વ બંધનોનો જાણનાર કે તોડનાર આ તત્ત્વ કહી શકે છે, ઇત્યાદિ સંબંધ. - x - સંબંધ બતાવી, હવે સૂત્ર વ્યાખ્યા કહીએ—

જે કંઈ પણ દ્રવ્યજાત હતી - છે - કે થશે, તે બધાનું યથાવસ્થિત સ્વરૂપ

કહેવાથી તે પ્રણેતા છે. યથાવસ્થિત વસ્તુ સ્વરૂપ બતાવવાનું તે પૂરું જ્ઞાન હોય તો થાય, તેથી તેનો ઉપદેશ આપે છે - અતીત - અનાગત-વર્તમાન ત્રણે કાળના ભાવથી દ્રવ્યાદિ ચતુષ્કને સ્વરૂપથી અને દ્રવ્યપર્યાય નિરુપણથી જે માને છે, જાણે છે - x - તે બધું સમજે છે. જાણ્યા પછી વિશિષ્ટ ઉપદેશ દાન વડે સંસાર પાર ઉતારવાથી સર્વે પ્રાણીનો તે રક્ષક બને છે અથવા - x - સામાન્યનો પરિચ્છેદક છે - 'मनुते' પદ વડે તે સર્વજ્ઞ, સર્વદર્શી છે, તેમ કહ્યું - ''કારણ વિના કાર્ય ન થાય'' - તેથી દર્શનાવરણીય કર્મ એમ મધ્યના ગ્રહણથી ઘાતિચતુષ્કનો અંતકર જાણવું.

[૬૦૮] જે ઘાતિ ચતુષ્કના અંતકર છે, તે આવા હોય છે. વિચિકિત્સા-સંશયજ્ઞાન, તેના આવરણના ક્ષયથી-સંશય, વિપર્યય, મિથ્યાજ્ઞાન, અવિપરીત અર્થ પરિચ્છેદથી અંતે વર્તે છે. અર્થાત્ તેમાં દર્શનાવરણીયનો ક્ષય બતાવવાથી જ્ઞાનથી દર્શન જુદું છે, તેમ બતાવ્યું. તેથી ''એક જ સર્વજ્ઞનું જ્ઞાન સામાન્ય અને વિશેષરૂપે વસ્તુમાં છે, તે બંનેને જ્ઞાનની અચિંત્ય શક્તિ હોવાથી તે બંનેના પરિચ્છેદક છે, ''એવો જેમનો મત છે તે મતનું અહીં આચાર્યએ પૃથક્ આવરણક્ષય કહીને ખંડન કર્યુ છે.

જે ઘાતિકર્મનો અંત કરી સંશયાદિ જ્ઞાનને ઉલ્લંઘી સંપૂર્ણ જ્ઞાનને જાણે છે, તે અનન્યસદૃશ જાણે છે, તેને તુલ્ય સામાન્ય-વિશેષ પરિચ્છેદક વિજ્ઞાન વડે જાણનાર કોઈ જ્ઞાની નથી. અર્થાત્ સર્વજ્ઞનું જ્ઞાન સામાન્ય જનના જ્ઞાન તુલ્ય નથી. *[વૃત્તિકારે અહીં મિમાંસક મતનું ખંડન પણ કર્યુ છે, તે વૃત્તિથી જાણવું.]* વળી વાદીઓ કહે છે - સામાન્યથી સર્વજ્ઞના સદ્‌ભાવમાં બીજા હેતુના અભાવથી અરિહંતમાં કેવળજ્ઞાન છે, તે ખાત્રી થતી નથી.

જેમકે - અરિહંત સર્વજ્ઞ છે અને બુદ્ધ નથી, તેનું પ્રમાણ શું ? જો તે બંને સર્વજ્ઞ હોય, તો તેમનામાં ભેદ કેમ છે ? આ શંકા નિવારવા કહ્યું - अनीदृश - તેના જેવા બીજા કોઈ નથી. અરિહંત જેવા જ્ઞાતા બૌદ્ધાદિ દર્શનમાં કોઈ નથી. કેમકે તેઓ દ્રવ્ય-પર્યાયો સ્વીકારતા નથી. જેમકે શાક્યો બધું ક્ષણિક માનીને પર્યાયોને ઇચ્છે છે, પણ દ્રવ્ય માનતા નથી, પણ દ્રવ્ય વિના પર્યાયોનો પણ અભાવ થશે. - x - x - તેથી તે સર્વજ્ઞ નથી.

તે રીતે અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એક સ્વભાવવાળા એકલા દ્રવ્યને માનવાથી, પ્રત્યક્ષ દેખાતા - x - પર્યાયો ન માનવાથી પર્યાયરહિત દ્રવ્યનો પણ અભાવ થતા કપિલ પણ સર્વજ્ઞ નથી. તથા ક્ષીર-ઉદક માફક દ્રવ્યપર્યાય અભિન્ન હોવા છતાં બંનેને ભિન્ન માનતા ઉલુક પણ સર્વજ્ઞ નથી.

અન્યતીર્થિકોના અસર્વજ્ઞત્વથી તેમાંના કોઈ દ્રવ્ય-પર્યાય બંનેનું સ્વરૂપ બતાવનારા નથી, તેથી અરિહંત જ અતીત-અનાગત-વર્તમાન એ ત્રણે કાળના પદાર્થોનું વર્ણન સારી રીતે કરી શકનાર છે, બીજા નહીં.

[૬૦૯] હવે આ કુતીર્થિકોનું અસર્વજ્ઞત્વ અને અરિહંતોનું સર્વજ્ઞત્વ જેવું છે, તે યુક્તિથી બતાવે છે - x - અરિહંતે જીવ, અજીવ આદિ તથા મિથ્યાત્વ, અવિરતિ,



કષાય, પ્રમાદ, યોગને બંધના હેતુ કહી સંસારના કારણ રૂપે તથા સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર-મોક્ષમાર્ગ, એ બધું પૂર્વોત્તર અવિરોધીપણે યુક્તિ વડે સિદ્ધ કર્યુ છે. જ્યારે કુતીર્થિકોએ 'જીવ હિંસા ન કરો' કહીને તેમના આરંભની અનુજ્ઞા આપી છે, તેથી તેમનામાં પૂર્વાપર વિરોધ છે, તે યુક્તિરહિત હોવાથી બરાબર નથી. પણ જિનેશ્વર અવિરુદ્ધ અર્થના ખ્યાતા, રાગ-દ્વેષાદિરહિત હોવાથી જૂઠનાં કારણોનો અસંભવ હોવાથી તે જીવને હિતકારી હોવાથી સત્ય છે, પદાર્થ સ્વરૂપ જાણીને કહ્યું છે.

રાગ આદિ જ જૂઠનાં કારણો છે, જે તેમને નથી, તેથી તેમનું વચન સત્ય અર્થનું પ્રતિપાદક છે. કહ્યું છે - વીતરાગ સર્વજ્ઞ છે, તે મિથ્યા વચન ન બોલે, તેથી તેના વાક્યો સાચા જાણવા. [પ્રશ્ન-] સર્વજ્ઞ સિવાય પણ હેય ઉપાદેય માત્રનું પરિજ્ઞાન થવાથી, તેમના વચનમાં સત્યતા હોય. - x - ?

જૈનાચાર્ય કહે છે - સર્વકાળ અવિતથ ભાષણ - x - સર્વજ્ઞપણામાં જ ઘટે છે, તે સિવાય નહીં - x - x - તેથી સર્વજ્ઞપણું જિનેશ્વરનું જ જાણવું. અન્યથા તેમના વચનનું સદા સત્યપણું ન હોય. અથવા સત્ય સંયમ છે. સત્ તે પ્રાણીઓ છે, તેમનું હિત તે સત્ય છે. એથી તપથી પ્રધાન સંયમ ભૂતાર્થને હિત કરનાર સદા યુક્ત, આ સંયમ ગુણયુક્ત ભગવંત છે. તેઓ પ્રાણીઓના રક્ષણમાં તત્પર હોવાથી ભૂત દયાને પાળે અર્થાત્ પરમાર્થ થકી તે સર્વજ્ઞ છે, જે તત્ત્વદર્શીતાથી સર્વ ભૂતોમાં મૈત્રી ધારણ કરે. કહ્યું છે - જે આત્મવત્ સર્વ જીવોને જાણે તે જ દેખાતો છે.

[૬૧૦] જે રીતે જીવો પરત્વે સંપૂર્ણભાવથી મૈત્રી અનુભવે તે કહે છે - સ્થાવર, જંગમ જીવો સાથે તેનો ઉપઘાતકારી આરંભ કે વિરોધના કારણનો દૂરથી ત્યાગ કરે. તીર્થંકર કે સત્સંયમીનો જીવ-અવિરોધી કે પુણ્ય નામનો સ્વભાવ કહ્યો છે. તે સત્સંયમી કે તીર્થંકર જીવ જગત્‌ને કેવળજ્ઞાનથી અથવા સર્વજ્ઞના આગમના જ્ઞાનથી સમજીને જગત્‌માં કે જિનધર્મમાં ૨૫-પ્રકારની કે ૧૨-પ્રકારની ભાવના સંયમમાં અભિમત છે, જીવ સમાધાનકારી અને મોક્ષકારિણી છે. સદ્‌ભાવનાનો લાભ—

● **સૂત્ર-૬૧૧ થી ૬૧૪ :-**

***ભાવના યોગથી વિશુદ્ધ આત્માની સ્થિતિ જળમાં નાવ સમાન છે, તે કિનારા પ્રાપ્ત નાવની માફક સર્વ દુઃખોથી મુક્ત થાય છે...લોકમાં પાપનો જ્ઞાતા મેધાવી પુરુષ બંધનથી મુક્ત થઈ જાય છે, નવા કર્મના અકર્તાના પાપકર્મો નષ્ટ થઈ જાય છે...જે નવા કર્મનો અકર્તા છે, વિજ્ઞાતા છે, તે કર્મબંધ કરતો નથી, તે જાણીને મહા-વીર જન્મતો કે મરતો નથી...જેને પૂર્વકર્મો નથી, તે મહા-વીર મરતો નથી. જેમ વાયુ અગ્નિને પાર કરી જાય તેમ તે લોકમાં પ્રિય સ્ત્રીઓને પાર કરી જાય છે.***

● **વિવેચન-૬૧૧ થી ૬૧૪ :-**

[૬૧૧] જેનો આત્મા સમ્યક્ પ્રણિધાન લક્ષણ-ભાવના યોગ વડે શુદ્ધ છે, તે તથા દેહ ભિન્ન આત્મા ભાવનાર, સંસાર સ્વભાવને છોડીને, જેમ નાવ જળની ઉપર રહે તેમ સંસારમાં રહે છે. જેમ નાવ જેમ જળમાં ન ડૂબે તેમ શુદ્ધાત્મા પણ સંસારમાં

ડૂબતો નથી. જેમ નાવ ખલાસીથી ચલાવાતી અને અનુકૂળ વાયુથી કિનારે પહોંચે, તેમ આ સાધુ રાગ-દ્વેષ છોડીને પાર પહોંચે. એ રીતે આયત ચારિત્રી જીવરૂપી વહાણ, આગમરૂપ ખલાસી, તપરૂપ વાયુથી સર્વ દુઃખાત્મક સંસારથી મોક્ષ રૂપી કિનારે પહોંચે છે.

[૬૧૨] તે ભાવના યોગ શુદ્ધાત્મા નાવ માફક જલરૂપ સંસારમાં રહેલો મન-વચન-કાયાના અશુભ વ્યાપારોથી છૂટે છે. અથવા સર્વ બંધનોથી મૂકાય છે - સંસારથી દૂર જાય છે. તે મેધાવી કે વિવેકી આ ચૌદરાજલોક અથવા જીવસમૂહ લોકમાં જે કંઈ સાવદ્યાનુષ્ઠાન રૂપ કાર્યો કે આઠ પ્રકારના કર્મો, તેને જ્ઞપરિજ્ઞાથી જાણે, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પરિહરે. તે જ લોક કે કર્મને જાણતો નવા કર્મો ન બાંધતો, આશ્રવદ્વાર બંધ કરીને, તીવ્ર તપાચરણથી પૂર્વસંચિત કર્મોને તોડે છે, સંવર તથા સર્વ નિર્જરા કરે છે.

[૬૧૩] કેટલાંક માને છે કે - કર્મક્ષયથી મોક્ષ થયા પછી પણ પોતાના તીર્થની હાનિ થતી જોઈને ફરી સંસારમાં આવે છે - તેનું સમાધાન-

તે સંપૂર્ણ ક્રિયારહિતને યોગ વ્યાપાર અભાવે - x - નવા કર્મો બંધાતા નથી. કર્મ અભાવે સંસારમાં આગમન કેમ થાય ? - x - તે મુક્તાત્મા રાગદ્વેષ તથા સ્વ-પરની કલ્પનાનો અભાવ છે. સ્વદર્શન હાનિનો આગ્રહ પણ નથી. આવા ગુણવાળો કર્મો, તેના કારણ અને ફળને જાણે છે. કર્મની નિર્જરાને પણ જાણે છે - x - કર્મના પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશને પણ જાણે છે - x - ભગવંતના કર્મનું વિજ્ઞાન, કર્મબંધ, તેનો સંવર અને નિર્જરાનો ઉપાય જાણે છે. આ મહા-વીર કર્મ વિદારવા માટે એવું કરે છે જેથી આ સંસારમાં ફરી જન્મવું ન પડે, મરવું પણ ન પડે. અથવા જાતિ વડે આ નારક છે, તિર્યંચ છે એમ ન મનાય. આ સંસાર ભ્રમણનાં કારણોના અભાવને કહેવાથી જૈનેતર મત - x - નું ખંડન કરીને જણાવ્યું કે સંસારનું સ્વરૂપ જાણીને તેનો અભાવ કરાય છે, કોઈ અનાદિથી સિદ્ધ નથી. - x -

[૬૧૪] કયા કારણે જાતિ આદિથી ઓળખાતો નથી ? આ મહા-વીર સંપૂર્ણ કર્મક્ષયથી જાત્યાદિથી ઓળખાતો નથી, મરતો નથી, જાતિ-જરા-મરણ-રોગ-શોકરૂપ સંસાર ચક્રે ભમતો નથી. કેમકે - જાતિ વગેરે તેને જ હોય, જેને પૂર્વના કર્મો બાકી હોય. પણ જે ભગવંત મહા-વીરને આશ્રવદ્વારના નિરોધથી પૂર્વકૃત્ કર્મો કે તેના ઉપાદાન કારણો વિદ્યમાન નથી. તેના જન્મ-જરા-મરણ સંભવ નથી, આશ્રવોમાં મુખ્ય સ્ત્રી છે, તેથી કહે છે - સતત વહેતો વાયુ અગ્નિજ્વાળાને ઓળંગી જાય છે, તેનાથી પરાભૂત થતો નથી, તેમ મનુષ્ય લોકમાં પ્રિયા-પત્ની દુરતિક્રમ્ય છે, તેમનાથી પણ તે જીતાતો નથી. તેનું સ્વરૂપ જાણીને સ્ત્રીનો જય કરવાથી વિપાક ભોગવવા પડતા નથી.

કહ્યું છે - સ્મિત, ભાવ, મદ, લજ્જા, પરાંગમુખ, કટાક્ષ, વચન, ઈર્ષ્યા, કલહ, લીલા આદિ ભાવોથી સ્ત્રીઓ પુરુષને બંધનરૂપ છે. વળી સ્ત્રીને માટે ભાઈઓ કે સંબંધીમાં ભેદ પડે છે, સ્ત્રી માટે લડીને રાજવંશ નાશ પામ્યા છતાં કામભોગ પ્રાપ્ત થયા નથી. આ પ્રમાણે સ્ત્રીનું સ્વરૂપ જાણી, તેનો જય કરે છે, પણ સ્ત્રીથી જીતાતો નથી. સ્ત્રીને આશ્રવનું દ્વાર કેમ કહ્યું ? જીવહિંસા આદિ આશ્રવ વડે કેમ ન કહ્યું ?



તેનો ઉત્તર આપે છે—

કેટલાંકના દર્શનમાં સ્ત્રી ભોગોને આશ્રવદ્વાર કહેલ નથી. જેમકે - માંસ ભક્ષણમાં, દારુમાં, મૈથુનમાં કોઈ દોષ નથી - x - તેમના મતના ખંડન માટે અથવા મધ્યના તીર્થંકરોમાં ચતુર્યામ ધર્મ છે, અહીં પાંચ યામ ધર્મ છે, તેથી આ અર્થને દર્શાવવા માટે અથવા બીજા મહાવ્રતોમાં અપવાદ છે, ચોથું વ્રત નિરપવાદ છે, તે બતાવવા સ્ત્રી-આશ્રવ કહ્યો. અથવા બધાં વ્રતો તુલ્ય છે, એકના ખંડનથી બધાંની વિરાધના છે માટે કોઈ એકને લઈને ઉપદેશ કર્યો.

હવે સ્ત્રી આશ્રવનો નિરોધ કહે છે—

● **સૂત્ર-૬૧૫ થી ૬૧૮ :-**

***જે સ્ત્રી સેવન કરતા નથી, તે પહેલા મોક્ષગામી થાય છે. બંધનમુક્ત તેઓ જીવનની આકાંક્ષા કરતા નથી...જેઓ ઉત્તમ કર્મોથી મોક્ષની સન્મુખ છે, મોક્ષ માર્ગ પ્રરૂપે છે, તેઓ અસંયમી જીવન છોડીને કર્મોનો ક્ષય કરે છે... આશારહિત, સંયત, દાંત, દૃઢ અને મૈથુન વિરમ પૂજાની આકાંક્ષા કરતા નથી.***

***તે સંયમી, પ્રાણીઓની યોગ્યતાનુસાર અનુશાસન કરે છે...જે છિન્નસ્રોત, નિર્મળ છે તે પ્રલોભનથી લિપ્ત ન થાય. અનાવિલ અને દાંત સદા અનુપમ દશા પ્રાપ્ત કરે છે.***

● **વિવેચન-૬૧૫ થી ૬૧૮ :-**

[૬૧૫] જે મહાસત્વો આ સ્ત્રીપ્રસંગ કટુ વિપાકી છે, એમ જાણી, સ્ત્રીઓને સદ્ગતિના માર્ગમાં વિઘ્નકર્તા, સંસારવીથીરૂપ, સર્વ અવિનયની રાજધાની, કપટથી ભરેલી, મહામોહન શક્તિ જાણી, તેનો સંગ ન ઇચ્છે, આવા લોકો સામાન્યજનથી વિશેષ સાધુ છે, તે રાગદ્વેષરહિત એવા આદિ મોક્ષ કહેવાય. - x - કહ્યું છે - સર્વ અવિનયને યોગ્ય સ્ત્રીનો સંગ જેણે છોડ્યો તે જ આદિ મોક્ષ છે - મોક્ષ માટે ઉદ્યમ કરનારા જાણવા. આદિ શબ્દના પ્રધાનવાચીતાથી તે લોકો માત્ર ઉદ્યમ કરનારા નથી, પણ સ્ત્રીપાશ બંધનથી મુક્ત થયેલા, સર્વ કર્મબંધનથી મુક્ત થવા માટે અસંયમી જીવનની ઇચ્છા કરતા નથી, પરિગ્રહાદિ પણ ઇચ્છતા નથી. અથવા વિષયેચ્છા છોડી, સદનુષ્ઠાન રત થઈ, દીર્ઘ જીવિત ઇચ્છે નહીં.

[૬૧૬] વળી અસંયમજીવિતનો અનાદર કરી કે પ્રાણ ધારણરૂપ જીવિતનો અનાદર કરી, સદનુષ્ઠાન રત બની કર્મનો ક્ષય પામે છે. અથવા સદનુષ્ઠાન વડે જીવિતથી નિરપેક્ષ થઈ, સંસારના અંતરૂપ - મોક્ષને પ્રાપ્ત કરે છે. અથવા સર્વ દુઃખથી મુક્તિરૂપ મોક્ષ ન પ્રાપ્ત થાય તો પણ વિશિષ્ટ અનુષ્ઠાન વડે મોક્ષના સંમુખ રૂપ ઘાતિ ચતુષ્ક ક્ષય ક્રિયા વડે ઉત્પન્ન દિવ્યજ્ઞાનવાળા, શાશ્વત પદને અભિમુખ થયેલા છે.

આવા કોણ છે ? જેમણે પૂર્વે તીર્થંકર નામ કર્મ બાંધેલ છે, કેવળજ્ઞાન પામ્યા છે. સર્વ જીવોના હિત માટે જ્ઞાનદર્શન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ ભવ્ય પ્રાણીઓને બતાવે છે અને પોતે પણ તેવું પાળે છે.

[૬૧૭] અનુશાસન પ્રકારને આશ્રીને કહે છે - વિવેકથી જેના વડે સન્માર્ગે

દોરી શકાય તે અનુશાસન. ધર્મદેશના વડે સન્માર્ગે લઈ જવા. તે બોધ ભવ્ય-અભવ્યાદિ પ્રાણીમાં જેમ પૃથ્વી પર જળ પડે તેમ સ્વ આશયવશ અનેક પ્રકારે છે. જો કે અભવ્યને બોધ, તેને સમ્યક્ ન પરિણમે, તો પણ સર્વ ઉપાયને જાણનાર સર્વજ્ઞને તેમાં દોષ નથી. પણ તે શ્રોતાના સ્વભાવની પરિણતિનો દોષ છે, કે જે અમૃતરૂપ, એકાંત પથ્ય, રાગદ્વેષનાશક વચન તેમને યથાવત્ પરિણમતું નથી.

કહ્યું છે - હે લોકબંધુ ! સદ્ધર્મ બીજ વાવવાના કૌશલ્ય છતાં આપના વચન અભવ્યોને લાભદાયી ન થાય. તેમાં કોઈ આશ્ચર્ય નથી કેમકે સૂર્યના કિરણો - x - x - ઘુવડને દિવસમાં પ્રકાશ આપતા નથી. આ અનુશાસક કેવા છે ? वसु એટલે અહીં મોક્ષ છે, તે પ્રતિ પ્રવૃત્ત સંયમ જેને છે, તે वसुमान. તેઓ દેવાદિકૃત્ અષ્ટ પ્રાતિહાર્ય પૂજાને પામે છે. [પ્રશ્ન] દેવાદિકૃત્ સમોસરણાદિમાં આધાકર્મી દોષ ન લાગે ? ના, કેમકે તેને ભોગવવાનો આશય નથી. માટે અનાશય છે. અથવા દ્રવ્ય થકી ભોગવે પણ ભાવથી ન આસ્વાદે, તેમાં ગૃદ્ધિ નથી, ભોગવવા છતાં એકાંતે સંયમ તત્પર હોવાથી સંયમવાન્ જ છે.

કેવી રીતે ? - ઇન્દ્રિય અને મન વડે દાંત છે, વળી સંયમમાં દૃઢ છે, મૈથુનથી વિરત છે, ઇચ્છા-મદન-કામના અભાવથી સંયમમાં દૃઢ છે, આયતચારિત્રત્વથી દાંત છે. ઇન્દ્રિય-મનના દમનથી સંયમમાં યત્નવાન્ છે, તેથી દેવાદિ પૂજનનો આસ્વાદ ન લેવાથી, દેખીતું દ્રવ્ય ભોગવવા છતાં તેઓ સાચા સંયમવાળા છે.

[૬૧૮] ભગવંત મૈથુનથી કઈ રીતે દૂર છે, તે કહે છે - આ મૈથુન ભુંડ આદિને વધ્યસ્થાને લઈ જવા મુકેલ ભક્ષ્ય સમાન છે. જેમ પશુઓ આ ભક્ષ્યથી લોભાઈને વધ્યસ્થાને આવી વિવિધ વેદના પામે છે તેમ આ જીવો પણ સ્ત્રી સંગ વડે વશ થઈને ઘણી યાતના પામે છે. આવું નીવાર જેવું મૈથુન સમજીને તત્ત્વજ્ઞ સ્ત્રી પ્રસંગ ન કરે.

મૈથુનથી સંસાર શ્રોતમાં અવતરવું પડે, ઇન્દ્રિય વિષયોમાં વર્તતા પ્રાણાતિપાતાદિ આશ્રવ લાગે, આ શ્રોતને છેદવાથી છિન્નશ્રોત છે, તથા રાગદ્વેષરૂપ મલથી રહિત કે વિષયથી અપ્રવૃત્ત છે માટે અનાકુલ છે - સ્વસ્થ ચિત્ત છે, આવા અનાકુળ બનીને, સર્વકાળ ઇન્દ્રિય-મનથી દાંત હોય છે. એ રીતે કર્મનાશ જેવી અનન્ય ભાવસંધિ પામ્યા છે.

● સૂત્ર-૬૧૯ થી ૬૨૨ :-

***અનન્યસદૃશ અને ખેદજ્ઞ, પુરુષ મન-વચન-કાયાથી કોઈ સાથે વિરોધ ન કરે, તે જ પરમાર્થદર્શી છે...જે આકાંક્ષાનો અંત કરે છે, તે મનુષ્ય માટે ચક્ષુ સમ છે. અસ્તરો અંતે ચાલે છે, ચક્ર અંતથી ઘુમે છે...ધીર અંતને સેવે છે, તેથી તે અંતકર છે. તે નર આ મનુષ્ય જીવનમાં ધર્મારાધના કરીને -...મુક્ત થાય છે કે અનુત્તર દેવ થાય છે, તેમ મેં સાંભળેલ છે. મનુષ્ય સિવાયની ગતિમાં આ યોગ્યતા નથી.***

● વિવેચન-૬૧૯ થી ૬૨૨ :-

[૬૧૯] અનન્યસદૃશ સંયમ કે જિનધર્મ, તેમાં જે નિપુણ છે. તેવા અનિદૃશખેદજ્ઞ





કોઈ સાથે વિરોધ ન કરે. સર્વ પ્રાણી સાથે મૈત્રી રાખે. તે યોગત્રિક કરણત્રિકથી દર્શાવે છે - અંતઃકરણથી પ્રશાંતમના, વચનથી-હિતમિતભાષી, કાયાથી દુષ્પ્રણિહિત સર્વકાય ચેષ્ટા રોકીને દૃષ્ટિપૂત પાદચારી થઈ, પરમાર્થથી ચક્ષુષ્માન્ થાય છે.

[૬૨૦] વળી તે નિશ્ચે કર્મવિવર પામેલા અનીદૃશ, નિપુણ, ભવ્ય મનુષ્યોના ચક્ષુ-સારા માઠા પદાર્થોના પ્રગટ કરનારા હોવાથી આંખો જેવા છે. તેઓ ભોગેચ્છા અને વિષયતૃષ્ણાના અંત કરનારા છે. અંત કરીને ઇચ્છિત અર્થને સાધનારા છે, તેનું દૃષ્ટાંત - જેમ અસ્તરો અંતધારથી કાપે છે, ચક્ર-રથનું પૈડુ અંતથી માર્ગમાં ચાલે છે, તે રીતે સાધુ વિષયકષાયરૂપ મોહનીયનો અંત કરી સંસારનો ક્ષય કરે છે.

[૬૨૧] ઉક્ત અર્થને પુષ્ટ કરે છે - વિષય, કષાય, તૃષ્ણાનો નાશ કરવા માટે ઉદ્યાનના એકાંતમાં રહે અથવા અંતપ્રાંતાદિ આહારને વિષયસુખથી નિસ્પૃહો સેવે છે. તેના વડે સંસારનો કે તેના કારણરૂપ કર્મનો ક્ષય કરનાર થાય છે. તે મનુષ્યલોકમાં આર્યક્ષેત્રમાં થાય છે. તે તીર્થંકર જ આવું કરે છે, તેમ નહીં, બીજા પણ મનુષ્યલોકમાં આવેલા સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાત્મક ધર્મ આરાધીને મનુષ્યો કર્મભૂમિમાં જન્મીને - x - સદનુષ્ઠાન સામગ્રી પામીને નિષ્ઠિતાર્થા બને છે.

[૬૨૨] ઉપર કહ્યા મુજબ નિષ્ઠિતાર્થા થાય છે. કેટલાંક પ્રચુર કર્મોથી સમ્યક્ત્વાદિ સામગ્રી છતાં તે ભવે મોક્ષે જતાં નથી. તો પણ વૈમાનિક દેવપણાંને પામે છે. એવું આગમશ્રુત-પ્રવચનમાં કહ્યું છે.

સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે - મેં આ લોકોત્તર ભગવંત પાસે સાંભળ્યું છે કે - સમ્યક્ત્વાદિ સામગ્રી પામીને મનુષ્ય મોક્ષમાં જાય છે કે વૈમાનિક થાય છે આ મનુષ્યગતિમાં જ થાય છે, અન્યત્ર નહીં, તે બતાવે છે - x - મેં તીર્થંકર પાસે સાંભળ્યુ, ગણધરે પોતાના શિષ્યોને કહ્યું કે - મનુષ્ય જ સર્વ કર્મક્ષય કરી સિદ્ધિ ગતિમાં જાય છે, અમનુષ્ય નહીં. આ કથનથી શાક્ય મતનું - x - ખંડન કર્યુ છે. મનુષ્ય સિવાયની ત્રણે ગતિમાં સચ્ચારિત્ર પરિણામ અભાવે મોક્ષમાં ન જાય.

● સૂત્ર-૬૨૩ થી ૬૨૬ :-

***કોઈ કહે છે - મનુષ્ય જ દુઃખોનો અંત કરે છે, કોઈ કહે છે - મનુષ્ય ભવ મળવો દુર્લભ છે...અહીંથી ચ્યુત જીવને સંબોધિ દુર્લભ છે, ધર્માર્થના ઉપદેષ્ટા પુરુષનો યોગ પણ દુર્લભ છે...જે પ્રતિપૂર્ણ, અનુપમ, શુદ્ધ ધર્મની વ્યાખ્યા કરે છે અને તે પ્રમાણે આચરે છે, તેમને ફરી જન્મ લેવાની વાત ક્યાંથી હોય ?...મેધાવી, તથાગત સંસારમાં ક્યાંથી ઉત્પન્ન થાય ! અપ્રતિજ્ઞ તથાગત લોકના અનુત્તર નેત્ર-પથદર્શક છે.***

● વિવેચન-૬૨૩ થી ૬૨૬ :-

[૬૨૩] અમનુષ્યો તેવી સામગ્રીના અભાવે સર્વ દુઃખોનો અંત કરી શકતા નથી. કોઈ વાદી કહે છે - દેવો જ ઉત્તરોત્તર સ્થાન પ્રાપ્તિથી સંપૂર્ણ ક્લેશોનો નાશ કરે છે. જૈનદર્શન એવું માનતું નથી. ભગવંતે ગણધરાદિ સ્વશિષ્યોને કે ગણધરાદિએ કહ્યું છે - x - x - આ જીવને મનુષ્ય જન્મ મળવો ઘણો દુર્લભ છે. કદાચ કર્મવિવરથી

મોક્ષ યોગ્ય મનુષ્ય દેહ મળે. કહ્યું છે કે - ખરજવા કે વીજળીના પ્રકાશ માફક મનુષ્ય જન્મ ક્ષણવારમાં નાશ પામે છે, જેમ અગાધ સમુદ્રમાં પડેલ રત્ન મળતું નથી.

[૬૨૪] આ મનુષ્ય ભવથી કે સદ્ધર્મથી વિધ્વંસ થતા નિષ્પુણ્યને ફરી આ સંસારમાં ભમતા, સમ્યગ્દર્શન પ્રાપ્તિ ઘણી દુર્લભ છે, ઉત્કૃષ્ટથી અપાર્ધ પુદ્ગલ પરાવર્ત કાળે તે થાય છે તથા સમ્યગ્દર્શન પ્રાપ્તિ યોગ્ય લેશ્યા-અંતઃકરણ પરિણતિ અથવા અર્ચા - મનુષ્ય જન્મ - x - આર્યક્ષેત્ર, સુકુલમાં જન્મ, સર્વ ઇન્દ્રિય સામગ્રી આદિ દુર્લભ છે. જીવોને જે ધર્મરૂપ અર્થ બતાવે છે, જે ધર્મ કહેવા યોગ્ય છે. તેથી અર્ચા દુર્લભ છે.

[૬૨૫] જે મહાપુરુષ વીતરાગ - x - સર્વ જગત્‌ને દેખનારા છે, તેઓ પર હિત કરવામાં એકાંત રક્ત છે, તેઓ સર્વ ઉપાધિ રહિત શુદ્ધ, નિર્મળ ધર્મ કહે છે અને પોતે પણ આચરે છે અથવા આયત ચારિત્રના સદ્ભાવથી સંપૂર્ણ યથાખ્યાત ચારિત્રરૂપ, તેવો અનન્યસદૃશ ધર્મ કહે છે અને પાળે છે. આવા અનન્યસદૃશ જ્ઞાન-ચારિત્ર યુક્ત જે સર્વ રાગ-દ્વેષ રહિત પરમ સ્થાનને પામનારને ફરી જન્મવાનું ક્યાંથી હોય ? જન્મ-મરણ રૂપ કથા સ્વપ્નમાં પણ કર્મબીજ અભાવે ક્યાંથી હોય ? કહ્યું છે.

- બીજ અત્યંત બળી ગયા પછી તેમાં અંકુર ન ફૂટે, તેમ કર્મબીજ બળી ગયા પછી તેમાં ભવ અંકુર ન ઉગે.

[૬૨૬] વળી કર્મબીજના અભાવે કેવી રીતે ક્યારેય પણ જ્ઞાન સ્વરૂપ, અપુનરાવૃત્તિમાં ગયેલા તેવા આ સંસારમાં અશુચિમય ગર્ભમાં ઉત્પન્ન થાય ? અર્થાત્ - x - તેવા કર્મોના અભાવે ઉત્પન્ન ન જ થાય. તથા તીર્થંકર, ગણધરને નિદાન બંધનરૂપ પ્રતિજ્ઞા નથી માટે તે અનિદાના-નિરાશંસા છે. જીવોનું હિત કરવામાં ઉધત, અનુત્તર જ્ઞાનથી અનુત્તર, પ્રાણીઓને સારા-ખોટા અર્થ નિરુપણ કરવાથી ચક્ષુ જેવા, હિત પ્રાપ્તિ-અહિત ત્યાગ કરાવનારા એવા સર્વલોકોને લોચન ભૂત એવા તે તીર્થંકર, સર્વજ્ઞો હોય છે.

● **સૂત્ર-૬૨૭ થી ૬૩૧ :-**

***કાશ્યપે તે અનુત્તર સ્થાન બતાવેલ છે, જેના આચરણથી, કોઈ નિર્વૃત્ત થઈને તે પંડિત મોક્ષ પામે છે...જ્ઞાની પુરુષ કર્મને વિદારવા સમર્થ વીર્ય મેળવી પૂર્વકૃત્ કર્મનો નાશ કરે, નવા કર્મને બાંધે...મહા-વીર અનુપૂર્વ કર્મ-રજનો બંધ ન કરે, તે રજ ની સંમુખ થઈને કર્મક્ષય કરી જે મત છે, તે પ્રાપ્ત કરે છે...સર્વ સાધુને માન્ય મત શલ્ય રહિત છે, તેને સાધીને જીવો તર્યા કે દેવ થયા છે...સુવ્રતી, ધીર થયા છે અને થશે, તેઓ સ્વયં દુર્નિબોધ માર્ગનો અંત પ્રગટ કરી તરી જાય છે - તેમ હું કહું છું.***

● **વિવેચન-૬૨૭ થી ૬૩૧ :-**

[૬૨૭] અનુત્તર એવા સ્થાન અર્થાત્ સંયમ છે. તે કાશ્યપ ગોત્રીય વર્ધમાનસ્વામી મહાવીરે કહ્યો છે. તેનું અનુત્તરપણું કહે છે - જે અનુત્તર સંયમ સ્થાનમાં કેટલાંક મહાસત્વીઓ સદનુષ્ઠાન કરીને નિર્વાણને પ્રાપ્ત થયા છે. નિર્વૃત થઈ તેઓ સંસારચક્રનો



અંત કરે છે - પાપથી દૂરત્વ પામ્યા છે. આવું સંયમસ્થાન મહાવીરે કહ્યું છે કે જેને પાળનારા સિદ્ધિને પામ્યા છે [મોક્ષે ગયા છે.]

[૬૨૮] સદસદ વિવેકજ્ઞ કર્મ દૂર કરવા સમર્થ થઈ સંયમ કે તપોવીર્ય પામીને, તે વીર્ય બાકી રહેલા કર્મોની નિર્જરા માટે ફોરવે તે પંડિત વીર્ય છે. આવું વીર્ય સેંકડો ભવે દુર્લભ છે. કોઈ વખત કર્મવિવર મળે તો પૂર્વભવમાં કરેલા અશુભકર્મો તોડવા પ્રયાસ કરે અને નવા કર્મો ન બાંધે - મોક્ષમાં જાય.

[૬૨૯] કર્મ વિદારણ સમર્થ બની આનુપૂર્વીથી મિથ્યાત્વ, અવિરતિ પ્રમાદ, કષાય, યોગથી જે બીજા જીવો કર્મરજ ભેગી કરે છે, તે તેઓ ન કરે. કેમકે જેને પૂર્વની કર્મરજ હોય તે નવી કર્મરજ ભેગી કરે. પણ આ મહાવીરે પૂર્વના કર્મ અટકાવી સત્સંયમ સંમુખ થઈ, સદા દૃઢ રહીને આઠ પ્રકારના કર્મને છોડીને મોક્ષ કે સત્સંયમમાં સન્મુખ થયા.

[૬૩૦] જે મત સર્વે સાધુને ઇચ્છિત છે, તે આ સંયમસ્થાનને બતાવે છે - પાપાનુષ્ઠાન કે તદ્જનિત કર્મને છેદે તે શલ્યકર્તન. તેવું સદનુષ્ઠાન ઉધુક્ત વિહારી થઈ સમ્યક્ આરાધીને ઘણાં સંસાર તરી ગયા. બીજા સર્વ કર્મના ક્ષયના અભાવે દેવો થયા. તેઓ સમ્યક્ત્વ પામી સચ્ચારિત્રી થઈ વૈમાનિકત્વને પામ્યા પામે છે, પામશે.

[૬૩૧] સર્વ ઉપસંહારાર્થે કહે છે - પૂર્વાદિ કાળે ઘણાં કર્મવિદારણ સમર્થ થયા, વર્તમાનકાળે કર્મભૂમિમાં તેવા થાય છે, આગામી અનંત કાળ તેવા સત્સંયમાનુષ્ઠાયી થશે. જેમણે શું કર્યુ ? કરે છે ? કરશે ? તે કહે છે - અતિ દુષ્પ્રાપ્ય જ્ઞાન-દર્શન-ચારિત્ર માર્ગની પરાકાષ્ઠા પામી તે જ માર્ગને પ્રકાશે છે, સ્વત સન્માર્ગ પાળનાર અને બીજાને બતાવીને સંસાર સમુદ્ર તર્યા-તરે છે - તરશે. - x - x -

**શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૫ 'આદાનીય'નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૬ "ગાથા" ❀

— x — x — x — x — x — x — x —

● ભૂમિકા :-

પંદરમું અધ્યયન કહ્યું, હવે સોળમું કહે છે, તેનો સંબંધ આ છે - ગત ૧૫-માં અધ્યયનોમાં જે વિષયો વિધિ-નિષેધ દ્વારથી કહ્યા. તેને તે રીતે આચરતો સાધુ થાય, તે આ અધ્યયન વડે કહે છે. તે વિષયો—

(૧) અધ્યયન-૧-સ્વસમય, પરસમયના જ્ઞાનથી સમ્યક્ત્વી થાય છે.

(૨) અધ્યયન-૨-કર્મ નાશ કરવાના જ્ઞાનાદિ હેતુ વડે આઠ પ્રકારના કર્મો નાશ કરીને સાધુ થાય છે.

(૩) અધ્યયન-૩-અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગોને સહેતો સાધુ થાય છે.

(૪) અધ્યયન-૪-દુર્લભ એવા સ્ત્રી પરીષહનો જય કરે.

(૫) અધ્યયન-૫- નરકની વેદનાથી ખેદ પામી તેને યોગ્ય કર્મોથી વિરમે.

(૬) અધ્યયન-૬-ભગવંત મહાવીરે કર્મક્ષય માટે દીક્ષા લઈ, ચોથું જ્ઞાન પામી સંયમમાં પ્રયત્ન કરી રહ્યા, છદ્મસ્થે પણ તેમ કરવું જોઈએ.

(૭) અધ્યયન-૭-કુશીલનાં દોષ જાણી, તેનો ત્યાગ કરી સુશીલ થવું.

(૮) અધ્યયન-૮-બાલવીર્ય છોડી, પંડિતવીર્ય પામી મોક્ષાભિલાષી થવું.

(૯) અધ્યયન-૯-યથોક્ત ક્ષાંતિ આદિ ધર્મ આચરી સંસારથી મુક્ત થવું.

(૧૦) અધ્યયન-૧૦-સંપૂર્ણ સમાધિવાળો સુગતિમાં જનારો થાય છે.

(૧૧) અધ્યયન-૧૧-સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર માર્ગથી સર્વ કર્મો ક્ષય કરે.

(૧૨) અધ્યયન-૧૨-અન્યતીર્થિકના ગુણ-દોષ વિચારી શ્રદ્ધાવાન્ બને.

(૧૩) અધ્યયન-૧૩-શિષ્યના ગુણ-દોષ જાણી સદ્‌ગુણોમાં વર્તી ક્ષેમ પામે.

(૧૪) અધ્યયન-૧૪-પ્રશસ્ત ભાવગ્રંથ ભાવિતાત્મા તૃષ્ણાથી રહિત થાય.

(૧૫) અધ્યયન-૧૫-જેવી રીતે સાધુ નિર્મળચારિત્રી થાય, તે બતાવે છે.

આ રીતે ઉક્ત અધ્યયનોમાં કહેલા વિષયોને અહીં સંક્ષેપથી જણાવે છે. આ સંબંધથી આ અધ્યયન આવ્યું. તેના ચાર અનુયોગ દ્વારો છે. ઉપક્રમમાં અર્થાધિકાર ઉપર કહ્યા મુજબ છે. નામનિક્ષેપામાં ગાથાષોડશક નામ છે.

[નિ.૧૩૮ થી ૧૪૧-] 'ગાથા'ના નામાદિ ચાર નિક્ષેપો છે. તેમાં નામ, સ્થાપના છોડીને દ્રવ્યગાથા કહે છે - જ્ઞશરીર, ભવ્યશરીર, વ્યતિરિક્ત દ્રવ્યગાથા. તેમાં વ્યતિરિક્ત દ્રવ્યગાથા તે પત્ર, પુસ્તકાદિમાં લખેલી જાણવી. જેમકે - જયવંતા મહાવીર વર્તે છે - x - x - ઇત્યાદિ. અથવા આ ગાથાષોડશ અધ્યયન પત્ર કે પુસ્તકમાં લખેલું હોય તે દ્રવ્યગાથા. હવે ભાવગાથા બતાવે છે—

ભાવગાથા આ પ્રમાણે - જે આ સાકાર ઉપયોગ ક્ષાયોપશમિક ભાવ નિષ્પન્ન ગાથા પ્રતિ વ્યવસ્થિત, તે ભાવગાથા કહેવાય. કેમકે બધાં શ્રુત ક્ષયોપશમિક ભાવે રહેલા છે, ત્યાં અનાકાર ઉપયોગનો અસંભવ છે માટે આમ કહ્યું છે. તેને વિશેષથી કહે છે - તેનું બીજું નામ 'મધુર' છે કેમકે તે સાંભળવું કાનને ગમે છે. ગાથા છંદમાં



રચાયેલી હોઈ મધુર લાગે છે. ગવાય છે કે મધુર અક્ષરોની પ્રવૃત્તિ છે માટે 'ગાથા' કહેવાય છે. - x - x -

બીજી રીતે ગાથાનું સ્વરૂપ બતાવે છે - જોઈતા અર્થો એકઠાં કરીને જેમાં ગુંથ્યા હોય તે ગાથા છે અને સમુદ્ર છંદ વડે રચના થઈ માટે તે ગાથા છે. આ ગાથા શબ્દનો બીજો પર્યાય કહ્યો. તાત્પર્ય એ કે - જે ગવાય છે અથવા જેને ગાય છે અથવા એકત્ર કર્યા છે અર્થો તે અથવા સામુદ્ર છંદ વડે તે ગાથા કહેવાય છે અથવા પોતે વિચારીને નિરુક્તવિધિએ અર્થ કરવો.

હવે પંદર અધ્યયનોનો - x - અર્થ એકીસાથે બતાવે છે - તે બધાંનો ભેગો અવિતથ અર્થ આ સોળમાં અધ્યયનમાં એકીકૃત વચનો વડે ગુંથીને કહ્યો છે, તેથી આ અધ્યયન 'ગાથા' કહેવાય છે તત્ત્વાર્થને આશ્રીને કહે છે - સાધુઓના ગુણોને પૂર્વે પંદર અધ્યયનોમાં કહ્યા હતા, તે આ સોળમામાં એકીકૃત વચનો વડે જે વર્ણન કહે છે તે 'ગાથાષોડશ' નામક અધ્યયન હવે પ્રતિપાદિત કરે છે. નામનિક્ષેપો કહ્યો. - x - x - હવે સૂત્ર કહે છે—

● સૂત્ર-૬૩૨ :-

*ભગવંતે કહ્યું - તે દાંત, દ્રવ્ય, કાયાને વોસિરાવનાર હોય, તેને માહન, શ્રમણ, ભિક્ષુ, નિર્ગ્રન્થ કહેવાય છે. હે ભગવંત ! દાંત, દ્રવ્ય અને વ્યુત્સૃષ્ટકાયને નિર્ગ્રન્થ, બ્રાહ્મણ, શ્રમણ, ભિક્ષુ કેમ કહે છે ? તે બતાવો.*

*— જે સર્વ પાપકર્મોથી વિરત છે, પ્રેમ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિરતિ, માયા-મૃષા, મિથ્યાદર્શનશલ્યથી વિરત, સમિત, સહિત, સદા સંયત, અક્રોધી, અમાની છે માટે માહણ કહ્યા.*

*— એવો તે શ્રમણ અનિશ્રિત, નિદાનરહિત છે. આદાન, અતિપાત, મૃષાવાદ અને પરિગ્રહ [તથા] ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ એવા જે કોઈ આત્મપ્રદોષના હેતુ છે, તે - તે આદાનથી જે પહેલાથી પ્રતિવિરત છે, પ્રાણાતિપાતાદિ નિવૃત્ત, દાંત, વ્યુત્સૃષ્ટકાય તે શ્રમણ કહેવાય છે.*

*— આવો ભિક્ષુ અનુન્નત, વિનિત, નમ્ર, દાંત, દ્રવ્ય, દેહ વિસર્જક છે, તે વિવિધ પરીષહ-ઉપસર્ગોને પરાજિત કરી, અધ્યાત્મયોગ અને શુદ્ધ સ્વરૂપમાં સ્થિત છે. સ્થિતાત્મા, વિવેકી, પરદત્તભોજી છે તે ભિક્ષુ કહેવાય છે.*

*— આવો ભિક્ષુ નિર્ગ્રન્થ - એકાકી, એકવિદ્, બુદ્ધ, છિન્નસ્રોત, સુસંયત, સુસમિત, સુસામયિક, આત્મપ્રવાદ પ્રાપ્ત, વિદ્વાન્, દ્વિવિધ શ્રોત પરિછિન્ન, પૂજા સત્કારનો અનાકાંક્ષી, ધર્માર્થી, ધર્મવિદ્, મોક્ષમાર્ગ પ્રતિ સમર્પિત, સમ્યક્ - ચારી, દાંત, દ્રવ્ય, દેહવિસર્જક છે. તે નિર્ગ્રન્થ કહેવાય છે.*

*તેને એવી રીતે જાણો જેવી રીતે મેં ભગવંતથી જાણ્યું. - તેમ હું કહું છું.*

● વિવેચન-૬૩૨ :-

અથ શબ્દ અંતિમ મંગલાર્થે છે. આદિ મંગલ બુધ્યેત થી જણાવેલ. આદ્યન્ત મંગલથી આખો શ્રુતસ્કંધ મંગલરૂપ છે, એમ જણાવ્યું અથવા પંદર અધ્યયન પછી

તેના સંગ્રહ માટે આ સોળમું અધ્યયન સૂચવે છે.

ભગવંત - ઉત્પન્ન દિવ્ય જ્ઞાનથી દેવ-મનુષ્યની પર્ષદામાં કહે છે - ઉક્ત પંદર અધ્યયનોમાં કહેલ વિષયોથી યુક્ત તે સાધુ ઇન્દ્રિય-મનના દમનથી દાંત છે, મુક્તિગમન યોગ્યતાથી દ્રવ્યરૂપ છે. દ્રવ્ય એટલે ભવ્ય, એમ કહેતા રાગદ્વેષરૂપ કાળાશથી રહિત જાત્ય સુવર્ણવત્ શુદ્ધદ્રવ્યરૂપ છે. નિષ્પ્રતિકર્મતાથી કાયાને તજેલી હોવાથી વ્યુત્સૃષ્ટકાય છે.

તે આવો થઈને પૂર્વોક્ત અધ્યયનના અર્થોમાં વર્તતો સ્થાવર, જંગમ, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત ભેદવાળા જીવોને ન હણવાની પ્રવૃત્તિથી 'માહન' છે. નવ બ્રહ્મચર્ય ગુપ્તિ ગુપ્ત કે બ્રહ્મચર્ય ધારવાથી પૂર્વોક્ત ગુણસમૂહ યુક્ત માહન એટલે બ્રાહ્મણ જાણવો. - તથા -

તપ વડે શ્રમ પામે માટે શ્રમણ છે. અથવા સમ એટલે મિત્રાદિમાં તુલ્ય, મન એટલે અંતઃકરણથી સમન છે. સર્વત્ર વાસી ચંદન જેવો છે. કહ્યું છે કે - તેને કોઈ સાથે દ્વેષ નથી. એ રીતે તે શ્રમણ કે સમમન છે.

તથા ભિક્ષણશીલ હોવાથી ભિક્ષુ છે. અથવા કર્મોને ભેદે તે ભિક્ષુ. તે સાધુને દાંત આદિ ગુણથી યુક્ત હોવાથી ભિક્ષુ જાણવો.

બાહ્ય અભ્યંતર ગ્રંથ [પરીગ્રહ] ના અભાવે નિર્ગ્રન્થ છે.

ભગવંતે જ્યારે ઉપરોક્ત દાંત આદિ ગુણો કહ્યા ત્યારે શિષ્યએ પૂછ્યું કે - હે ભગવન્ ! ભદંત ! ભયાંત કે ભવાંત ! આપે જે દાંત, દ્રવ્ય, વ્યુત્સૃષ્ટ કાય હોય તો બ્રાહ્મણ, શ્રમણ, ભિક્ષુ, નિર્ગ્રન્થ કેમ કહ્યો ? જે ભગવંતે સાધુને બ્રાહ્મણ આદિ શબ્દથી ઓળખાવ્યા, તે હે મહામુનિ ! તમે ત્રણે કાળનું જ્ઞાન ધરાવતા હોવાથી અમને કહો.

આ પ્રમાણે પૂછતાં ભગવંત બ્રાહ્મણાદિ ચારેનો કિંચિત્ ભેદ કહે છે—

એ રીતે પૂર્વોક્ત અધ્યયનના અર્થની વૃત્તિવાળો થઈ, સાવદ્ય અનુષ્ઠાનરૂપ સર્વે પાપકર્મોથી નિવૃત્ત, તથા રાગલક્ષણરૂપ પ્રેમ અને અપ્રીતિલક્ષણ દ્વેષ, કજીયારૂપ કલહ, અભ્યાખ્યાન - ખોટું આળ, પૈશુન્ય - બીજાના ગુણ સહન ન થતાં, તેમના દોષો ઉઘાડા કરવા, પારકી નિંદારૂપ પરપરિવાદ, અરતિ-સંયમમાં ઉદ્વેગ, રતિ-વિષયનો રાગ, પરવંચના થકી અસદ્ અભિધાનરૂપ માયા મૃષાવાદ તેમજ મિથ્યાદર્શન-અતત્ત્વને તત્ત્વ અને તત્ત્વને અતત્ત્વ કહેવું - જેમકે - જીવ નથી, તે નિત્ય નથી, કંઈ કરતો નથી - ભોગવતો નથી, નિર્વાણ-મોક્ષ નથી આ મિથ્યાત્વના સ્થાનો છે - ઇત્યાદિ શલ્ય; તેનાથી વિરત.

તથા ઇર્યાસમિતિ આદિ પાંચ સમિતિથી સમિત, પરમાર્થથી જે સાચું હિત હોય તે સહિત અથવા જ્ઞાનાદિથી યુક્ત તથા સર્વકાળ સંયમ અનુષ્ઠાનમાં યત્ન કરનાર. તે અનુષ્ઠાનોને કષાય કરી નિસ્સાર ન કરે, તે બતાવે છે - કોઈ અપકારી પર પણ ક્રોધ ન કરે - આકૃષ્ટ થઈ ક્રોધવશ ન થાય. ઉત્કૃષ્ટ તપસ્વી હોય તો પણ ગર્વ ન કરે. કહ્યું છે કે - જો કે નિર્જરા-તપમદ છોડવાનું કહ્યું, તેથી આઠે જાતિના મદ



છોડવા જોઈએ - તેને પરિહરવા પ્રયત્ન કરવો. ઉપલક્ષણથી માયા-લોભરૂપ રાગ પણ ન કરવો. ઇત્યાદિ ગુણસમૂહ વાળો સાધુ નિઃશંક 'માહન' કહેવાય.

હવે શ્રમણ શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત બતાવે છે—

પૂર્વોક્ત વિરતિ આદિ ગુણસમૂહમાં વર્તતો શ્રમણ પણ કહેવાય. તેના બીજા ગુણ કહે છે - નિશ્ચય કે અધિકતાથી આશ્રય લે તે નિશ્રિત. નિશ્રિત નથી તે અનિશ્રિત - શરીરમાં ક્યાંય પણ આસક્ત નહીં. જે નિયાણું ન કરે તે અનિદાન - નિરાકાંક્ષી. સર્વ કર્મનો ક્ષય કરી સંયમાનુષ્ઠાનમાં વર્તે. આઠ પ્રકારનાં કર્મો જેના વડે સ્વીકારાય તે આદાન-કષાય, પરીગ્રહ કે સાવદ્યાનુષ્ઠાન.

જીવહિંસા તે પ્રાણાતિપાત. તેને જ્ઞપરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પરિહરે. આ પ્રમાણે બધે પાપ-ત્યાગ સમજવો.

તથા જૂઠું બોલવું તે મૃષાવાદ. બહિદ્ધ એટલે મૈથુન અને પરિગ્રહ. તેને સમ્યક્ રીતે જાણીને ત્યાગ કરવો. મૂલગુણ કહ્યા, ઉત્તરગુણને કહે છે. ક્રોધ - અપ્રીતિલક્ષણ, માન-અહંકાર, માયા-ઠગાઈ, લોભ-મૂર્છારૂપ. પ્રેમ-આસક્તિ, દ્વેષ-સ્વપર બાધારૂપ ઇત્યાદિ સંસાર ભ્રમણ માર્ગ અને મોક્ષ માર્ગમાં વિઘ્ન જાણીને તજે તથા કર્મબંધનના કારણો આલોક-પરલોકમાં અનર્થના હેતુ તથા દુઃખ અને દ્વેષ વધવાના કારણરૂપે જાણે. તેથી પ્રાણાતિપાતાદિ અને અનર્થદંડ આવવાથી ભવિષ્યમાં આત્મહિતને ઇચ્છતા પ્રતિવિરત થાય - બધાં અનર્થના હેતુરૂપ ઉભયલોકનું બગાડનાર સમજીને મુમુક્ષુ સાવદ્યાનુષ્ઠાનથી બચે. આવો સાધુ દાંત, શુદ્ધ, દ્રવ્યભૂત, નિષ્પ્રતિકર્મથી વ્યુત્સૃષ્ટકાય-વાળો શ્રમણ જાણવો.

હવે ભિક્ષુ શબ્દ વિશે કહે છે - પૂર્વોક્ત 'માહન' શબ્દમાં કહેલ ગુણો અહીં પણ કહેવા, બીજા ગુણો આ પ્રમાણે - ઉન્નત નથી તે દ્રવ્યથી - તે શરીરથી ઉંચો ભાવ ઉન્નત તે અભિમાની. તે માનના ત્યાગથી તપ-મદ ન કરવો. વિનીત-ગુરુભક્તિવાળો, તે ગુરુ આદિની આજ્ઞા પ્રમાણે વર્તે. આત્માને નમાવે તે નામક - સદા ગુરુ આદિમાં પ્રેમ રાખે. વિનયથી આઠ પ્રકારના કર્મોનો નાશ કરે, વૈયાવચ્ચથી પાપ દૂર કરે.

તથા ઇન્દ્રિય અને મનથી દાંત, શુદ્ધ દ્રવ્યભૂત, નિષ્પ્રતિકર્મતા થકી દેહમમત્ત્વ છોડી જે કરે તે કહે છે - વિવિધ અનુકૂળ-પ્રતિકૂળ બાવીશ પરીષહો તથા દેવાદિના ઉપસર્ગોને દૂર કરે - સમ્યક્ સહી તેના વડે અપરાજિત રહે. સુપ્રણિહિત અંતઃકરણથી ધર્મધ્યાન વડે જેનું ચારિત્ર શુદ્ધ છે, તે 'શુદ્ધાદાન' થાય. તથા શ્રેષ્ઠ ચારિત્રમાં ઉધમ વડે સ્થિત તથા મોક્ષમાર્ગમાં રહીને પરીષહ-ઉપસર્ગો વડે પણ અસ્થિર ન થયેલ તેવો 'સ્થિતાત્મા' તથા સંસારની અસારતા જાણીને, કર્મભૂમિમાં બોધિ પ્રાપ્તિને દુર્લભ સમજીને, સંસાર પાર ઉતરવાની બધી સામગ્રી મળવાથી સારા સંયમમાં ઉધત, ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલ આહાર, જો તે આપે તો લેનાર એવો પરદત્તભોજી થાય. આવા ગુણવાળો ભિક્ષુ કહેવાય. - હવે જે ગુણોથી નિર્ગ્રન્થ થાય તે કહે છે —

રાગદ્વેષરહિત એકલો, તેજસ્વી અથવા આ સંસારચક્રમાં ભમતો જીવ, સ્વકૃત્

સુખદુઃખ ભોગવતો એકલો જ પરલોક ગમન કરનારો સદા એકલો જ હોય છે તથા ઉધત વિહારી દ્રવ્યથી-ભાવથી એકલો જ હોય - x - આ આત્મા એકલો જ પરલોકગામી, એકવિદ્ હોય છે. તે જાણે છે કે - મને દુઃખમાં રક્ષણ કરનાર કોઈ સહાયક નથી તેથી એકવિદ્ કહ્યો. અથવા એકાંતથી સંસારનો સ્વભાવ જાણીને જિનેન્દ્રનું શાસન જ સાચું છે, બીજું નહીં એ રીતે એકાંતવિદ્ છે અથવા એક જ મોક્ષ કે સંયમ તેને જાણે છે. બુદ્ધ-તત્ત્વ જાણેલો. કર્માશ્રવદ્વારોને સંવરીને ભાવસ્રોતનો છેદનાર તે છિન્નસ્રોત. કાચબાની જેમ શરીરને સંકોચી નિરર્થક કાયક્રિયા રહિત એવો સુસંયત, પાંચ સમિતિથી સમિત-જ્ઞાનાદિ મોક્ષમાર્ગ પ્રાપ્ત એવો સુસમિત. શત્રુ-મિત્રમાં સમભાવથી સુસામાયિક.

આત્મા, જે ઉપયોગ લક્ષણવાળો છે, અસંખ્યેય પ્રદેશાત્મક છે, સંકોચ-વિકોચ થનાર, સ્વકૃત ફળ ભોગવનાર છે. પ્રત્યેક-સાધારણરૂપે રહેલ, દ્રવ્યથી નિત્ય પર્યાયથી અનિત્ય આદિ અનંત ધર્માત્મક વાદને પ્રાપ્ત તે આત્મવાદપ્રાપ્ત અર્થાત્ સમ્યગ્ યથાવસ્થિત આત્મતત્ત્વ જાણનાર. તથા સર્વ પદાર્થોને જાણનાર, પણ પદાર્થને વિપરીત ન જોનાર વિદ્વાન. કેટલાંક મતવાળા કહે છે - એક જ આત્મા સર્વ પદાર્થના સ્વભાવથી વિશ્વવ્યાપી છે અથવા ચોખા જેટલો કે અંગુઠાના પર્વ સમાન છે, તેવા ભ્રામક મતનું અહીં ખંડન કરેલ છે. કેમકે તેવા આત્માના પ્રતિપાદકના પ્રમાણનો અભાવ છે. તથા દ્વિધા-દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યસ્રોત એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયમાં સ્વ પ્રવૃત્તિ અને ભાવસ્રોત એટલે અનુકૂળ-પ્રતિકૂળ શબ્દાદિમાં રાગ-દ્વેષથી ઉત્પન્ન સ્રોતોને સંવૃત્ત ઇન્દ્રિયતાથી અને રાગદ્વેષ અભાવથી છેદી નાંખ્યા છે, તે પરિચ્છિન્ન સ્રોત છે.

તથા પૂજા સત્કારના લાભાર્થી નહીં, પણ નિર્જરાના હેતુથી સર્વ તપ-ચરણાદિ ક્રિયાને કરનાર છે, તે બતાવે છે - શ્રુતચારિત્રરૂપ ધર્મ, તેના જ પ્રયોજનવાળો તે ધર્માર્થી. અર્થાત્ પૂજાદિ માટે ક્રિયામાં ન પ્રવર્તે પણ ધર્માર્થે પ્રવર્તે તે ધર્માર્થી. કેમકે ધર્મ અને તેના યથાવત્ ફળ એવા સ્વર્ગ અને મોક્ષને સારી રીતે જાણે છે. ધર્મને સમ્યગ્ જાણીને શું કરે ?

મોક્ષમાર્ગ કે સત્સંયમને સર્વથા ભાવથી સ્વીકારે તે નિયાગપ્રતિપન્ન. તે જે કરે તે કહે છે - સમિત એટલે સમતા, સમભાવરૂપ - વાંસળા અને ચંદનમાં સમભાવ રાખે. - કેવો થઈને ? દાંત, દ્રવ્યભૂત, વ્યત્સૃષ્ટ કાયથી. આવા ગુણવાળો થઈને પૂર્વોક્ત માહન, શ્રમણ, ભિક્ષુના ગુણવાળો જે હોય તે નિર્ગ્રન્થ છે. તે માહન આદિ શબ્દો નિર્ગ્રન્થ શબ્દની પ્રવૃત્તિ નિમિત્તમાં એકસરખા છે. આ બધાં શબ્દો કંઈક ભેદવાળા છતાં એકસમાન છે.

હવે ઉપસંહાર કરતા - સુધર્માસ્વામી જંબૂસ્વામી આદિને ઉદ્દેશી કહે છે - મેં જે તમને કહ્યું તે એ પ્રમાણે જ જાણવું. મારા વચનમાં વિકલ્પ કરવો નહીં, કેમકે મેં સર્વજ્ઞની આજ્ઞાથી કહ્યું છે. સર્વજ્ઞ ભગવંતો પરહિતમાં રક્ત ભયથી રક્ષણ કરનાર, રાગ-દ્વેષ મોહમાંના કોઈપણ કારણના અભાવથી તેઓ જૂઠું ન બોલે. તેથી મેં



શરૂઆતથી જે કહ્યું તે એ પ્રમાણે જ જાણવું.

इति - સમાપ્તિ માટે છે, ब्रवीमि - પૂર્વવત્ છે, અનુગમ કહ્યો. હવે નયો કહે છે, તે નૈગમાદિ સાત છે. નૈગમને સામાન્ય-વિશેષરૂપે સંગ્રહ અને વ્યવહારમાં ગણતા છ નય છે. સમભિરૂઢ અને ઇત્થંભૂત એ બંનેને શબ્દ નયમાં ગણતા નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ એ પાંચ નયો થાય. નૈગમને ભેગો લેતા ચાર નય થાય. વ્યવહારને સામાન્ય-વિશેષરૂપે લઈએ તો તેનો સંગ્રહ અને ઋજુસૂત્રમાં સમાવેશ થતા સંગ્રહ, ઋજુસૂત્ર અને શબ્દ એ ત્રણ નય થાય. તેનો દ્રવ્ય અને પર્યાયમાં સમાવેશ થતાં દ્રવ્યાસ્તિકાય અને પર્યાયાસ્તિકાય નામક બે નય થાય છે. અથવા બધાંનો જ્ઞાન અને ક્રિયામાં સમાવેશ થતાં જ્ઞાન અને ક્રિયા બે નયો થાય. તેમાં જ્ઞાનનયમાં જ્ઞાન જ મુખ્ય છે, ક્રિયાનયમાં ક્રિયાની મુખ્યતા છે.

નયોને નિરપેક્ષ માનતાં મિથ્યાત્વ છે અને જ્ઞાન-ક્રિયાને પરસ્પર અપેક્ષાવાળા માને તો મોક્ષના અંગરૂપ થવાથી બંનેનું પ્રધાનપણું છે. તે બંને સત્ ક્રિયા યુક્ત સાધુને હોય છે. કહ્યું છે કે - જ્યાં જેની મુખ્યતા હોય ત્યાં તેને લેવો, પ્રધાનપણું ન હોય ત્યાં ગૌણ રાખવું તેનું નામ નય. બધાં નયોનું ઘણાં પ્રકારનું વક્તવ્ય જાણીને સર્વનયથી વિશુદ્ધ જે તત્ત્વ તે ચરણ ગુણયુક્ત સાધુ પાળે.

શ્રુતસ્કંધ-૧ અધ્યયન-૧૬ ''ગાથા''નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

##卐 શ્રુતસ્કંધ-૧ ટીકાસહિત અનુવાદ પૂર્ણ 卐

— x — x — x —

## 卐 શ્રુતસ્કંધ-૨ 卐

*"સૂયગડ" નામક આ બીજું અંગ સૂત્ર છે. જેમાં બે શ્રુતસ્કંધો છે. પહેલા શ્રુતસ્કંધમાં-૧૬-અધ્યયનો અને બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયનો છે. એ રીતે "સૂયગડ"માં ૨૩-અધ્યયનો છે. આ સૂત્રને સંસ્કૃતમાં સૂત્રકૃત કહે છે. તેના પર શ્રી શીલાંકાચાર્યકૃત્ વૃત્તિ છે. જેનો અહીં ગુજરાતી અનુવાદ કરેલ છે. તે સિવાય ચૂર્ણિ, દીપિકા આદિ પણ પ્રાપ્ત થાય જ છે. ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી કૃત્ નિર્યુક્તિની વૃત્તિ તો પ્રસ્તુત વૃત્તિમાં વણી લીધેલ હોવાથી તેનો અનુવાદ પણ અહીં સામેલ કરાયેલ જ છે. અમારા આ "આગમ સટીક અનુવાદ" શ્રેણીમાં ભાગ-૩માં શ્રુતસ્કંધ-૧-ના અધ્યયન-૧ થી ૧૧ લીધા હતા અને આ ચોથા ભાગમાં અધ્યયન-૧૨ થી ૧૬ તથા શ્રુતસ્કંધ-૨-નો ટીકા સહિતનો અનુવાદ રજૂ કરેલ છે.*

● ભૂમિકા :-

પહેલા શ્રુતસ્કંધ પછી બીજું આરંભીએ છીએ. તેનો સંબંધ આ પ્રમાણે - શ્રુતસ્કંધ-૧માં જે વિષય ટુંકાણમાં કહ્યો. તે આ શ્રુતસ્કંધ વડે દૃષ્ટાંત સહ વિસ્તારથી કહીએ છીએ. તે વિધિઓ જ સારી રીતે સંગૃહીત થાય છે, જે સંક્ષેપ-વિસ્તારથી કહેવાઈ હોય અથવા પૂર્વ શ્રુતસ્કંધમાં ઉક્ત અર્થ જ અહીં દૃષ્ટાંત વડે સુખે સમજાય માટે કહે છે. એ સંબંધે આવેલ આ શ્રુતસ્કંધમાં સાત મહાઅધ્યયનો કહ્યા છે.

[નિ.૧૪૨,૧૪૩-] મહત્ શબ્દના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ છ નિક્ષેપા છે. તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્ય મહત્ આગમ અને નોઆગમથી બે ભેદે છે. આગમથી જ્ઞાતા હોય પણ ઉપયોગ ન હોય તે. નોઆગમથી ત્રણ ભેદ-જ્ઞશરીર, ભવ્યશરીર, વ્યતિરિક્ત. વ્યતિરિક્તના ત્રણ ભેદ સચિત્ત, અચિત્ત, મિશ્ર. તેમાં સચિત્ત દ્રવ્યમહત્ ઔદારિકાદિ શરીર છે. તેમાં મત્સ્યનું શરીર ૧૦૦૦ યોજન, વૈક્રિય શરીર લાખ યોજન પ્રમાણ છે. તૈજસ કાર્મણ તો લોકાકાશ પ્રમાણ હોય. તે આ ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણરૂપ ચાર દ્રવ્ય સચિત્ત મહત્ છે. અચિત્ત દ્રવ્ય મહત્ તે સમસ્ત લોક વ્યાપી અચિત્ત મહાસ્કંધ છે, મિશ્ર તે મત્સ્યાદિ શરીર છે.

ક્ષેત્ર મહત્ તે લોકાલોક આકાશ. કાળમહત્ સર્વ અદ્ધા કાળ છે. ભાવમહત્ ઔદયિકાદિ ભાવરૂપે છ પ્રકારે છે. ઔદયિક ભાવ સર્વ સંસારીમાં છે, તે ઘણાનો આશ્રય હોવાથી મહાન્ છે. કાળથી તે ત્રણ પ્રકારે છે - અભવ્યનો અનાદિ અનંત, ભવ્યોનો અનાદિ સાંત, નારક આદિનો સાદિ સાંત છે. ક્ષાયિક ભાવ કેવલજ્ઞાન દર્શનરૂપ, સાદિ અનંત અને કાળથી મહાન્ છે. ક્ષાયોપશમિક પણ ઘણાંનો આશ્રય અને અનાદિ અનંત હોવાથી મહાન્ છે. ઔપશમિક પણ દર્શન તથા ચારિત્ર મોહનીય અનુદયપણે તથા શુભ ભાવપણે હોવાથી મહાન્ છે, પારિણામિક સમસ્ત જીવાજીવોને આશ્રયરૂપ હોવાથી આશ્રય મોટો હોઈ મહાન્ છે. સાન્નિપાતિક પણ ઘણાંનો આશ્રય હોવાથી મહાન્ છે - આ રીતે 'મહત્' કહ્યું—



હવે અધ્યયનના નિક્ષેપા કહે છે - x - x - અધ્યયનના નામ આદિ છ નિક્ષેપા છે, તે અન્યત્ર [આચારાંગમાં] કહ્યા છે, માટે અહીં વિસ્તાર કરતા નથી. આ શ્રુતસ્કંધમાં સાત મોટા અધ્યયનો છે - તેમાં પૌંડરીક નામે પહેલું અધ્યયન છે. તેના ઉપક્રમાદિ ચાર અનુયોગદ્વારો કહેવા.

તેમાં ઉપક્રમ, આનુપૂર્વી, નામ, પ્રમાણ, વક્તવ્યતા, અર્થાધિકાર, સમવતાર એમ છ ભેદો છે. તેમાં પૂર્વાનુપૂર્વીમાં આ પહેલું અને પશ્ચાનુપૂર્વીમાં આ સાતમું છે. અનાનુપૂર્વીમાં તો એકથી સાત સુધી શ્રેણિમાં, શ્રેણિને પરસ્પર ગુણતાં ૫૦૩૮ ભેદમાં કોઈપણ સ્થાને આ અધ્યયનનો ક્રમ આવે.

નામમાં છ નામ છે, તે ક્ષાયોપશમિક ભાવમાં છે. કેમકે બધાં શ્રુતનું ક્ષાયોપશમિકપણું જ છે. પ્રમાણ ચિંતામાં જીવ ગુણ પ્રમાણ છે, વક્તવ્યતામાં સામાન્યથી સર્વ અધ્યયનોમાં સ્વસમય વક્તવ્યતા છે, અર્થાધિકારે પુંડરીકની ઉપમાથી સ્વસિદ્ધાંતનું ગુણ સ્થાપન છે. સમવતારમાં જ્યાં જ્યાં તેનો અવતાર થાય ત્યાં ત્યાં થોડે અંશે કહી બતાવ્યું છે.

### ❀ શ્રુતસ્કંધ-૨ - અધ્યયન-૧ 'પુંડરીક' ❀

ઉપક્રમ પછી નિક્ષેપ આવે, તે નામ નિક્ષેપામાં પૌંડરીક એવું આ અધ્યયનનું નામ છે. તેના નિક્ષેપા આઠ પ્રકારે છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ગણના, સંસ્થાન અને ભાવ. તેમાં નામ, સ્થાપનાને છોડીને દ્રવ્ય પૌંડરીક કહે છે - જે કોઈ પ્રાણધારણ લક્ષણ જીવ ભવિષ્યમાં થશે તે 'ભવ્ય' તે દર્શાવે છે - પોતાના કર્મના ઉદયને લીધે જીવ વનસ્પતિકાયમાં શ્વેત પદ્મ રૂપે અનંતર ભવે ઉત્પન્ન થશે તે દ્રવ્ય પૌંડરીક છે. ભાવ પૌંડરીક તે આગમથી પૌંડરીક પદાર્થનો જ્ઞાતા તથા તેમાં ઉપયોગવાળો હોય તે છે.

આ દ્રવ્ય પૌંડરીકને વિશેષથી બતાવે છે - એક ભવ જતા અનંતર ભવમાં પૌંડરીકમાં ઉત્પન્ન થાય તે એકભવિક તથા આયુ બાંધીને મરીને તુરંત પૌંડરીક જાતિના કમળમાં ઉત્પન્ન થાય તે બીજો ભેદ અને ત્રીજો ભેદ તે મરવાના એક સમય પુંડરીકનું આયુ બાંધીને અભિમુખ નામ ગોત્ર થઈને બીજા સમયમાં આંતરા વિના પુંડરીકમાં ઉત્પન્ન થાય તે.

તત્વજ્ઞોએ દ્રવ્ય તેને જ કહ્યું છે - જે ભાવનું ભૂત અને ભવિષ્યનું કારણ છે અને અહીં પુંડરીક-કંડરીક નામે બે રાજકુમાર ભાઈઓનું દૃષ્ટાંત છે જે સદ્-અસદ્ અનુષ્ઠાન પરાયણતાથી શોભન-અશોભનત્વ જાણીને જે શોભન તે પુંડરીક અને

અશોભન તે કંડરીક છે તેમ બતાવે છે - તેમાં નરકને છોડીને ત્રણ ગતિમાં જે શોભન પદાર્થો છે તે પુંડરીક અને બાકીના કંડરીક છે એમ પ્રતિપાદન કરતા કહે છે—

તેમાં તિર્યંચ ગતિમાં પુંડરીક કહે છે - જળચરોમાં મત્સ્ય, હાથી, મગર આદિ. સ્થલચરોમાં સિંહાદિ, બળ - વર્ણ - રૂપાદિ ગુણોથી યુક્ત છે. ઉરપરિસર્પમાં મણિધારી સાપ, ભૂજપરિસર્પમાં નોળીયા આદિ, ખેચરમાં હંસ, મોર આદિ, એવા બીજા પણ સ્વભાવથી જ જે લોકમાં માનીતા છે, તે પુંડરીક માફક શ્રેષ્ઠ જાણવા - હવે મનુષ્ય ગતિમાં—

સર્વ અતિશાયી પૂજાને યોગ્ય એવા અર્હન્તો, તેઓ અનુપમ રૂપાદિ ગુણોથી યુક્ત હોય છે. ચક્રવર્તી છ ખંડ ભરતના સ્વામી છે. ચારણશ્રમણ ઘણી આશ્ચર્યજનક લબ્ધિવાળા મહાતપસ્વી છે. વિદ્યાધરો વૈતાઢ્યના નગરના રાજા છે. હરિવંશ કુલોત્પન્ન દશાર, ઇક્ષ્વાકુ આદિને પણ લેવા. જે બીજા મહા ઋદ્ધિવાળા કોટીશ્વર છે, તે બધાં પુંડરીક છે. વળી બીજા જે વિદ્યાકાળના સમૂહથી યુક્ત છે, તે પણ પૌંડરીક જાણવા.

હવે દેવગતિના ઉત્તમોનું પૌંડરીકપણું બતાવે છે - ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં જે શ્રેષ્ઠ એવા ઇન્દ્રો, ઇન્દ્રના સામાનિક દેવો આદિ છે, તે પણ પૌંડરીક નામે જાણવા. અચિત્તમાં હવે જે પ્રધાન છે, તેનું પૌંડરીકત્વ બતાવવા કહે છે - કાંસાના જય ઘંટો, વસ્ત્રોમાં ચીનાંશુક, મણીઓમાં ઇન્દ્રનીલ-વૈડૂર્યાદિ, રત્નોમાં મોતી જે વર્ણ-સંસ્થાન-પ્રમાણથી શ્રેષ્ઠ હોય તે. શિલાઓમાં પાંડુકંબલાદિ, જ્યાં તીર્થંકરોના જન્માભિષેક થાય છે. પરવાળામાં ઉત્તમ વર્ણાદિ ગુણવાળા, જાત્ય સુવર્ણ કે તેના અલંકારો છે. આ પ્રમાણે ઉક્ત કાંસાદિની ઉત્તમ વસ્તુ અચિત્ત પૌંડરીક જાણવા.

મિશ્ર દ્રવ્ય પૌંડરીકમાં તીર્થંકર, ચક્રવર્તી આદિ જેમણે શ્રેષ્ઠ અલંકાર ધારણ કર્યા હોય તે દ્રવ્ય પૌંડરીક. ક્ષેત્ર પૌંડરીક કહે છે - જે દેવકુરુ આદિમાં શુભ અનુભાવવાળા ક્ષેત્રો હોય તે પૌંડરીક ગણાય છે. હવે કાલ પૌંડરીક કહે છે - ભવસ્થિતિ અને કાયસ્થિતિથી જે પ્રધાન છે તે જીવો પૌંડરીક છે અને બાકીના અપ્રધાન તે કંડરીક છે. તેમાં ભવસ્થિતિથી અનુત્તરોપપાતિક દેવો પ્રધાન છે, કેમકે તેઓને સમગ્ર ભવ શુભાનુભાવ હોય છે. કાયસ્થિતિથી મનુષ્યો શુભ કર્મો આચરીને સાત-આઠ ભવોમાં મનુષ્યજન્મમાં પૂર્વકોટિ આયુ પાળીને તુરંત ત્રણ પલ્યોપમનું આયુ અનુભવી પછી દેવોમાં ઉત્પન્ન થાય છે, એ રીતે તેઓ કાયસ્થિતિથી પૌંડરીક છે, બાકીના કંડરીક છે કાલપૌંડરીક બાદ હવે ગણના, સંસ્થાન પૌંડરીક બતાવે છે—

સંખ્યા ગણનાથી - દશ પ્રકારના ગણિતમાં રજ્જુગણિત પ્રધાનપણે હોવાથી પૌંડરીક છે. તે ગણિત આ પ્રમાણે - પરિકર્મ, રજ્જુ, રાશિ, વ્યવહાર, કલાસવર્ણ, પુદ્ગલ, ધન, ધનમૂળ, વર્ગ અને વર્ગમૂળ છે.

છ સંસ્થાનમાં સમચતુરસ્ર સંસ્થાન પ્રવર હોવાથી પૌંડરીક છે. આ રીતે આ બે પૌંડરીક છે અને બાકીના પરિકર્માદિ ગણિત અને ન્યગ્રોધ પરિમંડલ આદિ સંસ્થાનો કંડરીક જાણવા. - હવે ભાવ પૌંડરીક કહે છે—



ઔદયિકાદિ છએ ભાવમાં વિચારતા તેમાં કે તેઓની મધ્યે જે મુખ્ય ઔદયિકાદિ ભાવો છે, તેને જ પૌંડરીક જાણવા. ઔદયિક ભાવમાં તીર્થંકરો, અનુત્તરોપપાતિક દેવો તથા સો પાંખડીવાળા શ્વેત કમળ પૌંડરીક જાણવા. ઔપશમિકમાં સમસ્ત ઉપશાંત મોહવાળા, ક્ષાયિકમાં કેવળજ્ઞાનીઓ, ક્ષાયોપશમિકમાં વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની અને ચૌદ પૂર્વી, પરમાવધી થોડા કે બધાં લેવા. પારિણામિકમાં ભવ્યો, સાંનિપાતિકમાં દ્વિકાદિ સંયોગા સિદ્ધાદિને પોતાની બુદ્ધિએ પૌંડરીકપણે વિચારવા, બીજા કંડરીક જાણવા. હવે બીજી રીતે ભાવપૌંડરીકને બતાવે છે—

સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં તથા જ્ઞાનાદિ વિનયમાં, ધર્મધ્યાન આદિમાં જે શ્રેષ્ઠ મુનિઓ છે, તે પૌંડરીકરૂપે જાણવા. બીજા કંડરીક ગણવા. આ રીતે આઠ પ્રકારે પૌંડરીકનો નિક્ષેપો બતાવી જેના વડે અધિકાર છે તે કહે છે - દૃષ્ટાંતમાં - સચિત્ત, તિર્યંચયોનિક, એકેન્દ્રિય વનસ્પતિકાયમાં જે જળમાં ઉગે તે દ્રવ્યપૌંડરીક વડે અથવા ઔદયિક ભાવવર્તી વનસ્પતિકાય પૌંડરીક - સો પાંખડીવાળું કમળ લેવું. તથા ભાવથી સમ્યગ્ દર્શન-ચારિત્ર-વિનય-અધ્યાત્મવર્તી સત્ સાધુને પૌંડરીક કહેવા.

નિક્ષેપ નિર્યુક્તિ પુરી થઈ. - x - x - હવે સૂત્ર કહે છે—

● **સૂત્ર-૬૩૩ થી ૬૩૮ :-**

***[૬૩૩] મેં આયુષ્યમાન્ ભગવંત પાસે આવું સાંભળેલ છે કે - આ પૌંડરીક નામના અધ્યયનમાં આ પ્રમાણે વિષય કહ્યો છે - કોઈ પુષ્પકરિણી [વાવ] છે, તે ઘણું પાણી, ઘણું કીચડ અને જળથી ભરેલી છે. તે પુષ્કરિણી લબ્ધ પ્રતિષ્ઠિત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે. તે પુષ્કરિણીના તે-તે ભાગમાં ત્યાં ઘણાં ઉત્તમોત્તમ પુંડરીક [કમળ] કહ્યા છે. જે ક્રમશઃ ખીલેલા, પાણી અને કીચડ થકી ઉપર ઉઠેલા, સુંદર એવા વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી યુક્ત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે. તે પુષ્કરિણીના બહુ મધ્ય ભાગમાં એક ઘણું મોટું શ્રેષ્ઠ કમળ રહેલું છે. તે પણ ખીલેલું, ઉંચી પાંખડીવાળું, સુંદર વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી યુક્ત, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. તે આખી વાવડીમાં અહીં-તહીં ઘણાં ઉત્તમ કમળો રહેલા છે. જે ખીલેલા ઉપર ઉઠેલા યાવત્ પ્રતિરૂપ છે. તે વાવડીના ઠીક મધ્ય ભાગે એક મહાન્ ઉત્તમ પુંડરીક યાવત્ પ્રતિરૂપ છે.***

***[૬૩૪] હવે કોઈ પુરુષ પૂર્વ દિશાથી વાવડી પાસે આવીને તે વાવડીને કિનારે રહીને જુએ છે કે - ત્યાં એક મહાન્ શ્રેષ્ઠ કમળ, જે ક્રમશઃ સુંદર રચનાથી યુક્ત યાવત્ પ્રતિરૂપ છે. ત્યારે તે પુરુષ આ પ્રમાણે બોલ્યો - હું પુરુષ છું, ખેદજ્ઞ, કુશળ, પંડિત, વ્યક્ત, મેધાવી, અબાલ, માર્ગસ્થ, માર્ગવિદ્ ગતિ-પરાક્રમજ્ઞ છું. હું આ શ્રેષ્ઠ કમળને ઉખેડી લાવું. આવું કહીને તે પુરુષ તે વાવડીમાં પ્રવેશ કરે. જેવો-જેવો તે વાવડીમાં આગળ વધે છે, તેવો તેવો તે ઘણાં પાણી અને કાદવમાં ખૂંચીને કિનારાથી દૂર થયો અને શ્રેષ્ઠ કમળ પ્રાપ્ત ન કરી શક્યો. તે ન આ પાર રહ્યો, ન પેલે પાર. વાવડીમાં ખૂંચી ગયો. આ પહેલો પુરુષ.***

***[૬૩૫] હવે બીજો પુરુષ - તે પુરુષ દક્ષિણ દિશાથી વાવડી પાસે આવ્યો.***

*તે વાવડીના કિનારે રહીને એક મહાન્ શ્રેષ્ઠ કમળને જુએ છે, જે સુંદર રચનાવાળુ, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં તે એક પુરુષને જુએ છે જે કિનારાથી દૂર છે અને તે શ્રેષ્ઠ પુંડરીક સુધી પહોંચ્યો નથી. જે નથી અહીંનો રહ્યો કે નથી ત્યાંનો. પણ તે વાવડી મધ્યે કીચડમાં ફસાયેલો છે.*

*ત્યારે બીજા પુરુષે પહેલા પુરુષ સંબંધે કહ્યું - અહો ! આ પુરુષ અખેદજ્ઞ, અકુશળ, અપંડિત, અવ્યક્ત, અમેધાવી, બાળ, અમાર્ગજ્ઞ, અમાર્ગવિદ્, માર્ગની ગતિ-પરાક્રમને જાણતો નથી. પણ હું ખેદજ્ઞ, કુશળ છું યાવત્ હું તે ઉત્તમ શ્વેત કમળને જરૂર ઉખેડી લાવીશ. પરંતુ આ કમળ આવી રીતે ઉખેડીને લાવી ન શકાય, જેમ આ પુરુષ સમજતો હતો.*

*હું પુરુષ છું, ખેદજ્ઞ, કુશળ, પંડિત, વ્યક્ત, મેધાવી, અબાલ, માર્ગસ્થ, માર્ગવિદ્, ગતિ-પરાક્રમજ્ઞ છું. હું આ ઉત્તમ શ્વેત કમળ ઉખેડી લાવીશ. એમ કરી તે પુરુષ વાવડીમાં ઉતર્યો. જેવો આગળ વધતો ગયો, તેવો તે ઉંડા પાણી અને કીચડમાં ફસાયો. કિનારાથી દૂર થયો અને તે કમળને પ્રાપ્ત ન કરી શક્યો. - x - વાવડીમાં ફસાઈ ગયો. આ બીજો પુરુષ.*

*[૬૩૬] હવે ત્રીજો પુરુષ - ત્રીજો પુરુષ પશ્ચિમ દિશાથી વાવડી પાસે આવ્યો. વાવડીના કિનારે એક ઉત્તમ શ્વેત કમળને જુએ છે, જે વિકસિત યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં પહેલા બંને પુરુષોને પણ જુએ છે, જેઓ કિનારાથી ભ્રષ્ટ થયા છે અને ઉત્તમ શ્વેત કમળ લઈ શક્યા નથી - x - વાવડીની વચ્ચે કીચડમાં ફસાઈ ગયા છે ત્યારે તે ત્રીજો પુરુષ એમ કહે છે - અરે ! આ પુરુષો અખેદજ્ઞ, અકુશળ, અપંડિત, અવ્યક્ત, અમેધાવી, બાળ, અમાર્ગસ્થ, અમાર્ગવિદ્, અમાર્ગગતિ પરાક્રમજ્ઞ છે. તેઓ જે માનતા હતા કે અમે શ્વેત કમળને લઈ આવશું, પણ તેઓ માનતા હતા તે રીતે આ શ્વેતકમળ લાવી શકાય નહીં. પરંતુ હું ખેદજ્ઞ, કુશળ, પંડિત, વ્યક્ત, મેધાવી, અબાલ, માર્ગસ્થ, માર્ગવિદ્, ગતિ પરાક્રમજ્ઞ છું, હું આ ઉત્તમ શ્વેત કમળને લઈ આવીશ. એમ વિચારી તેણે વાવડીમાં પ્રવેશ કર્યો. પણ જેવો તે આગળ ચાલ્યો - x - તેવો ઉંડા પાણી અને કીચડમાં ફસાઈ ગયો. - x - આ ત્રીજો પુરુષ.*

*[૬૩૭] હવે ચોથો પુરુષ-ચોથો પુરુષ ઉત્તર દિશાથી તે વાવડી પાસે આવ્યો, કિનારે ઉભા રહી તેણે એક ઉત્તમ શ્વેત કમળ જોયું, જે ખીલેલું યાવત્ પ્રતિરૂપ હતું. તેણે પહેલા ત્રણ પુરુષો જોયા, જે કિનારાથી ભ્રષ્ટ થઈ. યાવત્ કાદવમાં ખૂંચેલા હતા. ત્યારે ચોથા પુરુષે કહ્યું કે - અહો ! આ પુરુષો અખેદજ્ઞ છે યાવત્ માર્ગના ગતિ-પરાક્રમને જાણતા નથી. - x - યાવત્ તેઓ ઉત્તમ શ્વેત કમળને લાવી શક્યા નથી. પરંતુ હું ખેદજ્ઞ યાવત્ માર્ગના ગતિપરાક્રમનો જ્ઞાતા છું, હું આ ઉત્તમ શ્વેત કમળને ખેંચી લાવીશ, તે વાવડીમાં જેવો આગળ વધ્યો - x - યાવત્ - x - કાદવમાં ખૂંચી ગયો. આ ચોથો પુરુષ.*

*[૬૩૮] પછી રાગદ્વેષ રહિત, ખેદજ્ઞ યાવત્ ગતિ-પરાક્રમનો જ્ઞાતા ભિક્ષુ*



*કોઈ દિશા કે વિદિશાથી તે વાવડીને કિનારે આવ્યો. તે વાવડીના કિનારે રહીને જુએ છે કે ત્યાં એક મહાન્ શ્વેત કમળ યાવત્ પ્રતિરૂપ છે. તે સાધુ ચાર પુરુષોને પણ જુએ છે, જેઓ કિનારાથી ભ્રષ્ટ છે યાવત્ ઉત્તમ શ્વેત કમળને પ્રાપ્ત કરી શક્યા નથી. આ પાર કે પેલે પાર જવાને બદલે વાવડીની વચ્ચે ઉંડા કાદવમાં ફસાયા છે. ત્યાર તે ભિક્ષુએ કહ્યું - અરે ! આ પુરુષો અખેદજ્ઞ યાવત્ માર્ગના ગતિ-પરાક્રમના જ્ઞાતા નથી, - x - x - આ પુરુષો માનતા હતા કે અમે ઉત્તમ કમળ લાવીશું પણ લાવી શક્યા નથી.*

*હું ભિક્ષાજીવી સાધુ છું, રાગ-દ્વેષ રહિત છું, સંસાર-કિનારાનો અર્થી છું. ખેદજ્ઞ યાવત્ માર્ગના ગતિ પરાક્રમનો જ્ઞાતા છું. હું આ ઉત્તમ શ્વેત કમળ લાવીશ, એમ વિચારીને તે સાધુ વાવડીમાં પ્રવેશ કર્યા વિના કિનારે ઉભી અવાજ કરે છે - અરે ઓ ઉત્તમ શ્વેત કમળ ! ઉઠીને અહીં આવો. એ રીતે તે ઉત્તમ કમળ વાવડીમાંથી બહાર આવી જાય છે.*

**● વિવેચન-૬૩૩ થી ૬૩૮ :-**

આ સૂત્રનો અનંતર સૂત્ર સાથે સંબંધ કહેવો - से एवमेव० તમે આ પ્રમાણે જ જાણો, જે ભગવંતે મને કહ્યું છે. - x - આ શ્રુતસ્કંધના પહેલા સૂત્ર સાથે તેનો સંબંધ આ છે - જે ભગવંતે કહ્યું, મેં સાંભળ્યુ, તે તમે સમજો. - તે ભગવંતે શું કહ્યું ? આ પ્રવચનમાં - સૂયગડના બીજા શ્રુતસ્કંધમાં પૌંડરીક અધ્યયન છે. સો પાંખડીવાળા કમળની ઉપમા તે પૌંડરીક. તેથી તેનું નામ પૌંડરીક છે, તે યથાર્થ છે - x - પુષ્કરિણીનું દૃષ્ટાંત છે. પુષ્કર એટલે કમળ, તે જેમાં છે તે પુષ્કરિણી. જેમાં ઘણું જ પાણી છે તે 'બહૂદક'. જેમાં ચાલતા ઘણો કાદવ લેપાય તે 'બહુસેય'. ઘણાં શ્વેત કમળો અને સ્વચ્છ પાણી હોવાથી 'બહુશ્વેત'. પ્રચુર પાણી ભરેલ હોવાથી 'બહુપુષ્કલા'. પુષ્કરિણી શબ્દ નામ પ્રમાણે અર્થવાળો હોવાથી 'લબ્ધાર્થ' અથવા જેણે આસ્થાન-પ્રતિષ્ઠા મેળવી તે 'લબ્ધાસ્થા'. શ્વેત શતપત્રો હોવાથી તે પૌંડરીકિણી. અથવા ઘણાં કમળોવાળી એવો અર્થ છે.

પ્રસન્નતા-નિર્મળજળવાળી છે માટે પ્રાસાદિકા અથવા પ્રાસાદ-દેવકુળો ચારે તરફ હોવાથી પ્રાસાદિકા. શોભના અથવા સારા સંનિવેશથી જોવા લાયક છે માટે દર્શનીયા. સમીપમાં રાજહંસ, ચક્રવાક આદિ રૂપો સદા રહેલા હોવાથી તથા હાથી, પાડાં, હરણાદિ વડે જે જળચર વડે યુક્ત છે માટે અભિરૂપ. જેમાં પ્રતિબિંબ દેખાય છે તેથી પ્રતિરૂપ. સ્વચ્છત્વથી સર્વત્ર પ્રતિબિંબો પ્રાપ્ત થાય છે ઇત્યાદિ - x - માટે પ્રતિરૂપ. અથવા પ્રાસાદીય આદિ એકાર્થક છે. આ ચારે પર્યાયો અતિશય રમણીયત્વ બતાવવા લીધાં છે.

તે પુષ્કરિણીમાં तत्र तत्र એ વીપ્સા પદથી પૌંડરીકનું વ્યાપકત્વ કહ્યું. देशे देशे-થી પ્રત્યેક પ્રદેશ લીધા. तस्मिन् બે વખત લેતા-એક પણ સ્થાન નથી જ્યાં કમળ ન હોય અથવા આવી વીપ્સા પદથી ઘણાં કમળો છે અથવા વાવડીમાં બધા ભાગોમાં પદ્મ-કમળ છે. આદર બતાવવા વીપ્સા મૂકી. वर એટલે શ્રેષ્ઠ. - x - पद्म શબ્દ છત્ર,

વાઘ અર્થના નિષેધ માટે છે. પૌંડરીક શબ્દથી શ્વેત શતપત્ર લીધા. વર શબ્દ અપ્રધાનની નિવૃત્તિ માટે છે આવા ઘણાં ''પદ્મવર પૌંડરીકો'' કહ્યા.

આનુપૂર્વીથી - વિશિષ્ટ રચનાથી રહેલ. કાદવ અને પાણી ઉપર ઉંચા રહેલ. રુચિ એટલે 'દીપ્તિ' તેને લાવનાર તે રુચિલ-દીપ્તિમાન્ તથા શોભન વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા છે. તથા પ્રાસાદીય આદિથી સુંદરતા બતાવે છે. તે પુષ્કરિણી બધી બાજુએ કમળથી વીંટાયેલ છે. તેના બરોબર મધ્યભાગમાં એક મહા પદ્મવર પૌંડરીક અનુક્રમે સૌથી ઉંચુ, મનોહર વર્ણાદિ યુક્ત તથા પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપતર, પ્રતિરૂપતર છે.

હવે આ અનંતરોક્ત સૂત્ર કરતા વિશેષ એ છે કે - x - તે વાવડીના બધાં પ્રદેશોમાં યથોક્ત વિશેષણ વિશિષ્ટ ઘણાં પદ્મો છે, તે બધાંના બહુ મધ્ય દેશ ભાગમાં યથોક્ત વિશેષણ વિશિષ્ટ એક મોટું કમળ છે. - x -

[૬૩૪] હવે કોઈ પુરુષ પૂર્વ દિશાથી આવીને આવી વાવડીના કિનારે બેસીને આ પદ્મને જુએ છે, જે પ્રાસાદીયાદિ વિશેષણ યુક્ત છે. - x - ત્યારે આ પુરુષ કહે છે - હું પુરુષ છું. કેવો ? હિત-અહિત પ્રવૃત્તિ-નિવૃત્તિ નિપુણ તથા પાપથી દૂર તે પંડિત, ધર્મજ્ઞ, દેશકાલજ્ઞ, ક્ષેત્રજ્ઞ, બાલભાવથી ઉપર, પરિણતબુદ્ધિ, નીચે-ઉંચે કુદવાનો ઉપાય જાણનાર, સોળ વર્ષથી વધુ-મધ્યમ વયવાળો, સજ્જનોએ આચરેલ માર્ગે ચાલતો તથા સન્માર્ગજ્ઞ, માર્ગની ગતિ વડે જે પરાક્રમ-વિવક્ષિત દેશ ગમનને જાણનાર તે પરાક્રમજ્ઞ અથવા પરાક્રમ તે સામર્થ્યનો જ્ઞાતા છું. આવા વિશેષણયુક્ત હું, પૂર્વોક્ત વિશેષણ યુક્ત પદ્મવર પૌંડરીકને વાવડીના મધ્ય ભાગેથી ઉખેડી લાવીશ - x -

આ રીતે પૂર્વોક્ત - x - પુરુષ તે વાવડી તરફ જાય. જેવો-જેવો તે વાવડીમાં જવા આગળ ચાલે, તેમ તેમ તે વાવડીના ઘણાં ઉંડા પાણીમાં તથા કાદવમાં જઈ, તેનાથી અકળાયેલો, સત્‌વિવેક રહિત થઈને કિનારાથી ભ્રષ્ટ થઈને મુખ્ય કમળ સુધી નહીં પહોંચેલો, તે વાવડીમાં કે તેના કાદવમાં ખૂંચીને પોતાને બચાવવા અસમર્થ બનીને, કિનારાથી ભ્રષ્ટ થયેલો તે વાવડીના મધ્યમાં જ રહે છે. તે - x - આ પાર કે પેલે પાર જવા સમર્થ ન બને. એ રીતે ઉભયથી ભ્રષ્ટ થઈ - x - પોતાના અનર્થને માટે જ થાય છે. આવાને પ્રથમ પુરુષની જાતિ જાણવી.

[૬૩૫] હવે પહેલા પુરુષ પછી બીજી પુરુષજાતિ-પુરુષ. પછી કોઈ પુરુષ દક્ષિણ દિશાથી આવીને તે વાવડીના કિનારે રહીને, વાવડીમાં રહેલ એક મોટા કમળને જુએ, જે - x - પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. તે કિનારે રહેલ પુરુષ, પૂર્વે રહેલા પુરુષને જુએ છે, જે કિનારાથી ભ્રષ્ટ છે અને શ્રેષ્ઠ કમળ પામ્યો નથી, એ રીતે ઉભય ભ્રષ્ટ થઈ મધ્યમાં જ ફસાયો છે, તે જોઈને, ત્યાં રહેલા પુરુષને આ બીજો પુરુષ વિચારે છે—

અહો - ખેદની વાત છે, આ કાદવમાં ખૂંચેલો પુરુષ અખેદજ્ઞ આદિ છે. *[અર્થમાં નોંધેલ હોવાથી વૃત્તિમાં ફરી નથી લખ્યું.]* પણ હું ખેદજ્ઞ, કુશળ ઇત્યાદિ છું. માટે હું શ્રેષ્ઠ કમળને લાવીશ એવી પ્રતિજ્ઞાવાળો થાય. આ શ્રેષ્ઠ કમળ. જે રીતે આ પુરુષ લાવવા માંગે છે, તેમ ન લવાય. પણ હું લાવવામાં કુશળ છું ઇત્યાદિ બતાવે છે - તે સુગમ છે.





[૬૩૬,૬૩૭] ત્રીજા પુરુષજાતિ [પુરુષ] ને આશ્રીને કહે છે. ત્રીજા અને ચોથા પુરુષજાત [નોવિષય] સુગમ છે. [માટે વૃત્તિકારે કંઈ નોંધેલ નથી.]

[૬૩૮] હવે પાંચમાં વિલક્ષણ પુરુષ સંબંધ કહે છે - પૂર્વેના ચાર પુરુષો કરતા આ પુરુષમાં આ વિશેષતા છે. ભિક્ષણશીલ તે ભિક્ષુ. પચન-પાચન આદિ સાવધ અનુષ્ઠાન રહિતતાથી નિર્દોષ આહાર ભોજી. રૂક્ષ એટલે રાગદ્વેષરહિત. કેમકે તે બંને કર્મબંધ હેતુપણાથી સ્નિગ્ધ છે. સ્નિગ્ધતા અભાવે જેમ રજ ન લાગે, તેમ રાગદ્વેષ અભાવે કર્મરજ ન લાગે. માટે રૂક્ષ કહ્યું. સંસારસાગરને તરવા ઇચ્છુક, ક્ષેત્રજ્ઞ કે ખેદજ્ઞ. માર્ગના ગતિ પરાક્રમનો જ્ઞાતા. તે કોઈ પણ દિશા-વિદિશાથી આવીને - x - ઉત્તમ શ્વેત કમળને - x - તથા ચાર પુરુષોને જુએ છે. - x - કેવા ? ઉભયભ્રષ્ટ - x - કાદવ અને જળમાં ડૂબેલા. ફરી કાંઠે આવવા અસમર્થ.

તેને જોઈને ભિક્ષુ કહે છે—

અરે ! આ ચારે પુરુષો અખેદજ્ઞ છે. યાવત્ માર્ગના ગતિ પરાક્રમથી અજ્ઞાત છે. તે પુરુષો અમે પદ્મવર પૌંડરીકને ખેંચી લાવીશું તેમ માનતા હતા, પણ આ રીતે તે કમળ લાવી શકાય નહીં. જ્યારે હું રૂક્ષ યાવત્ ગતિ પરાક્રમ જ્ઞાતા ભિક્ષુ છું. આવા વિશિષ્ટ ગુણવાળો હું આ કમળ લાવીશ - x - એમ કહી તે વાવડીમાં ન પ્રવેશ્યો. - x - કાંઠે રહીને જ તથાવિધ અવાજ કર્યો - હે કમળ ! ઉંચે ઉછળ, ઉછળ. - x - એ રીતે કમળ ઉછળીને આવ્યું.

આ દૃષ્ટાંત આપી તેનો સાર ભગવંત મહાવીર સ્વ શિષ્યોને કહે છે—

- **સૂત્ર-૬૩૯ :-**

***હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં જે દૃષ્ટાંત કહ્યું, તેનો અર્થ જાણવો જોઈએ. હા, ભદંત ! કહી, શ્રમણ ભગવંત મહાવીરને સાધુ-સાધ્વીઓ વાંદી, નમીને આ પ્રમાણે બોલ્યા - હે આયુષ્યમાન્ શ્રમણ ! અમે તે દૃષ્ટાંતનો અર્થ જાણતા નથી. શ્રમણ ભગવંત મહાવીરે તે અનેક સાધુ-સાધ્વીઓને આમંત્રીને આ પ્રમાણે કહ્યું - હે આયુષ્યમાન્ શ્રમણો ! હું તેનો અર્થ કહીશ, સ્પષ્ટ કરીશ, પર્યાયો કહીશ, પ્રવેદીશ, અર્થ-હેતુ-નિમિત્ત સહિત તે અર્થને વારંવાર જણાવીશ.***

- **વિવેચન-૬૩૯ :-**

હે શ્રમણો ! ભગવંતે કહેલ ઉદાહરણ, મેં કહ્યું, તેનો અર્થ તમારે જાણવો જોઈએ. અર્થાત્ આ ઉદાહરણનો પરમાર્થ તમે જાણતા નથી - x - ભગવંતે તેમને આ પ્રમાણે કહેતા - તે શ્રમણ ભગવંત મહાવીરને તે સાધુ આદિએ કાયાથી વાંધા, નમ્યા. વિનયી શબ્દોથી સ્તવ્યા. વંદીને, નમીને આ પ્રમાણે કહે છે - x - આપે જે ઉદાહરણ કહ્યું અમે તેનો અર્થ સારી રીતે જાણતા નથી. આમ પૂછયું ત્યારે ભગવંત શ્રમણ મહાવીરે તે નિર્ગ્રન્થોને આ પ્રમાણે કહ્યું - હે આયુષ્યમંતો, શ્રમણો ! તમે મને જે પૂછયું તેની ઉપપત્તિ તમને કહીશ, સ્પષ્ટ અર્થમાં કહીશ, પર્યાય કથનથી જણાવીશ તથા પ્રકર્ષથી હેતુ-દૃષ્ટાંત વડે ચિત્તસંતતિના ખુલાસા કહીશ અથવા આ શબ્દો એકાર્થક છે. કઈ રીતે કહીશ, તે બતાવે છે—

દૃષ્ટાંતના અર્થસહિત તે ''સહાર્થ''. સાર્થ-તે પુષ્કરિણી દૃષ્ટાંત તેને, અન્વય વ્યતિરેક રૂપથી વર્તે તે 'સહેતુ'. તથાભૂત અર્થને કહીશ. જે રીતે તે પુરુષો ઇચ્છિત અર્થને ન પામ્યા, વાવડીના દુરુત્તાર કાદવમાં ખૂંચ્યા એ રીતે હવે કહેવાનાર અન્યતીર્થિકો સંસારસાગરને પાર નહીં પામે, પણ તેમાં ડૂબશે એવો અર્થ ઉપપત્તિ સહ બતાવશે. તથા ઉપાદાન કે સહકારી કારણો સાથે દૃષ્ટાંતાર્થે ફરી ફરી બીજા-બીજા દૃષ્ટાંતોથી કહીશ. તે હું હમણાં જ કહું છું, તે તમે સાંભળો. ભગવંત દૃષ્ટાંતનો પરમાર્થ કહે છે—

● સૂત્ર-૬૪૦ :-

***હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં લોકને પુષ્કરિણી કહી છે. હે શ્રમણ આયુષ્યમાન્ ! મેં કર્મને પાણી કહ્યું છે. કામભોગોને કાદવ કહ્યો છે. જન-જાનપદોને મેં ઘણાં શ્રેષ્ઠ શ્વેત કમળો કહ્યા છે. રાજાને મેં એક મહા પદ્મવર પૌંડરિક કહ્યું છે. મેં અન્યતીર્થિકોને તે ચાર પુરુષજાતિ બતાવી છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં ધર્મને તે ભિક્ષુ કહ્યો છે, ધર્મતીર્થને મેં તટકિનારો કહ્યો છે. ધર્મકથાને મેં તે શબ્દો [અવાજ] કહ્યો છે. નિર્વાણને મેં તે કમળને વાવડીમાંથી ઉઠીને બહાર આવવા કહ્યું છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં આ રીતે વિચારીને આ રીતે ઉપમાઓ આપી છે.***

● વિવેચન-૬૪૦ :-

લોક એટલે મનુષ્ય ક્ષેત્ર. ચ શબ્દ સમુચ્ચયાર્થે, ખલુ વાક્યાલંકારે. મયા આત્મનિર્દેશાર્થે છે. આ લોક મનુષ્યનો આધાર છે, તેને હૃદયમાં સ્થાપીને કે ધારીને હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મેં પરોપદેશથી નહીં પણ આત્માથી જાણેલ છે. તે પુષ્કરિણી કમળના આધારરૂપ છે, તથા આઠ પ્રકારના કર્મો જેના બળથી પુરુષરૂપ કમળ થાય છે, તે આવા કર્મો મેં આત્મામાં લાવીને અથવા આત્મા વડે દૂર કરીને અર્થાત્ હે શ્રમણ ! આયુષ્યમાન્ સર્વ અવસ્થાના નિમિત્ત ભૂત કર્મને આશ્રીને તેને જળના દૃષ્ટાંત વડે કહ્યું છે. અહીં કર્મ બોધરૂપ થશે.

તેમાં ઇચ્છા મદન કામ શબ્દાદિ છે, વિષયો જ ભોગવાય તે ભોગ છે. અથવા કામ-ઇચ્છારૂપ મદન કામો જ ભોગો છે, તેને મેં મારી ઇચ્છાથી કાદવ કહ્યો. જેમ ઘણા કાદવમાં ડૂબેલો દુઃખે કરીને પોતાને કાઢે છે તેમ વિષયમાં આસક્ત પોતાને ઉદ્ધરવા સમર્થ નથી, તેથી તેનું અને કાદવનું સામ્ય છે. તથા જન - સામાન્ય લોક, જનપદમાં થયેલા તે જાનપદ-તેમાં વિશિષ્ટ આર્યદેશમાં ઉત્પન્ન લીધા. તે સાડાપચીશ જનપદમાં થયેલા. તેને આશ્રીને મેં ઉપમારૂપે લઈને ઘણાં શ્રેષ્ઠ કમળોનું દૃષ્ટાંત લીધું તથા મારી ઇચ્છાથી રાજાને મહા શ્વેત કમળરૂપે બતાવ્યા.

અન્યતીર્થિકોને આશ્રીને ચાર પુરુષજાતિ રૂપે ઓળખાવ્યા, તેઓની રાજા રૂપ મુખ્ય કમળ લેવાનું અસામર્થ્યત્વ હોવાથી. ધર્મને મેં આત્માની ઉપમા આપી જે રુક્ષ વૃત્તિવાળો કહ્યો. કેમકે તેનું ચક્રવર્તી આદિ રાજારૂપ ઉત્તમ કમળ ઉદ્ધરવાનું સામર્થ્ય છે. ધર્મતીર્થને મેં વાવડીનો કાંઠો કહ્યો. સદ્ધર્મદેશનાને આશ્રીને મેં સાધુએ કરેલ શબ્દ સાથે સરખાવ્યો તથા નિર્વાણ-મોક્ષ-સર્વ કર્મક્ષયરૂપ ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી કહી,



જે સૌથી ઉંચે રહેલો ક્ષેત્રખંડ જાણવો. અથવા તેને પદ્મવર પૌંડરીકની ઉત્પત્તિ બતાવી.

હવે ઉપસંહારાર્થે કહે છે - હે આયુષ્યમાન્ શ્રમણો ! પૂર્વોક્ત પ્રકારે મેં મારી રીતે આ લોક આદિને ઉપમા આપી, તે આ પુષ્કરિણી આદિ દૃષ્ટાંતત્વથી કિંચિત્ તુલનાત્મકપણે કહ્યા. - x - હવે આ દૃષ્ટાંતને વિશેષથી કહે છે.

● સૂત્ર-૬૪૧ :-

***આ મનુષ્યલોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં વિવિધ પ્રકારના મનુષ્યો અનુક્રમે લોકમાં ઉત્પન્ન થાય છે. જેમકે કોઈ આર્ય, કોઈ અનાર્ય, કોઈ ઉચ્ચ ગોત્રીય, કોઈ નીચગોત્રીય, કોઈ વિશાયકાય, કોઈ ઠીંગણા, કોઈ સુંદરવર્ણા, કોઈ હીનવર્ણા, કોઈ સુરૂપ, કોઈ કુરૂપ હોય છે. તે મનુષ્યોમાં એક રાજા થાય છે, તે મહાન્ હિમવંત, મલય, મંદર, મહેન્દ્ર પર્વત સમાન, અત્યંત વિશુદ્ધ રાજકુલવંશમાં ઉત્પન્ન, નિરંતર રાજલક્ષણોથી શોભિત અંગવાળો, અનેક જનના બહુમાનથી પૂજિત, સર્વગુણ સમૃદ્ધ, ક્ષત્રિય, આનંદિત, રાજ્યાભિષેક કરાયેલ, માતા-પિતાનો સુપુત્ર, દયાપ્રિય, સીમંકર, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, મનુષ્યોમાં ઇન્દ્ર, જનપદનો પિતા જનપદનો પુરોહિત, સેતુકર, કેતુકર, નરપ્રવર, પુરુષપ્રવર, પુરિસસીંહ, પુરુષઆસીવિષ, પુરુષવરપૌંડરીક, પુરુષવરગંધહસ્તી, આઢ્ય, દિપ્ત, વિત્ત હતો.***

***તેને ત્યાં વિશાળ, વિપુલ, ભવન, શયન, આસન, યાન, વાહનની પ્રચૂરતા હતી. અતિ ધન, સુવર્ણ, રજતયુક્ત હતો. તેને ઘણાં દ્રવ્યોની આવક-જાવક હતી. વિપુલ ભોજન, પાણી અપાતા હતા. તેને ઘણાં દાસ, દાસી, ગાય, ભેંસ, બકરીઓ હતા. તેના કોશ, કોષ્ઠાગાર, શસ્ત્રાગાર સમૃદ્ધ હતા. તે બળવાન હતો, શત્રુઓને નિર્બળ બનાવતો હતો. તેનું રાજ્ય ઓહયકંટક, નિહયકંટક, મલિયકંટક, ઉદ્ધિયકંટક, અકંટક હતું. ઓહયશત્રુ, નિહયશત્રુ, મલિયશત્રુ, ઉદ્ધિતશત્રુ, નિર્જિતશત્રુ, પરાજિતશત્રુ, દુર્ભિક્ષ અને મારીના ભયથી મુક્ત હતું. અહીંથી આરંભીને રાજ્ય વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર ''એવા રાજ્યનું પ્રશાસન-પાલન કરતો રાજા વિચરતો હતો'' ત્યાં સુધી જાણવું.***

***તે રાજાને પર્ષદા હતી, તેમાં ઉગ્ર, ઉગ્રપુત્રો, ભોગ, ભોગપુત્રો, ઇક્ષ્વાકુ, ઇક્ષ્વાકુપુત્રો, જ્ઞાત, જ્ઞાતપુત્રો, કૌરવ્ય, કૌરવ્યપુત્રો, ભટ્ટ, ભટ્ટપુત્રો, બ્રાહ્મણ, બ્રાહ્મણપુત્રો, લેચ્છકી, લેચ્છકીપુત્રો, પ્રશાસ્તા, પ્રશાસ્તાપુત્રો, સેનાપતિ અને સેનાપતિપુત્રો હતા.***

***તેમાં કોઈ ધર્મશ્રદ્ધાળુ હતા. કોઈ શ્રમણ કે બ્રાહ્મણ તેમની પાસે જવા વિચારે છે, કોઈ એક ધર્મ શિક્ષા દેનાર શ્રમણ કે બ્રાહ્મણ એવો નિશ્ચય કરે કે અમે તેને અમારા ધર્મની શિક્ષા આપીશું. તે આ ધર્મશ્રદ્ધાળુ પાસે જઈને કહે છે, હે પ્રજાના રક્ષક રાજન્ ! હું તમને ઉત્તમ ધર્મનું સ્વરૂપ બતાવું છું. તે તમે સમજો. તે ધર્મ આ પ્રમાણે છે—***

***પાદતળથી ઉપર, માથાના વાળ પર્યન્ત, તીર્છું ચામડી સુધી શરીર છે. તે***

*જ જીવ છે, આ જીવ જ શરીરનો સમસ્ત પર્યાય છે, શરીર જીવતા તે જીવે છે, મરતા તે જીવતો નથી. શરીર હોય ત્યાં સુધી રહે છે, નાશ પામતા નથી રહેતો. શરીર છે, ત્યાં સુધી જ જીવન છે. શરીર મરી જાય ત્યારે લોકો તેને બાળવા લઈ જાય છે બળ્યા પછી હાડકા કાબરચીતરા થાય છે. પછી પુરુષો નનામીને લઈને ગામમાં પાછા જાય છે. - x - એ સ્થિતિમાં સ્પષ્ટ થાય છે કે શરીરથી ભિન્ન જીવ નામનો કોઈ પદાર્થ નથી.*

*જેઓ યુક્તિપૂર્વક એવું પ્રતિપાદન કરે છે - જીવ જુદો છે, શરીર જુદુ છે તેઓ એવું બતાવી શકતા નથી કે - આ આત્મા દીર્ઘ છે કે હ્રસ્વ છે, પરિમંડલ છે કે ગોળ છે, ત્રિકોણ-ચતુષ્કોણ-ષટ્કોણ કે અષ્ટકોણ છે, કૃષ્ણ-નીલ-લાલ-પીળો કે સફેદ છે, સુગંધી છે કે દુર્ગંધી, તીખો-કડવો-તુરો-ખાટો કે મીઠો છે, કર્કશ-કોમળ-ભારે-હલકો-ઠંડો-ગરમ-સ્નિગ્ધ કે રૂક્ષ છે.*

*એ રીતે જેઓ જીવને શરીરથી ભિન્ન માને છે, તેમનો મત યુક્તિયુક્ત નથી.*

*જેઓનું આ કથન છે કે - જીવ અન્ય છે, શરીર અન્ય છે, તેઓ જીવને ઉપલબ્ધ કરાવી શકતા નથી. - [૧] જેમ કોઈ પુરુષ મ્યાનથી તલવાર બહાર કાઢી કહે કે - આ તલવાર છે, આ મ્યાન છે, તેમ આ જીવ-આ શરીર કહી શકતો નથી. [૨] જેમ કોઈ પુરુષ મુંજ ઘાસમાંથી સળી બહાર કાઢી બતાવે - આ મુંજ અને આ સળી તેમ કોઈ પુરુષ બતાવી શકતો નથી કે આ જીવ અને આ શરીર. [૩] જેમ કોઈ પુરુષ માંસથી હાડકું અલગ કરી બતાવે કે આ માંસ અને આ હાડકું, તેમ કોઈ પુરુષ બતાવી શકતો નથી કે આ શરીર છે અને આ આત્મા છે. [૪] જેમ કોઈ પુરુષ હથેળીમાં આંબળો રાખીને બતાવી શકે કે આ હથેળી અને આ આંબળો છે. તેમ કોઈ પુરુષ શરીરમાંથી આત્મા બહાર કાઢી ન કહી શકે કે આ શરીર છે અને આ આત્મા છે.*

*[૫] જેમ કોઈ પુરુષ દહીંમાંથી માખણ કાઢીને બતાવે કે આ દહીં છે અને આ માખણ છે, તેમ કોઈ પુરુષ બતાવી શકતો નથી કે આ શરીર છે - આ આત્મા છે. [૬] જેમ કોઈ પુરુષ તલમાંથી તેલ કાઢી બતાવે કે આ તેલ છે અને આ ખોળ છે તેમ કોઈ પુરુષ શરીર પૃથક્ આત્માથી આ આત્મા છે - આ શરીર છે, તેમ ન કહી શકે. [૭] જેમ કોઈ પુરુષ શેરડીમાંથી રસ કાઢીને બતાવે કે આ શેરડીનો રસ છે અને આ છોતરા છે, તેમ કોઈ પુરુષ શરીર અને આત્માને અલગ કરી દેખાડી ન શકે. [૮] જેમ કોઈ પુરુષ અરણિમાંથી આગ કાઢીને પ્રત્યક્ષ બતાવે કે આ અરણિ છે અને આ આગ છે, તેમ હે આયુષ્યમાન્ કોઈ પુરુષ શરીરથી આત્માને કાઢીને બતાવી શકતો નથી કે આ શરીર છે અને આ આત્મા છે.*

*આ રીતે તે સુઆખ્યાત છે કે અન્ય શરીર-અન્ય જીવની વાત મિથ્યા છે.*

*આ પ્રમાણે તે જીવ-તે શરીરવાદી જીવોને સ્વયં હણે છે - અને કહે છે કે - હણો, ખોદો, છેદો, બાળો, પકાવો, લુંટો, હરો, વિચાર્યા વિના સહસા આ કરો, તેને પીડિત કરો. આ શરીર માત્ર જીવ છે, પરલોક નથી. તે શરીરાત્મવાદી માનતા નથી કે - આ કરવું જોઈએ કે આ ન કરવું જોઈએ સુકૃત છે કે દુષ્કૃત છે, કલ્યાણ છે કે પાપ છે, સારું છે કે ખરાબ છે, સિદ્ધિ છે કે અસિદ્ધિ છે, નરક છે કે નરક નથી, આ રીતે તેઓ વિવિધરૂપે કામભોગનો સમારંભ કરે છે અને કામભોગોનું સેવન કરે છે.*



*આ રીતે કોઈ ધૃષ્ટતા કરનાર, દીક્ષા લઈ "મારો ધર્મ જ સત્ય છે" એવી પ્રરૂપણા કરે છે. આ શરીરાત્મવાદમાં શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરી કોઈ રાજા આદિ તેને કહે છે - હે શ્રમણ કે બ્રાહ્મણ ! તમે મને સારો ધર્મ બતાવ્યો. હે આયુષ્યમાન્ ! હું તમારી પૂજા કરું છું, તે આ પ્રમાણે - અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આદિ દ્વારા તમારો સત્કાર-સન્માન કરીએ છીએ. એમ કહી તેમની પૂજામાં પ્રવૃત્ત થાય છે.*

*આ શરીરાત્મવાદીની પહેલા તો પ્રતિજ્ઞા હોય છે કે - અમે અનગાર, અકિંચન, અપુત્ર, અપશુ, પરદત્તભોજી ભિક્ષુ એવા શ્રમણ બનીને પાપકર્મ કરીશું નહીં, દીક્ષા લીધા પછી તે પાપકર્મોથી વિરત થતા નથી. તે સ્વયં પરિગ્રહ કરે છે, બીજા પાસે પણ કરાવે છે અને તેમ કરનારનું અનુમોદન કરે છે. એ જ પ્રમાણે તેઓ સ્ત્રી તથા કામભોગોમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, આસક્ત, લુબ્ધ, રાગ-દ્વેષ વશ થઈને પીડિત રહે છે. તેઓ સંસારથી નથી પોતાને છોડાવતા, નથી બીજાને છોડાવતા, નથી બીજા પ્રાણી, જીવ, ભૂત કે સત્વોને મુક્ત કરાવતા. તેઓ પોતાના પૂર્વસંબંધીથી ભ્રષ્ટ થયા છે અને આર્ય માર્ગ પામતા નથી. તે નથી આ લોકના રહેતા કે નથી પરલોકના. વચ્ચે કામભોગોમાં ડૂબી જાય છે. આ પ્રમાણે તે જીવ-તે શરીરવાદી પહેલો પુરુષજાત જાણવો.*

**● વિવેચન-૬૪૧ :-**

આ મનુષ્યલોકમાં પૂર્વાદિ દિશામાંથી કોઈપણ દિશામાં કેટલાંક માણસો આ લોકને આશ્રીને ઉત્પન્ન થાય છે. તે અનુક્રમે બતાવે છે. તેમાં સર્વ હેય ધર્મોથી દૂર રહે તે આર્યો છે. તેમાં ક્ષેત્ર આર્યો-૨૫ા-જનપદમાં ઉત્પન્ન છે, બાકીના અનાર્યો છે. તે અનાર્ય દેશોત્પન્ન બતાવે છે - જેમકે - શક, યવન, શબર, બર્બર, કાય, મુરુંડ ઇત્યાદિ - x - x - [વૃત્તિમાંથી જાણવા] આ અનાર્યો પાપી, ચંડદંડ, નિર્લજ, નિર્દય હોય છે, તેઓ ધર્મ એવો અક્ષર સ્વપ્નમાં પણ ન જાણે —

કેટલાંક ઇક્ષ્વાકુ આદિ ઉચ્ચગોત્રીયા અને કેટલાંક અશુભ કર્મોદયથી નીચ ગોત્રમાં જન્મેલા છે - x - કેટલાંક મહાકાય-પ્રૌઢ શરીરી તથા કેટલાંક વામન-કુબ્જાદિ તેવા નામકર્મોદયથી થાય છે. કેટલાંક સુવર્ણ જેવા શોભન દેહવાળા તો કેટલાંક કાળા કોલસા જેવા છે. કેટલાંક સુરૂપ - સુવિભક્ત અવયવવાળા સુંદર તો કેટલાંક બીભત્સ દેહવાળા દુરૂપ છે. તેઓમાં ઉચ્ચ ગોત્રાદિ વિશેષણ વિશિષ્ટ, મહાન્, તેવા કર્મોદયથી રાજા થાય છે. તે કહે છે—

તે રાજા મહા હિમવંત, મલય, મંદર, મહેન્દ્ર જેવા સામર્થ્ય કે વૈભવી હોય તે કર્મોદયથી રાજા થાય છે - યાવત્ - ભય-બળવો ઉપશાંત થયા તેવા રાજ્યને ચલાવતા વિચરે છે. તેમાં ડિમ્બ એટલે દુશ્મન કે શ્રૃગાલનો ભય, ડમર એટલે સ્વરાષ્ટ્રનો બળવો. - x - તે આવી ગુણસંપદાને ભોગવતા રાજાને આવા પ્રકારની પર્ષદા હોય છે. જેમકે ઉગ્ર અને તેના કુમાર ઉગ્રપુત્રો, ભોગ-ભોગપુત્રો ઇત્યાદિ જાણવા. - x - માત્ર લિચ્છવીઓ વણિક આદિ છે. બુદ્ધિ વડે જીવતા મંત્રિ આદિ છે. તેમાં એકાદો ધર્મની ઇચ્છાવાળો શ્રદ્ધાળુ હોય - x - આ ધર્મશ્રદ્ધાળુ છે તેમ વિચારીને શ્રમણ કે બ્રાહ્મણ વિચારીને તેને ધર્મપ્રતિબોધ કરવા તેમની પાસે જઈને, પોતાના માનેલા ધર્મને - x - તે રાજાની આગળ જઈને કહીશું એમ વિચારી રાજા પાસે જઈને કહે છે - અમારા આવા ધર્મને આપની પર્ષદામાં કહીશું, તે આપ સાંભળશો.

આપ રાજા છો, ભયથી રક્ષણ કરનારા છો, જે રીતે મેં આ ધર્મ કહ્યો તે સુપ્રજ્ઞપ્ત થશે. આ પ્રમાણે અન્યતીર્થિક પોતાના દર્શનથી રંજિત કરીને રાજાદિને પોતાના અભિપ્રાય મુજબ ઉપદેશ આપે છે.

તેમાં પ્રથમ પુરુષજાત - તે જીવ - તે શરીરવાદી રાજાને ઉદ્દેશીને ધર્મદેશના કરે કે - પગના તળીયાથી ઉપર માથાની ટોચે વાળ સુધી અને તીર્છો ચામડી સુધી જીવ છે. અર્થાત્ જે આ શરીર છે, તે જ જીવ છે. આ શરીરથી જુદો જીવ નથી. જીવ શરીર પ્રમાણ જ છે. એ રીતે જે કાયા છે તે જ આત્મા છે, આત્માનો પર્યવ છે. તેની સંપૂર્ણ અવસ્થારૂપ છે. જો તે કાયા ન હોય તો આત્મા પણ ન હોય. જેટલો કાળ આ શરીર રહે તેટલો કાળ જ જીવ પણ જીવે છે. કાયા મૃત્યુ પામે તો જીવ પણ ન જીવે. કેમકે જીવ અને કાયા એકાત્મક છે. જ્યાં સુધી આ શરીર પંચભૂતાત્મક ચેતનમય રહે ત્યાં સુધી જ જીવ રહે. તેમાંથી એક પણ ભૂત ઓછું થાય કે વિકાર પામે તો શરીરરૂપી આત્માનો વિનાશ થાય છે. એ રીતે જ્યાં સુધી આ શરીર વાત-પિત્ત-કફના આધારે પૂર્વ સ્વભાવથી યુક્ત છે, ત્યાં સુધી જ તે જીવનું જીવિત છે. તેનો વિનાશ થતાં જીવનો પણ વિનાશ છે.

પછી તેને બાળવા માટે શ્મશાન આદિમાં લઈ જાય છે. તે શરીરને અગ્નિ વડે બાળે છે ત્યારે માત્ર કપોતવર્ણી હાડકાંઓ જ રહે છે. તે સિવાય બીજો કોઈ વિકાર રહેતો નથી, તેથી આત્માના અસ્તિત્વની શંકા થાય. વળી જઘન્યથી ચાર બંધુઓ અને પાંચમો આસંદી-મંચક, તે શરીરને અગ્નિ વડે બાળીને પછી પોતાને ગામ પાછા આવે છે. જો શરીરથી ભિન્ન આત્મા હોય તો શરીરથી નીકળતો દેખાત. પણ તે દેખાતો નથી. માટે શરીર તે જ જીવ છે એમ સિદ્ધ થયું.

ઉક્ત નીતિ મુજબ જીવ અવિદ્યમાન છે, તેમાં રહેલો કે જતો દેખાતો નથી. જેઓ આવું કહે છે, તેમના શાસ્ત્રમાં તેનું વધુ વિવેચન છે. જેઓ શરીરથી જીવ જુદો માને છે, તે આ વાદીના મતે અપ્રમાણ જ છે. તેથી તેઓ પોતાની મૂઢતાથી હવે કહેવાનાર શંકાને સ્વાધીન થશે. તે મતવાળા બીજા મતવાળાને આ પ્રશ્નો પૂછે



છે કે–

હે આયુષ્યમાન્ ! આ આત્મા શરીરની બહાર જુદો માનો તો કેવા પ્રમાણનો છે તે કહે - શું તે સ્વશરીરની બહાર - દીર્ઘ છે કે ચોખાદિ પ્રમાણ હ્રસ્વ છે ? ક્યાં સંસ્થાન વાળો છે ? કયા વર્ણવાળો છે ? તેની ગંધ કેવી છે ? કેવા રસવાળો છે ? કેવા સ્પર્શવાળો છે ? આ પ્રમાણે સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ન હોવાથી તે અસત્ છે, તો તેનું ગ્રહણ થાય જ કઈ રીતે ? જેઓ જીવ અને શરીરને જુદો કહે છે, તેઓ પણ કોઈ પ્રકારે - x - આત્માને શરીરથી જુદો બતાવી શકતા નથી.

હવે તે શરીર એજ જીવ મતવાળા પોતાના મતનું પ્રમાણ આપે છે - જેમ કોઈ મ્યાનમાંથી તલવાર કાઢીને બતાવે કે જો આ મ્યાન છે અને આ તલવાર છે, તે રીતે હે આયુષ્યમાન્ ! એ રીતે જીવ અને શરીરને બતાવી શકાતા નથી કે આ જીવ છે અને આ શરીર છે. આ રીતે કોઈએ કાયાથી ભિન્ન જીવ બતાવ્યો નથી. આ અર્થની સિદ્ધિ માટે ઘણાં દૃષ્ટાંતો દર્શાવ્યા છે - *[જે સૂત્રાર્થમાં નોંધેલ છે માટે અહીં ફરી નોંધ્યા નથી.]*

સુખદુઃખનો ભાગી પરલોક જનારો આત્મા નથી. તલ-તલ જેવા ટુકડા કર્યા પછી પણ શરીરથી પૃથક્ જીવ દેખાતો નથી. - મ્યાન અને તલવાર માફક. આવી યુક્તિ વડે આત્માનો અભાવ સિદ્ધ કર્યો, જેઓ આત્માને જુદો માનનારા છે તેઓ પોતાના દર્શનના અનુરાગથી જ આવું કહે છે કે - જીવ જુદો છે, પરલોકમાં જનારો છે, અમૂર્ત છે. આ શરીર તેના આ ભવની વૃત્તિ છે. પણ આ જુદો જીવ માનનારનું કહેવું અસત્ય છે. [તેમ તે જીવ-તે શરીરવાદી કહે છે]

આવા નાસ્તિકો પોતે એકેન્દ્રિયાદિ પ્રાણીની હિંસા કરે છે, વળી પ્રાણાતિપાતમાં દોષ ન માનતા તેઓ પ્રાણિની હિંસાનો ઉપદેશ આપે છે. તે આ પ્રમાણે - તલવારથી જીવોનો ઘાત કરો, પૃથ્વી આદિને ખોદો, ઇત્યાદિ સુગમ છે - યાવત્ - આ શરીર માત્ર જ જીવ છે. પછી પરલોક નથી. પરલોક ન હોવાથી ઇચ્છા પડે તે કરે - જેમકે - હે શોભના ! સારું ખા, પી. હે વરગાત્રી ! જે ગયું તે તારું નથી, હે ભીરુ ! ગયેલું પાછું આવતું નથી. આ શરીર માત્ર પુતળું છે. આ પ્રમાણે પરલોક જનારા જીવના અભાવથી પુન્ય-પાપ નથી, પરલોક નથી, એવો જેનો પક્ષ છે, તે લોકાયતિક - તે જીવ તે જ શરીરવાદી શું સ્વીકારતા નથી કે - [એમ જૈનાચાર્ય પૂછે છે]

જેમકે - શું સદ્-અસદ્ અનુષ્ઠાનરૂપ ક્રિયા-અક્રિયા તેઓ જાણતા નથી, જો આત્મા તે ક્રિયાથી પ્રાપ્ત કર્મનો ભોક્તા છે, તો અપાયના ભયથી અસદનુષ્ઠાનમાં ચિંતા થાય, જો ભોક્તા નથી તો સદનુષ્ઠાન પણ શા માટે કરવા ? તથા સુકૃત-દુષ્કૃત, કલ્યાણ-પાપ, સારું-નરસુ ઇત્યાદિ ચિંતા જ ન હોય. જો કલ્યાણ વિપાકમાં સાધુપણે હોવું અને પાપ વિપાકમાં અસાધુપણે હોવું, આ બંને હોય તો આત્માને તેનું ફળ ભોગવવું પણ સંભવે. જો તેનો અભાવ હોય તો ફોગટ હિત-અહિત પ્રાપ્તિ-ત્યાગ શું કરવા ?

વળી - સુકૃત્ અર્થાત્ સાધુ અનુષ્ઠાનથી સર્વકર્મક્ષયરૂપ સિદ્ધિ અને તેનાથી

વિપરીત અસિદ્ધિ થાય તથા દુષ્કૃત્ - પાપાનુબંધી અનુષ્ઠાનથી નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ ગતિ લક્ષણ આદિ કશું ન માને તો તેના આધારરૂપ આત્મ સદ્ભાવનો અસ્વીકાર જ થાય.

ફરી લોકાયતિક અનુષ્ઠાન બતાવવા કહે છે - ઉક્ત પ્રકારે તે નાસ્તિકો આત્માનો અભાવ સ્વીકારી વિવિધ પ્રકારના કર્મ સમારંભ - સાવદ્ય અનુષ્ઠાનરૂપ - પશુઘાત, માંસ ભક્ષણ, મદીરાપાન, નિર્લાંછનાદિ એવા વિવિધ કર્મસમારંભ વડે ખેતી આદિ અનુષ્ઠાનો વડે વિવિધ કામભોગોને તેમના ઉપભોગાર્થે એકઠા કરે છે.

હવે તે જીવ-તે શરીરવાદી મતનો ઉપસંહાર કરતા કહે છે - આ નાસ્તિકો મૂર્ત શરીરથી જુદું અમૂર્ત એવું જ્ઞાન આત્મામાં અનુભવે છે. તે અમૂર્તતાથી જ ગુણી [આત્મા] વિચારવો જોઈએ. તેથી શરીરથી જુદો આત્મા અમૂર્ત, જ્ઞાનવાન્, તેનો આધારભૂત છે. જો તે નાસ્તિકના મત પ્રમાણે શરીરથી આત્મા જુદો ન માનીએ તો તેનું વિચારેલ કોઈ જીવનું મરણ ન થાય. પરંતુ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે શરીરમાં રહેલા મરે છે કે મર્યા છે.

તથા [વિચારો કે] હું ક્યાંથી આવ્યો ? આ શરીર તજીને હું ક્યાં જઈશ ? આ મારું શરીર જૂનાં કર્મોને લીધે છે. ઇત્યાદિ રીતે શરીરથી પૃથક્ ભાવે આત્માનો પ્રત્યય અનુભવાય છે.

આ પ્રમાણે આત્માની પ્રત્યક્ષ અનુભૂતિ છતાં કેટલાંક નાસ્તકિ જીવનું પૃથગ્ અસ્તિત્વ ન માનનારા ધૃષ્ટતા ધારણ કરી પૂછે છે કે - જો આ આત્મા શરીરથી જુદો હોય, તો સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિના કોઈ ગુણથી યુક્ત હોય. [જૈનાચાર્યો કહે છે કે-] તે બિચારા સ્વમતના અનુરાગથી અજ્ઞાનરૂપ અંધકારથી આવું માને છે કે આ ગુણધર્મો મૂર્તના છે, અમૂર્તના નથી. જ્ઞાનના સંસ્થાન આદિ ગુણો ન સંભવે, તો પણ તેના અભાવે જ્ઞાનનો અભાવ ન થાય. તેમ આત્મા પણ સંસ્થાનાદિ ગુણરહિત હોવા છતાં છે જ. આ પ્રમાણે યુક્તિથી સિદ્ધ થવા છતાં તે નાસ્તિકો ધૃષ્ટતાથી આત્માને સ્વીકારતા નથી.

આવા મતવાળા પોતાના મતની દીક્ષા લઈને જીવ શરીરથી જુદો નથી એવું પોતે માની બીજાને પણ સમજાવે છે કે - મારો ધર્મ આ છે. બીજા પાસે પણ તે ધર્મ પ્રતિપાદિત કરે છે. જો કે લોકાયતિકોમાં દીક્ષા આદિ નથી પણ. બીજા શાક્યાદિ પ્રવ્રજ્યા વિધાનથી દીક્ષા લઈને પછી લોકાયતિકના મતનો થોડે અંશે સ્વીકાર કરીને, પોતાનો ધર્મ માનીને બીજાને કહે છે અથવા અન્ય કોઈ વર્ણના વસ્ત્ર પહેરનારામાં પ્રવ્રજ્યા હોવાથી દોષ નથી.

હવે તેઓ દ્વારા પ્રજ્ઞાપિત શિષ્ય વ્યાપારને આશ્રીને કહે છે—

તે નાસ્તિકવાદી ધર્મ વિષયી જીવોને અનુકૂળ હોવાથી તેઓ તેમાં શ્રદ્ધા રાખનારા, રુચિ કરનારા તથા આ જ સત્ય છે તેમ ગ્રહણ કરતા તેમાં રુચિ કરતા તમે બતાવ્યો તે ધર્મ અમને ગમે છે, તેનાથી બીજી રીતે ધર્મ નથી. જેઓ પરલોકના ભયથી હિંસાદિમાં વર્તતા નથી, માંસ-મદ્યાદિ વાપરતા નથી, તે મનુષ્ય જન્મના ફળથી



વંચિત રહે છે. પણ હે શ્રમણ, બ્રાહ્મણ ! તમે સારું કર્યુ જે આ તે જીવ-તે શરીર ધર્મ અમને બતાવ્યો. તમારું ધર્મકથન ઇચ્છવા યોગ્ય છે. હે આયુષ્યમાન્ ! તમે અમારો ઉદ્ધાર કર્યો અન્યથા બીજા તીર્થિઓએ અમને ઠગ્યા હોત.

તમે અમારા ઉપકારી છો, તમને અમે પૂજીએ છીએ. અમે પણ કંઈક તમારો પ્રતિ ઉપકાર કરીએ, તે બતાવે છે - અશન વડે ઇત્યાદિ સુગમ છે. આ પ્રમાણે પૂજાની મહત્તા માટે કેટલાક વેશદારી રાજાને પ્રતિબોધ કરે છે. ધીરે ધીરે પોતાના મતની યુક્તિઓ ઘટાવી હિત-અહિત પ્રાપ્તિ-ત્યાગ સમજાવીને તે જીવ તે - શરીર મતમાં દૃઢ બનાવી દે છે. તેમના મનમાં ઠસાવી દે છે - અન્ય જીવ, અન્ય શરીર મતતો ખોટો છે, તે છોડીને પોતાના મતનું જ અનુષ્ઠાન કરાવે છે.

તેમાં જે ભાગવતાદિ મતના પરિવ્રાજકાદિ છે, તેઓ લોકાયતિક ગ્રંથ સાંભળીને, તે મતમાં વિષય લોલુપતાથી ભળેલા તેઓ પૂર્વે દીક્ષા લેતી વખતે જાણે છે કે - સ્ત્રી, પુત્ર તજીને અમે શ્રમણ થઈએ છીએ, ગૃહરહિત, દ્રવ્યરહિત, ગાય-ભેંસાદિ રહિત, સ્વતઃ રાંધવાદિ ક્રિયા રહિતતાથી પરદત્તભોજી, ભિક્ષણશીલ બન્યા છીએ.'' કંઈ પાપરૂપ અનુષ્ઠાન કરીશું નહીં'' એમ સમ્યગ્ વિચારી નીકળેલા પણ પછીથી લોકાયતિક ભાવને પામેલા, પોતે પાપકર્મોથી વિરત થતા નથી. વિરતિ અભાવે જે થાય તે દર્શાવે છે—

પૂર્વે સાવધારંભ નિવૃત્તિ કરીને - x - વેશ ધરનાર, પોતે જ સાવદ્ય અનુષ્ઠાન કરે છે, બીજાઓ પાસે પાપ આરંભ કરાવે છે, તેમ કરનારને અનુમોદન આપે છે. તથા પૂર્વોક્ત પ્રકારે સ્ત્રીને ઉપલક્ષીને કામ અને ભોગને સેવતાં, સુખને ઇચ્છતાં, અજિતેન્દ્રિય થઈ, કામભોગમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, અધ્યુપપન્ન થઈ, રાગદ્વેશ વશ થઈ કે કામભોગાંધ બની - x - આત્માને સંસારથી કે કર્મપાશથી છોડાવી શકતા નથી. બીજાને પણ સદુપદેશ દાનથી કર્મબંધથી મુક્ત કરાવી શકતા નથી.

વળી દશવિધ પ્રાણવર્તી તે પ્રાણી, ત્રણે કાળમાં હોય તે ભૂત, આયુ ધારવાથી જીવ, વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત વીર્ય ગુણયુક્ત સત્ત્વ. એ પ્રાણી આદિને અસદભિપ્રાયત્વને કારણે છોડાવી શકતા નથી. એવા તે તે જીવ-તે શરીરવાદી લોકાયતિકો અજિતેન્દ્રિયતાથી કામભોગાસક્તા, પુત્ર-સ્ત્રી આદિથી ભ્રષ્ટ થયેલા, આર્ય માર્ગ-સદનુષ્ઠાન રૂપને પ્રાપ્ત ન થઈને પૂર્વોક્ત નીતિથી આલોક-પરલોક સદનુષ્ઠાનથી ભ્રષ્ટ વચમાં જ ભોગોમાં ડૂબી વિષાદ પામે છે. પણ પેલા પુંડરીક-કમળને લાવવા સમર્થ થતાં નથી. અહીં પ્રથમ પુરુષ તે જીવ-તે શરીરવાદી સમાપ્ત થયો. હવે બીજા પુરુષ જાતને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૬૪૨ :**

***હવે બીજો પંચમહાભૂતિક પુરુષજાત કહે છે - મનુષ્ય લોકમાં પૂર્વાદિ દિશામાં મનુષ્યો અનુક્રમે ઉત્પન્ન થયેલા હોય છે. જેમકે કોઈ આર્ય છે - કોઈ અનાર્ય છે યાવત્ કોઈ કુરુપ છે. તેઓમાં કોઈ એક રાજા હોય. એ પ્રમાણે યાવત્ સેનાપતિપુત્ર જાણવા. તેમાં કોઈ એક શ્રદ્ધાળુ હોય છે. તે શ્રમણ કે***

***બ્રાહ્મણ પાસે જવાની ઇચ્છા કરે છે. તે કોઈ એક ધર્મની શિક્ષા દેનાર અન્યતીર્થિક, રાજા આદિને કહે છે - અમે તમને ઉત્તમ ધર્મનું શિક્ષણ આપીશું. હે ભયત્રાતા ! મારો આ ધર્મ સુઆખ્યાત, સુપ્રજ્ઞપ્ત છે.***

***આ જગત્‌માં પંચ મહાભૂત છે, જેથી અમારી ક્રિયા, અક્રિયા, સુકૃત્, દુષ્કૃત, કલ્યાણ, પાપ, સારુ, ખરાબ, સિદ્ધિ, અસિદ્ધિ, નરક કે અનરક અધિક શું કહીએ ? તૃણના હલવા જેવી ક્રિયા પણ થાય છે.***

***તે ભૂત - સમવાયને જુદા-જુદા નામે જાણવા. તે આ પ્રમાણે - પૃથ્વી એક મહાભૂત છે, પાણી બીજું, અગ્નિ ત્રીજું, વાયુ ચોથુ અને આકાશ પાંચમું મહાભૂત છે. આ પાંચ મહાભૂત અનિર્મિત, અનિર્માપિત, અકૃત્ છે. કૃત્રિમ નથી, કડગ નથી, અનાદિક, અનિહણ, અવંધ્ય, અપુરોહિત, સ્વતંત્ર, શાશ્વત છે અને [પંચ મહાભૂત સિવાય] છટ્ઠો આત્મા છે.***

***કોઈ કહે છે - સત્‌નો વિનાશ નથી, અસત્‌ની ઉત્પત્તિ નથી.***

***આટલો જ જીવકાય છે, આટલા જ અસ્તિકાય છે, આટલો જ સર્વલોક છે આ જ લોકનું પ્રમુખ કારણ છે, તૃણ કંપન પણ તેના કારણે જ થાય છે.***

***તે ખરીદતા-ખરીદાવતા, હણતા-હણાવતા, રાંધતા-રંધાવતા ત્યાં સુધી કે કોઈ પુરુષને ખરીદ કરી ઘાત કરનાર પણ દોષનો ભાગી થતો નથી, કેમકે આ બધાં કાર્યોમાં કોઈ દોષ નથી, તે સમજો.***

***તેઓ ક્રિયાથી લઈ નરકભિન્ન ગતિને માનતા નથી. તેઓ વિવિધરૂપે કર્મસમારંભ વડે વિવિધ કામભોગોને ભોગવવા સમારંભ કરે છે. એ રીતે તેઓ અનાર્ય તથા વિપ્રતિપન્ન બની પંચમહાભૂતવાદીઓના ધર્મમાં શ્રદ્ધા રાખતા, પ્રતીતિ કરતા યાવત્ તેઓ આ પાર કે પહેલે પાર ન રહેતા, વચ્ચે જ કામભોગોમાં વિષાદ પામે છે. આ બીજો પંચમહાભૂતિક પુરુષ જાત કહેવાયેલ છે.***

**● વિવેચન-૬૪૨ :-**

પહેલા પુરુષ પછી હવે બીજા પુરુષને કહે છે, તે પાંચભૂત-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ વડે તત્ત્વ કહે છે, માટે પંચભૂતિક છે અથવા ઉક્ત પંચભૂત માને છે માટે પંચભૂતિક છે. તે સાંખ્યમતિ જાણવો. તે માને છે કે આત્માની એક તૃણને પણ વાંકુ કરવાની શક્તિ નથી, પાંચભૂતરૂપ પ્રકૃતિનું સર્વત્ર કર્તૃત્વ માને છે. લોકાયત મતવાળો નાસ્તિક પાંચભૂત સિવાય કશું બીજું માનતો નથી, તેથી પહેલા પુરુષ પછી આ પંચભૂત-આત્મવાદીને લીધો છે. જેમ પહેલા પુરુષના આલાવામાં પૂર્વ દિશાદિથી આવનારા બતાવ્યા, તે બધું અહીં પણ જાણી લેવું.

હવે સાંખ્ય અને લોકાયતિકનો મત દર્શાવતા કહે છે - આ સંસારે બીજા પુરુષ વક્તવ્યતા અધિકારમાં પૃથ્વી આદિ પાંચ મહાભૂતો છે. તે ભૂતો મહાન્ હોવાથી મહાભૂતો કહ્યા છે. તેઓના સર્વ વ્યાપિતાના સ્વીકારથી મહાપણું છે. તે પાંચ જ છે, છટ્ઠો [આત્મા] ક્રિયા કરનાર તરીકે સ્વીકારેલ નથી. આ પંચ મહાભૂતના સ્વીકારથી જ અમારી ક્રિયા - ચેષ્ટા કરાય છે. [આત્મા] અક્રિય છે. નિર્વ્યાપારરૂપ સ્થિતિરૂપ છે.



તેઓનું દર્શન સત્વ, રજસ્, તમો રૂપ પ્રકૃતિભૂત આત્મભૂત સર્વ અર્થ ક્રિયા કરે છે. પુરુષ [આત્મા] માત્ર તેને ભોગવે છે. - x -

બુદ્ધિ જ પ્રકૃતિ છે, કેમકે તેનો વિકાર થાય છે. તે પ્રકૃતિ ભૂતોને આશ્રયી હોવાથી સત્વ-રજ-તમના ચય-અપચયથી ક્રિયા-અક્રિયા થાય છે. તેથી ભૂતોથી જ ક્રિયાદિ થાય છે. તેના સિવાય બીજાનો અભાવ છે. તથા સારું કરેલું તે સુકૃત્, એ સત્વગુણની અધિકતાથી થાય છે, તથા દુષ્ટ કૃત તે દુષ્કૃત, તે રજ અને તમની ઉત્કટતાથી પ્રવર્તે છે એ પ્રમાણે કલ્યાણ કે પાપ, સારું કે ખરાબ વગેરે સત્વાદી ગુણોના ઉત્કર્ષ કે અનુત્કર્ષતાથી યથાસંભવ યોજી લેવું.

તે જ પ્રમાણે ઇચ્છિત અર્થ પ્રાપ્તિ તે સિદ્ધિ, વિપર્યય તે અસિદ્ધિ. અથવા નિર્વાણ તે સિદ્ધિ, અસિદ્ધિ તે સંસાર. સંસારીને નરક તે પાપકર્મનું યાતના સ્થાન, અનરક તે તિર્યંચ, મનુષ્ય, દેવગતિ. આ બધું સત્વાદિ ગુણાધિષ્ઠિતા ભૂતાત્મિકા પ્રકૃતિ છે. લોકાયતિકના અભિપ્રાય મુજબ સુખ-દુઃખના સ્થાન સ્વર્ગ-નરક છે. તૃણ માત્ર કાર્ય પણ તે ભૂતો જ પ્રધાનરૂપે કરે છે. કહ્યું છે - સત્વ લઘુપ્રકાશક છે, ઇષ્ટ-બળ તે રજ છે. અઘોર કૃત્ય તમસ્‌થી થાય છે. - x -

આ રીતે સાંખ્યાભિપ્રાયથી આત્માની તૃણને વાળવાની શક્તિ નથી. લોકાયતિક મતે આત્મા જ નથી, પાંચ ભૂતો જ બધું કાર્ય કરે છે. સમુદાયરૂપે ભૂતો વિવિધ સ્વભાવી કાર્ય કરે છે. પાંચે ભૂતોનો સ્વભાવ આ પ્રમાણે - પૃથ્વી-કાઠિન્યત્વ, પાણી-દ્રવત્વ, અગ્નિ-ઉષ્ણત્વ, વાયુ-હરણ, કંપન, આકાશ-અવગાહના દાન, સર્વદ્રવ્ય આધારભૂત. - x - આ પાંચે સમવાયમાં એકપણે છે. - x - આ પાંચે ભૂતોમાં એકે ઓછું કે વધતું નથી. પાંચ જ છે. વિશ્વવ્યાપી હોવાથી મોટા છે, ત્રિકાળ છે માટે ભૂત છે. આ પાંચે મહાભૂતો પ્રકૃતિથી થાય છે. પ્રકૃતિ મહાન્, તેથી અહંકાર, તેથી ગણષોડશક, તેથી પાંચ ભૂતો થાય છે. આ ક્રમે બધું જગત્ છે, તે સિવાય કોઈ કાળ, ઈશ્વર આદિ કોઈએ કશું નિર્માણ કર્યુ નથી - કરાવતું નથી તથા અકૃત કોઈએ કર્યુ નથી. વાદળ, ઇન્દ્રધનુષ્ માફક પંચભૂત સ્વભાવથી જ છે. ઘડા માફક કૃત્રિમ નથી. તેમાં કર્તૃ-કરણ વ્યાપાર નથી. તથા પરવ્યાપાર અભાવે તે કૃતક નથી. પરવ્યાપારની અપેક્ષાએ સ્વભાવ નિષ્પતિ હોય તો કૃતક કહેવાય. પણ તે વિસ્રસા પરિણામથી નિષ્પન્ન થયા હોવાથી કૃતક-બનાવેલા કહેવાતા નથી. તે અનાદિ અનંત છે, અવંધ્ય છે. વળી કાર્ય કરનાર પુરોહિત ન હોવાથી અપુરોહિત છે. પોતાનું કાર્ય કરવામાં સ્વતંત્ર છે, શાશ્વત કે નિત્ય છે. આવું જગત્ કદાપિ ન હતું તેમ નથી, તેથી આ પંચભૂતો અને આત્મા છટ્ઠો એમ કોઈ કહે છે. આત્મા કંઈ કરતો નથી. સાંખ્યો આત્મા જુદો માને છે, લોકાયતિકો કાયાકારે પરિણત ભૂતોમાં અભિવ્યક્ત ચેતનાને જ આત્મા માને છે.

*[વાદ વિચારણા અમારા કાર્યક્ષેત્રની બહાર છે, છતાં કિંચિંત્ અંશો અહીં રજૂ કરેલ છે. વિશેષ જાણવા વૃત્તિ જોઈને ષડ્દર્શન જ્ઞાતા પાસે સમજવું.]*

સાંખ્યના મતે-સર્વથા વિનાશ કોઈ કાળે થતો નથી. - x - જે નથી તે થાય

નહીં, હોય તેનો વિનાશ ન થાય. - x - કારણમાં જ કાર્યપણું છે.

આવું કહીને સાંખ્યો કે લોકાયતિકો મધ્યસ્થપણું રાખીને કહે છે - અમારી યુક્તિઓ આપ ધ્યાનમાં લો, આટલો જ જીવકાય છે અને આવા જ પાંચ મહાભૂતો છે - x - સાંખ્ય મતે આત્મા છે, પણ તે કંઈ કરતો નથી. લોકાયતિક મતે ભૂતોનું જ અસ્તિત્વ છે - x - આટલો જ લોકમાત્ર છે. પાંચભૂતોનું અસ્તિત્વ જ આ લોકનું મુખ્ય કારણ છે - x - સાંખ્ય મતે પ્રકૃતિ તથા આત્મા વડે સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. લોકાયતિક મતે ભૂતો જ તૃણ માત્ર પણ કાર્ય કરે છે, કેમકે તે સિવાય બીજા બધાનો અભાવ છે - x - બંનેના મતે અશુભ કર્મ વડે આત્મા બંધાતો નથી. - x -

જે કોઈ પુરુષ વસ્તુ ખરીદે, બીજા પાસે ખરીદાવે, તેમાં અનેક જીવોની હિંસા તથા બીજા દ્વારા ઘાત કરાવે તથા રાંધવા-રંધાવાની ક્રિયા કરે. આ રીતે ખરીદતો-ખરીદાવતો, હણતો-હણાવતો, રાંધતો-રંધાવતો તથા છેવટે પંચેન્દ્રિય મનુષ્યને વેચાતો લઈ તેનો ઘાત કરીને પણ પંચેન્દ્રિયની હત્યામાં પણ દોષ ન માને, તો એકેન્દ્રિય-વનસ્પતિ આદિના ઘાતમાં ક્યાંથી દોષ માને ?

આવું બોલનારા સાંખ્યો કે બાર્હસ્પતિઓ જાણતા નથી કે - આ સાવધ અનુષ્ઠાનરૂપ ક્રિયા છે, તેમ આ સ્થાનાદિ લક્ષણવાળી અક્રિયા છે. તેઓ સ્નાનાદિ માટે પાણીમાં પડીને જીવ ઉપમર્દનથી કર્મ સમારંભ થકી વિવિધ પ્રકારે સુરાપાન, માંસભક્ષણ, અગમ્યગમનાદિ કામભોગોનો પણ પોતે આરંભ કરે છે, બીજાને પણ તેમાં દોષ નથી એમ કહી અસત્ કાર્ય કરવા માટે પ્રેરે છે. એ રીતે તે અનાર્યો, અનાર્ય કર્મ કરીને આર્યમાર્ગથી વિરુદ્ધ માર્ગને ધારણ કરેલા છે.

સાંખ્યો માને છે કે અચેતનત્વથી પ્રકૃતિમાં કાર્યકતૃત્વ ન ઘટે. કેમકે ચૈતન્ય તે પુરુષનું સ્વરૂપ છે. આત્મા પ્રતિબિંબ ન્યાયે કાર્ય કરે તે પણ યુક્તિયુક્ત નથી. કેમકે તેમના મતે આત્મામાં કર્તાપણું નથી. - x - પ્રકૃતિ નિત્ય હોવાથી મહત્ વગેરેના વિકારપણે ઉત્પત્તિ ન થાય - x - પ્રકૃતિ અને આત્મા બે જ વિધમાન હોવાથી અહંકારાદિની ઉત્પત્તિ જ ન થાય પ્રકૃત્તિનું એકપણું હોવાથી - x - x - તેનો મોક્ષ થાય અને બીજાનો મોક્ષ ન થાય, તેવું ન બને. ઇત્યાદિ - x - x - x -

[જૈનાચાર્ય કહે છે-] સાંખ્ય મતનો આત્મા નકામો છે, લોકાયતિક મતનો આત્મા ભૂતરૂપ છે, ભૂતો અચેતન હોવાથી તેનાથી કર્તવ્ય ન થઈ શકે. કાયાકાર પરિણમેલા ભૂતોનું ચૈતન્ય પ્રગટ થતું સ્વીકારતા મરણનો અભાવ થશે. તેથી પંચભૂતાત્મક જગત્ માની ન શકાય. આ જ્ઞાન પોતાના અનુભવથી સિદ્ધ ધર્મીમાં સ્થાપે છે, પણ ભૂતોને ધર્મીપણે વિચારવા યોગ્ય નથી, કેમકે તેઓ અચેતન છે. કોઈ કહે છે કાયાકારે પરિણમ્યા પછી ચૈતન્ય ધર્મ થશે, તો તે પણ અયુક્ત છે. કેમકે તેમ માનવું આત્માને અધિષ્ઠાતા માન્યા વિના શક્ય નથી, કેમકે તેથી નિર્હેતુતા સિદ્ધ થશે. - x - ભૂતોથી જુદો આત્મા સિદ્ધ થતાં પુણ્ય-પાપ સિદ્ધ થશે. તેથી આ જગત્નું વૈચિત્ર્ય સિદ્ધ થશે.

આ પ્રમાણે સિદ્ધ થતાં તે અનાર્યો સાંખ્ય અને લોકાયતિકો પંચમહાભૂત



માનીને ઉલટા ચાલનારાનું શું થશે ? તે બતાવે છે —

પોતાના ખોટા તત્ત્વોને સાચું માનનારા - x - તેની શ્રદ્ધા - x - રુચિ રાખનારા - x - તથા તે ધર્મ પ્રરૂપકોને પ્રશંસનારા કહે છે - તમારો ધર્મ સુઆખ્યાત છે, અમને બહુ ગમે છે. આવું માની સાવધાનુષ્ઠાનથી પણ અધર્મ થતો નથી એમ માની, સ્ત્રી ભોગમાં મૂર્છિત ઇત્યાદિ પૂર્વવત્ જાણવું. યાવત્ મધ્યમાં જ કામભોગમાં ડૂબી ખેદ પામે છે. આલોક - પરલોકથી ભ્રષ્ટ થાય છે, પોતાનું કે બીજાનું રક્ષણ કરતા નથી. આ રીતે બીજો પુરુષ [વાદી] પાંચભૂતને માનનારો કહ્યો. હવે ઈશ્વરકારણીકનો કહે છે—

● **સૂત્ર-૬૪૩ :-**

*હવે ત્રીજો પુરુષ ઈશ્વરકારણિક કહેવાય છે. આ લોકમાં પૂર્વાદિ દિશામાં અનુક્રમે કેટલાંયે મનુષ્યો ઉત્પન્ન થાય છે. તેમાં કોઈ આર્ય હોય છે યાવત્ તેમાંનો કોઈ રાજા થાય છે. યાવત્ તેમાં કોઈ એક ધર્મશ્રદ્ધાળુ હોય છે. કોઈ શ્રમણ કે બ્રાહ્મણ તેની પાસે જવા નિશ્ચય કરે છે. યાવત્ મારો આ ધર્મ સુઆખ્યાત, સુપ્રજ્ઞપ્ત છે. આ જગત્માં જે ધર્મ છે તે પુરુષાદિક, પુરુષોત્તરિક, પુરુષપ્રણિત, પુરુષસંભૂત, પુરુષપ્રધોતીત, પુરુષ અભિસમન્વાગત પુરુષને આધારે જ રહેલ છે. [અહીં પુરુષનો અર્થ ઈશ્વર જાણવો.]*

*જેમ કોઈ પ્રાણીના શરીરમાં ગુમડા ઉત્પન્ન થાય, શરીરમાં વધે, શરીરનું અનુગામી બને, શરીરમાં જ સ્થિત થાય, તેમ ધર્મ ઈશ્વરથી જ ઉત્પન્ન થાય યાવત્ ઈશ્વરને આધારે ટકે છે. જેમ અરતિ શરીરથી જ ઉત્પન્ન થાય, વૃદ્ધિ પામે, અનુગામી બને, શરીરને આધારે ટકે તેમ ધર્મ પણ ઈશ્વરથી ઉત્પન્ન થાય યાવત્ ઈશ્વરને આધારે ટકે. જેવી રીતે કોઈ રાફડો પૃથ્વીથી ઉત્પન્ન થાય, વૃદ્ધિ પામે, અનુગામી બને, સ્થિત થાય, તેમ ધર્મ પણ ઈશ્વરથી ઉત્પન્ન થઈ યાવત્ ઈશ્વરને આધારે રહે છે.*

*જેમ કોઈ વૃક્ષ પૃથ્વીથી ઉત્પન્ન થાય, વૃદ્ધિ પામે, અનુગામી બને, પૃથ્વીને આધારે સ્થિત રહે, તેમ ધર્મ પણ ઈશ્વરથી ઉત્પન્ન થાય યાવત્ ટકે છે. જેમ કોઈ વાવડી પૃથ્વીથી ઉત્પન્ન થઈ યાવત્ પૃથ્વીને આધારે રહે છે, તેમ ધર્મ પણ ઈશ્વરથી ઉત્પન્ન થઈ યાવત્ ઈશ્વરને આધારે ટકે છે.*

*જેમ કોઈ પાણીની ભરતી પાણીથી ઉત્પન્ન થાય યાવત્ પાણીથી જ વ્યાપ્ત રહે છે, તેમ ધર્મ પણ ઈશ્વરથી ઉત્પન્ન થઈ યાવત્ ઈશ્વરમાં જ વ્યાપ્ત રહે છે. જેમ કોઈ પાણીનો પરપોટો પાણીથી ઉત્પન્ન થાય યાવત્ પાણીમાં જ વિલીન થાય, તેમ ધર્મ ઈશ્વરથી ઉત્પન્ન થાય યાવત્ સ્થિત રહે છે.*

*જે આ શ્રમણ-નિર્ગ્રન્થો દ્વારા ઉદ્દિષ્ટ, પ્રણીત, પ્રગટ કરેલ દ્વાદશાંગ ગણિપિટક છે, જેમકે - આયાર, સૂયગડ યાવત્ દિક્ટિવાય, તે બધું મિથ્યા છે તે સત્ય નથી અને યથાતથ્ય પણ નથી. આ [ઈશ્વરવાદ] જ સત્ય, તથ્ય અને યાથાતથ્ય છે. આ પ્રમાણે તેઓ આવી સંજ્ઞા રાખે છે, તેની સ્થાપના કરે છે, બીજાને કહે છે. પક્ષી જેમ પિંજરાને તોડી શકતું નથી, તેમ તેઓ ઈશ્વર-કતૃત્વ*

***વાદને સ્વીકારી ઉત્પન્ન થતા દુઃખને છોડી શકતા નથી.***

***તેઓ ક્રિયા યાવત્ અનરકને સ્વીકારતા નથી. એ પ્રમાણે તેઓ વિવિધરૂપે કર્મ સમારંભ વડે અને વિવિધ કામભોગોને માટે આરંભ કરે છે. તેઓ અનાર્ય છે, વિપ્રતિપન્ન છે. ઈશ્વરકતૃત્વવાદમાં શ્રદ્ધા રાખતા યાવત્ આ પાર કે પેલે પાર ન પહોંચતા મધ્યમાં જ કામભોગોમાં ફસાઈ દુઃખ પામે છે. આ ત્રીજો ઈશ્વરકારણિક પુરુષ [વાદ] કહ્યો.***

**● વિવેચન-૬૪૩ :-**

હવે બીજા પુરુષ પછી ત્રીજા ઈશ્વરકારણિકને કહે છે. તેઓ માને છે કે - ચેતન-અચેતનરૂપ આ બધા જગત્‌નો કર્તા ઈશ્વર કારણરૂપે છે તેનું પ્રમાણ આ છે - તનુ ભવનકરણ આદિ ધર્મીપણે ગ્રહણ કરીએ છીએ ઈશ્વર કતૃત્વ એ સાધ્ય ધર્મ છે. સંસ્થાન વિશેષત્વથી કૂવો, દેવકુળ આદિ વત્ તથા ધીમે ધીમે વાંસળાથી લાકડું છોલાય તેમ. કહ્યું છે - અજ્ઞાન જંતુ અસમર્થ હોવાથી આત્માનું સુખ-દુઃખ કરી ન શકે, ઈશ્વરની પ્રેરણાથી સ્વર્ગ કે નરકમાં જાય છે.

વળી તેઓ કહે છે - પુરુષ જ આ સર્વનો કર્તા છે કે જે થયું છે કે થવાનું છે વળી કહે છે કે - એક જ આત્મા સર્વે ભૂતોમાં રહેલો છે, જેમ એક જ ચંદ્ર જળમાં દેખાય છે. આ રીતે ઈશ્વરકારણિક આત્મા કે અદ્વૈતવાદી ત્રીજો પુરુષજાત કહેવાય છે.

જેમ બે પુરુષો પૂર્વાદિ દિશામાંથી આવીને રાજસભામાં આવીને રાજા આદિને ઉદ્દેશીને એમ કહે કે અમારામાં આવો ધર્મ સ્વાખ્યાત અને સુપ્રજ્ઞાપ્ત છે. આ લોકમાં ધર્મો-સ્વભાવો-ચેતન કે અચેતનરૂપે છે, તે બધાંનો ઉત્પાદક પુરુષ ઈશ્વર કે આત્મા જેના કારણ આદિ રૂપે છે, તે પુરુષાદિક, ઈશ્વરકારણિક કે આત્મકારણિક છે. તથા પુરુષ જ જેનું ઉત્તર-કાર્ય છે તે પુરુષોત્તર છે, પુરુષ પ્રણીત છે કેમકે બધામાં તે આત્મારૂપે રહેલો છે, પુરુષ વડે પ્રકાશમાં આણ્યા છે માટે પુરુષ દ્યોતિત - x - છે. તે જીવોના ધર્મો જન્મ-જરા-મરણ-વ્યાધિ-રોગ-શોક-સુખ-દુઃખ જીવન વગેરે છે. અજીવ ધર્મો તે મૂર્ત દ્રવ્યોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે. તથા અરૂપીના ધર્મ-અધર્મ-આકાશના ગતિ આદિ છે. આ બધાં ધર્મો ઈશ્વરે કરેલા છે. અથવા આત્મ અદ્વૈતવાદમાં તે આત્માએ કરેલા છે. તે બધું પુરુષમાં વ્યાપીને રહે છે.

આ માટે દૃષ્ટાંત આપે છે - x - જેમ કોઈને ગાંઠ થાય, સંસારી જીવોને કર્મવશાત્ શરીરમાં ગાંઠ આદિ થાય છે તે શરીરમાં થાય, શરીરના અવયવરૂપે થાય, શરીરની વૃદ્ધિ થતા તેની વૃદ્ધિ થાય છે, શરીરમાં એકમેક થઈને રહે છે. તે અવયવ [ગાંઠ] શરીરથી જુદો નથી. તથા શરીરરૂપે જ રહીને તે પીડા કરે છે. અથવા તે ગાંઠ બેસી જાય તો પણ શરીરની અંદર જ સમાઈ જાય છે, શરીરની બહાર રહેતી નથી. તેથી એમ જાણવું કે - જેમ તે પિટક શરીરના એક ભાગરૂપ છે, તેને સેંકડો યુક્તિથી પણ શરીરથી પૃથક્ દેખાડવી શક્ય નથી. તે પ્રમાણે આ ચેતન-અચેતન ધર્મો [પદાર્થો] બધાં ઈશ્વરકર્તૃક છે, તે ઈશ્વરથી જુદા કરીને બતાવવા શક્ય નથી. અથવા સર્વવ્યાપી આત્મા-જેને આધીન ત્રણ લોકના પોલાણમાં રહેલા બધાં પદાર્થો છે, અને



તેના જે ધર્મો પ્રગટ થાય છે, તેને પૃથક્ કરવા કોઈ સમર્થ નથી.

જેમ શરીરના વિકારૂપ ગુમડું એકરૂપ હોય, તેના વિનાશથી શરીરમાં જ રહે છે. એ પ્રમાણે બધાં જ ધર્મો પુરુષથી થયેલા છે માટે પુરુષાદિક છે. તે પુરુષકારણિક અથવા પુરુષના વિકારથી થનારા છે. તે પુરુષથી પૃથગ્ થવાને યોગ્ય નથી. તે પુરુષનો વિકાર નાશ થવાથી આત્માને આશ્રીને રહે છે. પણ આત્માથી જુદા બહાર દેખાતા નથી. આ અર્થના ઘણાં દૃષ્ટાંતો છે.

આત્મા એકલો જ છે, તે ઈશ્વરરૂપે છે, તેનું કરેલું જગત્ હોવાથી તેનાં દૃષ્ટાંત ઘણા છે. જેમ અરતિ-ચિત્ત ઉદ્વેગ લક્ષણરૂપ. તે શરીરમાં થાય છે ઇત્યાદિ ગુમડા માફક જાણવું. - x - જેમ વલ્મીક-પૃથ્વીના વિકારરૂપે છે, તે પૃથ્વીથી ઉત્પન્ન થાય છે, પૃથ્વી સંબદ્ધ છે, પૃથ્વીમાં લાગું છે, પૃથ્વી સાથે મળીને રહે છે. તેમ આ ચેતન-અચેતનરૂપ બધું ઈશ્વરનું કરેલ અથવા આત્માના વિકારરૂપ છે. આત્માથી પૃથક્ થઈ ન શકે.

તથા જે અશોકાદિ વૃક્ષો છે - x - વાવડી છે - x - પ્રચુર ઉદક છે - x - પાણીના પરપોટા છે. આ બધાં દૃષ્ટાંત અને તેનો નિષ્કર્ષ પૂર્વવત્ જાણવો. - x - એ પ્રમાણે ઈશ્વરકતૃત્વ એક જ સત્ય છે, બાકી બધું મિથ્યા છે, તે બતાવે છે - આ પ્રત્યક્ષ વિધમાન જૈનશ્રમણ નિર્ગ્રન્થોને માટે રચિત દ્વાદશાંગ ગણિપિટક-આચારાંગાદિ છે, તે બધું મિથ્યા છે, કેમકે તે ઈશ્વર પ્રણીત નથી, પણ સ્વરુચિ વિરચિત છે. - x - તેથી સત્ય નથી. મિથ્યા અર્થાત્ જે નથી તે બતાવ્યા છે. અતથ્ય એટલે સત્યાર્થને ઉડાવેલ છે, યાથાતથ્ય એટલે જેવો અર્થ જોઈએ તેવો તેમાં નથી. એ રીતે ઈશ્વરવાદીઓ જૈનાગમને - x - x - ઈશ્વર પ્રણિત ન હોવાથી મિથ્યા છે તેમ જણાવેલ છે. તેમના મતે આ જગત્ ઈશ્વરકૃત કે આત્મા-અદ્વૈત છે તેથી યથાવસ્થિત તેમનું પ્રરૂપેલું તત્ત્વ સત્ય છે અને સદ્‌ભૂત અર્થ બતાવવાથી તે જ તથ્ય છે.

આ પ્રમાણે ઈશ્વરને કારણ માનનારા કે આત્માને અદ્વૈત માનનારા ઉક્ત નીતિએ માને છે કે - સર્વે શરીર-ભુવન કરનારો ઈશ્વર કારણરૂપે છે તથા સર્વે ચેતન-અચેતન આત્મામાંથી ઉત્પન્ન થયેલ છે. "આત્મામાંથી જ બધા આકારની ઉત્પત્તિ છે" એવી સંજ્ઞાને માને તથા ઉપદેશે અને તેમના દર્શનના રાગીના મનમાં આ તત્ત્વ ઠસાવે. - x - તેમને પોતાના મતના આગ્રહી બનાવે. તેઓ તથા તેમના અનુયાયી તેમના મતમાં સ્થિર થવાથી, શ્રદ્ધા રાખવાથી, દુઃખને તોડી શકતા નથી.

જૈનાચાર્ય કહે છે - જેમ કોઈ સમળી કે લાવક પક્ષી પાંજરાને છોડતું નથી, ફરી-ફરી ભમીને ત્યાં જ આવે છે. તે જ પ્રમાણે આવા મતના સ્વીકારથી બાંધેલ કર્મોને તોડી શકતા નથી. પણ પોતાના મતના આગ્રહ વડે અભિમાનથી હવે કહેવાનાર તત્ત્વને સમ્યક્ જાણતા નથી. જેમકે—

ક્રિયા-સદનુષ્ઠાન અને અક્રિયા-હિંસાદિ કે બીજા સારા-નરસાને સદ્‌વિવેક-રહિતતાથી વિચારતા નથી. એ રીતે યથાકથંચિત્ વિવિધ કર્મસમારંભ-સાવધાનુષ્ઠાન વડે દ્રવ્ય મેળવીને વિવિધ કામભોગોને આચરે છે. ઉપભોગને માટે અનાર્ય બનેલા તેઓ વિરુદ્ધ માર્ગે ચડેલા સમ્યગ્‌વાદી થતા નથી. [તેમના જૂઠાપણાને જૈનાચાર્યો બતાવે છે-]

તમે ઈશ્વરને સર્વકર્તા માનો છો, તો તે ઈશ્વર જાતે ક્રિયા કરે છે કે બીજાને ક્રિયા કરવા પ્રેરે છે? જો ઈશ્વર સ્વયં કરે છે, તો પછી બીજા આપમેળે ક્રિયામાં પ્રવૃત્ત થશે તેમાં જેમ અંદર ગુમડું થાય તેમાં ઈશ્વરની કલ્પનાથી શું લાભ? હવે જો બીજાની પ્રેરણાથી, બીજા જીવો પાસે ક્રિયા કરાવે છે તેમ માનો તો અનવસ્થા નામક દોષ લાગુ પડશે. - x -

જો આ ઈશ્વર - x - વીતરાગતા યુક્ત હોય તો એકને નરકને યોગ્ય ક્રિયામાં અને એકને સ્વર્ગ કે મોક્ષ ક્રિયામાં કેમ પ્રવર્તાવે ? જો એમ માનો કે જીવ પોતાના પૂર્વના શુભાશુભ આચરણથી તે-તે ક્રિયામાં પ્રવર્તે છે, તો ઈશ્વર નિમિત્ત માત્ર બનશે, તો તે યુક્તિ સંગત નહીં બને, કેમકે પૂર્વે તેણે શા માટે અશુભ કર્યુ કે તેને આ ફળ મળ્યું, તે દોષ આવશે. જો તમે કહેશો કે અજ્ઞ પ્રાણી કર્મ કરે છે, તો તેને તેમ કરવા કોણે કહ્યું ? જો અનાદિ પ્રવૃત્તિ છે તેમ કહેશો, તો ઈશ્વરની કલ્પનાની જરૂર શી ? - x - x - *[ઇત્યાદિ વાદ-ચર્ચા વૃત્તિથી જાણીને તજ્જ્ઞ પાસે સમજવી જરૂરી છે. માત્ર અનુવાદથી તે બોધક ન બને, છતાં કિંચિત્ અંશો અહીં નોંધેલ છે-]*

— જો તમારા મતે દેવકુલના કર્તા બીજો કોઈ હોય તો તનુભવનનો કર્તા ઈશ્વર સિવાય બીજો કોઈ કેમ ન હોય? - x - કુંભારે માટીનો ઘડો બનાવેલો જોઈને કોઈ માટીના રાફડાને જોઈ અનુમાન કરે કે રાફડો પણ કુંભારે બનાવેલ હશે તો જેવા મૂર્ખ ગણાય, તેવા મૂર્ખ તમે છો. - x - ઈશ્વર જ કર્તા હોય તો જગત્‌નું વૈચિત્ર્ય ન જણાય. - x - આત્માને અદ્વૈત માનનારા યુક્તિરહિત હોવાથી આશ્રય કરવા યોગ્ય નથી. - x - તેને સિદ્ધ કરનાર હેતુ-દૃષ્ટાંત નથી. - x - આ પ્રમાણે અનેક યુક્તિઓ વડે વિચારતાં ઈશ્વર કતૃત્વ તથા આત્મા અદ્વૈત પક્ષ કોઈપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરતો નથી. તો પણ તે દર્શનમાં મોહેલા તે સંબંધી જે દુઃખો થાય તેનાથી તેઓ છુટી શકતા નથી. - x - તેને જ સાચી માની લેવાથી સંસારથી પાર પામતા નથી - x - મોક્ષ સ્થાને જવાને બદલે મધ્યમાં જ કામભોગમાં મૂઢ બની ખેદ પામે છે - હવે ચોથો પુરુષ-

● સૂત્ર-૬૪૪ :-

***હવે નિયતિવાદી નામના ચોથા પુરુષનું વર્ણન કરે છે. આ લોકમાં પૂર્વાદિ દિશામાં મનુષ્યો ઉત્પન્ન થાય છે ઇત્યાદિ પૂર્વવત્ જાણવું. તેમાં કોઈ એક ધર્મશ્રદ્ધાળુ હોય છે. શ્રમણ કે બ્રાહ્મણ તેની પાસે જવા નિશ્ચય કરે છે યાવત્ મારો આ ધર્મ સુઆખ્યાત સુપ્રજ્ઞપ્ત છે.***

***આ લોકમાં બે પ્રકારના પુરુષો હોય છે - એક ક્રિયાનું કથન કરે છે, બીજો ક્રિયાનું કથન કરતો નથી. - x - તે બંને પુરુષો એક જ અર્થવાળા, એક જ કારણને પ્રાપ્ત તુલ્ય છે. બંને અજ્ઞાની છે. પોતાના સુખદુઃખના કારણભૂત કાલાદિને માનતા એમ સમજે છે કે - હું જે કંઈ દુઃખ, શોક, ઝૂરાપો, તપ્તતા, પીડા, પરિતપ્તતા પામી રહ્યો છું, તે મારા જ કર્મનું ફળ છે, બીજા જે દુઃખ, શોક - x - આદિ પામી રહ્યા છે, તે તેના કર્મ છે.***

***આ પ્રમાણે તે અજ્ઞાની સ્વનિમિત્ત તથા પરનિમિત્ત-કારણ કર્મફળ સમજે***





***છે. પરંતુ [એકમાત્ર નિયતિને જ કારણ માનનારા] મેધાવી એવું જ માને છે - કહે છે કે હું જે કંઈ દુઃખ-શોક-ઝુરાપો-સંતપ્તતા-પીડા કે પરિતપ્તતા પામું છું તે મારા કરેલા કર્મ નથી. બીજા પુરુષ પણ જે દુઃખશોક આદિ પામે છે, તે પણ તેના કરેલા કર્મોનું ફળ નથી. પરંતુ તે મેધાવી માને છે કે - x - આ બધું નિયતિકૃત્ છે, બીજા કોઈ કારણથી નહીં.***

***હું કહું છું કે પૂર્વાદિ દિશામાં રહેનાર જે ત્રસ સ્થાવર પ્રાણી છે, તે બધાં નિયતિના પ્રભાવથી સંઘાયને, વિપર્યાસને, વિવેકને અને વિધાનને પામે છે એ રીતે નિયતિ જ બધાં સારા-ખરાબ કાર્યોનું કારણ છે.***

***નિયતિવાદી ક્રિયા યાવત્ નરક કે નરક અતિરિક્ત ગતિને નથી માનતા. આ પ્રમાણે તે [નિયતિવાદી] વિવિધરૂપે કર્મસમારંભ કરતા વિવિધ કામભોગોને ભોગવતા આરંભ કરે છે. એ રીતે તે અનાર્યો વિપ્રતિપન્ન થઈ તેની શ્રદ્ધા કરતા યાવત્ તેઓ આ પાર કે પેલે પાર ન રહેતા વચમાં જ કામભોગોમાં ફસાઈને વિષાદ પામે છે. નિયતિવાદી નામક ચોથો પુરુષ કહ્યો.***

***આ રીતે આ ચાર પુરુષ ભિન્ન ભિન્ન બુદ્ધિવાળા-અભિપ્રાયવાળા-શીલવાળા-દૃષ્ટિવાળા-રુચિવાળા-આરંભવાળા-અધ્યવસાયવાળા છે. તેઓએ પૂર્વસંયોગો તો છોડ્યા છે, પરંતુ આર્યમાર્ગને પ્રાપ્ત ન થઈને આ લોક કે પરલોકના રહેતા મધ્યમાં કામભોગોમાં ડૂબી જાય છે.***

● વિવેચન-૬૪૪ :-

હવે ત્રીજા પુરુષ બાદ ચોથા પુરુષ [વાદી] નિયતિવાદીને કહે છે - અહીં કોઈ કાળ, ઈશ્વરાદિ કારણ નથી, પુરુષાર્થ પણ નથી. સમાન ક્રિયા કરવા છતાં કોઈને નિયતિના બળે અર્થસિદ્ધિ થાય છે, માટે નિયતિ જ કારણ છે કહ્યું છે કે - નિયતિના બળથી જે અર્થ પ્રાપ્ત થવાનો હોય તે અવશ્ય મનુષ્યને શુભ કે અશુભ મળે છે. નથી મળવાનું તે ઘણી મહેનત પછી પણ મળતું નથી, થવાનું હોય તેનો નાશ થતો નથી.

- x - આ નિયતિવાદરૂપ ધર્મ સુઆખ્યાત સુપ્રજ્ઞપ્ત છે અને તે નિયતિવાદી પોતાનો મત દર્શાવે છે - આ જગત્‌માં બે પ્રકારે પુરુષો છે. તેમાં એક ક્રિયા બતાવે છે, ક્રિયા જ પુરુષને દેશથી દેશાંતર પ્રાપ્તિ કરાવે છે. કાળ-ઈશ્વરની પ્રેરણાથી જતો નથી. પણ નિયતિના બળે જ જાય છે. તેમ અક્રિયામાં પણ જાણવું. તેથી ક્રિયા-અક્રિયા બંને પરતંત્ર છે. તે બંને પણ નિયતિને આધીન હોવાથી તુલ્ય છે. જો તે બંને સ્વતંત્ર હોય તો ક્રિયા-અક્રિયા બંને સમાન ન થાત. તે બંને એક અર્થવાળી છે. નિયતિના વશથી જ તે બંને નિયતિવાદ-અનિયતિવાદનો આશ્રય લે છે. આથી એમ સમજવું કે ઈશ્વર, કાળ આદિ પણ નિયતિની પ્રેરણા છે.

હવે નિયતિવાદી બીજા મતોનું ખંડન કરે છે - જેઓ અજ્ઞાન છે તેઓ એવું માને છે કે - હું સુખ-દુઃખનો કે ધર્મ-પાપનો કર્તા છું અથવા કાળ, ઈશ્વર આદિ કારણ છે, નિયતિ આદિ કારણ નથી, તેઓ આવું માનતા કહે છે કે હું જે શરીર-મનના દુઃખ અનુભવું છું, ઇષ્ટવિયોગ-અનિષ્ટ સંયોગથી શોક અનુભવું છું, શરીરબળ ઘટે છે,

બાહ્યાભ્યન્તર પીડા અનુભવું છું, પરિતાપ અનુભવું છું તથા અનાર્યકર્મમાં પ્રવૃત્ત આત્માને ગર્હું છું, અનર્થ થવાથી પસ્તાઉં છું, એથી તેઓ એમ માને છે કે હું દુઃખ અનુભવું છું, બીજાને પીડા કરવા વડે અકાર્ય કરું છું તથા બીજા પણ જે દુઃખ, શોક અનુભવે છે અથવા તેમણે મને દુઃખ દીધું તે હું ભોગવું છું ઇત્યાદિ દર્શાવે છે - x - નિયતિવાદી કહે છે કે - x - પોતાથી કે પરથી દુઃખસુખ થયેલાં માનનારો અજ્ઞાની છે.

આ રીતે નિયતિવાદી પુરુષાર્થ કારણ વાદીને અજ્ઞાની કહીને પોતાનો મત કહે છે - x - x - નિયતિ જ સુખ-દુઃખના અનુભવનું કારણ છે. જેમકે - હું દુઃખ પામું છું, શોક કરું છું - x - ઇત્યાદિ. તે દુઃખો મારા કે બીજાના કરેલા નથી. પણ નિયતિથી આવ્યા છે. પુરુષાર્થથી નહીં. કેમકે કોઈને આત્મા અનિષ્ટ નથી કે જેથી અનિષ્ટ દુઃખોત્પાદ ક્રિયાઓ કરે. નિયતિ જ તેને તેમ કરાવે છે, જેથી દુઃખ પરંપરાનો ભાગી થાય છે. આ જ કારણ બધે યોજવું. આ રીતે નિયતિવાદી પોતે મેધાવી બને છે, પણ તે તેની ઉલ્લંઠતા છે.

જૈનાચાર્ય કહે છે - નિયતિવાદી પુરુષાર્થને પ્રત્યક્ષ જુએ છે, છતાં તેને તજીને ન દેખાતા નિયતિવાદનો આશ્રય લઈ ઉલ્લંઠ બનેલ છે. [તેને કહો કે] પોતાના કે બીજાથી દુઃખાદિ ભોગવવા છતાં નિયતિકૃત્ શા માટે કહો છો, આત્માનું કરેલું શા માટે માનતા નથી.

નિયતિવાદી કહે છે કે - કોઈ અસત્ કૃત્ય કરવા છતાં દુઃખ પામતો નથી, બીજો સત્કૃત્ય કરવા છતાં દુઃખી થાય છે, માટે અમે નિયતિ માનીએ છીએ. તેઓ કહે છે - x - x - બે ઇન્દ્રિયાદિ ત્રસ અને પૃથ્વીકાયાદિ સ્થાવર જીવો-પ્રાણીઓ તે સર્વે નિયતિથી જ ઔદારિક આદિ શરીરના સંબંધમાં આવે છે. કોઈ કર્માદિથી શરીર ગ્રહણ કરતા નથી. તથા બાલ-કુમાર-યૌવન-સ્થવિર-વૃદ્ધાવસ્થાદિ વિવિધ પર્યાય નિયતિ જ અનુભવે છે. નિયતિથી જ શરીરથી પૃથગ્ ભાવ અનુભવે છે અને કુબડો, કાણો, લંગડો, વામન, જરા, મરણ, રોગ, શોક આદિ નિંદનીય અવસ્થા પામે છે. આ પ્રમાણે ત્રસ-સ્થાવર જીવોની દશા છે.

આ પ્રમાણે નિયતિવાદીઓ નિયતિનો આશ્રય લઈને - x - પરલોકથી ન ડરતા એમ જાણતા નથી કે સારુ કૃત્ય તે ક્રિયા અને અક્રિયા તે પાપ છે. પણ નિયતિનો આધાર માનીને તેને માથે દોષ મૂકીને વિવિધ ભોગોના ઉપભોગ માટે સમારંભ કરે છે.

જૈનાચાર્ય કહે છે - એ રીતે પૂર્વોક્ત પ્રકારે તે અનાર્યો એકાંત નિયતિ માર્ગને સ્વીકારી વિપ્રતિપન્ન થયા છે. - x - [તેમને જૈનાચાર્ય પૂછે છે] આ તમારી માનેલી નિયતિ સ્વયં કે બીજી નિયતિથી નિર્માણ કરે છે ? જો નિયતિ સ્વયં નિર્માણ કરે છે, તો તે પદાર્થનો સ્વભાવ જ છે તેમ કેમ નથી કહેતાં ? તમારી માનેલી નિયતિમાં ઘણાં દોષ છે. - x - તમે જો બીજી નિયતિથી નિર્માણ માનશો તો એક પછી એક નિયતિ લાગુ પડતાં અનવસ્થા દોષ લાગુ પડશે.

*[વૃત્તિકારે નિયતિવાદનું ખંડન કરતા, ઘણી દલીલો મૂકી છે, અમે તેનો પૂર્ણ અનુવાદ મૂક્યો નથી. તેના સ્પષ્ટ બોધ માટે તેના જ્ઞાતા પાસે જાણવું.]*



જો નિયતિનો જ આ સ્વભાવ માનશો તો બધાં પદાર્થોનું સ્વરૂપ એક થવું જોઈએ - x - નિયતિને એક માનતા બધા કાર્યો એકાકાર થવા જોઈએ. જગત્‌માં વિચિત્રતા થવી ન જોઈએ. પણ તેમ દેખાતું નથી - x - નિયતિવાદી જે ક્રિયાવાદી-અક્રિયાવાદી બે પુરુષનું દૃષ્ટાંત આપે છે, તે પણ પ્રતીત નથી, છતાં તુલ્ય માનો તો - x - તે તમારા મિત્રો જ માનશે - x - જન્માંતરમાં કરેલા શુભાશુભ કર્મો જ અહીં ભોગવાય છે - x - x - આવું નજરે જોવા છતાં નિયતિવાદી અનાર્યો યુક્તિરહિત નિયતિને માની બેઠા છે. પાપ-પુણ્યના ફળ ન માનીને પાપ કરીને વિષયસુખની તૃષ્ણામાં દુઃખી થયેલા છે. આ ચોથો પુરુષ થયો.

હવે ઉપસંહાર કરતા કહે છે - પૂર્વોક્ત [૧] તે જીવ તે શરીરવાદી, [૨] પંચમહાભૂતવાદી, [૩] ઈશ્વર કતૃત્વવાદી, [૪] નિયતિવાદી. એ ચારે પુરુષોની બુદ્ધિ - અભિપ્રાય - અનુષ્ઠાન - દર્શન [મત] - રુચિ [ચિત્ત અભિપ્રાય] - ધર્માનુષ્ઠાન - અધ્યવસાય આદિ પ્રત્યેક જુદા જુદા છે. - x -

તેઓ માતા, પિતા, પત્ની, પુત્રાદિ છોડીને, નિર્દોષ આર્ય માર્ગ છોડીને, પાપરહિત આર્ય માર્ગ ન પામીને, પૂર્વે કહ્યા મુજબ ચારે નાસ્તિકો - માતા પિતાદિ સંબંધ છોડીને, ધન-ધાન્યાદિ છોડીને આલોકના સુખને પામતા નથી, આર્યમાર્ગ છોડવાથી સર્વોપાધિરહિત મોક્ષ પામીને સંસાર પારગામી થતા નથી તેથી પરલોકના સુખના ભાગી થતા નથી પણ માર્ગમાં જ - ગૃહવાસ અને આર્યમાર્ગની મધ્યે વર્તતા કામભોગોમાં આસક્ત બની, કાદવમાં ફસાયેલ હત્થી માફક વિષાદ પામે છે.

પરતીર્થિકો બતાવ્યા. હવે - x - પાંચમો ‘‘ભિક્ષુ’’ પુરુષ કહે છે—

● **સૂત્ર-૬૪૫ :-**

***હું એમ કહું છું કે - પૂર્વાદિ દિશાઓમાં મનુષ્યો હોય છે. જેવા કે - આર્ય કે અનાર્ય, ઉચ્ચગોત્રીય કે નીચગોત્રીય, મહાકાય કે હ્રસ્વકાય, સુવર્ણ કે દુર્વર્ણ, સુરૂપ કે કુરૂપ, તેમને જન-જાનપદ આદિ થોડો કે વધુ પરિગ્રહ હોય છે. આવા પ્રકારના કુળોમાં આવીને કોઈ ભિક્ષાવૃત્તિ ધારણ કરવા ઉદ્યત થાય છે કેટલાંક જ્ઞાતિજન, અજ્ઞાતિજન, ઉપકરણ છોડીને ભિક્ષાવૃત્તિ ધારણ કરે છે અથવા કોઈ અવિદ્યમાન જ્ઞાતિજન આદિ છોડીને ભિક્ષાવૃત્તિ ધારણ કરે છે.***

***જે વિદ્યમાન કે અવિદ્યમાન જ્ઞાતિજન, અજ્ઞાતિજન અને ઉપકરણોને છોડીને ભિક્ષાચર્યાને માટે સમુત્થિત થાય છે, તેઓને પહેલાથી ખબર હોય છે કે - આ લોકમાં પુરુષગણ પોતાનાથી ભિન્ન વસ્તુઓ માટે અમસ્તા જ તેવું માને છે કે આ વસ્તુ મારે કામ આવશે. જેમકે - મારા ક્ષેત્ર-વાસ્તુ-હિરણ્ય-સુવર્ણ-ધન-ધાન્ય-કાંસુ-વસ્ત્ર - વિપુલ ધન-કનક-રત્ન-મણિ-મોતી-શંખ-શિલ-પ્રવાલ-રક્તરત્ન આદિ સારભૂત વસ્તુઓ, મારા શબ્દો-રૂપ-ગંધ-રસ-સ્પર્શ, આ કામભોગો મારા છે, હું તેનો ઉપભોગ કરીશ.***

***તે મેધાવી પહેલાથી જ સ્વયં એવું જાણી લે કે - આ લોકમાં જ્યારે મને કોઈ દુઃખ, રોગ, આતંક ઉત્પન્ન થાય, કે જે મને અનિષ્ટ, અકાંત, અપ્રિય,***

*અશુભ, અમનોજ્ઞ, અમણામ, દુઃખરૂપ, અસુખરૂપ છે. હે ભયંતાર ! મારા આ કામભોગો, મારા અનિષ્ટ, અકંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ દુઃખ, અસુખ રોગ-આતંક આદિ તમે વહેંચી લો. કેમકે હું તેનાથી ઘણો દુઃખી છું, શોકમાં છું, ચિંતામાં છું, પીડિત છું, વેદનામાં છું, અતિસંતપ્ત છું. તેથી તમે બધાં મને આ અનિષ્ટ, અકાંત - યાવત્ - અસુખરૂપ મારા કોઈ એક દુઃખ કે રોગાતંકથી મને મુક્ત કરાવો, તો તેવું કદી બનતું નથી.*

*આ સંસારમાં કામભોગ તે દુઃખીને રક્ષણ કે શરણરૂપ થતાં નથી. કોઈ પુરુષ પહેલાથી જ આ કામભોગોને છોડી દે છે અથવા કામભોગો તે પુરુષને પહેલા છોડી દે છે. તેથી કામભોગો અન્ય છે અને હું પણ અન્ય છું. તો પછી અમે આ ભિન્ન કામભોગોમાં શા માટે મૂર્છિત થઈએ ? આવું જાણીને અમે જ કામભોગોનો ત્યાગ કરીએ, તે મેધાવી જાણી લે કે આ કામભોગો બહિરંગ છે. તેનો રાગ છોડી દે, જેમકે - મારી માતા, મારા પિતા, મારા ભાઈ-બહેન-પત્ની-પુત્ર-પુત્રી, મારા દાસ-પૌત્ર-પુત્રવધૂ-પ્રિયા-સખા-સ્વજન-સંબંધી છે, આ મારા જ્ઞાતિજન છે અને હું પણ તેમનો છું [તેમ ન માને]*

*તે મેધાવી પહેલાથી જ પોતાને સારી રીતે જાણી લે. આ લોકમાં મને કોઈ દુઃખ, રોગ, આતંક ઉત્પન્ન થશે, જે અનિષ્ટ યાવત્ અસુખરૂપ હોય તો હે ભયંતાર ! જ્ઞાતિજનો, આ મારા કોઈ દુઃખ, રોગ, આતંક તમે વહેંચી લેજો કે જે મને અનિષ્ટ યાવત્ અસુખરૂપ છે. હું તે દુઃખથી દુઃખી છું, શોકમાં છું યાવત્ સંતપ્ત છું. મને આ કોઈપણ દુઃખ, રોગ, આતંકથી મુક્ત કરાવો, જે મને અનિષ્ટ યાવત્ અસુખરૂપ છે એવું કદી બનતું નથી.*

*અથવા તે ભયંતાર મારા જ્ઞાતિજનને જ કોઈ દુઃખ, રોગ, આતંક ઉત્પન્ન થઈ જાય જે મને અનિષ્ટ યાવત્ અસુખરૂપ છે, તો હું મારા તે ભયત્રાતા જ્ઞાતિજનોના કોઈ દુઃખ, રોગ, આતંકમાં ભાગ પડાવું કે જે અનિષ્ટ યાવત્ અસુખરૂપ છે, જેથી તેઓ દુઃખી યાવત્ સંતપ્ત ન થાય. હું તેમને અનિષ્ટ યાવત્ અસુખરૂપ દુઃખ રોગાતંકથી મુક્ત કરાવું, પણ એવું ન થાય.*

*કોઈનું દુઃખ બીજો કોઈ ન લઈ શકે, એકનું કરેલું દુઃખ બીજો ભોગવી ન શકે. પ્રત્યેક પ્રાણી એકલા જ જન્મે છે - મરે છે - ચ્યવે છે - ઉત્પન્ન થાય છે પ્રત્યેક પ્રાણી એકલા જ કષાય - સંજ્ઞા [જ્ઞાન] - મનન - વિદ્વતા - વેદના પામે છે. આ લોકમાં કોઈ સ્વજનાદિ સંયોગ તેના ત્રાણ કે શરણ થતા નથી. પુરુષ પહેલેથી જ્ઞાતિસંયોગ છોડી દે છે અથવા જ્ઞાતિસંયોગો તે પુરુષને છોડી દે છે. જ્ઞાતિસંયોગ ભિન્ન છે અને હું પણ ભિન્ન છું. તો પછી મારે આ ભિન્ન એવા જ્ઞાતિસંયોગોથી શા માટે મૂર્છિત થવું? એમ વિચારી અમે જ્ઞાતિ-સંયોગોનો પરિત્યાગ કરીએ છીએ.*

*તે મેધાવી જાણે કે આ બાહ્ય વસ્તુ છે, મારે તેઓનો રાગ છોડવો જોઈએ જેવાકે - મારા હાથ, મારા પગ, મારા બાહુ - સાથળ - પેટ - માથુ, મારું શીલ, મારા આયુ-બળ-વર્ણ, મારા ત્વચા-છાયા-કાન-નાક-ચક્ષુ-જીભ-સ્પર્શ. [આ રીતે] મારું-મારું કરે છે. આયુષ્ય વધતા આ બધું જીર્ણ થાય છે, જેમકે - આયુ, બળ, ત્વચા, છાયા, શ્રોત્ર યાવત્ સ્પર્શ, સાંધા ઢીલા થઈ જાય છે, ગાત્રો પર કડચલી પડે છે, કાળા વાળ ધોળા થાય છે, જે આહારથી ઉપચિત આ શરીર છે, તે પણ કાળક્રમે છોડવું પડશે. એમ વિચારી તે ભિક્ષાચર્યા માટે સમુત્થિત ભિક્ષુ જીવ અને અજીવ કે ત્રસ અને સ્થાવર લોકને જાણે.*



● વિવેચન-૬૪૫ :-

હવે જે કામભોગથી વિરક્ત છે, માર્ગમાં સીદાતો નથી, પદ્મવર પૌંડરીક ઉદ્ધરવાને સમર્થ છે, તેના વિશે હું કહું છું. આ વિષયને કહે છે - x - પૂર્વ આદિ માંની કોઈપણ દિશામાં કેટલાંક મનુષ્યો વસે છે જેવા કે - આર્યદેશમાં ઉત્પન્ન, મગધાદિ જનપદ જન્મેલા, તથા શક-યવન આદિ દેશમાં થયેલા અનાર્ય તથા ઇક્ષ્વાકુ, હરિવંશ કુલમાં ઉત્પન્ન ઉચ્ચગોત્રીય, નીચગોત્રમાં જન્મેલા, તથા સારા શરીરવાળા, ઠીંગણા આદિ, સુવર્ણા-દુર્વણા, સુરુપા-કુરુપા. તેમાંના કેટલાંક કર્મથી પરવશ હોય છે.

તે આર્યાદિ મનુષ્યોને શાલિ આદિ ક્ષેત્રો, જમીનમાં કે ઉપર બાંધેલા થોડા કે વધુ ઘરો હોય છે, તેઓને થોડા કે વધુ જન-જાનપદ હોય છે. તે આર્યાદિને તેવા પ્રકારના કુળોમાં આવીને, આવા પ્રકારના ઘરોમાં જઈને, તથા પ્રકારે કુળોમાં જન્મ પામી, વિષય-કષાયાદિ કે પરીષહ ઉપસર્ગથી હારીને દીક્ષા લઈને કેટલાંક તેવા સત્વશાળીઓ ભિક્ષાચર્યા માટે સારી રીતે ઉત્થિત થાય છે. તેમાંના કેટલાક મહાસત્વીને સ્વજન, પરિજન ઉપકરણ, કામભોગરૂપ ધન-ધાન્ય-હિરણ્યાદિ વિદ્યમાન હોય છે, તેનો પ્રકર્ષથી ત્યાગ કરી ભિક્ષાચર્યા કરે છે. કોઈ સ્વજન, વૈભવ ન હોય તેવા પણ જ્ઞાતિ-ઉપકરણાદિ છોડીને ભિક્ષાચર્યા કરે છે.

પૂર્વોક્ત વિશેષણ વિશિષ્ટા, ભિક્ષાચર્યા માટે ઉદ્યત પ્રવ્રજ્યા ગ્રહણ કાળે જ જાણતા હોય છે કે - આ જગત્માં જુદી જુદી વસ્તુ મને ભોગ માટે થશે, એમ આ દીક્ષા સ્વીકારતા કે સ્વીકારીને જાણતા હોય છે. જેમકે - શાલિક્ષેત્રાદિ, વાસ્તુ-મકાન, હિરણ્ય, સુવર્ણ, ગાય-ભેંસાદિ, ચોખા-ઘઉં આદિ કાંસાના પાત્રાદિ, ઘણાં બધાં ધન-કનક-રત્ન-મણિ-મોતી આદિ, શંખશિલાદિ, વિદ્રુમ અથવા વર્ણાદિ ગુણોયુક્ત શ્રી પ્રવાલ, પદ્મરાગાદિ રત્ન, સારરૂપ વસ્તુ તથા શુદ્ધ દ્રવ્યજાત, આ બધું મને ઉપભોગને માટે થશે તથા વેણુ આદિ શબ્દો, સ્ત્રીના રૂપો, કોષ્ઠપુટાદિ ગંધ, મધુરાદિ રસ કે માંસાદિ રસ, મૃદુ આદિ સ્પર્શો, આ બધાં મારા કામભોગ છે, હું પણ તેના યોગક્ષેમ માટે થઈશ.

તે મેધાવી પહેલાથી જ એવું વિચારે કે - આ સંસારમાં, આ જન્મમાં કે મનુષ્યભવમાં મને માથુ દુઃખવું, શૂળ વગેરે જીવલેણ આતંક આવે કે જે મને અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, વિશેષ પીડાકારી કોઈ દુઃખ આવે અથવા મને થોડી કે વધુ દુઃખદાયી બને, અત્યંત દુઃખ દેનાર, લેશમાત્ર સુખનો પણ નાશ કરનાર બને અર્થાત્ બીજું સુખ હોય તો પણ અશુભકર્મના ઉદયે તે ન ગમે.

અહીં પુનરુક્તિ ઘણાં દુઃખને જણાવે છે.

આવા દુઃખ કે રોગાતંકમાં મને ભયમાં રક્ષણ આપશે એમ માનીને ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્યાદિ પરિગ્રહ કે શબ્દાદિ વિષયો તથા પાળેલા અને એકઠા કરેલા કામભોગો તમે મારા આ દુઃખ કે રોગ, આતંકમાં ભાગ પડાવો - લઈ લો. અત્યંત પીડાથી ઉદ્વિગ્ન ફરી તે જ દુઃખ કે રોગાતંકને હું જાણું છું. તે અનિષ્ટ, અપ્રિય યાવત્ અશુભ છે, જે મને ઉત્પન્ન થયેલ છે, તે તમે વહેંચી લો હું તેના વડે ઘણું દુઃખ પામું છું ઇત્યાદિ. તમે મને આમાંના કોઈપણ દુઃખાદિથી છોડાવો. - x -

*[આ સૂત્રમાં દુઃખ આદિ ત્રણ વખત લીધા. પહેલી, બીજી, પાંચમી વિભક્તિમાં - જે ત્રણ વાત સૂચવે છે - દુઃખદાયી, દુઃખને લઈલો, દુઃખથી મૂકાવો.]*

આ બધા દુઃખો મને પીડશે, તેવું હું પહેલા જાણતો ન હતો અર્થાત્ તે ક્ષેત્રાદિ પરિગ્રહ વિશેષ શબ્દાદિ કામભોગો તે દુઃખીને દુઃખથી છોડાવી શકતા નથી. તે હવે કિંચિત્ દર્શાવે છે—

આ મનુષ્યને તે કામભોગો ઘણા કાળથી ભોગવ્યા છતાં, તે દુઃખીને રક્ષણ કે શરણ આપતાં નથી. તે કામભોગોનું પરિણામ દર્શાવતા કહે છે - x - પ્રાણીને વ્યાધિ કે વૃદ્ધત્વ આવે ત્યારે અથવા રાજાદિનો ઉપદ્રવ થતાં પોતે કામભોગોને તજી દે છે, અથવા દ્રવ્યાદિ અભાવે કામભોગથી ઉન્મુખ થઈ તજે છે, ત્યારે તે વિચારે છે - આ કામભોગો જુદા છે અને હું તેનાથી જુદો છું. તો પછી આવા અનિત્ય, પરવસ્તુરૂપ કામભોગોમાં મૂર્છા શું કરવી? એ રીતે કેટલાંક મહાપુરુષો સમ્યગ્ જાણીને કામભોગોને અમે ત્યજીશું એવા અધ્યવસાયવાળા થાય છે.

વળી - x - તે મેધાવી એમ જાણે કે - આ ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, સુવર્ણ, શબ્દાદિ વિષયાદિ દુઃખ મને રક્ષણ-આપનાર નથી, તે બધું બાહ્ય છે. આ તથા હવે કહેવાનાર પણ મારા નથી, જેમકે - માતા, પિતા, ભાઈ, બહેન આદિ મારા ઉપકારને માટે થશે. હું પણ તેમને સ્નાન-ભોજનાદિ વડે ઉપકાર કરીશ આવો વિચાર પૂર્વે તે મેધાવી કરતો ઇત્યાદિ. - x - હવે તે વિચારે છે કે — આ ભવે મને જ્યારે અનિષ્ટાદિ વિશેષણ વિશિષ્ટ દુઃખ, આતંક ઉત્પન્ન થશે, તો તે દુઃખથી દુઃખી થઈને આ જ્ઞાતિજનોને પ્રાર્થના કરું કે - મને ઉત્પન્ન થયેલા આ રોગ, આતંક તમે લઈ લો, હું - x - તેનાથી ઘણો પીડાઉ છું, માટે તમે મને તેમાંથી છોડાવો. પણ મને પહેલા આવી ખબર નહોતી કે તે સ્વજનો મને દુઃખથી છોડાવવા સમર્થ નથી - x - તે દર્શાવે છે - x - x -

આ સંસારમાં કોઈ કોઈનું દુઃખ લઈ શકતા નથી, બધાં જીવો સ્વકૃત્ કર્મોદયથી દુઃખ પામે છે. તેને માતાપિતાદિ કોઈ અન્ય લઈ શકતું નથી. તે પુત્રાદિના દુઃખથી અસહ્ય-અત્યંત પીડાતા સ્વજનો પણ, તેના દુઃખને પોતાનું કરવાને સમર્થ નથી - શા માટે ? - જીવો કષાયવશ બનીને ઇન્દ્રિયોને અનુકુલ થઈ ભોગાભિલાષ - અજ્ઞાન વડે મોહોદયમાં વર્તતા જે કર્મ કરે તે ઉદયમાં આવતા તેને બીજા પ્રાણી ન અનુભવે. કરે કોઈ અને ભોગવે કોઈ તે શક્ય નથી, યુક્તિ સંગત પણ નથી. જે જેણે કર્યુ, તે બધું તે જ અનુભવે. કહ્યું છે કે - બીજાના કરેલા કર્મો બીજામાં સંપૂર્ણ કે થોડાં પણ જતા નથી, માટે જીવોએ જે કર્મો કર્યા તેના ફળ તેણે જ ભોગવવા પડે. - x



- કર્માનુસાર પ્રત્યેક જીવ જન્મે છે અને આયુ પૂર્ણ થતાં મરે છે. - x -

પ્રત્યેક ક્ષેત્ર-વાસ્તુ-હિરણ્ય-સુવર્ણાદિ પરિગ્રહ અને શબ્દાદિ વિષયોને તથા માતા, પિતા, સ્ત્રી આદિને છોડે. - x - પ્રત્યેકને કલહ-કષાયો થાય છે, તેથી પ્રત્યેક જીવને મંદ કે તીવ્ર કષાયનો ઉદ્ભવ હોય છે. સંજ્ઞા-પદાર્થ ઓળખવો તે, તે પણ દરેક જીવને મંદ, મંદતર, પટુ, પટુતર ભેદથી હોય. કેમકે સર્વજ્ઞત્વ પ્રાપ્તિ પર્યન્ત બુદ્ધિની તરતમતાથી તેમ બને. પ્રત્યેકની મનન, ચિંતન, પર્યાલોચન શક્તિ જુદી જુદી હોય. પ્રત્યેકની વિદ્વતા, સુખ-દુઃખ અનુભવ જુદા જુદા હોય છે. હવે ઉપસંહાર કરે છે—

આ રીતે કોઈનું કરેલું બીજો કોઈ ન ભોગવે, જન્મ-જરા-મરણાદિ પ્રત્યેકના પોતાના હોય છે. આ સ્વજન સંબંધો સંસારમાં ભમતા અતિ પીડિત જીવને રક્ષણ આપતા નથી કે ભવિષ્યમાં પણ શરણ આપતા નથી. કેમકે પુરુષ ક્રોધોદયાદિ કાળે સ્વજનસંબંધોનો ત્યાગ કરે છે. - x - આ બંધુ આદિ પોતાના નથી અથવા તે પુરુષના અસદાચાર દર્શનથી તેના સ્વજનો જ તેનો ત્યાગ કરી દે છે. - x - તેથી એમ ચિંતવવું કે આ જ્ઞાતિસંયોગાદિ મારીથી ભિન્ન છે અને હું પણ તેમનાથી જુદો છું. આમ જ છે તો અમે શા માટે અન્ય-અન્ય જ્ઞાતિ-સંબંધીમાં મૂર્છા કરીએ ? તેમના પર મમત્વ કરવું એ યોગ્ય નથી, એમ વિચારી અમને વૈરાગ્ય થયો છે, માટે સગા-સંબંધીને તજીને તેઓ તત્ત્વના જ્ઞાતા થાય છે.

હવે બીજી રીતે વૈરાગ્યોત્પત્તિ કારણ કહે છે - તે મેધાવી આવું જાણે કે - આ જ્ઞાતિસંબંધ બાહ્ય છે, આ સાથે રહેલ શરીર નજીકનું છે. કેમકે સગા દૂરના છે અને શરીરના અવયવો સાથે રહે છે - જેમકે -

મારા બે હાથ અશોકના પલ્લવ જેવા છે, બે ભૂજા હાથીની સૂંઢ જેવી છે, જે નગર જીતવા સમર્થ, પ્રણયિજનના મનોરથોને પૂરનારી, શત્રુના જીવિતનો અંતકારી છે. મારા બે પગ સુંદર કમળના ગર્ભ જેવા છે, યાવત્ સ્પર્શનેન્દ્રિય મનોહર છે. - x - આ હાથ, પગ વગેરે બધાં અવયવો પણ - x - વૃદ્ધાવસ્થા આવતા જર્જરીત થશે, દરેક ક્ષણે નિર્બળ થશે તે જીવ પોતે સાક્ષાત્ જુએ છે - x - પ્રત્યેક ક્ષણે આયુષ્ય ઘટતું જાય છે, આવીચી મરણથી પ્રતિસમય મરણ પ્રાપ્ત થઈ રહ્યું છે, બળ ઘટે છે, યૌવન વીત્યા બાદ પ્રતિક્ષણે શરીર શિથિલ થાય છે, સંધિ બંધન ઢીલા પડે છે. શરીરની કાંતિ ઘટે છે - x - શરીર જીર્ણ થતાં શ્રોત્રાદિ ઇન્દ્રિયો પોતાના વિષયને સમ્યક્ રીતે જાણતી નથી. - x - x - x - સાંધા ઢીલા પડે છે. માથાના વાળ ધોળા થતાં - x - પોતાને પોતાનું શરીર ન ગમે, તો બીજાને કેમ ગમે? કહ્યું છે કે - ચામડી લબડી જાય, માંસ સુકાઈ જાય, શરીર ખોખું થઈ જાય ત્યારે પુરુષ સ્વયંને નિંદે છે, તો સુંદર સ્ત્રી કેમ ન નિંદે?

કાળા કેશ બુઢાપાથી સફેદ બને, ત્યારે બૂઢાપાથી આવેલ સન્મતિથી આવું વિચારે કે - આ શરીર યુવાનીમાં વિશિષ્ટ આહારથી પોષેલ. તે પણ મારે પ્રતિક્ષણ ઘટતા આયુને કારણે અવશ્ય તજવાનું છે, એમ સમજીને શરીરની અનિત્યતા સમજી સંસારની અસારતા વિચારી સર્વ ગૃહપ્રપંચ છોડીને નિષ્કિંચનતા પામીને તે સાધુ દેહને દીર્ઘ સંયમ યાત્રાર્થે ગૌચરી માટે તૈયાર થઈને બે પ્રકારના લોકને જાણે - તે આ પ્રમાણે—

પ્રાણધારણ લક્ષણ તે જીવ, તેથી વિપરીત તે અજીવ-ધર્મ, અધર્મ, આકાશ આદિ છે. તેમાં સાધુની અહિંસાની પ્રસિદ્ધિ માટે જીવોના વિભાગ બતાવે છે - ઉપયોગ લક્ષણા જીવો બે પ્રકારે - બેઇન્દ્રિયાદિ ત્રસ અને પૃથ્વીકાયાદિ થાવર. તે પણ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તાદિ ભેદેથી ઘણાં જાણવા. તેના આધારે ઘણો વ્યવહાર ચાલે છે - તેમને કહે છે—

● સૂત્ર-૬૪૬ :-

*આ લોકમાં ગૃહસ્થ આરંભ, પરિગ્રહ યુક્ત હોય છે. કેટલાંક શ્રમણ અને બ્રાહ્મણ પણ આરંભ અને પરિગ્રહયુક્ત હોય છે. જેઓ આ ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો સ્વયં આરંભ કરે છે, બીજા પાસે પણ આરંભ કરાવે છે, અન્ય આરંભ કરનારનું પણ અનુમોદન કરે છે. આ જગત્‌માં ગૃહસ્થ તથા કેટલાંક શ્રમણ, બ્રાહ્મણ પણ આરંભ, પરિગ્રહથી યુક્ત હોય છે. તેઓ સચિત્ત અને અચિત્ત બંને પ્રકારના કામભોગો સ્વયં ગ્રહણ કરે છે, બીજા પાસે પણ ગ્રહણ કરાવે છે અને ગ્રહણ કરનારાની અનુમોદના પણ કરે છે.*

*આ જગત્‌માં ગૃહસ્થ અને કેટલાંક શ્રમણ, બ્રાહ્મણ પણ આરંભ, પરિગ્રહથી યુક્ત હોય છે. હું આરંભ અને પરિગ્રહથી રહિત છું. જે ગૃહસ્થો અને કેટલાંક શ્રમણ, બ્રાહ્મણ આરંભ, પરિગ્રહયુક્ત છે, તેઓની નિશ્રામાં બ્રહ્મચર્યવાસમાં હું વસીશ, તો તેનો લાભ શો? ગૃહસ્થ જેવા પહેલા આરંભા-પરિગ્રહી હતા, તેવા પછી પણ છે, તેમ કેટલાંક શ્રમણ-બ્રાહ્મણ પ્રવ્રજ્યા પૂર્વે પણ આરંભી-પરિગ્રહી હતા અને પછી પણ હોય છે. આરંભ-પરિગ્રહયુક્ત ગૃહસ્થ કે શ્રમણ-બ્રાહ્મણ તેઓ બંને પ્રકારે પાપકર્મો કરે છે. એવું જાણીને તે બંને અંતથી અદૃશ્ય થઈને ભિક્ષુ સંયમમાં પ્રવૃત્તિ કરે. તેથી હું કહું છું - પૂર્વાદિ દિશાથી આવેલા યાવત્ કર્મના રહસ્યને જાણે છે, કર્મબંધન રહિત થાય છે, કર્મોનો અંત કરે છે, તેમ તીર્થંકરાદિએ કહ્યું છે.*

● વિવેચન-૬૪૬ :-

આ સંસારમાં ઘરમાં રહેનાર ગૃહસ્થો જીવ ઉપમર્દનકારી, આરંભી હોય છે. દ્વિપદ, ચતુષ્પદ, ધન, ધાન્યાદિ પરિગ્રહી છે, તે સિવાય કેટલાંક શાક્યાદિ શ્રમણો રાંધવા-રંધાવવાની અનુમતિથી આરંભવાળા અને દાસી આદિના પરિગ્રહવાળા છે તથા બ્રાહ્મણો પણ એવા જ છે. એમનું સારંભપણું કહે છે—

ઉક્ત લોકો ત્રસ-સ્થાવર પ્રાણીના - x - ઉપમર્દન વ્યાપાર-આરંભ પોતે જ કરે છે. બીજા પાસે કરાવે છે, સમારંભ કરનાર બીજાને અનુમોદે છે. એ રીતે જીવહિંસા બતાવીને હવે ભોગના કારણ પરિગ્રહને બતાવે છે—

અહીં ગૃહસ્થો સારંભ સપરિગ્રહ છે, તેમ શ્રમણ-બ્રાહ્મણો છે, તેઓ આરંભ, પરિગ્રહથી શું કરે છે - તે બતાવે છે - આ કામપ્રધાન ભોગો - કામભોગ છે. સ્ત્રીના અંગના સ્પર્શાદિ, તેની કામના તે કામ છે. ફૂલની માળા, ચંદન, વાજિંત્રાદિ ભોગવાય તે ભોગ. તે સચિત્ત કે અચિત્ત હોય છે. તેનું મુખ્યકારણ અર્થ [ધન] છે. તે સચિત્ત-અચિત્ત ભોગ કે અર્થને કામભોગાર્થી ગૃહસ્થાદિ પોતે ગ્રહણ કરે છે, બીજા પાસે



ગ્રહણ કરાવે છે, ગ્રહણ કરનારને અનુમોદે છે—

હવે ઉપસંહાર કરતા કહે છે - x - આ જગત્‌માં ગૃહસ્થો, તથાવિધ શ્રમણ, બ્રાહ્મણોને આરંભી અને પરિગ્રહી જાણીને તે ભિક્ષુ એમ વિચારે કે હું જ અહીં અનારંભી અને અપરિગ્રહી છું આ ગૃહસ્થાદિ સારંભાદિ ગુણયુક્ત હોવાથી તેમની નિશ્રાએ શ્રામણ્યમાં વિચરીશ, અનારંભી, અપરિગ્રહી થઈને ધર્મના આધારરૂપ દેહના પ્રતિપાલનાર્થે આહારાદિ માટે આરંભ, પરિગ્રહવાળા ગૃહસ્થોની નિશ્રા લઈને દીક્ષા પાલન કરીશ.

પ્રશ્ન - જો તેમનો જ આશ્રય લેવો છે, તો તેમનો ત્યાગ શા માટે કરવો ?

ઉત્તર - - x - તેઓ પૂર્વે આરંભ. પરિગ્રહવાળા હતા, પછી પણ ગૃહસ્થો આ આરંભાદિ દોષથી યુક્ત છે, કેટલાંક શ્રમણો પૂર્વે ગૃહસ્થભાવે આરંભી, પરિગ્રહી હતા પ્રવ્રજ્યાકાળના આરંભમાં પણ તેવા જ હતા. હવે તે બંને પદોની નિર્દોષતાને બતાવવા કહે છે - પ્રવ્રજ્યા સમયે અને ગૃહસ્થભાવે પણ જો ગૃહસ્થાદિનો આશ્રય કરે તો તેનો અર્થ શો ? [માટે આરંભ, પરિગ્રહ ત્યાગવો જોઈએ]

અથવા - દીક્ષાના આરંભે કે પછી ભિક્ષાદિ લેવાનું ગૃહસ્થો પાસે છે, ત્યારે સાધુની નિર્દોષવૃત્તિ કઈ રીતે રહે ? તે માટે સાધુએ આરંભાદિનો ત્યાગ કરીને ખપ પુરતો આરંભીનો આશ્રય કરવો. આ ગૃહસ્થો પ્રત્યક્ષ જ સારંભી, સપરિગ્રહી છે, તે દર્શાવે છે - અંજૂ - આ ગૃહસ્થાદિ વ્યક્ત જ છે અથવા જીભથી પરવશ બનીને સાવધ અનુષ્ઠાનથી છૂટ્યા નથી, પરિગ્રહ અને આરંભથી સંયમાનુષ્ઠાનમાં સમ્યક્ ઉત્થિત થયા નથી. તેથી જેઓ કોઈ અંશે ધર્મ કરવા તૈયાર થયા હોય, તે પણ ઉદ્દિષ્ટ ભોજન માટે સાવધાનુષ્ઠાન રત હોવાથી ગૃહસ્થભાવ અનુષ્ઠાનમાં વર્તતા તેઓ પણ ગૃહસ્થ સમાન જ છે. હવે ઉપસંહાર કરે છે—

જે આ ગૃહસ્થો છે, તે આરંભ અને પરિગ્રહ વડે પાપોને ઉપાર્જન કરે છે, અથવા રાગ-દ્વેષ વડે અથવા ગૃહસ્થ અને પ્રવ્રજ્યા પર્યાય વડે પાપો કરે છે. તેમ જાણીને આરંભ-પરિગ્રહને કે રાગ-દ્વેષને પ્રાપ્ત ન થાય અથવા રાગદ્વેષનો અંત કરે અથવા રાગદ્વેષરહિત બનીને ભિક્ષાથી નિર્વાહ કરનાર બની સારી સંયમ ક્રિયામાં પ્રવર્તે. તેનો સાર એ કે - જે આ જ્ઞાતિ સંયોગો, જે આ ધનધાન્યાદિ પરિગ્રહો, જે આ હાથ-પગવાળું શરીર, આયુ, બળ, વર્ણાદિ, તે બધું અશાશ્વત, અનિત્ય, સ્વપ્ન-ઇન્દ્રજાળ સમાન અસાર છે તથા ગૃહસ્થ-શ્રમણ-બ્રાહ્મણ આરંભ-પરિગ્રહવાળા છે તેમ જાણીને ભિક્ષુ સારા સંયમાનુષ્ઠાનમાં વર્તે.

વળી હું જરા વધુ સ્પષ્ટતાથી કહું - પ્રજ્ઞાપકની અપેક્ષાએ પૂર્વાદિમાંથી કોઈપણ દિશામાંથી આવેલો ભિક્ષુ રાગ-દ્વેષાદિ બંને અંતથી દૂર રહીને સારા સંયમમાં રહેલો પૂર્વે બતાવ્યા પ્રમાણે જ્ઞપરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પચ્ચક્‌ખાણ કરીને પરિજ્ઞાતકર્મા થાય. વળી પરિજ્ઞાતકર્મથી નવા કર્મો ન બાંધનારો થાય - અપૂર્વનો અબંધક થાય. એ અબંધકપણાથી યોગનિરોધના ઉપાયો વડે પૂર્વે બાંધેલા કર્મોનો વિશેષથી અંતકારક બને. આ બધું તીર્થંકર, ગણધર આદિએ કેવલજ્ઞાનથી જાણીને

કહ્યું છે. હવે પ્રાણાતિપાતની વિરતિ-વ્રતાદિમાં રહેલને કર્મનો નાશ કેવી રીતે થાય? સ્વ આત્માની જેમ પ્રાણીને પીડા ઉત્પન્ન થતા કર્મબંધ થાય છે, એ પ્રમાણે મનમાં વિચારે - તે કહે છે—

● સૂત્ર-૬૪૭ :-

*તે ભગવંતે છ જીવનિકાયને કર્મબંધના હેતુ કહ્યા છે - તે આ રીતે - પૃથ્વીકાય યાવત્ ત્રસકાય. જેમ કોઈ વ્યક્તિ મને દંડ, હાડકુ, મુટ્ઠી, ઢેફા, પત્થર, ઠીકરા આદિથી મારે છે અથવા તર્જના કરે, પીટે, સંતાપ આપે, તાડન કરે, ક્લેશ આપે. ઉદ્વેગ પહોંચાડે યાવત્ એક રુંવાડું પણ ખેંચે તો હું અશાંતિ, ભય અને દુઃખ પામું છું તે પ્રમાણે સર્વે જીવો-ભૂતો-પ્રાણો-સત્વો દંડ વડે કે ચાબુક વડે મારવાથી, પીટવાથી, તર્જના કરવાથી, તાડન કરવાથી, પરિતાપ આપવાથી, કિલામણા કરવાથી, ઉદ્વેગ કરાવવાથી યાવત્ એક રોમ પણ ઉખેડવાથી હિંસાકારક દુઃખ અને ભયને અનુભવે છે, આ પ્રમાણે જાણીને સર્વે પ્રાણી આદિને હણવા નહીં, આજ્ઞાકારી ન બનાવવા, પકડી ન રાખવા, પરિતાપવા નહીં કે ઉદ્વેગ ન કરાવવો.*

*હું કહું છું કે - જે અરિહંત ભગવંતો થઈ ગયા, થાય છે કે થશે તે બધાં એમ કહે છે, બતાવે છે, પ્રરૂપે છે કે - સર્વે પ્રાણી યાવત્ સત્વોને હણવા નહીં, આજ્ઞા પળાવવી નહીં, ગ્રહણ કરવા નહીં, પરિતાપ ન આપવો, ઉદ્વેગ ન પમાડવો. આ ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, સમસ્ત લોકના દુઃખ જાણીને આમ કહ્યું છે.*

*આ પ્રમાણે તે ભિક્ષુ પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહથી વિરત થાય, દાંત સાફ ન કરે, અંજન-વમન-ધૂપન-આપિબન ન કરે. તે ભિક્ષુ સાવધક્રિયાથી રહિત, અહિંસક, અક્રોધી, અમાની, અમાયી, અલોભી, ઉપશાંત, પરિનિવૃત્ત રહે. કોઈ આકાંક્ષા થકી ક્રિયા ન કરે. આ જ્ઞાન જે મેં જોયું, સાંભળ્યું કે મનન કર્યું, આ સુચરિત તપ, નિયમ, બ્રહ્મચર્યપાલન, જીવનનિર્વાહ વૃત્તિનો સ્વીકારાદિ ધર્મના ફળરૂપે અહીંથી ચ્યવીને દેવ થાઉં, કામભોગ મને વશવર્તે, દુઃખ અને અશુભ કર્મોથી રહિત થાઉં, સિદ્ધિને પ્રાપ્ત કરું ઇત્યાદિ - x -*

*તે ભિક્ષુ શબ્દ-રૂપ-ગંધ-રસ-સ્પર્શમાં મૂર્છિત ન થાય. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિરતિ, માયા-મૃષાવાદ, મિથ્યાદર્શનશલ્યથી વિરત રહે. તેનાથી ભિક્ષુ મહાન્ કર્મોના આદાનથી ઉપશાંત થાય છે, સંયમમાં ઉધત અને પાપથી વિરત થાય છે.*

*જે આ સચિત્ત કે અચિત્ત કામભોગો છે, ભિક્ષુ સ્વયં તેનો પરિગ્રહ ન કરે, બીજા પાસે ન કરાવે, કરનારને અનુમોદે નહીં, તેનાથી તે કર્મોના આદાનથી મુક્ત થાય છે, સંયમમાં ઉધત થાય છે, પાપથી વિરત થાય છે.*

*જે આ સાંપરાયિક કર્મબંધ છે, તેને ભિક્ષુ સ્વયં ન કરે, બીજા પાસે ન કરાવે, કરનારની અનુમોદના ન કરે, તેનાથી તે કર્માદાનથી મુક્ત થાય - x -*



*તે ભિક્ષુ એમ જાણે કે આ અશનાદિ કોઈ સાધર્મિકે સાધુને ઉદ્દેશીને પ્રાણ, ભૂત, જીવ, સત્વનો આરંભ કરી, ઉદ્દેશીને, ખરીદીને, ઉધાર લઈને, છીનવીને, માલિકને પૂછ્યા વિના, સામેથી લાવીને, નિમિત્તથી બનાવીને લાવેલ છે, તો તેવા આહાર ન લે, કદાચ ભૂલથી એવો આહાર આવી જાય તો - x - x - સ્વયં ન વાપરે, બીજાને ન આપે, તેવો આહાર કરનારને ન અનુમોદે, તો તે કર્માદાનથી મુક્ત થાય છે, સંયમે ઉધત થાય છે, પાપથી વિરત રહે છે.*

*તે ભિક્ષુ બીજા માટે કરાયેલ કે રખાયેલ આહાર જો ઉદ્ગમ, ઉત્પાદના, એષણા દોષ રહિત હોય, અગ્નિ આદિ શસ્ત્ર દ્વારા પરિણત હોય, અહિંસક, એષણા પ્રાપ્ત, વેશમાત્રથી પ્રાપ્ત, સામુદાનિક ભિક્ષાથી પ્રાપ્ત હોય કારણાર્થે, પ્રમાણોપેત ગાડીની ધરીમાં પુરાતા તેલ કે લેપ સમાન હોય, કેવલ સંયમ યાત્રા નિર્વાહ અર્થે, બિલમાં પ્રવેશતા સાપની માફક તે આહાર વાપરે. અન્નકાળે અન્નને, પાનકાલે પાણીને, વસ્ત્રકાળે વસ્ત્રને, - x - શય્યાકાળે શય્યાને સેવે.*

*તે ભિક્ષુ મર્યાદાજ્ઞાતા થઈ કોઈ દિશા, વિદિશામાં પહોંચીને ધર્મનું આખ્યાન કરે, વિભાગ કરે, કિર્તન કરે, ધર્મ શ્રવણ માટે ઉપસ્થિત-અનુપસ્થિત શ્રોતાને ધર્મ કહે, શાંતિ-વિરતિ-ઉપશમ-નિર્વાણ-શૌચ-આર્જવ-માર્દવ-લાઘવ-અહિંસાદિનો ઉપદેશ આપે. સર્વે પ્રાણી આદિને અનુરૂપ ધર્મ કહે.*

*તે ભિક્ષુ ધર્મોપદેશ કરતાં અન્ન-પાન-વસ્ત્ર-સ્થાન-શય્યા-વિવિધ કામભોગોની પ્રાપ્તિના હેતુ માટે ધર્મ ન કહે. ગ્લાનિ રહિતપણે ધર્મ કહે. કર્મોની નિર્જરા સિવાયના કોઈ હેતુથી ધર્મ ન કહે.*

*આ જગત્માં તે ભિક્ષુ પાસે ધર્મ સાંભળીને, સમજીને ધર્માચરણાર્થે ઉધત વીર આ ધર્મમાં સમુપસ્થિત થાય, તે સર્વોપગત, સર્વ ઉપરત, સર્વ ઉપશાંત થઈ કર્મક્ષય કરી પરિનિવૃત્ત થાય છે, તેમ હું કહું છું.*

*આ પ્રમાણે તે ભિક્ષુ ધર્માર્થી, ધર્મવિદ્, સંયમનિષ્ઠ, પૂર્વોક્ત પુરુષોમાં પાંચમો પુરુષ પદ્મવર પૌંડરીકને પ્રાપ્ત કરે કે ન કરે [તો પણ] તે ભિક્ષુ કર્મનો - સંબંધોનો - ગૃહવાસનો પરિજ્ઞાતા છે, ઉપશાંત - સમિત - સહિત - સદા સંયત છે. તે સાધુને શ્રમણ, માહણ, ક્ષાંત, દાંત, ગુપ્ત, મુક્ત, ઋષિ, મુનિ, કૃતિ, વિદ્વાન્, ભિક્ષુ, રુક્ષ, તીરાર્થી, ચરણ-કરણના ગુણોનો પારગામી કહેવાય છે. તેમ હું કહું છું.*

● વિવેચન-૬૪૭ :-

કર્મબંધના વિચારમાં કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરે છ જીવનિકાયોને હેતુપણે બતાવ્યા - પૃથ્વીકાયથી ત્રસકાય સુધી. તેમને પીડવાથી જે દુઃખ ઉત્પન્ન થાય, તે પોતાને થતા દુઃખથી સિદ્ધ કરી બતાવે છે - જેમકે - મને હવે કહેવાશે તે રીતે દુઃખ થાય છે, તેમ બીજાને પણ દુઃખ થાય છે. તે આ પ્રમાણે - દંડ, હાડકા, મુટ્ઠી, ઢેફા, કર્પર વડે મારવાથી, સંકોચ કરવાથી, ચાબખા મારવાથી, આંગળી વડે તર્જના કરવાથી, ભીંત વગેરે સાથે અફાળવાથી, અગ્નિથી બાળવાથી અથવા અન્ય પ્રકારે પીડા

કરવાથી, મારતી વખતે માત્ર એક વાળ પણ ખેંચવાથી હિંસાકર દુઃખ અને ભય જે મને કરાય તે બધું હું અનુભવું છું, એ રીતે બધાંને તેવું દુઃખ થાય છે, તેમ તું જાણ.

તથા સર્વે પ્રાણી, જીવો, ભૂતો, સત્વો આ બધાં એકાર્થિક શબ્દો છે, થોડો વ્યાખ્યા ભેદ માત્ર છે. તેઓને દંડાદિ વડે મારવાથી યાવત્ માત્ર એક રોમ પણ ખેંચવાથી પણ દુઃખ થતું જાણીને, તે હિંસાકર દુઃખ તથા ભય બધાં પ્રાણી આપણી માફક સાક્ષાત્ અનુભવે છે, તેથી સર્વે પણ પ્રાણીને હણવા નહીં, મારી નાંખવા નહીં, બળાત્કારે કાર્યમાં ન જોડવા, તેનો પરિગ્રહ ન કરવો, પરિતાપ ન ઉપજાવવો, ઉપદ્રવ ન કરવો. તે હું પોતાની બુદ્ધિએ કહેતો નથી, પણ સર્વે તીર્થકરોની આજ્ઞા વડે કહું છું, તે બતાવે છે—

ઋષભ આદિ જે તીર્થંકરો પૂર્વે થયા, વિદેહમાં વર્તમાન સીમંધરસ્વામી આદિ, આગામી ઉત્સર્પિણીમાં થનાર પદ્મનાભ આદિ, દેવ-અસુર-નરેન્દ્રોની પૂજાને યોગ્ય, ઐશ્વર્યાદિગુણ સમૂહયુક્ત, તેઓ બધાં સ્પષ્ટ શબ્દોમાં દેવ, મનુષ્યની પર્ષદામાં કહે છે, તેઓ પોતે જ કહે છે, બૌદ્ધના બોધિસત્વાદિ માફક નહીં - x - વળી હેતુ તથા દૃષ્ટાંતો સાથે જીવોને સમજાવે છે - x - પ્રરૂપે છે કે—

સર્વે જીવોને હણવા નહીં, ઇત્યાદિ. આ પ્રાણિ રક્ષણરૂપ ધર્મ પૂર્વે વર્ણવેલ છે - તે ધ્રુવ છે, ક્ષાંત્યાદિરૂપે નિત્ય, શાશ્વત, આવો ધર્મ કેવળજ્ઞાન વડે જાણીને, ચૌદ રાજલોક પ્રમાણ, તીર્થંકરે કહેલ છે. આ પ્રમાણે બધું જાણીને તે તત્વજ્ઞ સાધુ પ્રાણાતિપાતથી પરિગ્રહ સુધી વિરત થઈ, શું કરે તે કહે છે—

પૂર્વોક્ત મહાવ્રતના પાલન માટે ઉત્તરગુણો કહે છે. સાધુ નિષ્કિંચન થઈને દાંતણ આદિથી દાંત સાફ ન કરે, સૌવીરાદિ અંજન વિભૂષા માટે ન આંજે. વમન-વિરેચનાદિ ક્રિયા ન કરે, શરીર કે પોતાના વસ્ત્રોને ધૂપ ન દે. ઉધરસ આદિ દૂર કરવા ધૂમાડો આદિ ન લે - ન પીવે. હવે મૂલોત્તર ગુણ કહે છે—

મૂલોત્તર ગુણવાળા સાધુ સાવધક્રિયા ન કરતા હોવાથી અક્રિય છે. આત્માને સંવૃત્ત કરી સાંપરાયિક ક્રિયાના અકર્મબંધક થાય છે. - x - પ્રાણીનો અહિંસક થાય છે. વળી તે ક્રોધ-માન-માયા-લોભરહિત હોય છે. તે કષાયો દૂર થવાથી ઉપશાંત છે, ઉપશાંત થવાથી પરિનિર્વૃત છે. તે આલોકના તથા પરલોકના કામભોગોથી મુક્ત છે, તે બતાવે છે - તે એવી આશંસા ન કરે કે મને આ ઉત્કૃષ્ટ તપ વડે જન્માંતરમાં કામભોગની પ્રાપ્તિ થાય, તે કહે છે—

આ જન્મમાં આ વિશિષ્ટ તપ-ચરણ ફળરૂપે આમર્ષૌષધિ આદિ લબ્ધિ મળે, પરલોકમાં બ્રહ્મદત્ત આદિને જે ફળ મળ્યા, તે મને મળે - એવી ઇચ્છા ન કરે. - x - આચાર્યાદિ પાસે જાણીને મને પણ વિશેષ લબ્ધિ મળે તેવી આશંસા ન કરે તથા આ સુચરિત તપ-નિયમ-બ્રહ્મચર્યવાસથી તથા યાત્રામાત્રા વૃત્તિથી ધર્મ આરાધવાથી અહીંથી મરીને, હું દેવ થાઉં, ત્યાં રહેવાથી મને વશવર્તી કામભોગો મળશે. અથવા બધાં દુઃખોથી મુક્ત થાઉં અથવા શુભાશુભ કર્મપ્રકૃત્તિ અપેક્ષાએ અશુભ થાઉં, જેથી મને મોહન થાય એવું પણ ન ચિંતવે અથવા વિશિષ્ટ તપ-ચરણાદિના પ્રભાવે મને



અણિમાદિ લબ્ધિની સિદ્ધિ થાય, જેનાથી હું સિદ્ધ કહેવાઉં, દુઃખ ન થાય, અશુભ ન થાય. ઇત્યાદિ આશંસા ન કરે.

તેમ ન કરવાનું કારણ કહે છે - આ વિશિષ્ટ તપ તથા ચારિત્ર છતાં કોઈ નિમિત્તથી દુષ્પ્રણિધાન થતાં સિદ્ધિ થાય કે ન પણ થાય - સર્વકર્મક્ષયરૂપ સિદ્ધિ થાય. કહ્યું છે કે - જે જેટલા હેતુ સંસારના છે, તે જ હેતુ મોક્ષના છે. ઇત્યાદિ.

અથવા અણિમાદિ આઠ ગુણવાળી સિદ્ધિઓ કદાચ થાય, કદાચ ન થાય. આમ હોવાથી વિચારશીલ પુરુષોને આશંસા કરવી કઈ રીતે યોગ્ય છે ? આ આઠ સિદ્ધિઓ આ પ્રમાણે છે - અણિમા, લઘિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશત્વ, વશિત્વ, કામ અવસાયિત્વ. એ રીતે આ લોક કે પરલોકને માટે, કીર્તિ-પ્રશંસા-શ્લાઘાદિ અર્થે તપ ન કરે. હવે સાધુ શબ્દાદિમાં રાગ ન કરે તે કહે છે—

તે ભિક્ષુ સર્વ આશંસારહિત થઈ વેણુવીણાદિ શબ્દોમાં રાગી કે આસક્ત ન થાય, તથા ગધેડા આદિના કર્કશ શબ્દોમાં દ્વેષ ન કરે. આ પ્રમાણે રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં પણ જાણવું. હવે ક્રોધાદિનો ઉપશમ બતાવે છે - ક્રોધ, માન, માયા, લોભાદિથી વિરત રહે ઇત્યાદિ સુગમ છે. તે ભિક્ષુ છે, જે મોટા કર્મોના આદાનને શાંત કરી સંયમમાં ઉપસ્થિત થઈ, સર્વ પાપથી વિરત થાય.

આ રીતે મહા કર્મ ઉપાદાનથી વિરમવાનું સાક્ષાત્ દર્શાવતા કહે છે - જે કોઈ ત્રસ-સ્થાવર જીવો છે, તે બધાંનો સાધુ સ્વયં જીવઘાતક સમારંભ ન કરે, બીજા પાસે સમારંભ ન કરાવે, બીજા સમારંભ કરનારને ન અનુમોદે. એ રીતે મોટા કર્મોપાદાનથી ઉપશાંત થઈ ભિક્ષુ પ્રતિવિરત થાય છે.

હવે કામભોગની નિવૃત્તિને આશ્રીને કહે છે - જે કોઈ આ કામના કરે છે તે કામ અને ભોગવાય તે ભોગ. તે સચિત્ત કે અચિત હોય. તે ન સ્વયં ગ્રહણ કરે, ન બીજા પાસે ગ્રહણ કરાવે, ન ગ્રહણ કરનારને અનુમોદે. એ રીતે કર્મ ઉપાદાનથી વિરત થઈ ભિક્ષુ થાય છે. હવે સાંપરાયિક કર્મોપાદાન નિષેધ—

ચારે ગતિમાં ભ્રમણ કરાવે તે સાંપરાયિક કર્મ. તે તેના દ્વેષ, નિહ્નવતા, માત્સર્ય, અંતરાય, આશાતના, ઉપઘાતથી નવાં કર્મો બંધાય છે, તે કર્મ કે કારણને ભિક્ષુ ન કરે, ન કરાવે, ન અનુમોદે [તે જ સાચો ભિક્ષુ છે.]

હવે ભિક્ષા વિશુદ્ધિ બતાવે છે - તે ભિક્ષુ જો એવો આહાર જાણે કે - આહારદાન દેવાની બુદ્ધિથી અથવા સાધુ પર્યાયમાં રહેલા કોઈ સાધુને ઉદ્દેશીને કોઈ ભદ્રક સ્વભાવી સાધુ આહારદાનાર્થે પ્રાણી-ભૂત-જીવ-સત્વોને દુઃખ થાય તેવો આરંભ કરીને, તેમને પીડા આપીને, પૈસાથી ખરીદીને, ઉધાર લાવી, કોઈ પાસે પડાવીને, માલિકની રજા વિના આપીને, સાધુ માટે કોઈ ગામથી લાવે, એવો સાધુ માટે કરાયેલ કે ઔદ્દેશિક આહાર સાધુને અપાય, અજાણપણે સાધુ ગ્રહણ કરે, આવા દોષ દુષ્ટ આહારને જાણીને પોતે ન ખાય, ન બીજાને ખવરાવે, ખાનાર બીજાની અનુમોદના ન કરે. એ રીતે દુષ્ટ આહાર દોષથી નિવૃત્ત એવો તે ભિક્ષુ જાણવો. વળી તે આ પ્રમાણે જાણી લે કે—

ગૃહસ્થોને આવા પ્રકારનો રાંધવાનો આરંભ છે. જેમના માટે બનાવે છે, તેમના નામ કહે છે - પોતાના માટે આહારાદિ બનાવે, પુત્ર આદિ માટે કરે. આદેશ - જે પરિજન આવે ત્યારે આસનાદિ આપવાનું કહ્યું હોય તે અર્થાત્ મહેમાન, તેને માટે ઇત્યાદિ અર્થે વિશિષ્ટ આહાર બનાવેલ હોય. રાત્રિમાં કે પ્રભાતમાં ખાવા માટે આહાર તૈયાર કર્યો હોય કે વિશિષ્ટ આહારનો સંચય કરાયો હોય. તો આવો આહાર બાળ, વૃદ્ધ, ગ્લાનાદિ નિમિત્તે જો સવારે ભિક્ષાર્થે નીકળવું પડે તો ગૃહસ્થે પોતાના માટે બનાવેલ હોવાથી તો લઈ શકે. - x -

તેમાં ઉધતવિહારી સાધુ હોય તે બીજાએ બનાવેલ, બીજા માટે તૈયાર કરેલ ઉદ્‌ગમ-ઉત્પાદના-એષણા દોષરહિત તે શુદ્ધ તથા શસ્ત્ર-અગ્નિ આદિ, તેના વડે પ્રાસુક કરાયેલ. શસ્ત્ર વડે સ્વકાય-પરકાયાદિથી નિર્જીવ કરાયેલ - વર્ણ, ગંધ, રસાદિ વડે પરિણમિત. અવિહિંસિત - સમ્યક્ રીતે નિર્જીવીકૃત - અચિત્ત કરેલ. તે પણ ભિક્ષાચર્યાવિધિથી શોધીને લાવેલ. તે પણ ફક્ત સાધુવેશથી પ્રાપ્ત, પણ પોતાની જાતિ વગેરેના સંબંધથી મેળવેલ ન હોય. તે પણ સામુદાનિક-જુદા જુદા ઘેર ફરીને લાવેલ, મધુકર વૃત્તિથી બધેથી થોડું-થોડું લાવે. તથા પ્રાજ્ઞગીતાર્થે નિર્દોષ જાણેલ હોય, વેદના-વૈયાવચ્ચાદિ કારણે લે, તે પણ પ્રમાણમાં લે - અતિમાત્રાએ ન લે. તે પ્રમાણ બતાવે છે—

હોજરીના છ ભાગ કરવા, તેમાં ત્રણ ભાગ વ્યંજનાદિ અશન, બે ભાગ પ્રવાહી માટે અને એક ભાગ વાયુ માટે ખુલ્લો રાખે. આટલો આહાર પણ વર્ણ કે બળ માટે નહીં પણ માત્ર દેહ ટકાવવા અને સંયમ ક્રિયાર્થે વાપરે. તે ભોજન-ગાડાંની ધરીમાં જેમ તેલ પુરે કે ઘાવ પર મલમ લગાડે તેમ લેવું. - x -

સંયમ યાત્રા થઈ શકે તે માટે જરૂરી આહાર વાપરે - x - તે પણ સાપ જેમ બીલમાં પ્રવેશ કરે તેમ કોળીયા ગળામાં સ્વાદ લીધા વિના ઉતારે - સ્વાદ લેવા મુખમાં આમ-તેમ ન ફેરવે, અસ્વાદિષ્ટ આહાર હોય તો રાગ-દ્વેષ ન કરે. હવે તે આહારની વિધિ દર્શાવે છે - અન્નકાળે અન્ન લેવા જાય-સૂત્રાર્થ પૌરુષીના પછીના કાળે ભિક્ષાનો સમય થાય ત્યારે, પૂર્વ-પશ્ચાતકર્મ છોડીને વિધિ મુજબ ભિક્ષા માટે ફરતો ભિક્ષા લાવે. ભિક્ષા પરિભોગ કાળે વાપરે તથા પાનકાળે પાણી લાવે. અતિ તરસ્યો હોય તો ખાય નહીં, અતિ ભૂખ્યો હોય તો પાણી ન પીએ. તથા વસ્ત્રકાળે વસ્ત્ર ગ્રહણ કરે કે વાપરે. વર્ષાકાળે ગૃહાદિનો આશ્રય અવશ્ય શોધે - x - શયનકાળે શય્યા-સંસ્તારક રાખે, તે પણ અગીતાર્થો માટે બે પ્રહર નિદ્રા અને ગીતાર્થોને એક પ્રહરની નિદ્રા જાણવી.

તે સાધુ આહાર, ઉપધિ, શયન, સ્વાધ્યાય, ધ્યાનાદિનું પ્રમાણ જાણે છે, તે વિધિજ્ઞ બની દિશા-વિદિશામાં વિચરતો ધર્મોપદેશ કરે અને ધર્મકરણીથી સારાં ફળ મળે તે કહે. આ ધર્મકથન પરહિતમાં પ્રવૃત્ત સાધુ સારી રીતે ધર્મ સાંભળવા બેઠેલા કે કૌતુકથી આવેલાને સ્વ-પર હિતને માટે ધર્મોપદેશ કહે. સાંભળવા ઇચ્છતાને શું કહે તે બતાવે છે—

'શાંતિ' એટલે ઉપશમ-ક્રોધનો જય અને તેથી યુક્ત પ્રાણાતિપાતાદિથી વિરતિ



તે શાંતિવિરતિ અથવા સર્વ ક્લેશોના ઉપશમ માટે વિરતિ ગ્રહણ કરવી તે શાંતિવિરતિ છે, તેનો ઉપદેશ આપે. તથા 'ઉપશમ' - ઇન્દ્રિય અને મનને રાગ-દ્વેષભાવથી રોકવું-શાંત કરવું. નિર્વૃત્તિ - સર્વ દ્વન્દ્વોને છોડવા રૂપ નિર્વાણ. શૌચ - ભાવશૌચ - સર્વ ઉપાધિ અને વ્રત માલિન્યનો ત્યાગ. આર્જવ - અમાયાત્વ, માર્દવ - મૃદુભાવ - વિનય અને નમ્રતા રાખવી. લાઘવ - કર્મોને ઓછા કરવા કે આત્માને કર્મોના ભારથી હળવો બનાવવો. હવે ઉપસંહારાર્થે સર્વે અશુભક્રિયાનું મૂળ કારણ કહે છે - અતિપાત - નાશ, પ્રાણિનું ઉપમર્દન. તેનો નિષેધ કરવો તે અનતિપાત. બધાં પ્રાણિ, ભૂત, સત્વાદિને વિચારીને જીવરક્ષાનો ઉપદેશરૂપ ધર્મ કહે.

હવે જેમ ઉપધિરહિત ધર્મકિર્તન થાય તે જણાવે છે—

તે ભિક્ષુ ગૃહસ્થે ગૃહસ્થ માટે બનાવેલ આહારભોજી, ક્રિયા કાળે ક્રિયા કરનાર, સાંભળનાર આવતાં ધર્મનો બોધ આપે, પણ બીજો કોઈ હેતુ ઉપદેશ આપતાં ન રાખે. જેમકે - તેનાથી મને ઉત્તમ ભોજન મળશે, માટે ધર્મ કહું. તેમજ પાણી, વસ્ત્ર, નિવાસ, શયન નિમિત્તે ધર્મ ન કહે. બીજા મોટા-નાના કાર્યો માટે કે કામભોગ નિમિત્તે ધર્મ ન કહે. કંટાળો લાવીને ધર્મ ન કહે. કર્મ નિર્જરા સિવાય કોઈ જ હેતુ માટે ધર્મ ન કહે. બીજા પ્રયોજન સિવાય ધર્મ કહે.

ધર્મકથા શ્રવણનું ફળ બતાવીને ઉપસંહાર કરે છે - આ જગતમાં ગુણવાન્ ભિક્ષુ પાસે ઉત્તમ ધર્મ સાંભળીને, સમજીને સમ્યગ્ ઉત્થાનથી ઉઠીને, કર્મવિદારવાને સમર્થ એવા જે [દીક્ષા લઈને] નિર્મળ ચારિત્ર પાળવા બધાં મોક્ષનાં કારણો એવા સમ્યગ્દર્શનાદિમાં રક્ત બનેલાં, સર્વે પાપસ્થાનોથી ઉપરત, તથા તે જ સર્વોપશાંત થઈને, કષાયોને જીતીને, શીતળ બનીને તે સર્વસામર્થ્ય વડે સદનુષ્ઠાનમાં ઉધમ કરનારા છે, તે સર્વે કર્મોનો ક્ષય કરીને સર્વથા નિવૃત્ત થઈ મોક્ષમાં જાય છે - તેમ હું કહું છું.

હવે અધ્યયનનો ઉપસંહાર કરે છે - ઉત્તમ ગુણવાળા સાધુના વિશેષ ગુણ કહે છે - શ્રુત-ચારિત્રરૂપ ધર્મનો અર્થી, પરમાર્થથી સર્વ ઉપાધિથી મુક્ત ધર્મને જાણે છે માટે ધર્મવિત્. નિયાગ - સંયમ કે મોક્ષનું કારણ અને તેનો સ્વીકાર કરતાં મોક્ષ મળે માટે નિયાગપ્રતિપન્ન. એવો તે પાંચમો પુરુષ જાણવો. તેને આશ્રીને જે પૂર્વે બતાવેલું છે, તે બધું જ કહેવું. તે પદ્મવર પૌંડરીકને પ્રાપ્ત કરે - ચક્રવર્ત્યાદિને ઉપદેશ આપે. તેની પ્રાપ્તિ પરમાર્થથી કેવળજ્ઞાન થતાં થાય છે. તેથી બધી વસ્તુની સાચી સ્થિતિનું તેને જ્ઞાન થાય છે. જો કેવળજ્ઞાન ન થાય તો મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય જ્ઞાનના અપૂર્ણ કે પૂર્ણ અંશને પામે છે. આવા ગુણોથી યુક્ત ભિક્ષુ-સાધુ—

કર્મને સ્વરૂપ અને વિપાકથી જાણે છે, તેથી પરિજ્ઞાત કર્મા છે, તથા બાહ્ય અને અભ્યંતર સંબંધ-સંગને જાણે છે તેથી પરિજ્ઞાત સંગ છે અર્થાત્ તેણે ગૃહવાસને નકામો જાણેલ છે. ઇન્દ્રિય અને મનને શાંત કરવાથી ઉપશાંત છે, પાંચ સમિતિથી સમિત છે, જ્ઞાનાદિ સાથે વર્તે છે માટે સહિત છે. સર્વકાળ યતનાથી વર્તે છે માટે સંયત છે, - x - તે સંયમાદિ પાળવાથી શ્રમણ છે અથવા સમમન છે. કોઈ જીવને ન હણો તેવો ઉપદેશ આપવાથી માહન છે. અથવા બ્રહ્મચારી-બ્રાહ્મણ છે. ક્ષમાયુક્ત

હોવાથી ક્ષાંત, ઇન્દ્રિય અને મનને દમવાથી દાંત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, નિલોભી હોવાથી મુક્ત, વિશિષ્ટ તપચરણથી મહર્ષિ, જગત્‌ની ત્રિકાલ અવસ્થાને માને છે માટે મુનિ, કરવાના કામને કરે છે માટે કૃતિ, પુન્યવાન્ કે પરમાર્થ પંડિત, વિદ્યાયુક્ત છે માટે વિદ્વાન્, નિરવધ આહાર ભિક્ષામાં લે, માટે ભિક્ષુ, અંતપ્રાંત આહારી હોવાથી રૂક્ષ, સંસારને પાર પામવા રૂપ મોક્ષનો અર્થી, મૂલગુણ-ચરણ અને ઉત્તરગુણ-કરણ તેનો પાર કિનારાને જાણ છે માટે ચરણ-કરણ પારવિદ્ છે.

इति - સમાપ્તિ માટે છે. ब्रवीमि - તીર્થંકરના વચનથી આર્ય સુધર્માસ્વામી જંબૂસ્વામીને ઉદ્દેશીને કહે છે - હું મારી બુદ્ધિથી કહેતો નથી.

હવે સમસ્ત અધ્યયનના દૃષ્ટાંત અને તેનો બોધ કહે છે—

**[નિ.૧૫૮ થી ૧૬૪-]** અહીં સો પાંખડીવાળા શ્વેત કમળની ઉપમા આપી છે, તેનો જ ઉપચય-સર્વ અવયવ નિષ્પત્તિ અને વિશિષ્ટ ઉપાયથી ચૂંટવાનું છે. તેનો બોધ એ છે કે - ચક્રવર્તી આદિ ભવ્યાત્માની જિનોપદેશથી સિદ્ધિ થાય છે. કેમકે તેઓ જ પૂજ્ય છે. તેમનું પૂજ્યત્વ બતાવે છે—

દેવ આદિ ચારે ગતિમાં પ્રાણીઓમાં મનુષ્ય જ સર્વસંવરરૂપ ચારિત્ર લેવા સમર્થ છે, બીજા દેવાદિ નહીં. તે મનુષ્યોમાં માનનીય ચક્રવર્તી આદિ પણ હોય છે. તેમને પ્રતિબોધ કરતા નાના-સામાન્ય માણસો જલ્દી બોધ પામે છે. તેથી અહીં પૌંડરીક સાથે ચક્રવર્તી આદિની તુલના કરી.

ફરી મનુષ્યની પ્રધાનતા દર્શાવવા કહે છે - ભારે કર્મી મનુષ્ય નરકગમન યોગ્ય આયુષ્ બાંધે તેમ હોય, તેવા પણ જિનોપદેશથી તે જ ભવે સર્વ કર્મક્ષયથી સિદ્ધિગામી થાય છે. આ દૃષ્ટાંત અને બોધને જણાવીને તે કમળના આધારરૂપ વાવડીનું તરવું મુશ્કેલ છે, તે બતાવે છે.

પ્રચુર જળ તથા કાદવવાળી, તળીયું ન દેખાય તેવી, ઉંડો કાદવ અને વેલડીઓથી યુક્ત વાવડી જંઘા કે હાથ વડે અથવા નાવથી તરવી મુશ્કેલ છે. - x - તેમાં પદ્મવર પૌંડરીક લેવા માટે ઉતરવું તે અવશ્ય જીવલેણ બને. તે કમળ તોડીને લાવવાનો કોઈ ઉપાય નથી, જેનાથી તે વાવડીમાંથી સુખેથી કમળ લાવી શકે. તેને ઓળંગવાનો ઉપાય કહે છે—

પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યા કે દેવની સહાયથી અથવા આકાશગમન વિદ્યાથી પદ્મવર પૌંડરીકને લાવી શકે. જિનેશ્વરે તે માટે કહ્યું છે - x - શુદ્ધ પ્રયોગ વિદ્યા જિનોક્ત ધર્મ જ છે, તે સિવાય કોઈ વિદ્યા નથી. તીર્થંકર કથિત માર્ગે ભવ્યજીવરૂપ પૌંડરીક સિદ્ધિને પામે છે. શેષ પૂર્વવત્ - x -

**શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૧ - ''પૌંડરીક''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## ❀ શ્રુતસ્કંધ-૨ - અધ્યયન-૨ ''ક્રિયાસ્થાન'' ❀

-- x -- x -- x -- x -- x -- x -- x -- x --

● **ભૂમિકા :-**

પહેલું અધ્યયન કહ્યું, હવે બીજું કહે છે - તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વના અધ્યયનમાં વાવડી-કમળના દૃષ્ટાંત વડે અન્યતીર્થિકોને સમ્યગ્ મોક્ષ ઉપાયના અભાવે કર્મને બાંધનારા બતાવ્યા. સાચા સાધુઓ સમ્યગ્ દર્શનાદિ મોક્ષમાર્ગે પ્રવૃત્ત હોવાથી સદુપદેશ દ્વારા પોતાને અને બીજાને કર્મથી મુકાવનારા છે. તેમ અહીં પણ બાર ક્રિયા સ્થાન વડે કર્મો બંધાય છે અને તેર સ્થાન વડે મૂકાય છે. પૂર્વે કહેલ બંધ-મોક્ષનું અહીં પ્રતિપાદન કરાય છે. અનંતર સૂત્ર સાથેનો સંબંધ આ છે - ચરણકરણના જાણ કર્મ ખપાવવા ઉધત ભિક્ષુએ કર્મબંધના કારણ એવા બાર ક્રિયા સ્થાનોને સમ્યક્ રીતે તજવા. તેથી વિપરીત મોક્ષ સાધનોને આદરવા. આ સંબંધે આવેલાં આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે. તેમાં ઉપક્રમમાં અર્થાધિકાર આ છે. જેમકે - આ અધ્યયન વડે કર્મનો બંધ અને મોક્ષ બતાવે છે. નામ નિક્ષેપામાં ક્રિયા-સ્થાન એ બે પદ છે. તેમાં 'ક્રિયા' પદનો નિક્ષેપો કરવા માટે નિર્યુક્તિકાર પ્રસ્તાવના કરે છે—

**[નિ.૧૬૫ થી ૧૬૮-]** જે કરાય તે ક્રિયા, તે કર્મબંધના કારણરૂપે આવશ્યક સૂત્રના પ્રતિક્રમણ અધ્યયનમાં સૂત્રરૂપે तेरसहिं किरियाठाणेहिं છે. અથવા આ અધ્યયનમાં 'ક્રિયા' કહી છે, માટે તેનું નામ 'ક્રિયાસ્થાન' છે. તે ક્રિયાસ્થાન સંસારીને હોય, સિદ્ધોને નહીં. ક્રિયાવંતો શેનાથી બંધાય કે શેનાથી મૂકાય છે, તે દ્વારા અધ્યયનનો અર્થ અધિકાર ફરીને કહ્યો - બંધ અને મોક્ષમાર્ગ-નામ સ્થાપના સુગમ છે, દ્રવ્યાદિ ક્રિયા કહે છે—

દ્રવ્ય-દ્રવ્ય વિષયમાં જે ક્રિયા-જીવ કે અજીવમાં કંપન કે ચલનરૂપ છે, તે દ્રવ્યક્રિયા. તે પ્રયોગ કે વિસ્રસાથી થાય. તે પણ ઉપયોગપૂર્વિકા અથવા અનુયોગપૂર્વિકા - આંખનું ફરકવું વગેરે, તે બધી દ્રવ્યક્રિયા છે.

ભાવક્રિયા - આ પ્રમાણે - પ્રયોગ, ઉપાય, કરણીય, સમુદાન, ઈર્યાપથ, સમ્યક્ત્વ, સમ્યગ્ મિથ્યાત્વ અને મિથ્યાત્વ એ આઠ ક્રિયા છે.

પ્રયોગ ક્રિયા - મન, વચન, કાય લક્ષણા ત્રણ પ્રકારે છે. તેમાં સ્ફૂરાયમાન થતાં મનોદ્રવ્યો વડે જે આત્માનો ઉપયોગ, એ જ રીતે વચન-કાયા પણ કહેવા. તેમાં શબ્દ બોલતા વચન તથા કાયા બંનેનો ઉપયોગ થાય છે. - x - પણ જવા-આવવાની ક્રિયા તો કાયાથી જ થાય છે.

ઉપાય ક્રિયા - જે ઉપાયથી ઘડો વગેરે કરે તે. જેમકે માટીને ખોદવી, મસળવી, ચક્ર ઉપર મૂકવી, દંડ ફેરવવો ઇત્યાદિ ઉપાયો તે ઉપાય ક્રિયા.

કરણીય ક્રિયા - જે કાર્ય જે પ્રકારે કરવું જોઈએ. તેને તે પ્રકારે કરે, જેમકે માટીના પિંડાદિથી જ ઘડો બને, રેતી કે કાંકરીથી ન બને તે.

સમુદાન ક્રિયા - જે કાર્ય પ્રયોગથી સમુદાયની અવસ્થામાં લેતા તેમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશરૂપે જે ક્રિયા વડે વ્યવસ્થા થાય તે સમુદાનક્રિયા. આ ક્રિયા

મિથ્યાદૃષ્ટિથી આરંભીને સૂક્ષ્મસંપરાય સુધી છે.

ઈર્યાપથ ક્રિયા - ઉપશાંત મોહથી સયોગીકેવલી સુધી હોય છે.

સમ્યક્ત્વ ક્રિયા - સમ્યગ્દર્શન યોગ્ય ૭૭ કર્મ પ્રકૃતિ જેનાથી બંધાય.

સમ્યક્-મિથ્યાત્વ ક્રિયા - તેને યોગ્ય ૭૪ પ્રકૃતિ જેનાથી બંધાય તે.

મિથ્યાત્વક્રિયા - બધી - ૧૨૦ - પ્રકૃતિ જેનાથી બંધાય તે.

— હવે સ્થાનના નિક્ષેપા કહે છે - આચારાંગના બીજા લોકવિજય નામે અધ્યયનમાં ''સ્થાન'' શબ્દ વિશે વિસ્તાર છે, તે ત્યાં જોવો.

અહીં જે ક્રિયા વડે તથા જે સ્થાન વડે અધિકાર છે, તે કહે છે - ક્રિયામાં જે સામુદાનિકા ક્રિયા બતાવી, તે કષાયવાળી હોવાથી તેના ઘણાં ભેદો છે. તેનો આ અધ્યયનમાં અધિકાર છે. સમ્યક્ પ્રયુક્ત ભાવસ્થાન તે અહીં વિરતિરૂપ સંયમસ્થાન - x - લીધેલ છે. સમ્યક્ પ્રયુક્ત ભાવસ્થાનથી ઐર્યાપથિકી ક્રિયા પણ લેવી. સામુદાનિકા ક્રિયા લેવાથી અપ્રશસ્ત ભાવસ્થાનો પણ લેવા. - x - વાદીઓને પણ અહીં ગણી લેવા. જે બધું - x - સૂત્રકાર કહેશે. - x - નિર્યુક્તિ અનુગમ કહ્યો, હવે સૂત્ર કહે છે—

● સૂત્ર-૬૪૮ :-

***મેં સાંભળેલ છે કે, તે આયુષ્યમાન્ ભગવંતે આ પ્રમાણે કહ્યું છે - અહીં 'ક્રિયાસ્થાન' નામક અધ્યયન કહ્યું છે. તેનો અર્થ આ છે - આ લોકમાં સંક્ષેપથી બે સ્થાન કહ્યા છે - ધર્મ અને અધર્મ, ઉપશાંત અને અનુપશાંત.***

***તેમાં પ્રથમ સ્થાન અધર્મપક્ષનો આ અર્થ કહ્યો છે - આ લોકમાં પૂર્વાદિ છ દિશામાં અનેકવિધ મનુષ્યો હોય છે. જેમકે - કોઈ આર્ય કે અનાર્ય, ઉચ્ચગોત્રી કે નીચગોત્રી, મહાકાય કે લઘુકાય, સુવર્ણા કે દુવર્ણા, સુરૂપા કે દુરૂપા.***

***તેઓમાં આ આવો દંડ-સમાદાન જોવા મળે છે. જેમકે - નારકો-તિર્યંચો-મનુષ્યો અને દેવોમાં, જે આવા વિજ્ઞપ્રાણી સુખ-દુઃખ વેદે છે. તેઓમાં અવશ્ય આ તેર ક્રિયાસ્થાનો હોય છે, તેમ કહ્યું છે. તે આ પ્રમાણે - અર્થદંડ, અનર્થદંડ, હિંસાદંડ, અકસ્માતદંડ, દૃષ્ટિવિપર્યાસદંડ, મૃષાપ્રત્યયિક, અદત્તાદાનપ્રત્યયિક, અધ્યાત્મપ્રત્યયિક, માનપ્રત્યયિક, મિત્રદ્વેષપ્રત્યયિક, માયાપ્રત્યયિક, લોભપ્રત્યયિક અને ઈર્યાપ્રત્યયિક.***

● વિવેચન-૬૪૮ :-

સુધર્માસ્વામી જંબૂસ્વામીને ઉદ્દેશીને કહે છે - આયુષ્યમાન્ ભગવંતે આ પ્રમાણે કહ્યાનું મેં સાંભળેલ છે - અહીં ક્રિયાસ્થાન નામે અધ્યયન છે. તેનો આ અર્થ છે - અહીં સંક્ષેપથી બે સ્થાનો છે. જે ક્રિયાવંત જીવો છે, તે બધાને આ બે સ્થાન વડે કહેશે. જેમકે ધર્મ અને અધર્મમાં. એટલે કે ધર્મસ્થાન છે અને અધર્મસ્થાન છે. અથવા ધર્મ સાથે રહે તે ધર્મી, ઉલટું તે અધર્મી. કારણની શુદ્ધિથી કાર્યની શુદ્ધિ થાય છે, તે કહે છે - ઉપશાંતને ધર્મસ્થાન છે અને અનુપશાંતને અધર્મસ્થાન છે. તેમાં ઉપશમ પ્રધાન ધર્મ કે ધર્મીસ્થાનમાં કેટલાંક મહાસત્વવાળા ઉત્તરોત્તર શુભ ઉદયમાં વર્તે છે. તેથી વિપરીત બુદ્ધિવાળા સંસારના વાંછકો નીચી-નીચી ગતિએ જનારા છે.



અહીં જો કે અનાદિકાળના ભવના અભ્યાસથી ઇન્દ્રિયોની અનુકૂળતાથી પ્રાયે પ્રથમથી અધર્મપ્રવૃત્ત લોક છે. પણ પછી સદુપદેશ યોગ્ય આચાર્યના સંગથી ધર્મસ્થાનમાં પ્રવર્તે છે. છતાં પણ આદેયપણાથી પ્રથમ ધર્મસ્થાન-ઉપશમસ્થાન બતાવ્યું. પછી તેનાથી વિપરીત બતાવ્યું.

હવે પ્રાણીઓના પોતાના રસ પ્રવૃત્તિ વડે જે પહેલું સ્થાન છે, તે કહે છે - x - x - જે આ પહેલા અનુષ્ઠેયપણે પ્રથમ અધર્મપક્ષનું સ્થાન છે, તેના વિભાગ બતાવે છે. આ જગત્માં પૂર્વાદિ દિશામાંની કોઈપણ દિશામાં કેટલાંક મનુષ્યો વસે છે, તે આવા હોય છે - સર્વે હેયધર્મોથી દૂર તે આર્યો છે, તેનાથી વિપરીત તે અનાર્યો છે. યાવત્ કેટલાંક સુરૂપવાળા અથવા કદરૂપા હોય છે.

ઉક્ત આર્યાદિને આ પ્રમાણે દંડ-પાપના ગ્રહણના સંકલ્પથી તેનાં ફળ ભોગવવા માટે ચાર ગતિ-નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવોમાં જઈને જુદી જુદી જાતિ કે રંગ વગેરેવાળા પ્રાણીઓ કે વિદ્વાનો વેદનાને અનુભવે છે. સાતા-અસાતાને અનુભવે છે, તેના ચાર ભાંગા થાય છે, તે કહે છે—

[૧] સંજ્ઞી જીવો વેદના અનુભવે છે અને જાણે છે. [૨] સિદ્ધો જાણે છે, પણ અનુભવતા નથી. [૩] અસંજ્ઞી અનુભવે પણ જાણે નહીં. [૪] અજીવો ન જાણે - ન અનુભવે. અહીં પહેલા અને ત્રીજા ભાંગાનો અધિકાર છે. તે નારકી આદિ ચારે ગતિના જીવો જે જ્ઞાનવાળા છે, તેમને તીર્થંકર-ગણધર આદિએ આ તેર ક્રિયાસ્થાનો બતાવ્યા છે. તે ક્યાં છે ? તે દર્શાવે છે - x -

[૧] સ્વ પ્રયોજન માટે [બીજા જીવોને પીડા કરવી તે] અર્થદંડ-પાપનું ઉપાદાન. [૨] નિષ્પ્રયોજન જ સાવધક્રિયા અનુષ્ઠાન તે અનર્થદંડ છે. [૩] બીજાનો જીવ લેવારૂપ હિંસા કરવી તે હિંસાદંડ છે. [૪] ઉપયોગરહિત, અજાણપણે કોઈને બદલે કોઈને મારી નાંખીએ તે અકસ્માત દંડ છે. [૫] દૃષ્ટિ વડે જોવામાં ભૂલ થાય તે દૃષ્ટિ વિપર્યાસ - જેમકે દોરડાને સર્પ માની દંડ દેવો તે અથવા માટીના ઢેફાને તીર વડે તાકતા ચકલા આદિ મરી જાય તે દૃષ્ટિ વિપર્યાસ દંડ છે.

[૬] મૃષાવાદ પ્રત્યયિક - જે હોય તેને ગોપવે અને ન હોય તેને દેખાડે. [૭] પારકાની વસ્તુ વગર આપે લેવી તે અદત્તાદાન-ચોરી, તે નિમિત્તનો દંડ. [૮] જે આત્માની અંદર છે, તે અધ્યાત્મ, તેમાં થાય તે આધ્યાત્મિક દંડ. જેમકે - નિર્નિમિત જ મન મેલું કરીને મનોસંકલ્પથી ઉપહત થઈને હૃદયથી ચિંતા સાગરમાં ડૂબીને રહે. [૯] માનદંડ - જાતિ આદિ આઠ મદસ્થાનોથી ઉપહત મનવાળો અને બીજાનું અપમાન કરે તે માન પ્રત્યયિક દંડ છે.

[૧૦] મિત્રોના ઉપતાપથી દોષ લગાડે તે મિત્રદોષ તે નિમિત્તનો દંડ, [૧૧] બીજાને ઠગવાની બુદ્ધિથી દંડ કરે તે માયા પ્રત્યયિક દંડ, [૧૨] લોભને નિમિત્તે દંડ તે લોભપ્રત્યયિક, [૧૩] પાંચ સમિતિથી સમિત, ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત, સર્વત્ર ઉપયુક્તનો ઈર્યાપ્રત્યયિક સામાન્યથી કર્મબંધ થાય છે.

આ તેર ક્રિયાસ્થાન છે. હવે પહેલા ક્રિયાસ્થાનથી પ્રારંભ કરે છે—

● સૂત્ર-૬૪૯ :-

*પ્રથમ દંડ સમાદાન [ક્રિયાસ્થાન] અર્થદંડ પ્રત્યયિક કહેવાય છે. જેમ કોઈ પુરુષ પોતાને માટે કે જ્ઞાતિજનો માટે, ઘર-પરિવાર કે મિત્રને માટે, નાગ-ભૂત કે યક્ષને માટે, સ્વયં ત્રસ કે સ્થાવર જીવોના પ્રાણોને હણે, બીજા પાસે હણાવે કે બીજા દંડ દેનારની અનુમોદના કરે, એ રીતે તેને તે ક્રિયાને કારણે સાવધ કર્મનો બંધ થાય છે. આ પ્રથમ દંડ સમાદાન છે.*

● વિવેચન-૬૪૯ :-

જે પ્રથમ દંડ બતાવ્યો તે અર્થદંડ કહેવાય છે, તે આ પ્રમાણે - જેમ કોઈ પુરુષ, ઉપલક્ષણથી ચારે ગતિના પ્રાણી પોતાના માટે તથા સ્વજનાદિ માટે, ઘરના નિમિત્તે, દાસી-કર્મકરાદિ માટે કે ઘરની આજીવિકાની વસ્તુ માટે, મિત્ર-નાગ-ભૂત-યક્ષાદિને માટે તેવા સ્વ-પરને ઉપઘાતરૂપ દંડ ત્રસ-સ્થાવર પ્રાણિને સ્વયં દુઃખ દે, - x - પ્રાણિના ઉપમર્દકારિણી ક્રિયા કરે છે. બીજા પાસે તેમ કરાવે, બીજા જીવોને દુઃખ આપનારને અનુમોદે, આવું કરણ-કરાવણ-અનુમોદનથી તે આત્માને તે સંબંધી સાવધક્રિયાનું કર્મ બંધાય છે. આ પ્રથમ દંડ સમાદાન અર્થદંડ પ્રત્યયિક કહે છે.

● સૂત્ર-૬૫૦ :-

*હવે બીજા દંડસમાદાનરૂપ અનર્થદંડ પ્રત્યયિક કહે છે. જેમ કોઈ પુરુષ જો આ ત્રસ પ્રાણી છે, તેને ન તો પોતાના શરીરની અર્ચાને માટે મારે છે, ન ચામડાંને માટે, ન માંસ માટે, ન લોહી માટે, તેમજ હૃદય-પિત્ત-ચરબી-પિછા-પૂંછ-વાળ-સીંગ-વિષાણ-દાંત-દાઢ-નખ-નાડી-હાડકા-મજ્જાને માટે મારતા નથી. મને માર્યો છે-મારે છે કે મારશે માટે નથી મારતા. પુત્રપોષણ તથા પશુપોષણ માટે, પોતાના ઘરની મરમ્મત માટે નથી મારતા. શ્રમણ-માહણની આજીવિકા માટે, કે તેના શરીરને કોઈ ઉપદ્રવ ન થાય, તેથી પરિત્રાણ હેતુ નથી મારતો, પણ નિષ્પ્રયોજન જ તે પ્રાણીને દંડ દેતો હણે છે, છેદે છે, ભેદે છે, અંગો કાપે છે, ચામડી ઉતારે છે, આંખો ખેંચી કાઢે છે, તે અજ્ઞાની વૈરનો ભાગી બને છે, તે અનર્થદંડ છે.*

*જેમ કોઈ પુરુષ નદીના તટ પર, દ્રહ પર, જળરાશિમાં, તૃણરાશિમાં, વલયમાં, ગહનમાં, ગહનદુર્ગમાં, વનમાં, વનદુર્ગમાં, પર્વતમાં, પર્વતદુર્ગમાં તૃણ-ઘાસ બિછાવી બિછાવીને સ્વયં આગ લગાડે, બીજા દ્વારા આગ લગાવે, આગ લગાડનાર બીજાને અનુમોદે, તે પુરુષ નિષ્પ્રયોજન પ્રાણીને દંડ આપે છે. તે પુરુષને વ્યર્થ જ પ્રાણીના ઘાતને કારણ સાવધ કર્મબંધ થાય છે. આ બીજો દંડ સમાદાન-અનર્થદંડ પ્રત્યયિક કહ્યો.*

● વિવેચન-૬૫૦ :-

હવે બીજું અનર્થદંડ પ્રત્યયિક દંડ સમાદાન બતાવે છે - જેમ કોઈ પુરુષ નિર્નિમિત, નિર્વિવેકપણે પ્રાણીની હિંસા કરે તે બતાવે છે - જે કોઈ આ સંસારવર્તી પ્રત્યક્ષ બસ્ત આદિ પ્રાણીને હણે છે - તે અર્ચાને માટે હણતો નથી, ચર્મ માટે પણ નહીં, માંસ-લોહી-હૃદય-પિત્ત-ચરબી-પીછા-પુંછ-વાળ-શીંગ-વિષાણ-નખ-સ્નાયુ-અસ્થિ-



મજ્જા એવા કોઈ કારણને ઉદ્દેશીને હણ્યા નથી, હણતો નથી અને હણશે પણ નહીં. મને કે મારા સગાને માટે કે પુત્ર આદિના પોષણને માટે પણ હણતો નથી કે પશુના પોષણને માટે પણ હણતો નથી.

ઘરના રક્ષણ માટે તથા શ્રમણ-બ્રાહ્મણની આજીવિકા માટે પણ હણતો નથી, તેણે જે જીવોને પોતાના આશ્રયે પાળેલા છે, તેમનાથી તે શરીરને કંઈપણ રક્ષણ થતું નથી, છતાં તેની હિંસા કરાવે છે. એ રીતે કારણ વિના માત્ર ક્રીડાને ખાતર અથવા વ્યસનથી પ્રાણીને દંડાદિથી મારે છે, કાન-નાકને છેદે છે, શૂલાદિ વડે ભેદે છે, શરીરના બીજા ભાગોને લુંપે છે - નાશ કરે છે, વિલુંપે છે, આંખ ખેંચી લે છે, ચામડી કાપે છે, હાથ-પગ છેદે છે, નરકના પરમાધામી માફક પ્રાણીને નિર્નિમિત્ત વિવિધ ઉપાયોથી પીડા ઉત્પન્ન કરે છે. તથા જીવ લેનારો પણ થાય છે.

તે બાળક માફક સદ્વિવેક છોડીને, આત્માને વિસારીને, જડ જેવો, વગર વિચાર્યે, જન્માંતર અનુબંધી વૈર બાંધે છે. આ રીતે નિર્નિમિત્ત જ પંચેન્દ્રિય પ્રાણીને પીડતો જે રીતે અનર્થદંડ થાય છે, તે બતાવ્યું.

હવે સ્થાવરજીવોને આશ્રીને કહે છે - જેમ કોઈ નિર્વિવેક પુરુષ માર્ગમાં જતા વૃક્ષાદિના પાંદડાને દંડાદિ વડે તોડતો ફળની ઇચ્છા વિના નિરર્થક ક્રિડા કરે છે. તે દર્શાવે છે - જે આ પ્રત્યક્ષ સ્થાવર વનસ્પતિકાય જીવો છે જેમકે - ઇક્કડાદિ વનસ્પતિ વિશેષ મને કંઈ કામ આવશે, તેમ માનીને ન છેદે, પરંતુ તેના પાન, પુષ્પ, ફળાદિની ઇચ્છા વિના માત્ર રમત ખાતર છેદે ઇત્યાદિ - x - તથા પુત્ર કે પશુના પોષણ માટે નહીં, ઘર સમારવા નહીં, શ્રમણ-બ્રાહ્મણની વૃત્તિ માટે નહીં, શરીરની પુષ્ટિ માટે નહીં, નિરર્થક જ વનસ્પતિનું છેદન-ભેદન કરીને જન્માંતર અનુબંધી વૈરને બાંધે છે. આ વનસ્પતિ આશ્રિત અનર્થદંડ કહ્યો.

હવે અગ્નિકાય આશ્રયી કહે છે - જેમ કોઈ પુરુષ સદસદ વિવેકરહિત થઈ કચ્છ આદિ દશ સ્થાનોમાં - x - ઘાસ, પુષ્પ આદિમાં અગ્નિ મુકે કે ઘણાં જીવોને દુઃખદાયી દવ લગાડવા બીજા પાસે અગ્નિ મૂકાવે કે અગ્નિ મુકનારને અનુમોદે. આ પ્રમાણે ત્રણ યોગ-ત્રણ કરણથી જીવહિંસા સંબંધી આગ લગાવડાવી મહા પાપ કરે છે. આ બીજો અનર્થદંડ સમાદાન છે. હવે ત્રીજું કહે છે—

● સૂત્ર-૬૫૧ :-

*હવે ત્રીજું ક્રિયાસ્થાન-દંડ સમાદાન હિંસાદંડ પ્રત્યયિક કહે છે. જેમ કોઈ પુરુષ વિચારે કે - મને કે મારા સંબંધીને, બીજાને કે બીજાના સંબંધીને માર્યા છે, મારે છે કે મારશે, એમ માનીને ત્રસ-સ્થાવર પ્રાણીને સ્વયં દંડ આપે, બીજા પાસે દંડ અપાવે, બીજા દંડ દેનારને અનુમોદે તે હિંસાદંડ છે. તેવા પુરુષને હિંસા પ્રત્યયિક સાવધકર્મનો બંધ થાય છે તે ત્રીજો દંડ સમાદાન-હિંસાદંડ પ્રત્યયિક કહેવાય છે.*

● વિવેચન-૬૫૧ :-

હવે ત્રીજું દંડ સમાદાન હિંસાદંડ પ્રત્યયિક કહે છે. જેમ કોઈ પુરુષ પોતાના

મરણના ભયથી કે મારા સ્વજનને હણશે, એમ માનીને જેમ કંસે દેવકીના પુત્રોના ભાવથી હણ્યા અથવા મારાપણાથી - x - જેમ પરશુરામે કાર્તવીર્યને માર્યો અથવા અન્ય સાપ, સિંહાદિ મને ભવિષ્યમાં મારશે એમ માનીને તેને મારી નાંખે અથવા કોઈ હરણ આદિ પશુ ઉપદ્રવકારી છે, તેમ જાણીને તેને લાકડીથી મારે, એ રીતે મને, મારાને, બીજાને હણ્યા-હણે છે કે હણશે એવી સંભાવનાથી ત્રસ કે સ્થાવરને દંડે-જીવ હત્યા સ્વયં કરે, બીજા પાસે કરાવે કે કરનારની અનુમોદના કરે. આ હિંસાપ્રત્યયિક ત્રીજું ક્રિયાસ્થાન.

● સૂત્ર-૬૫૨ :-

*હવે ચોથા ક્રિયાસ્થાન અકસ્માત દંડ પ્રત્યયિક કહે છે. જેમકે કોઈ પુરુષ નદીના તટ યાવત્ ઘોર દુર્ગમ જંગલમાં જઈને મૃગને મારવાની ઇચ્છાથી, મૃગને મારવાનો સંકલ્પ કરે, મૃગનું ધ્યાન કરે, મૃગના વધને માટે જઈને આ મૃગ છે - એમ વિચારીને મૃગના વધને માટે બાણ ચડાવીને છોડે, તે મૃગને બદલે તે બાણ તીતર, બટેર, ચકલી, લાવક, કબૂતર, વાંદરો કે કપિંજલને વીંધી નાંખે, એ રીતે તે બીજાના બદલે કોઈ બીજાનો ઘાત કરે છે, તે અકસ્માત દંડ છે.*

*જેમ કોઈ પુરુષ શાલી, ઘઉં, કોદ્રવ, કાંગ, પરાગ કે રાળને શોધન કરતા, કોઈ તૃણને છેદવા માટે શસ્ત્ર ચલાવે, તે હું શામક, તૃણ, કુમુદ આદિને કાપું છું એવા આશયથી કાપે, પણ ભૂલથી શાલિ, ઘઉં, કોદરા, કાંગ, પરગ કે રાલકને છેદી નાંખે. એ રીતે એકને છેદતા બીજું છેદાઈ જાય, તે અકસ્માત દંડ છે. તેનાથી તેને અકસ્માત દંડ પ્રત્યયિક સાવધ ક્રિયા લાગે. તે ચોથો દંડ સમાદાન અકસ્માત દંડ પ્રત્યયિક કહેવાય છે.*

● વિવેચન-૬૫૨ :-

હવે ચોથા દંડ સમાદાન અકસ્માત દંડ પ્રત્યયિકને કહે છે - x - x - જેમ કોઈ પુરુષ કચ્છથી લઈને વનદુર્ગ સુધીના સ્થાનમાં જઈને - મૃગ ઉપર જીવન ગુજારતો મૃગવૃત્તિક [પારધી], મનમાં મૃગનો સંકલ્પ ધારીને, મૃગોમાં અંતઃકરણની વૃત્તિ હોવાથી મૃગપ્રણિધાન છે, તે મૃગોને ક્યાં જોઉં એમ વિચારી મૃગના વધને માટે કચ્છાદિમાં જાય છે, ત્યાં જઈને મૃગને જોઈને આ મૃગ છે એમ નક્કી કરી તેમાંના કોઈ મૃગને મારવા માટે બાણને ધનુષ્ પર ચડાવી મૃગને ઉદ્દેશીને ફેંકે. તેનો સંકલ્પ એવો છે કે - હું મૃગને હણીશ, પણ તે બાણ વડે તિતર આદિ પક્ષી વિશેષ હણાઈ જાય, એ રીતે કોઈને માટે અપાયેલ દંડ બીજા કોઈનો ઘાત કરે, તે અકસ્માત દંડ કહેવાય છે.

હવે વનસ્પતિને આશ્રીને અકસ્માત દંડ બતાવે છે - જેમ કોઈ ખેડૂત વગેરે શાલિ આદિ ધાન્યના ઘાસને છેદીને ધાન્ય શુદ્ધિ કરતો કોઈ ઘાસને છેદવા દાંતરડુ ચલાવે, તે શ્યામાદિ ઘાસને છેદીશ એમ વિચારી અકસ્માત શાલિ યાવત્ રાલકને છેદી નાખે, એ રીતે જેનું રક્ષણ કરવું હતું તેનો અકસ્માત છેદ કરે. એ રીતે એકને બદલે બીજું છેદી નાંખે અથવા આ રીતે બીજાને પીડા કરે છે, તે દર્શાવે છે - એ રીતે તેમ કરનારને અકસ્માત દંડ નિમિત્તે પાપકર્મ બંધાય છે. આ ચોથો દંડ



સમાદાન-અકસ્માત દંડ પ્રત્યયિક કહેવાય.

● સૂત્ર-૬૫૩ :-

*હવે પાંચમાં ક્રિયાસ્થાન દૃષ્ટિવિપર્યાસદંડ પ્રત્યયિકને કહે છે. જેમકે કોઈ પુરુષ પોતાના માતા, પિતા, ભાઈ, બહેન, સ્ત્રી, પુત્રો, પુત્રીઓ, પુત્રવધૂઓ સાથે નિવાસ કરતો, તે મિત્રને અમિત્ર સમજી મારી નાંખે, તે દૃષ્ટિ વિપર્યાસ દંડ કહેવાય. જેમ કોઈ પુરુષ ગામ, નગર, ખેડ, કર્બટ, મંડપ, દ્રોણમુખ, પત્તન, આશ્રમ, સંનિવેશ, નિગમ કે રાજધાનીનો ઘાત કરતી વખતે જે ચોર નથી તેને ચોર માનીને તે અચોરને મારી નાંખે તે દૃષ્ટિવિપર્યાસદંડ પ્રત્યયિક નામે પાંચમો દંડ સમાદાન કહેવાય છે.*

● વિવેચન-૬૫૩ :-

હવે પાંચમું દંડ સમાદાન દૃષ્ટિવિપર્યાસદંડ પ્રત્યયિક કહેવાય છે. જેમકે - કોઈ પુરુષ ચારભટ્ટાદિ [યોદ્ધો] માતા, પિતા આદિ સાથે રહેતો હોય, જ્ઞાતિના પાલન માટે તે મિત્રને દૃષ્ટિ વિપર્યાસ [ભૂલ] થી અમિત્ર માનીને હણે. તે દૃષ્ટિ વિપર્યાસતાથી મિત્રને જ મારે, તે દૃષ્ટિ વિપર્યાસ દંડ છે.

બીજી રીતે કહે છે - જેમ કોઈ પુરુષ લડાઈમાં ગામ આદિ ઉપર હુમલો કરે ત્યારે ભ્રાંત ચિત્તથી દૃષ્ટિ વિપર્યાસ થકી જે ચોર નથી. તેને ચોર માનીને હણે. એ રીતે ભ્રાંત મનથી વિભ્રમથી આકુળ થઈ અચોરને જ હણે છે. તેથી આ દૃષ્ટિ વિપર્યાસ દંડ છે, આ દૃષ્ટિવિપર્યાસ નિમિત્તે સાવદ્ય કર્મ બંધાય છે. આ રીતે પાંચમું દંડ સમાદાન દૃષ્ટિવિપર્યાસ પ્રત્યયિક કહ્યું.

● સૂત્ર-૬૫૪ :-

*હવે છટ્ઠું ક્રિયાસ્થાન મૃષા પ્રત્યયિક કહે છે. જેમ કોઈ પુરુષ પોતાને માટે, જ્ઞાતિવર્ગને માટે, ઘર કે પરિવારને માટે સ્વયં અસત્ય બોલે, બીજા પાસે અસત્ય બોલાવે કે અસત્ય બોલનાર અન્યને અનુમોદે, તો તેને મૃષાપ્રત્યયિક સાવદ્ય ક્રિયા લાગે છે. આ છટ્ઠું ક્રિયાસ્થાન મૃષાપ્રત્યયિક કહ્યું.*

● વિવેચન-૬૫૪ :-

હવે છટ્ઠું ક્રિયાસ્થાન મૃષાવાદ પ્રત્યયિક કહે છે. પૂર્વેના પાંચ સ્થાનમાં ક્રિયા સ્થાનપણું છતાં પ્રાયે પરને પીડારૂપ હોવાથી તેની ‘‘દંડ સમાદાન’’ એ સંજ્ઞા આપેલી. હવે પછીના સ્થાનમાં બહુલતાએ બીજાની હત્યા નથી, તેથી તેની ક્રિયાસ્થાન એવી સંજ્ઞા કહી છે. જેમ કોઈ પુરુષ પોતાના પક્ષના આગ્રહને નિમિત્તે અથવા પરિવાર નિમિત્તે વિદ્યમાન અર્થને ગોપવવારૂપ અને ખોટી વાતને સ્થાપવારૂપ પોતે જ જૂઠું બોલે. જેમકે - હું કે મારું કોઈ ચોર નથી, તે ચોર હોવા છતાં સાચી વાતને ઉડાવી દે છે, તથા બીજો કોઈ ચોર ન હોય તો પણ તેને ચોર કહે છે, આ રીતે બીજા પાસે પણ જૂઠું બોલાવે છે તથા બીજા જૂઠ બોલનારને અનુમોદે છે. એ રીતે ત્રણ યોગ-ત્રણ કરણથી મૃષાવાદ કરતા તે નિમિત્તે સાવદ્ય કર્મ બાંધે છે. આ છટ્ઠું મૃષાવાદ પ્રત્યયિક ક્રિયાસ્થાન કહ્યું.

● **સૂત્ર-૬૫૫ :-**

***હવે સાતમું ક્રિયાસ્થાન અદત્તાદાન પ્રત્યયિક કહે છે જેમ કોઈ પુરુષ પોતાને માટે યાવત્ પરિવારને માટે સ્વયં અદત્ત ગ્રહણ કરે [ચોરી કરે], બીજા પાસે કરાવે, અદત્ત ગ્રહણ કરનારને અનુમોદે, એ રીતે તે અદત્તાદાન પ્રત્યયિક સાવધ કર્મ બાંધે છે. સાતમાં ક્રિયા સ્થાનમાં અદત્તાદાન પ્રત્યયિક કહ્યું.***

● **વિવેચન-૬૫૫ :-**

હવે સાતમું ક્રિયાસ્થાન અદત્તાદાન પ્રત્યયિક કહે છે, તે પૂર્વની માફક જાણવું. જેમકે કોઈ પુરુષ પોતા માટે યાવત્ પરિવાર માટે પરદ્રવ્ય કોઈએ ન આપ્યું હોય તો પણ ગ્રહણ કરે, બીજા પાસે ગ્રહણ કરાવે, ગ્રહણ કરતા બીજાને અનુમોદે, તેને અદત્તાદાન પ્રત્યયિક કર્મ બંધાય, આ સાતમું ક્રિયાસ્થાન.

● **સૂત્ર-૬૫૬ :-**

***હવે આઠમું ક્રિયાસ્થાન અધ્યાત્મ પ્રત્યયિક કહે છે. જેમકે કોઈ પુરુષ વિષાદનું કોઈ બાહ્ય કારણ ન હોવા છતાં સ્વયં હીન, દીન, દુઃખી, દુર્મનસ્ બની મનમાં જ ન કરવા યોગ્ય વિચારો કરે, ચિંતા અને શોકના સાગરમાં ડૂબી જાય, હથેળી પર મુખ રાખી, ભૂમિ પર દૃષ્ટિ રાખી, આર્તધ્યાન કરતો રહે છે. નિશ્ચયથી તેના હૃદયમાં ચાર સ્થાનો સ્થિત છે. જેમકે - ક્રોધ, માન, માયા, લોભ. આ ક્રોધ, માન, માયા, લોભ એ આધ્યાત્મિક ભાવો છે. તેને અધ્યાત્મ પ્રત્યયિક સાવધકર્મનો બંધ થાય છે. આઠમાં ક્રિયાસ્થાનમાં અધ્યાત્મ પ્રત્યયિક કહ્યું.***

● **વિવેચન-૬૫૬ :-**

હવે આઠમું ક્રિયાસ્થાન 'આધ્યાત્મિક' - અંતઃકરણમાં ઉદ્‌ભવેલ, તે કહે છે. જેમકે - કોઈ પુરુષ ચિંતામાં ડૂબેલો હોય, તેને કોઈ વિસંવાદ પરિભાવથી કે અસદ્‌ભૂતને પ્રગટ કરવા વડે [અપમાન કે જૂઠાં કલંક વડે] ચિત્તમાં દુઃખ ઉત્પન્ન કરાવનાર નથી. તો પણ તે પોતે જ [નિષ્કારણ દુઃખી થાય છે] નીચ વર્ણના [તિરસ્કૃત] માફક દીન, રાંક માફક હીન, દુશ્ચિત્તતાથી દુષ્ટ, દુર્મન અસ્વસ્થતાથી મનના વિચારો વડે હણાયેલ તથા ચિંતારૂપ શોકનો સાગર તેમાં ડૂબેલો અથવા ચિંતા-શોક, તે જ સાગરમાં પ્રવેશેલ છે, તેની અવસ્થા કેવી થાય છે ? તે દર્શાવે છે—

હથેળીમાં મુખ રાખીને હંમેશા ઉદાસ બેઠેલો, આર્તધ્યાનને વશ થઈને, સારો વિવેક છોડીને, ધર્મધ્યાનથી દૂર વર્તતો, કોઈ કારણ વિના જ રાગ-દ્વેષાદિ દ્વન્દ્વને વશ થઈને ચિંતાગ્રસ્ત રહે છે. તે જ ચિંતાશોક સાગરમાં ડૂબેલો અંતર આત્મામાં ઉદ્‌ભવેલ મન સંબંધી સંશય વિનાના ચાર સ્થાનો થાય છે તે કહે છે - x - જેમકે - ક્રોધ સ્થાન, માન સ્થાન, માયા સ્થાન, લોભસ્થાન, તે ચારે-ક્રોધ, માન, માયા, લોભ અવશ્ય આત્માની સાથે સંબંધ ધરાવે છે, માટે આધ્યાત્મિક છે. એ હોય ત્યારે જ મન દુષ્ટ થાય છે. તે દુષ્ટ મનથી ક્રોધ-માન-માયા-લોભવત્ તથા મનની સમાધિ હણાતા અધ્યાત્મ નિમિત્ત સાવધકર્મ બંધાય છે. આ આઠમું ક્રિયાસ્થાન આધ્યાત્મિક કહ્યું.



● **સૂત્ર-૬૫૭ :-**

***હવે નવમું ક્રિયાસ્થાન માન પ્રત્યયિક કહે છે - જેમ કોઈ પુરુષ જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ, ઐશ્વર્યમદ કે પ્રજ્ઞામદ, એમાંના કોઈપણ એક મદસ્થાન વડે મત્ત બની, બીજાની હીલના, નિંદા, ખિંસા, ગર્હા, પરાભવ, અપમાન કરીને એમ વિચારે છે કે - આ હીન છે, હું વિશિષ્ટ જાતિ, કુલ, બલ આદિ ગુણોથી સંપન્ન છું, એ રીતે પોતાને ઉત્કૃષ્ટ માની ગર્વ કરે છે, તે મૃત્યુ બાદ કર્મવશીભૂત પરલોકગમન કરે છે. ત્યાં તે એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં, એક જન્મથી બીજા જન્મમાં, મરણથી મરણ, અને નરકથી નરક પામે છે તે ચંડ, નમ્રતારહિત, ચપળ, અતિમાની બને છે એ રીતે તે માન પ્રત્યયિક સાવધકર્મ બાંધે છે. નવમાં ક્રિયા સ્થાનમાં 'માનપ્રત્યયિક' [ક્રિયા] કહી.***

● **વિવેચન-૬૫૭ :-**

હવે નવમું ક્રિયાસ્થાન માનપ્રત્યયિક કહે છે જેમકે કોઈપણ પુરુષ જાતિ આદિ ગુણવાળો હોય, તે જાતિકુળ બળ, રૂપ, તપ, શ્રુત, લાભ, ઐશ્વર્ય અને પ્રજ્ઞા એ [નવ] આઠ મદ સ્થાનોમાંથી કોઈ એક વડે અહંકારી બની પરમ અપ્‌બુદ્ધિ વડે હેલના કરે તથા નિંદે, જુગુપ્સા કરે, ગર્હે, પરાભવ કરે. આ બધાં એકાર્થક શબ્દો છે, તેમાં કથંચિત્ ભેદ હોવાથી જુદા મૂક્યા છે. બીજાનો કઈ રીતે પરાભવ [અપમાન] કરે તે બતાવે છે—

આ બીજો છે, તે નીચ જાતિનો છે, તથા મારાથી કુળ, બળ, રૂપ આદિ વડે હલકો છે, બધામાં નિંદિત છે, માટે મારે દૂર બેસવું જોઈએ. વળી હું વિશિષ્ટ જાતિ, કુળ, બળાદિ ગુણોથી યુક્ત છું, એ રીતે આત્માનો ઉત્કર્ષ અર્થાત્ ગર્વ કરે. હવે માનઉત્કર્ષના વિપાકો કહે છે—

આ પ્રમાણે જાત્યાદિ મદથી ઉન્મત્ત થઈને આ લોકમાં ગર્હિત થાય છે. અહીં જાત્યાદિ પદના દ્વિક-ત્રિક આદિ સંયોગો બતાવ્યા છે. જેમકે - કોઈને જાતિનો મદ હોય, કુળમદ ન હોય, બીજાને કુલમદ હોય જાતિમદ ન હોય, ત્રીજાને બંને મદ હોય, ચોથાને એક પણ મદ ન હોય. આ રીતે ત્રણ પદ વડે આઠ, ચાર પદ વડે સોળ - x - x - ઇત્યાદિ ભાંગાઓ થાય છે. તે બધામાં સર્વત્ર મદનો અભાવ એ શુદ્ધ ભેદ છે.

પરલોકે પણ અભિમાની દુઃખ ભોગવે છે, તે બતાવે છે - પોતાના આયુષ્યનો ક્ષય થતા, શરીર છોડીને ભવાંતરમાં જતા શુભાશુભ આદિ કર્મથી પરતંત્ર બનીને જાય છે. જેમકે - તે પંચેન્દ્રિય અપેક્ષાએ એક ગર્ભથી બીજા ગર્ભમાં જાય છે તથા વિકલેન્દ્રિયમાં ગર્ભ વિના જન્મીને દુઃખ પામે, તે નરક સમાન ગર્ભદુઃખ જાણવા. ઉત્પદ્યમાન દુઃખની અપેક્ષાએ આ રીતે જાણવું - તે એક જન્મથી બીજા જન્મમાં જાય છે તથા મરણથી મરણ પણ અનુભવે છે. તથા ચંડાળને ત્યાં જન્મી, મરીને રત્નપ્રભાદિ નરકોમાં જાય છે અથવા સીમંતકાદિ નરકથી નીકળીને સિંહ, મત્સ્યાદિમાં ઉત્પન્ન થઈ ફરી તીવ્રતર નરકોમાં જાય છે [અને દુઃખી થાય છે.]

આવી રીતે રંગભૂમિમાં નટની માફક સંસારચક્રમાં સ્ત્રી, પુરુષ, નપુંસકાદિ ઘણી અવસ્થા અનુભવે છે. આવો અભિમાની બીજાનું અપમાન કરતો ચંડ-રૌદ્ર થાય

છે. બીજાને ધમકાવે છે, તેમ ન થાય તો આપઘાત કરે છે. તથા અવિનયી, ચપળ, કંઈ ન કરનારો, માની થઈ બધે દુઃખી થાય. એ રીતે તે માન નિમિત્તે સાવધકર્મ બાંધે. આ નવમું ક્રિયાસ્થાન કહ્યું.

● સૂત્ર-૬૫૮ :-

*હવે દશમા ક્રિયા સ્થાનમાં મિત્રદોષ પ્રત્યયિકને કહે છે. જેમકે - કોઈ પુરુષ માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્રી, પુત્ર કે પુત્રવધૂ સાથે વસતા તેમાંથી કોઈ થોડો પણ અપરાધ કરે તો તેને સ્વયં ભારે દંડ આપે છે. જેમકે - શિયાળામાં અતિ ઠંડા પાણીમાં ડૂબાડે, ગર્મીમાં અતિ ગરમ પાણી શરીર ઉપર છાંટે, અગ્નિથી તેનું શરીર બાળે, જોતર-નેતર-છડી-ચામડું-લતા-ચાબુક અથવા કોઈ પ્રકારના દોરડાથી માર મારી, તેમની પીઠની ખાલ ઉતારે તથા દંડ-હાડકા-મુટ્ઠી-ઢેફા-ઠીકરા કે ખપ્પરથી માર મારીને શરીરને ઢીલું કરી દે છે. આવા પુરુષ સાથે રહેવાથી પરિવારજન દુઃખી રહે છે. આવો પુરુષ પ્રવાસ કરવા જાય - દૂર જાય ત્યારે તે સુખી રહે છે.*

*આવો પુરુષ કઠોર દંડ દાતા, ભારે દંડ દાતા, દરેક વાતમાં દંડ આગળ રાખનાર છે. તે આ લોકમાં પોતાનું અહિત કરે જ છે, પણ પરલોકમાં પણ પોતાનું અહિત કરે છે. તે પરલોકમાં ઈર્ષ્યાળુ, ક્રોધી, નિંદક બને છે. તેને મિત્ર દોષ પ્રત્યયિક કર્મનો બંધ થાય છે. આ દશમું ક્રિયાસ્થાન તે મિત્ર દોષ-પ્રત્યયિક નામક છે.*

● વિવેચન-૬૫૮ :-

હવે દશમું ક્રિયા સ્થાન મિત્રદોષ પ્રત્યયિક કહ્યું છે. જેમકે કોઈ પુરુષ ઘરનો માલિક હોય, તે માતા-પિતા-મિત્ર-સ્વજનાદિ સાથે રહેતો હોય, તે માતા-પિતા આદિમાંથી કોઈ અજાણતા કંઈ નાનો અપરાધ કરે, દુર્વચનાદિ કહે અથવા હાથ-પગ આદિને સંઘટ્ટે ત્યારે પોતે ક્રોધી બનીને તે અપરાધીને ભારે શિક્ષા આપે છે. જેમકે - શિયાળાની સખત ઠંડીમાં અપરાધકર્તાના શરીરને પાણીમાં ડૂબાડે, ગરમ પાણીથી તેની કાયાને સીંચે, ગરમ તેલ કે કાંજીથી તેને દઝાડે, અગ્નિકાય કે ગરમ લોઢાથી ડામ દે. તેમજ જોતરાથી, વેત્ર આદિથી તાડન કરતા તે અપરાધકર્તાના પડખાંના ચામડાં ઉતરડાવે લાકડી આદિથી સખત મારે.

આ પ્રમાણે થોડા અપરાધમાં ઘણો ક્રોધ કરી દંડ કરે. તેવા પુરુષની સાથે રહેતા તેના સહવાસી માતા-પિતાદિ દુર્મના થઈને અનિષ્ટની આશંકાવાળા થાય છે. તે દેશાંતરે જાય ત્યારે તેના સહવાસી સુખ માને છે. તેવો પુરુષ અલ્પ અપરાધમાં ઘણી શિક્ષા કરે છે, તે દર્શાવતા કહે છે—

જેની પાસે દંડ છે, તે દંડ પાર્શ્વી અથવા કોઈનો થોડો અપરાધ જુએ તો પણ ક્રોધ કરીને દંડ પાડે છે. તે દંડ પણ મોટો હોય છે, તે બતાવે છે - તે દંડ પણ મોટો હોય, તથા દંડ વડે ગુરુત્વ બતાવે તેથી દંડ પુરસ્કૃત - સદા દંડ કરનાર છે. તે પોતાને તથા પારકાને આ જન્મમાં અહિત છે, કેમકે પ્રાણીને દંડ કરીને અહિત કરે છે. તેમજ



પરલોકમાં પણ અહિતકર છે. કેમકે તેનો તેવો સ્વભાવ હોવાથી કોઈને પણ, કંઈપણ નિમિત્તથી વારે વારે બાળે છે.

વળી તે ઘણો ક્રોધી હોવાથી વધ-બંધ-છવિચ્છેદ આદિ પાપક્રિયામાં જલ્દી પ્રવર્તે છે. તેમ ન બને તો ઘણાં દ્વેષથી મર્મ ઉદ્‌ઘાટન કરતા પીઠ પાછળ નિંદા કરે છે. તથા એવું બોલે છે કે સામો માણસ સાંભળીને બળે અને ક્રોધી થઈને બીજાનું બગાડે. આવા મહાદંડમાં પ્રવર્તેલાને દંડ પ્રત્યયિક સાવધ કર્મ બંધાય છે. આ દશમું ક્રિયાસ્થાન મિત્રદ્રોહ પ્રત્યયિક કહ્યું.

કેટલાંક આચાર્યો આઠમું ક્રિયાસ્થાન આત્મદોષ પ્રત્યયિક, નવમું પરદોષ પ્રત્યયિક, દશમું પ્રાણવૃત્તિક ક્રિયાસ્થાન કહે છે.

● સૂત્ર-૬૫૯ :-

*હવે અગિયારમું ક્રિયાસ્થાન માયા પ્રત્યયિક કહે છે. [કેટલાંક માણસો] જે આવા હોય છે - ગૂઢ આચારવાળા, અંધારામાં ક્રિયા કરનાર, ઘુવડની પાંખ જેવા હલકા હોવા છતાં, પોતાને પર્વત સમાન ભારે સમજે છે. તેઓ આર્ય હોવા છતાં અનાર્યભાષાનો પ્રયોગ કરે છે તેઓ અન્ય રૂપમાં હોવા છતાં પોતાને અન્યથા માને છે. એક વાત પૂછો તો બીજી વાત બતાવે છે, જે બોલવાનું હોય તેનાથી વિરુદ્ધ બોલે છે.*

*જેમ કોઈ પુરુષ પોતાને લાગેલ કાંટો-અંતઃશલ્ય સ્વયં બહાર ન કાઢે, ન બીજા પાસે કઢાવે, ન તે શલ્યને નષ્ટ કરાવે, પણ તેને છુપાવે. તેથી પીડાઈને અંદર જ વેદના ભોગવે, તે પ્રમાણે માયાવી માયા કરીને તેની આલોચના ન કરે, પ્રતિક્રમણ ન કરે, નિંદા ન કરે, ગર્હા ન કરે, તેને દૂર ન કરે, વિશુદ્ધિ ન કરે, ફરી ન કરવા ઉધત ન થાય, યથાયોગ્ય પ્રાયશ્ચિત ન સ્વીકારે. આ રીતે માયાવી આ લોકમાં અવિશ્વાસ્ય થાય, પરલોકમાં પુનઃ પુનઃ જન્મ-મરણ કરે છે. તે બીજાની નિંદા અને ગર્હા કરે છે, સ્વપ્રશંસા કરે છે, દુષ્કર્મ કરે છે, તેનાથી નિવૃત્ત થતો નથી, પ્રાણીઓને દંડ દઈને છુપાવે છે આવો માયાવી શુભ લેશ્યાને અંગીકાર કરતો નથી. એ રીતે તે માયાપ્રત્યયિક સાવધ કર્મનો બંધ કરે છે. આ અગિયારમું માયા પ્રત્યયિક ક્રિયા સ્થાન છે.*

● વિવેચન-૬૫૯ :-

હવે અગિયારમું ક્રિયાસ્થાન કહે છે. તે આ પ્રમાણે - જે કોઈ આવા પુરુષો હોય છે, - કેવા ? ગૂઢ આચારવાળા - ગળાં કાપનારા, ગાંઠ છેદનારાદિ. તેઓ વિવિધ ઉપાયોથી વિશ્વાસ પમાડીને પછી અપકાર કરે છે - x - તેઓ માયાચારથી ગુપ્ત રીતે અધર્મ કરે છે. અંધારામાં પાપ વ્યાપાર કરનારા - x - બીજા ન જાણે તેમ અકાર્ય કરે છે. તેઓ સ્વચેષ્ટાથી ઘુવડના પીછાં જેવા હલકા હોવા છતાં - x - પોતાને પર્વત જેવા શ્રેષ્ઠ માને છે અથવા અકાર્યમાં પ્રવૃત્ત હોવા છતાં પર્વત માફક બીજા કોઈ રોકી શકતા નથી. તેઓ આર્યદેશમાં જન્મેલા હોવા છતાં શઠતાથી આત્માને છુપાવવા અને બીજાને ભય પમાડવા માટે અનાર્યભાષા બોલે છે, બીજાને ભ્રમમાં પાડવા

સ્વમતિ કલ્પનાથી બીજા ન જાણે તે રીતે બોલે છે. પોતે ઠગ છતાં બીજાને સાહુકાર છે, તેમ બતાવે છે - સ્થાપે છે. બીજો કોઈ કંઈ પૂછે તો માયા કરી જુદું જ બતાવે છે. જેમકે આંબાના ઝાડનું પૂછો તો આકડાને બતાવે. વાદ કાળે પણ કંઈકને બદલે કંઈક બતાવે - x - x - x -.

તે સર્વાર્થ વિસંવાદિ, કપટ-પ્રપંચ ચતુરોને જે ફળ મળે તે દૃષ્ટાંત વડે બતાવે છે - જેમ કોઈ પુરુષને લડાઈમાં ઘા વાગતાં અંદર કોઈ તીર કે શલ્ય હોય, તે અંતરશલ્યવાળો તે શલ્ય કાઢવાથી થતી વેદનાથી ડરીને તે શલ્યને પોતે ન કાઢે, બીજા પાસે ન કઢાવે, તેમજ તે શલ્ય વૈદ્યના ઉપદેશથી ઔષધ-ઉપયોગાદિ ઉપાયો વડે નષ્ટ ન કરે. કોઈ તેને પૂછે કે ન પૂછે તો પણ તે શલ્યને કારણ વિના છુપાવે છે. તે શલ્ય અંદર રહેલ હોવાથી પીડાતો ચાલે છે, તે રીતે પીડાવા છતાં બીજું કાર્ય વેદના સહી કરે છે.

આ દૃષ્ટાંતનો બોધ કહે છે - જેમ આ શલ્યવાળો દુઃખી થાય છે, તેમ માયા શલ્યવાળો જે અકાર્ય કર્યું હોય તેને છૂપાવવા માયા કરીને તે માયાની આલોચના કરતો નથી, તેનું પ્રતિક્રમણ ન કરે - પાપથી નિવર્તે નહીં, આત્મસાક્ષીએ તે માયા શલ્યની નિંદા ન કરે કે - મને ધિક્કાર છે કે મેં કર્મના ઉદયથી આવું અકાર્ય કર્યું. તેમજ પરસાક્ષીએ તેની ગર્હા ન કરે - આલોચનાદાન યોગ્ય પાસે જઈને તેની જુગુપ્સા ન કરે કે અકાર્યકરણ એવા તે માયા શલ્યને અનેક પ્રકારે દૂર ન કરે અર્થાત્ અપરાધનું પ્રાયશ્ચિત્ત કરી, ફરી પાપ ન કરવા નિર્ધાર ન કરે - x - આલોચના દાતા પાસે આત્મ નિવેદન કરીને તે કાર્ય ન કરવા માટે તત્પર ન બને, પ્રાયશ્ચિત્ત સ્વીકારીને પણ સંયમપાલન માટે ઉદ્યત ન થાય. ગુરુ આદિ સમજાવે તો પણ અકાર્ય-નિર્વહણ-યોગ્ય ચિત્તનું શોધન કરવારૂપ પ્રાયશ્ચિત્ત-વિશિષ્ટ તપકર્મનો સ્વીકાર ન કરે. આવી માયાથી પાપ છુપાવનારો એવો માયાવી આ લોકમાં સર્વ કાર્યોમાં અવિશ્વાસ્ય બને છે - x - કહ્યું છે કે—

માયાવી કદાચ કોઈ અપરાધ ન કરે તો પણ બધે અવિશ્વાસ્ય થાય છે - x - વળી અતિ માયાવીપણાથી તે પરલોકમાં સર્વ અધમ યાતના સ્થાનોમાં જન્મ પામીને નરક-તિર્યંચાદિમાં વારંવાર જન્મ લઈને દુઃખી થાય છે.

વળી વિવિધ પ્રપંચોથી બીજાને ઠગીને તેની નિંદા-જુગુપ્સા કરે છે જેમકે - આ અજ્ઞાન પશુ જેવો છે, તેનાથી આપણું શું ભલું થશે ? આ રીતે બીજાની નિંદા કરીને પોતાને પ્રશંસે છે. જેમકે - મેં આને કેવો ઠગ્યો, એ રીતે પોતે ખુશ થાય છે - x - આ પ્રમાણે કપટી સાધુ ફાવી જતાં નિશ્ચયથી તેવા પાપો વધારે કરે છે તેમાં જ ગૃદ્ધ બનીને, તેવા માયા સ્થાનથી અટકતો નથી. વળી માયાથી લેપાઈને પ્રાણીને દુઃખકારી દંડ આપીને પાછું જૂઠું બોલે છે પોતાના દોષો બીજા પર નાંખે છે. તે માયાવી સદા ઠગવામાં તત્પર રહી - x - જેણે શુભ લેશ્યા સ્વીકારી નથી તેવો તે સદા આર્ત્તધ્યાન વડે હણાઈને અશુભ લેશ્યાવાળો થાય છે. એ રીતે તે ધર્મધ્યાનરહિત અને અસમાહિત, અશુદ્ધલેશ્યાવાળો રહે છે. એ રીતે તેને માયાશલ્ય પ્રત્યયિક સાવધ કર્મ બંધાય છે. આ અગિયારમું ક્રિયાસ્થાન માયાપ્રત્યયિક કહ્યું.



ઉક્ત "અર્થદંડ" આદિ અગિયાર ક્રિયાસ્થાનો સામાન્યથી અસંયત-ગૃહસ્થોને હોય છે. હવે બારમું ક્રિયાસ્થાન પાખંડીને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૬૬૦ :-**

***હવે બારમું લોભપ્રત્યયિક ક્રિયાસ્થાન કહે છે - જેમકે અરણ્યનિવાસી, પર્ણકુટીવાસી, ગામનીકટ રહેનાર તથા ગુપ્ત કાર્ય કરનાર છે, જે બહુ સંયત નથી, સર્વે પ્રાણ-ભૂત-જીવ-સત્વની હિંસાથી બહુ પ્રતિવિરત નથી, તે સ્વયં સત્યમૃષા ભાષણ કરે છે. જેમકે - હું મારવા યોગ્ય નથી. બીજા લોકો મારવા યોગ્ય છે, મને આજ્ઞા ન આપો - બીજાને આજ્ઞા આપો, હું પરિગ્રહણ યોગ્ય નથી - બીજા પરિગ્રહણ યોગ્ય છે, મને સંતાપ ન આપો - બીજા સંતાપ આપવા યોગ્ય છે, હું ઉદ્વેગને યોગ્ય નથી - બીજા ઉદ્વેગને યોગ્ય છે.***

***આ પ્રમાણે તે [અન્યતીર્થિક] સ્ત્રી-કામભોગમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, ગર્હિત અને આસક્ત રહે છે. તે ચાર, પાંચ કે છ દાયકા સુધી થોડા કે વધુ કામભોગો ભોગવીને મૃત્યુકાળે મૃત્યુ પામીને અસુરલોકમાં કિલ્બિષી અસુરરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવીને વારંવાર બકરા જેવા બોબડા જન્માંધ કે જન્મથી મુંગા થાય છે. આ પ્રમાણે તે પાખંડીને 'લોભપ્રત્યયિક' સાવધ કર્મબંધ થાય છે. બારમા ક્રિયાસ્થાનમાં 'લોભપ્રત્યયિક' જણાવ્યું.***

***આ બાર ક્રિયાસ્થાનો મુક્તિગમન યોગ્ય શ્રમણ કે માહણે સારી રીતે જાણી લેવા જોઈએ. [અને તેનો ત્યાગ કરવો જોઈએ.]***

● **વિવેચન-૬૬૦ :-**

અગિયારમું ક્રિયાસ્થાન કહીને હવે બારમું લોભપ્રત્યયિક ક્રિયાસ્થાન કહે છે - તે આ પ્રમાણે - વનમાં વસનારા તે વનવાસી, તેઓ કંદ, મૂળ, ફળ ખાનારા છે અને વૃક્ષ નીચે વસે છે. કેટલાંક ઝુંપડું બાંધીને રહેનારા છે, બીજા ગામની નજીક રહીને ગામમાંથી ભિક્ષા લઈ જીવનારા છે. તથા કોઈ મંડલ-પ્રવેશ આદિ રહસ્યવાળા તે ક્વચિત્‌રાહસિકા છે. તેઓ સર્વ સાવધઅનુષ્ઠાનથી નિવૃત્ત નથી. જેમકે - ઘણું કરીને ત્રસ જીવોનો આરંભ કરતા નથી, પરંતુ એકેન્દ્રિયનો આહાર કરનારા તપાસ આદિ હોય છે. તેઓ સર્વે પ્રાણાતિપાતાદિ વિરમણ વ્રતોમાં વર્તતા નથી. પણ દ્રવ્યથી કેટલાંક વ્રત પાળે છે, ભાવથી નહીં. કેમકે તેમને સમ્યગ્‌દર્શનાદિ થયું હોતું નથી. તે બતાવવા કહે છે—

તે વનવાસી આદિ સર્વ પ્રાણિ-ભૂત-જીવ-સત્ત્વોથી પોતે તે જીવોના આરંભાદિથી અવિરત છે. તે પાખંડીઓ પોતે ઘણી સત્ય-મૃષા [મિશ્ર] ભાષા બોલે છે-પ્રયોજે છે. અથવા સત્ય હોય તો પણ જીવ-હિંસાપણાથી તે જૂઠ જ છે. જેમકે - હું બ્રાહ્મણ છું માટે મને દંડ વગેરેથી ન મારો, બીજા શુદ્રોને મારો. તેઓ કહે છે - શુદ્રને મારીને પ્રાણાયમ જપવો અથવા તેમને કંઈ બદલો દેવો. તથા ક્ષુદ્ર જીવો જેમને હાડકાં ન હોય તેમને ગાડું ભરાય તેટલા મારીને પણ બ્રાહ્મણોને જમાડવા - વળી બીજા કહે છે કે—

હું ઉત્તમ વર્ણનો છું, તેથી મારા ઉપર કોઈ હુકમ ન ચલાવવો, મારાથી બીજા

અધમ છે, તેને આજ્ઞા કરવી. મને પરિતાપ ન આપવો, પણ બીજાને પરિતાપવા. મને વેતન આપીને કામ કરવા ન લઈ જવો, પણ બીજા શુદ્રોને મજૂરીએ લઈ જવા. ઘણું કહેવાથી શું? મને ન મારવો પણ બીજાને મારવો. આ રીતે બીજાને પીડા કરવાના ઉપદેશથી અતિ મૂઢપણે અસંબદ્ધ બોલવાથી અજ્ઞાનતાથી ઢંકાયેલા, પેટભરા, વિષમ દૃષ્ટિવાળાને પ્રાણાતિપાત વિરતિરૂપ વ્રત હોતું નથી. ઉપલક્ષણથી મૃષાવાદ, અદત્તાદાન વિરમણનો અભાવ પણ જાણી લેવો. હવે અનાદિ ભવાભ્યાસથી દુસ્ત્યજ્ય સ્ત્રીસંગને કહે છે–

પૂર્વોક્ત કારણોથી અતિ મૂઢત્વાદિથી પરમાર્થને ન જાણતાં અન્યતીર્થિકો સ્ત્રીસંબંધી કામો અથવા સ્ત્રીમાં તથા શબ્દાદિ વિષયોમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, આસક્ત છે. - x - આ સ્ત્રી અને શબ્દાદિમાં પ્રવર્તન પ્રાયઃ જીવોને સંસારનું કારણ છે. કહે છે કે - મહાદોષને કારણે તે અધર્મનું મૂળ છે. સ્ત્રીસંગ આસક્તને શબ્દાદિ વિષયાસક્તિ અવશ્ય હોય છે તેથી "સ્ત્રી-કામ"નું ગ્રહણ કર્યું.

આવા આસક્તો - x - ચાર, પાંચ કે છ દાયકા સુધી જીવે. અહીં મધ્યમ વય લીધી. કેમકે પ્રાયે અન્યતીર્થિકો વય વીત્યા પછી સાધુ બને, તેથી તેને આટલો જ કાળ સંભવે છે. અથવા મધ્યમવય લેવાથી વધુ-ઓછી સમજી લેવી. - x - તેઓ ગૃહવાસ છોડીને - x - સ્ત્રી તથા વિષય ભોગો ભોગવીને પછી ત્યાગી થઈને પોતાને સાધુ સમજે. તો પણ તેઓ ભોગથી નિવૃત્ત થતાં નથી. જેથી મિથ્યાદૃષ્ટિપણાથી અજ્ઞાનરૂપી અંધત્વ વડે સમ્યગ્‌વિરતિ પરિણામથી રહિત છે. આવા પરિણામને લીધે પોતાના આયુનો ક્ષય થતા કાળમાસે કાળ કરીને ઘોર તપ કરવા છતાં અસુર જાતિના દેવોમાં કિલ્બિષિક દેવરૂપે ઉત્પન્ન થાય છે. અજ્ઞાનતપથી મરીને પણ હલકા દેવ થાય.

તે સ્થાને પણ આયુક્ષય થતાં તે કિલ્બિષિકો બાકીના અશુભ કર્મો ભોગવવા ઘેટા જેવા બોબડા થાય છે. કિલ્બિષિક સ્થાનેથી ચ્યવીને અનંતર ભવે મનુષ્ય થવા છતાં - x - મુંગા કે ન સમજાય તેવી ભાષા બોલનારારૂપે જન્મે છે. તથા અત્યંત અંધકારપણે એટલે જન્માંધપણે કે અતિ અજ્ઞાનથી આવૃત્ત હોય તેવા જન્મે છે. તથા જન્મથી મુંગા-વાચારહિત હોય.

આ રીતે તે અન્યતીર્થિકો પરમાર્થથી સાવધ અનુષ્ઠાન ન છોડીને, આધાકર્માદિમાં પ્રવૃત્તિ થઈ, તેને યોગ્ય ભોગ ભોગવતા "લોભપ્રત્યયિક" સાવધ કર્મ બાંધે છે. આ 'લોભપ્રત્યયિક' બારમું ક્રિયાસ્થાન કહ્યું.

હવે બાર ક્રિયાસ્થાનોનો સારાંશ કહે છે - અર્થદંડાદિથી લોભપ્રત્યયિક-ક્રિયાસ્થાન-કર્મગ્રંથિને જે દૂર કરે તે દ્રવ અર્થાત્ સંયમ જેનામાં છે તે દ્રવિક-મુક્તિગમન યોગ્યતાથી દ્રવ્યભૂત સાધુ વિચારે, તે બતાવે છે - કોઈ જીવને ન મારો એવું વર્તન રાખે તે 'માહણ'. આવા ગુણવાળા સમ્યગ્ યથાવસ્થિત વસ્તુ સ્વરૂપ નિરૂપણથી મિથ્યાદર્શન આશ્રિત, સંસારકારણને જ્ઞપરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડે.

● **સૂત્ર-૬૬૧ :-**

***હવે તેરમું ઇર્યાપથિક ક્રિયાસ્થાન કહે છે. આ લોકમાં જે આત્માના***



***કલ્યાણને માટે સંવૃત્ત અને અણગાર છે, જે ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ, ઉચ્ચાર પાસવણ ખેલ સિંઘાણ જલ્લ પારિષ્ઠાપનિકા સમિતિ, મનસમિતિ, વચનસમિતિ, કાય સમિતિથી યુક્ત છે, જે મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત છે, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, ઉપયોગપૂર્વક ચાલતા - ઉભા રહેતા - બેસતા - પડખાં બદલતા - ભોજન કરતા - બોલતાં - વસ્ત્ર પાત્ર કંબલ પાદ પ્રૌંછનક ઉપયોગપૂર્વક ગ્રહણ કરે છે અને ઉપયોગપૂર્વક રાખે છે. યાવત્ આંખોની પલકોને પણ ઉપયોગ પૂર્વક જ ઝપકાવે છે. તે સાધુને વિવિધ સૂક્ષ્મ ઇર્યાપથિક ક્રિયા લાગે છે. તે પહેલા સમયે બંધ અને સ્પૃષ્ટ થાય છે. બીજા સમયે તે વેદાય છે અને ત્રીજા સમયે તેની નિર્જરા થાય છે. આ પ્રમાણ તે ઇર્યાપથિકી ક્રિયા બદ્ધ સ્પૃષ્ટ, ઉદીરિત-વેદિત અને નિર્જીણ થાય છે. પછીના સમયે તે યાવત્ અકર્મ થાય છે. એ રીતે તે ઇર્યાપથિક પ્રત્યયિક સાવધકર્મ બાંધે છે. એ રીતે તેરમું ઇર્યાપ્રત્યયિક ક્રિયાસ્થાન કહ્યું.***

***હું કહું છું - જે અતિત-વર્તમાન કે આગામી અરિહંત ભગવંતો છે. તેઓ બધાંએ આ તેર ક્રિયાસ્થાનો કહ્યા છે - કહે છે અને કહેશે. પ્રતિપાદિત કર્યા છે - કરે છે અને કહેશે. આ રીતે તેરમું ક્રિયાસ્થાન સેવ્યું છે - સેવે છે અને સેવશે.***

● **વિવેચન-૬૬૧ :-**

હવે તેરમું ઇર્યાપથિક ક્રિયાસ્થાન કહે છે. ગમન તે 'ઇર્યા' તેનો અથવા તેના વડે જે પંથ તે ઇર્યાપથ, તેમાં જે થાય તે ઇર્યાપથિક, તે ક્રિયા તેને ઇર્યાપથિકા કહે છે. તે કોને હોય? કેવી હોય? કેવું કર્મફળ આપે? એ બધું દર્શાવતા કહે છે - આ જગત્‌માં પ્રવચનમાં કે સંયમમાં વર્તતા જે સાધુ હોય, તે જો આત્માના હિતને માટે મન-વચન-કાયાથી સંવૃત્ત બને. પરમાર્થથી આવાને જ આત્મભાવ હોય, બીજાને-અસંવૃત્તને આત્મત્વ હોતું નથી. કેમકે વિધમાન આત્માનું કાર્ય સંવૃત્તતા વિના ન સંભવે.

એ રીતે આત્માર્થે સંવૃત્ત અણગારને ઇર્યાપથિકાદિ પાંચ સમિતિ અને મન-વચન-કાયાથી સમિત તથા ત્રણ ગુપ્તિ વડે ગુપ્તતા હોય. વળી ગુપ્તિના વિશેષ આદર માટે ફરી ગુપ્તિ ગ્રહણ કર્યુ એ રીતે ગુપ્તિ વડે ગુપ્ત કહે છે. નવ બ્રહ્મચર્ય ગુપ્તિ વડે ગુપ્ત તે ગુપ્તેન્દ્રિય થાય. ઉભતા, ચાલતા, બેસતા, પડખાં બદલતા તેમાં ઉપયોગ રાખે. ઉપયોગપૂર્વક જ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રૌંછનકને ગ્રહણ કરે કે મૂકે. યાવત્ આંખની પલક પણ ફરકે તેમાં ઉપયોગ રાખે. એ રીતે અત્યંત ઉપયોગપૂર્વક વિવિધ માત્રામાં આવી સૂક્ષ્મ આંખની પલકના સંચલનરૂપ આદિ ઇર્યાપથિકા ક્રિયા કેવલીને વર્તે છે. કહે છે - સયોગી જીવો ક્ષણ માત્ર પણ નિશ્ચલ રહેવા સમર્થ નથી. અગ્નિ વડે તપાવેલ પાણીની જેમ કાર્મણ શરીરમાં રહેલ જીવ સદા હાલતો જ રહે છે. તેથી જ સૂત્રમાં કહ્યું છે કે–

હે ભગવન્! જે સમયમાં જે આકાશ પ્રદેશમાંથી કેવલીએ પગ ઉપાડ્યો તે જ આકાશપ્રદેશમાં ફરી મૂકવા સમર્થ છે? હે ગૌતમ! તેમ ન બની શકે ઇત્યાદિ. એ રીત કેવલીને પણ સૂક્ષ્મ ગાત્રસંચાર હોય છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરીએ, તેથી

તે ક્રિયાથી જે કર્મ બંધાય તે કર્મની જે અવસ્થા તે ક્રિયા [ઇર્યાપથિકી], તે બતાવે છે—

અકષાયીની જે ક્રિયા, તેનાથી જે કર્મ બંધાય તે પહેલા સમયે બદ્ધ-સ્પૃષ્ટ થાય, તે ક્રિયા 'બદ્ધસ્પૃષ્ટા' કહી. બીજા સમયે વેદે-અનુભવે, ત્રીજા સમયે નિર્જરે. કહ્યું છે કે - કર્મ યોગનિમિત્તે બંધાય છે, તેની સ્થિતિ કષાયને આશ્રયી છે, તેના અભાવે સાંપરાયિકની સ્થિતિ નથી. પણ યોગના સદ્ભાવથી બંધાતા જ સંશ્લેષ પામે-સ્પર્શે છે. બીજા સમયે અનુભવયા, તે પ્રકૃતિ શાતાવેદનીય છે, જે બે સમયની સ્થિતિ છે. *[તત્ત્વાર્થ ભાષ્યમાં અહીં એક સમયની સ્થિતિ કહી છે.]* અનુભાવથી શુભ અનુભાવ છે, જે સુખ અનુત્તરોપપાતિક દેવ કરતા પણ વિશેષ છે. પ્રદેશથી ઘણાં પ્રદેશવાળી, અસ્થિર બંધવાળી અને બહુ વ્યયવાળી છે. આ ઇર્યાપથિકા ક્રિયા પહેલે સમયે બદ્ધસ્પૃષ્ટા, બીજા સમયે ઉદિતા-વેદિતા-નિર્જીર્ણા છે. ત્રીજા સમયે તે કર્મની અપેક્ષાથી અકર્મતા પણ કહેવાય છે. આ પ્રમાણે વીતરાગને ઇર્યાપ્રત્યયિક કર્મ બંધાય છે. એ તેરમું ક્રિયાસ્થાન કહ્યું.

વીતરાગ સિવાયના બીજા પ્રાણીને સાંપરાયિક બંધ હોય છે. તેઓને ઇર્યાપથ સિવાય પૂર્વે કહેલા બાર ક્રિયાસ્થાનો હોય છે. તેમાં વર્તતા જીવોને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ નિમિત્તે સાંપરાયિકબંધ હોય છે. જ્યાં પ્રમાદ છે ત્યાં કષાય નિયમથી હોય છે. કષાય ત્યાં યોગ હોય છે. યોગ હોય ત્યાં પ્રમાદ અને કષાય હોય કે ન હોય તેમાં પ્રમાદ-કષાય પ્રત્યયિક બંધની અનેક પ્રકારની સ્થિતિ છે, તે સિવાયનાને કેવળ યોગપ્રત્યયિક બે સમયની જ સ્થિતિ-ઇર્યાપ્રત્યયિક છે.

આ તેર ક્રિયાસ્થાનો ભગવંત વર્ધમાનસ્વામીએ કહ્યાં છે, તે બીજા તીર્થંકરે પણ કહ્યા છે, તે દર્શાવે છે - તે હું કહું છું, તે આ પ્રમાણે - જે ઋષભ આદિ તીર્થંકરો થઈ ગયા, જે સીમંધરસ્વામી આદિ વર્તમાન છે, જે પદ્મનાભાદિ આગામી અરિહંત ભગવંતો છે. તેઓ બધાં જ પૂર્વોક્ત તેર ક્રિયાસ્થાનોને કહી ગયા - કહે છે અને કહેશે. સ્વરૂપથી તેના વિપાકો પ્રરૂપ્યા હતા, પ્રરૂપે છે અને પ્રરૂપશે. આ તેરમું ક્રિયાસ્થાન સેવ્યું હતું, સેવે છે અને સેવશે. જેમ જંબૂદ્વીપમાં બે સૂર્યો તુલ્ય પ્રકાશવાળા છે, તેમ - x - તીર્થંકરો પણ કેવળજ્ઞાનથી તુલ્ય ઉપદેશવાળા હોય છે.

હવે તેર ક્રિયાસ્થાનોમાં જે પાપસ્થાન કહ્યું નથી તે કહે છે—

● સૂત્ર-૬૬૨ :-

***હવે પુરુષવિજયના વિભંગને કહીશ. આ લોકમાં વિવિધ પ્રકારની પ્રજ્ઞા-અભિપ્રાય-સ્વભાવ - દૃષ્ટિ - રુચિ - આરંભ અને અધ્યવસાયથી યુક્ત મનુષ્યો દ્વારા અનેકવિધ પાપશાસ્ત્રોનું અધ્યયન કરાય છે. જેમકે —***

***ભૌમ, ઉત્પાત, સ્વપ્ન, અંતરિક્ષ, અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન, સ્ત્રીલક્ષણ, પુરુષલક્ષણ, અશ્વલક્ષણ, ગજલક્ષણ, ગોલક્ષણ, મેષલક્ષણ, કુકર્કુટલક્ષણ, તિત્તિરલક્ષણ, વર્તકલક્ષણ, લાવક લક્ષણ, ચકલક્ષણ, છત્રલક્ષણ, ચર્મલક્ષણ, દંડલક્ષણ, અસિલક્ષણ, મણિલક્ષણ, કાકિણીલક્ષણ, સુભગાકર, દુર્ભગાકર, ગર્ભકર, મોહનકર, આથર્વણી, પાકશાસન, દ્રવ્યહોમ, ક્ષત્રિયવિદ્યા, ચંદ્રચરિત, સૂર્યચરિત, શુક્રચરિત, બૃહસ્પતિચરિત, ઉલ્કાપાત, દિગ્દાહ, મૃગચક્ર, વાયસપરિમંડલ, ધૂળવૃષ્ટિ, કેશવૃષ્ટિ, માંસવૃષ્ટિ, લોહીવૃષ્ટિ, વૈતાલી, અર્ધવૈતાલી, અવસ્વાપિની, તાલોદ્ઘાટિની, શ્વપાકી, શાબરીવિધા, દ્રાવિડીવિધા, કાલિંગીવિધા, ગૌરીવિધા, ગાંધારીવિધા, અવપતની, ઉત્પની, જૃંભણી, સ્તંભની, શ્લેષણી, આમયકરણી, વિશલ્યકરણી, પ્રક્રમણી, અન્તર્ધાની, આયામિની ઇત્યાદિ વિદ્યા છે.***

***આ વિદ્યાઓનો પ્રયોગ તેઓ અન્નને માટે, પાનને માટે, વસ્ત્રને માટે, આવાસને માટે, શય્યાને માટે તથા અન્ય વિવિધ પ્રકારના કામભોગોને માટે કરે છે. આ પ્રતિકૂળ વિદ્યાને તેઓ સેવે છે. તે એ વિપ્રતિપન્ન અને અનાર્ય છે, તેઓ મૃત્યુ સમયે મૃત્યુ પામી કોઈ આસુરિક-કિલ્બિષિક સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવી જન્મમૂક અને જન્માંધતા પામે છે.***





● વિવેચન-૬૬૨ :-

તેર ક્રિયા સ્થાનોને અહીં કહ્યા પછી, જે અહીં કહેવાયું નથી તે હવે આ સૂત્રસંદર્ભથી કહે છે. જેમ આચારાંગમાં પહેલા શ્રુતસ્કંધમાં જે ન કહ્યું તે બીજામાં ચૂલિકા વડે કહેલું, વૈધક શાસ્ત્રમાં પણ સંહિતા અને ચિકિત્સા કલ્પમાં ન કહેલ પછી જુદું કહ્યું છે, તેવું અન્યત્ર પણ જોવા મળે છે. તેમ અહીં પણ જે પહેલા ન કહેવાયુ તે આ ઉત્તરસૂત્રથી કહે છે.

જે વિજ્ઞાન દ્વારથી પુરુષો વડે શોધાય, તે પુરુષવિચય કે પુરુષવિજય. કેટલાંક અલ્પસત્વવાળા તે જ્ઞાનથી - x - જિતાય છે. તે વિભંગજ્ઞાન, જે અવધિજ્ઞાનનો મલિન અંશ છે, તેમ લોકોને ઠગવા જ્ઞાનનો દુરુપયોગ તે પુરુષ વિચય વિભંગ છે. આવા જ્ઞાનવિશેષને હું કહીશ. - x -

આ મનુષ્ય ક્ષેત્રમાં અથવા સિદ્ધાંતમાં વિચિત્ર ક્ષયોપશમથી જેના વડે જ્ઞાન થાય તે પ્રજ્ઞા. તે અનેક પ્રકારની છે, તેના વડે અલ્પ, અલ્પતર, અલ્પતમ બુદ્ધિવાળાના છ ભેદ પડે [અલ્પાદિ-૩, વિશેષાદિ-૩].

છંદ એટલે અભિપ્રાય, તે વિવિધ છે. શીલ-આચાર પણ જુદા જુદા છે. તથા દૃષ્ટિ-ધર્મ સંબંધી મત વિવિધ છે, જે - ૩૬૩ - ભેદમાં બતાવેલ છે. એ રીતે રુચિ પણ જુદી જુદી હોય છે. જેમકે - આહાર, વિહાર, શયન, આસન, આચ્છાદન, આભરણ, યાન, વાહન, ગીત, વાજિંત્ર આદિમાં બધાંની રુચિ જુદા જુદા પ્રકારની હોય છે. તે રીતે આરંભો-ખેતી, પશુપાલન, દુકાન, શિલ્પકળા, સેવા આદિમાંના કોઈપણ આરંભમાં જુદાપણું હોય છે.

તે જ રીતે અધ્યવસાયોમાં જુદા-જુદાપણું હોય છે. જેમકે શુભ, અશુભ અધ્યવસાયવાળા છે. આ બધાં માત્ર આલોકની આસક્તિવાળા અને પરલોકમાં મારું શું થશે તેની ચિંતા વગરના છે. વિષય-તૃષ્ણાવાળા આ બધાંને જુદા જુદા પાપશ્રુતનાં અધ્યયન હોય છે. જેમકે—

ભૂમિ સંબંધી - નિર્ઘાત કે ભૂકંપાદિ ઉત્પાત - વાંદરાનું હસવું વગેરે, સ્વપ્ન - હાથી - બળદ - સિંહ વગેરેના. અંતરિક્ષ - અમોઘ આદિ. આંખ - હાથ આદિના ફરકવારૂપ અંગસંબંધી. સ્વર - કાંગડા કે ઘુવડ આદિનો અવાજ. લક્ષણ-જવ,

મત્સ્ય, પદ્મ, શંખ, ચક્ર, શ્રીવત્સ આદિ. વ્યંજન-તલ, મસા આદિ. સ્ત્રી લક્ષણ - લાલ હાથ, પગ. આ પ્રમાણે પુરુષ લક્ષણથી લઈને કાકિણીરત્ન પર્યન્તના લક્ષણ પ્રતિપાદક શાસ્ત્રને જાણવું.

તથા મંત્ર વિશેષરૂપ - વિદ્યા -જેમકે દુર્ભગને સુભગ કરે તે સુભગાકરા. સુભગને દુર્ભગ કરે તે દુર્ભગાકરા. ગર્ભાધાનની વિદ્યા તે ગર્ભકરા. મોહનકરા એટલે વ્યામોહ કે વેદોદય કરાવવો. આથર્વણી - જલ્દી અનર્થ કરનારી. પાકશાસની - ઇન્દ્રજાળ નામની વિદ્યા. દ્રવ્યહોમ - પુષ્પ, ઘી, મધ આદિ વડે અથવા ઉચ્ચાટનાદિ કાર્ય માટે હવન કરવો. ક્ષત્રિય વિદ્યા - ધનુર્વેદ આદિ અથવા વંસ પરંપરામાં આવેલી, તે શીખીને પ્રયોજે.

વિવિધ પ્રકારે જ્યોતિષ ભણીને જે પ્રવૃત્તિ કરે તે કહે છે - ચંદ્રનું ચરિત-તેના વર્ણ, સંસ્થાન, પ્રમાણ, પ્રભા, નક્ષત્ર યોગ, રાહુ ગ્રહાદિ, સૂર્ય ચરિત આ પ્રમાણે - સૂર્યના મંડલનું પરિમાણ, રાશિપરિભોગ, ઉદ્યોત, અવકાશ, રાહુ-ઉપરાગ આદિ. શુક્રચાર-વીથીત્રયચાર આદિ બૃહસ્પતિચાર- [એ બધાનું] શુભાશુભ ફળ કથન, સંવત્સર ફળ, રાશિફળ ઇત્યાદિ.

ઉલ્કાપાત, દિગ્દાહ - વાયવ્યાદિ મંડળમાં થતાં શસ્ત્ર, અગ્નિ, ભૂખ આદિ પીડા કરે. મૃગચક્ર - હરણ, શીયાળ આદિના ટોળાને ગ્રામ-નગર પ્રવેશ વખતે જુએ કે તેના શબ્દો સાંભળી શુભાશુભ કહે તે. કાગડા આદિ પક્ષીઓને જે દિશામાં રહે - જાય કે અવાજ કરે, તેનું શુભાશુભ ફળ કહે તે વાયસ પરિમંડલ. તથા ધુવી-વાળ-માંસ-લોહી આદિની વૃષ્ટિના અનિષ્ટ ફળ જે રીતે શાસ્ત્રમાં કહ્યા હોય તે બતાવે.

વિવિધ પ્રકારના ક્ષુદ્ર કર્મકારિણી, તે આ પ્રમાણે - વૈતાલીવિદ્યા જે નિયત અક્ષર પ્રતિબદ્ધ છે, તેનો કેટલોક જાપ કરવાથી દંડ ઉભો થાય છે. અર્ધવૈતાલી - તેના જાપથી દંડ ઉપશાંત થાય છે. તથા અવસ્વાપિની, તાલ ઉદ્ઘાટની, શ્વપાકી, શાંબરી તથા બીજી - દ્રાવિડી, કાલિંગી, ગૌરી, ગાંધારી, અવપતની, ઉત્પતની, જૃંભણી, સ્તંભની, શ્લેષણી, આમયકરણી, વિશલ્ય કરણી, પ્રક્રામણિ, અંતર્ધાનકરણી આદિ વિદ્યા ભણે.

આ વિદ્યાઓનો અર્થ સંજ્ઞા વડે જાણવો. વિશેષ એ કે શાંબરી, દ્રાવિડી, કાલિંગી તે-તે દેશમાં ઉદ્ભવેલ, તે-તે ભાષા નિબદ્ધા, વિવિધ ફળદાયી છે. અવપતનીના જાપથી તે નીચે પડે છે. ઉત્પતનથી ઉંચે ઉડે છે. આ વિદ્યા આદિના ગ્રહણથી પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાને ગ્રહણ કરવી.

આ વિદ્યાઓ પાખંડીઓ, પરમાર્થને ન જાણનારા ગૃહસ્થો કે માત્ર દ્રવ્યથી વેશધારી સ્વયૂથના સાધુઓ અન્ન-પાનાદિ અર્થે પ્રયોજે છે. તથા બીજા ઉચ્ચ-નીચ શબ્દાદિ કામભોગોને મેળવવા પ્રયોજે છે.

સામાન્યથી વિદ્યાનું સેવન અનિષ્ટકારી છે તે દર્શાવે છે - तिरिच्छ અનનુકૂલ, સદનુષ્ઠાન પ્રતિઘાતક તે અનાર્યો લોકનિંદ્ય વિદ્યા સેવે છે. તેઓ જો કે ક્ષેત્રાર્ય, ભાષાર્ય છે તો પણ મિથ્યાત્વથી હણાયેલ બુદ્ધિથી અનાર્યકર્મકારી હોવાથી અનાર્યો જ જાણવા. તેઓ પોતાનું આયુ ક્ષય થતાં મૃત્યુ કાળે મૃત્યુ પામીને કદાચ દેવલોકમાં



ઉત્પન્ન થાય તો પણ તે કોઈ આસુરિકમાં કિલ્બિષિકાદિ સ્થાનોમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને કદાચ મનુષ્યપણે ઉત્પન્ન થાય તો પણ ત્યાં બાકી રહેલા પાપકર્મોને કારણે એડમૂકત્વ, અવ્યક્તભાષી, જન્માંધ કે જન્મમૂકપણાને પામે છે. ત્યાંથી પણ વિવિધ પ્રકારના યાતના સ્થાનરૂપ નરક, તિર્યંચ આદિમાં ઉત્પન્ન થાય છે - હવે ગૃહસ્થ આશ્રિત અધર્મપક્ષ કહે છે—

● *સૂત્ર-૬૬૩ :-*

*કોઈ પાપી મનુષ્ય પોતાને માટે, જ્ઞાતિજન કે સ્વજન માટે, ઘર કે પરિવાર માટે અથવા નાયક કે સહવાસીની નિશ્રાએ આવા પાપકર્મના આચરણ કરનારા થાય છે. જેમકે - ૧-અનુગામિક, ૨-ઉપચરક, ૩-પ્રાતિપાથિક, ૪-સંધિછેદક, ૫-ગ્રંથિછેદક, ૬-ઔરભ્રિક, ૭-શૌકરિક, ૮-વાગુરિક, ૯-શાકુનિક, ૧૦-માત્સિક, ૧૧-ગોઘાતક, ૧૨-ગોપાલક, ૧૩-શ્વપાલક અથવા ૧૪-શૌવાંતિક [આમાંનું કંઈપણ બનીને પાપકર્મ આચરે છે.]*

*[૧] અનુગામિક-કોઈ પાપી પુરુષ તેનો પીછો કરવાની નિયતથી તેની પાછળ પાછળ ચાલે છે, પછી તેને હણીને, છેદીને, ભેદીને, લુંપન-વિલુંપન કરીને, મારી નાંખીને તેના ધનને લુંટીને પોતાની આજીવિકા ચલાવે છે. એ રીતે તે મહાન્ પાપકર્મથી પોતાને પાપીરૂપે પ્રસિદ્ધ કરે છે.*

*[૨] ઉપચરક - કોઈ પાપી ઉપચરક-સેવક વૃત્તિ સ્વીકારીને તે શેઠને હણીને, છેદીને યાવત્ મારી નાંખીને, તેનું ધન લૂંટીને પોતાની આજીવિકા ચલાવે છે. એ રીતે તે મહા પાપકર્મથી પોતાને પ્રસિદ્ધ કરે છે.*

*[૩] પ્રાતિપથિક - કોઈ પાપી ધનિક પથિકને સામે આવતો જોઈને પ્રાતિપથિક બનીને તે જ પ્રતિપથમાં રહેલાને હણીને, છેદીને યાવત્ મારી નાંખીને પોતાની આજીવિકા ચલાવતો મહાપાપકર્મથી પોતાને ઓળખાવે છે.*

*[૪] સંધિછેદક - કોઈ પાપી સંધિ છેદકભાવ ધારણ કરીને તે ધનિકનો સંધિ છેદ કરી યાવત્ મહાપાપ કર્મોથી પોતાને પ્રસિદ્ધ કરે છે.*

*[૫] ગ્રંથિછેદક - કોઈ પાપી ગ્રંથિ છેદક બનીને ધનિકોનો ગ્રંથિ છેદ કરીને, હણીને યાવત્ મહાપાપકર્મથી પોતાને પ્રસિદ્ધ કરે છે.*

*[૬] ઔરભ્રિક - કોઈ પાપી ઘેટાનો પાળનાર બનીને તે ઘેટાને કે બીજા પ્રાણીઓને મારીને યાવત્ સ્વયં મહાપાપી નામે પ્રસિદ્ધ થાય છે.*

*[૭] શૌકરિક - કોઈ પાપી કસાઈ ભાવ ધરીને ભેંસ કે બીજા ત્રસ પ્રાણીને મારીને યાવત્ મહાપાપી બનીને પ્રસિદ્ધ થાય છે.*

*[૮] વાગુરિક - કોઈ વાઘરી બનીને મૃગ કે બીજા ત્રસ પ્રાણીને હણે છે...*

*[૯] શાકુનિક - કોઈ શિકારી બનીને પક્ષી કે બીજા ત્રસ પ્રાણીને હણ છે...*

*[૧૦] માત્સ્યિક - કોઈ માછીમારીનો ધંધો કરી માછલી આદિને હણે છે...*

*[૧૧] ગોઘાતક - કોઈ ગાયના ઘાતક બનીને ગાય આદિને હણે છે....*

*[૧૨] ગોપાલક - કોઈ ગોપાલનનો ધંધો કરી, તેમાંથી ગાય કે વાછડાના*

***ટોળામાંથી એક-એકને બહાર કાઢીને હણે છે યાવત્ પ્રસિદ્ધ થાય છે.***

***[૧૩] શ્વપાલક - કોઈ કૂતરા પકડીને કૂતરા કે બીજા પ્રાણીને હણે છે...***

***[૧૪] શૌવંતિક - કોઈ શિકારી કૂતરા રાખી, પસાર થનારા મનુષ્ય કે અન્ય પ્રાણી ઉપર છોડીને તેમને હણે છે. યાવત્ પોતાની આજીવિકા ચલાવે છે. એ રીતે તે મહાપાપ કર્મથી પોતાને મહાપાપી રૂપે પ્રસિદ્ધ કરે છે.***

● **વિવેચન-૬૬૩ :-**

ગૃહસ્થોમાં જે જીવહિંસક છે તેમાંનો કોઈ એક કદાચ નિર્દય હોય, તે આ લોકના સુખની અપેક્ષાથી, પરલોકના દુઃખને વિસરીને કર્મને વશ બની ભોગની લિપ્સાથી સંસારના સ્વભાવને અનુવર્તીને કે પોતાના માટે હવે કહેવાશે તે ચૌદ અસદ્ અનુષ્ઠાનોને આદરે તથા સ્વજનોને નિમિત્તે, ઘરના સંસ્કરણ માટે કે કુટુંબ અથવા પરિવારના નિમિત્તે, દાસ-દાસી-નોકર આદિને માટે કે પરિચિત્તોને ઉદ્દેશીને તથા સહવાસીને માટે હવે કહેવાનાર પાપ કે અકૃત્યો કરે, તેને દર્શાવવા માટે કહે છે - x -.

[૧] કોઈ જતો હોય, તેને અનુસરે, તે અનુગામુક છે. તે અકાર્યના ભાવથી વિવક્ષિત સ્થાન, કાળ આદિ અપેક્ષાથી વિરૂપ કર્તવ્ય કરવાને માટે તેની પાછળ જાય છે. [૨] તેનું બગાડવાનો અવસર શોધવા ઉપચરક થાય છે. અર્થાત્ લાગ જોઈને તેનો બદલો લઈ શકે. [૩] અથવા સામે આવતો જોઈને શત્રુનો બદલો લે. [૪] અથવા સગાવહાલા માટે સંધિનો છેદ કરે - ઇત્યાદિ - x - x - ચૌદે સ્થાનોને સંક્ષિપ્તમાં [સૂત્રાર્થમાં જણાવ્યા મુજબ] જાણવા.

[૧] કોઈ એક માણસ પોતાના કે બીજાના માટે કોઈ અન્ય ગામે જતો હોય, તે કોઈ બીજો જાણે ત્યારે તેની પાછળ જવા માટે મિત્રભાવ કરીને તક મળે તો ઠગવાનો ઉપાય જોતો પાછળ ચાલે, અભ્યુત્થાન-વિનયાદિ પણ સાચવે. અવસર મળતાં તે પુરુષને દંડ વડે હણે, ખડ્ગાદિથી હાથ-પગ છેદે, મુઠ્ઠી મારીને ભેદે, માથાના વાળ આદિ ખેંચીને કદર્થના કરે, ચાબુકાદિના પ્રહારોથી દુઃખ ઉપજાવે તથા જીવિતને પણ હરી લે. એવું કરીને આજીવિકા ચલાવે તેના સાર એ કે - કોઈ ધનવાનને બીજે ગામ જતો જોઈને કોઈ ગળું કાપનાર તે ધનિકને વિશ્વાસ પમાડીને ભોગનો અર્થી બની, મોહાંધ થઈ, આલોકના સુખને જ માનનારો આવા અપકૃત્ય થકી આહારાદિ ભોગ ભોગવે છે. તે મહા પાપકૃત્યો - ક્રૂર કર્માનુષ્ઠાન કરીને, તીવ્ર અનુભાવથી, દીર્ઘસ્થિતિક કર્મો બાંધીને પોતાને મહાપાપીરૂપે લોકમાં પ્રખ્યાત કરે છે. અથવા આઠ પ્રકારના કર્મો વડે આત્માને બાંધે છે. પછી તેના વિપાકથી પામેલી અવસ્થા વિશેષથી લોકમાં ભમતા નારક-તિર્યંચાદિરૂપે ખ્યાત બને.

[૨] કોઈક કંઈક અકર્તવ્ય કરવા માટે બીજાનો સેવક બનીને તે ધનિકને ઠગવાને માટે ઉપચરક [સેવક] ભાવ ધારણ કરે, પછી તેનો વિવિધ રીતે વિનય કરીને રહે, તેને વિશ્વાસમાં પાડી તેનું ધન લેવા. તેને હણે, છેદે, ભેદે યાવત્ મારી નાંખે, એ રીતે તે ઘણાં પાપકર્મથી ખ્યાતિ પામે.

[૩] ત્રીજો કોઈ માર્ગમાં સામે આવીને પ્રાતિપથિક ભાવને ધારણ કરીને



બીજાના ધનને માટે - x - માર્ગમાં રહીને તે ધનિકને વિશ્વાસ પમાડીને તેને હણીને, છેદીને, યાવત્ મારીને, પોતાને મહાપાપીરૂપે ઓળખાવે છે.

[૪] ચોથો કોઈ વિરૂપ કર્મ વડે જીવિતાર્થી બની ખાતર પાડવાને આવા ઉપાયોથી હું કાતર મારીશ એવી પ્રતિજ્ઞા કરીને તે ધંધો કરે છે. આ સંધિ છેદક પ્રાણીઓને હણીને યાવત્ પ્રાણ લઈ પોતાની આજીવિકા ચલાવે છે. ઉપલક્ષણથી બીજા કામભોગોને પોતે ભોગવે છે, બીજા સ્વજનાદિને પાળે છે. એ રીતે આ પુરુષ મહાપાપ કર્મ વડે પોતાને પ્રખ્યાત કરે છે.

[૫] કોઈ અકાર્ય કર્તા - x - ગ્રંથિ છેદક ભાવ સ્વીકારી, બાકી પૂર્વવત્.

[૬] કોઈ અધર્મ પ્રવૃત્તિવાળો ઘેટા પાળનાર બની તેના ઉન કે માંસથી આજીવિકા કરે છે - x - સ્વમાંસપુષ્ટિ અર્થે ત્રસાદિ પ્રાણિને મારે છે. બાકી પૂર્વવત્.

[૭] હવે સૌકરિક પદની વ્યાખ્યા સ્વબુદ્ધિથી કરવી. સૌકરિક - ચાંડાલ.

[૮] કોઈ ક્ષુદ્રસત્વ વાગુરિકભાવને સ્વીકારીને વાઘરી હરણ કે બીજા કોઈ ત્રસ પ્રાણીને - x - સ્વજનાદિ અર્થે મારે છે. - x - શેષ પૂર્વવત્.

[૯] કોઈ અધમ ઉપાયજીવી શકુન, લાવક આદિથી પેટ ભરે છે. શિકારી તે ભાવ સ્વીકારી, માંસાદિ માટે પક્ષી આદિને હણે છે. બાકી - x - પૂર્વવત્.

[૧૦] કોઈ અધમાધમ માત્સ્યિકભાવ સ્વીકારીને મત્સ્ય કે જલચર પ્રાણીને હણવા આદિ ક્રિયા કરે છે. શેષ પૂર્વવત્.

[૧૧] કોઈ ગોવાળ બનીને કોઈ કોઈ ગાયને જુદા પાડી હનનાદિ કરે છે.

[૧૨] કોઈ ક્રૂર કર્મકારી ગોઘાતક બનીને ગાય કે ત્રસ પ્રાણીને મારે છે.

[૧૩] કોઈ જઘન્ય કર્મકારી શિકારી કૂતરા પાળીને - x - તેના વડે મૃગસૂકર આદિ ત્રસ પ્રાણિનું હનન-આદિ કરે છે. શેષ પૂર્વવત્.

[૧૪] કોઈ અનાર્ય, અવિવેકી કૂતરા વડે નિભાવ કરે છે તે શૌવનિક. તે ઘાતકી કૂતરા વડે - x - કોઈ મનુષ્ય, અભ્યાગત, મૃગાદિ ત્રસ પ્રાણીને હણે છે. - x - x - x - એ રીતે મહા ક્રૂરકર્મકારી, મહાપાપી બની પોતાને ઓળખાવે છે. પાપવૃત્તિથી આજીવિકા કરનારને કહ્યા. હવે તેનો અભ્યુપગમ—

● **સૂત્ર-૬૬૪ :-**

***[૧] કોઈ પર્ષદામાં ઉભો થઈ પ્રતિજ્ઞા કરે - "હું આ પ્રાણીને મારીશ." પછી તે તીતર, બતક, લાવક, કબૂતર, કપિંજલ કે અન્ય કોઈ ત્રસ જીવને હણીને યાવત્ મહાપાપી રૂપે પ્રસિદ્ધ થાય છે. - [૨] કોઈ પુરુષ સડેલું અન્ન મળવાથી કે બીજી કોઈ અભિષ્ટ અર્થની સિદ્ધિ ન થવાથી વિરુદ્ધ થઈને તે ગૃહપતિના કે તેના પુત્રોના ખળામાં રહેલ ધાન્યાદિને, પોતે આગ લગાવી બાળી નાંખે, બીજા પાસે બળાવી નાંખે, તે બાળનારની અનુમોદના કરે. આવા મહાપાપકર્મોથી પોતાને ઓળખાવે છે - [૩] - કોઈ પુરુષ અપમાનાદિ પ્રતિકૂળ શબ્દાદિ કારણથી, સડેલ અન્નાદિ મળતા કે ઇષ્ટ લાભ ન થતાં ગૃહપતિ કે તેના પુત્રોના ઉંટો, ગાય, ઘોડા કે ગધેડાના અંગોને જાતે કાપે, બીજા પાસે કપાવે,***

તે કાપનારને અનુમોદે એ રીતે યાવત્ મહાપાપી થાય.

[૪] કોઈ પુરુષ કોઈ અપમાનાદિ શબ્દોના કારણે અથવા સડેલા અન્નાદિ મળતા કે ઇષ્ટાદિ લાભ ન મળતાં ગૃહપતિ કે તેના પુત્રોની ઉંટશાળા, ગોશાળા, અશ્વશાળા કે ગર્દભશાળાને કાંટાથી ઢાંકીને સ્વયં અગ્નિ વડે બાળી દે છે, બીજા પાસે બળાવે છે, બાળનારની અનુમોદના કરે છે યાતવ્ પ્રખ્યાત થાય છે.

[૫] કોઈ પુરુષ પ્રતિકૂળ શબ્દાદિ આદિ ઉક્ત કારણોથી ક્રુદ્ધ થઈ ગાથાપતિ કે તેના પુત્રોના કુંડલ, મણિ કે મોતી સ્વયં હરી લે, બીજા પાસે હરણ કરાવે કે હરણ કરનારને અનુમોદે તેથી તે મહાપાપીરૂપે પ્રખ્યાત થાય છે.

[૬] કોઈ પુરુષ - શ્રમણ કે માહણના ભક્ત પાસેથી સડેલ આદિ અન્ન મળે ઇત્યાદિ ઉક્ત કારણે તે શ્રમણ કે માહન ઉપર ક્રુદ્ધ થઈને તેના છત્ર, દંડ, ઉપકરણ, માત્રક, લાઠી, આસન, વસ્ત્ર, ચિલિમિલિ, ચર્મછેદનક કે ચર્મકોશનું સ્વયં હરણ કરે - કરાવે કે અનુમોદે, તે મહાપાપી રૂપે પ્રખ્યાત થાય છે.

[૭] કોઈ-કોઈ એવું વિચારતા નથી કે તે ગાથાપતિ કે ગાથાપતિ પુત્રોના અન્ન આદિને અકારણ જ સ્વયં આગ લગાડી ભસ્મ કરે છે - x - કરાવે છે - x - અનુમોદે છે. એ રીતે તે મહાપાપી રૂપે જગત્માં વિખ્યાત થાય છે.

[૮] કોઈ-કોઈ એવું વિચારતા નથી કે તે અકારણ જ ગાથાપતિ કે તેના પુત્રોના ઉંટ, બળદ, ઘોડા કે ગધેડાના અંગોને સ્વયં કાપે છે - કપાવે છે - અનુમોદે છે તે યાવત્ મહાપાપીરૂપે પ્રખ્યાત થાય છે.

[૯] કોઈ-કોઈ એવું વિચારતા નથી કે તે અકારણ જ ગાથાપતિ કે તેના પુત્રોની ઉંટશાળા યાવત્ ગર્દભશાળા યાવત્ સળગાવે છે, શેષ પૂર્વવત્.

[૧૦] કોઈ-કોઈ એવું વિચારતા નથી કે તે અકારણ જ ગાથાપતિ કે તેના પુત્રોના કુંડલ, મણિ, મોતી ચોરે છે, ચોરાવે છે કે ચોરનારને અનુમોદે છે...

[૧૧] કોઈ-કોઈ વિચાર્યા વિના જ શ્રમણ કે માહણના છત્ર, દંડ યાવત્ ચર્મછેદનક હરે છે - હરાવે છે - અનુમોદે છે યાવત્ મહાપાપીરૂપે ઓળખાય છે.

કોઈ પુરુષ શ્રમણ કે માહણને જોઈને તેમની સાથે વિવિધરૂપે પાપકર્મ કરીને પોતાને પ્રખ્યાત કરે છે અથવા ચપટી વગાડે છે. કઠોર વચનો કહે છે. ભિક્ષાકાળે સાધુ ગૌચરી માટે આવે તો પણ અશન-પાન યાવત્ આપતા નથી અને કહે છે કે - આ સાધુઓ તો ભારવહન કરતા નીચ છે, આળસુ છે, શુદ્ર છે, દરિદ્ર છે માટે દીક્ષા લે છે તેવા સાધુ દ્રોહીનું જીવન ધિક્કારને પાત્ર છે છતાં તે પોતાના જીવનને ઉત્તમ માને છે. પણ પરલોક વિશે વિચારતા નથી.

આવા પુરુષો - દુઃખ, શોક, નિંદા, તાપ, પીડા અને પરિતાપ પામે છે. તેઓ આ દુઃખ, શોક આદિથી વધ, બંધન, ક્લેશાદિ ક્યારેય નિવૃત્ત થતા નથી. તે મહા-આરંભ, સમારંભ, આરંભ-સમારંભથી વિવિધ પાપકર્મો કરતા ઉદાર એવા મનુષ્યસંબંધી ભોગોપભોગને ભોગવતા રહે છે. તે આ પ્રમાણે—

આહારકાળે આહાર, પાનકાળે પાન, વસ્ત્રકાળેવસ્ત્ર, આવાસકાળે આવાસ,



શયનકાળે શયનને ભોગવે છે. તેઓ નાહીને, બલિકર્મ કરીને, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરીને, મસ્તકસહિત સ્નાન કરી, કંઠમાં માળા પહેરે છે, મણિ-સુવર્ણ પહેરી, માળાયુક્ત મુગટ પહેરે છે. પ્રતિબદ્ધ શરીરી હોય છે. કમરે કંદોરો અને છાતીએ ફૂલમાળા પહેરે છે. નવા વસ્ત્રો પહેરી, ચંદનનો લેપ કરીને, સુસજ્જિત વિશાળ પ્રાસાદમાં ભવ્ય સિંહાસને બેસી સ્ત્રીઓ વડે પરિવૃત્ત થઈ, આખી રાત્રિ જ્યોતિના ઝગમગાટમાં ભવ્ય નાચ-ગાન-વાજિંત્ર-તંત્રી-તાલ-તલ-ત્રુટિત-મૃદંગના ધ્વનિસહિત ઉદાર માનુષી ભોગોપભોગને ભોગવતા વિચરે છે. તે એક નોકરને બોલાવે ત્યાં ચાર-પાંચ જણા હાજર થાય છે. હે દેવાનુપ્રિય! અમે શું કરીએ? શું લાવીએ? શું ભેટ કરીએ? આપને શું હિતકર છે? તેમ પૂછે છે.

તેને આવા સુખમાં મગ્ન જોઈને અનાર્યો એમ કહે છે - આ પુરુષ તો દેવ છે, દેવોથી પણ શ્રેષ્ઠ છે, દેવો જેવું જીવે છે, તેમના આશ્રયે બીજા પણ જીવે છે. પણ તેને જોઈને આર્ય પુરુષ કહે છે કે - આ પુરુષ અતિ ક્રૂરકર્મી, અતિ ધૂર્ત, શરીરનો રક્ષક, દક્ષિણગામી નૈરયિક, કૃષ્ણપાક્ષિક અને ભાવિમાં દુર્લભ બોધિ થશે.

કોઈ મૂઢ જીવ મોક્ષને માટે ઉદ્યત થઈને પણ આવા સ્થાનને ઇચ્છે છે, કે જે સ્થાન ગૃહસ્થો ઇચ્છે છે. આ સ્થાન અનાર્ય, જ્ઞાનરહિત, અપૂર્ણ, અન્યાયિક, અસંશુદ્ધ, અશલ્યકર્તક, અસિદ્ધિમાર્ગ, અમુક્તિમાર્ગ, અનિવાર્ણમાર્ગ, અનિર્યાણ માર્ગ, અસર્વદુઃખ પ્રક્ષીણ માર્ગ, એકાંત મિથ્યા, અસાધુ છે. આ રીતે પ્રથમ અધર્મપક્ષ સ્થાનનું કથન કર્યું.

● વિવેચન-૬૬૪ :-

અહીં પ્રથમ સૂત્રથી વિશેષ એ છે કે - પૂર્વે આજીવિકા અથવા ગુપ્ત જીવહિંસા કરે તે કહ્યું. અહીં કોઈ નિમિત્તથી સાક્ષાત્ લોકો મધ્યે જીવ હત્યાની પ્રતિજ્ઞા કરી ઉદ્યત્ થાય તે કહે છે. જેમકે કોઈ માંસાહાર ઇચ્છાથી, ટેવથી કે ક્રીડા માટે કોપાયમાન થયેલો સભામાં ઉભો થઈ પ્રતિજ્ઞા કરે કે હું આ પ્રાણીને હણીશ, ભેદીશ, છેદીશ યાવત્ પાપકર્મ રૂપે પ્રખ્યાત થાય.

આ સૂત્રમાં અધર્મપક્ષે ચાલનારા બધાં પ્રાણિદ્રોહ કરનારાનું કંઈક વર્ણન કરવાનું છે - તેમાં પહેલા સૂત્રમાં બીજાના અપરાધ વિના ક્રુદ્ધ થયેલા બતાવ્યા, હવે બીજાના અપરાધથી ક્રુધ થયેલાને બતાવે છે—

કોઈ સ્વભાવથી જ ક્રોધી, અસહિષ્ણુતાથી બીજાના શબ્દાદિ કારણે સામેવાળાનો શત્રુ બનીને બીજાનું બગાડે. 'શબ્દ' લેવાથી કોઈ દ્વારા આક્રૃષ્ટ, નિંદિંત કે વચનથી વિરોધ કરે, તો તેનું બગાડે. 'રૂપ' લેવાથી કોઈ બીભત્સને જોઈને અપશુકન માનીને કોપે. 'ગંધ-રસ'નું ગ્રહણ સૂત્ર વડે જ કહે છે—

કોઈ તેમને સડેલી વસ્તુ આપે અથવા અલ્પ ધાન્યાદિ દાન આપે તેનાથી કોપાયમાન થાય, અભિષ્ટ વસ્તુ ન આપે, તે વિવક્ષિત લાભના અભાવે કોપાયમાન થઈને ગૃહપતિ આદિના ખળામાં રહેલ ચોખા-ઘઉં આદિ પોતે બાળી નાંખે, બીજા પાસે

બળાવે કે બાળનારની અનુમોદના કરે એ રીતે મહાપાપકર્મથી પોતાને પ્રખ્યાત કરે.

હવે બીજા પ્રકારે પાપનું ગ્રહણ બતાવે છે - ક્યારેક કોઈ સડેલ ધાન્ય આદિ આપે ત્યારે ગૃહસ્થ આદિ પર કોપાયમાન થઈને તેના ઉંટ આદિના જાંઘ, છાતી આદિ પોતે જ છેદી નાંખે, બીજા પાસે છેદાવે કે છેદનારની અનુમોદના કરી પોતાને પાપકર્મીરૂપે પ્રખ્યાત કરે.

વળી કોઈ કંઈક નિમિત્તથી ગૃહપતિ આદિ પર કુપિત થઈને તેમની ઉંટ આદિની શાળાને કાંટાથી ઢાંકી દઈને પોતે જ અગ્નિથી બાળી દે - ઇત્યાદિ.

વળી કોઈ કંઈક કારણે કોપીને ગૃહપતિ આદિના કુંડલાદિને હરી લે.

હવે પાખંડી ઉપર કોપાયમાન થઈને શું કરે તે બતાવે છે - કોઈ સ્વદર્શનના અનુરાગથી કે વાદમાં બીજાથી પરાજિત થઈને કોઈ નિમિત્તથી કોપાયમાન થઈને શું કરે તે કહે છે - શ્રમને સહન કરે તે શ્રમણ, તેને કે તેવા બીજા કોઈને કોઈ કારણથી કુપિત થઈ દંડ આદિ ઉપકરણોને હરી લે, હરાવી લે, હરનારને અનુમોદે ઇત્યાદિ પૂર્વવત્ જાણવું.

એ રીતે બીજાને દુશ્મન માનીને પાપ કરનારા કહ્યા. હવે તે સિવાયના બીજાને બતાવે છે. - હવે કોઈ દૃઢમૂઢતાથી વિચારે નહીં કે આવા પાપકર્મથી મને ભવિષ્યમાં શું ફળ મળશે ? મારું આ અનુષ્ઠાન પાપાનુબંધી છે તેમ ન વિચારે. તેથી તે આભવ-પરભવમાં દુઃખદાયી ક્રિયા કરે, તે કહે છે—

ગૃહસ્થ આદિના શાલિ-ઘઉં આદિ ધાન્યને કારણ વિના જ પોતે જ અગ્નિ વડે બાળે, બીજા પાસે બળાવે કે બાળનારની અનુમોદના કરે.

તથા આલોક કે પરલોકના દોષોની વિચારણા ન કરનારો ગૃહપતિ આદિ સંબંધી ઉંટ વગેરેના જાંઘ આદિ અવયવોને છેદે...ઉંટશાળાદિ બાળે...તેમના કુંડલ આદિ હરી લે...શ્રમણ-બ્રાહ્મણાદિના દંડાદિ ઉપકરણો હરી લે; ઇત્યાદિ આલાવા પૂર્વે ક્રોધના નિમિત્તે કહ્યા, તે જ અહીં ક્રોધના અભાવે અર્થાત્ નિર્નિમિત્ત સમજી લેવા.

હવે વિપરીત દૃષ્ટિ - આગાઢ મિથ્યાદૃષ્ટિઓ બતાવે છે—

કોઈ અભિગૃહીત મિથ્યાદૃષ્ટિ, અભદ્રક સાધુના દ્વેષને કારણે શ્રમણ આદિના નિર્ગમન કે પ્રવેશ વખતે જાતે વિવિધ પાપા-ઉપાદાનરૂપ કર્મો વડે [બીજાને પીડા આપીને] પોતે મહાપાપી રૂપે પ્રખ્યાત થાય, તે કહે છે—

કોઈ સાધુને જોઈને મિથ્યાત્વથી હણાયેલ દૃષ્ટિવાળો. અપશુકન માનીને સાધુને આંખ સામેથી ખસેડવા, સાધુને ઉદ્દેશીને ચપટી વગાડે અથવા તેને તિરસ્કારવા કઠોર વચનો કહે, જેમકે - ઓ મુંડીયા ! નિરર્થક કાયક્લેશ પરાયણ ! દુર્બુદ્ધિ ! અહીંથી દૂર થા. પછી ભ્રુકુટી ચડાવીને અસત્ય બોલે. ભિક્ષાકાળે પણ તે સાધુ બીજા ભિક્ષુઓની પાછળ પ્રવેશે ત્યારે અત્યંત દુષ્ટતાથી અન્નાદિ ન આપે, બીજો દાન દેતો હોય તો તેને પણ રોકે અને સાધુનો દ્વેષ કરતો આ પ્રમાણે બોલે—

આ પાખંડીઓ છે, તે આવા હોય છે - જેમકે - તેઓ ઘેર ઘાસ કે કાષ્ઠનો ભાર વહન કરવાનું અધમ કર્મ કરે છે, તથા કુટુંબના ભારથી કે પોટલા ઉંચકવાના



ભારથી કંટાળી, ભાંગી પડીને સુખની લાલસાથી, આ આળસુઓ પોતાના કુટુંબનું પાલન કરવા અસમર્થ આવા પાખંડ કરે છે. કહ્યું છે કે - ગૃહસ્થાશ્રમ જેવો ધર્મ થયો નથી - થશે નહીં, તેને જે પાળે છે, તે ધન્ય છે, [બાકી] કાયરો છે તે પાખંડનો આશ્રય લે છે. ઇત્યાદિ.

वृषल - અધમ - શુદ્ર જાતિના, બીજાની સેવા કરનારા કે क्लीब - નમાલા લોકો દીક્ષા લઈ સાધુ થાય છે. હવે ગૃહસ્થોના અસદ્ વર્તનને કહે છે—

ઉક્ત સાધુ નિંદકો, ધર્મના શત્રુઓ આ રીતે બીજાના દોષો ઉઘાડીને જીવનારા ફક્ત સાધુઓની નિંદામાં પરાયણ રહીને કુત્સિત જીવન જીવે છે. એ રીતે તેઓ અસદ્ આચારી જીવિતને પ્રશંસે છે. તે આ લોકના સુખમાં આસક્ત, સાધુનિંદાથી જીવતા મોહાંધો સાધુને તિરસ્કારે છે, પરલોકના કલ્યાણ માટે કોઈ અનુષ્ઠાનનો આશ્રય કરતા નથી. ફક્ત તેઓ સાધુઓને નિંદકવચન પ્રવૃત્તિથી પીડા પહોંચાડે છે, પોતે અને બીજા દુઃખી થાય છે. અજ્ઞાનથી અંધ તેઓ એવું કરે છે જેથી તેમને શોક થાય છે અને બીજાને પણ દુષ્ટ વચનાદિ કહીને શોક ઉત્પન્ન કરાવે છે—

— તથા તેઓ બીજાની ગર્હા કરે છે, પોતાને અને બીજાને સુખથી વંચિત કરે છે. તે રાંકડા ધર્મના સ્પર્શ વિનાના અસદ્ અનુષ્ઠાનોથી પોતાને અને બીજાને પીડે છે. તથા પાપકર્મથી પરિતાપ પામી પોતાને અને બીજાને બાળે છે. આવી અસદ્વૃત્તિથી દુઃખ, શોક અને ક્લેશથી કદી દૂર થતાં નથી.

આવા હોવાથી તેઓ જીવહિંસારૂપ મહા આરંભથી તથા પ્રાણિઓને પરિતાપ આપવારૂપ મહા સમારંભથી તથા આરંભ-સમારંભથી બંનેથી વિવિધ પ્રકારના સાવદ્ય અનુષ્ઠાન-પાપકર્મકૃત્યોથી અત્યંત ઉદ્ભટ સમગ્ર સામગ્રી - મદ્ય - દારુ - માંસયુક્ત મનુષ્યભવ યોગ્ય ભોગો વડે ઉત્કટ ભોગો ભોગવતા સાવદ્ય અનુષ્ઠાનને કરનારા થાય છે. એ જ દર્શાવતા કહે છે—

તેઓ પાપકૃત્યથી ભોજનકાળે ઇષ્ટ અન્ન મેળવે છે, તે જ રીતે પાન, વસ્ત્ર, શયન, આસન આદિ મેળવે છે. સર્વ વસ્તુ સવાર-સાંજ મેળવી લે છે અથવા સવાર-સાંજના કૃત્યો કરે છે. અથવા સવારે સ્નાન કરીને - x - વિલેપન-ભોજનાદિ કરે છે તે सपूर्वापरम् જાણવું. એટલે કે જે જ્યારે ઇચ્છે તે ત્યારે પ્રાપ્ત કરે છે. ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિને કિંચિત્ દર્શાવે છે—

વૈભવી સ્નાન કરીને દેવતાદિ નિમિત્તે બલિકર્મ કરે છે, અવતારણક આદિ કૌતુક, સુવર્ણ-ચંદન-દહીં-અક્ષત-દુર્વા-સરસવ-દર્પણ-સ્પર્શ આદિ મંગલ તથા દુસ્વપ્નોના નિવારણાર્થે પ્રાયશ્ચિત્ત કરે છે - ફૂલોની માળા સહિતનો મુગટ પહેરે છે. દૃઢ શરીરી-યુવાન રહે છે. તથા લાંબા કંદોરા, ફૂલની માળા પહેરે છે. એવો તે માથે નાહીને વિવિધ વિલોપનો કરીને, કંઠમાં માળા ધારણ કરી, બીજા આભુષણો પહેરી, ઉંચા-વિશાળ પ્રાસાદમાં વિશાળ ભદ્રાસને બેસે છે. સ્ત્રી વર્ગ સાથે પરિવરેલો તે ઘણાં જ નાટક, ગીત, વાજિંત્ર, વીણા આદિના નાદ સહિત ઉદાર મનુષ્યભોગો ભોગવે છે.

તેને જો કોઈ કામ પડે તો - એક માણસને બોલાવતા ચાર-પાંચ પુરુષ હાજર

થઈ જાય છે. તેઓ શું કરે છે ? તે કહે છે - હે સ્વામી ! આજ્ઞા કરો, અમે ધન્ય છીએ કે આપે અમને બોલાવ્યા. શું કરીએ ? વગેરે સુગમ છે યાવત્ આપના હૃદયને શું ઇષ્ટ છે. આપના મુખને શું સ્વાદુ લાગે છે ? અથવા આપના મુખેથી નીકળતું વચન અમે પાળવા તૈયાર છીએ.

તે રાજાને તે રીતે વિલસતા જોઈને બીજા અનાર્યો એમ કહે છે - ખરેખર, આ પુરુષ દેવ છે. દેવોમાં શ્રેષ્ઠ અને ઘણાંની આજીવિકાનો પૂરક છે. તે જ વર્તમાન સુખને માટે અસદ્ અનુષ્ઠાયીને જોઈને આર્યો-સદાચારવાન્, વિવેકી પુરુષ એમ કહે છે - આ પુરુષ ખરેખર ક્રુરકર્મોની હદ વટી ગયો છે, અર્થાત્ હિંસાદિ ક્રિયાપ્રવૃત્ત છે. વાયરો રેતીને ભમાવે તેમ સંસાર ચક્રવાલે ભમનાર છે. સારી રીતે આઠ કર્મોને ભેગા કરનાર અતિધૂત છે. અઘોર પાપો કરીને પોતાની રક્ષા કરનારો છે. દક્ષિણ દિશામાં જનારો છે અર્થાત્ જે ક્રુર કર્મો કારી છે, સાધુ નિંદા પરાયણ અને તેમને દાન દેવાનો નિષેધ કરે છે, તે દક્ષિણગામુક-નરકાદિ ચારે ગતિમાં ઉત્પન્ન થનાર છે - કુગતિગામી છે. નરકમાં જાય તે નારક, કૃષ્ણપક્ષવાળો હોવાથી કૃષ્ણપાક્ષિક તથા ભાવિ કાળે નરકમાંથી નીકળી દુર્લભબોધિ થવા સંભવ છે.

કહે છે કે - દિશાઓમાં દક્ષિણ દિશા નિંદનીય છે. ગતિમાં નરકગતિ, પક્ષોમાં કૃષ્ણ પક્ષ નિંદનીય છે. તેથી જે વિષયાંધ અને ઇન્દ્રિયોને વશ વર્તે છે, પરલોકના ફળને ભૂલે છે, સાધુનો દ્વેષી અને દાનાંતરાય કરનારો છે. તેને નિંદનીય સ્થાનો બતાવ્યા છે. બીજા તિર્યંચગતિ આદિ અને બોધિલાભરહિતતા છે, તે વિચારી લેવા. તેથી વિપરીત વિષયોથી નિસ્પૃહ, ઇન્દ્રિયોને વશ કરનાર, પરલોકભીરુ સાધુનો પ્રશંસક, સદનુષ્ઠાનરત છે તે સુગતિમાં જનાર, સુદેવત્વ, શુક્લપાક્ષિકત્વ, સુમાનુષત્વ, સુલભબોધિત્વ સદ્ધર્મ અનુષ્ઠાયીતાને પામે છે - હવે ઉપસંહાર કરે છે—

આ પૂર્વોક્ત સ્થાન, ઐશ્વર્યલક્ષણ, શ્રૃંગારમૂલ, સાંસારિક ત્યાગની બુદ્ધિ વડે ત્યાગ કર્યા પછી પણ પરમાર્થ ન જાણવાથી પાખંડીપણે ઉધત થઈને મુખ્યત્વે લોભવશ થાય છે. તથા કેટલાંક સાંપ્રત સુખને જોનારા તે સ્થાન ન છોડતા ગૃહસ્થપણે જ રહીને તૃષ્ણાતુર બનીને ધન માટે જ ફાંફા મારે છે. તેથી તેઓ ઉત્તમ પુરુષે આચરેલા માર્ગને સ્વીકારતા નથી, તેઓ અનાર્ય સ્થાનમાં પડી રહે છે, જે અશુદ્ધ જ છે. તથા સામાન્ય પુરુષે આચરેલ હોવાથી તે સંસારતૃષ્ણ અપરિપૂર્ણ છે - સદ્ગુણ અભાવે તુચ્છ છે.

વળી ન્યાય વડે ન વિચરતા તે માર્ગ અન્યાયિક છે. ઇન્દ્રિયોને સંવરવારૂપ સંયમ તે સલ્લગ, તેથી વિરુદ્ધ તે અસલ્લગ - અસંયમ છે અથવા શલ્ય માફક તૃષ્ણા છે - તેમાં માયા કરવી તે શલ્યગ, તેનું પરિજ્ઞાન ન હોવું તે અશલ્યગ છે. અકાર્ય આદરવાથી તેને સિદ્ધિ માર્ગ મળતો નથી. સર્વકર્મ ક્ષયરૂપ મુક્તિનો માર્ગ-સમ્યગ્ દર્શનજ્ઞાનચારિત્રાત્મક-તે મળતો નથી. આત્મ સ્વાસ્થ્યરૂપ માર્ગ તે પરિનિવૃત્તિ તે ન મળે તે અપરિનિર્વાણમાર્ગ છે. તથા જ્યાંથી ફરી નીકળવાનું નથી તે નિર્યાણ માર્ગ મળતો નથી. સર્વ દુઃખોના ક્ષયરૂપ માર્ગ, તે પણ તેને ન મળે.

તેને મોક્ષ કેમ ન મળે ? એકાંત મિથ્યાત્વયુક્ત બુદ્ધિ હોવાથી તે અસદ્



આચરણથી અસાધુ છે. આ વિષયાંધો સત્પુરુષ સેવિત માર્ગે વિચરતા નથી. [માટે મોક્ષ ન મળે.] આ રીતે પ્રથમ અધર્મપક્ષ સ્થાનના પાપઉપાદાનરૂપ વિભાગનું સ્વરૂપ કહ્યું.

હવે બીજું ધર્મના ઉપાદાન ભૂત પક્ષને આશ્રીને કહે છે—

**● સૂત્ર-૬૬૫ :-**

***હવે બીજા સ્થાન ધર્મપક્ષનો વિભાગ કહે છે - આ મનુષ્યલોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશામાં અનેક પ્રકારના મનુષ્યો રહે છે. જેમકે - કોઈ આર્ય કે અનાર્ય, કોઈ ઉચ્ચગોત્રીય કે નીચગોત્રીય, કોઈ મહાકાય કે લઘુકાય, કોઈ સુ-વર્ણા કે કુ-વર્ણા, કોઈ સુરૂપ કે કદરૂપ. તેમને ક્ષેત્ર કે મકાનનો પરિગ્રહ હોય છે આ આખો આલાવો “પૌંડરીક” અધ્યયનથી જાણવો. તે આલાવાથી યાવત્ સર્વ ઉપશાંત - x - પરિનિવૃત્ત થાય છે, તેમ હું કહું છું. આ સ્થાન આર્ય, કેવલપ્રાપ્તિનું કારણ યાવત્ સર્વ દુઃખને ક્ષીણ કરવાનો માર્ગ છે, એકાંત સમ્યક્ અને ઉત્તમ છે. આ પ્રમાણે ધર્મપક્ષ નામક બીજા સ્થાનનો વિભાગ કહ્યો.***

**● વિવેચન-૬૬૫ :-**

હવે અધર્મપાક્ષિક સ્થાન પછી બીજું સ્થાન ધર્મપાક્ષિક-પુન્યના ઉપાદાનભૂત વિભાગનું સ્વરૂપ સારી રીતે કહે છે. જેમકે - પૂર્વાદિ ચારે દિશાઓને આશ્રીને કેટલાંક કલ્યાણની પરંપરાને ભજનારા મનુષ્યો છે, જે હવે કહેવાનાર સ્વભાવવાળા હોય છે. કોઈ આર્યદિશમાં ઉત્પન્ન આર્ય, કોઈ શક-યવન-બર્બરાદિ અનાર્ય ઇત્યાદિ “પૌંડરીક-અધ્યયન” મુજબ બધું જ અહીં કહેવું. તેમાં ધર્મી જીવો બધાં પાપસ્થાનોથી ઉપશાંત થયેલ, તેથી સર્વ સંસાર બંધનથી છૂટે છે, તેમ હું કહું છું. આ રીતે આ સ્થાન પ્રતિપૂર્ણ, નૈયાયિક ઇત્યાદિ છે, તે પૂર્વવત્ જાણવું - યાવત્ - બીજા સ્થાન ધર્મપક્ષનું સ્વરૂપ કહ્યું. હવે ધર્માધર્મયુક્ત ત્રીજું સ્થાન કહે છે—

**● સૂત્ર-૬૬૬ :-**

***હવે ત્રીજું ‘મિશ્રસ્થાન’નો વિભાગ કહે છે - જે આ વનવાસી, કુટિરવાસી, ગામ-નિકટવાસી, ગુપ્ત અનુષ્ઠાનકર્તા - યાવત્ - ત્યાંથી ચ્યવીને ફરી મુંગા કે આંધળારૂપે જન્મ લે છે. આ સ્થાન અનાર્ય છે, અકેવલ યાવત્ સર્વદુઃખના ક્ષયના માર્ગથી રહિત, એકાંત મિથ્યા, અસાધુ છે. આ રીતે આ ત્રીજા મિશ્ર સ્થાનનો વિભાગ કહ્યો.***

**● વિવેચન-૬૬૬ :-** *[વિશેષ ખુલાસા માટે સૂત્ર-૬૭૧ જોવું.]*

હવે ત્રીજા મિશ્રનામક સ્થાનના વિભાગનું સ્વરૂપ કહે છે. અહીં ધર્મપક્ષ અધર્મપક્ષથી યુક્ત છે, માટે મિશ્ર કહે છે. તેમાં અધર્મનું બહુપણું હોવાથી આ અધર્મપક્ષ જ જાણવો. કહે છે કે - જો કે મિથ્યાદૃષ્ટિઓ કંઈક અંશે પ્રાણાતિપાતાદિથી નિવૃત્ત હોય છે. તો પણ આશય અશુદ્ધ હોવાથી જેમ પિત્ત વધુ ચડેલ હોય ત્યારે સાકરવાળું દૂધ પાવા છતાં પિત્ત શાંત ન થાય તેમ - x - મિથ્યાત્વ દૂર ન થાય તો બધું નિરર્થક છે. તેથી મિથ્યાત્વ સંબંધથી મિશ્ર પક્ષને અધર્મ જ કહ્યો છે. તે દર્શાવે છે—

જે વનમાં ચરનારા આરણ્યિકા - કંદ, મૂળ, ફળ ખાનાર તાપસાદિ, મકાન-

કુટીર બાંધીને રહેતા આવસથિકો - તેઓ પણ પાપસ્થાનથી કંઈક નિવૃત્ત છતાં પ્રબળ મિથ્યાત્વથી હણાયેલ બુદ્ધિવાળા છે, તેઓ ઉપવાસાદિ મહા કાયક્લેશથી કદાચ દેવગતિ પામે, તો પણ આસુરિક સ્થાનમાં કિલ્બિષિકરૂપે ઉત્પન્ન થાય છે. ઇત્યાદિ બધું પૂર્વવત્ કહેવું - યાવત્ - ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ પામીને પણ જન્મમૂક કે જન્માંધ થાય છે. આ રીતે આ સ્થાન અનાર્ય, અપૂર્ણ, અનૈયાયિક યાવત્ એકાંત મિથ્યા અને સર્વથા અસાધુ છે. ત્રીજા મિશ્રસ્થાનનું સ્વરૂપ કહ્યું.

અધર્મ-ધર્મરૂપ મિશ્રસ્થાન કહ્યું, હવે તેના આશ્રિત 'સ્થાની'ને કહે છે અથવા પૂર્વનો વિષય વિશેષ ખુલાસાથી કહે છે—

● સૂત્ર-૬૬૭ :-

*હવે પ્રથમ સ્થાન અધર્મપક્ષનો વિચાર કરીએ છીએ - આ લોકમાં પૂર્વાદિ ચારે દિશામાં કેટલાંયે મનુષ્યો રહે છે. જેઓ ગૃહસ્થ છે, મહાઇચ્છા, મહા-આરંભ, મહા-પરિગ્રહયુક્ત છે, અધાર્મિક, અધર્માનુજ્ઞા, અધર્મિષ્ઠ, અધર્મ કહેનારા, અધર્મપ્રાયઃ-જીવિકાવાળા, અધર્મપ્રલોકી, અધર્મ પાછળ જનારા, અધર્મશીલ-સમુદાય-ચારી, અધર્મથી જ આજીવિકા પ્રાપ્ત કરી વિચરે છે.*

*હણો, છેદો, ભેદો, ચામડું ઉખેડી દો [એમ કહેનારા], રક્તથી ખરડાયેલ હાથવાળા, ચંડ, રુદ્ર, ક્ષુદ્ર, સાહસિક, પ્રાણીને ઉછાળીને શૂળ પર ઝીલનારા, માયા-કપટી, દુઃશીલા, દુર્વ્રતા, દુષ્પ્રત્યાનંદી, ખોટા તોલમાપ રાખનારા એવા તેઓ અસાધુ છે, સર્વથા પ્રાણાતિપાત યાવત્ સર્વથા પરિગ્રહથી અવિરત, સર્વ ક્રોધ યાવત્ મિથ્યાદર્શન-શલ્યથી અવિરત છે.*

*તેઓ સર્વથા સ્નાન, મર્દન, વર્ણક, ગંધ, વિલેપન કરનારા, શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ ભોગવનારા, માળા-અલંકાર ધારણ કરનારા યાવત્ જાવજ્જીવ સર્વથા ગાડી-રથ-યાન-યુગ્ય-ગિલ્લિ-થિલ્લિ-આદિ વાહનોમાં સવારી કરનારા, શય્યા-આસન-યાન-વાહન-ભોગ-ભોજન આદિની વિધિથી અવિરત હોય છે. જાવજ્જીવ સર્વથા ક્રય-વિક્રય-માશા-અર્ધમાશ-તોલ આદિ વ્યવહારોથી નિવૃત્ત થતાં નથી. સર્વ હિરણ્ય-સુવર્ણ-ધન-ધાન્ય-મણિ-મોતી-શંખ-શિલા-પ્રવાલથી જાવજ્જીવ નિવૃત્ત થતા નથી. સર્વ ખોટા તોલ-માપથી જાવજ્જીવ નિવૃત્ત થતાં નથી.*

*જાવજ્જીવને માટે - સર્વે આરંભ-સમારંભથી અવિરત, સર્વે [સાવધ] કરણ-કરાવણથી અવિરત, સર્વે પચન-પાચનથી અવિરત, સર્વે કુટ્ટણ-પિટ્ટણ-તર્જન-તાડન-વધ-બંધ-પરિક્લેશથી અવિરત, આ તથા આવા પ્રકારના સાવધ કર્મો કરનારા, અબોધિક, કર્માંત, બીજા પ્રાણીને સંતાપ દેનારા જે કર્મો અનાર્યો કરે છે અને જાવજ્જીવ તેનાથી નિવૃત્ત થતાં નથી.*

*જેમ કોઈ અત્યંત ક્રૂર પુરુષ ચોખા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચણા, આલિસંદક, પરિમંથક આદિને વ્યર્થ જ દંડ આપે છે. તેમ તેવા પ્રકારના ક્રુર પુરુષો તીતર, બતક, લાવક, કબૂતર, કપિંજલ, મૃગ, ભેંસ, સુવર, ગ્રાહ, ગોધો, કાચબો, સરીસર્પ આદિને વ્યર્થ જ દંડે છે.*



*તેની જે બાહ્ય પર્ષદા છે. જેમકે - દાસ, દૂત-નોકર રોજમદાર ભાગીયા, કર્મકર, ભોગપુરુષ આદિમાંથી કોઈ કંઈપણ અપરાધ કરે તો સ્વયં ભારે દંડ આપે છે. જેમકે - આને દંડો-મુંડો-તર્જના કરો - તાડન કરો - હાથ બાંધી દો - બેડી પહેરાવો - હેડમાં નાંખો - કારાગારમાં નાંખો - અંગો મરડી નાંખો. તેના હાથ-પગ-કાન-નાક-હોઠ-મસ્તક-મુખને છેદી નાંખો, તેનો ખંભો ચીરો, ચામડી ઉતરડો, કલેજુ ફાડી દો, આંખો ખેંચી લો. તેના દાંત-અંડકોશ-જીભ ખેંચી કાઢો, ઉલટો લટકાવી દો, ઘસીટો, ડૂબાડી દો, શૂળીમાં પરોવો, ભાલા ભોંકો, અંગો છેદીને ક્ષાર ભરી દો, મારી નાંખો, સિંહ કે બળદના પૂછડા સાથે બાંધી દો, દાવાગ્નિમાં ફેંકો, તેનું માંસ કાઢી કાગડાને ખવડાવી દો, ભોજન-પાણી બંધ કરી દો, જાવજ્જીવ વધ-બંધન કરો આમાંના કોઈપણ અશુભ-કુમારથી મારો.*

*તેની જે અભ્યંતર પર્ષદા હોય છે. જેમકે - માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ, તેમાંનો કોઈ નાનો પણ અપરાધ કરે તો સ્વયં જ ભારે દંડ કરે છે. જેમકે - ઠંડીમાં ઠંડા પાણીમાં ઝબોળે છે, યાવત્ મિત્રદોષપ્રત્યયિક ક્રિયામાં જે કહ્યું છે તે બધું કહેવું - યાવત્ - તે પરલોકનું અહિત કરે છે. તે અંતે દુઃખ-શોક-પશ્ચાત્તાપ-પીડા-સંતાપ આદિ પામે છે. તે દુઃખ, શોક આદિ તથા વધ, બંધ, ક્લેશથી નિવૃત્ત થતો નથી.*

*એ રીતે તે અધાર્મિક પુરુષ સ્ત્રીસંબંધી કામભોગોમાં મૂર્છિત-ગૃદ્ધ-ગ્રથિત-અતિ આસક્ત થઈને - યાવત્ - ચાર, પાંચ, છ દશકામાં અલ્પ કે અધિક કાળ [શબ્દાદિ] ભોગ ભોગવીને, પ્રાણીઓ સાથે વૈર પરંપરા વધારીને, ઘણાં પાપકર્મોનો સંચય કરીને પાપકર્મના ભારથી એવો દબાઈ જાય છે, જેમ કોઈ લોઢા કે પત્થરનો ગોળો પાણીમાં પડે ત્યારે પાણીના તળનું અતિક્રમણ કરીને નીચે ભૂમિતલ પર બેસી જાય છે. આ પ્રમાણે તેવા પ્રકારના ક્રુર પુરુષ કર્મની બહુલતા અને પ્રચૂરતાથી પાપ-વૈર-અપ્રીતિ-દંભ-માયાની બહુલતાથી ભેળસેળ કરનારો, અતિ અપયશવાળો તથા ત્રસ પ્રાણીઓનો ઘાતક બની મૃત્યુ કાળે મરણ પામીને પૃથ્વીતલને અતિક્રમીને નીચે નરકતલમાં જઈને સ્થિત થાય છે.*

● વિવેચન-૬૬૭ :-

હવે પહેલા સ્થાન અધર્મપક્ષના વિભાગનું સ્વરૂપ કહે છે - इह खलु આદિ સુગમ છે - યાવત્ - મનુષ્યો આવા સ્વભાવના હોય છે. તેઓ પ્રાયે ગૃહસ્થો જ હોય છે. તે બતાવે છે—

महेच्छा - મને સર્વ શ્રેષ્ઠ રાજ્ય-વૈભવ-પરિવારાદિ મળે તેવી અંતઃકરણની અપેક્ષા. महारम्भ - વાહન, ઉંટમંડળી, ગાડી-ગાડાં ફેરવે તે, ખેતી માટે સાંઢાદિ પોષવા તે. महापरिग्रह - ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ, વાસ્તુ, ક્ષેત્રાદિ રાખનારા અને તેનાથી કદી નિવૃત્ત ન થનારા.

અધર્મથી ચાલનારા, અધર્મિષ્ઠ, અધર્મબહુલા, અધર્મકર્તવ્યમાં અનુમોદન આપનારા, અધર્મનું જ વર્ણન કરનારા, પ્રાયે અધર્મમાં જ જીવનારા, અધર્મને જ

શોધનારા તે અધર્મપ્રવિલોકી, અધર્મપ્રાય કર્મમાં પ્રકર્ષથી રક્ત, - x - અધર્મશીલ - અધર્મ સ્વભાવવાળા તથા જેના કોઈપણ અનુષ્ઠાન અધર્માત્મક તે તથા અધર્મ-સાવધાનુષ્ઠાનથી ડામ દેવા - અંકન - નિર્લાંછનાદિ કર્મથી આજીવિકા ચલાવે છે.

હવે તેના પાપાનુષ્ઠાનનું કંઈક વર્ણન કરે છે - પોતે જ હનન આદિ ક્રિયા કરતા, બીજાને પણ પાપોપદેશ આપે છે. દંડ વડે મારવું, કાન વગેરે છેદવા, શૂલાદિથી ભેદવા, પ્રાણીના ચામડા ઉતારવા, તેથી લોહીયુક્ત હાથવાળા તથા રૌદ્ર, ક્ષુદ્રકર્મ કરનાર, વણવિચાર્યે કામ કરનારા તથા શૂલાદિ આરોપણ માટે તંત્ર રચે, વંચન-જેમ અભયકુમારને પ્રધોતની ગણિકાએ ઠગ્યો, માયા-વંચનબુદ્ધિ, પ્રાયે વાણિયામાં હોય છે. નિકૃતિ-બગલા વૃત્તિ - x - દેશ, ભાષા, વેશ બદલીને ઠગે તે કપટ, જેમ અષાઢાભૂતિએ નટપણે વિવિધ વેશ કાઢી - x - કોઈ ઘેરથી ચાર લાડુ પ્રાપ્ત કર્યા. કૂડ-તોલમાપને ન્યૂનાધિક કરી બીજાને ઠગવા, આ બધાં ઉત્કુંચન વગેરે ઉપાયોમાં તત્પર છે અથવા કસ્તૂરી આદિ મોંઘી વસ્તુમાં બનાવટી વસ્તુ મેળવવી તે સાતિ સંપ્રયોગ.

કહ્યું છે કે - સાતિયોગ એટલે દ્રવ્યને હલકા દ્રવ્યોથી આચ્છાદિત કરે, દોષને ગુણ કહે, મૂળ વસ્તુના વિષયને બદલી નાંખે. આ ઉત્કુંચન આદિ શબ્દો માયાના પર્યાયો છે - x - તેમાં કિંચિત્ ક્રિયા ભેદ છે.

તેઓ દુષ્ટ શીલવાળા, દીર્ઘકાલીન મિત્ર હોય તો પણ જલ્દીથી અમિત્ર બની જાય છે. - x - દારુણ સ્વભાવવાળા છે. તથા દુષ્ટવ્રતવાળા છે, જેમ માંસભક્ષણનો વ્રતકાળ પૂરો થતાં ઘણાં જીવોનો ઘાત કરીને માંસની લ્હાણી કરે છે, રાત્રિ ભોજનને તેઓ દુષ્ટવ્રત માને છે. કેટલાંક અજ્ઞાનદશાથી આ ભવમાં તે વસ્તુનું ખાવાનું વ્રત લે છે, જેથી આવતા ભવે મધ-માંસાદિ વધારે ખાઈશ. દુઃખે કરીને આનંદ પામે છે. સારાંશ એ કે - તેણે કોઈનું ભલું કર્યુ હોય, તે તેનો બદલો વાળવા ઇચ્છે તો પોતે ગર્વમાં આવીને તેને તુચ્છ ગણે છે. પોતે આનંદિત થવાને બદલે તેના ઉપકારને બદલે તેના દોષો જ જુએ છે. - x -

આ પ્રમાણે પાપકૃત્ય કરનારા અસાધુ જીવનપર્યન્ત સર્વથા જીવ હિંસાથી અવિરત રહી, લોકનિંદનીય છતાં બ્રહ્મહત્યાદિથી અવિરત આદિ બધું ગ્રહણ કરવું એ રીતે સર્વ કૂટસાક્ષી આદિથી અવિરત, સ્ત્રી-બાલાદિના દ્રવ્યના અપહરણથી અવિરત તથા સર્વથા પરસ્ત્રી ગમનાદિ મૈથુનથી અવિરત અને સર્વ પરિગ્રહથી અને યોનિ-પોષકત્વથી અવિરત રહે છે.

એ પ્રમાણે સર્વ ક્રોધ-માન-માયા-લોભથી પણ અવિરત તથા પ્રેમ-દ્વેષ-કલહ-અભ્યાખ્યાન-પૈશુન્ય-પરપરિવાદ-અરતિરતિ-માયા-મૃષાવાદ-મિથ્યાદર્શનશલ્યાદિ પાપોથી આજીવન અવિરત રહે છે.

તથા સર્વ સ્નાન, ઉન્મર્દન, વર્ણક, વિલેપન, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, માળા, અલંકારરૂપ કામાંગ-મોહજનિત ભોગથી જાવજ્જીવ અવિરત રહે છે. અહીં વર્ણકથી લોધ્ર આદિ ગ્રહણ કરવા તથા સર્વથા ગાડા, રથાદિ, યાન વિશેષાદિ રોજ વધારતા તેઓ પરિગ્રહથી અવિરત રહે છે.



અહીં યાન તે શકટ-રથાદિ, યુગ્ય એટલે પાલખી, ગિલ્લિ તે બે પુરુષ દ્વારા ઉપાડાતી ઝોળી, થિલ્લિ એટલે બગી, સંદમાણિય તે શિબિકા, એ રીતે બીજા પણ વસ્ત્રાદિ પરિગ્રહથી ઉપકરણોથી અવિરત તથા સર્વ ક્રય-વિક્રયના કરણભૂત જે માષક, અધર્મમાષકરૂપ તોલ માપ વડે વેપાર કરવાના વ્યવહારથી જાવજ્જીવ અવિરત રહે છે.

તથા સર્વે હિરણ્ય, સુવર્ણાદિ પ્રધાન પરિગ્રહથી અવિરત તથા ખોટા તોલમાપથી અવિરત, સર્વે કૃષિ-પશુપાલનના કરણ-કરાવણથી અવિરત, પચન-પાચનથી તથા ખાંડવું, કુટવું, પીટવું, તર્જન-તાડન કરવું, વધ-બંધનાદિ વડે જે પ્રાણીને કલેશ આપવો તેનાથી અવિરત રહે છે - અર્થાત્ અટકતા નથી. હવે ઉપસંહાર કરે છે—

વળી જે બીજા પરપીડાકારી સાવધ કર્મસમારંભો કરે છે, તે બોધિનો અભાવ કરનારા છે, તથા બીજાના પ્રાણને પરિતાપ કરનારા-ગાય આદિ પકડવા, ગ્રામઘાતરૂપ જે અનાર્યો વડે ક્રુરકર્મો કરાય છે તેનાથી આ અધાર્મિકો જીવનપર્યન્ત છૂટતાં નથી.

હવે બીજી ઘણી રીતે અધાર્મિક પદ બતાવવા કહે છે. જેમકે - - x - આ વિચિત્ર સંસારમાં કેટલાંક એવા પુરુષો છે જે ચોખા, મસૂર આદિ રાંધવા-રંધાવવામાં, પોતાના તથા બીજા માટે અજયણાથી કાર્ય કરાવતા નિર્દય, ક્રુર મિથ્યા દંડ પ્રયોજે છે. નિરપરાધીને દોષનું આરોપણ કરી દંડ દેવો તે મિથ્યાદંડ કહેવાય છે. એ જ રીતે પ્રયોજન વિના તેવા પુરુષને નિર્દયપણે જીવોપઘાતમાં રક્ત બનીને તીતર, બતક, લાવક આદિ જીવનપ્રિય પ્રાણીને તે ક્રુરકર્મી મિથ્યાદંડ આપે છે. તે ક્રુરબુદ્ધિનો પરિવાર પણ - x - તેના જેવો હોય છે, તે દર્શાવે છે—

તેની જે બાહ્ય પર્ષદા છે. જેમકે - દાસીપુત્ર, મોકલવા યોગ્ય નોકર, વેતનથી પાણી આદિ લઈ આવનાર, ખેતી આદિમાં છઠ્ઠો ભાગ લઈ કામ કરનાર, ચાકર, નાયક આશ્રિત ભોગપુરુષ, આ બધાં દાસાદિ બીજાના થોડા અપરાધમાં પણ ભારે દંડ દેનાર હોય છે. તે નાયક તેના બાહ્યપર્ષદાભૂત માંના કોઈ દાસ આદિને થોડો પણ અપરાધ થાય ત્યારે મહાદંડ કરે છે, તેને કહે છે. તે આ પ્રમાણે - આ દાસ, નોકર આદિનું સર્વસ્વ હરી લઈ તમે દંડ આપો ઇત્યાદિ સૂત્રસિદ્ધ છે. [જે અમે સૂત્રાર્થમાં નોંધેલ છે] યાવત્ તેને મારી નાંખો.

હવે જે તે ક્રુરકર્મકર્તાની અભ્યંતર પર્ષદા છે - જેમકે - માતા, પિતાદિ, મિત્રદોષ-પ્રત્યયિક-ક્રિયાસ્થાન મુજબ જાણવું - યાવત્ - આ લોકમાં અહિતકારક થાય છે, પરલોકમાં પણ આત્માને અપથ્યકારી થાય છે. એ રીતે તેઓ માતાપિતાદિના સ્વલ્પ અપરાધ હોવા છતાં અતિ ભારે દંડ આપીને દુઃખ ઉત્પન્ન કરે છે, તથા વિવિધ ઉપાયોથી તેઓને શોક ઉત્પાદન કરે છે. એ રીતે તે પ્રાણીઓને ઘણાં પ્રકારે પીડા આપીને યાવત્ - વધ, બંધ, પરિકલેશથી અટકતા નથી.

તેઓ વિષયાસક્ત બનીને જે કરે છે, તે બતાવે છે - આ રીતે પૂર્વોક્ત સ્વભાવવાળા તેઓ નિર્દય, દીર્ઘકાળ ક્રોધ રાખનારા બાહ્ય અને અભ્યંતર પર્ષદાને પણ કાન-નાક કાપવા દ્વારા દંડ દેવાના સ્વભાવવાળા, સ્ત્રીભોગ લોલુપી અથવા સ્ત્રીઓમાં કામવિષયરૂપ-શબ્દાદિ અને ઇચ્છાકામમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, આસક્ત રહે છે. આ

બધાં શબ્દો શક્ર-પુરંદર આદિ માફક પર્યાયવાચી છે. તેમાં કથંચિત્ ભેદ છે. તેઓ ભોગાસક્ત, પરલોકના ફળને ભૂલી ગયેલા છે, - યાવત્ - ચાર, પાંચ, છ, સાત દાયકા અલ્પકાળ કે દીર્ઘકાળ ઇન્દ્રિયાનુકૂલ ભોગો ભોગવીને મધુ-માંસ-પરસ્ત્રીના સેવનરૂપ ભોગાસક્તપણાથી બીજાને પીડા આપીને વૈરાનુબંધ વધારે છે. તથા દીર્ઘકાળની સ્થિતિવાળા ક્રૂરકર્મો એકઠાં કરીને નરકાદિ યાતના સ્થાનોમાં જાય છે. ત્યાં ચીરાવું-ફડાવું-શાલ્મલિના ધારવાળા પાંદડા નીચે બેસવાનું, ઉષ્ણ સીસાનો રસ પીવાનો ઇત્યાદિ.

આ રીતે આઠ પ્રકારના કર્મો બદ્ધ-સ્પૃષ્ટ-નિધત્ત-નિકાચનારૂપે બાંધીને તે કર્મોના ભારથી અથવા તે ભારે કર્મોથી પ્રેરાઈને નરકના તલ સુધી પહોંચે છે - x - આ અર્થને બતાવવા સર્વલોક પ્રતીત દૃષ્ટાંત કહે છે - જેમ કોઈ લોઢાનો ગોળો કે પત્થરનો ગોળો પાણીમાં ફેંકતો પાણીના તલને ઉલ્લંઘીને ધરણીતલે બેસે છે. આ દૃષ્ટાંતનો બોધ આપે છે - જેમ આ ગોળો વૃત્તત્વને લીધે જલ્દી નીચે જાય છે, તેમ - x - વજ્ર જેવા ભારે કર્મ અને તેના પ્રચૂર ભારથી તથા પૂર્વના એકઠાં કરેલા પ્રચૂર કર્મોથી, તથા પાપરૂપ પંકની બહુલતાથી પ્રચુર વૈરાનુબંધ વડે દુષ્ટધ્યાન પ્રધાન, માયા વડે બીજાને ઠગનાર, વેશ-ભાષા બદલીને વૃત્તિ મેળવનાર, પરદ્રોહબુદ્ધિરત, સાતિબહુલ-પોતાનું દ્રવ્ય અર્પીને બીજાનું દ્રવ્ય લુંટનાર, પોતાના ખરાબ કૃત્યોથી નિંદા કરાવતો અર્થાત્ બીજાને અપકારરૂપ કર્માનુષ્ઠાનથી તેમના-તેમના હાથ-પગ છેદવાથી અયશનો ભાગી થાય છે. આવો પુરુષ મૃત્ય કાળે મરીને સ્વાયુષ ક્ષય થતાં રત્નપ્રભાદિ પૃથ્વીમાં હજારો યોજન પરિમાણ ઉલ્લંઘીને નરકના તળે જઈને વસે છે. હવે નરકનું નિરુપણ કરે છે—

● સૂત્ર-૬૬૮ :-

***તે નરકો અંદરથી ગોળ, બહારથી ચતુષ્કોણ છે, નીચે અસ્તરાની ધાર સમાન તીક્ષ્ણ, નિત્ય ઘોર અંધકાર, ગ્રહ-ચંદ્ર-સૂર્ય-નક્ષત્ર-જ્યોતિષ્ પ્રભાથી રહિત છે. તેનું ભૂમિતલ મેદ-ચર્બી-માંસ-લોહી-રસીપટલના કીચડથી લિપ્ત છે. તે નરક સડેલા માંસ, અશુચિ યુક્ત પરમ દુર્ગંધવાળી, કાળી, અગ્નિવર્ણ સમાન, કઠોર સ્પર્શયુક્ત અને દુઃસહ્ય છે. આ રીતે આ નરકો અશુભ અને અશુભ વેદનાવાળી છે ત્યાં રહેતા નૈરયિકને નિદ્રા સુખ નથી, ભાગી શકતા નથી, તેમને શ્રુતિ, રતિ, ધૃતિ કે મતિ પ્રાપ્ત થતી નથી. નારકો ત્યાં કઠોર, વિપુલ, પ્રગાઢ, કટુક, કર્કશ, ચંડ, દુઃખદ, દુર્ગમ, તીવ્ર અને દુઃસહ વેદના અનુભવતા વિચરે છે.***

● વિવેચન-૬૬૮ :-

તે સીમંતક વગેરે નરકો બહુલતાએ મધ્યમાં ગોળાકાર, બહારથી ચોખંડા, નીચે અસ્તરા આકારે રહેલા છે. આ સંસ્થાન પુષ્પાવકીર્ણને આશ્રીને કહ્યા, કેમકે તે ઘણી સંખ્યામાં છે, આવલિકામાં રહેતા નરક સ્થાનો ગોળ, ત્રિકોણ અને ચોખુણીયા છે. તે સ્થાનો નિત્ય ગાઢ અંધકારવાળા છે અથવા ધુમ્મસથી ભરેલા અંધારાવાળા સ્થાન છે. જેમ વરસાદી વાદળાથી વ્યાપ્ત આકાશ અંધારીયું હોય, કૃષ્ણ પક્ષની રાત્રિ હોય તેમ અહીં અંધકાર વ્યાપ્ત હોય છે. વળી ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્રની જ્યોતિનો અભાવ હોય છે.

ફરી પણ અનિષ્ટ સ્થિતિ બતાવે છે - દુષ્કૃત કર્મકારી તે નરકો ઉત્પન્ન દુઃખથી





આવા પ્રકારના થાય છે - જેમકે - મેદ, ચરબી, માંસ, લોહી, રસીના સમૂહથી લિપ્ત, સડેલા શરીરથી ગંધાતા લાગે તેવા બિભત્સ દેખાવ યુક્ત તળીયાવાળી, વિષ્ઠા-પેશાબ આદિ અશુચિથી ભરેલી, સર્વત્ર સડેલા-કોહવાયેલા ગંધાતા માંસ જેવા કાદવથી લિપ્ત, શિયાળના કોહવાયેલા કલેવરથી અસહ્ય દુર્ગંધયુક્ત તથા રૂપથી અગ્નિના કાળા ધુમાડાની આભાવાળી સ્પર્શથી વજ્રકંટક કરતા અધિક કઠિન સ્પર્શવાળી, ત્યાં નારકો ઘણું જ દુઃખ સહન કરે છે - કેમ ? - પાંચે ઇન્દ્રિયોના અશુભ વિષયોથી.

ત્યાં અશુભકર્મ કરનારા જીવો ઉગ્ર દંડ અને વજ્ર જેવી પ્રચુર અને તીવ્ર અતીવ દુઃસહ શારીરિક વેદના ભોગવે છે. આ વેદનાથી અભિભૂત તે નારકો નરકમાં આંખ ફરકે એટલો કાળ પણ નિદ્રા લઈ શકતા નથી કે બેઠા હોય ઇત્યાદિ અવસ્થામાં પણ તેટલી નિદ્રા પામતા નથી. આવી વેદનાને કારણે - ઉત્કટ, વિપુલ આદિ - વેદનાથી ક્ષણવાર સુખ ન પામે.

અહીં લોઢાના કે પાષાણના ગોળાનું દૃષ્ટાંત આપી જલ્દીથી જીવ નીચે નરકમાં જાય તે બતાવ્યું છે. હવે તે માટે બીજું દૃષ્ટાંત આપે છે—

● સૂત્ર-૬૬૯ :-

***જેમ કોઈ વૃક્ષ પર્વતના મૂળમાં ઉત્પન્ન થાય, તેનું મૂળ છેદતાં આગળથી ભારે થઈ જે રીતે નીચે જાય અને વિષમ દુર્ગમાં પડે, તેમ તેવો પુરુષ ગર્ભથી ગર્ભ, જન્મથી જન્મ, મરણથી મરણ, નરકથી નરક તથા એક દુઃખથી બીજુ દુઃખ પામે છે. તે દક્ષિણગામી, નૈરયિક, કૃષ્ણપાક્ષિક, ભાવિમાં દુર્લભબોધિ થાય છે. આ [અધર્મપક્ષ] સ્થાન અનાર્ય, અપૂર્ણ યાવત્ અસર્વદુઃખ પ્રક્ષિણ માર્ગ છે, તે એકાંત મિથ્યા અને અસાધુ છે. એવા પ્રથમ અધર્મપક્ષ સ્થાનનો વિભાગ કહ્યો.***

● વિવેચન-૬૬૯ :-

જેમ કોઈ વૃક્ષ પર્વતના એક ભાગે હોય, તેનું મૂળ છેદાતાં જલ્દીથી તે નીચે પડે છે, તેમ આ પાપકર્મી પુરુષ તે કર્મરૂપી વાયુથી ઘસડાઈને જલ્દી નરકમાં જાય છે. ત્યાંથી નીકળીને પણ એક ગર્ભથી બીજા ગર્ભમાં અવશ્ય જાય છે. ત્યાં કોઈ રક્ષણ થતું નથી. યાવત્ આગામી કાળે પણ તેને ધર્મની પ્રાપ્તિ દુર્લભ થાય છે. હવે ઉપસંહાર કરે છે - આ સ્થાન પાપાનુષ્ઠાનરૂપ હોવાથી અનાર્ય યાવત્ એકાંત મિથ્યારૂપ, ખરાબ છે. આ રીતે પહેલા અધર્મપક્ષ સ્થાનનો વિભાગ-સ્વરૂપ કહ્યું.

● સૂત્ર-૬૭૦ :-

***હવે બીજું ધર્મપક્ષ સ્થાનને કહે છે. આ મનુષ્યલોકમાં પૂર્વાદિ દિશાઓમાં કેટલાંક મનુષ્યો રહે છે. જેમકે - અનારંભી, અપરિગ્રહી, ધાર્મિક, ધર્માનુગ, ધર્મિષ્ઠ યાવત્ ધર્મ વડે જ પોતાનું જીવન વીતાવે છે તેઓ સુશીલ, સુવ્રતી, સુપ્રત્યાનંદી, સુસાધુ, જાવજ્જીવ સર્વથા પ્રાણાતિપાતથી વિરમેલા યાવત્ તેવા પ્રકારના સાવદ્ય-અબોધિક-બીજાના પ્રાણને પરિતાપ કરનારા કર્મોથી યાવત્ જાવજ્જીવ વિરત રહે છે.***

***તેવા અનગાર ભગવંતો ઇર્યાસમિત, ભાષાસમિત, એષણાસમિત, આદાન-***

*ભાંડ માત્ર નિક્ષેપ સમિત, ઉચ્ચાર પ્રસવણ ખેલ સિંઘાણ જલ્લ પારિષ્ઠાપનિકા સમિત, મન સમિત, વચન સમિત, કાય સમિત, મનોગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, અક્રોધી, અમાની, અમાયી, અલોભી, શાંત, પ્રશાંત, ઉપશાંત, પરિનિવૃત્ત, અનાશ્રવી, અગ્રંથિ, છિન્નશોક, નિરુપલેપ, કાંસ્યપાત્ર વત્, મુક્તતોય, શંખવત્ નિરંજન, જીવ માફક અપ્રતિહતગતિ, ગગનતલવત્ નિરાલંબન, વાયુ માફક અપ્રતિબદ્ધ, શારદસલિલવત્ શુદ્ધ હૃદયી, પુષ્કરપત્ર જેમ નિરૂપલેપ, કુર્મવત્ ગુપ્તેન્દ્રિય, પક્ષીવત્ વિપ્રમુક્ત, ગેંડાના સીંગડા જેમ એકજાત, ભારંડપક્ષી માફક અપ્રમત્ત, હાથી જેવા શૂરવીર, વૃષભ જેવા ભારવાહી, સિંહ જેવા દુર્ઘર્ષ, મેરુ જેવા અપ્રકંપ, સાગર જેવા ગંભીર, ચંદ્ર જેવા સૌમ્ય લેશ્ય, સૂર્ય જેવા દીપ્ત તેજ, જાત્ય કંચનવત્ જાત્યરૂપ, પૃથ્વી જેવા સર્વ સ્પર્શ સહેનારા, સારી રીતે હોમ કરાયેલા અગ્નિ જેવા જાજ્વલ્યમાન છે.*

*તે ભગવંતોને કોઈ સ્થાન પ્રતિબંધ નથી. આ પ્રતિબંધ ચાર પ્રકારે કહ્યો છે. તે આ પ્રમાણે - અંડજ, પોતજ, અવગ્રહિક અને ઔપગ્રહિક. તેઓ જે-જે દિશામાં વિચરવા ઇચ્છે, તે તે દિશામાં અપ્રતિબદ્ધ, શૂચિભૂત અને લઘુભૂત થઈ ગ્રંથિરહિત, સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.*

*તે ભગવંતોને આવા પ્રકારે સંયમ નિર્વાહાર્થે આજીવિકા હોય છે જેમકે - ચોથભક્ત, છટ્ઠભક્ત, અષ્ટમભક્ત, દશમ-બારસ-ચૌદશભક્ત, અર્ધમાસિક કે માસિક ભક્ત, બે-ત્રણ-ચાર-પાંચ કે છમાસી [તપ] તે સિવાય [કોઈ કોઈ શ્રમણ] ઉત્ક્ષિપ્તચારી, નિક્ષિપ્તચારી, ઉત્ક્ષિપ્ત-નિક્ષિપ્તચારી, અંતચરક, પ્રાંતચરક, રૂક્ષચરક, સમુદાનચરક, સંસૃષ્ટ કે અસંસૃષ્ટ ચરક, તજ્જાત સંસૃષ્ટચરક, દિષ્ટ-અદિષ્ટ-પૃષ્ટ-અપૃષ્ટ-ભિક્ષ કે અભિક્ષલાભી, અજ્ઞાતચરક, ઉપનિહિત, સંખાદત્તિક, પરિમિત-પિંડવાતિક, શુદ્ધૈષણિક, અંત-પ્રાંત-અરસ-વિરસ-રૂક્ષ કે તુચ્છ આહારી, અંત કે પ્રાંતજીવી, આયંબિલ-પુરિમડ્ઢ-નિર્વિગઈ કરનારા, મદ્ય-માંસ ન ખાનાર, નિકામરસભોજી, સ્થાનાતિક, પ્રતિમાસ્થાનાતિક, ઉત્કુટુકાસન, - x - વીરાસન, દંડાયતિક, લગંડશાયી, અપ્રાવૃત્ત, અગર્તક, અકંડૂક, અનિસૃષ્ટ ઇત્યાદિ ઉવવાઈ સૂત્ર મુજબ જાણવું. વળી તે વાળ, દાઢી, મૂછ, રોમ, નખ આદિ સર્વ શરીર સંસ્કારોથી રહિત હોય છે.*

*તે ભગવંતો આવા વિહાર વડે વિહરતા ઘણાં વર્ષો શ્રમણપર્યાય પાળીને, તેમને કોઈ બાધા ઉત્પન્ન થાય કે ન થાય તો પણ ઘણો સમય ભક્ત પચ્ચક્ખાણ કરીને, ઘણાં સમય અનશન વડે ભોજનને ત્યાગીને, જે હેતુ માટે નગ્નભાવ, મુંડભાવ, અસ્નાનભાવ, અદંતધોવન, અછત્રક, અનુપાનહ, ભૂમિશય્યા, ફલકશય્યા, કાષ્ઠશય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, પરગૃહપ્રવેશ [ભિક્ષાર્થે] ધારણ કરેલા છે. તથા જેના માટે - માન, અપમાન, હેલણા, નિંદા, ખિંસા, ગર્હા, તર્જના, તાડના, ઉચ્ચનીચ વચનાદિ બાવીશ પરીષહો અને ઉપસર્ગો સહન કરી રહ્યા છે, તે અર્થને આરાધે છે, આરાધીને છેલ્લા શ્વાસોચ્છ્વાસે અનંત, અનુત્તર,*



*નિર્વ્યાઘાત, નિરાવરણ, સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, શ્રેષ્ઠ કેવલજ્ઞાન દર્શન ઉપાર્જિત કરે છે. પછી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈને પરિનિર્વાણ પામીને સર્વે દુઃખોનો અંત કરે છે.*

*કોઈ [અણગાર] એક જ ભવમાં સંસારનો અંત કરે છે, બીજા કોઈ પૂર્વકર્મ શેષ રહેવાથી મૃત્યકાળે મરીને કોઈ દેવલોકમાં દેવતારૂપે ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે - મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાપરાક્રમ, મહાયશ, મહાબલ, મહાનુભાવ, મહાસુખયુક્ત દેવલોકમાં. ત્યાં મહાઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા યાવત્ મહાસુખવાળા દેવ થાય છે. તે હાર વડે સુશોભિત, કટક અને ત્રુટિત વડે સ્તંભિત ભૂજાવાળા, અંગદ-કુંડલથી યુક્ત કપોલ અને કાનવાળા, વિચિત્ર આભુષણોથી યુક્ત હાથવાળા, વિચિત્ર માળાથી મંડિત મુગટવાળા, કલ્યાણકારી, સુગંધી વસ્ત્રોને ધારણ કરનારા, કલ્યાણ-પ્રવર માળા અને લેપન ધારણ કરનારા, ઝગમગતા શરીરવાળા, લાંબી વનમાળા ધારણ કરેલા, દિવ્ય એવા રૂપ-વર્ણ-ગંધ-સ્પર્શ-સંઘાત-સંસ્થાન-ઋદ્ધિ-દ્યુતિ-પ્રભા-છાયા-અર્ચા-તેજ-લેશ્યા વડે યુક્ત, દશે દિશાઓને ઉદ્યોતીત અને પ્રકાશિત કરતા, કલ્યાણકારી ગતિ અને સ્થિતિવાળા, ભાવિમાં પણ કલ્યાણ પામનારા દેવ થાય છે.*

*આ સ્થાન આર્ય યાવત્ સર્વદુઃખ ક્ષયનો માર્ગ છે, એકાંત સમ્યક્ અને ઉત્તમ છે. બીજું ધર્મપક્ષનામક સ્થાન કહ્યું.*

● **વિવેચન-૬૭૦ :-**

હવે બીજા સ્થાનનું સ્વરૂપ આવી રીતે બતાવે છે - જેમકે - પૂર્વાદિ દિશા મધ્યે એવા મનુષ્યો પણ હોય છે. જેમકે - તેમને સાવધ આરંભ નથી, નિષ્કિંચન છે, ધર્મ વડે ચાલતા હોવાથી ધાર્મિક છે યાવત્ ધર્મ વડે જ પોતાનું જીવન ગુજારે છે તથા સુશીલ, સુવ્રતી, સુપ્રત્યાનંદી, સુસાધુ, સર્વથા પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહથી વિરમેલા છે તથા તેવા બીજા પ્રકારના સાવધ આરંભ યાવત્ અબોધિકારણ, તે સર્વેથી વિરત છે. ફરી બીજા પ્રકારે સાધુના ગુણોને દર્શાવતા કહે છે—

કેટલાંક ઉત્તમ સંહનન, ધૃતિ, બળયુક્ત અણગાર ભગવંતો હોય છે. તેઓ પાંચ સમિતિઓ વડે સમિત હોય છે ઇત્યાદિ વર્ણન આચારાંગ સૂત્ર સંબંધી પહેલા ઉપાંગ સૂત્ર "ઉવવાઈ"માં વર્ણવેલ છે. તે અહીં પણ તે જ ક્રમથી જાણી લેવું. - x - x - સર્વ શરીર પરિકર્મથી વિપ્રમુક્ત અર્થાત્ નિષ્પ્રતિકર્મશરીરા [તે સાધુ] રહે છે.

તે ઉગ્રવિહારી, પ્રવ્રજ્યા પર્યાયને પાળીને, અબાધારૂપ રોગાતંક ઉત્પન્ન થાય કે ન થાય [તો પણ] ભક્ત પ્રત્યાખ્યાન કરે છે. વધુ કેટલું કહીએ ? જે કારણથી લોઢાના ગોળા માફક નિરાસ્વાદ છે, તલવારની ધાર માફક કઠિન છે, તેવા શ્રમણભાવનું અનુપાલન કરે. તે માટે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નામક [મોક્ષમાર્ગ] આરાધીને અવ્યાહત, એક, અનંત મોક્ષના કારણરૂપ કેવલજ્ઞાનને પામે છે. કેવલજ્ઞાન પામીને સર્વ દુઃખથી મુક્તિરૂપ એવા મોક્ષને પ્રાપ્ત કરે છે.

કેટલાંક સાધુ એક જ અર્ચા-શરીર વડે એક જ ભવમાં સિદ્ધિમાં જનારા હોય છે. બીજાઓ તેવા પ્રકારના કર્મો બાકી હોવાથી તે કર્મવશ કાળ કરીને કોઈપણ

વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે, ત્યાં ઇન્દ્ર-સામાનિક-ત્રાયસ્ત્રિંશત્-લોકપાલ-આત્મરક્ષક-પર્ષદા-પ્રકીર્ણ એવી વિવિધ સમૃદ્ધિને પામે છે. આભિયોગિક કે કિલ્બિષિકાદિમાં ઉત્પન્ન થતા નથી. તેથી કહ્યું છે કે - x - મહાઋદ્ધિ આદિ સહિત દેવલોકમાં ઉત્પન્ન થાય છે તે દેવો આવા પ્રકારના થાય છે, તે દર્શાવે છે—

તે દેવો વિવિધ તપ-ચરણાદિ ઉપાર્જેલા શુભકર્મો વડે મહાઋદ્ધિ આદિ ગુણોયુક્ત હોય છે, ઇત્યાદિ સામાન્ય ગુણ વર્ણન છે. તેમાં હારથી શોભતું વક્ષસ્થળ ઇત્યાદિ, આભરણ-વસ્ત્ર-પુષ્પ-વર્ણક, ફરી અતિશય બતાવવા માટે દિવ્યરૂપાદિના પ્રતિપાદન કરતા કહે છે - દિવ્યરૂપવાળા યાવત્ દિવ્ય દ્રવ્યલેશ્યાયુક્ત દશે દિશામાં ઉદ્યોત કરતાં તથા પ્રભાસિત કરતા દેવલોકરૂપ શુભ ગતિ વડે શીઘ્રરૂપ કે પ્રશસ્ત વિહાયોગતિરૂપ કલ્યાણકારી ગતિ અને ઉત્કૃષ્ટ કે મધ્યમ સ્થિતિવાળા હોય છે.

તથા આગામી ભવે ભદ્રક, શોભન મનુષ્યભવરૂપ સંપદા પામીને તથા સદ્ધર્મ પામીને મોક્ષે જનારા થાય છે. આ સ્થાન આર્ય, એકાંતે સમ્યગ્ રૂપ-સુસાધુ છે એ રીતે બીજા ધર્મપક્ષ સ્થાનને કહ્યો.

● **સૂત્ર-૬૭૧ :-**

***હવે ત્રીજા મિશ્રપક્ષ સ્થાનનો વિભાગ કહે છે. આ મનુષ્યલોકમાં પૂર્વાદિ દિશામાં કેટલાંક મનુષ્યો રહે છે. જેવા કે - અલ્પેચ્છાવાળા, અલ્પારંભી, અલ્પ પરિગ્રહી, ધાર્મિક, ધર્માનુગ યાવત્ ધર્મ વડે જ જીવન ગુજારનારા હોય છે. તેઓ સુશીલ, સુવ્રતી, સુપ્રત્યાનંદી, સાધુ હોય છે. એક તરફ તેઓ જાવજ્જીવ પ્રાણાતિપાતથી વિરત, બીજી તરફ અવિરત યાવત્ જે તેવા પ્રકારના સાવધ, અબોધિક, બીજાના પ્રાણોને પરિતાપકર્તા છે માટે તેઓ કિંચિત્ અપ્રતિવિરત છે [અર્થાત્ દેશવિરત-દેશઅવિરત છે.]***

***કેટલાંક શ્રમણોપાસકો જીવ-અજીવ સ્વરૂપના જ્ઞાતા, પુણ્ય-પાપને જાણતા, આસવ-સંવર-વેદના-નિર્જરા-ક્રિયા-અધિકરણ-બંધ-મોક્ષના જ્ઞાનમાં કુશળ હોય છે. તેઓ અસહાય હોવા છતાં દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ, મહોરગ આદિ દેવગણોથી તેઓ નિર્ગ્રન્થ પ્રવચનથી ચલિત કરાવાઈ શકાતા નથી.***

***તે શ્રાવકો નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ હોય છે. તેઓ લબ્ધાર્થ, ગૃહિતાર્થ, પુચ્છિતાર્થ, વિનિશ્ચિતાર્થ, અભિગતાર્થ, અસ્થિમજ્જાવત્ ધર્માનુરાગી હોય છે. તેઓ કહે છે - આ નિર્ગ્રન્થ પ્રવચન જ સાર્થક, પરમાર્થ છે, બાકી અનર્થક છે. તેઓ સ્ફટિકવત્ સ્વચ્છ હોય છે. તેમના દ્વાર ખુલ્લા રહે છે, અંતપુર કે પરગૃહ પ્રવેશના ત્યાગી છે, ચૌદશ-આઠમ-પૂનમ-અમાસમાં પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પાળનારા, શ્રમણ-નિર્ગ્રન્થોને પ્રાસુક એષણીય અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય વડે, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક, ઔષધ, ભૈસજ, પીઠફલક, શય્યા, સંથારગ વડે પ્રતિલાભિત કરતા ઘણાં શીલ-વ્રત-ગુણ-ત્યાગ-પચ્ચક્ખાણ-પૌષધોપવાસ વડે સ્વીકૃત તપોકર્મ વડે આત્માને ભાવતા વિચરે છે.***



***તેઓ આવા પ્રકારનું જીવન જીવતા ઘણાં વર્ષો શ્રાવકપર્યાય પાળે છે, પાળીને અબાધા ઉત્પન્ન થાય કે ન થાય ઘણાં ભક્તપચ્ચક્ખાણ કરે છે, કરીને અનશન વડે ઘણાં ભોજનનો છેદ કરે છે. છેદીને આલોચના તથા પ્રતિક્રમણથી સમાધિ પામીને મૃત્યુ અવસરે મરીને કોઈ દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થાય છે. તે આ રીતે - મહાઋદ્ધિ, મહાદ્યુતિ યાવત્ મહાસુખ પામે છે. યાવત્ બધું પૂર્વવત્ જાણવું. આ સ્થાન આર્ય યાવત્ એકાંત શ્રેષ્ઠ છે. આ ત્રીજા મિશ્રસ્થાનનો વિભાગ કહ્યો.***

***અવિરતિને આશ્રીને 'બાલ' કહે છે, વિરતિ આશ્રિત 'પંડિત' કહેવાય છે. વિરતાવિરત આશ્રિત 'બાલપંડિત' કહેવાય છે. તેમાં જે સર્વથા અવિરતિ છે, તે સ્થાન આરંભસ્થાન, અનાર્ય, યાવત અસર્વદુઃખ પ્રક્ષીણમાર્ગ છે, એકાંતમિથ્યા, અશોભન છે. તેમાં જે સર્વથા પાપોથી વિરત છે તે સ્થાન અનારંભ, આર્ય યાવત્ સર્વ દુઃખ ક્ષયનો માર્ગ છે, એકાંત સમ્યક્ છે. તેમાં જે વિરતાવિરત [દેશવિરત] સ્થાન છે તે આરંભ-નોઆરંભ સ્થાન છે, આ સ્થાન પણ આર્ય છે યાવત્ સર્વ દુઃખ ક્ષયનો માર્ગ છે તે એકાંત સમ્યક્ અને ઉત્તમ છે.***

● **વિવેચન-૬૭૧ :-**

હવે ત્રીજા 'મિશ્ર' નામના સ્થાનનો વિભાગ કહે છે - અહીં જો કે મિશ્રપણાને કારણે ધર્મ-અધર્મ બંનેનો સમાવેશ છે, તો પણ ધર્મના વિશેષપણાથી ધાર્મિકપક્ષમાં તેનો સમાવેશ થાય છે. *[સૂત્ર-૬૬૬ કરતા આ વ્યાખ્યા ભિન્ન જણાય છે, તે વિચારવું.]* કેમકે જેમાં ઘણાં ગુણો છે, તેમાં અલ્પ દોષ હોય તો બધાંને દૂષિત કરી શકતો નથી. જેમ ચંદ્રની ચાંદનીમાં કલંક વિઘ્ન કરતું નથી, ઘણાં પાણી મધ્યે મૃચ્છક પાણીને કલુષિત નથી કરતો તેમ અધર્મ પણ [થોડો હોય તો] ધર્મપક્ષ દુષિત ન થાય.

આ જગત્માં પૂર્વાદિ દિશામાં કેટલાક શુભકર્મી મનુષ્યો છે. જેવા કે - જેમને થોડા પરિગ્રહ-આરંભમાં અંતઃકરણની પ્રવૃત્તિ છે, તેવા ધાર્મિકવૃત્તિવાળા પ્રાયઃ સુશીલ, સુવ્રતી, સુપ્રત્યાનંદી, સાધુ હોય છે. તેઓ સ્થૂળનો સંકલ્પ લઈ પ્રતિનિવૃત્ત થાય છે અને સૂક્ષ્મ આરંભ આદિથી અવિરત રહે છે. આ રીતે બધાં વ્રતો સમજી લેવા. [જેમકે - સ્થૂળ પ્રાણાતિપાત વિરમણવ્રત ઇત્યાદિ].

આ રીતે સામાન્યથી નિવૃત્ત કહ્યા તેના વિશેષ ગુણો કહે છે - કોઈ સાવધ-નરકાદિગમન હેતુરૂપ કર્મસમારંભોથી, કોઈ યંત્રપીલન, નિર્લાંછન, ખેતી આદિથી નિવૃત્ત અને ક્રય-વિક્રયથી અનિવૃત્ત હોય છે. તેને વિશેષથી દર્શાવવા કહે છે. જેઓ વિશિષ્ટ ઉપદેશાર્થે શ્રમણોની ઉપાસના કરે છે, તે શ્રમણોપાસક છે, તેઓ શ્રમણોની ઉપાસનાથી જીવ-અજીવ સ્વભાવના જ્ઞાતા તથા પુન્ય-પાપનું સ્વરૂપ સમજનારા છે. *[અહીં સૂત્રની પ્રતિમાં વિવિધ સૂત્રો દેખાય છે, પૂર્વની ટીકા સાથે મળતા બધાં સૂત્ર પાઠો ન હોવાથી અમે એક સૂત્રપાઠને આધારે ટીકા લખી છે - તેમ ટીકાકાર શીલાંકાચાર્યજી જણાવે છે.]*

તે શ્રાવકો બંધ-મોક્ષના સ્વરૂપના જ્ઞાતા હોવાથી ધર્મથી ચલિત ન થતાં, મેરુ જેવા નિશ્ચલ અને આર્હત્ દર્શનમાં દૃઢ હતા. આ વિષય સહેલાઈથી સમજાય તે માટે

દૃષ્ટાંત-કથા કહે છે.

રાજગૃહ નગરમાં કોઈ એક પરિવ્રાજક વિદ્યા-મંત્ર-ઔષધિથી કાર્ય સિદ્ધ કરતો હતો. તે વિદ્યાદિ બળથી શહેરમાં ફરતા જે-જે રૂપાળી સ્ત્રીને જોતો તેનું-તેનું અપહરણ કરતો. તેથી નગરજનોએ રાજાને કહ્યું - હે દેવ ! રોજ નગરમાં કોઈ ચોરી કરે છે, સર્વસારભૂત સ્ત્રીને લઈ જાય છે. તે તમને ખબર નથી માટે જણાવીએ છીએ. હે દેવ ! કૃપા કરીને તે ચોર અને અમારી સ્ત્રીને શોધી કાઢો. રાજાએ તેમને આશ્વાસન આપી કહ્યું, તમે જાઓ, હું અવશ્ય તે દુરાત્માને પકડી લઈશ. જો પાંચ-છ દિવસમાં ચોર નહીં મળે તો હું જીવતો બળી મરીશ. રાજાની આ પ્રતિજ્ઞા સાંભળી તેને નમીને નાગરિકો ચાલ્યા ગયા.

રાજાએ વિશેષ કોટવાળો ગોઠવ્યા અને પોતે એકલો પણ તલવાર લઈને શોધવા લાગ્યો. ચોર મળતો નથી. રાજાએ હોંશિયારીથી શોધતા પાંચમે દિવસે ભોજન, તાંબુલ, ગંધ, માળા આદિ લઈને રાત્રિના નીકળેલ તે પરિવ્રાજકને જોયો. તેની પાછળ જઈને વૃક્ષના થડના પોલાણમાં થઈને ગુફામાં પ્રવેશેલા તેને મારી નાંખ્યો, બધી સ્ત્રીઓને છોડાવી.

તેમાં એક યુવાન સ્ત્રીને તે પરિવ્રાજકે ઔષધિથી એવી પરવશ કરેલી કે તે પોતાની પતિને ઇચ્છતી ન હતી. તેના પતિએ ઉપાય પૂછતાં જાણકારોએ કહ્યું કે પરિવ્રાજકના હાડકાં દૂધ સાથે ઘસીને તે સ્ત્રીને પાઓ તો તેનો આગ્રહ આ સ્ત્રી છોડી દેશે. તેના સ્વજનોએ તેમ કર્યું. જેમ જેમ ઉપાય કરતા ગયા તેમ-તેમ તેણીનો સ્નેહ દૂર થતો ગયો. પછી પોતાના પતિમાં ફરી રાગવાળી બની. તેમ પરિવ્રાજક પરત્વે અતિ અનુરક્ત તે સ્ત્રી જેમ બીજાને ઇચ્છતી ન હતી. તેમ શ્રાવકજન પણ સારી રીતે પોતાના આત્માને જૈનશાસનમાં ભાવિત કરે તો તેને ફેરવી શકાતો નથી. કેમકે તે સમ્યક્ત્વરૂપી ઔષધથી અત્યંત વાસિત થયેલો હોય છે.

ફરી પણ તે શ્રાવકના ગુણો કહે છે - સ્ફટિક જેવા નિર્મળ અંતઃકરણવાળા એવા તથા જૈનદર્શન પામવાથી સંતુષ્ટ થયેલા મનવાળા, જેમના દ્વારો ખુલા છે તેવા તથા બધા દર્શનવાળા માટે પણ જેમણે પોતાના દરવાજા ખુલ્લા રાખેલા છે. તેવા અને અજાણ્યા ધર્મદ્વેષીઓના ઘરનો ત્યાગ કરેલા, જેમ અંતઃપુરમાં બીજું કોઈ ન પ્રવેશે તેમ શ્રાવકોના હૃદયમાં મોહ કે પાપ ન પ્રવેશે તેવા. ઉદ્યુક્ત વિહારી સાધુને નિર્દોષ, એષણીય અશનાદિ વડે તથા પીઠફલક-શય્યા-સંથારા વડે નિત્ય પ્રતિલાભતા અને ઘણાં વર્ષો સુધી શીલવ્રત, ગુણવ્રત, પૌષધ, પ્રત્યાખ્યાનાદિ કરતા રહે છે.

આવા તે પરમશ્રાવકો લાંબો કાળ અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રતને આરાધતા, સાધુને ઔષધ, વસ્ત્ર, પાત્રાદિથી દાન કરતા, યથોક્ત યથાશક્તિ સદનુષ્ઠાન કરીને રોગાદિ કારણ હોય કે ન હોય તો પણ ભક્તપ્રત્યાખ્યાન કરી, આલોચના-પ્રતિક્રમણ થકી સમાધિ પ્રાપ્ત કરીને મૃત્યુ અવસરે મરણ પામીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

અહીં જીવ-અજીવાદિના જ્ઞાતા કહ્યું, તેમાં હેતુ અને હેતુવાળા બતાવ્યા છે. જેમકે - જીવ, અજીવ જાણે તે પુણ્ય-પાપ જાણે પુણ્ય-પાપ જાણે તે આશ્રવ-સંવર



જાણે. એ રીતે આગળ આગળ - x - જાણવું. તેને કોઈ પૂછે કે ન પૂછે તે શ્રાવકો આમ કહે કે - આ જૈનદર્શન જ મોક્ષ સાધક છે, બાકી અનર્થક છે. આ પ્રમાણે સ્વીકારીને તેમનું મન ધર્મ માટે ઉત્સાહી બને પછી સાધુધર્મ અને શ્રાવકધર્મ જાણીને - x - વિશેષથી અગિયાર પ્રતિમાને પાળતો આઠમ-ચૌદશ આદિમાં પૌષધોપવાસ પૂર્વક વિચરે. સાધુને નિર્દોષ આહાર આપે. છેવટના કાળે કાયાની સંલેખના કરી સંથારામાં શ્રમણભાવ ધારણ કરીને ભક્ત પ્રત્યાખ્યાન સ્વીકારી આયુક્ષય થતાં દેવરૂપે ઉત્પન્ન થાય. ત્યાંથી ચ્યવીને સારો મનુષ્યભવ પામીને, તે જ ભવે કે ઉત્કૃષ્ટથી સાત-આઠ ભવોમાં મોક્ષે જાય. માટે આ સ્થાન કલ્યાણ પરંપરાથી સુખનું કારણ છે. આર્ય છે. એ રીતે ત્રીજું ‘મિશ્ર’ સ્થાન કહ્યું.

ધાર્મિક, અધાર્મિક, તદુભયરૂપ સ્થાનો કહ્યા. હવે આ ત્રણે સ્થાનોને ઉપસંહારદ્વારથી સંક્ષેપમાં જણાવતા કહે છે - જે અવિરતિ-અસંયમરૂપ, સમ્યક્ત્વ અભાવથી મિથ્યાદૃષ્ટિની દ્રવ્યથી વિરતિ છે તે અવિરતિ જ છે. કેમકે તેમાં સારા-માઠાનો વિવેક નથી. માટે તે કૃત્ય બાળકના જેવું છે. તથા ‘વિરતિ’-પાપથી દૂર રહેનાર પંડિત કે પરમાર્થનો જ્ઞાતા ગણાય છે અને વિરતાવિરત તે બાલપંડિત જેવો છે. તે બધું પૂર્વવત્ કહેવું- x -

બાલ અને પંડિત પરસ્પર વિરુદ્ધ છે, છતાં સાથે કેમ કહ્યાં ? - x - જેમનામાં સર્વથા અવિરતિના પરિણામનો અભાવ છે. આ સ્થાન સાવધ-આરંભ સ્થાન આશ્રિત હોવાથી સર્વે અકાર્યો કરે છે. તેથી તે અનાર્ય સ્થાન છે યાવત્ - x - x - એકાંત મિથ્યારૂપ છે. તેમાં જે સમ્યક્ત્વપૂર્વકની વિરતિ છે તે સાવધ આરંભથી નિવૃત્ત અનારંભ સંયમરૂપ છે - x - તે આર્ય છે, સર્વ દુઃખના ક્ષયનો માર્ગ છે. તથા એકાંત સમ્યગ્ ભૂત છે. તે સાધુભૂત હોવાથી સાધુ છે. તેથી આ વિરતાવિરત નામક મિશ્ર સ્થાનવાળાને આરંભ-અનારંભરૂપ હોવાથી તેઓ પણ કથંચિત્ ‘આર્ય’ જ છે. પરંપરાએ સર્વ દુઃખના ક્ષયનો માર્ગ છે, તેથી એકાંત સમ્યગ્ભૂત અને શોભન છે.

આ પ્રમાણે - x - અધર્મપક્ષ, ધર્મપક્ષ તથા મિશ્રપક્ષ સંક્ષેપથી ત્રણે પક્ષનો આશ્રય લઈને કહ્યો. હવે આ મિશ્રપક્ષ ધર્મ અને અધર્મ બંને સાથે લેવાથી તેની મધ્યમાં વર્તે છે, તે દર્શાવે છે—

**• સૂત્ર-૬૭૨ :-**

***એ રીતે સમ્યગ્ વિચારતા આ પક્ષો બે સ્થાનમાં જ સમાવિષ્ટ થાય છે. ધર્મ અને અધર્મ, ઉપશાંત અને અનુપશાંત. તેમાં પહેલું સ્થાન ‘અધર્મપક્ષ’નો વિભાગ કહ્યો, તેમાં આ ૩૬૩-વાદીઓ છે. એમ કહ્યું છે. તે આ પ્રમાણે - ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, વિનયવાદી. તેઓ પણ પરિનિર્વાણનું પ્રતિપાદન કરે છે, મોક્ષને કહે છે, તેઓ પણ પોતાના શ્રાવકોને ઉપદેશ કરે છે, તેઓ પણ ધર્મ સંભળાવે છે.***

**• વિવેચન-૬૭૨ :-**

આ પ્રમાણએ સંક્ષેપથી કહેતા-સમ્યગ્ ગ્રહણ કરતાં બધાં ધર્મ-અધર્મ બે

સ્થાનમાં સમાઈ જાય છે. કેમકે જે ઉપશાંત સ્થાન તે ધર્મપક્ષસ્થાન છે અને અનુપશાંત સ્થાન તે અધર્મ પક્ષસ્થાન છે. તેમાં જે અધર્મપક્ષ પ્રથમ સ્થાન છે, તેમાં ૩૬૩-વાદીઓ છે, તેમ પૂર્વાચાર્યોએ કહ્યું છે. તેને સામાન્યથી દર્શાવે છે :- ક્રિયા-જ્ઞાનાદિરહિત એકલી ક્રિયાથી સ્વર્ગ તથા મોક્ષ મળે તેમ કહેનારા તે ક્રિયાવાદી. તે ફક્ત દીક્ષાથી મોક્ષ મળે છે, તેમ કહે છે, તેના ઘણાં જ ભેદો છે. તથા અક્રિયાવાદી કહે છે - ક્રિયા વિના જ પરલોક સાધી શકાય છે. અજ્ઞાનવાદી કહે છે - અજ્ઞાન જ શ્રેષ્ઠ છે. વિનયવાદી કહે છે - વિનય જ પરલોક સાધવા માટેનું પ્રધાન કારણ છે.

અહીં સર્વત્ર છટ્ઠી બહુવચનથી એવું જણાવે છે કે - ક્રિયાવાદીના ૧૮૦-ભેદ, અક્રિયાવાદીના-૮૪, અજ્ઞાનીના-૬૭, વિનયવાદીના-૩૨ ભેદ છે. તેમાં આ બધાં મૂળ ઉત્પાદકો તથા તેમના શિષ્યો બોલવામાં વાચાળ હોવાથી વાદી કહ્યા છે. તેઓનું ભેદ સંખ્યાદિ જ્ઞાન આચારાંગથી જાણવું.

તે બધાંએ જૈનધર્મ માફક મોક્ષ માનેલ છે. બાકીના રાગ-દ્વેષાદિ દ્વન્દ્વ શાંત થવાથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શના સ્વભાવથી દૂર પરમાર્થ સ્થાન ‘બ્રહ્મપદ’ નામક અબાધારૂપ પરમાનંદ સુખ સ્વરૂપ કહ્યું છે-તથા તે વાદીઓ પણ સંસારબંધનથી છૂટવા રૂપ મોક્ષને માને છે. નિરૂપાધિરૂપ કાર્યને નિર્વાણ કહે છે. તેનાથી મોક્ષનું કારણ ઉપાધિક કહ્યું.

હવે જેઓ આત્મા નથી માનતા, જ્ઞાનસંતતિવાદી છે, સંસારના નિબંધનરૂપ કર્મસંતતિના અભાવે મોક્ષનો વિચ્છેદ થાય છે, તો પણ તેઓ માને છે કે ઉપાદાન કારણના ક્ષયથી અને નવું ન ઉત્પન્ન થતાં સંતતિ છેદ થાય તે જ મોક્ષ છે. જેમ તેલ વાટને પહોંચે ત્યાં સુધી દીવો બળે, પણ તેના અભાવે દીવો બુઝાય તેમ નિર્વાણ છે. તેઓ કહે છે - જ્ઞાનસંતાન કે ક્ષણ પરંપરાને કંઈ થતું નથી. ફક્ત ન થવું એ મોક્ષ છે. જૈનાચાર્ય કહે છે - તેમનું આમ કહેવું એ મહામોહોદય છે-

કર્મ છે, તેનું ફળ છે, પણ તે કર્મના કર્તા કે ભોક્તાને માનતા નથી. આ રીતે આત્મા ન માનવા છતાં સંસાર અને મોક્ષને માને છે આ તેમની બુદ્ધિનું કેવું અંધપણું છે ? સાંખ્યમતવાળા કહે છે પ્રકૃતિના વિકારનો વિયોગ તે જ મોક્ષ છે. ઇત્યાદિ - x - x -

આ પ્રમાણે નૈયાયિક, વૈશેષિકાદિ સંસારનો અભાવ ઇચ્છવા છતાં મુક્ત થતાં નથી કેમકે તેઓ સમ્યગ્દર્શનાદિને માનતા નથી. *[અહીં તેમના મત સંબંધી શંકા-સમાધાન વૃત્તિમાં આપેલા છે, પણ તે અમારું કાર્યક્ષેત્ર ન હોવાથી નોંધ્યા નથી, માત્ર ‘મોક્ષ’ની માન્યતા એ પ્રસ્તુત ટીકાનો વિષય હોવાથી તેને નોંધેલ છે.]*

આ રીતે - x - નૈયાયિક, વૈશેષિક, - x - શાક્યો - x - સાંખ્યો - x - વૈદિકો - x - આદિ - x - અહિંસાને મોક્ષના મુખ્ય અંગપણે માનતા નથી, તે વાત હવે ખુલાસાથી કહે છે—

● **સૂત્ર-૬૭૩ :-**

*તે બધાં પ્રાવાદુકો - વાદીઓ [સ્વ-સ્વ] ધર્મના આદિકર છે, વિવિધ પ્રકારની બુદ્ધિ-અભિપ્રાય-શીલ-દૃષ્ટિ-રુચિ-આરંભ અને અધ્યવસાય યુક્ત છે.*



*તેઓ એક મોટા મંડલીબંધ સ્થાનમાં ભેગા થઈને રહ્યા હોય, ત્યાં કોઈ પુરુષ આગના અંગારાથી પૂર્ણ ભરેલ પાત્રને લોઢાની સાણસીથી પકડીને લાવે અને તે વિવિધ પ્રકારની પ્રજ્ઞા યાવત્ વિવિધ પ્રકારના અધ્યવસાય યુક્ત [પોત-પોતાના] ધર્મના આદિકર વાદીને આ પ્રમાણે કહે કે - હે પ્રાવાદુકો ! તમે આ બળતાં અંગારાવાળું પાત્ર એક-એક મુહૂર્ત હાથમાં પકડી રાખો, સાણસી હાથમાં ન લેશો, આગને બુઝાવશો નહીં કે ઓછી ન કરશો, સાધર્મિકો અને પરધર્મીઓની વૈયાવચ્ચ કરશો નહીં [અર્થાત્ તેમની સેવા લેશો નહીં], પરંતુ સરળ અને મોક્ષારાધક બનીને, માયા કર્યા વિના તમારા હાથ પ્રસારો.*

*આમ કહીને તે પુરુષ આગના અંગારોથી પુરી ભરેલી પાત્રીને લોઢાની સાણસીથી પકડીને તે પ્રાવાદુકો-વાદીના હાથ પર રાખે. તે સમયે તે [પોત-પોતાના] ધર્મના આદિકર પ્રાવાદુકો યાવત્ વિવિધ પ્રકારની પ્રજ્ઞા યાવત્ વિવિધ અધ્યવસાયયુક્ત છે, તેઓ પોતાના હાથ પાછા ખેંચી લેશે. ત્યારે તે પુરુષ તે સર્વે પ્રાવાદુકો કે જે ધર્મના આદિકર યાવત્ વિવિધ અધ્યવસાયોથી યુક્ત છે, તેમને આ પ્રમાણે કહેશે - અરે ઓ પ્રાવાદુકો! ધર્મના આદિકર યાવત્ વિવિધ એવા અધ્યવસાયથી યુક્તો! તમે તમારા હાથ પાછા કેમ ખેંચો છો? હાથ ન દાઝે તે માટે? દાઝે તો શું થાય? દુઃખ થશે તેમ માની હાથ પાછા ખેંચો છો? આ જ વાત બધાં પ્રાણી માટે સમાન છે, પ્રમાણ છે, સમોસરણ છે. આ જ વાત પ્રત્યેકને માટે તુલ્ય, પ્રત્યેકને માટે પ્રમાણ અને આને જ પ્રત્યેકને માટે સમોસરણ-સારરૂપ સમજો.*

*તેથી જે શ્રમણ, માહણ આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે - સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્ત્વોને હણવા જોઈએ, આજ્ઞાપિત કરવા જોઈએ, ગ્રહણ કરવા જોઈએ, પરિતાપવા-કલેશિત કરવા - ઉપદ્રવિત કરવા જોઈએ. તેઓ ભવિષ્યમાં છેદન-ભેદન પામશે યાવત્ ભવિષ્યમાં જન્મ-જરા-મરણ-યોનિભ્રમણ, ફરી સંસારમાં જન્મ-ગર્ભવાસ-ભવપ્રપંચમાં પડી મહાકષ્ટના ભાગી બનશે. તેમજ તેઓ—*

*— ઘણાં જ દંડન-મુંડન-તર્જન-તાડન-અંદુબંધન-યાવત્-ઘોલણના ભાગી થશે, તેમજ માતા-પિતા-ભાઈ-બહેન-પત્ની-પુત્ર-પુત્રી-પુત્રવધૂના મરણનું દુઃખ ભોગવશે. તેઓ દારિદ્ર, દૌર્ભાગ્ય, અપ્રિય સાથે સંવાસ, પ્રિયનો વિયોગ અને ઘણાં દુઃખ-દૌર્મનસ્યના ભાગી થશે. તેઓ આદિ-અંત રહિત-દીર્ઘકાલિક-ચતુર્ગતિક સંસાર કાંતારમાં વારંવાર પરિભ્રમણ કરશે, તેઓ સિદ્ધિ નહીં પામે, બોધ નહીં પામે યાવત્ સર્વ દુઃખોનો અંત નહીં કરે. આ [કથન બધાં માટે] તુલ્ય, પ્રમાણ અને સારભૂત છે. પ્રત્યેક માટે તુલ્ય-પ્રમાણ-સારભૂત છે.*

*તેમાં જે શ્રમણ, માહણ એમ કહે છે - યાવત્ - પ્રરૂપે છે કે - સર્વે પ્રાણી, સર્વે ભૂત, સર્વે જીવ, સર્વે સત્ત્વોને હણવા નહીં, આજ્ઞામાં ન રાખવા, ગ્રહણ ન કરવા, ઉપદ્રવિત ન કરવા [આ પ્રમાણે કહેનારા ધર્મી] ભવિષ્યમાં છેદન-ભેદન-યાવત્-જન્મ, જરા, મરણ, યોનિભ્રમણ, સંસારમાં ફરી આગમન, ગર્ભાવાસ,*

***ભવપ્રપંચમાં પડીને મહાકષ્ટના ભાગી બનશે નહીં. તેઓ ઘણાં દંડન-મુંડન યાવત્ દુઃખ દૌર્મનસ્યના ભાગી નહીં થાય. અનાદિ-અનંત, દીર્ઘકાલિક, ચતુરંત સંસાર કાંતારમાં વારંવાર પરિભ્રમણ નહીં કરે, તેઓ સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.***

● વિવેચન-૬૭૩ :-

બોલવામાં ચાલાક તે પ્રાવાદુક [વાદી], તેઓ ૩૬૩-ભેદ વાળા છે, પોતાના ધર્મના આદિકર છે, તે અને તેઓના શિષ્યો બધાં જુદા જુદા જ્ઞાનવાળા છે. આદિકર એટલે સ્વરુચિથી ધર્મ બતાવનારા છે, અનાદિના પ્રવાહવાળા નથી. - પ્રશ્ન - અરિહંતોને પણ આદિકર કહ્યા છે. તેનું શું? - ઉત્તર - સત્ય છે, પણ અનાદિ હેતુની પરંપરાથી અનાદિત્વ જ છે. અન્યધર્મીઓ સર્વજ્ઞપ્રણીત આગમનો આશ્રય ન લેવાથી બધાની મતિ અસમાન છે, તેથી તેમના જ્ઞાનમાં ભિન્નતા છે. તેથી તેમના અભિપ્રાયોમાં પણ ભિન્નતા છે. કેમકે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક વસ્તુમાં સાંખ્યમતવાળા પ્રગટ અને ગુપ્ત ભાવનો આશ્રય લઈને મુખ્ય પદાર્થને સત્યપણે માનીને તેઓએ નિત્ય પક્ષ સ્વીકાર્યો, શાક્યોએ - x - x - ક્ષણિકવાદ સ્વીકાર્યો, તેથી અનિત્ય પક્ષ માન્યો. નૈયાયિક, વૈશેષિકે - x - એકાંત નિત્ય - x - એકાંત અનિત્ય બંને માન્યા - x - ઇત્યાદિ.

તે અન્યતીર્થિકો વિવિધ શીલ-વ્રતવાળા હોવાથી તેમના અનુભવો ભિન્ન છે, તે રીતે તેમના દર્શન [મત] માં, રુચિમાં અને અધ્યવસાય-અંતઃકરણ પ્રવૃત્તિમાં પણ ભેદ છે. અહિંસા જે ધર્મનું પ્રધાન અંગ છે, તે તેમના અભિપ્રાય ભેદને કારણે એક સમાન નથી, સૂત્રકાર તેનું પ્રાધાન્ય દર્શાવવા કહે છે - તે સર્વે વાદીઓ પોતાના મતનું સ્થાપન કરવા એક પ્રદેશમાં મંડલીબંધરૂપે બેઠા છે.

આવી મંડળી પાસે કોઈ પુરુષ જઈને તેમને બોધ કરાવવા માટે બળતા અંગારાની ભરેલી લોઢાની પાત્રીને લોઢાની સાણસીથી પકડીને તેમની સામે મૂકીને કહે છે - ઓ વાદીઓ ! - x - આ અંગારા ભરેલું પાત્ર એકૈક મુહૂર્ત ઉપાડો. તેને સાણસાથી ન પકડશો, અગ્નિનું સ્તંભન ન કરશો. તમારા સાધર્મિક કે અન્યધર્મીને અગ્નિદાહ ઉપશમન માટે મદદ ન કરશો. માયા ન કરીને હાથ પ્રસારી, તેઓ હાથ પસારે, ત્યારે આ પુરુષ તેમના હાથમાં તે પાત્રી મૂકે ત્યારે દાઝવાના ભયે તેઓ હાથ પાછો ખેંચી લેશે. ત્યારે આ પુરુષ તેઓને કહેશે કે - તમે તમારા હાથ કેમ પાછા ખેંચી લો છો ? તેઓ કહેશે કે દાઝવાના ભયે.

તેનો પરમાર્થ એ છે કે - અવશ્ય અગ્નિથી દાઝવાના ભયે કોઈ અગ્નિ પાસે હાથ ન લઈ જાય, [તે વાદીને પૂછો કે] હાથ દાઝે તો તમને શું થાય ? - દુઃખ થાય. જો તમે દાહના દુઃખથી ડરો છો અને સુખ ઇચ્છો છો, તેમ સંસારમાં રહેલાં બધાં પ્રાણીઓ પણ એમ જ ઇચ્છે છે ત્યાં આત્મતુલ્ય ગણી વિચારો કે જેમ મને દુઃખ પ્રિય નથી તેમ બધાં પ્રાણીને દુઃખ પ્રિય નથી. આવું સમજીને અહિંસાને ધર્મમાં પ્રધાન માનવી. આ જ પ્રમાણ-યુક્તિ છે - સર્વ જીવોને પોતા સમાન માને તે પંડિત.

આ જ સમવસરણ-ધર્મ વિચાર છે કે જ્યાં સંપૂર્ણ અહિંસા છે તે જ પરમાર્થથી



ધર્મ છે આ પ્રમાણે જાણવા છતાં કેટલાંક શ્રમણ, બ્રાહ્મણો પરમાર્થને જાણતા નથી, તેઓ બોલે છે, બીજાને ઠસાવે છે, તથા આવા ધર્મની પ્રજ્ઞાપના કરે છે, પ્રાણીને પીડા કરવાના પ્રકારો વડે ધર્મ બતાવે છે કે - સર્વે પ્રાણીને દંડ આદિ વડે હણવા, પરિતાપવા, ધર્મને માટે કોશ ચલાવવા તથા શ્રાદ્ધ કાર્ય કરવા - x - યજ્ઞ માટે બસ્ત આદિ લાવવા, એ રીતે જે શ્રમણાદિ પ્રાણી-હિંસક ભાષા બોલે છે તેઓ ભવિષ્યકાળે ઘણાં જીવોના શરીર છેદન-ભેદનનો ઉપદેશ કરશે તથા તે સાવધભાષી થઈ ભવિષ્યમાં ઘણાં જન્મ-મરણાદિ પામશે.

તથા અનેક વખત ગર્ભમાં ઉત્પન્ન થઈ યોનિ દ્વારા જન્મવું પડશે. તથા સંસારના પ્રપંચમાં - x - ઉચ્ચ ગોત્ર વમીને, નીચ ગોત્ર કલંક ભાવવાળા થાય છે અને ભવિષ્યમાં થશે. તથા તેઓને દંડાદિ વડે ઘણાં શરીર સંબંધી દુઃખો ભોગવવા પડશે તે કહે છે - દંડ આદિ માર વડે શારીરિક દુઃખ, તથા તે નિર્વિવેકીને માતૃવધાદિ માનસિક દુઃખો તથા બીજા-અપ્રિયનો સંયોગ, પ્રિયનો વિયોગ, ધનનાશ આદિ દુઃખ-દૌર્મનસ્યનો ભાગી થાય છે. વધુ કેટલું કહેવું ?

ઉપસંહાર કરતા અતિ ભારે અનર્થ સંબંધને દર્શાવવા કહે છે - જેની આદિ નથી તે અનાદિ એટલે સંસાર. - x - x - જેનો છેડો નથી તે અપર્યંત - x - x - આવા અનાદિ અપર્યન્ત, દીર્ઘ-અનંત પુદ્‌ગલ પરાવર્તરૂપ કાળની સ્થિતિ. જેની ચાર ગતિ છે તે ચાતુર્ગતિક. તેવા સંસારરૂપી અટવીમાં - નિર્જળ, ભયયુક્ત-ત્રાણરહિત અરણ્યપ્રદેશ તે કાંતાર. આવા સંસાર કાંતારમાં વારંવાર પરાવર્તન થતા તેમાં જ ભમતો રહેશે. તેથી કહે છે - જે કારણથી તે પ્રાણીના હણનારા, કોઈ એવા સાવધ ઉપદેશથી - x - ઔદ્દેશિકાદિ આહાર-પરિભોગની અનુજ્ઞાથી એમ જાણવું કે તે કુપ્રાવચનિકો લોકના અગ્રભાગ રૂપે-મોક્ષને પ્રાપ્ત કરશે નહીં તથા તેઓ સર્વ પદાર્થોને જાણવારૂપ કેવળજ્ઞાન પામશે નહીં, આના દ્વારા જ્ઞાનાતિશયનો અભાવ દર્શાવ્યો. તથા આઠ પ્રકારના કર્મોથી મુક્ત થતા નથી. એના દ્વારા અસિદ્ધિ-અકૈવલ્યનું કારણ કહ્યું. પરિનિર્વાણ-આનંદ, સુખની પ્રાપ્તિ તેને ન પામે. એના દ્વારા સુખાતિશયનો અભાવ દર્શાવ્યો તથા તેઓ શરીર-મનના દુઃખોનો આત્યંતિક અંત કરી શકે નહીં, એના દ્વારા અપાય અતિશયનો અભાવ દર્શાવ્યો.

આ રીતે વિચારવું કે જેમ સાવધાનુષ્ઠાન પરાયણ, સાવધભાષી કુપ્રાવચનિકા મોક્ષે જતાં નથી, તેમ સ્વયૂથના [જૈનસાધુ] પણ ઔદ્દેશિકાદિ પરિભોગથી મોક્ષે જતા નથી. તેનું પ્રમાણ પ્રત્યક્ષ-અનુમાન આદિ છે. જેમકે પ્રત્યક્ષ પ્રમાણ-જીવહિંસા કરનાર, ચોર આદિ બંધનથી મુક્ત થતો નથી. તેમ બીજા પણ દુઃખી થાય છે. અનુમાનાદિ પણ એ રીતે વિચારવું. તથા આ જ સમવસરણ-આગમ વિચારરૂપ છે. તે પ્રત્યેક જીવને આશ્રીને ઘટાવવું, દરેક મતવાળાએ સમજવું અને બીજાને સમજાવવું કે હિંસા કરવાથી દુઃખ પામશે.

જેઓ તત્ત્વના જાણકાર છે, તેઓ પોતાના આત્માતુલ્ય સર્વે જીવોને માનીને અહિંસા પાલન કરતા આ પ્રમાણે બોલે છે કે - બધાં જીવો દુઃખના દ્વેષી અને સુખની

ઇચ્છાવાળા છે, માટે તેમને હણવા નહીં ઇત્યાદિ. તેમને પૂર્વોક્ત દંડન આદિ ભોગવવા ન પડે. યાવત્ તેઓને સંસાર કાંતારમાં ભટકવું પડતું નથી. આ રીતે ક્રિયાસ્થાનો કહ્યા.

હવે ઉપસંહાર કરવા માટે પૂર્વોક્ત કથન સંક્ષેપમાં કહે છે–

● **સૂત્ર-૬૭૪ :-**

***આ બાર ક્રિયાસ્થાનોમાં વર્તતા જીવો સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિર્વાણ યાવત્ સર્વ દુઃખનો અંત કર્યો નથી - કરતા નથી - કરશે નહીં. પરંતુ આ તેરમાં ક્રિયાસ્થાનમાં વર્તતા જીવો અતીત-વર્તમાન કે અનાગતમાં સિદ્ધ થયા છે, બુદ્ધ થયા છે, મુક્ત થયા છે, પરિનિર્વાણ પામે છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે. એ રીતે તે ભિક્ષુ આત્માર્થી, આત્મહિતકર, આત્મગુપ્ત, આત્મયોગી, આત્મપરાક્રમી, આત્મરક્ષક, આત્માનુકંપક, આત્મનિષ્ફેટક, આત્મા દ્વારા જ સમસ્ત પાપોથી નિવૃત્ત થાય છે, - તેમ હું કહું છું.***

● **વિવેચન-૬૭૪ :-**

આ બાર ક્રિયાસ્થાનોમાં અનુપશમરૂપ - અધર્મપક્ષ ગણેલ છે. તેથી તેમાં વર્તતા જીવો પૂર્વ કાળે સિદ્ધ થયા નથી, વર્તમાનમાં થતા નથી અને ભાવિમાં થશે નહીં. તથા બોધ પામ્યા નથી, પામતા નથી - પામશે નહીં, મુક્ત થયા નથી - થતા નથી - થશે નહીં, નિર્વાણ પામ્યા નથી - પામતા નથી - પામશે નહીં, દુઃખોનો અંત કર્યો નથી - કરતા નથી - કરશે નહીં.

હવે તેરમું ક્રિયાસ્થાન 'ધર્મપક્ષ' કહે છે. આ તેરમાં ક્રિયાસ્થાનમાં વર્તતા જીવો મોક્ષે ગયા છે - જાય છે - જશે યાવત્ સર્વ દુઃખોનો અંત કર્યો છે - કરે છે - કરશે. જે ભિક્ષુ પૌંડરીક અધ્યયનમાં કહ્યો છે તે બાર ક્રિયાસ્થાન વર્જક, અધર્મપક્ષ-અનુપશમનો ત્યાગી, ધર્મપક્ષે સ્થિતઆત્મા વડે કે આત્માથી ઉપશાંત થયેલો તે. જે બીજા અપાયોથી આત્માને રક્ષે છે તે આત્માર્થી-આત્મવાન્ કહેવાય છે.

અહિત આચારવાળા, ચોર આદિ આત્મવંત થતા નથી જે આ લોક પરલોકના અપાયોથી ડરે છે તે આત્મહિત કર્તા છે. જેનો આત્માગુપ્ત છે તે અર્થાત્ સ્વયં જ તે સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરે છે. આત્મયોગી તે આત્માના કુશલ મનપ્રવૃત્તિરૂપ છે - x - સદા ધર્મધ્યાને સ્થિત છે. તથા જે આત્માને પાપથી, દુર્ગતિગમનાદિથી જે રક્ષે તે આત્મરક્ષિત. દુર્ગતિગમન હેતુ છોડનાર - સાવદ્યાનુષ્ઠાનથી નિવૃત્ત. આત્મા દ્વારા જ અનર્થ પરિહાર વડે અનુકંપા કરે - શુભ અનુષ્ઠાન વડે સદ્ગતિમાં જનારો, આત્માને સમ્યગ્દર્શનાદિ અનુષ્ઠાન વડે સંસારરૂપ કેદમાંથી છોડાવે છે. તથા આત્માને અનર્થભૂત બાર ક્રિયાસ્થાનો થકી દૂર રહે અથવા આત્માને સર્વ અપાયોથી દૂર રાખે - સર્વે અનર્થોથી નિવૃત્ત થાય. આ ગુણો મહાપુરુષોમાં સંભવે છે.

શેષ પૂર્વવત્, નયોની વ્યાખ્યા પહેલાં પ્રમાણે જાણવી.

**શ્રુતસ્કંધ-૨ - અધ્યયન-૨- ''ક્રિયાસ્થાન''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ શ્રુતસ્કંધ-૨ અધ્યયન-૩ આહાર પરિજ્ઞા ❀

-- x -- x -- x -- x -- x -- x -- x --

● **ભૂમિકા :-**

બીજું અધ્યયન કહ્યું, હવે ત્રીજું આરંભે છે. તેનો સંબંધ આ છે - કર્મક્ષયાર્થે ઉદ્યત સાધુએ બાર ક્રિયાસ્થાન છોડીને તેરમું ક્રિયાસ્થાન સેવીને હંમેશાં ''આહારગુપ્ત'' થવું. ધર્મના આધારભૂત શરીરનો આધાર આહાર છે. તે મુમુક્ષુએ ઉદ્દેશકાદિ દોષરહિત લેવો, આ આહાર હંમેશા જોઈએ, આ સંબંધથી ''આહારપરિજ્ઞા'' અધ્યયન આવ્યું. તેના ચાર અનુયોગ દ્વારો છે. તેમાં આ અધ્યયન પૂર્વાનુપૂર્વીથી ત્રીજું અને પશ્ચાનુપૂર્વીમાં પાંચમું છે, અનાનુપૂર્વીથી અનિયત છે. અહીં અર્થાધિકારે આહાર શુદ્ધ છે કે અશુદ્ધ તે બતાવશે. નિક્ષેપ ત્રણ પ્રકારે છે - તેમાં ઓઘનિષ્પન્ન નિક્ષેપે અધ્યયન છે, નામનિષ્પન્ન નિક્ષેપે આહારપરિજ્ઞા એવું બે-પદનું નામ છે, તેમાં આહાર પદના નિક્ષેપા માટે નિર્યુક્તિકાર કહે છે–

**[નિ.૧૬૯ થી ૧૭૭-]** *૧૬૯ થી ૧૭૭ નિર્યુક્તિનો સંયુક્ત વૃત્યર્થ–*

આહાર પદનો નિક્ષેપ પાંચ પ્રકારે છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ. તેમાં નામ, સ્થાપનાને છોડીને ''દ્રવ્ય-આહાર'' કહે છે. દ્રવ્ય આહાર-સચિત્ત. આદિ ત્રણ ભેદે છે. તેમાં સચિત્તદ્રવ્યાહાર પૃથ્વીકાયાદિ છ ભેદે છે. તેમાં સચિત્ત પૃથ્વીકાય-મીઠું વગેરે રૂપ છે, અપ્કાય તે પાણી ઇત્યાદિ. આ પ્રમાણે મિશ્ર અને અચિત્ત પણ સમજી લેવું. વિશેષ એ કે - પ્રાયઃ અચિત્ત અગ્નિકાય મનુષ્ય આહારમાં લે છે - ગરમ ભાત વગેરે રૂપે જાણવા.

ક્ષેત્ર-આહાર-જે ક્ષેત્રમાં આહાર કરાય, ઉત્પન્ન થાય કે વ્યાખ્યાન થાય તે અથવા નગરના જે દેશમાંથી ધાન્ય, ઇંધનાદિનો ઉપભોગ થાય તે. જેમ કે - મથુરાની નીકટથી ખાવાની વસ્તુ મળે તે મથુરા આહાર ઇત્યાદિ - x -.

ભાવ-આહાર-ભૂખ લાગે ત્યારે ભક્ષ્ય આહારની વસ્તુ ખવાય તે ભાવાહાર. તેમાં પણ પ્રાયે આહારનો વિષય જીભને આધિન છે. તેથી તીખો, કડવો, કષાયેલો, ખાટો, ખારો, મીઠો એ છ રસ જાણવા. કહ્યું છે કે - રાત્રિભોજન તે તિખો યાવત્ મધુર ઇત્યાદિ જાણવો.

પ્રસંગે બીજું પણ લે છે - 'ખરવિશદ' ભક્ષ્ય છે. તેમાં પણ ગરમ ભાત યોગ્ય છે. ઠંડા નહીં. પાણી ઠંડુ જ લેવાય. શીતળતા એ પાણીનો મુખ્ય ગુણ છે. દ્રવ્યને આશ્રીને ભાવ આહાર કહ્યો. હવે આહારને આશ્રીને ભાવાહાર–

ભાવાહાર ત્રણ પ્રકારે થાય. આહારક પ્રાણી ત્રણ પ્રકારે આહાર લે છે. જેમકે - ઓજાહાર-તૈજસ શરીર, કાર્મણ શરીર સાથે રહીને જે આહાર લે તે, તેના વિના ઔદારિકાદિ શરીર ઉત્પન્ન ન થાય. કહ્યું છે. - તૈજસ, કાર્મણશરીર વડે જીવો આહાર લે પછી જ યાવત્ શરીરની નિષ્પત્તિ થાય. તથા–

ઓજાહારી સર્વે જીવો અપર્યાપ્તા છે. લોમાહાર શરીર પર્યાપ્તિ થયા પછીના

કાળે બાહ્ય ત્વચાની રોમરાજી વડે લેવાતો આહાર છે. મોઢા વડે ખવાય તે કવલાહાર છે. તે વેદનીયના ઉદય વડે ચાર સ્થાનો વડે આહાર સંજ્ઞા ઉદ્‌ભવે છે - કહ્યું છે - ચાર સ્થાને આહાર સંજ્ઞા ઉપજે - ડાબા કોઠાથી, ક્ષુધાવેદનીય કર્મોદયથી, મતિ [ઇચ્છા] થી અને તે વિષયના ઉપયોગથી.

આ ત્રણેનું એક જ ગાથા વડે વ્યાખ્યાન કરે છે - તૈજસ અને કાર્મણ શરીર વડે ઔદારિકાદિ શરીર થાય અને મિશ્રપણે જે આહાર લે તે ઓજાહાર છે. કોઈ આચાર્ય કહે છે - ઔદારિકાદિ શરીર પર્યાપ્તિ વડે થયેલ પણ ઇન્દ્રિય, આનપાન, ભાષા, મનઃપર્યાપ્તિથી અપર્યાપ્તક હોય અને શરીર વડે આહાર લે તે ઓજાહાર છે. ત્યારપછી ત્વચા-સ્પર્શનેન્દ્રિય વડે જે આહાર લેવાય તે લોમાહાર છે. પ્રક્ષેપાહાર તો મુખમાં કોળીયો લેવો તે પ્રસિદ્ધ છે.

હવે આ આહાર તેના સ્વામી વિશેષથી કહે છે - પૂર્વોક્ત શરીર વડે જે ઓજાહાર લે છે, તે સર્વે અપર્યાપ્તક જીવો જાણવા અર્થાત્ તેની બધી પર્યાપ્તિ પૂર્ણ થઈ નથી તેમ જાણવું. બીજી ગતિમાં જાય ત્યારે પ્રથમ ઉત્પત્તિ વિગ્રહ ગતિમાં હોય કે ન હોય તો પણ ઉત્પતિ દેશે તૈજસ કાર્મણ શરીર વડે જેમ ગરમ ઘી-તેલમાં પડેલો લોટ ઘી પીએ તેમ જીવ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. તે સમયથી પર્યાપ્તિ પુરી થાય ત્યાં સુધી ઓજાહાર કરે છે.

પર્યાપ્તક જીવોમાં કોઈ ઇન્દ્રિય પર્યાપ્તિથી પર્યાપ્ત કહે છે. કોઈ શરીર પર્યાપ્તિથી પર્યાપ્તક કહે છે, તેનાથી લોમાહાર લે છે. તેમાં સ્પર્શનેન્દ્રિય વડે તડકા વડે કે ઠંડા વાયુ અથવા પાણી વડે ગર્ભમાં જીવ પોષાય છે, તે લોમાહાર. પ્રક્ષેપ આહાર તો મુખેથી ખવાય ત્યારે પ્રક્ષેપાહાર, બાકીના સમયે તે ન હોય. પણ લોમાહાર તો વાયુ આદિના સ્પર્શથી સર્વદા હોય. તે લોમાહાર ચક્ષુ વડે દેખાતો નથી. તે પ્રાયઃ પ્રતિસમય વર્તી છે. પ્રક્ષેપાહાર તો પ્રાયઃ દેખાય છે. તે નિયતકાલિક છે. જેમકે દેવકુરુ-ઉતરકુરુમાં અષ્ટમભક્તાદિ આહાર છે. પણ સંખ્યેય વર્ષ આયુવાળાને પ્રક્ષેપાહાર અનિયતકાલિક છે.

હવે પ્રક્ષેપ આહાર કોણ કરે તે કહે છે - ફક્ત સ્પર્શનેન્દ્રિયવાળા પૃથ્વીકાયાદિ અને દેવ, નારકોને પ્રક્ષેપાહાર નથી. તેઓ પર્યાપ્તિ પુરી થતાં સ્પર્શનેન્દ્રિય વડે આહાર કરે છે, માટે લોમાહારા છે. તેમાં દેવો મનથી કલ્પિત શુભ પુદ્‌ગલો બધી કાયા વડે લેવાય છે. નારકોને અશુભ જ આવે છે. બાકીના ઔદારિક શરીરવાળા બેઇન્દ્રિયાદિ તિર્યંચ અને મનુષ્યોને પ્રક્ષેપાહાર છે. તેઓ સંસારમાં રહેલાને પ્રક્ષેપાહાર વિના નિભાવ ન થાય. કવલ આહાર જીભથી થાય છે. બીજા આચાર્ય કહે છે. જીભ વડે જે સ્થૂળ શરીરમાં ખવાય તે પ્રક્ષેપાહાર છે. પણ જે નાક, આંખ, કાન વડે પ્રાપ્ત થાય તે ધાતુરૂપે પરિણમે તે ઓજાહાર છે. ફક્ત સ્પર્શેન્દ્રિય વડે લઈ ધાતુરૂપે થાય તે લોમાહાર છે. હવે કાળ વિશેષને આશ્રીને 'અનાહારકતા' જણાવે છે—

વિગ્રહગતિમાં રહેલા, કેવલી સમુદ્‌ઘાત કર્તા, અયોગી, સિદ્ધો એ અણાહારક છે, બાકીના આહારક છે. તેનો કિંચિત્ અર્થ આ પ્રમાણે - ઉત્પત્તિકાળે વિગ્રહગતિમાં, કેવળીને લોકપૂરણકાળે સમુદ્‌ઘાત અવસ્થામાં, અયોગીને શૈલેશી અવસ્થામાં અને સિદ્ધોને અણાહારકત્વ હોય છે. શેષ જીવો આહારક છે. તેમાં સમશ્રેણિમાં ભવાંતરમાં



જાય તો અનાહારક નથી. જો એક સમય વક્રશ્રેણિમાં રહે તો પ્રથમ સમયે પૂર્વશરીરમાં રહીને આહાર લે, બીજા સમયે બીજા સ્થળે આહાર લે, દ્વિસમય વક્રગતિમાં ત્રણ સમયે ઉત્પત્તિ છે, તેમાં મધ્યમ સમયે અનાહારક, બીજા સમયે આહારક.

ત્રણ સમય વક્રગતિમાં ચોથા સમયે ઉત્પત્તિમાં વચ્ચેના બે સમય અનાહારક. ચતુસમય ઉત્પત્તિ કઈ રીતે? - x - પ્રથમ સમયે ત્રસનાડીમાં પ્રવેશે, બીજા સમયે ઉપર કે નીચે ગમન, ત્રીજા સમયે બહાર નીકળે, ચોથા સમયે વિદિશામાં ઉત્પન્ન થાય. પાંચ સમય ઉત્પત્તિમાં વચ્ચેના ત્રણ સમય અનાહારક છે, આદ્યન્ત સમયે આહારક છે-x -

કેવલી સમુદ્‌ઘાતમાં પણ કાર્મણશરીરથી ત્રીજા, ચોથા, પાંચમાં સમયે અનાહારક છે, બાકીના સમયે ઔદારિક શરીર સાથે મિશ્ર છે માટે આહારક.

- x - કેવલી પોતાના આયુક્ષયે સર્વ યોગ નિરોધ કરે ત્યારે પાંચ હ્રસ્વાક્ષર બોલાય તેટલો માત્ર કાળ છે, તે અનાહારક છે. સિદ્ધ જીવો તો શૈલેશી અવસ્થાના આદિ કાળથી અનંતકાળ પર્યન્ત અનાહારક છે.

હવે સ્વામી વિશેષ આશ્રયી વધુ ખુલાસો કરે છે - કેવલી સિવાયના સંસારી જીવો વિગ્રહગતિમાં એક કે બે સમય અનાહારક હોય છે. ઇત્યાદિ - x - તત્વાર્થ સૂત્રકારે અધ્યાય-૨ સૂત્ર-૩૧માં વિકલ્પે ત્રણ સમય અનાહારક કહ્યા છે. આનુપૂર્વીનો ઉદય પણ ઉત્કૃષ્ટથી વિગ્રહગતિમાં ચાર સમય કહ્યો છે. તે પાંચ સમયની ઉત્પત્તિમાં જ થાય. ભવસ્થ કેવળીને સમુદ્‌ઘાત વખતે - x - ત્રિસમય અનાહારક કહ્યા. સિદ્ધને આશ્રીને અનાહારકત્વ-તેઓ શૈલેશી અવસ્થાથી આરંભીને સંપૂર્ણ સિદ્ધકાળ પર્યન્ત અનાહારક હોવાથી સાદિ અનંતકાળ અનાહારક કહ્યા.

*[અહીં કેવલી-આહાર સંબંધી શંકા-સમાધાન વૃત્તિકારે નોંધેલ છે, અમે તેનો સંક્ષેપ રજૂ કરેલ છે, વિશેષ જાણવા તત્વાર્થ ટીકા જોઈ શકાય.]*

૦ શંકા-કેવળીને ઘાતીકર્મ ક્ષય થવાથી અનંતવીર્યત્વથી કવળ આહાર ન હોય કેમકે આહાર લેવા માટેના વેદનાદિ એકે કારણ તેમને ન હોય, જેમકે તેમને વેદનીયકર્મની પીડા નથી, વૈયાવચ્ચ કરવાની નથી, કેવળી હોવાથી ઈર્યાપથ દોષ નથી, સંયમ યથાખ્યાત ચારિત્રવાળું છે, આયુક્ષયનો ભય નથી, ધર્મચિંતા કરવાની નથી પછી કવલાહારની જરૂર શી ?

૦ સમાધાન-તમે આગમ જાણતા નથી, તત્વ વિચાર્યું નથી. આહારનું નિમિત્ત વેદનીય કર્મ તેમને છે જ, શું તેમનું શરીર બદલાઈ જાય છે ? કેવલી આહાર કરે કેમકે - પર્યાપ્તપણું છે, વેદનીય ઉદય છે, આહાર પચાવવા માટે તૈજસ શરીર છે, આયુષ્ય છે - x - ઘાતિકર્મ ક્ષયથી જ્ઞાન થાય છે તે સાચું પણ તે જ્ઞાન વેદનીયથી ઉત્પન્ન ભૂખને કઈ રીતે રોકે ? કે જેથી ભૂખ ન લાગે. વળી અનંતવીર્ય હોવા છતાં ક્ષુધા વેદનીયથી ઉત્પન્ન પીડા તો રહેજ છે. આહાર લેવાથી કંઈ બગડતું નથી ! આ આહાર આસક્તિથી નહીં, પણ આત્મશક્તિના આવિષ્કરણ માટે છે. કેવલીને સાતા ઉદય માફક અસાતા ઉદયનું નિવારણ પણ નથી, તે તો અંતર્મુહૂર્તે બદલાતી રહે છે. વળી તીર્થંકરને નામકર્મ બાંધેલ દેવને છ માસ સુધી અત્યંત સાતા વેદનીયનો ઉદય

છે, તે જેમ બાધાને માટે નથી તેમ કેવલીને ખાવાનું પણ નિવારણ થાય તેમ નથી. વળી ભૂખ લાગવી તે મોહનીયકર્મનો વિપાક નથી, પણ ભૂખના વિપાકના પ્રતિપક્ષની નિવૃત્તિ છે. - x - x - x - x - x - ક્ષુધા વેદનીય તો રોગ, ઠંડી, તાપની માફક જીવ પુદ્‌ગલ વિપાકીપણાથી વાસના દૂર કરવા માત્રથી ભૂખ દૂર ન થાય કેમકે ભૂખ મોહસંબંધી વિપાક નથી. ''જગત્ ઉપકારી તીર્થંકરને અનંતવીર્ય હોવાથી તૃષ્ણારહિત થયા પછી ખાવાની શું જરૂર છે ?'' એવો પ્રશ્ન જ નિરર્થક છે. છદ્મસ્થ અવસ્થામાં પણ તીર્થંકર વિશિષ્ટ વીર્યવાન્ જ હોય છતાં ખાય જ છે ને ? તે આહાર દીર્ઘકાળનું આયુ છે માટે શરીરના રક્ષણાર્થે જ લેવાનો છે.

આ ઉપરાંત કેવલીને વેદનીયકર્મના ઉદયમાં અગિયાર પરીષહો તો હોય જ છે. બાકીના અગિયાર જ્ઞાનાવરણીય આદિ જનિત જ દૂર થયા છે. તે મુજબ કેવલીને આહાર લેવાનું સિદ્ધ થાય છે. આ પરીષહોમાં ભૂખ, તરસ, ઠંડી, ગરમી, ડાંસ મચ્છર, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષધા, શય્યા, આક્રોસ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કાર-પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને દર્શન એ બાવીશ પરીષહો મુમુક્ષુએ સહન કરવાના છે. તેમાં જ્ઞાનાવરણથી ઉત્પન્ન તે પ્રજ્ઞા, અજ્ઞાન છે. દર્શન મોહનીયથી દર્શન છે, અંતરાયથી અલાભ પરીષહ છે. ચારિત્ર મોહનીયથી નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષધા, આક્રોશ, યાચના અને સત્કારપુરસ્કાર છે. આ અગિયાર પરીષહો કેવળીને ન હોય કેમકે તેના કારણભૂત કર્મોનો ક્ષય થયો છે. કારણના અભાવમાં કાર્યની ઉત્પત્તિ ન હોય. પણ બાકીના ૧૧-પરીષહો વેદનીયકર્મ હોવાથી વિધમાન છે. તે આ પ્રમાણે - ભૂખ, તરસ, ઠંડી, તાપ, ડાંસમચ્છર, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ. આ અગિયાર કેવલીને પણ વિધમાન છે તેથી કેવલીને ભૂખ સંભવે છે.

માત્ર અનંતવીર્યપણાથી તેઓ આકુળવ્યાકુળ ન થાય. વળી આ નિષ્ઠિતાર્થા નિષ્પ્રયોજન જ પીડા સહેતા નથી. તેમજ ''કેવળી હોવાથી તેમને ભૂખથી પીડા બાધા ન કરે'' એમ બોલવું પણ યોગ્ય નથી. - x - x - જેમ કેવલજ્ઞાન ઉત્પત્તિ પૂર્વે ખાવાનું સ્વીકાર્યુ છે, તેમ કેવળજ્ઞાન થયા પછી પણ તે જ ઔદારિક શરીર આહારાદિ વડે પોષવા યોગ્ય છે. પહેલા તીર્થંકરની અપેક્ષાએ દેશ ઉણ પૂર્વકોટિકાળ કેવળીની સ્થિતિ કહી છે. તો તેવાને સંભવિત આયુકાળમાં ઔદારિક શરીરના નિભાવ માટે પ્રક્ષેપાહાર પણ હોવો જોઈએ. કહે છે કે - તૈજસ શરીર વડે મૃદુ કરેલ લેવા યોગ્ય દ્રવ્યને સ્વપર્યાપ્તિ વડે પરિણમાવેલાને પરિણામના ક્રમ વડે ઔદારિક શરીરનું બંધારણ થાય છે, તે નિભાવવા વેદનીય કર્મોદયથી ભૂખ લાગે છે. આ બધી સામગ્રી કેવલીમાં સંભવે છે. તો પછી તે કેમ આહાર ન લે? - x - વળી ઘાતીકર્મ સાથે ભૂખને સંબંધ નથી -x-x -

આ રીતે સંસારમાં રહેલા જીવો વિગ્રહગતિમાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ત્રણ સમય, ભવસ્થ કેવલી સમુદ્‌ઘાતમાં ત્રણ સમય અને શૈલેશી અવસ્થામાં અંતર્મુહૂર્ત અનાહારક હોય છે. સિદ્ધના જીવો સાદિ અનંતકાળ અનાહારક છે. હવે પ્રથમ આહાર કયા શરીર વડે કરે છે, તે કહે છે - તેજ કે તેજમાં થયેલ તે તૈજસ





અને કાર્મણ શરીરથી આહાર કરે છે. આ તૈજસ-કાર્મણ શરીર સંસારભ્રમણ પર્યન્ત જીવને કાયમ રહે છે. આ બે શરીરો વડે બીજી ગતિમાં જતા જીવો પ્રથમ આહાર કરે છે. પછી ઔદારિક મિશ્ર કે વૈક્રિયમિશ્ર જે શરીર રચાય તેના વડે આહાર કરે છે. પછી ઔદારિક કે વૈક્રિય શરીર વડે આહાર કરે છે.

[નિ.૧૭૮-] હવે 'પરિજ્ઞા' પદનો નિક્ષેપ કરે છે. તેમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ચાર ભેદે પરિજ્ઞા કહી છે. તેમાં પણ નામ, સ્થાપના ગૌણ હોવાથી તેને છોડીને દ્રવ્ય પ્રતિજ્ઞા બતાવે છે - દ્રવ્યની કે દ્રવ્યથી પરિજ્ઞા તે દ્રવ્ય પરિજ્ઞા. તે મુખ્યતાએ સચિત્ત, અચિત્ત, મિશ્રભેદે ત્રણ પ્રકારે છે. ભાવ પરિજ્ઞામાં બે ભેદે-જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા. બાકીના નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્‌વ્યતિરિક્ત ભેદો ''શસ્ત્રપરિજ્ઞા'' અધ્યયન [આચારાંગમાં છે તે] મુજબ જાણવા. - હવે - x -સૂત્ર કહે છે—

● **સૂત્ર-૬૭૫** :- *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે છે.]*

***મેં સાંભળેલ છે, તે આયુષ્યમાન્ ભગવંતે આમ કહ્યું છે - આ પ્રવચનમાં ''આહારપરિજ્ઞા'' નામક અધ્યયન છે. તેનો અર્થ આ છે - આ લોકમાં પૂર્વાદિ દિશામાં સર્વત્ર ચાર પ્રકારના બીજકાયવાળા જીવો હોય છે - જેમકે - અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ. તે બીજકાયિક જીવોમાં જે જેવા પ્રકારના બીજથી, જે-જે અવકાશથી ઉત્પન્ન થવા યોગ્ય છે, તે-તે રીતે ઉત્પન્ન થાય છે. એ રીતે કેટલાંક બીજકાયિક જીવ પૃથ્વીયોનિક, પૃથ્વી સંભવ, પૃથ્વી વ્યુત્ક્રમ છે. તદ્‌યોનિક, તદ્‌સંભવા, તદ્‌વ્યુત્ક્રમ જીવ કર્મવશ થઈ કર્મના નિદાનથી ત્યાંજ વૃદ્ધિગત થઈ, વિવિધ યોનિવાળી પૃથ્વીમાં વૃક્ષપણે ઉત્પન્ન થાય છે.***

***તે જીવો તે વિવિધયોનિક પૃથ્વીની ચિકાશનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિ શરીરનો આહાર કરે છે. તે જીવ વિવિધ પ્રકારના ત્રસ-સ્થાવર જીવોના શરીરને અચિત્ત કરે છે. તે પૂર્વે આહારિત તે શરીરને વિધ્વસ્ત કરીને ત્વચા વડે આહાર કરીને સ્વશરીરરૂપે પરિણમાવે છે. તે પૃથ્વીયોનિક વૃક્ષના બીજા શરીરો પણ વિવિધ પ્રકારના - વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન સંસ્થિત તથા અનેકવિધ પુદ્‌ગલોના બનેલા હોય છે. તે જીવો કર્મોદય મુજબ ઉત્પન્ન થાય છે, એમ કહ્યું છે.***

● **સૂત્ર-૬૭૬** :- *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ વૃત્તિ સાથે છે.]*

***હવે તીર્થંકરશ્રી કહે છે કે - કોઈ જીવ વૃક્ષયોનિક, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિ પામે છે. એ રીતે તેમાં ઉત્પન્ન, તેમાં સ્થિત, તેમાં વૃદ્ધિગત જીવો કર્મને વશ થઈ, કર્મના કારણે જ ત્યાં વૃદ્ધિ પામી પૃથ્વીયોનિક વૃક્ષોમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે પૃથ્વીયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિ શરીરનો આહાર કરે છે. તે વિવિધ ત્રસ-સ્થાવર જીવોના શરીરને અચિત્ત કરે છે. તેઓ ધ્વસ્ત કરેલા, પૂર્વે આહારિત તથા ત્વચાથી આહારિત શરીરને વિપરિણામિત કરીને પોતાના સમાન સ્વરૂપમાં પરિણત કરે છે. તે વૃક્ષયોનિક વૃક્ષોના અનેક પ્રકારના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-વિવિધ સંસ્થાન***

*સંસ્થિત બીજા શરીર પણ હોય છે, જે અનેક પ્રકારના શરીર પુદ્‌ગલોથી વિકુર્વિત હોય છે. તે જીવ કર્મને વશ થઈને ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું છે.*

● **સૂત્ર-૬૭૭ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે છે.]*

*હવે તીર્થંકરશ્રી કહે છે કે - કેટલાંક જીવો વૃક્ષયોનિક, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિ પામે છે. તે વૃક્ષમાં ઉત્પન્ન, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિગત જીવો કર્મવશ થઈ, કર્મના કારણે વૃક્ષમાં ઉત્પન્ન થઈને વૃક્ષયોનિકમાં વૃક્ષપણે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વૃક્ષયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી-અપ્-વાયુ-તેઉ-વનસ્પતિ શરીરનો આહાર કરે છે. ત્રસ-સ્થાવર પ્રાણીના શરીરને અચિત્ત કરે છે, પરિવિધ્વસ્ત તથા પૂર્વે આહારિત, ત્વચાથી આહારિત શરીરોને પચાવીને પોતાના રૂપે પરિણત કરે છે. તે વૃક્ષયોનિક વૃક્ષોના શરીર વિવિધ વર્ણવાળા યાવત્ તે જીવો કર્મોને વશ થઈને ઉત્પન્ન થાય છે, એમ કહ્યું છે.*

● **સૂત્ર-૬૭૮ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે છે.]*

*હવે તીર્થંકરશ્રી વનસ્પતિ જીવોના બીજા ભેદ પણ કહે છે - કેટલાંક જીવ વૃક્ષયોનિક, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિ પામે છે. તે વૃક્ષમાં ઉત્પન્ન, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિગત જીવો કર્મને વશ, કર્મોના કારણે તેમાં ઉત્પન્ન થઈને વૃક્ષયોનિક વૃક્ષોમાં મૂળ-કંદ-સ્કંધ-ત્વચા-શાખા-પ્રવાલ-પત્ર-પુષ્પ-ફળ-બીજરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વૃક્ષયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે, તે જીવો પૃથ્વી યાવત્ વનસ્પતિ શરીરનો આહાર કરે છે. અનેકવિધ ત્રસ-સ્થાવર પ્રાણીના શરીરને અચિત્ત કરે છે. પરિવિધ્વસ્ત શરીરને યાવત્ પોતાના સમાન પરીણમાવીને તે વૃક્ષયોનિકના મૂલ-કંદ યાવત્ બીજોના બીજા પણ શરીર બનાવે છે, જે વિવિધ વર્ણ-ગંધ યાવત્ વિવિધ શરીર પુદ્‌ગલથી બનેલા હોય છે. તે જીવો કર્મને વશ ત્યાં ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું છે.*

● **સૂત્ર-૬૭૯ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે છે.]*

*હવે તીર્થંકરશ્રી વનસ્પતિના બીજા ભેદ પણ કહે છે - કેટલાંક જીવો વૃક્ષયોનિક, વૃક્ષસ્થિત, વૃક્ષમાં વૃદ્ધિ પામે છે. તે વૃક્ષમાં ઉત્પન્ન, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિગત જીવો કર્મને વશ, કર્મોના કારણે તેમાં ઉત્પન્ન થઈને વૃક્ષયોનિક વૃક્ષોમાં "અધ્યારૂહ"રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વૃક્ષયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિના શરીરનો આહાર કરી યાવત્ પોતાનારૂપે પરિણમાવે છે. તે વૃક્ષયોનિક અધ્યારૂહના બીજા પણ શરીરો વિવિધ વર્ણવાળા યાવત્ કહેલા છે.*

● **સૂત્ર-૬૮૦ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે આપેલ છે.]*

*હવે તીર્થંકરશ્રી કહે છે - કેટલાંક જીવો અધ્યારૂહ યોનિક, અધ્યારૂહ સ્થિત, અધ્યારૂહમાં જ વૃદ્ધિ પામે છે. યાવત્ કર્મોના કારણે ત્યાં ઉત્પન્ન થઈ વૃક્ષયોનિક અધ્યારૂહમાં અધ્યારૂહ વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વૃક્ષયોનિક અધ્યારૂહના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિ શરીરને યાવત્ સ્વરૂપે*



*પરિણમાવે છે. તે વૃક્ષયોનિક અધ્યારૂહના બીજા પણ શરીરો વિવિધ વર્ણવાળા યાવત્ કહેલા છે.*

● **સૂત્ર-૬૮૧ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે આપેલ છે.]*

*હવે તીર્થંકરશ્રી કહે છે - અહીં કેટલાક જીવો અધ્યારૂહ વૃક્ષયોનિક અધ્યારોહમાં સ્થિત યાવત્ કર્મોના કારણે ત્યાં ઉત્પન્ન થઈને અધ્યારૂહ વૃક્ષયોનિકમાં અધ્યારૂહપણે ઉત્પન્ન થાય છે. તે જીવો તે અધ્યારૂહયોનિકના અધ્યારૂહના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી, અપ્ આદિ શરીરનો આહાર કરીને યાવત્ સ્વરૂપે પરિણમાવે છે. બીજા પણ તે અધ્યારૂહયોનિક અધ્યારૂહના વિવિધ વર્ણવાળા શરીર યાવત્ કહ્યા છે.*

● **સૂત્ર-૬૮૨ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે આપેલ છે.]*

*હવે તીર્થંકરશ્રી કહે છે - કેટલાંક જીવો અધ્યારૂહયોનિક, અધ્યારૂહ સંભવ યાવત્ કર્મોના કારણે તેમાં ઉત્પન્ન થઈને અધ્યારૂહ યોનિકમાં અધ્યારૂહ મૂલ યાવત્ બીજરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો અધ્યારૂહયોનિક અધ્યારૂહ વૃક્ષના રસનો આહાર કરે છે યાવત્ બીજા પણ તે અધ્યારૂહયોનિક મૂલ યાવત્ બીજ આદિના શરીરો યાવત્ કહ્યા છે.*

● **સૂત્ર-૬૮૩ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે આપેલ છે.]*

*હવે તીર્થંકરશ્રી કહે છે - કેટલાંક જીવો પૃથ્વીયોનિક, પૃથ્વીમાં સ્થિત યાવત્ વિવિધ યોનિક પૃથ્વીમાં તૃણપણે ઉત્પન્ન થાય છે. તે જીવો વિવિધ યોનિક પૃથ્વીના રસનો આહાર કરે છે. યાવત્ તે જીવો કર્મને વશ ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું છે.*

● **સૂત્ર-૬૮૪ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે આપેલ છે.]*

*આ પ્રમાણે કેટલાંક જીવ તૃણોમાં તૃણરૂપે ઉત્પન્ન થાય છે, વગેરે.*

● **સૂત્ર-૬૮૫ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે આપેલ છે.]*

*એ પ્રમાણે તૃણયોનિકમાં તૃણપણે ઉત્પન્ન થાય છે. તૃણયોનિક તૃણ શરીરનો આહાર કરે છે. યાવત્ એમ કહ્યું છે. તથા તૃણયોનિક તૃણમાં મૂળ યાવત્ બીજપણે ઉત્પન્ન થાય છે. યાવત્ એમ કહ્યું છે. એ રીતે ઔષધિના પણ ચાર આલાપકો છે, હરિતના પણ ચાર આલાપક કહેલા છે.*

● **સૂત્ર-૬૮૬ :-**

*હવે તીર્થંકરશ્રી કહે છે - આ જગત્‌માં કેટલાંક જીવો પૃથ્વીયોનિક, પૃથ્વીમાં સ્થિત, પૃથ્વીમાં વૃદ્ધિ પામે છે. યાવત્ કર્મોના કારણે ત્યાં ઉત્પન્ન થાય છે. તે વિવિધ યોનિક પૃથ્વીમાં આય-વાય-કાય-કૂહણ-કંદુક-ઉપેહણી-નિર્વેહણી-સચ્છત્ર-છત્રગત-વાસણિક અને કુર નામક વનસ્પતિરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વિવિધ યોનિક પૃથ્વીના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિ શરીરનો આહાર કરે છે. યાવત્ બીજા પણ તે પૃથ્વીયોનિક આય યાવત્ કુર વનસ્પતિ શરીર જે નાના વર્ણવાળા યાવત્ કહ્યા છે. આ એક જ આલાવો છે, બીજા ત્રણ નથી.*

*હવે એવું કહે છે. કેટલાંક જીવો ઉદકયોનિક, ઉદક સ્થિત યાવત્ કર્મોના*

***કારણે ત્યાં ઉત્પન્ન થઈને વિવિધયોનિક ઉદકમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વિવિધયોનિક ઉદકના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિ શરીરનો આહાર કરે છે યાવત્ બીજા પણ તે ઉદકયોનિક વૃક્ષ શરીરો વિવિધ વર્ણના યાવત્ કહ્યા છે.***

***જેમ પૃથ્વીયોનિક વૃક્ષના ચાર ભેદ છે તેમ અધ્યારૂહના, તૃણના, ઔષધિના, હરિતના પ્રત્યેકના ચાર-ચાર આલાપકો કહેવા.***

***હવે કહે છે કે - કેટલાંક જીવો ઉદકયોનિક, ઉદકસ્થિત યાવત્ કર્મોના કારણે ત્યાં ઉત્પન્ન થઈને વિવિધયોનિક ઉદકમાં ઉદક-અવક-પનગ-સેવાળ-કલંબુક-હડ-કસેરુગ-કચ્છભાણિતક-ઉત્પલ-પદ્મ-કુમુદ-નલિન-સુભગ-સૌગંધિક-પૌંડરીક-મહાપૌંડરીક-શતપત્ર-સહસ્રપાત્ર-કલ્હાર-કોંકણક-અરવિંદ-તામરસ-ભિસ-મુણાલ-પુષ્કર-પુષ્કરાક્ષિભગરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો ત્યાં વિવિધયોનિક ઉદકના રસનો આહાર કરે છે, તે જીવો પૃથ્વી આદિ શરીરનો આહાર કરે છે યાવત્ બીજા પણ તે ઉદકયોનિક ઉદક-યાવત્ પુષ્કરાક્ષિભગ વિવિધ વર્ણાદિ શરીર યાવત્ કહ્યા છે.***

● **સૂત્ર-૬૮૭ :-** *[સૂત્ર-૬૭૫ થી ૬૮૭ની વૃત્તિ સાથે છે.]*

***હવે પછી કહે છે કે આ લોકમાં કેટલાંક જીવો-પૃથ્વીયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક મૂળ યાવત્ બીજોમાં, વૃક્ષયોનિક અધ્યારૂહમાં, અધ્યારૂહયોનિક અધ્યારૂહોમાં, અધ્યારૂહયોનિક મૂલ યાવત્ બીજોમાં, પૃથ્વીયોનિક તૃણોમાં, તૃણયોનિક તૃણોમાં તૃણયોનિક મૂલ યાવત્ બીજોમાં, એ રીતે ઔષધિના અને હરિતના ત્રણ-ત્રણ આલાવા છે. પૃથ્વીયોનિક આય, કાય યાવત્ કૂરમાં, ઉદક યોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક મૂલ યાવત્ બીજોમાં, એ રીતે અધ્યારૂહના, તૃણના, ઔષધિના, હરિતના ત્રણ-ત્રણ આલાવા છે. ઉદકયોનિક ઉદક-અવક યાવત્ પુષ્કરાક્ષિભગોમાં ત્રસ-પ્રાણરૂપે ઉત્પન્ન થાય છે.***

***તે જીવો તે પૃથ્વી-ઉદક-વૃક્ષ-અધ્યારૂહ-તૃણ-ઔષધિ અને હરિતયોનિક વૃક્ષોમાં વૃક્ષ, અધ્યારૂહ, તૃણ, ઔષધિ, હરિત, મૂલ, યાવત્ બીજ, આય-કાય યાવત્ કૂર, ઉદક-અવક યાવત્ પુષ્કરાક્ષિભગ વનસ્પતિના રસનો આહાર કરે છે, તે જીવો પૃથ્વી આદિના શરીરનો આહાર કરે છે, યાવત્ બીજા પણ તે મૂલ-કંદ યાવત્ બીજ યોનિક, આય-કાય યાવત્ કૂરયોનિક, ઉદક-અવક યાવત્ પુષ્કરાક્ષિભગ યોનિક ત્રસજીવોના નાના વર્ણાદિ શરીર યાવત્ [તીર્થંકરે] વર્ણવેલા છે.***

● **વિવેચન-૬૭૫ થી ૬૮૭ :-**

સુધર્માસ્વામી જંબૂસ્વામીને ઉદ્દેશીને કહે છે - તે આયુષ્યમાન્ ભગવંતે આ કહ્યું છે, તે મેં સાંભળેલ છે જેમકે - આ ‘‘આહારપરિજ્ઞા’’ અધ્યયન છે, તેનો આ અર્થ છે - પૂર્વાદિ દિશામાં, ઉંચે-નીચે અને ખૂણામાં એમ સર્વલોકમાં રહેનારને આશ્રીને ભાવદિશાઓના આધારરૂપ આ લોક છે. તેમાં ચાર ‘બીજ’ એ જ કાય છે, તે બીજના સમુત્પત્તિ ભેદ ચાર છે. તે આ પ્રમાણે - જેના અગ્ર ભાગે બીજ ઉત્પન્ન થાય તે - તલ, તાલી, સહકારાદિ કે શાલી આદિ અથવા અગ્રભાગ તે ઉત્પત્તિના



કારણરૂપે છે કોરંટ આદિ અગ્રબીજ છે. તથા મૂલબીજ તે આદુ વગેરે છે, પર્વબીજ તે શેરડી આદિ છે, સ્કંધબીજ તે સલ્લકી આદિ છે.

નાગાર્જુનીયા કહે છે - વનસ્પતિકાયને પાંચ પ્રકારે બીજોત્પત્તિ છે. તે આ રીતે - અગ્ર, મૂલ, પોરુકખ, ખંધ, બીજરુહ. આ સિવાય છટ્ઠો એકેન્દ્રિય સંમૂર્છિમ બીજ પણ કહ્યો છે. જેમ વનમાં વિવિધ હરિત ઉદ્ભવે છે. તળાવમાં કમળો થાય છે. [હવે મૂળસૂત્રમાં આગળ કહે છે—]

તે ચાર પ્રકારની વનસ્પતિકાયના ઉત્પતિકારણ જે બીજ છે, તેનો તે બીજ સાથેનો સંબંધ છે. સારાંશ એ કે - શાલિના અંકુરાનું ઉત્પત્તિ કારણ શાલિબીજ છે. એ પ્રમાણે બીજે પણ જાણવું. બીજ જે સ્થાને વાવે તે ઉત્પત્તિ સ્થાન છે, અથવા ભૂમિ-પાણી-કાળ-આકાશ-બીજનો સંયોગ અવકાશાનુસાર ગ્રહણ કરવો. એ રીતે બીજ અને અવકાશ પ્રમાણે આ જગત્માં જે કોઈ સત્વ છે, તે તથાવિધ કર્મોદયથી વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે તે વનસ્પતિમાં ઉત્પન્ન થાય તો પણ પૃથ્વીયોનિક છે. અહીં પૃથ્વીને કારણરૂપે કહી કેમકે જો પૃથ્વીનો આધાર ન હોય તો બીજ ઉગી જ ન શકે. જેમ શેવાળ આદિનું ઉત્પત્તિ સ્થાન પાણી છે, તેમ વનસ્પતિના બીજને પૃથ્વીનો આધાર છે, પૃથ્વીમાં ઉત્પત્તિ સંભવે છે.

એવું કહેવા માંગે છે કે - તે તેમાં ઉત્પન્ન થાય છે, તેમ નહીં તેમાં રહે પણ છે. તથા પૃથ્વીમાં જ તેનું ફેલાવું તે પૃથ્વી-વ્યુત્ક્રમ છે અર્થાત્ પૃથ્વીમાં જ તેની ઉંચે જવારૂપ વૃદ્ધિ થાય છે. આ પ્રમાણે તેની ઉત્પત્તિ, સંભવ અને વૃદ્ધિ બતાવીને બીજું કહે છે - તેવું વનસ્પતિકાયમાં ઉત્પન્ન થવાના કર્મથી પ્રેરાઈને તે જ વનસ્પતિમાં - તે જ પૃથ્વીમાં જાય છે તે કર્મોપગ કહેવાય. તે-તે કર્મને વશ થઈ વનસ્પતિમાં જન્મીને ફરી તે જ વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. બીજે સ્થાને વાવીને કોઈ બીજા સ્થાને ઉત્પન્ન ન થાય. - x - x -

વળી તે જીવો કર્મના કારણે ખેંચાયેલા તે પૃથ્વીમાં અથવા વનસ્પતિકાયમાં ઉત્પન્ન થઈને વિવિધ યોનિમાં પૃથ્વીમાં કે છકાયોમાં ઉત્પત્તિ સ્થાનરૂપ સચિત્ત, અચિત્ત કે મિશ્રમાં છે. તેમાં કોઈ શ્વેત, કૃષ્ણાદિ વર્ણ, તિક્તાદિ રસ, સુરભિ આદિ ગંધ, મૃદુ-કર્કશાદિ સ્પર્શ ઇત્યાદિ ઘણાં પ્રકારની ભૂમિમાં વૃક્ષરૂપે વિવિધ રીતે ઉત્પન્ન થાય છે.

તે વનસ્પતિકાયના જીવો ત્યાં ઉત્પન્ન થઈને પૃથ્વીની ભીનાશને ચુસે છે, તે જ તેમનો આહાર છે, તે પૃથ્વીશરીરનો આહાર કરતા પૃથ્વીને પીડા આપતાં નથી. એ રીતે અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયમાં પણ જાણવું. અહીં પીડા અનુત્પાદને આ દૃષ્ટાંત છે - જેમ અંડજ જીવો માતાની ઉષ્ણતાથી વધે અને ગર્ભમાં આહાર લેવા છતાં માતાને બહુ પીડા કરતા નથી. એમ આ વનસ્પતિકાયિક પૃથ્વીની ભીનાશ ચૂસવા છતાં, પોતે ઉત્પન્ન થવા છતાં બહુ પીડા કરતા નથી. ઉત્પન્ન થઈને વૃદ્ધિ પામતા અસદૃશ વર્ણ, રસાદિ યુક્ત હોવાથી થોડી બાધા ઉત્પન્ન પણ કરે છે.

એ રીતે જમીન કે આકાશમાં રહેલ પાણીને પીએ છે, તથા અગ્નિની ભસ્માદિ લે છે, વાયુ પણ ગ્રહણ કરે છે. વધું શું કહીએ ? વિવિધ ત્રસ-સ્થાવર પ્રાણીના જે

શરીર, ત્યાં ઉત્પન્ન થતાં પોતાની કાયા વડે તેને અચિત્ત કરે છે. અથવા જીર્ણ થયેલ પૃથ્વીકાયાદિ શરીરને કંઈક અચિત્ત અને કંઈક પરિતાપિત કરે છે. તે વનસ્પતિકાયના જીવો આ પૃથ્વીકાયાદિના તે શરીરને પોતે ઉપયોગમાં લે છે, તે પૃથ્વીકાયાદિ વડે ઉત્પત્તિ સમયે સ્વકાયરૂપે પરિણમાવેલ છે, તે વનસ્પતિજીવ ત્યાં ઉત્પન્ન થતા કે ઉત્પન્ન થઈને ત્વચા વડે આહાર લે છે, પછી સ્વ શરીરરૂપે પરિણાવે છે, પછી તે શરીરને સ્વકાય સાથે સ્વ-રૂપે મેળવી દે છે.

બીજા શરીરો પણ મૂળ, શાખા, પ્રશાખા, પત્ર, પુષ્પ, ફળાદિ છે, તે પૃથ્વીયોનિક વૃક્ષો વિવિધ વર્ણના છે, જેમકે - સ્કંધનો વર્ણ જુદો, મૂલનો જુદો એ રીતે છે. આ પ્રમાણે વિભિન્ન શરીર પુદ્ગલ ગ્રહણથી થાય છે. તેથી વિવિધ રસોના વીર્ય વિપાકવાળા જુદા જુદા પુદ્ગલો લઈને સુરુપ-કુરુપ સંસ્થાનવાળા, દૃઢ કે ઢીલું સંહનન, કૃશ કે સ્થૂલ સ્કંધ થાય છે. આ પ્રમાણે જુદા જુદા શરીરો વિકુર્વીને રહે છે.

કેટલાંક શાક્યાદિ વનસ્પતિ આદિ જીવો નથી તેમ કહે છે, તેના નિષેધ માટે કહે છે, તે વનસ્પતિમાં ઉત્પન્ન જીવો છે - અજીવ નથી. કેમકે ઉપયોગ જીવોનું લક્ષણ છે, તેમનામાં પણ આશ્રયથી ઉંચે જવું આદિમાં ઉપયોગ દેખાય છે. તથા વિશિષ્ટ આહારથી તેના શરીરની વૃદ્ધિ-હાનિ દેખાય છે - x - છેદેલી વધવાથી, છાલ ઉખેડતા નાશ થવાથી, આદિથી વનસ્પતિ જીવ છે, તે સિદ્ધ છે. - x - x - અરિહંતના મતને માનનારો વનસ્પતિના જીવત્વનો અસ્વીકાર ન કરે. - x - તે જીવો વનસ્પતિમાં તેવા કર્મોને લીધે ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે - એકેન્દ્રિય જાતિ, સ્થાવર નામ, વનસ્પતિ યોગ્ય આયુ વગેરે. તે કર્મોદયથી ત્યાં ઉત્પન્ન થયેલા કહેવાય છે, કાળ કે ઈશ્વરે મોકલેલ નહીં, એમ તીર્થંકરે કહેલ છે. આ રીતે પૃથ્વીયોનિક વૃક્ષો કહ્યા, હવે તેમાં બીજા જીવો ઉત્પન્ન થાય છે, તે કહે છે—

તીર્થંકરોએ આવું કહ્યું છે અથવા તે વનસ્પતિ સંબંધે બીજું પણ આવું કહ્યું છે કે - આ જગત્‌માં કેટલાંક જીવો તેવા કર્મોના ઉદયે વનસ્પતિ યોનિમાં જન્મે છે, અહીં જે પૃથ્વીયોનિક વૃક્ષોમાં કહ્યું, તે અહીં વૃક્ષયોનિક વનસ્પતિમાં પણ બધું કહેવું - યાવત્ - તીર્થંકરે કહેલ છે.

હવે વનસ્પતિના અવયવોને આશ્રીને કહે છે - હવે પછી જે કહ્યું તે દર્શાવે છે - આ જગત્‌માં કોઈક તેવા કર્મોદયવર્તી વૃક્ષયોનિક જીવો હોય છે. તેના અવયવના આશ્રિત હોવાથી તે પણ વનસ્પતિરૂપે બીજા જીવો જ ગણાય છે તથા મુખ્ય એક વનસ્પતિજીવ આખા વૃક્ષને વ્યાપીને રહેલો છે, તેના બીજા અવયવોમાં મૂળ, કંદ, સ્કંધ, છાલ, ડાળી, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજરૂપ દશ સ્થાનોમાં જીવો ઉત્પન્ન થાય છે, તે ત્યાં ઉત્પન્ન થતાં વૃક્ષયોનિક, વૃક્ષોદ્ભવ, વૃક્ષમાં વ્યુત્ક્રમેલા કહેવાય છે.

બાકી પૂર્વવત્ જાણવું.

અહીં પૂર્વે ચાર સૂત્રો કહેલાં છે, તે સૂત્રો આ પ્રમાણે જાણવા - [૧] વનસ્પતિ પૃથ્વી આશ્રિત છે, [૨] તેનું શરીર અપ્કાયાદિ શરીરનો આહાર કરે છે. [૩] તે વધીને આહાર કરેલું શરીર અચિત્ત અને નાશ કરીને પોતાનારૂપે બનાવે છે. [૪] બીજા પણ



પૃથ્વીયોનિક વનસ્પતિના શરીરો પોતે મૂળ, કંદ, સ્કંધ આદિ જુદા જુદા વર્ણવાળા થાય છે. તેમ અહીં પણ વનસ્પતિયોનિક વનસ્પતિના એવા જ વિષય બતાવનારા ચાર પ્રકારના સૂત્રો યાવત્ - x - કર્મોપપન્નક છે, સુધી સમજવા.

હવે વૃક્ષો પર ઉત્પન્ન વૃક્ષોને આશ્રીને કહે છે - આ પણ તીર્થંકરે કહેલું છે - કેટલાંક જીવો વૃક્ષયોનિક હોય છે જે પૃથ્વીયોનિક વૃક્ષો જ્યાં છે, તે વૃક્ષના ભાગરૂપે બીજા વૃક્ષો ઉત્પન્ન થાય છે, તે એક વનસ્પતિના મૂળથી આરંભ અને ઉપચયનું કારણ હોવાથી તે વૃક્ષયોનિક કહેવાય છે અથવા જે પૂર્વે મૂળ-કંદ આદિ દશ સ્થાનવર્તી કહ્યા તે વૃક્ષ યોનિક જાણવા. - x - કર્મોપાદાન કારણે ઉપર-ઉપર વધે છે, તે અધ્યારૂહ-વૃક્ષ ઉપર થયેલા વૃક્ષો કહેવાય છે. જેમકે વૃક્ષ પરની વેલ આદિ- x -.

તેને આશ્રીને બીજા વનસ્પતિકાય જીવો તે વૃક્ષયોનિક વૃક્ષોમાં ઉત્પન્ન થાય છે. અહીં પણ પૂર્વવત્ ચાર સૂત્રો જાણવા - [૧] વૃક્ષયોનિક વૃક્ષોમાં બીજાં અધ્યારૂહો ઉત્પન્ન થાય, [૨] તે ત્યાં ઉત્પન્ન થઈને સ્વયોનિભૂત વનસ્પતિનો આહાર કરે, તથા પૃથ્વી આદિ શરીરનો આહાર કરે, [૩] આહારિત શરીરને અચિત્ત, વિધ્વસ્ત કરી સ્વકાયરૂપે પરિણમાવે, [૪] તેમાં રહેલા બીજા અવયવોને વિવિધરૂપે બનાવે. આ બધાં જીવો ત્યાં સ્વકૃત્ કર્મોપપન્ના છે તેમ કહ્યું છે, આ પહેલું સૂત્ર.

બીજું આ છે - પૂર્વોક્ત વૃક્ષયોનિક વૃક્ષોમાં અધ્યારૂહ કહ્યા. તેના દરેક ભાગમાં વધીને પુષ્ટિ કરનારા વૃક્ષો પર ઉગેલી વનસ્પતિરૂપે જે ઉત્પન્ન થાય છે તે જીવો સ્વયોનિભૂત શરીરનો આહાર કરે છે. ત્યાં બીજા પણ પૃથ્વી આદિ શરીરનો આહા કરે છે. બીજા અધ્યારૂહસંભવા, અધ્યારૂહ જીવોનાં વિવિધ વર્ણ આદિના શરીરો બને છે.

ત્રીજું સૂત્ર આ પ્રમાણે - x - કટેલાંક જીવો અધ્યારૂહ સંભવમાં અધ્યારૂહ થઈને અધ્યારૂહપણે ઉત્પન્ન થાય છે. તે અધ્યારૂહયોનિક અધ્યારૂહ જે શરીરો છે તેને ખાય છે બીજા સૂત્રમાં વૃક્ષયોનિક અધ્યારૂહના જે શરીરો છે તેને બીજા અધ્યારૂહ જીવો ખાય છે. ત્રીજા સૂત્રમાં અધ્યારૂહયોનિક અધ્યારૂહ જીવોના શરીરો સમજાવા એટલું વિશેષ છે. આ ચોથું સૂત્ર આ પ્રમાણે - - x - કેટલાંક જીવો અધ્યારૂહયોનિક અધ્યારૂહ વૃક્ષોમાં મૂળ, કંદ, સ્કંધ આદિ દશરૂપે ઉત્પન્ન થાય છે. તે તેવા પ્રકારના કર્મોવાળા છે તેમ કહ્યું - x -.

હવે વૃક્ષ વ્યતિરિક્ત શેષ વનસ્પતિકાયને આશ્રીને કહે છે - x - કેટલાંક જીવો પૃથ્વીમાં ઉત્પન્ન થઈ, પૃથ્વીમાં સ્થિર થઈ, પૃથ્વીમાં વધે છે, વગેરે જેમ વૃક્ષમાં ચાર આલાવા કહ્યા, તેમ તૃણમાં પણ જાણવા. તે આ છે - વિવિધ પૃથ્વીયોનિમાં તૃણપણે ઉત્પન્ન થાય છે, પૃથ્વી શરીરને ખાય છે, બીજું પૃથ્વીયોનિકમાં તૃણમાં ઉત્પન્ન થઈ, તૃણ શરીરને ખાય છે. ત્રીજું તૃણયોનિક તૃણમાં ઉત્પન્ન થઈ તૃણયોનિક તૃણ શરીરને ખાય છે. ચોથું તૃણયોનિક તૃણ અવયવોમાં મૂળ આદિ દશ પ્રકારે ઉત્પન્ન થઈ તૃણ શરીરને ખાય છે.

આ રીતે ઔષધિ આશ્રિત ચાર આલાવા કહેવા. વિશેષ કે ત્યાં 'ઔષધિ' શબ્દ કહેવો. એ રીતે 'હરિત' આશ્રિત ચાર આલાવા કહેવા. 'કુહણ'માં એક આલાવો

કહેવો, કેમકે કુહણ યોનિમાં બીજા જીવોની ઉત્પત્તિનો અભાવ છે. અહીં આ વનસ્પતિ વિશેષને લોક વ્યવહારથી જાણવા અથવા 'પ્રજ્ઞાપના' સૂત્રથી જાણવા. અહીં બધાં ભેદો પૃથ્વીયોનિકત્વથી પૃથ્વીને આશ્રીને કહ્યા. સ્થાવરકાયમાં વનસ્પતિનું સ્પષ્ટ ચૈતન્યલક્ષણ હોવાથી પહેલા બતાવ્યા. હવે અપ્‌કાયિક વનસ્પતિનું સ્વરૂપ કહે છે—

જિનેશ્વરે કહેલ છે કે - કેટલાંક જીવો તેવા કર્મોના ઉદયથી જેમની યોનિ ઉદક [પાણી] છે, તેમાં ઉત્પન્ન થાય છે, તેમાં સ્થિર થાય છે યાવત્ કર્મના કારણે તેની વૃદ્ધિ થાય છે. તે કર્મવશ વિવિધ ઉદકયોનિમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. જે જીવો ઉદકયોનિક વૃક્ષરૂપે ઉત્પન્ન થાય તે ઉદક શરીરને ખાય છે. તે સિવાય પૃથ્વીકાયાદિ શરીરને ખાય છે. બાકી પૂર્વવત્.

જેમ પૃથ્વીયોનિક વૃક્ષોના ચાર આલાવા છે, તેમ ઉદકયોનિક વૃક્ષોના પણ ચાર આલાવા છે. પણ તે વૃક્ષો પર ઉત્પન્ન વૃક્ષનો એક જ આલાવો જાણવો. કેમકે ઉદકાકૃતિ વનસ્પતિ શેવાળ આદિ પર બીજા વૃક્ષ ઉગવા અસંભવ છે. આ ઉદકાશ્રિત વનસ્પતિમાં કલંબુક, હડ આદિ લોકવ્યવહારથી જાણવા. હવે બીજા પ્રકારે વનસ્પતિ આશ્રીને ત્રણ આલાવા કહે છે—

પૃથ્વીયોનિક વૃક્ષો, વૃક્ષયોનિક વૃક્ષો તથા વૃક્ષયોનિક મૂલ આદિ થકી જે ઉત્પન્ન વનસ્પતિકાયિક જીવ જાણવા. આ પ્રમાણે વૃક્ષયોનિમાં અધ્યારૂહ તથા અધ્યારૂહયોનિક મૂલ વગેરેથી જીવો ઉત્પન્ન થાય છે આ રીતે અન્ય તૃણ આદિ અને ઉદકયોનિક પણ જાણવા.

આ રીતે પૃથ્વીયોનિક અને ઉદકયોનિક વનસ્પતિના ભેદોને બતાવીને તેના અનુવાદ વડે ઉપસંહાર કરતા કહે છે—

તે વનસ્પતિકમાં ઉત્પન્ન જીવો પૃથ્વીયોનિક તથા ઉદકવૃક્ષ અધ્યારૂહ તૃણ ઔષધિ હરિત યોનિક વૃક્ષો યાવત્ જે ચીકાશનો આહાર કરે છે તેમ કહ્યું છે. તથા ત્રસ પ્રાણીના શરીરને ખાય છે, તે પણ કહ્યું. એ રીતે વનસ્પતિકાયિકનું ચૈતન્ય સ્વરૂપ બતાવ્યું. બાકી પૃથ્વીકાયાદિ ચાર એકેન્દ્રિય હવે અનુક્રમે કહેશે. પણ વચ્ચે ત્રસકાયને કહે છે. તે નારક આદિ ચાર ભેદે છે. તેમાં નારકો અનુમાનથી સ્વીકારવા. જેમ-દુષ્કૃત કર્મના ફળ ભોગવનારા કેટલાંક છે, તે ગ્રહણ કરવા.

નારકોનો આહાર એકાંત અશુભ પુદ્‌ગલથી બનેલો છે, તેઓ ઓજાહાર કરે છે, પ્રક્ષેપાહાર નહીં. દેવો પણ બાહુલ્યેન અનુમાનગમ્ય છે. તેઓનો આહાર શુભ, એકાંત ઓજાહાર છે. તે આભોગ-અનાભોગ બંને રૂપે હોય. અનાભોગકૃત પ્રતિસમયવર્તી છે, આભોગકૃત જઘન્યથી એકાંતરે, ઉત્કૃષ્ટથી ૩૩,૦૦૦ વર્ષ છે. હવે મનુષ્યોનો આહાર કહે છે—

● **સૂત્ર-૬૮૮ :-**

***હવે તીર્થંકરશ્રી કહે છે કે - મનુષ્યો અનેક પ્રકારના છે. જેમકે - કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતર્દ્વીપજ તથા આર્ય, મ્લેચ્છ. તેઓ યથાબીજ, યથા અવકાશ સ્ત્રી-પુરુષના કર્મકૃત્ મૈથુનનિમિત્તથી યોનિમાં સંયોગાનુસાર ઉત્પન્ન થાય છે. ત્યાં તે બંનેના રસનો આહાર કરે છે. ત્યાં તે જીવ સ્ત્રી, પુરુષ કે નપુંસકપણે ઉત્પન્ન થાય છે. તે જીવો માતાની રજ અને પિતાનું વીર્ય, તે બંને પરસ્પર મળવાથી મલિન અને ઘૃણિત છે, તેનો પહેલા આહાર કરે છે. ત્યારપછી માતા જે અનેકવિધ વસ્તુનો આહાર કરે છે તેના એકદેશરૂપ ઓજાહાર કરે છે. ક્રમશઃ વૃદ્ધિ પામી પરિપક્વ બની, માતાની કાયાથી નીકળતા [જન્મતા] કોઈ સ્ત્રી, કોઈ પુરુષ, કોઈ નપુંસકપણે જન્મે છે. તે જીવ બાળકરૂપે માતાના દૂધ અને ઘીનો આહાર કરે છે. અનુક્રમે વૃદ્ધિ પામીને ભાત-અડદ તથા ત્રસ-સ્થાવર પ્રાણીનો આહાર કરે છે. તે જીવ પૃથ્વીશરીર આદિને યાવત્ પોતાના રૂપે પરિણમાવે છે. તે કર્મભૂમિજ આદિ મનુષ્યોના શરીર અનેક વર્ણવાળા હોય છે. એમ કહ્યું છે.***



● **વિવેચન-૬૮૮ :-**

પૂર્વે કહ્યું છે - જેમકે - આર્યો, અનાર્યો અને કર્મભૂમિજ, અકર્મભૂમિજ આદિ મનુષ્યોની વિવિધ યોનિકના સ્વરૂપને હવે બતાવે છે - તેમના સ્ત્રી, પુરુષ, નપુંસક એવા ત્રણ ભેદો છે. જે તેમનું બીજ-સ્ત્રીનું લોહી અને પુરુષનું વીર્ય, તે બંને પણ અવિધ્વસ્ત હોય, વીર્ય વધુ હોય તો પુરુષરૂપે અને લોહી વધુ હોય તો સ્ત્રીરૂપે અને બંને સમાન હોય તો નપુંસકરૂપે બાળક જન્મે છે. તથા જે જેનો અવકાશ-માતાની કુક્ષિઉદર આદિ છે. તેમાં પણ ડાબે પડખે સ્ત્રી અને જમણે પડખે પુરુષ તથા ઉભયાશ્રિત હોય તો નપુંસક થાય છે.

અહીં અવિધ્વસ્ત યોનિ, અવિધ્વસ્તબીજ એ ચાર ભાંગા છે. તેમાં પહેલાં ભાંગે જ બાળકની ઉત્પત્તિનો અવકાશ છે, બીજા ત્રણમાં નથી. અહીં સ્ત્રી-પુરુષને વેદોદય થતાં, પૂર્વ કર્મા લીધે સમાગમનો અભિલાષ-મૈથુનનો ઉદય થતાં - x - પરસ્પર સંયોગથી તે શુક્ર અને લોહી એકઠાં થતાં ત્યાં અનેક જંતુઓ તૈજસ-કાર્મણ શરીર સાથે - x - આવીને ત્યાં ઉત્પન્ન થાય છે. - x - x - સ્ત્રીની ઉંમર-૫૫-વર્ષની અને પુરુષની-૭૭-થતાં તેમની શક્તિ નાશ પામે છે. તથા ૧૨-મુહૂર્ત સુધી લોહી અને વીર્ય સચિત્ત રહે છે, પછી નાશ પામે છે. - x -

ત્યારપછી જીવો માતા-પિતાના રસનો આહાર કરી, સ્વકર્મ વિપાકથી સ્ત્રી, પુરુષ કે નપુંસક ભાવે ઉત્પન્ન થાય છે. સ્ત્રીની કુક્ષિમાં પ્રવેશીને ઉત્તરકાલે સ્ત્રીએ કરેલ આહારનો રસ ખાય છે. - x - એ રીતે તે જીવની અનુક્રમે નિષ્પત્તિ થાય છે. - x - આ ક્રમથી માતાનો આહાર અને ઓજથી મિશ્ર એવો લોમાહાર કરે છે. એ રીતે અનુક્રમે વૃદ્ધિ પામીને ગર્ભ પરિપક્વ થતાં માતાની કાયાથી છૂટો પડીને [યોનિ વાટે બહાર] નીકળે છે. તે તથાવિધ કર્મોદયથી કોઈ સ્ત્રીપણે, કોઈ પુરુષપણે, કોઈ નપુંસકપણે ઉત્પન્ન થાય છે. કહે છે કે - સ્ત્રી, પુરુષ કે નપુંસક ભાવ પ્રાણીના સ્વકૃત્ કર્મ નિર્વર્તિત છે. જે જેવા આ ભવે છે, તે તેવો જ થાય તેવો નિયમ નથી.

તે તાજો જન્મેલો બાળ પૂર્વભવના અભ્યાસથી આહારેચ્છાથી માતાના સ્તનનું દૂધ પીએ છે. તે આહારથી વૃદ્ધિ પામીને - x - માખણ, દહીં, ભાત યાવત્ અડદ ખાય છે. તથા મોટા થતાં [કોઈ] ત્રસ-સ્થાવર પ્રાણીનો પણ આહાર કરે છે. તથા

વિવિધ પૃથ્વી શરીર એવા સચિત્ત કે અચિત્ત લવણાદિને ખાય છે. તેને સ્વરૂપે પરિણમાવીને રસ, લોહી, માંસ આદિ સાત ધાતુરૂપે સ્થાપે છે. બીજા પણ વિવિધ મનુષ્ય શરીરો વિવિધ વર્ણાદિના હોય છે. તે તદ્‌યોનિક વિવિધ વર્ણના શરીરનો આહાર કરે છે. એમ કહ્યું છે. આ રીતે ગર્ભવ્યુત્ક્રાંતિ જ મનુષ્યો કહ્યા. હવે સંમૂર્ચ્છનજ મનુષ્યો કહેવા જોઈએ. પણ વચ્ચે જળચર જીવો કહે છે—

● સૂત્ર-૬૮૯ :-

*હવે તીર્થંકરશ્રી કહે છે - પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચર કહે છે - જેમકે - મત્સ્ય યાવત્ સુંસુમાર. તે જીવ પોતાના બીજ અને અવકાશ મુજબ સ્ત્રી-પુરુષના સંયોગથી યાવત્ તે ઓજાહાર કરે છે. અનુક્રમે વૃદ્ધિ પામી, પરીપક્વ થતા કાયાથી છૂટા પડીને કોઈ અંડરૂપે, કોઈ પોતરૂપે જન્મે છે. જ્યારે તે ઇંડુ ફૂટે ત્યારે તે જીવ સ્ત્રી, પુરુષ કે નપુંસકરૂપે જન્મે છે. તે જીવ બાળપણે પાણીનો આહાર કરે છે. અનુક્રમે વૃદ્ધિ પામી તે જલચર વનસ્પતિકાય તથા ત્રસ-સ્થાવર જીવોનો આહાર કરે છે યાવત્ પૃથ્વી આદિ શરીર ખાય છે. તે જલચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોના બીજા પણ વિવિધ વર્ણાદિવાળા શરીરો હોય છે, તેમ કહ્યું છે.*

*હવે - x - વિવિધ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકને કહે છે. જેવા કે - એકખુર, દ્વિખુર, ગંડીપદ, સનખપદ. તેઓ પોતાના બીજ અને અવકાશ મુજબ સ્ત્રી-પુરુષના કર્મથી યાવત્ મૈથુન નિમિત્ત સંયોગથી ઉત્પન્ન થાય છે. તે બંનેના રસનો આહાર કરે છે. ત્યાં જીવ સ્ત્રી, પુરુષ કે નપુંસકપણે યાવત્ ઉત્પન્ન થાય છે. તે જીવો માતાની રજ અને પિતાનું શુક્ર ખાઈને યાવત્ સ્ત્રી, પુરુષ, નપુંસકપણે જન્મે છે. તે જીવ બાળપણે માતાનું દૂધ પીએ છે, અનુક્રમે વૃદ્ધિ પામી વનસ્પતિકાય અને ત્રસ-સ્થાવર જીવોને ખાય છે. પૃથ્વી આદિ શરીરને ખાય છે. તે ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક એક ખુર યાવત્ સનખપદ જીવોના વિવિધ વર્ણાદિ હોય છે, તેમ કહ્યું છે.*

*હવે - x - ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકને કહે છે, તે આ પ્રમાણે - સર્પ, અજગર, આશાલિક, મહોરગ. તેઓ પોતાના બીજ અને અવકાશ મુજબ સ્ત્રી-પુરુષના યાવત્ મૈથુનથી ઉત્પન્ન થાય છે. શેષ પૂર્વવત્. કોઈ અંડરૂપે, કોઈ પોતરૂપે જન્મે છે. તે ઇંડુ ફુટે ત્યારે કોઈ સ્ત્રી, પુરુષ કે નપુંસકરૂપે જન્મે છે. તે જીવો બાળરૂપે વાયુકાયનો આહાર કરે છે. અનુક્રમે મોટા થતાં વનસ્પતિકાય, ત્રસ-સ્થાવરજીવોને ખાય છે. પૃથ્વી આદિ શરીર ખાય છે. યાવત્ તે ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સર્પ યાવત્ મહોરગના શરીર વિવિધ વર્ણના કહ્યા છે.*

*હવે - x - ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહે છે. તે આ પ્રમાણે - ઘો, નોળીયો, સિંહ, સરડ, સલ્લક, સરવ, ખર, ગૃહકોકીલ, વિશ્વંભર, મૂષક, મંગુસ, પદલાતિક, બિડાલ, જોધ અને ચતુષ્પદ. તેઓ પોતાના બીજ અને અવકાશ મુજબ સ્ત્રી-પુરુષના સંયોગથી યાવત્ ઉરપરિસર્પ મુજબ જાણવું. યાવત્ સ્વ-રૂપે પરીણમાવે છે. બીજા પણ તેવા ભુજ પરિસર્પ પંચેન્દ્રિય સ્થલચર તિર્યંચ ઘો આદિ યાવત્ કહેલ છે.*

*હવે - x - ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહે છે. તે આ પ્રમાણે - ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્‌ગપક્ષી, વિતતપક્ષી. તેઓ પોતાના બીજ અને અવકાશ મુજબ યાવત્ ઉરપરિસર્પ મુજબ બધું જાણવું. તે જીવો બાળરૂપે માતાના શરીરના રસનો આહાર કરે છે. અનુક્રમે મોટા થઈને વનસ્પતિકાય અને ત્રસસ્થાવર પ્રાણીને ખાય છે. પૃથ્વી આદિ શરીરને ખાય છે - યાવત્ - બીજા પણ તેવા અનેક ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક - x - કહ્યા છે.*

● વિવેચન-૬૮૯ :-

હવે પછી કહે છે - x - તે આ પ્રમાણે - વિવિધ પ્રકારે જલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિકમાંના કેટલાંકના નામો કહે છે - જેમકે મત્સ્ય યાવત્ સુંસુમાર ઇત્યાદિ. તે માછલા, કાચબા, મગર, ગ્રાહ, સુંસુમાર આદિ છે. તે દરેકમાં જે જળચરનું બીજ હોય તથા જેના ઉદરમાં જેટલો અવકાશ હોય તે પ્રમાણે સ્ત્રી અને પુરુષના પૂર્વકર્મના સંબંધે યોનિમાં ઉપજે છે. તે ત્યાં રહીને માતાના આહારથી મોટો થઈને સ્ત્રી, પુરુષ, નપુંસકમાંથી કોઈ પ્રકારે ઉત્પન્ન થાય છે. તે જલચર જીવો ગર્ભથી નીકળે ત્યારપછી - યાવત્ - નાનો હોય ત્યારે અપ્‌કાયનો આહાર કરે છે. ક્રમથી મોટો થઈને વનસ્પતિકાય તથા બીજા ત્રસ-સ્થાવરનો આહાર કરે છે. યાવત્ પંચેન્દ્રિયનો પણ આહાર કરે છે - x - તથા તે જીવો કાદવ સ્વરૂપ પૃથ્વી શરીરનો આહાર કરી અનુક્રમે મોટા થાય છે. તે આહારિત દ્રવ્યને પોતાના સ્વરૂપે પરિણમાવે છે. બાકી સુગમ છે યાવત્ એમ કહેલું છે.

હવે સ્થલચરને આશ્રીને કહે છે - હવે પછી આ કહ્યું છે કે વિવિધ પ્રકારના ચતુષ્પદ છે તે આ પ્રમાણે - અશ્વ-ગધેડા આદિ એકખુરવાળા તથા ગાય-ભેંસ આદિ દ્વિખુરવાળા, હાથી-ગેંડો આદિ ગંડીપદ તથા સિંહ-વાઘ આદિ સ-નખપદવાળા. તે પુરુષના બીજ અને માતાના ઉદરના અવકાશ મુજબ સર્વ પર્યાપ્તિ પામીને ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થઈને માતાનું દૂધ પીએ છે, ક્રમે મોટા થતાં બીજાના શરીરનો પણ આહાર કરે છે. બાકી સુગમ છે. યાવત્ કર્મ-ઉપગત થાય છે.

હવે ઉરઃ પરિસર્પને આશ્રીને કહે છે - જે છાતી વડે ચાલે તેવા જીવો તે ઉરપરિસર્પ ઘણાં પ્રકારે છે. તે આ પ્રમાણે - સર્પ, અજગર આદિ. તેઓ બીજ અને અવકાશ વડે ઉત્પન્ન થઈ અંડજ કે પોતજ રૂપે ગર્ભથી નીકળે છે. તે નીકળીને માતાની ઉષ્મા અને વાયુનો આહાર કરે છે. તેઓ જાતિપ્રત્યય થકી તે જ આહાર વડે દૂધ આદિ વડે વૃદ્ધિ પામે છે. શેષ સુગમ છે.

હવે ભુજપરિસર્પને આશ્રીને કહે છે - જે ભુજા વડે સરકે છે, તે ભુજપરિસર્પ વિવિધ પ્રકારે છે. તે આ પ્રમાણે - ઘો, નકુલાદિ પોતાના કર્મોથી બીજ અને અવકાશ મુજબ ઉત્પન્ન થાય છે. તેઓ અંડજ કે પોતજ રૂપે ઉત્પન્ન થઈને માતાની ઉષ્મા અને વાયુનો આહાર કરીને મોટા થાય છે. બાકી સુગમ છે. યાવત્ - આમ જિનેશ્વરે કહ્યું છે.

હવે ખેચરને ઉદ્દેશીને કહે છે - વિવિધ પ્રકારના ખેચરોની ઉત્પત્તિ એ રીતે

જાણવી. તે આ પ્રમાણે - ચર્મપક્ષી તે ચર્મકીટ, વલ્ગુરી વગેરે તથા સારસ, રાજહંસ, કાગડા, બગલા આદિ રોમ પક્ષી તથા સમુદ્ગપક્ષી, વિતતપક્ષી જે બંને બહીર્દ્વીપવર્તી છે. તેઓ બીજ અને અવકાશ મુજબ ઉત્પન્ન થઈને આહાર ક્રિયા કરતા ઉત્પન્ન થાય છે. તે આ રીતે - તે પક્ષિણી તે ઇંડાને પોતાની પાંખોથી ઢાંકીને ત્યાં સુધી બેસે છે યાવત્ તે ઇંડુ તે ઉષ્માના આહારથી વૃદ્ધિને ન પામે અને કલલ અવસ્થા છોડીને ચાંચ વગેરે આકારવાળા બચ્ચારૂપે બહાર ન આવે, ત્યારપછી પણ માત્ર ચાંચ વડે ખવડાવતા આહારથી વૃદ્ધિ પામે છે. બાકી પૂર્વવત્. પંચેન્દ્રિય મનુષ્ય અને તિર્યંચો કહ્યા.

તે બંનેનો આહાર બે ભેદ છે - આભોગ અને અનાભોગ નિર્વર્તિત. તેમાં અનાભોગ નિર્વર્તિત પ્રતિક્ષણ ભાવી છે, આભોગ નિર્વર્તિત તે યથા સ્વં ક્ષુધાવેદનીયના ઉદય મુજબ છે. હવે વિકલેન્દ્રિય કહે છે—

● **સૂત્ર-૬૯૦ :-**

***હવે પછી તીર્થંકરશ્રી કહે છે - આ જગત્માં કેટલાંક જીવો વિવિધ પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થાય છે, સ્થિત રહે છે અને વૃદ્ધિ પામે છે. તેમાં ઉત્પન્ન સ્થિત અને વૃદ્ધિગત જીવ પોતાના પૂર્વકૃત્ કર્માનુસાર, કર્મોના કારણોથી તે યોનિઓમાં ઉત્પન્ન થઈને, વિવિધ પ્રકારના ત્રસ અને સ્થાવર પુદ્ગલોના સચિત્ત કે અચિત્ત શરીરોમાં ઉત્પન્ન થાય છે. તે જીવો અનેકવિધ ત્રસ-સ્થાવર પ્રાણીઓના રસનો આહાર કરે છે, તે જીવો પૃથ્વી આદિનો આહાર કરે છે યાવત્ બીજા પણ ત્રસ-સ્થાવર યોનિક અને તેના આશ્રિત વિવિધ વર્ણાદિવાળા શરીરો હોય છે. એમ કહ્યું છે.***

***એ જ પ્રમાણે તેમાં દુરૂપ જીવો સ્થિત હોય છે, ચર્મકીટક હોય છે.***

● **વિવેચન-૬૯૦ :-**

હવે આ પ્રમાણે કહે છે - આ સંસારમાં તેવા કર્મના ઉદયથી કેટલાંક વિવિધયોનિક જીવો પોતાના કર્મોના કારણે તે ઉત્પત્તિસ્થાનમાં આવીને અનેકવિધ ત્રસ-સ્થાવર સચિત્ત, અચિત્ત શરીરોમાં બીજા શરીરના આશ્રિત થઈને ઉત્પન્ન થાય છે. તે જીવો વિકલેન્દ્રિય છે, સચિત્તમાં મનુષ્ય આદિ શરીરોમાં જૂ, લીખ આદિ રૂપે ઉત્પન્ન થાય છે, તથા મનુષ્ય દ્વારા વપરાતા પલંગ આદિમાં માંકડ આદિ થાય છે અને અચિત્તમાં મનુષ્યાદિના મડદામાં અથવા વિકલેન્દ્રિયના શરીરોમાં તે જીવો પરનિશ્રાથી કૃમિ આદિ રૂપે ઉત્પન્ન થાય છે. વળી કેટલાંક અગ્નિકાયાદિ સચિત્તમાં 'મૂષિક' આદિ રૂપે થાય છે. "જ્યાં અગ્નિ ત્યાં વાયુ" એટલે તે વાયુમાં પણ ઉત્પન્ન સમજવા—

— તથા પૃથ્વીને આશ્રયે વર્ષાઋતુમાં ગરમીથી સંસ્વેદ થકી કુંથુઆ, કીડી આદિ થાય છે. પાણીમાં પોરા, ડોલ્લણક, ભ્રમરિકા, છેદનક આદિ ઉત્પન્ન થાય છે. વનસ્પતિકાયમાં ભ્રમર આદિ જન્મે છે. ઉક્ત સર્વે જીવો તે સ્વ-યોનિ શરીરનો આહાર કરે છે, તેમ કહ્યું છે.

હવે પંચેન્દ્રિયના મળ-મૂત્રમાં ઉપજતા જીવો બતાવે છે - પૂર્વોક્ત રીતે સચિત્ત, અચિત્ત શરીર નિશ્રાએ વિકલેન્દ્રિયો ઉપજે છે તથા તે મળ, મૂત્ર, ઉલટી આદિમાં બીજા જંતુઓ જન્મે છે, તે કૃમ્યાદિ વિરુપ હોવાથી "દુરૂપ" કહ્યા છે. તેવા કર્મોથી



ત્યાં ઉપજે છે. તેમાં વિષ્ઠાદિમાં ઉત્પન્ન થનારા કે થતા જીવો શરીરમાંથી નીકળે કે ત્યાં જ રહે, તેઓ પોતાના સ્થાનમાં વિષ્ઠાદિનો આહાર કરે છે. બાકી પૂર્વવત્ જાણવું.

હવે સચિત્ત શરીર આશ્રિત જીવોને બતાવે છે - જેમ મૂત્ર, વિષ્ઠાદિમાં જીવો ઉપજે છે તેમ તિર્યંચોના શરીરમાં ચર્મકીટકપણે જીવો ઉપજે છે. એવું કહેવા માંગે છે કે - જીવાતા ગાય, ભેંસાદિના ચામડીમાં સંમૂર્છિમ જીવો થાય છે, તે ત્યાં જ માંસ, ચામડાનું ભક્ષણ કરે છે. ચામડામાં કાણાં પાડે છે, તેમાંથી નીકળતા લોહીને તેમાં જ રહીને પીએ છે. તથા અચિત્ત [મૃત] ગાય આદિના શરીરમાં પણ [કીડા પડે છે] સચિત્ત-અચિત્ત વનસ્પતિ શરીરમાં પણ ઘુણ-કીટકો ઉત્પન્ન થાય છે. તે ત્યાં તેના શરીરનો આહાર કરે છે.

હવે અપ્કાયને બતાવવા તેના કારણભૂત વાયુને પણ બતાવે છે—

● **સૂત્ર-૬૯૧ :-**

***હવે પછી કહે છે - આ જગત્માં કેટલાંક અનેકવિધ યોનિક જીવો યાવત્ કર્મના નિમિત્તથી ત્યાં ઉત્પન્ન થાય છે. તે ત્રસ-સ્થાવર પ્રાણીના સચિત્ત કે અચિત્ત શરીરોમાં, અપ્કાય રૂપે ઉત્પન્ન થાય છે. તે શરીર વાયુથી બનેલ, વાયુથી સંગ્રહિત કે વાયુથી પરિગ્રહિત હોય છે. તે વાયુ ઉર્ધ્વવાયુ હોય તો ઉર્ધ્વભાગી, અધોવાયુ હોય તો અધોભાગી અને તિર્છોવાયુ તિર્છો જાય છે. તે અપ્કાય જીવો આ પ્રમાણે છે - ઓસ, હિમ, ધુમ્મસ, કરા, હરતણુ અને શુદ્ધોદક. તે જીવો ત્યાં અનેકવિધ ત્રસ-સ્થાવર પ્રાણીના રસનો આહાર કરે છે, પૃથ્વી આદિ શરીર પણ ખાય છે. યાવત્ આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.***

***હવે બતાવે છે કે - આ જગત્માં કેટલાંક જીવો ઉદકયોનિક, ઉદક સ્થિત યાવત્ કર્મના કારણે ત્યાં ત્રસ-સ્થાવર યોનિકોના ઉદકમાં ઉદકપણે [જળરૂપે] ઉત્પન્ન થાય છે. તે જીવો તે ત્રસસ્થાવર યોનિકના ઉદકની ચીકાશને ખાય છે. તે જીવો પૃથ્વી આદિ શરીરોને ખાય છે યાવત્ સ્વરૂપે પરિણમાવે છે. તે ત્રસ સ્થાવરયોનિક ઉદકોના અનેક વર્ણાદિ બીજા શરીર પણ હોય છે - એમ તીર્થંકરોએ કહ્યું છે.***

***હવે બતાવે છે કે - આ જગત્માં કેટલાંક ઉદકયોનિક જીવો - યાવત્ - કર્મના પ્રભાવથી ઉદકયોનિક ઉદકમાં ઉદકપણે ઉત્પન્ન થાય છે. તે જીવો તે ઉદકયોનિક ઉદકના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી શરીરનો આહાર કરે છે યાવત્ બીજા પણ ઉદકયોનિક ઉદક વિવિધવર્ણી શરીરવાળા હોય છે. તેમ કહ્યું છે.***

***હવે બતાવે છે કે - આ જગત્માં ઉદકયોનિક જીવો યાવત્ કર્મના કારણે તેમાં જન્મે છે. ઉદકયોનિક ઉદકમાં ત્રસ-જીવરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો ઉદકયોનિક ઉદકની ચીકાશનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિ શરીર ખાય છે. યાવત્ બીજા પણ ઉદકયોનિક ત્રસ જીવો વિવિધવર્ણી શરીરવાળા હોય છે. તેમ કહ્યું છે.***

● **વિવેચન-૬૯૧ :-**

હવે આ કહેવાનાર પૂર્વે જિનેશ્વરોએ કહેલું છે. આ જગત્માં કેટલાંક જીવો તેવા

કર્મોદયથી વિવિધ યોનિઓમાં યાવત્ કર્મનિદાનને લીધે વાયુ યોનિવાળા અપ્કાયમાં આવીને અનેક પ્રકારનાં દેડકાદિ ત્રસ તથા હરિત, લવણ આદિ સ્થાવર જીવોમાં સચિત્ત, અચિત્ત આદિ ભેદવાળા શરીરો ધારણ કરે છે. વાતયોનિક અપ્કાયમાં વાયુ વડે ઉપાદાન કારણથી [અપ્કાય જીવો] સારી રીતે ઉત્પન્ન થાય છે. તથા વાયુ વડે સમ્યક્ગૃહીત વાદળામાં રહે છે, વાયુ વડે અન્યોન્ય પાછળ ચાલનારા છે. ઉર્ધ્વગત વાયુ હોય તો અપ્કાય ઉંચે જાય છે, આકાશમાં ગયેલ વાયુના વશથી પાણી ત્યાં રહે છે. અધોગત વાયુમાં અપ્કાય [જલ] નીચે જતુ હોય છે. તથા તિર્છા જતા વાયુથી અપ્કાય પણ તિર્છું જાય છે અર્થાત્ વાતયોનિકપણાથી પાણી જ્યાં જ્યાં વાયુ પરિણમે ત્યાં ત્યાં તેના કાર્યભૂત એવું જળ પણ રહેલું હોય છે. હવે તેના ભેદોનો નામનિર્દેશ કરે છે—

ઓસ-ઝાકળ, હિમ-ઠંડીઋતુમાં વાયુથી આવતા હિમકણ, મહિકા એટલે ધુમ્મસ, કરા, ઘાસના અગ્રભાગે રહેલા જળકણ, શુદ્ધજળ.

આ ઉદકના વિચારમાં કેટલાંક જીવો ત્યાં ઉપજે છે. પોતાના કર્મને વશ ત્યાં ઉપજેલા તે જીવો વિવિધ ત્રસ-સ્થાવરોના પોતાને આધારરૂપ શરીરોની ભીનાશનો આહાર કરે છે. તે જીવો તેના શરીરનો આહાર કરે છે. અનાહારક હોતા નથી. બાકી સુગમ છે, પૂર્વ માફક કહેલું જાણવું.

આ રીતે વાતયોનિક અપ્કાય બતાવીને હવે પાણીમાં ઉપજતાં પાણીના જીવોને બતાવે છે. જિનેશ્વરે કહ્યું છે કે આ જગત્માં ઉદકના અધિકારમાં કેટલાંક જીવો તેવા કર્મોદયને વશ થઈ ત્રસ-સ્થાવર શરીરના આધારરૂપ ઉદકયોનિમાં જન્મે છે. ત્યાં સ્થિર થાય છે - યાવત્ કર્મના કારણે ત્યાં ઉત્પન્ન થઈને ત્રસસ્થાવર યોનિક ઉદકમાં બીજા ઉદકરૂપે ઉત્પન્ન થાય છે. તે ઉદક જીવો તે ત્રસસ્થાવર યોનિક ઉદકની ભીનાશ ખાય છે. બીજા પણ પૃથ્વી આદિ શરીરને ખાય છે. તે પૃથ્વી આદિ શરીરને ખાઈને સ્વરૂપે પરિણમાવીને આત્મસાત્ કરે છે. બીજા પણ ત્રસ સ્થાવર શરીરો રચે છે. તે ઉદકયોનિક ઉદકોના અનેકવિધ શરીરો છે - તેમ કહ્યું છે.

આ પ્રમાણે ત્રસ સ્થાવર શરીર સ્થિત ઉદકયોનિત્વ વડે બતાવીને હવે બધાં પ્રકારના અપ્કાયમાં ઉત્પન્ન અપ્કાયને કહે છે - x - આ લોકમાં ઉદક અધિકારમાં કેટલાંક જીવો સ્વકર્મના ઉદયથી ઉદકયોનિમાં ઉત્પન્ન થાય છે. તે ઉદક સ્થિત ઉદક જીવોના આધારભૂત શરીરોનો આહાર કરે છે. બાકી સુગમ છે. યાવત્ પૂર્વે કહેવાયું છે.

હવે ઉદકના આધારે થતાં પોરા વગેરે ત્રસ જીવોને કહે છે - x - કેટલાંક જીવો ઉદકમાં કે ઉદકયોનિના ઉદકમાં ત્રસ પ્રાણીપણે પોરા આદિપણે ઉપજે છે. તે ઉત્પન્ન થનારા કે ઉત્પન્ન થયેલા તે ઉદકયોનિક ઉદકની ભીનાશને ખાય છે. બાકી સુગમ છે. - x - હવે 'તેઉકાય' કહે છે—

**● સૂત્ર-૬૯૨ :-**

***હવે આગળ કહે છે - આ જગત્માં કેટલાંક જીવ વિવિધયોનિક છે યાવત્ પૂર્વ કર્મના કારણે તેમાં આવીને અનેકવિધ ત્રસસ્થાવર જીવોના સચિત્ત કે અચિત્ત શરીરોમાં અગ્નિકાય રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વિવિધ ત્રસસ્થાવર જીવોની ભીનાશને ખાય છે. તે જીવો પૃથ્વીશરીર આહારે છે. યાવત્ પરીણમાવે છે. તે ત્રસસ્થાવર યોનિક અગ્નિકાયના વિવિધ વર્ણાદિયુક્ત બીજા પણ શરીરો કહ્યા છે.***

***બાકીના ત્રણ આલાવા ઉદકના આલાવાવત્ જાણવા.***

***હવે આગળ કહે છે - આ જગત્માં કેટલાંક જીવો વિવિધયોનિક છે. યાવત્ પૂર્વકર્મના ઉદયથી તેમાં આવીને અનેકવિધ ત્રસ સ્થાવર જીવોના સચિત્ત કે અચિત્ત શરીરમાં વાયુકાયરૂપે ઉત્પન્ન થાય છે. બાકીનું વર્ણન અગ્નિકાયના ચાર આલાવા મુજબ જાણવું.***

**● વિવેચન-૬૯૨ :-**

હવે પછી કહે છે - આ સંસારમાં કેટલાંક જીવો તેવા પ્રકારના કર્મોદયથી વિભિન્ન યોનિવાળા પૂર્વજન્મના કર્મને લીધે, તે કર્મના પ્રભાવથી અનેકવિધ ત્રસ-સ્થાવર જીવોના સચિત્ત-અચિત્ત શરીરોમાં અગ્નિજીવરૂપે ઉપજે છે. જેમકે - પંચેન્દ્રિય તિર્યંચ હાથી કે પાડાના પરસ્પર યુદ્ધમાં દાંત કે સીંગડા અથડાતા અગ્નિ ઝરે છે, એ રીતે અચિત્ત હાડકાંના સંઘર્ષથી અગ્નિ પ્રગટે છે. તે બેન્દ્રિયાદિના શરીરોમાં પણ યથા સંભવ યોજવું. સ્થાવરોમાં પણ વનસ્પતિ-ઉપલાદિમાં સચિત્ત અચિત્ત અગ્નિ જીવો ઉત્પન્ન થાય છે તે અગ્નિજીવો ત્યાં ઉપજીને ત્યાં વિભિન્ન ત્રસ સ્થાવર જીવોની ભીનાશ ખાય છે. બાકી સુગમ છે.

બાકીના ત્રણે આલાવા પૂર્વવત્ જાણવા.

- x - હવે વાયુકાય - x - અગ્નિકાયના આલાવા મુજબ જાણવું.

હવે બધાં જીવોના આધારરૂપ પૃથ્વીકાયને કહે છે—

**● સૂત્ર-૬૯૩ થી ૬૯૮ :-**

***[૬૯૩] હવે પછી એમ કહ્યું છે - આ જગત્માં કેટલાંક જીવો વિવિધયોનિક છે. યાવત્ કર્મના પ્રભાવથી ત્યાં આવીને અનેકવિધ ત્રસ સ્થાવર જીવોના સચિત્ત કે અચિત્ત શરીરોમાં પૃથ્વી-શર્કરા-વાલુકા [આદિ રૂપે ઉત્પન્ન થાય છે.] તે નીચેની ગાથાથી જાણવું—***

***[૬૯૪] પૃથ્વી, શર્કરા, વાલુકા, પત્થર, શિલા, લવણ, લોઢું, કલઈ, ત્રાંબુ, સીસુ, રૂપુ, સુવર્ણ અને વજ. - [૬૯૫] - હડતાલ, હિંગલોક, મનસિલ, સાસક, અંજન, પ્રવાલ, અભ્રપટલ, અભ્રવાલુક અને બધાં બાદરકાય મણિઓ. - [૬૯૬] - ગોમેદ, રૂચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, મસારગલ્લ, ભુજમોચક અને ઇન્દ્રનીલ એ બધાં રત્નો - [૬૯૭] - ચંદન, ગેરુક, હંસગર્ભ, પુલાક, સૌગંધિક, ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત, સૂર્યકાંત.***

***[૬૯૮] આ ઉક્ત ગાથાઓ યાવત્ સૂર્યકાંત સુધી કહી, તેમાં તે જીવો આવે છે. તે જીવો ત્યાં અનેકવિધ ત્રસસ્થાવર પ્રાણીના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વીશરીર ખાઈને યાવત્ સ્વ-રૂપે પરીણમાવે છે. બીજા પણ તે ત્રસ-સ્થાવર યોનિકોના પૃથ્વી યાવત્ સૂર્યકાંત શરીર વિવિધ વર્ણ આદિવાળા યાવત્ કહ્યા છે. બાકી આલાવા ઉદક મુજબ છે.***

● વિવેચન-૬૯૩ થી ૬૯૮ :-

હવે બીજું જે પૂર્વે કહ્યું છે તે - કેટલાંક જીવો પૂર્વે અનેકવિધ યોનિક છે, તે સ્વકૃત્ કર્મને વશ વિભિન્ન ત્રસ સ્થાવરોના સચિત્ત કે અચિત્ત શરીરોમાં પૃથ્વી જીવરૂપે ઉત્પન્ન થાય છે. જેમકે - સર્પના મસ્તકનો મણિ, હાથી દાંતમાં મોતી, વિકલેન્દ્રિયોમાં છીપ આદિમાં મોતી, સ્થાવરમાં વેણુ આદિમાં તે જ હોય છે. તથા અચિત્તમાં ઉખરભૂમિમાં લવણરૂપે ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે પૃથ્વીકાયિકો અનેકવિધ પૃથ્વીઓમાં શર્કરા, વાલુકા, પત્થર આદિ રૂપે તથા ગોમેદ આદિ રત્નરૂપે, બાદર મણિરૂપે ઉત્પન્ન થાય છે. બાકી સુગમ છે. ચારે આલાવા ઉદક મુજબ છે.

હવે ઉપસંહાર કરતા સર્વ જીવોને સામાન્યથી કહે છે—

● સૂત્ર-૬૯૯ :-

***હવે પછી કહ્યું છે - સર્વે પ્રાણી, સર્વે ભૂતો, સર્વે જીવો, સર્વે સત્વો વિવિધ યોનિઓમાં ઉત્પન્ન - સ્થિત - વૃદ્ધિગત રહે છે. તેઓ શરીરમાં જ ઉત્પન્ન-સ્થિત-વૃદ્ધિગત થાય છે. શરીરનો આહાર કરે છે. તે જીવો કર્માનુગ, કર્મનિદાના, કર્મગતિક, કર્મસ્થિતિક છે અને કર્મને કારણે વિવિધ અવસ્થા પામે છે. [હે શિષ્યો ! તમે] એ પ્રમાણે જાણો, જાણીને આહાર ગુપ્ત, જ્ઞાનાદિ સહિત, સમિત, સદા સંયત બનો. તેમ કહું છું.***

● વિવેચન-૬૯૯ :-

હવે બીજુ આ કહે છે કે - આ બધાં પ્રાણીઓ, અહીં પ્રાણી-ભૂત-જીવ શબ્દો સમાનાર્થી જાણવા. કથંચિત્ ભેદ જાણવો. તે અનેકવિધ યોનિકો વિભિન્ન યોનિઓમાં ઉત્પન્ન થાય છે. કેમકે નારક-તિર્યંચ-મનુષ્ય-દેવમાં પરસ્પર ગમન થાય છે. તે જ્યાં જ્યાં ઉત્પન્ન થાય, ત્યાં તે-તે શરીરનો આહાર કરે છે. તે આહાર કરતાં ત્યાં અગુપ્ત થઈ, નવા કર્મો બાંધીને તે કર્મને વશ થઈને નરકાદિ ગતિમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ આયુવાળા થાય છે. આથી એમ કહે છે - ‘‘જે આ ભવે જેવો હોય તેવો પર ભવે થાય’’ તે મતનું ખંડન થયું. પરંતુ કર્મ પાછળ જનારા, કર્મ વશ થઈને, કર્મ મુજબ ગતિમાં જનારા થાય છે. તથા તે જ કર્મોથી સુખના ઇચ્છુક હોવા છતાં ઉલટા દુઃખને પામે છે. હવે અધ્યયન સમાપ્ત કરવા કહે છે—

આ જે મેં શરૂઆતથી કહ્યું, તે આ રીતે - તે જ્યાં ઉત્પન્ન થાય તે ત્યાં તેવા શરીરનો આહારક થાય. આહારમાં અગુપ્ત રહેવાથી કર્મો બાંધે. કર્મો વડે અનેકવિધ યોનિમાં કુવાની રેંટના ન્યાયે પુનઃ પુનઃ ભટકે છે, એમ તમે જાણો. નહીં સમજો તો દુઃખી થશો. આવું જાણીને સારા-નરસાનો વિવેકી આહારગુપ્ત, પાંચ સમિતિથી સમિત અથવા સમ્યક્ જ્ઞાનાદિ માર્ગે જતો - સમિત તથા હિત સાથે વર્તતો સદા શ્વાસ ચાલે ત્યાં સુધી આ સંયમાનુષ્ઠાનમાં પ્રયત્નવાન્ થાય.

બાકી પૂર્વવત્ જાણવું.

**શ્રુતસ્કંધ-૨ - અધ્યયન-૩ - ‘આહારપરિજ્ઞા’નો મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## ❀ શ્રુતસ્કંધ-૨ અધ્યયન-૪ પ્રત્યાખ્યાન ક્રિયા ❀

-- x -- x -- x -- x -- x -- x -- x --

● ભૂમિકા :-

ત્રીજા અધ્યયન પછી ચોથું આરંભે છે - તેનો સંબંધ આ છે - અધ્યયન-૩-માં આહારગુપ્ત ન હોય તેને કર્મબંધ કહ્યો. અહીં પ્રત્યાખ્યાન બતાવે છે. અથવા ઉત્તરગુણ પ્રાપ્તિ માટે શુદ્ધ-અશુદ્ધ આહારના વિવેક માટે આહાર પરિજ્ઞા બતાવી, તે ઉત્તરગુણરૂપ પ્રત્યાખ્યાનક્રિયા યુક્ત થાય. તેથી આહારપરિજ્ઞા પછી પ્રત્યાખ્યાનક્રિયા અધ્યયન કહે છે. આ સંબંધે આવેલા આ અધ્યયનના ઉપક્રમાદિ ચાર અનુયોગદ્વારો છે. તેમાં ઉપક્રમમાં અર્થાધિકાર આ છે - કર્મ ઉપાદાનરૂપ અશુભનું પ્રત્યાખ્યાન કરવું. હવે નિક્ષેપ-તેમાં ઓઘનિષ્પન્નમાં અધ્યયન, નામનિષ્પન્નમાં પ્રત્યાખ્યાનક્રિયા એવું બે-પદવાળું નામ છે. તેમાં પ્રત્યાખ્યાન પદનો નિક્ષેપો કહે છે—

[નિ.૧૭૯,૧૮૦-] પ્રત્યાખ્યાનના છ નિક્ષેપ છે - નામ, સ્થાપના, દ્રવ્ય, અદિત્સા, પ્રતિષેધ અને ભાવ. તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્યનું, દ્રવ્ય થકી, દ્રવ્યથી, દ્રવ્યમાં કે દ્રવ્યરૂપ પ્રત્યાખ્યાન તે દ્રવ્ય પ્રત્યાખ્યાન. તેમાં સચિત્ત, અચિત્ત, મિશ્ર ભેદવાળા દ્રવ્યનો ત્યાગ તે દ્રવ્ય પ્રત્યાખ્યાન અથવા દ્રવ્ય [ધન] નું પ્રત્યાખ્યાન. એ રીતે બીજા કારકો યોજવા.

દેનારની ઇચ્છા તે દિત્સા, દિત્સા ન હોવી તે અદિત્સા. તે ન લેવી, તે અદિત્સાપ્રત્યાખ્યાન. દેનાર છતી વસ્તુ ન આપે - x - તો ન વાપરવી.

પ્રતિષેધ વ્યાખ્યાન-વિવક્ષિત દ્રવ્યના અભાવે કે તે વસ્તુ આપનાર ન હોય તો આપનારની ઇચ્છા છતાં ના પાડે તે પ્રતિષેધ પ્રત્યાખ્યાન.

ભાવ પ્રત્યાખ્યાન બે પ્રકારે - અંતઃકરણ શુદ્ધ સાધુ કે શ્રાવકના મૂલગુણ પ્રત્યાખ્યાન અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. ચ શબ્દથી બંને નોઆગમ ભાવ પ્રત્યાખ્યાન જાણવા. બીજા નહીં - હવે ‘ક્રિયા’ પદનો નિક્ષેપો - તે ‘ક્રિયાસ્થાન’ અધ્યયનમાં પૂર્વે કહેલ છે, માટે ફરી કહેતા નથી.

અહીં ભાવપ્રત્યાખ્યાનનો અધિકાર છે. તે કહે છે - મૂળગુણ તે પ્રાણાતિપાત વિરમણાદિ - જીવહિંસાદિનો ત્યાગ કરવો. તે અહીં પ્રત્યાખ્યાન ક્રિયા અધ્યયને અર્થાધિકાર છે. જો મૂલગુણ પ્રત્યાખ્યાન ન કરીએ તો તેના અભાવે - x - અપચ્ચક્ખાણ ક્રિયા - સાવદ્યાનુષ્ઠાન ક્રિયા, તેના નિમિત્તે કર્મબંધ, તેથી સંસારભ્રમણ થાય. તેથી મુમુક્ષુ એ પ્રત્યાખ્યાનક્રિયા કરવી જોઈએ.

નામ નિક્ષેપો ગયો. - x - હવે સૂત્ર કહે છે—

● સૂત્ર-૭૦૦ :-

***મેં સાંભળેલ છે કે તે આયુષ્યમાન્ ભગવંતે આમ કહ્યું છે - આ પ્રવચનમાં પ્રત્યાખ્યાનક્રિયા નામે અધ્યયન છે. તેનો આ અર્થ કહ્યો છે - આત્મા અપ્રત્યાખ્યાની પણ હોય છે, આત્મા અક્રિયાકુશલ પણ હોય છે, આત્મા મિથ્યાત્વ***

*સંસ્થિત પણ હોય છે, આત્મા એકાંત દંડદાયી - એકાંત બાલ એકાંત સુપ્ત-મન, વચન, કાયાથી વક્ર - અપ્રતિહત અને અપ્રત્યાખ્યાન પાપકર્મા પણ હોય છે.*

*આ જીવને ભગવંતે અસંયત, અવિરત, પાપકર્મનો ઘાત અને પ્રત્યાખ્યાન ન કરેલ, સક્રિય, અસંવૃત્ત, એકાંત દંડદાયી, એકાંત બાલ, એકાંત સુપ્ત કહેલ છે. તે અજ્ઞાની મન, વચન, કાયથી વક્ર અને અવિચારી, સ્વપ્નમાં પણ ન જોયેલ હોય તેવા પાપકર્મો કરે છે.*

● વિવેચન-૭૦૦ :-

આ સૂત્રનો અનંતર-પરંપર સૂત્ર સાથે સંબંધ કહે છે. ગત અધ્યયનને અંતે સૂત્ર હતું - "આહાર ગુપ્ત, સમિત, સહિત સદા યત્ન કરે" આયુષ્યમાન્ ભગવંતે આમ કહ્યું તે મેં સાંભળેલ છે. આ જ રીતે પરંપર સૂત્ર સાથે પણ સંબંધ વિચારવો. આ પ્રવચન કે સૂયગડાંગમાં પ્રત્યાખ્યાન ક્રિયા નામક અધ્યયન છે. તેનો વિષય આ છે - જે ભમે તે જીવ-પ્રાણી છે, તે અનાદિ મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય-યોગને વશ થઈને સ્વભાવથી જ અપ્રત્યાખ્યાની હોય છે. अपि શબ્દથી કોઈ નિમિત્તે પ્રત્યાખ્યાની પણ હોય. અહીં 'આત્મ' શબ્દનું ગ્રહણ બીજા મતોના ખંડન માટે છે.

જેમકે - સાંખ્યો અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિરૈક સ્વભાવી આત્મા માને છે - x - આત્મા અકિંચિત્કર હોવાથી પ્રત્યાખ્યાન ક્રિયા માટે લાયક નથી. બૌદ્ધો પણ આત્માનો અભાવ માને છે - x - ત્યાં પ્રત્યાખ્યાન ક્રિયા ક્યાંથી સંભવે ? વળી આત્મા સદનુષ્ઠાન ક્રિયામાં કુશળ ન હોવાથી અક્રિયાકુશળ કહ્યો છે. આત્મા મિથ્યાત્વના ઉદયમાં પણ સ્થિત હોય છે.

વળી આત્મા એકાંતે બીજા પ્રાણીને દંડ દેનાર પણ હોય છે, તથા અસારતા પ્રાપ્ત, રાગ-દ્વેષના આકુળપણાથી આત્મા બાળવત્ અજ્ઞાની હોય છે. તથા સુતેલા માણસની જેમ આત્મા-સુપ્ત હોય છે. જેમ દ્રવ્યથી સુતેલો શબ્દાદિ વિષયોને જાણતા નથી, હિત-પ્રાપ્તિ અને અહિત-ત્યાગને પણ ન જાણે, તેમ ભાવસુપ્ત આત્મા પણ એવો જ હોય છે.

તેમજ અવિચારણીય-અનિરૂપણીય-અપર્યાલોચિત મન, વચન, કાયાથી કૃત્યો કરે છે. તેમાં મન તે અંતઃકરણ, વાક્ - વાણી, કાય - દેહ. આ ત્રણે પદનો અર્થ સાથે બતાવનાર એક વાક્ય છે. [પ્રશ્ન] પહેલાં વાક્ શબ્દથી 'વાક્ય' અર્થ આવી ગયો, ફરી 'વાક્ય' શબ્દ કેમ મૂક્યો ? તે માટે જણાવે છે કે - અહીં વાક્-વ્યાપારની પ્રધાનતા જણાવે છે, કેમકે પ્રાયઃ તેની જ પ્રવૃત્તિ હોય છે. તેનું જોઈને બીજા પણ તેવા કાર્યમાં પ્રવર્તે. આ પ્રમાણે અપ્રત્યાખ્યાન-અક્રિય થયેલા આત્મા અવિચારિત મન-વચન-કાયાવાળો થાય છે. તથા પ્રતિસ્ખલિત પ્રત્યાખ્યાત અર્થાત્ વિરતિ લઈને અસદ્ અનુષ્ઠાન દૂર કર્યા છે, તે સુસાધુ છે. આ આત્મા અપ્રતિહત પાપકર્મવાળો છે. આ પ્રમાણે [ભગવંત ફરી કહે છે—]

પૂર્વોક્ત જીવ અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મી, સક્રિય, સાવધ અનુષ્ઠાનવાળો, તેવો અસંવૃત્ત, મન-વચન-કાયાથી અગુપ્ત અને અગુપ્ત હોવાથી પોતાને તથા બીજાને દંડ દેનારો, એકાંતે બાળ જેવો અજ્ઞાની, સુતેલા જેવો સુપ્ત અને એ રીતે બાળ-સુપ્તતાથી અવિચારી, - x - પરમાર્થ વિચારણા કે યુક્તિથી જેના મન-વચન-કાય વાક્ય અવિચારિત છે તેવો, અથવા પારકા સંબંધિ અવિચારિત મન-વચન-કાય વાક્યવાળો બનીને ક્રિયામાં પ્રવર્તે છે.



આવો મૂર્ખ નિર્વિવેકથી સારા જ્ઞાનરહિત સ્વપ્ને પણ ન જાણતો હોય, તેવા - x - પાપકર્મ બાંધે છે. એવા અવ્યક્ત વિજ્ઞાનથી પાપ કર્મ કરે છે, એમ જાણવું.

આવું સાંભળીને શ્રોતા વક્તાને પૂછે છે- x -.

● સૂત્ર-૭૦૧ :-

*આ વિષયમાં પ્રેરકે પ્રરૂપકને આમ કહ્યું - પાપયુક્ત મન, પાપયુક્ત વચન, પાપયુક્ત કાયા ન હોય અને જે પ્રાણીઓને ન હણે, હિંસાના વિચારરહિત મન, વચન, કાયા અને વાક્ય બોલવામાં પણ હિંસાથી રહિત છે, જે પાપકર્મ કરવાનું સ્વપ્ને પણ વિચારતું નથી. એવા જીવને પાપકર્મનો બંધ થતો નથી. [પ્રરૂપકે તેને પૂછ્યું-] તેને પાપકર્મ બંધ કેમ ન થાય ?*

*પ્રેરક કહે છે - પાપયુક્ત મન હોય તો મન નિમિત્તે પાપકર્મ થાય, પાપયુક્ત વચન હોય તો વચનયુક્ત પાપકર્મ થાય. પાપયુક્ત કાયા હોય તો કાયા નિમિત્ત પાપકર્મ થાય. હણતા સમનસ્કને સવિચાર મન-વચ-કાયા અને વાક્યપ્રયોગ કરતા, સ્વપ્ન પણ જોતા, આ પ્રકારના ગુણોથી યુક્ત જીવ પાપકર્મ કરે છે, પ્રેરક આગળ કહે છે - જેઓ એમ કહે છે - પાપયુક્ત મન, વચન, કાયા ન હોવા છતાં, હિંસા ન કરવા છતાં, મનરહિત હોવા છતાં, મન-વચ-કાયાથી પણ વાક્યરહિત હોય, સ્વપ્ન જેટલી પણ ચેતના ન હોય, તો પણ તે પાપ-કર્મ કરે છે - એવું કહેવું મિથ્યા છે.*

*ત્યારે પ્રરૂપક પ્રેરકને ઉત્તર આપે છે - મેં જે પૂર્વે કહ્યું, તે યથાર્થ છે. મન-વચન-કાયા ભલે પાપયુક્ત ન હોય, કોઈને હણે નહીં, અમનસ્ક હોય, મન-વચન-કાયા અને વાણીનો સમજીને પ્રયોગ ન કરતો હોય, સ્વપ્ને પણ ન જાણવા છતાં એવો જીવ પાપ કર્મ કરે છે. એ જ વાત સત્ય છે. કેમકે - આચાર્ય કહે છે કે - આ વિષયમાં તીર્થંકર ભગવંતે છ જીવનિકાયને કર્મબંધના હેતુ રૂપે બતાવ્યા છે. તે આ પ્રમાણે - પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક. આ છ જીવનિકાયની હિંસાથી થતાં પાપકર્મનું જેણે પચ્ચક્ખાણ કરેલ નથી, તે હિંસાથી થતાં પાપને રોકેલ નથી, નિત્ય નિષ્ઠુરતાપૂર્વક પ્રાણી ઘાતમાં ચિત્ત રાખી, તેમને દંડ આપે છે - તે આ પ્રમાણે - પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ અને ક્રોધ યાવત્ મિથ્યાદર્શન શલ્ય [પર્યન્ત પાપને સેવે છે.]*

*આચાર્ય ફરી કહે છે - ભગવંતે આ વિષયમાં વધકનું દૃષ્ટાંત કહ્યું છે - કોઈ વધ કરનાર ગાથાપતિ કે ગાથાપતિપુત્રનો, રાજા કે રાજપુરુષનો વધ કરવા ઇચ્છે, અવસર પામીને તેના ઘરમાં પ્રવેશીને, તક મળતા તેને પ્રહાર કરી મારી નાખીશ, આ રીતે કોઈ વધક ગાથાપતિ યાવત્ રાજપુરુષનો વધ કરવાના*

*વિચારથી દિવસે કે રાત્રે, સુતા કે જાગતા નિત્ય તે જ વિચારોમાં અટવાયેલો રહે છે. - તે અમિત્રભૂત, મિથ્યાત્વ સંસ્થિત, નિત્ય હિંસક ચિત્તવૃત્તિયુક્ત એવાને વધ કરનાર માનવો કે નહીં ?*

*ત્યારે પ્રેરકે [પ્રશ્નકર્તાએ] સમતાથી કહ્યું - હા તે વધક જ છે.*

*આચાર્ય કહે છે - જેમ તે વધક તે ગાથાપતિ કે ગાથાપતિ પુત્ર, રાજા કે રાજપુરુષને સમય મળતાં તેના મકાનમાં પ્રવેશીને, તક મળતાં જ પ્રહાર કરીને તેને મારી નાંખીશ. આવું તે રાત્રે-દિવસે, સુતા-જાગતા અમિત્ર બનીને, મિથ્યાત્વ સ્થિત થઈને, તેમના ઘાતને માટે શઠતાપૂર્વક દુષ્ટચિત્તે વિચારતો હોય છે. એવી રીતે અજ્ઞાની જીવ સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્વોને દિવસે કે રાત્રે, સુતા કે જાગતાં અમિત્ર થઈને, મિથ્યાત્વ સ્થિત રહીને નિત્ય, શઠતાપૂર્વક ઘાત કરવાનો વિચાર ચિત્તમાં રાખી મૂકે છે તેથી પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય સુધીના અઢારે પાપસ્થાનકો તેને છે.*

*આ રીતે ભગવંતે તેવા જીવોને અસંયત, અવિરત, પાપકર્મનો નાશ અને પ્રત્યાખ્યાન ન કરનારા, સક્રિય, અસંવૃત્ત, એકાંત દંડદાયી, એકાંત સુપ્ત કહ્યા છે. તે અજ્ઞાની મન-વચન-કાય વાક્ય વિચારપૂર્વક ન પ્રયોજે, સ્વપ્ન પણ ન જોવા છતાં, તે પાપકર્મ કરે છે.*

*જેવી રીતે તે વધક તે ગૃહપતિ યાવત્ રાજપુરુષની પ્રત્યેકની હત્યા કરવાનો વિચાર ચિત્તમાં લઈને સુતા કે જાગતા તેનો શત્રુ બનીને રહે, મિથ્યાત્વ સ્થિત રહે, નિત્ય શઠતાપૂર્વક પ્રાણિદંડની ભાવના રાખે છે, એવી રીતે અજ્ઞાની જીવ સર્વ જીવો યાવત્ સર્વે સત્વોને પ્રત્યેક પ્રતિ ચિત્તમાં નિરંતર હિંસાભાવ રાખી, રાત્રે-દિવસે સુતા કે જાગતા અમિત્ર બની, મિથ્યાત્વ સ્થિત થઈ, શઠતાપૂર્વક હિંસામય ચિત્તવાળો બને છે. [આ રીતે તે અજ્ઞાની જીવ પ્રત્યાખ્યાન કરે ત્યાં સુધી પાપકર્મબંધ કરે છે.]*

● વિવેચન-૭૦૧ :-

અસત્-અવિધમાન કે અપ્રવૃત્ત મન વડે તથા વાણી અને કાયાથી જીવને ન હણતો તથા અમનસ્કપણે - અવિચાર-મન-વચ-કાય વાક્યથી સ્વપ્ન પણ ન જોતો - x - નવું કર્મ ન બાંધે, એ પ્રમાણે અવ્યક્ત વિજ્ઞાનવાળા પાપકર્મ ન બાંધે, એવો અલ્પજ્ઞાનવાળો પાપકર્મ ન કરે. [વાદી] પૂછે છે કે - કયા હેતુ કે કારણથી તેને પાપકર્મ બંધાય છે ? કેમકે અહીં અવ્યક્ત વિજ્ઞાનને કારણે કોઈ પાપકર્મ બંધનો હેતુ નથી.

એ રીતે પ્રેરક [વાદી] જ સ્વ અભિપ્રાયથી પાપકર્મબંધનો હેતુ કહે છે - કર્માશ્રવદ્વાર રૂપ મન, વચન, કાયાથી કરેલાં કૃત્યો વડે કર્મ બંધાય છે, તે બતાવે છે - કોઈપણ ક્લિષ્ટ પ્રાણાતિપાતાદિ પ્રવૃત્તિથી મન-વચન-કાયા વડે તેને તત્સંબંધી કર્મ બંધાય છે. આ જ વાત વધુ સ્પષ્ટ કરે છે - જીવોને હણવા સમનસ્ક, સવિચાર મન-વચન-કાય વાક્યથી સ્વપ્નને પણ જોતો પ્રસ્પષ્ટ-વિજ્ઞાનવાળો હોય - આવા બધાં



ગુણો ભેગા થાય તો જ પાપકર્મ બંધાય છે. પણ એકેન્દ્રિય કે વિકલેન્દ્રિયને પાપકર્મ સંભવ નથી, કેમકે તે જીવોને મન-વચન-કાયાના વ્યાપારનો અભાવ છે.

વળી જો આવા વ્યાપાર વિના પણ તમે કર્મબંધ માનશો, તો મુક્ત જીવોને પણ કર્મબંધ થશે, પણ તે તમે માનતા નથી. તેથી અસ્વપ્નથી માંડી અવિજ્ઞાને કર્મબંધ નથી. આ જ પ્રમાણે - x - જેઓ એમ કહે છે કે અશુભ યોગ વિધમાન ન હોય તો પણ પાપકર્મ બંધાય છે, તે કહેનારા મિથ્યા છે. ત્યારે પ્રજ્ઞાપક [આચાર્ય] તે પ્રેરક [વાદી] ને ઉત્તર આપે છે - x -.

અમે જે પૂર્વે કહ્યું, તે સત્ય છે કે - અસ્પષ્ટ, અવ્યક્ત યોગ હોય તો પણ કર્મ બંધાય છે, તે સમ્યક્-યુક્તિ સંગત છે. ત્યારે વાદી પૂછે છે કે - કયા કારણે તમે સમ્યક્ કહો છો - ત્યારે આચાર્ય જણાવે છે - ભગવંતે છ જીવનિકાય કર્મબંધના હેતુરૂપે કહ્યા છે. જેમકે પૃથ્વીકાય યાવત્ ત્રસકાય.

આ છ જીવનિકાયો કર્મબંધના કારણ કઈ રીતે છે ? તે જણાવે છે - આ છ જીવનિકાયોને ન હણવાનું પચ્ચક્ખાણ જેણે નથી કર્યુ, તે પાપી આત્માને હંમેશા આ છ જીવનિકાયને હણવાની ઇચ્છા રહે છે. તે પ્રકર્ષ શઠ તથા તેનું ચિત્ત સદા જીવહિંસામય રહે છે, પોતાને અને પરને દંડનો હેતુ છે. આવો પ્રશઠ વ્યતિપાતચિત્તદંડ, તેને બતાવતા કહે છે - જેમ પ્રશઠ વ્યતિપાત ચિત્તદંડ પ્રાણાતિપાત માટે કહ્યો, તેમ મૃષાવાદથી મિથ્યાત્વશલ્ય પર્યન્ત જાણવો. તેમને આ એકેન્દ્રિય, વિકલેન્દ્રિયાદિની હિંસાથી અનિવૃત્ત હોવાથી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ લાગેલા છે. તે દોષોના સદ્ભાવમાં તેને કેમ પ્રાણાતિપાતાદિ દોષ ન લાગે ? પ્રાણાતિપાત આદિ દોષવાળાને અવ્યક્ત વિજ્ઞાન અને અસ્વપ્નાદિ અવસ્થા હોય તો પણ તેઓ કર્મબંધક થાય છે. આ રીતે વાદીના મતનું નિરસન કર્યુ.

હવે આચાર્ય સ્વપક્ષ સિદ્ધિ માટે દૃષ્ટાંત આપે છે - x - ઐશ્વર્યાદિ ગુણયુક્ત અને ૩૪-અતિશયયુક્ત તીર્થંકરે 'વધક'નું દૃષ્ટાંત કહ્યું. જેમ કોઈ હત્યારો હોય, કોઈ કારણે કોપેલો હોય, કોઈના વધના પરિણામવાળો કોઈ પુરુષ હોય, આ વધકને વિશેષથી બતાવે છે - કોઈ ગૃહસ્થ કે તેનો પુત્ર હોય, તેના વડે સામાન્ય પુરુષ બતાવ્યો. તેના ઉપર કોઈ નિમિત્તથી વધક, તે વધપરિણામથી કોઈ ક્ષણે આ પાપકારીને મારી નાંખીશ [તેમ વિચારે] તથા રાજા કે તેના પુત્ર ઉપર કોપાયમાન થઈને વિચારે કે અવસર મળે ત્યારે તેના ઘરમાં કે નગરમાં પ્રવેશીશ તથા અવસર-છિદ્રાદિ મળતા તુરંત તેને હણી નાખીશ એમ નિશ્ચય કરે.

અહીં એવું કહે છે કે - ગૃહપતિ, સામાન્ય પુરુષ કે રાજામાંના કોઈને પણ - x - મારવા ઇચ્છે, પરંતુ લાગ મળે ત્યારે બીજા કાર્યમાં હોય ત્યારે છિદ્રને અને અવસરને જોનારો કિંચિત્ કાલ ત્યાં રહે, ત્યાં ઉદાસીનતા ધરતો, બીજા કામમાં વ્યગ્રચિત્ત થઈ તે અવસરે વધ પ્રત્યે અસ્પષ્ટ વિજ્ઞાન હોય છે. આવો તે વધ્ય પ્રતિ નિત્ય પ્ર-શઠ વ્યતિપાત્ત ચિત્ત દંડ થાય છે. એટલે અવિધમાન પાપવાળો છતાં વ્યક્ત અશુભ યોગો વડે એકેન્દ્રિય, વિકલેન્દ્રિયાદિ અસ્પષ્ટ વિજ્ઞાનવાળો છતાં મિથ્યાત્વ-

અવિરતિ-પ્રમાદ-કષાય-યોગ લાગેલા હોવાથી પ્રાણાતિપાતાદિ દોષવાળો થાય છે. અવસરને જોનારા ઉદાસી છતાં અવૈરી નથી. એ રીતે અસ્પષ્ટ વિજ્ઞાનવાળા પણ અવૈરી હોતા નથી. અહીં વધ-વધકના ક્ષણને આશ્રીને ચાર ભંગો થાય છે. જેમકે - [૧] વધ્યનો અનવસર [૨] વધકનો અનવસર, [૩] બંનેને અનવસર, [૪] બંનેને અવસર.

નાગાર્જુનીયા કહે છે - પોતાને કે મરનારને મારવાનો અવસર ન મળતા મારે નહીં, પણ વિચારે કે મારે લાગ આવે તેનું છિદ્ર જોઈ તે પુરુષને અવશ્ય મારી નાંખીશ. આવું મારવાનું જેનું મન હોય ઇત્યાદિ.

હવે આચાર્ય પોતાનો મત, બીજાને પ્રશ્ન પૂછવાપૂર્વક બતાવે છે - આચાર્ય - x - વાદીને પૂછે છે - x - શું આ વધકપુરુષ, અવસરને જોતો અવસર વિચારીને નિત્ય સુતા કે જાગતા ગૃહપતિ કે રાજાને મારવાને અમિત્ર બની, મિથ્યાત્વમાં રહીને નિત્ય શઠ બની, કલંકિત દંડ દેનારો હિંસક બને છે કે નહીં ? એમ પૂછતા સમતાથી, માધ્યસ્થભાવ ધારણ કરી યથાવસ્થિત જ જાણીને કહે છે - હા, તે અમિત્રાદિ બને છે.

હવે આ દૃષ્ટાંતનો બોધ કહે છે - આ પ્રમાણે જેમ આ વધક તકની રાહ જોતો વધ્યને આપત્તિ ન કરવા છતાં અમિત્રભૂત થાય છે. તેમ આ બાલ-અસ્પષ્ટ વિજ્ઞાનવાળો અમિત્ર આદિ થાય છે. [પ્રત્યાખ્યાનપૂર્વક] ત્યાગના અભાવે બધાં પ્રાણીનો હિંસક યાવત્ મિથ્યાદર્શન શલ્યયુક્ત બને છે. અહીં એવું કહે છે કે - ભલે તે કોઈ નિમિત્તથી અભ્યુદાનાદિ વિનય કરે - x - પણ તે અંતરથી દુષ્ટ જ હોય. નિત્ય પ્રશઠ વ્યતિપાત ચિત્ત દંડથી જેમ પરસુરામે કૃતવીર્યને માર્યા પછી, પૃથ્વીને સાત વખત નિઃક્ષત્રિય કરી. કહ્યું છે કે - અપકારીને મારીને શક્તિમાન્ પુરુષને સંતોષ થતો નથી, પણ તેના પક્ષનાને પણ મારી નાંખે છે. આ પ્રમાણે આ અમિત્ર બની, મિથ્યા વિનીત થાય છે. હવે ઉપસંહાર કરતાં કહે છે—

જેમ આ વધક સ્વ-પર અવસરને જોનારો થાય, તેમ [અપ્રત્યાખ્યાની જીવ] અનિવૃત્તત્વથી દોષ દુષ્ટ ઘાતક થાય છે. એ રીતે આ પણ એકેન્દ્રિયાદિ અસ્પષ્ટ વિજ્ઞાનવાળો પણ તેવી રીતે અવિરત-અપ્રતિહતપ્રત્યાખ્યાતા અસત્ ક્રિયાદિ દોષ દુષ્ટ છે. બાકી સુગમ છે યાવત્ પાપકર્મ કરે છે.

આ રીતે દૃષ્ટાંત અને બોધ જણાવીને, પૂર્વપાદિત અર્થનું નિગમન કરીને હવે પ્રત્યેક પ્રાણીનો દુષ્ટ આત્મા છે, તે બતાવવા કહે છે - જેમ આ વધક સ્વ-પર અવસરને જોનારો તે ગૃહપતિ કે તેના પુત્રને કે રાજાદિ અને તેના પુત્રને પૃથક્ પૃથક્ બધાંનો વધ કરવા ઘાતકચિત્ત ધારણ કરીને પ્રાપ્ત અવસરે હું આ વૈરીને મને આધીન કરી મારી નાખીશ, એવી પ્રતિજ્ઞા સુતા-જાગતા, દિવસે-રાત્રે વિચારતો, બધાંનો વધ કરવા પ્રત્યેકનો વૈરી બની, અવસરને જોતો ન મારવા છતાં મિથ્યાત્વ સંસ્થિત થઈ, નિત્ય પ્રશઠ-વ્યતિપાત ચિત્તદંડ થાય છે. તેમ રાગદ્વેષથી આકુળ, અજ્ઞાની એકેન્દ્રિયાદિ બધાં પ્રાણીની વિરતિના અભાવથી - x - પ્રત્યેકના વધ માટે ઘાતકચિત્ત ધરીને નિત્ય "પ્રશઠ વ્યતિપાત ચિત્તદંડ"વાળો થાય છે.



એવું કહેવા માંગે છે કે - જેમ આ તે ગૃહપત્યાદિના ઘાતથી અનુપશાંત વૈરવાળો સમય જોતો વધ ન કરવા છતાં અવિરતિને લીધે વૈરથી નિવૃત્ત ન થઈ તેનો શત્રુ બનીને કર્મ બાંધે છે તેમ તે પણ એકેન્દ્રિયાદિનો શત્રુ બનીને કર્મ બાંધે છે. એ પ્રમાણે મૃષાવાદાદિમાં પણ પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંત, ઉપનય, નિગમન બતાવીને પાંચ અવયવત્વ સમજવા. આ પાંચ અવયવોના વાક્યનો સૂત્રોનો વિભાગ બતાવ્યો. તે આ પ્રમાણે—

आया अपच्चक्खाणी थी कम्मे कज्जइ એ પ્રતિજ્ઞા છે. - x - x - तत्थ खलु भगवया थी मिच्छादंसण सल्ले એ હેતુ છે. - x - तत्थ खलु भगवया थी पहारेमाणे ति એ દૃષ્ટાંત છે, - x - x - जहा से वहए थी चित्तदंडेति - x - एवमेव बाले थी कम्म कज्जति સુધી ઉપનય છે. પછી - x - x - जहा से वहए थी चित्तदंडे त्ति નિગમન કર્યું છે.

આ રીતે પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંત, ઉપનય, નિગમન સુધી સૂત્ર વિભાગ બતાવીને પ્રયોગ બતાવે છે - અપ્રતિહત પ્રત્યાખ્યાત ક્રિયાવાળો આત્મા પાપાનુબંધી છે, તે પ્રતિજ્ઞા છે, સદા છ જીવનિકાયોમાં પ્રશઠ વ્યતિપાત ચિત્તદંડવાળો હોવાથી તે હેતુ છે. સ્વ-પર અવસરને જોનારા કોઈ દિવસ ન મારે તો પણ રાજાદિના હત્યારા એ દૃષ્ટાંત છે. જેમ આ વધપરિણામથી અનિવૃત્તત્વથી વધ્યના અમિત્રરૂપ છે, આત્મા પણ વિરતિના અભાવથી સર્વે સત્વો પ્રતિ નિત્ય પ્રશઠવ્યતિપાતચિત્તદંડ હોય તે ઉપનય છે. તે કારણે તે પાપાનુબંધી છે, તે નિગમન છે.

આ પ્રમાણે મૃષાવાદ આદિમાં પણ પંચ અવયવત્વ યોજવું. - x - પ્રશઠ પછી વ્યતિપાતને બદલે મૃષાવાદ આદિ શબ્દો યોજવા - x - આ રીતે સર્વાત્મના છ જીવનિકાયમાં પ્રત્યેકના અમિત્રરૂપે પાપાનુબંધીપણું સિદ્ધ કર્યું, તેથી 'વાદી' આચાર્યના વચનના દોષ બતાવે છે—

- **સૂત્ર-૭૦૨ :-**

***પ્રશ્ન કર્તા [પ્રેરક] કહે છે - આ અર્થ બરાબર નથી. આ જગત્માં એવા ઘણાં પ્રાણી છે, તેમના શરીરનું પ્રમાણ કદિ' જોયું કે સાંભળેલું ન હોય. તે જીવો આપણને ઇષ્ટ કે જ્ઞાત ન હોય. તેથી આવા પ્રાણી પ્રત્યે હિંસામય ચિત્ત રાખી દિન-રાત, સુતા-જાગતા અમિત્ર થઈ, મિથ્યાત્વ સ્થિત રહી, નિત્ય પ્રશઠ વ્યતિપાત ચિત્તદંડ-પ્રાણાતિપાતાદિ કઈ રીતે સંભવે ?***

- **વિવેચન-૭૦૨ :-**

વાદી કહે છે - આપનું કહેવું સ્વીકારવા યોગ્ય નથી. જેમકે - બધાં પ્રાણી બધાં જીવોના પ્રત્યેકના શત્રુરૂપ છે. તે પોતાના પક્ષની સિદ્ધિ માટે અમિત્રના અભાવનું કારણ કહે છે - આ ચૌદ રાજલોકમાં અનંતા જીવો સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્તકાદિ ભેદ-ભિન્ન હોય છે. - x - તેઓ દેશ, કાળ, સ્વભાવથી વિપ્રકૃષ્ટા છે. તે જીવો સૂક્ષ્મ વિપ્રકૃષ્ટાદિ અવસ્થાવાળા છે. આ શરીરના સમુચ્છ્રય વડે-અલ્પજ્ઞાન વડે - x - x - તેવા સૂક્ષ્મ જીવો કદી જોયા કે સાંભળેલા નથી. વિશેષથી તે ઇષ્ટ નથી, પોતાની

તીક્ષ્ણ બુદ્ધિ વડે પ્રસિદ્ધ નથી કે તેના ઉપર શત્રુભાવ થાય. આથી એ સિદ્ધ થયું કે એવા આપણાથી તદ્દન અજાણ્યા જીવો પરત્વે શત્રુ ભાવ કેમ થાય ? તેમ એ જીવો ઉપર કોઈપણ જીવ અશઠ ભાવે દ્વેષી દંડ દેનારો કેમ થાય ? બાકી સુગમ છે. આમ હોવાથી સર્વે જીવોને ન હણવાના પચ્ચક્ખાણ કરવાની જરૂર નથી.

● સૂત્ર-૭૦૩ :-

*આચાર્ય કહે છે - અહીં ભગવંતે બે દૃષ્ટાંતો કહ્યા છે. સંજ્ઞી દૃષ્ટાંત અને અસંજ્ઞી દૃષ્ટાંત. સંજ્ઞી દૃષ્ટાંત આ પ્રમાણે - જે આ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જીવ છે, કોઈ પુરુષ તેમાંથી-પૃથ્વીકાયથી ત્રસકાર્ય પર્યન્તના છ જીવનિકાયમાંથી પૃથ્વીકાય દ્વારા પોતાનું કાર્ય કરે છે કે કરાવે છે, ત્યારે તેને એમ થાય છે કે હું પૃથ્વીકાયથી કાર્ય કરું છું અને કરાવું છું. તેને ત્યારે એમ થતું નથી કે તે આ કે તે પૃથ્વીકાયથી કાર્ય કરે - કરાવે છે. તેથી તે પુરુષ પૃથ્વીકાયનો અસંયત-અવિરત-અપ્રતિહત પ્રત્યાખ્યાન પાપકર્મા થાય છે. આ પ્રમાણે ત્રસકાય પર્યન્ત કહેવું જોઈએ. જો કોઈ પુરુષ છ કાયના જીવોથી કાર્ય કરે - કરાવે છે, તેને એમ થાય છે કે હું છ જીવનિકાયથી કાર્ય કરું - કરાવું છું, પણ તેને એમ નથી થતું કે આ કે તે જીવોથી કાર્ય કરે - કરાવે છે. કેમકે તે છ એ જીવકાયથી કાર્ય કરે - કરાવે છે. તેથી તે છ જીવનિકાયનો અસંયત, અવિરત, અપ્રતિહત પચ્ચક્ખાય પાપકર્મા છે અને પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્ય પાપોને સેવે છે.*

*આ રીતે ભગવંતે અસંયત, અવિરત, પાપકર્મોનો નાશ અને પ્રત્યાખ્યાન ન કરનાર કહ્યો. સ્વપ્ને પણ ન જાણતો પાપકર્મો કરે છે. - સંજ્ઞીદૃષ્ટાંત.*

*હવે અસંજ્ઞીનું દૃષ્ટાંત કહે છે - પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક અને ત્રસસંજ્ઞક અમનસ્ક જીવ છે તે અસંજ્ઞી છે. તેઓમાં તર્ક-સંજ્ઞા-પ્રજ્ઞા-મન કે વાણી કંઈ નથી. તેઓ સ્વયં કરતા નથી, બીજા પાસે કંઈ કરાવતા નથી કે કરનારને અનુમોદતા નથી. તો પણ તે અજ્ઞાની સર્વ જીવો યાવત્ સર્વે સત્વોના દિન-રાત, સુતા-જાગતા શત્રુ બની રહે છે, મિથ્યાત્વ સ્થિત રહે છે. નિત્ય પ્રશઠ-વ્યતિપાત ચિત્તદંડ થઈ પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્યના પાપોમાં પ્રવૃત્ત રહે છે. આ રીતે તેમને મન નથી, વચન નથી તો પણ તે સર્વે પ્રાણી યાવત્ સત્વોને દુઃખ-શોક-વિલાપ-પિટ્ટણ અને પરિતાપ આપીને તેઓ દુઃખ-શોક યાવત્ પરિતાપ, વધ, બંધન, પરિક્લેશથી અવિરત હોય છે.*

*આ કારણથી તેઓ અસંજ્ઞી હોવા છતાં રાત-દિન પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ તેમજ મિથ્યાદર્શન સુધીના પાપોમાં રત રહે છે.*

*સર્વે યોનિઓના પ્રાણી સંજ્ઞી થઈને અસંજ્ઞી અને અસંજ્ઞી થઈને સંજ્ઞી થાય છે. તે સંજ્ઞી કે અસંજ્ઞી બનીને અહીં પાપકર્મોને પોતાનાથી અલગ ન કરીને, ન ખંખેરીને, ન છેદીને, તેનો પશ્ચાત્તાપ ન કરીને તે અસંજ્ઞી કાયથી સંજ્ઞીકાયમાં કે સંજ્ઞીકાયથી અસંજ્ઞીકાયમાં કે સંજ્ઞીકાયથી સંજ્ઞીકાયમાં કે અસંજ્ઞીકાયથી અસંજ્ઞીકાયમાં સંક્રમે છે. જે આ સંજ્ઞી કે અસંજ્ઞી છે તે બધાં મિથ્યાચારી, સદૈવ શઠતાપૂર્વક હિંસાત્મક ચિત્તવાળા થઈને પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય સુધીના પાપોનું સેવન કરે છે.*

*આ કારણથી ભગવંતે તેમને અસંયત, અવિરત, અપ્રત્યાખ્યાત પાપકર્મી, સક્રિય, અસંવૃત્ત, એકાંત દંડવાળા, એકાંત બાળ, એકાંત સુપ્ત કહ્યા છે. તે અજ્ઞાની જીવ ભલે મન-વચન-કાયાનો પ્રયોગ વિચારપૂર્વક કરતા નથી તથા [હિંસાનું] સ્વપ્ન પણ જોતા નથી, તો પણ પાપકર્મ કરે છે.*



● વિવેચન-૭૦૩ :-

ઉક્ત વાત કહી આચાર્ય બતાવે છે કે - ભલે બધાં જીવો દેશ-કાલ-સ્વભાવ આદિથી દૂર રહીને વધની ચિંતામાં ન હોય, તો પણ તેઓ અવિરતિ નિમિત્તે વૈરભાવથી મુક્ત નથી. આ વિષયને સુખેથી જાણવા તીર્થંકર ભગવંતે બે દૃષ્ટાંત કહ્યા છે. સંજ્ઞી દૃષ્ટાંત અને અસંજ્ઞી દૃષ્ટાંત.

૦ સંજ્ઞીદૃષ્ટાંત - જે આ પ્રત્યક્ષ દેખાતા છ પર્યાપ્તિવાળા, ઇહા-અપોહ-વિમર્શરૂપ સંજ્ઞાવાળા તે સંજ્ઞી. પાંચ ઇન્દ્રિયવાળા, કરણ પર્યાપ્તક જીવો છે. તેમાંથી કોઈ એક છ જીવનિકાયોને ઉદ્દેશીને એવી પ્રતિજ્ઞા કરે કે - હું છ જીવનિકાયમાંથી એક પૃથ્વીકાય-વાલુકા, શિલા, પત્થર, લવણાદિથી કાર્ય કહીશ. તે કૃતપ્રતિજ્ઞ તેનાથી-તેમાં તેના વડે કરે - કરાવે. હું બીજા કાયોથી નિવૃત્ત છું. તેવાને એવો વિચાર રહે કે - હું પૃથ્વીકાય વડે જ કાર્યો કરું - કરાવું છું. તે પૃથ્વીકાયથી અનિવૃત્ત, અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મી થાય છે. તેમાં ખોદવું, રહેવું, બેસવું, સુવું, મળ-મૂત્રાદિ કરણની ક્રિયા સંભવે છે.

આ પ્રમાણે - x - અપ્કાય વડે સ્નાન, પાન, અવગાહન, ભાંડ-ઉપકરરણને ધોવા વગેરે ક્રિયા અપ્કાયના નિયમવાળો કરે છે. તેઉકાય વડે પચન-પાચન, તાપન-પ્રકાશનાદિ તેઉકાયપ્રતિજ્ઞ કરે છે. વાયુ વડે પંખો, વિંઝણો, નાવમાં સઢ ચલાવવું આદિ વાયુકાય પ્રતિજ્ઞ કરે છે. વનસ્પતિ વડે કંદ, મૂલ, પુષ્પ, ફળ, પત્ર, છાલ, શાખાદિનો ઉપયોગ કરે છે. એ રીતે અન્ય જીવોમાં જાણવું.

તથા કોઈ છ જીવનિકાયોમાં અવિરત, અસંયત થઈને તેના વડે સાવદ્યાનુષ્ઠાન સ્વયં કરે છે કે કરાવે છે. તેને કોઈ પ્રતિજ્ઞા નથી. તેને એવો વિચાર થાય છે કે હું છ એ જીવનિકાયો વડે સામાન્યથી કાર્ય કરું છું. - x - તે તે છ જીવનિકાયોમાં અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મવાળો થાય છે. આ પ્રમાણે મૃષાવાદમાં પણ જાણવું કે - મેં આ જૂઠું કહ્યું. મારે આવું બોલવું ન જોઈએ તે મૃષાવાદથી અનિવૃત્ત હોવાથી અસંયત થાય છે. એ રીતે અદત્તાદાનને આશ્રીને - x - મૈથુન અને પરિગ્રહના વિષયમાં તથા ક્રોધાદિ કષાયોના વિષયમાં પણ જાણવું.

તે રીતે તે હિંસાદિ ન કરતો હોય તો પણ અવિરત હોવાથી તેના નિમિત્તનો કર્માશ્રવ થાય છે. તે અવિરતિના કારણે કર્મો એકઠા કરે છે, એ રીતે દેશ-કાલ-સ્વભાવ વડે વિપ્રકૃષ્ટ હોવા છતાં તે બધાં જીવોને શત્રુરૂપ છે. તે નિમિત્તના કર્મો બાંધે છે. આ સંજ્ઞી દૃષ્ટાંત કહ્યું. તે કદાચ એક પૃથ્વીકાયને જ હણે, બીજાથી નિવૃત્ત રહે.

કોઈ બે-ત્રણ યાવત્ છ-કાયને હણે. તે આ રીતે બધાંના હણનારા ગણાય છે કેમકે સર્વ વિષયારંભમાં પ્રવૃત્ત છે. તેની પ્રવૃત્તિ એ તેમની અનિવૃત્તિ જ છે. જેમ કોઈ ગ્રામ-ઘાતાદિમાં પ્રવૃત્ત હોય, તેઓ તે સમયે અમુક પુરુષોને ન જુએ તો પણ - x - તેમના ઘાતક જ ગણાય. આ બધું દૃષ્ટાંતના બોધમાં પણ જાણવું.

૦ અસંજ્ઞી દૃષ્ટાંત - જેને સંજ્ઞા છે, તે સંજ્ઞી, સંજ્ઞા વગરના તે અસંજ્ઞી, જેને મનથી દ્રવ્યતાનો અભાવ છે, વધુ-વધુ વિચારવાની શક્તિ નથી, જેમ કોઈ ઉંઘતા કે મૂર્છિત હોય તેમ. આ અસંજ્ઞી પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક છે તથા છઠ્ઠા વિકલેન્દ્રિય અને સંમૂર્છિમ પંચેન્દ્રિયો છે. તે સર્વે અસંજ્ઞીને વિચાર-મીમાંસા-તર્કાદિ હોતા નથી. જેમ કોઈ સંજ્ઞીને મંદ-મંદ પ્રકાશમાં કંઈ દેખાતા તર્ક થાય કે શું આ ઠુંઠુ છે કે પુરુષ છે? તેવી તર્કસંજ્ઞા અસંજ્ઞીને ન હોય. તથા સંજ્ઞી-પૂર્વે જોયેલ વિષયની તેના ઉત્તરકાળે વિચારણા થાય, પ્રજ્ઞા-સ્વબુદ્ધિથી નિર્ણય કરે કે આ વસ્તુ છે. મનન કરવું તે મતિ - એ અવગ્રહાદિ રૂપ છે. તથા સ્પષ્ટ ભાષા આ બધું જેને હોતું નથી તે.

જો કે બેઇન્દ્રિયાદિને જીભ, ગળું આદિ છે, પણ તેમને સ્પષ્ટ વાણી નથી. તેથી તેમને હું પાપ-હિંસાદિ કરુ - કરાવું નહીં તેવી નિશ્ચયપૂર્વકની વાણી નથી, તથા કરું - કરાવું નહીં, તેવા અધ્યવસાયો નથી. આવા અસંજ્ઞીઓ બાળક જેવા, બધાં પ્રાણીના ઘાતની નિવૃત્તિના અભાવથી તથા ઘાતકપણાના યોગથી ઘાતક છે - જેમકે બેઇન્દ્રિયાદિ જીવો બીજાના ઉપઘાતમાં પ્રવર્તે છે, કેમકે તેઓ બીજા જીવોનું ભક્ષણ કરે છે, અવિરતિથી તેમને મૃષાવાદ પણ છે, માત્ર કર્મપરતંત્રતાથી તેમને વાણી નથી. દહીં આદિ ખાવાથી સ્પષ્ટ અદત્તાદાન છે જ. કેમકે તેને આ મારું છે કે પારકુ તેનું જ્ઞાન નથી. તીવ્ર નપુંસક વેદોદયથી, મૈથુન વિરતિના અભાવે મૈથુન છે, અશનાદિ સ્થાપનાથી પરિગ્રહ છે. ક્રોધાદિથી મિથ્યાદર્શનશલ્યનો સદ્ભાવ પણ જાણવો.

આ બધાં પાપોની વિધમાનતાથી રાતે-દિવસે, સુતા-જાગતા નિત્ય પ્રશઠ વ્યતિપાતચિત્ત દંડવાળા છે, તે દર્શાવે છે - તે અસંજ્ઞીઓ થોડી પણ નિવૃત્તિના અભાવે તે નિમિત્તથી કર્મબંધ કરનારા છે. તે આ પ્રમાણે - પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યવાળા થાય છે. જો કે તે જીવો વિશિષ્ટ મતવચન વ્યાપારરહિત છે, તો પણ બધાં પ્રાણીને દુઃખ ઉત્પાદનથી, શોકના ઉત્પાદનથી, વચની હાનિ કરવાથી તથા મન-વચન-કાયાના પાતનથી ત્રિપાતન ભાવ વડે અથવા ખેદ ઉપજાવવાથી તથા મુટ્ઠી, ઢેફાદિથી પ્રહાર વડે કે તેવો બાહ્યાંતર પીડા વડે તે અસંજ્ઞીઓ પણ દેશ-કાળ-સ્વભાવથી દૂર એવા બધાં જીવોને પીડતાં નથી, તો પણ વિરતિના અભાવે - x - દુઃખ, પરિતાપ, કલેશાદિથી અપ્રતિવિરત હોય છે. દુઃખ દેવાનો ગુણ સત્તામાં હોવાથી તેના નિમિત્તના કર્મો બંધાય છે.

આ પ્રમાણે વિપ્રકૃષ્ટ [દૂરવર્તી] જીવો સંબંધી કર્મબંધ બતાવીને હવે ઉપસંહાર કરે છે - x - શું વિશેષતા બતાવે છે? જે આ પૃથ્વીકાયાદિ અસંજ્ઞી જીવો છે, તેમને તર્ક, સંજ્ઞા, પ્રજ્ઞા તથા મન-વચનની [કરણી] સ્વયં કરવા, બીજા પાસે કરાવવા કે કરનારને અનુમોદવાની પ્રવૃત્તિ નથી. તેઓ નિત્ય શત્રુપણે, મિથ્યાત્વમાં રહી પ્રશઠ



વ્યતિપાત ચિત્ત દંડવાળા દુઃખ ઉત્પાદનથી લઈને પરિક્લેશાદિ પાપોથી મુક્ત ન હોવાથી અસંજ્ઞી હોવા છતાં, સર્વકાલ હિંસા માટે અયોગ્ય હોવા છતાં તેઓ હિંસા ન કરે તો પણ - x - જીવહિંસા કરનારા છે. યાવત્ મિથ્યાદર્શન શલ્યના પાપો કરનારા છે એટલે કે પાપ કરવા સમર્થ ન હોવા છતાં નિવૃત્તિ અભાવે આ કહ્યું.

આ રીતે બે દૃષ્ટાંત કહ્યા. તેમાં રહેલા બાકીના અર્થને બતાવવા પ્રશ્નરૂપે કહે છે - તમે બતાવેલ સંજ્ઞી-અસંજ્ઞી જીવો ભવ્ય-અભવ્યવત્ નિયત છે કે સંજ્ઞી થઈ અસંજ્ઞી કે અસંજ્ઞી થઈ સંજ્ઞી પણ થાય? આચાર્ય કહે છે - સર્વ યોનિ - સંવૃત્ત, વિવૃત્ત આદિમાં રહેલા જીવો કે જે નારકાદિ કોઈ પણ વિશિષ્ટ યોનિક હોય - તેઓ જન્મ અપેક્ષાએ બધી યોનિવાળા જીવો મનઃપર્યાપ્તિ ન પામે ત્યાં સુધી અસંજ્ઞી છે અને કરણથી પર્યાપ્તિ પુરી થતાં તે જ જન્મમાં સંજ્ઞી ગણાય છે. બીજા જન્મની અપેક્ષાએ તો એકેન્દ્રિયાદિ રૂપે ઉત્પન્ન થઈ, પછીના ભવોમાં તેવા કર્મ પરિણામથી મનુષ્યાદિ રૂપે પણ જન્મ લે, તો અસંજ્ઞી પણ સંજ્ઞી થાય. તેમાં ભવ્ય-અભવ્યત્વ માફક નિયમ નથી કે ન જ બદલાય - x - કર્મને વશ જીવ સંજ્ઞી થઈને અસંજ્ઞી પણ થાય અને અસંજ્ઞી થઈને સંજ્ઞી પણ થાય.

વેદાંતવાદી મતમાં તો પ્રત્યક્ષ જ દોષ દેખાય છે. જેમકે - સંજ્ઞી મૂર્છા આદિથી અસંજ્ઞી બને છે, મૂર્છાદિ દૂર થતાં સંજ્ઞી બને છે. જન્માંતરે તો તેમાં જરૂર દોષ આવશે. આ રીતે સંજ્ઞી-અસંજ્ઞીપણું કર્મને કારણે બદલાય છે, તેમાં દોષ નથી. જેમ જાગતો સુવે પણ છે અને સુતેલો જાગે પણ છે. એ રીતે સુવા-જાગવાની અવસ્થા માફક સંજ્ઞી-અસંજ્ઞીપણું બદલાય છે. તેમાં પૂર્વે કરેલ કર્મ જે ઉદયમાં આવ્યુ અને જે બાંધ્યુ છે, તેને પૃથક્ કર્યા વિના, છેધા વિના, દૂર કર્યા વિના, તપાવ્યા વિના [ચારે શબ્દો એકાર્થક છે, કિંચિત્ ભેદ છે] અસંજ્ઞીઓમાંથી સંજ્ઞી, સંજ્ઞીમાંથી અસંજ્ઞી, સંજ્ઞીમાંથી સંજ્ઞી કે અસંજ્ઞીમાંથી અસંજ્ઞીપણે સંક્રમે - x - x - એ ચઉભંગી સૂત્રમાં બતાવી છે.

હવે ઉપસંહાર કરે છે - x - ઉક્ત લબ્ધિ અને કરણ પર્યાપ્તિથી પર્યાપ્ત અને તે સિવાયના અપર્યાપ્તા અન્યોન્ય સંક્રમથી સંજ્ઞી કે અસંજ્ઞી થનારા તે બધાં અપ્રત્યાખ્યાનપણાથી મિથ્યાચારવાળા છે. તથા બધાં જીવોમાં પણ હંમેશાં દુષ્ટ ચિત્તપણું રહે છે. - x - તેથી પ્રાણાતિપાતાદિ અઢારે આશ્રવદ્વારોમાં જીવો વર્તે છે. આ રીતે વાદીએ જે કહ્યું હતું - x - તેનું ખંડન થયું અને બતાવ્યું કે - વિરતિના અભાવે અને પાપકર્મની યોગ્યતાથી પાપકર્મનો સદ્ભાવ બતાવ્યો છે - આ રીતે તીર્થંકર ભગવંતે પૂર્વે કહેલને ફરી કહી બતાવે છે, યાવત્ પાપકર્મ કરે છે. આ રીતે અપ્રત્યાખ્યાનીને કર્મના સંભવ થકી પાપનો સંભવ હોવાથી નારકાદિ લક્ષણ સંસારને સમજીને વૈરાગ્ય થવાથી તે પ્રણવચિત્ત [વાદી] આચાર્યને પૂછે છે—

● **સૂત્ર-૭૦૪ :-**

***પ્રેરક [પ્રશ્નકર્તા] કહે છે - મનુષ્ય શું કરતા-કરાવતા સંયત, વિરત, પાપકર્મનો પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કરનારા થાય છે? આચાર્યએ કહ્યું કે -***

*તે માટે ભગવંતે પૃથ્વીકાયથી ત્રસકાય પર્યન્ત છ જીવનિકાયને કારણરૂપ કહ્યા છે. જેમ કોઈ વ્યક્તિ દ્વારા દંડ-અસ્થિ-મુષ્ટિ-ઢેફા-ઠીકરા આદિથી મને કોઈ તાડન કરે યાવત્ પીડિત કરે યાવત્ મારું એક રુંવાડુ પણ ખેંચે તો મને હિંસાજનિત દુઃખ અને ભય અનુભવું છું. એ રીતે તું જાણ કે સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્વો દંડ યાવત્ ઠીકરા વડે મારીને, તર્જના કે તાડના કરીને યાવત્ રૂંવાડુ પણ ઉખેડતા હિંસાકારી દુઃખ અને ભયને અનુભવે છે. એમ જાણીને સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્વોને ન હણવા યાવત્ ન પીડવા. આ ધર્મ જ ધ્રુવ-નિત્ય-શાશ્વત છે. તથા લોકસ્વભાવ સમ્યક્‌પણે જાણીને ખેદજ્ઞ તીર્થંકરે પ્રતિપાદિત કર્યો છે.*

*આ રીતે તે ભિક્ષુ પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય પર્યન્ત વિરત થાય, તે દાંત સાફ ન કરે, અંજન ન આંજે, વમન ન કરે, વસ્ત્રાદિને ધૂપિત ન કરે. તે ભિક્ષુ અક્રિય, અહિંસક, અક્રોધી યાવત્ અલોભી, ઉપશાંત અને પરિનિવૃત્ત થાય. આવા [પ્રત્યાખ્યાની] ને ભગવંતે સંયત, વિરત, પાપકર્મોના નાશક અને પ્રત્યાખ્યાન કર્તા, અક્રિય, સંવૃત્ત, એકાંત પંડિત થાય, તેમ કહ્યું છે.*

*- તેમ હું કહું છું.*

● **વિવેચન-૭૦૪ :-**

[વાદી પૂછે છે] અમારે શું કરવું ? કઈ રીતે સંયત, વિરત, પ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મા જીવ થાય ? સંયતને જ વિરતિના સદ્‌ભાવથી સાવધક્રિયા નિવૃત્તિ અને કરેલા કર્મના સંચયનો અભાવ થાય છે અને તેથી નારકાદિ ગતિ અભાવ થાય છે.

આવું પૂછ્યું ત્યારે આચાર્ય કહે છે - તે સંયમના સદ્‌ભાવે છકાય જીવને ભગવંતે હેતુરૂપે જણાવ્યા છે. જેમ પ્રત્યાખ્યાનરહિત છકાય જીવો સંસાર ગતિના મુખ્ય કારણરૂપ કહ્યા, તેમ તેના પ્રત્યાખ્યાન કરનારને તે મોક્ષના હેતુરૂપ થાય. કહ્યું છે કે - જે જેટલા હેતુઓ સંસારના છે, તે તેટલાં જ હેતુ મોક્ષના છે. ગણનાથી - x - બંને તુલ્ય છે ઇત્યાદિ.

એવું કહે છે કે - જેમ આપણને કોઈ દંડાદિથી મારે તો દુઃખ થાય છે, તેમ બધાં પ્રાણીને આપણી જેમ જ દુઃખ થાય માટે હિંસાથી અટકવું. આ ધર્મ-સર્વઅપાયમાં રક્ષણરૂપ; ધ્રુવ-અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર સ્વભાવ; નિત્ય-પરિણામથી અનિત્યતા પામે છતાં સ્વરૂપથી ચ્યવતો નથી તથા સૂર્યના ઉગવા માફક શાશ્વત; બીજા દ્વારા અસ્ખલિત, યુક્તિથી સિદ્ધ છે. આવો ધર્મ સમજીને ચૌદ રાજલોકને જાણતાં સર્વજ્ઞોએ કહ્યો છે. આ રીતે તે ભિક્ષુ સર્વ આશ્રવ દ્વારોથી નિવૃત્ત થઈ, દંત પ્રક્ષાલનાદિ ક્રિયા ન કરતા, સાવધક્રિયાના અભાવથી અક્રિય છે, અક્રિયાથી પ્રાણીઓનો અવ્યાપદક [ન હણનાર] યાવત્ એકાંત પંડિત થાય છે.- x -

**શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૪ - પ્રત્યાખ્યાનક્રિયાનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❁ શ્રુતસ્કંધ-૨ અધ્યયન-૫ ''આચારશ્રુત'' ❁

-- x -- x -- x -- x -- x -- x -- x --

● **ભૂમિકા :-**

હવે પાંચમું અધ્યયન કહે છે, તેનો સંબંધ આ છે - ગત અધ્યયનમાં પ્રત્યાખ્યાન ક્રિયા બતાવી. તે આચારમાં રહેલા સાધુને હોય. તેથી હવે **''આચારશ્રુત''** અધ્યયન કહીએ છીએ. અથવા અનાચાર છોડવાથી સમ્યક્ અસ્ખલિત પ્રત્યાખ્યાન થાય છે. માટે ''અનાચારશ્રુત'' અધ્યયન કહીએ છીએ. અથવા પ્રત્યાખ્યાનયુક્ત હોય તે આચારવાળો થાય છે, તેથી પ્રત્યાખ્યાન ક્રિયા પછી ''આચારશ્રુત'' અધ્યયન અથવા તેના પ્રતિપક્ષરૂપ **અનાચારશ્રુત** અધ્યયન કહે છે. એ સંબંધથી આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે. તેમાં ઉપક્રમમાં આ અર્થાધિકાર છે - અનાચારનો નિષેધ કરી સાધુનો આચાર બતાવે છે. નામનિષ્પન્ન નિક્ષેપમાં ''આચારશ્રુત''એ દ્વિપદ નામ છે. તેના નિક્ષેપાર્થે નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૧૮૧ થી ૧૮૩-] 'આચાર' નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર ભેદે છે. એ રીતે શ્રુતના પણ ચાર ભેદ છે. આ બંને બીજે સ્થાને કહેવાયા છે. તેથી અહીં સંક્ષેપમાં કહે છે - આચાર અને શ્રુત તે આચારશ્રુત, ભેગા કહ્યા છે. તેમાં આચાર 'ક્ષુલ્લિકાચાર''માં [દશવૈકાલિકમાં] કહેલ છે. શ્રુત ''વિનયશ્રુત''માં કહેલ છે. તેનો ભાવાર્થ એ છે કે - સાધુએ અનાચાર સર્વકાલ જીવન પર્યન્ત વર્જવો જોઈએ. તેને અગીતાર્થો સમ્યગ્ જાણતા નથી. તેથી તેને વિરાધના થાય છે. - x - વિરાધના અબહુશ્રુતને થાય, ગીતાર્થને નહીં, તેથી સદાચાર અને તેના પરિજ્ઞાનમાં યત્ન કરવો. જેમ માર્ગજ્ઞ પથિક કુમાર્ગને છોડવાથી ભૂલો ન પડે અને ઉન્માર્ગના દોષ ન લાગે. એ રીતે અનાચારના વર્જનથી આચારવાળો થાય છે, પણ અનાચારના દોષો ન લાગે. તેથી તેના પ્રતિષેધ માટે કહે છે - અનાચાર સર્વ દોષોનું સ્થાન છે. દુર્ગતિગમનનો હેતુ છે, તે દૂર કરી સદાચાર પાળવો - તે વિષય આ અધ્યયનમાં જાણવો. તે પરમાર્થથી અણગાર-કારણ છે. તેથી કેટલાંકના મતે આ અધ્યયનું નામ **અણગારશ્રુત** છે. નામનિષ્પન્ન નિક્ષેપો કહ્યો. - x - હવે સૂત્ર કહે છે—

● **સૂત્ર-૭૦૫ :-**

*આશુપ્રજ્ઞ પુરુષ આ અધ્યયનના વાક્ય તથા બ્રહ્મચર્યને ધારણ કરીને આ ધર્મમાં અનાચારનું આચરણ કદાપી ન કરે.*

● **વિવેચન-૭૦૫ :-**

આ સૂત્રનો અનંતર-પરંપર સૂત્ર સાથે સંબંધ કહેવો. અનંતર સૂત્ર સાથે આ સંબંધ છે - તે સાધુ એકાંત પંડિત થાય. કઈ રીતે ? બ્રહ્મચર્ય પાળીને. પરસ્પર સૂત્ર સંબંધ આ છે - બોધ પામે, બંધન તોડે. કઈ રીતે ? બ્રહ્મચર્ય પામીને. આ રીતે બીજા સૂત્રો સાથે સંબંધ જોડવો. અર્થ કહે છે—

આદાય - ગ્રહણ કરીને. શું ? બ્રહ્મચર્ય - સત્ય, તપ, ભૂતદયા, ઇન્દ્રિયનિરોધ લક્ષણ, તેમાં જે ચરે [પાળે]. એવું જિન-પ્રવચન તે બ્રહ્મચર્ય કહેવાય છે. તે પામીને

પટુપ્રજ્ઞ-સારા માઠા વિવેકનો જ્ઞાતા. - x - x - બ્રહ્મચર્ય પાળીને આ સર્વજ્ઞપ્રણિત ધર્મમાં રહીને સાવધ અનુષ્ઠાનરૂપ અનાચાર ન આચરે. - x - અથવા આશુપ્રજ્ઞ - સર્વજ્ઞ પ્રતિ સમય કેવલજ્ઞાનદર્શન ઉપયોગવાળા હોવાથી, તેમના કહેલા ધર્મમાં રહીને હવે પછી કહેવાનાર વાણી અને અનાચાર કદાપી ન આચરે.

અહીં અનાચાર ન આચરે તેમ કહ્યું. અનાચાર જિન પ્રવચનથી વિરુદ્ધ છે. જિન-પ્રવચન મોક્ષમાર્ગહેતુથી સમ્યગ્ દર્શનજ્ઞાન ચારિત્રાત્મક છે. સમ્યગ્દર્શન તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ છે, તત્ત્વ-જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષરૂપ છે. તથા ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ, જીવ, કાળ એ છ દ્રવ્યો છે, તે નિત્ય-અનિત્યરૂપે છે.

સામાન્ય-વિશેષરૂપ અનાદિ અનંત ચૌદ રાજલોકરૂપ લોક તત્ત્વ છે. જ્ઞાન-મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય, કેવલ સ્વરૂપ છે. ચારિત્ર-સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત પાંચ ભેદે છે અથવા મૂળ-ઉત્તરગુણ ભેદે અનેક પ્રકારે છે. - x - x - અનાદિ અનંતલોકમાં દર્શનાચાર-પ્રતિપક્ષભૂત-અનાચાર બતાવવા માટે આચાર્ય યથાવસ્થિત લોકસ્વરૂપને બતાવતા કહે છે—

● **સૂત્ર-૭૦૬,૭૦૭ :-**

***આ લોકને અનાદિ અનંત જાણીને વિવેકી લોકને એકાંત નિત્ય કે એકાંત અનિત્ય છે, તેમ ન માને...આ બંને પક્ષોથી વ્યવહાર ચાલતો નથી. તેથી આ બંને પક્ષોનો એકાંત આશ્રવ અનાચાર જાણવો.***

● **વિવેચન-૭૦૬,૭૦૭ :-**

[૭૦૬] આ ચૌદ રાજ પ્રમાણ લોક અથવા ધર્મ-અધર્માદિ દ્રવ્યની આદિ-ઉત્પત્તિ નથી, તેથી અનાદિ છે, તેમ પ્રમાણથી સમજીને તથા અનંત છે, તેમ જાણીને - x - એકાંત નયદૃષ્ટિથી અવધારતા અનાચાર થાય છે, તે દર્શાવે છે - શાશ્વત એટલે નિત્ય, સાંખ્યમતવાળા માને છે - x - જૈનદર્શન સામાન્ય અંશરૂપે ધર્મ, અધર્માદિમાં અનાદિ અનંતત્વ જાણીને આ બધું શાશ્વત છે, તેવી દૃષ્ટિ ન રાખે. તથા વિશેષ પક્ષને આશ્રીને ‘‘વર્તમાન નારકી ચ્યવી જશે’’ આવું સૂત્ર સાંભળીને બૌદ્ધ મત મુજબ બધું જ એકાંત અનિત્ય છે, એવી એકાંત દૃષ્ટિ ન ધારણ કરવી.

[૭૦૭] પ્રશ્ન-શા માટે એકાંત નિત્ય કે અનિત્ય બુદ્ધિ ન રાખવી ?

બધું નિત્ય છે કે અનિત્ય છે એવા બે સ્થાન વડે - x - આલોક કે પરલોક સંબંધી કાર્યની પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ વ્યવહાર ચાલતો નથી. તેથી કહ્યું છે કે - અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એકસ્વભાવ, સર્વ નિત્ય છે એમ ન કહેવાય. કેમકે આપણે પ્રત્યક્ષ જ નવા-જૂના રૂપો ધ્વંસ થયા વિના દેખાય છે, લોકમાં તેવી પ્રવૃત્તિ પણ છે. વળી આત્માને નિત્ય માનતા બંધ-મોક્ષાદિ અભાવ થતા દીક્ષા, યમ, નિયમાદિ નિર્થક થાય.

તથા એકાંત અનિત્ય માનતા લોકો ભવિષ્યમાં કામ લાગે તેમ માની ધન-ધાન્યાદિનો સંગ્રહ ન કરે. આત્માને ક્ષણિક માનતા દિક્ષા વગેરેની પ્રવૃત્તિ પણ



નિરર્થક થાય. તેથી નિત્ય-અનિત્ય એવા બે માર્ગમાં સ્યાદ્વાદની સર્વ વ્યવહાર પ્રવૃત્તિ છે. તેથી નિત્ય કે અનિત્યને એકાંત માને તેને આલોક તથા પરલોક સંબંધી કાર્યના વિધ્વંસરૂપ અનાચાર જાણવો. કે જે જિનાગમ બાહ્યરૂપ છે. કથંચિત્ નિત્ય-અનિત્યરૂપે વ્યવહાર થાય તે કહે છે—

તેથી સામાન્યને આશ્રીને કથંચિત્ નિત્ય છે - x - વિશેષથી ક્ષણે ક્ષણે બદલાતા કથંચિત્ અનિત્ય છે. જિનદર્શનમાં કહ્યા મુજબ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત દ્રવ્ય છે જેમ - x - કોઈના મૃત્યુથી શોક થાય, બીજે જન્મે ત્યાં આનંદ થાય, માટે યોગી માધ્યસ્થ ભાવ રાખે. તેથી એકાંત નિત્ય કે અનિત્ય વ્યવહાર થતો નથી, તે બંનેમાં અનાચાર જાણવો.- x -

● **સૂત્ર-૭૦૮,૭૦૯ :-**

***‘‘સર્વે ભવ્ય જીવો મુક્ત થશે, સર્વે જીવો પરસ્પર વિસદૃશ છે, તેઓ બદ્ધ રહેશે-શાશ્વત રહેશે.’’ - આવા વચન ન બોલે...કેમકે આ બંને પક્ષોથી વ્યવહાર ન થઈ શકે, આ બંને એકાંત પક્ષોનું ગ્રહણ અનાચાર જાણ.***

● **વિવેચન-૭૦૮,૭૦૯ :-**

[૭૦૮] બધાં ક્ષય પામશે, બધાં સિદ્ધિ પામશે. - કોણ ? તીર્થંકર અથવા સર્વજ્ઞના શાસનને માનનારા. સર્વે સિદ્ધિગમન યોગ્ય ભવ્યો. પછી જગત્માં અભવ્ય રહેશે. [તેવું ન બોલે]. શુષ્કતર્કવાદી કહે છે - વિદ્યમાન જીવોમાં નવા ભવ્યો આવતા નથી, અભવ્યો સિદ્ધ થવાના નથી. તેથી અનંત કાલે ભવ્યો મોક્ષે જતાં, કોઈ ભવ્ય નહીં રહે - આવું ન બોલવું.

વળી બધાં પ્રાણી પરસ્પર વિલક્ષણ છે. તેમાં કોઈ સાદૃશ્ય નથી, તેમ એકાંતે ન કહેવું. અથવા બધાં ભવ્યો મોક્ષે જતાં - x - સંસારમાં અભવ્યો જ રહેશે, તેમ ન કહેવું. - x - x - બધાં પ્રાણી કર્મોથી બંધાયેલા જ રહેશે, તેમ ન કહેવું. સારાંશ એ કે - બધાં પ્રાણી મોક્ષે જશે કે કર્મબંધને બંધાયેલા રહેશે તેવું એકપક્ષીય વચન ન બોલે અથવા કર્મની ગાંઠ છોડવામાં અશક્ત હોય એવા જીવો જ રહેશે, તેમ ન કહે. તીર્થંકરો સદાકાળ રહેશે તેમ પણ ન કહે.

[૭૦૯] દર્શનાચાર વિષયમાં એકાંતવાદનો નિષેધ વચન માત્રથી બતાવી, હવે તેની યુક્તિ કહે છે - ઉક્ત બંને સ્થાનમાં - જેમકે - તીર્થંકરોનો ક્ષય થશે કે શાશ્વત રહેશે અથવા તીર્થંકરનું દર્શન પામેલા મોક્ષે જશે કે શાશ્વત રહેશે. અથવા સર્વે જીવો વિસદૃશ કે સદૃશ છે, તથા કર્મગ્રંથિ યુક્ત કે રહિત રહેશે એવું એકાંત વચન ન બોલે, કેમકે તે યુક્તિસિદ્ધ નથી. તેથી કહે છે - બધાં તીર્થંકરો ક્ષય પામશે, તેમ કહેવું અયુક્ત છે. કેમકે ક્ષયનિબંધન કર્મના અભાવે સિદ્ધોના ક્ષયનો અભાવ છે. જો ભવસ્થ કેવલી અપેક્ષાએ આમ કહે, તો તે પણ સિદ્ધ નહીં થાય. કેમકે પ્રવાહ અપેક્ષાએ કેવલીઓ અનાદિ અનંત છે. તેથી તેનો અભાવ ન થાય.

વાદી જે કહે છે કે - ‘‘નવા ભવ્યોનો અભાવ છે, એક-એક મોક્ષે જતાં છેલ્લે જગત્ ભવ્યજીવ રહિત થઈ જશે.’’ એ પણ સિદ્ધાંતનો પરમાર્થ ન જાણનારનું વચન

છે. કેમકે ભવ્યરાશિનું અનંતપણું કાળના અનંતપણા જેટલું જ છે, તેથી કાળ ચાલુ છે, તેમ ભવ્યની સંખ્યા પણ કાયમ છે. વળી અવશ્ય બધાં જ ભવ્યનું સિદ્ધિગમન ન વિચારવું. પણ ભવ્યો અનંત છે, તેઓ સામગ્રી અભાવે, - x - બધાં ભવ્યો મોક્ષે ન જાય, તેમ હંમેશાં તેઓ શાશ્વત અહીં જ રહેશે તેમ પણ નહીં [સામગ્રી મળે તેમ-તેમ મોક્ષે જશે.] ભવસ્થ કેવલી અને તીર્થકરોનો મોક્ષ થતો હોવાથી પ્રવાહ અપેક્ષાએ કોઈ અંશે શાશ્વત અને કથંચિત્ અશાશ્વત છે.

બધાં પ્રાણીઓ વિચિત્ર કર્મના સદ્‌ભાવથી વિવિધ ગતિ-જાતિ-શરીર-અંગોપાંગાદિમાં ભેદ પડવાથી તેમાં વિસદંશતા હોય, તેમ ઉપયોગ અસંખ્યેય પ્રદેશત્વ, મૂર્તત્વાદિ ધર્મોથી કથંચિત્ સદંશ હોય. ઉલ્લસિત વીર્ય થકી કોઈ ગ્રંથિ ભેદે, કોઈ તેવા પરિણામ અભાવે ગ્રંથિ ન ભેદે. તેથી એકાંતે એકાંત પક્ષનો નિષેધ કર્યો. એ રીતે કોઈ એક પક્ષ માનવો તે અનાચાર છે. વળી આગમમાં અનંતાનંત ઉત્સર્પિણી-અવસર્પિણીમાં ભવ્ય જીવોના અનંત ભાગે જ મોક્ષે જશે એવું કહે છે. જો આ રીતે અનંતપણું હોય તો તેનો ક્ષય ક્યાંથી થાય? મુક્તિ અને સંસાર સંબંધી શબ્દ છે, મુક્તિ સંસારી જીવની જ થાય, તેમ મુક્તિ વિના સંસારી જીવન ન કહેવાય. તેથી ભવ્યનો ઉચ્છેદ થતાં સંસારનો જ અભાવ થાય. તેથી વ્યવહાર જ ન ચાલે - હવે ચારિત્રાચાર કહે છે—

● સૂત્ર-૭૧૦,૭૧૧ :-

***“જે ક્ષુદ્ર પ્રાણી છે અથવા મહાકાય છે, તેમની સાથે સમાન વૈર જ થાય અથવા ન થાય” - તેવું ન કહેવું...કેમકે આ બંને સ્થાનો એકાંત ગણતા વ્યવહાર ન ચાલે. તેથી બંને એકાંતવચન અનાચાર છે.***

● વિવેચન-૭૧૦,૭૧૧ :-

[૭૧૦] જે કોઈ એકેન્દ્રિય, બેઇન્દ્રિય કે અલ્પકાય પંચેન્દ્રિય ક્ષુદ્ર પ્રાણી છે અથવા કોઈ મહાકાય હોય. તે કુંથુ આદિ અલ્પકાય કે હાથી આદિ મહાકાયને હણતાં સરખું વૈર બંધાય કેમકે તુલ્ય પ્રદેશત્વથી બધાં જીવો સરખાં છે, તેવું એકાંત વચન ન બોલે. - x - તેઓમાં ઇન્દ્રિય, વિજ્ઞાન, કાયાદિની અસદંશતા હોવાથી ઓછું-વધું વૈર બંધાય તેમ પણ ન કહે જો માત્ર વધ્ય અપેક્ષાએ જ કર્મબંધ છે, તો સાદંશ્ય કે અસાદંશ્ય કહી શકાય, પણ કર્મબંધ માટે તો અધ્યવસાય પણ કારણરૂપ છે. તેથી તીવ્ર અધ્યવસાયથી અલ્પકાય જીવને મારતા પણ મહાવૈર બંધાય અને ન છૂટકે મહાકાયને મારતા પણ અલ્પવૈર બંધાય.

[૭૧૧] ઉક્ત વાત સૂત્રથી કહે છે - ઉક્ત બંને સ્થાનમાં મહાકાય કે અલ્પકાય જીવ મારતાં સદંશ કે વિસદંશ કર્મબંધ થાય, તેમ કહેવું યુક્તિથી ન ઘટે. તેથી કહે છે - વધ્યના સદંશત્વ-અસદંશત્વ તે એક જ કર્મબંધનું કારણ નથી, પણ વધકના તીવ્રભાવ કે મંદભાવ, જ્ઞાનભાવ કે અજ્ઞાનભાવ, મહાવીર્ય કે અલ્પવીર્ય પણ સંબંધ રાખે છે. આ રીતે વધ્ય-વધકના વિશેષપણાથી કર્મબંધમાં ઓછા-વત્તાપણું છે. તેથી માત્ર વધ્યને આશ્રીને સદંશ કે અસદંશ પાપ વ્યવહાર ન થાય. જો કોઈ આ બે સ્થાનમાં વર્તી એકાંત વચન બોલે તો અનાચાર છે.





જે વાદી જીવના સામ્યપણાથી કર્મબંધનું સદંશત્વ કહે છે, તે ખોટું છે. કેમકે જીવની વ્યાપત્તિમાં હિંસા કહેતા નથી. જીવ શાશ્વતો હોવાથી તેને મારવો શક્ય નથી. તેથી ઇન્દ્રિય વ્યાપત્તિ છે, તે માટે કહ્યું છે કે - પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્‌વાસ, આયુ - આ દશ પ્રાણ છે, તેને જીવથી જુદા કરવા, તે હિંસા છે. વળી ભાવને આશ્રીને હિંસા કહેવી યુક્ત છે. જેમ - x - સાપની બુદ્ધિએ દોરડાને હણે તો ભાવદોષથી - હિંસા ન હોવા છતાં કર્મબંધ છે. પણ જો મલિન ભાવ ન હોય તો દોષ નથી. આગમમાં પણ કહ્યું છે કે - સાધુ ઉપયોગથી ચાલે ત્યારે જીવ હણવાની બુદ્ધિ ન હોવા છતાં કોઈ જીવ અજાણતા દબાઈ જાય, તો તેને દોષ નથી, ઉલટું તંદુલીયો મત્સ્ય કંઈ ન કરવા છતાં ભાવદોષથી સાતમી નરકે જાય છે.

આ પ્રમાણે વધ્ય-વધક ભાવની અપેક્ષાએ સદંશત્વ થાય કે અસદંશત્વ ન થાય, એવું ન માનવું તે અનાચાર છે.

ફરી ચારિત્રને આશ્રીને આચાર-અનાચાર બતાવે છે—

● સૂત્ર-૭૧૨,૭૧૩ :-

***આધાકર્મ દોષયુક્ત આહારાદિ જે ભોગવે છે તે સાધુ પરસ્પર કર્મથી લિપ્ત થાય છે કે લિપ્ત થતા નથી એવું એકાંત વચન ન કહે...કેમકે આ બંને એકાંત વચનથી વ્યવહાર ચાલતો નથી, આ બંને એકાંત મતનો આશ્રય લેવો તે અનાચાર છે, તેમ તું જાણ.***

● વિવેચન-૭૧૨,૭૧૩ :-

[૭૧૨] સાધુને આશ્રીને થયેલ વસ્ત્ર, ભોજન, વસતિ આદિ, તે આધાકર્માદિ, તેને જે ભોગવે, તે પરસ્પર, તે પોતાના કર્મથી લેપાયેલા છે અથવા લેપાયેલા નથી, તેવા એકાંત વચન ન બોલે. સારાંશ એ કે આધાકર્મી પણ શાસ્ત્ર મુજબ શુદ્ધ કરીને વાપરે તો કર્મથી લેપાતા નથી. માટે અવશ્ય કર્મબંધ થાય તેમ ન કહેવું. તથા શાસ્ત્રોક્ત વિધિ વિના આહાર લાલસાથી આધાકર્મી ખાય તો તે નિમિત્તે કર્મબંધ થાય છે. માટે તેને કર્મબંધ નથી, તેમ પણ ન બોલવું. જૈન આગમ જાણનારો એમ બોલે કે આધાકર્મના ઉપભોગથી કર્મબંધ થાય પણ ખરો અને ન પણ થાય. - x - ઇત્યાદિ - x - સ્યાદ્વાદથી હવે તેનો ઉત્તર આપે છે-

[૭૧૩] આ બે સ્થાનોનો આશ્રય લઈ કોઈ કહે કે આધાકર્મીના ઉપભોગથી કર્મબંધ થશે જ કે નહીં જ થાય, તો વ્યવહાર ન ચાલે. જો આધાકર્મીથી એકાંત કર્મબંધ થતો હોય તો આહારના અભાવે ક્યારેક અનર્થનો ઉદય થાય. જેમકે ભૂખથી પીડિત બરાબર ઇર્યાસમિતિ ન પાળે, ચાલતા પ્રાણીની હિંસા કરે, મૂર્છાદિથી પડી જાય તો ત્રસાદિ જીવોનો વ્યાઘાત અને અકાળમરણ થશે, અવિરતિપણે ઉત્પન્ન થાય અને આર્તધ્યાનથી મરતા તિર્યંચ ગતિમાં જાય. - x - આત્મરક્ષણાદિ કાર્યો આધાકર્મી વાપરવા છતાં કર્મબંધ ન થાય. વળી આધાકર્માદિના નિષ્પાદનમાં છ જીવનિકાયનો વધ થાય, તેના વધથી કર્મબંધ થાય તે સ્પષ્ટ જ છે. માટે બંને સ્થાને એકાંત આશ્રિત વ્યવહાર ન કરવો. જો એકાંત પક્ષનો આશ્રય લે તો અનાચાર થાય, તે તું જાણ.

હવે બીજી રીતે વાણીનો અનાચાર બતાવે છે—

**● સૂત્ર-૭૧૪,૭૧૫ :-**

***જે આ ઔદારિક, આહારક, કાર્મણ શરીર છે, તે બધાં એક જ છે, કે એકાંતે ભિન્ન નથી, તથા સર્વેમાં શક્તિ વિદ્યમાન છે કે નથી. તેવા એકાંત વચન ન બોલવા. કેમકે આ બંને સ્થાને એકાંત વિચારોથી વ્યવહાર ચાલતો નથી. આ બંને એકાંત સ્થાનને તું અનાચાર જાણ.***

**● વિવેચન-૭૧૪,૭૧૫ :-**

ગત સૂત્રમાં આહાર કહ્યો, તે શરીર હોય તો થાય. આ શરીર પાંચ પ્રકારે છે - ઔદારિક આદિ. તેમાં ભેદ કે અભેદ બતાવવા પૂર્વ પક્ષ કહે છે. બધાં લોકોને પ્રત્યક્ષ દેખાતું, ઉદાર પુદ્ગલોથી નીપજેલ તે ઔદારિક અથવા નિઃસાર હોવાથી ઉરાલ છે. તે તિર્યંચ અને મનુષ્યોને હોય છે. તથા ચૌદપૂર્વી કદી સંશય પડતા આહૃત કરે તે આહારક. તેના ગ્રહણથી વૈક્રિય પણ જાણી લેવું. એ જ રીતે કાર્મણ અને તૈજસ પણ લેવું. ઔદારિકાદિ પાંચે સાથે રહેતા હોવાથી કોઈને શંકા થાય કે આ શરીરો એકમેક છે કે તદ્દન ભિન્ન છે ? તે કહે છે—

- x - આ શરીરો સમાન છે કે તદ્દન ભિન્ન છે, તેવી એકાંત માન્યતા ન કરવી. - x - જો આપણે એકાંત અભેદ માનીએ તો આ ઔદારિક શરીર ઉદાર પુદ્ગલોનું બનેલું અને કર્મથી બનેલું તે કાર્મણ જે આ સંસારભ્રમણના કારણરૂપ છે. તેજસ્ દ્રવ્યોથી બનેલું તે તૈજસ જે આહાર પચાવવા કે તૈજસલબ્ધિ નિમિત્તક છે એવી ભેદ સંજ્ઞાથી કાર્ય ન થાય, આવું જાણીને કોઈ કહે કે તે તદ્દન ભિન્ન છે - તો તે અયુક્ત છે. તેમ હંમેશાં સાથે જ હોય તેવું પણ નથી. આવી વ્યવસ્થા હોવાથી બધાં શરીરો કોઈ અંશે અભેદ છે અને સંજ્ઞા ભેદથી ભેદ છે.

આ રીતે ઔદારિકાદી શરીરોના ભેદ-અભેદ બતાવીને હવે બધાં દ્રવ્યોના ભેદ-અભેદ બતાવવા - x - કહે છે. “બધું બધે છે”. એમ સાંખ્ય મતના અભિપ્રાયથી સત્વ-રજસ્-તમોરૂપ પ્રધાનના એકત્વથી અને બધાનું કારણ માની બધું બધામાં એકરૂપ છે, એ પ્રમાણે વ્યવસ્થા માનતાં ઘટ-પટ આદિમાં વ્યક્ત શક્તિ છે - x - ઇત્યાદિ માન છે. *[વાદોને અમારા આ કાર્યક્ષેત્રથી બાકાત રાખેલા છે, તેથી જિજ્ઞાસુઓએ મૂળવૃત્તિ જોવી - સમજવી.]* સાંખ્યોની આ વાત ન માનવી, તેનું કારણ બતાવે છે—

સાંખ્યોના અભિપ્રાય મુજબ બધું બધાના એકરૂપે છે. ઇત્યાદિ કહેવું અયુક્ત છે. કેમકે સુખ-દુઃખ, જીવિત-મરણ, દૂર-નજીક, સૂક્ષ્મ-બાદર, સુરૂપ-કુરૂપ આદિ સંસાર વૈચિત્ર્ય આંખ સામે દેખાય છે. આ બધાંને તમે પણ ખોટું કહી શકશો નહીં. મિથ્યા છે તેમ પણ નહીં કહેવાય. જો એમ માનશો તો દેખાતાનો નાશ અને ન દેખાતાની કલ્પના કરવાનો દોષ આવશે. વળી બધું એક માનતા સંસાર તથા મોક્ષના અભાવથી કરેલાં કૃત્યોનો નાશ અને ન કરેલાંની પ્રાપ્તિ બળજબરીથી માનવી પડે છે. માટે તમારી કલ્પના મુજબ સત્વ, રજસ્ અને તમસ્‌ની સામ્ય અવસ્થા આદિ સર્વે - x - વચનો અયુક્ત છે. - x - x -.



- x - આચાર્ય કહે છે - x - જો સર્વથા કારણમાં કાર્ય છે, તો તૈયાર થયેલા ઘડાના ઉત્પાદનની પેઠે કારણમાં કાર્ય સિદ્ધિ થાય, પરંતુ - x - ઘડાના કારણરૂપ માટીના પીંડમાં ઘી કે પાણી ભરાતું નથી. કેમકે કર્મગુણનો વ્યપદેશ થતો નથી, માટે કારણમાં કાર્ય નથી. *[ઇત્યાદિ અનેક દલીલો વૃત્તિકારે નોંધી છે, જિજ્ઞાસુઓએ કોઈ તજ્જ્ઞ પાસે સમજવું, માત્ર અનુવાદથી હેતુ સિદ્ધ થશે નહીં.]* સર્વે પદાર્થોમાં સત્વ, જ્ઞેયત્વ, પ્રમેયત્વ આદિ ધર્મો વડે કોઈ અંશે એકત્વ છે, તેમ પ્રતિનિયત પદાર્થના કાર્યપણે જે અર્થ ક્રિયાકારી તે જ પરમાર્થથી સત્ છે, માટે કથંચિત્ ભેદ છે. તેથી સામાન્ય-વિશેષાત્મક વસ્તુ છે, એમ નક્કી થયું.

આના દ્વારા સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ એ બે ભંગ વડે બાકી ભાંગા પણ જાણવા, તેથી સર્વ વસ્તુ સપ્તભંગી વાળી છે. તે કહે છે - સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અપેક્ષાએ કિંચિત્ છે, પર દ્રવ્યાદિ અપેક્ષાએ કિંચિત્ નથી. - x - x - x - ઇત્યાદિ સપ્તભંગી [વૃત્તિમાં જોવી.]

આ રીતે સામાન્યથી સર્વ વસ્તુનો ભેદ-અભેદ બતાવીને હવે સર્વ શૂન્યવાદી મતનું ખંડન કરીને લોક-અલોકનો વિભાગ પાડીને અસ્તિત્વ બતાવવા કહે છે - અથવા સર્વત્ર વીર્ય છે અથવા સર્વત્ર વીર્ય નથી. વીર્ય શબ્દથી સામાન્યથી વસ્તુનું અસ્તિત્વ કહ્યું. - x - x - પણ સર્વત્ર અસ્તિ એવી સંજ્ઞા ન ધારવી, તેમ સર્વત્ર નાસ્તિ એવી સંજ્ઞા પણ ન ધારવી. આવું કહીને સામાન્ય વસ્તુનું અસ્તિત્વ સાધ્યું. હવે તે જ વસ્તુનું કિંચિત્ વિશેષિતત્વથી લોકાલોક સ્વરૂપથી અસ્તિત્વ સાધવા માટે સૂત્રકાર કહે છે—

**● સૂત્ર-૭૧૬,૭૧૭ :-**

***લોક નથી કે અલોક નથી, એવી સંજ્ઞા ન કરવી, પણ લોક છે અને અલોક છે - એવી સંજ્ઞા રાખવી જોઈએ...જીવ કે અજીવ નથી એવી સંજ્ઞા ન રાખવી, પણ જીવ અને અજીવ છે, એવી સંજ્ઞા રાખવી જોઈએ.***

**● વિવેચન-૭૧૬,૭૧૭ :-**

[૭૧૬] ચૌદરાજ પ્રમાણ અથવા ધર્મ-અધર્મ-આકાશાદિ પંચાસ્તિકાયરૂપ તે લોક. આ લોક નથી એવી સંજ્ઞા ન રાખે. આકાશાસ્તિકાય માત્ર આકાશ છે, તે વિદ્યમાન નથી, તેવી સંજ્ઞા ન રાખે. આ લોકાલોકના અભાવને બતાવવા [વાદી] કહે છે-આ વસ્તુ દેખાય છે તે અવયવ દ્વારથી કે અવયવી દ્વારથી દેખાય છે ? જો અવયવ દ્વારા દેખાય છે તેમ કહો તો તેમાં સૂક્ષ્મ પરમાણુઓ દેખાવાનો અસંભવ છે - x - x - તેમ અવયવી દ્વારા પણ દેખાય નહીં, કેમકે વિકલ્પમાન અવયવીનો જ અભાવ છે ઇત્યાદિ - x - x - આ બધું માયા, સ્વપ્નાદિ જેવું લોકાલોકનું સ્વરૂપ છે. - x - x - વસ્તુનો અભાવ થવાથી લોકાલોકનો અભાવ સિદ્ધ થશે.

[જૈનાચાર્ય કહે છે-] આવું ખોટું તત્ત્વ ન માનીશ. કેમકે લોક છે. તે ઉર્ધ્વ-અધો-તિર્છારૂપે વૈશાખ સ્થાનમાં સ્થિત કેડે બે બાજુ હાથ રાખીને ઉભેલા પુરુષ જેવો છે અથવા પંચાસ્તિકાય રૂપ છે તેથી વિરુદ્ધ અલોક પણ છે. જો અલોક ન માનીએ તો લોકની વ્યવસ્થા સિદ્ધ ન થાય. જો વાદીના મત મુજબ બધું જ નથી, તો તેમાં

નિષેધ કરનાર પણ નથી, તો પછી નિષેધના અભાવમાં વસ્તુ સિદ્ધ થશે - x -.

જો તમે બધાં પદાર્થનો અભાવ માનો છો, તો યુક્તિનો અભાવ થતાં તમારી વાત અયુક્તિવાળી થશે. જો તમે યુક્તિ સાચી માનો તો તે યુક્તિ જ અમારું તત્ત્વ છે. તે સિદ્ધ થતાં બધું સત્ થશે ઇત્યાદિ. - x - જૈન મત મુજબ એકાંતથી ન અવયવ છે, ન એકાંતથી અવયવી. અહીં સ્યાદ્વાદ્ મત સ્વીકારવાથી તમારો વિકલ્પ દોષ દૂર થશે. તેથી કંઈ અંશે લોક છે, તેમ કંઈ અંશે અલોક પણ છે.

[૭૧૭] એ રીતે લોક-અલોકનું અસ્તિત્વ સિદ્ધ કરીને હવે તેમાં વિશેષરૂપે જીવ-અજીવનું અસ્તિતત્વ પ્રતિપાદન કરવા કહે છે - ઉપયોગ લક્ષણવાળા જીવ-સંસારી કે મુક્ત નથી, ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ-કાળ તે અનુક્રમે ગતિ-સ્થિતિ-અવગાહદાન-છાયા આ તપ આદિ - વર્તના લક્ષણ વિદ્યમાન નથી, એવી ખોટી કલ્પના ન કરે.

કુવાદી નાસ્તિત્વને આ પ્રમાણે સિદ્ધ કરે છે, જીવો અરૂપી હોવાથી પ્રત્યક્ષ દેખાતા નથી, પણ કાયારૂપે પરિણત પાંચ ભૂતો જ દોડવું, કુદવું આદિ ક્રિયા કરે છે. તથા આત્મા અદ્વૈતમત મુજબ પુરુષ તે જ આત્મા સર્વગત છે. - x - જીવ નથી તેમ અજીવ પણ નથી. એક જ આત્મા સર્વે ચેતન-અચેતન શું, કારણરૂપ છે. - જૈનાચાર્ય કહે છે - આવી કોઈ વાત માનવી નહીં. પણ જીવ છે. આ સર્વના સુખ-દુઃખો વગેરેના નિબંધનરૂપ છે, હું પીડાઉં છું વગેરે બોલતા સંભળાય છે. એ જીવથી જુદા ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ વગેરે વિદ્યમાન છે, પ્રત્યક્ષ પ્રમાણથી તેના ગુણો અનુભવાય છે.

[જૈનાચાર્ય ભૂતવાદીને પૂછે છે-] તમારાં માનેલા પાંચ ભૂતો નિત્ય છે કે અનિત્ય? જો નિત્ય હોય તો - x - કાયાકારે પરિણમે નહીં. પૂર્વે ચૈતન્યથી તેનો સદ્ભાવ માનો તો નિત્યત્વની હાનિ થશે. હવે જો અનિત્ય માનો તો પૂછીએ કે તે ચૈતન્ય અવિદ્યમાન હોય ત્યારે ચૈતન્ય ઉત્પન્ન થાય કે વિદ્યમાન હોય ત્યારે. જો વિદ્યમાન માને તો જીવતત્વ સિદ્ધ થશે, જો અવિદ્યમાન માનો તો તમારો મત જૂઠો પડશે.

આ રીતે આત્મા અદ્વૈતવાદીને પૂછવું કે જો પુરુષ એ જ બધું છે, તો ઘડા આદિમાં જીવતત્વ કેમ નથી દેખાતું ? - x - x -

એ રીતે એકાંતથી જીવ-અજીવનો અભાવ નથી. સર્વે પદાર્થોમાં સ્યાદ્વાદનો આશ્રય લેવાથી જીવ છે તે જીવ થશે અને પુદ્ગલ અપેક્ષાએ અજીવ પણ થશે. ઇત્યાદિ - x - x - જાણવું. જીવનું અસ્તિત્વ સિદ્ધ કરીને તેમાં રહેલ સત્-અસત્ ક્રિયાદ્વારે ધર્મ-અધર્મનું અસ્તિત્વ કહે છે.

**● સૂત્ર-૭૧૮,૭૧૯ :-**

***ધર્મ-અધર્મ નથી એમ ન વિચારવું, પણ ધર્મ-અધર્મ છે તેમ માનવું...બંધ-મોક્ષ નથી તેમ ન માનવું, પણ તે છે તેમ માનવું.***

**● વિવેચન-૭૧૮,૭૧૯ :-**

[૭૧૮] શ્રુત-ચારિત્રાત્મક જીવના આત્મ પરિણામ, જે કર્મક્ષયનું કારણ છે તે ધર્મ છે. અધર્મ એ મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય-યોગરૂપ જે કર્મબંધનું કારણ છે, તે આત્મ પરિણામ છે. આ ધર્મ-અધર્મ બંને કાળ-સ્વભાવ-નિયતી-ઈશ્વરાદિ મતથી



નથી. આવી સંજ્ઞા ન રાખવી. - x - કેમકે તે એકલા કારણ રૂપે નથી. બધાં ભેગા થાય ત્યારે કારણરૂપ બને છે. કહ્યું છે કે - એકલા કાળ વગેરેથી કોઈ કાર્ય ન થાય, મગ રાંધવાની માફક આ બધાં સમુદિતપણે કારણરૂપ છે.

ધર્મ-અધર્મ વિના સંસારનું વૈચિત્ર્ય ન ઘટે. માટે સમ્યગ્દર્શન આદિ રૂપ ધર્મ છે અને મિથ્યાત્વાદિ રૂપ અધર્મ છે, તેમ માને.

[૭૧૯] ધર્મ-અધર્મના હોવાથી બંધ અને મોક્ષનો પણ સદ્ભાવ છે, તે દર્શાવે છે - બંધ એટલે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશાત્મક કર્મ પુદ્ગલોનો જીવ વડે સ્વવ્યાપારથી સ્વીકરણ. અહીં એવું ન માને કે અમૂર્ત આત્માને રૂપીકર્મ ન લાગે તથા તેના અભાવે મોક્ષનો પણ અભાવે છે, તેવું ન માને.

તો કેવી સંજ્ઞા ધારણ કરે? તે કહે છે—

જીવનો કર્મ પુદ્ગલ સાથે બંધ છે, એવું માને. વાદી પૂછે છે - અમૂર્ત આત્મા સાથે મૂર્ત કર્મનો સંબંધ કેવી રીતે થાય ? [જૈનાચાર્ય કહે છે] આ વાત યોગ્ય નથી. આકાશનું સર્વવ્યાપીપણું પુદ્ગલ સાથે સંબંધ ન માને તો સિદ્ધ ન થાય. - x - વળી જ્ઞાનસ્વરૂપ આત્માને મદિરાપાનથી વિકાર ઉત્પન્ન થાય છે. તે જીવ-અજીવના સંબંધ વિના શક્ય નથી.

સંસારી જીવોને સદા તૈજસ-કાર્મણ શરીરના સદ્ભાવે એકાંત અમૂર્તત્વ ન હોય. તેમ બંધના પ્રતિપક્ષ રૂપ મોક્ષ પણ છે. તેના અભાવે બંધનો પણ અભાવ છે. આ રીતે સર્વ બંધના નાશ સ્વભાવવાળો મોક્ષ પણ છે એવી સંજ્ઞા ધારે.

બંધનો સદ્ભાવ માનતા પુન્ય-પાપનો સદ્ભાવ થશે તે કહે છે—

**● સૂત્ર-૭૨૦,૭૨૧ :-**

***પુન્ય-પાપ નથી, તેવું ન માને, પણ પુન્ય-પાપ છે તેવું માને...આશ્રવ-સંવર નથી, તેવું ન માને પણ આશ્રવ-સંવર છે તેમ માને.***

**● વિવેચન-૭૨૦,૭૨૧ :-**

[૭૨૦] શુભ પ્રકૃતિરૂપ પુણ્ય કે અશુભ પ્રકૃતિરૂપ નથી, તેવું ન વિચારવું. [વાદી] પુન્ય-પાપનો અભાવ જણાવવા કહે છે - કેટલાંકના મતે પુણ્ય નથી, પાપ જ તેની ઉત્કૃષ્ટ અવસ્થા છે, તે જ સુખદુઃખનું નિબંધન છે. બીજા કહે છે - પાપ નથી, પુણ્ય ઘટતાં જીવ પાપ કરે છે. કેટલાંક બંનેનો નિષેધ કરે છે. સંસારનું વૈચિત્ર્ય નિયતિ સ્વભાવાદિ કૃત્ છે. આ બધાનું કહેવું અયુક્ત છે. કેમકે પુન્ય-પાપ એ બંને સંબંધી શબ્દો છે. - x - તેથી કોઈ એકની સત્તા છે અથવા બંનેનો અભાવ છે તેમ કહી શકાય નહીં. કેમકે તેવા કારણ વિના જગત્‌ની વિચિત્રતા ન સંભવે.

ક્યાંય કારણ વિના કાર્ય ન થાય, નિયતિ-સ્વભાવાદિ વાદ - x - માનીએ તો સંસારમાં થતી બધી ક્રિયાઓ વ્યર્થ થાય. તેથી સર્વ કાર્યની ઉત્પતિમાં પુન્ય-પાપ છે, તેવી સંજ્ઞા ધારવી જોઈએ.

પુન્ય-પાપનું સ્વરૂપ આવું છે - શુભ કર્મ પુદ્ગલો તે પુન્ય અને અશુભ કર્મ પુદ્ગલ તે પાપ, તેમ જિનશાસનમાં સર્વજ્ઞોએ કહ્યું છે.

[૭૨૧] કારણ વિના કાર્યની ઉત્પત્તિ ન થાય. તેથી પૂર્વોક્ત પુન્ય-પાપના કારણભૂત આશ્રવ અને તેનો પ્રતિષેધ તે સંવર તેને બતાવે છે - જેનાથી કર્મ પ્રવેશે તે પ્રાણાતિપાતાદિ આશ્રવ છે - તે કર્મોપાદાનનું કારણ છે. તેનો નિરોધ તે સંવર છે. તેથી ''આ બંને નથી'' - તેમ કહેવું નહીં.

તેના અભાવ માટે વાદીઓ કહે છે - ''કાયા-વાચા-મનની પ્રવૃત્તિ તે કર્મ છે, તે આશ્રવ છે'' એવું તમે કહો છો, તેમ એવું પણ કહો છો કે - ''ઇર્યાસમિતિ શોધતા સાધુને ચાલવા માટે પગ ઉચકતા કોઈ જીવ મરી જાય તો પણ શુદ્ધ મનવાળાને હિંસા નથી'' - તેથી કાયાદિ પ્રવૃત્તિથી કર્મબંધ ન થાય. [હવે વાદી પૂછે છે] આ આશ્રવ આત્માથી જુદો છે કે અભેદ છે? જો ભિન્ન હોય તો તે આશ્રવ નથી, જો અભેદ છે તો સિદ્ધોને પણ આશ્રવ થાય, માટે આશ્રવત્વ ઘટી ન શકે. આશ્રવના અભાવે સંવરનો અભાવ છે.

[જૈનાચાર્ય કહે છે] વાદીનું આ કથન માનવું. કેમકે અનેકાંત માર્ગથી કોઈ અંશે ઉપયોગવંત સાધુને આશ્રવ ન થાય, તેમાં અમે સંમત છીએ. કેમકે અમે પણ તેવા ઉપયોગવંતને કર્મબંધ માનતા નથી. પણ ઉપયોગ રહિતને તો અવશ્ય કર્મબંધ છે. ભેદ-અભેદ ઉભય પક્ષને આશ્રીને એકપક્ષ આશ્રિત દોષનો અભાવ થતાં આશ્રવનો સદ્ભાવ છે. તેનો નિરોધ તે સંવર છે. કહ્યું છે કે શુભ યોગ તે પુન્યાશ્રવ અને અશુભ યોગ તે પાપાશ્રવ છે. વચન-કાયા-મનની ગુપ્તિ તે આશ્રવ ન હોવાથી સંવર છે. આ રીતે આશ્રવ-સંવર છે, તેમ વિચારવું. આશ્રવ-સંવર છે માટે વેદના-નિર્જરા પણ છે—

**● સૂત્ર-૭૨૨,૭૨૩ :-**

***વેદના-નિર્જરા નથી તેમ ન માનવું, વેદના-નિર્જરા છે તેમ માનવું....ક્રિયા-અક્રિયા નથી તેમ ન માનવું, ક્રિયા-અક્રિયા છે તેમ માનવું.***

**● વિવેચન-૭૨૨,૭૨૩ :-**

[૭૨૨] વેદના-કર્મનો અનુભવ. નિર્જરા-કર્મ પુદ્ગલોનું ખરી જવું. આ બે નથી તેમ ન વિચારે. તેનો અભાવ છે તેવી આશંકાનું આ કારણ છે - સેંકડો પલ્યોપમ, સાગરોપમે ભોગવવાનું કર્મ અંતર્મુહૂર્તમાં ક્ષય પામે છે, તેમ કહો છો - જેમકે - જે કર્મ અજ્ઞાની કરોડો વર્ષ ખપાવે, તેને ત્રણ ગુપ્તિ વડે ગુપ્તજ્ઞાની શ્વાસોચ્છ્વાસ માત્રમાં ખપાવે છે. ક્ષપક શ્રેણિમાં જીવ કર્મોને જલ્દીથી બાળી નાંખે છે. તેથી જે ક્રમે કર્મો બાંધ્યા તે પ્રમાણે અનુભવે નહીં માટે વેદનાનો અભાવ છે, વેદના અભાવે નિર્જરા અભાવ છે.

[જૈનાચાર્ય કહે છે] આવી ખોટી શંકા અયુક્ત છે. કેમકે કોઈકનું કર્મ જ ઉક્ત રીતે તપ વડે ખપે છે. કર્મપ્રદેશ તો ઉદય-ઉદીરણાથી બધાં ભોગવે જ છે, માટે વેદના છે. આગમ પણ કહે છે કે - પૂર્વે એકઠાં કરેલા પાપોનું પુરું પ્રાયશ્ચિત્ત ન કર્યુ હોય, તે કર્મો વેદવાથી મોક્ષ થાય છે. વેદ્યા વિના નહીં, ઇત્યાદિ. તેથી વેદના સિદ્ધ થઈ. વેદના સિદ્ધ થતાં નિર્જરા પણ સિદ્ધ છે, માટે વેદના અને નિર્જરા છે એવું માને.

[૭૨૩] વેદના-નિર્જરા એ ક્રિયા-અક્રિયાનો આધીન છે. તે બતાવે છે - પરિસ્પન્દ [હાલવું-ચાલવું] તે ક્રિયા, તેથી વિપરીત તે અક્રિયા. આ બંને નથી તેમ



ન વિચારવું. સાંખ્યમતીઓ-આત્મા સર્વવ્યાપી હોવાથી ક્રિયાને માનતા નથી, શાક્યો-બધાં પદાર્થોને ક્ષણિક માનતા હોવાથી - x - અક્રિયા નથી તેમ કહે છે. - x - x - આવી ખોટી સંજ્ઞા ન ધારવી.

[જૈનાચાર્ય કહે છે] - ''ક્રિયા છે, અક્રિયા પણ છે'' તેમ માનવું જોઈએ. શરીરધારી આત્માની એક દેશથી બીજા દેશમાં જવાની ક્રિયા પ્રત્યક્ષ છે. આત્માને સર્વથા અક્રિય માનતા આત્માનો બંધ અને મોક્ષ સિદ્ધ ન થાય. તે દૃષ્ટ-ઇષ્ટનું બાધક છે. વળી શાક્યો પ્રતિ ક્ષણે ઉત્પત્તિ માને છે તે જ ક્રિયા છે, તો ક્રિયાનો અભાવ કેમ કહેવાય ? વળી એકાંતે ક્રિયાનો અભાવ માનતાં સંસારથી મોક્ષનો અભાવ થશે. માટે ''ક્રિયા'' છે જ. તેથી વિપક્ષી ''અક્રિયા'' પણ છે જ. હવે સક્રિય આત્મામાં ક્રોધાદિનો સદ્ભાવ કહે છે—

**● સૂત્ર-૭૨૪ થી ૭૨૬ :-**

***ક્રોધ-માન નથી તેમ ન વિચારવું, પણ ક્રોધ-માન છે તેમ માનવું...માયા-લોભ નથી તેમ ન વિચારવું, પણ માયા-લોભ છે તેમ માનવું...રાગ-દ્વેષ નથી તેમ ન વિચારવું, પણ રાગ-દ્વેષ છે, તેમ માનવું.***

**● વિવેચન-૭૨૪ થી ૭૨૬ :-**

[૭૨૪] પોતાને કે બીજાને જે અપ્રીતિ થાય તે ક્રોધ. તેના ચાર ભેદ છે - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન. એ રીતે માન અર્થાત્ ગર્વના આવા ચાર ભેદ છે. આ ક્રોધ-માન નથી તેવું ન માને.

કેટલાંક એવું માને છે કે માનનો અંશ એ જ 'અભિમાન' તેનાથી ઘેરાયેલાનું અપમાન થતાં ક્રોધનો ઉદય થાય છે. ક્ષપક શ્રેણિમાં ક્રોધને અલગ ક્ષય દેખાડેલ નથી. વળી તે વાદી પૂછે છે કે - આ ક્રોધ આત્માનો ધર્મ છે કે કર્મનો ? જો આત્મધર્મ માનો તો સિદ્ધોને પણ ક્રોધોદય થશે. જો કર્મનો ધર્મ માનો તો અન્ય કષાયના ઉદયે પણ તેનો ઉદય પ્રસંગ આવશે, કર્મ મૂર્ત હોય તો ઘડા માફક તેનો આકાર દેખાવો જોઈએ. જો બીજાનો ધર્મ માનો તો તે કશું કરી શકે નહીં, માટે ક્રોધ નથી. એ રીતે માનનો અભાવ પણ જાણવો, [જૈનાચાર્ય કહે છે] આવું ન માનવું.

કારણ - કષાય કર્મોદયવર્તી જીવ હોઠ પીસતો, ભ્રુકુટી ચડાવતો, લાલચોળ મુખ, પરસેવો ટપકતો ક્રોધથી બળતો દેખાય છે. આ ચિન્હો માનનો અંશ નથી, તે માનનું કાર્ય કરતો નથી. બીજાના નિમિત્તે ઉઠેલ છે. વળી આ ધર્મ જીવ તથા કર્મનો સાથે છે. બંનેનો ભેગો માનતા જુદા જુદા માનવાના દોષ ન આવે. સંસારી જીવો કર્મથી જુદા ન થઈ શકે. - x - ક્રોધ આત્મા અને કર્મ ભેગા માનતાં સિદ્ધ થાય. એ રીતે માન પણ છે.

[૭૨૫] હવે માયા-લોભનું અસ્તિત્વ બતાવે છે - અહીં પણ ક્રોધ અને માન માફક - x - લોભ અને માયાનું અસ્તિત્વ બતાવવું.

[૭૨૬] હવે આ ક્રોધાદિનું ટૂંકમાં અસ્તિત્વ બતાવે છે - પ્રીતિ તે પ્રેમ, પુત્ર, પત્ની, ધન, ધાન્યાદિ પોતાના હોય, તેના ઉપર રાગ થવો અને તેનાથી વિરુદ્ધ

પોતાની વસ્તુના ઘાતક પ્રતિ અપ્રીતિ તે દ્વેષ.

કેટલાંક માને છે - આ બંને નથી. માયા અને લોભ બે અવયવો છે, તેના સમુદાયરૂપ ‘રાગ’ અવયવી નથી. તેમ ક્રોધ-માન છે, પણ તેના સમુદાયરૂપ ‘દ્વેષ’ અવયવી નથી. જો અવયવોથી અવયવી અભિન્ન હોય તો તે સિદ્ધ ન થાય. જો ભિન્ન માનો તો ઘટ-પટ માફક જુદો દેખાવો જોઈએ.

[જૈનાચાર્ય કહે છે-] ઉક્ત અભિપ્રાય ન માનવો. અવયવ-અવયવી બંનેમાં કથંચિત્ ભેદ માનવાથી ભેદાભેદરૂપ ત્રીજા પક્ષના આશ્રયથી પ્રત્યેક પક્ષ આશ્રિત દોષ નહીં લાગે. તેથી પ્રેમ-દ્વેષ છે, તેવું માનવું.

હવે કષાય સદ્‌ભાવ સિદ્ધ થતાં સંસારનો સદ્‌ભાવ કહે છે—

**● સૂત્ર-૭૨૭,૭૨૮ :-**

***ચાર ગતિવાળો સંસાર નથી એમ ન માનવું, પણ તે છે તેમ માનવું,...દેવ-દેવી નથી તેમ ન વિચારવું, પણ દેવ-દેવી છે, તેમ માનવું.***

**● વિવેચન-૭૨૭,૭૨૮ :-**

જેના ચાર ગતિરૂપ ભેદો છે - નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ, તે ચતુરંત સંસાર. આ સંસાર ભયનો એક હેતુ હોવાથી તે સંસાર કાંતાર છે.

“આ સંસાર ચાર ભેદે નથી, પણ જીવોના ભ્રમણરૂપ તથા કર્મબંધનરૂપથી દુઃખનો હેતુ હોવાથી એક પ્રકારે જ છે. અથવા નારકી અને દેવતા દેખાતા નથી. તિર્યંચ અને મનુષ્યરૂપ - x - બે પ્રકારે સંસાર છે. પર્યાયને આશ્રીને અનેકવિધ છે. પણ ચાર પ્રકાર તો કોઈ રીતે નથી.” — આવું ન વિચારવું. પણ ચાતુરંત સંસાર છે એમ જ માનવું.

વાદી એકવિધ સંસાર કહે છે, તે સિદ્ધ થતું નથી કેમકે પ્રત્યક્ષ તિર્યંચ-મનુષ્ય ભેદ દેખાય છે. - x - સંભવ-અનુમાનથી નારક-દેવનું અસ્તિતત્વ સ્વીકારતા બે ભેદ પણ ન મનાય. પુન્ય-પાપનું મધ્યમ ફળ ભોગવનાર તિર્યંચ-મનુષ્ય છે, તેમ પ્રકૃષ્ટ ફલ ભોક્તા દેવ-નારકી પણ સંભવે છે. વળી જ્યોતિષ્ દેવો પ્રત્યક્ષ દેખાય છે. - x - દેવ વિમાન છે તો ઉપભોક્તા પણ હોવાના જ. ગ્રહો પાસે વરદાન પામનારા પણ છે. જેમ અધિક પુણ્ય ફળ ભોક્તા દેવો છે, તેમ પ્રકૃષ્ટ પાપ ભોક્તા નારકી પણ વિચારી લેવા આ રીતે સંસાર ચાર પ્રકારે સિદ્ધ થાય છે.

પર્યાયાશ્રિત અનેકવિધતાનું કથન પણ અયુક્ત છે. જેમ સાત નારકીમાં સમાન જાતિ આશ્રિત જીવો એક પ્રકારના ગણાય, સર્વે તિર્યંચો એકેન્દ્રિયાદિ એક પ્રકારના ગણાય, ભવનપત્યાદિ ચારે દેવોની એક જાતિ ગણાય - x - x - ઇત્યાદિ. એ રીતે સંસારનું ચાતુર્વિધ્ય જાણવું. - x -

[૭૨૮] દેવ-દેવી છે તેમ માનવું. [વૃત્તિકારે-કંઈ વિશેષ કહ્યું નથી.]

સંસાર છે તેમ કહ્યું, તેથી તેનો પ્રતિપક્ષ મોક્ષ પણ છે તે કહે છે—

**● સૂત્ર-૭૨૯,૭૩૦ :-**

***સિદ્ધિ કે અસિદ્ધિ નથી તેમ ન માનવું, પણ તે છે તેમ માનવું...સિદ્ધિ, જીવનું નિજ સ્થાન નથી તેમ ન માનવું, નિજસ્થાન છે તેમ માનવું.***



**● વિવેચન-૭૨૯,૭૩૦ :-**

[૭૨૯] સર્વે કર્મોનો ક્ષય તે સિદ્ધિ, તેથી ઉલટું તે અસિદ્ધિ, તે નથી તેમ ન માને. પૂર્વ ગાથામાં ચતુર્ગતિ સંસાર કહ્યો, - x - માટે સંસારનું અસ્તિત્વ પ્રસિદ્ધ છે. તેથી વિપરીત તે - x - સિદ્ધિ પણ અનિવારિત-સત્ય છે. માટે સિદ્ધિ-અસિદ્ધિ છે, તેમ માનવું. સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગના સદ્‌ભાવથી અને કર્મક્ષયથી - x - સિદ્ધિ મળે છે. કહ્યું છે કે - મોહનીય આદિ દોષ અને જ્ઞાનાદિ આવરણોની સંપૂર્ણ હાનિ તે જ સિદ્ધિ છે - x - એ રીતે સર્વજ્ઞનો સદ્‌ભાવ પણ સંભવે છે. જેમ - અભ્યાસ વડે પ્રજ્ઞાની - x - વૃદ્ધિ થતાં પ્રજ્ઞાતિશય દેખાય છે. તેમ કોઈને અત્યંત અતિશય પ્રાપ્ત થતાં સર્વજ્ઞત્વ થાય તે સંભવ અનુમાન. પણ કોઈ યુક્તિથી - x - x - સર્વજ્ઞત્વ પ્રાપ્તિ ન થાય તેમ કહે, તો તે ન માનવું.

[જૈનાચાર્ય કહે છે-] તમારી યુક્તિ-દૃષ્ટાંતનું અમારા કથન સાથે સામ્યપણું નથી - x - x - પ્રજ્ઞાની વૃદ્ધિમાં બાધકપણાનો અભાવ હોવાથી સર્વજ્ઞની પ્રાપ્તિ છે. [વાદી કહે છે-] અંજન ભરેલા દાબડા માફક આખું જગત્ સર્વત્ર જીવોથી ભરેલું છે, તેથી હિંસા દુર્નિવાર્ય હોવાથી સિદ્ધિનો અભાવ છે. જેમકે - જળ, સ્થળ, આકાશ બધે જીવો છે, લોક જીવાકુલ છે, તો ભિક્ષુ અહિંસક કઈ રીતે થાય ? હિંસાના અભાવે સિદ્ધિનો અભાવ છે.

[જૈનાચાર્ય કહે છે-] તમારું માનવું અયુક્ત છે. સદા ઉપયોગવંત આશ્રવ રોકેલો, પાંચ સમિતિથી સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, સર્વથા નિરવધ અનુષ્ઠાન કરનારો, ૪૨-દોષરહિત ભિક્ષા કરનારો, ઇર્યા સમિતને કદાચિદ્ દ્રવ્યથી જીવ-હિંસા થઈ જાય તો પણ તેનાથી કર્મબંધ થતો નથી. કેમકે તે સર્વથા અનવધ છે - x - એ રીતે કર્મબંધ અભાવથી સિદ્ધિનો સદ્‌ભાવ વાંધારહિત છે. એ રીતે સામગ્રીના અભાવે અસિદ્ધિ પણ છે તેમ માનો.

[૭૩૦] હવે સિદ્ધોના સ્થાનનું નિરૂપણ કરે છે - સર્વ કર્મક્ષય લક્ષણરૂપ સિદ્ધિ [સિદ્ધો]નું નિજ સ્થાન-ઈષત્ પ્રાગભારા નામક વ્યવહારથી છે, નિશ્ચયથી તો તેના ઉપર યોજન ક્રોશનો છટ્ઠો ભાગ [યોજનનો ૨૪-મો ભાગ-૩૩૩ પૂર્ણાંક એક તૃતીયાંશ ધનુષ્ પ્રમાણ] છે. તેના પ્રતિપાદક પ્રમાણના અભાવ હોવાથી સિદ્ધિ સ્થાન નથી તેવી શંકા ન કરવી. સિદ્ધિ સ્થાનના બાધક પ્રમાણનો અભાવ હોવાથી અને તેના સાધક આગમના સદ્‌ભાવથી સિદ્ધિ સ્થાન છે [તે માનવું.] વળી બધાં કર્મમળ દૂર થવાથી સિદ્ધોનું કોઈ વિશિષ્ટ સ્થાન હોવું જોઈએ. તે ચૌદ રાજલોકના સૌથી ઉંચે છે.

[જૈનાચાર્ય કહે છે-] સિદ્ધોને આકાશ માફક સર્વવ્યાપી ન જાણવા, કારણ કે આકાશ લોકાલોક વ્યાપી છે, અલોકમાં બીજા દ્રવ્યનો સંભવ નથી. તે માત્ર આકાશરૂપ છે. લોકમાત્રમાં પણ સિદ્ધો વ્યાપેલા નથી. કેમકે તેવો વિકલ્પ ઉત્પન્ન થતો નથી. તે કહે છે - x - સિદ્ધ અવસ્થામાં તો સર્વવ્યાપી નથી, તેના વ્યાપીપણામાં કંઈપણ નિમિત્તનો અભાવ છે. સિદ્ધાવસ્થા પૂર્વે પણ સર્વવ્યાપી નથી, અન્યથા સંસારી જીવને સુખ-દુઃખનો અનુભવ ન થાય. વળી જીવને શરીરથી બહાર રહેવા યોગ્ય સ્થાન નથી - x - તેથી

સિદ્ધનું સર્વવ્યાપીત્વ યુક્તિ યુક્ત નથી. લોકાગ્રે જ સિદ્ધોનું સ્થાન છે.

સિદ્ધોની ગતિ - કર્મ મુક્ત જીવોની ઉર્ધ્વ ગતિ છે. તે જ કહ્યું છે કે - તુંબડુ, એરંડફળ, અગ્નિ, ધુંવાડો કે ધનુષ્થી છોડેલ બાણ ઉંચે જાય છે તેમ પૂર્વપ્રયોગથી સિદ્ધના જીવોની ઉંચી ગતિ છે. તેથી સિદ્ધિનું પોતાનું સ્થાન છે, તેવી સંજ્ઞા ધારણ કરે. હવે સિદ્ધિમાં જનારા સાધુ તથા તેના પ્રતિપક્ષભૂત અસાધુનું અસ્તિત્વ બતાવતા કહે છે—

**• સૂત્ર-૭૩૧,૭૩૨ :-**

***સાધુ, અસાધુ નથી તેમ ન વિચારવું, પણ સાધુ અને અસાધુ છે તેમ માનવું...કલ્યાણ કે પાપ નથી તેમ ન વિચારવું, પણ તે છે તેમ માનવું.***

**• વિવેચન-૭૩૧,૭૩૨ :-**

[૭૩૧] "જ્ઞાન, દર્શન, ચારિત્ર ક્રિયાયુક્ત મોક્ષમાર્ગે જનાર સાધુ નથી, કેમકે સંપૂર્ણ રત્નત્રય અનુષ્ઠાનનો અભાવ છે, તેના અભાવે અસાધુનો પણ અભાવ છે. પરસ્પર અપેક્ષાએ એકનો અભાવ થતાં બીજાનો પણ અભાવ થશે" - આ પ્રમાણેની સંજ્ઞા ધારણ ન કરવી. પણ સાધુ છે.

[જૈનાચાર્ય કહે છે-] પૂર્વે સિદ્ધિને સિદ્ધ કરી, આ સિદ્ધિ સાધુના અભાવે સિદ્ધ ન થાય. તેથી 'સાધુ' સિદ્ધ થાય છે. તેના પ્રતિપક્ષ અસાધુ પણ સિદ્ધ થાય છે. 'સંપૂર્ણ રત્નત્રયના અનુષ્ઠાનનો અભાવ" કહ્યો તે પણ સિદ્ધાંતનો અભિપ્રાય જાણ્યા વિના જ છે. કહે છે કે - સમ્યગ્ દૃષ્ટિ, ઉપયોગવંત, રાગ-દ્વેષ સહિત, સારા સંયમવંત, શ્રુતાનુસાર આહારાદિને શુદ્ધ બુદ્ધિએ લેતાં ક્વચિત્ અનેષણીય ગ્રહણ થાય તો પણ સતત ઉપયોગથી સંપૂર્ણ રત્નત્રય અનુષ્ઠાન [સાધુને] છે જ.

[વાદી કહે છે-] આ ભક્ષ્ય કે અભક્ષ્ય છે, આ ગમ્ય કે અગમ્ય છે, આ પ્રાસુક એષણીય છે કે વિપરીત છે, એવા રાગ-દ્વેષનો સંભવ હોવાથી સમભાવરૂપ સામાયિકનો અભાવ છે. [જૈનાચાર્ય કહે છે-] તમારું કથન અજ્ઞાન છે, કેમકે સામાયિકવંત સાધુને રાગદ્વેષથી ભક્ષ્યાભક્ષ્ય આદિ વિવેક નથી, પણ મોક્ષના પ્રધાન અંગ-ચારિત્રની સાધના માટે છે, વળી મિત્ર કે શત્રુ પરત્વે સમભાવ તે સામાયિક છે. ભક્ષ્યાભક્ષ્યની સમવૃત્તિ થકી નહીં. આ રીતે મુક્તિમાર્ગ પ્રવૃત્તને 'સાધુત્વ' છે, બાકીનાને 'અસાધુત્વ' છે, તેમ બતાવી હવે કલ્યાણ અને પાપને કહે છે—

[૭૩૨] જે ઇષ્ટ ફળની સંપ્રાપ્તિ તે 'કલ્યાણ'. તે નથી. કેમકે બૌદ્ધો કહે છે - બધાં પદાર્થો અશુચિ છે માટે કલ્યાણ નથી તેના અભાવે કોઈ કલ્યાણવંત પણ નથી. આત્મા અદ્વૈતવાદીના મતે પુરુષ જ બધું છે, માટે પાપ કે પાપવાળો પણ કોઈ નથી. માટે બંનેનો અભાવ છે. - x - x - આવી કલ્યાણ અને પાપના અભાવરૂપ સંજ્ઞા ધારણ ન કરે.

[જૈનાચાર્ય કહે છે-] કલ્યાણ અને કલ્યાણવંત છે અને પાપ તથા પાપવાળા પણ છે, તેવી સંજ્ઞા ધારણ કરે. બૌદ્ધોના મતે બધું અશુચિ હોય તો બુદ્ધને પણ અશુચિત્વ લાગું પડશે. - x - સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ અપેક્ષાએ સર્વ પદાર્થો



વિધમાન છે, પરદ્રવ્યાદિ વડે નથી. કેમકે દરેક વસ્તુ સદ્-અસદ્રૂપે છે. - x - આત્માના અદ્વૈતભાવના અભાવથી પાપનો અભાવ નથી. અદ્વૈતભાવમાં સુખી-દુઃખી, રોગી-નીરોગી, સુરૂપ-કુરૂપ, દુર્ભગ-સુભગ - x - ઇત્યાદિ જગત્ વૈચિત્ર્ય સિદ્ધ ન થાય. વળી જે બ્રાહ્મણ ચાંડાળમાં સમદર્શીપણું કહ્યું, તે સૌને સમાન પીડા થાય છે. તેથી બ્રાહ્મણ-ચાંડાળમાં વિચિત્રપણું નથી એમ ન સમજવું. તેથી એકાંતે કલ્યાણ કે પાપ નથી. કેમકે કેવલીને ઘનઘાતિ કર્મ ચતુષ્ટય નષ્ટ થવા છતાં પણ સાતા-અસાતાનો ઉદય હોય છે. તથા નારકોને પણ પંચેન્દ્રિયપણું, વિશિષ્ટ જ્ઞાનાદિ હોવાથી તેઓ એકાંતે પાપી નથી. તેથી જીવોને કથંચિત્ કલ્યાણ અને કથંચિત્ પાપ વિધમાન છે.

આ રીતે કલ્યાણ-પાપનું અનેકાંતપણું કહી એકાંતના દોષ કહે છે—

**• સૂત્ર-૭૩૩ થી ૭૩૫ :-**

***કોઈ એકાંત કલ્યાણવંત કે એકાંત પાપી છે, તેવો વ્યવહાર થતો નથી. પોતાને શ્રમણ માનતા બાલપંડિત કર્મબંધને જાણતા નથી...જગત્‌ના પદાર્થો એકાંત નિત્ય કે અનિત્ય છે, જગત્ દુઃખરૂપ છે, અપરાધી પ્રાણી વધ્ય કે અવધ્ય છે, એવું કથન સાધુ ન કરે...સમિત આચારી, નિર્દોષ ભિક્ષાજીવી સાધુ દેખાય છે, તેઓ મિથ્યા જીવે છે તેમ ન માનવું.***

**• વિવેચન-૭૩૩ થી ૭૩૫ :-**

[૭૩૩] સુખ કે આરોગ્યનું શોભનપણું આણે તે કલ્યાણ. તે જેને છે તે કલ્યાણી-કલ્યાણવાન્. એ જ રીતે પાપ-પાપી જાણવા. કોઈ સર્વથા પુન્યવાન્ કે સર્વથા પાપી છે, તેવો વ્યવહાર નથી. કેમકે તેવા એકાંતપણાનો અભાવ છે. બધી વસ્તુને અનેકાંતથી અમે પૂર્વે સિદ્ધ કરી છે. આ વ્યવહાર બધે યોજવો. - જેમકે-એકાંતે સર્વત્ર વીર્ય છે કે નથી તેવો એકાંત વ્યવહાર ન ચાલે. તેમ લોક કે અલોક નથી, જીવ કે અજીવ નથી એવો એકાંત વ્યવહાર નથી. એ રીતે ક્યાંય એકાંત વચન ન ચાલે. "વેર-વિરોધ, તે બીજાને પીડા કરવાથી થાય છે." તેવું રાગદ્વેષયુક્ત અજ્ઞાની પોતાને પંડિત માનનારા - x - જાણતા નથી પરમાર્થરૂપ અહિંસા લક્ષણ ધર્મ કે અનેકાંત પક્ષનો તેઓ આશ્રય લેતા નથી. અથવા "જે વૈર છે તેને તે બાલપંડિત શ્રમણો જાણતા નથી" એવું પણ એકાંતે ન બોલવું, કેમકે તેઓ પણ કંઈક જાણે જ છે. વળી તેમને "તમે નથી જાણતા" એવું કહેવાથી તે નિમિત્તે ક્રોધ ઉત્પન્ન થાય છે, માટે ન બોલવું. કહ્યું છે કે - જે બોલવાથી બીજાને અપ્રીતિ કે ક્રોધ થાય, તેવી અહિત કરનારી ભાષા સર્વથા સાધુ ન બોલે.

[૭૩૪] વાણીના સંયમને આશ્રીને કહે છે - असेस - સંપૂર્ણ. સાંખ્ય મત મુજબ નિત્ય છે એવું ન બોલે કેમકે પ્રત્યેક સમયે બધી વસ્તુમાં જુદું-જુદું રૂપ દેખાય છે. "તે આ જ છે." એવું એકત્વ સાધક વચન ખોટું છે - x - તથા अपि શબ્દથી "એકાંત ક્ષણિક છે." તેમ પણ ન બોલવું. કેમકે સર્વથા ક્ષણિક બોલતા પૂર્વનું સર્વથા નાશ થાય, તો પછી જે નવું થાય, તે નિર્હેતુક થયું કહેવાય. જે નિત્ય છે, તે સાચું કે ખોટું છે બોલીએ તો હેતુ વિના અન્યોન્ય અપેક્ષણા થાય. તથા "સર્વ જગત્ દુઃખરૂપ છે" તેમ

પણ ન કહેવું. કેમકે સમ્યગ્ દર્શનાદિભાવથી સુખરૂપ પણ દેખાય છે.

કહ્યું છે કે - તૃણ સંથારે બેસેલ, રાગ-મદ-મોહ નષ્ટ થયા છે તેવા મુનિવર જે મુક્તિ સુખ અનુભવે, તેવું સુખ ચક્રવર્તીને પણ ક્યાંથી હોય? તથા ચોર લફંગાને મારી નાંખવા જોઈએ એવું ન બોલવું અને ન મારવા જોઈએ તેમ પણ ન કહેવું કેમકે તેથી હિંસા અથવા ચૌરાદિની અનુમોદના થાય. - x - સિંહ, વાઘ આદિ બીજા જીવોને મારી નાંખે છે તે જોઈને માધ્યસ્થભાવ રાખવો, પણ તેને મારી નાંખો કે ન મારો તેવું સાધુ ન બોલે. - x - એ રીતે બીજો પણ વાક્સંયમ પાળવો. જેમકે - આ બળદ આદિ વહન કરવા યોગ્ય છે કે નથી, વૃક્ષાદિ છેદવા યોગ્ય છે કે નથી, એવા વચન ન બોલવા.

[૭૩૫] વળી આ વાક્સંયમ અંતઃકરણ શુદ્ધિને આશ્રીને બતાવે છે - આપણા શાસ્ત્રમાં કહ્યા મુજબ જેનો આત્મા સંયત છે, તે નિભૃત આત્માવાળા છે. [આવો ક્યાંક પાઠ છે.] આપણા શાસ્ત્રમાં કહ્યા મુજબ બરોબર આચાર પાળનારા તે "સમ્યગ્ આચારવાળા" છે. અથવા જે સમ્યગ્ આચારવાળા છે. તે સમિતાચારી છે. કે જેઓ ભિક્ષાવૃત્તિથી જીવન ગુજારે છે, તથા સાધુની વિધિએ જીવે છે. તેથી કહે છે કે - તેઓ ઉપરોધ વિધાનથી જીવતા નથી. તેમજ ક્ષાંત, દાંત, જીતક્રોધી, સત્યસંધી, દૃઢવ્રતી, યુગાંતર માત્ર દૃષ્ટિથી ચાલનારા, પરિમિતપાણી પીનારા, મૌની, સદા જીવરક્ષક, વિવિક્ત એકાંત ધ્યાન કરનાર, કુતુહલરહિત એવા ગુણવાળા સરાગી હોવા છતાં વીતરાગી માફક વર્તે છે, એવું માનીને આ મિથ્યાત્વથી જીવે છે તેમ ન વિચારવું, એવું મનમાં પણ ન વિચારવું, એવું વાણીથી પણ ન બોલવું કે આ મિથ્યા-ઉપચાર પ્રવૃત્ત માયાવી છે. આ કપટી છે કે સરળ છે તેવો નિશ્ચય છદ્મસ્થ, સામાન્ય જ્ઞાનવાળો કરી ન શકે. તે સાધુ જૈન હોય કે અન્યધર્મી, પણ સાધુ આવું વચન ન બોલે. કહ્યું છે કે બીજાના ગુણ કે દોષ વિચારવા કરતા તેટલો વખત શુદ્ધ ધ્યાનમાં મનને દોરવું. - વળી -

● **સૂત્ર-૭૩૬,૭૩૭ :-**

***"અમુક પાસેથી દાન મળે છે કે નથી મળતું" એવું વચન મેધાવી સાધુ ન બોલે. પણ શાંતિ માર્ગની વૃદ્ધિ થાય તેવું વચન કહે...અહીં કહેલા જિનોપદિષ્ટ સ્થાનો વડે પોતાને સંયમમાં સ્થાપિત કરી સાધુ મોક્ષપર્યન્ત સંયમાનુષ્ઠાનમાં રહે. - તેમ હું કહું છું.***

● **વિવેચન-૭૩૬,૭૩૭ :-**

દાન-દક્ષિણા. તેની પ્રાપ્તિ તે દાનલાભ, આ ગૃહસ્થાદિથી થશે કે નહીં થાય, તેવું વચન મેધાવી-મર્યાદા વ્યવસ્થિત સાધુ ન બોલે. અથવા પોતાના કે અન્યદર્શની સાધુને દાન દેવા કે લેવામાં જે લાભ છે તે એકાંતે સંભવે છે અથવા નથી સંભવતો તેવું એકાંત વચન ન બોલે, કેમકે તેનાથી દેવામાં કે લેવામાં નિષેધ દોષની ઉત્પત્તિ છે. તે જ કહે છે - તે દાનના નિષેધથી દાનાંતરાય અને સામાને કલેશ થઈ શકે. તે દાનની અનુમતિથી આરંભનો દોષ લાગે. તેથી દાન આપવા - ન આપવાનું એકાંત વચન ન બોલે.

તો શું બોલે ? તે દર્શાવે છે - શાંતિ એટલે મોક્ષ, તેનો માર્ગ તે સમ્યગ્



દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, તેની વૃદ્ધિ કરો, જેમ મોક્ષમાર્ગની અભિવૃદ્ધિ થાય તેવું બોલે. સારાંશ એ કે - કોઈ પૂછે તો કોઈ વિધિ-નિષેધ સિવાય દેવા-લેવા સંબંધી નિરવધ વચન બોલે.

એ રીતે બીજું પણ વિવિધ દેશના અવસરે સમજી લેવું. કહ્યું છે કે - જે સાવધ કે નિરવધ વચન જાણતો નથી - તે મૌન રહે અથવા વિચારીને બોલે, ઇત્યાદિ. હવે અધ્યયન સમાપ્તિ કરતા કહે છે—

[૭૩૭] આ રીતે એકાંત વચનનો નિષેધ કરીને અનેકાંતમય સ્થાપન કરનારા વચનો, જે વાણીના સંયમપ્રધાન અને સમસ્ત અધ્યયનમાં કહેલા છે, તે રાગ-દ્વેષરહિત જિનો વડે કહેવાયા છે. હું મારા સ્વમતિ વિકલ્પોથી કહેતો નથી. તેને હૃદયમાં ધારતો સંયમવંત મુનિ, આ સ્થાનો વડે આત્મભાવમાં વર્તતો મોક્ષપર્યન્ત-સર્વકર્મના ક્ષયરૂપ મોક્ષ સુધી સંપૂર્ણતયા સંયમાનુષ્ઠાનમાં વર્તે એ પ્રમાણેનો ઉપદેશ જાણવો.

ઇતિ - પરિસમાપ્તિ માટે છે. બ્રવીમિ - પૂર્વવત્ જાણવું. - x -

**શ્રુતસ્કંધ-૨ અધ્યયન-૫ "આચારશ્રુત"નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ શ્રુતસ્કંધ-૨ અધ્યયન-૬ ‘‘આર્દ્રકીય’’ ❁

-- x -- x -- x -- x -- x -- x -- x --

● ભૂમિકા :-

પાંચમું અધ્યયન કહીને હવે છટ્ઠું કહે છે. તેનો સંબંધ આ છે - ગત અધ્યયનમાં ‘‘આચાર’’ અને અનાચારનો ત્યાગ બતાવ્યો. તે જેણે આચર્યો અને અનાચાર છોડ્યો છે, તે હવે કહે છે - અથવા ગત અધ્યયનમાં આચાર-અનાચાર સ્વરૂપ બતાવ્યું, તે - x - જેણે પાળેલ છે, તેવા દૃષ્ટાંતરૂપ ‘‘આર્દ્રકકુમાર’’ને કહે છે. અથવા અનાચારનું ફળ જાણીને સદાચારે પ્રયત્ન કરવો, જે રીતે આર્દ્રકકુમારે કર્યો. તે દર્શાવવા આ અધ્યયન છે. તેના ઉપક્રમાદિ ચાર અનુયોગદ્વારો જાણવા. તેમાં ઉપક્રમમાં અર્થાધિકાર આ છે - ‘‘આર્દ્રકકુમાર’’ની કથા. જેમ અભયકુમારે પ્રતિમા મોકલતા બોધ પામ્યો. તે બધું અહીં કહે છે-

નિક્ષેપ ત્રણ પ્રકારે - ઓઘ નિક્ષેપામાં અધ્યયન, નામ નિક્ષેપામાં ‘‘આર્દ્રકીય’’ નામ છે. તેમાં ‘‘આર્દ્ર’’ પદનો નિક્ષેપો કહે છે—

**[નિ.૧૮૪ થી ૧૮૯-]** *સંકલિત વૃત્ત્યર્થનો સાર આ પ્રમાણે છે—*

‘આર્દ્ર’ શબ્દના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભેદથી ચાર નિક્ષેપા છે, તેમાં નામ, સ્થાપનાને છોડીને દ્રવ્યાર્દ્રને કહે છે. દ્રવ્યાર્દ્ર-બે રીતે - આગમથી અને નોઆગમથી. આગમથી જ્ઞાતા હોય પણ ઉપયોગવાળો ન હોય. નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્‌વ્યતિરિક્ત એ ત્રણ ભેદ. વ્યતિરિક્તમાં - જે પાણી વડે માટી આદિને ભીના કરીએ તે ઉદકાર્દ્ર છે. જે બહારથી સુકું પણ અંદર ભીનું તે સાર-આર્દ્ર છે. જેમ શ્રીફળ. છવિઆર્દ્ર - સ્નિગ્ધ ચામડીવાળું દ્રવ્ય, જેમકે સાચુ મોતી વગેરે. વસાર્દ્ર-ચરબીથી લીંપેલ, શ્લેષાર્દ્ર-વજલેપાદિથી લીંપેલ, થાંભલો આદિ. ઉક્ત ઉદકાર્દ્રાદિ પાંચે દ્રવ્યાર્દ્ર છે.

ભાવાર્દ્ર-રાગ, સ્નેહાદિથી જે જીવદ્રવ્ય ભીંજાય તે ભાવાર્દ્ર કહેવાય. હવે ‘‘આર્દ્રકુમાર’’ને આશ્રીને બીજી રીતે દ્રવ્યાર્દ્ર બતાવે છે - એક ભવમાં જે જીવ સ્વર્ગથી આવીને આર્દ્રકુમારપણે ઉત્પન્ન થશે, તે બદ્ધાયુષ્ક, અભિમુખ નામગોત્ર, અનંતર સમયે ‘આર્દ્ર’ નામે ઉત્પન્ન થનાર તે દ્રવ્યાર્દક જાણવા. હવે ભાવાર્દ્રક કહે છે - આર્દ્રકનું આયુ-નામ-ગોત્ર અનુભવે છે તે. જો કે આદુનો પણ આર્દ્રક સંજ્ઞા વ્યવહાર છે, પણ તેનો અહીં અધિકાર નથી.

આ અધ્યયન આર્દ્રકુમાર અણગારને આશ્રીને છે. આર્દ્રકપુર નગરે આર્દ્રક નામે રાજા હતો, તેના પુત્રનું નામ પણ આર્દ્રકકુમાર હતું. તે સંવૃત્ત સાધુ થયા. મહાવીર સ્વામીના સમવસરણમાં ગોશાળા તથા હસ્તિતાપસ સાથે વાદ થયો. તેઓ પરાજય પામ્યા, તે આ અધ્યયનના ઉપન્યાસથી જાણવું. તેથી આર્દ્રકકુમારથી આ અધ્યયન થયું. આર્દ્રકકુમાર ચરિત્ર આગળ છે.

૦ શંકા - દ્વાદશાંગી તો શાશ્વત છે, જ્યારે આર્દ્રકકુમાર તો મહાવીર સ્વામીના



તીર્થમાં થયા, તો દ્વાદશાંગી શાશ્વત કઈ રીતે જાણવી ?

૦ સમાધાન - તમારું કહેવું ઇષ્ટ છે. દ્વાદશાંગી નિત્ય, શાશ્વત, મહાપ્રભાવી છે. બધાં અધ્યયનો આવા જ છે. દ્રવ્યાર્થ તે શાશ્વત જ છે. તો પણ કોઈ વિષય તે ક્ષેત્રમાં, તે સમયમાં ‘‘આર્દ્રક આદિ’’ હોય અને દાખલ કરેલ હોય. ત્યાં પૂર્વે તેવો જ વિષય બતાવનાર અન્ય મુનિનું દૃષ્ટાંત હોય છે, માટે અમે આ સ્વીકારીએ છીએ. જેમ ऋषिभाषित માં उत्तराध्ययन માં પૂર્વના દૃષ્ટાંતને બદલે નવા દૃષ્ટાંતો કહ્યાં છે.

**[નિ.૧૯૦ થી ૨૦૦-]** *સંકલિત વૃત્ત્યર્થ અહીં રજૂ કરેલ છે.*

આર્ય આર્દ્રકે સમોસરણ તરફ જતાં ગોશાળા નામક ભિક્ષુ તથા બ્રહ્મવર્તી ત્રિદંડી હસ્તિતાપસોને કહેલ તત્ત્વ આ અધ્યયનનો મુખ્ય વિષય છે, તે સૂત્ર વડે કહેવાશે. હવે આર્દ્રકનું કથાનક અહીં કહે છે—

મગધ જનપદમાં વસંતપુર નામે ગામ હતું. ત્યાં ‘સામાયિક’ નામે કુટુંબી વસે છે. તેણે સંસારના ભયથી ખેદ પામીને ધર્મઘોષ આચાર્ય પાસે ધર્મ સાંભળીને પત્નીસહિત દીક્ષા લીધી. તે સદાચાર-રત, સંવિગ્ન સાધુ સાથે વિચરે છે. તેની પત્ની સાધ્વી સાથે વિચરે છે. કોઈ વખતે પોતાના પત્ની સાધ્વીને ગૌચરી જતાં જોયા. સામાયિક સાધુને તેવા કર્મના ઉદયથી પૂર્વક્રીડા યાદ આવતા તેણીમાં રાગી થયો. પોતાનો અભિપ્રાય સાથેના સાધુને કહ્યો. તેણે મુખ્ય સાધ્વીને કહ્યું, મુખ્ય સાધ્વીએ તે સ્ત્રી સાધ્વીને કહ્યું. તે સાધ્વીએ કહ્યું કે હવે મારે એકાકી વિચરવું યોગ્ય નથી. મારા પતિ સાધુ મારો મોહ છોડશે નહીં, માટે મારે ભક્તપ્રત્યાખ્યાન અનશન કરવું યોગ્ય છે. તે અનશન કરી દેવલોકે દેવી થઈ.

સામાયિક સાધુએ આ વૃત્તાંત સાંભળી, સંવેગ પામી, વિચાર્યુ કે તેણીએ મારે કારણે અનશન કર્યુ. તેથી તેણે પણ ભક્ત પ્રત્યાખ્યાન કર્યુ. તે પરમ સંવેગ પામેલો પણ પ્રાયશ્ચિત્ત કર્યા વિના માયાશલ્યયુક્ત ભક્ત પ્રત્યાખ્યાન કર્યુ, દેવલોકે દેવ થયો. ત્યાંથી ચ્યવી આર્દ્રકુમાર નામે ઉત્પન્ન થયો. તેની પત્ની સાધ્વી દેવલોકથી ચ્યવી વસંતપુરે શ્રેષ્ઠી પુત્રી થઈ.

આર્દ્રકકુમાર યુવાન થયો. કોઈ વખતે આર્દ્રક રાજાએ રાજગૃહીનગરે શ્રેણિક રાજાને પ્રીતિ વધારવા મોટું ભેટણું મોકલ્યું. આર્દ્રકકુમારે મંત્રીને પૂછ્યું - આવાં મહાર્હ ભેટણાં મારા પિતા કોને મોકલે છે ? તેણે કહ્યું કે આર્યદેશમાં તમારા પિતાના પરમમિત્ર શ્રેણિક રાજાને. આર્દ્રકકુમારે પૂછયું, તેને કોઈ મારે મૈત્રી યોગ્ય પુત્ર છે ? મંત્રી કહે—છે. આર્દ્રકે તેને આપવા પોતાના તરફથી પણ ભેટ મોકલી અને કહેવડાવ્યું કે આર્દ્રકકુમાર તમારા તરફ ઘણો સ્નેહ ધરાવે છે. મંત્રીએ રાજગૃહી જઈને શ્રેણિક રાજાને તથા - x - x - અભયકુમારને તે ભેટણાઓ ભેટ કર્યા.

અભયકુમારે પારિણામિક બુદ્ધિથી વિચાર્યુ કે - આ ભવ્ય જીવ - [આર્દ્રકકુમાર] થોડાં વખતમાં મુક્તિ જનાર છે. તેથી મારી સાથે પ્રીતિ ઇચ્છે છે. તેને આ આદિનાથ પ્રભુની પ્રતિમાના દર્શનથી લાભ થાય તેવો અનુગ્રહ કરું. એમ વિચારી તેમ કર્યુ તથા મહાર્હ ભેટણું મોકલ્યું અને અભયકુમારે મંત્રીને કહ્યું કે - મારું આ ભેટણું મારા

મિત્રને એકાંતમાં આપજો. તે મંત્રી પણ સંમત થયા. આર્દ્રકપુરે જઈને રાજાનું ભેટણું રાજાને આપ્યું. બીજે દિવસે આર્દ્રકકુમારને અભયકુમારની ભેટ અને સંદેશો આપ્યો.

આર્દ્રકકુમારે એકાંતમાં જઈને તે પ્રતિમાને સ્થાપી. તેને સ્થાપતા ઇહા-અપોહ-વિમર્શથી જાતિસ્મરણ જ્ઞાન થયું. તેને થયું કે અભયકુમારે મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો કે મને સદ્ધર્મનો બોધ પમાડ્યો. વળી તે જાતિસ્મરણથી તેણે વિચાર્યુ કે - મને દેવલોકના ભોગોથી તૃપ્તિ ન થઈ, તો હવે આ અલ્પકાલીન તુચ્છ મનુષ્ય ભોગોમાં ક્યાંથી તૃપ્તિ થશે ? આવું વિચારી કામભોગથી ખેદ પામીને, યથોચિત પરિભોગ કરતો ન હતો. રાજાને ભય લાગ્યો કે આ ક્યાંક ભાગી જશે, તેથી ૫૦૦ રાજપુત્રોને તેની રક્ષા માટે મૂક્યા. આર્દ્રકકુમારે ઘોડા ખેલવવાના બહાને તેઓને વિશ્વાસમાં લીધા. પછી સારા ઘોડા પર બેસી ભાગી ગયો.

પછી જ્યારે [સ્વયં] પ્રવ્રજ્યા લીધા, તે વખતે દેવીએ [આકાશવાણી] કરી કે - તને ઉપસર્ગ થશે, માટે હાલ દીક્ષા ન લે. આર્દ્રકે વિચાર્યુ કે હું રાજ્ય નહીં કરું, મને છોડીને બીજો કોણ દીક્ષા લેશે? એમ નિશ્ચય કરી, તે દેવીને અવગણીને દીક્ષા લીધી. વિચરતા-વિચરતા કોઈ વખતે તે વસંતપુરે કાયોત્સર્ગ ધ્યાને કોઈ પ્રતિજ્ઞા સ્વીકારી રહ્યા.

તેના પૂર્વભવના પત્ની સાધ્વી દેવલોકથી ચ્યવી ત્યાં શ્રેષ્ઠી પુત્રીરૂપે ઉત્પન્ન થયેલી. બીજી સખીઓ સાથે રમતાં આર્દ્રમુનિના [પગ પકડી] આ મારા પતિ છે, તેમ કહ્યું ત્યારે નીકટવર્તી દેવીએ ૧૨॥ કરોડ સુવર્ણની વૃષ્ટિ કરી કહ્યું કે - આ કન્યાએ સારો વર પસંદ કર્યો. રાજા તે ધન લેવા આવ્યો ત્યારે દેવીએ કહ્યું - આ ધન આ બાલિકાનું છે, તેના પર બીજાનો હક્ક નથી. તેથી કન્યાના પિતાએ તે ધન થાપણરૂપે સ્વીકાર્યું.

આર્દ્રક મુનિ તેને અનુકૂલ ઉપસર્ગ માની તુરંત ત્યાંથી બીજે ચાલ્યા ગયા. સમય જતાં તે કન્યાને પરણવા અનેક ‘કુમારો’ આવ્યા. ત્યારે માતા-પિતાને કન્યાએ પૂછયું કે આ કુમારોના આગમનનું પ્રયોજન શું છે ? તેમણે કહ્યું કે તારી સાથે લગ્ન કરવા. કન્યાએ કહ્યું - કન્યા એકને અપાય છે, અનેકને નહીં. તમે જેનું ધન લીધું છે, તેને હું પરણેલી છું. ત્યારે પિતાએ કહ્યું - તું તેને કેવી રીતે ઓળખીશ ? કન્યાએ કહ્યું કે - તેના પગના ચિન્હો ઉપરથી હું તેને ઓળખીશ. પિતાએ તેણીને બધાં ભિક્ષુને દાન દેવાનું કાર્ય સોંપ્યું. પછી બાર વર્ષ ગયા. કોઈ વખતે આર્દ્રકમુનિ ભવિતવ્યતા યોગે વિહાર કરતાં ત્યાં આવ્યા. પગના ચિન્હથી કન્યાએ તેમને જાણ્યા. ત્યારે તે કન્યા પોતાના પરિવાર સાથે તેમની પાછળ ત્યાં આવી.

આર્દ્રક મુનિને પણ દેવીનું વચન યાદ આવ્યું. પૂર્વ કર્મના ઉદયથી અને અવશ્યંભાવિ ભવિતવ્યતા યોગથી પ્રતિભગ્ન થઈને તે કન્યા સાથે ભોગ ભોગવવા માંડ્યા. પુત્ર થયો. આર્દ્રકુમારે તે સ્ત્રીને કહ્યું, હવે આ પુત્ર તારો બીજો આધાર થયો છે, તેથી હું મારું દીક્ષા-કાર્ય સાધું. તે સ્ત્રીએ પુત્રને વ્યુત્પાદિત કરવા રૂની પુણી કાંતવાનું શરૂ કર્યુ. પુત્રે પૂછયું - આ ગરીબને યોગ્ય કાર્ય તું કેમ કરે છે ? તેણી બોલી તારા પિતા દીક્ષા લેવા ઇચ્છે છે, તું નાનો છે. અસમર્થ છે. તારા પાલન-પોષણ





માટે આ કાર્ય કરું છું.

તે બાળકે ઔત્પાતિકી બુદ્ધિ વડે તે કાંતેલા સૂતરને લઈને તેના પિતા આર્દ્રકુમારને વીંટી દીધા, હવે તમે ક્યાં જશો ? આર્દ્રકુમારે વિચાર્યુ કે આ સૂતરના જેટલા આંટા હોય તેટલા વર્ષ મારે અહીં રહેવું. તે તાંતણા બાર હતાં. તેથી બાર વર્ષ ઘરમાં રહ્યા. પછી ઘેરથી નીકળી દીક્ષા લીધી. તે સૂત્રાર્થ નિષ્પન્ન આર્દ્રક મુનિ એકાકી વિચરતા રાજગૃહી પ્રતિ ચાલ્યા. રસ્તામાં તેને તેના પિતાએ નીમેલ ૫૦૦ અંગરક્ષકો મળ્યા. જેઓ રાજાના ભયથી પાછા ગયા ન હતા. અટવીમાં ચોરી-લૂંટથી પેટ ભરતા હતા. - x - આર્દ્રકમુનિના વચનથી તેઓ બોધ પામ્યા, દીક્ષા લીધી.

રાજગૃહ નગરના પ્રવેશ વખતે તેમણે ગોશાલક, હસ્તિતાપસ અને બ્રાહ્મણોને વાદમાં હરાવ્યા. તેમના દર્શનથી હાથી બંધન તોડીને ભાગ્યો. આર્દ્રકમુનિથી પ્રતિબોધ પામી હસ્તિતાપસાદિએ દીક્ષા લીધી. વિસ્મય પામેલા રાજાએ પૂછ્યું કે - તમારા દર્શનથી હાથી કેમ ભાગ્યો-સંવૃત્ત થયો ? ત્યારે આર્દ્રક મુનિએ કહ્યું - આ હાથીનું માણસોએ વનમાં બાંધેલ બંધન તોડવું દુષ્કર ન હતું. પણ મને મારે પુત્રે તાંતણાથી બાંધેલ તે તોડવા દુષ્કર હતા. અર્થાત્ લોહસાંકળ કરતા સ્નેહના તંતુઓ પ્રાણી માટે તોડવા વધુ દુષ્કર છે. આર્દ્રક કથા પુરી થઈ. - x - હવે સૂત્ર કહે છે - x -

**● સૂત્ર-૭૩૮ થી ૭૪૦ પૂર્વાર્ધ્ધ :-**

***[ગોશાલકે કહ્યું-] હે આર્દ્રક ! આ સાંભળ, શ્રમણ મહાવીર પહેલા એકાંતચારી શ્રમણ હતા. હવે તે અનેક ભિક્ષુઓને સાથે લઈ, જુદી જુદી રીતે વિસ્તારથી ઉપદેશ આપે છે...તે અસ્થિર મહાવીરે તેને આજીવિકા બનાવી છે, સભામાં જઈને અનેક ભિક્ષુ મધ્યે, ઘણાં લોકોને ઉપદેશ દે છે, તેનો વ્યવહાર પૂર્વના વ્યવહાર સાથે મેળ નથી ખાતો...આ રીતે તેમનું એકાંત વિચરણ કાં તો યોગ્ય હતું અથવા વર્તમાન વ્યવહાર યોગ્ય છે પણ બંને પરસ્પર વિરુદ્ધ આચરણ સારા ન હોઈ શકે.***

**● વિવેચન-૭૩૮ થી ૭૪૦ પૂર્વાર્ધ્ધ :-**

[૭૩૮] ગોશાલકનો આર્દ્રક સાથે થયેલ વાદ, આ અધ્યયનમાં કહે છે - તે પ્રત્યેક બુદ્ધ આર્દ્રમુનિને ભગવંત પાસે આવતા જોઈને ગોશાળો બોલ્યો - હે આર્દ્રક! તું સાંભળ, તારા આ તીર્થંકરે પહેલાં શું કર્યુ? તેઓ એકાંતજનરહિત પ્રદેશમાં વિચરતા એકાંતચારી હતા તથા શ્રમ પામે તે શ્રમણતપ, ચરણમાં ઉધુક્ત હતા. હવે તે ઉગ્ર તપ-ચારિત્રથી હારીને, મને છોડીને દેવાદિ મધ્યે જઈને ધર્મ કહે છે. તથા ઘણાં શિષ્યોથી પરિવરીને તારા જેવા ભોળા જીવોને હવે જુદી-જુદી રીતે વિસ્તારથી ધર્મ કહે છે.

[૭૩૯] ગોશાળો ફરી કહે છે - તારા ગુરુએ ઘણાં લોકો વચ્ચે ધર્મદેશના આરંભી છે, તે આજીવિકા માટે સ્થાપી છે, એકલા હોવાથી લોકો વડે પરાભવ થાય એમ માનીને તેણે મોટો પરિવાર બનાવ્યો છે. કહે છે - છત્ર, શિષ્ય, પાત્ર, વસ્ત્ર, લાઠી આદિ વેશ અને પરિવાર વિના કોઈ ભિક્ષા પણ ન આપે. આ બધો દંભ મહાવીરે આજીવિકા માટે કર્યો છે. તે અસ્થિર છે, પહેલાં મારા સાથે એકલો અંતઃપ્રાંત અશન

વડે, શૂન્યગૃહાદિમાં આજીવિકા કરતો હતો. તેવું કઠિન અનુષ્ઠાન યાવજજીવ કરવા અશક્ત થયો, તેથી મને છોડી ઘણાં શિષ્યોનો આડંબર કરી વિચરે છે. તેણે પૂર્વચર્યા ત્યાગીને હવે આ ઢીલો માર્ગ લીધો છે. દેવ-મનુષ્યની સભામાં બેસે છે.

ઘણાં સાધુની વચ્ચે બેસે છે. ઘણાં લોકોના હિતને માટે ઉપદેશ દે છે. પહેલાના તેના કૃત્ય સાથે આનો મેળ નથી. તે હાલ ત્રણ વૃત્ત પ્રાકારના સિંહાસન, અશોકવૃક્ષ, ભામંડલ, ચામરાદિ ભોગવે છે. જો તે મોક્ષનું અંગ હોય તો પૂર્વે એકલા ફરી કષ્ટ ભોગવ્યું તે કલેશને માટે જ થયું જો તે પરમાર્થરૂપ કર્મનિર્જરા હેતુક હતી તો વર્તમાન અવસ્થા બીજાને ઠગવા દંભરૂપ છે. પહેલાં મૌનવ્રતી હતો હવે ઉપદેશ દે છે. તે કેવું?

[૭૪૦ પૂર્વાર્દ્ધ] વળી, જે પૂર્વે આચર્યુ, તે એકાંતચારી શોભન હતું, તો તે નિરપેક્ષપણે કરવું જોઈએ. જો હાલ મહાપરિવારવૃત્ત સારું માને છે, તો પૂર્વે જ આચર્યુ હોત. આ બંને આચરણ છાયા-આતપ માફક અત્યંત વિરોધી છે, તે સાથે ન રહે. જો મૌનમાં ધર્મ છે, તો આ મોટી દેશના શા માટે ? જો આ ધર્મ છે, તો પૂર્વે મૌન કેમ રાખ્યું ? તે પૂર્વાપરમાં વિરોધ છે. હવે આર્દ્રકમુનિ ગોશાળાને ઉત્તર આપે છે.

**● સૂત્ર-૭૪૦ ઉત્તરાર્દ્ધથી ૭૪૩ :-**

***[હે ગોશાલક! ભગવંત મહાવીર] પૂર્વે, હાલ કે ભાવિમાં હંમેશા એકાંતને જ અનુભવે છે...લોકને જાણીને ત્રસ-સ્થાવરોને કલ્યાણકારી એવા શ્રમણ-માહણ ભગવંત હજારો લોકો વચ્ચે ધર્મ કહેતા પણ એકાંતને જ સાધે છે. કેમકે તેમની ચિત્તવૃત્તિ જ એવી છે...ધર્મ કહેતા પણ તેમને દોષ નથી. કેમકે તેઓ ક્ષાંત, દાંત, જિતેન્દ્રિય, ભાષાના દોષોને વર્જનાર છે, તેથી ભગવંતને ભાષાનું સેવન ગુણ જ છે...કર્મથી દૂર રહેનાર ભગવંતે શ્રમણો માટે પાંચ મહાવ્રતો, શ્રાવક માટે પાંચ અણુવ્રતો, પાંચ આશ્રવ અને સંવર તથા વિરતિની શિક્ષા પામે છે.*** *તિબેમિ.*

**● વિવેચન-૭૪૦ ઉત્તરાર્દ્ધથી ૭૪૩ :-**

[હે ગોશાલક !] ભગવંત પહેલાં મૌની કે એકચારી હતાં તે ઘાતિકર્મના ક્ષયાર્થે હતા. હવે જે દેશના આપે છે તે ભવોપગ્રાહી કર્મોના ક્ષય માટે, વિશેષથી તીર્થંકર નામકર્મના વેદનાર્થે છે - x - તથા અન્ય શુભકર્મો ભોગવવાને છે. અથવા ત્રણે કાળમાં રાગદ્વેષરહિતપણે, એકત્વ ભાવના ન છોડવાથી એકત્વને જ સેવે છે. ભગવંત સર્વજનના હિતાર્થે ધર્મ કહી પૂર્વાપર કરણીને સાંધે છે. પૂર્વાપર ક્રિયા આશંસારહિત કરવાથી ભેદ નથી. તેથી પૂર્વાપરના વિરોધની તમારી શંકા દૂર થાય છે.

[૭૪૧] જીવોને ધર્મોપદેશ દાનથી થતો ઉપકાર કહે છે - કેવલજ્ઞાનથી છ દ્રવ્યાત્મક લોકનું સ્વરૂપ જાણીને - સમજીને બેઇન્દ્રિયાદિ ત્રસ તથા પૃથ્વી આદિ સ્થાવર જીવોને શાંતિ-રક્ષણ કરનારા છે, બાર પ્રકારના તપથી તપ્ત દેહવાળા, કોઈને ન હણો તેવી પ્રવૃત્તિ હોવાથી માહણ કે બ્રાહ્મણ એવા ભગવંત રાગદ્વેષરહિત, પ્રાણિના હિતાર્થે-પોતાના લાભ, ખ્યાતિ માટે નહીં, ધર્મ કહેતા પણ પૂર્વેના મૌનવ્રત માફક વાક્સંયમી જ છે. દિવ્ય જ્ઞાન ઉત્પન્ન થતાં ભાષાના ગુણ-દોષને જાણીને બોલે છે, દિવ્યજ્ઞાન પૂર્વે તેઓ મૌનવ્રતી હોય છે. દેવાદિની સભા મધ્યે બેસે છતાં કમળની જેમ



નિર્લેપ રહે. આશંસારહિત હોવાથી એકાંતને જ સાધે છે.

૦ શંકા - એકાકી અને પરિવારસહિત બંને પ્રત્યક્ષ જુદા છે, તે કેમ ?

૦ સમાધાન - સત્ય છે, પણ તે બાહ્યથી, અંતર્થી કોઈ ભેદ નથી, તે કહે છે - તે ભગવંત શુક્લધ્યાનરૂપ લેશ્યાવાળા છે અથવા તેમનું શરીર પૂર્વવત્ છે, તે કહે છે - તેઓ અશોકવૃક્ષાદિ અષ્ટ પ્રાતિહાર્યયુક્ત છતાં તે ગર્વીષ્ઠ નથી. પૂર્વવત્ શરીર સંસ્કાર કરતા નથી. રાગ-દ્વેષરહિત ભગવંત એકલા હોય કે પરિવારવાળા, છતાં એકલા જ છે. તેમને બંને અવસ્થામાં કોઈ ભેદ નથી. કહ્યું છે કે રાગ-દ્વેષ જીત્યા પછી વનમાં વસવાથી શું ? - x - બાહ્ય ભેદ હોવા છતાં કષાયજય આદિ કારણે અંતરથી ભેદ નથી.

[૭૪૨] રાગદ્વેષ રહિતતાથી બોલવા છતાં દોષનો અભાવ છે, તે કહે છે - તે ભગવંતને ઘાતિકર્મો દૂર થતાં, બધાં પદાર્થોનું જ્ઞાન થયું છે, જગત્ ઉદ્ધાર કરવા અને પરહિત પ્રવૃત્તને સ્વાર્થ ન હોવાથી ધર્મ કહેવા છતાં દોષ નથી. તેઓ ક્ષમા પ્રધાન હોવાથી ક્રોધરહિત છે. ઉપશાંતતાથી માનરહિત છે, સ્વ-વિષય પ્રવૃત્તિ નિષેધથી ઇન્દ્રિયોને જીતી છે, વશ્યેન્દ્રિયતાથી લોભ નિવાર્યો છે, લોભત્યાગથી માયાત્યાગ થયો. કેમકે માયા લોભનું મૂળ છે. અસત્યા, સત્યામૃષા, કર્કશ શબ્દો આદિ ભાષાના દોષને છોડેલા છે. ભાષાના ગુણો - હિત, મિત, દેશકાલોચિત, અસંદિગ્ધાદિ બોલવું આદિ ગુણવાન્‌ને બોલવા છતાં દોષ નથી. છદ્મસ્થાને મૌન-કેવલીને ભાષણ ગુણકારી છે.

[૭૪૩] ભગવંત કેવો ધર્મ કહે છે - સાધુને માટે પ્રાણાતિપાતાદિથી વિરમવું તે પાંચ મહાવ્રત કહ્યા. તેની અપેક્ષાએ લઘુ-અણુવ્રત શ્રાવકોને માટે કહ્યા. હિંસા આદિ પાંચ આશ્રવો, તેનો સંવર, ૧૭-પ્રકારે સંયમ કહ્યો. સંવરવાળાને જ વિરતી છે, તેથી વિરતી બતાવી. 'ચ' શબ્દથી તેના ફળરૂપ નિર્જરા અને મોક્ષ બતાવ્યા. આ પ્રવચનમાં કે લોકમાં શ્રામણ્ય તે સંપૂર્ણ સંયમ છે, તેમાં કરવા યોગ્ય મહાવ્રત-અણુવ્રતરૂપ મૂલગુણો તથા સંવરવિરતિ આદિ રૂપ ઉત્તરગુણો પૂર્ણ સંયમમાં આદરવા. એવું પ્રજ્ઞાવાને કહ્યું છે. તે ભગવંત મહાવીર કર્મને દૂર કરનારા, તપ-ચરણયુક્ત શ્રમણ છે, તેમ હું કહું છું. ભગવંત સ્વયં પંચ મહાવ્રતયુક્ત, ઇન્દ્રિય અને મનથી ગુપ્ત, વિરત, કર્મ દૂર કરનારા થઈ બીજાને તેવો ઉપદેશ આપ્યો. અથવા આર્દ્રક મુનિના વચન સાંભળીને ગોશાલકે કહ્યું તમે જે કહ્યું તેનો પ્રતિપક્ષ હું કહું છું તે સાંભળ.

**● સૂત્ર-૭૪૪ થી ૭૪૭ :-**

***[ગોશાલક-] અમારા મતમાં ઠંડુ પાણી, બીજકાય, આધાકર્મ અને સ્ત્રી સેવનમાં પણ એકાંતચારી તપસ્વીને પાપ માનેલ નથી... [આર્દ્રક-] સચિત્ત પાણી, બીજકાય, આધાકર્મ અને સ્ત્રી આનું સેવન કરનારા ગૃહસ્થ છે, શ્રમણ નથી...જો સચિત્ત બીજ-પાણી અને સ્ત્રીનું સેવન કરનારા પણ શ્રમણ માનીએ તો ગૃહસ્થ પણ શ્રમણ મનાશે. કેમકે તેઓ પણ તેમનું સેવન કરે છે...જે સાધુ થઈને પણ બીજ અને સચિત્ત પાણીનો ભોગી છે, તે જીવિતાર્થે જ ભિક્ષાવૃત્તિ કરે છે. તે જ્ઞાતિ સંયોગ છોડી કાયાને પોષે છે, અંતકર ન બને.***

● **વિવેચન-૭૪૪ થી ૭૪૭ :-**

[૭૪૪] હે આર્દ્રક! તમે [મહાવીર વિશે] કહો છો કે - બીજાને માટે અશોકવૃક્ષાદિ પ્રાતિહાર્યનો પરિગ્રહ તથા શિષ્યાદિ પરિવાર કર્યો છે, ધર્મદેશના તેમના દોષને માટે નથી, તેમ અમારા સિદ્ધાંતમાં પણ આટલા કાર્યો દોષ માટે થતા નથી - સચિત્ત પાણીનો પરિભોગ, બીજકાય ઉપભોગ, સ્ત્રીનો સંસર્ગ કરવા વડે સ્વ-પર ઉપકાર થાય. અમારા ધર્મમાં વર્તતા બગીચા, ઉધાનાદિમાં એકલા વિચરતા, તપસ્વીને અશુભ કર્મોનો બંધ થતો નથી. સારાંશ એ કે આ સચિત્ત જળ વગેરે જો કે કિંચિત્ કર્મબંધ માટે છે, તો પણ ધર્મના આધારરૂપ શરીરનું પાલન કરતા એકાંતચારી તપસ્વીને કર્મનો બંધ થતો નથી. - ત્યારે આર્દ્રકમુનિ તેનું ખંડન કરતા કહે છે—

[૭૪૫] સચિત્ત પાણી વગેરેનો પરિભોગ આદિ કરનાર ગૃહસ્થ છે, દીક્ષા લીધેલા નહીં. શ્રમણના લક્ષણ છે - અહિંસા, સત્ય, ચોરી, બ્રહ્મચર્ય, નિર્લોભતા. તેમને સચિત્ત પાણી, બીજ, આધાકર્મ, સ્ત્રીપરિભોગ ન હોય. તેથી તેઓ નામ અને વેશ માત્રથી શ્રમણ કહેવાય, પરમાર્થ-અનુષ્ઠાનથી શ્રમણ નથી.

[૭૪૬] આર્દ્રક મુનિ આગળ કહે છે - એ કદાચ તમારો મત છે - એકાંતચારી, ભૂખ-તરસ આદિ પ્રધાન તપ-ચારિત્ર પાલન, તેટલાથી તે સાધુ કેમ ન કહેવાય ? તેનો ખુલાસો સાંભળો - જો બીજાદિ ઉપભોગી પણ તમારા મતે શ્રમણ કહેવાય તો ગૃહસ્થો પણ શ્રમણ કહેવાશે. તેમને પણ દેશિક અવસ્થામાં આશંસા હોય, પૈસા કમાવા એકલા ભટકવું, ભૂખ-તરસ સહેવાનું સંભવે છે - x - x -

[૭૪૭] આર્દ્રક મુનિ ફરી બીજાદિ ઉપભોગીના દોષો જણાવે છે - જેઓ દીક્ષા લઈને સચિત્ત બીજ અને જળ આદિના ભોગી થઈને દ્રવ્યથી બ્રહ્મચારી છે અને ભિક્ષા માટે ફરે છે, તે જીવિતાર્થી છે. તેવાઓ સ્વજન સંબંધ છોડીને કાયામાં વર્તે છે. તેઓ આરંભમાં પ્રવૃત્ત થઈ જીવહિંસા કરે છે, સંસારનો અંત કરતા નથી. સારાંશ એ કે - તેઓએ માત્ર દ્રવ્યથી સ્ત્રી પરિભોગ તજેલ છે, તે સિવાય બીજાદિના ઉપભોગથી ગૃહસ્થ જેવા જ છે. જે ભિક્ષાભ્રમણ કહ્યું, તે તો કેટલાંક ગૃહસ્થોને પણ સંભવે છે. એટલા માત્રથી તેઓ સાધુ બની જતાં નથી.

આવું સાંભળીને ગોશાલક બીજો ઉત્તર આપવાં અસમર્થ હોવાથી બીજા મતવાળાની સહાય લઈને અવિવેકનાં અસાર વચનો કહે છે—

● **સૂત્ર-૭૪૮ થી ૭૫૧ :-**

***[હે આર્દ્રક !] આમ કહીને તું બધાં પ્રવાદીઓની નિંદા કરે છે. બધાં પ્રવાદીઓ પોતાના સિદ્ધાંતને પૃથક્ પ્રગટ કરી સ્વદર્શનને શ્રેષ્ઠ કહે છે...આર્દ્રક મુનિ કહે છે - તે શ્રમણ-બ્રાહ્મણ પરસ્પર નિંદા કરીને સ્વદર્શને સિદ્ધિ, પરદર્શને અસિદ્ધિ બતાવે છે. હું તેના દર્શનને નિંદુ છું, બીજું કંઈ નિંદતો નથી...અમે કોઈના રૂપ-વેશને નિંદતા નથી, પણ અમારા દર્શનને પ્રગટ કરીએ છીએ, આ માર્ગ અનુત્તર છે, આર્ય પુરુષોએ તેને નિર્દોષ કહ્યો છે...ઉર્ધ્વ-અધો-તિર્છી દિશામાં જે ત્રસ-સ્થાવર પ્રાણી છે, તેમની હિંસાની ઘૃણા કરનારા સંયમી પુરુષ આ લોકમાં કોઈની નિંદા કરતા નથી.***



● **વિવેચન-૭૪૮ થી ૭૫૧ :-**

[૭૪૮] હે આર્દ્રક! આવા વચનોથી તમે બધાં મતવાળાને નિંદો છો. કેમકે બધાં અન્યતીર્થિકો બીજોદક ભોજી હોવા છતાં સંસારના છેદમાં પ્રવૃત્ત છે. પણ તમે તે સ્વીકારતા નથી. તે મતવાળા પોત-પોતાના દર્શનને પ્રગટ કરે છે. શ્લોકનો પશ્ચાર્દ્ધ આર્દ્રકુમાર કહે છે - બધાં દર્શનવાળા પોતાનો મત પ્રગટ કરે છે અને સિદ્ધ કરે છે, તેમ અમે પણ અમારું દર્શન બતાવીએ છીએ. સચિત્ત બીજ અને પાણીથી કર્મબંધ જ થાય, સંસાર ઉચ્છેદ ન થાય. આ અમારું દર્શન છે, તેમાં બીજાની નિંદા કે અમારુ અભિમાન ક્યાં છે?

[૭૪૯] તે દરેક મતવાળા શ્રમણ-બ્રાહ્મણાદિ સ્વદર્શનની પ્રતિષ્ઠા માટે બીજાના દર્શનને નિંદતા, સ્વદર્શનના ગુણો કહે છે. - x - બધાં સ્વપક્ષનું સમર્થન અને પરપક્ષનું નિંદન કરે છે - તે પશ્ચાર્ધથી બતાવે છે - સ્વપક્ષ સ્વીકારી ક્રિયા કરે તો જ પુન્ય થાય અને સ્વર્ગ-મોક્ષ મળે, બીજાનો મત સ્વીકારતા પુન્ય આદિ કશું નથી, એમ દરેક પક્ષવાળા પરસ્પર ખંડન કરે છે. તેથી અમે પણ યથાવસ્થિત તત્ત્વ પ્રરૂપણા કરી, એકાંતદૃષ્ટિ યુક્તિરહિત છે, માટે નિંદીએ છીએ. - x - અમે અનેકાંત માર્ગ બતાવતા કોઈને નિંદતા નથી - કે "તું કાણો છે" વગેરે. અમે માત્ર સ્વ-પર દર્શન સ્વરૂપ બતાવ્યું, વસ્તુ સ્વરૂપ બતાવવાથી નિંદા થતી નથી. કહે છે કે - નેત્ર વડે કાંટા, સર્પાદિને જોઈને ડાહ્યો બીજા માર્ગે જાય તેમ કુજ્ઞાન, કુમાર્ગાદિને સમ્યગ્ રીતે વિચારતા બીજાની નિંદા કઈ રીતે થાય ?

અથવા એકાંતવાદીઓ માત્ર અસ્તિ-નાસ્તિ, નિત્ય-અનિત્ય, સામાન્ય-વિશેષ એવું એકાંત માને તો પરસ્પર ગર્હા દોષ થાય. અમને અનેકાંતવાદીને બધાંના સત્-અસત્નો કથંચિત્ સ્વીકાર છે. - x - સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી બધાં દ્રવ્યો 'અસ્તિ' છે, પર દ્રવ્યાદિથી નાસ્તિ છે. તેથી અમે બીજાના એકાંતવાદની ભૂલો બતાવીએ, પણ રાગદ્વેષ ન કરીએ, માટે કોઈને ન નિંદીએ.

[૭૫૦] આ વાત વધુ સ્પષ્ટ કહે છે - કોઈ શ્રમણ-બ્રાહ્મણના અંગની ખોડ કાઢીને, જાતિ-લિંગના દોષ ઉઘાડીને નિંદાની બુદ્ધિથી કશું કહેતા નથી. માત્ર અમારું દર્શન પ્રગટ કરીએ છીએ. જેમકે - બ્રહ્માનું માથું કપાયું, હરિ અક્ષિરોગી થયો, મહાદેવનું લિંગ કપાયુ, - x - ચંદ્રમાં કલંક છે, ઇન્દ્ર પણ નિંદનીય શરીરી કરાયો વગેરે. સન્માર્ગના સ્ખલનથી મોટા પુરુષો પણ પીડા પામ્યા. આવું તેઓ પોતાના શાસ્ત્રોમાં કહે છે, અમે તો ફક્ત શ્રોતા છીએ.

આર્દ્રકુમાર હવે સ્વપક્ષ સિદ્ધ કરવા અડધા શ્લોકમાં કહે છે. સમ્યગ્દર્શનાદિ માર્ગ આર્યોએ વર્ણવ્યો છે. આર્ય એટલે અધર્મને દૂરથી છોડનારા સર્વજ્ઞ. તેનાથી બીજો કોઈ શ્રેષ્ઠ માર્ગ નથી. પૂર્વાપર સ્ખલના ન પામી યથાવસ્થિત જીવાદિ પદાર્થનું સ્વરૂપ બતાવ્યું છે. આ આર્યો સત્પુરુષો છે, ૩૪-અતિશયયુક્ત છે. સર્વ પદાર્થ આવિર્ભાવક દિવ્યજ્ઞાની છે. તે માર્ગ પણ નિર્દોષ હોવાથી પ્રગટ છે, ઋજુ છે કેમકે

એકાંત કુટિલમાર્ગનો ત્યાગ કર્યો છે.

[૭૫૧] ફરી સદ્ધર્મ બતાવતા કહે છે - પ્રજ્ઞાપક અપેક્ષાએ ઉર્ધ્વ-અધો-તીર્છી દિશામાં અથવા ભાવદિશાની અપેક્ષાએ જે કોઈ ત્રસ-સ્થાવર જીવો છે, - x - x - તેનો નિર્ણય કરીને પ્રાણાતિપાતાદિને નિંદતો, ગર્હતો અથવા જીવો મરવાની આશંકાથી સર્વ સાવધ અનુષ્ઠાનોને નિંદતો બીજા કોઈને સંયમી સાધુ નિંદતો નથી. એ રીતે રાગદ્વેષરહિત થઈ વસ્તુ સ્વરૂપ દેખાડતા કોઈની ગર્હા થતી નથી. માત્ર અગ્નિ-ઉષ્ણ, જળ-ઠંડુ એ પ્રમાણે વસ્તુ સ્વરૂપ કહે છે.

આ પ્રમાણે ગોશાલક મતનું સમાધાન કર્યુ, હવે બીજી રીતે કહે છે—

**● સૂત્ર-૭૫૨ થી ૭૫૫ :-**

***ગોશાલકે કહ્યું - તમારા શ્રમણ ડરપોક છે, તેથી પથિકગૃહ, આરામગૃહમાં વસતા નથી, ત્યાં ઘણાં મનુષ્યો ન્યુનાધિક વાચાળ કે મૌની હોય છે...કોઈ મેધાવી, શિક્ષિત, બુદ્ધિમાન્, સૂત્ર-અર્થ વડે નિશ્ચયજ્ઞ હોય છે, તેઓ મને કંઈ પૂછશે એવી શંકાથી ત્યાં જતા નથી... [આર્દ્રકમુનિએ કહ્યું-] તેઓ અકામકારી નથી અને બાલકાર્યકારી નથી, તેમને રાજાભિયોગ નથી, તો ભય શેનો ? તેઓ પ્રશ્નના ઉત્તર આપે છે અને નથી પણ આપતા, તેઓ આર્યો માટે સકામકારી છે...તેઓ ત્યાં જઈને કે ન જઈને સમભાવથી ધર્મોપદેશ કરે છે, અનાર્યો દર્શનભ્રષ્ટ હોવાથી તેમની પાસે જતા નથી.***

**● વિવેચન-૭૫૨ થી ૭૫૫ :-**

[૭૫૨] તે હારેલો આર્દ્રકમુનિને કહે છે - તમારા જે તીર્થંકર છે, તે રાગદ્વેષ-ભય યુક્ત છે. તેથી મુસાફરખાનું, ધર્મશાળાદિમાં તમારા તીર્થંકર ડરેલા હોવાથી, અપમાન ભયે જતાં નથી. ત્યાં સ્થાન, શયનાદિ ક્રિયા કરતા નથી. તેઓ કેમ ડરે છે, તે કહે છે - ત્યાં નિપુણ, શાસ્ત્ર વિશારદ ઘણાં મનુષ્યો હોય છે. તેનાથી ડરીને તમારા તીર્થંકર ત્યાં રહેતા નથી. તે મનુષ્યો જાત્યાદિથી હીન છે, તેમનાથી પરાજય પામે તો મોટો અપયશ થાય. તે મનુષ્યો વાચાળ, ડાંડી પીટાવીને અનેક તર્ક દ્વારા બીજાને હરાવનારા છે તથા મૌનવ્રતી પણ છે અથવા ગુટિકાદિયુક્ત છે. જેનાથી યોગ્ય વિષયની વાચા પણ ન નીકળે, તેથી તેમના ભયથી તમારા તીર્થંકર ધર્મશાળાદિમાં રહેતા નથી.

[૭૫૩] ગોશાલક કહે છે - ગ્રહણ-ધારણ સમર્થ મેધાવી, આચાર્યાદિ પાસે શિક્ષા લીધેલાં, ઔત્પાતિકી આદિ ચારે બુદ્ધિવાળા, સૂત્ર અને અર્થના વિષયમાં નિશ્ચયજ્ઞ-યથાવસ્થિત સૂત્રાર્થ જ્ઞાતા છે. તેવા કોઈ અણગાર મને સૂત્રાર્થ વિષયમાં પ્રશ્ન પૂછશે તો ? એવી બીકથી, તેમની વચ્ચે જતાં નથી. તેથી ઋજુમાર્ગી નથી પણ ડરપોક છે. વળી મ્લેચ્છ દેશોમાં જઈને ધર્મદેશના કરતા નથી, આર્યદેશોમાં પણ ક્યાંક જ જાય છે. તેઓ વિષમદૃષ્ટિ હોવાથી રાગ-દ્વેષ વાળા છે - આવા ગોશાળાના મતનું ખંડન કરતા આર્દ્રકમુનિ કહે છે—

[૭૫૪] તે ભગવંત વિચારપૂર્વક અકામકૃત્ય કરતા નથી - x - અનિચ્છાકારી છે. તેમ જાણવું, જે વિચારીને નથી વર્તતા, તે સ્વ-પર આત્માનું નિરર્થક કૃત્ય પણ



કરે. ભગવંત સર્વજ્ઞ, સર્વદર્શી, પરહિતમાં રત હોવાથી તે બીજાનું કે પોતાનું બગડે તેવા કૃત્યો ન કરે. - x - તેઓ બાળકની જેમ વિચાર્યા વિના બોલનારા નથી. બીજાના આગ્રહથી કે માન મેળવવા ધર્મદેશના આપતા નથી, પણ કોઈ ભવ્યજીવના ઉપકારને માટે બોલ છે અન્યથા નથી બોલતા. રાજાભિયોગથી ધર્મોપદેશ કરતા નથી, તો પછી તેમને શેનો ભય હોય ? કોઈ વખતે કોઈ પ્રશ્ન પૂછે તો તેના હિતમાં ઉત્તર આપે છે, અહિતકારી હોય તો ઉત્તર આપતા નથી અથવા અનુત્તરવાસી દેવો કે મનઃપર્યાય જ્ઞાનીને દ્રવ્ય મનથી જ ઉત્તર આપે છે પણ બોલતા નથી. તે વીતરાગ છે છતાં તીર્થંકર નામ કર્મ ખપાવવા સ્વેચ્છાથી ધર્મોપદેશ કરે. તેઓ અગ્લાનપણે આ જગત્‌માં અથવા આર્યક્ષેત્રમાં ઉપકાર યોગ્યને-આર્યોને ધર્મદેશના આપે છે.

[૭૫૫] પરહિતમાં એકરત એવા તે ભગવંત શિષ્ય-વિનયીની પાસે જઈને કે ન જઈને પણ ભવ્ય જીવને જેમ ઉપકાર થાય તેમ અર્હન્ત ભગવંત ધર્મદેશના આપે છે. ઉપકાર થતો હોય તો જઈને પણ આપે, ન થતો હોય તો જ્યાં હોય ત્યાં પણ ન આપે. તેમનામાં રાગ-દ્વેષ સંભવતો નથી. સર્વજ્ઞ સમદૃષ્ટિથી ચક્રવર્તી કે ગરીબને પૂછે કે ન પૂછે તો પણ ધર્મ કહે. - x - અનાર્યો ક્ષેત્ર-ભાષા-કર્મ વડે દર્શની ભ્રષ્ટ છે તેથી ત્યાં જતા નથી, કેમકે તેઓને શ્રદ્ધા પણ થવી દુર્લભ છે. અથવા તેઓ વર્તમાનને જોનારા શક, યવનાદિ દીર્ઘદર્શી હોતા નથી. તેઓ માત્ર તત્કાળ સુખ માટે જ પ્રવર્તે છે, પરલોક સુખાર્થે નહીં તેઓ સદ્ધર્મથી વિમુખ છે, માટે ભગવંત જતા નથી, નહીં કે તેમના પ્રત્યે દ્વેષ છે માટે. વળી તમે કહ્યું કે બીજા અનેક શાસ્ત્રવિશારદ આદિના ભયથી તે સમાજમાં જતા નથી એ બધો બાળકનો બબડાટ છે. કેમકે સર્વજ્ઞ ભગવંત સામે બધાં વાદી ભેગા થાય તો પણ તેમનો તાપ ન જીરવી શકે, તો વાદ કે પરાજય ક્યાં થવાનો ? - x - ગોશાલક ફરી કહે છે—

**● સૂત્ર-૭૫૬ થી ૭૬૨ :-**

***[ગોશાલક કહ્યું-] ત્યારે તો મને લાગે છે કે, જેમ કોઈ વણિક્ લાભની ઇચ્છાથી સંગ કરે તેમ તમારા જ્ઞાતપુત્ર પણ તેવા જ છે...[આર્દ્રકમુનિએ કહ્યું-] ભગવંત નવા કર્મ બાંધતા નથી, જૂનાનો ક્ષય કરે છે, પ્રાણિ કુમતિ છોડીને જ મોક્ષ પામે છે, આ પ્રમાણે મોક્ષનું વ્રત કહ્યું છે, ભગવંત આવા મોક્ષના ઇચ્છુક છે - તેમ હું કહું છું...વણિકો તો જીવોનો આરંભ કરે છે, પરિગ્રહનું મમત્વ કરે છે, સ્વજનોનો સંગ છોડ્યા વિના, લાભ નિમિત્તે બીજાનો સંગ કરે છે...વણિકો ધનના અન્વેષી, મૈથુનાસક્ત, ભોજનાર્થે ભટકે છે, અમે તેમને કામાસક્ત, પ્રેમરસમાં ગૃદ્ધ અનાર્યો કહીએ છીએ...વણિકો આરંભ-પરિગ્રહને ન છોડતા, તેમાં બદ્ધ રહીને આત્માને દંડે છે, તમે જેને તેમનો ઉદય કહો છો, તે ચાતુર્ગતિ અનંત દુઃખને માટે થાય છે...તે વણિકોનો લાભ એકાંત કે આત્યંતિક નથી, તેમાં કોઈ ગુણ નથી, ભગવંતને પ્રાપ્ત ઉદય સાદિ અનંત છે, બીજાને તેવા લાભ માટે ઉપદેશ દે છે...ભગવંત અહિંસક, સર્વપ્રજાનુકંપી, ધર્મસ્થિત, કર્મવિવેક હેતુ છે, તેમને આત્મદંડી વણિક્ જેવા કહેવા તે તમારા અજ્ઞાનને અનુરૂપ છે.***

● **વિવેચન-૭૫૬ થી ૭૬૨ :-**

[૭૫૬] જેમ વણિક્ કોઈ લાભનો અર્થી વેપાર યોગ્ય માલ-કપૂર, અગરુ, કસ્તુરી, અંબરાદિ લઈને દેશાંતર જઈને વેચે છે તથા લાભને માટે મહાજનનો સંગ કરે છે, તેમ તમારો તીર્થંકર જ્ઞાતપુત્ર મહાવીર પણ તેવો જ છે, એવું મને લાગે છે. ગોશાલકે આમ કહેતા આર્દ્રક મુનિ કહે છે—

[૭૫૭] તમે જે દૃષ્ટાંત કહ્યું તે સર્વથી કહ્યું કે દેશથી ? જો દેશથી ઉપમા હોય તો અમને કોઈ વાંધો નથી. જેમકે વણિક્ લાભ દેખે ત્યાં વેપાર કરે. ગમે ત્યાં નહીં - આટલું સરખાપણું યોગ્ય છે, પણ જો સર્વથા સરખાપણું કહેતા હો-તો તે યોગ્ય નથી. કેમકે ભગવંત સર્વજ્ઞ હોવાથી સાવધ-અનુષ્ઠાનરહિત છે, તે નવા કર્મો ન બાંધે, જે ભવોપગ્રાહી કર્મ બાંધ્યા છે, તેને દૂર કરે તથા વિમતિ તજીને સર્વ જીવોનું રક્ષણ કરનારા છે. - x - અથવા મોક્ષમાં જનારા છે. - x - તે ભગવંતે જ કહ્યું છે - વિમતિ ત્યાગથી મોક્ષગમનશીલ થાય છે. આ સંદર્ભથી મોક્ષનું વ્રત બ્રહ્મવ્રત કહ્યું છે. તેમાં કહેલા અર્થમાં અનુષ્ઠાન કરતા તેના ઉદયનો-લાભનો અર્થી શ્રમણ છે, એમ હું કહું છું. વણિકો આવા નથી તે દર્શાવે છે—

[૭૫૮] તે વણિકો ચૌદ પ્રકારના જીવ સમૂહના નાશની ક્રિયામાં પ્રવર્તે છે. ક્રય-વિક્રયાર્થે ગાડાં, પાલખી, વાહન, ઉંટ વગેરે રાખે છે, દ્વિપદ-ચતુષ્પદ, ધન-ધાન્યાદિ પરિગ્રહ-મમત્વ કરે છે. તે વણિકો સ્વજનોનો સંયોગ તજ્યા વિના લાભ નિમિત્તે બીજા સાથે સંબંધ કરે છે જ્યારે ભગવાન તો છ કાય જીવની રક્ષા માટે પરિગ્રહ અને સ્વજનોને તજીને સર્વત્ર પ્રતિબંધ રહિત ધર્મ લાભને શોધતા વિહાર કરી ધર્મ કહે છે. તેથી વણિકની સાથે તેમની સર્વથા સમાનતા સિદ્ધ ન થાય. ફરી પણ વણિક્ના દોષ બતાવે છે.

[૭૫૯] વણિકો ધનને શોધનારા વિત્તેચ્છુ છે. તથા સ્ત્રી સંગના રાગી છે. તથા આહાર માટે તેઓ અહીં-તહીં ભટકે છે કે બોલે છે. અમે તે વણિક્ માટે કહીએ છીએ કે - તેઓ કામાસક્ત, અનાર્ય કર્મ કરનારા અનાર્યો છે, સાતા ગૌરવાદિમાં મૂર્છિત છે, પણ અરિહંત ભગવંત તેવા નથી તેઓમાં સામ્ય નથી.

[૭૬૦] વળી સાવધઅનુષ્ઠાન તથા પરિગ્રહને તજ્યા વિના તે જ ક્રય-વિક્રય, પચન-પાચનાદિ આરંભમાં તથા ધન, ધાન્ય, હિરણ્ય, સુવર્ણ, દ્વિપદ, ચતુષ્પદાદિ પરિગ્રહમાં વણિકો બંધાયેલા છે, આત્માને આ કાર્ય વડે દંડે છે, અસદાચાર પ્રવૃત્તિથી આત્મદંડવાળા છે. આરંભી-પરિગ્રહી વણિકોને આવા ભાવથી અનંત ભવભ્રમણરૂપ ચતુર્ગતિક સંસારનો લાભ થાય છે - x - તથા અંતે દુઃખી થાય છે. એકાંતે તે પ્રવૃત્તિથી મોક્ષ ન પામે.—

[૭૬૧] એ જ બતાવવા કહે છે - એકાંતથી તેને વેપારમાં લાભ જ થાય તેવું નથી, તેથી વિપરીત પણ થાય. તે લાભ આત્યંતિક અને સર્વકાલીન નથી, તેનો ક્ષય પણ થાય છે. તેનો લાભ અનૈકાંતિક, અનાત્યંતિક છે તેમ વિદ્વાનો કહે છે. તે બંને ભાવ પણ વિગત ગુણોદય થાય છે. સારાંશ એ કે - જે અનૈકાંતિક, અનાત્યંતિક



અને અનર્થને માટે છે તેવા લાભથી શું ફાયદો ? ભગવંતને તો દિવ્યજ્ઞાનની પ્રાપ્તિનો લાભ થયો છે અથવા ધર્મદેશનાથી નિર્જરારૂપ લાભ છે, તે આદિ અનંત છે. આવો લાભ પ્રાપ્ત કરેલ ભગવંત બીજાને પણ તેવો લાભ કહે છે કે બતાવે છે - ભગવંત કેવા છે ? - x - ભગવંત મોક્ષ પ્રતિ ગમનશીલ છે અથવા ત્રાયી-નિકટભવી ભવ્યોને રક્ષણરૂપ છે તથા જ્ઞાતક્ષત્રિયો કે જ્ઞાત-વસ્તુ જાણનારા સમસ્ત વસ્તુના જ્ઞાતા છે. આવા ભગવંતની તે વણિક્ સાથે તુલના કેમ થાય ?

[૭૬૨] હવે દેવકૃત સમોસરણ, કમલશ્રેણિ, દેવછંદક, સિંહાસનાદિ ઉપભોગ કરવા છતાં આધાકર્મી વસતિ ભોગવવાથી સાધુને દોષ લાગે તો તેની અનુમતિથી ભગવંત કર્મથી કેમ ન લેપાય ? તેવી ગોશાલકની શંકાને દૂર કરવા કહે છે. ભગવંત સમવસરણાદિ ઉપભોગ કરવા છતાં અહિંસક રહીને ઉપભોગ કરે છે. સારાંશ એ કે - તે ભગવંતને તેમાં થોડી પણ આશંસા કે પ્રતિબંધ નથી. તેઓ તૃણ કે મણિ, ઢેફું કે સુવર્ણમાં સમદૃષ્ટિ પણ સમવસરણાદિના ઉપભોગમાં પ્રવૃત્ત છે. દેવો પણ પ્રવચન શ્રવણાર્થે આવેલ ભવ્યોની ધર્માભિમુખ પ્રવૃત્તિ સુખેથી થાય તે માટે અને આત્મલાભાર્થે સમોસરણાદિ રચે છે, તેથી ભગવંત અહિંસક છે. તથા બધાં જીવોની અનુકંપાથી, તેમને સંસારભ્રમણથી મુકાવવા ભગવંત ઉપદેશ આપે છે. આવા ભગવંતને વણિક્ સાથે સરખાવતાં બે ભવમાં અહિત થાય તેવું આત્માને દંડરૂપ આચરણ તમે કરો છો. તે અજ્ઞાનરૂપ છે. એક તો જાતે કુમાર્ગમાં પ્રવર્તવું, બીજું જગત્વંદ્ય, સર્વાતિશય નિધાનરૂપ ભગવંતને વણિક્ સાથે સરખાવવા તે બંને અજ્ઞાન છે. - x - આર્દ્રકુમાર ભગવંત પાસે જતા હતાં ત્યાં માર્ગમાં શાક્યભિક્ષુએ આ કહ્યું—

● **સૂત્ર-૭૬૩ થી ૭૬૫ :-**

***[શાક્યો કહે છે-] કોઈ પુરુષ ખોળના પિંડને “આ પુરુષ છે.” તેમ માની શૂળથી વિંધી પકાવે કે તુંબડાને કુમાર માની પકાવે તો અમારા મતે તે પ્રાણિવધના પાપથી લેપાય છે...અથવા મ્લેચ્છને ખોળની બુદ્ધિ એ વિંધે કે કુમારને તુંબડુ માની મારે તો પ્રાણિવધનું પાપ ન લાગે...કોઈ પુરુષ મનુષ્ય કે બાળકને ખોળનો પિંડ માની શૂળથી વીંધે કે આગમાં પકાવે, તો [તે પવિત્ર છે] બુદ્ધોને પારણા માટે યોગ્ય છે.***

● **વિવેચન-૭૬૩ થી ૭૬૫ :-**

[૭૬૩] શાક્યો કહે છે- આ વણિક્ દૃષ્ટાંત દૂષણ વડે તમે બાહ્ય અનુષ્ઠાન દૂષિત કર્યુ, તે સારું કર્યુ. કેમકે બાહ્ય અનુષ્ઠાન વ્યર્થ પ્રાય છે. અંતરનું અનુષ્ઠાન સંસારમોક્ષનું પ્રધાન અંગ છે. અમારા સિદ્ધાંતમાં તે જ તત્વ બતાવ્યું છે, હે આર્દ્રકકુમાર રાજપુત્ર ! તું સ્થિર થઈને સાંભળ, સાંભળીને અવધાર. એમ કહીને તે ભિક્ષુઓ અંતર્ અનુષ્ઠાન સમર્થક સ્વસિદ્ધાંત બતાવવા આમ બોલ્યા-ખોળનો પિંડ જે અચેતન છે, તે લઈને કોઈ જતો હતો, ત્યાં મ્લેચ્છાદિના દેશમાં નાસતા તેણે ખોળ ઉપર કપડું ઢાંક્યુ, તેની પાછળ મ્લેચ્છ શોધવા આવ્યો. ખોળના પિંડને પુરુષ માનીને ઉંચક્યો, તેને શૂળમાં પરોવી અગ્નિમાં પકાવ્યો. તુંબડાને આ કુમાર છે, તેમ માની અગ્નિમાં

પકાવ્યો. અમારા મતે, તે ચિત્તની દુષ્ટતાથી પ્રાણિવધ જનિત પાપથી લેપાય છે. કેમકે શુભાશુભ બંધનું મૂળ ચિત્ત છે. આ રીતે અકુશળ ચિત્તથી જીવહિંસા ન કરનારો પણ પ્રાણિઘાતના ફળથી લેપાય છે.

[૭૬૪] આ જ દૃષ્ટાંત વિપરીતપણે કહે છે - કોઈ પુરુષને ખળો માનીને કોઈ મ્લેચ્છ શૂળમાં પરોવી, અગ્નિમાં પકાવે તથા કુમારને તુંબડુ માની અગ્નિમાં પકાવે, તેને પ્રાણિહત્યાનું પાપ ન લાગે.

[૭૬૫] પુરુષ કે કુમારને શૂળમાં વિંધી પકાવે કે ખોળનો પિંડ માનીને અગ્નિમાં નાંખે, તે સારું છે. તે બુદ્ધોને ભોજન માટે કલ્પે છે, તો બીજા માટે શું કહેવું ? એમ સર્વાવસ્થામાં મન વડે સંકલ્પ ન કરેલ હોય તો કર્મ ન બંધાય, તે અમારો સિદ્ધાંત છે. - x - x - શાક્યોને દાનનું ફળ કહે છે—

**● સૂત્ર-૭૬૬ થી ૭૭૩ :-**

***જે પુરુષ રોજ ૨૦૦૦ સ્નાતક ભિક્ષુને ભોજન કરાવે છે, તે મહાન્ પુન્યરાશિ ભેગો કરીને આરોપ્ય નામે મહાસત્વી દેવ બને છે...[આર્દ્રક મુનિએ તેમને કહ્યું] આપનો મત સંયત માટે અયોગ્ય રૂપ છે, તે પ્રાણીનો ઘાત કરીને પાપનો અભાવ બતાવે છે. જે આવું કહે કે સાંભળે છે તે અજ્ઞાનવર્ધક અને અકલ્યાણકર છે...ઉર્ધ્વ-અધો-તિર્છી દિશામાં ત્રસ સ્થાવરોનું ચિન્હ જાણીને જીવહિંસાની આશંકાથી તેની ઘૃણા કરી વિચારીને બોલે કે કાર્ય કરે તો તેને પાપ કેમ લાગે?...ખોળના પિંડમાં પુરુષની પ્રતીતિ કે પુરુષમાં ખોળની પ્રતીતિ કઈ રીતે સંભવે? એવી પ્રતીતિ થવી તેમ કહેનાર અનાર્ય અને અસત્યવાદી છે...જે વચન બોલવાથી પાપ લાગે તેવું વચન બોલવું ન જોઈએ. આ વચનો ગુણોનું સ્થાન નથી, તેથી દીક્ષિત આવા નિઃસાર વચન ન બોલે...અહો! તમે એ જ પદાર્થો પ્રાપ્ત કર્યા છે, જીવોનું કર્મફળ સારી રીતે વિચાર્યુ છે, પૂર્વથી પશ્ચિમ સુધી તમારો યશ છે, હથેલીમાં રાખેલ વસ્તુ જેમ તમે જગત્‌ને જોયું છે...જીવોની પીડા સારી રીતે વિચારી, અન્નવિધિથી શુદ્ધ આહાર કરે. કપટ જીવિકાયુક્ત વચન ન બોલે. જૈનશાસનમાં સંયતનો આ જ ધર્મ છે...જે પુરુષ ૨૦૦૦ સ્નાતકને નિત્ય ભોજન કરાવે છે, તે અસંયમી રક્તરંજિત હાથવાળો છે, તે લોકમાં નિંદાપાત્ર થાય છે.***

**● વિવેચન-૭૬૬ થી ૭૭૩ :-**

[૭૬૬] સ્નાતક-બોધિસત્વો, પંચશિક્ષાપદિકાદિ ભણેલા ૨૦૦૦ ભિક્ષુઓને જમાડે, તે શાક્યપુત્રીય ધર્મમાં સ્થિત કોઈ ઉપાસક રાંધી કે રંધાવી તેમાં માંસ, ગોળ, દાડમથી ઇષ્ટ ભોજનથી જમાડે, તે પુરુષો, મહાસત્વી, શ્રદ્ધાળુઓ મહાપુન્યસ્કંધથી આરોપ્ય નામક દેવ થઈને આકાશની ઉપમાવાળી સર્વોત્તમ દેવગતિને પામે છે.

[૭૬૭] એ રીતે બુદ્ધે દાનમૂલ, શીલમૂલ ધર્મ બતાવ્યો છે માટે આવો અને તમે બૌદ્ધ સિદ્ધાંત સ્વીકારો. એ પ્રમાણે ભિક્ષુઓએ કહેતા આર્દ્રકે અનાકુલ દૃષ્ટિથી તેઓને આમ કહ્યું - તમારા શાક્યમતે જે ભિક્ષુ સ્વરૂપ બતાવ્યું, તે તદ્દન અયોગ્ય છે. અહિંસા ધર્મ માટે ઉત્થિત ત્રણ ગુપ્તિથી ગુપ્ત, પાંચ સમિતિથી સમિત, દીક્ષિતને



સમ્યગ્જ્ઞાન પૂર્વકની ક્રિયા કરતા ભાવશુદ્ધિ ફળવાળી થાય છે. તેથી ઉલટું અજ્ઞાનાવરીત મતિવાળા, મહામોહથી આકુળ થયેલ અંતરાત્મવાળાને ખોળ-પુરુષનો વિવેક નથી તેવાને ભાવશુદ્ધિ ક્યાંથી હોય ? - x - જે ખોળની બુદ્ધિએ પુરુષને શૂળમાં પરોવી-પકાવી ખાવું અને બુદ્ધને ખવડાવવું તેમાં તેમની અનુમતિ છે.

આ જ વાત દર્શાવે છે - પ્રાણોનો નાશ કરીને નિશ્ચે પાપ કરીને રસ-સાતાગૌરવાદિમાં ગૃદ્ધ બનીને તેનો અભાવ વર્ણવે છે. આ તેમનું પાપના અભાવનું વર્ણન તે બંનેને અબોધિના લાભ માટે થાય છે. તેથી આ અસાધુ છે - તે બંને કોણ ? - જેઓ પિનાક બુદ્ધિએ પુરુષને રાંધતા પાપનો અભાવ છે, તેમ બોલે છે અને જે તેમને સાંભળે છે, તે બંને અસાધુ છે. અજ્ઞાની-મૂઢને ભાવશુદ્ધિથી શુદ્ધિ ન થાય. જો થતી હોય તો સંસારપોષકને તેથી કર્મવિમોક્ષ થાય. તેથી એકલી ભાવશુદ્ધિ માનનારા તમને માથુ-દાઢીનું મુંડન, ભિક્ષાચર્યા, ચૈત્યકર્માદિ અનુષ્ઠાન નિરર્થક થશે. તેથી આવી ભાવશુદ્ધિથી શુદ્ધિ ન થાય, તે સિદ્ધ થયું.

[૭૬૮] એ રીતે પરપક્ષના દોષ બતાવી આર્દ્રક મુનિ સ્વપક્ષને બતાવે છે - પ્રજ્ઞાપક અપેક્ષાએ ઉર્ધ્વ-અધો-તિર્છી એ સર્વે દિશામાં ત્રસ-સ્થાવર પ્રાણીનું જે જીવલિંગ-ચલન, સ્પંદન, અંકુરોદ્‌ભવ, છેદતા મ્લાનત્વ જાણીને, તેમાં જીવ હિંસાદિ થશે, એવી બુદ્ધિથી તેવા બધાં અનુષ્ઠાન કરતા કે કહેતા અમારા પક્ષમાં તમે કહેલ દોષ કેમ સંભવે?

[૭૬૯] હવે ખોળમાં પુરુષ બુદ્ધિનો અસંભવ જ બતાવે છે - ખોળના પિંડમાં આ પુરુષ છે, તેવી મતિ અત્યંત જડને પણ ન થાય. તેથી આવું બોલનાર કે અનુમતિ આપનાર અનાર્ય જ છે, જે પુરુષને પણ આ ખોળ છે, એમ માનીને હણતા દોષ નથી એવું કહે છે, ખોળના પિંડમાં પુરુષની બુદ્ધિ સંભવે જ કઈ રીતે ? આ વાણી જ જીવની ઘાતક હોવાથી અસત્ય છે. તેથી નિઃશંક બની, વિચાર્યા વિના પ્રહાર કરનારો નિર્વિવેકપણે પાપથી બંધાય છે. તેથી ખોળ-કાષ્ઠાદિમાં પણ વર્તતા જીવો ન હણાય તે માટે પાપભીરુઓએ તેમાં જયણાથી વર્તવું.

[૭૭૦] વળી વાણી વડે થતાં અભિયોગથી પણ પાપકર્મ થાય છે, માટે વિવેકી-ભાષા ગુણ-દોષજ્ઞ તેવી ભાષા ન બોલે - x - યથાવસ્થિત અર્થ અભિધાયી પ્રવ્રજિત આવી પરિસ્થૂલ, નિસ્સાર, નિરુપપતિક વચન ન બોલે. જેમકે - ખોળપિંડ તે પુરુષ, પુરુષ તે ખોળપિંડ તથા તુંબડુ તે બાળક અને બાળક તે તુંબડુ છે-હવે આર્દ્રક મુનિ આ રીતે તે ભિક્ષુને યુક્તિથી પરાજિત કરીને વધુ સમજાવવા કહે છે—

[૭૭૧] અહો ! આપે ખૂબ સારો અર્થ અને યથાવસ્થિત તત્ત્વજ્ઞાન મેળવેલ છે ! જીવોને કર્મનો વિપાક-પીડા પણ તમે સારી રીતે વિચારીને જાણી છે ! આવા વિજ્ઞાનથી તમારો યશ સમુદ્રના પૂર્વથી પશ્ચિમ છેડા સુધી વિસ્તર્યો છે ! તથા આપે આવા વિજ્ઞાન-અવલોકન વડે હથેળીમાં [ફળ માફક] લોકને જોયો છે ! અહો, શું તમારો જ્ઞાનાતિશય છે, જેનાથી તમે ખોળ અને પુરુષમાં તથા તુંબડા અને બાળકમાં કંઈ ભેદ ન જણાયાથી પાપકર્મનો આવો ભાવ-અભાવ પૂર્વે કલ્પેલો છે !

[૭૭૨] આ રીતે પરપક્ષના દોષો બતાવી સ્વપક્ષ સ્થાપવાને કહે છે—જૈનશાસન માનનારા, સર્વજ્ઞોક્ત માર્ગાનુસારી જીવોની અવસ્થા વિશેષ કે તેનો પીડવાથી થતાં દુઃખો સારી રીતે વિચારતા, અન્નવિધિમાં શુદ્ધિ સ્વીકારતા ૪૨-દોષરહિત શુદ્ધ આહાર વડે આહાર કરનારા છે, પણ તમારી માફક માંસ પાત્રમાં પડેલ હોય, તો પણ દોષ ન લાગે તેમ માનનારા નથી. તથા માયા વડે ન જીવવું - x - એવો અનુધર્મ તીર્થંકરે કહ્યો, આચર્યો - x - અને બતાવ્યુ કે આ રીતે તેમની પછીના સાધુએ કે, જૈનશાસનમાં રહેનારાઓએ આચરવો. પણ તમારા ભિક્ષુ જેવો નહીં.

વળી તમે ઓદન આદિને પ્રાણીઓના અંગ સમાન ગણી માંસાદિ સાથે સરખાવો છો, તે લોકમાં અન્ય મતોનો જાણ્યા વિના બોલો છો. જેમકે - ગાયનું દૂધ અને લોહીમાં ભક્ષ્યાભક્ષ્ય વ્યવસ્થા છે. વળી સમાન સ્ત્રીત્વ છતાં પત્ની અને બહેનમાં ગમ્યાગમ્યની વ્યવસ્થા છે. તેમ શુષ્કતર્ક દૃષ્ટિથી પ્રાણીનું અંગ હોવાથી માંસ ખવાય કેમકે ચોખા પણ એકેન્દ્રિયનું અંગ છે, છતાં ખવાય છે. આ સિદ્ધાંત અનૈકાંતિક, અસિદ્ધ, વિરુદ્ધ દોષ દુષ્ટ હોવાથી સાંભળવા યોગ્ય નથી. - તે કહે છે—

વસ્તુના નિરંશપણાથી ''તે જ માંસ તે જ પ્રાણીનું અંગ'' આવી પ્રતિજ્ઞા એક દેશ હોવાથી અસિદ્ધ છે. જેમ નિત્ય શબ્દ નિત્યપણાથી છે, તેમ ભિન્ન પ્રાણિ-અંગ વ્યધિકરણપણાથી અસિદ્ધ જ છે - x - x - x - ઇત્યાદિ - x - x - [વૃત્તિથી જાણવું] આ પ્રમાણે બુદ્ધને માટે પણ તે ખાવા યોગ્ય છે, તે કથન અસત્ય છે. હવે તે ભિક્ષુકોના બીજા કથન પણ ખોટા છે, તેના દોષો આર્દ્રક મુનિ બતાવે છે

[૭૭૩] સ્નાતકો-બોધિસત્વી ભિક્ષુઓને જે ૨૦૦૦ની સંખ્યામાં નિત્ય જમાડે એવું જે પૂર્વે કહ્યું તેનો દોષ બતાવે છે - અસંયત થઈને લોહીવાળા હાથ કરેલ અનાર્ય માફક આ લોકમાં સાધુજનની નિંદા યોગ્ય પદવીને નિશ્ચયથી પામે છે, પરલોકે પણ અનાર્ય યોગ્ય ગતિમાં જાય છે. આ પ્રમાણે સાવધ અનુષ્ઠાનોને આદરનાર અપાત્રોને જે દાન દેવું તે કર્મબંધને માટે છે, તેમ કહ્યું. - વળી -

● **સૂત્ર-૭૭૪ થી ૭૭૯ :-**

***[બુદ્ધ મતાનુયાયી] પુરુષ મોટા સ્થૂળ ઘેટાને મારીને બૌદ્ધ ભિક્ષુઓના ભોજનના ઉદ્દેશ્યથી વિચારીને તેને મીઠું અને તેલ સાથે પકાવે, પછી પીપળ આદિ મસાલાથી વઘારે છે...અનાર્ય, અજ્ઞાની, રસગૃદ્ધ બૌદ્ધભિક્ષુ ઘણું માંસ ખાવા છતાં કહે છે કે અમે પાપકર્મથી લેપાતા નથી...જેઓ આ રીતે માંસનું સેવન કરે છે. તેઓ અજ્ઞાનપણાથી પાપને સેવે છે. જે કુશલ પુરુષ છે. તે આવું માંસ ખાવાની ઇચ્છા કરતા નથી, વચનથી પણ માંસભક્ષણને મિથ્યા કહે છે...સર્વે જીવોની દયાને માટે, સાવદ્યદોષને તજનારા, સાવધ આશંકી, જ્ઞાતપુત્રીય ઋષિગણ ઉદ્દિષ્ટ ભક્તનો ત્યાગ કરે છે...પ્રાણી હત્યાની આસંકાથી સાવધ કાર્યની દુગંછા કરનારા શ્રમણ સર્વે પ્રાણીઓને દંડ દેવાનું છોડીને આવો આહાર ખાતા નથી. અમારા દર્શનમાં સંયતોનો આ જ ધર્મ છે...આ નિર્ગ્રન્થ ધર્મમાં સ્થિત જ્ઞાની અને શીલસંપન્ન મુનિ પૂર્વોક્ત સમાધિમાં સ્થિર રહીને માયારહિત બની સંયમ***



***અનુષ્ઠાન કરતાં અત્યંત પ્રશંસા પામે છે.***

● **વિવેચન-૭૭૪ થી ૭૭૯ :-**

[૭૭૪] આર્દ્રક મુનિ તેમના મતના દોષો બતાવે છે - સ્થૂલ માંસ લોહીથી ભરેલ પુષ્ટ ઘેટાને શાક્ય ભિક્ષુ સંઘને જમાડવાને બહાને મારીને તથા ઉદ્દિષ્ટભક્ત માટે તે ઘેટાના ટુકડા કરી, તેના માંસને મીઠું અને તેલ વડે રાંધી, તેમાં પીપર આદિ મસાલો નાંખી સ્વાદિષ્ટ ખાવા યોગ્ય માંસને તૈયાર કરે છે.

[૭૭૫] સંસ્કારેલા માંસનું શું કરે તે કહે છે - તે વીર્ય, લોહીથી ભરેલા માંસને ખાતા ઘણાં પાપકર્મથી અમે લેપાતા નથી - એવું ધૃષ્ટતાથી બોલે છે. જેમનો અનાર્ય જેવો સ્વભાવ છે તેઓ તથા અનાર્ય કર્મ કરવાથી અનાર્ય અને વિવેકરહિત એવા બાલ, તે માંસાદિ રસમાં આસક્ત રહે છે.

[૭૭૬] તેમનું આ કૃત્ય મહા અનર્થને માટે થાય છે, તે બતાવે છે - તે રસ ગૌરવમાં ગૃદ્ધ શાક્યના ઉપદેશવર્તી તેવા પ્રકારના ઘેટાનું ઘી અને મીઠાથી વઘારેલ માંસ ખાય છે. તે અનાર્યો પાપને ન જાણનારા, અવિવેકી છે.

કહ્યું છે કે - હિંસાનુ મૂલ, રૌદ્રધ્યાનને પ્રાપ્ત કરાવનાર, બીભત્સ, લોહીથી વ્યાપ્ત, કૃમિગૃહ, દુર્ગંધી પરુ-વીર્ય-લોહીથી થયેલ નિતાંત મલિન માંસને સદા નિંદ્ય કહ્યું છે, આત્મદ્રોહ કરી, રાક્ષસ જેવો બની, નરક માટે તેને કોણ ખાય ? વળી કહ્યું છે - જે મને આ ભવમાં ખાય છે, તેનું માંસ હું પરલોકમાં ખાઉં છું. - x - જે માણસ બીજા પ્રાણીનું માંસ ખાય છે, તેને ક્ષણિક તૃપ્તિ થાય, પણ બીજો તો પ્રાણ ગુમાવે છે. આ રીતે માંસાહારથી થતાં દોષો માનીને શું કરવું ? તે કહે છે -

માંસાહારના દોષ, તેના કટુ ફલ અને ન ખાવાથી થતાં ગુણો જાણીને નિપુણ પુરુષો માંસાહારની અભિલાષા પણ ન કરે. વચનથી પણ ન બોલે કે તેની અનુમોદના પણ ન કરે. તેનાથી નિવૃત્ત થનારની અનુપમ પ્રશંસા થાય છે અને પરલોકમાં પણ સ્વર્ગ-મોક્ષને પામે છે. દીર્ઘાયુ, નિરોગીપણું પામે છે વગેરે. માત્ર માંસ જ નહીં, મુમુક્ષુએ બીજું શું છોડવું તે કહે છે—

[૭૭૭] સર્વે જીવો પ્રાણના અર્થી છે. અહીં ફક્ત પંચેન્દ્રિયોનું જ ગ્રહણ ન કરવું પણ સર્વ જીવોનું ગ્રહણ કરવું. દયા નિમિત્તે સાવધારંભના મહા દોષ જાણીને સાધુ તેને છોડે. આરંભ પોતાને લાગે તેવી શંકાથી મહામુનિઓ, ભગવંત મહાવીરના શિષ્યો સાધુને ઉદ્દેશીને બનેલ આહાર-પાન પણ તજે.

[૭૭૮] વળી જીવોની પીડાની આશંકાથી સાવધ અનુષ્ઠાનનો ત્યાગ કરતા, બધાં પ્રાણીને દંડ દેવારૂપ ઉપતાપને તજીને સમ્યક્ ચારિત્ર પાળતા સાધુઓ તેવા દોષિત આહારને ન ખાય, એવો સંયતોનો ધર્મ અમારા સિદ્ધાંતમાં છે. અનુ એટલે તીર્થંકર આચરે પછી સાધુ તે રીતે આચરે અથવા થોડો પણ અતિચાર લાગતાં તેમનું હૃદય ડંખે [માટે જરા પણ દોષ ન લગાડે.]

[૭૭૯] અમારા જૈન ધર્મ મુજબ - જેને બાહ્ય-અભ્યંતર પરિગ્રહ નથી તે નિર્ગ્રન્થ છે. તેવો આ નિર્ગ્રન્થ ધર્મ શ્રુત-ચારિત્રરૂપ કે ક્ષાંત્યાદિ રૂપ છે, જે સર્વજ્ઞોએ

કહેલ છે. આવા ધર્મમાં રહેલો સમાધિ પામીને, આ અશુદ્ધ આહાર પરિહારરૂપ સમાધિમાં અતિશય સ્થિર થઈને માયારહિત થઈ અથવા પરીષહોથી ન કંટાળતો અથવા સ્નેહબંધન રહિત થઈને સંયમાનુષ્ઠાન કરે. તથા તત્ત્વને જાણતા મુનિ, ત્રણ કાળને જાણીને ક્રોધાદિ ઉપશમરૂપ શીલ તથા મૂલ-ઉત્તરગુણ યુક્ત થયેલો એવો ગુણવાન્ સર્વગુણોથી ચડે તેવા સર્વે રાગ-દ્વેષના દ્વંદ્વથી રહિત સંતોષ રૂપ પ્રશંસા લોક-લોકોત્તરમાં પામે.

કહ્યું છે - સંતોષી પુરુષ રાજાને તણખલાં સમાન માને છે, શક્ર પર તેને આદર નથી, ધન ઉપાર્જન કે રક્ષણ માટે તે વેદના પામતો નથી. સંસારમાં દેહધારી છતાં મુક્ત માફક નિર્ભય છે, સુરેન્દ્રપૂજિત તે જલ્દી મોક્ષ પામે.

આ રીતે આર્દ્રક મુનિએ ગોશાલકના આજીવક અને બૌદ્ધમતની સમીક્ષા કરી, હવે બ્રાહ્મણો બોલ્યા કે - હે આર્દ્રકુમાર ! તમે સારુ કર્યુ કે આ વેદબાહ્ય બંને મતોનું નિરસન કર્યુ. આ અરિહંત દર્શન પણ વેદબાહ્ય છે, તમારા જેવાએ તેનો પણ આશ્રય કરવો યોગ્ય નથી. તમે ક્ષત્રિયોમાં ઉત્તમ છો, ક્ષત્રિયોએ સર્વ વર્ણમાં ઉત્તમ બ્રાહ્મણોની જ ઉપાસના કરવી-શુદ્રોની નહીં. તેથી યાગાદિ વિધિ વડે બ્રાહ્મણોને સેવવા. હવે તે બતાવે છે—

**● સૂત્ર-૭૮૦ થી ૭૮૩ :-**

***[વેદવાદી કહે છે-] જે હંમેશાં ૨૦૦૦ સ્નાતક બ્રાહ્મણોને ભોજન કરાવે છે, તે પુન્યનો સમૂહ એકઠો કરીને દેવ થાય છે, એમ વેદનું કથન છે...[આર્દ્રકે કહ્યું-] ભોજન માટે ક્ષત્રિયાદિ કુલોમાં ભટકતા ૨૦૦૦ સ્નાતકોને નિત્ય ભોજન કરાવનાર માંસલોલુપી પ્રાણીથી વ્યાપ્ત નરકમાં જઈને ત્યાં તીવ્ર પરિતાપ પામે છે...દયાપ્રધાન ધર્મની નિંદા અને હિંસામય ધર્મની પ્રશંસા કરનાર રાજા, એક પણ કુશીલ બ્રાહ્મણને જમાડે, તો અંધકારમય નરકમાં જાય છે પછી દેવોમાં જવાની તો વાત જ ક્યાં રહી ?...[એકદંડી કહેવા લાગ્યા] તમે અને અમે બંને ધર્મમાં સમ્યક્ રીતે ઉત્થિત છીએ. ત્રણે કાળ ધર્મમાં સ્થિત છીએ. આચારશીલ પુરુષને જ્ઞાની કહીએ છીએ, બંનેના મતમાં કોઈ ભેદ નથી.***

**● વિવેચન-૭૮૦ થી ૭૮૩ :-**

[૭૮૦] છ કર્મમાં રત વેદ અધ્યાપકો, શૌચાચારની દૃઢતાથી નિત્ય સ્નાન કરનારા બ્રહ્મચારી સ્નાતકો છે, તેમાંના ૨૦૦૦ને જે નિત્ય ઇચ્છિત ભોજન કરાવે છે, તે પુણ્યસમૂહનું ઉપાર્જન કરીને સ્વર્ગે જાય છે, તેમ વેદવાદ છે.

- હવે આર્દ્રકમુનિ તેના દૂષણો બતાવે છે—

[૭૮૧] નિત્ય ૨૦૦૦ સ્નાતકોને જે જમાડે - કેવા સ્નાતક ? કુલાટ-જેઓ માંસના અર્થી બનીને કુળોમાં ભટકે છે. બીલાડાની જેમ ભમતાં બ્રાહ્મણો અથવા ક્ષત્રિયાદિના ઘરોમાં નિત્ય ભોજન શોધતા, પારકાનો આશ્રય શોધતા કુલાલયો છે, તેવા નિંદ્ય-જીવિકાવાળા એવા ૨૦૦૦ સ્નાતકોને જમાડવા, તે અસત્ પાત્રમાં આપેલા દાનથી બહુ વેદનાવાળી ગતિમાં જાય છે.



માંસાસક્તિથી રસ-સાતાગારવયુક્ત અને જિહ્વેન્દ્રિય વશકથી વ્યાપ્ત અથવા માંસાસક્ત જીવોથી વ્યાપ્ત એવી નરકમાં જાય છે. આ નરકાભિસેવી દાતા ત્યાં જઈને અસહ્ય અભિતાપ-કરવતથી વેરાવું, કુંભીમાં પકાવું, ગરમ સીસાનું રસપાન, શાલ્મલીનું આલિંગન આદિરૂપ - x - એવી વેદનાથી દુઃખો ભોગવતાં ત્યાં ૩૩-સાગરોપમ સુધી અપ્રતિષ્ઠાન નરકાવાસમાં રહે છે.

[૭૮૨] પ્રાણી માત્ર પર દયા રાખનારો શ્રેષ્ઠ ધર્મ, તે ધર્મને નિંદતા તથા પ્રાણી વધને ચાહે તેવા ધર્મને પ્રશંસતા, એક પણ વ્રત ન પાળતા, તેવા દુરાચારીને છકાય જીવને પીડા કરીને જે જમાડે. તે જમાડનાર રાજા હોય કે કોઈ મૂઢ મતિ પોતાને ધાર્મિક માનનારો હોય, તે બીચારો રાત્રિ જેવા અંધકારમય નરકભૂમિમાં જાય છે. તેવાને અધમ દેવપણાની પ્રાપ્તિ પણ ક્યાંથી થાય ? તથા કર્મને વશ જીવોને વિચિત્ર જાતિગમનથી, અશાશ્વત એવી આ જાતિનો મદ ન કરવો જોઈએ. જેમકે કોઈ કહે છે - બ્રાહ્મણો બ્રહ્માના મુખમાંથી નીકળેલા છે - x - ઇત્યાદિ. માટે બ્રાહ્મણો શ્રેષ્ઠ છે. આ વચન અપ્રમાણ હોવાની નિરર્થક છે. કદાચ સ્વીકારોતો પણ તેટલા માત્રથી કંઈ વિશેષ વર્ણવાળા થઈ ન જાય કેમકે જેમ એક વૃક્ષમાંથી જન્મેલ થડ, શાખા, પ્રશાખા આદિના અગ્રભૂત ફણસ ઉદુંબરાદિ ફળમાં કંઈ વિશેષતા હોતી નથી. બ્રહ્માના મુખાદિ અવયવોમાંથી ચાર વર્ણની પ્રાપ્તિ થઈ [તો તેના પગમાંથી શુદ્રો ઉત્પન્ન થતા શુદ્રવત્ પગવાળા થયા ઇત્યાદિ] તમને પણ ઇષ્ટ નહીં હોય. વળી જો બ્રાહ્મણો બ્રહ્માના મુખમાંથી નીકળ્યા હોય તો હવે કેમ જન્મતા નથી ? જો એમ કહેશો કે યુગની આદિમાં એવું હતું, તો દૃષ્ટહાનિ - અદૃષ્ટ કલ્પના થશે. વળી - x - x - x - જાતિનું અનિત્યત્વ તો તમારા સિદ્ધાંતમાં જ સ્વીકારેલ છે. જેમકે—

“વિષ્ટા સહિત બળે તે મરીને શીયાળ થાય.” વળી તમે કહો છો - જે બ્રાહ્મણ દૂધ વિક્રેતા છે, તે ત્રણ દિનમાં શુદ્રપણું પ્રાપ્ત કરે છે, પણ જો લાખ, લુણ કે માંસ વેચે તો તુર્ત પતિત થાય છે. આ રીતે પરલોકમાં અવશ્ય જાતિ બદલાય છે, તે જ કહ્યું છે - જે માણસ કાયાથી કુકર્મ કરે, તે મરીને સ્થાવર થાય છે, વચનના દોષો લગાડે તો પક્ષી કે મૃગપણું પામે છે, પણ જે મનના દોષ લગાડે છે, તે મરીને અંત્યજ થાય છે.

વળી આવા ગુણોથી પણ બ્રાહ્મણત્વ ન શોભે - જેમકે - અશ્વમેધ યજ્ઞની વિધિ મુજબ વચલા દિવસે ૫૯૭ પશુ હોમવા ઇત્યાદિ. કદાચ તમે એમ કહો કે વેદોક્ત હોવાથી તેમાં દોષ ન લાગે, તો શંકા થશે કે તમે જ કહો છો કે - “કોઈ પ્રાણીને ન મારો.” તેનાથી પૂર્વાપર વિરોધ આવશે. વળી તમે કહો છો કે - હત્યારો વેદાંતનો પારગામી હોય, તો પણ રણ સંગ્રામમાં તે ઘા કરે, તો તેને હણતાં તે કૃત્ય વડે બ્રહ્મહત્યા ન લાગે.

વળી કહો છો કે શુદ્રને મારીને પ્રાણાયમ કરવો - x - અસ્થિરહિત જંતુને ગાડું ભરીને મારીને પણ બ્રાહ્મણને જમાડવા. આવા મંતવ્યો વિદ્વાનોના મનનું રંજન ન કરી શકે. તેથી જ તમારું મંતવ્ય અયોગ્ય લાગે છે. આ પ્રમાણે આર્દ્રકુમારે બ્રાહ્મણોના વિવાદનું નિરાકરણ કર્યુ. પછી તેમને ભગવંત પાસે જતાં જોઈને એકદંડી

સાધુ બોલ્યા—

ઓ આર્દ્રકુમાર ! તમે સારુ કર્યુ કે - આ સર્વારંભ પ્રવૃત્ત ગૃહસ્થો, શબ્દાદિ વિષય પરાયણ - માંસભક્ષી બ્રાહ્મણોને બોલતા બંધ કર્યા. હવે તમે અમારો સિદ્ધાંત સાંભળો અને અવધારો. સત્વ, રજસ્, તમસ્ એ ત્રણે સામ્યાવસ્થામાં પ્રકૃત્તિથી મહાન્ થાય - યાવત્ - તેમાંથી ચૈતન્ય થાય. પુરુષનું આ સ્વરૂપ આર્હત્ મતને પણ માન્ય છે. - x - આથી અમારો સિદ્ધાંત જ શ્રેષ્ઠ છે, બીજો નહીં. તમારો જૈન સિદ્ધાંત અમારાથી જુદો નથી તે કહે છે—

[૭૮૩] જે અમારો ધર્મ અને તમારો જૈન ધર્મ, તે ઉભયરૂપે કંઈક સમાન છે. જેમકે-તમારામાં પણ જીવોનું અસ્તિત્વ હોવાથી પુન્ય-પાપ-બંધ-મોક્ષનો સદ્ભાવ છે, જે નાસ્તિકો - x - તથા બૌદ્ધો - x - નથી માનતા. અમારાંમાં પણ અહિંસાદિ પાંચ યમો છે, તે તમારામાં પાંચ મહાવ્રત રૂપે છે તથા ઇન્દ્રિય અને મનને વશ રાખવું, તે પણ બંનેમાં તુલ્ય છે. એમ આપણા બંનેના ધર્મમાં ઘણી સમાનતા છે. તમે અને અમે ધર્મમાં સારી રીતે સ્થિત છીએ. પૂર્વે-હાલ કે ભાવિમાં આપણે લીધેલી પ્રતિજ્ઞા પાળનારા છીએ. બીજા તેવા નથી - x - x - વળી જ્ઞાન મોક્ષનું અંગ છે, તેમ કહ્યું છે, તે શ્રુતજ્ઞાન, કેવલજ્ઞાન જેવું છે, તેવું આપણા બંનેના મંતવ્યોમાં કહ્યું છે. સ્વકર્મ વડે પ્રાણી જેમાં ભમે છે, તે સંસાર પણ આપણા બંનેમાં સરખો છે. - x - અનેકાંતત્વ - x - બંનેમાં છે. દ્રવ્યપણે નિત્યત્વ તમે પણ સ્વીકાર્યુ છે. ઉત્પાદ અને વિનાશ તમને પણ માનનીય છે - x - ફરી પણ એકદંડી તુલના કરતા કહે છે—

**● સૂત્ર-૭૮૪,૭૮૫ :-**

***આ પુરુષ-જીવાત્મા અવ્યક્તરૂપ છે, સનાતન, અક્ષય, અવ્યય છે. ચંદ્રના તારાઓ સાથેના સંપૂર્ણ સંબંધ માફક જીવાત્મા સર્વભૂતોમાં સંપૂર્ણરૂપે રહે છે...[આર્દ્રકે કહ્યું-] આ પ્રમાણે માનવાથી સંગતિ થતી નથી અને જીવનું સંસરણ પણ સિદ્ધ થતું નથી. બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-પ્રેષ્યરૂપ ભેદ સિદ્ધ થતાં નથી. કીડા-પક્ષી-સરીસૃપ યોનિ કે દેવલોક સિદ્ધ થતો નથી.***

**● વિવેચન-૭૮૪,૭૮૫ :-**

શરીરમાં રહે તે પુરુષ-જીવ. તે જેમ તેમ માનો છો, તેમ અમે માનીએ છીએ. તે વિશેષથી કહે છે - અમૂર્ત્ત હોવાથી અવ્યક્તરૂપ છે. હાથ-પગ-મસ્તક-ડોક આદિ અવયવોથી પોતે અનવસ્થાન છે, તથા લોકવ્યાપી, શાશ્વત દ્રવ્યાર્થથી નિત્ય છે. વિવિધ ગતિનો સંભવ છતાં ચૈતન્ય લક્ષણ જે આત્માનું મૂળરૂપ છે, તેને મૂકતો નથી. તે અક્ષય છે તેનો કોઈપણ દેશનો જુદો ભાગ કરવો અશક્ય છે. તે અવ્યય છે - અનંતકાળે પણ તેનો એકે પ્રદેશ ઓછો થતો નથી. કાયાકાર પરિણમેલા બધાં ભૂતોમાં દરેક શરીરમાં પૂર્ણ રૂપે નિરવશંસપણે તે આત્મા સંભવે છે કોની માફક ?

ચંદ્ર જેમ અશ્વિની આદિ નક્ષત્રો વડે સંબંધ ધરાવે છે, તેમ આત્મા પ્રત્યેક શરીર સાથે સંપૂર્ણ સંબંધ ધરાવે છે. આ પ્રમાણે એકદંડી પોતાનું મંતવ્ય જૈન મત સાથે મેળવીને પોતાના દર્શનમાં તેને મેળવવા આર્દ્રકને સૂચવ્યું કે તમે અમારાં કહેલા





ધર્મસંસારના ઉપયોગી તત્ત્વો જેમાં છે, તે તમારા જેવા વિદ્વાને સ્વીકારવો જોઈએ. તમારા આર્હત્ તત્ત્વમાં કેટલુંક મળતાપણું છતાં આવા ઉપયોગી તત્ત્વો અમારે ત્યાં જ છે. તેથી તમારે અમારું દર્શન સ્વીકારવું જોઈએ. આર્દ્રકુમાર તેનો ઉત્તર આપે છે—

[૭૮૫] - x - એક જ અવ્યક્ત પુરુષ આત્મા મોટો, આકાશની પેઠે સર્વવ્યાપી, સનાતન, અનંત, અક્ષય, અવ્યય સર્વે ચેતન-અચેતન ભૂતોમાં સર્વ આત્મરૂપે રહેલો છે - આ પ્રમાણે માનનારા છે. જેમ બધાં તારામાં એક ચંદ્ર રહેલો છે, તેમ એક આત્મા સર્વમાં સંબંધ ધરાવે છે. - આ બધાંનો ઉત્તર આપવા માટે કહે છે—

જો તમારા દર્શનમાં તમારા કહેવા પ્રમાણે એકાંતથી નિત્ય અવિકારી આત્મા સ્વીકારો તો સર્વે પદાર્થો નિત્ય થશે, પછી બંધ-મોક્ષનો સદ્ભાવ ક્યાંથી થશે? બંધના અભાવે નારકાદિ ચતુર્ગતિક સંસાર થશે નહીં, તથા મોક્ષના અભાવે તમારું વ્રતગ્રહણ નિરર્થક થશે. પાંચ રાત્રિનો બતાવેલ યમ-નિયમાદિનો સ્વીકાર શા માટે? તમે આપણા બંનેનો ધર્મ તુલ્ય કહો છો, તે ખોટું છે. તથા સંસારના પદાર્થોમાં સામ્ય નથી.

તમારા જેવા દ્રવ્યમાં એકત્વ માનનારાને બધું પ્રધાનથી અભિન્ન હોવાથી તે જ પ્રધાન કારણ મુખ્ય છે. કાર્ય-કારણથી અભિન્ન હોવાથી ત્યાં સર્વ આત્મા વડે છે. અમારામાં તો દ્રવ્ય અને પર્યાય બંને માનનારાને કારણમાં કાર્ય દ્રવ્યરૂપે છે, પર્યાયરૂપે નહીં. અમારે તો ઉત્પાદ, વ્યય, ધ્રુવ યુક્ત તે જ સત્ છે. તમારામાં તો ધ્રુવ યુક્ત જ સત્ છે - x - x - તમારે અમારે આલોક-પરલોક સંબંધી તત્વ વિચારતા કંઈ સામ્ય નથી.

સર્વવ્યાપીપણું માનતાં, આત્મામાં અવિકારીપણું માનતાં, આત્માનું અદ્વૈતપણું સ્વીકારતા નારકાદિ ભેદે, બાલ-કુમાર-સુભગ-દુર્ભગાદિ ભેદે ઓળખાવવું ન જોઈએ. સ્વકર્મથી વિવિધ ગતિમાં જતા નહીં મનાય. કેમકે આત્મા સર્વવ્યાપી કે એક છે. તે પ્રમાણે બ્રાહ્મણાદિ કોઈ નહીં કહેવાય. કીડા-પક્ષી આદિ ભેદ નહીં થાય, માણસો કે દેવલોક ભેદો નહીં બોલાય. આ બધું પ્રત્યક્ષ હોવાથી આત્મા સર્વવ્યાપી નથી.

આત્માનો અદ્વૈતવાદ સારો નથી કેમકે પ્રત્યેક જીવને સુખ-દુઃખ પ્રત્યક્ષ અનુભવાય છે, શરીર-ત્વચા પર્યન્ત માત્ર આત્મા છે. ત્યાં જ તેના ગુણ વિજ્ઞાનની પ્રાપ્તિ છે, એમ નક્કી થયું. તેથી તમારા આગમ યથાર્થ કહેનારું નથી. કેમકે તે અસર્વજ્ઞ પ્રણિત છે. તેનું અસર્વજ્ઞત્વ તો તમે એકાંત પક્ષ સ્વીકારવાથી પ્રત્યક્ષ છે. અસર્વજ્ઞમાર્ગના દોષો કહે છે—

**● સૂત્ર-૭૮૬,૭૮૭ :-**

***આ લોકને કેવલજ્ઞાન દ્વારા ન જાણીને જે અનભિજ્ઞ પુરુષ ધર્મનું કથન કરે છે. તે આ અનાદિ-અપાર ઘોર સંસારમાં સ્વયં નાશ પામે છે અને બીજાનો પણ નાશ કરે છે...પણ જે સમાધિયુક્ત છે, કેવળજ્ઞાન દ્વારા પૂર્ણ લોકને જાણે છે. તે સમસ્ત ધર્મને કહે છે, પોતે તરે છે અને બીજાને પણ તારે છે.***

**● વિવેચન-૭૮૬,૭૮૭ :-**

[૭૮૬] ચૌદ રાજ પ્રમાણ કે ચરાચર એવો જે લોક છે તેને દિવ્ય જ્ઞાનના

અવભાસ વડે જે જાણતા નથી, આ જગત્‌માં તેવા અન્યતીર્થિકો - અવિદ્વાનો દુર્ગતિગમન માર્ગની અર્ગલારૂપ ધર્મને કહે છે. તેઓ પોતે નાશ પામે છે અને બીજાનો પણ નાશ કરે છે - ક્યાં ? ભયાનક સંસાર સાગર જે અનાદિ અનંત છે તેવા સંસારમાં આત્માને ફેંકે છે.

[૭૮૭] હવે સમ્યગ્‌જ્ઞાની ઉપદેશકના ગુણો પ્રગટ કરવા કહે છે - ચૌદરાજ પ્રમાણ લોકમાં કેવળજ્ઞાન વડે કેવલી આ જગત્‌માં અનેક પ્રકારે જાણે છે, પ્રકર્ષથી જાણે છે અથવા પુન્યના હેતુરૂપ હોવાથી પુણ્ય છે, તેવા સારા જ્ઞાન અને સમાધિ વડે યુક્ત પુરુષો સમસ્ત શ્રુત-ચારિત્રરૂપ ધર્મને, પારકાના હિત ઇચ્છતાં કહે છે. તે મહાપુરુષો સ્વયં સંસારસાગર તર્યા છે અને સદુપદેશ દાનથી બીજાને પણ તારે છે. કેવલજ્ઞાન વડે લોકને જાણે છે એમ કહ્યા પછી ફરી ''જ્ઞાન વડે'' એમ કહ્યું તે બૌદ્ધ મતનો ઉચ્છેદ કરવા અને જ્ઞાનના આધારરૂપ આત્મા છે, તે જણાવવા કહ્યું છે. સારાંશ એ કે સમ્યગ્ માર્ગજ્ઞ ઉપદેશદાતા આત્માને અને બીજાને - જે તે ઉપદેશમાં વર્તે તેને મહા અરણ્યથી વિવક્ષિત દેશમાં પહોંચાડે તેમ કેવલી પણ આત્માને સંસારકાંતારમાંથી નિસ્તાર કરે છે. ફરી આર્દ્રકુમાર કહે છે—

● **સૂત્ર-૭૮૮,૭૮૯ :-**

***હે આયુષ્યમાન્ ! જે નિંદિંત સ્થાનોનું સેવન કરે છે અને જે આ લોકમાં ચારિત્રયુક્ત છે, તેને જે સ્વમતિથી સમાન ગણે છે, તે વિપરીત પ્રરૂપણા કરે છે...[હસ્તિતાપસો કહે છે-] અમે બધાં જીવોની દયા માટે વર્ષમાં એક વખત મોટા હાથીને બાણ વડે મારીને વર્ષભર અમારી આજીવિકા ચલાવીએ છીએ.***

● **વિવેચન-૭૮૮,૭૮૯ :-**

[૭૮૮] અસર્વજ્ઞની પ્રરૂપણા આવી હોય છે. જેમકે - જે કોઈ સંસારમાં અશુભ કર્મવાળા તેના વિપાકથી નિંદિત-જુગુપ્સિત-નિર્વિવેકી જનાચરિત સ્થાનને કર્માનુષ્ઠાન રૂપે આ જગત્‌માં જીવિકા હેતુ માટે આચરે છે તથા જે સદુપદેશવર્તી આ જગત્‌માં વિરતિ પરિણામ વડે યુક્ત છે, તે બંનેના અનુષ્ઠાનોમાં શોભન-અશોભનપણું છે, તેને અસર્વજ્ઞોએ તુલ્ય કહ્યું છે. તે તેમનો પોતાનો અભિપ્રાય છે, યથાવસ્થિત પદાર્થનું નિરૂપણ નથી. અથવા હે આયુષ્યમાન્ ! એકદંડી ! તે વિપરીત જ કહ્યું છે. અસર્વજ્ઞ છે તે વિષયાભાસ કહેશે, સર્વજ્ઞ યથાવસ્થિત જ કહેશે. અથવા વિપર્યાસ એ મદોન્મત્તના પ્રલાપ જેવું છે. આ રીતે એકદંડીને નિરુત્તર કર્યો.

[૭૮૯] આર્દ્રકુમાર ભગવંત પાસે જતા હતા, ત્યાં માર્ગમાં હસ્તિતાપસો મળ્યા, તેઓ તેમને વીંટળાઈને એમ બોલ્યા, હાથીને મારીને આજીવિકા ચલાવે તે હસ્તિતાપસમાંથી કોઈ બોલ્યું કે હે આર્દ્રકુમાર ! તમારે સારી રીતે સાંભળીને પાપનું અલ્પ-બહુત્વ વિચારવું જોઈએ. આ જે તાપસો કંદ-મૂલ-ફળને ખાનારા ઘણાં સ્થાવર જીવો તથા ઉદુંબરાદિમાં ત્રસ જીવોના ઉપઘાતને માટે વર્તે છે. જે ભિક્ષા વડે આજીવિકા કરે છે, તે આશંસાદોષથી દૂષિત છે. વળી અહીં-તહીં ભટકતા તેઓ કીડી આદિ જંતુનો ઘાત કરે છે. અમે વર્ષે કે છ માસે એક-એક મહાકાય હાથીને બાણ વડે



મારીને, બાકીના જીવોની દયા પાળતા આજીવિકા કરવા તેના માંસ વડે ચલાવીએ છીએ. આ રીતે અમે થોડા જીવના ઘાત વડે ઘણાં જીવોની રક્ષા કરીએ છીએ.

● **સૂત્ર-૭૯૦ થી ૭૯૨ :-**

***જે વર્ષમાં એક વખત જ પ્રાણીને મારે, તે પણ દોષોથી નિવૃત્ત નથી. કેમકે બાકીના જીવોના વધમાં પ્રવૃત્ત ન હોય તેવા ગૃહસ્થને પણ દોષરહિત કેમ ન માનવા ?...જે પુરુષ શ્રમણવ્રતી થઈ વર્ષમાં એક-એક જ પ્રાણીને મારે છે, તે પુરુષ અનાર્ય કહેવાય છે, તેમને કેવલજ્ઞાન થતું નથી...જ્ઞાની પ્રભુની આજ્ઞાથી આ સમાધિયુક્ત ધર્મ સ્વીકારી, સ્થિર થઈ, ત્રણ કરણથી વિરત મહાન્ સંસાર સમુદ્ર તરી જાય, તે માટે આદાન ધર્મ કહેવો - તેમ હું કહું છું.***

● **વિવેચન-૭૯૦ થી ૭૯૨ :-**

[૭૯૦] વર્ષે એકૈક પ્રાણીને હણતો પણ પ્રાણાતિપાતાદિ દોષથી છુટતો નથી, તમને પંચેન્દ્રિય મહાકાય સત્ત્વ વધ પરાયણતાના અતિ દુષ્ટ દોષની આશંસા રહે છે. સાધુએ સૂર્યના કિરણોથી પ્રકાશિત માર્ગમાં યુગમાત્ર દૃષ્ટિથી જતાં ઇર્યાસમિતિ વડે સમિત રહીને, ૪૨-દોષરહિત આહાર શોધતાં અને લાભાલાભમાં સમવૃત્તિથી આશંસાદોષ કેમ લાગે ? અથવા કીડી વગેરેનો ઘાત ક્યાંથી થાય ? હવે તમે થોડા જીવોના ઉપઘાતથી દોષનો અભાવ માનો છો. તો ગૃહસ્થો પણ પોતાના ક્ષેત્રમાં જ આરંભ કરીને પ્રાણીને હણે છે, બાકીના ક્ષેત્ર-કાળમાં રહેલા પ્રાણીને તમારા મતે હણતાં નથી, તો તેને પણ તમારી માફક અલ્પ જીવ ઘાતથી દોષરહિત ગણવા જોઈએ.

[૭૯૧] હવે આર્દ્રકુમાર હસ્તિતાપસોના ઉપદેષ્ટાના દોષો બતાવે છે - જેઓ શ્રમણોના વ્રતમાં રહેલા છે, તેઓ વર્ષે એક-એક જીવને હણવાનો ઉપદેશ આપે છે તે અનાર્ય છે, કેમકે અસત્કર્મ આચરે છે. તેઓ પોતાનું અને પરનું અહિત કરનારા છે. તેવાઓ કેવલજ્ઞાની થઈ ન શકે. તેથી કહે છે - એક પ્રાણીનો વર્ષે એકવખત ઘાત કરનારા, તેના માંસના આશ્રયે રહેલા કે તે માંસને રાંધતા ત્રસ સ્થાવર બધાં જીવોનો નાશ કરે છે. તેને તમારા ઉપદેશક જોતા નથી. તેઓ નિરવધ ઉપાયથી માધુકરી વૃત્તિવાળા છે તેમને પણ જાણતા નથી. તેથી તેઓ માત્ર અકેવલી જ નહીં પણ વિશિષ્ટ વિવેકથી પણ રહિત છે.

આ રીતે હસ્તિતાપસોને સમજાવીને ભગવંત પાસે જઈ રહેલા આર્દ્રકુમારને મોટા કોલાહલથી લોકોએ સ્તવ્યા. તે સાંભળીને નવો પકડેલો સર્વ લક્ષણ સંપન્ન વન્ય હાથી, વિવેક ઉત્પન્ન થવાથી વિચારવા લાગ્યો કે - જેમ આ આર્દ્રકકુમારે અન્યતીર્થિકોને સમજાવી, વિઘ્નરહિત થઈ સર્વજ્ઞ પ્રભુના ચરણમાં વંદનાર્થે જાય છે, તેમ હું પણ સંપૂર્ણ બંધનરહિત થાઉં. આ મહાપુરુષ આર્દ્રકુમારે પ્રતિબોધેલા ૫૦૦ ચોર તથા અનેક વાદિ ગણ સહિત પરમ ભક્તિથી તેમની પાસે જઈને વંદન કરું. આ પ્રમાણે વિચારતાં જ તે હાથીના બધાં બંધનો તુટી ગયા. તે આર્દ્રકુમાર સન્મુખ કાનને હલાવતો અને સૂંઢને ઉંચી કરીને દોડ્યો. તેથી લોકોમાં હાહાકાર થઈ ગયો કે ધિક્કાર છે આ હાથીને કે જે આવા મહર્ષિ મહાપુરુષને હણવા દોડે છે. તેમ બરાડતા લોકો અહીં-તહીં નાસવા

લાગ્યા. આ વનહસ્તિ આર્દ્રકુમાર પાસે આવ્યો. ભક્તિથી મસ્તક નમાવ્યું, અડધો નમ્યો, કાન સ્થિર કર્યા, ત્રણ પ્રદક્ષિણા કરી, જમીન પર દાંતના અગ્રભાગ નમાવી, મુનિના ચરણમાં નમન કરી સારી રીતે સ્થિર થઈને વન તરફ ગયો.

આ રીતે આર્દ્રકુમાર તપના પ્રભાવથી બંધનમુક્ત મહાગજનું વૃત્તાંત નગરજન પાસેથી જાણીને શ્રેણિકરાજા આર્દ્રકુમાર મહર્ષિના તપપ્રભાવને અભિનંદી, અભિનંદીને બોલ્યા-ભગવન્ આ આશ્ચર્ય છે કે આ વનહસ્તી આવી સાંકળોના બંધનને આપના પ્રભાવથી તોડીને મુક્ત થયો, આ ખરેખર દુષ્કર કાર્ય થયું. ત્યારે આર્દ્રકે કહ્યું - અરે ! શ્રેણિક મહારાજ ! આ વનહસ્તિ જે બંધનથી મુક્ત થયો તે દુષ્કર નથી, પણ જે સ્નેહના બંધનથી મુક્ત થવું તે દુષ્કર છે. માણસે બાંધેલા બંધનથી મત્ત હાથીને છોડાવવો દુષ્કર નથી, રાજા ! પણ કાચા સુતરના તાંતણા મેં તોડ્યા તે દુષ્કર હતું.

આ પ્રમાણે રાજાને બોધ પમાડી તીર્થંકર પાસે જઈને, વંદીને, ભક્તિભારથી પ્રભુ પાસે જઈને બેઠા. ભગવંતે પણ તેના પ્રતિબોધેલ ૫૦૦ ચોરોને દીક્ષા આપી. તેના શિષ્ય બનાવ્યા. હવે ઉપસંહાર કરે છે—

[૭૯૨] તત્ત્વને જાણનાર સર્વજ્ઞ વીર વર્ધમાન સ્વામી, તેમના આગમ વડે આ સદ્ધર્મ પ્રાપ્તિરૂપ સમાધિ પામીને જીવો આ સમાધિમાં મન-વચન-કાયાથી સારી રીતે સ્થિર થઈને, સારી રીતે ઇન્દ્રિયોને વશ કરીને મિથ્યાદૃષ્ટિને ન સ્વીકારે. કેવલ તેના આવરણની મન-વચન-કાયાથી નિંદા કરે. આવો આત્મા સ્વ અને પરનો રક્ષક બને અથવા મોક્ષ પ્રતિ ગમનશીલ બને. સમુદ્ર તરવા જેવું દુસ્તર મહાભવસમુદ્રને તરીને સાધુ-સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષનું આદાન-સ્વીકાર કરે. આ સમ્યગ્દર્શન વડે પરતીર્થિકના તપસમૃદ્ધિ આદિ દર્શનથી જિનેશ્વરદર્શનથી ચ્યવિત ન થાય. સમ્યગ્ જ્ઞાન વડે યથાવસ્થિત પ્રરૂપણાથી બધાં વાદીનું નિરાકરણ કરીને બીજાને પણ મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવે છે. સમ્યક્ ચારિત્ર વડે બધાં જીવોના હિતસ્વી બનીને, આશ્રવદ્વારનો નિરોધ કરીને, તપ વિશેષથી અનેક ભવ ઉપાર્જિત કર્મની નિર્જરા કરે છે. બીજાને પણ આવો ધર્મ કહે છે - બતાવે છે આ પ્રમાણે કહું છું.- x - x -.

**શ્રુસ્તસ્કંધ-૨ અધ્યયન-૬ ''આર્દ્રકીય''નો મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ શ્રુતસ્કંધ-૨ અધ્યયન-૭ ''નાલંદીય'' ❀

-- x -- x -- x -- x -- x -- x -- x -- x --

● **ભૂમિકા :-**

છટ્ઠું અધ્યયન કહ્યું, હવે સાતમું કહે છે. તેનો સંબંધ આ છે - પૂર્વે કહેલ સંપૂર્ણ સૂત્રકૃતાંગ વડે સ્વ-પર સિદ્ધાંત પ્રરૂપણા દ્વાર વડે પ્રાયઃ સાધુના આચારો કહ્યા. આ અધ્યયનમાં શ્રાવકોની વિધિ કહે છે અથવા ગત અધ્યયનમાં પર-વાદનું નિરાકરણ કર્યું અને સાધુ આચારના ઉપદેશકર્તા ઉદાહરણ વડે દર્શાવ્યા. અહીં શ્રાવકધર્મના ઉપદેશકર્તાને ઉદાહરણ વડે જ કહે છે. અથવા ગત અધ્યયનમાં પરતીર્થિક સાથે વાદ બતાવ્યો. અહીં જૈન સાધુ સાથેની ચર્ચા છે. આ સંબંધ વડે આવેલા આ અધ્યયનના ઉપક્રમાદિ ચાર અનુયોગદ્વારો કહેવા જોઈએ. તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપમાં આ અધ્યયનનું ''નાલંદીય'' નામ છે. તે આ પ્રમાણે થયું છે—

પ્રતિષેધ કરનાર ન-કાર શબ્દ સાથે अलं શબ્દ મળતા दा ધાતુનો અર્થ દાન કરતા नालंदा શબ્દ બન્યો. સારાંશ એ કે - પ્રતિષેધનો પ્રતિષેધ કરવા વડે ધાતુના અર્થથી - x - સદા અર્થીઓને અભિલાષા મુજબ આપે છે, તે રાજગૃહ નગરની બહારનો વિભાગ તે ''નાલંદા''. ત્યાં થયેલ તે ''નાલંદીય'' એવું આ અધ્યયન. આ કહેવાથી બધો ઉપોદ્‌ઘાત-ઉપક્રમ કહેલો જાણવો. તેનું સ્વરૂપ અંતે નિર્યુક્તિકાર પોતે पासावच्चिज्जे આદિ ગાથાથી કહેશે. હવે अलं શબ્દનો નિક્ષેપો નાલંદામાંથી ન અને द છોડીને કહે છે—

**[નિ.૨૦૧ થી ૨૦૪-]** *સંયુક્ત વૃત્ત્યર્થ બતાવે છે—*

વ્યાકરણમાં अ, मा, नो, ना શબ્દો પ્રતિષેધ વાચક છે. જેમકે - अघट અહીં अ કાર દ્રવ્યનો નિષેધ બતાવે છે. એટલે अलं दान સાથે अ પ્રયોગનો અભાવ છે. 'मा' શબ્દ ભવિષ્યની ક્રિયાનો નિષેધ કરશે. જેમકે मा कार्षात् કરશો માં-ઇત્યાદિ નિષેધ થયો. नो કાર દેશ કે સર્વ નિષેધમાં વર્તે છે જેમકે नो घट - ઘડાનો એક ભાગ નથી. नोकसाय - કષાય મોહનીયના એકદેશરૂપ છે. ન કાર-સમસ્ત દ્રવ્યક્રિયા પ્રતિષેધવાચી છે. જેમકે - न द्रव्य, न कर्म વગેરે.- x - x - x -

આ બધામાં ન-કાર પ્રતિષેધ વિધાયક છે. 'अलं' શબ્દ પણ જો કે પર્યાપ્તિ, વારણ, ભૂષણ ત્રણ અર્થોમાં છે. પણ અહીં તો अलं નો અર્થ પ્રતિષેધ વાચક न ના સાહચર્યથી પ્રતિષેધાર્થે જ ગ્રહણ થયો.

તેમાં अलं શબ્દના નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવથી ચાર ભેદો થાય. તેમાં નામ-અલં, કોઈ ચેતન કે અચેતનનું 'अलं' નામ કરાય. સ્થાપના-અલં-જેમકે કોઈ ચિત્ર કે પુસ્તકાદિમાં પાપનો નિષેધ કરતો સાધુ સ્થાપીએ. દ્રવ્ય નિષેધમાં નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીરને છોડીને તદ્‌વ્યતિરિક્ત દ્રવ્યના-ચોર આદિએ લાવેલ આ લોકના અપાયભયથી જે નિષેધ કરાય તે દ્રવ્ય નિષેધ છે. આ પ્રમાણે - દ્રવ્ય વડે, દ્રવ્યથી કે દ્રવ્યમાં નિષેધ કરીએ તે બધા દ્રવ્ય-અલં છે.

ભાવનિષેધ - માટે નિર્યુક્તિકાર પોતે अलं શબ્દના સંભવિત અર્થો દર્શાવવા

કહે છે - પર્યાપ્તિ ભાવ-સામર્થ્ય, તેમાં अलं શબ્દ વપરાય છે. अलं એટલે સમર્થ. લોકોત્તરમાં પણ नालं ते तव - x - सरणाए તે તને શરણ આપવા સમર્થ નથી. [તેમ કહ્યું.] અન્યો પણ કહે છે—

મૂળ દ્રવ્યને સમજવું, એ જ રથ પર ચઢેલો, વસ્તુમાં થતા ફેરફાર રૂપ પર્યાયો સમજવા. યુક્તિઓ સમજવી. તેવો વાદી બીજા કુવાદીઓને જીતવા સમર્થ થાય છે. આ अलं શબ્દનો પહેલો અર્થ કહ્યો.

अलं નો બીજો અર્થ અલંકાર-આભૂષણ થાય છે. - x - x -

ત્રીજો અર્થ-अलं શબ્દ 'પ્રતિષેધ' અર્થમાં જાણવો. જેમકે - अलं मे गृहवासेन હવે મારે ઘરમાં રહેવું નથી - x - વગેરે. વળી કહ્યું છે—

કુતીર્થોની સેવના નથી કરવી, માટે તેનું પ્રયોજન નથી. કામગુણોનું સેવન કરવું નથી. અહીં મૂળ શ્લોકમાં ત્રણ વખત अलं શબ્દ છે.

આ અધ્યયનમાં આ ત્રીજા પ્રતિષેધ વાચી 'अलं' શબ્દનો અધિકાર છે, તે કહે છે - अलं શબ્દના ત્રણ અર્થ છતાં ન-કારને આધીન अलं શબ્દ હોવાથી પ્રતિષેધ અર્થ જ લેવાનો છે. તેના નિરુક્ત વિધાનથી આ અર્થ છે. न अलं ददाति - જ્યાં માંગેલું આપવામાં નિષેધ નથી તે - ''નાલંદા''. નાલંદા શબ્દથી ''બહારનો ભાગ'' તે જાણીતું છે. તે સદા આલોક, પરલોકના સુખહેતુ હોવાથી સુખપ્રદ છે. રાજગૃહી નગરની બાહિરિકા ધન-કનકના સમૃદ્ધત્વથી અને સારા સાધુના સમાગમથી સર્વ કામપ્રદ છે. હવે પ્રત્યયનો અર્થ બતાવવા કહે છે.

નાલંદાની નજીક મનોરથ નામક ઉધાનમાં ઇન્દ્રભૂતિ ગણધરે ઉદક નામના નિર્ગ્રન્થે પૂછેલ [તેના ઉત્તરો આપ્યા] તેથી જ આ અધ્યયન છે. તે નાલંદામાં કહ્યું માટે નાલંદીય છે. જેમ આ અધ્યયન નાલંદામાં થયું તેમ આગળ पासावच्चिज्ज ઇત્યાદિ સૂત્ર સ્પર્શિક ગાથા બતાવશે. હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહે છે—

**• સૂત્ર-૭૯૩,૭૯૪ અપૂર્ણ—**

***તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું, તે ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ-યાવત્-પ્રતિરૂપ હતું. તે રાજગૃહ નગરની બહાર ઇશાન ખૂણામાં નાલંદા નામની બાહિરિકા-ઉપનગરી હતી. તે અનેકશત ભવનોથી રચાયેલી યાવત્ પ્રતિરૂપ હતી.***

***તે નાલંદા બાહિરિકામાં લેપ નામે ગાથાપતિ હતો. તે ધનીક, દિપ્ત, પ્રસિદ્ધ હતો. વિસ્તીર્ણ વિપુલ ભવન-શયન-આસન-યાન-વાહનથી પરિપૂર્ણ હતો. તેની પાસે ઘણાં ધન-સોનું-ચાંદી હતા. તે ધનના અર્જનના ઉપાયોનો જ્ઞાતા અને અનેક પ્રયોગોમાં કુશળ હતો. તેને ત્યાં લોકોને ઘણાં અન્ન-પાણી અપાતા હતા. તે ઘણાં દાસ-દાસી-ગાય-ભેંસ-ઘેટાનો સ્વામી હતો. ઘણાં લોકોથી પરાભવ પામતો ન હતો.***

**• વિવેચન-૭૯૩,૭૯૪-અપૂર્ણ—**

[૭૯૩] આ સૂત્રનો અનંતર-પરંપર સૂત્ર સાથે સંબંધ કહેવો. ગત અધ્યયનનું છેલ્લું સૂત્ર આ હતું - આદાનવાન્ ધર્મ કહે છે. ધર્મના બે ભેદ - સાધુનો, શ્રાવકનો.



પૂર્વોક્ત બંને અંગ સૂત્રોમાં પ્રાયઃ સાધુનો આચાર કહ્યો. અહીં શ્રાવકાચાર કહે છે. પરંપર સૂત્ર સંબંધ આ પ્રમાણે- બોધ પામે. શું બોધ પામે ? તે અહીં કહે છે.

હવે સૂત્રાર્થ—

જે કાળે જે અવસરે રાજગૃહ નગર યથોક્ત વિશેષણ વિશિષ્ટ હતું, તે કાળ - તે સમયે આ કહે છે. રાજગૃહ નગરીમાં મોટા પ્રાસાદો હતા. તે પ્રાસાદિત કે આભોગવાળું હતું. તેથી દૃષ્ટિ સુખના હેતુરૂપ દર્શન યોગ્ય હતું. તેનું રૂપ આંખ ખેંચે તેવું - અભિરૂપ હતું. અનન્ય સદૃશ-પ્રતિરૂપ હતું. અથવા સ્વર્ગના પ્રતિબિંબ જેવું હતું. આવું રાજગૃહ નગર હતું. તે રાજગૃહની બહાર ઇશાન ખૂણામાં નાલંદા નામે બાહિરિકા હતી. તે અનેક શત ભવન વડે સન્નિવિષ્ટ-સંકીર્ણ હતી.

[૭૯૪-અપૂર્ણ] તે નાલંદામાં લેપ નામનો કૌટુંબિક હતો. તે ઋદ્ધિવાળો, તેજસ્વી, સર્વજન વિખ્યાત, વિસ્તીર્ણ વિપુલ શયન આસનાદિ વડે યુક્ત, ધન કમાવવા માટે યાનપાત્ર, ઉંટમંડળી આદિ તથા પ્રયોજન-પ્રયોગ-તે આયોગ-પ્રયોગ વડે યુક્ત તથા અહીં-તહીં વિક્ષિપ્ત પ્રચુર ભોજન-પાન અને ઘમાં દાસ-દાસીથી પરિવરેલ હતો. ઘણાં લોકોમાં માનનીય હતો. આ રીતે તેની આ લોકમાં અનેક ગુણયુક્ત દ્રવ્ય સંપદા બતાવી. હવે પરલોકના ગુણો બતાવીને ભાવસંપદા કહે છે—

**• સૂત્ર-૭૯૪ [શેષ ભાગ]**

***તે લેપ નામક ગાથાપતિ શ્રમણોપાસક પણ હતો. તે જીવ-અજીવાદિનો જ્ઞાતા થઈ યાવત્ વિચરતો હતો. તે નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ, લબ્ધાર્થ, ગૃહિતાર્થ, પુચ્છિતાર્થ, વિનિશ્ચિત-અર્થ, અભિગૃહિતાર્થ, અસ્થિ-મજ્જાવત્ ધર્માનુરાગરત હતો. [કોઈ પૂછે તો કહેતો] હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ સત્ય છે, પરમાર્થ છે, બાકી બધું અનર્થ છે. સ્ફટિકમય યશવાળું છે તેના દ્વાર સદા ખુલા રહેતા, અંતઃપુર પ્રવેશ તેને માટે ખુલ્લો હતો. તે ચૌદશ-આઠમ-પૂનમ-અમાસમાં પ્રતિપૂર્ણ પૌષધનું સમ્યક્ અનુપાલન કરતો હતો. શ્રમણ-નિર્ગ્રન્થને તથાવિધ એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વડે પ્રતિલાભિત કરતો, ઘણાં શીલ-વ્રત-ગુણ-વિરમણ-પ્રત્યાખ્યાન-પૌષધોપવાસ વડે પોતાના આત્માને ભાવિત કરતો વિચરતો હતો.***

**• વિવેચન-૭૯૪ [શેષ ભાગ]**

તે લેપ નામક ગૃહસ્થ સાધુને નિત્ય સેવતો શ્રમણોપાસક હતો. આ વિશેષણથી તેની જીવાદિ પદાર્થ આવિર્ભાવક શ્રુતસંપદા જણાવી છે, તે જ દર્શાવે છે - જીવ અજીવાદિને જાણતો હતો. દેવ-અસુરાદિ દેવગણ વડે હારે નહીં અને ધર્મથી ચ્યુત ન થાય તેવો હતો. આ વિશેષણસમૂહ વડે તેનું સમ્યગ્જ્ઞાન બતાવ્યું. હવે તેનું વિશિષ્ટ સમ્યગ્દર્શનિત્વ બતાવવા કહે છે - આર્હત્ પ્રવચનમાં તે દેશથી કે સર્વથી શંકારહિત એવો નિઃશંક હતો. જે જિને કહ્યું તે નિઃશંક સત્ય છે, તેમ માનતો.

તથા અન્યાન્ય દર્શન ગ્રહણરૂપ કાંક્ષાથી રહિત-નિરાકાંક્ષ હતો, ચિત્તમાં વિપ્લુતિ કે વિદ્વાનની જુગુપ્સાથી રહિત નિર્વિચિકિત્સ હતો. તેથી પરમાર્થરૂપ અર્થને

પ્રાપ્ત-તત્ત્વ જાણનાર હતો, મોક્ષમાર્ગરૂપ અર્થને સ્વીકાર્યો હતો, વિશેષથી અર્થને પૂછેલ-પૃષ્ટાર્થ, તેનાથી વિનિશ્ચિતાર્થ હતો. અર્થ સમજીને પ્રતીતિ કરવાથી અભિગતાર્થ હતો. તથા તેના હાડ-માંસ મધ્યે ધર્મનો રાગ હતો - અત્યંત સમ્યક્ત્વ વાસિત અંતઃકરણવાળો હતો.

આ વિષય વિસ્તારથી કહે છે - તેનો કોઈ ધર્મ વિશે પૂછે તો કહેતો તે આ પ્રમાણે - હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રન્થ-જૈનપ્રવચન સાચી પ્રરૂપણા વડે સદ્ભૂત અર્થ-સત્ય છે. આ જ પરમાર્થ છે. કેમકે કષ-તાપ-છેદની કસોટીથી શુદ્ધ છે, બાકીનું બધું લૌકિક તીર્થિકોએ પરિકલ્પિત અનર્થ છે. આ રીતે તેણે વિશેષથી સમ્યકત્વગુણ આવિષ્કૃત કરેલો.

હવે તે સમ્યગ્દર્શન-જ્ઞાન વડે શું ગુણ થયો તે બતાવે છે - પ્રખ્યાત - સ્ફિટક જેવો નિર્મલ યશ જેનો છે તેવો તથા જેના ઘરના દ્વાર ખુલ્લા છે તેવો - અર્થાત્ તેના ઘેર આવીને પરતીર્થિક પણ જે ધર્મ કહે. તે કહેવાથી તેના પરિજનો પણ સમ્યક્ત્વથી ચલિત ન થઈ શકે તથા રાજાને વલ્લભ એવા અંતઃપુર દ્વારોમાં તેનો પ્રવેશ ખુલ્લો રહેતો એટલે કે જ્યાં અન્ય લોકોનો પ્રવેશ નિષેધ હતો, તેવા સ્થાનો-ખજાનાગૃહ કે રાણીવાસ આદિમાં પણ આ પ્રખ્યાત શ્રાવકને તેના ગુણોને કારણે તેનો પ્રવેશ અસ્ખલિત-મુક્ત હતો.

તથા તે ચૌદશ-આઠમ આદિ તિથિઓમાં, તથા તીર્થંકરોના કલ્યાણક સંબંધી પુણ્યતિથિરૂપે ખ્યાત દિનોમાં તથા પૂર્ણિમા અને ત્રણે ચોમાસી તિથિ [ચૌદશો] માં, આવા ધર્મ દિવસોમાં અતિશયથી પ્રતિપૂર્ણ જે પૌષધ-વ્રત અભિગ્રહ વિશેષને પ્રતિપૂર્ણ-આહાર, શરીર-સત્કાર, બ્રહ્મચર્ય, અવ્યાપારરૂપ પૌષધને પાળતો સંપૂર્ણ શ્રાવકધર્મને આચરતો હતો. આ વિશેષ ગુણથી વિશિષ્ટ દેશચારિત્ર કહ્યું.

હવે તેના ઉત્તરગુણ કહીને દાન ધર્મને આશ્રીને કહે છે - શ્રમણોને પ્રતિલાભિત કરતો ઇત્યાદિ સુગમ છે. હવે તેના શીલ-તપ-ભાવનાત્મક ધર્મને બતાવે છે - ઘણાં શીલ, વ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધ-ઉપવાસ ગ્રહણ કરીને તપોકર્મ વડે આત્માને ભાવિત કરતો હતો. આ રીતે ધર્મને આચરતો રહેલો હતો.

**● સૂત્ર-૭૯૫,૭૯૬ :-**

*તે લેપ ગાથપતિને નાલંદા બાહિરિકાના ઇશાનખૂણામાં શેષદ્રવ્યા નામક ઉદકશાળા હતી. તે અનેક શત સ્તંભો પર રહેલી હતી. પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતી. તે શેષદ્રવ્યા ઉદક શાળાના ઇશાન ખૂણામાં હસ્તિયામ નામે એક વનખંડ હતું. તે વનખંડ કૃષ્ણવર્ણીય હતું.*

*તે વનખંડના ગૃહપ્રવેશમાં ભગવંત ગૌતમ વિચારતા હતા. તેઓ ત્યાં નીચે બગીચામાં હતા. તે સમયે ભગવંત પાર્શ્વાપત્યીય ઉદક પેઢાલપુત્ર નિર્ગ્રન્થ જે મેતાર્ય ગોત્રીય હતા, તે ભગવન્ ગૌતમ પાસે આવ્યા. આવીને ભગવન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું - હે આયુષ્યમાન્ ગૌતમ ! મારે આપને કેટલાંક પ્રશ્નો પૂછવા છે. હે આયુષ્યમાન્ ! આપે જેવું સાંભળેલ, જોયેલ હોય તેવું જ મને*



*વિશેષ વાદપૂર્વક કહો. ભગવંત ગૌતમે ઉદક પેઢાલપુત્રને આમ કહ્યું કે - હે આયુષ્યમાન્ ! આપનો પ્રશ્ન સાંભળી, વિચારીને હું જે જાણતો હોઈશ તેમ વાદ સહિત કહીશ. ઉદક પેઢાલપુત્રે ગૌતમને આમ કહ્યું—*

**● વિવેચન-૭૯૫,૭૯૬ :-**

[૭૯૫] તે એવા લેપ ઉપાસક ગૃહપતિની નાલંદાના ઇશાન ખૂણામાં શેષદ્રવ્ય નામક-ઘર ઉપયોગી શેષદ્રવ્યથી બનાવેલ હોવાથી શેષદ્રવ્યા-ઉદકશાલા હતી. તે અનેકશત સ્તંભ પર રચાયેલી, પ્રાસાદીયા, દર્શનીયા, અભિરૂપા, પ્રતિરૂપા હતી. તેના ઇશાનખૂણામાં હસ્તિયામ નામે વનખંડ હતું, તે કૃષ્ણ જેવા આભાસ ઇત્યાદિ વર્ણનું હતું.

[૭૯૬] તે વનખંડ ગૃહપ્રદેશમાં ભગવંત વર્ધમાન સ્વામીના ગણધર ગૌતમસ્વામી વિચરતા હતા. પછી ભગવન્ ગૌતમસ્વામી તેના બગીચામાં સાધુઓ સાથે રહેલા હતા. ત્યાં ભગવંત પાર્શ્વ સ્વામીના શિષ્યના શિષ્ય નિર્ગ્રન્થ ઉદક પેઢાલપુત્ર કે જે મેદાર્ય ગોત્રીય હતા, તેઓ જે દિશામાં કે જે પ્રદેશમાં ભગવન્ ગૌતમ સ્વામી હતા તે દિશા કે તે પ્રદેશમાં આવ્યા અને હવે કહેવાશે તેમ બોલ્યા. નિર્યુક્તિકાર તેનું તાત્પર્ય કહે છે—

**[નિ.૨૦૫-]** પાર્શ્વનાથના ઉદક નામના પ્રશિષ્યએ આર્ય ગૌતમને પૂછયું શું ? શ્રાવક વિષય પ્રશ્ન. તે આ પ્રમાણે - હે ઇન્દ્રભૂતિ ! સાધુ શ્રાવકને અણુવ્રત ઉચ્ચરાવે ત્યારે સ્થૂલ પ્રાણાતિપાતાદિ વિષયમાં બીજા સૂક્ષ્મબાદર પ્રાણીનો ઉપઘાત થતાં આરંભજનિત કર્મમાં તેમની અનુમતિજનિત કર્મબંધ કેમ ન થાય ? તથા સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતીને તે જ પર્યાયમાં રહેલ જીવોને મારતા, નાગરિક વધ નિવૃત્તને તે જ નગરની બહાર હોય તો હણે તેમ તે વ્રતભંગ જનિત કર્મબંધ કેમ ન થાય ? - x - x - તે પ્રશ્નના ગૌતમ સ્વામીનો ઉત્તર સાંભળીને સંદેહ નિવૃત્ત ઉદક સાધુ સંતુષ્ટ થયા. હવે સૂત્રની વૃત્તિ કહે છે—

ઉદકે ગૌતમ સ્વામી પાસે આવીને આ પ્રમાણે કહ્યું - હે આયુષ્યમાન્ ગૌતમ ! મારે કેટલાંક સંદેહો-પ્રશ્નો પૂછવાના છે. તેના યથાશ્રુત, યથા ભગવંતે કહ્યું છે, તે રીતે મને કહો અથવા વાદ સહિત કે વાચા સહિત - શોભન વાણીથી પ્રશ્ન પૂછ્યો. ઉદક પેઢાલપુત્રને આમ કહ્યું - હે આયુષ્યમન્ ઉદક ! આપના પ્રશ્ન સાંભળી, સમજીને, ગુણ-દોષ વિચારી હું સમ્યક્ પ્રકારે જાણતો હોઈશ, તે કહીશ. સ્વાભિપ્રાયથી નહીં. ત્યારે - x - ઉદક પેઢાલપુત્રે ભગવન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું—

**● સૂત્ર-૭૯૭ થી ૭૯૯ :-**

*[૭૯૭] હે આયુષ્યમાન્ ગૌતમ ! કુમારપુત્ર નામે શ્રમણ નિર્ગ્રન્થ છે, જે પ્રવચનની પ્રરૂપણા કરે છે. તેઓ કોઈ ગૃહસ્થ શ્રમણોપાસક આવે તો આ પ્રમાણે પચ્ચક્ખાણ કરાવે છે - અભિયોગ સિવાય ગાથાપતિ ચોર-ગ્રહણ વિમોક્ષણ ન્યાયે ત્રસ પ્રાણીની હિંસાનો ત્યાગ છે.*

*આ રીતે પચ્ચક્ખાણ દુષ્પ્રત્યાખ્યાન થાય છે. આવું પચ્ચક્ખાણ કરાવવું તે દુષ્પ્રત્યાખ્યાન કરાવ્યું કહેવાય, આ રીતે પચ્ચક્ખાણ કરાવતા પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન*

*કરે છે. તેનું શું કારણ છે? બધાં પ્રાણી સંસરણશીલ છે. સ્થાવર પ્રાણી ત્રસરૂપે ઉત્પન્ન થાય છે, ત્રસ પણ સ્થાવરરૂપે ઉત્પન્ન થાય છે. જ્યારે સ્થાવરકાયિક ચ્યવીને ત્રસકાયપણે ઉત્પન્ન થાય અને ત્રસકાયિક મરીને સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે. તેઓ સ્થાવરકાયને હણતાં [ત્રસકાયમાં ઉત્પન્ન થનાર હોવાથી] તેમને હણે છે.*

*[૭૯૮] જે આ પ્રમાણે પ્રત્યાખ્યાન કરે તે સુપ્રત્યાખ્યાન થાય છે. આ રીતે પચ્ચક્ખાણ કરાવે તે સુપ્રત્યાખ્યાન કરાવે છે. આ રીતે તે બીજાને પચ્ચક્ખાણ કરાવતા સ્વ પ્રતિજ્ઞા ઉલ્લંઘતા નથી. [તે આ પ્રમાણે-] કોઈ અભિયોગ વિના ગૃહપતિ ચોર ગ્રહણ-વિમોક્ષણ ન્યાયે-ત્રસભૂત પ્રાણીઓની હિંસા કરવાનો ત્યાગ કરે. આવા ભાષા પરાક્રમની વિદ્યમાનતા થકી જેઓ ક્રોધ કે લોભ વશ બીજાને પચ્ચક્ખાણ કરાવે [ત્રસ આગળ ભૂત શબ્દ ન જોડે] તેઓ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરે છે અને ન્યાયયુક્ત પણ નથી. હે ગૌતમ ! તમને પણ આ રુચે છે ?*

*[૭૯૯] ભગવંત ગૌતમે સ-વાદ ઉદય પેઢાલપુત્રને આ પ્રમાણે કહ્યું - હે આયુષ્યમાન્ ઉદક ! મને આ વાત ન રુચી. જે શ્રમણ કે માહણ આમ કહે છે યાવત્ પ્રરૂપે છે, તે શ્રમણ નિર્ગ્રન્થ યથાર્થ બોલતા નથી, તેઓ અનુતાપિની ભાષા બોલે છે, તેઓ શ્રમણો અને શ્રમણોપાસકો પર મિથ્યા દોષારોપણ કરે છે. જે લોકો અન્ય જીવ, પ્રાણ, ભૂત, સત્વોના વિષયમાં સંયમ કરે - કરાવે છે, તેના પર પણ તેઓ વ્યર્થ દોષારોપણ કરે છે.*

*તેનું શું કારણ ? સમસ્ત પ્રાણી પરિવર્તનશીલ છે. ત્રસ પ્રાણી સ્થાવરરૂપે ઉપજે છે, સ્થાવરો પણ ત્રસપણે ઉપજે છે. ત્રસકાયિક મરીને સ્થાવર કાયમાં ઉપજે છે, સ્થાવરકાયિક ચ્યવીને ત્રસકાયમાં ઉપજે છે. તેઓ ત્રસકાયમાં ઉપજે ત્યારે પ્રત્યાખ્યાનકર્તા માટે હનન યોગ્ય નથી.*

● **વિવેચન-૭૯૭ થી ૭૯૯ :-**

[૭૯૭] હે આયુષ્યમાન્ ગૌતમ ! કુમારપુત્રો નામક નિર્ગ્રન્થો આપનું પ્રવચન બોલે છે. તે આ પ્રમાણે - ગૃહપતિ શ્રમણોપાસક નિયમ લેવાને માટે તત્પર થઈને આવ્યો. તેને પચ્ચક્ખાણ કરાવ્યું. તે આ રીતે - સ્થૂલ પ્રાણી જેનાથી દંડાય તે દંડ - પ્રાણીને પીડવા, તેને તજીને પ્રાણાતિપાતની નિવૃત્તિ કરે છે. તેમાં પણ આ અપવાદ છે - પોતાની બુદ્ધિથી ન મારું, રાજાદિના અભિયોગથી જે જીવહિંસા થાય તેનાથી નિવૃત્ત થતો નથી. તેમાં સ્થૂલ પ્રાણી વિશેષણથી તેમને અનુમતિ પ્રત્યય દોષ લાગે, એવી આશંકા થકી કહે છે - તેનો અર્થ આગળ બતાવીશું.

[૭૯૮] જે અભિપ્રાયથી ઉદકને સમજાવ્યા તેને હવે જણાવે છે—

આ રીતે ત્રસપ્રાણી વિશેષણત્વથી અને ત્રસભૂત વિશેષણ રહિતપણે પ્રત્યાખ્યાન ગ્રહણ કરતાં શ્રાવકોને દુષ્પ્રત્યાખ્યાન થાય છે. પ્રત્યાખ્યાન ભંગ થવા સંભવ છે. આ રીતે પ્રત્યાખ્યાન કરાવતા સાધુને દુષ્ટ પ્રત્યાખ્યાન દાન [નો દોષ] લાગે છે - કેમ ? તે કહે છે - આ રીતે તે શ્રાવકોને પ્રત્યાખ્યાન કરતા અને સાધુઓને કરાવતા પોતાની પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. તે પ્રતિજ્ઞા ભંગનું કારણ કહે છે—



જેમને સંસાર વિદ્યમાન છે તે સાંસારિક. પ્રાણી-સ્થાવર જંતુઓ, તે પૃથ્વી-પાણી-તેઉ-વાયુ-વનસ્પતિ છે, તેઓ તથાવિધ કર્મોદયથી બેઇન્દ્રિયાદિ ત્રસભાવે ઉપજે છે. તથા ત્રસ પણ સ્થાવર થાય છે. એ રીતે પરસ્પર ગમન હોવાથી અવશ્ય પ્રતિજ્ઞા ભંગ થાય છે. જેમ કોઈ નગરમાં રહેનારો મારે ન હણવો તેવી પ્રતિજ્ઞા કરે, આવી પ્રતિજ્ઞા કરનાર બહાર બગીચા આદિમાં રહેલ નગરજનને મારે, તો તેને પ્રતિજ્ઞા ભંગનો દોષ લાગે કે નહીં ? તેમ અહીં પણ જેણે ત્રસ વધ નિવૃત્તિ કરી છે, તે જો તે જ ત્રસ પ્રાણીને સ્થાવરકાયમાં ગયેલો હોય અને મારે તો તેને પ્રતિજ્ઞા ભંગ કેમ ન થાય ? અર્થાત્ થાય જ.

આ પ્રમાણે ત્રસસ્થાવર કાયમાં ઉત્પન્ન ત્રસ જીવોનું જો અસાધારણ ચિન્હ હોય તો તે ત્રસ જીવોને સ્થાવરપણે ઉત્પન્ન થાય તો બચાવવા શક્ય છે, પણ તેવું ચિન્હ નથી, તે દર્શાવવા કહે છે - સ્થાવરકાયથી અનેક પ્રકારે સ્થાવરકાયના આયુષ્ય વડે, તેને યોગ્ય બીજા કર્મો વડે ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે. તથા ત્રસકાયમાંથી પણ તેવા કર્મ વડે સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે. ત્યાં ઉત્પન્ન થયેલાને તેવા ત્રસભૂત લિંગના અભાવથી પ્રતિજ્ઞા લોપ થાય, તે આ સૂત્ર વડે દર્શાવે છે—

તે ત્રસ જીવો સ્થાવરકાયમાં ઉત્પન્ન થતાં, જેમણે ત્રસકાયને ન મારવાની પ્રતિજ્ઞા લીધી છે, તે શ્રાવકને પણ આરંભમાં પ્રવર્તતા એ સ્થાવર જીવો હણવાં પડે, કારણ કે સ્થાવર હત્યાથી અનિવૃત્ત છે. આમ વ્યવસ્થાથી નાગરિકના દૃષ્ટાંતથી ત્રસ જીવ જ સ્થાવરત્વ પામતાં તેની હત્યાથી પ્રતિજ્ઞાનો અવશ્ય ભંગ થયો. તેથી મારી યુક્તિ મુજબ પ્રત્યાખ્યાન કરતાં સુપ્રત્યાખ્યાત થાય છે. કરાવનાર પણ સુપ્રત્યાખ્યાપિત થાય છે. એ રીતે તે પ્રતિજ્ઞા ભંગ કરતો નથી, તે દર્શાવે છે—

તે ગૃહપતિ આ રીતે પ્રત્યાખ્યાન કરે - વર્તમાનકાળે ત્રસપણે ઉત્પન્ન તે પ્રાણી હિંસાને હું તજીશ એમ પ્રત્યાખ્યાન કરે. એ રીતે ''ત્રસ'' સાથે ભૂતત્વ વિશેષણથી સ્થાવર પર્યાય પામેલાનો વધ થતાં પ્રતિજ્ઞાનો ભંગ નહીં થાય. તથા રાજાદિ અભિયોગ સિવાય આ પ્રત્યાખ્યાન કરે. વળી ''ગૃહપતિ ચોર વિમોક્ષણ'' ન્યાય આપે સારો કહ્યો. તેમાં પણ ત્રસભૂતત્વ એવું ભૂત વિશેષણ લગાવવું. આમ સ્વીકારવાથી જેમ દૂધ વિગઈના પ્રત્યાખ્યાનીને દહીંભક્ષણમાં પ્રતિજ્ઞા ભંગ ન થાય, તેમ ત્રસભૂત જીવોને ન હણવાના પ્રતિજ્ઞાવંતને સ્થાવર હિંસાથી અતિચાર ન લાગે.

આવી પ્રત્યાખ્યાન ભાષામાં ભૂત વિશેષણથી દોષ પરિહાર સામર્થ્ય છે. આ રીતે પૂર્વોક્ત નીતિથી દોષ પરિહારણ ઉપાયથી જે કોઈ ક્રોધ કે લોભથી શ્રાવકાદિને વિશેષ ભાંગા વિના જેમ તેમ વ્રત ઉચ્ચરાવે છે, તેને પ્રત્યાખ્યાન આપતાં મૃષાવાદ લાગે છે અને લેનારને પણ અવશ્ય વ્રતભંગ થાય છે. પણ અમારા ઉપદેશને સ્વીકારતા-ભૂતત્વ વિશેષણ વિશિષ્ટ પક્ષ આપને ન્યાયયુક્ત લાગે છે કે નહીં ? અર્થાત્ ભૂતત્વ વિશેષણથી જ ત્રસોને સ્થાવરમાં ઉત્પન્ન થયા પછી હણે તો પ્રતિજ્ઞા-અતિચાર ન લાગે. હે આયુષ્યમાન્ ! તમને પણ રૂચે છે કે નહીં ?

[૭૯૯] ઉદકની વાત સાંભળી ગૌતમે સ-વાદ, સ-વાચ તે ઉદકને આમ કહ્યું-

હે આયુષ્યમાન્ ઉદક ! તમે જે કહ્યું તે મને રૂચેલ નથી. એવું કહે છે કે - આ ત્રસકાયવિરતિમાં ભૂત વિશેષણ કરવું તે નિરર્થક છે, તેથી અમને રુચતું નથી. એ રીતે ઓ ઉદક ! જે તે શ્રમણ-બ્રાહ્મણો આ રીતે ભૂતશબ્દ વિશેષણત્વથી પ્રત્યાખ્યાન કહે છે, બીજા પૂછે ત્યારે તે રીતે જ પ્રત્યાખ્યાન કહે. પોતે કરે અને કરાવે ત્યારે ભૂતત્વ વિશેષણ વાપરવાથી નિશ્ચયથી તે શ્રમણ-નિર્ગ્રન્થો યથાર્થ ભાષા વાપરતા નથી, પણ તે તાપ કરનારી અનુતાપિકા ભાષાને બોલે છે. કેમકે કોઈ અજાણ્યો વિપરીત બોલે તો તેને સાંભળીને પણ સાચું જાણનારાને અનુતાપ થાય. વળી તે ભૂતત્વ વિશેષણપૂર્વક જે પચ્ચક્ખાણ આપે છે, તેના દોષો બતાવે છે - જેઓ આ પ્રમાણે પચ્ચક્ખાણ આપે છે, તેવા સાધુઓને તથા તેવું પચ્ચક્ખાણ લેનારા શ્રાવકોને અભૂત દોષોદ્‌ભાવથી અભ્યાખ્યાન આપે છે - વળી -

જેઓ બીજા પ્રાણી-ભૂત-જીવ-સત્ત્વના વિષયોમાં વિશેષતા બતાવી જે સંયમ કરે છે. જેમકે મારે બ્રાહ્મણને ન હણવો. આવું કહેતા તે જ્યારે વર્ણાન્તરમાં કે તિર્યંચમાં જાય ત્યારે તેના વધમાં બ્રાહ્મણ વધ થાય. એ રીતે તે વિશેષવ્રતોમાં - “મારે ડુક્કર ન હણવા” તેમાં ભૂત શબ્દ ઉમેરતાં પચ્ચક્ખાણ દૂષિત કરે છે - શા માટે ? - કયા હેતુથી તેમાં દૂષણ લાગે છે ? જે કારણે સંસારી પ્રાણીઓ પરસ્પર જાતિ સંક્રમણવાળા છે, કેમકે ત્રસો સ્થાવર થાય છે અને સ્થાવરો ત્રસ થાય છે. ત્રસકાયથી સર્વથા ત્રસાયુને તજીને સ્થાવરકાયમાં તેને યોગ્ય કર્મોપાદાનથી ઉપજે છે તથા સ્થાવર કાયથી તેના આયુષ્યાદિ કર્મોથી મુક્ત થઈને ત્રસકાયમાં ઉપજે છે. તેના ત્રસકાયમાં ઉત્પન્ન થવાથી ત્રસકાય સ્થાન ઘાત યોગ્ય થાય.

તે શ્રાવકે ત્રસને ઉદ્દેશીને સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ કરેલ છે. કેમકે તેને તીવ્ર અધ્યવસાય ઉત્પન્ન થયા છે અને લોકમાં તે ગર્હિત છે. તેથી તે સ્થૂલ પ્રાણાતિપાતથી નિવૃત્ત થયો. તે નિવૃત્તિથી તેને ત્રસ સ્થાન અઘાત્ય થયું. પણ સ્થાવરકાયથી અનિવૃત્ત હોવાથી તે સ્થાન ઘાત્ય છે. હવે તમારાકહેવા પ્રમાણે વિશિષ્ટ સત્ત્વના ઉદ્દેશથી પણ પ્રાણાતિપાત નિવૃત્ત કરતાં અપર પર્યાયમાં જતા તે પ્રાણીને મારતાં વ્રત ભંગ થાય છે, તેથી કોઈને સમ્યગ્ વ્રત પાલન ન થાય, તેને આપ અસદ્‌ભૂત દોષ માનો છો.

જો કે આપ વર્તમાનકાળ વિશેષણત્વથી આ ભૂત શબ્દ કહો છો. તે કેવળ વ્યામોહને માટે થાય છે. કેમકે ભૂત શબ્દ ઉપમાનમાં પણ વર્તે છે જેમકે - આ નગર દેવલોકભૂત છે. દેવલોક નહીં. તો અહીં ત્રસભૂત-ત્રસસદૃશ જીવોની પ્રાણાતિપાત નિવૃત્તિ થશે. ત્રસોની નહીં. વળી જો કહેશો ભૂત શબ્દ તે જ અર્થે છે. જેમકે શીતીભૂત પાણી એટલે શીત થાય, તેમ ત્રસભૂત તે ત્રસત્વ પ્રાપ્ત. તો ત્રસ શબ્દથી અર્થ સરતો હોવાથી પુનરુક્તિ દોષ લાગે. તેથી ભૂત શબ્દથી અતિ પ્રસંગ આવે. જેમકે - ક્ષીરભૂત વિગઈનું હું પ્રત્યાખ્યાન કરું છું. મને ઘૃતભૂત આપો ઇત્યાદિ બોલવું પડે. આ રીતે ભૂત શબ્દ ખંડન થતા ઉદક કહે છે—

● **સૂત્ર-૮૦૦ :-**

***ઉદક પેઢાલપુત્રએ વાદ સહિત ભગવન્ ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું***



***- હે આયુષ્યમાન્ ગૌતમ ! તે પ્રાણી કયા છે જેને તમે ત્રસ કહો છો ? તમે ત્રસ પ્રાણીને જ ત્રસ કહો છો કે બીજાને ? ભગવન્ ગૌતમે પણ વાદસહિત ઉદક પેઢાલપુત્રને આ પ્રમાણે કહ્યું - હે આયુષ્યમાન્ ઉદક ! જે પ્રાણીને તમે ત્રસભૂત ત્રસ કહો છો તેને જ અમે ત્રસ પ્રાણી કહીએ છીએ. જેને અમે ત્રસપ્રાણી કહીએ છીએ તેને તમે ત્રસભૂત પ્રાણી કહો છો. આ બંને સ્થાનો તુલ્ય અને એકાર્થક છે. હે આયુષ્યમાન્ ! કયા કારણથી તમે “ત્રસભૂત” ત્રસ કહેવાનું યુક્તિયુક્ત માનો છો અને અમે ત્રસપ્રાણીને ત્રસ કહ્યું તે યુક્તિયુક્ત માનતા નથી ? હે આયુષ્યમાન્ ! તમે એકની નિંદા કરો છો અને એકનું અભિનંદન કરો છો ? તમારો પૂર્વોક્ત ભેદ ન્યાય સંગત નથી.***

***વળી ગૌતમસ્વામી કહે છે - હે ઉદક! જગત્‌માં એવા પણ મનુષ્યો હોય છે, જે સાધુ પાસે આવીને પહેલા કહે છે - અમે મુંડિત થઈને, ઘર છોડીને અણગાર થવા માટે સમર્થ નથી. શ્રાવક થઈને અમે અનુક્રમે સાધુત્વ અંગીકાર કરીશું. તેઓ આ પ્રમાણે મનમાં નિશ્ચય કરે છે, આવો જ વિચાર રજૂ કરે છે. પછી રાજાદિ અભિયોગનો આગાર રાખીને ગૃહપતિ ચોર ગ્રહણ વિમોક્ષણ ન્યાયે ત્રસ પ્રાણીની હિંસાનો ત્યાગ કરે છે. આટલો ત્યાગ પણ તેમને માટે કલ્યાણકારી થાય છે.***

● **વિવેચન-૮૦૦ :-**

ગૌતમ સ્વામીને સદ્‌વાદ અને સદ્‌વાણી પૂર્વક ઉદક પેઢાલપુત્રએ કહ્યું - હે આયુષ્યમાન્ ગૌતમ ! કેટલા પ્રાણીઓને તમે ત્રસ કહો છો, જે ત્રસ પ્રાણીઓ છે, તેમને જ કે બીજાને પણ ? એવું પૂછતાં ભગવાન્ ગૌતમે તે ઉદકને સદ્‌વાણીથી આ પ્રમાણે કહ્યું - હે આયુષ્યમાન્ ઉદક ! તે પ્રાણીઓને તમે ત્રસભૂત કહો છો, ત્રસપણે પ્રગટ દેખાય છે તે, ભૂત-ભાવિના નહીં પરંતુ વર્તમાનકાળમાં ત્રસરૂપે હોય તેને જ અમે ત્રસ કહીએ છીએ, ત્રસપણું પામેલા, તે કાળમાં ત્રસપણે વર્તતા હોય તેને. હવે તે જ વ્યત્યય વડે કહે છે. જેને અમે ત્રસ જીવો દેખીએ છીએ તે ત્રસ છે તેને તમે ત્રસભૂત કહો છો. આ રીતે હોવાથી આ અનંતરોક્ત બંને સ્થાનો એકાર્થક - તુલ્ય છે. તેમાં અર્થ ભેદ નથી. બીજે કંઈક શબ્દ ભેદ હોઈ શકે છે. આવું હોવા છતાં, હે આયુષ્યમાન્ ! —

તમને આ પક્ષ યુક્તિયુક્ત લાગે છે કે - ત્રસભૂત પ્રાણી એ જ ત્રસ ભૂત છે? અને આ પક્ષ યુક્તિયુક્ત લાગતો નથી કે - ત્રસ પ્રાણી એ જ ત્રસ છે. આ પ્રમાણે એકાર્થત્વ હોવા છતાં તમને આ કયો વ્યામોહ છે? જેથી શબ્દ ભેદ માત્રને આશ્રીને તમે એક પક્ષનો આક્રોશ કરો છો અને બીજાની પ્રશંસા કરો છો. તે રીતે આ પ્રમાણે તુલ્ય અર્થ હોવા છતાં એક પક્ષને નિંદવો અને બીજા સવિશેષણ પક્ષને પ્રશંસવું. આવા દોષનો સ્વીકાર તમને ન્યાયયુક્ત નથી. કેમકે બંને પક્ષ સમાન છે. ફક્ત તમારા પક્ષમાં ભૂત શબ્દ વિશેષણરૂપ લેવાથી મોહ થાય છે કે - તમારો પક્ષ સારો છે તેથી જ તમે અમારા પક્ષમાં દોષ બતાવ્યો કે ત્રસ જીવોના વધની નિવૃત્તિમાં સાધુને બીજા

જીવોના વધની અનુમતિ છે. તથા ભૂત શબ્દ ન વધારવાથી જે ત્રસ જીવ સ્થાવર પર્યાય પામે પછી મારતાં તેને વ્રતભંગનો દોષ લાગે. તેને દૂર કરવા ગૌતમ કહે છે—

કેટલાંક લઘુકર્મી મનુષ્યો દીક્ષા લેવા અસમર્થ છે. તેઓ બીજા ધર્મને સ્વીકારવા ઇચ્છે છે. તેવા અધ્યવસાયવાળાને સાધુ ધર્મોપદેશ આપે, ત્યારે ગૃહસ્થો પહેલાથી જ કહી દે છે કે - ઓ સાધુઓ ! અમે મુંડિત થઈ - દીક્ષા લઈ, ઘર છોડી સાધુ ભાવ સ્વીકારવા અસમર્થ છીએ. અમે તો અનુક્રમે તે સાધુપણું અને સાધુભાવને આત્મા વડે ભેટીશું. અર્થાત્ પૂર્વે દેશવિરતિરૂપ શ્રાવક ધર્મ-ગૃહસ્થને યોગ્ય ધર્મ નિર્મળ રીતે પાળીશું. ત્યાર પછી અનુક્રમે શ્રમણધર્મ પાળશું.

આવી વ્યવસ્થા પ્રત્યાખ્યાન કરતાં બોલે, પોતે આગાર રાખે કે રાજા-ગણ-બલ-દેવના અભિયોગ કે ગુરુનો નિગ્રહ ઇત્યાદિ અભિયોગથી ત્રસ જીવોની હિંસા થાય તો વ્રતભંગ નથી. સૂત્રમાં ''ગૃહપતિ ચોર વિમોક્ષણ'' ન્યાય આવે છે, તેનો અર્થ આ છે - કોઈ ગૃહસ્થને છ પુત્રો હતા. તેમને ક્રમે કરીને દાદા-પિતાનું ઘણું ધન આવ્યું. પણ અશુભકર્મના ઉદયથી રાજાના ભંડારમાંથી ચોરી કરી. ભવિતવ્યતાના યોગે રાજપુરુષોએ પકડ્યા. એવું એક આચાર્ય કહે છે, બીજા આ દૃષ્ટાંત બીજી રીતે કહે છે—

રત્નપુરે રત્નશેખર રાજા હતો. તેણે ખુશ થઈને રત્નમાલા પટ્ટરાણી આદિ અંતઃપુરનો કૌમુદી મહોત્સવ સ્વીકાર્યો. તે જાણીને નગરજનોએ પણ રાજાની અનુમતિથી પોતાના સ્ત્રી વર્ગને તે રીતે ક્રીડા માટે અનુમતિ આપી. રાજાએ નગરમાં ડાંડી પીટાવી કે - સંધ્યાકાળ પછી કૌમુદી મહોત્સવમાં જો કોઈ પુરુષ નગરમાં દેખાશે, તેને મારી નંખાશે. આવી વ્યવસ્થા પછી એક વણિકના છ પુત્રો ક્રય-વિક્રયમાં વ્યગ્ર હોવાથી કૌમુદી દિને સૂર્યાસ્ત થયો ત્યાં સુધી ત્યાં રહ્યા. પછી નગરના દ્વારો બંધ થયા. તેથી પેલા છ પુત્રો બહાર નીકળી ન શક્યા. તેથી તેઓ ભયથી કંપતા નગરમધ્યે જ પોતાને છુપાવીને રહ્યા. ત્યારે રાજાએ કૌમુદી મહોત્સવ શરૂ થતાં રાજરક્ષકોને બોલાવીને આજ્ઞા કરી કે - તમે બરોબર તપાસ કરો કે કૌમુદીચારમાં કયો માણસ શહેરમાંથી બહાર નથી નીકળ્યો ?

તે રાજરક્ષકોએ બરોબર તપાસ કરતાં છ વણિક પુત્રો મળ્યા. તેનો વૃત્તાંત યથાવસ્થિત જ રાજાને કહ્યો. રાજાએ આજ્ઞાભંગથી કોપાયમાન થઈને તે છ એના વધનો આદેશ આપ્યો. ત્યારે તેમના પિતા પોતાના છ પુત્રોના વધના આદેશ સાંભળીને શોક વિહ્વળ થઈને અકાંડે આવી પડેલ કુળક્ષયના દુઃખથી ભયભ્રાંત લોચનવાળો બની હવે શું કરવું ? એમ મૂઢ થઈ ગણતરીમાં લાભ કે ખોટનો વિચાર કર્યા વિના રાજા પાસે આવીને ઉભો અને ગદ્ગદ્ વાણીથી કહેવા લાગ્યો કે -અમારા કુળનો ક્ષય ન કરો. તમે અમારા કુળક્રમથી આવેલ અને સ્વબળથી ઉપાર્જિત પ્રભૂત દ્રવ્ય છે, તે લઈ લો, પણ અમારા આ છ પુત્રોને છોડી દો.

આ વચન સાંભળીને રાજાએ ફરીથી છએને મારવાનો હુકમ કર્યો. ત્યારે વણીકે છ ના મરવાના ભયથી ડરીને કહ્યું કે આપ છ ને ન બચાવો તો કૃપા કરીને પાંચને મુક્ત કરો. તો પણ રાજા સંમત ન થયો ત્યારે ચાર પુત્રોને છોડવા વિનંતી



કરી, તો પણ રાજાએ તેનો અનાદર કર્યો અને કોપથી મુખ ફેરવીને ઉભો રહ્યો. ત્યારે ત્રણ પુત્રોને મુક્ત કરવા તેના પિતાએ આદર પૂર્વક વિનંતી કરી. રાજા-તેને મુક્ત કરવા પણ તૈયાર ન થયો ત્યારે બેને બચાવવા પ્રાર્થના કરી. ત્યારે પણ રાજાને અવજ્ઞાપ્રધાન જાણીને, મોટા નગરવાસીને લઈને રાજાને વિનંતી કરી કે - હે દેવ ! અકાંડ જ અમારા કુળનો ક્ષય આવ્યો છે હવે આપ જ ત્રાણરૂપ છો. હવે એક પુત્રને મુક્ત કરવાની આપ કૃપા કરો એમ કહીને નગરજનો સહિત રાજાને પગે પડ્યો. રાજાએ પણ અનુકંપાથી તેના મોટા પુત્રને મુક્ત કર્યો.

આ દૃષ્ટાંતનો બોધ આ રીતે લેવો - તે આ પ્રમાણે - સાધુ કોઈને સમ્યક્ત્વ પામેલો જાણીને શ્રાવકને સર્વ પ્રાણાતિપાત વિરતિ ગ્રહણ કરવા પ્રેરણા કરે, પણ તે સર્વ પ્રાણાતિપાત વિરતિ સ્વીકારવા અસમર્થ હોય તો, જેમ આ વણિકે રાજાને પ્રાર્થના કરવા છતાં છ પુત્રોને મુક્ત કર્યા નહીં, પાંચ-ચાર-ત્રણ કે બે પુત્રોને પણ ન છોડ્યા. ત્યારે એકને છોડાવીને પોતાને કૃતાર્થ માનતો રહ્યો. આ પ્રમાણે સાધુએ પણ શ્રાવકને યથાશક્તિ વ્રત ગ્રહણ કરતાં તેને અનુરૂપ વ્રત ઉચ્ચરાવવું તે યોગ્ય છે. જેમ તે વણિકે બાકીના પુત્રોના વધ માટે લેશમાત્ર અનુમતિ આપેલ ન હતી, તેમ સાધુને પણ બાકીના પ્રાણીના વધની અનુમતિ નિમિત્તે કર્મબંધ થતો નથી.

— શા માટે ? જે રીતે વ્રત ગ્રહણ કરીને જે બાદર જીવોના સંકલ્પજનિત પ્રાણી વધ નિવૃત્તિ કરી, ગૃહસ્થોને તે દેશવિરતિ કુશલાનુબંધી જ છે, તેમ સૂત્ર વડે જે દર્શાવે યે - ત્રાસ પામે તે ત્રસ - બેઇન્દ્રિયાદિ છે. તે ધ્યાનમાં રાખીને - તે છોડીને દંડ દેવો અર્થાત્ ત્રસજીવોને બચાવવાની વિરતિ લેવી. ગૃહસ્થોને તે દેશવિરતિ કુશળ હેતુ હોવાથી લાભદાયી જ છે. હવે ત્રસજીવ સ્થાવરપણું પામતા, બહાર રહેલા નગરજનને મારતાં અવશ્ય વ્રતભંગ થાય તેવાં દૃષ્ટાંતનો પરિહાર કરતાં કહે છે—

● **સૂત્ર-૮૦૧ :-**

***ત્રસ જીવ પણ ત્રસ સંભારકૃત્ કર્મને કારણે ત્રસ કહેવાય છે, તેઓ ત્રસનામ કર્મને કારણે ત્રસનામ ધારણ કરે છે. તેમનું ત્રસ આયુ ક્ષીણ થાય તથા ત્રસકાય સ્થિતિક કર્મ પણ ક્ષીણ થાય ત્યારે તે આયુષ્યને છોડી દે છે. તેઓ ત્રસાયુ છોડીને સ્થાવરપણે ઉત્પન્ન થાય છે. સ્થાવરો પણ સ્થાવર કર્મને કારણે સ્થાવર કહેવાય છે અને સ્થાવરનામકર્મ ધારણ કરે છે. સ્થાવર આયુ ક્ષીણ થાય છે તથા સ્થાવરકાય સ્થિતિક પૂર્ણ થતાં સ્થાવર આયુને છોડે છે. તે આયુ છોડીને પુનઃ ત્રસભાવને પામે છે. તે જીવ પ્રાણી પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે. તે મહાકાય-ચિરસ્થિતક હોય છે.***

● **વિવેચન-૮૦૧ :-**

બેઇન્દ્રિયાદિ જીવો પણ ત્રસ જ કહેવાય છે. તેઓ ત્રસપણાનો કર્મસમૂહ એકઠો કરવાથી ઉત્પન્ન થા છે. સંભારનામ અવશ્ય કર્મનો વિપાક વેદવો પડે. તે અહીં ત્રસ, પ્રત્યેક વગેરે નામ કર્મની પ્રકૃતિ સ્વીકારેલી છે. ત્રસપણે જે આયુ બાંધ્યુ તેનો ઉદય થાય છે. ત્યારે ત્રસકર્મના સમૂહથી ત્રસ તરીકે બોલાય છે, તે વખતે તેનો કોઈ

અંશે સ્થાવર કહેતા નથી. પણ જ્યારે તેમનું આયુ સંપૂર્ણ ક્ષય થાય છે, ત્રસકાયિક સ્થિતિનું કર્મ ક્ષીણ થાય છે તે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૨૦૦૦ સાગરોપમથી થોડું વધારે છે. તે ત્રસકાય સ્થિતિના અભાવે તે આયુનો ત્યાગ કરે છે. તેની સાથે રહેનારા બીજા કર્મોને પણ છોડે છે અને સ્થાવરપણું પામે છે.

સ્થાવરજીવો પણ સ્થાવર કર્મના સમૂહથી ત્યાં ઉપજે છે, સ્થાવર આદિ નામ કર્મો પણ સ્વીકારે છે, બીજી પણ તેની સાથે રહેનારી કર્મપ્રકૃતિ છોડીને ત્રસપણું બદલીને સ્થાવરપણે ઉદયમાં આવે છે. આવું હોવાથી સ્થાવરકાયની હિંસા કરતા, ત્રસકાયને ન મારવાની પ્રતિજ્ઞા લીધી છે, તે શ્રાવકને વ્રતભંગ કેવી રીતે થાય ? વળી જ્યારે તેનું સ્થાવર આયુ ક્ષીણ થાય છે, સ્થાવરકાય સ્થિતિ ક્ષીણ થાય છે કે જે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ, અસંખ્યાત પુદ્ગલ પરાવર્તો છે. તે કાયસ્થિતિ અભાવે તે આયુનો ત્યાગ કરીને ફરી પણ પારલૌકિક પણે સ્થાવરકાય સ્થિતિના અભાવે ત્રસપણે સામર્થ્યને પામે છે. હવે તે ત્રસ થયેલાના એક અર્થવાળા નામો કહે છે, તે પ્રાણી પણ કહેવાય છે.

તે ત્રસકાયના સંભારરૂપ કર્મથી ઉત્પન્ન થયેલાની સામાન્ય સંજ્ઞા પ્રાણી પણ છે. તથા વિશેષથી જે ભય પામે કે ચાલે તે ત્રસ જીવો છે. તથા જેમની કાયા મોટી છે, તે મહાકાય-લાખ યોજન પ્રમાણ શરીર વિકુર્વવા થકી છે તથા ચિરસ્થિતિક પણ કહેવાય છે. ભવસ્થિતિ અપેક્ષાએ ૩૩-સાગરોપમનું આયું છે. તે ત્રસ પર્યાયમાં રહેલા જીવોનું પચ્ચક્ખાણ કરેલ છે. સ્થાવરકાયપણે રહેલા જીવોનું નહીં. તમે જે નગરજનનું દૃષ્ટાંત આપેલ તે દૃષ્ટાંત અને તેના બોધમાં પણ મળતાપણું નથી. તમે ગુરુકુળ વાસીપણું સેવ્યું નથી, તે પ્રગટ થાય છે - તે સાંભળો -

નગર ધર્મથી યુક્ત તે નાગરિક. તે મારે ન હણવો, આવી પ્રતિજ્ઞા કરીને જો તે બહાર રહેલાને મારે, તો તેને વ્રત ભંગ થાય, એ તમારો પક્ષ છે, તે પણ ઘટતો નથી, કારણ કે નગરધર્મથી યુક્ત તે બહાર રહેલો હોય તો પણ તે નાગરિક છે, તેથી તેને બહાર રહેલ એવું વિશેષણ લાગું ન પડે. જો તે સમસ્તપણે નગરધર્મને છોડીને વર્તે તો તેને આ વિશેષણ લાગું પડે. એ રીતે ત્રસ સર્વ રીતે ત્રસત્વ છોડીને જો સ્થાવરમાં ઉપજે છે તો પૂર્વ પર્યાયના પરિત્યાગથી, બીજો પર્યાય પામીને તે ત્રસ જ રહેતો નથી. જેમ નાગરિક પલ્લીમાં જાય અને ચોરીનો ધંધો શીખે ત્યારે જ તે નાગરિક કહેવાતો નથી. - ફરી ઉદક બીજી રીતે પૂર્વ પક્ષ કહે છે—

● સૂત્ર-૮૦૨ :-

*ઉદક પેઢાલપુત્રએ વાદ સહિત ભગવન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું - હે આયુષ્યમાન્ ગૌતમ ! આવો એક પણ પર્યાય નથી કે જેને ન મારીને શ્રાવક એક જીવની પણ હિંસા વિરતિ રાખી શકે. તેનું શું કારણ છે ? પ્રાણીઓ સંસરણ-શીલ છે. સ્થાવર પ્રાણી ત્રસપણે ઉપજે છે, ત્રસ પ્રાણી પણ સ્થાવરપણે ઉપજે છે. સ્થાવરકાય છોડીને બધાં ત્રસકાયમાં ઉપજે છે, ત્રસકાયપણું છોડીને બધાં સ્થાવરકાયમાં ઉપજે છે ત્યારે સ્થાવરકાયમાં ઉત્પન્ન જીવ શ્રાવકો માટે*





*ઘાતને યોગ્ય બને છે.*

*ભગવન્ ગૌતમે ઉદક પેઢાલપુત્રને વાદ સહિત આ પ્રમાણે કહ્યું - હે આયુષ્યમાન્ ! અમારા વક્તવ્ય પ્રમાણે તો તમારું કથન સિદ્ધ થતું નથી, પણ તમારા મતે તે પ્રશ્ન ઉઠે છે. તમારા સિદ્ધાંત મુજબ તે પર્યાયનો અવશ્ય સંભવ છે. જેમાં શ્રમણોપાસક સર્વ પ્રાણો-ભૂતો-જીવો-સત્વોના ઘાતનો ત્યાગ કરી શકે છે — તેનું શું કારણ ? — સાંભળો.*

*પ્રાણી માત્ર પરિવર્તનશીલ છે. ત્રસ પ્રાણી પણ સ્થાવરપણે ઉપજે છે, સ્થાવરો પણ ત્રસપણે ઉપજે છે. ત્રસકાયને છોડીને બધાં સ્થાવરકાયમાં ઉપજે છે, સ્થાવરકાય છોડીને બધાં ત્રસકાયમાં ઉપજે છે. ત્યારે તે સ્થાન શ્રાવકો માટે અઘાત્ય હોય છે. તે પ્રાણી પણ કહેવાય અને ત્રસ પણ કહેવાય. તેઓ મહાકાય, ચિરસ્થિતિક પણ હોય. તેવા ઘણાં પ્રાણી છે, જેમાં શ્રાવકનું પચ્ચક્ખાણ સુપચ્ચક્ખાણ હોય છે. તેવાં જીવો અલ્પતર હોય છે જેમાં શ્રાવકનું પચ્ચક્ખાણ અપચ્ચક્ખાણ હોય છે. તેવાં જીવો અલ્પતર હોય છે જેમાં શ્રાવકનું પચ્ચક્ખાણ અપચ્ચક્ખાણ થાય છે. આ પ્રમાણે શ્રાવક મહાન્ ત્રસકાયની હિંસાથી ઉપશાંત, ઉપસ્થિત અને પ્રતિવિરત થાય છે. તેથી તમે અને બીજા જે એમ કહે છે - એવો કોઈ પર્યાય નથી જેમાં શ્રાવક એક પણ પ્રાણીની હિંસા થકી વિરત ન થઈ શકે. આપનું કથન ન્યાયયુક્ત નથી.*

● વિવેચન-૮૦૨ :-

સવાય કે સવાદ ઉદક પેઢાલપુત્રને ભગવંત ગૌતમને કહ્યું - હે આયુષ્યમાન્ ગૌતમ ! એવો કોઈ પર્યાય નથી, જેમાં એક પ્રાણાતિપાણ વિરમણમાં પણ શ્રાવકને વિશિષ્ટ વિષયની પ્રાણાતિપાતની વિરતિ કરતાં પ્રાણીની હિંસાનો ત્યાગ જે પૂર્વે કર્યો છે, તે ન થાય. સારાંશ એ કે - શ્રાવકે ત્રસ પર્યાયને આશ્રીને પ્રાણાતિપાત વિરતિ વ્રત લીધું. સંસારી જીવોનું પરસ્પર ગમન સંભવે છે, તેથી સર્વે ત્રસો સ્થાવરપણું પામે, તેથી ત્રસોના અભાવે તેમનું પ્રત્યાખ્યાન નિર્વિષય છે. આ જ વાત પ્રશ્નપૂર્વક દર્શાવે છે—

તેમાં કયો હેતુ છે ? સંસારી પ્રાણી પરસ્પર સંસરણશીલ છે, તેથી સામાન્યથી સ્થાવરો ત્રસપણે ઉપજે છે, ત્રસો પણ સ્થાવરપણે ઉપજે છે. આ રીતે સંસારીઓનું પરસ્પર ગમન દર્શાવીને હવે બીજું શું કહે છે તે બતાવે છે - સ્થાવરકાયથી પોતાનું આયુષ્ય તેની સાથે વર્તતા કર્મો સાથે છોડીને નિરવશેષ ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે. ત્રસકાયો પણ તેમનું આયુ ક્ષય થતાં બધાં સ્થાવરકાયમાં ઉપજે છે. તે બધાં ત્રસો સ્થાવરકાયમાં ઉપજતાં તે સ્થાનઘાત કરવા યોગ્ય બનશે. કેમકે શ્રાવક સ્થાવરકાયના વધથી અનિવૃત્ત થયેલ નથી. તેથી બધાં ત્રસકાયનો સ્થાવરકાયમાં ઉત્પત્તિમાં સામાન્યથી તે શ્રાવકને ત્રસવધની નિવૃત્તિરૂપ પ્રત્યાખ્યાન થાય છે. જેમકે કોઈએ વ્રત લીધું કે મારે નગરવાસીને ન હણવો, તે નગર ઉજડી ગયું, તેથી તેને તે પ્રત્યાખ્યાન નિર્વિષય-નકામું થયું. તેમ અહીં પણ બધાં ત્રસજીવોના અભાવે તે પ્રત્યાખ્યાન નિર્વિષય થયું.

આ પ્રમાણે ઉદકે કહ્યું ત્યારે ગૌતમ સ્વામી તેના મતમાં દૂષણ બતાવે છે -

સવાદ કે સવાય તે ઉદક પેઢાલપુત્રને ગૌતમસ્વામીએ કહ્યું કે - હે આયુષ્યમાન્ ઉદક ! અમારા સંબંધી તમે જે કહ્યું તે અશોભન છે.

— શા માટે ? તમારા કહેવા વડે તે અશોભન છે. અહીં એવું કહે છે કે - અમારા કહેવાથી આ પ્રેરણા ઉદ્‌ભવતી નથી. કેમકે - એવું કોઈ દિવસ બન્યું નથી, બનતું નથી કે બનશે નહીં કે બધાં સ્થાવરો નિર્લેપ થઈ ત્રસત્વને પામે, કેમકે સ્થાવરોની સંખ્યા અનંત છે, ત્રસોની સંખ્યા અસંખ્ય છે. તેથી એકમેકના આધારની પ્રાપ્તિ ન થાય તે અભિપ્રાય છે. તથા ત્રસો પણ બધાં સ્થાવરત્વને પામ્યા નથી, પામતા નથી અને પામશે નહીં. સારાંશ એ કે વિવક્ષિત કાળવર્તી કેટલાંક ત્રસ જીવો કાલપર્યાય વડે સ્થાવરકાયપણે જશે. તો પણ બીજા નવા ત્રસજીવોની ઉત્પત્તિ થવાથી ત્રસજીવોનો ઉચ્છેદ નહીં થાય, સંસાર કદાપી ત્રસકાયશૂન્ય થતો નથી.

આ રીતે તમારો મત અમને લાગું ન પડે. તમારો પક્ષ તમારા મતે સ્વીકારી લેવાથી તમારું જ ખંડન થશે - તે પર અભિપ્રાયથી પરિહરે છે - આ પર્યાય આ પ્રમાણે છે - તમારા અભિપ્રાય મુજબ બધાં સ્થાવરો ત્રસત્વ પામે છે, જે પર્યાયમાં શ્રાવકને ત્રસ પ્રાણાતિપાતની નિવૃત્તિ કરી હોવાથી તમારા મતે ત્રસત્વમાં સર્વ પ્રાણીની ઉત્પત્તિ થતા, તે બધાં પ્રાણી ત્રસપણે થતાં તે જીવો સંબંધી દંડ ત્યાગેલ છે - તેનો સાર એ છે કે—

જો બધાં સ્થાવરો ત્રસપણે ઉપજે છે, ત્યારે સર્વ પ્રાણિ વિષયક પ્રત્યાખ્યાન શ્રાવકને ન થાય. આ જ વાત પ્રશ્નપૂર્વક કહે છે - કયો હેતુ છે ? ઇત્યાદિ સુગમ છે. યાવત્ ત્રસકાયમાં ઉત્પન્ન થતાં આ સ્થાન અઘાત્ય છે. કેમકે તેની વિરતિનો સદ્‌ભાવ હોવાથી આ અભિપ્રાય છે.

તે ત્રસો નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ ગતિવાળા સામાન્યસંજ્ઞાથી પ્રાણી કહેવાય છે. તથા વિશેષસંજ્ઞાથી ભય-ચલનયુક્ત હોવાથી ત્રસ કહેવાય છે. તથા મહાન્ કાયાવાળા - વૈક્રિયશરીરનું લાખ યોજન પ્રમાણ હોવાથી-છે તથા ૩૩-સાગરોપમ પરિમાણ ભવસ્થિતિથી ચિરસ્થિતિક છે. વળી તે જીવો ત્રસપણે સૌથી વધુ થઈ જવાથી જે જીવો વડે અહિંસારૂપ વિરતિ થવાથી તે શ્રાવકનું વ્રત સુપ્રત્યાખ્યાન થયું. કેમકે તેણે ત્રસ જીવોનું પ્રત્યાખ્યાન કર્યુ છે. તમારું કહેવું માની સર્વે સ્થાવર જીવો ત્રસપણે ઉત્પન્ન થતાં બાકી સ્થાવર જીવો અતિ અલ્પ રહ્યા, કે જેનું પચ્ચક્ખાણ લીધું નથી. તેનો સાર એ કે - અલ્પ શબ્દનો અર્થ અભાવવાચી છે, તેથી તેનો અર્થ એ છે કે જેનું પ્રત્યાખ્યાન નથી, તે જીવો રહ્યા નથી. એથી પૂર્વે કહેલી નીતિ વડે તે શ્રાવકને મહાકાયવાળા ત્રસ જીવોની નિવૃત્તિ છે, તેથી સુપ્રત્યાખ્યાન થયું. જે તમે કહો છો કે - તેને હિંસા થવાથી દોષ લાગશે, તે વચનન્યાયી નથી.

હવે ત્રસજીવો જે સ્થાવરપણું પામ્યા છે, તેમને મારવાથી પણ વ્રત ભંગ નથી, તે સમજાવવા ત્રણ દૃષ્ટાંત આપે છે—

**● સૂત્ર-૮૦૩ :-**

*ભગવન્ ગૌતમ કહે છે કે મારે નિર્ગ્રન્થોને પૂછવું છે કે - હે આયુષ્યમાન્ નિર્ગ્રન્થો ! આ જગત્‌માં એવા કેટલાંક મનુષ્યો છે, જેઓ આવી પ્રતિજ્ઞા કરે છે*



*કે - જેઓ આ મુંડ થઈને, ઘર છોડી અનગારિક પ્રવજ્યા લે છે, તેમને આમરણ દંડ દેવાનો હું ત્યાગ કરું છું. જે આ ગૃહવાસે રહ્યા છે, તેમને આમરણ દંડ દેવાનો હું ત્યાગ કરતો નથી. હું પૂછુ છું કે - આ શ્રમણોમાંથી કોઈ ચાર-પાંચ-છ કે દશ વર્ષો [દાયકા] સુધી થોડા કે વધુ દેશોમાં વિચારીને ફરી ગૃહવાસમાં જાય ખરા ? [નિર્ગ્રન્થોએ કહ્યું કે-] હા, જાય.*

*[ગૌતમ] તેમને તે ગૃહસ્થની હત્યાથી તે પચ્ચક્ખાણ ભાંગે ?*

*[નિર્ગ્રન્થ] ના, આ વાત બરોબર નથી.*

*[ગૌતમ] આ જ રીતે શ્રાવકે ત્રસ પ્રાણીની હત્યાનો ત્યાગ કર્યો છે, સ્થાવર પ્રાણીની હત્યાનો નહીં. તે રીતે તે સ્થાવરકાયના વધથી તેના પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી. હે નિર્ગ્રન્થો ! આ રીતે જ સમજો.*

*ભગવન્ ગૌતમે ફરી નિર્ગ્રન્થોને પૂછયું કે - હે આયુષ્યમાન્ નિર્ગ્રન્થો ! આ રીતે ગૃહપતિ કે ગૃહપતિ પુત્ર તેવા પ્રકારના ઉત્તમ કુળોમાં જન્મીને ધર્મશ્રવણ માટે સાધુ પાસે આવી શકે ? નિર્ગ્રન્થોએ કહ્યું - હા, આવી શકે. શું તેઓને તેવા પ્રકારનો ધર્મ કહેવો ? નિર્ગ્રન્થોએ કહ્યું - હા, કહેવો. શું તે તેવા ધર્મને સાંભળી-સમજીને એવું કહી શકે કે - આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર, કૈવલિક, પ્રતિપૂર્ણ, સંશુદ્ધ, નૈયાયિક, શલ્યકર્તક, સિદ્ધિ-મુક્તિ-નિર્યાણ કે નિર્વાણનો માર્ગ, અવિતથ, સંદેહરહિત કે સર્વદુઃખના ક્ષયનો માર્ગ છે. તેમાં સ્થિત જીવો સિદ્ધ-બુદ્ધ કે મુક્ત થઈને પરિનિર્વાણ પામી બધાં દુઃખોનો અંત કરે છે. અમે હવે ધર્મની આજ્ઞા મુજબ ચાલશું, રહીશું, બેસીશું, સુઈશું, ખાઈશું અને ઉઠીશું તથા ઉઠીને પ્રાણ-ભૂત-જીવ-સત્વોની રક્ષા માટે સંયમ ધારણ કરીશું ?*

*નિર્ગ્રન્થોએ કહ્યું - હા, તેઓ એમ કરી શકે છે - શું તેમને પ્રવ્રજિત કરવા કલ્પે છે ? - હા, કલ્પે છે. - શું તેમને મુંડિત કરવા કલ્પે ? - હા, કલ્પે - શું તેમને શિક્ષા દેવી કલ્પે ? - હા, કલ્પે - શું તેમને ઉપસ્થાપિત કરવા કલ્પે ? - હા, કલ્પે. - તેઓએ તે પ્રકારે સર્વપ્રાણો યાવત્ સર્વ-સત્વોનો દંડ છોડ્યો છે ? - છોડ્યો છે. તે આવા ઉત્તમ સંયમને પાળતા સાધુ યાવત્ ચાર, પાંચ, છ, દશ વર્ષ સુધી થોડો કે ઘણો કાળ વીત્યા પછી તેમાંથી કોઈ ફરી ગૃહસ્થ થાય ખરો ? - હા, થાય પણ ખરા. ગૃહસ્થ થયા પછી પૂર્વની માફક તે સર્વે પ્રાણો યાવત્ સર્વે સત્વોની હિંસા છોડે ખરા ? - ના તે વાત બરોબર નથી.*

*તે જ તે જીવ છે કે જેણે પૂર્વે સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્વોની હિંસા છોડી નહોતી ત્યારે તે અસંયત હતો, પછી તેણે સર્વે હિંસા છોડી ત્યારે તે સંયત હતો વળી તેણે હાલ હિંસા ન છોડી [આરંભી] કેમકે હાલ ફરી તે અસંયત છે. - આ રીતે જેમ અસંયતને સર્વ પ્રાણી યાવત્ સર્વે સત્વોની હિંસા ન છૂટે. તેમ અહીં પણ જાણો કે ત્રસની હિંસા છોડનારને સ્થાવરને હણતાં વ્રત ભંગ ન થાય ? - હે નિર્ગ્રન્થો ! આ પ્રમાણે જ જાણો અને એમ જ જાણવું જોઈએ.*

*વળી ગૌતમસ્વામી નિર્ગ્રન્થોને ફરી પૂછે છે કે - હે આયુષ્યમાન્ નિર્ગ્રન્થો !*

***અહીં કોઈ પરિવ્રાજક કે પરિવ્રાજિકાઓ, અથવા તેમાંથી કોઈ બીજા મતવાળામાંથી આવીને ધર્મ શ્રવણ માટે ઉપસ્થિત થાય ખરો ? - હા, ઉપસ્થિત થાય. - શું તેમને આવા પ્રકારનો ધર્મ કહેવો ? હા, કહેવો. - શું તેઓને ઉપસ્થાપિત કરવા યાવત્ કલ્પે ? - હા, કલ્પે. - શું તેઓ આવો ઉત્તમ સંયમ પાળવા છતાં યાવત્ ફરી ઘેર જાય ખરા ? હા, ફરી ગૃહસ્થ થાય પણ ખરા. - તેવા સાથે પછી ગૌચરી કરવી કલ્પે ? - ના, તે વાત બરોબર નથી. આ રીતે નક્કી થયું કે - સાધુ થયા પહેલાં તેમની સાથે ગૌચરી ન થાય, સાધુ થયા પછી કલ્પે અને સાધુપણું મૂક્યા પછી સાથે ગૌચરી ન કલ્પે. એ પ્રમાણે ત્રસજીવો સ્થાવર થાય પછી તેને વ્રત ભંગ ન થાય. હે નિર્ગ્રન્થો ! આ પ્રમાણે જ જાણો.***

**● વિવેચન-૮૦૩ :-**

ફરી પણ ભગવાન્ ગૌતમ સ્વામીએ કહ્યું. આપના વાતના પરિહાર માટે અને બીજા પણ સ્થવીરોની સાક્ષી કરવા માટે કહે છે - તમારા સ્થવીરોને પૂછવું જોઈએ, જેમકે - હે આયુષ્યમાન્ નિર્ગ્રન્થો ! તમારે પણ આ વાત સ્વીકારવા યોગ્ય છે કે નહીં, તે સાંભળીને-અવધારીને જવાબ આપો. કારણ કે જે હું બોલું છું તે તમને અનુકૂળ છે. ઉપશમ, તેનાથી પ્રધાન કેટલાક મનુષ્યો છે, તેમાં નારકી-તિર્યંચ-દેવો ન લેવા. [ફક્ત મનુષ્યો જ તેને યોગ્ય છે.] તે મનુષ્યોમાં પણ અકર્મભૂમિમાં જન્મેલા ન લેવા. મ્લેચ્છ કે અનાર્યો પણ ન લેવા. તેમાં આર્યદેશમાં ઉત્પન્ન થયેલા અને ઉપશમપ્રધાન છે તેમને આશ્રીને કહ્યું છે.

તેઓમાં જ આવા વ્રતગ્રહણનો વિષય છે. જેમકે - આ આવા મુંડિત થઈને ઘરથી નીકળીને અનગારત્વ સ્વીકારે - દીક્ષા લે. તેવા સાધુને આમરણાંત મારે દંડ ન આપવો [હણવા નહીં] એવું કહેવા માંગે છે કે - કોઈ તેવા પ્રકારના મનુષ્ય સાધુને આશ્રીને વ્રત ગ્રહણ કરે કે - મારે યાવજ્જીવ સાધુઓને ન હણવા. તથા જે આ ઘરમાં વસે છે - ગૃહસ્થ છે. તેમની હિંસાનો બાધ નથી. આ રીતે કોઈ વ્રત ગ્રહણ વિશેષ લઈને હવે કહે છે કે - તેમાં કેટલાંક શ્રમણો દીક્ષામાં રહ્યા. કેટલોક કાળ પ્રવ્રજ્યા પર્યાય પાળ્યો. તે કાળ વિશેષ દર્શાવે છે - ચાર, પાંચ, છ કે દશ વર્ષ અહીં ઉપલક્ષણથી અન્ય પણ કાલ વિશેષ જાણવો. તે જ કહે છે - થોડો કાળ કે વધુ કાળ સાધુવેશમાં વિચર્યા.

કોઈ તેવા કર્મોદયથી તથાવિધ પરિણત સાધુ ફરી ગૃહવાસમાં આવે ગૃહસ્થ થઈ જાય. તો આવું બને કે નહીં ? આ પ્રમાણે નિર્ગ્રન્થોને પૂછ્યું. - હા, ગૃહવાસે વસે પણ ખરા. હવે જેણે સાધુને ન હણવાનો નિયમ લીધો છે, તેવો ગૃહસ્થ જો તેમને હણે તો તેને વ્રત ભંગ થાય કે ન થાય ? - ન થાય. બસ, એ જ રીતે શ્રાવકને ત્રસની હિંસા ન કરવી તેમ પચ્ચક્‌ખાણ છે, સ્થાવરોનું નહીં. તેથી ત્રસ જ્યારે સ્થાવર પર્યાય પામે ત્યારે તેને હણતાં પ્રત્યાખ્યાન ભંગ થતો નથી.

ફરી પણ પર્યાય બદલેલાને બતાવવા બીજું દૃષ્ટાંત પ્રત્યાખ્યાન આપનારને આશ્રીને દર્શાવવા કહે છે-ભગવંત ગૌતમસ્વામીએ કહ્યું-ગૃહસ્થો સાધુની પાસે આવીને



ધર્મ સાંભળીને સમ્યક્ત્વ પામીને પછીના કાળે વૈરાગ્ય ઉત્પન્ન થતાં પ્રવ્રજ્યા ગ્રહણ કરીને ફરી તેવા કર્મોનો ઉદય થતા દીક્ષાનો ત્યાગ કરે છે. તેઓ પૂર્વે ગૃહસ્થો હતા, સર્વ આરંભમાં પ્રવૃત્ત હતા, તે છોડીને દીક્ષા લઈને જીવહિંસાનો ત્યાગ કર્યો. ફરી દીક્ષા છોડીને હિંસાનો ત્યાગ ન કર્યો. એવા તે પ્રત્યાખ્યાન કરનારને જેમ ત્રણે અવસ્થામાં જુદા-જુદાપણું છે, તેમ ત્રસ-સ્થાવરોમાં પણ જાણવું. આ રીતે ભગવન્ ગૌતમે કહ્યું ત્યાંથી આરંભીને અંત સુધી - "આ પ્રમાણે સમજો" કહ્યું ત્યાં સુધીનું તાત્પર્ય જાણવું. સ્વબુદ્ધિથી સમજવું.

એ પ્રમાણે બીજું દૃષ્ટાંત બતાવીને હવે ત્રીજું દૃષ્ટાંત પરતીર્થિકને આશ્રીને બતાવતા કહે છે - ભગવન્ ગૌતમે કહ્યું ઇત્યાદિ - યાવત્ - "તે આ પ્રમાણે જ સમજો" ત્યાં સુધી જાણવું. તાત્પર્યાર્થ આ છે - પૂર્વે પરિવ્રાજક આદિ સાધુને અસંભોગ્ય હતા. પછી શ્રામણ્ય ગ્રહણ કરીને સાધુને માટે તેઓ સંભોગ્ય બન્યા. ફરી શ્રામણ્યત્વ છોડતાં તેઓ અસંભોગ્ય થયા. આ રીતે પર્યાય બદલાતાં ત્રસ-સ્થાવરોમાં પણ જાણવું.

આ રીતે ત્રણ દૃષ્ટાંતમાં પ્રથમ દૃષ્ટાંત-હંતવ્ય વિષયભૂત યતિ-ગૃહસ્થભાવથી પર્યાય ભેદ બતાવ્યો. બીજા દૃષ્ટાંતમાં પ્રત્યાખ્યાતા વિષયગત ગૃહસ્થ-સાધુ-ફરી ગૃહસ્થભેદથી પર્યાય ભેદ દર્શાવ્યો. ત્રીજા દૃષ્ટાંતમાં પરતીર્થિક-સાધુભાવ-ફરી પાછા જવું ના ભેદથી સંભોગ-અસંભોગદ્વારથી પર્યાયભેદ બતાવ્યો. આ રીતે દૃષ્ટાંત પ્રચુરતાથી નિર્દોષ દેશવિરતિ સિદ્ધ કરીને ફરી શ્રાવકના વ્રતમાં રહેલા વિચારો પ્રગટ કરતાં કહે છે—

**● સૂત્ર-૮૦૪ :-**

***ભગવન્ ગૌતમસ્વામી કહે છે - કેટલાંક એવા શ્રાવકો હોય છે કે - જેઓ પૂર્વે એવું કહે છે કે - અમે મુંડ થઈને, ઘર છોડીને અણગારિકપણે પ્રવ્રજિત થવા અસમર્થ છીએ. અમે ચૌદશ, આઠમ, પૂર્ણિમા, અમાસના દિને પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પ્રકારે અનુપાલન કરતા વિચરીશું. તથા અમે સ્થૂલ પ્રાણાતિપાત, સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ મૈથુન અને સ્થૂલ પરિગ્રહના પ્રત્યાખ્યાન કરીશું. ઇચ્છાનું પરિમાણ કરીશું. અમે આ પ્રત્યાખ્યાન બે કરણ અને ત્રણ યોગથી કરીશું. મારા માટે કંઈ કરવું કે કરાવવું નહીં તેવા પણ પ્રત્યાખ્યાન કરીશું.***

***પૌષધ સ્થિત તે શ્રાવકો ખાધા કે પીધા વિના, સ્નાન ન કરીને, સંસ્તારક ઉપર સ્થિત થઈને તે જ અવસ્થામાં કાળ કરે તો તેના વિશે શું કહેવું ? તેમને સમ્યક્ કાલગત કહેવા જોઈએ ? હા, કહેવા જોઈએ.***

***તેઓ ત્રસ પણ કહેવાય અને પ્રાણી પણ કહેવાય. તેઓ મહાકાય અને ચિરસ્થિતિક છે. તેવા પ્રાણી સંખ્યામાં ઘણાં છે, જેના વિષયમાં શ્રાવકને સુપ્રત્યાખ્યાન થાય છે. તેવા પ્રાણી ઘણાં અલ્પ છે, જેના વિષયમાં શ્રાવકોને અપ્રત્યાખ્યાન થાય છે. આ રીતે તે મહાન્ ત્રસકાય-હિંસાથી નિવૃત્ત છે. તો પણ તમે એવું કહો છો કે તેનું પ્રત્યાખ્યાન નિર્વિષય છે. યાવત્ તમારું દર્શન નૈયાયિક નથી.***

***ફરી ભગવન્ ગૌતમ કહે છે - એવા કેટલાંક શ્રાવકો હોય છે. જેઓ પૂર્વે***

*એવું કહે છે કે - અમે મુંડ થઈને યાવત્ દીક્ષા લેવા સમર્થ નથી. તથા ચૌદશ, આઠમ, પૂનમ, અમાસમાં યાવત્ પૌષધ વ્રતને પાળતા વિચરવા પણ સમર્થ નથી. અમે અપશ્ચિમ મારણાંતિક સંલેખનાનું સેવન કરીને ભોજન-પાનનો ત્યાગ કરીને યાવત્ કાળની અપેક્ષા રાખ્યા વિના વિચરીશું, અમે ત્રણે કરણ અને ત્રણે યોગથી સર્વથા પ્રાણાતિપાત યાવત્ સર્વથા પરિગ્રહનો ત્યાગ કરીશું. મારા માટે કંઈપણ કરવું-કરાવવું નહીં યાવત્ સંથારામાં રહીને તેઓ જો કાળ કરે તો તમે તેને સમ્યક્ કાળગત કહેશો? હા, તેમ કહેવાય. તેઓ પ્રાણી પણ કહેવાય - યાવત્ - શ્રાવકના વ્રતને નિર્વિષય બતાવવાનો તમારો મત ન્યાય સંગત નથી.*

*ભગવત્ ગૌતમે ફરી કહ્યું - કેટલાંક એવા મનુષ્યો હોય છે - જેવા કે - મહાન્ ઇચ્છાવાળા મહારંભી, મહાપરિગ્રહી, અધાર્મિકા યાવત્ દુષ્પ્રત્યાનંદા યાવત્ જાવજ્જીવ સર્વથા પરિગ્રહથી અપ્રતીવિરત. શ્રાવકના વ્રત ગ્રહણથી મૃત્યુપર્યન્ત તેમની હિંસાનો ત્યાગ હોય છે. તે અધાર્મિક પુરુષ આયુષ્ય છોડીને, પોતાના પાપકર્મ સાથે દુર્ગતિમાં જાય છે. તે પ્રાણી પણ કહેવાય અને ત્રસ પણ કહેવાય છે. તે મહાકાય, ચિરસ્થિતિક હોય છે, તેઓ સંખ્યામાં ઘણાં હોય છે, શ્રાવકને વ્રતગ્રહણથી મરણપર્યન્ત તેમને ન હણવાનો નિયમ છે, તેથી શ્રાવક મહાન્ પ્રાણીદંડથી વિરત થયેલા છે. માટે તેના વ્રતને નિર્વિષય કહેવું ન્યાયી નથી.*

*ભગવંત ગૌતમ કહે છે - કેટલાંક મનુષ્યો હોય છે. જેમકે - આરંભ અને પરિગ્રહથી રહિત, ધાર્મિક, ધર્માનુજ્ઞા યાવત્ જાવજ્જીવ સર્વથા પરિગ્રહથી પ્રતિવિરત હોય છે. જેમની હિંસાનો શ્રાવકોને વ્રતગ્રહણથી મરણપર્યન્ત ત્યાગ હોય છે તેવા ધાર્મિક પુરુષ કાળ અવસરે કાળ કરીને પુણ્યકર્મ સહિત સ્વર્ગે જાય છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે. યાવત્ તમારું તેના વ્રતના વિષયમાં કથન નૈયાયિક નથી.*

*ભગવન્ ગૌતમ કહે છે કે એવા કેટલાંક મનુષ્યો હોય છે, જેમકે અલ્પ ઇચ્છાવાળા, અલ્પારંભી, અલ્પ પરિગ્રહી, ધાર્મિક, ધર્માનુજ્ઞ યાવત્ તેઓ પ્રાણાતિપાતથી પરિગ્રહપર્યન્ત દેશથી વિરત હોય છે. જેમને શ્રાવક વ્રતગ્રહણથી મરણપર્યન્ત દંડ દેવાનો ત્યાગ છે. તે ત્યાંનું આયુ છોડીને વર્તમાન આયુ ભોગવીને, સ્વપુણ્યકર્મ સાથે શુભગતિમાં જાય છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે - યાવત્ - તમારો મત ન્યાયસંગત નથી.*

*ભગવન્ ગૌતમ કહે છે - કેટલાંક મનુષ્યો એવા હોય છે - વનવાસી, ગ્રામબાહ્યવાસી, ગામનિકટવાસી, ગુપ્ત રાહસ્યિક. શ્રાવકે તેમને દંડ દેવાનો ત્યાગ કરેલ છે. તેઓ બહુ સંયત નથી કે પ્રાણી, ભૂત, જીવ, સત્વોની હિંસાથી બહુ વિરત નથી. પોતાની મેળે સાચું-જૂઠું કહે છે. જેમકે મને ન હણો, બીજાને હણો - યાવત્ - કાળ માસે કાળ કરીને અન્યતર આસુરિક કિલ્બિષિકપણે યાવત્ ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવીને વારંવાર જન્મમૂક કે જન્માંધરૂપે ઉત્પન્ન થાય છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે યાવત્ તમારું કથન ન્યાયયુક્ત નથી.*

*ભગવંત ગૌતમ કહે છે - કેટલાંક પ્રાણી દીર્ઘાયુષ્ક હોય છે. જેમના વિષયમાં શ્રાવકને વ્રતગ્રહણથી જીવનપર્યન્ત યાવત્ દંડ ન દેવાનું પચ્ચક્ખાણ હોય છે. તેઓ પૂર્વે જ કાળ કરીને પરલોકમાં જાય છે. તેવા જીવો પ્રાણી પણ કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે તે મહાકાય, ચિરસ્થિતિક, દીર્ઘાયુષ્કા છે. આવા પ્રાણીની સંખ્યા ઘણી છે. તેમના વિષયમાં શ્રાવકનું પ્રત્યાખ્યાન શોભન હોય છે યાવત્ તમે ન્યાયી નથી.*



*ભગવન્ ગૌતમ કહે છે - કેટલાંક પ્રાણી સમાયુષ્ક હોય છે. જેમના વિષયમાં શ્રાવકને જીવનપર્યન્ત યાવત્ હિંસા ન કરવાનો નિયમ છે. તેઓ આપમેળે કાળ કરીને પરલોકે જાય છે. તેઓ પ્રાણી કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે. તે મહાકાયા, સમાયુષ્કા ઘણી સંખ્યામાં છે, જેના વિષયમાં શ્રાવકને સુપ્રત્યાખ્યાન હોય છે. યાવત્ આપનું કથન ન્યાયસંગત નથી.*

*ભગવન્ ગૌતમે કહ્યું - કેટલાંક પ્રાણી અલ્પાયુ હોય છે. જેમને શ્રાવકો જીવનપર્યન્ત દંડ દેતા નથી. તે પૂર્વે જ કાળ કરીને પરલોકમાં જાય છે. તે પ્રાણી પણ કહેવાય - ત્રસ પણ કહેવાય છે. તે મહાકાય, અલ્પાયુ પ્રાણી ઘણી સંખ્યામાં છે, જેમના વિષયમાં શ્રાવકોનું સુપ્રત્યાખ્યાન થાય છે યાવત્ આપનું કથન નૈયાયિક નથી.*

*ભગવન્ ગૌતમ કહે છે - એવા કેટલાંક શ્રાવકો હોય છે, તેઓએ પૂર્વે એવું કહ્યું છે કે - અમે મુંડ થઈને યાવત્ દીક્ષા લેવા સમર્થ નથી. અમે ચૌદશ-આઠમ-પૂનમ-અમાસમાં પ્રતિપૂર્ણ પૌષધ પાળવાને પણ સમર્થ નથી. અમે અપશ્ચિમ મારણાંતિક સંલેખના કરવા પણ સમર્થ નથી. અમે તો સામાયિક, દેશાવકાસિક ગ્રહણ કરીને રોજ પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ દિશામાં જવા-આવવાની મર્યાદા કરીને યાવત્ સર્વ પ્રાણોથી સર્વ સત્વોના દંડનો ત્યાગ કરીશું. સર્વ પ્રાણ-ભૂત-જીવ-સત્વોને ક્ષેમંકર થઈશું.*

*વ્રત ગ્રહણના સમયથી જે ત્રસ પ્રાણીને દંડ આપવાનું શ્રાવકે જીવનપર્યન્ત છોડી દીધેલ છે. તેઓ આયુ પૂર્ણ કરીને મર્યાદિત ભૂમિની બહાર ત્રસરૂપે ઉત્પન્ન થાય છે. યાવત્ તેમના વિષયમાં પણ શ્રાવકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે. યાવત્ શ્રાવકોના વ્રતને નિર્વિષણ બતાવવું તે ન્યાયયુક્ત નથી.*

● **વિવેચન-૮૦૪ :-**

ફરી ગૌતમ સ્વામી ઉદકને કહે છે - ઘણાં પ્રકારે ત્રસજીવોનો સદ્‌ભાવ સંભવે છે. સંસાર તેના વિનાનો ખાલી નથી. તે ખાલી ન હોવાથી શ્રાવકને ત્રસ-વધ નિવૃત્તિરૂપ પ્રત્યાખ્યાન નિર્વિષય નથી. હવે ઘણાં પ્રકારે ત્રસના સંભવ વડે સંસારની અશૂન્યતા દર્શાવે છે. ગૌતમસ્વામીએ કહ્યું —

કેટલાંક શ્રાવકો શાંતિપ્રધાન હોય છે. તેઓ આવું કહે તે સંભવે છે - શ્રાવકોને આવા વચનનો સંભવ છે - અમે દીક્ષા લેવા સમર્થ નથી, પણ અમે ચૌદશ-આઠમ-પૂનમ-અમાસમાં સંપૂર્ણ પૌષધ - આહારત્યાગ, શરીર સત્કાર ત્યાગ, બ્રહ્મચર્ય,

અવ્યાપારરૂપ પૌષધ સમ્યક્ રીતે પાલન કરતાં વિચરીશું. તથા સ્થૂલ પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરીશું. તે કરવું-કરાવવું બે પ્રકારે છે, કેમકે શ્રાવકને અનુમતિનો પ્રતિષેધ છે. તથા મન-વચન-કાયા વડે તેનું પાલન કરીશું. 'મા' શબ્દ નિષેધ અર્થમાં છે.

અમે પૌષધમાં હોઈએ ત્યારે અમારા માટે રાંધવું-રંધાવવું આદિ કંઈ કરશો નહીં, બીજા પાસે કરાવશો નહીં. તેમાં અનુમતિ સર્વથા જે અસંભવ છે, તેથી બે પ્રકારે પચ્ચક્ખાણ કરીશું. તેઓ આવી પ્રતિજ્ઞા કરીને શ્રાવકો ખાવા-પીવા-નહાવાનો ત્યાગ કરીને પૌષધયુક્ત થઈ પલંગ, પીઠિકાથી ઉતરીને સમ્યક્ પૌષધ ગ્રહણ કરીને કાળ કરે. તે રીતે કાળ કરતા, તથાપ્રકારે કાળ કરેલા શું સમ્યક્ કાળ કરેલા કહેવાય કે નહીં? કઈ રીતે વક્તવ્ય થાય? આવું પૂછતાં નિર્ગ્રન્થોએ કહ્યું. અવશ્ય સમ્યગ્ કાળ કરેલો કહેવાય. આ રીતે કાળ કરીને તેઓ અવશ્ય દેવલોકે ઉત્પન્ન થતાં ત્રસ જ છે. તેથી શ્રાવકનું પ્રત્યાખ્યાન નિર્વિષય કેમ થાય?

ફરી બીજી રીતે શ્રાવકને ઉદ્દેશીને જ પ્રત્યાખ્યાન વિષય બતાવે છે - જેમકે - કેટલાંક શ્રમણોપાસકો છે. તેઓ પૂર્વે આવું કહે છે. જેમકે - અમે દીક્ષા લેવા સમર્થ નથી. ચૌદશ આદિમાં સમ્યક્ પૌષધ કરવા સમર્થ નથી. અમે અપશ્ચિમ સંલેખનક્ષપણાથી અથવા ક્ષપિતકરવા સંલેખના જોષણાને સેવતા ઉત્તમાર્થગુણોથી આવો થઈને ભોજન-પાન પચ્ચક્ખાણ કરીને દીર્ઘકાલ કાંક્ષા રાખ્યા વિના વિચરીશું. અર્થાત્ અમે દીર્ઘકાળ પૌષધાદિ વ્રતને પાળવાને સમર્થ નથી. પરંતુ અમે સર્વથા પ્રાણાતિપાતાદિનું પચ્ચક્ખાણ કરીને સંલેખના વડે કાયાને સંલેખીને ચાર આહારનો ત્યાગ કરીને જીવીતિ પરિત્યજીશું - આ વાત સૂત્ર વડે દર્શાવે છે—

સર્વ પ્રાણાતિપાત આદિ૦ સુગમ છે. યાવત્ તેઓ કાળ કરે છે. તેઓ સમ્યક્ સંલેખના વડે જો કાળ કરે તો અવશ્ય કોઈ દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાં ઉત્પન્ન થયેલાને જો કે હણવા શક્ય નથી, તો પણ ત્રસપણે હોવાથી ત્રસવધ નિવૃત્તનો વિષય બનશે.

ફરી પણ બીજી રીતે પ્રત્યાખ્યાનનો વિષય બતાવતા કહે છે - કેટલાંક મનુષ્યો આવા પ્રકારના છે - જેમકે મહાઇચ્છાવાળા, મહાપરિગ્રહી, મહારંભી ઇત્યાદિ સુગમ છે. જ્યાં સુધી - જેથી - કે જેમાં શ્રાવક આવે તે આદાન - પહેલાં વ્રતનું ગ્રહણ. ત્યાંથી આરંભીને આમરણાંત દંડ [હિંસાનો] ત્યાગ છે. તેઓ તેઓ તેવા પ્રકારે - તે ભવથી કાળ વીતતા પોતાનું આયુ પૂર્ણ કરે છે. ત્રસજીવિત તજીને તેઓ પુનઃસ્વકર્મથી કિલ્બિષિકપણું પામીને દુર્ગતિગામી થાય છે. અર્થાત્ મહારંભ-પરિગ્રહત્વથી તેઓ મરીને કોઈ પૃથ્વીમાં નારકત્રસપણે ઉપજે છે. તે સામાન્ય સંજ્ઞાથી પ્રાણી અને વિશેષ સંજ્ઞાથી ત્રસ મહાકાય, ચિરસ્થિતિક ઇત્યાદિ પૂર્વવત્.

ફરી તેઓ અન્ય પ્રકારે પ્રત્યાખ્યાન વિષય દર્શાવતા કહે છે - ગૌતમ સ્વામીએ કહ્યું - જેમકે - પૂર્વોક્ત મહારંભ પરિગ્રહી આદિથી વિપર્યસ્ત સુશીલ, સુવ્રતી, સુપ્રત્યાનંદી સાધુ ઇત્યાદિ સુગમ છે યાવત્ તમારું વચન ન્યાયયુક્ત નથી. આવા



સામાન્ય શ્રાવકો છે. તેઓ પણ ત્રસપણે કોઈ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તેથી પણ પ્રત્યાખ્યાન નિર્વિષય થતું નથી. વળી ગૌતમસ્વામી કહે છે. ઇત્યાદિ સુગમ છે યાવત્ ન્યાયયુક્ત નથી. આ અલ્પેચ્છાદિ વિશેષણ વિશિષ્ટ અવશ્ય પ્રકૃતિભદ્રકતાથી સદ્ગતિગામી ત્વથી ત્રસકાયમાં ઉપજે છે, તેમ જાણવું.

વળી ગૌતમસ્વામી પ્રત્યાખ્યાનના વિષયને દર્શાવવા કહે છે - કેટલાંક મનુષ્યો એવા હોય છે - જેમકે અરણ્યમાં રહે તે આરણ્યક-અન્યતીર્થિક વિશેષ તથા આવસથિક-અન્યતીર્થિક વિશેષ તથા ગ્રામનિમંત્રિક તથા કોઈ કાર્યમાં રહસ્યવાળા. આ બધાં અન્યતીર્થિક વિશેષ છે. તેઓ હાથ-પગ આદિ ક્રિયામાં બહુસંયત હોતા નથી. તથા જ્ઞાનાવરણીયથી આવૃત્ત હોવાથી બહુવિરત હોતા નથી. - સર્વપ્રાણભૂત જીવ સત્ત્વથી તેમના સ્વરૂપના પરિજ્ઞાનના અભાવે તેમના વધથી અવિરત હોય છે. તે અન્યતીર્થિકો ઘણાં અસંયત સ્વતઃ અવિરત, પોતાની મેળે સત્યામૃષા વાક્યો હવે કહેવાનાર રીતે યોજે છે—

ક્યાંક બીજો પાઠ છે તેનો આ અર્થ છે - આવી રીતે બીજાને જણાવે છે. તે આવા પ્રકારના વાક્યો કહે છે. જેમકે - મને ન હણો, બીજાને હણો. મને આજ્ઞા ન કરો, બીજાને આજ્ઞાપિત કરો. ઇત્યાદિ ઉપદેશ વાક્યો કહે છે. તે આવો ઉપદેશ દેનારા સ્ત્રી અને કામમાં મૂર્છિત-ગૃદ્ધ-અધ્યુપપન્ન. તેઓ ચાર-પાંચ કે છ-દશ વર્ષો [દાયકાઓ] અલ્પતર કે પ્રભૂતતર કાળ ભોગવીને ઉત્કટ ભોગો ભોગવતા તે તથાભૂત કિંચિત્ અજ્ઞાનતપકારી કાળમાસે કાળ કરીને કોઈ આસુરીક સ્થાનમાં કિલ્બિષમાં અસુરદેવમાં અધમ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. અથવા પ્રાણીના ઉપઘાતનો ઉપદેશ આપીને ભોગાભિલાષુકો નિત્ય અંધકારવાળા કિલ્બિષપ્રધાન નરક સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. તે દેવ કે નારક ત્રસત્વને છોડતા નથી.

તેઓમાં જો કે દ્રવ્યથી પ્રાણાતિપાત સંભવતો નથી, તો પણ તે ભાવથી જે પ્રાણાતિપાતની વિરતિના વિષય સ્વીકારે છે. પછી પણ તે દેવલોકથી ચ્યવીને કે નરકથી નીકળીને ક્લિષ્ટ તિર્યંચ પંચેન્દ્રિયમાં કે તથાવિધ મનુષ્યોમાં બકરા જેવો મૂક થઈને કે અંધ-બધિરપણે તે ઉત્પન્ન થાય છે. ઉભય અવસ્થામાં તે ત્રસત્વને છોડતા નથી. તેથી તેમનું પ્રત્યાખ્યાન નિર્વિષણ નથી. તેમને દ્રવ્યથી પ્રાણાતિપાત સંભવે છે.

હવે પ્રત્યક્ષસિદ્ધ એવા વિરતિના વિષયને દર્શાવતા કહે છે - ગૌતમ સ્વામીએ કહ્યું - જેનું પ્રત્યાખ્યાન ગ્રહણ કરેલ છે, તેમાં દીર્ઘાયુષ્કા પ્રાણી પણ હોય, તેઓ નારક, મનુષ્ય, દેવ, બે-ત્રણ-ચાર-પંચેન્દ્રિય જીવો પણ સંભવે છે. પછી તે પ્રત્યાખ્યાન નિર્વિષય કઈ રીતે થાય? બાકી સુગમ છે - યાવત્ - આપનું કથન ન્યાયી નથી.

આ પ્રમાણે આગળ તુલ્ય-આયુ વિષયને સમાન યોગ ક્ષેમત્વથી કહેવા. તથા અલ્પાયુવાળું સૂત્ર પણ અતિ સ્પષ્ટ હોવાથી સિદ્ધ જ છે. એટલું વિશેષ છે કે જ્યાં સુધી મરતો નથી. ત્યાં સુધી પ્રત્યાખ્યાન વિષય ત્રસોમાં ઉત્પન્ન થયેલો વિષયને સ્વીકારે છે.

હવે શ્રાવકોના દિગ્વ્રત આશ્રયી પ્રત્યાખ્યાનનો વિષય દર્શાવે છે - ભગવન્ ગૌતમ આદિ સુગમ છે. યાવત્ સામાયિક, દેશાવકાશિક ગ્રહણ કરો. દેશથી અવકાશ

તે દેશાવકાશ, તેમાં થાય તે દેશાવકાસિક અર્થાત્ પૂર્વગૃહીત દિગ્વ્રતના ૧૦૦ યોજનાદિકને જે પ્રતિદિન સંક્ષેપીને યોજન-ગાવ-પાટણ-ગૃહ મર્યાદાદિ પરિણામ કરવું તે, દેશાવકાશિક કહેવાય. તે જ દર્શાવે છે - રોજ સવારે પ્રત્યાખ્યાન અવસરે દિશાને આશ્રીને આવા પ્રકારે પ્રત્યાખ્યાન કરે કે - પૂર્વાભિમુખ, પૂર્વ દિશામાં મારે આટલું જવું તથા પશ્ચિમ દિશામાં આટલું જવું ઇત્યાદિ ચારે દિશાનો નિયમ કરે. જેમકે આજે માત્ર પાંચયોજન જવું કે એક ગાઉ જવું એવો નિયત રોજ કરે.

આવા દેશવકાસિકથી તે શ્રાવકને સર્વ પ્રાણીના ગૃહીત પરિમાણથી બહાર હિંસાનો ત્યાગ થાય છે. તેથી આ શ્રાવક સર્વ પ્રાણી-ભૂત-જીવ-સત્વેમાં હું ક્ષેમંકર છું એ પ્રમાણે અધ્યવસાયી થાય છે. તેવા ગૃહિત પરિમાણમાં - x - ત્રસ, પ્રાણના વિષયમાં શ્રાવક વ્રતના ગ્રહણથી આરંભીને મરણપર્યન્ત હિંસાનો ત્યાગ કરનાર થાય છે. તે ત્રસો અને પ્રાણીઓ પોતાનું આયુ તજીને ત્યાં જ ગૃહીત પરિમાણ દેશમાં જ યોજનાદિ દેશમાં ત્રસ કે પ્રાણો છે તેમાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ ગૃહીત પરિમાણ દેશમાં ત્રસાયુષ્ તજીને ત્રસમાં જ ઉત્પન્ન થાય છે. તેથી તે શ્રાવકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન થાય છે. કેમકે બંનેમાં ત્રસત્વનો સદ્ભાવ છે. બાકી સુગમ છે. યાવત્ ન્યાયયુક્ત નથી.

● સૂત્ર-૮૦૫ :-

*સમીપ ક્ષેત્રમાં જે ત્રસ પ્રાણી છે, તેમની હિંસા કરવાનો શ્રાવકે વ્રત ગ્રહણના સમયથી મરણપર્યન્ત ત્યાગ કરેલો છે. તે ત્યાં આયુનો ક્ષય કરે છે, ક્ષય કરીને સમીપ ભૂમિમાં યાવત્ સ્થાવર પ્રાણીરૂપે ઉત્પન્ન થાય છે. જેમની નિષ્પ્રયોજન હિંસાનો ત્યાગ કર્યો છે, પણ સપ્રયોજન હિંસાનો ત્યાગ નથી, તેમાં દૂરવર્તી દેશમાં ઉત્પન્ન થાય છે. તે શ્રાવકોને અર્થદંડની હિંસાનો ત્યાગ નથી, અનર્થદંડ હિંસાનો ત્યાગ કરે છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે અને ત્રસ પણ. તે ચિરસ્થિતિક યાવત્ ન્યાયયુક્ત નથી.*

*ત્યાં જે સમીપ દેશમાં રહેલા ત્રસ પ્રાણી છે, જેને શ્રાવકે વ્રતગ્રહણથી આમરણાંત હિંસાનો ત્યાગ કર્યો છે. ત્યાંથી આયુ પૂર્ણ કરીને ત્યાંથી દૂર જે ત્રસ સ્થાવર પ્રાણી છે જેનો શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન હિંસાનો ત્યાગ કર્યો તેમા ઉત્પન્ન થાય છે. તે શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય છે. તે પ્રાણી પણ કહેવાય છે યાવત્ ન્યાયયુક્ત નથી.*

*ત્યાં સમીપ ક્ષેત્રમાં જે સ્થાવર પ્રાણી છે. જેઓને શ્રાવકને અર્થદંડ દેવાનો ત્યાગ નથી, અનર્થદંડ દેવાનો ત્યાગ છે, તે ત્યાં આયુનો ત્યાગ કરે છે, કરીને ત્યાં સમીપમાં જે ત્રસપ્રાણી છે જેનો શ્રાવકને વ્રત ગ્રહણથી આજીવન ત્યાગ છે, તેમાં ઉપજે છે. તે શ્રાવકોને સુપ્રત્યાખ્યાન થાય છે. તેઓ પ્રાણી પણ છે યાવત્ તમારું કથન ન્યાયી નથી.*

*ત્યાં સમીપમાં જે સ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે અર્થદંડનો ત્યાગ કર્યો નથી, અનર્થદંડનો ત્યાગ કર્યો છે. તે ત્યાં આયુ પૂર્ણ કરીને જે સ્થાવર પ્રાણી જેનો શ્રાવકે અર્થદંડને તજ્યો છે. અનર્થદંડને નહીં તેમાં ઉત્પન્ન થાય છે. તે શ્રાવકને અર્થથી કે અનર્થથી તે પ્રાણીને પણ - યાવત્ - આ રીતે તમારું કથન ન્યાયયુક્ત નથી.*



*ત્યાં સમીપમાં જે સ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે અર્થદંડના ત્યાગ નથી કર્યો અનર્થદંડનો ત્યાગ કર્યો છે ત્યાં આયુ પૂર્ણ કરીને ત્યાંથી દૂરવર્તી જે ત્રસસ્થાવર પ્રાણી જેનો શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન ત્યાગ કર્યો છે, તેમાં ઉત્પન્ન થાય છે, તેથી તે શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય છે. તે પ્રાણી પણ છે યાવત્ આ રીતે તે ન્યાયસંગત નથી.*

*ત્યાં જે દૂરવર્તી ક્ષેત્રમાં ત્રસ-સ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન ત્યાગ કર્યો છે. તે ત્યાં આયુ પૂર્ણ કરીને ત્યાં સમીપ ક્ષેત્રમાં ત્રસ પ્રાણી છે, જેનો શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન ત્યાગ કર્યો છે, તેમાં ઉત્પન્ન થાય છે. તે શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય છે. તેઓ પ્રાણી પણ છે યાવત્ તમારું કથન ન્યાયયુક્ત નથી.*

*ત્યાં જે દૂરવર્તી ક્ષેત્રમાં ત્રસ સ્થાવર પ્રાણી છે, જેનું શ્રાવકે વ્રત ગ્રહણથી આજીવન પ્રત્યાખ્યાન કરેલ છે, તે ત્યાં આયુ પૂર્ણ કરે છે. પૂર્ણ કરીને ત્યાં સમીપવર્તી ક્ષેત્રમાં જે સ્થાવર પ્રાણી છે જેનો શ્રાવકે અર્થ દંડનો ત્યાગ નથી કર્યો, પણ અનર્થદંડનો ત્યાગ કર્યો છે. તેમાં ઉત્પન્ન થાય છે. જેનો શ્રાવકે અર્થ દંડનો ત્યાગ કર્યો છે, અનર્થદંડનો ત્યાગ નથી કર્યો યાવત્ તે પ્રાણી પણ છે યાવત્ તે ન્યાયી નથી.*

*ત્યાં દૂરવર્તી ક્ષેત્રમાં જે ત્રસસ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે વ્રત ગ્રહણથી આજીવન ત્યાગ કર્યો છે. તે ત્યાં આયુ પૂર્ણ કરે છે, પૂર્ણ કરીને તે ત્યાં દૂરવર્તી એવા ત્રસસ્થાવર પ્રાણી, જેના શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન પ્રત્યાખ્યાન કર્યા છે, તેમાં ઉત્પન્ન થાય છે. તેથી શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય છે. તેઓ પ્રાણી પણ છે યાવત્ તે ન્યાયી નથી.*

*ભગવન્ ગૌતમે કહ્યું - એવું કદાપિ થયું નથી, થતું નથી કે થશે પણ નહીં કે જે આ સર્વે ત્રસપ્રાણીનો ઉચ્છેદ થઈ જાય અને બધાં પ્રાણી સ્થાવર થઈ જશે. અથવા બધાં સ્થાવર પ્રાણી વિચ્છેદ પામશે કે ત્રસ પ્રાણી થઈ જશે. ત્રસ અને સ્થાવર પ્રાણીનો સર્વથા ઉચ્છેદ થતો નથી, તેથી જે તમે કે બીજા એમ કહો છો કે - એવો કોઈ પર્યાય નથી કે જેને લઈને શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય યાવત્ તે ન્યાય યુક્ત નથી.*

● વિવેચન-૮૦૫ :-

આ રીતે અન્ય પણ આઠ સૂત્રો બતાવ્યા છે - તેમાં પહેલા સૂત્રમાં જે વ્યાખ્યાત છે, તે આ પ્રમાણે છે, જેમકે - ગૃહીત પરિણામવાળા ક્ષેત્રમાં જે ત્રસો છે તે ગૃહીત પરિમાણ દેશમાં રહીને તે જ ત્રસમાં ઉપજે છે.

બીજા સૂત્રમાં સમીપવર્તી ક્ષેત્રમાં રહેલ ત્રસ સમીપવર્તી સ્થાવરમાં ઉત્પન્ન થાય છે -૦- છટ્ઠા સૂત્રમાં બીજા ક્ષેત્રવર્તી જે સ્થાવરો છે, તે ગૃહીત પરિમાણ [પરદેશવર્તી]

ક્ષેત્રમાં ત્રસસ્થાવરમાં ઉપજે છે -૦- સાતમાં સૂત્રમાં - પર-દેશવર્તી જે ત્રસ-સ્થાવર છે, તે સમીપવર્તી ક્ષેત્રમાં ત્રસમાં ઉપજે છે -૦- આઠમાં સૂત્રમાં પર-દેશવર્તી જે ત્રસ સ્થાવર છે તે સમીપવર્તી ક્ષેત્રમાં સ્થાવરમાં ઉત્પન્ન થાય છે -૦- નવમાં સૂત્રમાં તે પર-દેશીવર્તી જે ત્રસ-સ્થાવર છે તે પર-દેશવર્તી ત્રસ સ્થાવરમાં ઉપજે છે.

આ પ્રક્રિયા વડે નવે સૂત્રો કહેવા - વિચારવા. તેમાં જ્યાં જ્યાં 'ત્રસ' કહ્યાં ત્યાં વ્રતગ્રહણની આદિથી લઈને શ્રાવકને આમરણાંત હિંસાનો ત્યાગ કર્યો છે, એ પ્રમાણે યોજવું. જ્યાં 'સ્થાવર' કહ્યા ત્યાં અર્થદંડનો ત્યાગ નથી કર્યો, અનર્થદંડનો ત્યાગ કર્યો છે. બાકીની અક્ષરઘટના સ્વબુદ્ધિથી જાણવી. આ પ્રમાણે ઘણાં દૃષ્ટાંતોથી શ્રાવક પ્રત્યાખ્યાનની સવિષયતા સાધીને હવે પ્રેરકની અત્યંત અસંબદ્ધતા સૂત્ર વડે કહે છે–

ભગવાન્ ગૌતમસ્વામીએ ઉદકને કહ્યું કે - આવું અનાદિ કાળમાં પૂર્વે થયું નથી, વર્તમાનકાળે થતું નથી, આગામી અનંતકાળે પણ બનશે નહીં કે જે આ ત્રસપ્રાણી સર્વથા સ્વજાતિનો ઉચ્છેદ પામશે કે સ્થાવર થઈ જશે. તથા સ્થાવર પ્રાણી ત્રણ કાળમાં પણ સમુચ્છેદ નહીં પામે, કે ત્રસ બની જાય. જો કે તેઓમાં પરસ્પર સંક્રમથી ગમન થાય છે. તો પણ સર્વથા એક-મેકમાં તેમનો સદ્ભાવ છે. તેથી કહે છે કે–

આવા પ્રકારનો કોઈ સંભવ નથી કે માત્ર એક પ્રત્યાખ્યાનકર્તાને છોડીને બીજા બધાં નારકો, બેઇન્દ્રિયાદિ તિર્યંચો, મનુષ્ય અને દેવોનો સર્વથા પણ અભાવ થાય અને ત્રસવિષય પ્રત્યાખ્યાન નિર્વિષય થાય અને તે પ્રત્યાખ્યાનીના જીવતા બધાં જ નારક આદિ ત્રસો સમુચ્છેદ પામે. આવો કોઈ સંભવ જ નથી તે ન્યાય કહ્યો છે. સ્થાવરોના અનંતપણાથી અસંખ્ય ત્રસમાં ઉત્પાદ થઈ જ ન શકે, તે સુપ્રતીત છે.

આ પ્રમાણે ત્રસ અને સ્થાવરનો છેદ થવાનું આપનું કે અન્યનું કથન અયોગ્ય છે અને એવો કોઈ પર્યાય નથી કે જેમાં શ્રાવકને એક પણ ત્રસ વિષયના દંડનો ત્યાગ ન થાય તેમ કહ્યું, તે ઉક્ત નીતિથી બધું જ અશોભન છે. હવે ઉપસંહાર કરતા કહે છે–

● સૂત્ર-૮૦૬ :-

*ભગવન્ ગૌતમે કહ્યું - હે આયુષ્યમાન્ ઉદક ! જે શ્રમણ કે માહણની નિંદા કરે છે તે સાધુ સાથે ભલે મૈત્રી રાખતો હોય, તે જ્ઞાન-દર્શન-ચારિત્રને પામીને પાપકર્મ ન કરવાને માટે પ્રવૃત્ત હોય, પણ તે પરલોકનો વિઘાત કરતો રહે છે. જે શ્રમણ કે માહણની નિંદા નથી કરતા પણ મૈત્રી સાધે છે તથા જ્ઞાન-દર્શન-ચારિત્રને પામીને કર્મોના વિનાશ માટે પ્રવૃત્ત થયેલા છે, તે મનુષ્ય નિશ્ચયથી પરલોકની વિશુદ્ધિ માટે સ્થિત છે.*

*ત્યારે તે ઉદક પેઢાલપુત્ર ગૌતમ સ્વામીનો આદર કરતાં જે દિશાથી આવ્યા હતા, તે દિશામાં જવા માટે તત્પર થયા. ત્યારે ભગવન્ ગૌતમે કહ્યું - હે આયુષ્યમાન્ ઉદક ! જે પુરુષ તથાભૂત શ્રમણ કે માહણ પાસે એક પણ આર્ય ધાર્મિક સુવચન સાંભળી - સમજીને પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી વિચારે છે કે તેણે મને અનુત્તર કલ્યાણપદને પ્રાપ્ત કરાવ્યું છે, તેનો આદર કરે છે, ઉપકારી માને*



*છે, તેમને વંદન-નમસ્કાર કરે છે, સત્કાર-સન્માન કરે છે. યાવત્ કલ્યાણ-મંગલ-દેવક-ચૈત્યક માનીને તેની પર્યુપાસના કરે છે. ત્યારે ઉદય પેઢાલપુત્રે ગૌતમ સ્વામીને કહ્યું–*

*હે ભદંત ! આ પદો પૂર્વે મેં જાણેલ નહીં, સાંભળેલ નહીં, સમજેલ નહીં હૃદયંગમ ન કર્યા, તેથી તે પદો મારા માટે અદૃષ્ટ-અશ્રુત-અમુક-અવિજ્ઞાત-અનુપધારિત-અનિગૂઢ-અવિચ્છિન્ન-અનિસૃષ્ટ-અનિવૂઢ-અનિર્વાહિત હતા. તેથી આ અર્થની મેં શ્રદ્ધાન કરી, પ્રીતિ ન કરી, રુચિ ન કરી. હે પૂજ્ય ! આ પદો હવે મેં જાણ્યા-સાંભળ્યા-સમજ્યા યાવત્ તેનો નિશ્ચય કર્યો છે. આ અર્થની હવે શ્રદ્ધા કરું છું, પ્રીતિ કરું છું, રુચિ કરું છું. તે એમ જ છે જે પ્રમાણે તમે કહ્યા છે. ત્યારે ગૌતમસ્વામીએ તેને કહ્યું–*

*હે આયુષ્યમાન્ ઉદક ! હે આર્ય ! જે પ્રમાણે અમે કહ્યા છે, તે પ્રમાણે તેની શ્રદ્ધા કરો, પ્રીતિ કરો, રુચિ કરો. ત્યારે તે ઉદક પેઢાલપુત્રે ભગવન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું - હે ભદંત ! હું તમારી પાસે ચતુર્યામ ધર્મને છોડીને પંચમહાવ્રતિક સપ્રતિક્રમણ ધર્મ સ્વીકારીને વિચરવા ઇચ્છું છું.*

*ત્યારે તે ભગવન્ ગૌતમે ઉદક પેઢાલપુત્રને લઈને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં ગયા, જઈને તે ઉદક પેઢાલપુત્રે શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને કહ્યું–*

*હે ભગવન્! આપની પાસે હું ચતુર્યામ ધર્મ છોડીને પંચમહાવ્રતવાળો સપ્રતિક્રમણ ધર્મ અંગીકાર કરીને વિચરવા ઇચ્છુ છું. ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે ઉદકને આ પ્રમાણે કહ્યું - જેમ સુખ ઉપજે તેમ કરો પણ પ્રતિબંધ ન કરો. ત્યારે તે ઉદક પેઢાલપુત્રે શ્રમણ ભગવંત મહાવીર પાસે ચતુર્યામ ધર્મને બદલે પંચ મહાવ્રતવાળો સપ્રતિક્રમણ ધર્મને અંગીકાર કરી વિચરવા લાગ્યા - તેમ હું કહું છું.*

● વિવેચન-૮૦૬ :-

ગૌતમ સ્વામી બોલ્યા - હે આયુષ્યમાન્ ઉદક! જે આ શ્રમણ કે યથોક્તકારી મહાણ-બ્રહ્મચર્યયુક્તને મૈત્રી માનતા હોવા છતાં નિંદે છે તથા સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર પામીને, પાપને ન કરવા માટે ઉધત્ થાય છે. તે લઘુપ્રકૃતિ, પોતાને પંડિત માનતા, સુગતિ લક્ષણ પરલોક અથવા તેના કારણરૂપ સત્સંયમનો વિઘાત કરતા રહે છે.

પરંતુ જે મહાસત્વવાળા, સમુદ્ર જેવા ગંભીર છે, શ્રમણોને નિંદતા નથી, તેઓ સાથે પરમ મૈત્રી માને છે. સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર પામીને પાપકર્મોના ન કરવા માટે ઉત્થિત થયા છે, તે પરલોકની વિશુદ્ધિ માટે સ્થિત થાય છે. આ પરનિંદા વર્જન દ્વારા યથાવસ્થિત અર્થ-સ્વરૂપ દર્શનથી ગૌતમસ્વામીએ પોતાનું ઉદ્ધતપણું છોડેલ છે. એ રીતે યથા-અવસ્થિત અર્થને ગૌતમસ્વામીએ આપવા છતાં ઉદક પેઢાલપુત્ર જ્યારે ભગવન્ ગૌતમનો આદર કર્યા વિના જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં જવાને માટે વિચાર કરવા લાગ્યા, ઉદકનો આવો અભિપ્રાય જાણીને ભગવન્ ગૌતમ સ્વામીએ કહ્યું–

હે આયુષ્યમાન્ ઉદક ! જે તથાભૂત શ્રમણ કે બ્રાહ્મણ પાસે એક પણ યોગક્ષેમને માટે પદ સાંભળે, જે આર્ય અનુષ્ઠાનના હેતુત્વથી આર્ય છે, તથા ધાર્મિક, સુવચન, સદ્ગતિના હેતુરૂપ, આવા પદને સાંભળીને-સમજીને સૂક્ષ્મ-કુશલ બુદ્ધિથી વિચારે કે - આમણે મને અનુત્તર વચન કહેલું છે, તે પ્રાપ્ત કરીને, તે બોધ આપનારનો આદર લૌકિકમાં પણ કરે છે તથા કલ્યાણ, મંગલ, દેવતા માફક સ્તુતિ કરે છે, પર્યુપાસના કરે છે જો કે પૂજનીય કંઈ પણ ન ઇચ્છે, તો પણ તેમને તેના પરમાર્થથી ઉપકારી માની યથાશક્તિ બહુમાન કરે.

આ પ્રમાણે ગૌતમસ્વામીએ કહેતા, તે ઉદકે કહ્યું - આ પદો પૂર્વે મેં અજ્ઞાનતાથી સાંભળેલ - સમજેલ ન હતા. ચૈત્યાદિ વિશેષણ સમૂહ વડે તેની શ્રદ્ધા ન કરેલી. હવે આપની પાસે જાણીને આ અર્થની હું શ્રદ્ધા કરું છું. આ સાંભળીને ગૌતમસ્વામીએ ઉદકને કહ્યું—

સર્વજ્ઞએ અન્યથા નથી કહ્યું, તેમ આ અર્થમાં શ્રદ્ધા કરો. ફરી પણ ઉદકે આ પ્રમાણે કહ્યું - મને તે ઇષ્ટ છે. પણ હવે હું ચતુર્યામ ધર્મને બદલે પંચયામિક ધર્મ, પ્રતિક્રમણ સહિત સ્વીકારી વિહરવા ઇચ્છુ છું ત્યારે ગૌતમ સ્વામી તેને તીર્થંકર પાસે લાવ્યા. ઉદકે પણ ભગવંતને વંદન કરીને પંચયામિક ધર્મગ્રહણ કરવા તત્પરતા બતાવી. ભગવંતે પણ તેને સપ્રતિક્રમણ પંચયામ ધર્મની અનુજ્ઞા કરી. તે તથાભૂત ધર્મને અંગીકાર કરી વિચરવા લાગ્યા.

ઇતિ - પરિસમાપ્તિ અર્થે છે. બ્રવીમિ - પૂર્વવત્. સુધર્માસ્વામીએ સ્વશિષ્યોને આ કહ્યું. જેમકે - મેં ભગવંત પાસે જે સાંભળેલ તે હું તમને કહું છું - અનુગમ પુરો થયો—

**શ્રુતસ્કંધ-૨ અધ્યયન-૭ ''નાલંદીય''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

**૦ હવે નયો કહે છે** - નયો સાત છે - નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુમૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. તેમાં નૈગમાદિ ચાર નયો અર્થનય છે. અર્થ જ પ્રધાન હોવાથી શબ્દનું ઉપસર્જન ઇચ્છે છે. શબ્દાદિ ત્રણે શબ્દનયો છે તે શબ્દની પ્રધાનતાથી અર્થને ઇચ્છે છે.

તેમાં નૈગમનું સ્વરૂપ આ છે - જેમકે સામાન્ય વિશેષાત્મક વસ્તુનો એક પ્રકારે બોધ ન માને તે નિગમ. તેમાં થવાથી નૈગમ. અથવા જેમાં એક ગમ નથી તે નૈગમ. મહા સામાન્ય મધ્યે જે સામાન્ય-વિશેષના પરિચ્છેદક છે, તેમાં મહાસામાન્ય સર્વ પદાર્થ અનુયાયિની સત્તા છે. તેમાં અપાંતરાલ સામાન્ય તે દ્રવ્યત્વ-જીવત્વાદિ છે. વિશેષ તે પરમાણુ આદિમાં શુક્લાદય ગુણો છે. આ ત્રણેને નૈગમનય માને છે. - x - x -

આ નૈગમ - સામાન્ય વિશેષાત્મક વસ્તુને માને છે, તો પણ તે સમ્યગ્દૃષ્ટિ નથી. કેમકે તે માત્ર ભેદ રૂપે જ સામાન્ય-વિશેષને માને છે.

સંગ્રહનયનું સ્વરૂપ આવું છે - સમ્યક્ પદાર્થોનું સામાન્ય આકારપણે ગ્રહણ તે સંગ્રહ. સામાન્ય-વિશેષાત્મક વસ્તુના સામાન્ય અંશનો જ આશ્રય કરવાથી તે



મિથ્યાદૃષ્ટિ છે. - x -

વ્યવહારનય - જેમ લોક માને તે પ્રમાણે વસ્તુ છે. પણ શુષ્ક તાર્કિકોએ સ્વ અભિપ્રાયકૃત લક્ષણોએ વસ્તુ માની હોય છતાં તે તેવી ન હોય. કેમકે અર્થોનો આત્મભેદ દરેક લક્ષણમાં જુદો હોતો નથી. - x - x -

ઋજુસૂત્રનય-તે વિનષ્ટ અનુત્પન્ન વક્રપણું છોડીને વર્તમાનકાળે વર્તતા ક્ષણમાત્રના પદાર્થને માને છે. - x - x - x - x -

શબ્દનય - શબ્દ વડે જ તેણે આ અર્થની પ્રતીતિ સ્વીકારવાથી લિંગ, વચન, સાધન, ઉપગ્રહ, કાલ અને ભેદથી અભિહિત વસ્તુને ભિન્ન જ ઇચ્છે છે. - x - x - x - x - x - x - x -

સમભિરૂઢ નય - જુદા જુદા પર્યાયોના જુદા જુદા અર્થથી તે પ્રમાણે માને તે સમભિરૂઢ નય છે. આ ઘટ વગેરનના પર્યાયોને એક અર્થમાં લેતો નથી. જેમકે - ઘડવાથી ઘડો, કુટવાથી કુટ - x - x - x - x -

એવંભૂતનય - જ્યારે શબ્દ પ્રવૃત્તિ નિમિત્ત ચેષ્ટા વગેરે. તે ઘટ વગેરે વસ્તુમાં હોય, ત્યારે જ આ વસ્તુ માને. જેમકે પાણી ભરનારીના માથા ઉપર પાણીથી ભરેલો ઘડો ઘટઘટ અવાજ કરનારો હોય ત્યારે તે ઘડો માને છે. પણ ક્રિયા ન કરે ત્યાં સુધી ન માને - x - x - x - x -

ઉપસંહાર - આ બધા નયોને જ્ઞાન-ક્રિયા વડે મોક્ષમાં સહાયક માની સાતે નયને તેમાં પોતાની બુદ્ધિ વડે ઉતારવા.- x - x - x - તેમાં પણ જ્ઞાન વડે ક્રિયા કે ક્રિયા વડે જ્ઞાનને ઉડાડવું નહીં. પરમાર્થથી તો જ્ઞાન અને ક્રિયા - x - બંને વડે જ ઇચ્છિત ફળ-મોક્ષની સિદ્ધિ માટે સમર્થ છે. આ બંને માનનારો સાધુ અભિપ્રેત ફળને સાધે છે.

કહ્યું છે કે - બધાં નયોનું ઘણી જાતનું કહેવું સાંભળી, વિચારી, બધાં નયોમાં વિશુદ્ધ તત્ત્વ જ્ઞાન અને વિશુદ્ધ ચારિત્ર સ્વીકારે.

- x - x - x - x - x -

આ ટીકા વાહરી ગણિ સહાયથી શીલાચાર્યે [મેં] પુરી કરી છે.

**卐 શ્રુતસ્કંધ-૨ ટીકાસહિત અનુવાદ પૂર્ણ 卐**

- x - x - x -

**સૂયગડાંગ સૂત્ર - [અંગસૂત્ર-૨ આગમ-૨] નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ભાગ-ચોથો પુરો થયો

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |